શ્રીમદ્ભાગવત

# દ્વિતીયસ્કન્ધ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

# ॥ સુબોધિની ॥


અનુવાદક :

ગો. વા. શ્રીનાનુલાલ ગાંધી


जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति


પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન: (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit :
http://www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

**સમ્પાદક :** શરદ્ ગોસ્વામી

**શ્રીવલ્લભાબ્દ : ૫૩૮**

**પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૭૨**

**પ્રતિ : ૨૦૦૦**

**મુદ્રક :**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, પિનકોડઃ ૩૭૦૪૬૫**

**(ટેલીફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩)**

| ગ્રન્થ | | પ્રકાશનસહાય |
|---|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | | |
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| ૩. Praveshika | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી ( ગુજ. ) | ૨૦ |
| ૯. Manual of the devotionalpath of Pushti. | લેખક : ઉપરમુજબ | ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | | |
| ૧૦. શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | | |
| ૧૬. વાર્તાપરિચર્ચા | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | ૧૦૦ |
| ૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | | ૧૦૦ |
| **નિત્યસ્તોત્રપાઠ** | | |

૨૬. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ ૨૦
૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ ૨૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
૨૯. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૪૦૦
૩૨. ષોડશગ્રન્થ. (સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. વિતરણ કરવા ઈચ્છનાર ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરે. ૧ પ્રતિ ની પડતર રૂ. ૩૫. પોસ્ટેજ અલગથી)
૩૩. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો,પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન. ૭૦
૩૪. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ(અપ્રાપ્ય) ૦૭
૩૫. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
૩૬. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) ૨૫
૩૭. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લે. ભૂપેન્દ્રભાઈ ભાટીયા ૫૦
૩૮. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ(અપ્રાપ્ય) ૫૦
૩૯. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૦. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લેખક :ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૧. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરે બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
૪૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાય નો ટુકમાં અર્થ. લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી ૧૦
૪૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. ૧૫૦
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) ૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લેઃગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય

૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી — અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી — નિઃશુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી — અપ્રાપ્ય-નિઃશુલ્ક
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી — નિઃશુલ્ક
૫૩. હમકું ઈતની સમજ ભલી (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના વચનામૃતો — નિઃશુલ્ક
૫૪. તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ. મૂળ સહિત ગુજરાતી અનુવાદ — નિઃશુલ્ક
૫૫. પુરુષાર્થવ્યવસ્થા. પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી — નિઃશુલ્ક
૫૬.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय — १००
५७.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका — १५०
५८.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम्, (व्रजभाषाटीका) श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड — ૫૦/૭૦
५९.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका) श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड — ૮૦/૧૦૦
६०.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) — ૧૦
६१.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) — ૧૦૦
६२.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) — ૨૦૦
६३.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी — नि :शुल्क
६४.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी — नि :शुल्क
६५. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी — निःशुल्क
६६. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी — अप्राप्य-निःशुल्क
६७. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी — निःशुल्क

## ઈતિહાસ

૬૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) — નિઃશુલ્ક
૬૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) — નિઃશુલ્ક
૭૦. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. — ૨૫

## સન્દર્ભ ગ્રન્થો


૭૧. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૯ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦

૭૨. હમકું ઇતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક

૭૩. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद् (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫


## શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તર

પ્રથમસ્કન્ધ

દ્વિતીયસ્કન્ધ

### શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૂત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૂળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લોડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

**હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છેઃ**

ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૂત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્, પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્.

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

### શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

**શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :** અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : પિનાકીનભાઈ : (+91)9726444515, નીરજભાઈ(અમેરિકા) : +7325424165

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके
# मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ (संयुक्तप्रकाशन, दुर्लभ)
   खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
   खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
   खंड ३. जलभेदः से सेवाफलम्
२. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
   खंड १. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
   खंड २. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
   खंड ३. द्वितीयाध्याय
   खंड ४. तृतीयाध्याय
   खंड ५. चतुर्थाध्याय
३. श्रीमद्भागवतसुबोधिनी
   खंड १. प्रथम-द्वितीयस्कन्ध
   खंड ४. जन्मप्रकरण
   खंड ५. तामसप्रमाणप्रकरण
   खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
   खंड ७. तामसफलप्रकरण
   खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण
   खंड ९. राजससाधन-फलप्रकरण
   खंड १०. सात्त्विकप्रमेयसाधनफलप्रकरण
४. तत्त्वार्थदीपनिबन्ध
   खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण
   खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५
   खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१२
५. सव्याख्यषड्ग्रन्थाः (संयुक्तप्रकाशन, दुलर्भ)
६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका
७. विविधविवरणोपेत पत्रावलम्बनम्
८. प्रस्थानरत्नाकर
९. विद्वन्मण्डनम्
१०. श्रीबालकृष्णग्रन्थावली
११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि
१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः
१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)
१४. पुष्टिविधानम् (गुजराती, व्रज तथा संस्कृत संस्करण)
१५. वादावली
   ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः
१६. अवतारवादावली
   खंड२. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.
   खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः, उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

४क्र.१, २ तथा ४/१, ४/२ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

## गोस्वामी श्रीश्याम मनोहरजीकी हिन्दी-गुजराती पुस्तकें

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुजराती-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुजराती)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय)भूमिका(गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान

**म्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई

# પ્રવચનોની એમ્.પી.થ્રી તથા વીડીઓ સી.ડી.

## ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી :

સર્વોત્તમસ્તોત્રમ્ વર્ષ ૯૫ - ૨૦૧૪ પર્યન્ત
સાધનપ્રકરણમ્ ૯૮ સે ૨૦૧૪ પર્યન્ત
ભગવદ્ગીતા ગુજરાતી અધ્યાય ૪(અપૂર્ણ),૯,૧૨,૧૫; કુલ ૭
પઞ્ચશ્લોકી (ગુજરાતી) ૯૭
પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, હાલોલ ગુજરાતી ૯૪, ૧ સી.ડી.
સિદ્ધાન્તરહસ્યમ્, રાજકોટ ૨૦૦૦, કુલ ૨ સી.ડી.
સિદ્ધાન્તરહસ્યમ્-ભક્તિવર્ધિની, યુવા અધ્યયન
નવરત્નમ્, પાર્લા ૯૬, ૧ સી.ડી.
અન્તઃકરણપ્રબોધ ૧ સી.ડી.
પત્રાવલમ્બનમ્, હાલોલ ગુજરાતી, ૯૪, ૨ સી.ડી.
ભક્તિપ્રકરણ
સિદ્ધાન્તવચનાવલી ગુજરાતી ૯૨, ૩ સી.ડી.
ગોપીગીત ૨ સી.ડી.
પુષ્ટિઅસ્મિતા ગુજરાતી, ૧ સી.ડી.
ગૃહસેવા ઔર વ્રજલીલા ૯૮, ૧ સી.ડી.
સેવાકૌમુદી ગુજરાતી ૯૨, ૨ સી.ડી.
સેમિનાર : પુષ્ટિમાર્ગીય ફલ
પુરુષોત્તમસહસ્રનામ પ્રશ્નોત્તરી
પુષ્ટિઅસ્મિતા સંવર્ધન શિબિર,
હાલોલ (શરણાગતિ) ૨૦૦૭
ભરૂચ ૨૦૦૭
રાજકોટ ૨૦૦૮
વિશોધનિકા
ષોડશગ્રન્થ પાઠ
પુષ્ટિવિધાનમ્ ૯૬, ૪ સી.ડી.
અન્તઃકરણપ્રબોધ, મદ્રાસ
ભક્તિવર્ધિની, પીપરીયા
ભક્તિવર્ધિની, જુનાગઢ (ગુજરાતી) ૧૯૯૨
સેવાફલમ્, કોલ્હાપુર ૧૯૫૭
બ્રહ્મવાદ
ભાગવતચિન્તન
- સ્કન્ધ ૧-૨, મુંબઈ
- સ્કન્ધ ૩, ગોંડલ (ગુજરાતી)
- સ્કન્ધ ૪, વડોદરા, સ્કન્ધ ૫, ચેન્નઈ
- સ્કન્ધ ૬, મુંબઈ,
- સ્કન્ધ ૭ (ભૂમિકા), કિશનગઢ
- સ્કન્ધ ૭, કિનગઢ, સ્કન્ધ ૮, અમદાવાદ

ભાગવત પુજન-પારાયણ
- વડોદરા, ચેન્નઈ, મુંબઈ, કિશનગઢ,અમદાવાદ

## ગોસ્વામી શ્રીશરદ્કુમારજી (માંડવી)

**બાલ સંસ્કાર શિબિર પ્રાથમિક અધ્યયનઃ**
- ધર્મ-શાસ્ત્ર-સમ્પ્રદાય-વ્રતોત્સવ-જીવાત્મા
- પુનર્જન્મ-કર્મ-ગુણત્રયવિભાગ-પુરુષાર્થ.
- અવૈદિક ધર્મો (યહૂદી-ઈસાઈ-ઈસ્લામ-જૈન-બૌદ્ધ)
- ભગવદ્ગીતા (અધ્યાય ૧,૨)
- શ્રીકૃષ્ણચરિત્ર, ઉચ્ચારશુદ્ધિ
- ચતુઃશ્લોકી-ભગવદ્ગીતા
- પુનરવર્તન-૧,૨(ચાણોદ)
- પુનરાવર્તન-૩-૪ (હાલોલ)
- ધર્મ-સમ્પ્રદાય, ભરૂચ

પુષ્ટિસિદ્ધાન્ત, તાલાળી-ગીર
સાધનદીપિકાઃ શ્લોક ૧-૧૨
સાધનદીપિકાઃ શ્લોક ૧૩-૩૯

**ષોડશગ્રન્થઃ**
- બાલબોધ
- સિદ્ધાન્તમુક્તાવલી એમ્પીથ્રી ૧, વી.સી.ડી.૧૧
- પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧, ડીવીડી ૨
- સિદ્ધાન્તરહસ્ય એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧
- નવરત્ન એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦
- અન્તઃકરણપ્રબોધ એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧
- વિવેકધૈર્યાશ્રય એમ્પીથ્રી ૧, વીસીડી ૧૧
- કૃષ્ણાશ્રય એમ્પીથ્રી એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી ૨
- ચતુઃશ્લોકી એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦
- ભક્તિવર્ધિની એમ્પીથ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી૪
- સંન્યાસનિર્ણય એમ્પીથ્રી ૧, ડીવીડી૨

निरोधलक्षणम् 
સેવાફલમ્, અમદાવાદ

**બાલ સંસ્કાર શિબિર સઘન અધ્યયનઃ**

બાલબોધ
સિદ્ધાન્તમુક્તાવલી
પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ
સિદ્ધાન્તરહસ્ય
વિવેકધૈર્યાશ્રય
કૃષ્ણાશ્રય
ચતુઃશ્લોકી
ભક્તિવર્ધિની
સંન્યાસનિર્ણય

**પ્રમેયરત્નાર્ણવઃ**

પ્રપઞ્ચવિવેક-જીવવિવેક-મૂલરૂપવિવેક
પુષ્ટિવિવેક
પુષ્ટિભક્તિઅધિકાર વિવેક
સર્વાત્મભાવ-ફલવિવેક

**ગોસ્વામી શ્રીયોગેશકુમારજી** (ગોકુલ-પાર્લા)

સાધનદીપિકા
પ્રમેયરત્નાર્ણવ
- પ્રપઞ્ચવિવેક-જીવવિવેક-મૂલરૂપવિવેક
- પુષ્ટિવિવેક
- પુષ્ટિભક્તિઅધિકાર વિવેક
- સર્વાત્મભાવ-ફલવિવેક

સેવાકૌમુદી
પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
શાસ્ત્રાર્થપ્રકરણમ્
ષોડશગ્રન્થપરિચય
સિદ્ધાન્તમુક્તાવલી
સિદ્ધાન્તરહસ્ય
નવરત્નમ્
કૃષ્ણાશ્રય
ચતુઃશ્લોકી

# આદ્ય પ્રકાશનું નિવેદન

શ્રીનાનુભાઈ ગાંધી સંસ્કૃત સાહિત્યના ઉચ્ચ કોટીના વિદ્વાનોમાંના એક છે. શુદ્ધાદ્વૈત સાહિત્યમાં તેમનું સ્થાન મહામૂલ્યવંતું છે. આજે ૮૫ મા વર્ષે બન્ને આંખે ઝાંખપ હોવા છતાં કંઈક કંઈક કરી છૂટ્યા અદમ્ય ઉત્સાહ ધરાવે છે.

શ્રીમદ્ ભાગવતનું આકર્ષણ ફક્ત હિન્દુ ધર્મના અનુયાયીઓમાં જ પરિમિત નથી. આજે તો યુરોપ-અમેરિકામાં પણ ભાગવતરહસ્યનાં મૂલ્યોની મુક્તકંઠે પ્રશંસા કરનાર વર્ગ ઘણી મોટી સંખ્યામાં છે. વળી ભાગવત્ના વિવેચનગ્રન્થોમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીચરિત સુબોધિનીનું સ્થાન વિશિષ્ટ અને પ્રેરણાદાયી છે. સુબોધિનીના અનુવાદનું કાર્ય અત્યન્ત કપરી કસોટી છે, પરન્તુ શ્રીનાનુભાઈ એ સરણ સુબોધ શૈલીદ્વારા આ કાર્ય કુશળતાથી પાર પાડેલ છે. ગુજરાતી વાચક તેમનો ઋણી રહેશે.

શ્રવણ ટ્રસ્ટનું પ્રથમ પ્રકાશન ગુજરાતના જ્યોતિર્ધર ડૉ.સુમન્ત મહેતા કૃત ‘સમાજદર્પણ’ પ્રજામાં ઘણો ઉત્સાહજનક આવકાર પામ્યું. આ પ્રકાશન પણ સૌ ભાગવતપ્રેમીઓને ગમી જશે એ આશા રાખીએ.

આ પ્રકાશન શ્રીબાલુભાઈ ગોવર્ધનદાસ પટવારીની ઉદાર સહાયદ્વારા બહાર આવી શક્યું છે. ટ્રસ્ટ તેમનું આભારી છે. તેમના માતુશ્રી સ્વ.પૂંજીબાના સ્મરણાર્થે અગાઉ શ્રીનાનુભાઈકૃત વિદ્વન્મંડનનો અનુવાદ શ્રીશુદ્ધાદ્વૈત સંસદદ્વારા પ્રકટ કરેલ. શ્રીપૂંજીબા ગ્રન્થમાળાનું આ બીજું પુષ્પ પ્રકટ કરતાં આનન્દ થાય છે. શ્રીકેશવરામ શાસ્ત્રીજીએ આ પ્રકાશ અંગે અનેક સહાય કરી છે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમદાવાદ-૬,
તા.૨૦-૧-૧૯૭૦. પ્રકાશકઃ શ્રીસવિતાબહેન પ્રભુદાસ પટવારી

# ।। ઉપોદ્ઘાત ।।

શ્રીમદ્ ભાગવત ભગવાનનું સ્વરૂપ છે. એના બાર સ્કન્ધો છે. પ્રથમ સ્કન્ધ અધિકારનું અને બીજો સ્કન્ધ સંક્ષેપથી અંગોસહિત શ્રવણનું નિરૂપણ કરનારા છે. ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધો શ્રવણનાં અંગરૂપ ભગવાનની દશ લીલાઓનું વિસ્તારથી નિરૂપણ કરે છે. પરીક્ષિતે શ્રી શુકને ૧-૧૯-૩૭માં પ્રશ્ન કરેલા. તે પ્રશ્નના ઉત્તરમાં અંગો સહિત ભગવાનનું શ્રવણ કરવું, એમ શ્રી શુક કહે છે. શ્રવણનાં ત્રણ અંગો છે : (૧)કોનું શ્રવણ કરવું ? ભગવાનના સ્વરૂપનું તત્વો સહિત ચિન્તન કરવું એ શ્રવણ; (૨)શ્રવણ કરનાર તથા કરાવનાર બન્નેને હૃદયમાં ઉલ્લાસ, એટલે શ્રવણમાં શ્રદ્ધા હોવી જોઈએ; અને (૩)વિમર્શ એટલે વિચાર અથવા મનન કરવું જોઈએ. તેથી આ બીજા અધ્યાયનાં ત્રણ પ્રકરણો છે : પહેલું અને બીજું પ્રકરણ બબ્બે અધ્યાયનાં છે, ત્રીજું પ્રકરણ પાંચમાંથી દશમાં સુધીના છ અધ્યાયોનું છે. એના બે વિભાગ છે : (૧)ઉત્પત્તિથી વિમર્શ, અધ્યાય ૫ થી ૭ સુધીના ત્રણ અધ્યાયનો અને (૨)ઉપપત્તિથી વિમર્શ, અધ્યાય આઠથી દશ સુધીના ત્રણ અધ્યાયોનો.

પહેલા અધ્યાયમાં પ્રમાણ અને પ્રમેયથી અને બીજા અધ્યાયમાં સાધન અને ફલથી શ્રવણ કરવાના તત્વો સહિત ભગવાનના સ્વરૂપનું ચિન્તન કરેલું છે. સંપૂર્ણ રીતે શું કરવું. એ પરીક્ષિતનો મુખ્ય સારો પ્રશ્ન હતો, તેના ઉત્તરમાં અભય ઈચ્છનારે (૧)સર્વના આત્મા, (૨)ભગવાન્, (૩)હરિ, (૪)ઈશ્વરનું શ્રવણ અને કીર્તન અને સ્મરણ કરવું, એમ શ્રી શુક ૨-૧-૫ માં કહે છે. દેહ પડે ત્યાંસુધી આ ત્રણ વારંવાર કર્યા કરવા જોઈએ. આ મુખ્ય પ્રશ્નનો ઉત્તર આ પહેલા અધ્યાયના ૧ થી ૧૪ શ્લોકોથી આપેલ છે. બીજો પ્રશ્ન મરવા પડેલાએ શું કરવું, એવો હતો. આ પ્રશ્ન બહુ અગત્યનો નથી, છતાં એનો ઉત્તર શુકે આપેલ નથી એમ રાજાને લાગે, તેથી એનો ઉત્તર પણ શ્રી શુક આ અધ્યાયમાં આપે છે. એવા માણસે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન કરી યોગનું આચરણ કરવું. પહેલા અધ્યાયમાં વિરાટ્ સ્વરૂપનું ધ્યાન કરવાનું કહે છે. આ યોગમાં પણ ભક્તિ પ્રાપ્ત કરાવનાર ભગવાનનું જ ભક્તિયોગથી ધ્યાન કરવાનું છે. શ્રવણ અને યોગ બન્ને ભક્તિ કરાવનાર હોવા છતાં મૃત્યુ ક્યારે થશે એ જાણવામાં ન હોવાથી, યોગ આચરનાર દુઃખી થાય છે. મૃત્યુ થવામાં ઘણો વિલંબ હોય ત્યારે તો શ્રવણ જ સહેલાથઈથી થઈ શકે તેવું હોવાથી શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાથી સુખ થાય છે, વળી યોગનું અંગ ત્યાગ છે. એ વધતા જતા પાપને લીધે કરવો કઠણ છે, જ્યારે શ્રવણ ૨-૮-૫ પ્રમાણે પાપ થવા દેશે નહીં. અને શ્રવણ કરવાથી યોગ આચરવાની જરૂર રહેશે નહીં, કારણકે એ (શ્રવણ)થી પ્રસન્ન થયેલા

ભગવાન્ પોતે જ ફલ આપશે. તેથી શુકે આરંભમાં ૨-૧-૫માં ભક્તિયોગનો ઉપદેશ કરેલો છે. તેવી જ રીતે અંતમાં પણ ૨-૨-૩૬માં પણ ભક્તિનો જ ઉપદેશ કરેલો છે.

આ બીજા અધ્યાયના પંદરમાં શ્લોક ઉપરના શ્રુસુબોધિનીમાં 'વસુરણ્વો વિભૂરસિ' એ શ્રીમહોપનિષદના તાત્પર્યનું ચિન્તન કરવાનું કહેલું છે. આ ઉપનિષદનું વાક્ય નથી, પરન્તુ એનો ભાવાર્થ જ આ શબ્દોથી આચાર્યશ્રીએ કહેલો જણાય છે. આ ઉપનિષદમાં એમ જણાવેલ છે કે પહેલાં નારાયણ જ હતા, બ્રહ્મ ન હતા, ઈશાન ન હતા, જલો ન હતા, અગ્નિ અને સોમ ન હતા, આ આકાશ અને પૃથ્વી ન હતાં, નક્ષત્રો ન હતાં, સૂર્ય ન હતો, ચન્દ્રમાં ન હતો. એ એકલા રમણ ન કરે...(એમનું) હૃદય નીચે મુખવાળું હતું...એની મધ્યમાં સર્વ તરફ મુખવાળી મોટી વિશ્વજ્વાલા હતી. એની મધ્યમાં ઝીણી અને ઊંચી અગ્નિની શિખા રહેલી. એ શિખાના મધ્યમાં પરમાત્મા રહેલા. એ બ્રહ્મા, એ ઈશાન, એ ઈન્દ્ર એ અક્ષર, એ પરમ સ્વરાટ્' (મહોપનિષદ્ અધ્યાય ૧)

આ ઉપનિષદમાંના 'એ શિખાના મધ્યમાં પરમાત્મા રહેલા' એ ભાગ ૨-૧-૨૦ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આચાર્યશ્રીએ લખેલ છે. ત્યાં એઓશ્રી કહે છે કે અગ્નિની શિખા તરીકે કહેલી પણ જીવની કલા જ છે. 'કલા' એટલે ગર્ભ, 'પરમ' એટલે ઊંચા અથવા મોટા, 'આત્મા' એટલે જીવ. એમાં ઊંચા જીવનો (કલા) ગર્ભ હતો. એ જીવ કોણ. એ વિશે ઉપનિષદમાં જ આગળ કહેલ છે કે એ બ્રહ્મા, એ ઈશાન વગેરે. આ મહોપનિષદમાં યોગનું આચરણ કરવાનો ઉપદેશ છે. પ્રથમ અધ્યાયમાં વિરાટ્ સ્વરૂપનું ધ્યાન ધરવાનું કહેલ છે, તેથી ત્યાં નારાયણના આવા સ્વરૂપનું ધ્યાન ધરવાનું જણાવેલ છે.

બીજા અધ્યાયમાં ૨-૧-૧૫ ઉપરનાં શ્રીસુબોધિનીમાં 'વસુરણ્વો વિભૂરસિ' એ મહોપનિષદના ભાવાર્થનું ચિન્તન કરવાનું કહેલું છે. આ વાક્યમાં 'વસુ' એટલે અગ્નિ સમજાય છે. 'અણ્વો' શબ્દ ઉપનિષદમાં 'વહ્નિશિખા અણીયોર્ધ્વા' કહેલ છે તેના સમ્બન્ધમાં કહેલ જણાય છે. તેથી 'અણ્વો' ઝીણી અને ઊંચી શિખા માટે કહેલ જણાય છે. તેથી 'વિભુ' સર્વસમર્થ સર્વત્રવ્યાપી નારાયણના 'ઉરસિ' હૃદયમાં ઊંચી અને ઝીણી શિખાવાળો અગ્નિ છે તેનું ચિન્તન કરવાનો ઉપદેશ કરેલ જણાય છે.

ભગવાનના શ્રવણ વગેરેમાં બે બાધક છે : (૧)અન્ય દેવનું ભજન અને (૨)ઈન્દ્રિયો શ્રીકૃષ્ણની સેવા કરવામાં ઉપયોગી ન થાય એ. તેથી ત્રીજા અધ્યાયના આરંભમાં અન્યદેવો કઈ કઈ કામના પૂર્ણ કરે છે એ કહેલું છે, અને શ્લો. ૧૦માં એ સર્વ કામનાઓ અને મુક્તિ પણ શ્રીકૃષ્ણના ભજનથી પ્રાપ્ત થતાં હોવાનું કહેલું છે. જો શ્રીકૃષ્ણનું ભજન ન થાય તો જ્ઞાનીનાં પણ દેહ અને ઈન્દ્રિયો વિફલ છે (શ્લો.૧૭)

તેથી એમને કામના ન હોવા છતાં, ઇન્દ્રિયો વિફલ ન થાય એ માટે એમણે પણ શ્રીકૃષ્ણનું ભજન જ કરવું જોઈએ.

શ્રવણ કરનારને એમાં શ્રદ્ધા હોવી જોઈએ. પરીક્ષિતને શ્રદ્ધા હોવાનું પ્રથમ સ્કન્ધમાં દર્શાવેલું છે. એણે રાજ્ય તજેલ, છતાં મનમાં કાંઈક વિષયભોગનો અંશ હોય તો એ જ્ઞાનથી દૂર થાય અને હવે ભગવાન્ શ્રીકૃષ્ણ જ શ્રવણ કરવા યોગ્ય હોવાનું જ્ઞાન થતાં એનો વૈરાગ્ય સંપૂર્ણ થયો, અને મમતાનો તેણે સંપૂર્ણ ત્યાગ કર્યો (અધ્યાય ૪. શ્લો.૨) શૌનકને પણ શ્રવણ કરવાનો ઉત્સાહ હતો એમ આ ત્રીજા અધ્યાયમાં અંતે તેણે કહેલ શ્લોકોથી સિદ્ધ થાય છે. જે કાર્યમાં ઉત્સાહ હોય તે કાર્યમાં શ્રદ્ધા હોવી જ જોઈએ. શ્રદ્ધા વિના ઉત્સાહ ન જ થાય. તેથી શૌનકને પણ શ્રદ્ધા હોવાનું સિદ્ધ થયું.

પરીક્ષિતને પણ શ્રવણમાં ઉત્સાહ હતો, એમ સૂતે કહેલા ચોથા અધ્યાયના પહેલા ચાર શ્લોકથી અને પરીક્ષિતે કહેલા એ જ અધ્યાયના શ્લો. ૬ થી ૧૦ સિદ્ધ થાય છે. શુકને પણ કીર્તન કરવાનો ઉત્સાહ હતો, એમ અ.૪ શ્લો. ૧૨ થી ૧૭માં એણે કરેલ નમનથી અને શ્લો. ૧૮ થી ૨૪માં એણે કરેલ પ્રાર્થનાથી સિદ્ધ થાય છે.

ત્રીજા પ્રકરણના પાંચમા, છટ્ઠા અને સાતમા એ ત્રણ અધ્યાયોમાં અનુક્રમે જડ પદાર્થ, જીવ અને અન્તર્યામીની ઉત્પત્તિ જણાવેલી છે, તેથી આ ઉત્પત્તિથી વિમર્શનું પ્રકરણ કહેલ છે. નારદ સર્વજ્ઞ હોવા છતાં એણે ભગવાનનું શ્રવણ કરેલ ન હોવાથી એને શંકા રહેતી. તેથી એ બ્રહ્માને પ્રશ્ન કરે છે એમ શ્લો ૧ થી ૮ અને બ્રહ્મા એને ઉત્તર આપે છે તેથી જ જણાય છે કે ભગવાનથી સર્વ પદાર્થ અને જગત બનેલા છે, અને એનાથી જુદા પણ છે. જડ પદાર્થોની ઉત્પત્તિ 'જનન' કહેવાય છે. નિર્ગુણ ભગવાન્ પ્રકૃતિના રજઃ અને તમઃ ગુણો માયાથી ગ્રહણ કરી, અને માયાથી જ કાલ કર્મ અને સ્વભાવ ગ્રહણ કરી, એમનાથી મહાભૂતો વગેરે રચે છે, અને ભગવાનના અવયવોથી ચૌદ લોકની તથા ત્રણ લોકની કલ્પના કરવામાં આવે છે.

છટ્ઠા અધ્યાયના પહેલા ૧૧ શ્લોકોથી સર્વ જીવોના લિંગશરીરની સામગ્રીનો ભગવાનના લિંગશરીર સાથેનો સમ્બન્ધ દર્શાવી, પછી સર્વ જીવો પુરુષ જ છે એમ પુરુષસુક્તથી શ્લો. ૧૫માં દર્શાવેલ છે. ભગવાન્ જ ફલદાતા છે એમ દર્શાવે છે. પછી યજ્ઞના સાધન બનેલ સર્વ પદાર્થો પણ ભગવદ્રૂપ છે એમ ૨૨ થી ૨૯ શ્લોકોથી જણાવે છે. ભગવાનથી જ ઉત્પત્તિ પેઠે બધાની સ્થિતિ અને પ્રલય પણ થાય છે, એમ જણાવી ભગવાનનું માહાત્મ્ય દર્શાવેલ છે.

સાતમા અધ્યાયમાં અન્તર્યામીઓનું પ્રાકટ્ય કહેલ છે. મૂલ સ્વરૂપ શ્રીકૃષ્ણનું જ ભક્તિમાર્ગ પ્રમાણે ભજન કરવાથી જ પુરુષોત્તમની ભક્તિ થાય છે એમ જણાવવા

બીજા અવતારોની કથા પણ કહેલી છે. આ કથાઓ અવતારો જે સમયે થઈ ગયા તે સમયના ક્રમે જ કહેલી છે, એમ અ. ૬ શ્લો. ૪૫માંના 'અનુક્રમિષ્યે'–અનુક્રમ પ્રમાણે કહીશ' એ શબ્દથી જણાય છે. અન્તર્યામીઓ બે પ્રકારના છે :(૧)આવેશી અને (૨)અવતાર જેમનામાં અમુક સમયે જ ભગવાનનો આવેશ થાય તે આવેશી અને (૨)પોતાની મેળે ભગવાન્ પ્રકટ થાય તેને અવતાર કહેવાય છે. આ અવતારોના ચરિત્રો વર્ણવેલાં છે, તેમાં શ્રીકૃષ્ણ પણ અવતાર જ છે એમ ન માનવું, કારણકે સર્વ અવતારોનું મૂલ શ્રીકૃષ્ણ જ છે એવો બોધ કરવા, શ્રીપુરુષોત્તમ જ છે એમ તર્કથી સિદ્ધ કરેલું છે. સૂક્ષ્મ ધ્યાનના ૨-૨-૧૨ શ્લોકના દશ શબ્દો છે તે શ્રીકૃષ્ણની દશ લીલાઓ જણાવવા યોજેલા છે. ૨-૭-૨૬માં શ્રીકૃષ્ણનું સ્વરૂપ જણાવેલું છે, અને ૨-૭-૨૭માં યમલાર્જુનના ભંગના પ્રસંગથી એમનું માહાત્મ્ય જણાવેલ છે. શ્લો. ૩૪ તથા ૩૫માં જે અસુરોને એમણે હણ્યા તેમને પણ મુક્તિ આપ્યાનું જણાવેલ છે. અહીં જે અસુરોના નામ નથી તેમને મુક્તિ આપી નથી. એવી રીતે એમનું સ્વરૂપ તથા મહાત્મ્ય શ્લો.૨૬ થી ૩૫ સુધીથી જણાવી એ શ્રીપુરુષોત્તમ જ છે એમ સિદ્ધ કરેલું છે. અવતારોનું વર્ણન કર્યા પછી શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જણાવી, એમનું અલ્પજ્ઞાન પણ જેમને છે તેમના નામ આપી, એમનું સંપૂર્ણ જ્ઞાન કોઈને પણ નથી એમ જણાવેલ છે.

ચોથા ઉપપત્તિથી વિમર્શ પ્રકરણના ત્રણ અધ્યાયો (૮ થી ૧૦) છે. આમાં તર્કથી પ્રશ્નો તથા ઉત્તર કરેલ હોવાથી આ ઉપપત્તિ(તર્ક)થી વિમર્શનું પ્રકરણ કહેવાય છે. એમાં પ્રથમ આઠમા અધ્યાયમાં પહેલા છ શ્લોકથી રાજા પોતાનું મન ભગવાનમાં રહે એના ઉપાય પૂછી, અધ્યાય ૧ થી ૭ સુધીમાં જે કથા આવી તેમાં એને સંશય રહેલ તે સમ્બન્ધી પ્રશ્નો પૂછે છે, અને બીજા પણ પ્રશ્નો પૂછે છે. તેથી આ શંકાનો અધ્યાય છે. અ ૧ થી ૭ સુધીમાં જે એને શંકા થઈ તેના ઉત્તર અધ્યાય ૯ માં એને આપશે, અને બીજા જે પ્રશ્નો તેણે પૂછ્યા તેના ઉત્તર સ્થૂલ ભાગવતમાં એટલે અધ્યાય ૩ થી ૧૨ માં આપશે. તેથી આ અધ્યાય ૧ થી ૭ અધ્યાયોની કથાનો પૂર્વપક્ષ છે. આ અધ્યાયના ૨૬ મા શ્લોકની સુબોધિનીજીના અંતે શ્રીમદાચાર્યચરણે આ શંકાઓનું સારી રીતે નિરૂપણ કરેલું છે તે ત્યાં જોઈ લેવું.

નવમા અધ્યાયમાં કાંઈ તર્ક દર્શાવેલ નથી, પરન્તુ ભગવાન્ સર્વનું મૂલ છે એમ જણાવેલ છે. નારદે અ. ૫ શ્લોક. ૫ માં બ્રહ્મા જગતનું મૂલ હોવાનું કરોળિયાના દૃષ્ટાન્તથી કહેલ, તે બ્રહ્માનું પણ ભગવાન્ મૂલ છે એમ આ અધ્યાયના ૩૨ મા શ્લોકમાં કહેલું છે. ભગવાનનું પણ મૂલ બીજું કાંઈક હશે એમ ન માનવું, કારણકે બ્રહ્માએ તપ કર્યું (શ્લો ૧૪ થી ૧૬) ત્યારે ભગવાન્ એમને પોતાના સ્વરૂપનું દર્શન

કરાવી, પોતે સર્વનું મૂલ હોવાનું જણાવે છે.

રાજાએ પૂછેલ શંકાઓ મુખ્યત્વે જીવ અને બ્રહ્માના સ્વરૂપ સમ્બન્ધી હોવાથી, શ્રીશુક આ અધ્યાયના પહેલા ત્રણ શ્લોકોથી જીવના સ્વરૂપ સમ્બન્ધી શંકાઓનો ઉત્તર આપે છે અને પછી ૪ થી ૩૬ સુધીના શ્લોકથી બ્રહ્મના સ્વરૂપ સમ્બન્ધી શંકાઓનો ઉત્તર આપે છે, તે પૈકી ચાર (૩૨ થી ૩૫)શ્લોકો ભગવાને બ્રહ્માને કહેલ ચતુઃશ્લોકી ભાગવત છે. આ શ્લોકો અક્ષરશઃ ભગવાને કહેલ તે નથી, પરન્તુ ભગવાને જે બ્રહ્માને કહેલ અને બ્રહ્માએ જે નારદને કહેલ, અને નારદે વ્યાસજીને ભાગવત રચવા કહેલ તે તેમણે રચેલ, તેમાં એ ચતુઃશ્લોકી ભાગવતનો જે પ્રકારે સમાવેશ કરેલ તે એમણે શુકને જણાવ્યું, અને શુકે એ પરીક્ષિત તથા સૂતતે સંભળાવેલ, અને સૂત એ જેવું સમજ્યો તેમ આ શ્લોકો એણે શૌનકને કહેલ છે. ભગવાને જે બ્રહ્માને કહેલ અને બ્રહ્માએ જે નારદને કહેલ તે સૂતે શૌનકને કહેલ નથી, પરન્તુ એ જેવું પોતે સમજેલ તેવું જ એણે પોતાના વાક્યથી કહેલ છે. (નિબન્ધ ૩-૧-૧૨ પ્રકાશ.) તેથી આ ''ચતુઃશ્લોકી ભાગવત''વેદતુલ્ય હોવાથી અનુપવીત પુરુષોએ તથા સ્ત્રીઓએ આ વંચાય નહીં, એવી કેટલાકની માન્યતા ખોટી છે. ભગવાને બ્રહ્માને ઉપપત્તિ પ્રમાણે ભાગવત કહેલ, અને બ્રહ્માએ નારદને ઉત્પત્તિ પ્રકારે કહેલ (૨-૮-૨૮ સુ.) તેથી ભાગવત આખું વાંચવાનો સર્વને અધિકાર છે. સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉદ્ધાર થાય એ માટે તો ખાસ ભગવાનની પ્રવૃત્તિ થઈ છે (૧-૩-૪૧ અને ૪૨.) શ્રીભાગવતનો સદા વૈષ્ણવોએ પાઠ કરવો એવી શ્રીમદાચાર્યચરણની આજ્ઞા પણ છે.

બીજા પ્રશ્નોના ઉત્તર સ્થૂલ ભાગવતમાં આપેલ હોવાથી એનું પણ શ્રવણ કરવું જોઈએ. એનું સ્વરૂપ સર્ગ વગેરે ભગવાનની દશ લીલાઓ છે, અને એ ફલરૂપ છે, તેથી આ ફલના દશમા અધ્યાયમાં શ્રીભાગવતના સ્વરૂપનું નિરૂપણ કરેલ છે. દશ લીલાઓનાં લક્ષણ કહી, પદાર્થો આધિદૈવિક આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારના હોવાનું જણાવેલ છે (શ્લો ૧૪ થી ૩૨.) આવા પદાર્થો અનન્ત હોવાથી આ અધ્યાયમાં જ એ બધા કહેલ નથી, પરન્તુ સ્થૂલ ભાગવતમાં કહેલ છે. તેથી એનું શ્રવણ પણ જરૂરી છે.

આ અધ્યાયના પ્રથમ નવ શ્લોકોથી દશ લીલાઓના લક્ષણ કહી, પદાર્થો ત્રણ પ્રકારના હોવાનું જણાવવા પ્રથમ વિરાટ્‌ની ઉત્પત્તિ કહેલી છે (શ્લો ૧૦ થી ૧૩.) પછી ત્રણ પ્રકારના પદાર્થો હોવાનું શ્લોક ૧૪ થી ૩૨ થી જણાવે છે. પછી સ્થૂલ જેવા સૂક્ષ્મ સ્વરૂપનું નિરૂપણ કરેલ છે (શ્લો ૩૪.) પછી જેમના માટે ભગવાન્ ત્રણ પ્રકારના સ્વરૂપ ધારણ કરે છે તે (શ્લોક ૩૭ થી ૩૯) દર્શાવી, ફલમાં પણ ત્રણ પ્રકાર હોવાનું અને એ

દરેક પ્રકારના અનન્ત ભેદો હોવાનું કહી (શ્લો. ૪૦-૪૧.) ઉત્પત્તિ પેઠે સ્થિતિ અને પ્રલય પણ ભગવાન્ કરે છે એમ જણાવેલ છે (શ્લો.૪૨-૪૩.) એ પ્રમાણે બ્રહ્મકલ્પના કર્તાપણું અને બ્રહ્મવાદ જણાવી બાકીના કાલ તથા કલ્પ સમ્બન્ધી પ્રશ્નોના ઉત્તર પછી આપવાનું કહી પદ્મકલ્પ કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

૨-૭-૪૨ ઉપરના શ્રીસુબોધિનીમાં 'અહ્નામ્ વિધાન્યામ્' શબ્દો યોજેલ છે, તે કયા ગ્રન્થમાંથી કયા સ્થળેથી લીધા છે તે જણાતું નથી. પ્રકાશકારે પણ એ જણાવેલ નથી. છતાં અનુસંધાનથી એનો અર્થ જણાય છે કે મોટા કાર્યમાં અભિજ્ઞાનથી એટલે પહેલાં જોયેલ અથવા જાણેલના સ્મરણથી અને જ્ઞાનથી કાર્ય કરવાનો આરંભ કરવો. આવા મોટા કાર્યમાં સંપૂર્ણ સાવચેતી રાખવી એવો તે વાક્ય જ્યાં હોય ત્યાં એનો અર્થ હશે.

અહીં ગ્રન્થનું કદ વધી જવાના ભયે છેલ્લા ત્રણ અધ્યાયોનો અનુવાદ આપવો હાલ તરત મુલતવી રાખ્યો છે. આવતે વર્ષે એ બીજા ખંડ તરીકે પ્રસિદ્ધ કરવાની યોજના છે.* એ પ્રસિદ્ધ થયે સંપૂર્ણ બીજો સ્કન્ધ સુલભ થશે.

તા.૧૫-૧-૧૯૭૦ **નાનુલાલ ના. ગાંધી**

* મુંબઈ ''શ્રીવલ્લભસુખધામ'' ના ગ્રન્થાલયમાં સેવા આપનાર શ્રીસુરેન્દ્રભાઈ એ દ્વિતીયસ્કન્ધ સુબોધિનીના ભાષાન્તરના બાકીના ત્રણ અધ્યાયોની ફોટોકોપિ ઉપલબ્ધ કરાવતાં આ ખંડમાં દ્વિતીયસ્કન્ધના દસે-દસ અધ્યાયોના ભાષાન્તરનું પ્રકાશન કરવામાં આવ્યું છે. તદુપરાંત અધ્યયનોપયોગી હોવાથી શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ભાષાન્તરિત દ્વિતીયસ્કન્ધના ભાગવતાર્થનિબન્ધનો અંશ તથા શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્ના દ્વિતીયસ્કન્ધના ના શ્લોકો પણ સાનુવાદ અહીં પ્રકાશિત કરવામાં આવ્યા છે. (સમ્પાદક)

# || અનુક્રમણિકા ||


ભાગવતાર્થનિબન્ધાનુસાર સારણી

ભાગવતાર્થનિબન્ધ દ્વિતીયસ્કન્ધ

શ્રીપુરુષોત્તમનામસહસ્રસ્તોત્ર(દ્વિતીયસ્કન્ધના નામો)


## દ્વિતીયસ્કન્ધ જ્ઞાન(સાધન)લીલા


<u>પ્રકરણ ૧: તત્ત્વધ્યાન(વસ્તુનિર્ધાર)</u>

૧. દશલીલા યુક્ત હરિનું સાંગ શ્રવણ એ જ મનુષ્ય કર્તવ્ય છે ૧

૨. સાધનથી વસ્તુ-સ્વરૂપનો નિર્ણય ૪૭

<u>પ્રકરણ ૨: હૃત્પ્રસાદ(શ્રદ્ધા)</u>

૩. ભાગવત કથા-શ્રવણમાં સાધન ૮૦

૪. પરીક્ષિતનું સ્વરૂપ તથા શુકદેવજીનું જ્ઞાન અને ગુરુભક્તિનું વર્ણન ૧૦૧

<u>પ્રકરણ ૩: મનન(વિમર્શ)</u>

૫. બ્રહ્મા અન્તર્યામીના પ્રાકટ્યનો પ્રકાર કહે છે ૧૩૨

૬. પુરુષસૂક્તમાં કહેલા ભગવાનના વિરાટદેહનું વર્ણન ૧૬૭

૭. અન્તર્યામીના અવતારોની કથા ૨૦૩

૮. રાજાના પ્રશ્નો ઉપરથી પ્રાપ્ત થતા વિચાર ૨૭૯

૯. ચતુઃશ્લોકી ભાગવત ૩૦૭

૧૦.પુરાણાદિકનાં લક્ષણ ૩૫૮

# ભાગવતાર્થનિબન્ધાનુસાર સારણી

## દ્વિતીયસ્કન્ધ સાધન-જ્ઞાનલીલા
(કુલ અધ્યાય ૧૦)

- પ્ર.૧ તત્ત્વધ્યાન(વસ્તુનિર્ધાર)
- પ્ર.૨ હૃત્પ્રસાદ(શ્રદ્ધા)
- પ્ર.૩ મનન(વિમર્શ)

## પ્રથમ સાધન : તત્ત્વધ્યાન-વસ્તુનિર્ધાર
(પ્રકરણ ૧)

- સ્થૂલધ્યાન(અધ્યાય-૧)
- સૂક્ષ્મધ્યાન(અધ્યાય-૨)

## દ્વિતીય સાધન : હૃત્પ્રસાદ-શ્રદ્ધા
(પ્રકરણ ૨)

- શ્રોતાનો હૃત્પ્રસાદ(અધ્યાય-૩)
- વક્તાનો હૃત્પ્રસાદ(અધ્યાય-૪)

## તૃતીય સાધન : મનન-વિમર્શ
(પ્રકરણ ૩)

- ઉત્પત્તિ(અધ્યા.૫-૭)
  - અનિત્યમાં જનન
  - નિત્યપરિચ્છિન્નમાં સમાગમ
  - નિત્ય અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય
    - આવેશી
    - અવતાર
- ઉપપત્તિ(અધ્યા.૮-૧૦)
  - આશંકા
  - ઉત્તર
  - ફળ

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું

# શ્રીભાગવતાર્થપ્રકરણ

## સ્કન્ધ બીજો
## (અઙ્ગોસહિત શ્રવણ)

**સ્કન્ધનો અર્થઃ**

ઉત્તમ વક્તા શુકને ઉત્તમ શ્રોતા પરીક્ષિતે જે પ્રશ્ન કર્યો તે ૧।૧૯।૩૭માં કહ્યો. શુક તે પ્રશ્નના ઉત્તરમાં શ્રીભાગવતનું અઙ્ગોસહિત શ્રવણ કરવું એમ કહે છે. જીવે શું કરવું જોઈએ એ જાણવાની પરીક્ષિતની ઈચ્છા થતાં, શ્રીભાગવતનું અઙ્ગોસહિત શ્રવણ કરવું જોઈએ એમ કહે છે. શ્રીભાગવતનાં દશ અઙ્ગો હોવાથી આ દશ અધ્યાયોથી કહે છે. તેથી શ્રીભાગવતનાં અઙ્ગોનું નિરૂપણ એ આ સ્કન્ધનો અર્થ છે.૧

**પ્રકરણાર્થઃ**

સમ્પૂર્ણ ભાગવતનું શ્રવણ કરવાનું છે. તે પૈકી જેનું શ્રવણ કરવાનું છે તે ત્રીજાથી આરંભી બારમા સુધીના દશ સ્કન્ધો છે. પહેલો સ્કન્ધ અધિકાર દર્શાવે છે અને બીજો સ્કન્ધ શ્રીભાગવતનાં અઙ્ગો જણાવે છે. (શ્રીભાગવતનો બે પ્રકારનો શાસ્ત્રાર્થ છેઃ૧.જાણવા યોગ્ય અને ૨.કરવા યોગ્ય. તે પૈકી દશ લીલાવાળા ભગવાન્ (અધ્યાય ૩-૧૨) જાણવા યોગ્ય છે અને અઙ્ગો સાથે શ્રીભાગવતનું શ્રવણ કરવું એ કરવા યોગ્ય છે. એવો વિચાર કરતાં પહેલા સ્કન્ધનો અર્થ (શ્રવણ)કરનારનો ગુણ(અધિકાર) દર્શાવે છે. બીજા સ્કન્ધનો અર્થ સહકારીપણાંથી ફલ દર્શાવે છે અને ત્રીજાથી બારમા સુધીના સ્કન્ધોનો અર્થ શ્રવણનું (જેમના ગુણોનું શ્રવણ કરવાનું છે તે ભગવાન્‌નું સ્વરૂપ જણાવે છે—આવરણ ભઙ્ગ) એવો વિચાર કરવાથી ''શ્રવણ કરવું જોઈએ'' એવો શ્રીભાગવતના મહાવાક્ય (આખા ગ્રન્થ)નો અર્થ છે. ત્યારે તે શ્રવણ એટલે શું? એવો પ્રશ્ન થાય.

પદ(શબ્દો) અને વાક્યો ના શક્તિ* અને તાત્પર્ય નો નિશ્ચય તે 'શ્રવણ'. શબ્દની શક્તિનો કુદરતી, સઙ્કોચ વિના નિશ્ચય કરવો, અથવા શબ્દ અને વાક્ય બન્નેના શક્તિ અને તાત્પર્ય એ બન્નેનો નિશ્ચય કરવો તે.

*શક્તિ એટલે શબ્દની પોતાનો અર્થ જણાવવાની સત્તા. આ શક્તિઓ ત્રણ છેઃ

૧.અભિધા-શબ્દનો જે અર્થ સમજાતો હોય તે જણાવવાની સત્તા.

૨.લક્ષણા-કુદરતી અર્થ બંધ બેસતો ન હોય ત્યારે રૂઢિને લીધે અથવા કાંઈ પ્રયોજનને લીધે તેના સમ્બન્ધવાળો બીજો અર્થ જણાવવાની સત્તા. અને

૩.વ્યંજના-આગળ-પાછળના સંબંધથી ઘણા અર્થવાળા શબ્દની અમુક અર્થ સૂચવવાનીશક્તિ.

**શ્રવણના ત્રણ અઙ્ગ છેઃ**

૧.તત્ત્વધ્યાન

૨.હૃદયની પ્રસન્નતા અને

૩.મનન.

તત્ત્વ-સ્વરૂપનું ચિન્તન એટલે તત્ત્વોનું ચિન્તન અને સ્વરૂપનું ચિન્તન. આ ચિન્તન તે તત્ત્વધ્યાન. આ સ્કન્ધના પહેલા બે અધ્યાયોમાં અનુક્રમે એ કહેલ છે.

હૃદયની પ્રસન્નતા એટલે ચિત્તની શુદ્ધિ. આ ત્રીજા અને ચોથા અધ્યાયમાં કહેલ છે.

ત્રીજું અઙ્ગ મનન છે તે પાંચમાથી દશમા સુધીના છ અધ્યાયોમાં કહેલ છે. આથી આ સ્કન્ધનાં ત્રણ પ્રકરણોનો વિભાગ દર્શાવ્યો. ૨

ક્યા શબ્દોની શક્તિ તથા તાત્પર્ય નો નિશ્ચય કરવો? એ જાણવાની ઈચ્છા થાય તો જાણવું કે શ્રીભગવાન્ વાસુદેવની દશ પ્રકારની લીલા શ્રીભાગવતમાં કહેવાની છે તેનું શ્રવણ કરવું. ભગવાન્‌ની દશ પ્રકારની લીલા સ્કન્ધ ૩ થી ૧૨ સુધીમાં કહેલી છે તેનું શ્રવણ કરવું. આમ (બીજા) પછીના દશ સ્કન્ધોના અર્થ ટૂંકાણમાં કહેલ છે.

ધર્મી (લીલા કરનાર) ભગવાન્‌નું તેમના હર કોઈ ધર્મ (ગુણ) સહિત શ્રવણ ભલે થાય, દશ પ્રકારની લીલા કરનારા ભગવાન્‌નું જ શ્રવણ કરવું એવો આગ્રહ શા માટે રાખવો? એવી શઙ્કા થાય તો જાણવું કે દશ પ્રકારની લીલા કરનાર ભગવાન્‌નું જ શ્રવણ થાય તે માટે જ પાછળનો ગ્રન્થ (અધ્યાય ૩-૧૨) રચેલ છે. જો લીલા કરનાર ભગવાન્‌નું શ્રવણ કરવાનું ન હોય તો ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધો નકામા થાય. વળી શ્રવણ કરાતા શબ્દો અને વાક્યો પણ ન આવવાથી શ્રવણના અઙ્ગોનો વિચાર કરવો પણ વ્યર્થ થાય. તેથી ગમે તે ધર્મ સાથેના ભગવાન્‌નું શ્રવણ કરવાથી પાછળનો ગ્રન્થ નકામો થતો હોવાથી દશ પ્રકારની લીલાવાળા ભગવાન્‌નું જ શ્રવણ કરવું.

**પહેલા પ્રકરણનો અર્થઃ**

શઙ્કાઃશબ્દો અને વાક્યો ના શક્તિ અને તાત્પર્ય નો નિશ્ચય સામાન્ય રીતે કેવી રીતે કરવો અને કોણે કરવો? એવો પ્રશ્ન થાય.

સમાધાનઃતો જાણવું કે શ્રવણના અઙ્ગો જણાવવાથી જ અઙ્ગી(શ્રવણ) પણ જણાવેલ થાય છે, કારણ કે બધાયે અઙ્ગો જણાવવામાં આવે ત્યારે અઙ્ગી જણાવવાનું બાકી રહેતું નથી. આ અઙ્ગો જણાવવા બીજો સ્કન્ધ કહેલો છે. અથવા શ્રવણના અઙ્ગો(દશ લીલાઓ) જણાવવામાં આવે ત્યારે અઙ્ગી(ભગવાન્) જણાવવાનું બાકી રહેતું નથી. અઙ્ગો જણાવનાર સ્કન્ધમાં અઙ્ગી જણાવવામાં આવે તે પણ યોગ્ય જ છે.

શબ્દો અને વાક્યો ના શક્તિ અને તાત્પર્યનો નિર્ણય આ બીજા સ્કન્ધમાં સ્પષ્ટ દેખાતો નથી પરન્તુ તેના શબ્દો અને વાક્યો ઉપરથી એવો નિશ્ચય થઈ શકે છે કે શ્રીકૃષ્ણ સર્વરૂપ છે.

(શ્રીકૃષ્ણ પદાર્થમાત્ર અથવા બધુંયે જગત થયેલા છે. ભગવાન્‌ના સ્થૂલ સ્વરૂપમાં મન પરોવવાથી તેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય સર્વ વિશ્વ, સર્વે પદાર્થો જોવામાં આવે છે (૨।૧।૨૩-૩૭).) શક્તિનો સઙ્કોચ કરવાથી એવો અર્થ સ્ફુરતો નથી પરન્તુ શક્તિનો સઙ્કોચ ન કરતાં, અને સૂતે શૌનકને કહ્યું છે કે ''તમે શ્રીકૃષ્ણ સમ્બન્ધી ઉત્તમ પ્રશ્ન કર્યો છે''(૧।૨।૫) એ વાક્યના શૌનકના સર્વ પ્રશ્નોનો વિષય ભગવાન્ જ છે એવા તાત્પર્યનો વિચાર કરતાં અહીં જે શબ્દો અને વાક્યો કહેલાં છે તે ભગવાન્‌નો જ બોધ કરનારાં છે અને તે જ તાત્પર્યવાળાં છે એમ સિદ્ધ થાય છે. આમ હોવાથી જે વિષયનું શ્રવણ કરવાનું છે તે દશ લીલાવાળા ભગવાન્ જ છે. તેમ ન હોય તો શબ્દો અનન્ત હોવાથી શ્રવણ કરવાની શક્તિ ન રહેતા શ્રવણ કરવાનું કાર્ય અપૂર્ણ જ રહે. હર કોઈ સ્થળે જે કાંઈ શબ્દો અને વાક્યો હોય તેઓના અર્થનો નિર્ણય કરવો તે શ્રવણ નથી. તેથી પાછળના(સ્કન્ધ ૩-૧૨ સુધીના) બધાય ગ્રન્થનું પ્રયોજન છે.

શઙ્કાઃવ્યાસસૂત્રોમાંજ આ નિર્ણય કરેલો છે કે ''આત્માનું શ્રવણ કરવું જોઈએ''. તેવીજ રીતે બધા ગ્રન્થોમાં શ્રવણ કરવાની આજ્ઞા કરેલીછે!

સમાધાનઃએવી શઙ્કા થાય તો જાણવું કે નિર્ગુણ શ્રુતિઓ ભગવાન્‌ના ગુણાતીત (ગુણોથી પર, ગુણરહિત) સ્વરૂપનો નિર્ણય કરે છે. ભગવાન્‌નાં બે સ્વરૂપો છેઃ૧.ગુણાતીત સ્વરૂપ અને ૨.સગુણ સ્વરૂપ. તે પૈકી વેદમાં ગુણાતીત સ્વરૂપનું જ નિરૂપણ છે તેથી વેદના નિર્ણય પ્રમાણે નિર્ણય કરવામાં આવે તો ગુણાતીત સ્વરૂપનું જ શ્રવણ કરવાનું પ્રાપ્ત થાય તેથી અહીં જુદું નિરૂપણ કરવું યોગ્ય છે. કારણ કે શ્રુતિઓ (વેદનાં વાક્યો) નિર્ગુણ છે. આથી એમ જણાવેલ છે કે તત્ત્વોનું ધ્યાન (ભગવાન્‌ના ધ્યાનનું) અઙ્ગ છે, અને અન્દરનું અઙ્ગ છે, તેથી આરમ્ભમાં તે (તત્ત્વોના ધ્યાન)નું નિરૂપણ કરવું યોગ્ય છે ૩-૫

**બીજા પ્રકરણનો અર્થઃ**

તે જ પ્રકારે શ્રવણ કરનારની અને કથા કહેનારની શ્રદ્ધા શ્રવણનું બીજું અઙ્ગ છે, કારણ કે ભગવત્કથા કહેનારને અને તેનું શ્રવણ કરનારને તેમાં શ્રદ્ધા ન હોય તો પણ શ્રવણ બરાબર થતું નથી. પ્રથમ પ્રકરણમાં શક્તિ અને તાત્પર્યનો નિશ્ચય શ્રવણનું અઙ્ગ હોવાનું જણાવ્યું, તેની જ પેઠે શ્રદ્ધા પણ શ્રવણનું અન્દરનું અઙ્ગ છે.

શઙ્કા : પહેલા પ્રકરણમાં તો ભગવાન્ સર્વ પદાર્થમાત્ર બનેલા હોવાથી બધાં પદ વગેરેના અર્થનો(સર્વનો અર્થ ભગવાન્ છે એવો) નિર્ણય થાય. અહીં બીજા પ્રકરણમાં શ્રદ્ધા કેવી રીતે (શ્રવણમાં) ઉપયોગી થાય? કારણ કે સર્વ સ્થળે (પદાર્થમાત્રમાં) શુદ્ધ શ્રદ્ધા હોઈ શકે નહિ. વળી દશ પ્રકારની લીલાવાળાને જુદા પાડી તેમના (શ્રવણમાં જ) શ્રદ્ધા રાખી ન શકાય, કારણ કે તેમ કરવાથી ગુણાતીત સ્વરૂપનું શ્રવણ કરવામાં શ્રદ્ધા ન રહે, તેથી શ્રદ્ધા શ્રવણના સ્વરૂપમાં ઉપયોગી હોવા છતાં કયા સ્વરૂપમાં શ્રદ્ધા રાખવી તેનો નિર્ણય થતો ન હોવાથી, શ્રદ્ધા શ્રવણનું

અઙ્ગ થઈ શકતી નથી, એવી શઙ્કા થાય.

સમાધાન : શ્રવણ કરનાર દશ લીલા કરનાર ભગવાન્ સિવાય બીજાની સેવા કરવાથી બહિર્મુખ થતો હોવાથી, તેમનામાં શ્રદ્ધા હોવી એ શ્રવણનું અઙ્ગ છે. જેમ દશ પ્રકારની લીલા કરનારથી જુદા (દેવ વગેરે)નું શ્રવણ કરવાનું નથી, તેમ તે (લીલાઓના વર્ણન)માં દર્શાવેલ સ્વરૂપ સિવાય બીજા સ્વરૂપમાં શ્રદ્ધા ન હોવી જોઈએ. તેથી ક્યા સ્વરૂપમાં શ્રદ્ધા રાખવી એનો નિર્ણય પણ છે જ. તે સ્વરૂપથી જુદા બ્રહ્મા વગેરે દેવોનું તે માટે જ આ શ્રદ્ધાના પ્રકરણમાં નિરૂપણ કરેલું છે(૨।૩।૨-૯).

તત્ત્વો અઠાવીસ હોવાથી અહીં તત્ત્વરૂપ અઠાવીસ દેવો કહેલા છે. વેદમાં જણાવેલા તેત્રીસ દેવોનો પણ આમાં સમાવેશ થાય છે. આ દેવોના ગુણોનું પણ શ્રવણ કરે તો તેને દશ લીલાવાળા ભગવાન્ સિવાય બીજામાં શ્રદ્ધા હોવાથી, તે આ દશ લીલાવાળા ભગવાન્નું શ્રવણ કરે તે વ્યર્થ થાય. તેથી શ્રવણ કરનારને દશ લીલાવાળા ભગવાન્ના જ શ્રવણમાં શ્રદ્ધા હોવી જોઈએ. વક્તાની શ્રદ્ધા તો અ.૪।૧૨-૨૩ સુધીમાં તે ભગવાન્ને નમન કરે છે અને તેમના પ્રતિ આદર દર્શાવી પોતાનો કથા કહેવાનો ઉત્સાહ પ્રકટ કરે છે તે ઉપરથી સ્પષ્ટ સમજાય જ છે.૬

**ત્રીજા પ્રકરણનો અર્થ:**

ત્રીજું પ્રકરણ પાંચમાથી દશમા સુધીના છ અધ્યાયોનું છે. તેના બે વિભાગો છે:૧.ઉત્પત્તિથી કરેલું ચિન્તન(મનન) અને ૨.ઉપપત્તિથી(તર્કથી) કરેલું ચિન્તન. દરેક વિભાગના ત્રણ-ત્રણ અધ્યાયો છે. બન્ને પ્રકારના ચિન્તનથી ભગવાન્ સર્વરૂપ છે (ભગવાન્ જ પદાર્થમાત્ર બનેલા છે) અને સર્વથી જુદા પણ છે એવો વિચાર કરેલો છે. વળી ઉત્પત્તિમાં ઉપપત્તિનો અને તેવીજ રીતે ઉપપત્તિમાં ઉત્પત્તિનો પણ વિચાર કરેલો છે. કારણ કે સર્વ (પદાર્થમાત્રનો) ઉત્પત્તિથી જ નિર્ણય કરવામાં આવે તો ભગવાન્ પદાર્થમાત્રનું *ઉપાદાન કારણ હોઈ સર્વ પદાર્થરૂપ છે એવો નિર્ણય થતાં, વૃક્ષમાંથી બીજ થાય છે અને બીજમાંથી વૃક્ષ થાય છે એ નિયમ સર્વને લાગુ પડતાં, કોઈ ઉત્પત્તિ કરનાર રહેશે નહિ. એટલે ભગવાન્નું જુદુ કર્તૃરૂપ સ્વરૂપ ન રહેવાથી ઉત્પત્તિ જ સમ્ભવશે નહિ.

(*જે વસ્તુનો જે પદાર્થ બનેલો હોય તે વસ્તુ તે પદાર્થનું ઉપાદાન કારણ કહેવાય છે; જેમકે ઘડો માટીનો બનેલો હોવાથી માટી ઘડાનું ઉપાદાન કારણ છે.)

શઙ્કા:ભગવાન્નું કર્તૃરૂપ માત્ર જુદું સ્વરૂપ જ હોય તો પણ તે આખું જગત રચનાર હોઈ, તેમનું માહાત્મ્ય જણાશે અને તેથી સ્નેહરૂપ ભક્તિ પણ થશે. તેથી ભગવાન્ સર્વરૂપ પણ છે એવું વર્ણન કરવાનું શું પ્રયોજન? એવી શઙ્કા થાય.

સમાધાન:સર્વ જગતની ભગવાન્માંથી ઉત્પત્તિ થયેલી છે એમ કહેવામાં ન આવે તો જેમ સગર અને તેના શક્તિહીન પુત્રોથી ગઙ્ગાને ભૂમિ ઉપર લાવવાની શક્તિવાળા ભગીરથની

ઉત્પત્તિ થઈ તેમ લૌકિક કર્તાના ધોરણે તેમની ગણતરી થતાં, તેમનું માહાત્મ્ય અતિશય અથવા ઉત્તમ નહિ જણાય. ભગવાન્‌માંથી સર્વની ઉત્પત્તિ થાય છે એવા વિચારથી ભગવાન્‌નું જુદું સ્વરૂપ ઉત્પત્તિરહિત હોવાથી તેમનું ઘણું માહાત્મ્ય જણાશે.

શઙ્કાઃત્યારે ભગવાન્‌ના તે જુદા સ્વરૂપની ઉત્પત્તિ ન હોવાથી અને તે સિદ્ધ કરનાર તર્ક ન હોવાથી, તેનું સ્વરૂપ હોવાનો નિર્ણય કેવી રીતે થાય? એવો પ્રશ્ન થાય.

સમાધાનઃતેનો નિર્ણય ફલથી થાય છે. ઉત્પત્તિ અને તર્ક બન્ને પ્રકારના વિચારથી નિર્ણય કરેલું તે ફલ (ફલરૂપ સ્વરૂપ) છે અને વસ્તુતઃ ફલ પ્રાપ્ત કરાવનારું છે, તેથી તેનો નિર્ણય કરવા સમ્બન્ધમાં કાંઈ કહેવાનું રહેતું નથી. અઙ્ગો(ભગવાન્‌ની દશ લીલાઓ) કહેવાથી જ અઙ્ગી(તે લીલાઓ કરનાર ભગવાન્)નું સ્વરૂપ પણ જણાવાયેલું જાણવું. ૭

તેથી ભગવાન્‌ની દશ લીલાઓ સદા કહેવી. ભગવાન્‌નો નિર્ણય કરીને ભગવાન્‌ની લીલાઓનું કીર્તન કરવું, કારણ કે તેમ ભગવાન્‌નો નિર્ણય કરવામાં ન આવે તો તે લીલાઓ જ ન થાય(ગણાય). તેવી જ રીતે ભગવાન્‌નો નિર્ણય કરીને શ્રવણ કરનારે પણ લીલાઓનું શ્રવણ કરવું અને તેવી જ રીતે તેમનું સ્મરણ પણ કરવું. એ રીતે મનુષ્યે જે સદા કરવાનું છે તે સિદ્ધ થશે.

આ પ્રમાણે રાજા પરીક્ષિતે કરેલ પહેલા પ્રશ્ન(૧।૧૯।૩૭)ના ઉત્તરમાં મનુષ્યે સદા કરવા યોગ્ય (દશ લીલા કરનાર ભગવાન્‌ના)શ્રવણમાં બધું શ્રીભાગવત ઉપયોગી છે એમ કહી, બીજા પ્રશ્ન (મરવા પડેલા મનુષ્યે શું કરવું? જુઓ ૨।૧।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ) ના ઉત્તરમાં કહે છે કે મરવા પડેલાં મનુષ્યે ખાસ કરી આઠ અઙ્ગવાળા યોગનું આચરણ કરવું, કારણ કે મરણ સમયે મનુષ્યની જેવી મતિ હોય છે તેવી ગતિ થાય છે. મરણ સમયે તે જે વિચારતો હોય, જેમાં તેનું મન હોય, તે ફળ તેને મળે છે. મન ઘણું ચઞ્ચળ અને અસ્થિર છે, તેથી તેનો (અસ્થિરપણાનો સમ્ભવતો પણ) દોષ દૂર કરવા ઘણા સાત્ત્વિક હોય તેઓએ યોગનો ઉપયોગ કરવો. ૮-૯

### અધ્યાયોના અર્થ : અધ્યાય ૧ તથા ૨ :

મનુષ્યે સદા શું કરવું? એ પરીક્ષિતના પહેલા પ્રશ્નના ઉત્તરમાં સર્વના આત્મા ભગવાન્ હરિનું સદા શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું(૨।૧।૫) એમ શુકે કહેલું છે. કારણ કે અન્તે (મરણસમયે) નારાયણનું સ્મરણ થાય એ જ જન્મનો ઉત્તમ લાભ છે(૨।૧।૬). કર્મનાં બન્ધન જેમને નથી તેવા નિર્ગુણ અવસ્થાવાળા મુનિઓ પણ ભગવાન્‌ના ગુણોનું કીર્તન કરવામાં આનન્દ માને છે(શ્લો.૭) આ વેદની સમાન શ્રીભાગવત પુરાણનો ઉપદેશ છે. તે પુરાણ, શુક પરીક્ષિતને કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

પરીક્ષિતના બીજા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે મરવા પડેલા મનુષ્યે યોગનું આચરણ કરવું. યોગનાં ત્રણ અઙ્ગો છેઃ

૧.ઘરનો ત્યાગ

૨.તીર્થમાં વાસ અને

૩.યોગનો અભ્યાસ.

મરણસમયે તો જે પ્રકારે ચિત્ત ભગવાન્‌થી બીજે ક્યાંય ન જાય તેવી રીતે અવશ્ય આચરણ કરવું.

કેટલાક કહે છે કે અહીં એવો નિર્ણય કરેલો છે કે ભગવાન્‌ની લીલાઓનું શ્રવણ અથવા યોગ, એ બેમાંથી પોતાને ગમે તે કરવું. કેટલાક એમ કહે છે કે તે બન્ને કરવાં. વળી બીજાઓ કહે છે કે પોત-પોતાના અધિકાર પ્રમાણે શ્રવણ અથવા યોગ જે યોગ્ય હોય તે કરવું. શું કરવું તેનો નિર્ણય કરાવનાર પોતાના મનનો સંસ્કાર છે. વળી બીજાઓ કહે છે કે બહારથી ભગવાન્‌ને જાણવાની ઈચ્છા હોય તો યોગ આચરવો.

આચાર્યશ્રીનો મત એવો છે કે શુકે પહેલાંના જન્મમાં શિવરૂપથી યોગનું આચરણ કરેલું. તે જે યોગ આચરવાનું કહે છે તે તો પોતે જે અજમાવેલ તે કહે છે અને શ્રવણ કરવાનું તો તેણે વ્યાસજીથી જાણેલું, તેથી જ મરણસમયે જે પ્રકારે ચિત્ત ભગવાન્‌થી બીજે ક્યાંય ન જાય તે પ્રમાણે અવશ્ય આચરણ કરવાનું કહેલું છે. ૧૦

જ્ઞાનમાર્ગનો ત્યાગ કરીને શુકે એ પ્રમાણે ભક્તિયોગનો બોધ કેમ કર્યો(શ્લો.૨૧)? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેણે પોતાનો આત્મા બ્રહ્મ છે એમ સાંભળેલું છે તેને સદા આનન્દનો અનુભવ થતો નથી. ‘‘આ આત્મા બ્રહ્મ છે’’ ‘‘તું તે છે’’ વગેરે વાક્યોથી પોતાનો આત્મા બ્રહ્મ છે, એમ જેણે સાંભળેલું છે તેને બીજું કાંઈ કરવા યોગ્ય ન રહેવાથી આનન્દનો અનુભવ અવશ્ય થવો જોઈએ. પરન્તુ તેવો અનુભવ તેને થતો નથી, તેથી તેણે આનન્દનો અનુભવ કરવા બીજું કાંઈક સાધન શોધવું જોઈએ. પછી જેમનાં ફલ નિશ્ચિત છે તેવાં સાધનોમાં શ્રવણ છે, તે સાધનો કર્યા પહેલાં ઉપયોગી થતું ન હોવાથી તેને સાધનનો જ ઉપદેશ કરવો જોઈએ. તર્કથી ‘‘આત્મા જ બ્રહ્મ છે’’ એવો સિદ્ધ થયેલો મત અનુભવથી વિરુદ્ધ છે, (કારણ કે એવું શ્રવણ કરવાથી આનન્દ થતો નથી). ‘‘આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે’’ એમ શાસ્ત્રમાં જ આત્મા બ્રહ્મ હોવાનું કહેલ છે તે અનુભવથી વિરુદ્ધ હોઈ જેમ મૂર્તિ વિષ્ણુ હોવાની બુદ્ધિ થાય છે તેમ આત્મામાં બ્રહ્મ હોવાની બુદ્ધિ કરાવનાર છે (તેથી બ્રહ્મસૂત્ર ૨।૩।૨૯ માં જણાવેલ) વ્યપદેશ (નામ આપવાનો) મત ગ્રહણ કરેલો છે. (આત્મા બ્રહ્મનો અંશ હોવાથી અને તેમાં બ્રહ્મના ગુણો હોવાથી, તેને બ્રહ્મ કહેલ છે. ‘‘આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે’’ એ શ્રુતિ જ આ મતના આધારરૂપ છે, કારણ કે ‘વિજ્ઞાનમય’ હોવું એ ગુણ આત્મા અને બ્રહ્મ બન્નેમાં હોવાથી આત્માને શાસ્ત્રમાં બ્રહ્મ કહેલ છે). તેથી આત્મા પોતે જ બ્રહ્મ છે એ મત તો, મનના માનેલા રાજ્ય જેવો હોઈ, ઉપયોગી ન હોવાથી જ્ઞાનમાર્ગનો શુકે ઉપદેશ કરેલ નથી.

બીજા સાધનમાં યોગ આચરવો જરૂરી છે એવો ઉપદેશ કરેલો છે. મન ચઞ્ચલ હોવાથી,

યોગ આચરી, તેને સ્થિર કરી, ભગવાન્‌ની ગુણવાળી મનથી કલ્પેલી બ્રહ્માણ્ડરૂપ મૂર્તિનું, અથવા અન્તર્યામી સ્વરૂપનું સત્ત્વથી ભરપૂર હૃદયમાં ધ્યાન ધરવું. એ પ્રમાણે યોગથી ચિત્ત સ્થિર થતાં, તેમાં મનથી કલ્પેલી ભગવાન્‌ની મૂર્તિનું ધ્યાન કરીને, તેવા ધ્યાનથી ચિત્ત સત્ત્વથી ભરપૂર થાય ત્યારે પરમાનન્દ પ્રકટ થાય છે, એટલે તેવી સ્થિતિમાં સદા રહેવાથી સુખી થાય છે. તેમ કરવાથી જ્ઞાનનું ફલ (આનન્દ) પણ પ્રાપ્ત થાય છે. પરન્તુ જ્યારે ગુણો પ્રવૃત્તિ કરાવે, જ્યારે રજોગુણ અને તમોગુણ બલવાન થઈ ચિત્તની સ્થિરતા રહેવા ન દે, ત્યારે તેણે ચિત્તને સ્થિર કરવાનાં યોગનાં સાધન જ કરવાં જોઈએ. ૧૧-૧૩

જે મરવા પડેલા હોય તેણે ઉપર જણાવ્યા પ્રમાણે યોગનું આચરણ કરવું. જે મરવા પડેલો ન હોય પણ મૃત્યુને ઈચ્છતો હોય તેણે મૃત્યુ થાય ત્યાં સુધી એવી રીતે યોગનું આચરણ કરવું. પણ જો યોગથી આયુષ્યની વૃદ્ધિ થાય તો પોતાની ઈચ્છા પ્રમાણે દેહનો ત્યાગ કરવો. તેમાં પણ બે પક્ષ છેઃ ૧.સર્વ પ્રકારની કોઈ પણ કામના ન હોય તો દેહનો ત્યાગ કરવાના સમયે જ લિઙ્ગદેહનો પણ ત્યાગ કરવો. તેમ કરવાથી તરત જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૨.પરન્તુ કામનાઓ હોય તો ધીરે-ધીરે વિભાગથી (પ્રથમ સ્થૂલ દેહનો જ) ત્યાગ કરવો અને લિઙ્ગ દેહ રાખી તેનો ભવિષ્યમાં, કામના ન રહે ત્યારે, ત્યાગ કરવો. એમ કરવાથી ક્રમમુક્તિ પ્રાપ્ત થાય છે. જો સ્વર્ગ વગેરે પ્રાપ્ત કરાવનાર ધર્મો પહેલાં કરેલા હોય તો તે ધર્મો યોગ સાધ્યા પછી ધીરે-ધીરે દૂર થવા છતાં ફલના સમ્બન્ધમાં વાસનાથી રહી ગયા હોય (ફલ પ્રાપ્ત કરવાની વાસના મૂકી દૂર થયા હોય) તો પરલોક (સ્ર્વગ વગેરે) પ્રાપ્ત કરવાની ઈચ્છા રહે છે. તેવા પ્રસઙ્ગે આ ક્રમમુક્તિનો માર્ગ ગ્રહણ કરવામાં આવે છે. ૧૪-૧૪।।

ભગવાન્‌ના જુદાં-જુદાં સ્વરૂપનું ધ્યાન કરવાથી પણ જુદાં-જુદાં ફલ પ્રાપ્ત થાય છે. સ્થૂલ બ્રહ્માણ્ડરૂપ સ્વરૂપનું ધ્યાન કરતાં હોઈએ ત્યારે જો મૃત્યુ થાય તો ''મૃત્યુ સમયે જેવી મતિ હોય તેવું ફલ પ્રાપ્ત થાય છે'' એ નિયમ પ્રમાણે ધ્યાન ધરનાર પણ વિરાટ થાય છે. વિરાટનું લોકમાં વ્યવહારિક રૂપ બ્રહ્મા છે (તેથી તે બ્રહ્મા થાય છે); પરન્તુ જો ભગવાન્‌નાં સૂક્ષ્મ(અન્તર્યામી) સ્વરૂપનું ધ્યાન કરતાં મૃત્યુ થાય તો મુખ્ય ફલ તરત જ મુક્તિ પ્રાપ્ત થાય. અથવા ક્રમમુક્તિ પ્રાપ્ત થાય.

એમ હોય તો યોગથી જ મુક્તિ પ્રાપ્ત થતી હોવાથી અને ભક્તિથી તે પ્રાપ્ત થતી ન હોવાથી શ્રવણ વગેરે ભક્તિમાર્ગ નકામા જ છે એવી શઙ્કા ન કરવી. કારણ કે આઠ અઙ્ગવાળા યોગમાં પણ ભગવાન્‌નું ધ્યાન જ ફલ પ્રાપ્ત કરાવનારું છે. તેમાં યોગનું પ્રાબલ્ય નથી પણ ધ્યાનના વિષય (એટલે જેમનું ધ્યાન ધરવામાં આવે છે તે ભગવાન્‌ની મૂર્તિ) નું પ્રાબલ્ય છે. તેથી મનથી કલ્પેલી ભગવાન્‌ની મૂર્તિ પણ મુક્તિ આપનારી કહેલી છે તો પછી ભક્તિમાર્ગમાં સાક્ષાત્ ભગવાન્‌નાં શ્રવણ વગેરે કરવામાં આવે તેથી મુક્તિ પ્રાપ્ત થાય તેમાં કહેવું જ શું? શ્રવણ વગેરે કરવાથી તો ભગવાન્ પોતે સાક્ષાત્ પ્રકટ થાય છે. તેથી ભક્તિ અને યોગ માં તો

ઘણો જ ભેદ છે. (યોગ કરતાં ભક્તિ ઘણી જ શ્રેષ્ઠ છે).૧૫-૧૬

ઉપર કહ્યું તેમ માનવામાં પ્રમાણ શું છે? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાન્‌ની સ્થૂલ બ્રહ્માણ્ડરૂપ મૂર્તિનું ચિત્તમાં ચિન્તન કરવાથી ભગવાન્‌માં ભક્તિ થાય છે અને ભક્તિ થવાથી ભગવાન્‌ના સૂક્ષ્મ અન્તર્યામી સ્વરૂપમાં પ્રવેશ કરે છે. તેથી તો શુકે ધ્યાન ધરવાની બે મૂર્તિઓ કહેલી છે. તે પૈકી સ્થૂલ મૂર્તિનું ધ્યાન ભક્તિનું અઙ્ગ છે એમ ૨।૨।૧૪ માં જણાવેલ છે. ભક્તિ થઈ ન હોય અને સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી ભગવાન્‌ના સૂક્ષ્મ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી. સ્વરૂપનું જ્ઞાન ભક્તિથી પ્રાપ્ત થતું હોવાથી જ ફલ પ્રાપ્ત કરાવનારું છે. ૧૭.

વળી શ્રવણ વગેરે કરવાં જોઈએ એવો નિર્ણય એથી પણ થાય છે કે યોગ વગેરે સર્વ સાધનો ભક્તિના અઙ્ગરૂપ છે અને શ્રવણ વગેરે ભક્તિ કરાવનારાં છે. તેથી જ આ પ્રકરણનો ઉપસંહાર કરતાં ૨।૨।૩૩ માં શુકે કહેલું છે કે ''આ સંસારમાં પ્રવેશ કરનારને આ માર્ગ કે જેથી ભગવાન્ વાસુદેવમાં ભક્તિયોગ અથવા પરમ પ્રેમ ઉત્પન્ન થાય છે તેથી બીજો કલ્યાણકારક કોઈ માર્ગ નથી''. એવી રીતે ઉપસંહારમાં સાધનો માત્ર ભક્તિનાં અઙ્ગ હોવાનું કહેલું છે અને ભક્તિ કરાવનાર શ્રવણ વગેરે છે. જો કે યોગ વગેરે દરેકે-દરેક ભક્તિ કરાવનાર છે, છતાં પણ તેઓ એક-બીજાનું પોષણ કરાવનારાં છે, તેથી (શ્રવણ, સ્થૂલ સ્વરૂપનું ધ્યાન અને સૂક્ષ્મસ્વરૂપનું ધ્યાન) ત્રણ કહેલાં છે. તેઓ એક-બીજાનું કેવી રીતે પોષણ કરનારાં થાય છે એ ૨।૨।૩૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે. ૧૮

શઙ્કા : શ્રવણ અને યોગ બન્ને ભક્તિ કરાવનારાં હોઈ એ બેમાંથી ગમે તે કરવાનું હોઈ, સદા શ્રવણ કરવાથી શો લાભ? મૃત્યુ સમયે યોગ જ આચરવો, કારણ કે તે થોડા સમયમાં જ થઈ શકે? એવી શઙ્કા થાય.

સમાધાન : તો જાણવું કે મૃત્યુ ક્યારે થશે તેનો સન્દેહ રહેતો હોય ત્યારે યોગ આચરનાર દુઃખી થાય છે. મૃત્યુ થવામાં ઘણા સમયનો વિલમ્બ હોય ત્યારે તો આ શ્રવણ જ સહેલાઈથી થઈ શકે તેવું છે. યોગ દુઃખથી થઈ શકે, જ્યારે શ્રવણ-કીર્તન-સ્મરણ કરવામાં તો સુખ થાય છે. તેથી શ્રવણ સુખથી થઈ શકે તેવું હોવાથી અને ઉપર જણાવ્યું તેમ સ્થૂલ સ્વરૂપના ધ્યાનથી ભક્તિ પ્રાપ્ત થયા વિના સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન થતું ન હોવાથી શ્રવણ કરવું જરૂરી હોવાથી શ્રવણ કરવું જોઈએ.

યોગ જ આચરવો એવો વિચાર રાખો તો પણ શ્રવણ કરવું જરૂરી છે. કારણ કે શ્રવણ ન કરો તો સદા વધતા જતા પાપને લીધે, ત્યાગ કે જે યોગનું અઙ્ગ છે તે થઈ શકશે નહિ અને શ્રવણ હશે તો ૨।૮।૫ પ્રમાણે તે પાપને વધવા નહિ દે. શ્રવણ નહિ થાય તો યોગ પણ થઈ શકશે નહિ. પરન્તુ એકલું શ્રવણ કરશો તો યોગ આચરવાની પણ જરૂર નહિ રહે, કારણ કે ત્યાગ ન હોય (યોગ આચરેલ ન હોય) તો પણ શ્રવણથી પ્રસન્ન થયેલા ભગવાન્ પોતે જ ફલ પ્રાપ્ત કરાવે છે. તેથી યોગ ગૌણ સાધન હોવાથી શુકે ઉપસંહારમાં ભક્તિમાર્ગનો જ ઉપદેશ

કરેલો છે.

આ પહેલા બે અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણનું ભજન કરવાનો જ ઉપદેશ કરેલો છે, કારણ કે ભજન જ નિત્ય કરવાનું છે. શ્રવણ વગેરે (ભજન) જ મુખ્ય સાધન છે, યોગ મુખ્ય સાધન નથી. શ્રવણ (કીર્તન અને સ્મરણ) જ નિશ્ચય ફલ પ્રાપ્ત કરાવે છે. વળી શ્રવણ વગેરે ન કરવામાં દોષ પણ છે, કારણ કે (૨।૧।૫ તથા ૨।૨।૩૬) એમ આ પ્રકરણના આરમ્ભ તથા અન્ત માં "શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યઃ" ભગવાનૂનું શ્રવણ કરવું જોઈએ, કીર્તન કરવું જોઈએ અને સ્મરણ કરવું જોઈએ એમ વિધ્યર્થ જે 'તવ્ય' પ્રત્યયનો પ્રયોગ કરેલો છે તે શાસ્ત્રની આજ્ઞા જણાવનાર છે એમ લોકમાં સ્વીકારાયેલ છે. તેથી પહેલા બે અધ્યાયના આ પ્રકરણમાં શ્રીકૃષ્ણનું ભજન કરવાનો જ ઉપદેશ છે. આ જ નિત્ય કરવા યોગ્ય છે, બીજું કાંઈ નિત્ય કરવા યોગ્ય નથી।।૧૯-૨૦।।

**અધ્યાય ત્રીજો : શ્રદ્ધામાં બાધકઃ**

ત્રીજા અધ્યાયમાં જુદા-જુદા પદાર્થોની કામનાવાળાઓ શ્રીકૃષ્ણ સિવાય બીજા જુદા-જુદા દેવોનું ભજન કરે છે તે કહેલું છે. જુદી કામના સિદ્ધ કરવા જુદા દેવોનું ભજન કરે છે(૨।૩।૧-૧૨). બીજા દેવોનું ભજન કરવું જરૂરી નથી, તેમજ તે ન કરવામાં આવે તો તેથી ભગવાનૂનું ભજન કરવામાં કાંઈ અડચણ થતી નથી, તેથી તે ન કરવું જોઈએ. પરન્તુ જુદી-જુદી કામનાઓ હોય ત્યારે તે જુદી-જુદી કામના પૂરી પાડનાર જુદા-જુદા દેવોનું ભજન થાય છે. આ કામનાઓ પ્રાપ્ત કરવાનું કાર્ય મહાપ્રભુ શ્રીકૃષ્ણનું ભજન કરવાથી પણ થાય છે. અને જો શ્રીકૃષ્ણની સેવા ન કરવામાં આવે તો સર્વ ઈન્દ્રિયો વિફલ પણ થાય છે. તેથી બે કાર્ય ન કરવાનાં છે :

૧.બીજા દેવોનું ભજન અને

૨.ઈન્દ્રિયોથી શ્રીકૃષ્ણની સેવા ન કરવી તે.

ન કરવા યોગ્ય હોવાપણું આ બન્નેમાં સમાન હોવાથી આ બન્ને એક સાથે ત્રીજા અધ્યાયમાં કહેલાં છે. તેથી શ્રીકૃષ્ણનું ભજન હિતકારક છે એમ જણાવવા ત્રીજો અધ્યાય યોજેલો છે. આથી એમ કહેલું છે કે ભગવાનૂનું ભજન ન કરાય તો જ્ઞાનીના દેહ અને ઈન્દ્રિયો પણ ફલરહિત છે(શ્લો.૧૭). તેથી જ્ઞાનીએ, કામના ન હોવા છતાં, ઈન્દ્રિયો હિતકારક થાય તે માટે ભગવાનૂનું ભજન કરવું જોઈએ. તે ભજન ન કરે તો જુદી-જુદી ઈન્દ્રિયોના અભિમાનવાળા દેવતાઓ ભગવાનૂનો સમ્બન્ધ ન થવાથી દુઃખી થતાં મોક્ષ પ્રાપ્ત કરવામાં અથવા જ્ઞાનમાં વિઘ્ન કરે. તે આત્મા થયો હોય (એટલે તેને સ્થૂલ દેહનો અથવા સૂક્ષ્મ દેહનો પણ અધ્યાસ ન રહ્યો હોય) છતાં પણ શ્રીકૃષ્ણનું ભજન ન કરેલ હોવાથી જેમ કર્મ કરવાને અશક્ત હોય તે અગ્નિમાં પ્રવેશ કરે છે, સાથે તેના દેહ તથા ઈન્દ્રિયો ફલરહિત રહે છે તેમ તેની બધી ઈન્દ્રિયો ફલરહિત જ રહે છે. તેથી બધી ઈન્દ્રિયોથી ભગવાનૂનું ભજન કરવું જોઈએ એમ

જણાવી શ્રીભાગવતના શ્રવણ વગેરેમાં શ્રદ્ધાનું વર્ણન કર્યું.

આ ત્રીજા અધ્યાયમાં ૧.બીજા દેવનું ભજન ન કરવાનું અને ૨.(દુષ્ટ ઈન્દ્રિયોથી) ભગવાન્નું ભજન થતું નથી એ બે વિષયો કેમ કહેલા છે ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે બીજા દેવોનું ભજન ન કરવું અને ભગવાન્નાં ભજન વિનાની ઈન્દ્રિયોને ન રાખવી એમ ન કરવાનું બન્નેમાં સમાન હોવાથી એ બે વિષયો આ અધ્યાયમાં કહેલા છે.

**શૌનકનો ઉત્સાહ:**

આ ત્રીજા અધ્યાયમાં શ્રીભાગવતનું શ્રવણ કરનારનું તેમાં શ્રદ્ધા હોવાનું કહેવાનું છે. રાજા પરીક્ષિતને તો શ્રવણમાં શ્રદ્ધા છે એવો નિશ્ચય થઈ ગયો છે, કારણ કે પહેલા સ્કન્ધમાં તેને શ્રવણનો ઉત્તમ અધિકારી જણાવેલો છે. શૌનકને શ્રવણમાં શ્રદ્ધા છે કે નહિ તેનો સન્દેહ છે. અહીં શ્રવણ કરનારને શ્રવણ કરવાનો ઉત્સાહ છે એમ કહેવાનું છે (કારણ કે શ્રદ્ધા ન હોય તો ઉત્સાહ હોય જ નહિં). અહીં શૌનકને ઉત્સાહ છે કે નહિ તે વિષયમાં સન્દેહ હોવાથી તેણે જ ભગવાન્ના ભજન વિના આયુષ્ય દેહ અને ઈન્દ્રિયો નિષ્ફલ છે એમ અહીં(શ્લો.૧૭-૨૪) કહી, શ્રવણ કરવાનો પોતાનો ઉત્સાહ હોવાનું જણાવેલું છે.

શ્રીકૃષ્ણનું ભજન કરવામાં બીજા દેવોનું ભજન નડતરરૂપ છે એ નિશ્ચય તો શ્રવણ કરનાર સર્વને સમાન છે. દુષ્ટ ઈન્દ્રિયો પણ નડતરરૂપ છે. આ બન્ને અડચણો દૂર કરવાનું એક જ પ્રકારથી અર્થાત્ ભગવાન્નું શ્રવણ વગેરે કરવાથી સિદ્ધ થતું હોવાથી આજ્ઞારૂપે ત્રીજા અધ્યાયનો અર્થ કહેલો છે. (શુકે આ અર્થ ૨।૧।૫માં કહેલ, તેનો શૌનકે અહીં શ્લો.૩૬થી અનુવાદ કરેલો છે)*. બીજા દેવનું ભજન અને ઈન્દ્રિયોનો દોષ શ્રવણ વગેરેમાં નડતરરૂપ છે એવો અધ્યાયનો અર્થ છે. ઈન્દ્રિયો દોષવાળી હોય તો બીજા દેવનું ભજન થાય છે. તેમજ બીજા દેવનું ભજન કરવામાં આવે તો ઈન્દ્રિયો દોષવાળી થાય છે. શ્રીકૃષ્ણનું ભજન (શ્રવણ વગેરે) કરવાથી આ બન્ને અટકી જાય છે તેથી ભગવાન્નું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું એવી આજ્ઞા કરી એક જ પ્રકારથી બન્ને દોષ દૂર કરવાનું કહ્યું. ૨૧-૨૩

(*આ અધ્યાયના શ્લોક ૧૦માં શુકે આ અધ્યાયનો અર્થ આજ્ઞારૂપે કરેલો છે (આવરણભઙ્ગ). ૨।૧।૫ તથા ૨।૨।૩૬ માં 'તવ્ય' પ્રત્યય જે વિધિ(શાસ્ત્રની આજ્ઞા) દર્શાવનાર છે તે યોજેલો હોવાથી તે શ્લોકનો સમ્બન્ધ લીધો છે. ૨।૩।૧૦ માં 'યજેત્'શબ્દ શાસ્ત્રની આજ્ઞા દર્શાવનાર નથી. વળી અધ્યાયનો અર્થ તેના અન્તમાં કહેવાય તેથી શ્લોક૧૦, અધ્યાયના અન્તમાં ન ગણાય).

(૨।૨।૩૬ શ્લોક શૌનકે કહેલ હોવાથી) ભગવાન્નું ભજન અવશ્ય કરવું જોઈએ એવું જ્ઞાન તેને હોવાનું સિદ્ધ થાય છે, તો પછી તેણે શ્લો.૧૩ તથા ૨૫માં પ્રશ્ન પૂછ્યો તે પૂછવાની શી જરૂર હતી?'' એવી શઙ્કા થાય, તો જાણવું કે જ્યાં સુધી પ્રભુનાં સ્વરૂપ ગુણો કર્મ વગેરે સારી રીતે જાણવામાં ન આવે ત્યાં સુધી ભજન થવામાં સંશય રહે છે. ભગવાન્નાં સ્વરૂપ

વગેરેનું જ્ઞાન ન હોય ત્યાં સુધી ભજન થઈ શકતું નથી, તેથી ભગવાન્નાં સ્વરૂપ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરવા શૌનકે પ્રશ્ન કરેલ. ૨૪

**અધ્યાય ચોથો-પરીક્ષિતનો ઉત્સાહઃ**

ત્રીજા અધ્યાયમાં શૌનકના ઉત્સાહનું નિરૂપણ કરીને, ચોથા અધ્યાયમાં આરમ્ભમાં પરીક્ષિતના ઉત્સાહનું નિરૂપણ કરેલું છે. પરીક્ષિતની મમતાનો નાશ થયો છે એમ પહેલાં જણાવી ભગવાન્નું ભજન (શ્રવણ વગેરે) કરવામાં તેનો ઉત્સાહ જણાવેલો છે. પરીક્ષિત શુકને પ્રશ્ન કરે છે તે પહેલા આ અધ્યાયના પ્રથમ ચાર શ્લોકોથી શુક પરીક્ષિતના ઉત્સાહનું નિરૂપણ કરે છે. તેમાં શ્લોક ૨થી તેની મમતાનો નાશ થયાનું કહેલું છે. આ મમતાનો નાશ સામાન્ય રીતે શ્રવણમાં શ્રદ્ધા જણાવનારો છે.

શઙ્કાઃપરીક્ષિતે તો પહેલાં જ મરતાં સુધીના ઉપવાસ આદરેલા એટલે રાજ્ય વગેરેમાંથી મમતાનો ત્યાગ કરેલ, હવે ફરીથી તેનો ત્યાગ કરવાનો કેવી રીતે હોય? એવી શઙ્કા થાય.

સમાધાનઃતો જાણવું કે વિષયનો ત્યાગ કરેલ હોવા છતાં તે મનની અન્દર રહેલો હોય છે અને જ્ઞાન પ્રાપ્ત થવાથી જ તે દૂર થાય છે. હરિ ભગવાન્ સર્વ થયેલા છે અથવા ભગવાન્ હરિ જ ભજન કરવા યોગ્ય છે, એવું જ્ઞાન હવે તેને થયું તેથી મનમાં સદા વધી જતી મમતાનો તેણે ત્યાગ કર્યો. પરીક્ષિત શુકને જે પ્રશ્ન કરે છે, ઉત્તમ શ્રોતા તથા વકતા એ બે ઉત્તમોમાં જે પ્રશ્ન કરાય છે, તે શ્રીકૃષ્ણ જ ભજન કરવા યોગ્ય છે એવું જ્ઞાન થયા પછી થાય છે, એટલે પરીક્ષિતે રાજ્ય વગેરે વિષયમાં મમતાનો ત્યાગ કરીને પ્રશ્ન કરેલો હોવાથી(શ્લો.૬-૧૦) તે તેનો શ્રવણ કરવાનો ઉત્સાહ જણાવનારો છે. ×ઈ*×અપહેલા વકતા સૂત ને માત્ર શ્રીભાગવતનું શ્રવણ કરેલ હોવાથી માત્ર જ્ઞાન હતું બીજા વકતા શુકને ત્યાગ સાથે જ્ઞાન હતું તેથી શુક પોતાના અધિકાર પ્રમાણે નમન તથા આદર અને પ્રાર્થના ના વચનોથી ઉત્તર આપે છે. (શ્લો.૧૨-૧૭ નમન; શ્લો.૧૮-૨૪ પ્રાર્થના). આ નમન અને પ્રાર્થના થી શુકનો કીર્તન કરવાનો ઉત્સાહ પણ સિદ્ધ થાય છે.

(*અહીં સમયને અનુસરી પહેલા તથા બીજા કહેલા નથી, પણ શ્રીભાગવતમાં પહેલા સૂત વકતા તરીકે આવે છે અને પછી શુક આવે છે, તેથી તેમને અનુક્રમે પહેલા અને બીજા કહેલા જણાય છે.)

એ પ્રમાણે શ્રવણ-કીર્તનમાં સર્વનો ઉત્સાહ થયો પછી પરીક્ષિતને વિશ્વાસ રહે તે માટે શુક પોતે જ ભગવાન્નું સ્વરૂપ વગેરે કહેવાનું પડતું મૂકી, પહેલાં બ્રહ્મા અને નારદ નો આ વિષયમાં સંવાદ થયેલો, તે સંવાદથી જ તે કહેવામાટે શ્લો.૨૫માં તે સંવાદનો વૃત્તાન્ત કહે છે. ૨૫-૨૬।।

**અધ્યાય પાંચમો; ભગવાન્માંથી મૂર્ત-જડ પદાર્થોની ઉત્પત્તિઃ**

ભગવાન્ જ પદાર્થ માત્ર થાય છે અને તે જ ભજન કરવા યોગ્ય છે એવું જ્ઞાન

શ્રીભાગવતથી જ થાય છે, બીજા કોઈ પ્રકારે થતું નથી. પાંચમા અધ્યાયના આરમ્ભમાં (શ્લો.૧-૨) નારદે બ્રહ્માને જે પ્રશ્ન કરેલ છે તે ઉપરથી જ આ જણાય છે. સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય સામાન્ય રીતે કહેવામાં આવે તો પણ શ્રીભાગવતનું શ્રવણ કર્યા વિના સારી રીતે જાણવામાં આવતો નથી તેથી જ નારદ સર્વ જાણનાર હોવા છતાં તેણે બ્રહ્માને આ પ્રશ્ન કરેલ છે. નારદ સર્વ જાણનાર હોવા છતાં તેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલ ન હોવાથી જ તેને સન્દેહ રહેતો હતો અને તેથી તેણે બ્રહ્માને આ પ્રશ્ન કર્યો(૨।૫।૧-૮). તેને સન્દેહ રહેતો હોવાથી પ્રશ્ન કરેલ, તેથી જ બ્રહ્માએ પણ તેને ઉત્તર આપ્યો(અ.૫ શ્લો.૯ થી અ.૭ શ્લો.૫૩). જો સન્દેહ વિના પ્રશ્ન કર્યો હોત તો જાણે કે બ્રહ્માની પરીક્ષા કરવા પ્રશ્ન પૂછે છે એવું તેનું વચન જણાવાથી બ્રહ્મા તેની અવગણના જ કરત અને ઉત્તર ન આપત. નારદ અને બ્રહ્મા ના આ પ્રશ્ન અને ઉત્તર થી જ ભગવાન્ સર્વ જગત્–સર્વ પદાર્થ બનેલા છે અને તેથી જુદા પણ છે એવો નિર્ણય થઈ જશે. એવી રીતે પાંચમાથી સાતમા સુધીના ત્રણ અધ્યાયોથી સર્વ જગત્ ઉત્પત્તિથી બ્રહ્મરૂપ છે એવો નિર્ણય કરેલો છે. ૨૭-૨૮

**ઉત્પત્તિના પ્રકારઃ અધ્યાય ૫-૭ઃ**

ઉત્પત્તિ ત્રણ પ્રકારની છેઃ

૧.અનિત્ય(મૂર્ત-જડ) પદાર્થની ઉત્પત્તિને 'જનન' ઉત્પન્ન થવું કહે છે

૨.નિત્ય અને હદવાળા પદાર્થો(જીવો)નો 'સમાગમ' થાય છે અને

૩.નિત્ય અને હદવિનાના દેહમાં ભગવાન્નું 'પ્રાકટ્ય' થાય છે.

પ્રાકટ્ય પણ બે પ્રકારે થાય છેઃ

અ.સત્ત્વથી એટલે આવેશથી અને

આ.પોતાની મેળે

ભગવાન્ પ્રકટ થાય તેને અવતાર કહે છે. આ ત્રણ પ્રકાર અનુક્રમે પાંચમા, છઠ્ઠા તથા સાતમા અધ્યાયમાં જણાવેલા છે. આથી એમ સૂચવેલું છે કે લોકમાં પણ વસ્તુની ઉત્પત્તિનો નિશ્ચય કરવાથી, ભજન કરવાનો નિશ્ચય થાય છે. બીજાએ બનાવેલી જે કોઈ મૂર્તિ હોય તે પહેલા (પ્રકારની ઉત્પત્તિવાળી), પોતે(જીવે) આવાહન કરીને ભજન કરવું તે બીજા પ્રકારની, અને પોતાની મેળે પ્રકટ થયેલી મૂર્તિ ત્રીજા પ્રકારની ઉત્પત્તિવાળી. ત્રીજા પ્રકારની મૂર્તિમાં પણ ભગવાન્ સદા રહે તો તે અવતાર ગણાય. વધારે વિગત શ્રીસુબોધિનીથી પણ જાણવી. છઠ્ઠા અધ્યાયની મધ્યમાં પુરુષસૂક્તનો અર્થ કહેલો છે(જુઓ શ્લોક.૧૫). તે આ જ અર્થ સૂચવે છે. પહેલું (બીજાએ કરેલ મૂર્તિનું) ભજન લૌકિક છે, બીજું (પોતાનું આવાહન કરીને કરેલું) ભજન વૈદિક છે, ત્રીજું (પોતાની મેળે પ્રકટ થયેલી ભગવાન્ની મૂર્તિનું) ભજન અંદરના અનુભવથી સિદ્ધ થયેલું છે. તેમાં મધ્યમ(વૈદિક) ભજન બે પ્રકારનું છે.૨૯-૨૯।।

૧.''હું બ્રહ્મ છું'' એવા અનુભવરૂપ ભજન છઠ્ઠા અધ્યાયના પહેલા ૨૧ શ્લોકોથી

જણાવેલું છે. ૨.યજ્ઞનાં સાધન બનેલા સર્વ પદાર્થો પણ ભગવદ્રૂપ હોવાથી યજ્ઞરૂપનું ભજન તે જ અધ્યાયના ૨૨-૨૯ સુધીના શ્લોકોથી કહેલું છે.

મૂલસ્વરૂપની ભક્તિ કરવાથી જ ભક્તિમાર્ગ પ્રમાણે ભજન થાય છે, તેથી પુરુષોત્તમની ભક્તિ થઈ શકે તે માટે બધા અવતારોનાં પ્રાકટ્યની જ કથા (૭।૧-૨૫માં) કહેલી છે. સર્વ અવતારોનું મૂળ પણ શ્રીકૃષ્ણ જ છે એવો બોધ કરવા તર્કથી શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ સિદ્ધ કરેલું છે. તેમ સિદ્ધ ન કરે તો શ્રવણ વગેરે સાધન અયોગ્ય થાય અને બીજા અવતારોની પેઠે શ્રીકૃષ્ણનું પણ ચરિત જ કહેવા યોગ્ય(કહેલું) ગણાય. તેથી ૨૭મા શ્લોકમાં યમલાર્જુનના પ્રસઙ્ગથી શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જણાવેલું છે. ૨૬મા શ્લોકમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ કહેલું છે. બીજા અવતારોની પેઠે શ્રીકૃષ્ણની પણ કથા જ અહીં કહેલી છે એમ ન માનવું.

શઙ્કા : ૩૪મા શ્લોકમાં પ્રલમ્બ-ખર વગેરેને હણ્યા એમ જણાવી, શ્રીકૃષ્ણની કથામાં આવતા રાક્ષસોનું શ્રીકૃષ્ણની કથા કહેવામાટે જ નિરૂપણ કરેલું છે એવી શઙ્કા થાય.

સમાધાનઃતો જાણવું કે શ્રીકૃષ્ણથી ઘણા રાક્ષસોને પણ ફલ(મુક્તિ) પ્રાપ્ત થયેલ છે એમ આ શ્લોકથી કહેલું છે. શ્રીકૃષ્ણથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ આથી જણાવેલું છે. તે શ્લોકમાં કેટલાક (રાક્ષસો) જ ગણાવેલા છે, બીજા કેટલાક ગણાવેલા નથી. જેટલા ગણાવ્યા તેટલાને જ મોક્ષ પ્રાપ્ત થયો છે બીજાઓને થયેલ નથી એમ જણાવવા જેમને મોક્ષ પ્રાપ્ત થયો છે તેમને જ ગણાવેલા છે. એવી રીતે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તથા માહાત્મ્ય જણાવી શ્રીકૃષ્ણ જ પુરુષોત્તમ છે એમ અહીં સિદ્ધ કરેલું છે. ૩૦।।-૩૨।।

## અધ્યાય ૮-૧૦ઃ ઉપપત્તિ(તર્ક)થી વિચારઃ

એ પ્રમાણે પાંચમાથી સાતમા સુધીના ત્રણ અધ્યાયોવડે ઉત્પત્તિથી વિચાર કરી, આઠમાથી દશમા સુધીના ત્રણ અધ્યાયોવડે ઉપપત્તિ(તર્ક)થી વિચાર કરે છે. આ પણ ત્રણ પ્રકારનો છેઃ

૧.શઙ્કા
૨.(શઙ્કાનું) સમાધાન અને
૩.ફળ.

ભગવાને પદાર્થ માત્ર—સર્વ જગત્ બનાવેલ છે એ વિષયનો તર્ક આ પ્રકરણમાં કહેવામાં આવતો હોવાથી આ ઉપપત્તિમાં વિચારનું પ્રકરણ છે. (નવમા અધ્યાયમાં કાંઈ તર્ક દર્શાવેલ નથી, છતાં સર્વ જગત્ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયેલ છે એમ નારદે અધ્યા.૫।૫માં કરોળિયાનાં દૃષ્ટાન્તથી જણાવેલું છે.) તે બ્રહ્માનું પણ મૂળ હરિ છે એમ આ પ્રકરણમાં જણાવેલું હોવાથી, જો કે કરોળિયાનું દૃષ્ટાન્ત અહીં કહેલું ન હોવાથી સ્પષ્ટ નથી, છતાં કથા ચાલુ રહેતી હોવાથી, તે દૃષ્ટાન્ત અહીં પણ લાગુ પડે છે. જેમ વસ્ત્રનું ઉપાદાનકારણ કપાસ છે, તેમ બ્રહ્માની ઉત્પત્તિ પણ ભગવાન્માંથી થતી હોવાથી ભગવાન્ સર્વનું મૂળ છે, સર્વનું ઉપાદાનકારણ છે. સર્વ

જગત્ ભગવાન્‌માંથી જ થયેલું છે, એમ ભગવાન્ જ આગળ ૯।૩૨મા શ્લોકમાં કહેશે.

શઙ્કા : ભગવાન્‌નું પણ મૂળ શોધવું જોઈએ, તેથી ભગવાન્ જ સર્વનું મૂળ છે એમ તર્કથી સિદ્ધ થયેલું કેમ કહેવાય? એવી શઙ્કા થાય.

સમાધાનઃતો જાણવું કે બ્રહ્માએ તપ કર્યું ત્યારે ભગવાન્ તેમને પોતાના સ્વરૂપનાં દર્શન કરાવી(૯।૧૪-૧૬)ને પછી પોતે સર્વનું મૂળ હોવાનું (શ્લો.૩૨માં) કહે છે અને પોતાનું સ્વરૂપ જણાવે છે (શ્લો.૩૧-૩૫). તેથી ભગવાન્ સર્વનું મૂળ હોવામાં કાંઈ પણ સન્દેહ રહેતો નથી અને તેથી તેમનું મૂળ શોધવાપણું રહેતું નથી. ૩૩।।-૩૪

આ ઉપપત્તિથી વિચારનું પ્રકરણ છે એમ કહેવાનું બીજું કારણ એ છે કે જે વિષય ઉત્પત્તિના પ્રકરણમાં કહ્યો, તેને અહીં પરીક્ષિત આઠમા અધ્યાયમાં પૂર્વપક્ષ કરે છે અને તે વિષય સિદ્ધ થાય તે માટે તે સમ્બન્ધમાં બીજા પ્રશ્નો પણ કરે છે. (રાજા ઉત્પત્તિ પ્રકરણમાં કહેલા વિષયમાં જે સન્દેહો દર્શાવે છે અને જે બીજા પ્રશ્નો કરે છે તે ૨।૮।૨૬ ઉપરનાં શ્રીસુબોધિનીના આભાસમાં વિસ્તારથી દર્શાવેલ હોવાથી ત્યાંથી જોઈ લેવું). રાજાએ ઉત્પત્તિ પ્રકરણના સમ્બન્ધમાં જે સન્દેહો દર્શાવ્યા તેનો ઉત્તર વક્તા શુક નવમા અધ્યાયમાં આપે છે અને તેમનું સમાધાન કરે છે. અને જે બીજા પ્રશ્નો રાજાએ પૂછેલ તેના ઉત્તર તેમાં આપતા નથી. તેના પણ ઉત્તર જો શુકે નવમા અધ્યાયમાં આપ્યા હોત તો આ કથા છે એમ જ ગણાત. તેના ઉત્તર નવમા અથવા દશમા અધ્યાયમાં આપ્યા નથી, પરન્તુ જે સન્દેહ રાજાને ઉત્પત્તિ પ્રકરણમાં થયેલ તેના જ ઉત્તર આપેલ છે, તેથી પણ આ ઉપપત્તિ પ્રકરણ હોવાનું સિદ્ધ થાય છે). બીજા પ્રશ્નો રાજાએ પૂછેલ તેનો પણ પરમ્પરાથી ભગવાન્‌નું માહાત્મ્ય જાણવામાં ઉપયોગ હોવાથી તેનો ઉત્તર પણ સ્થૂલ ભાગવત(સ્કન્ધ ૩-૧૨) માં આપેલ છે. આથી એમ જણાય છે કે આ પ્રકરણમાં જે ઉપપત્તિથી સિદ્ધ થાય છે તે જ કહેલું છે. ૩૫

બીજા પ્રશ્નોના ઉત્તર સ્થૂલ ભાગવતમાં આપેલ હોવાથી સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવું જોઈએ એમ સિદ્ધ થાય છે. તે ભાગવતનું સ્વરૂપ સર્ગ વગેરે દશ ભગવાન્‌ની લીલાઓ છે, તેથી તે લીલાઓ ફલરૂપ છે. તેથી તે દશવિધ ભગવાન્‌ની લીલાઓ વાળા શ્રીભાગવતનું શ્રવણ કરવું જોઈએ એમ સિદ્ધ થયું. તેથી ફલના(દશમા) અધ્યાયમાં શ્રીભાગવતના સ્વરૂપનું જ નિરૂપણ કરેલું છે. તેથી મરવા પડેલાઓએ સદા શ્રીભાગવતનું શ્રવણ કરવું જોઈએ, એમ શ્રીભાગવત ફળ હોવાનું સિદ્ધ થયું. તેથી તેના ફલના(દશમા) અધ્યાયમાં શ્રીભાગવતનું સ્વરૂપથી અને અર્થથી વર્ણન કરી, તેનું સ્વરૂપ જણાવેલું છે.

ભગવાન્‌ની દશ લીલાઓની વ્યાખ્યાઓ કહી શ્રીભાગવતનું સ્વરૂપ કહેલું છે(શ્લો.૩-૭) અને અર્થ(પદાર્થો) આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારના હોવાનું જણાવી (શ્લો.૧૪-૩૨), અધ્યાયમાં પણ ભાગવતનું સ્વરૂપ જણાવ્યું છે.

શઙ્કાઃદશમા અધ્યાયમાં સ્વરૂપથી અને અર્થથી શ્રીભાગવતનું નિરૂપણ કર્યું તો પછી

સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય,

સમાધાનઃતો જાણવું કે આધિદૈવિક વગેરે ત્રણ પ્રકારના જુદા-જુદા પદાર્થો અનન્ત છે, તેથી તે અહીં કહેલા નથી. સ્થૂલ ભાગવતમાં તે કહેલા છે. તેથી આ દશમા અધ્યાયમાં તો લક્ષણથી જ તે જણાવેલા છે. તેઓનું વિશેષ પ્રકારે જ્ઞાન સ્થૂલ ભાગવતમાંથી જ થશે. તેથી સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવું જોઈએ. ૩૬-૩૭

દશમા અધ્યાયમાં પદાર્થો અને સ્વરૂપ સાથે શ્રીભાગવતનું નિરૂપણ કરેલું હોવાથી; તેમજ ભાગવતમાં ફલરૂપ પદાર્થ ભગવાન્‌ની કૃપાનો પણ સમાવેશ કરેલો હોવાથી; અને શબ્દોથી પણ તે ઉત્તમ ગ્રન્થ હોવાથી તેનું શ્રવણ અવશ્ય કરવું જોઈએ. શ્રીભાગવતના અમુક ભાગ, ત્રીજા અને ચોથા સ્કન્ધો, નું શ્રવણ કરવાથી પણ વિદુરને સન્દેહ વિના ઉત્તમ ફલ પ્રાપ્ત થયેલું. જ્યારે આ પ્રમાણે સર્ગ અને વિસર્ગ એ બે લીલાઓનાં જ શ્રવણથી પણ વિદુરને સમ્પૂર્ણ ફલ પ્રાપ્ત થયું, તો પછી સમ્પૂર્ણ શ્રીભાગવતનું શ્રવણ કરે તેને ઉત્તમ ફલ પ્રાપ્ત થાય એમાં શી શઙ્કા હોઈ શકે? શૌનકે સૂત પાસેથી જાણેલું કે વિદુરને મૈત્રેય પાસેથી શ્રવણ કરવાથી સમ્પૂર્ણ ફલ પ્રાપ્ત થયેલું(૧|૧૩|૧-૨), તેથી શૌનકે સૂતને વિદુરની જ કથા કહેવા જણાવ્યું(૨|૧૦|૪૮-૫૦).

શ્રીભાગવતની પ્રવૃત્તિ ઘણા પ્રકારે થયેલી હોવાથી, ‘‘કાલનું પરિણામ અને કલ્પનું લક્ષણ તથા વિગ્રહ પહેલાના કલ્પમાં જેવા હતા તેવા હું તને કહીશ. હવે પાદ્મકલ્પનું શ્રવણ કર’’ એમ(શ્લો.૪૭માં) શુકે રાજાને સ્થૂળ ભાગવત કહેવાની પ્રતિજ્ઞા કરી, તે સાંભળી ‘‘જે શ્રવણ કરવાથી તરત જ ફલ પ્રાપ્ત થાય તે જ પ્રથમ કહો’’ એવા અભિપ્રાયથી વિદુરની કથાનો પ્રારમ્ભ થાય તે માટે શૌનકે શ્લો.૪૮-૫૦ કહી, તે કથા સમ્બન્ધી પ્રશ્ન કર્યો, ત્યારે સૂતે તેને તરત જ કહ્યું કે રાજા પરીક્ષિતે પણ શુકને આ જ પ્રશ્ન કરેલ. કારણ કે સૂત તરત જ તેને તેમ ન કહે તો શૌનક કોઈક બીજો પ્રશ્ન તેને કરે તો પોતાનું ઇચ્છેલું તેનાથી થઈ શકે નહિ. શૌનકે આ પ્રશ્ન પોતે કૃતાર્થ થાય તેવા અભિપ્રાયથી સૂતને કરેલો. કારણ કે ભગવાન્‌ની સર્વ લીલાઓનું શ્રવણ થઈ શકશે કે નહિ તે કહી ન શકાય. શુકે પણ આ જ અભિપ્રાયથી વિદુરની કથાનો સ્કન્ધ ત્રીજાના આરમ્ભમાં આરમ્ભ કરેલો, કારણ કે બધી લીલાઓનું શ્રવણ કરાવતાં વચ્ચે રાજા પરીક્ષિતને અથવા શુકને પોતાને ઉદ્વેગ થાય, અથવા બીજું કાંઈ કારણ આવી પડે તો શ્રવણ કરવાનું કાર્ય થઈ ન શકે (અધૂરું રહે), તેથી સર્વથી ઉત્તમ ભાગ (જે બે લીલાના શ્રવણથી જ વિદુરને ફલ પ્રાપ્ત થયું તે) નો આરમ્ભ કરવાની ઇચ્છાથી જ કહેવા માડ્યું. તેથી આ જે કહેવામાં આવશે તે ભાગવત સર્વથી ઉત્તમ છે. ૩૮-૪૦

**શ્રીભાગવતાર્થનિબન્ધનો દ્વિતીયસ્કન્ધ સમ્પૂર્ણ થયો**

# ।।શ્રીપુરુષોત્તમનામસહસ્રં સ્તોત્રમ્ ।।

## દ્વિતીયસ્કન્ધનામાનિ-જ્ઞાન (સાધન)લીલા

**... ... ... ... શ્રોતવ્યઃ સકલાગમૈઃ ।**
**કીર્તિતવ્યઃ શુદ્ધભાવૈઃ સ્મર્તવ્યશ્ચાત્મવિત્તમૈઃ ।।૨૫।।**

[૮૨]સમસ્ત વેદોથી સાંભળવા લાયક, [૮૩]શુદ્ધ ભાવવાળા-સરળ સ્વભાવવાળા ભક્તોથી કીર્તન કરવા લાયક, [૮૪]આત્મતત્ત્વના જ્ઞાતાઓથી પણ સ્મરણ કરવા લાયક ।।૨૫।।

**અનેક-માર્ગ-કર્તા ચ નાનાવિધ-ગતિ-પ્રદઃ ।**
**પુરુષઃ સકલાધારઃ સત્ત્વૈક-નિલયાત્મભૂઃ ।।૨૬।।**

[૮૫]સાઙ્ખ્ય વગેરે અનેક માર્ગોના રચનાર, [૮૬]જુદા-જુદા પ્રકારના કર્મ અનુસાર ગતિ આપનાર, [૮૭]વિરાટ્ સ્વરૂપ-પૂર્ણ પુરુષોત્તમ, [૮૮]અખિલ બ્રહ્માણ્ડના આધાર, [૮૯]ફક્ત સાત્ત્વિક ગુણયુકત ચિત્તવાળા ભકતોના હૃદયમાં વસનાર ।।૨૬।।

**સર્વધ્યેયો યોગગમ્યો ભકત્યા ગ્રાહ્યઃ સુરપ્રિયઃ ।**
**જન્માદિ-સાર્થક-કૃતિઃ લીલાકર્તા પતિઃ સતામ્ ।।૨૭।।**

[૯૦]બધા મનુષ્યોવડે ધ્યાન કરવા યોગ્ય, [૯૧]યોગવડે પ્રાપ્ત થાય તેવા, [૯૨]ભક્તિથી પ્રાપ્ત કરી શકાય તેવા, [૯૩]દેવો અથવા દૈવી જીવોના પ્રિય, [૯૪]ભકત જનોના જન્મ વગેરે આયુષ્યને સફળ કરનારી કૃતિ એટલે લીલા જેમની છે તેવા પ્રભુ, [૯૫]લીલાઓ કરનાર, [૯૬]સત્પુરુષોનું પાલન કરનાર ।।૨૭।।

**આદિકર્તા તત્ત્વકર્તા સર્વકર્તા વિશારદઃ ।**
**નાનાવતારકર્તા ચ બ્રહ્માવિર્ભાવ-કારણમ્ ।।૨૮।।**

[૯૭]આદિ-સૌથી પ્રથમ એવા બ્રહ્માના રચનાર, [૯૮]પ્રકૃતિ વગેરે તત્ત્વોના કર્તા, [૯૯]સર્વ વસ્તુમાત્રના કર્તા, [૧૦૦]અતિ નિપુણ-ચતુર, [૧૦૧]જુદાજુદા અંશવગેરે અવતારો ધરનાર, [૧૦૨]બ્રહ્માજીની ઉત્પત્તિમાં હેતુ।।૨૮।।

**દશ-લીલા-વિનોદી ચ નાના-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।**
**અનેક-કલ્પ-કર્તા ચ સર્વદોષ-વિવર્જિતઃ ।।૨૯।।**

[૧૦૩]સર્ગ-વિસર્ગ વગેરે દશ લીલાઓથી વિનોદ કરનાર, [૧૦૪]જુદા-જુદા પ્રકારની સૃષ્ટિને ચલાવનાર, [૧૦૫]પાદ્મ વગેરે અનેક કલ્પોના કર્તા, [૧૦૬]સઘળાં દોષોથી રહિત ।।૨૯।।

------------

**|| શ્રીકૃષ્ણાય નમઃ ||**
**શ્રીમદ્ ભાગવત-સુબોધિનીજી**

# દ્વિતીય સ્કંધ : જ્ઞાનલીલા

(૧. વસ્તુનિર્ધારિણ પ્રકરણ : અધ્યાય ૧-૨)

## પહેલો અધ્યાય

**સ્કંધે તુ પ્રથમે પ્રોક્તાઃ ત્રિવિધા હ્યધિકારિણઃ ।**
**તેષાં કર્તવ્યનિર્ધારો દ્વિતીયે વિનિરૂપ્યતે ||૧||**

પહેલા સ્કંધમાં તો ત્રણ પ્રકારના અધિકારીઓ કહેલા છે. બીજા (સ્કંધ)માં એઓએ શું કરવું યોગ્ય છે એના નિર્ણયનું નિરૂપણ કરવામાં આવે૧

**તસ્મિન્ નિર્ધારિતે પશ્ચાત્ ક્રિયાવિષયસંકથા ।**
**અગ્રે ચ તાં પ્રવક્ષ્યામઃ તૃતીયાદિભિરુત્તમૈઃ ||૨||**

એનો નિર્ણય કરવામાં આવે પછી ક્રિયા (શું કરવું એ) અને (ક્રિયાના) વિષય(જેના સમ્બન્ધની ક્રિયા કરવાની તે)ની ઉત્તમ કથા કહેવી જોઈએ, અને એ (કથા) આગળ ત્રીજા (સ્કંધ)થી આરંભી ઉત્તમ (સ્કંધોથી) કહીશું.[૨] કા.૨

**નિર્ધારણેઽઙ્ગત્રિતયં વસ્તુનિર્ધારણં પુરા ।**
**શ્રદ્ધા ચૈવ વિમર્શશ્ચ વસ્તુનિર્દ્ધારણં પુનઃ ||૩||**
**પ્રમાણેન પ્રમેયેણ સાધનેન ચ ફલેન ચ ।**

નિર્ણય કરવામાં ત્રણ અંગો છે : (૧)પહેલાં વસ્તુ (જેના સમ્બન્ધમાં ક્રિયા કરવાની છે તે વિષય)નો નિર્ણય, (૨)તેવી જ શ્રદ્ધા, અને (૩)સમીક્ષા.[૩] વળી વસ્તુનો નિર્ણય પ્રમાણથી, પ્રમેયથી, સાધનથી અને ફળથી કરવો જોઈએ.[૪] કા.૩

**એકત્ર માનમેયે હિ ફલં સાધનમેકતઃ ||૪||**
**અતોઽત્ર વસ્તુનિર્દ્ધારે હ્યધ્યાયદ્વિતયં મતમ્ ।**

એક અધ્યાયથી પ્રમાણ અને પ્રમેય (અને) એકથી ફલ અને સાધન કહેવાના છે, તેથી અહીં વસ્તુનો નિર્ણય (કરવા)માં નક્કી બે અધ્યાયો વિચારેલ (કહેલ) છે.૪ કા.

**શ્રદ્ધાઽપિ દ્વિવિધા લોકે શ્રોતૃવક્તૃવિભેદતઃ ||૫||**
**ફલોપકાર્યઙ્ગમેતન્ નાધિકારે તતો વિશેત્ ।**

(કથા) શ્રવણ કરનાર અને કહેનારના ભેદથી લોકમાં શ્રદ્ધા પણ બે પ્રકારની છે, આ ફલમાં ઉપકાર (પ્રાપ્તિ) કરાવનારનું અંગ છે, તેથી અધિકારમાં (એનો)

સમાવેશ થતો નથી.૫ કા.૫

**વિમર્શોऽપિ દ્વિધા પૂર્વમુત્પત્યા ચોપપત્તિતઃ ॥૬॥**
**ત્રિવિધે દ્વે તતસ્તત્ર ષડધ્યાયાસ્તતો દશ ॥**

સમીક્ષા પણ બે પ્રકારની છે : પહેલાં ઉત્પત્તિથી અને પછી તર્કથી.૬ બંને ત્રણ-ત્રણ પ્રકારની છે, તેથી એના છ અધ્યાયો છે.૬ તેથી દશ અધ્યાયો આ સ્કંધના છે.કા.૬

**તત્ર તુ પ્રથમેऽધ્યાયે કર્તવ્યં વિનિરૂપ્યતે ॥૭॥**
**વસ્તુનસ્તત્વનિર્દ્ધારો માનમેયવિભેદતઃ ॥૭ ૧/૨॥**

એ પૈકી પહેલા અધ્યાયમાં તો કર્તવ્ય (શું કરવું યોગ્ય છે એ)નું પ્રમાણ અને પ્રમેયના ભેદથી નિરૂપણ કરેલું છે.૭ કા.

પહેલા સ્કંધમાં અધિકારોનું નિરૂપણ કરતાં, પરીક્ષિતનો મુખ્ય અધિકાર હોવાનું નિરૂપણ કરી, એણે શું કરવું યોગ્ય છે એ સમ્બન્ધમાં 'ભગવાનની કૃપાથી સત્સંગ થાય ત્યારે સર્વ તત્વોનું જ્ઞાન થાય એ માટે પ્રશ્ન કરવો જોઈએ' એમ જણાતાં (૧)'સંપૂર્ણ રીતે શું કરવું જોઈએ? (અને ૨)મરવા પડેલાએ શું કરવું જોઈએ?' એવા બે પ્રશ્નો પ્રથમ કર્યા. 'સંપૂર્ણ રીતે શું કરવું યોગ્ય' એટલે જે ન કરવામાં આવે ત્યારે કોઈપણ પુરુષાર્થ પ્રાપ્ત ન થાય. તે સંપૂર્ણ રીતે કરવા યોગ્ય છે. એ (વિષય)માં અધિકારીઓ (કોણ છે એ બાબત)નો નિર્ણય કરેલો નથી.[૮] અને એઓનો નિર્ણય (પ્રશ્નો) ઉત્તર આપતાં કરવાનો છે. બીજો મરવા પડેલાએ શું કરવું યોગ્ય છે એનો નિર્ણય (કરવાનો છે.) વળી, શું શ્રવણ કરવું જોઈએ વગેરે જે પાંચ પદાર્થો પૂછ્યા તેઓનો વાસ્તવિક નિર્ણય આ (બે નિર્ણયો)નું નિરૂપણ કરતાં જ થઈ જશે.[૯] કેટલાકનું આગળ ઉપર નિરૂપણ કરવામાં આવશે.[૧૦] તેથી 'સંપૂર્ણ રીતે શું કરવું, (અને) મરવા પડેલાએ શું કરવું યોગ્ય છે' એ બે (ના ઉત્તર) કહેવાના છે. એ માટે સર્વ વસ્તુઓનું વાસ્તવિક સ્વરૂપ જણાવીને ફલ (પ્રાપ્ત) કરાવનાર અંગ શ્રદ્ધાનું નિરૂપણ કરવું જોઈએ, અને વિચારનું નિરૂપણ કરવું જોઈએ આ (બધા) જરૂરી હોવાનું (એઓના) જુદાં જુદાં પ્રકરણમાં દર્શાવીશું. એ પૈકી સંપૂર્ણ રીતે શું કરવું યોગ્ય છે એનો નિર્ણય પહેલાથી આરંભી ચૌદ શ્લોકથી કહે છે શું કરવું યોગ્ય છે એ કહેતાં, પહેલો પ્રશ્ન પ્રયોજનવાળો હોવાનું જણાવવા (પ્રશ્ન કરનારનું) અભિનંદન કરવું જોઈએ. જેવું ભૂખ્યાને અન્નદાન તેવું ઈચ્છનારને કરવા યોગ્યનું કહેવાનું.[૧૧] વળી, અધિકારનો નિર્ણય પણ કરવો જોઈએ, કારણકે પહેલાં પ્રશ્નના

અંગ તરીકે સારી રીતે કહેલ નથી. પહેલાં જાણીને (કાર્ય) કરવાની ઈચ્છાવાળાની પ્રવૃત્તિ, ફલ જણાવ્યા વિના શાસ્ત્રાજ્ઞા કરાવી શકાતી નથી,[૧૨] તેથી ફલનો નિર્ણય કરવા અધિકાર કહેવો જોઈએ. એ (અધિકાર સમ્બન્ધ)માં ત્રણ દોષો ન હોવાનું જણાવવું જોઈએ. એ માટે (૨ થી ૪) શ્લોકો કહેલા છે. એ પૈકી પહેલાં (નીચેના શ્લોકથી) પ્રશ્નનું અભિનંદન કરે છે :

૧.પહેલા અને બીજા સ્કંધની સંગતિ આ કારિકાથી દર્શાવેલ છે. શું કરવું યોગ્ય છે અને એમ કરવાના કોણ અધિકારીઓ છે એ અનુક્રમે કાર્ય અને કારણ હોવાની સંગતિ છે.(પ્ર)

૨.આ કારિકાથી બીજા સ્કંધમાં શું કહેવાનું છે એ અને પછી ત્રીજાથી બારમા સુધીના સ્કંધોમાં શું કહેવાનું છે એ જણાવેલ છે. ત્રીજાથી બારમા સુધીના સ્કંધો મુખ્ય લીલાઓ જણાવતા હોવાથી ઉત્તમ કહેલા છે.(પ્ર)

૩.આ કારિકાના આટલા ભાગથી આ સ્કંધના પ્રકરણો (ત્રણ) દર્શાવેલ છે.(પ્ર)

૪.આ ભાગથી બીજા સ્કંધના પહેલા પ્રકરણનો અર્થ કહેલ છે. એના ચાર ભાગ જણાવેલ છે. પહેલા તથા બીજા અધ્યાયમાં બે બે ભાગનું નિરૂપણ કરેલ છે.(પ્ર)

૫.આથી બીજા પ્રકરણનો અર્થ અને એના બે અધ્યાયો હોવાનું જણાવેલ છે. આ શ્રદ્ધા નિષ્કામ અનન્ય ભક્તોએ શું કરવું જોઈએ એ સમ્બન્ધી નિર્ણય કરાવનારી હોઈ, એના અધિકારનો (પહેલા સ્કંધમાં) સમાવેશ કરેલ નથી.(પ્ર)

૬.જન્મ, સમાગમ અને પ્રાકટ્યના ભેદથી ઉત્પત્તિ ત્રણ પ્રકારની છે. તર્કમાં પણ સંશય, સિદ્ધાન્ત અને ફલ એવા ત્રણ ભેદ છે. આ ભાગથી ત્રીજા પ્રકારનો અર્થ અને તેના છ અધ્યાયો હોવાનું દર્શાવેલ છે.(પ્ર)

૭.આ કારિકાથી પહેલા અધ્યાયનો અર્થ કહેલ છે. શ્રવણ વગેરે કરવા યોગ્ય છે. એના વિષય (કોનાં કરવા એ)નો નિર્ણય જોઈએ, તેથી વિષય સાથે કરવા યોગ્યનો નિર્ણય કહેલ છે.(પ્ર)

૮.પ્રશ્નમાં બુદ્ધિવાળા મનુષ્યો કહેલ છે, પણ બુદ્ધિ ઘણા પ્રકારની હોવાથી કોણ બુદ્ધિવાળા એ વિષયનો નિર્ણય કરેલ નથી.(પ્ર)

૯.'શ્રવણ કરવા યોગ્ય, જપ કરવા યોગ્ય' વગેરે સમ્બન્ધી ૧-૧૯-૩૮માં જે છ પ્રશ્નો કર્યા તે પૈકી પાંચનો નિર્ણય આ એક પ્રશ્નના અથવા બે પ્રશ્નોના ઉત્તરથી થઈ જશે.(પ્ર)

૧૦.છટ્ઠા 'જે ન કરવા યોગ્ય' સમ્બન્ધી પ્રશ્ન કર્યો તેનો નિર્ણય ૨।૧૦।૩૫ વગેરેથી થઈ જશે.(પ્ર)

૧૧.આ વાક્યથી પ્રભુનું અભિનંદન કરવાનું પ્રયોજન કહેલું છે. રાજાની આકાંક્ષા પૂર્ણ થાય એટલે એનું વ્યગ્રપણું દૂર થાય, એટલે એ સુખપૂર્વક કરવા યોગ્ય કરી શકે, તેથી અભિનંદન કરવું.(પ્ર)

૧૨.બીજાથી ચોથા સુધીના ત્રણ શ્લોકો કહેવાનું પ્રયોજન આથી જણાવેલ છે.(પ્ર))

શ્રીશુક કહે છે

**વરીયાન્ એષ તે પ્રશ્નઃ કૃતો લોકહિતો યતઃ ।**

**આત્મવિત્ સંમતઃ પુંસાં શ્રોતવ્યાદિષુ યઃ પરઃ ॥૧॥**

પુરુષોએ શ્રવણ કરવા યોગ્ય વગેરે (પ્રશ્નો)માં જે પહેલો લોકને લાભકારક ઈચ્છવા યોગ્ય પ્રશ્ન તેં કર્યો તે શ્રેષ્ઠ છે, કારણકે આત્માને જાણનારાઓએ એનો ઘણો આદર કરેલો છે.૧

શ્રવણ કરવા યોગ્ય વગેરે પ્રશ્નોની અંદર 'સંપૂર્ણ રીતે શું કરવું યોગ્ય છે' એ જે પ્રથમ પ્રશ્ન તેં પૂછ્યો તે 'વરીયાન્'-શ્રેષ્ઠ છે. (એ) શ્રેષ્ઠ હોવાનું કારણ કહે છે, કારણકે એ (પ્રશ્ન) તો 'તે'-તારા ઉપર ઉપકારનો છે. બીજા (પ્રશ્નો) તો બીજાઓના (ઉપકારના) છે. આ વિષયમાં 'આત્માને જાણનારાઓએ ઘણો આદર કરેલો છે' શબ્દોથી મોટા (પુરુષો)એ ઘણો આદર કરેલો છે. આત્માને જાણનારાઓએ પણ આ પ્રશ્નનો ઘણો આદર કરેલો છે. આથી એમ સૂચવેલું છે કે આ પ્રશ્ન અને (એના) ઉત્તરમાં બુદ્ધિની ઘણી જ વૃદ્ધિ છે, અને વળી 'પુંસાં'-બધાએ વિચાર કરનારા સ્વતન્ત્ર (પુરુષોએ) આ પ્રશ્નનો ઘણો આદર કરેલો છે, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. તેથી આનો ઉત્તર હું કહીશ એવું તાત્પર્ય છે.૧

હવે ફલ પ્રાપ્ત કરવા ઈચ્છનાર અધિકારી નક્કી કરવા નીચેના શ્લોકથી એમ કહે છે કે બધાનું કર્તવ્ય (કરવા યોગ્ય કાર્ય) એક જ નથી :

**શ્રોતવ્યાદીનિ રાજેન્દ્ર નૃણાં સન્તિ સહસ્રશઃ ।**
**અપશ્યતામ્ આત્મતત્વં ગૃહેષુ ગૃહમેધિનામ્ ॥૨॥**

હે રાજેન્દ્ર ! આત્માનું તત્વ ન જાણનારા, ઘરોમાં રહેનારા મનુષ્યોએ હજારો શ્રવણ કરવા યોગ્ય કાર્યો છે.૨

(પહેલા) પછીના પ્રશ્નોનું અભિનંદન કરેલ ન હોવાથી એઓ ગૌણ (નમાલા) હોવાનું સૂચવેલું છે, છતાં પણ જો રાજાની એ(ના ઉત્તર) જાણવાની ઈચ્છા દઢ હોય, તો પહેલા પ્રશ્નનો કહેવામાં આવે છે તે ઉત્તર (એ) સારી રીતે જાણી ન શકે, તેથી અધિકાર જણાવવાના આરંભમાં શ્રવણ કરવા યોગ્ય વગેરે પણ (ઘણાને) ન હોવાનું કહે છે. ''તે જ ઘણા પ્રકારના પુરુષો જોયેલા છે અને ઘણાં શાસ્ત્રો (જોયાં છે), તેમાં તારો કે એ (ગૃહસ્થ મનુષ્ય)નો કોઈપણ પુરુષાર્થ સિદ્ધ થયો નથી'' એમ 'હે રાજેન્દ્ર' એ સંબોધનથી એના અનુભવની (આ વિષયમાં) સંમતિ દર્શાવેલી છે. (રાજાએ કરેલ) પ્રશ્નમાં 'મનુષ્યોએ' (શ્રવણ કરવા યોગ્ય) શબ્દ હોવાથી, એ (મનુષ્ય શબ્દ) જણાવવા ઉત્તરમાં પણ એ કહેલ છે. ત્યારે એ (શ્રવણ કરવા યોગ્ય વગેરે) કેમ કહેવાનાં નથી? એ સમ્બન્ધમાં કહે છે કે 'હજારો છે.' હું કહું તે પહેલાં

જ, મારે કહેવાની જરૂર વિના જ, હજારો છે. 'આત્માનું તત્વ ન જાણનારા' શબ્દોથી સામાન્ય મનુષ્યોનો પોતે ઈચ્છેલ (મનુષ્યો)માં સમાવેશ ન હોવાનું કહેલું છે. 'આત્માનું તત્વ' એટલે આરોપકર્યા વિનાનું (આત્માનું) સ્વરૂપ, એ સમ્બન્ધી શાસ્ત્ર ન હોવાથી[૧] જાણેલ ન હોય તેવા (મનુષ્યોને હજારો શ્રવણ કરવા યોગ્ય કાર્ય છે.) લોકના વ્યવહારથી દેહ વગેરે પ્રકારનો અથવા (બીજી ચીજથી) વીંટાયેલો જ આત્મા જોવામાં આવે છે. ઉપાય હોવા છતાં એઓ આત્માને કેમ જાણતા નથી? એ સમ્બન્ધમાં 'ઘરોમાં રહેનારા ગૃહસ્થ' શબ્દ કહેલ છે. એઓને આત્માનું શુધ્ધ સ્વરૂપ જાણીને શું કરવું? કારણકે, એઓ ઘરમાં જ પૂર્ણ થતી મતિવાળા ગૃહસ્થો છે. ઘરમાં જે ઉપયોગી હોય તે જ એઓએ જાણવાનું. શુધ્ધ આત્મા તો ઘરમાં ભય કરનારો છે. (એમણે એ) જાણવો ન જોઈએ. 'ઘરોમાં' (એ) પ્રયોજન દર્શાવનારી સપ્તમી વિભક્તિ એમ (જણાવે છે) કે ઘરમાં સ્થિતિવાળા અમે રહીશું એવી એઓની ઘરો વિશે બુધ્ધિ છે. તેથી (એઓએ) ઘરો જ પ્રાપ્ત કરવાના.[૨] તેથી જે બુધ્ધિથી ઘરની સિધ્ધિ થાય તેવી જ બુધ્ધિ એઓ પ્રાપ્ત કરે છે (રાખે છે,) અને એવી બુધ્ધિ લોકમાં પ્રસિધ્ધ ગ્રન્થોથી જ દઢ થાય છે. અમારા વાક્ય (વચન)ની (એને) જરૂર નથી, તેથી એ વિષયનો તારો પ્રશ્ન સારો નથી. આથી[૩] એવું સંભવે છે કે મરવા પડેલા(એ શું કરવું એ) સમ્બન્ધી જે પ્રશ્ન કરેલ તેની પ્રશંસા કે નિંદા કરેલ નથી, તેથી એનો ઉત્તર આગળ ઉપર આપશે.૨

૧.'શાસ્ત્ર ન હોવાથી' એટલે ગ્રન્થો હોવા છતાં ગુરુ મળતા ન હોવાથી એઓ માટે શાસ્ત્ર નથી.(પ્ર)
૨.ઘર (પ્રાપ્ત કરવા) માટે શ્રવણ કરવાના વગેરે હજારો કાર્ય છે એવો અર્થ છે.(પ્ર)
૩.'આથી' એટલે પહેલા પ્રશ્નના અભિનંદનથી અને બીજાઓની નિંદાથી.(પ્ર))

'સારી બુધ્ધિ પ્રાપ્ત કરવાના સાધનો હોવા છતાં માત્ર ઘરના કાર્યમાં જ એમની બુધ્ધિ કેમ રહે છે? એ સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**નિદ્રયા હ્રિયતે નક્તં વ્યવાયેન ચ વા વયઃ ।**
**દિવા ચાર્થેહયા રાજન્ કુટુમ્બભરણેન વા ।।૩।।**

હે રાજન્ ! રાત્રિ નિદ્રાથી અને વળી વ્યવાયથી વીતે છે અને દિવસનું આયુષ ધન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિથી અને કુટુંબનું ભરણપોષણ કરવાના કાર્યથી વીતે છે.૩

એઓને સત્સંગ (કરવા)ના સાધનરૂપ સમય જ (રહેતો) નથી, કારણકે એ સમય જે બીજા (કાર્યો)માં જાય છે તે કહે છે. નિદ્રા અને ચેષ્ટા (વ્યવસાય,મૈથુન) આયુષ હરે છે. એમાં નિદ્રાથી રાત્રિનું આયુષ હરાય છે, રાત્રિના સમ્બન્ધવાળું

આયુષ અજ્ઞાનમાં વીતે છે, અને દિવા-દિવસના સમ્બન્ધવાળું આયુષ ધન (પ્રાપ્ત કરવા)ની પ્રવૃત્તિથી વીતે છે. આથી એમ કહેવાયું કે બધુંયે આયુષ અજ્ઞાનમાં અથવા અન્યથાજ્ઞાનમાં વીતે છે. 'આખી રાત્રિ નિદ્રામાં વીતતી નથી' એ સમ્બન્ધમાં કહે છે કે 'અને વળી વ્યવાયથી (વીતે) છે.' 'ચ'-અને શબ્દથી એ કાર્યોના સાધન (પ્રાપ્ત કરવામાં વીતે છે એમ જણાવેલ છે.) 'વા'-વળી શબ્દથી (એમ જણાવેલ છે કે એ) બે પ્રકારો તજી એઓમાં બીજો કોઈ પક્ષ સંભવતો નથી. 'વયઃ'-આયુષથી (એમ સૂચવ્યું છે કે) પુરુષાર્થો(પ્રાપ્ત કરવા)ના સાધનરૂપ આયુષ જુવાની જ છે. એ જો વ્યતીત થાય તો ઘરડો અથવા બાળક શું પ્રાપ્ત કરવાનો? ધન (પ્રાપ્ત કરવા)ની પ્રવૃત્તિથી (દિવસનું આયુષ વીતે છે.) ઘરનું મૂળ ધન છે. ઉત્તરાર્ધના 'ચ'-અને શબ્દથી (દિવસે પણ) નિદ્રાથી (આયુષ વીતે છે.) ધન પ્રાપ્ત કરવાના પ્રયત્નથી અને ધન પ્રાપ્ત થતાં કુટુંબનું ભરણપોષણ કરવા(ના કાર્ય)થી વીતે છે.૩

વૈરાગ્ય થવાના સાધનો ઉત્પન્ન થતાં હોવાથી એઓની ઘર(નાં કાર્ય)માં આયુષ વિતાડવાની) ભૂલ૧ કેમ થાય છે? એ સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**દેહાપત્યકલત્રાદિષ્વાત્મસૈન્યેષ્વસત્સ્વપિ ।**
**તેષાં પ્રમત્તો નિધનં પશ્યન્નપિ ન પશ્યતિ ।।૪।।**

પ્રમાદી પોતાના સૈન્યરૂપ દેહ, પુત્ર, સ્ત્રી વગેરે દુષ્ટ હોવા છતાં પણ એઓનો વિનાશ જોવા છતાં પણ જોતો નથી. ૪

દેહ, પુત્ર અને સ્ત્રી ત્રણ ઘરમાં મુખ્ય છે. બીજાઓનું એઓ મૂલ છે, અને એઓ સ્વભાવથી અને ગુણથી દુષ્ટ છે. કારણકે (એઓ) આત્માનો ઘાત કરનારા છે, કારણકે જેઓ જેના આશ્રિતો હોય તેઓ તેનું પોષણ કરે, (પણ) આ પોતાની સેનાઓ આત્માનો જ શત્રુઓથી ઘાત કરાવે છે, તેથી (એઓ) દુષ્ટ છે. 'જો એમ હોય તો એનું શું (પરિણામ)?' આનું પરિણામ એવું (હોવાનું) કહે છે, (કે) આત્માનો ઘાત કરનાર દોષથી (પ્રાપ્ત કરે) ધનથી પોષણ કરાયેલા એઓનો વિનાશ થાય છે. એ સમયે દુષ્ટોનો નાશ થવાથી (એ પ્રમાદી) આત્મામાં નિષ્ઠા (આસક્તિ)વાળો થાય, પણ એ (એવું) આત્માનો ઘાત કરનારા દોષોને લીધે થતું નથી એમ પ્રમાદી શબ્દથી કહેલું છે. જેમ મદિરાથી ઘણો ગાંડો થયેલ નીકળી ગયેલું (વસ્ત્ર) હોવા છતાં (અને) દેહનો સ્પર્શ કરવા છતાં પણ વસ્ત્ર પડી ગયાનું જાણતો નથી, તેવી રીતે આ પ્રમાદી પણ એ(સૈન્યો)ને મરી ગયેલાં જોતો હોવા છતાં (એઓ) જીવતાં હોય એવી રીતે એઓ માટે પ્રયાસ કરે છે. તેથી બહારના અને અંદરના

દોષોથી ઘેરાયેલ હોવાથી આયુષનો વૃથા ક્ષય થવાથી, ઘરમાં બુદ્ધિવાળો હોય છે. તેથી એઓ(એવાઓ)એ શું કરવા યોગ્ય છે, વગેરે પ્રશ્નો પૂછવા નહિ એવો અર્થ છે.

**બુદ્ધિશ્ચાયુશ્ચ દોષાણામભાવઃ કારણં યતઃ ।।૮।।**
**યસ્ય નૈતે ભવિષ્યન્તિ તસ્ય નાસ્ત્યધિકારિતા ।।**

બુદ્ધિ, આયુષ અને દોષોનો અભાવ (આત્માનું જ્ઞાન) થવાના કારણ છે, તેથી આ જેનામાં ન હોય તે અધિકારી નથી. કા. ૮ ।। ૪

એ પ્રમાણે પ્રશ્નનું અભિનંદન કરી, સાધારણ (મનુષ્યોને) પડતા મૂકી, નીચેના શ્લોકમાં અભય ઈચ્છનારાઓએ (કરવાનો) ઉપાય કહે છે :

**તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્ હરિરીશ્વરઃ ।**
**શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્ચેચ્છતાઽભયમ્ ।।૫।।**

તેથી હે ભારત ! અભય ઈચ્છનારે સર્વાત્મા ભગવાન્ હરિ ઈશ્વરનું શ્રવણ કરવું, અને કીર્તન કરવું, અને સ્મરણ કરવું. ૫

પહેલો પક્ષ (પ્રશ્ન) જ સારો છે અને બીજો વિષય સમ્બન્ધી (પ્રશ્ન) સારો નથી, તેથી જેઓને સંસારથી ભય રહે છે અને એ ભય દૂર કરવા પ્રયાસ કરે છે તે અભય ઈચ્છનારાઓએ ભગવાનનું શ્રવણ કરવું. જોકે આ (વિષય)માં યુક્તિ કહેવી જોઈએ, છતાં પણ બહિર્મુખની બુદ્ધિ[૨] યુક્તિ ગ્રહણ કરતી નથી, તેથી સ્વભાવથી અધિકારી હોય તેને કહેવું (ઉપદેશ આપવો) જોઈએ; એ કહેલો (જણાવેલો) વિશ્વાસ (રાજાને) છે એવો ઉત્તમ અધિકાર જણાવનાર 'હે ભારત !' એ સંબોધન કહેલ છે. 'દુષ્યન્તના પુત્રે માયાનું ઉલ્લંઘન કર્યું' એવું વાક્ય હોવાથી ભરતને માયાનો મોહ ન હોવાથી એ ગુણને અનુસરનારા[૩] તેના વંશમાં ઉત્પન્ન થયેલાઓને પણ માયાનો મોહ ન હોવાથી કહેલો વિશ્વાસ (પરીક્ષિતને) છે.

વેદની આજ્ઞાથી બોધ કરાયેલા અગ્નિહોત્ર વગેરે અને આત્મજ્ઞાનની ઈચ્છા કહેવાનું તજી, ભગવાનનું શ્રવણ જ કેમ કહેવામાં આવે છે, કારણકે (એ) વૈદિક નથી' એવી શંકા દૂર કરવા 'સર્વાત્મા' શબ્દ કહેલ છે. પ્રમાણના બળ કરતાં પ્રમેયનું બળ વધારે છે એમ આગળ કહેશે, અને પ્રમેયમાં યુક્તિ સર્વથી બળવાન્ છે. એ સમ્બન્ધમાં આ (નીચે પ્રમાણે) યુક્તિ છે. અભયને ઈચ્છનાર ત્રણ વર્ણવાળા જ હોય એવો નિયમ નથી,[૪] કારણકે બીજાઓ જેમણે ઘણું જ પુણ્ય કરેલ હોય તેઓને પણ અભયની ઈચ્છા હોવાનું સંભવે છે. એઓએ કરવાનો ઉપાય વેદમાં કહેલ ન હોવાથી એઓને માટે સાધન કહેવાનું છે ત્યારે એ જ સાધનથી ત્રણ વર્ણવાળાઓને

પણ પુરુષાર્થ પ્રાપ્ત થાય ત્યારે (એ સાધન કહેવાનું) જરૂરી અને સૌકર્યવાળું હોવાથી બધાને ઉપયોગી (થાય તેવો) એક જ ઉપાય કહેવો જોઈએ, અને ભગવાન્ સર્વાત્મક હોવાથી એમના સમ્બન્ધનો જ કોઈક કહેવો જોઈએ, કારણકે 'અરે આત્માનું શ્રવણ કરવું' 'આત્માના લાભથી ઉત્તમ કાંઈ નથી' 'આત્માને જાણનાર શોક તરી જાય છે' એવી શ્રુતિ હોવાથી, પોતાના આત્માનું કોઈએ શ્રવણ કરવું ન જોઈએ એવું ન હોય. એ (સમ્બન્ધ)માં પોતપોતાના (દરેક જનના) આત્માનો[૪] બોધ કરવામાં આવે તો બોધ કરનારના વચનનો અંત જ ન આવે, અને વળી આત્મામાં પ્રકૃતિ અને વિકૃતિની સ્થિતિ ન હોવાથી (એવાં વચનનો અંત જ ન આવે,) તેથી બધાઓનો જે એક જ આત્મા છે તેનું જ શ્રવણ કરવું. તેથી શ્રુતિમાં પણ 'આત્મા' શબ્દ સર્વના આત્માના અર્થવાળો છે. વળી, 'આત્મા' શબ્દનો અર્થ (આત્માની) જાતિ થતો નથી. એવો અર્થ હોય તો વ્યક્તિરૂપ પોતાનો આત્મા ગૌણ થતાં શ્રુતિમાં જણાવેલ ન હોવાથી, ક્રિયાની પેઠે જ્ઞાન (થવા)ની પણ અયોગ્યતા થતાં, પોતાનું કાર્ય સફળ થતું નથી. (આત્મા અને શરીરના) સંઘાતમાં પણ આત્મા (છે એવું) જ્ઞાન હોવાથી (અને) શ્રુતિમાં (જ્ઞાનનો) પ્રકાર કહેલ ન હોવાથી (આત્માનું) જ્ઞાન (પ્રાપ્ત કરવા)નો પ્રયાસ નકામો થાય, અને શ્રુતિના અર્થમાં લક્ષણા થાય,[૫] તેથી સર્વના (એક) આત્માનું જ શ્રવણ કરવું જોઈએ. એમનો અને શારીર (જીવ) આત્માનો ભેદ[૬] ન હોવાથી પોતાનો આત્મા ગૌણ થતો નથી. વળી, 'આનાથી ફલ (પ્રાપ્ત) થાય છે' (બ્રહ્મસૂત્ર ૩-૨-૩૮) એ નિયમ પ્રમાણે માત્ર જ્ઞાનથી ફલ પ્રાપ્ત થતું નથી, પરન્તુ શ્રવણ વગેરેથી બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે એ ફલ આપે છે. જો એ (બ્રહ્મ) ગુણ વિનાનું અથવા શારીર (જીવાત્મા)રૂપ હોય, તો એ ફલ આપવા અસમર્થ જ હોય. તેથી 'ભગવાન્' શબ્દથી એમ કહેલું છે કે ફલ આપવા શક્તિમાન સ્વરૂપવાળા આત્માનું જ શ્રવણ કરવું, ભ્રાન્ત શાસ્ત્રોથી જણાતાનું નહિ, પરન્તુ છ ગુણોના ઐશ્વર્યવાળા[૭] (આત્મા)નું જ (શ્રવણ કરવું,) વેદનો અર્થ પણ આ જ છે એમ અમે કહેલું છે. વળી, દુઃખનો અભાવ અને સુખ (એ બે) ફલ છે, તે પૈકી પ્રથમ દુઃખના અભાવ માટે પ્રયત્ન કરવો જોઈએ, કારણકે બુદ્ધિથી પ્રથમ એમાં જ પ્રવૃત્તિ થાય છે. એમાં શ્રવણ અથવા એનાથી પ્રાપ્ત થતું જ્ઞાન એક ફલ આપનાર હોય અથવા સર્વ ફલ આપનાર હોય ત્યારે જુદું જુદું ભેગું કરવાથી સર્વ ફલ આપશે એવો નિર્ણય થવાથી, પ્રથમ (આત્માનો) સાક્ષાત્કાર થાય ત્યારે દુઃખ દૂર થતાં પરમાનંદ ન થાય; અને પરમાનંદ ન થાય ત્યારે સ્વર્ગ વગેરેના સુખ પેઠે દુઃખ દૂર ન

થાય. બાકી રહેલાંને જોડવામાં આવે ત્યારે પણ ફલ આપનાર ભગવાન્ હોવાથી બે (ફલ) સાથે ન આપે. એમ ન કરે તો જુદું જુદું ભેગું કરવાના નિયમનો ભંગ થાય. તેથી શ્રવણ જ એવા વિષયનું કહેવું જોઈએ કે જે ઉભય પ્રકારનો (દુઃખ દૂર કરનાર અને સુખ આપનાર) હોય. એ 'હરિ, ઈશ્વર' શબ્દોથી કહે છે. 'એમનું જે જે પ્રકારે ચિંતન કરે છે' એ શ્રુતિ પ્રમાણે હરિ તરીકે સર્વ દુઃખ હરનાર અને ઈશ્વર તરીકે સર્વ ફલ આપનારનું શ્રવણ કરવું. તેથી ચાર ગુણોવાળા તરીકે ગુણોના સમુદાયના ધોરણે એવા (ચાર ગુણવાળા)નું જ શ્રવણ કરવું, એમ (શ્રવણ)માં બાધક ધર્મોથી શ્રવણના વિષયને જુદા પાડી એના વિશેનું કર્તવ્ય શ્રવણ (કરવું) વગેરે ત્રણ કહેલાં છે.

'આ શાસ્ત્ર ભક્તિફલવાળું હોવાથી અને ઉત્તમ વક્તાએ કહેલું હોવાથી શ્રવણ વગેરે ધર્મરૂપ નથી, તેથી કરવા યોગ્ય નવ પ્રકારની ભક્તિ કહેવી જોઈએ, તેથી કેમ ત્રણ જ કહેલાં છે?' એમ કહો તો (એ પ્રશ્ન) વાજબી છે. નવ પ્રકારની ભક્તિ કહેવા યોગ્ય હોવા છતાં પણ બીજી (છ) પ્રેમ થયા પછી થનારી હોવાથી (અહીં) ત્રણ જ કહેલી છે. ત્રણથી (ભગવાનમાં) સ્નેહ થાય ત્યારે બીજી કહેવા યોગ્ય છે એમ કહ્યા વિના જ સિદ્ધ થવાનું.

'ભગવાનનું શ્રવણ કરવું એનો અર્થ શો? એ (ભગવાન્) કહેનારા શબ્દોનું કાનથી ગ્રહણ કરવું, અથવા એનો અર્થ જાણવો, અથવા અભિપ્રાય જાણવો? સર્વ શબ્દોના અથવા કેટલાકના જ (અર્થ) વગેરે જાણવા? પહેલા (વિકલ્પ, શબ્દોનું ગ્રહણ કરવું) માં વિધિ નકામો થાય છે, કારણકે જ્ઞાન પ્રમાણ અને (જાણવાના) પદાર્થ ઉપર આધારવાળું હોવાથી હરકોઈ સ્થળે શબ્દનો ઉચ્ચાર થાય ત્યારે કાનવાળાને જ્ઞાન થવાનું જ. વળી સંકેત જાણેલાને તો એના અર્થનું પણ જ્ઞાન થશે, કારણકે એ પ્રાપ્ત કરવા (એને) કાંઈ પ્રયત્ન કરવાનો નથી, કારણકે દૈવગતિથી પ્રયત્ન વિના પણ સર્વને એ (અર્થનું જ્ઞાન થવાનું) સંભવે છે. પણ સર્વદા (અર્થ જાણવાનો હોય તો એ) અશક્તિને લીધે સંભવતું નથી; અને જીવન પણ નભે નહિ. વળી, ભગવાન્ કહેનારાં સર્વ શબ્દો અને વાક્યો એક જ (મનુષ્ય કહી) શકે નહિ, (અને) માત્ર હરકોઈ શબ્દ અથવા વાક્ય સર્વ જાણતા હોવાથી (એ) કહેવાનું ન હોય. 'જો શબ્દ અને વાક્યનું શ્રવણ એટલે (શબ્દની, અર્થ જાણવાની) શક્તિ અને (વાક્યનું તાત્પર્ય) (કહો,) અને એવી જ રીતે કીર્તન અને સ્મરણ (કરવાના,) એમ કહો તો (એમ ન) હોય, કારણકે સર્વ શબ્દો અને વાક્યો પ્રાપ્ત ન થતાં એઓનો નિર્ણય (કરવો) અશક્ય છે, અને માત્ર હરકોઈ શબ્દ તથા વાક્યની શક્તિ તથા

તાત્પર્યનો નિર્ણય તો પ્રસિદ્ધ હોવાથી ઉપદેશ કરવો યોગ્ય નથી.' એવી શંકા ન કરો.

**શ્રોતવ્યવિષયત્વેન લીલા દશવિધા પુનઃ ।।૯।।**
**ઉક્તૈવ વાસુદેવસ્ય તદર્થમપરા કૃતિઃ ।**
**શક્તિતાત્પર્યનિર્ધારઃ સામાન્યેન પદાદિગઃ ।।૧૦।।**
**ક્રિયતે સ્કંધ એવાત્ર તેન નાત્રોક્તદૂષણમ્ ।।**

વધારામાં વાસુદેવની દશ પ્રકારની લીલા શ્રવણ કરવાના વિષય તરીકે કહેલી છે. એમના માટે પાછળની કૃતિ (ગ્રન્થ, ત્રીજાથી બારમાં સુધીના સ્કંધો કહેલ) છે. શબ્દ વગેરેના શક્તિ અને તાત્પર્યનો નિર્ણય સામાન્ય રીતે આ સ્કંધમાં જ કરેલો છે, તેથી તમે કહેલ દોષ[10] નથી. કા.૧૦ ।।

દશ પ્રકારની લીલાવાળા ભગવાનનું શ્રવણ કરવું. એમ (કરવાનું) ન હોય તો (શ્રવણનો) વિષય જણાવનારા ચાર શબ્દોથી જ શ્રવણ થઈ જતાં વિધિ નકામી થાય, અને ત્રીજાથી દશ સ્કંધની કૃતિ નકામી થાય. એટલા (સ્કંધો)ના શક્તિ અને તાત્પર્યનો નિર્ણય વ્યાકરણ પેઠે અને મીમાંસા પેઠે સામાન્ય રીતે અહીં (આ સ્કંધમાં) જ કરવામાં આવે છે.[11] તેથી કોઈ પણ દોષ નથી, કારણકે આ ચાર ગુણો અધિકારીને (મળતા) ફલ તરીકે જણાવનારા કહેલા છે, પણ શ્રવણ કરવાના તરીકે (કહેલા) નથી, કારણકે એઓનો ઉપયોગ (કોનું શ્રવણ કરવું એનો) નિર્ણય[12] કરનાર તરીકે જ છે. ગુણો અનન્ત હોવા છતાં જેમ (એ) સર્વનો દશ લીલામાં સમાવેશ થાય છે તેમ આગળ કહેવાશે. (સર્વનો) સમાવેશ થતો ન હોય તોપણ (જેમ) ગુણોનું અનન્તપણું છે તેમ પણ કહેવાશે.

'પછી અહીં ત્રણની વિધિ કહેવી ન જોઈએ, કારણકે પ્રેમ દ્વારા એકથી જ અભય પ્રાપ્ત થાય છે. વળી, ત્રણ ભેગા થયેલા (અભય) પ્રાપ્ત કરાવે એવું નથી, કારણકે પરીક્ષિતમાં એ (ત્રણ) ન હોવાથી (એને) અભય પ્રાપ્ત ન થવાનું બનત, અને શ્રવણ જરૂરી હોવાથી વિકલ્પે (ત્રણમાંથી ગમે તે કરવાની ઈચ્છાથી) વધારે કહેલા છે એમ પણ કહેવાય નહિ' એવી શંકા થાય, એ સમ્બન્ધમાં કહીએ છીએ કે પરસ્પર આધાર રાખનાર હોવાથી ત્રણ કહેલ છે; જેમકે કીર્તન કહેલ ન હોય તો શ્રવણ જ થઈ ન શકે એમ પણ ન કહેવાય કે અધ્યયનની વિધિ પેઠે એક કરવાથી જ બીજાની (અધ્યયન કરાવનારની) પ્રાપ્તિ થશે, કારણકે અધ્યયન કરાવવાનું સાંસારિક કાર્ય હોવાથી વિધિ વિના પણ ધંધા તરીકે એ પ્રાપ્ત થાય. આ વિષયમાં એવું નથી, કારણકે શ્રવણથી કૃતાર્થ થાય તેની કીર્તન (કરવા)માં પ્રવૃત્તિ સંભવે નહિ. ત્યારે 'કીર્તનની જ વિધિ કરવી જોઈએ, કારણકે શ્રવણ તો વસ્તુતઃ (એની મેળે જ)

થવાનું' એમ ન (કહેવાય,) કારણકે પરીક્ષિતને એમ (એવી રીતે શ્રવણ) થયેલ ન હતું, અને અભયમાં કોઈ ભેદ નથી, તેથી જેમને કાંઈપણ વસ્તુની જરૂર નથી તેવા શુક વગેરેની પણ કીર્તન (કરવા)માં પ્રવૃત્તિ થાય, એ માટે કીર્તન (કરવા)ની વિધિ છે. (કીર્તન થાય) ત્યારે જ શ્રવણ થઈ શકે. ફલ તો દરેકને થાય છે જ. અભય તો ભગવાનમાં પ્રવેશરૂપ છે, કારણકે (એવો પ્રવેશ થાય) ત્યારે સર્વ ભય દૂર થાય. 'ત્યારે સ્મરણ (કરવાનું કહેવા)ની જરૂર નથી. એમ પણ કહેવું યોગ્ય નથી કે શ્રવણ કર્યા પછી ભૂલી જવાય તો ભૂલી જવાથી કીર્તન થઈ શકે નહિ કારણકે બીજા(પાસે)થી ભૂલેલું પ્રાપ્ત થતું હોવાથી સ્મરણ કરવાની વિધિ ઘટતી નથી' એવી શંકા યોગ્ય નથી, કારણકે એકવાર કરેલ કીર્તન પણ ભૂલી જવાનો સંભવ હોવાથી, કીર્તનના બાકી રહેલ ભાગ તરીકે સ્મરણ આવતું (થતું) નથી; પરન્તુ સ્મરણની પણ વિધિ હોય ત્યારે શ્રવણ અને કીર્તન સદા થાય અને બીજો દોષ[૧૩] થાય નહિ. વળી, દેહ પડે ત્યાં સુધી ત્રણે કરવામાં આવ્યા કરે ત્યારે જ અભય પ્રાપ્ત કરાવે છે. દેહ પડે એ જ (એઓની) છેવટની હદ છે. સંસારના ભયનું જ્ઞાન પહેલા(આરંભ)ની હદ છે. 'ઉપદેશ હોવાથી વારંવાર કરવા' (બ્રહ્મસૂત્ર ૪-૧-૧)ના નિયમ પ્રમાણે બીજાનું[૧૪] સ્મરણ ન થાય ત્યારે એ માટે એવી હદો છે, જો કે (ભગવાનમાં) સ્નેહ થાય ત્યારે (એ ત્રણ) વારંવાર કરવાનું કહેવાની જરૂર નથી, કારણકે એ પોતાની મેળે જ (થવાનું) સંભવે છે, છતાં પણ જડભરત પેઠે કોઈ સમયે (ભગવાન્ સિવાય) બીજામાં જ આસક્તિ, થાય[૧૫] (તેથી કરવાનું કહેલ છે.) 'એમ (બીજામાં આસક્તિ) થાય ત્યારે અધિકાર ન હોવાથી જ (એ થતું હોવાથી) વિધિ નકામી છે' એમ ન કહેવાય, કારણકે એમ ન થાય એ માટે જ વિધિ કહેલી છે. તેથી જેમ બની શકે તેમ દેહ પડે ત્યાંસુધી ત્રણે વારંવાર કરવાં.'

''મનન અને નિદિધ્યાસન (ધ્યાન) કરવાના કેમ કહ્યાં નથી અને 'પરન્તુ મુક્તિ જ્ઞાનથી જ (થાય છે)' એ શ્રુતિનો વિરોધ થતો હોવાથી પ્રાપ્ત કરવા તરીકે જ્ઞાન કેમ કહેલ નથી? વળી, જ્ઞાન એની મેળે જ પ્રાપ્ત થતું નથી; એવું હોય તો વ્યાપાર (વચલી ક્રિયા) જ થાય. અને અહીં (આ માર્ગમાં) તો સ્નેહ જ એવો ઈચ્છેલો છે.'' એવી શંકા યોગ્ય નથી. મનન અને નિદિધ્યાસન અંગ હોઈ શ્રવણમાં (એઓનો) સમાવેશ થાય છે એ અહીં જ આગળ ઉપર કહેવાશે. શબ્દથી થતું જ્ઞાન તો થયેલું જ હોય.[૧૬] પ્રેમથી કરાયેલાં ત્રણથી ભગવાનનો સાક્ષાત્કાર (થવાનું) પણ સંભવે છે, છતાં પણ શ્રવણ વગેરે (ત્રણ) જ (અભયપ્રાપ્તિ)ના કારણ છે. છેવટનો સાક્ષાત્કાર

તો ફલથી ભિન્ન ન હોવાથી, ફલમાં (એનો) સમાવેશ થાય છે. વળી 'વેદોથી મારું દર્શન થવાનું શક્ય નથી' (ભ.ગી.૧૧।૫૩) એવું વાક્ય હોવાથી આધ્યાત્મિક શ્રવણથી પ્રાપ્ત થયેલ સંસ્કારથી સારા થયેલા મનથી શારીર આત્મા (જીવાત્મા)ના સાક્ષાત્કાર પેઠે ભગવાનનો સાક્ષાત્કાર (થાય) એમ કહી ન શકાય. વળી, માત્ર શરીરનો સાક્ષાત્કાર ફલ નથી, કારણકે શરીરમાંથી નીકળી છૂટાપણું પ્રાપ્ત કરેલાનો જ ભગવાનનું શ્રવણ કરવાનો મુખ્ય અધિકાર છે. 'અરે ! આટલું ખરેખર અમૃતપણું છે' એ (શ્રુતિ) બ્રહ્મપ્રકરણમાં હોવાથી બ્રહ્મરૂપના સમ્બન્ધવાળો (સાક્ષાત્કાર) જ (ફલ છે.) ભગવાન્ સ્વતન્ત્ર હોવાથી બીજા (કોઈ) પ્રકારથી (એનો) આવિર્ભાવ થવાનું સંભવતું નથી. 'સ્વપ્નની પેઠે (એ તું છે એ) વાક્યથી આત્મા (જીવ) બ્રહ્મ છે એવી સ્ફૂર્તિ થાય છે અને એનાથી સર્વ અવિદ્યાનો નાશ થાય છે અને પોતાનું ઈચ્છેલ પ્રાપ્ત થાય છે' એમ જે કહેવાય છે તે અલ્પજ્ઞાનવાળાઓના મનોરથની જ વાત છે, કારણકે શુક સનક વગેરે આજ સુધી પણ (જગતમાં) ભમ્યા કરે છે; તેથી ભગવાનનું સાયુજ્ય થાય ત્યારે જ સર્વ ભય દૂર થાય છે.[૧૭] બ્રહ્મ જ થઈ બ્રહ્મને પ્રાપ્ત કરે છે' એ શ્રુતિ પણ એ જ અર્થ કહે છે. (ઉપનિષદોમાં) અધિકારીઓના ભેદથી[૧૮] અને પ્રકારના ભેદથી[૧૯] આ જ અર્થ કહેલો હોવાથી ઉપનિષદો વ્યર્થ નથી. 'એઓ મને જ પ્રાપ્ત કરે છે' (ભ.ગી. ૧૨-૪) એ વાક્ય અને 'સર્વ વેદોથી જાણવા યોગ્ય હું જ છું,' (ભ.ગી. ૧૫-૧૫) અને 'સર્વ વેદો જેમના પદનું ચિન્તન કરે છે' 'અને એ વિષ્ણુનું ઉત્તમ પદ' અને 'એ જ કવિઓનું પરમ બ્રહ્મ છે' એ વાક્યો હોવાથી ફલ તો એક જ[૨૦] છે, તેથી ત્રણ વર્ણવાળાઓનો વેદના પ્રકારથી અથવા ભાગવતના પ્રકારથી ભગવાનમાં પ્રવેશ થાય છે. બીજાઓનો તો ભાગવતના પ્રકારથી જ (થાય છે.) વળી 'પવિત્ર બ્રાહ્મણો (પરમ ગતિ પામે એમાં શું આશ્ચર્ય)' (ભ.ગી. ૯-૩૩) અને 'એઓને અધિક ક્લેશ થાય છે' (ભ.ગી. ૧૨-૫) એ વાક્યો પ્રમાણે મુકરર કરેલ વિકલ્પ નથી. તેથી જ[૨૧] શ્રુતિથી (ભગવન્માર્ગથી ફલ પ્રાપ્ત કરવાની) મનાઈ પણ નથી. શાંડિલ્યનું એવું વચન છે. પહેલાં (જોઈએ) તેવી ચિત્તની શુદ્ધિ થઈ ન હોવાથી ઉપનિષદોથી ફલની પ્રાપ્તિ થતી નથી, કારણકે વૈદિક માર્ગમાં ચિત્ત શુદ્ધ કરનારાઓ ઘણા ક્લેશથી એ કરી શકે છે. તેથી બીજા[૨૨] મતની નિંદા કરનારા વચનો માત્ર પોતાના મતનું સ્થાપન કરનારા જ હોવાથી, એટલાથી શ્રુતિનો વિરોધ થતો નથી. તેથી સૂત્રના વિચારને અનુસરનારા વૈદિક માર્ગથી અથવા ભગવાનના માર્ગથી સર્વને (પોતાના) અધિકાર પ્રમાણે પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થતી હોવાથી સર્વ દોષરહિત

છે. અમુક વિધિ (હોવા) સમ્બન્ધી વિચાર તો કરવા યોગ્ય નથી, કારણકે 'તવ્ય' પ્રત્યય વિધિ (જણાવવામાં) કહેલ નથી. વિધિ જણાવવા વિધિલિઙ્, આશીર્લિઙ્, અજ્ઞાર્થ અને માત્ર વેદમાં લેટ્[24] કહેલા છે. અને ભગવાન્ લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ હોવાથી અને (આ) ભક્તિશાસ્ત્ર હોવાથી અહીં વિધિ હોવાનું સંભવતું નથી. ફલ (પ્રાપ્ત કરવા)નું સાધન હોવાનું તો એ જ પ્રયોજનથી કહેલ અને સાથે કહેલ હોવાથી જ પ્રાપ્ત થાય છે. વાક્યનો અર્થ નવીન જ હોવાથી નવું કરેલ હોવાના વિચારનો તો પૂર્વમીમાંસાના ભાષ્યમાં[25] જ નિરાશ કરેલ છે. વળી, આ 'તવ્ય' પ્રત્યય પાણિનિના ૩-૩-૧૭૧ સૂત્રથી અવશ્ય કરવા યોગ્ય (કાર્ય)માં યોજવાનો કહેલ છે અને આ પ્રશ્નને અનુગુણ (મળતો આવે તેવો) છે, તેથી એમ સિદ્ધ થયું કે ભગવાનમાં પ્રવેશ થાય એ માટે જીવતાં સુધી જેમ થઈ શકે તેમ ત્રણે વારંવાર કરવા. શ્રવણ કરવું અને કીર્તન કરવું, કીર્તન કરવું અને શ્રવણ કરવું, અને પહેલા કહેલા (ચાર ગુણવાળા)નું સ્મરણ કરવું એવું જણાવવા બે 'ચ' 'અને' શબ્દો કહેલા છે. 'ઇચ્છનાર' શબ્દથી એમ સૂચવેલું છે કે શ્રવણ વગેરે ન કરવાથી અભય જ પ્રાપ્ત નહિ થાય, પરન્તુ એ ન કરવાથી પ્રત્યવાય (અપરાધ અથવા પાપ નહિ) થાય. ૫

૧.'વિચિકિત્સા' એટલે કંટાળો ઉપજાવે તેવો. ઘર દુઃખકારક છે કે નહિ એવો સંશય.(પ્ર) આ શબ્દના સંશય અને ભૂલ અર્થો છે. ભૂલ અર્થ પણ બેસવો હોવાથી એ મેં મૂકેલ છે.

૨.બહિર્મુખ એટલે ભગવાનના વિશ્વાસ ન રાખનાર.(પ્ર)

૩.આ શબ્દથી દુર્યોધન વગેરે એવા નથી એમ સૂચવેલું છે.(પ્ર)

૩.નારદ પૂર્વજન્મમાં દાસીપુત્ર હોવા છતાં (એણે અભય ઇચ્છેલું) તેમ અત્યારના પુરુષો પણ ઇચ્છે.(પ્ર)

૪.'આત્મા' શબ્દથી અહીં દેહ કહેલ છે. (પ્ર) આત્મામાં પ્રકૃતિ તથા વિકૃતિનો ભાવ ન હોવાનું તરત જ કહેલ હોવાથી, અહીં જીવાત્મા માટે 'આત્મા' શબ્દ યોજેલ હોય એમ લાગે છે. જીવાત્મા અનન્ત હોવાથી એમને દર્શાવનાર વાક્યનો અંત ન આવે.

૫.મણિની પરીક્ષા કરતાં વચન સામે પ્રત્યક્ષનો ઉપયોગ થાય છે, તેમ આતમાનું જ્ઞાન પણ પ્રાપ્ત કરવાનું હોવાથી, એ માટેની વિધિ નકામી નહિ થાય, એમ કહે તેથી આ વાક્ય કહેલું.(પ્ર)

૬.ભેદ નથી, કારણકે સુવર્ણ અને ખંડોમાં અંશી અને અંશનો ભાવ છે તેવો તાદાત્મ્યભાવ પરમાત્મા અને જીવાત્મામાં હોવાથી એ બેમાં ભેદ નથી.(પ્ર)

૭.આનો અર્થ એવો છે કે શુદ્ધ એભદવાદ પણ દોષવાળો હોઈ, તાદાત્મ્યભાવ સ્વીકારીને જ શ્રુતિનો અર્થ કરવો. વિશિષ્ટાદ્વૈતવાદ પણ દોષવાળો છે, કારણકે એમાં પણ વિશેષણ હોવાથી આત્મા ગૌણ થાય છે.(પ્ર)

૮.'ભગવાનને કોઈ સમ્બન્ધ નથી, તેથી બે ફલ સાથે કેમ ન આવે?' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલ છે. પોતે કરેલી મર્યાદાનો ભંગ ન થાય એ માટે એ ફલ ન આપે, માત્ર શ્રવણથી જ

આપે.(પ્ર)

૯.'ઉત્તમ વક્તા' પરમ વિરક્ત જ્ઞાની ભક્ત (શુકે.) (પ્ર) શુક જ્ઞાની હતા, ભક્ત ગણાય કે નહિ? જુઓ સુબોધિની ૧૧-૩-૨૧. ભા-૨

૧૦.ઉપદેશ કરવા યોગ્ય ન હોવારૂપ દોષ.(પ્ર)

૧૧.દશ પ્રકારની લીલા જણાવનાર શબ્દો તથા વાક્યોના શક્તિ તથા તાત્પર્યનો નિર્ણય સંકોચથી અને સંકોચ વિના એવા બે પ્રકારથી કહેવાનો હોવાથી બીજો સ્કંધ તથા ત્રીજાથી બારમા સુધીના સ્કંધો કહેવા જોઈએ.(પ્ર))

૧૩.ફલ ન થવા દે તેવો બીજો દોષ અન્યાશ્રય.(પ્ર)

૧૪.'અંતે જેવી મતિ હોય તેવી ગતિ થાય' એ વાક્ય હોવાથી ફલમાં વિઘ્ન કરનાર કાંઈ ન થાય એ માટે વારંવાર શ્રવણાદિ ત્રણે કરવાના કહેલ છે.(પ્ર)

૧૫.પ્રારબ્ધને લીધે બીજા કોઈમાં આસક્તિ થઈ જાય તે દૂર કરવા ત્રણે કરવા 'મને જ જે શરણે આવે તેઓ માયાને તરે છે' એ વાક્યનું સ્મરણ કરાવે છે. શરણે જવું એટલે કાયા, વાણી અને મનથી ભગવાનના દાસ થઈ રહેવું.(પ્ર)

૧૬.ભગવાનનું શ્રવણ કરવાનું કહેલ હોવાથી જ જ્ઞાન સિદ્ધ થયું.(પ્ર)

૧૭.આ ભાગથી એ સિદ્ધાન્તના દોષ કહેલા છે. જો એમ થતું હોય તો શુક કેમ છાયા આપત અને સનત્કુમાર કેમ સ્કન્દ તરીકે અવતાર લેત?(પ્ર)

૧૮.'અધિકારના ભેદથી' એટલે પુષ્ટિ અને મર્યાદાના ભેદથી.(પ્ર)

૧૯.'પ્રકારના ભેદથી' એટલે અવ્યક્ત તથા (ભગવાનના) બીજા સ્વરૂપના ભેદથી.(પ્ર)

૨૦.'જુદા જુદા પ્રકારથી શ્રવણ વગેરે કરવાથી જુદાં જુદાં ફલ થાય' એમ ન માનવું, કારણકે પ્રમેય ભગવદ્રૂપ જ છે અને ફલ સાયુજ્ય છે, એમ દર્શાવવા આ વાક્યો કહેલા છે.(પ્ર)

૨૧.'અધિકારનો ભેદ વર્ણના ભેદથી જ કહેવો જોઈએ' એવી શંકા થાય તેથી આ કહેલ છે. 'અવ્યક્તમાં જેઓનું ચિત્ત આસક્ત હોય (તેઓને) અધિક ક્લેશ થાય છે' (ભ.ગી. ૧૨-૫) એ વાક્ય પ્રમાણે જુદા જુદા સ્વરૂપમાં આસક્તિથી અધિકારનો ભેદ દર્શાવેલ છે. તેથી જ કોઈ મુકકર કરેલ વિકલ્પ નથી, અને (ભગવન્માર્ગથી ફલ પ્રાપ્ત કરવાની મનાઈ નથી.)(પ્ર)

૨૨.'સા મુખ્યેતરાપેક્ષિતત્વાત્' શાંડિલ્યસૂત્ર ૧૦ થી પંદર સૂત્રોમાં એવું કહેલ છે.(પ્ર)

૨૩.'તેથી' એટલે અધિકારના ભેદથી, કારણકે જેની નિંદા થાય છે તેની નિંદા કરવાની પ્રવૃત્તિ નથી, પરન્તુ જે વિધેય (કર્તવ્ય) છે તેની સ્તુતિ કરવાની પ્રવૃત્તિ છે. તેથી એવા નિંદાના વચનો માત્ર ઉપાસનાની પ્રશંસા કરનારા જ છે.

૨૪.પાંચમો લકાર લેટ્ માત્ર વેદમાં જ હોય છે.

૨૫.(શ્રીમદાચાર્યચરણે રચેલ) એ ભાષ્યનો નાશ થયેલ હોવાથી નિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં 'સાધન અને સ્વરૂપ સર્વનું ફલ વેદે કહેલું છે' વગેરે વાક્ય તથા એ ઉપરના વિવરણથી જાણવું.(પ્ર)

શ્રવણ (અભયપ્રાપ્તિનું) અંગ હોવાનું શ્રુતિ પણ કહેતી હોવાથી, સ્મરણ અને

કીર્તન ફલ (પ્રાપ્તિ)ના કારણ હોવાનું, વાદીઓના સંશય દૂર કરવા, સિદ્ધ કરવું જોઈએ. એમાં બીજા કોઈની જરૂર ન હોવાથી, સ્મરણ ફલ પ્રાપ્ત કરાવનારું છે એમ પહેલા નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**એતાવાન્ સાંખ્યયોગાભ્યાં સ્વધર્મપરિનિષ્ઠયા ।**
**જન્મલાભઃ પરઃ પુંસામ્ અન્તે નારાયણસ્મૃતિઃ ।।૬।।**

અંતે નારાયણનું સ્મરણ (થાય) એટલો, પોતાના ધર્મના સંપૂર્ણ પાલનથી સાંખ્ય અને યોગથી પુરુષોને જન્મનો ઉત્તમ લાભ થાય છે.૬

પાંચ સિદ્ધાન્તો સ્વતન્ત્ર હોવાનું શાસ્ત્રમાં કહેલું છે, તે પૈકી શ્રુતિ (વેદ) અને વૈષ્ણવ સરખા મુખ્ય હોવાનું કહેલ છે. પશુપતિમત તામસ (કાર્ય)માં રોકાયેલ હોઈ, પરંપરાથી અથવા ક્રમથી મુક્તિ કરાવનાર તરીકે ઉત્તમપણું પ્રાપ્ત કરાવવાથી (એનો) યોગ્ય પ્રકારે ઉપયોગ થાય છે. આ પછી સાંખ્ય અને યોગ અને સર્વ (પાંચે)ના અંગ તરીકે ધર્મશાસ્ત્ર જણાવેલા છે. સ્વતન્ત્ર (હોવા તરીકે આમની) બ્રહ્મમીમાંસામાં નિંદા કરેલી હોવાથી બીજા કોઈ (સિદ્ધાંત)માં પ્રવેશ પ્રાપ્ત ન થતાં સ્મરણ જેમાં બાકી રહેલ છે તેવા કહેલા છે. એટલો પુરુષાર્થ છે એવો (આ શ્લોકનો) અર્થ છે. બુદ્ધિમાં રહેલ આ (એટલા) શબ્દનું વિવરણ 'અને નારાયણનું સ્મરણ' શબ્દોથી કરેલ છે. જન્મનો આ જ ઉત્તમ લાભ છે. પંચ અગ્નિવિદ્યાના પ્રકારથી ઉત્તમ દેહ ઉત્પન્ન (પ્રાપ્ત) કરવો એ પોતાના ધર્મનું ફલ છે. એવી રીતે યોગનું પણ (એ જ ફલ) છે. 'યોગથી ભ્રષ્ટ થયેલ પવિત્ર શ્રીમાનના ઘરમાં જન્મે છે' થી આરંભી 'અનેક જન્મોથી નિપુણ થયેલો પછી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે' (ભ.ગી.૬-૪૧ થી ૪૫) એમ ઉપસંહાર કરેલો હોવાથી, યોગથી પણ અંતિમ (છેવટનો) દેહ પ્રાપ્ત કરાય . સાંખ્ય વિશે પણ 'ઘણા જન્મોના અંતે જ્ઞાની મને પ્રપન્ન થાય છે' (ભ.ગી. ૭-૧૯) એવું વાકય હોવાથી, અને (યોગી) જ્ઞાનીથી પણ અધિક મનાયેલો છે' (ભ.ગી. ૬-૪૬) એવી નંદની પ્રશંસાનું[૧] વાક્ય હોવાથી (સાંખ્ય) છેવટનો જન્મ પ્રાપ્ત કરાવનાર જ છે. વ્રત, ઉપવાસ વગેરે ભગવદીય ધર્મો પણ ભગવદીય દેહ પ્રાપ્ત કરાવનારા છે. તેથી છેવટનો દેહ (પ્રાપ્ત કરાવવા)માં સર્વ પૂર્ણ થાય છે અને એ દેહ પણ સ્વરૂપથી (પોતે જ) ફલ પ્રાપ્ત કરાવનારો નથી, પરન્તુ 'અંતે જેવી મતિ (હોય) તેવી ગતિ (થાય છે)' એ વાક્ય તથા 'અને વળી જે જે ભાવનું સ્મરણ કરતાં (અંતે દેહ તજે છે તે ભાવને પ્રાપ્ત થાય છે)' (ભ.ગી. ૮-૬) એવું ભગવાનનું વાક્ય હોવાથી, એ (છેવટના દેહ)નો ઉપયોગ છેવટે ભગવાનનું સ્મરણ કરવામાં થાય છે. અમે કહેલા પ્રકારથી જો હરકોઈ દેહમાં પણ અંતે ભગવાનનું સ્મરણ થાય, ત્યારે

પહેલાથી પાછળનો બળવાન્ છે એ ધોરણે, છેવટનો ન હોવા છતાં પણ છેવટની સ્થિતિ પ્રાપ્ત કરતો, એ જ દેહલાભપણું પ્રાપ્ત કરનારો થાય છે, અને યોગ વગેરે પણ પોતપોતાના માર્ગથી દૂર ફલ પ્રાપ્ત કરાવનારા હોઈ આમાં જ પ્રવેશ કરે. તેથી (અંતિમ) દેહ પ્રાપ્ત કરાવનારા યોગ વગેરેનો અને (એવા) દેહનો પણ આ જ લાભ છે, જે નારાયણનું સ્મરણ થાય. તેથી આ (માર્ગ) બારોબાર ભગવાનમાં પ્રવેશ કરાવનારો હોઈ, આમાં વિધિના અંગ તરીકે શ્રુતિની સંમતિની જરૂર નથી; જોકે ભગવદીયપણું પણ પરમ લાભ છે, છતાં પણ એનાથી પણ આ ઉત્તમ (લાભ) છે.

'ભગવદીયપણાથી જ જેમણે સર્વ પુરુષાર્થો સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલ છે તેઓને અપવર્ગ (મુક્તિ) છેવટનો પરમ પુરુષાર્થ હોવા છતાં પણ પોતે પ્રાપ્ત કરેલ (એ)નો એઓ આદર કરતા નથી' એ વાક્યનો તેથી વિરોધ થાય છે તેથી એવી શંકા થાય, 'પુંસામ્-પુરુષોને' શબ્દ યોજેલ છે, કારણકે ભગવદીયપણું બારોબાર ભગવાને કૃપા કરેલા પુષ્ટિમાર્ગ વાળાઓને જન્મના લાભરૂપ છે એમ કહેલ છે. આ તો કહેલા સાંખ્ય વગેરે માર્ગો પ્રાવાહિક મર્યાદારૂપ હોઈ એમાં શ્રદ્ધાવાળા પણ એવા હોવાથી 'અંતે જેવી મતિ (તેવી ગતિ)' એ ધોરણે અંતે ભગવાનનું સ્મરણ થાય ત્યારે એ પ્રાપ્ત થાય છે, એમ એ (અંતસમયે થતી ભગવાનની સ્મૃતિ) એવા (જન્મના પરમ લાભરૂપ) હોવાનું કહેલું છે, તેથી (એ વાક્યથી આને તમે) કહેલ વિરોધ થતો નથી. 'પુંસામ્-પુરુષોનો' અર્થ સાધારણ પુરુષોનો પણ' એવો છે તેથી સ્મરણ મોટા ફલરૂપ હોઈ, ભગવાનનું સદા સ્મરણ કરવું એમ સિદ્ધ થયું. ૬

૧.યોગને જ્ઞાન (સાંખ્ય)થી અધિક કહ્યો તેથી સાંખ્યથી પણ એનાથી અધિક ફલ પ્રાપ્ત ન થાય.)

હવે કીર્તન એવું (ફલ પ્રાપ્ત કરાવનારું) હોવાનું નીચેના શ્લોકથી[૧] સિદ્ધ થાય છેઃ

**પ્રાયેણ મુનયો રાજન્ નિવૃત્તા વિધિષેધતઃ ।**
**નૈર્ગુણ્યસ્થા રમન્તે સ્મ ગુણાનુકથને હરેઃ ॥૭॥**

હે રાજન્ ! વિધિ અને નિષેધ(નું પાલન) બંધ કર્યું છે તેવા, નિર્ગુણપણામાં રહેનારા મુનિયો હરિના ગુણોનુંર અનુકથન (કીર્તન કરવા)માં સામાન્ય રીતે રમણ કરે છે એ પ્રસિદ્ધ છે.

કીર્તન તો (સ્મરણ)થી પણ અધિક છે. જેઓનો છેવટનો જન્મ થયેલો છે અને જે જીવન્મુક્ત હોઈ માત્ર ગુણથી પર (ભગવાન)માં જ દઢ થયેલા છે, ફરી (સંસારમાં) આવવાના સંભવ વિનાના છે તેઓ પણ હરિના ગુણોના[૨] અનુકથનમાં (એટલે) શ્રવણ પછી થતા કીર્તનમાં પરમાનંદરસ પ્રાપ્ત કરનારા, સાધન (કરવા)ની

દશામાં જ આવું સુખ છે તો આથી પ્રાપ્ત થતા ફલની દશામાં સુખ થશે, એમ માનતા રમણ કરે છે. 'સ્મ' શબ્દ પ્રસિદ્ધિ (જણાવનારો છે) વળી કેટલાક જેમની બુદ્ધિ મનનમાં જ પરિણમે છે અથવા અસંપ્રજ્ઞાત (જેમાં કાંઈ જાણવા યોગ્ય જણાતું નથી તેવી) સમાધિ કરે છે, (અને) એ જ સુખમાં રહેલા છે તેઓ પણ (મનન અથવા સમાધિમાંથી) ઊઠતા ન હોવાથી (ભગવાનના ગુણોના અનુકથનમાં) રમણ કરતા નથી. એઓને બાતલ કરવા 'પ્રાયેણ-સામાન્ય રીતે' શબ્દ યોજેલ છે. 'હે રાજન્ !' એ સંબોધન એવા થયેલ શમીક[3] ઋષિનું સ્મરણ કરાવવા (યોજેલ) છે. આ (કીર્તન)માં (એના) વિષયના રસને લીધે એવું રમણ કરે છે, પરન્તુ (એ) કાર્ય ધર્મ કરાવનારું હોવાથી રમણ કરતા નથી, કારણકે એઓ કાર્યના ગુણ અને દોષ વિનાના છે એ 'વિધિ અને નિષેધનું પાલન બંધ કર્યું છે તેવા' શબ્દથી કહેલ છે. વિધિ સાથેના નિષેધથી એઓ દૂર રહેલા છે. 'એવી રીતે બ્રહ્મને બે કર્મ પહોંચતાં નથી' એ ધોરણે (એઓ) દોષ બુદ્ધિથી બંનેથી પર એ વાક્ય પ્રમાણે બ્રહ્મ સ્વરૂપ પણ થયેલા છે. 'વિધિ સાથેના નિષેધ' શબ્દોથી એમ જણાવેલું છે કે જોકે 'જ્ઞાની બાળક પેઠે ક્રીડા કરે' વગેરે વાક્યો વિધિરૂપ છે, છતાં પણ આનો પછી નિષેધ કરેલ ન હોવાથી આ (આવા વાક્યો)નો સમાવેશ થતો નથી. નિર્ગુણપણામાં' એટલે ત્રણ ગુણોથી પર, પોતાની અંદર જ રહેલા (પણ ભગવાનના ગુણોનું કીર્તન કરે છે) વિરોધાભાસ[4] જણાવવા 'ગુણ' શબ્દ યોજેલ છે. તેથી કીર્તન સ્વતંત્ર પુરુષાર્થરૂપ હોઈ એમાં શંકા પણ કરવી નહિ. ૭

૧.નીચેના શ્લોકથી આરંભી (૭ થી ૧૧ સુધીના) પાંચ શ્લોકોથી.(પ્ર)
૨.'ગુણ' શબ્દથી લીલા પણ જણાવેલ છે.(પ્ર)
૩.રાજાએ તૃષાથી પીડાતાં જલ માગેલ એનું પણ એમને સમાધિને લીધે જેમને ભાન રહેલ તેમનું.
૪.ભગવાનના ગુણો(સત્વ, રજસ્, તમસ્) એ ત્રણ ગુણોથી પર છે એમ જણાવવા.(પ્ર)

એવી રીતે તર્કથી (સ્મરણ અને કીર્તન) બેનું સમર્થન કરી, ત્રણે પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા હોવાનું સાબિત કરી, 'આ યુક્તિથી થયેલું હોવાથી પ્રામાણિક નથી' એવી શંકા થાય તે દૂર કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**ઈદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસમ્મિતમ્ ।**
**અધીતવાન્ દ્વાપરાદૌ પિતૃદ્વૈપાયનાદ્ અહમ્ ।।૮।।**

આ વેદના સમાન ભાગવત નામના પુરાણનો દ્વાપરના આરંભમાં (મારા) પિતા દ્વૈપાયન પાસેથી મેં અભ્યાસ કર્યો. ૮

'પુરાણ' શબ્દથી પ્રમાણ (જણાવ્યું.) 'ભાગવત નામ' શબ્દોથી (પુરાણોની) અંદર (હોવા)નો પ્રકાર (કહેલ છે.) આ વ્યુત્પત્તિથી થયેલ (શબ્દ છે,) તેથી ભગવાને કહેલું, ભગવાનના વિશે જણાવનારું, ભગવાન્ જેનું ફલ છે તેવું, એવો (એનો) અર્થ છે. 'બ્રહ્મ'–વેદના સમાન' શબ્દથી એ (વેદથી) દુર્બલ નથી (એમ કહ્યું,) અને પરબ્રહ્મ સારી રીતે 'મિતં–જણાયેલું' છે જેમાં (તેવું છે.) પિતા દ્વૈપાયન શબ્દોથી ગુરુની પરંપરા કહી. (શુક કથા કરે છે) એનો સમય પ્રાણીઓની બુદ્ધિનો નાશ કરનાર હોવાથી 'દ્વાપરના આરંભમાં' શબ્દો કહેલ છે. દ્વાપરના આરંભમાં, એ સમયે પણ બે(ભેદ)માં પરિણમેલી બુદ્ધિ થઈ ન હતી. 'અભ્યાસ કર્યો' શબ્દથી વેદની પેઠે નિયમ પ્રમાણે પ્રથમ અર્થ જાણીને અભ્યાસ કરેલ હોવાનું કહેલ છે. 'પિતા' શબ્દથી એમ સૂચવેલું છે કે 'પિતા જ પુત્રને જનોઈ આપે'[૧] એ નિયમ પ્રમાણે જનોઈ આપનાર અને અભ્યાસ કરાવનાર એક હોવાથી બધોયે અભ્યાસ સારી રીતે થયો. ૮

'આ અધ્યયનની વેદની પેઠે સામગ્રીનું શ્રવણ હોવાથી આ પણ વિચારવા યોગ્ય જ છે, તેથી[૨] માત્ર આનાથી નિર્ણય કરેલ અર્થ જાણી શકાય એમ નથી' એવી શંકા થતાં નીચેના શ્લોક કહેલ છે[૩] :

**પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્ય ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥૯॥**
**તદહં તેઽભિધાસ્યામિ મહાપૌરુષિકો ભવાન્ ।**
**યસ્ય શ્રદ્દધતામાશુ સ્યાન્મુકુન્દે મતિઃ સતી ॥૧૦॥**

હે રાજર્ષિ ! નિર્ગુણપણામાં ખૂંચેલો હોવા છતાં, ઉત્તમ શ્લોકની લીલાથી ગ્રહણ થયેલ ચિત્તવાળાએ મેં જેનું અધ્યયન કરેલ છે (અને) જેમાં શ્રદ્ધા રાખનારાની મુકુન્દમાં તરત સતી મતિ થાય છે તે આખ્યાન હું તને કહીશ. તું મહાપુરુષોનો સમ્બન્ધી છે. ૯–૧૦

મેં બાળકની પેઠે નહિ, પરંતુ વિચાર કરીને અધ્યયન કરેલું છે. પહેલાં 'મારે આ કરવું યોગ્ય છે કે નહિ' એવો વિચાર જ મેં કર્યો. એમાં 'આત્માના લાભથી ઉત્તમ નથી' વગેરે શ્રુતિઓ પ્રમાણે બધાય અધ્યયનનો અંત આત્મામાં થતો હોવાથી ગુણથી પર(બ્રહ્મ)ની સમાધિમાં નિત્ય હું રહેલો અને ભાગવતના રસનો અનુભવ કરી, એ પ્રાકૃત નથી એમ જાણી, જેમ બ્રહ્મમાં લીન થયેલો (ભળેલો) સમાધિની અવસ્થામાં રહે નહિ તેમ, (ભાગવત) બ્રહ્મરસથી પણ અધિક રસવાળું હોવાથી

(એઓથી) ભગવાનના ગુણોથી[૪] ગ્રહણ થયેલા ચિત્તવાળાએ[૫] મેં (એ) આખ્યાનનું અધ્યયન કર્યું. આકર (ઉત્પત્તિસ્થાન)માં જે રસ પોતાના સ્થાનમાં રહેલ હોય તે પોતાની અંદર આવનારાઓ પ્રતિ પોતાનો (પોતે હોય) તેવી રીતે (રસ તરીકે) પ્રકાશ કરતો નથી, પણ માત્ર ગુણના સ્વરૂપથી જ પ્રગટ થાય છે, કારણકે નૃત્યમાં અને પાત્રમાં રહેલા પીવાના જલમાં એવું જોવાય છે. 'જ્યારે ભગવાન્ લીલારૂપથી પ્રગટ થયા ત્યારે એ લીલામાં જે રસ (થયો) તે રસ બ્રહ્મમાં (છે,) પણ એ પ્રગટ થયેલ નથી' એવો નિશ્ચય કરીને, 'શા માટે એ(બ્રહ્મરસ)ની આશાએ રહેવું, એની આશા છતાં હમણાં જ રસનું પાન કેમ ન કરવું' એવા વિચાર સાથેની (ભગવાન્‌ની) લીલાએ મારું ચિત્ત ગ્રહણ કર્યું. 'ઉત્તમશ્લોકની લીલાથી' શબ્દથી આ અર્થ કહેલ છે. ઉત્તમ(પુરુષો)થી જેમની સ્તુતિ થાય છે તે ભગવાન્ 'ઉત્તમશ્લોક' છે. ગુણ (લીલા) કરવાથી જ (ભગવાનની) સ્તુતિ પણ થાય છે અને માણસો સાથે સમ્બન્ધ પણ થાય છે. તેથી ભગવાનના સ્વરૂપરૂપ જે કોઈ રસ, સર્વથી ઉત્તમ (અને) વળી ઘણો, પોતાની અંદર પ્રગટ થાય તેમ લેવો એવી જેમની ઈચ્છા હોય તેમણે ભગવાનની લીલાનું શ્રવણ કરવું એવો નિશ્ચય કરીને, શ્રવણ કરવા યોગ્ય રસના જાણકાર મેં આખ્યાનનું અધ્યયન કર્યું, એવો અર્થ છે. 'જેમ જ્ઞાન ભળેલ હોવાથી અને ઘણું આદર કરવાપણું હોવાથી ઋષિની દશામાં રાજાપણાની સ્ફૂર્તિ અધિક થાય છે તેમ આ પણ છે' એવી યુક્તિ(તર્ક)માં (રાજાની) સંમતિ કહેલી છે. આથી[૬] એમ કહેવાયું કે મર્યાદાપણું હોવા છતાં આ પુષ્ટિરૂપ છે. ૯

તેથી એવા(અધિકારી)એ જ શ્રવણ કરવા યોગ્ય છે એવા વિચારથી કીર્તનના રસનો આસ્વાદ થાય એ માટે ભ્રમણ કરતાં મને એવો (અધિકારી) તું મળ્યો, તેથી હું તને એ કહીશ–એમ દશમા શ્લોકથી કહે છે. એ ઉપર કહેલા પ્રગટ થયેલ બ્રહ્મામૃતરસ બનેલો કીર્તનરસ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હું તને 'અભિધાસ્યામિ–કહીશ. અથવા તે–તારા સમ્બન્ધવાળું થયેલ એનું તારામાં સ્થાપન કરી હું જ 'અભિતઃ–સર્વ તરફથી 'ધાસ્યામિ–(એનું) પાન કરીશ, એવો અર્થ છે. પાન કરેલા રસનો ફરીથી સ્વાદ (એને) બહાર કાઢી બીજા સ્થળે સ્થાપન કરી ફરી પાન કરવાથી થાય છે આ હાથીઓમાં જોવાય છે જ.[૭] સર્વ તરફથી પાન સિંચન વગેરે[૮] રૂપ છે. 'દ્વૈપાયન' શબ્દ પણ આ જ સૂચવનારો છે. 'દ્વિઃ-બે' તરફ ગયેલાં છે 'આપઃ-જલ' જેમાં, તેની અંદર ઉત્પન્ન થયેલ હોવાથી અંદર અને બહારથી અંદર રહેલા અને બહાર રહેલા ગુણોનું પાન કરનારા (એમને) કહેલ છે, તેથી સૂક્ષ્મરૂપ ભાગવત્ બે છે. એ સૂક્ષ્મ પ્રકારના બે ભાગવત્ ભગવાને અને બ્રહ્માએ પ્રગટ કરેલ બહાર મળે છે. (ભગવાને)

અંદર પ્રવેશ કરી ફરીથી પ્રગટ કર્યું[9], તેથી જ[10] ઉત્પત્તિથી અને ઉપપત્તિ(તર્ક)થી ભગવાનના ગુણોના સ્વરૂપનો વિચાર કરતાં એ બંને કહેલાં છે. એમ ન હોય તો બ્રહ્માથી ભગવાન્ શા માટે પોતાના ગુણ દર્શાવિનાર ભાગવત્ કહે ? ને (બ્રહ્મા) પણ નારદને શા માટે કહે ? તેથી[11] ઉપપત્તિથી ભગવાન્ કરતાં (એમના) ગુણો અધિક (હોવાનું) કહેલ છે, અને ઉત્પત્તિમાં એ ગુણો અંદર રહેલા હોવા છતાં ફરી બહાર કરેલા (કહેલા) છે. તેથી હું એ તને કહીશ એમ સિદ્ધ થયું. 'આનો અધિકારી હું કેવી રીતે ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી 'તું મહાપુરુષનો સમ્બન્ધી છે' એમ કહેલ છે. 'મહાપૌરુષિકઃ' એટલે મહાપુરુષનો સમ્બન્ધી, કારણકે મહાપુરુષ કીર્તિથી અને કીર્તિ ગુણથી અને એનું સમ્બન્ધીપણું ગુણોનો સ્વાદ લેવાની યોગ્યતાથી જ (થાય છે.) એવું (એવી યોગ્યતા) ન હોય તો એવા ગુણવાળાના સમ્બન્ધી ન હોય. 'ભવાન્-તું' શબ્દ આમાં કાંઈ છુપાયેલ (ન જણાય તેવું) નથી (એમ જણાવે છે.) એવી રીતે ભગવાનના ગુણોની સરસાઈ કહીને ઉત્તરાર્ધથી એઓનું ફલ કહે છે. આખ્યાનના સમ્બન્ધવાળી જે શ્રદ્ધા તે શ્રદ્ધાવાળાની, મોક્ષ આપનાર, પોતાનો આનંદ આપનાર (ભગવાન)માં 'સતી'–પતિવ્રતારૂપ માત્ર એ જ રસનો સ્વાદ કરાવનારી મતિ થાય છે. ૧૦

૧.શુક જન્મ થતાં જ પુખ્ત ઉપરના થઈ જનોઈ લીધા વિના જ જતા રહેલ, તેથી આ કહેલ છે. પાછળથી જનોઈ થઈ અભ્યાસ કર્યો હશે એમ જણાય છે.(પ્ર)

૨.'તેથી' એટલે ગૂઢ આશયવાળું હોવાથી. (પ્ર)

૩.નિર્ણય કરેલ અર્થનું જ્ઞાન થાય તેથી એમાં પ્રમાણ તરીકે પોતાનો અનુભવ છે એમ જણાવવા પોતાને આ જ્ઞાન થયાનો પ્રકાર કહે છે.(પ્ર)

૪.'ગુણોથી' એટલે લીલાઓથી.(પ્ર)

૫.આથી એમ જણાવ્યું કે શ્રવણ દ્વારા ભાગવતના રસનો અનુભવ થાય છે.(પ્ર)

૬.'આથી' એટલે એમ કહેલો (નૈર્ગુણ્યનો) અધિકાર હોવા છતાં પણ લીલાઓથી મારા ચિત્તનું ગ્રહણ થયું, એમ પોતાના (શુકના) અધિકારનું સ્વરૂપ કહ્યું.(પ્ર)

૭.વમન કરવારૂપ દોષ નથી એમ જણાવવા આ દષ્ટાન્ત કહેલું છે.(પ્ર)

૮.આ સેચન પાન કરવારૂપ છે એમ લક્ષણાથી જાણવું.(પ્ર)

૯.ભગવાને પ્રકટ કહેલું ભાગવત્ અંદરના ગુણો જાણનારું અને બ્રહ્માએ કહેલું બહારના ગુણો જણાવનારું અને ફરીથી બ્રહ્માએ પ્રગટ કરેલું બહારના પાનરૂપ જાણવું.(પ્ર)

૧૦.'તેથી જ' એટલે ગુણો બે પ્રકારના હોવાથી જ.(પ્ર)

૧૧.'તેથી' એટલે કહ્યા વિના માત્ર દર્શનથી ગુણો જણાય જ નહિ, તેથી ભગવાન્ કરતાં પણ ગુણો ઘણો વધારે ઉપકાર કરનારા કહેલા છે.(પ્ર)

એ પ્રમાણે સ્વરૂપ અને ફલ કહીને એ માત્ર પોતાનું જ વિચારેલું હોવાનું દૂર કરતાં

(એમાં) સર્વ વિચાર કરનારાઓની સંમતિ (હોવાનું) નીચેના શ્લોકથી કહે છે :

**એતન્નિર્વિદ્યમાનાનામ્ ઈમચ્છતામ્ અકુતોભયમ્ ।**
**યોગિનાં નૃપ નિર્ણીતં હરેર્નામાનુકીર્તનમ્ ।।૧૧।।**

હે નૃપ ! (સંસારથી) નિરાશ થયેલા, ક્યાંયથી ભય ન થાય એવું ઈચ્છનારા યોગીઓએ આ હરિના નામનું અનુકીર્તન (કરવા)નો નિર્ણય કરેલો છે.૧૧

આ વિષયમાં બધાએ આ નિર્ણય કરેલો છે, એટલે પછી કીર્તન કરવારૂપ (સંસારથી) નિરાશ થયેલા વૈરાગ્ય ઈચ્છનારા અથવા વૈરાગ્ય કરનાર, ક્યાંયથી ભય ન થાય તેવો બ્રહ્માનંદ ઈચ્છનારા અને એ માટે યોગ વગેરે આચરનારાએ આ જે હરિના નામનું અનુકીર્તન ઈચ્છેલું છે; એઓએ અથવા એઓ માટે (એ ઈચ્છેલું છે.) આરંભમાં વૈરાગ્યવાળા (થઈ) બ્રહ્માનંદની ઈચ્છા કરનારા અને યોગથી એ રસનો અનુભવ કરતાં એવો રસ એમાં નહિ અનુભવતાં, એ(રસ)ને પ્રગટ કરનારું ભગવાનનું નામ 'હરિ' હોવાથી પહેલાંનું દુઃખ દૂર કરતાં જ એ રસનું પાન કરાવે છે. તેથી ઉપર કહેલા પ્રકારે એ રસનો પ્રકાશ કરનારા એમના (ભગવાનના) નામોનું પ્રથમ પાન કરીને પછી અનુકીર્તન કરવું, એવો શાસ્ત્રના અર્થનો નિર્ણય છે. તેથી તું અને હું મહારસમાં પડેલા છીએ, એવો બંને ઉત્તમ અધિકારીઓનો ઘણો ઉત્સાહ સૂચવેલ છે. ૧૧

એવી રીતે ગુણો કહેવાના અને શ્રવણ કરવાના રસનું શ્રવણ કરીને, શાપથી પોતાનું તરત મરણ થવાનું સ્મરણ કરીને એવા રસનો આસ્વાદ ન થવાનો ખેદ કરતા રાજાને કહે છે :

**કિં પ્રમત્તસ્ય બહુભિઃ પરોક્ષૈર્હાયનૈરિહ ।**
**વરં મુહૂર્તં વિદિતં ઘટેત શ્રેયસે યતઃ ।।૧૨।।**

પ્રમાદીને ન જાણેલ ઘણા વય(ના આયુષ)થી અહીં શું ફલ ? મુહૂર્ત(નું આયુષ) જાણેલું ઉત્તમ, કારણકે (એ) કલ્યાણ પ્રાપ્ત કરાવનારું છે. ૧૨

(રસ પ્રાપ્ત કરવાના) સાધનરૂપ આયુષ નથી એવો ખેદ ન કરવા, ઈચ્છાવાળા અધિકારીને જેવું રસનું પ્રાકટ્ય થાય છે તેવું પ્રાકટ્ય જીવનની હદ ન જાણનારા અધિકાર વિનાનાને થતું નથી. તેથી[1] જીવનની હદ જણાવનાર શાપ ઉત્તમ જ છે, અને જીવન થોડું હોવાનું ઉત્તમ છે, કારણકે (એની) પાછળની હદ (અંત) નજીક છે. ઉત્તમ રસનો સ્વાદ લઈને એ રસમાં (કરેલા) પ્રવેશને લીધે પશ્ચાત્તાપ (થતો) નથી તેથી પોતાનો પરમાર્થ પ્રાપ્ત (કરવા)માં સાવધાન ન રહેનાર પ્રમાદીને જીવનના

ઘણાંયે ન જણાયેલાં વર્ષોથી કાંઈપણ ફલ મળતું નથી. જણાયેલું (જીવનનું) મુહૂર્ત પણ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું ઉત્તમ છે, કારણકે (જીવનના) જ્ઞાનને લીધે એ ક્ષણથી પણ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારું થાય છે. ૧૨

૧. 'તેથી' એટલે 'રસ પ્રાપ્ત કરવાની' ઈચ્છા ઉત્પન્ન કરાવનારો હોવાથી. (પ્ર)

તેથી શત્રુના આયુષની પેઠે ન જાણેલું આયુષ પ્રોત્સાહન કરાવનારું નથી, પરંતુ જાણેલું આયુષ જ (પ્રોત્સાહ કરાવનારું છે) એ વિષયનું અહીં દૃષ્ટાંત નીચેના શ્લોકથી કહે છે :

**ખટ્વાઙ્ગો નામ રાજર્ષિર્જ્ઞાત્વેયત્તામિહાऽऽયુષઃ ।**
**મુહૂર્તાત્સર્વમુત્સૃજ્ય ગતવાનભયં હરિમ્ ॥૧૩॥**

ખટ્વાંગ નામના રાજર્ષિએ આ લોકમાં આટલું આયુષ છે એમ જાણીને મુહૂર્તમાં સર્વનો ત્યાગ કરીને અભયરૂપ હરિને પ્રાપ્ત કર્યા.

ખટ્વાંગ નામવાળા દિલીપે દેવોનો પક્ષપાતી થઈ, દૈત્યોને હણી, દેવોએ 'વર માગ' એમ કહ્યું ત્યારે 'આયુષની હદ જાણીને એને અનુસરી વર માગીશ' એમ વિચારી (દેવોને પોતાનું બાકીનું) આયુષ પૂછ્યું. પછી એઓના કહેવાથી (આયુષ) માત્ર મુહૂર્તનું જાણીને ભૂમિ ઉપર આવી પહેલાં 'હરિ પાલન કરનાર છે એમ કહેલું હોવાથી, એ (હરિ) સિવાયનું સર્વ તજી, સ્મરણથી અભયરૂપ હરિ પાસે જઈ, એમને પ્રાપ્ત કર્યા, એવો અર્થ છે. તેથી આયુષનો સમય વધારે હોવાની જરૂર નથી, એવો અર્થ છે. ૧૩

તારું (આયુષ) તો બસેં(?) મુહૂર્ત અધિક છે. એક મુહૂર્તથી પણ સર્વ કાર્ય સિદ્ધ થાય છે, છતાં પણ એટલા સમયમાં મેં પહેલાં કહેલું દશ પ્રકારની લીલાવાળું ભગવાન્ સમ્બન્ધી શ્રવણ પ્રાપ્ત કર, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તવાપ્યેતર્હિ કૌરવ્ય સપ્તાહં જીવિતાવધિઃ ।**
**ઉપકલ્પય તત્સર્વં તાવદ્યત્સામ્પરાયિકમ્ ॥૧૪॥**

હે કૌરવ્ય ! હજી પણ તારા આયુષની હદ સાત દિવસની છે, ત્યાંસુધીમાં જે પરલોકનું સાધન છે તે પૂરું પ્રાપ્ત કર. ૧૪

જેમ એ(દિલીપ)નું આયુષ જણાયેલું તેવી રીતે તારું પણ (જણાયેલું) છે. 'એતર્હિ'–હજી પણ આયુષની હદ સાત દિવસની છે. માત્ર સાત દિવસની આયુષની હદ છે તેથી ત્યાંસુધીમાં પરલોકનું સાધન પૂરેપુરું જ 'ઉપકલ્પ'– પ્રાપ્ત કર. સર્વ

તજી ભગવાનની કથાનું શ્રવણ કર, એવો અર્થ છે. કેટલાક આગળ (શ્લો. ૧૫થી) જે કહેવામાં આવે છે તે (કરવાનું) કહે છે. એ પ્રમેયથી વિરુદ્ધ હોવાથી (એની) અવગણના કરવી.[૧]

૧.૨-૧-૫ થી ૨-૨-૩૬ સુધી સંપૂર્ણ રીતે શું કરવું યોગ્ય છે એ પ્રશ્નનો ઉત્તર જ મુખ્ય રીતે કહેલો છે, અને એ જ અહીં કરાય છે. તેથી શ્રવણ કરવું એ જ પ્રમેય છે, તેથી વિરુદ્ધ હોવાથી (એની અવગણના કરવી.) (પ્ર) પંદરમાં શ્લોકનો આભાસ પછી કહે છે એ જોતાં એ શ્લોકથી બીજા પ્રશ્ન 'મરવા પડેલાએ શું કરવું?' નો ઉત્તર હોવાનું જણાય છે.

'સંપૂર્ણ રીતે શું કરવું ?' એ પહેલા પ્રશ્નનો ઉત્તર પરિકર સાથે કહ્યો. 'અંતે નારાયણનું સ્મરણ કરવું' એ અને 'અભયરૂપ હરિને પ્રાપ્ત કર્યા' એ બે વાક્યોથી, અને 'પૂરું પ્રાપ્ત કર' આ વાક્યથી અંતકાલે કરવા યોગ્યનો ઉપદેશ કર્યો જ, કારણકે સંપૂર્ણ રીતે સર્વ સમયે એ જ કરવા યોગ્ય છે, છતાં પણ જો, રાજન્ ! હૃદયમાં એવી ઈચ્છા હોય કે એ(બીજા પ્રશ્ન)નો ઉત્તર દેવો, તો અમે (શુક) કહીએ છીએ કે એ શ્રવણ (એના) હૃદયમાં સારી રીતે સમજવામાં ન આવે તેથી નીચેના શ્લોકથી આરંભી સ્મરણસમયે કરવા યોગ્ય (કાર્ય) વિસ્તારથી કહેતાં, ઉપર કહેલ શ્રવણના ફલમાં ઉપયોગી અંગ મનન અને નિદિધ્યાસનનું નિરૂપણ કરે છે :

**અન્તકાલે તુ પુરુષ આગતે ગતસાધ્વસઃ ।**
**છિન્દ્યાદસઙ્ગશસ્ત્રેણ સ્પૃહાં દેહેઽનુ યે ચ તમ્ ।।૧૫।।**

મરણનો સમય આવે ત્યારે તો પુરુષે ભયરહિત થઈ અસંગરૂપ શસ્ત્રથી દેહમાંની અને જેઓ એની પાછળ છે તેઓમાંની અભિલાષાનો ત્યાગ કરવો.

મનન એટલે તર્કથી (શ્રવણ કર્યા) પછી મનન કરવું. એમાં ભગવાનનું શ્રવણ કરવું એમ કહેલું છે. એ વિષયમાં 'ભગવાન્ કોણ ?' એ ઈચ્છા છતાં સર્વાત્મા વગેરે શબ્દોથી સર્વપુરુષાર્થરૂપ સર્વ ફલ પ્રાપ્ત કરાવનાર (ભગવાન્.) બધુંયે ભગવાન્ એમ કહેવાયું. એ સમ્બન્ધમાં 'બધું ભગવાન્ કેવી રીતે' એ જાણવાની ઈચ્છા થતાં 'આત્મા જ આ સર્વ છે' 'આ સર્વ બ્રહ્મ જ છે' 'હું હરિ (છું)' 'આ સર્વ જનાર્દન છે' એવાં પ્રમાણના વચનો હોવા છતાં, લૌકિક તર્કની જરૂર જણાતાં બધાયે જગતનો ભગવાનમાં સમાવેશ કરવામાં આવે છે. 'ખરેખર નારાયણે કામના કરી' એવી શ્રુતિ હોવાથી અને 'આ સર્વ પુરુષ જ છે' એવી (શ્રુતિ હોવાથી) પુરુષ ભગવાન્ છે એમાં વિવાદ નથી. એ વિષયમાં જ્યાંસુધી બધાંય પુરુષના શરીરમાં મુકાયેલાં ન કરાય ત્યાંસુધી પુરુષ સર્વ હોવાનું ન માને, તેથી પુરુષના શરીરમાં બધાં રહેલા (હોવાનું) કહે છે. વળી, પુરુષના શરીરમાં મુકાયેલું છે એવું વચનથી કહેવામાં

આવે, છતાં પણ જો એ અનુભવથી વિરુદ્ધ હોય તોપણ માનવામાં ન આવે. તેથી ધ્યાનના પ્રકારથી એ કહે છે. જેનું ધ્યાન કરવામાં આવે છે તેનો કોઈ સમયે સાક્ષાત્કાર થાય ત્યારે એના શરીરમાં સર્વ જોતાં સન્દેહ ન રહે, તેથી તત્વનું નિરૂપણ કરવા માટે સાક્ષાત્કારરૂપ ફલ પ્રાપ્ત કરાવનાર નિદિધ્યાસન સુધીના મનનનો ઉપદેશ કરતાં 'પાક્ષિક દોષ પણ તજવો જોઈએ' એ ધોરણે કોણ વિચારે કે 'મરણસમયે સ્મરણ કરતાં બીજામાં ચિત્ત ચોંટી પણ જાય ત્યારે એ જ (પ્રાપ્ત) થાય.' તેથી એ દોષ દૂર કરવા માટે વૃત્તિ(વલણ)ને રોકવારૂપ યોગ કહેતાં, એ(યોગ)ના અંગરૂપ ધ્યાનના વિષય તરીકે ભગવાનનું સ્વરૂપ પણ કહે છે.

'તુ–તો' શબ્દથી તારે (રાજાએ) આ કરવાનું છે, એવા મતને બાતલ કરે છે અને પૂર્વપક્ષને મળતું જ કાંઈક કહેવાય છે એવા મતને બાતલ કરે છે.

'અન્તકાલઃ' એટલે મરણનો સમય અથવા આયુષરૂપ કાલનો અંત. રાજદંતની[1] પેઠે શબ્દો અનિયમિત મુકાયેલ છે; અથવા મરણ કરનારો સમય 'આવે' એટલે જણાય ત્યારે (૧)પહેલું સાધન ભયરહિત થવું, તેથી એ માટે પહેલાં કહેલ (શ્રવણ) કરવું; એ પછી (૨)અસંગરૂપ શસ્ત્રથી એટલે વૈરાગ્યરૂપ શસ્ત્રથી દેહમાં અને 'એની પાછળ' ઘર વગેરે જે દેહની પાછળ આવનાર છે તેઓમાંની 'આ મારા રહે અથવા એઓએ કરેલો ઉપકાર (મારો રહે)' એવી 'સ્પૃહામ્–અભિલાષાનો ત્યાગ કરવો, અંતઃકરણમાં એઓની અભિલાષા તજવી. આ બીજું સાધન છે. ૧૫

**ગૃહાત્ પ્રવ્રજિતો ધીરઃ પુણ્યતીર્થજલાપ્લુતઃ ।**
**શુચૌ વિવિક્ત આસીનો વિધિવત્કલ્પિતાસને ।।૧૬।।**
**અભ્યસેન્મનસા શુદ્ધં ત્રિવૃદ્બ્રહ્માક્ષરં પરમ્ ।**
**મનો યચ્છેજ્જિતશ્વાસો બ્રહ્મબીજમ્ અનુસ્મરન્ ।।૧૭।।**

ઘરમાંથી નીકળી ગયેલા, ધીર, પવિત્ર તીર્થના જલમાં સ્નાન કરેલા, વિધિ પ્રમાણે બનાવેલા પવિત્ર એકાન્ત આસન ઉપર બેઠેલાએ મનથી શુદ્ધ ત્રણ ભાગવાળા બ્રહ્માક્ષરનો ઉચ્ચાર કરવો. શ્વાસને જીતી, પછી બ્રહ્મબીજનું સ્મરણ કરતાં મનને વશ કરવું. ૧૬-૧૭

પછી ઘરમાંથી 'પ્રવ્રજેત્'-સંન્યાસ ગ્રહણ કરી જતો રહે. (આ) ત્રીજું (સાધન.) પછી ટાઢ વગેરેથી વિઘ્ન થતાં ધૈર્ય (રાખવું એ) ચોથું. આ યમ કહ્યા. (૨)'પવિત્ર તીર્થના જલમાં સ્નાન કરેલા' શબ્દથી (આરંભી) નિયમ કહેલ છે. બાર કાઢેલું જલ પણ પવિત્ર હોય, તેથી 'તીર્થમાં શબ્દ યોજેલ છે. 'પવિત્ર' શબ્દથી કામ્ય

તીર્થોનો ત્યાગ કરેલ છે. પુણ્યરૂપ તીર્થ ગંગા(માં) અથવા 'એઓએ તીર્થમાં એનો પ્રવેશ કરાવ્યો' એ શ્રુતિ પ્રમાણે ઘાટ(માં) 'આપ્લુતઃ-સારી રીતે સ્નાન કરેલા.' (૩)આસન કહે છે. 'શુચી-પવિત્ર, વિવિક્તે'-એકાન્તમાં વિધિ પ્રમાણે વસ્ત્ર, મૃગચર્મ, કુશ ઉપર રાખેલ પ્રકારથી બનાવેલ આસન ઉપર બેઠેલાએ ઉચ્ચાર કરવો, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. (૪)'ઉચ્ચાર કરવો' શબ્દથી (આરંભી) પ્રાણાયામ કહે છે સબીજ (ૐ ઉચ્ચાર સાથે કરેલા) પ્રાણાયામમાં વાયુ તરત સ્થિર થાય છે, અને પાપથી વાયુ ફર્યા કરે છે તેથી 'અ ઉ' અને 'મ્' શબ્દોથી 'વૃત્તમ્'-બનેલા ત્રણ વર્ણવાળા બ્રહ્મના અર્થવાળા અને વિઘ્ન ન થાય એ માટે મંગલરૂપ એવ બ્રહ્માક્ષરનો (ઉચ્ચાર કરવો,) અથવા 'પરમ્'-ઉત્તમ (એટલે) પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી પ્રકાર પૈકી પહેલા પ્રકારનો વર્ણરહિતનો એનો ઉચ્ચાર કરવો. એનાથી વાયુ જિતાય છે. પછી (૫)'મનને યશ કરવું' શબ્દોથી પ્રત્યાહાર કહે છે. શ્વાસ જેણે જીતેલ હોય તે જ મનને વશ રાખે છે, અને શ્વાસ ઉપરનો જય બ્રહ્માક્ષરથી થાય છે. તેથી જેણે શ્વાસ જીતેલ હોય તે બ્રહ્મબીજ(ૐકાર)નું પછી સ્મરણ કરતાં મનને વશ કરે છે, એવો વાક્યનો સમ્બન્ધ છે. ૧૬-૧૭

પ્રત્યાહારમાં મન અને ઈન્દ્રિયોની પરસ્પર કાર્ય અને કારણની સ્થિતિથી નીચેના શ્લોકમાં ભેદ દર્શાવે છે :

**નિયચ્છેદ્ વિષયેભ્યોઽક્ષાન્ મનસા બુદ્ધિસારથિઃ ।**
**મનઃ કર્મભિરાક્ષિપ્તં શુભાર્થે ધારયેદ્ ધિયા ॥૧૮॥**

બુદ્ધિરૂપ સારથિવાળો મનથી ઈન્દ્રિયોને વિષયોથી અટકાવે, કર્મોથી પરાભવ પામેલ મનને બુદ્ધિથી શુભ અર્થમાં ધારણ કરે. ૧૮

મનથી ઈન્દ્રિયોને વિષયોમાંથી અટકાવે. વિષયો દુષ્ટ હોવાથી બુદ્ધિ મનથી ઈન્દ્રિયોને રોકવામાં 'સારથિ'-સાહાય્ય કરનાર છે. પહેલાં મનની ક્રિયા પ્રાણાયામે અટકાવેલી, હવે 'કર્મભિરાક્ષિપ્તમ્-પ્રત્યાહાર (પાછું ખેંચવારૂપ)' કર્મોથી પાછું ખેંચાયેલું 'જા—સર્વ' તરફથી વિષયોથી દૂર થયેલું, વિષયોના જ્ઞાનને અનુકૂળ ન રહે તેવું મન, શુભરૂપ પદાર્થમાં 'ધિયા-(એ પદાર્થના)' સર્વ અવયવોમાં પ્રસરેલી બુદ્ધિથી માનસી મૂર્તિ બનાવીને, અને સર્વ અવયવોમાં મનને ધારણરૂપ કરવું. સર્વ અવયવોમાં મનને મૂકવું (એ) ધારણા, એક અવયવમાં મનને રાખવું એ ધ્યાન, એવો ભેદ છે. ૧૮

નીચેના શ્લોકમાં ધ્યાન કહે છે :

**તત્રૈકાવયવં ધ્યાયેદ્ અવ્યુચ્છિન્નેન ચેતસા ।**
**મનો નિર્વિષયં યુક્ત્વા તતઃ કિંચિન્ન સંસ્મરેત્ ।।૧૯।।**

એમાં જોડાયેલા ચિત્તથી એક અવયવનું ધ્યાન કરવું. પછી વિષયરહિત મનને યોગવાળું કરી કાંઈ પણ સ્મરણ ન કરવું. ૧૯

એમાં મનથી ગ્રહણ કરેલ મૂર્તિમાં 'જોડાયેલા' (એટલે) પહેલાં ધ્યાન કરેલા અવયવ સાથે જોડાયેલા એક અવયવનું ધ્યાન કરવું. આથી ખંડથી (છૂટા છૂટા અવયવોથી ધ્યાન) ન કરવાનું કહ્યું. એક (એક) અવયવનું પણ બીજા અવયવો સાથે યોગ્યતા પ્રમાણે ભળેલાનું જ ધ્યાન કરવું. એ પ્રમાણે ધ્યાન કરતાં જ્યારે મન વિષયની વાસના તજી દે ત્યારે આ વિષય(એક અવયવ)નો પણ ત્યાગ કરાવી, સંપૂર્ણ રીતે વિષયરહિત (મન)ને 'યુક્ત્વા-યોગ' સાથેનું કરી (એટલે) એની સર્વ વૃત્તિઓ(વલણ)ને અટકાવી દઈને, એવો અર્થ છે. પછી કોઈનું પણ સ્મરણ ન કરવું. યોગથી પ્રાપ્ત થયેલ પ્રયત્નથી ચિત્તને વશ કરી લેવું. ૧૯

પછી જે થાય છે તેનીચેના શ્લોકમાં કહે છે :

**પદં તત્પરમં વિષ્ણોર્મનો યત્ર પ્રસીદતિ ।**
**રજસ્તમોભ્યામાક્ષિપ્તં વિમૂઢં મન આત્મનઃ ।**
**યચ્છેદ્ધારણયા ધીરો હન્તિ યા તત્કૃતં મલમ્ ।।૨૦।।**

જ્યાં મન પ્રસન્ન થાય છે તે વિષ્ણુનું ઉત્તમ સ્થાન છે. રજોગુણથી અને તમોગુણથી પરાભવ પામેલ (અને) મૂઢ થયેલ પોતાના મનને ધીર (પુરુષ) જે એઓનાથી કરેલા મનનો નાશ કરે છે તેને ધારણાથી વશ કરવું. ૨૦

એવી રીતે ચિત્ત વશ કરવામાં આવતાં એ ચિત્ત પોતે જ પ્રસન્ન થાય છે, ધ્યાનના સારૂપ્યથી પરિણામ પામે છે.[1] એ પરિણામનો જે આધાર તે વિષ્ણુનું ઉત્તમ સ્થાન છે. જો એમ (એનો આધાર તે) ન હોય તો બીજા સ્થળમાં રોકાયેલું એ (બીજા સ્થળ)નો પ્રકાશ કરે અથવા વિષાદ પામે. તેથી જેમાં રોકાયેલું પ્રસન્ન થાય છે તે આધારના સામર્થ્યથી જ પ્રસન્ન થાય છે. તેથી પ્રસન્નતાનો આધાર ભગવાનનું સ્થાન જ છે. ચિત્ત પ્રસન્ન થતાં જે પ્રકાશે તે પુરુષોત્તમનું સ્થાન જીવાત્માનું.[2] સ્વરૂપ છે. એ શિખાની મધ્યમાં પરમાત્મા રહેલા છે' (મહોપનિષદ્, અધ્યાય ૧) એ શ્રુતિમાં અગ્નિની શિખા તરીકે કહેલી જીવની કલા જ[3] છે. અથવા અક્ષર ભગવાનનું સ્થાન હોવાથી એનો અંશ જીવ પણ ભગવાનનું સ્થાન છે. એવી રીતે જ્યાંસુધી મન પ્રસન્ન રહે ત્યાંસુધી એની રીતે જ રહેવું. 'રજઃ, સત્વ અને તમઃનો (અભિભવ

કરે)' (ભ.ગી. ૧૪-૧૦) એ નિયમ પ્રમાણે કાલથી પ્રેરણા કરાયેલા રજોગુણ અથવા તમોગુણ (અનુક્રમે) મનનો વિક્ષેપ કરે અથવા (એને) મૂઢ કરે ત્યારે યોગના બળથી બીજાઓના મન પણ ભગવાનના સ્થાનમાં જણાય છે, કારણકે બધાયે જીવો ત્યાં ભેગા થયેલા હોય છે. ત્યાં બીજાના મનનાં વિક્ષેપ થયેલ હોય ત્યારે કાંઈ પણ ન કરવું; પરન્તુ જ્યારે પોતાના મનનો રજોગુણ વિક્ષેપ કરે અથવા તમોગુણ (એને) મૂઢ કરે ત્યારે એ દોષ દૂર કરવા ફરીથી ધારણાથી મનને વશ કરવું. વશ કરવાના એ સમયે વાસનાથી રજોગુણ વિષયોને નજીક લાવે છે અને તમોગુણ નિદ્રા વગેરે લાવે છે. એ બંને (વિષય)માં ધીર થવું, અને એવી ધારણા કરવી કે જેનાથી રજોગુણના અને તમોગુણના દોષ દૂર થાય. ચંડિકા અને શિવ વગેરેની ધારણાને બાતલ કરવા 'જે એમનાથી કરેલા મલનો નાશ કરે છે' એમ કહેલું છે. ૨૦

૧.કાર્ય કરણ અને કર્તાની સ્થિતિ તજી વિકલ્પરહિત થાય છે. (પ્ર)

૨.'જે આત્મામાં રહેલા...' એ અંતર્યામી બ્રાહ્મણના વાક્ય પ્રમાણે જીવની અંદર ભગવાનની સ્થિતિ કહેલી હોવાથી, એ ભગવાનની સ્થિતિનું સ્થાન છે.(પ્ર))

વળી, જે ધારણાથી યોગ સિદ્ધ થાય તેવી ધારણા કરવી, અને કર્મ(યોગ) વગેરે ઘણાયે યોગો ચિત્તનો નિરોધ કરનારા છે. એઓમાં પણ જેનાથી ભક્તિલક્ષણ યોગ થાય તે ધારણા કરવી, એમ નીચેના શ્લોકથી કહે છે :

**યત્ર સંધાર્યમાણાયાં યોગિનો ભક્તિલક્ષણઃ ।**
**આશુ સંપદ્યતે યોગ આશ્રયં ભદ્રમીક્ષતઃ ॥૨૧॥**

જે વિષયની ધારણા કરવામાં આવતાં, ભદ્ર આશ્રયનું ધ્યાન કરતા યોગીને તરત ભક્તિલક્ષણ યોગ પ્રાપ્ત થાય (તે વિષયની ધારણા કરવી.) ૨૧

ચિત્તનો નિરોધ કરનાર યોગીના ચિત્તની વૃત્તિ (ક્રિયા) જે વિષયના સર્વ અવયવોમાં રહેતો હોય ત્યારે ભક્તિ જ જેનું લક્ષણ છે-ગાયના સાસ્ના (ગળે લટકતી ઝાલર) વગેરેની પેઠે ભક્તિનો કોઈપણ સમયે (જેનાથી) લોપ થતો નથી અને ભક્તિથી જ એની પ્રસિદ્ધિ થાય-તેવો યોગ પ્રાપ્ત થાય છે. 'યોગ ભક્તિલક્ષણ કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'ભદ્ર આશ્રયનું ધ્યાન કરતાં' એમ કહેલું છે. 'ભદ્ર' (એટલે) મનોહર ધારણાનો આશ્રય ભગવદ્રૂપ હોય એવો અર્થ છે. એ 'ઈક્ષતઃ-એનું ધ્યાન કરતાં (યોગીને) પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે. ૨૧

એ સમ્બન્ધમાં રાજા નીચેના શ્લોકથી અધિક પ્રશ્ન કરે છે :

**યથા સંધાર્યતે બ્રહ્મન્ ધારણા યત્ર સંમતા ।**

**યાદૃશી વા હરેદાશુ પુરુષસ્ય મનોમલમ્ ॥૨૨॥**

હે બ્રહ્મન્ ! ધારણા કેવી રીતે (કરવી)? કોનામાં ઇચ્છેલી છે ? અને કેવી (ધારણા) પુરુષના મનના મેલનો તરત નાશ કરે ? ૨૨

આ ધારણા કેવી રીતે ધારણ કરવી ? માનસી મૂર્તિ કરી એમાં મન પરોવવું, અથવા શ્રવણ કરેલી ભગવાનની મૂર્તિનું સ્મરણ કરીને (એમ કરવું) ? વળી કોનામાં, કઈ મૂર્તિમાં (એ) ઇચ્છેલી છે ? ભગવાનની અનન્ત મૂર્તિઓ હોવાથી જે મૂર્તિ જ બધા જ યોગીઓએ ઇચ્છેલી હોય (તે કહો.) વળી, (ધારણા) કેવી, કેવા પ્રકારની, (ભગવાનના) રૂપના પ્રધાનપણાથી અથવા ગુણના પ્રધાનપણાથી, સ્થૂલ અથવા સૂક્ષ્મ, આકાર વિનાની કે આકારવાળી, શાન્ત કે સ્નેહવાળી (કરવી)? એ સમ્બન્ધમાં, જેવી પુરુષના મલનો નાશ કરે તેવી કહો, એમ અર્થથી કહેવાયું. ગુરુની સન્નિધિમાં (પાસે) આજ્ઞા કરવી એ યોગ્ય ન હોવાથી બાકીનું અભિપ્રાય જણાવનારું વાક્ય કહીને, આજ્ઞાનો ભાગ (કહો એમ) કહેલ નથી. ૨૨

એનો ઉત્તર નીચેના શ્લોકથી (આરંભી) કહે છે :

શ્રીશુક ઉવાચ

**જિતાસનો જિતશ્વાસો જિતસંગી જિતેન્દ્રિયઃ ।**
**સ્થૂલે ભગવતો રૂપે મનઃ સંધારયેદ્ધિયા ॥૨૩॥**

આસન પ્રાપ્ત કરેલું તેવા, શ્વાસ વશ કરેલો તેવા, સંગનું નિયન્ત્રણ કરેલું તેવા અને ઇન્દ્રિયો ઉપર વિજય કરેલો છે તેવાએ બુદ્ધિથી મનને ભગવાનના સ્થૂલ રૂપમાં ધારણ કરવું. ૨૩

કેવી ધારણા કરવી એનો ઉત્તર આપે છે કે આસન વગેરે ઉપરના જયવાળો એ મનના મેલનો નાશ કરે છે. 'જિતસઙ્ગઃ'–જેણે વિષયોના સંગનું નિયન્ત્રણ કરેલું છે' એ શબ્દથી મન વશ કરેલું હોવાનું કહ્યું. 'કોનામાં (ઇચ્છેલી છે)?' એનો ઉત્તર ઉત્તરાર્ધથી આપે છે. 'બુદ્ધિથી' એટલે નિશ્ચયરૂપ બુદ્ધિથી (ધારણા કરવી.) ૨૩

ભગવાનનું સ્થૂળ રૂપ કેવું (કેવા પ્રકારનું) છે? સર્વત્ર રહેલું રૂપ તો ફલરૂપ હોઈ ધારણ કરવા યોગ્ય નથી. બીજાં મત્સ્ય વગેરે રૂપો તો નક્કી કરેલ કદના છે, તેથી સ્થૂલ રૂપ કયું.[૧] એ જાણવાની ઇચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિશેષસ્તસ્ય દેહોઽયં સ્થવિષ્ઠસ્ય સ્થવીયસામ્ ।**
**યત્રેદં દશ્યતે વિશ્વં ભૂતં ભવ્યં ભવચ્ચ સત્ ॥૨૪॥**

જેની અંદર થયેલું, થવાનું અને (હાલ) છે તે આ વિશ્વ દેખાય છે તે આ પૃથ્વી મોટા (પદાર્થો)માં સર્વથી અધિક સ્થૂલ એમનો દેહ છે. ૨૪

ભા. ૩-૨૬-૪૯ પ્રમાણે સર્વ પદાર્થો એ(પૃથ્વી)ના રૂપના હોવાથી 'વિશેષઃ' પૃથ્વી છે; અથવા 'વિશિષ્ટઃ'-વિષ્ણુ[૨] જેમાં બાકી રહે છે તે, અથવા અહીંના+૨ (સર્વ પદાર્થો)નો કાલ કોળિયો કરતો હોવાથી 'વેઃ'-કાલનો (કાલથી) બાકી રહેલો (પદાર્થ.)[૨] તેથી[૩] જ ભગવાનનો દેહ વિશેષ (પૃથ્વી) છે. કાલ ભગવાનની ચેષ્ટારૂપ હોવાથી એ (ચેષ્ટા, કાલ)નો આધાર (એનો) દેહ હોય જ. સાંખ્યો એમ (માને છે) કે દેહ અને આત્માનો સંયોગસમ્બન્ધ છે. એ (સાંખ્ય)ના એકદેશી(મત)વાળા અને યોગીઓ (દેહમાં આત્માનો) અધ્યાસ થાય છે એમ (માને છે), બીજાઓ લોઢાના ગોળામાં અગ્નિનો આવેશ થાય છે તેવી રીતે (દેહમાં આત્માનો) આવેશ થતો હોવાનું (માને છે.) બીજાઓ એમ (માને છે) કે અહંકારથી (આ દેહ) હું છું એવો (આત્મા) સ્વીકાર કરે છે. એ ચારે મતો ભગવાન્ અને (એમના) દેહનો સમ્બન્ધ જણાવનાર નથી, પરન્તુ (દેહનો ભગવાન્) પોતાના સ્વામી હોવાને સમ્બન્ધ છે એમ 'એમનો' એ છટ્ઠી વિભક્તિનો બોધ કરે છે. વૃદ્ધિના અર્થવાળા 'દિહ્' ધાતુને 'અચ્ (અ)' પ્રત્યય લગાડતાં 'દેહ' (શબ્દ) થાય છે. ભગવાનની આ વૃદ્ધિ છે એવો અર્થ છે. જોકે સ્વરૂપમાં રહેલા(ભગવાન્) જ સર્વ કરવા શક્તિવાળા છે, છતાં પણ સર્વનું પોષણ થાય એ માટે સ્વરૂપ કરતાં પણ અધિક સુખ આપવા માટે વૃદ્ધિ પામી પુષ્ટ થઈ સર્વ કરે છે. તેથી એ (પુષ્ટ થયેલું) રૂપ જ ભગવાનની ધારણાનો વિષય છે એવી સર્વની સંમતિ+૪ છે. 'આ' શબ્દથી દેખાતો પદાર્થ (કહેલ છે.) જોકે (એનો) એક ભાગ જ એવો (દેખાતો) હોય છે, તોપણ એનાથી બીજા (ભાગ)નું અનુમાન સહેલાઈથી કરાતું હોવાથી બીજા અવયવોના જ્ઞાન સાથેનો પ્રત્યક્ષ પદાર્થ જ ઉત્તમ જ્ઞાન કરાવે છે, તેથી 'આ' એમ કહેલું છે.

વિસ્તારને લીધે પૃથ્વી સર્વથી સ્થૂલ અથવા સ્થૂલ છે. આ શાસ્ત્ર પ્રમાણે પાંખા અવયવોવાળા (પદાર્થો) સૂક્ષ્મ છે (અને) ઘન થયેલ અવયવોવાળા સ્થૂલ છે. તેથી જ આકાશ વગેરે સૂક્ષ્મ છે અને એવી રીતે[૫] વ્યવહાર માટે દેખાતા નથી. પૃથ્વી તો સર્વ વ્યવહાર માટે દેખાતી સ્થૂલ છે. છૂપો અવયવી ઘન પુષ્ટ અવયવોથી પ્રગટ થાય છે તેવી રીતે દેહથી પણ ભગવાન્ પ્રગટ કરાય, તેથી ધ્યાનના વિષય થાય (ધ્યાન કરવામાં આવે ત્યારે) ભગવાન્ પણ પ્રગટ થાય એ માટે[૬] એ (ભગવાનના દેહ)ને સ્થૂલ કહેલ છે, અને બુદ્ધિમાં પ્રવેશ કરેલા (ભગવાનનો દેહ પૃથ્વી) બુદ્ધિને પણ

સ્વચ્છ કરે. તેથી (ત્યાર) પછી સ્થૂલ બુદ્ધિ સૂક્ષ્મ પદાર્થોનું ગ્રહણ ન કરે, તેથી એનાથી[૭] રજોગુણ અને તમોગુણે કરેલ મનનો દોષ રહેતો નથી 'ચ'-અને' શબ્દથી (એમ જણાવ્યું કે) સર્વ અવયવો ગાઢ સમ્બન્ધવાળા હોવાથી (એ) સુંદર છે. તેથી[૮] મોટા આકાશ વગેરેની અંદર (વગેરે કરતાં) ઘટ અવયવો હોવાને લીધે એ (ભગવાનના દેહ પૃથ્વી)માં બુદ્ધિ સ્થિર થાય છે. તેથી[૮] જ 'બ્રહ્મ આકાશ-શરીરવાળું છે' 'વાયુ આત્મા છે' 'જલ જેનો આત્મા છે તેને નમસ્કાર' વગેરે વાક્યોથી સર્વ ભૂતો ભગવાનનું શરીર[૯] હોવાનું કહેલ છે, છતાં પણ આ જ (ઘટપણાના) ગુણને લીધે આ (દેહ પૃથ્વી) ધારણાનો વિષય છે. વળી સર્વ જણાતા પદાર્થો આ (પૃથ્વી)માં હોવાનું સંભવે છે, પરન્તુ આ બીજામાં હોવાનું સંભવતું નથી. તેથી આ ધ્યાનનો વિષય છે એ ઉત્તરાર્ધથી કહેલું છે. સમુદ્રો, સૂર્ય, વાયુ અને અવકાશ બધુંયે વિશ્વ આમાં દેખાય છે, અને અહંકાર વગેરે આમાં સમાયેલા બીજા પણ સૂક્ષ્મ (પદાર્થો) આમાં મુકાયેલ હોવાનું શ્લોક ૨૬ વગેરેથી (શુક) પોતે જ કહેશે. કાલ[૧૦] પણ તર્ક દ્વારા આમાં આવી જાય છે. એ 'થયેલું, થવાનું અને છે' શબ્દોથી કહે છે. કોઈપણ નિમિત્તથી[૧૧] થઈ ગયેલ હોવાપણું' વગેરે ગુણના સમ્બન્ધને લીધે ઉદય થયા વિનાનો, અસ્ત થયેલો કાલ, થયેલ હોવાપણું વગેરે કરાવે છે. એમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશરૂપ ત્રણ ગુણો કરાતા હોવાથી એમ થાય છે. તેથી પોતાના કાર્યો સાથે અહીં સ્પષ્ટ રીતે પ્રકાશતો હોવાથી બધુંયે 'ભૂતં'-થઈ ગયેલું, ભગવાનની ચેષ્ટાએ કાલ 'ભવ્યમ્'-થવાનું, 'ભવત્'-છે તે સર્વ ભગવાનનું કાર્ય આમાં સ્પષ્ટ જાણવામાં આવે છે. 'ચ'-અને' શબ્દનો એવો અર્થ છે કે ત્રણ કાલ વગેરેના સમ્બન્ધ વિનાનું પ્રાણ જીવ વગેરેના સ્વરૂપનું પણ અહીં જ્ઞાન થાય છે. 'યદ્'—જે' શબ્દથી પ્રસિદ્ધ (હોવાનું જણાવ્યું.) આમાં કાંઈ તિરોહિત (ન જણાય એવું) નથી, તેથી વિશેષ પ્રકારથી પ્રમાણ કહેવાની જરૂર નથી, એવો ભાવ છે. ૨૪

૧.'કયું' એટલે કયા કદનું, બહુ મોટું કે મધ્યમ ?(પ્ર)

૨.'વિશિષ્ટઃ' વિષ્ણુ નામ છે, તેથી આ વાક્ય ઘટે છે. પ્રકાશકાર બીજો પાઠ હોવો જોઈએ એમ જણાવે છે, એમ કરવાની જરૂર જણાતી નથી.

૨.અહીંના પદાર્થોમાં કાલે કોળિયો કર્યા પછી અવાન્તર પ્રલય થાય ત્યારે આ જ બાકી રહે છે.(પ્ર)

૩.'તેથી જ' એટલે કાલના ગ્રાસને અધીન ન હોવાથી જ.(પ્ર) કાલનો કોળિયો થતી ન હોવાથી.

૪.૨-૧-૨૨માં પૂછેલ સર્વની સંમતિ જેમાં હોય તે કહેવાના પ્રશ્નનો આ ઉત્તર છે.(પ્ર)

૫.એવી રીતે એટલે પૃથ્વી પેઠે.(પ્ર)

૬.'એ માટે' એટલે પ્રયોનથી.(પ્ર)

૭.એનાથી એટલે સુંદરતાથી.(પ્ર)
૮.પૃથ્વીની ધારણાથી ભગવાનના સ્થૂલ દેહનું ધ્યાન થાય છે એમ દર્શાવવા આ કહેલ જણાય છે.
૮.તેથી જ એટલે અવયવો ઘટ (ગાઢ સમ્બન્ધવાળા) ન હોવાથી.(પ્ર)
૯.દેહ કહેલ નથી, પણ શરીર જ કહેલ છે.(પ્ર)
૧૦.લોકનું ચોથું ચરણ કહેવાનું પ્રયોજન અહીંયાં કહે છે.(પ્ર)
૧૧.'કોઈપણ નિમિત્તથી' એટલે ભગવાનની ઈચ્છાથી ચાલ્યા કરવાના સ્વભાવરૂપ ગુણથી.

'જડ (પદાર્થ) ધ્યાન કરવા યોગ્ય કેમ ગણાય,' કારણકે ધ્યાન અવશ્ય ફલનું દાન કરનારું છે. બીજી ક્રિયા પેઠે ધ્યાન અદૃષ્ટ દ્વારા ફલ કરનારું નથી, કારણકે (તેથી) જેમનું ધ્યાન કરાય છે તેમનો સાક્ષાત્કાર જ અનુભવાય છે. ભગવાનના સમ્બન્ધને લીધે જ (એ) ધ્યાન કરવા યોગ્ય થતું હોય, તોપણ ગૌણ અને મુખ્ય મધ્યે મુખ્યમાં પૂરી શ્રદ્ધા (રાખવી) એ નિયમ પ્રમાણે ભગવાનનું ધ્યાન કેમ ન કરવું?' એવી શંકાના સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**આણ્ડકોશે શરીરેઽસ્મિન્સપ્તાવરણસંયુતે ।**
**વૈરાજઃ પુરુષો યોઽસૌ ભગવાન્ધારણાશ્રયઃ ।।૨૫।।**

સાત આવરણવાળા આ આંડકોશરૂપ શરીરમાં આ જે વૈરાજ પુરુષ ભગવાન્ છે, તે ધારણાનો આશ્રય છે. ૨૫

આ ધ્યાનના વિષય તરીકે કહેલું નથી, પણ (ધ્યાનના વિષય)ના આધાર તરીકે (કહેલું છે.) આવી 'ધારણા કેવી રીતે કરવી?' (શ્લો. ૨૨) એ પણ જણાવાયું. (ધારણાના) સાક્ષાત્ વિષય તરીકે ભગવાન્ છે, આંડકોશ (બ્રહ્માંડ) તો એમનો આધાર છે. જો કે પોતાનો આત્મા જીવ જ[૧] આધાર હોવાનું યોગ્ય છે એ પણ પછીના અધ્યાયમાં મતાન્તર તરીકે કહેવામાં આવશે, છતાં પણ બહાર રહેલા ભગવાનનો અંદર પ્રવેશ કરાવવો છે, તેથી સ્નેહ અધિક થાય એ માટે, માહાત્મ્ય પ્રગટ થાય[૨] એ માટે અને પ્રયત્ન સફળ થાય એ માટે પોતાની અંદર પ્રાપ્ત થયેલ સ્વરૂપની ઈચ્છા કરતાં પ્રાપ્ત થયેલાને સાધન કરવાનો દોષ ન થાય એ માટે, અને માત્ર સ્મરણનો જ વિષય હોવાથી ધ્યાન થઈ શકે એ માટે, બ્રહ્માંડ જેમનો આધાર છે તે ભગવાનને જ ધ્યાનના વિષય (ધ્યાન કરવા યોગ્ય) કહેલા છે. અંડના સમ્બન્ધવાળો તે આંડ. એ કોશ અર્ધખીલેલ કમળરૂપ છે. એ જ (ભગવાનનો) દેહ છે. 'જ્યારે પોતે રચેલાં પાંચ ભૂતોથી...' (ભા. ૧૪-૩-૩) વાક્ય પ્રમાણે ભગવાને પોતાને માટે આ શરીર (બ્રહ્માંડ) બનાવેલું છે, તેથી શરીર ભોગ (કરવા)નું સ્થાન હોવાથી અહીં (આ શરીરમાં) કરેલું એમના ભોગ માટે થાય છે. તેથી આત્મા (જીવ) કરતાં પણ આ

(બ્રહ્માંડરૂપ દેહ)નું જ આધાર તરીકે ધ્યાન કરવું એવું તાત્પર્ય છે. આ કોશરૂપ હોવાથી, બીજા દેહો પેઠે છિદ્રવાળું ન હોવાનું જણાવેલ છે, અને એમાં જ મકરંદ(રસ)નું પાન થાય છે. આ શરીર સારી રીતે રક્ષણ કરાયેલું છે એમ કહેતાં 'સાત આવરણવાળા' શબ્દથી ભગવાન્ સિવાયના તત્વોનો સંપૂર્ણ સમૂહ આમાં મુકાયેલ છે (એમ) કહેલ છે. જે સાત આવરણો છે તેનાથી સંયુક્ત (આ છે.) 'સંયુક્ત' (જોડાયેલું, વાળું) શબ્દથી વચમાં ખાલી સ્થાન ન હોવાનું કહ્યું. જલથી આરંભી પ્રકૃતિ સુધીના સાત આવરણો[3] છે. એમાં જે 'વૈરાજ પુરુષ' છે તે બીજો પુરુષ[4] શાસ્ત્રમાં સર્વત્ર પ્રસિદ્ધ છે અને (એ) 'આ' એમ અનુભવથી સિદ્ધ થયેલ છે. એ વિરાટ્ શરીરમાં પ્રવેશ કરેલો વૈરાજ જ છે, પરંતુ અમુક કોઈપણ જીવ નથી, એ 'ભગવાન્' શબ્દથી કહેલ છે. જે વૈરાજ પુરુષ કહ્યો તે જ યોગીઓને પ્રત્યક્ષ પ્રાપ્ત થતા ભગવાન્ છે. એ જ ઘણો જ અભ્યાસ હોવાને લીધે 'આ' એમ પ્રત્યક્ષપણાથી કહેલ છે; અને એ જ ધારણાનો વિષય છે. એનો આધાર (બ્રહ્માંડ) કોશ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ રહેલા છે, અથવા જેમ કમલમાં ભમરો રહેલ છે, અથવા જેમ મહેલમાં રાજા રહેલ છે, (તેમ એ બ્રહ્માંડમાં રહેલ છે.) 'આશ્રય' શબ્દથી એમ સૂચવેલું છે કે પોતાના સમ્બન્ધમાં આવેલી (કરેલી) ધારણાનું ફલ પૂરેપુરું હું આપીશ. ૨૫

૧.જીવ શરીરમાં રહેલો હોવાથી એના ઉપર સહજ સ્નેહ રહેતો હોવાથી એ ઉત્તમ છે, તેથી એની જ ધારણા કરવી (એવો પૂર્વપક્ષ) છે.(પ્ર)

૨.હૃદયમાં રહેલ જીવ અણ (સર્વથી નાના કદનો) છે. એમાં જ જો આ સમાય તો એનું મહત્પણું સિદ્ધ થાય, તેથી એ સિદ્ધ થાય એ માટે.(પ્ર)

૩.જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર, ભ.ગી. ૭-૪- માં આઠ અપરા પ્રકૃતિઓ કહેલ છે, તે પૈકી પૃથ્વી તો દેહ થઈ. તેથી બાકીના સાત આવરણો રહ્યાં. જલથી આરંભી પ્રકૃતિ સુધીના સાત.(પ્ર)

૪.'બીજો પુરુષ' અક્ષરરૂપ છે.(પ્ર) ૫.આથી અક્ષર અને પુરુષોત્તમ અભેદ જણાવ્યો છે.(પ્ર)

હવે બધાયે સાધારણ સૂક્ષ્મ (પદાર્થો) એમાં રહેલા છે એમ કહેવા, ભાર ન જણાય એ માટે નીચેના શ્લોકથી આરંભી આધારો અવયવ હોવાનું જણાવેલું છે :

**પાતાલમેતસ્ય હિ પાદમૂલં પઠન્તિ પાર્ષ્ણિપ્રપદે રસાતલમ્ ।**
**મહાતલં વિશ્વસૃજોઽથ ગુલ્ફૌ તલાતલં વૈ પુરુષસ્ય જઙ્ઘે ।।૨૬।।**

પાતાલ આના ચરણનું તળિયું છે, ચરણના પાછલા અને આગલા ભાગો રસાતલ (છે), પછી મહાતલ વિશ્વરચનારની ઘૂંટીઓ છે, તલાતલ ખરેખર પુરુષની પીંડીઓ છે. ૨૬

ચૌદ લોકો ચૌદ પ્રકારથી (ભગવાનના) અવયવોમાં ગોઠવાઈ ગયેલા ધ્યાનનો વિષય થાય છે, પરંતુ ભગવાનના અવયવો લોક થયેલા નથી. એમ થયેલ હોય તો (ભગવાનની) હલકી સ્થિતિ થવાથી ધ્યાન કરવા એ યોગ્ય જ ન રહે. એ (લોકની ગોઠવણ) કહે છે : ૧.સર્વથી નીચેનો લોક પાતાલ છે. ચરણનું મૂલ સહેજ લાલ સ્થાન છે. એમ હોવાથી એ વાસુકિ વગેરે સર્પો ચરણના તળિયાની રેખાઓ હોવાનું ઘટે છે. 'પઠન્તિ'-કહે છે' શબ્દથી એનું પ્રમાણ કહે છે. વેદવદન[૧] (વ્યાકરણ) વગેરેથી આ પ્રસિદ્ધ થયેલ છે. 'આના' એટલે શરીરના. (એનો) ભગવાનના એવો અર્થ (લઈએ ત્યારે) સાક્ષાત્ બ્રહ્મ એ (શરીર)માં પ્રસરેલ હોવાથી એ શરીરની સ્થિતિ પ્રાપ્ત કરેલ (ભગવાનના) એવો અર્થ છે. ૨.'પાષ્ણિં' એટલે ચરણનો પાછલો ભાગ, 'પ્રપદ્' એટલે (ચરણનો) આગલો ભાગ અને પ્રત્યાહાર (પાછા ખેંચવાથી ચરણનો) મધ્ય ભાગ. રસાતલ (એ) એ(પાતાલ)ની ઉપરનો લોક. ૩.'ગુલ્ફૌ' ચરણની ગાંઠરૂપ ઘૂંટીઓ. રસાતલથી ઉપરનો લોક મહાતલ છે. એવી રીતે આગળ પણ પહેલાં કહેલા (લોક)ની ઉપરનો લોક પાછળથી કહેવામાં આવે છે એમ જાણવું. 'વિશ્વ રચનાર' શબ્દથી મહાતલમાં 'મહા' શબ્દ યોજવાનું કારણ કરેલું છે, કારણકે ત્યાં (એ લોકથી) આરંભી સૃષ્ટિ અધિક છે. એ જુદો ખંડ છે એમ જણાવવા 'અથ'-પછી' શબ્દ યોજેલ છે. આટલાથી[૧] પાંચ ખંડ(ભાગ)વાળા પુરુષ જણાવાય છે. ૧.એ[૨] પૈકી (પાતાલ અને રસાતલ એ) બે લોક એક ખંડ છે. 'પછી' જુદા આરંભથી ઘૂંટીઓ (કહી.) ત્રણ ગુણોના પણ ૧.માત્ર તમઃ, ૨.રજઃ અને તમઃ, ૩.રજઃ, ૪.રજઃ અને સત્વ અને ૫.સત્વ (એવા) પાંચ ભેદો પણ (આ પાંચ ખંડથી) કહેલા છે, તે પૈકી આ બે લોકથી માત્ર તમઃનું નિરૂપણ કર્યું. ૨.મહાતલથી આરંભી સુતલ સુધીનો બીજો ખંડ[૩] છે. ૪.તેમાં પીંડીઓ તલાતલ છે. 'પુરુષ' શબ્દથી (એ) રુવાડાંવાળી બે પીંડીઓ કહી. બંને અવયવો[૪] ના સમ્બન્ધ વાળી હોઈ અથવા આધારવાળી[૫] હોઈ તલાતલ નામમાં બે શબ્દો યોજેલ છે. ૨૬.

૧.'વેદવદન' વ્યાકરણથી આવી પ્રસિદ્ધિ ન થાય. 'વેદવચન' પાઠ હોવા જોઈએ. વેદના વચનથી પ્રસિદ્ધિ.

૧.'આટલાથી' એટલે બે લોક કહ્યા પછી ('અથ' શબ્દ યોજી) જુદો આરંભ કરેલ હોવાથી.(પ્ર)

૨.અહીંથી પાંચ ખંડ સ્પષ્ટ કરે છે.(પ્ર)

૩.આથી એમ જણાવ્યું કે લૌકિક પુરુષના શરીરમાં ખંડો છે તેમ અહીં પણ છે, તેથી વિતલ અને અતલ ત્રીજો, મહીતલથી જ્યોતિરનીક સુધીનો ચોથો અને મહર્લોકથી સત્યલોક સુધીનો પાંચમો ખંડ છે.(પ્ર)

૪.પીંડીને ઘૂંટી તથા ઢીંચણ બંને સાથે સમ્બન્ધ છે. ઢીંચણથી એ નીચે અને ઘૂંટીથી ઉપર છે, તેથી એ લોકના (તલ અને અતલ એમ) બે નામ છે.
૫.'આતલ' કરતાં 'આ' સર્વ તરફથી 'તલમ્' તલ, એવો અર્થ સંભવતો હોઈ એ બલવાન્ છે એમ જણાવવા આ શબ્દથી એવો અર્થ જણાય છે.(પ્ર)

**દ્વે જાનુની સુતલં વિશ્વમૂર્તેરૂરુદ્વયં વિતલં ચાતલં ચ ।**
**મહીતલં તજ્જઘનં મહીષતેર્નભસ્તલં નાભિસરો ગૃણન્તિ ।।૨૭।।**

સુતલ વિશ્વદેહવાળાના બે ઢીંચણો છે અને વિતલ અને અતલ બે સાથળો છે. મહીતલ એ મહીપતિનું જઘન છે. નભસ્તલને નાભિસરોવર કહે છે. ૨૭

(૫)સુતલ બે ઢીંચણો છે. 'જાનુની' દ્વિવચન હોવાથી શબ્દથી બે ઢીંચણો પ્રાપ્ત થતાં, ફરી 'બે' શબ્દએ લોક બે પ્રકારનો હોવાનું જણાવવા (યોજેલ છે) તેથી સુતલ શુદ્ધ છે એમ આગળ કહેશે. (એ) સાધારણ સ્થાન અને પોતાને રહેવાનું સ્થાન (એમ બે પ્રકારનું છે.) જ્યાં બલિ રહે છે તે શુદ્ધ છે તેથી જ 'વિશ્વદેહવાળા' શબ્દથી એને દેખાડેલ વિશ્વરૂપનું સ્મરણ કરાવે છે.(૬-૭)વિતલ અને સુતલ બે સાથળો છે. એક સાથળ અતલ અને એક વિતલ. કેટલાક કહે છે કે આગળના અને પાછળના પ્રકારના ભેદથી[1] બંને લોક સાથળો છે.[2] લૌકિક પુરુષના ધોરણે એ સંભવતું હોવા છતાં પણ પાંચમા (સ્કંધ)માં 'એની નીચે' એમ (કહેલ) નહિ હોવાથી એ વિચારવા જેવું છે. અથવા અહીં 'ચ'–અને' શબ્દો હોવાથી એમ[3] પણ (માનવું) અથવા એમાં પણ મહાદેવનું ક્રીડાસ્થાન અને બીજું સ્વર્ગરૂપ મયના પુત્રનું સ્થાન (એવા) પેટાભેદ (જાણવા.) (૮)મહીતલ (એટલે) પૃથ્વી. તે ભગવાનનું જઘન (કેડ) છે. ઉભા રહેલા પુરુષની અને ઉપરના ગોળની એવી[4] વ્યવસ્થા છે. ધ્યાન ધરવા યોગ્ય છે. 'મહીપતિ' શબ્દથી અહીં ભગવાન્ રાજાની રીતથી રહેલા કહેલ છે. નભસ્તલ (એટલે) અંતરિક્ષ (આકાશ.) 'નાભિસરોવર' શબ્દથી અંતરિક્ષમાં જલ રહેલ હોવાનું કહેલ છે. (એ) પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવા છતાં વેદના પ્રમાણથી સિદ્ધ છે એમ 'ગૃણન્તિ'-કહે છે' શબ્દથી કહેલ છે. 'અથવા આ અંદર હતું, જે અદંર હતું તે તારાઓનું તારાપણું છે' એ શ્રુતિ (એમ કહે છે.) અહીં ભગવાનની મૂર્તિ ન હોવાથી અને (આ) રુદ્રનું સ્થાન હોવાથી, અને નાભિમાંથી કમલ નીકળવાનો સંભવ હોવાથી આને સરોવર તરીકે જ જણાવેલું છે.[4] ૨૭

૧.'આતલ' કરતાં 'આ' સર્વ તરફથી 'તલમ્' તલ, એવો અર્થ સંભવતો હોઈ એ બલવાન્ છે એમ જણાવવા આ શબ્દથી એવો અર્થ જણાય છે.(પ્ર)
૧.વિતલ આગલો ભાગ અને અતલ પાછલો ભાગ એવા ભેદથી.(પ્ર)

૨.વિતલ બે સાથળો છે અને અતલ પણ બે સાથળો છે.
૩.આગળના અને પાછળના ભાગનો ભેદ હોવાનું માનવું; (પણ) ન્યાયના વિચારે ઘટતું નથી.(પ્ર)
૪.પાંચમા સ્કંધ પ્રમાણે એવી વ્યવસ્થા છે. અહીં શ્રોણિ (કૂલા) પ્રદેશ કહેલ નથી, છતાં પણ શ્રોણિ પ્રદેશમાં મૃગો રહેલા છે એમ આગળ કહેલ હોવાથી, અને મૃગો ભૂમિ ઉપર રહેતાં હોવાથી આ ભૂમિનો પ્રદેશ છે. વળી આગળ તરક ગુદા હોવાનું કહેલ છે અને એ ભૂમિ નીચે હોવાનું કહેલ છે. તેથી આ ભૂમિનું સ્થાન છે.(પ્ર)
૪.આથી આગળ 'જ્યોતિરનીક' કહેશે તે નિરાધાર નથી એમ જણાવ્યું.(પ્ર))

**ઉરઃસ્થલં જ્યોતિરનીકમસ્ય ગ્રીવા મહર્વદનં વૈ જનોઽસ્ય ।**
**તપો રરાટીં વિદુરાદિપુંસઃ સત્યં તુ શીર્ષાણિ સહસ્રશીર્ષ્ણઃ ।।૨૮।।**

જ્યોતિરનીક આપનું ઉરઃસ્થલ, મહર્લોક ગ્રીવા, જનલોક આપનું ખરેખર વદન છે, તપો(લોક)ને આદિપુરુષની રરાટી જાણે છે, અને સત્ય(લોક) હજાર શિરોવાળાના શિરો છે. ૨૮

(૧૦) ઉરઃ એટલે છાતી, 'જ્યોતિરનીક' એટલે સૂર્યથી આરંભી ધ્રુવ સુધીનું જ્યોતિશ્ચક્ર એ આમનું છે. (એમાં) બીજો કોઈ રહેતો નથી એમ કહેવાયું, કારણકે શિશુમાર (જ્યોતિશ્ચક્ર) ભગવાન્ છે અને હૃદય જીવોનું સ્થાન છે, તેથી જ્યોતિરનીક શિશુમારમાં ભગવાનનું ધ્યાન કરવું. (૧૧)મહર્લોક ગ્રીવા છે. (૧૨)જનલોક હડપચીથી આરંભી ભ્રમર સુધીનું વદન છે. આ પણ માત્ર ભગવાનનું (સ્થાન) છે. (૧૩)તપોલોક રરાટી (એટલે) લલાટ શૂન્ય પ્રદેશ છે, એ શૃંગારનો આધાર છે (ત્યાં શૃંગાર કરાય છે) એમ જણાવવા ('રરાટી' એવો) સ્ત્રીલિંગ શબ્દ મૂકેલ છે. તપથી એ (લોક) પ્રાપ્ત થાય છે એમ 'આદિપુરુષની' શબ્દથી જણાવેલ છે. (૧૪)અને શિરો સત્ય(લોક) છે, 'હજારો શિરોવાળા' શબ્દથી શિરો ઘણાં હોવાનું કારણ (કહ્યું.) 'સહસ્રશીર્ષા'–હજારો શિરોવાળા' શબ્દથી શ્રુતિમાં એ જણાવેલા છે એમ જણાવે છે. ત્યાં (સત્યલોકમાં) બ્રહ્મા બ્રહ્મલોક વગેરે ઘણા જુદા (જુદા) લોક હોવાથી બધા ઉત્તમ હોવાનું સિદ્ધ થાય તે 'મૂર્ધાનામ્'-શિરને' 'યન્તિ'-પ્રાપ્ત કરે છે' એમ દર્શાવવા બહુવચન (કહેલું છે.) ૨૮

એવી રીતે લોકનું સ્થાન કહીને નીચેના શ્લોકથી આરંભી એ (લોકો)માં રહેલા જીવોનું સ્થાન કહે છે :

**ઈન્દ્રાદયો બાહવ આહુરુસ્રાઃ કર્ણૌ દિશઃ શ્રોત્રમમુષ્ય શબ્દઃ ।**
**નાસત્યદસ્રૌપરમસ્ય નાસે ઘ્રાણં ચ ગન્ધો મુખમગ્નિરિદ્ધઃ ।।૨૯।।**

ઈન્દ્ર વગેરેને ભાર વહનારા બાહુઓ (હોવાનું) કહે છે. દિશાઓ બે કાન (અને) શબ્દ આમની શ્રવણેન્દ્રિય છે, બે અશ્વિનનો પરમના નસકોરાં, અને ગંધ નાક અને સળગતો અગ્નિ સુખ છે.

જોકે જેઓનું જે સ્થાન છે તેઓ ત્યાં રહેલા છે એમ વાસ્તવિક રીતે કહેવાયેલ થાય, છતાં પણ જેઓનું સ્થાન મુકરર કરેલ નથી તેવા જીવોનું સ્થાન કહે છે, કારણકે દેવો સર્વ લોકમાં ભમે છે, અથવા ભગવાનની ઈન્દ્રિયોને આધાર નહિ હોય એમ (જણાય) તેથી એ ઈન્દ્રિયોના આધાર કહેવા માટે જુદું નિરૂપણ (કરે છે.) એ દેવો આધિદૈવિક છે. એ પ્રકરણમાં કહેલા બીજા (દેવો) પણ એ જ પ્રકારના છે.

ઈન્દ્ર વગેરે દેવો 'ઉસ્રાઃ'-કર્મનું ફળ આપનારા છે. ભાર વહેવાની શક્તિવાળા 'ઉસ્રાઃ' કહેવાય છે, કારણકે એઓ 'ઉત્'-ઊંચે 'સરન્તિ'-ફરે છે. 'ઉસ્રો આ ભાર વહે છે' એ વાક્યમાં એમ કહેલું છે, અને ભગવાનના બાહુઓ ફળ આપનારા છે. બ્રહ્માંડમાં દિશાઓ (છે તે) ભગવાનના બે કાન છે, અને જે શબ્દ છે તે ભગવાનની શ્રવણેન્દ્રિય છે. 'નાસત્યદસ્રૌ'-બે અશ્વિનો પરમના નસકોરા છે. 'પરમના' એટલે યજ્ઞના[1] બે નસકોરાં છે, કારણકે એઓએ કરેલ ઉપકાર યજ્ઞમાં જ થાય છે. આપણી ઈન્દ્રિયો વગેરેના અધિષ્ઠાતા (દેવો) ભગવાનની ઈન્દ્રિયોના ગોલક[2] છે, અને વિષય ઈન્દ્રિય છે. ગંધ આપનું નાક છે. 'ઈદ્ધઃ'-સળગતો અગ્નિ (મુખ છે,) તેથી ભગવાનના મુખમાં જે દેવું હોય તે સળગતા અગ્નિમાં દેવું (નાખવું.) ૨૯

૧.આથી યજ્ઞ અને ભગવાનમાં ભેદ ન હોવાનું કહ્યું. ૨-૬-૨૭ માં એ સ્પષ્ટ થાય છે.(પ્ર)
૨.'ગોલક' એટલે ઈન્દ્રિયને રહેવાનું સ્થાન. (પ્ર)

**દ્યૌરાક્ષિણી ચક્ષુરભૂત્ પતઙ્ગઃ પક્ષ્માણિ વિષ્ણોરહની ઉભે ચ ।**
**તદ્ભ્રૂવિજૃમ્ભઃ પરમેષ્ઠિધિષ્ણ્યમાપોઽસ્ય તાલૂ રસ એવ જિહ્વા ।।૩૦।।**

સ્વર્ગ એ આંખો છે, સૂર્ય ચક્ષુ થયેલ છે અને રાત અને દિવસ બંને પાંપણો છે. એમની ભ્રમરનું પ્રસારવું બ્રહ્માનું સ્થાન છે, જલો આમના બે તાળવા છે, (અને) રસ જ જીભ છે. ૩૦

'દ્યૌઃ' શિશુમારનું સ્થાન થયેલ સ્વર્ગલોક બે આંખો(નું ગોલક.) ચક્ષુરિન્દ્રિય 'પતંગઃ'-સૂર્ય છે, કારણકે તે 'પતત્'-ઊડતો જાય છે. એ એવા પ્રયોજનથી (ઊડતો જાય છે) કે ભગવાનનું ચક્ષુ પણ પોતાની ઉપર પડતું ફરે. નેત્રોને ઉઘાડનારી અને બંધ કરનારી (બે ચક્ષુની) પાંપણો ચાર છે. 'વિષ્ણુની' એટલે કાલરૂપ[1] અથવા યજ્ઞરૂપ (ભગવાનની.) 'અહની' એટલે રાત અને દિવસ, અને દેવ અને મનુષ્યના

ભેદથી, અને 'ચ'–અને' શબ્દ હોવાથી પિતૃઓ અને બ્રહ્માના ભેદથી બંને કહેલ છે. 'પરમેષ્ટિધિષ્ણ્યમ્' એટલે સત્યલોકમાં રહેલું બ્રહ્માનું સ્થાન એ ભગવાનની ભ્રમરનું પ્રસારવું છે. જેના પ્રતિ સંતોષથી 'ભ્રૂવિજૃમ્ભણં'–ભમરને પ્રસારે છે તેને બ્રહ્માસન ઉપર બેસાડે છે. 'આપઃ' એટલે વરુણની પત્નીરૂપ જલો, આમનું તાળવું (એટલે) ગોલકરૂપ જીભ છે, જીભ ઈન્દ્રિય છે. 'એવ'–જ' શબ્દથી રસવાળો પદાર્થ (જીભ) ન હોવાનું (જણાવેલ છે.) ૩૦

૧.આથી કાલ પણ ભગવાનથી ભિન્ન નથી એમ ભ.ગી. ૧૧-૩૨ પ્રમાણે જણાવેલ છે.(પ્ર)

**છન્દાંસ્યનન્તસ્ય યશો ગૃણન્તિ દંષ્ટ્રા યમઃ સ્નેહકલા દ્વિજાનિ ।**
**હાસો જનોન્માદકરી ચ માયા દુરન્તસર્ગો યદપાઙ્ગમોક્ષઃ ॥૩૧॥**

છન્દો અનંતના યશની પ્રશંસા કરે છે, યમ દાઢ, દાંતો સ્નેહની કલાઓ અને હાસ્ય ઉન્માદ કરનારી માયા (છે.) કટાક્ષનો મોક્ષ નિત્યપ્રવાહરૂપ સૃષ્ટિ છે. ૩૧

ઉત્તમ હજારો ગાયત્રી વગેરે છન્દો છે, તેઓમાં સાત મુખ્ય છે. 'યશઃ' એટલે કીર્તિ. 'પ્રશંસા કરે છે' શબ્દથી પહેલાં (કહ્યું તે) પ્રમાણે પ્રમાણ કહેલું છે. યમ ભગવાનની દાઢ છે. 'દ્વિજાની'-દાંતો મોહ વગેરે સ્નેહની કલાઓ છે. 'હાસઃ' હાસ્ય પ્રાણીઓને ઉન્માદ કરતી માયા જ છે. 'ચ'–અને' શબ્દ હોવાથી ઉન્માદ ન કરનારી ભક્તિરૂપ માયા પહેલાં[1] કહેલી છે. 'દુરંતસર્ગઃ'–નિત્યપ્રવાહરૂપ સૃષ્ટિ 'ઉપાંગમોક્ષઃ' કટાક્ષમોક્ષ છે. ૩૧

૧.પહેલા સ્કંધમાં 'પૂર્ણ પુરુષને જોયા' એ શ્લોકમાં ભગવાન્ પાસે રહેલી કહેલી છે.(પ્ર)

**વ્રીડોત્તરોષ્ઠો અધર એવ લોભો ધર્મઃ સ્તનોઽધર્મપથશ્ચ પૃષ્ઠઃ ।**
**કસ્તસ્ય મેઢ્રં વૃષણૌ ચ મિત્રૌ કુક્ષિઃ સમુદ્રા ગિરયોઽસ્થિસંઘાઃ ॥૩૨॥**

ઉપલો હોઠ વિનય, નીચલો હોઠ જ લોભ, ધર્મ સ્તન અને અધર્મનો માર્ગ પીઠ છે. પ્રજાપતિ એમની જનનેન્દ્રિય અને બે મિત્રો બે વૃષણ છે, સમુદ્રો ઉદર છે, પર્વતો હાડકાંના સમૂહો છે. ૩૨

'વ્રીડા' (એટલે) વિનય, બ્રાહ્મણો ઉપર (પ્રતિ) થાય છે. 'અધરઃ'–નીચેનો હોઠ. નીચે રહેલાઓએ જ લોભ થાય છે. 'એવ'–જ' શબ્દથી ઉપર રહેલાઓને લોભ ન હોવાનું સૂચવેલું છે. ધર્મ બ્રહ્માનો પુત્ર, નરનારાયણનો પિતા, અથવા ચાર પાદ (ભાગ)વાળો ધર્મ, એક જમણો સ્તન છે. ડાબો (સ્તન) તો અધર્મ છે, અને અધર્મનો માર્ગ ભગવાનની પીઠ છે. 'કઃ'–પ્રજાપતિ 'મેઢ્રમ્'–નીચેની[1] ઈન્દ્રિય

એવો અર્થ છે. 'મિત્રો' (એટલે) મિત્ર અને વરુણ અથવા બે મિત્રો. 'કુક્ષિઃ' એટલે ઉદર. બધાયે સમુદ્રો ભગવાનનું ઉદર છે. 'ગિરયાઃ'—પર્વતો હાડકાંના સમૂહો એટલે પાંસળીઓ છે. ૩૨

૧.(સુબોધિનીમાં 'અર્થઃ' શબ્દ છે તે) 'અધઃ' પાઠ હોવો જોઈએ.(પ્ર)

**નદ્યોઽસ્ય નાડ્યોઽથ તનૂરુહાણિ મહીરુહા વિશ્વતનોર્નૃપેન્દ્ર ।**
**અનંતવીર્યશ્વસિતં માતરિશ્વા ગતિર્વયઃ કર્મગુણપ્રવાહઃ ॥૩૩॥**

નદીઓ આમની નાડીઓ છે, અને હે ઉત્તમ રાજા ! વૃક્ષો વિશ્વદેહવાળાના રુવાડાં છે. વાયુ. અનંતવીર્યવાળાનો શ્વાસ છે, કાલ ગતિ છે, ગુણોનો પ્રવાહ કર્મ છે. ૩૩

ગંગા વગેરે નદીઓ આ ભગવાનની નાડીઓ છે, વૃક્ષો રુવાડાં છે. 'અથ'—અને' લગભગ જડ સૃષ્ટિનો અથવા રાજસોનો સમાવેશ જણાવવા (મૂકેલ છે.) લોકો તામસ છે. અહીં સુધીના દેવો વગેરે સાત્વિક છે. છયે પ્રકારના 'મહીરુહ્વાઃ'—વૃક્ષો ભગવાનના રુવાડાં છે. 'વિશ્વતનોઃ'—વિશ્વ જેમના શરીરમાં છે.' આ (શબ્દ)થી એઓ અન્નના આવરણરૂપ હોવાથી વિશ્વરૂપ હોવાનું જણાવ્યું. મહારાજાના રાજ્યમાં એક જ વૃક્ષ કાપવામાં આવે ત્યારે રુવાડાં વાઢ્યાંના જેવું દુઃખ થાય છે એવા અનુભવની સંમતિ જણાવવા 'હે ઉત્તમ રાજા' એવું સંબોધન (કરેલું છે.) અનંતવીર્યવાળા ભગવાનનો શ્વાસ (એટલે) નસકોરામાં રહેલો વાયુ; અવકાશમાં રહેલો આ વાયુ છે. 'વયઃ'—કાલ ભગવાનની ગતિ છે. દેવ, હલકા જીવો, મનુષ્યો વગેરેની સૃષ્ટિરૂપ સત્વ, રજઃ અને તમઃ ગુણોનો પ્રવાહ ભગવાનનું કર્મ છે.૩૩

**ઈશસ્ય કેશાન્વિદુરમ્બુવાહાન્વાસસ્તુ સન્ધ્યે કુરુવર્યભૂમ્નઃ ।**
**અવ્યક્તમાહુર્હૃદયં મનશ્ચ ન ચન્દ્રમા સર્વવિકારકોષઃ ॥૩૪॥**

વાદળાંઓને ઈશ્વરના કેશો જાણે છે. હે ઉત્તમ કુરુ ! બે સન્ધ્યાઓ તો ભૂમાનું વસ્ત્ર છે, પ્રકૃતિને હૃદય કહે છે અને સર્વ વિકારોનો ભંડાર પેલો ચન્દ્ર છે. ૩૪

'અમ્બુબાહાઃ'—વાદળાં 'ઈશસ્ય'—ઈશ્વરના કેશો છે. 'જાણે છે' શબ્દથી ઉપર (કહ્યા) પ્રમાણે પ્રમાણ (કહ્યું.) 'સન્ધ્યે'—બંને સન્ધ્યાઓ વસ્ત્ર પીતામ્બર છે. 'તુ'—તો' શબ્દથી એ માયા ન હોવાનું જણાવ્યું. ભૂમાનું એટલે કાલનું. ભગવાનનું માહાત્મ્ય જણાવવા[1] 'હે ઉત્તમ કુરુ' એવું સંબોધન (કરેલું છે.) 'અવ્યક્તમ્'—પ્રકૃતિ ભગવાનનું હૃદય છે. 'કહે છે' પહેલાં (કહ્યું) તેમ (પ્રમાણ કહે છે.) પેલો સર્વ વિકારોના ભંડારરૂપ આધિદૈવિક ચન્દ્ર મન છે, કારણકે તેની વૃદ્ધિ થતાં સર્વ વિકારો

ઉત્પન્ન થાય છે. ૩૪

૧.રાજા વગેરેની પેઠે સામર્થ્ય વગેરેથી માહાત્મ્ય જણાવવા માટે.(પ્ર)

**વિજ્ઞાનશક્તિં મહિમામનન્તિ સર્વાત્મનોઽન્તઃકરણં ગિરિત્રમ્ ।**
**અશ્વાશ્વતર્યુષ્ટ્રગજા નખાનિ સર્વે મૃગાઃ પશવઃ શ્રોણિદેશે ॥૩૫॥**

મહત્તત્વને જ્ઞાનશક્તિ (અને) મહાદેવને સર્વાત્માનો અહંકાર કહે છે, અશ્વ, અશ્વતરી (ખચ્ચરી,) ઊંટ અને હાથી નખો છે. સર્વ હરણો (અને) પશુઓ જઘનના સ્થળમાં રહેલાં છે. ૩૫

'વિજ્ઞાનશક્તિ'–જ્ઞાનશક્તિને 'મહિમ્'–મહત્તત્વ (અને) 'ગિરિત્રમ્'–મહાદેવને 'અંતઃ કરણમ્' અહંકાર (કહે છે.) 'સર્વાત્મા' શબ્દથી અહંકાર સર્વ સ્થળે રહેલ હોવાનું કહ્યું. અશ્વ વગેરે ચાર ચાર અવયવોના નખો છે. એ પૈકી પહેલા બે બે હાથના (નખો છે.) ડાબા હાથના નખોનો સ્ત્રીઓ ઉપર ઉપયોગ થતો હોવાથી અશ્વતરી (નારીજાતિ કહેલ છે.) સર્વ હરણો અને પશુઓ (ભગવાનના) અવયવો ન હોવા છતાં 'શ્રોણિદેશે'–જઘનના સ્થળમાં રહે છે. અથવા હરણો અને પશુઓ (એવા) બે જઘનના સ્થળ છે. ૩૫

**વયાંસિ તદ્વ્યાકરણં વિચિત્રં મનુર્મનીષા મનુજો નિવાસઃ ।**
**ગંધર્વવિદ્યાધરચારણાપ્સરઃ સ્વરઃ સ્મૃતીરસુરાનીકવર્યઃ ॥૩૬॥**

પક્ષીઓ એમની વિચિત્ર હુન્નરકળા છે, મનુ ઈચ્છા, મનુષ્ય ગૃહ, ગંધર્વો વિદ્યાધરો ચારણો અને અપ્સરાઓ સ્વર, (અને) અસુરોના સમૂહમાં શ્રેષ્ઠ (પ્રહ્લાદ) સ્મૃતિ છે. ૩૬

'વયાંસિ'–પક્ષીઓ તે ભગવાનની 'જેમણે મોર ચીતરેલા છે' એ વાક્ય પ્રમાણે હુન્નરકળા છે. સ્વાયંભુવ વગેરે મનુ 'મનીષા'–ઈચ્છા છે. 'મનુજઃ'–મનુષ્ય 'નિવાસઃ'–ઘર છે. ગંધર્વથી આરંભી અપ્સરા સુધીના એકપણાની સ્થિતિ પ્રાપ્ત કરેલા સ્વર (એટલે) ભગવાને રચેલ અમુક રાગ છે. અસુરોના સમૂહમાં શ્રેષ્ઠ પ્રહ્લાદ સ્મૃતિ છે 'સ્મૃતી, સ્મૃતઃ' (પણ પાઠો છે.) જુદો પાઠ 'સ્વરસ્મૃતી અસુ...' હોય ત્યારે (ગંધર્વથી) અપ્સરા સુધીના અને પ્રહ્લાદ સ્વરસ્મૃતિ છે. પહેલા સ્વર અને બીજો સ્મૃતિ છે. 'અસુરાનીકવીર્યઃ' એવો પાઠ હોય ત્યારે ('સ્મરસ્મૃતયોઽસ્તુ...)' પહેલા કહેલા (ગંધર્વ વગેરે) જ સ્વરસ્મૃતિઓ છે. અસુરોનો સમૂહ વીર્ય છે જેનું (તેવો પ્રહ્લાદ.) સમાસમાં જ 'ઉદ્દેશ્યવિધેયભાવ' (જે મનમાં વિચારેલ અને જે

કરવાનું હોય તેનો પ્રકાર) (રહેલો છે.) ૩૬

**બ્રહ્માનનં ક્ષત્રભુજો મહાત્મા વિડૂરુરંઘ્રિઃ શ્રિતકૃષ્ણવર્ણઃ ।**
**નાનાભિધાભીજ્યગણોપપન્નો દ્રવ્યાત્મકઃ કર્મવિતાનયોગઃ ॥૩૭॥**

બ્રાહ્મણ મુખ (અને) ક્ષત્રિય ભુજાવાળા મહાત્મા (છે.) વૈશ્ય સાથળ, કૃષ્ણવર્ણનો આશ્રય કરેલ પગ છે. જુદા જુદા નામના દેવોના સમૂહ સાથેના દ્રવ્યરૂપ કર્મના વિસ્તારના સમ્બન્ધવાળા છે. ૩૭

બ્રહ્મભાવ કોઈ એક ગુણ છે, જે હોય ત્યારે પુરુષ બ્રાહ્મણ શબ્દથી કહેવા યોગ્ય થાય છે. એ (ગુણ)નું બીજું નામ બ્રાહ્મણ્ય છે. બ્રાહ્મણ્ય જાતિ નથી, કારણકે (બ્રાહ્મણ) પુરુષ હોય તોપણ એ (એમાંથી) 'બ્રાહ્મણ્ય ગુમાવેલ[1] છે' એ વાક્ય પ્રમાણે જતું રહે છે. (એ વાક્યનો) જુદો અર્થ[2] હોવાની કલ્પના કરવામાં પ્રમાણ નથી, અને ચોક્કસ (જણાવનારું) ચિહ્ન નથી. બ્રાહ્મણથી બ્રાહ્મણીમાં ઉત્પન્ન થયેલ (બ્રાહ્મણ છે એમ ન ગણાય,) કારણકે બ્રહ્મા અને એમના માનસપુત્રો એવા ન હતા; અને 'ઋષભના પુત્રોમાંના એકાશી બ્રાહ્મણ થયેલા[3] એવું વાક્ય છે. તેથી (બ્રાહ્મણીમાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલને બ્રાહ્મણ ગણવામાં) શાસ્ત્રમાં ઘણું વાક્યોનો વિરોધ હોવાથી બ્રાહ્મણ્ય કોઈ એક દેવતા છે. એ જે દેહમાં પ્રગટ થાય તે બ્રાહ્મણો છે એમ કહેવાય છે. તેથી[4] જ શાપ વગેરેથી શૂદ્રપણું ચાંડાલપણું, અને કૃપાથી બ્રાહ્મણપણું (પ્રાપ્ત થાય છે,) અને (એ) જનોઈથી દેહમાં આવે છે. એવી રીતે ઘણાં વાક્યોની સંગતિ[5] થાય છે. ક્ષત્ર પણ એવી રીતે (ગુણ) છે. તેથી[6] જ પરશુરામમાં બંને (બ્રહ્મ અને ક્ષત્ર) રહેલાં.

બ્રહ્મ મુખ છે જેમનું, ક્ષત્ર ભુજાઓ છે જેમની (તેવા ભગવાન્ છે.) વાણીનો પ્રકાશ થાય એ માટે પહેલાં[7] સળગતા અગ્નિને મુખ કહેલ, તેથી વાણી ઇંદ્રિયની દેવતા અગ્નિ છે, અને ભોગ કરનાર ઈન્દ્ર વગેરેને પહેલાં બાહુઓ કહેલા છે. અહીં (મુખમાં)તો રસમાં રહેનારા દેવતા વરુણ (અને) રસનો ભોગ કરનાર બ્રાહ્મણ્ય છે.[7] આવી રીતે રક્ષણ કરનાર ક્ષત્ર છે. વૈશ્ય જેમના સાથળ છે. વિતલ અને અતલરૂપ બે સાથળો પણ વૈશ્ય છે. ઉપરની પેઠે સ્થિતિ પ્રાપ્ત કરાવનાર તરીકે વૈશ્યો (કહેલ) છે. (એઓનો) ધંધો ચાર પ્રકારનો હોવાથી બહુવચન (યોજેલ છે) વૈશ્યો સાથળો છે જેમની (તેવા ભગવાન્ છે.) એ પ્રમાણે પગ કૃષ્ણવર્ણ ધાણણ કરેલ છે. વળગેલો છે કૃષ્ણવર્ણ જેને (તે) કૃષ્ણવર્ણ શૂદ્ર, અને વેદ વિનાની વિદ્યા છે. કર્મ બે પ્રકારનું છે : સ્વાભાવિક અને વિશેષ પ્રકારનું; પોતાના

માટેનું અને બીજાઓ માટેનું, એવો અર્થ છે. એ પૈકી બીજાઓ માટેનું ઉપર[8] 'ગુણોનો પ્રવાહ કર્મ છે' એમ કહેલું છે. અહીં તો પોતાના (ભગવાન્) માટેનું કર્મ કહે છે. 'વિતાનયોગઃ' એટલે યજ્ઞનો વિસ્તાર. 'વિતાનાઃ' સાત તંતુવાળા (ભગવાન)ના વિસ્તારો, તેઓનો યજ્ઞ (કરવા) માટે હલકા ન હોય તેવાની સાથે સમ્બન્ધ થાય, એ ભગવાનનું કર્મ. એ બે પ્રકારનું હોવાનું કહે છે. (૧)'નાનાભિધાનાઃ'–જુદા જુદા નામના 'ઈજ્યગણાઃ'–દેવોના સમૂહો, પૂજ્યોના સમૂહો (અને) એ પણ સર્વ તરફથી મુખ્ય અને હલકાની સ્થિતિથી (રહેલા હોય) તેવા સાથેનું અને (૨)ચોખા જવ વગેરેથી પ્રાપ્ત થાય તેવા દૂધપાક વગેરે દ્રવ્યરૂપ. દેવતાને ધ્યાનમાં રાખી દ્રવ્ય આપવું એ યજ્ઞ. એના (૧)દેવતા અને (૨)દ્રવ્ય અંગ છે. ૩૭

૧.'શૂદ્ર સ્ત્રીને શયનમાં રાખી બ્રાહ્મણ અધોગતિ પામે છે, એનાથી પુત્ર ઉત્પન્ન કરીને બ્રાહ્મણ્ય જ ગુમાવે છે' વાક્યમાં 'જ' શબ્દથી બ્રાહ્મણ્ય તરત જ ગુમાવવાનું જણાય છે.(પ્ર)

૨.લક્ષણાથી બીજો અર્થ કરવામાં પ્રમાણ નથી.(પ્ર)

૩.ઋષભના નવ ભાગવત્ હતા, દશ ક્ષત્રિય અને નાના એકાશી બ્રાહ્મણ થયેલા.(પ્ર)

૪.'તેથી જ' એટલે દેવતા પ્રગટ થવાથી અથવા ન પ્રગટ થવાથી.(પ્ર)

૫.'જન્મથી શૂદ્ર જન્મે છે, સંસ્કારોથી દ્વિજ થાય છે, વેદના અભ્યાસથી વિપ્ર અને બ્રહ્મ જાણવાથી બ્રાહ્મણ થાય છે' એવા વાક્યોની સંગતિ થાય છે.(પ્ર)

૬.'તેથી જ' એટલે દેવતાઓના સમાગમથી જ.(પ્ર)

૭.આ ભાગથી મુખ બે વાર કહેલ હોવાનું કારણ કહેલ છે.(પ્ર)

૮.શ્લોક ૩૩ માં.

એવી રીતે સર્વ પદાર્થો ભગવાનના સ્વરૂપ તરીકે ધ્યાનમાં રાખવાના પ્રકારથી (એઓનું) ભગવાનના શરીરમાં સ્થાન કહી, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ઈયાનસાવીશ્વરવિગ્રહસ્ય યઃ સંનિવેશઃ કથિતો મયા તે ।**
**સંધાર્યતેઽસ્મિન્ વપુષિ સ્થવિષ્ઠે મનઃ સ્વબુદ્ધ્યા ન યતોઽસ્તિ કિંચિત્ ।।૩૮।।**

ઈશ્વરના દેહની સ્થિતિ આ જે મેં કહી (તે) આટલી જ છે. જેનાથી જુદું કાંઈ પણ નથી તેવા આ સર્વથી સ્થૂલ દેહમાં પોતાની બુદ્ધિથી મનનું નિયમન કરવામાં આવે છે. ૩૮

વિરાટ્ દેહવાળા ઈશ્વરના દેહની ગોઠવણ (એટલે) અવયવોની ગોઠવણીનો પ્રકાર 'ઈયાન્'-ઓટલો જ છે. (આથી) અધિક ગોઠવણી નથી એવો અર્થ છે. 'અસૌ'–આ જ ગોઠવણ છે, પરંતુ બીજી (કોઈ) ગોઠવણ પણ નથી. અથવા આ ખરેખર પ્રકારની ગોઠવણ 'ઈયાન્'-આટલી જ છે. આનંદમય (ભગવાન)ની તો જુદી જ છે, તે આગળ કહેવાશે. આ પદાર્થોની ગોઠવણ ચિત્તમાં રાખવાનું પ્રકરણ

હોવાથી અમે વિવરણ કહેલ (કરેલ) નથી, કારણકે આગળ વિચાર(ના પ્રકરણ)માં કહેવાનું છે. ઉત્તરાર્ધથી એવી રીતે (પદાર્થોની) સ્થિતિ કહેવાનું પ્રયોજન કહેલ છે. બધાયે યોગીઓ આ દેહમાં જ મનનું નિયમન કરે છે; યોગના અંગ ધારણાનો આ જ વિષય કરાય છે. સર્વથા સ્થૂલ પહેલાં (કહેલ) એવી રીતે (જાણવું.) 'વમ્'-સુખ 'પુષ્ણાતિ'-વધારે તે 'વપુઃ' દેહ એનું બીજું નામ છે. તુલ્ય અર્થવાળા બંને શબ્દો હોવાથી અર્થ પણ ત્યાં જ[1] કહેલો છે. પોતાની બુદ્ધિથી (એટલે) આત્માની બુદ્ધિથી આત્માના પ્રકારથી[2] (એમાં) મનનું નિયમન કરવું. એમ કરવામાં ન આવે તો (એ દહમાં) સર્વનો પ્રવેશ ન થાય; અને ઉત્તમ ભક્તિ (કરવા)ની ઈચ્છા ન થાય, ફલ પણ (ન થાય) અને દુઃખ અને ધારણાનું ઉલ્લંઘન[3] થાય. આ (વિરાટ્ દેહમાં) ધારણા થાય ત્યારે કોનામાં ધારણા કરવી (અને) કોનામાં ન કરવી વગેરે સંદેહો નાશ પામે છે, કારણકે 'ન યતોઽસ્તિ કિંચિત્' જે સ્વરૂપથી 'અન્યત્'–જુદું કાંઈપણ નથી. ૩૮

૧.'ત્યાં જ' એટલે દેહનો અર્થ કર્યો છે ત્યાં જ શ્લોક. ૨૪ માં.
૨.બ્રહ્માંડનું પોતાના આત્મા તરીકે ધ્યાન કરીને એમાં મન પરોવવું એવો અર્થ છે.(પ્ર)
૩.ચંડિકા વગેરેની ધારણા થતાં ઉલ્લંઘન થાય.(પ્ર)

સાધારણ પુરુષોના પાંચ પ્રશ્નો પૈકી (શું) કરવા યોગ્ય (છે) એ પ્રશ્નમાં જ (૧)શ્રવણ કરવા યોગ્ય અને (૨)સ્મરણ કરવા યોગ્યનો સમાવેશ થવાથી, (૩)કીર્તનમાં જ જપ કહેવાઈ ગયેલ હોવાથી, (૪)કરવા યોગ્યમાં જ કરવા યોગ્યનો સમાવેશ (થતો) હોવાથી અને (૫)બીજાઓ ભજન કરવા યોગ્ય હોવાના પ્રશ્ન શંકાસ્પદ હોવાથી બાકી રહે છે[1] તે(નો ઉત્તર) નીચેના શ્લોકથી કહે છે :

**સ સર્વધીવૃત્યનુભૂતસર્વ આત્મા યથા સ્વપ્નજનેક્ષિતૈકઃ ।**
**તં સત્યમાનંદનિધિં ભજેત નાન્યત્ર સજ્જેદ્યત આત્મપાતઃ ॥૩૯॥**

જેમ સ્વપ્ન(માં દેખાતા) મનુષ્યોના દૃષ્ટા એક છે તેમ આત્માની પેઠે સર્વની બુદ્ધિના કાર્યથી સર્વનો અનુભવ કરનાર એ (છે) એ સત્ય આનંદનિધિનું ભજન કરવું, બીજામાં આસક્ત ન થવું, કારણકે (એમ કરવાથી) પાત થાય છે. ૩૯

જે[2] અહીં[3] ધારણાના વિષય તરીકે કહેલ છે અને સર્વાત્મા શબ્દથી શ્રવણ કરવા યોગ્ય વિષયનો નિર્ણય કરનાર (શબ્દો)થી જણાવેલ છે, જેનું વિવરણ કરવા આ (ચૌદ લોકની અવયવોમાં) ગોઠવણ કહેલ છે, તેમનું જ શ્રવણ વગેરેથી ભજન કરવું.[2] શ્રવણ[4] વગેરેથી ભગવાન્ પાસે જઈ અથવા એમનું સાયુજ્ય પ્રાપ્ત કરી,

સાક્ષાત્ એમનું જ[૫] ભજન કરવું. બીજા કોઈ સાધનથી અથવા આ સાધનથી જો બીજામાં આસક્તિ કરે તો પોતાની સ્થિતિમાંથી પણ પડે. જે સ્થિતિમાં રહેલ છે તેમાંથી પણ પડે. 'પ્રથમ ફૂલ(પ્રાપ્તિ) માટે (બીજાનું ભજન) ભલે થાય, પછી એમની (પ્રાપ્તિ માટે) પણ (ભજન કરીશ) એવા વિચારને બાતલ કરેલ છે.

આ ફલરૂપ અથવા ભજન કરવા યોગ્ય કેમ (ગણાય)? એ સમ્બન્ધમાં 'આનંદનિધિ' શબ્દ યોજેલ છે. ભજન કરવા યોગ્ય ફલ જ છે, કારણકે સાધન પુરુષશેષ છે. જોકે ફલ પણ પુરુષના અનુભવનો વિષય હોવાથી અથવા (એના) અનુભવરૂપ હોવાથી પુરુષશેષ જ છે, છતાં પણ એ રસરૂપ હોવાથી અને રસના મુખ્યપણાથી જ ભોગ (કરવા)માં રસિકપણું છે તેથી ફલ માટે જ પ્રવૃત્તિ કરવી; અને એ પરમાનંદ છે. એ પણ ગણતરીથી પ્રાપ્ત થતો બ્રહ્મમાં રહેલો નહિ, કારણકે એ હદવાળો છે, પરંતુ આનંદનિધિ (જોઈએ.) 'આનંદઃ'–આનંદ 'નિરાતમ્'–સંપૂર્ણ પ્રકારે 'ધીયતે'–રહેલો છે. આમાં (એ આનંદનિધિ) પૂર્ણ આનંદવાળા ભગવાનની જ સેવા કરવી. આનંદની વૃદ્ધિ કહેલ હોવાથી એ (આનંદ) જતો રહેતો હશે, એવી શંકા થવાથી 'સત્ય શબ્દ યોજેલ છે.'

'ચિત્તમાં બીજો ફલ આપનાર થાય ત્યારે શું કરવું? કારણકે, કામવૃદ્ધિ પામે ત્યારે રોકી શકાતો નથી' એવું ધોરણ છે. એ સમ્બન્ધમાં 'સર્વની બુદ્ધિના કાર્યથી સર્વનો અનુભવ કરનાર' શબ્દ યોજેલ છે. 'સર્વની બુદ્ધિના કાર્યથી (એટલે) સર્વના સર્વ જ્ઞાન ઉત્પન્ન કરનાર ઇંદ્રિયોના કાર્યથી સર્વનો અનુભવ કરેલો છે જેમણે તેવા (આ ભગવાન્ છે.) જે કોઈથી ભોગવાતું જે કોઈ ફલ હોય, તે (ફલ)નો એની ઇંદ્રિયો દ્વારા આ જ ભોગ કરે છે, તેથી આનાથી જુદું કાંઈ સ્વરૂપમાં બાકી રહેતું નથી, તેમ[૬] ફલ પણ જાણવું. અને આનાથી ભોગ થતો ન હોય તેવું ફલ બાકી રહેતું નથી.

'આ ભોગ કરનાર કેવી રીતે (ગણાય,) કારણકે જીવ ભોગ કરે ત્યારે જુદી જુદી ઇંદ્રિયોના અધિષ્ઠાતા (દેવો) હોય છે.' એ સમ્બન્ધમાં 'આત્માની પેઠે' એમ કહેલ છે. જુદી જુદી ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દિશાઓ વગેરે હેવા છતાં પણ જેમ આત્મા (જીવ) બધી ઇંદ્રિયોથી સર્વનો અનુભવ કરે છે તેમ ભગવાન્ પણ એ એક ભાગના અભિમાનીની અવગણના કરીને એના આધિપત્યવાળી ઇંદ્રિયોથી જ સર્વનો અનુભવ કરે છે એવો અર્થ છે. 'જીવને ઇંદ્રિયોના અધિષ્ઠાતાઓ જણાતા નથી (અને) ઇંદ્રિયો પોતાની જ હોવાનું એ જાણે છે, તેથી એને પોતે ગ્રહણ કરેલ હોય તેટલાનો જ અનુભવ ભલે થાય, પરંતુ વ્યક્તિને દેહમાં રહેલા કીડાનું ભાન થતું નથી તેમ સમષ્ટિરૂપ ભગવાનને જ્ઞાન[૭] થતું નથી અને એમને એની (જીવની) ઇન્દ્રિયામાં

આત્મીયત્વ (પોતાની હોવાપણું) ન હોવાથી બધા (જીવોની) બુદ્ધિના કાર્યથી ભગવાનને અનુભવ કેમ થાય?' એ સમ્બન્ધમાં 'સ્વપ્ન(માં દેખાતાં મનુષ્યોના દ્રષ્ટા એકલા છે' એમ કહેલ છે. જેમ સ્વપ્નમાં દેખાતા મનુષ્યોના દ્રષ્ટા (ભગવાન્) એકલા છે, (તેમ એમને સર્વનું જ્ઞાન થાય છે.) સ્વપ્ન માયિક છે, છતાં (એમાં) થતું જ્ઞાન માયિક નથી, કારણકે એ (જ્ઞાન) આત્માના પ્રકારનું છે. એમાં સ્વપ્નમાં જોવાતા પુરુષો બધું જુએ છે એવું જ્ઞાન થાય છે. એમાં (જોવાતા) પુરુષોના દેહો માયિક હોવાનું ન્યાય(તર્ક)થી સાબિત થયેલ છે, છતાં પણ એઓનું થયેલું જે જ્ઞાન તે માયિક નથી. એમાં ચૈતન્ય બીજું ન હોવાથી ભગવાનનું અથવા જીવનું ચૈતન્ય હોવું જોઈએ.[૮] (જીવ)[૯] પોતે (સ્વપ્નમાં દેખાતા માણસોને જોતો નથી, (એની) ઇંદ્રિયો પણ ગોલક વિનાની હોવાથી[૧૦] (એમનામાં) દેખાડવાની શક્તિ નથી. અને ગોલક અને સ્વપ્નમાં જોયેલ મિથ્યા હોવાથી ભગવાન્ જ જુએ છે એવો તર્કથી નિર્ણય થાય છે. (જીવને) નિદ્રા હોવાથી (એને) એમનાથી ભેદ હોવાનું જણાતું નથી.[૧૧] સ્વપ્નના દૃષ્ટાન્તથી એવો નિર્ણય થાય છે કે બીજા (પ્રસંગો)માં પણ એ (ભગવાન્) જ જુએ છે તેથી એ (સ્વપ્નમાં જોયેલા) દેહોમાં જીવ હોય કે ન હોય, (પણ એ) જોનાર ભગવાન્ જ છે એવો નિશ્ચય થાય છે, અને એમને આપણી ઇંદ્રિયોના ગોલકની જરૂર નથી.[૧૨] કારણકે દેવતાઓ જ (એમના) ગોલક છે, અને વિષય ઇંદ્રિય છે, અને વિષયમાં આપણી ઇંદ્રિયોનો લય થયેલ હોય છે. કારણમાં એમનો લય થાય છે એવા મત પ્રમાણે[૧૩] વાસનાથી એમાં વિષય રહેલો હોય છે.[૧૪] કારણનો લય થતો ન હોય ત્યારે લીન થયેલ (ઇંદ્રિયો) પણ પ્રકાશતી હોવાનો સંભવ હોવાથી, અને (કારણનો લય થાય છે એમ માનવામાં ગૌરવ હોવાથી વિષયમાં જ લય (થાય છે,)[૧૫] એમ સ્વીકારવું (માનવું) જોઈએ. એમ ન સ્વીકારીએ તો નિદ્રા પૂરી થાય ત્યારે ફરી જાગવાનું કેવી રીતે થાય? આત્માના અધ્યાસરૂપ અહંકારનો તો ઇંદ્રિયોની પેઠે લય થાય છે,[૧૬] પરંતુ ઇંદ્રિયોના કારણ થયેલ (અહંકાર)નો લય થતો નથી, તેમ (ઇંદ્રિયોના કારણ થયેલનો લય થયો) હોય તો પછી (ઇંદ્રિયોની) સૃષ્ટિ ન થવાથી એ ઉત્પન્ન ન થાય[૧૬] તેથી વિષયમાં લય પામેલી ઇંદ્રિયો ભગવાનની ઇંદ્રિયોમાં લય પામેલી હોય છે.[૧૭] તેથી સ્વપ્ન જોનાર સમ્બન્ધી વિચાર કરવામાં આવે ત્યારે (ભગવાન્) સર્વમાં વ્યાપી (પ્રસરી) રહી સર્વના આત્મા થઈ સર્વ જુએ છે એવી રીતે નિર્ણય થાય છે.

એવી રીતે જાગતા હોવાની સ્થિતિમાં પણ જુદા જુદા પદાર્થોમાં પ્રવેશ કરેલી

ઇંદ્રિયો ભવાનની ઇંદ્રિયોમાં પ્રવેશ કરતી હોવાથી ભગવાનને જ્ઞાન કરાવે છે, એમ થતું ન હોય તો ભગવાનની ઇંદ્રિય સિવાયનો પદાર્થ ન હોવાથી શેનું ગ્રહણ થાય? એમાં ઇંદ્રિય સાથે સમ્બન્ધવાળા આત્માનું[૧૮] જ્ઞાન કરવા જતાં પણ (એ) જાણવા યોગ્ય હોવાની જરૂર જણાતાં આત્મા જણાય નહિ તેવો હોવાથી, પરની[૧૯] ઇંદ્રિયથી જાણવા યોગ્ય થતાં એ ઇંદ્રિય[૨૦] જ જાણવા યોગ્ય થવાનું સંભવે છે; તેથી પણ આપણી ઇંદ્રિયોની જરૂર રહે છે.

વળી, એ સર્વ સ્થળે એક જ છે, કારણકે (જુદા જુદા સ્થળે) જુદા હોવાનું પ્રમાણ નથી અને સ્વપ્નના દૃષ્ટાન્તથી જુદાં જણાવનાર (કારણો) જુદાં હોવાનું જણાવનારા[૨૧] નથી. એથી[૨૨] એ (ભગવાનના ધ્યાન)થી જ સર્વ ભોગ પ્રાપ્ત થતા હોવાથી[૨૨] વધારામાં બીજા પ્રયત્ન કરીને અને (એમ કરવાથી) આત્માનો પાત થતો હોવાથી સંભવ હોવાથી ભોગ પ્રાપ્ત કરવો નહિ. દેહમાં રહેલા કીડા વિશે તો સર્વાત્મભાવ તિરોહિત થયેલ હોવાથી અને (પોતે) જીવ હેવાથી[૨૩] જ્ઞાન થતું નથી; તેથી સર્વ વિવાદરહિત છે. ૩૯

### ઇતિ શ્રી લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવત્-સુબોધિનીના બીજા સ્કંધનો પહેલો અધ્યાય સંપૂર્ણ

૧.૧૯-૩૯માં પૂછેલા પ્રશ્નો પૈકી સાધારણ પુરુષોએ શું કરવું યોગ્ય છે એ સમ્બન્ધમાં પાંચ પ્રશ્નોના ઉત્તર કહ્યા નથી એમ લાગે તેથી કહેલ છે. ચાર પ્રશ્નોના ઉત્તર મુખ્ય પ્રશ્નનો ઉત્તર આપતાં આવી ગયા છે, પાંચમા 'ભજન કરવા યોગ્ય કોણ !' એ પ્રશ્નનો ઉત્તર બાકી રહેલ તેથી એનો ઉત્તર અસાધારણપણાથી આ શ્લોકમાં કહે છે.(પ્ર)

૨.શ્લોકમાં 'સ'-એ' અને 'તમ્'-એમનું' (ભજન કરવું) શબ્દો કહેલ હોવાથી પહેલાં પહેલ જણાવેલ હોવાથી અને પહેલાં વિરાટ્ શરીરમાં બધા લોકોની ગોઠવણ કહેલી હોવાથી બીજા કોઈનું ભજન ન કરવાનું કહે છે.(પ્ર)

૩.'અહીં' એટલે બ્રહ્માંડમાં.(પ્ર)

૪.'શ્રવણ વગેરેથી' શ્રવણ, કીર્તન અને સ્મરણ. ભક્તિ લક્ષણ યોગનો પ્રસંગ ચાલતો હોવાથી એઓથી ભજન કરવું.(પ્ર)

૫.'જ' શબ્દથી શ્લોકના ચોથા ચરણના અર્થનો સમાવેશ કરેલ છે.(પ્ર)

૬.'તેથી' એટલે એ સર્વરૂપ હોવાથી (ફલ પણ બાકી રહેતું નથી.)(પ્ર)

૭.આપણા દેહનું જ્ઞાન થતું નથી.(પ્ર)

૮.સ્વપ્નમાં દેખાતા પુરુષો માયિક હોવાથી, એઓમાં ચૈતન્ય ન હોવાથી.(પ્ર)

૯.સ્વપ્ન જોનાર જીવ (પ્ર).

૧૦.'પરાઞ્ચિ ખાનિ' શ્રુતિ પ્રમાણે એ ઇંદ્રિયોની અંદર ગોલક નથી, અને (ગોલકના) આધાર વિનાની ઇંદ્રિયોમાં જ્ઞાન કરાવવાનું સામર્થ્ય નથી.(પ્ર)

૧૧.એ ગુણ સાથે તમોગુણની વૃદ્ધિ થતાં બુદ્ધિની જે વૃત્તિ થાય તે નિદ્રા. એને લીધે ભગવાન્ સાથે જીવને પોતાનો ભેદ જણાતો નથી.(પ્ર)

૧૨.શ્લોક ૨૯ વગેરે શ્લોકોથી ભગવાનના નાસિકા વગેરે જ્ઞાન થવાના સાધનો કહેલાં છે, તે કરણો સાથે આપણી ઇંદ્રિયોનો લય થતાં પોતાના કરણોની સામગ્રીથી જોતા (ભગવાન્) આપણી ઇંદ્રિયોથી જ જુએ છે.(પ્ર)

૧૩.કેટલાકના મત પ્રમાણે (આપણી) ઇંદ્રિયોનો એમના કારણમાં જ લય થાય છે. પુરાણમાં પણ 'ઇંદ્રિયો પોતાના કારણમાં (લય પામે છે)' એવું વાક્ય છે, તેથી 'ભગવાનની ઇંદ્રિયોમાં આપણી ઇંદ્રિયોનો લય થતો ન હોવાથી આપણી ઇંદ્રિયોથી ભગવાનને જ્ઞાન ન થાય' એવી શંકા કરે છે.

૧૪.ઇંદ્રિયોનું કારણ શું ? મહાભૂતો કારણ હોઈ એમાં એમનો લય થતો હોય તોપણ એમાં સૂક્ષ્મ રૂપથી વાસના રહી જાય છે.(પ્ર)

૧૫.ઇંદ્રિયોનો કારણમાં લય થાય છે અને કારણનો પણ લય થાય છે એમ બંનેનો લય થવાનું માનવામાં ગૌરવ છે. (પ્ર)

૧૬.ઇંદ્રિયોનો એમના કારણરૂપ અહંકારમાં લય થતો હોય અને એ વિક્ષેપ કરનાર (અહંકાર)નો પણ લય થતો હોય તો પ્રલયની સ્થિતિ પેઠે સુષુપ્તિ થતાં ફરી સૃષ્ટિ ન થતાં ઇંદ્રિયો ફરી ઉત્પન્ન ન થાય અને જાગરણ જ થયા કરે, અને જાગરણમાં પણ ઇંદ્રિયોથી થતું જ્ઞાન ન થાય.(પ્ર)

૧૭.ઇંદ્રિયોનો તૈજસ અહંકારમાં લય થતો માનીએ અને એ અહંકાર અને ઇંદ્રિયો બંનેનો લય થતો હોય તો શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેના એ લયથી ગૌરવ ન થાય, પરંતુ ઊંઘમાંથી જાગવાનું ન થાય તેથી ઇંદ્રિયોનો વિષયમાં એટલે ભગવાનની ઇંદ્રિયોમાં જ લય થાય છે એમ માનવું જોઈએ.(પ્ર)

૧૮.આત્માનું એટલે આપણા આત્માનું (જીવાત્માનું). (પ્ર)

૧૯.'પરની' એટલે ભગવાનની એવો અર્થ જણાય છે.

૨૦.'ઇંદ્રિ એટલે પોતાની (ભગવાનની) ઇંદ્રિય એટલે વિષય. (પ્ર)

૨૧.સ્વપ્નમાં જેમ (આપણને) સ્વપ્નમાં દેખાતા પુરુષોના દેહમાં અભિમાન હોતું નથી તેવી રીતે જુદા જુદા દેહમાં અભિમાન હોવા છતાં સર્વ દેહોમાં અભિમાન ન હોવાથી. (પ્ર)

૨૨.'તેથી જ' એટલે પોતાના આત્મા તરીકે બ્રહ્માંડપુરુષના અભેદથી જ. (પ્ર)

૨૩.સર્વાત્મભાવ થાય અને બ્રહ્મજ્ઞાનથી અભેદનું જ્ઞાન થાય અને જીવપણું મટી જાય ત્યારે વામદેવ અને શુકની પેઠે દેહમાં રહેલા કીડાનું જ્ઞાન થાય જ. તેથી કાંઈ વિવાદ કરવા જેવું નથી. (પ્ર)

# અધ્યાય બીજો

**માનમેયવિનિર્ધારસ્તત્વાર્થં વિનિરૂપિતઃ ।**
**ફલસાધનનિર્ધારો દ્વિતીયે વિનિરુધ્યતે ॥૧॥**

તત્વ (જણાય તે) માટે પ્રમાણ અને પ્રમેયથી નિર્ણય કર્યો. બીજા (સ્કંધ)માં ફલ અને સાધનનો નિર્ણય કરવામાં આવે છે. કા.૧

**દ્વિવિધસ્તત્વનિર્દેશો દાહ્યાભ્યન્તરભેદતઃ ।**
**બાહ્યો નિરૂપિતસ્તત્ર માનમેયપુરઃસરમ્ ॥૨॥**

બહારના અને અંદરના ભેદથી બે પ્રકારનો તત્વનો નિર્દેશ (થાય છે.) એ પૈકી બહારનો તે (પહેલા અધ્યાય)માં પ્રમાણ અને પ્રમેયના મુખ્યપણાથી કહ્યો. કા.૨

**આન્તરં ભિન્નમાર્ગેણ ફલસાધનબોધતઃ ।**
**અતઃ સાધનનિર્ધારઃ પ્રથમં ક્રિયતે સ્ફુટઃ ॥૩॥**

ફલ અને સાધનનો બોધ કરી જુદા માર્ગથી અંદરનો (તત્વનો નિર્દેશ થશે.) તેથી પ્રથમ સાધનનો સ્પષ્ટ નિર્ણય કરવામાં આવે છે. કા.૩

**પશ્ચાત્ફલસ્ય નિર્ધારસ્તતસ્તત્વં ફલિષ્યતિ ॥૩-॥ ॥**

પછી ફલનો નિર્ણય (કરાશે,) તેથી તત્વ ફલશે (જણાશે.) કા. ૩- ॥

એવી રીતે પહેલા અધ્યાયમાં પ્રમાણથી અને પ્રમેયથી વસ્તુઓના તત્વોનો નિર્ણય કર્યો. જુદા જણાતા પદાર્થોનો પણ ભગવાનમાં પ્રવેશ થવાથી અને ભગવાન્ દ્રષ્ટા હોવાથી ભગવાન્ સાધન અને ફલ હોવાનું કહ્યું, છતાં પણ બહારના હોવાથી એ બેના તત્વનો નિર્ણય (થયેલ) નથી. હવે બધા કેવા પ્રકારથી સાધન અને કેવા પ્રકારથી ફલ થાય છે, એવો વિચાર કરવામાં આવે છે. એમાં ત્યાગના વિષય તરીકે સાધન અને વચલા ફલ તરીકે ફલ (થાય છે) તેથી સર્વનો ત્યાગ કરવાથી જીવસ્વરૂપ સાધન અને બ્રહ્મસ્વરૂપ ફલ હોવાનો નિર્ણય થશે. એમાં પહેલાં કહેલ ફલ અને સાધનનો ચાલતા (પ્રસંગ)માં ઉપયોગ કહેવા, વૈરાગ્યના શેષ (બાકી રહેલ અંગ) તરીકે એનો ઉપયોગ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

॥ શ્રીશુકઉવાચ ॥

**એવં પુરા ધારણયાઽઽત્મયોનિર્નષ્ટાં સ્મૃતિં પ્રત્યવરુધ્ય તુષ્ટાત્ ।**
**તથા સસર્જેદમોઘદષ્ટિર્યથાઽપ્યયાત્પ્રાગ્વ્યવસાયબુદ્ધિઃ ॥૧॥**

પહેલાં ભુલાયેલી સ્મૃતિ એ પ્રમાણે ધારણાથી પ્રસન્ન થયેલ (ભગવાન્) પાસેથી પ્રાપ્ત કરીને સફલ દષ્ટિવાળા બ્રહ્માએ કાર્ય (કરવા)ની બુદ્ધિવાળા થઈ,

જેમ પ્રલય પહેલાં (સૃષ્ટિ રચેલી) તેવી રીતે, આ (જગત્) રચ્યું. ૧

કેટલાક એમ (કહે છે) કે (બ્રહ્માને ધારણાથી) એવું (સૃષ્ટિ રચવારૂપ) સામર્થ્ય ફલ (મળ્યું.)[૧] તે[૨] (ફલ) બ્રહ્માને એની મેળે જ પ્રાપ્ત થયેલ હોય છે તેથી, અને 'સ્મૃતિ પ્રાપ્ત કરી' એવું વચન હોવાથી એ વિચારવા જેવું છે.[૨] 'નષ્ટાં' શબ્દથી (સ્મૃતિ)નો સર્વ[૩]થા નાશ થયેલ ત્યારે પ્રસન્ન થયેલા ભગવાને એ ફરી પ્રાપ્ત કરાવવામાં (એમની) પ્રસન્નતા જ કારણ હોય; પરંતુ (બ્રહ્માનું) સામર્થ્ય (એનું) કારણ ન હોય, કારણકે (એ[૪] તો) બીજી રીતે (એમને) પ્રાપ્ત થયેલું છે. અહીં તો પહેલાં ભૂલી ગયેલાનું જ્ઞાન થવામાં કારણ દૃઢ વૈરાગ્ય છે એમ ભગવાનની પ્રસન્નતા થવામાં સર્વ કારણ છે, તેથી પહેલા એ જ કહે છે. પહેલા એટલે (બ્રહ્માના) દિવસે દિવસે થતા પ્રલય પછી એ પ્રમાણેની ધારણાથી પહેલાના કલ્પમાં જે સ્મૃતિ (એટલે) પદાર્થો રચવાનું જ્ઞાન (હતું) તે પ્રાપ્ત કરીને ફરીથી સૃષ્ટિ રચી, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. 'તુષ્ટાન્'–પ્રસન્ન થયેલા પાસેથી' શબ્દમાં કારણ દર્શાવતી પાંચમી (વિભક્તિ યોજેલ છે.) પ્રસન્ન થયેલા ભગવાન્ પાસેથી, અથવા ભગવાન્ હેતુ (સાહાય્ય કરનાર) હોવાથી જેમ પહેલા (રચેલી) તેવી રીતે સૃષ્ટિ રચી. પ્રસન્નતા (થવા)નું કારણ પહેલા થયેલું જ્ઞાન જ છે. જેમ કોઈ એક પુરુષ કોઈક પદાર્થ સંતાડી બાલકને મોહ કરે (અને) એ (બાલક) ઉપાયથી એ (પદાર્થ) જાણી જાય ત્યારે (પોતે) પિતા હોઈ પ્રસન્ન થાય, તેમ (બ્રહ્મા) પોતે પણ સૃષ્ટિ રચ્યા પહેલા ભગવાન્ પાસે રહેલા હોઈ[૫] ભૂમિના ભોગ માટે આવેલ (આવીને) એ ભૂલી ગયા[૬] (અને) ઉપાયથી એનું સ્મરણ થતાં પ્રસન્ન થયેલ સખા (પોતાના) સ્વરૂપની પ્રાપ્તિ કરાવે, તેમ મુખ્ય સાધન[૭] પહેલા કહેલી ધારણા જ છે. (ધારણા ભગવાનની) પ્રસન્નતાનું સાધન છે એવા મત પ્રમાણે પણ ('ભગવાન્) પ્રસન્ન થાય ત્યારે ત્યાં શું પ્રાપ્ત થયા વિના રહે?' એ નિયમ પ્રમાણે બધું સુગમ થાય, તેથી એ સાધન (ધારણા) અવશ્ય કરવું. સૃષ્ટિ રચવાનું સામર્થ્ય તો ઉપયોગી નથી, પરંતુ અધિકારી તરીકે વિઘ્ન કરનારું છે. 'આત્મયોનિઃ'–બ્રહ્માએ 'નષ્ટામ્'–ભુલાયેલ 'સ્મૃતિમ્'–પદાર્થોનું જ્ઞાન (પ્રાપ્ત કર્યું.) સૃષ્ટિ અનાદિ હોવાથી પહેલા પણ સ્મરણ કરીને જ (રચવાનું કાર્ય) કરેલ, તેથી સંસ્કારનો નાશ (થયાનું) કહેલ નથી. પ્રસન્ન થયેલા ભગવાન્ પાસેથી (જ્ઞાન પ્રાપ્ત કર્યું.) આ સર્વ ભગવાનમાં જ લય પામેલું હતું. ફરીથી જેમ 'અપ્યયાત્' પ્રલય પહેલા હતું તેવી જ રીતે (રચ્યું.) પહેલા જેવી આ સૃષ્ટિ હતી અથવા જેવી કાર્ય કરવારૂપ બુદ્ધિ જેની થઈ તેવા થઈ (બ્રહ્માએ) જગત્ રચ્યું, એવો અર્થ છે. ૧

૧.સૃષ્ટિ રચવાનું સામર્થ્ય ધારણાનું ફલ અને ભુલાયેલાની સ્મૃતિની પ્રાપ્તિ એ ફલ પ્રાપ્ત

કરાવનારી છે, એવો એનું માનનારાઓનો અભિપ્રાય થયો. (પ્ર)
૨.આ ભાગથી એ અભિપ્રાય ખોટો હોવાનું કરાવે છે. (પ્ર)
૩.'સર્વથા નાશ' એટલે સંપૂર્ણ નાશ, સંસ્કારનો પણ નાશ. (પ્ર)
૪.'એ' એટલે સ્મૃતિની પ્રાપ્તિ.
૫.ભગવાન્ પાસેથી સ્થિતિ, સુષુપ્તિમાં ભગવાનથી પ્રાપ્તિ થતાં થાય છે એ જાણવી. (પ્ર)
૬.પહેલાના કલ્પમાં કરેલ પદાર્થો ભૂલી ગયા. (પ્ર)
૭.સ્મૃતિ પ્રાપ્ત કર્યાનું મુખ્ય સાધન.

હવે સર્વ પદાર્થોનો ત્યાગ થાય એ માટે આ લોક અને પરલોકના પદાર્થરૂપ ફલના ભોગથી પરાઙ્મુખ થવાય, એ માટે નીચેના શ્લોકથી આરંભી બીજું સાધન કહે છે :

**શાબ્દસ્ય હિ બ્રહ્મણ એવ પન્થા યન્નામભિર્ધ્યાયતિ ધીરપાર્થૈઃ ।**
**પરિભ્રમંસ્તત્ર ન વિંદતેઽર્થાન્માયામયે વાસનયા શયાનઃ ॥૨॥**

શબ્દરૂપ બ્રહ્મનો આ માર્ગ છે. શબ્દોના ખોટા અર્થોથી બુદ્ધિ જે ધ્યાન કરે છે તેમાં ભ્રમણ કરતાં વાસનાથી માયામય (ફલ)માં પડેલો પરમાર્થો પ્રાપ્ત કરતો નથી. ૨

સર્વ વિષયોનો ત્યાગ કરવો. ''એ વિષય (ત્યાગ કરવા)માં મોટાઓને લૌકિક બાધ થતો ન હોય તોપણ 'સ્વર્ગ ઈચ્છનારે, પ્રજા ઈચ્છનારાએ પશુ ઈચ્છનારાએ જીવતાં સુધી અગ્નિહોત્ર કરવો' એવા (વાક્યોથી) વૈદિક બાધ કરે. એમાં જીવતાં સુધી (કરવા)નો અધિકાર સદાનું અંગ હોવાથી, અથવા પ્રજાની ઈચ્છા વગેરે સદાના હોય ત્યારે વૈરાગ્ય કરવાનું ન જ બને. કરવાનો હોય તોપણ અંદરથી જ[1] કરાય. અથવા પોતાની અંદર અગ્નિનું સમારોપણ કરીને અથવા અગ્નિહોત્ર કરતાં જ સંન્યાસ ગ્રહણ[2] કરે અથવા જરા અગ્નિહોત્ર[3] કરે, કારણકે બધામાં પદાર્થોનું મૂળ વેદ હોવાથી એનાથી વિરુદ્ધ પદાર્થની કલ્પના કરવી અશક્ય છે. તેથી (વેદમાં) કહેલ હોય તેવા જ પદાર્થો ફલમાં અને સાધનમાં જાણવા. તેથી વૈરાગ્ય અથવા ઉપર કહેલા પ્રકારે શાસ્ત્રના અર્થનો નિર્ણય સંભવતો નથી'' એવી શંકા કરીને બધાને વેદનો અર્થ કહે છે.

જેમ[4] પરબ્રહ્મ ભગવાન્ પરમાર્થરૂપ છે તેમ વેદ પણ જલના જથ્થા પેઠે શબ્દોના સમૂહરૂપ બ્રહ્મ છે. જેમ બ્રહ્મમાં સર્વત્ર આનંદ પૂર્ણ છે તેમ શબ્દબ્રહ્મમાં પણ-પોતે બ્રહ્મ છે એમ જણાવવા-સર્વત્ર ફલ કહેવામાં આવે છે; અને (એ) શબ્દનું ઉત્તમ સ્થાન હોવાથી (એમાં) માત્ર શબ્દ જ છે, પરંતુ અર્થ પરબ્રહ્મરૂપ હોવાથી ફલ એમના સમ્બન્ધવાળું છે. એમ ન હોય તો એક કર્મમાં દરેક સાધનમાં ધર્મ અને ધર્મીના ભેદથી અને ક્રિયાના ભેદથી કહેલા ફલો પ્રમાણરહિત અથવા પરમાર્થ વિનાના થાય.[5] દાખલા તરીકે 'આ સ્વર્ગલોક(પ્રાપ્તિ) માટે હોમાય છે' એવો આરંભ કરી

દક્ષિણહોમમાં ચાર આહુતિઓ, નિમિત્તને લીધે દક્ષિણના સંસ્કાર તરીકે, ગ્રાર્હપત્ય હોમ કરવામાં આવે ત્યારે બે આહુતિઓ અને જ્યાં અગ્નિ પ્રગટ કરવામાં આવે ત્યાં ઉત્તર વેદીમાં એક આહુતિ (અપાય છે.) એના દરેક કર્મમાં સંખ્યા વગેરેનું માહાત્મ્ય પણ 'બે પગવાળો યજમાન પ્રતિષ્ઠા માટે ગાર્હપત્ય (અગ્નિ)માં બેથી હોમ કરે છે' એમ વેદમાં કહેલું છે. જો આ બે આહુતિઓથી જ યજમાનની પ્રતિષ્ઠા થાય તો બીજી આહુતિઓ નકામી જ થાય અથવા વિરોધને લીધે પ્રમાણ વિનાની થાય કર્મ એક હોવાથી (પોતાની ઈચ્છા પ્રમાણે આહુતિઓ કહેલી હોય તેમાંથી ગમે તે કરવી એવો) વિકલ્પ તો રહેતો નથી. વળી, 'અગ્નિ પ્રગટ કરવામાં આવે ત્યાં હોમ કરે તે અંતરિક્ષનું આક્રમણ કરે છે' એમ (કહેલું છે.) જો ત્યાં માત્ર હોમ કરવાથી જ અંતરિક્ષનું આક્રમણ કરવાનું સામર્થ્ય (પ્રાપ્ત) થતું હોય તો (એ) શ્રુતિ પ્રમાણ થાય, (પણ) એ પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવાથી સંભવતું નથી, અને '[૫]આહવનીય (અગ્નિ)માં હોમ કરે તેને સ્વર્ગલોકમાં જ પહોંચાડે છે, એમ એ જ સમયે યજમાનને સ્વર્ગમાં પહોંચાડવાનું ઈષ્ટ ન હોવાથી એ માટેની પ્રવૃત્તિ વિઘ્નકારક થાય. વળી, આહુતિની બે સંખ્યાથી યજમાન અહીં પ્રતિષ્ઠિત થવાનું કહી, 'બે સૂર્યની ઋચાઓથી સૂર્ય પ્રકાશક તરીકેના ગુણથી સ્વર્ગમાં આક્રમણરૂપ ફલ કહ્યું, અને એ સંખ્યાના ફલથી વિરુદ્ધ છે. એવી રીતે સર્વ સ્થલે કર્મોના ઘણાં ફલ હોવાનું, અન્યોન્ય વિરુદ્ધ ફલ હોવાનું અને પીડાકારક ફલ હોવાનું કહે તો વેદ અપ્રામાણિક જ થાય, તેથી એ પ્રમાણ (ગણાય એ) માટે કાંઈક તાત્પર્ય વિચારવું જોઈએ, અને જેમ શબ્દના અર્થ ખોટા ન થાય તેમ વર્ણન કરવું જોઈએ. એમાં[૬] સોળ ઋત્વિજોના પ્રકારના (અને) યજમાનના પ્રકારના સર્વ લોકમાં રહેલા યજ્ઞરૂપ ભગવાનના સ્વરૂપની લીલાનું સર્વ સ્થળે વર્ણન કરવામાં આવે છે, કારણકે એવો નિશ્ચય થાય છે કે સર્વ રસો ભેગા જ રહેલા હોવાથી (અને) ભગવાન્ સર્વ સ્થલે સર્વ (પ્રકારે) પૂર્ણ હોવા છતાં, જ્યાં જેવા પ્રકારે (જે)ના ભોગથી[૭] એમણે લીલા કરેલી તે પ્રકારે વેદ નિરૂપણ કરે છે,[૮] અને તેથી બંને કાંડમાં આ જ વિરાટ્સ્વરૂપ, જેમનું બીજું નામ યજ્ઞ છે તેવા, ભગવાનનું નિરૂપણ કરેલું હોવાથી અમે જે સ્થૂલ ધારણા કહી તે જ વેદે પણ કહેલી છે, તેથી શબ્દરૂપ બ્રહ્મનો અમે કહેલો જ માર્ગ છે; પરંતુ વાક્યોનો અર્થ ન જાણવાથી લોકો ભૂલ કરે છે. તેથી વાક્યના અર્થના સમ્બન્ધ વિનાના[૯] જ જ્યાં (હરકોઈ સ્થલે) રહેલા શબ્દોથી જ પદાર્થનો નિશ્ચય કરી, કટકે કટકે[૧૦] સાધનપણું જાણીને જુદી જુદી ઈચ્છાઓ કરે છે. પછી એ જ પદાર્થનું ધ્યાન ધરે છે. શબ્દો વાક્યનો અર્થ જણાવે તેમાં નિશ્ચયપદ(શબ્દ)ના અર્થો પણ જણાવતા નથી,

કારણકે એક સાથે બે વૃત્તિઓમાં[૧૧] વિરોધ હોય છે. તેથી સ્વાર્થમાં (સ્વાર્થ માટે) શબ્દોના ખોટા અર્થોથી પણ લોક ભૂલ કરે છે, તેથી[૧૨] પોતાની બુદ્ધિથી વેદનો અર્થ જાણી, બુદ્ધિથી જુદા જુદા સ્થળે ભ્રમણ કરતાં અને એ (પદાર્થ) માટે કર્મ કરતાં, ફલ તરીકે કહેલા[૧૩] પરમાર્થોને પ્રાપ્ત કરતો નથી, પરંતુ વાસનાથી કામના દૃઢ હોવાને લીધે એ (પોતે ઈચ્છેલા) પદાર્થનો જ વિચાર કરતાં પડ્યો રહે છે. મહામોહમાં ડૂબે છે, એવો અર્થ છે. તેથી અમે કહેલ અને વેદે કહેલ અર્થમાં ભેદ ન હોવાથી (વેદના) પ્રમાણપણામાં સંદેહ કરવો નહિ, એવું તાત્પર્ય છે. ૨

૧. કામનાનો ત્યાગ કરી હોમ કરવાનો સમય ન હોય ત્યારે જ કરાય. (પ્ર)
૨. આ પ્રાણાગ્નિહોમ ઉપનિષદ્‌માં કહે છે. (પ્ર)
૩. આ ભાગવતના નવમા સ્કંધમાં સૌભરિના ઉપાખ્યાનમાં કહેલ છે. (પ્ર)
૪. અહીંથી સિદ્ધાન્ત કહે છે. (પ્ર)
૫. વાક્યો પ્રમાણરહિત થાય અને બીજા કર્મો પરમાર્થ વિનાના થાય. (પ્ર)
૫. યજમાનને તરત સ્વર્ગમાં મોકલવાનું પીડાકારક કર્મ.
૬. 'યજ્ઞ ખરેખર વિષ્ણુ છે' એ શ્રુતિ પ્રમાણે ભગવાને ક્રિયામાં પ્રવેશ કહેલ હોવાથી ઋત્વિજ અને યજમાનરૂપથી ભગવાન્ પોતે જ રહેલ હોય છે. યજ્ઞના પદાર્થો એમના અંગરૂપ જ હોઈ પૂર્વકાંડમાં એમની (ભગવાનની) જ લીલા કહેલી છે. (પ્ર)
૭.જે ગાર્હપત્ય વગેરે પ્રકારના મુખમાં જે હવિષ્‌નો ભોગ કરેલો હોય તેનાથી, એવો અર્થ છે. (પ્ર)
૮. 'સર્વ વેદો જેમના પદને જણાવે છે' 'સર્વ વેદોથી જાણવા યોગ્ય હું જ છું' વગેરે વાક્યોથી વેદોનું તાત્પર્ય ભગવાન્ હોઈ એ ભગવાનનો બાધ કરે છે, તેથી બંને કાંડમાં નામના ભેદથી તથા પ્રકારના ભેદથી ભગવાન્ જ જણાવેલ હોવાથી શબ્દ બ્રહ્મરૂપ વેદનો અમે કહેલ તે જ માર્ગ છે. (પ્ર)
૯. ફલ જણાવનાર શબ્દોથી વાક્યના અર્થ તરીકે સ્વીકારેલ જે પુરુષ (ભગવાન્) તેમની સાથે સમ્બન્ધ વિનાના. (પ્ર)
૧૦.કટકે કટકે એટલે પેટાવાક્યના માત્ર સમ્બન્ધી જ. (પ્ર)
૧૧.વૃત્તિ એટલે શબ્દનો અર્થ જણાવવાની શક્તિ, અભિધા, લક્ષણા અને વ્યંજના એવી ત્રણ વૃત્તિઓ છે.
૧૨.સામાન્ય ઋષિઓ પણ વેદનો એવો અર્થ કરતાં નથી કે વેદ ઈશ્વરરૂપ (ઈશ્વરનું જ. નિરૂપણ કરનાર) છે. તેથી તેઓ શ્રદ્ધા તજી દે છે. (પ્ર)
૧૩.પેટાવાક્યોમાં ફલ તરીકે કહેલા.(પ્ર)

**અતઃ કવિર્નામસુ યાવદર્થઃ સ્યાદપ્રમત્તો વ્યવસાયબુદ્ધિઃ ।**
**સિદ્ધેઽન્યથાઽર્થે ન યતેત તત્તત્પરિશ્રમં તત્ર સમીક્ષમાણઃ ।।૩।।**

તેથી શબ્દોમાં જેટલું પ્રયોજન હોય તે પ્રમાણે વિચાર કરનારાએ સાવધાન (રહી) નિશ્ચયરૂપ નિર્ણયવાળા (થવું.) બીજી રીતે કાર્ય સિદ્ધ થતાં એ (કાર્ય)માં

જુદો જુદો પરિશ્રમ જોતાં પ્રયાસ કરવો. ૩

'જો વેદ જુદા પ્રકારથી[૧] કોઈ પુરુષાર્થ જણાવતો હોય તો સર્વ કરવાની શક્તિ ન હોવાથી[૨] કોઈપણ પુરુષાર્થ પ્રાપ્ત ન થાય તેથી[૩] એવો નિર્ણય (કરવો) યોગ્ય નથી' એવી શંકા થતાં (જાણવું કે) જ્યાં પ્રસિદ્ધ પરમાર્થના સમર્થન તરીકે મહાવાક્યમાં ઉપયોગી થાય એ માટે વચલા ફળ (વેદ) કહે છે, તે લોકમાં પ્રસિદ્ધ હોવાથી યુક્તિવાળા સાધનો એવું ફલ પ્રાપ્ત કરવા યોગ્ય છે[૪] દાખલા તરીકે 'મારવાડમાં પરબ[૫] છે' (એમ) અગ્નિની સ્તુતિમાં લોકમાં પ્રસિદ્ધ પરબનું દૃષ્ટાંત કહેલું છે, તેવી રીતે 'વૃષ્ટિ ઇચ્છનારે કારીરીથી પૂજન કરવું[૬]' 'અભિચાર કરનારાએ શ્યેનથી યજ્ઞ કરવો' એવા પ્રત્યક્ષને મળતાં આવતાં ફલો ભગવાનની લીલા (જણાવવા) માટે જ કહેલા મહાવાક્યના પરમાર્થમાં ઉપયોગી છે. લોકના દૃષ્ટાંતરૂપ શ્રુતિનું તાત્પર્ય જાણવા નિપુણ થઈ, સાધન સાથેના જે મહાવાક્યનું સમર્થન કરનારા ફલોમાં ફલોથી પોતાનું કાર્ય સિદ્ધ થતું હોય, માત્ર તેટલા કરવામાં જ તત્પર રહેવું. 'શાંત, ઈંદ્રિયો વશ કરનાર, સંસાર તજેલો, સહન કરનાર થઈ)[૭] એમ શમ વગેરેથી આરંભ કરી 'આત્મામાં જ આત્માનું દર્શન કરવું' એ ખરેખર આ સર્વ જગત્ છે' 'એ થઈ ગયેલું અને થનારું છે' એમ કહી. 'એને જ મનથી અને હૃદયથી જાણીને, વિદ્વાન્ ફરી મૃત્યુ પામતો નથી' એવા વાક્યો, અને 'પાર વિનાના જલમાંથી' આરંભ ન કરી 'જે એને જાણે છે તે અમૃત થાય છે' એ અંતરૂપ વાક્યથી જેનો જેવો જે વિષયમાં અધિકાર હોય તેટલા પૂરતું જ તેણે કાર્ય કરવું અને એમાં પણ સાવધાન રહેવું, કારણકે પછીના કાર્યની ગણના ન રાખતાં માત્ર એવા જ્ઞાનથી જ કાર્ય સફળ થતું નથી.

'ઘઉંના ઢગલામાં પડેલા જવ વીણી કાઢવાની પેઠે, ચક્ષુને-દૃષ્ટિને બળ ન હોવાથી વ્રતવાળાથી[૮] એ કરવું અશક્ય છે' એવી શંકા થાય તેથી નિશ્ચયરૂપ નિર્ણયવાળા (થવું)' એમ કહેલું છે. નિશ્ચયરૂપ બુદ્ધિ છે જેની (તેવા થવું.) ઘણો વિચાર કરી, બધાનું ચિંતન કરી, પોતાના પ્રયોજનવાળું કામ (શોધી) કાઢી, નિશ્ચય કરી એનું સાધન કરવા દૃઢ રહેવું, એવો અર્થ છે. એ વિષયમાં શું કરવું એ જાણવાની ઈચ્છા થતાં આરંભમાં લોકમાં પ્રાપ્ત થયેલ દેહ વગેરેના નિર્વાહ માટેનું કાર્ય ન કરવું, એમ 'બીજી રીતે કાર્ય સિદ્ધ થતાં' શબ્દોથી કહેલ છે. કાલથી અથવા ભગવાનથી, સ્વભાવથી, કર્મથી અથવા લોકોથી દેહનો નિર્વાહ થતાં, પોતે એ વિષયમાં પ્રયત્ન ન કરવો, કારણકે (આપણો) પોતાનો પ્રયત્ન હદવાળો છે. ભગવાનની સેવા માટે રાખેલો એ બીજા કાર્યમાં વાપરવો યોગ્ય નથી. વળી, એ વિષયમાં જુદો જુદો

પરિશ્રમ એ પોતે જુએ છે. માત્ર બીજી રીતે પ્રાપ્ત થતા હોવું એટલું જ દૂષણ નથી, એ દેહનો નિર્વાહ (કરવા)માં જુદો જુદો પરિશ્રમ, તે તે (પુરુષ)નો શય્યા વગેરે એક એક પદાર્થ (સિદ્ધ) કરવામાં, દેહ ઇંદ્રિયો બુદ્ધિ વગેરેનો પરિશ્રમ જોતાં (દેહના નિર્વાહ માટે) પ્રયત્ન ન કરવો, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. ૩

૧.જુદા પ્રકારથી એટલે લોકના અનુરોધ વિના ભગવાનમાં લાગુ પડતું હોવાના પ્રકારથી. (પ્ર)
૨.ભગવાનની પેઠે સર્વ કર્મો કરવાની શક્તિ ન હોવાથી. (પ્ર)
૩.સર્વ (કર્મો)નું ફળ કહેવામાં આવે છે, તેથી અગ્નિહોત્ર વગેરેમાં કહેવામાં આવેલ 'કામ' શબ્દ ભગવાનને લાગુ પડતો ન હોવાથી એવા વચલા વાક્યો ભગવાનને જણાવનારા હોવાનો નિર્ણય યોગ્ય નથી, તેથી. (પ્ર)
૪.જે વાક્યોમાં ભગવાનની લીલાનું સમર્થન કરવા મહાવાક્યમાં ઉપયોગી થાય એ માટે, મહાવાક્યમાં મૃત્યુ તરવાનું ફલ પ્રાપ્ત કરવામાં ઉપયોગી સાધનો યુક્તિવાળા હોઈ બારોબાર અથવા પરંપરાથી મૃત્યુ તરાવનારા હોઈ કરવાં. એ પ્રતારણ કરતાં નથી. (પ્ર)
૫.અગ્નિ ઘણો પ્રિય છે એમ જણાવવું એ આ વાકયનું તાત્પર્ય છે. (પ્ર)
૬.સન્માર્ગથી વિમુખ હોય એમની સન્માર્ગમાં પ્રવૃત્તિ કરાવવાનું આ તથા પછીના વાક્યોનું તાત્પર્ય છે. એનાથી ફલ પ્રાપ્ત ન થાય એવી શંકા ન કરવી. જો એ પ્રાપ્ત થતું ન હોય તો એ વાક્યમાંથી વિશ્વાસ જતો રહે. (વાક્યનું) તાત્પર્ય જાણ્યા વિના એ કાર્ય કરવામાં આવે તોપણ ફલ પ્રાપ્ત થાય, કારણકે લોકમાં નિર્વાહ થાય છે એ માટે ભગવાન્ ફલ આપે છે. (પ્ર)
૭.કાર્ય સિદ્ધ કરનારા વાક્યો અહીંથી કહેલા છે. જીવાત્માના દર્શનના અધિકારવાળો શાન્તિ વગેરે ગુણવાળો થાય. પુરુષોત્તમના દર્શનનો અધિકારી બૃહન્નારાયણો પતિપદમાં જણાવેલ જ્ઞાનવાળો થાય. એવી રીતે સર્વ વિદ્યાઓનું અધિકાર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવું એવો અર્થ છે. (પ્ર)
૮.'વ્રતવાળો' એટલે સદાય વિચાર કરવાના નિયમવાળો. (પ્ર)

નીચેના શ્લોકથી આરંભી દેહનો નિર્વાહ બીજા પ્રકારે (એની મેળે જ) પ્રાપ્ત થાય છે અને (એની પ્રાપ્તિમાં થતો) પ્રયાસ જણાવે છે :

**સત્યાં ક્ષિતૌ કિં કશિપોઃ પ્રયાસૈર્બાહૌ સ્વસિદ્ધે હ્યુપબર્હણૈઃ કિમ્ ।**
**સત્યઞ્જલૌ કિં પુરુધાઽન્નપાત્ર્યા દિગ્વલ્કલાદૌ સતિ કિં દુકૂલૈઃ ।।૪।।**

ભૂમિ છે ત્યારે ગાદલાના પ્રયાસોનું શું (પ્રયોજન)? બે હાથ એની મેળે પ્રાપ્ત થતાં ઓશીકાઓનું શું (પ્રયોજન)? અંજલિ છે ત્યારે ઘણા પ્રકારના અન્નના પાત્રોનું શું (પ્રયોજન)? દિશાઓ વૃક્ષની છાલ વગેરે વસ્ત્રો છે ત્યારે રેશમી વસ્ત્રોનું શું પ્રયોજન? ૪

વિસ્તારથી પાથરેલી શય્યારૂપ ભૂમિ અથવા રેતીરૂપ કોમળ પ્રકારની (શય્યા) પ્રાપ્ત કરવાના પ્રયાસ વિના જ છે, પ્રાપ્ત થયેલી છે ત્યારે રૂ, (પ્રાપ્તિના) વસ્ત્ર,

કપાસ, સીવવાના ઝાપટવાના અને પાથરવાના પ્રયાસોથી શું ફલ? કારણકે, સાધનનું સુખ સરખું હોવા છતાં આ (ગાદલું પ્રાપ્ત કરવા)માં વધારે દુઃખ છે. વળી બે હાથ એની મેળે જ પ્રાપ્ત થયેલા છે (ત્યારે પાત્રોનું શું પ્રયોજન?) મહાપુરુષની ઇંદ્રિયો વિકલ હોવાની શંકા ન હોવાથી[1] એમ કહેલ છે. માથું ઊંચું રાખવાના સાધન બનેલ ગાલમશુળિયાં અને બે પગ નીચે મૂકવાના રૂ-ભરેલા વસ્ત્રોનું શું પ્રયોજન? આ જુદું વાક્ય છે, તેથી[2] તાત્પર્યથી એકવાક્યપણું છે. હાથરૂપ પાત્રથી પણ ભિક્ષા (માગવાનો) નિર્વાહ થાય છે, ત્યારે તાંબું વગેરેના અનેક પ્રકારના વાસણોનું શું (પ્રયોજન)? સર્વમાં થતા પ્રયાસનું ધ્યાન રાખવું. ઉનાળામાં દિશાઓ, શિયાળામાં વૃક્ષોની છાલના વસ્ત્રો વગેરે, શબ્દથી (જણાવેલ) ચીંથરાના વસ્ત્રો હોય ત્યારે 'દુકૂલૈઃ'—રેશમી વસ્ત્રોનું શું (પ્રયોજન)? વળી ઘણા વિરક્ત (પુરુષ)ને માણસોનું પણ શું (પ્રયોજન)? સર્વ લોકોને પણ તજવા[3], એવો અર્થ છે. ૪

૧.સમૃદ્ધિપાત્ર પુરુષ ઘરમાંથી વૈરાગ્યને લીધે નીકળી જાય તેની ઇંદ્રિયો ભગવાનની કૃપાથી વિકલ ન હોય, તેથી આ કહેલ છે. (પ્ર)

૨.'તેથી' એટલે ફલ એક જ (સરખું) હોવાથી.(પ્ર)

૩.શ્લોકના ચોથા પાદથી સૂચવેલ અર્થ આથી કહેલા છે.(પ્ર) દિશાઓને વસ્ત્ર ગણો ત્યારે લોકમાં રહેવાનું બને નહિ, તેથી લોકોને તજવાનું સૂચવેલું થાય છે.

**ચીરાણિ કિં પથિ ન સન્તિ દિશન્તિ ભિક્ષાં નૈવાંઘ્રિપાઃ પરભૃતઃ સરિતોઽપ્યશુષ્યન્ ।**
**રુદ્ધા ગૃહાઃ કિમજીતોઽવતિ નોપપન્નાન્ કસ્માદ્ ભજન્તિ કવયો ધનદુર્મદાન્ધાન્॥૫॥**

માર્ગમાં શું ચીંથરાં નથી? બીજાઓનું ભરણપોષણ કરનારા વૃક્ષો ભિક્ષા નથી જ આપતાં? નદીઓ પણ સુકાઈ ગઈ છે? શું ગુફાઓ બંધ કરેલી હોય છે? શરણે આવેલાનું અજિત રક્ષણ કરતા નથી? વિચાર કરનારાઓ ધનના દુષ્ટ મદથી આંધળા થયેલાઓનો શા માટે આશ્રય કરે છે? ૫

"સર્વ સ્થળે સર્વ પદાર્થો બીજાના હોય છે. સાધનોથી જ એ પ્રાપ્ત થાય છે. ભૂમિ પણ કોઈકની હોય છે, તેથી એની આજ્ઞામાં અને એને અનુકૂળ થઈ રહેવું જોઈએ. દેહ પણ પરાધીન[1] છે. વૃક્ષની છાલના વસ્ત્રો વગેરે પણ સાધન (કરવાથી) પ્રાપ્ત થાય તેવા છે, તેથી[2] સદા સર્વની જરૂર ન હોવાનું અશક્ય હોવાથી, કાંઈક જરૂર કરવાની (રાખવાની) હોવાથી 'જો ડૂબ્યા તો પાતાળમાં પ્રવેશ કરવો' એ ન્યાય પ્રમાણે સર્વ પ્રકારે જરૂરવાળા જ રહેવું." એ સમ્બન્ધમાં કહે છે કે 'માર્ગમાં શું ચીંથરાં નથી?' ચીંથરાં એટલે વસ્ત્રોના ટુકડા. 'માર્ગમાં' શબ્દથી એમ સૂચવેલું છે કે

પ્રાપ્ત કરવા માટે બીજે જવાનું નથી. 'અંઘ્રિપાઃ–''વૃક્ષો' 'પરભૃતઃ' બીજાઓનું જ ભરણપોષણ કરે છે, પરંતુ એના ફલોથી એઓનો કોઈ પર ઉપકાર થતો નથી, કારણ કે પાકું ફલ એઓ પોતાની મેળે જ આપે છે, થોડું પાકેલ હોય તે (એઓને) હલાવવાથી આપે છે. વળી એઓ દેવતારૂપ વૈષ્ણવો છે. ભગવાનના જીવો માટે જગત્ રેચલું હોવાથી એક તજે ત્યારે (એ) બીજાથી થાય છે. તેથી ચીંથરાં પણ ભગવદીય છે; અને માર્ગો ભગવદીય છે, કારણકે એઓ ગતિના સાધન છે. તેથી એઓ[3] પણ શું વસ્ત્રો નથી આપતા? એવી (વાક્યની) યોજના કરવી, પગના સમ્બન્ધથી એ દાન (દેવાનું) જણાય છે.[4] જતાંવેંત અથવા ક્ષણના વિલંબથી વૃક્ષો ફલ આપતાં હોવાથી (એઓ) ભિક્ષા આપનારા છે. 'અંઘ્રિપાઃ' શબ્દથી એઓનો હસ્ત પણ અશુદ્ધ ન હોવાનું જણાવ્યું. વળી, જલ સિવાયનું એઓ ભક્ષણ કરતાં નથી, અને જલ પણ પગો (થડો)થી પીએ છે, અને તડકા વગેરેથી એઓની શાખાઓ શુદ્ધ હોય છે અને એઓ વનમાં રહેનારાં, સહન કરનારા અને માત્ર પરાર્થ માટે જીવનારા છે. તેથી એઓ પાસે જ ભિક્ષા માગવી.

જલ (મેળવવા) માટે પણ લૌકિક (પુરુષ)ની જરૂર નથી, એમ 'નદીઓ પણ સુકાઈ ગઈ છે?' શબ્દોથી કહેલું છે, કારણકે (એઓ સુકાઈ ગઈ હોય) ત્યારે કૂવા વગેરેની જરૂર પડે. નદીઓ ઘણી અને મોટી હોવાનું સર્વને પ્રસિદ્ધ છે. ટાઢ, પવન, તડકો, વરસાદ વગેરેને અટકાવવા માટે પણ બીજાની જરૂર કરવી (રાખવી) નહિ, એમ શું 'ગુફાઓ બંધ કરેલી હોય છે?' શબ્દોથી કહેલું છે, કારણકે એઓ બંધ થયેલી હોવાનું જણાયેલ નથી. 'કોઈક સમયે સર્વ (કોઈ) ન હોય અને ગુફાઓમાં વાઘ વગેરેનો ભય હોય ત્યારે શું કરવું?' એવી શંકા થાય, તેથી '(શરણે આવેલાનું) અજિત રક્ષણ કરતા નથી? એમ કહેલ છે. (અજિત) કોઈથી પણ જીતાયેલા નથી (તે) ઘણી શક્તિવાળા 'ઉપપન્નમ્'–શરણે આવેલાનું રક્ષણ શું નથી કરતા? એવા (શ્રવણ વગેરેના) અધિકારીઓ પણ એ પ્રમાણે (બીજાની જરૂર વિના રહેવાનું) કરતા નથી, તેથી સર્વત્ર આગ્રહથી કહેલ છે. એ પ્રમાણે સર્વ કાર્યો સિદ્ધ થતાં જેઓ અધિકારીઓ હોવા છતાં પણ ધનથી દુષ્ટ થયેલ મદવાળાનો આશ્રય કરે છે–ધનથી થતો જે દુષ્ટ 'મદઃ'–ગર્વ એનાથી આંધળા થયેલા–(પોતાપાસે) આવેલાનું સ્વરૂપ ન જાણનારાઓનો કયા પ્રયોજનથી આશ્રય કરે છે એ અમે જાણતા નથી. ૫

૧.'દેહ માતાનો, પિતાનો, બળવાનનો, વેચાતો લેનારનો વગેરે કોનો છે !' એ વાક્ય (૧૦-૧૦-૧૧) પ્રમાણે દેહ પરાધીન છે.(પ્ર)

૨.તેથી એટલેસર્વને સાધન(થી પ્રાપ્ત કરવા)ની જરૂર હોવાથી.(પ્ર)

૩.'એઓ' એટલે ભગવદીય હોવાથી ભગવદીયો (પણ શું નથી આપતા) ?(પ્ર)
૪.'બધા માર્ગોનું એક સ્થાન પાદ છે' એ શ્રુતિ પ્રમાણે પગના સમ્બન્ધી (માર્ગો) દાન કરે છે, તેમાં કરણ (વસ્ત્ર પ્રાપ્ત કરવાનું સાધન) થઈ દાન કરે છે, એવો લક્ષણાથી અર્થ થાય છે.(પ્ર)

એ પ્રમાણે પ્રસંગને લીધે બીજાઓને ઉપદેશ કરીને એવા (બીજાની જરૂર ન રાખનારા)એ જે કરવા યોગ્ય છે તે નીચેના શ્લોકથી કહે છે :

**એવં સ્વચિત્તે સવત એવ સિદ્ધે આત્મા પ્રિયોઽર્થો ભગવાનનન્તઃ ।**
**તં નિવૃત્તો નિયતાર્થો ભજેત સંસારહેતૂપરતશ્ચ યત્ર ।।૬।।**

આત્મા પ્રિય અર્થ ભગવાન્ અનંત (છે, તે) એવા પ્રકારે પોતાના ચિત્તમાં પોતાની મેળે પ્રાપ્ત થાય ત્યારે (બીજાને) તજેલા, નક્કી કરેલ પરમાર્થવાળાએ એમની સેવા કરવી, કારણકે (એમ કરવાથી) સંસાર (પ્રાપ્ત થવા)ના કારણનો નાશ થાય છે.૬

'એવી રીતે પોતાના ચિત્તમાં (પોતાની મેળે પ્રાપ્ત થાય)' શબ્દોથી ભજન કરવા યોગ્યને પ્રાપ્ત કરવામાં દુઃખ થતું નથી એમ કહેલું છે. એવી રીતે જે અન્તઃકરણની પ્રેરણાથી સર્વ પ્રકારે સર્વ (કોઈ)ની જરૂર નથી એવું કરાવે છે તે અન્તઃકરણમાં રહે છે, એ વિવાદરહિત છે. તેથી જ 'એવમ્'–એવા પ્રયોજનથી૧+ અથવા એવા પ્રકારથી 'સ્વચિત્ત'-(પોતાને સ્વાધીન ચિત્તમાં પોતાની મેળે જ (આપણા) પ્રયત્ન વિના જ પ્રાપ્ત થયેલા હોય અથવા પ્રાપ્ત થાય ત્યારે એમની સેવા કરવી, એવો વાક્યનો સમ્બન્ધ છે, 'આત્મા' વગેરે શબ્દોથી એવા ભગવાનનું ભજન કરવા યોગ્ય સ્વરૂપ કહેવા સર્વ પુરુષાર્થો(ની પ્રાપ્તિ)ના કારણ બનેલ પાંચ ગુણોવાળા (એ) હોવાનું કહે છે. (એ) આત્મા હોવાથી પ્રિય છે, પ્રિય હોવાથી અર્થ છે, અર્થ હોવાથી ભગવાન્ છે, ભગવાન્ હોવાથી અનંત છે, એમ વિશેષણોની કારણ અને કાર્યરૂપ સ્થિતિ પણ (જણાવેલ છે.) પ્રાણીઓને સેવા (કરવા)માં ઉપયોગી (૧)પોતાનો આત્મા, (૨)દેહ, (૩)ધન, (૪)ઈશ્વર અને (૫)નિત્યકર્મ (એ) પાંચ રૂપો છે. એ સમ્બન્ધમાં ભગવાન્ પાંચે રૂપવાળા છે એમ કહે છે. આરંભમાં એઓ સેવા કરનારાઓના આત્મા છે. એ વાસ્તવિક રીતે અધિકારીને એ (આત્મા) તરીકે પ્રકાશે પણ છે, તેથી અવશ્ય સેવા કરવા યોગ્ય છે. તર્કથી સેવા કરવાની કહી, 'પ્રિય' શબ્દથી રુચિથી સેવા કરવાની કહે છે. જેવી રીતે પ્રાણ અથવા જેવી રીતે દેહ પ્રાણીઓને પ્રિય થાય છે તેવી રીતે ભગવાન્ પ્રિય છે. આત્મા હોવાથી પ્રિય હોવાનું પ્રાપ્ત થયેલ હોવા છતાં, વધારે જે પ્રિય થવાનું કહ્યું તે પ્રીતિ હદવાળી હોવાનું જણાવવા (કહેલ છે,)

કારણકે એ પ્રીતિ એકમાં યોજવામાં આવેલી, બીજાને એ (એવા) પ્રીતિના વિષય કરતી નથી, તેથી સર્વ પ્રકારવાળા એકમાં જ પ્રીતિ કરવી. એમ કરવામાં ન આવે[2] તો કટકે કટકે એકમાં અથવા એક પ્રકારવાળામાં કરેલી સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવે નહિ. પ્રીતિ તો ભગવાનનો ગુણ છે. ભગવાને સુખ માટે એ સર્વ જીવોને થોડો થોડો આપેલ છે, તેથી જેનામાં એ પ્રીતિ કરે છે તેનાથી જ (એને) સુખ થાય છે; તેથી પોતાનું સુખ જ પોતાનું થાય છે (પોતાને મળે છે) એમ કહેવાયું, તેથી જ્યારે (પ્રીતિનો) વિષય પણ સુખરૂપ હોય ત્યારે એને પ્રીતિ આપવાથી ઘણું સુખ થાય; તેથી દેહ વગેરેમાંથી પ્રીતિ કાઢી લઈ ભગવાનમાં એ રાખો એવું તાત્પર્ય છે.

ભગવાન્ અર્થ–ધનરૂપ છે એટલે જેટલું કાર્ય એ(ધન)થી થશે તે સર્વ ભગવાનથી થશે. 'અર્થઃ' શબ્દ પાંચ અર્થ જણાવનારો હોવાથી ભગવાન્ પણ (૧)સર્વવેદોના અર્થરૂપ, (૨)સર્વ ધનરૂપ, (૩)સર્વ વસ્તુઓરૂપ, (૪)સર્વને તજવાના પ્રકારથી, (૫)સર્વ કાર્ય પૂર્ણ કરનાર એવા પાંચ રૂપવાળો છે, અને ભજન (કરવા)માં આ ગુણો ભજન કરવાયોગ્ય વિષયનો નિર્ણય કરનાર તરીકે ગુણોનો સરવાળો કરવાના ધોરણે ગ્રહણ કરવા. એ પ્રમાણે થાય ત્યારે ભગવાનનું સર્વના આત્માપણાથી ભજન થાય છે. વળી ભગવાન્ છ ગુણોના ઐશ્વર્યવાળા છે. ઐશ્વર્ય વગેરે પ્રયોજન માટે પણ પોતે સેવા કરવાનું હોય છે. આ છ ગુણો પૈકીના 'શ્રી' શબ્દથી આ વિષયમાં શોભા જાણવી. વળી એ દેશ અને કાલની હદ વિનાના અનંત (સર્વત્ર રહેલા) અને નિત્ય છે. આટલાથી એમ જણાવ્યું કે પચીસ તત્ત્વો અને છવીસમા મહાવિષ્ણુ એમ છવીસ પ્રકારે એમની સેવા કરવી. એ પૈકી જીવ અને બ્રહ્મના ભેદથી આત્મા બે પ્રકારનો છે. અગિયાર ઈંદ્રિયોથી ભોગ કરવા યોગ્ય હોવાથી પ્રિય અગિયાર પ્રકારનો છે. અર્થ પાંચ પ્રકારનો હોવાનું કહેલ છે. ભગવાન્ છ પ્રકારના છે[3] અને અનંત[4] બે પ્રકારના છે. એવી રીતે સર્વ પ્રકારથી એમની સેવા કરવી, એવો અર્થ છે. 'એ (બીજાને) તજેલા, નક્કી કરેલ પરમાર્થવાળા' શબ્દોથી સેવકના અધિકારીના વિશેષણ થયેલ બે ગુણો કહે છે. એક બીજાઓને તજવા માટે અને એક (બીજું) ભગવાનમાં દઢતા થાય એ માટે કહેલ છે, અને આ બે ગુણો આવશ્યક છે. એમ એ ગુણો ન હોય તો સર્વ પ્રકારથી સેવા કરેલા ભગવાન્ પણ પુરુષાર્થરૂપ થતા નથી. બીજાઓ સંપૂર્ણ રીતે તજેલા હોવા જોઈએ. એમ ન કરેલ હોય તો બ્રહ્માસ્ત્રન્યાય થાય. ભગવાનમાં જ અથવા ભગવાન્ 'અર્થઃ'–પુરુષાર્થ જેનો નક્કી થયેલ છે તેવો સેવક જોઈએ. એવો ન હોય તો 'સંશયવાળાનો વિનાશ થાય છે.' જોકે ભગવાન્ જ

ફલ છે અને બીજું કાંઈ ઈચ્છેલું નથી, છતાં પણ સંસારના કારણરૂપ અજ્ઞાનના અને ભગવાનથી વિમુખપણાના નાશનું ફલ, સમ્બન્ધથી પ્રાપ્ત થાય છે, અને 'ચ'-અને શબ્દ હોવાથી સાયુજ્ય વગેરે ફલ (પણ એવી રીતે પ્રાપ્ત થાય છે.) ૬

૧.'એવા પ્રયોજનથી' એટલે પ્રાપ્ત કરવાનું દુઃખ ન હોવાથી.(પ્ર)

૨.દક્ષિણમાં ઘણી સ્ત્રીઓમાં એક જણ પ્રીતિ કરતો હોવાનું દેખાય છે, તેથી આ કહેલ છે. દક્ષિણના દષ્ટાન્તથી સર્વના ઉપર પ્રીતિ કરવામાં આવે તો (એવો અર્થ છે.)(પ્ર))

૩.ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો દશમ સ્કન્ધના છેલ્લા છ અધ્યાયો અનુક્રમે આ ગુણો ભગવાનમાં હોવાનું સિદ્ધ કરે છે.

૪.કાલની હદ વિનાના અને જગ્યાની હદ વિનાના.

એવી રીતે (ભગવાનની)સેવા સર્વથી ઉત્તમ છે એમ સિદ્ધ કરીને એવી (સેવા) ન કરનારનો શોક કરતાં નીચેનો શ્લોક કહે છે :

**કસ્ત્વાં ત્વનાદત્ય પરાનુચિન્તામૃતે પશૂનસતીં નામ યુઞ્જ્યાત્ ।**
**પશ્યન્ જનં પતિતં વૈતરિણ્યાં સ્વકર્મજાન્પરિતાપાન્ જુષાણમ્ ।।૭।।**

(ભગવાનના)એ ઉત્તમ ચિંતનનો અનાદર કરીને, પશુઓ વિનાનો કોણ-જનને પોતાના કર્મોના પરિતાપો ભોગવતો વૈતરિણીમાં પડેલો જોતાં-દુષ્ટનું ચિંતન કરે? ૭

'ઋતે પશૂન્' પશુઓ વિના એ ભગવાનના ઉત્તમ ચિંતનનો-ધ્યાનથી સ્વરૂપના ચિંતનનો અનાદર કરીને (એ) કર્યા વિના, ચિંતન કરનારનો નાશ કરનારું દેહ વગેરે દુષ્ટનું ચિંતન (કરે)? 'નામ' શબ્દ પ્રસિદ્ધિ (જણાવે છે.) 'યુઞ્જ્યાત્' એટલે સ્ત્રીની પેઠે એને વિચારે. અજ્ઞાનથી (એવો) વિચાર ભલે થાય, પરંતુ એનાથી થતાં અપકાર જાણીને કોણ એ કરે? ઉત્તરાર્ધથી (દેહ વગેરેના ચિંતનનો) અપકાર ગણાવે છે. જેમ ભગવાનનું ભજન કરવામાં આવતાં ભગવાનના છ ગુણો પોતાની અંદર આવે છે, તેવી રીતે દેહ વગેરેનું ભજન કરતાં એઓમાં રહેલા છ દોષો ૧.ઉત્પત્તિ, ૨.નાશ, ૩.દુઃખ, ૪.કર્મો, ૫.પરિતાપ અને ૬.હીનપણું પોતામાં આવે છે, એ કહે છે : ૧.'જન' એટલે ઉત્પન્ન થનાર, ૨.પડેલો, પોતાના સ્થાનથી પડેલો એટલે લગભગ મરેલો, ૩.યમના દ્વારે રહેલી વૈતરિણીમાં (પડેલો;) આથી એમ સૂચવેલું છે કે દુષ્ટનું ચિંતન કરતાં મરેલો વૈતરિણીમાં પડે છે; ૪.પોતે કરેલ વિવિધ કર્મોના ફલ અને ૫.શોક વગેરે પરિતાપો, ૬.ભોગવતો (હોય છે;) તેથી કોણ અમૃત તજી વિષનું ભક્ષણ કરે? એવી રીતે (ભગવાનનું ચિંતન) બહુ રુચે એ માટે બહુ કહેવાની જરૂર નથી, એવું તાત્પર્ય છે. ૭

એવી રીતે સર્વ પરમાર્થનો નિશ્ચય કરીને, ભક્તિમાર્ગને અનુસરીને ભગવાન્

વિષયનું (ભગવાનનું) શ્રવણ વગેરે સાધન કરવું એમ સાબિત થયું. આ સમ્બન્ધમાં કેટલાકના મત પ્રમાણે સર્વ (પરમાર્થ)નો નિર્ણય વ્યર્થ છે. ચાર ભુજાઓવાળું, માત્ર આનંદના કર ચરણ મુખ ઉપર વગેરેવાળું મુખ્ય ભગવાનનું સ્વરૂપ જાણીને (એનું) ભજન કરવું જોઈએ. તેથી ધારણામાં સ્થૂલ (રૂપ)ના સ્થાનમાં ભજન કરવારૂપ ભગવાનનું આનંદ સ્વરૂપ મૂકે છે, એ કહે છે :

**કેચિત્ સ્વદેહાન્તર્હૃદયાવકાશે પ્રાદેશમાત્રં પુરુષં વસન્તમ્ ।**
**ચતુર્ભુજં કઞ્જરથાઙ્ગશંખગદાધરં ધારણયા સ્મરન્તિ ॥૮॥**

કેટલાક પોતાના દેહની અંદર હૃદયના પોલાણમાં રહેતા ચાર ભુજાવાળા, કમળ ચક્ર શંખ અને ગદા ધારણ કરનાર, વેંતના માપના પુરુષનું ધારણાથી સ્મરણ કરે છે. ૮

'કેટલાક' એવા વચનને લીધે આ (વિષય)માં સર્વત્ર સંમતિ નથી, કારણકે આમાં આનંદનો આવિર્ભાવ જ થાય છે, પરંતુ દેહનો નાશ (થતો) નથી. જોકે જુદાં પડી ન શકે તેવા પાપો વગેરેનો નાશ થાય છે, છતાં પણ સંપૂર્ણ પ્રેમ પ્રાપ્ત થતો ન હોવાથી (સંસાર ઉપરના) પ્રેમ વગેરેનો નાશ થતો નથી. ભગવાનના ધ્યાન કરવા યોગ્ય ચાર સ્વરૂપો છે : (૧)અંગૂઠાના માપનું, (૨)વેંતના માપનું, (૩)પુરુષના માપનું અને (૪)પહેલાં કહેલું (વિરાટ્ સ્વરૂપ.) એ પૈકી પોતાની પાસે રહેલું વેંતના માપનું જ છે, કારણકે એ વૈશ્વાનર વિદ્યામાં કહેલું છે અને શુદ્ધ હૃદયમાં સમાઈ શકે તેવું છે. અથવા 'દશ આંગળથી વધારે (થયેલ)' એ વાક્ય પ્રમાણે પુરુષ (સ્વરૂપ)થી જુદા સ્વરૂપનું શ્રેષ્ઠપણાને માટે ભજન કરે છે. જુદું પણ પુરુષના આકારનું છે. હૃદયમાં રહેલું ત્રીજું પુરુષનું સ્વરૂપ છે. 'ચાર ભુજાવાળું' (વગેરે) શબ્દથી એના સ્થૂલ સ્વરૂપનું વર્ણન કરે છે. 'કઞ્જમ્' કમલ,' 'રથાઙ્ગમ્' 'ચક્ર' ચારે હસ્તોમાં એ આયુધો ધારણ કરનારું છે. આથી સંપૂર્ણ રીતે રક્ષણ સૂચવેલ છે, કારણકે પ્રવેશ (કરતાં) પણ તત્વોનું ત્યાં[1] સ્થાપન કરીને પોતે[2] પ્રવેશ કરે છે[3]. ઉપર કહેલી ધારણાથી સ્મરણ કરે છે એટલે (એ સ્વરૂપ હૃદયમાં) રહેલું હોવાથી મનથી (એની હૃદયની અંદર) કલ્પના કરવાની જરૂર નથી. ૮

૧.ત્યાં એટલે આયુધોમાં.(પ્ર) ૨.પોતે એટલે જીવ.(પ્ર)
૩.'પ્રવેશ કરે છે' એટલે ધારણા (કરવા) માંડે છે, એવો અર્થ જણાય છે.

**પ્રસન્નવક્ત્રં નલિનાયતેક્ષણં કદમ્બકિઞ્જલ્કપિશઙ્ગવાસસમ્ ।**
**લસન્મહારત્નહિરણ્મયાઙ્ગદં સ્ફુરન્મહારત્નકિરીટકુણ્ડલમ્ ॥૯॥**

પ્રસન્ન મુખવાળા, કમળના જેવા દીર્ઘ નયનવાળા, કદંબની કળી જેવા

લાલાશવાળા પીળા રંગના વસ્ત્રવાળા, મોટા રત્નો જડેલા સુવર્ણના બાજુબંધવાળા, પ્રકાશતાં મોટા રત્નોવાળા મુકુટ અને કુંડળોવાળા.૯

વળી, 'પ્રસન્નવક્ત્રમ્' ભક્તોને ફલ આપવા માટે પ્રસન્ન છે મુખ જેમનું તેવા, કમળના જેવા 'આયતે' દીર્ઘ નયનો છે જેમના, છેવટના ભાગમાં કદંબની કળી જેવું સહેજ રતાશવાળું પીળું અને અંતે મોતી સાથેનું રેખાના આકારવાળું (એટલે) કદંબની કળી જેવું, સુવર્ણના દંડના આકારવાળી દોરીથી બાંધેલા મોતીઓથી ભરેલું, કૃતાર્થ કરેલા બધા જીવોવાળા વેદરૂપ–આવું ભગવાનનું પીતામ્બર (તેવા પીતામ્બરવાળાનું,) પ્રકાશતાં મોટા રત્નો જે સોનાના બાજુબંધમાં (હતાં તેવા) 'અઙ્ગદમ્' બાજુબંધ(વાળાનું,) પ્રકાશતાં મોટા રત્નો મુકુટમાં અને બે કુંડલોમાં હતાં જેમના, ૯

**ઉન્નિદ્રહૃત્પઙ્કજકર્ણિકાલયે યોગેશ્વરાસ્થાપિતપાદપલ્લવમ્ ।**
**શ્રીલક્ષ્મણં કૌસ્તુભરત્નકન્ધરમમ્લાનલક્ષ્મ્યા વનમાલયાઞ્ચિતમ્ ॥૧૦॥**

કમળરૂપ હૃદયના વિકાસ પામેલા કોશરૂપ ગૃહમાં યોગેશ્વરોએ સ્થાપન કરેલું છે પાદપલ્લવ જેમનું, લક્ષ્મી જેમનું 'લક્ષ્મ' ચિહ્ન છે, કૌસ્તુભ રત્ન છે કંઠમાં જેમના, કરમાય નહિ તેવી શોભાવાળી વનમાળાથી પૂજાયેલા.૧૦

'ઉન્નિદ્રે' વિકાસ પામેલા કમલરૂપ હૃદયામાં જે કોશ, એમાં જે 'આલયમ્' સૂર્ય, ચન્દ્ર, વાયુ અને અગ્નિ જેમાં જઈ ન શકે તેવું ગૃહ, તેવા ગૃહમાં યોગેશ્વરોએ 'આ' સર્વ તરફ સ્થાપન કરેલું છે પાદપલ્લવ જેમનું, લક્ષ્મી છે 'લક્ષ્મ' ચિહ્ન 'જેમનું, કૌસ્તુભ રત્ન છે કંઠમાં જેમના, કરમાય નહિ તેવી શોભા છે જેની તેવી સદા દરેક અગ્રે (ટેરવે, અંતે) વિકસેલા પુષ્પવાળી વનમાલાથી પૂજાયેલા, ૧૦

**વિભૂષિતં મેખલયાઙ્ગુલીયકૈર્મહાધનૈર્નૂપુરકઙ્કણાદિભિઃ ।**
**સ્નિગ્ધામલૈઃ કુઞ્ચિતનીલકુન્તલૈર્વિરોચમાનાનહાસપેશલમ્ ॥૧૧॥**

કંદોરાથી, ઘણાં કિંમતી વીંટીઓ નૂપુર કંકણો વગેરેથી શોભતા, સ્નેહવાળા શુદ્ધ વાંકડિયા કાળા કેશોથી શોભતા મુખથી કરેલા હાસ્યથી સુંદર, ૧૧

કેડે (બાંધવાના) દોરારૂપ કંદોરાથી, ઘણી કિંમતી અમૂલ્ય રત્ન વગેરેવાળી વીંટીઓથી, (ઘણા કિંમતી) વિશેષણ બંને તરફના (શબ્દોનું છે.) મહારાજાના ચિહ્નરૂપ એક નૂપુર (કંકણ અને) 'વગેરે' શબ્દથી (જણાવેલ) કડાં વગેરેથી શોભતા, સ્નેહવાળા અને એ શુદ્ધ વાંકડિયા કાળા કેશો, તેઓથી શોભતું જે મુખ, તેનાથી થતું જે હાસ્ય તેનાથી સુંદર ૧૧

**અદીનલીલાહસિતેક્ષણોલ્લસદ્ભ્રૂભંગસૂચિતભૂર્યનુગ્રહમ્ ।**
**ઈક્ષેત ચિન્તામયેનમીશ્વરં યાવન્મનોધારણયાઽવતિષ્ઠતે ॥૧૨॥**

ઉદાર લીલા સાથેના હાસ્યવાળી દષ્ટિથી ઉલ્લાસ પામતી બે ભ્રૂકુટીના ભંગથી સૂચવેલ છે ઘણો અનુગ્રહ જેમણે, તેવા ચિંતનથી પ્રગટ થયેલ આ ઈશ્વરના, જ્યાંસુધી મન ધારણાથી સ્થિર રહે ત્યાંસુધી દર્શન કરવાં. ૧૨

ઉદાર જે લીલા સાથેનું હાસ્ય (તે) બધા યાચકોને સર્વ ફલ આપવા છતાં સંકોચાતું ન હોવાથી ઉદાર, (તેનાથી) લીલા સાથેની જે દષ્ટિ, તેનાથી ઉલ્લાસ પામતી બે ભ્રકુટીઓ, તેઓનો ભંગ, તેનાથી સૂચવેલ છે 'ભૂરિ' ઘણો અનુગ્રહ જેમણે, આવા ચિંતનથી પ્રગટ થયેલા રાજાધિરાજરૂપ ઈશ્વરના દર્શન જ્યાંસુધી સર્વ અંગોમાં રહેલી ધારણાથી 'અવતિષ્ઠતે' ચંચલ ન થાય ત્યાંસુધી કરવા. ૧૨

**એકૈકશોઽઙ્ગાનિ ધિયાનુભાવયેત્પાદાદિ યાવદ્ધસિતં ગદાભૃતઃ ।**
**જીતં જીતં સ્થાનમપોહ્ય ધારયેત્પરં પરં શુદ્ધ્યતિ ધીર્યથા યથા ॥૧૩॥**

ગદા ધારણ કરનારના ચરણથી આરંભી હાસ્ય સુધીના અંગોનું એક એક કરીને બુદ્ધિથી ધ્યાન કરવું. વશ કરેલા સ્થાનને તજીને જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થાય તેમ તેમ ઉપર ઉપરનાનું ધ્યાન કરવું. ૧૩

બધા અંગો જણાય નહિ ત્યારે એક એક કરીને અંગોનું ધ્યાન કરવું. એકનું ચિંતન કરીને એ સ્વાધીન થતાં બીજાનું ચિંતન કરવું, એમ 'બુદ્ધિથી' શબ્દથી કહેલું છે. અહીં ધારણામાં અનુક્રમ ઈચ્છેલો છે તે 'ચરણથી આરંભી હાસ્ય સુધીના' શબ્દોથી કહેલ છે. (આ) ત્રીજા સ્કંધમાં સ્પષ્ટ થશે. 'ગદા ધારણ કરનાર' શબ્દથી પ્રાણની નિશ્ચલતા સૂચવી છે. 'જીતં જીતં સ્થાનમ્' અધીન થયેલા ચરણ વગેરે સ્થાનને ગ્રહણ (ધારણા) કરનારની બુદ્ધિના મુખ્ય ભાગથી ત્યાગ કરાવી એ મુખ્ય (ભાગ)થી બીજાને ગ્રહણ કરવું. બીજાનું ગ્રહણ કરતાં ભગવાનના અવયવના અધિક ગુણોનું જેવી રીતે બુદ્ધિના દોષો જતા રહે તે પ્રકારે સ્મરણ કરવું. એ (દોષો) જતા રહેતાં બુદ્ધિ શુદ્ધ થાય છે. એ સમયે બીજા અવયવ પણ દેખાય છે. એ પ્રમાણે આગળ ઉપર પણ (જાણવું.) જેમ જેમ બુદ્ધિ શુદ્ધ (થતી જાય) તેમ તેમ ઉપર ઉપરના (અવયવ)નું ધ્યાન કરવું, એવો અર્થ છે. ૧૩

અને, ધારણા જેને (ભક્તિ) પ્રાપ્ત થઈ હોય તેનાથી થાય છે. પરંતુ જ્યાંસુધી ભક્તિ થાય નહિ ત્યાંસુધી પહેલી (પહેલાં કહેલી) જ ધારણા કરવી, એમ નીચેના

શ્લોકથી કહે છે :

**યાવન્ન જાયેત પરાવરેઽસ્મિન્ વિશ્વેશ્વરે દ્રષ્ટરિ ભક્તિયોગઃ ।**
**તાવત્સ્થવીયઃ પુરુષસ્ય રૂપં ક્રિયાવસાને પ્રયતઃ સ્મરેત ।।૧૪।।**

જ્યાંસુધી આ પરાવર દ્રષ્ટા વિશ્વેશ્વરમાં ભક્તિયોગ થાય નહિ ત્યાંસુધી ક્રિયા પૂરી થાય ત્યારે સાવધાન (થઈ) પુરુષના સ્થૂલ રૂપનું સ્મરણ કરવું. ૧૪

બીજાઓ જેમનાથી હલકા છે (તે પરાવર.) પરાવરપણાનું ભાન થવું તે પણ સર્વોત્તમપણાનું સ્વરૂપ પ્રેમભક્તિનું અંગ, માહાત્મ્યજ્ઞાનનું બીજું નામ છે. 'આ' શબ્દથી એમ જણાવેલ છે કે પોતે ભક્તિથી એ જોઈને કહે છે. 'દ્રષ્ટા' એટલે સર્વના સાક્ષી. પહેલાં કહેલ ન્યાયથી[1] સર્વ વસ્તુઓમાં ચૈતન્યરૂપથી અથવા અંદરના રૂપથી પ્રકાશતા. 'યોગ' શબ્દથી સાધન થયેલા. ભક્તિના સ્થિર રૂપને પોતાનું સાધન[2] કહેલું છે. ત્યાંસુધી પહેલાં કહેલ[3] પુરુષના 'સ્થવીયઃ' સ્થૂલ[3] (રૂપનું સ્મરણ કરવું.) ક્રિયા પૂરી થાય ત્યારે એટલે અગ્નિહોત્ર વગેરે કરીને વ્યગ્રપણા વિનાની શુદ્ધ સ્થિતિમાં (સ્મરણ કરવું.) કેટલાક કહે છે કે સંન્યાસ લઈને (સ્મરણ કરવું.) એવા સમયે સદા સ્મરણ થાય, પરંતુ ક્રિયા એનું કારણ ન થાય, કારણકે વિઘ્ન કરનારની કલ્પના કરવા કરતાં સિદ્ધ કરાવનારની કલ્પના કરવી ઉત્તમ છે, અને 'પવિત્ર તીર્થના જલમાં સ્નાન કરેલ[4] એવો નિયમ કહેલ છે. 'પ્રયતઃ' એટલે સાવધાન થઈને, નિયમમાં પણ ધર્મ છે અથવા બીજાના ચિંતનનો સર્વથા ત્યાગ કરવા[5] (સાવધાન થવાનું કહેલ છે.) ૧૪

૧.સ્વપ્નમાં દેખાતા માણસોના જોનાર હોવાના ન્યાયથી. (પ્ર) ૨.૧.૩૯ માં કહેલ ન્યાય.
૨.પોતે કરેલ ચિત્તના નિરોધરૂપ સાધન. (પ્ર)
૩.પહેલા કહેલ ક્ષરરૂપ. (પ્ર) અક્ષરરૂપ જોઈએ. 'અ' છાપવાનો રહી ગયો છે.
૪.જુઓ. ૨.૧.૧૬. આ નિયમ યોગનું બીજું અંગ છે.
૫.'ફલનું અનુસંધાન કરવાનું ન હોય ત્યારે નિયમનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.

અંતકાલે પાક્ષિક દોષ ન રહે એ માટે યોગ આચરી, એ અનુભવેલો ઉપાય છે એમ જણાવવા નીચેના શ્લોકોથી બુદ્ધિપૂર્વક મરવાનો પ્રકાર કહે છે :

**સ્થિરં સુખં ચાઽઽસનમાસ્થિતો યતિર્યદા જિહાસુરિમમંગ લોકમ્ ।**
**દેશે ચ કાલે ચ મનો ન સજ્જયેત્ પ્રાણાન્નિયચ્છન્મનસા જીતાસુઃ ।।૧૫।।**
**મનઃ સ્વબુદ્ધ્યાઽમલયા નિયમ્ય ક્ષેત્રજ્ઞ એનાં નિનયેત્તમાત્મનિ ।**
**આત્માનમાત્મન્યવરુધ્ય ધીરો લબ્ધોપશાંતિર્વિરમેત કૃત્યાત્ ।।૧૬।।**

સ્થિર અને કોમળ આસન ઉપર બેઠેલો યતિ જ્યારે ખરેખર આ દેહ તજવાની

ઈચ્છાવાળો થાય ત્યારે દેશ અને કાળમાં મન ન રાખે. પ્રાણોનો નિગ્રહ કરતાં મનથી શ્વાસને સ્વાધીન કરી, પોતાની શુદ્ધ બુદ્ધિથી મનને સ્થિર કરી આને ક્ષેત્રજ્ઞમાં લઈ જાય, એને આત્મામાં, આત્માને આત્મામાં જોડી દઈ શાંતિ પ્રાપ્ત કરેલા ધીર (પુરુષે) કૃત્યથી વિરામ કરવો. ૧૫-૧૬

ફલનો પરિચય કરાવનારું આ[1] અંગ નજીકનું[2] છે. કેટલાક (એને ફલ) પછીનું અંગ કહે છે. બીજાઓ (એને) વચલી ક્રિયા કહે છે. ચંચલ ન હોય તેવું સ્થિર 'સુખમ્' કોમલ પદ્માસન વગેરે પ્રકારના અથવા ઈચ્છા પ્રબલ કરાવે તેવા પ્રકારના (આસન ઉપર) 'આ' સર્વ તરફ બેઠેલો (રહે.) મનથી પણ બીજે જાય નહિ એમ જણાવ્યું. આ સમયથી સંન્યાસ સદાનો હોય, અથવા એ (આ) સમયે કરવાનો હોય, એમ 'યતિ' શબ્દથી કહ્યું. પ્રાણાયામ કરીને, પાંચ અક્ષરવાળો સંન્યાસનો મંત્ર જપીને પ્રાણીઓને અભય (પ્રાપ્ત થાઓ) એવું પ્રાણીઓને અભયનું દાન કહી(કરી)ને ત્રણ વાર બ્રહ્મ કહીને 'વસુરણ્વો વિભુરસિ' એ મહોપનિષદના તાત્પર્યાર્થનું ચિંતન કરીને 'પ્રણવ' (ૐકાર)થી જીવને બ્રહ્મમાં મૂકી દેવાનો પ્રયાસ કરવો. એ પ્રમાણે કરીને એ અથવા બીજા સમયે જ્યારે આ 'લોકમ્' દેહને તજવાની ઈચ્છા થાય ત્યારે દેશ અને કાલ (અમુક હોવાની) ઈચ્છા ન કરવી, એમ 'દેશ અને કાલમાં (મન ન રાખે') શબ્દોથી કહેલ છે. બદરિકાશ્રમ વગેરે પવિત્ર સ્થાનમાં, ઉત્તરાયણ વગેરે કાલમાં 'ચ' અને શબ્દ હોવાથી (એ) બંને વિભાગના ધર્મોમાં મનને આસક્ત ન કરવું. ઉત્તમ પ્રકારના થયેલ જ દેશ વગેરેમાં ચિત્ત રોકાઈ ન જાય એ પ્રમાણે એ સમયે માત્ર ભગવાનમાં જ મન રાખીને જે દેશ વગેરેથી થશે તે ભગવાનથી જ થશે એવી રીતે મનને સ્થિર કરી પ્રાણોનો નિગ્રહ કરવો. ડૂંટીથી અપાનને સંકોચીને, એમાં પ્રાણ મૂકી કુંડલિનીને ખુલ્લી કરીને, પ્રાણ અને અપાન સાથે એ ખુલ્લી કરેલીને સુષુમ્ણાના છિદ્રમાં મૂકીને વાયુને ઊંચે લઈ જવો, એવો અર્થ છે.

બુદ્ધિ સાથેના મનથી દેહને હલાવવાનું વગેરે કર્યા વિના આ શક્તિ શ્વાસને સ્વાધીન કરનારમાં જ હોય છે, તેથી એ સમયે શ્વાસને સ્વાધીન કરી, એવું સ્મરણ કરાવે છે, અથવા એમ કરવાથી શ્વાસ સ્વાધીન કરનાર થાય છે. જ્યારે કોઈને પોતાના ગામ (સ્થાન)માંથી કાઢવામાં આવે ત્યારે જય પ્રાપ્ત થાય છે. ત્યાર પછી 'સ્વબુદ્ધ્યા' દેહથી જુદી કરેલા પ્રકારની, 'અમલયા' ભક્તિ વગેરેથી શુદ્ધ થયેલી પોતાની બુદ્ધિથી મનને 'નિયમ્ય' સ્થિર કરીને (એની પાસે) પ્રયત્નનો ત્યાગ કરાવી એટલે દંડની પેઠે એને તજી દઈને, અથવા પોતાની અંદર સ્થાપીને, અથવા બુદ્ધિ સાથે જોડી દઈને એ બુદ્ધિનો અથવા મનુ સાથે બુદ્ધિનો 'ક્ષેત્રજ્ઞે' શારીર આત્મા જે

હું દેહ વગેરે ક્ષેત્ર છું એમ અથવા આ મારું છે એમ અભિમાન કરે છે તેનામાં પ્રવેશ કરાવવો, અને એ ક્ષેત્રજ્ઞને સર્વ જીવોના સમૂહરૂપ ભગવાનના અમુક રૂપવાળા 'હે અર્જુન ! સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેલો આત્મા હું છું' એ વાક્યમાં જણાવેલા ભગવાનની વિભૂતિરૂપ આત્મામાં (જોડવો,) અને એ આત્માને ભગવાનમાં એટલે તે જ સ્વરૂપમાં 'અવરુધ્ય' ભેગો કરીને, પછી દેહના અનુસંધાન માટેની ઈચ્છા કર્યા વિના, ધીર થઈ એ આત્મામાં શાંતિ પ્રાપ્ત કરીને, 'કૃત્યાત્' કરોડો જન્મોથી કરેલા અથવા કરવા યોગ્ય બધાય પ્રયત્નોથી વિરામ કરવો. સમાધિમાં રહેલાની પેઠે પાછું (સંસારમાં) આવવું નહિ, એવો અર્થ છે. અહીં[3] જ મુક્તિ થઈ, એવો એક મત છે. એ પ્રમાણે રહે[4] ત્યારે દેહ પોતે જ પોતાના કારણનો નાશ થયેલ[5] હોવાથી નાશ પામે છે. પછી એનું (જીવ) અનુસંધાન કરતો નથી. આ ત્રીજા સ્કન્ધમાં[6] કહેશે. ૧૫-૧૬.

૧.'આ' એટલે બુદ્ધિપૂર્વક મરણ.(પ્ર) ૨.'નજીકનું' એટલે સહકારી.(પ્ર)

૩.'અહીં જ' એટલે હૃદયાકાશમાં જ.(પ્ર)

૪.એ પ્રમાણે એટલે પોતાના જીવને અક્ષર (બ્રહ્મ)માં ભેળવી દઈને.(પ્ર)

૫.દેહ (થવા)નું કારણ પ્રાણ ધારણ કરવાનો પ્રયત્ન અથવા અવિદ્યા, કામના અને કર્મો. એઓની શાન્તિ થાય એ જ એઓનો નાશ.(પ્ર)

૬.દેવહૂતિને મુક્તિ પ્રાપ્ત થાય છે તે પ્રસંગમાં સ્પષ્ટ થશે.(પ્ર)

એ (સ્થિતિ) મુક્તિ હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**ન યત્ર કાલોઽનિમિષાં પરઃ પ્રભુઃ કુતો નુ દેવા જગતાં ય ઈશિરે ।**
**ન યત્ર સત્વં ન રજસ્તમશ્ચ ન વૈ વિકારો ન મહાન્ પ્રધાનમ્ ।।૧૭।।**

જ્યાં દેવોને વશ રાખનાર કાલ શક્તિવાળો નથી, જે દેવો જગતો ઉપર સત્તા ચલાવે છે તેઓ ક્યાંથી જ (શક્તિવાળા) હોય? જ્યાં સત્વ (શક્તિવાળું) નથી, રજઃ નથી અને તમઃ નથી. વિકાર[1] નિશ્ચય નથી, મહત્તત્વ અને પ્રકૃતિ નથી. ૧૭

જે આત્મામાં કાલ શક્તિવાળો નથી, 'અનિમિષામ્' દેવોનો 'પરઃ' ઉત્તમ મુખ્ય અધિકારી, એઓને પણ વશ રાખનાર (કાલ) શક્તિવાળો નથી. આથી (કાલનો) અધિકાર અને શક્તિ કહેલ છે, છતાં પણ (જીવ) ભગવાનમાં રહેલ હોવાથી (એ) શક્તિવાળો નથી, તો પછી ઈંદ્રિયોના અધિષ્ઠાતા દેવો ક્યાંથી જ (શક્તિવાળા હોય) એમ કહ્યું છે, કારણકે એઓ સદા સમાધિમાં રહેલાને (એમાંથી) કાઢી નાખે છે. એઓની અહીંથી (ભગવાનમાંથી) બહાર કાઢવાની શક્તિ કૈમુતિક ન્યાયથી નકારી

છે. 'જે જગતો ઉપર સત્તા ચલાવે છે' શબ્દોથી એઓની શક્તિ કહી છે. આખા જગતમાં એઓની શક્તિ છે. આથી એમ કહ્યું કે કાલની અને કાલને વશ રહેલા (દેવો)ની ત્યાં શક્તિ નથી.

જોકે કાલની પ્રેરણા વિના ગુણો ક્ષોભ પામતા નથી અને ક્ષોભ પામ્યા વિના સ્વરૂપથી ખસતા નથી, છતાં પણ (એમનો) ક્ષોભ કરવામાં કાલ ગુણોને અધીન[૨] છે, તેથી એઓ શક્તિવાળા નથી એમ શ્લોકના ત્રીજા ચરણથી જુદું કહેલ છે. 'ચ' અને શબ્દથી પ્રકૃતિના ગુણો અને અહંકારના ગુણો (શક્તિવાળા નથી,) 'વૈ' નિશ્ચયપૂર્વક અહંકાર પણ (શક્તિવાળો ન હોવાનું કહેલ છે,) કારણકે એ સદા સ્વરૂપથી પાડનારો છે, તેથી 'વૈ' શબ્દ (યોજેલ છે.) 'મહાન્' મહત્તત્વ (અને) 'પ્રધાન' પ્રકૃતિ કોઈપણ ત્યાં રહેલાને ખસેડી શકતાં નથી, એવો અર્થ છે. ૧૭

૧.વિકાર સોળ છે. વિકારથી અહંકાર કહેલ છે. (પ્ર) અહંકારથી અગિયાર ઈંદ્રિયો અને પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થઈ હોવાથી વિકાર શબ્દથી અહંકાર કહેલ છે. (પ્ર)

૨.ગુણોને અધીન હોય ત્યારે (ત્રણે ગુણોનો) સાથે જ ક્ષોભ કરે. (પ્ર) ત્રણેનો સાથે ક્ષોભ કરતો હોવાથી ગુણોને અધીન ગણેલ હશે.

એ સ્થાનનું એવું માહાત્મ્ય કેમ છે એ નીચેના શ્લોકથી કહે છે :

**પરં પદં વૈષ્ણવમામનન્તિ તદ્ યન્નેતિ નેતીત્યતદુત્સિસૃક્ષવઃ ।**
**વિસૃજ્ય દૌરાત્મ્યમનન્યસૌહૃદા હૃદોપગૂહ્યાર્હપદં પદે પદે ।।૧૮।।**

જે (વૈષ્ણવપદ) નથી તેને, એ નહિ એ એમ તજવા ઈચ્છનારાઓ દુષ્ટપણું તજી, એકમાં જ પ્રેમ રાખનારા, ક્ષણે ક્ષણે ભગવાનના ચરણારવિંદનું હૃદયમાં આલિંગન કરીને એ વૈષ્ણવના ઉત્તમ પદનું પૂજન કરે છે. ૧૮

એ સર્વ પદો સ્થાનો કરતાં ઉત્તમ સ્થાન અક્ષરરૂપ પુરુષોત્તમના ચરણરૂપ છે, તેથી જ વૈષ્ણવ (સ્થાન) છે. જે ઉત્તમ વૈષ્ણવપદનું પૂજન કરે છે એવી (વાક્યની) યોજના છે. 'જે' શબ્દથી જેનું નિરૂપણ કરાય છે (તે કહેલ છે.) 'પૂજન કરે છે' શબ્દથી એ વિષયનું પ્રમાણ (કહેલું છે.) અને માત્ર શ્રુતિનું પ્રમાણ હોય ત્યારે ઉપચારથી[૧] કહેલ હોવાની કલ્પના થાય, તેથી ''જે (વૈષ્ણવપદ) નથી તેને 'એ નહિ એ નહિ' એમ તજવા ઈચ્છનારાઓ'' એમ કહેલું છે. 'અતદ્' આ સમૂહમાં આત્મા સિવાયનાને જેઓ તજવા ઈચ્છનારા છે તેઓને 'વૈષ્ણવપદ' એમ કહે છે. એકલા એને ગ્રહણ કરવું, બીજું તજવું એવો વિવેક છે. 'એઓને ઉત્તમ અધિકાર હોવાથી જ એમને એમ ભાસતું હોય, એવું નહિ હોય? એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે.

એમના ઈચ્છેલા ત્રણ ગુણો છે : (૧)સર્વ દોષોના અભાવરૂપ દેહ વગેરેમાં આત્માનું ભાન ન થવારૂપ, (૨)બીજા (કોઈ)માં જેમનો પ્રેમ નથી (તેવા હોવું.) આથી ઉપર કહેલા ન્યાયથી[2] ભગવાનમાં ઘણી પ્રીતિ કહી, અને (૩)'અહંપદમ્' ભગવાનના ચરણારવિંદનું 'પદે પદે' ક્ષણે ક્ષણે અથવા મનમાં સ્થાપન કરવાના સ્થળે 'ઉપગૂહ્ય' આલિંગન કરીને 'આમનન્તિ' પૂજન કરે છે, એવા વાક્યનો સમ્બન્ધ છે. ૧૮

૧.ઉપચારથી કહેવું એટલે જડતું ચેતન તરીકે વર્ણન કરવું, એ પ્રમાણેનું વર્ણન કરવું.
૨.૨.૧.૩૯માં કહેલા ન્યાયથી.(પ્ર)  ૩.'વિજ્ઞાન' એટલે નિદિધ્યાસનરૂપ જ્ઞાન.(પ્ર)

**ઈત્થં મુનિસ્તૂપરમેદ્ વ્યવસ્થિતો વિજ્ઞાનદગ્વીર્યસુરન્ધિતાશયઃ ।**
**સ્વપાર્ષ્ણિનાऽऽપીડ્ય ગુદં તતોऽનિલં સ્થાનેષુ ષટ્સૂન્નમયેજ્જિતક્લમઃ ।।૧૯।।**

એ પ્રમાણે (કરવું.) મુનિએ તો દઢ થઈ અનુભવરૂપ જ્ઞાનના વીર્યથી સારી રીતે શુદ્ધ થયેલ અંતઃકરણવાળા થઈ, શ્રમ ઉપર જય મેળવી, પોતાની પાર્ષ્ણિથી મુદાને દબાવી, એમાંથી છ સ્થાનોમાં વાયુને ઉપર લઈ જવો. ૧૯

'એ પ્રમાણે' શબ્દથી અંત (કહેલ છે.) એનું તાત્પર્ય એવું છે કે એ પ્રમાણે રહેવામાં આવે ત્યારે દેહ વગેરે પોતાની મેળે જ નાશ પામશે. (હવે) 'મુનિએ તો' વગેરેથી બીજો મત કહે છે. જો એ (પ્રકાર)માં રહી ન શકે તો મનનવાળું બીજું સાધન (કરવા) તત્પર થાય. જો એ (ઉપર જણાવેલ સાધન)થી એમનું સ્વરૂપ ભેદવાળું જણાય તો, બીજા પ્રકારથી પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો હોવાથી, એ (સાધન)થી અટકી જવું. 'દઢ થઈ' વગેરેથી એ બીજો પ્રકાર જ કહે છે. ઉત્તમ આકારવાળા એ જ સ્થાનમાં મનને સ્થિર કરી, એમાં આત્માનો સમ્બન્ધ કરાવી, ભગવાનના સાક્ષાત્કાર અથવા બ્રહ્મભાવનો ઘણા સમય સુધી અનુભવ કરીને એ વિજ્ઞાનના બલને પ્રાપ્ત કરી, અથવા વિજ્ઞાન[3] જ જે 'દક્' અનુભવરૂપ જે જ્ઞાન, તેના સર્વ અજ્ઞાનનો નાશ કરનારા 'વીર્યેણ' સામર્થ્યથી સારી રીતે 'રન્ધિતઃ' એટલે 'શોધિત' રાગ વગેરેનો નાશ કરીને શુદ્ધ કરેલ છે 'આશયઃ' અંતઃકરણ જેનું, તેવા થવું. સારી રીતે ચિત્તને શુદ્ધ કરવું એવો અર્થ છે. પછી ચિત્ત શુદ્ધ થાય ત્યારે દેહ તજવાનો પ્રયત્ન કરવો. તેથી એ ત્યાગ કરવાનો ઉપાય ઉત્તરાર્ધથી આરંભી કહે છે. [4]મૂલાધારને [5]પાર્ષ્ણિથી દબાવવું. એકવચન (હોવા)થી બે પાર્ષ્ણિવાળા મતને નકાર્યો છે. મૂલધારનું સ્થાન છે. પછી કુંડલિની જાગ્રત થતી હોવાથી એ મૂલાધારમાંથી વાયુને ઉપાડીને છ ચક્રોનો ભેદ કરી ઉપર લઈ જવો. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધિ (અને) આજ્ઞારૂપ એવા વાયુના સ્થાનના છ ચક્રો (અનુક્રમે) ગુદા, ગુહ્યસ્થાન,

નાભિ, હૃદય, તાલુમૂલ અને ભ્રમરના મૂલમાં રહેલા છે, તે સ્થાનો ચાર પાનવાળું, છ પાનવાળું, આઠ પાનવાળું, બાર પાનવાળું, સોળ પાનવાળું (અને) બે પાનવાળું એવા કમલ તરીકે કહેલા છે. એઓમાં વાયુને ઊંચે લઈ જવાનું સહેલાઈથી થતું નથી, તેથી એ બીજે (ક્યાંક) જતો રહે એવા ભયથી 'શ્રમ ઉપર જય મેળવી' એમ કહેલું છે. વાયુ ખેંચવામાં શ્રમ ઉપર જય મેળવેલો છે જેણે એવા થવું. ૧૯

૧.ઉપચારથી કહેવું એટલે ચેતન તરીકે વર્ણન કરવું, એ પ્રમાણેનું વર્ણન કરવું.
૨.૨.૧.૩૯માં કહેલા ન્યાયથી. (પ્ર) ૩.'વિજ્ઞાન' એટલે નિદિધ્યાસનરૂપ જ્ઞાન.(પ્ર)
૪.મૂલાધાર એટલે ૧.ડૂંટી, ૨.જનનેન્દ્રિય ઉપરનું ગોળ. અહીં બીજા અર્થમાં યોજેલ જણાય છે.
૫.પાર્ષ્ણિ એટલે પગની પાની; તળિયાનો પાછલો ભાગ.

**નાભ્યાં સ્થિતં હૃદ્યધિરોપ્ય તસ્માદુદાનગત્યોરસિ તં નયેન્મુનિઃ ।**
**તતોઽનુસંધાય સુધીર્મનસ્વી સ્વતાલુમૂલં શનકૈર્નયેત ॥૨૦॥**

નાભિમાં રહેલ (વાયુ)ને હૃદયમાં ચડાવી મુનિએ એને ઉદાનગતિથી એમાંથી છાતીમાં લઈ જવો. ત્યાંથી અનુસંધાન કરી સારી બુદ્ધિવાળા બુદ્ધિમાને પોતાના તાળવાના મૂળમાં ધીરે ધીરે લઈ જવો. ૨૦

નાભિ સુધી લાવવામાં સરળતા, આગળ લઈ જવામાં વળાંક છે, તેથી નાભિમાં રહેલા વાયુને ઘણા પ્રયત્નથી હૃદયમાં મૂકવો. ત્યાં હૃદયકમળ ઉપર પોલાણવાળું અને નીચે મુખવાળું છે, તેને વાયુની શક્તિથી ઉપર મુખવાળું કરવું જોઈએ. તેથી (એમાં) પ્રયત્ન ઘણો હોવાથી 'નાભિમાં રહેલાને' એવું અનુસંધાન કરીને હૃદયમાં ચડાવવાનું કહેલું છે. ત્યાંથી પણ આગળ લઈ તાળવાના મૂળમાં લઈ જવાનું બહુ કઠણ છે. છાતીમાં ઉદાન વાયુ જ રહે છે. બીજો (વાયુ) પણ જે જાય તે એ (ઉદાન)ની સ્થિતિ પ્રાપ્ત[1] કરીને જ જાય, તેથી 'ઉદાનગતિથી એને છાતીમાં લઈ જવો' એમ કહેલ છે. પૂર્વ અધિકાર હોય ત્યારે વાયુને હૃદય સુધી જ લઈ જવાય. આને તો આગળ લઈ જવાનો છે, તેથી પહેલાંની પેઠે 'મુનિ' એમ કહેલ છે. ત્યાં (ઉદાન સાથે) સમાન સ્થિતિ પ્રાપ્ત કરેલાને આગળ (લઈ) જવા માટે એ સ્થિતિનો ત્યાગ કરાવી, પહેલાંની સ્થિતિનું અનુસંધાન કરી, પકડીને સ્થાપન કરવાની શક્તિવાળી ઘણી બુદ્ધિથી 'મનસ્વી' ઘણી બુદ્ધિવાળાએ, એનાથી પણ આગળના સ્થાન પોતાના તાળવાના મૂળમાં ઝડપથી લઈ જવામાં આવેલો એ મુખ વગેરે દ્વારથી નીકળી જાય એવા ભયથી ધીરે ધીરે લઈ જવો. એમાં સ્થાપન કરવામાં અને લઈ જવામાં બુદ્ધિ તીક્ષ્ણ કરવી જોઈએ, એમ 'સુધીઃ' સારી બુદ્ધિવાળા 'શબ્દથી' કહેલું છે. ૨૦

૧.ઉદાનની સમાન સ્થિતિ પ્રાપ્ત કરીને.(પ્ર)

**તસ્માદ્ ભુવોરન્તર મુન્નયેન નિરુદ્ધસપ્તાસ્વયનોऽનપેક્ષઃ ।**
**સ્થિત્વા મુહૂર્તાર્ધમકુણ્ઠદષ્ટિર્નિર્ભિદ્ય મૂર્ધન્ વિસૃજેત્પરં ગતઃ ।।૨૧।।**

સાત સ્થાનો બંધ રાખેલાં છે તેવો. ઈચ્છા વિનાનો એ ત્યાંથી ભમાઓની મધ્યે ઊંચે લઈ જાય, ન અટકાવેલ જ્ઞાનવાળો અર્ધ મુહૂર્ત રહી, ભગવાનનો પ્રાપ્ત થયેલો મસ્તકને ભેદી તજી દે. ૨૧

એ પ્રમાણે તાળવાના મૂળમાં સ્થિર કરેલો (વાયુ) મુખ વગેરે છિદ્ર દ્વારા નીકળી જાય એવી શંકાથી 'નિરુદ્ધસપ્તાસ્વયનઃ' બંધ કરેલા છે સાત 'અસોઃ' પ્રાણના સ્થાનો જેણે તેવો થઈ, એ પહેલાંના સ્થાનમાંથી ઊંચે ભમાઓની મધ્યે લઈ જાય. ત્યાં આજ્ઞાચક્રમાં એ વાયુને સ્થિર કરી અંતઃકરણની શુદ્ધિ પહેલા કહેલી (કરેલી) હોવાથી સર્વ (કોઈ પણ) ઈચ્છા વિનાનો થઈ, ત્યાં ભગવાનનું ધ્યાન કરતાં ભગવાન્ પ્રગટ થતાં, ન અટકાવેલ (પૂર્ણ) જ્ઞાનવાળો થઈ, ત્યાં અર્ધમુહૂર્ત રહી 'પરમ્' ભગવાનને પ્રાપ્ત થાય છે, સાયુજ્ય પ્રાપ્ત કરે છે. વાયુને બહાર કાઢવાનો પ્રયત્ન પહેલા જ કરેલો હોવાથી મસ્તકને એટલે બ્રહ્મરંધ્રને ભેદી તજી દે ઈંદ્રિયોને તજી દે. કેટલાક પ્રાણ પણ કાઢી નાખવાનું ઈચ્છે છે.[૧] 'અહીં જ પ્રાણ રાખવામાં આવે છે' એ વાક્યને અનુસરી અહીં આત્મામાં જ પોતાના મૂલ બનેલ આસન્યરૂપથી પ્રાણોની સ્થિતિ હોવાનું અને (પ્રાણ) ભોગ પ્રાપ્ત કરાવતા નથી,[૧] એમ કેટલાક[૩] ઈચ્છે છે. 'એ નીકળી જતા જીવની પાછળ પ્રાણ નીકળી જાય છે' એ વાક્ય મુક્તિ થતી ન હોય એ સમ્બન્ધનું છે. નીકળી જવાના સમર્થનના વિચાર પ્રમાણે પણ 'વાણી મનમાં લય પામે છે' વગેરે વાક્યો હોવાથી 'પ્રાણ' શબ્દથી (એ વાક્યમાં) ઈંદ્રિયો કહેલી છે, અને પ્રાણ નીકળી જતો હોય તો આયુષ ન રહેવાથી 'મુખ્ય હોય કાર્ય (થવાની) ખાતરી છે' એ ન્યાય પ્રમાણે મુખ્ય (પ્રાણ)ને અનુસરનારા પ્રાણોનો અહીં લય થાય છે (એમ જાણવું.) તેથી[૪] ઈંદ્રિયો અને એમના સમ્બન્ધવાળો પ્રાણ બહાર કાઢી નાખે છે, એવો અર્થ છે. ૨૧

૧.ક્રમમુક્તિના અધિકારી અમુક યોગીઓ એવું ઈચ્છે છે. (પ્ર)
૨.સુષુપ્તિમાં હોય તેની પેઠે પાપી થતા ન હોવાથી ભોગ થતો નથી. આ પ્રમાણે પ્રસંગને લીધે જીવન્મુક્તિ કહી.(પ્ર)
૩.આ જીવન્મુક્તિ ઈચ્છનારા જાણવા.(પ્ર)
૪.'તેથી' એટલે મુક્ત જીવ લિંગ દેહનો નાશ કરવાની શક્તિવાળો હોવાથી.(પ્ર)

એવી રીતે થોડા સમયમાં થનારી મુક્તિ ઉત્તમ અને મધ્યમ અધિકારીના ભેદથી બે પ્રકારની કહી. પહેલા (પ્રકારવાળાની)[1] વાસનાનો ક્ષય થયેલ ન હોવાથી, ભોગથી જ એનો ક્ષય થવાનું વિચારી એના સમ્બન્ધમાં (ક્રમથી) થતી મુક્તિ કહેતાં ઇંદ્રિયો વગેરેને (એ) પોતાની સાથે લઈ જવાનું નીચેના શ્લોકથી કહે છે :

**યદિ પ્રયાસ્યન્ નૃપ પારમેષ્ઠ્યં વૈહાયસાનામુત યદ્વિહારમ્ ।**
**અષ્ટાધિપત્યં ગુણસન્નિવાયે સહૈવ ગચ્છેન્મનસેન્દ્રિયૈશ્ચ ॥૨૨॥**

હે નૃપ ! જો પારમેષ્ઠ્ય અથવા વિમાનમાં ફરનારાઓનું જે વિહારસ્થાન આઠ (ગુણો)નું અધિપતિપણું પ્રાપ્ત કરવા (અથવા) ગુણોની ગૂંથણીવાળા (બ્રહ્માંડમાં) ફરવાની ઇચ્છાવાળા હોય, તો મન અને ઇંદ્રિયોની સાથે જ જાય. ૨૨

જ્યારે જવાની ઇચ્છાવાળો થાય ત્યારે મન અને ઇંદ્રિયોની સાથે જ જાય, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ વાસનાઓનો ક્ષય થયેલ ન હોવાથી રાજા જેમ મૃગયા વગેરે (કરવા) જાય છે તેવું આ પણ છે, એવી સંમતિ (જણાવા) 'હે નૃપ' એવું સંબોધન કરેલું છે. જે કોઈ સ્થાનમાં જવાની ઇચ્છાવાળો થાય છે તે ગણાવે છે. 'પારમેષ્ઠ્યમ્' બ્રહ્માનું સ્થાન અથવા 'વૈહાયસાનામ્' વિમાનમાં બેસીને સ્ત્રીઓની સાથે અંતરિક્ષમાં સર્વત્ર ભમનારાઓના વિહારનું જે સ્થાન ત્યાં, અથવા 'અષ્ટાધિપત્યમ્' આઠ ગુણોનું ઐશ્વર્ય, વધારે કહેવાથી શું? ગુણોની ગૂંથણીવાળા બ્રહ્માંડમાં નીચે, ઉપર અથવા મધ્યમાં જવાની ઇચ્છાવાળો થાય ત્યારે એ જ સ્થાને (મન અને ઇંદ્રિયો) સાથે જ જાય. 'ચ' અને શબ્દ હોવાથી વાસનાઓ સાથે અથવા પ્રાણો સાથે[2] જાય (એમ જણાવ્યું છે.) ૨૨

૧.'પહેલા (પ્રકારવાળા)ની' એટલે ઉત્તમ અધિકારીની.(પ્ર)
૨.શ્લોક ૨૩માં 'પવનમાં લિંગશરીર છે જેનું' એમ કહેલ છે, તેના વિશેષણ તરીકે આ કહેલ છે.(પ્ર)

જીવમાં એવી શક્તિ કેવા પ્રકારે થાય? એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે:

**યોગેશ્વરાણાં ગતિમાહુરન્તર્બહિસ્ત્રિલોક્યાઃ પવનાન્તરાત્મનામ્ ॥**
**ન કર્મભિસ્તાં ગતિમાપ્નુવન્તિ વિદ્યાતપોયોગસમાધિભાજામ્ ॥૨૩॥**

પવનમાં જેઓનું લિંગશરીર છે તેવા યોગીશ્વરોની ગતિ ત્રણ લોકની અંદર અને બહાર (હોવાનું) કહે છે, વિદ્યા, તપ, યોગ અને સમાધિવાળા એઓની એ ગતિ કર્મથી પ્રાપ્ત કરતા નથી. ૨૩

જેઓને યોગ સ્વાધીન છે (તેઓને) જોકે પોતાની મેળે જવાની શક્તિ હોતી નથી, છતાં પણ યોગથી એ થતી હોવાથી 'ત્રણ લોકની અંદર અને બહાર' શબ્દોથી

બધી ગતિઓ કહેલી છે. બહાર રહેલાઓ પણ અંદર આવે છે (અને) અંદર રહેલાઓ પણ બહાર જાય છે એનું કારણ 'પવનાન્તરાત્મનામ્' શબ્દથી (કહેલું છે.) પવનની અંદર 'આત્મા' લિંગશરીર છે જેમનું (તેવા એઓ છે.) અહીં બ્રહ્માંડના અભિપ્રાયથી ત્રણ લોક કહેલા નથી, પરતું માત્ર ત્રણ લોક જ (કહેલા છે.) જોકે કર્મો (કરવા)થી પણ બ્રહ્માંડમાં સર્વત્ર જવાય છે, છતાં પણ એઓ પોતાની ઈચ્છાથી જઈ શકતા નથી, એમ એ (ગતિ) શબ્દથી કહેલ છે. જે યોગીઓની ઇચ્છા પ્રમાણની (ગતિ) છે, તે કર્મીઓની નથી, એવો અર્થ છે.

'ઉપાય સમાન હોવા છતાં, યોગ ગૌણ કેમ અને કર્મ મુખ્ય કેમ?' એવી શંકા થાય, તેથી 'વિદ્યા તપ યોગ અને સમાધિવાળાની' શબ્દ યોજેલ છે. કર્મ તો સ્વતન્ત્ર હોઈ સાહાય્ય કરનાર વિનાના જીવને પોતાને અધીન કરે છે. યોગમાં વિદ્યા વગેરે ચાર બીજા પણ હોય[1] છે; એઓથી વીંટાયેલા જીવને યોગ સ્વાધીન કરી શકતો નથી; તેવી જ રીતે વિદ્યા વગેરે બીજાં પણ (જીવને અધીન કરી શકતાં નથી,) અને સાહાય્ય કરનાર સ્વતન્ત્ર છે. બીજાઓ તો ગુણ બનેલા હોઈ પોતાની ઈચ્છા પ્રમાણે જવામાં સાહાય્ય કરનાર થાય છે. વિદ્યા (એટલે) ઉપાસના મંત્રના પ્રકારથી સાહાય્ય કરનારી છે; કષ્ટ વગેરે અથવા જ્ઞાન એ તપ. અષ્ટ અંગવાળો યોગ-સમાધિમાં રહેલાને ભગવાનના દર્શન થતાં, એ (દર્શન)થી ઉત્પન્ન થયેલી ભક્તિ સાથેનો ઉત્તમ ગુણ[2] સમાધિ કહેવાય છે. આ ચારમાં (એ) કરવાની સ્થિતિમાં પણ પુરુષ સ્વતંત્ર હોય છે, કર્મમાર્ગમાં તો વિધિનું અધીનપણું રહે છે તેથી (કર્મીઓ સ્વતંત્ર નથી.)[3] ૨૩

૧.આથી એમ જણાવેલ છે કે વિદ્યા વગેરે વિનાના કુયોગીઓ યોગને અધીન હોય છે.(પ્ર)
૨.યોગથી જે આત્માનું દર્શન થાય તે ઉત્તમ ધર્મ છે' વાક્ય પ્રમાણે આ ઉત્તમ ધર્મ છે.(પ્ર)
૩.યોગીઓ પોતાની ઈચ્છા પ્રમાણે ફરી શકે તેથી એઓ મુખ્ય, યોગ ગૌણ; કર્મીઓ પોતાનાં કર્મ પ્રમાણે જ ફરી શકે તેથી કર્મ મુખ્ય અને એઓ ગૌણ.

એવી રીતે પુરુષ સ્વાધીન હોવાનું કહીને નીચેના શ્લોકથી આરંભી એને જવાનો પ્રકાર કહે છે :

**વૈશ્વાનરં પાતિ વિહાયસા ગતઃ સુષુમ્ણયા બ્રહ્મપથેન રોચિષા ।**
**વિધૂતકલ્કોऽથ હરેરુદસ્તાત્પ્રયાતિ ચક્રં નૃપ શૈશુમારમ્ ।।૨૪।।**

વિમાનથી જતો 'બ્રહ્મનઃ' માર્ગે તેજોમય સુષુમ્ણાથી વૈશ્વાનર પ્રતિ જાય છે. પછી હે નૃપ ! પાપ કાઢી નાખેલાં છે તેવો (એ) ઉપર હરિના શિશુમારક ચક્ર સુધી જાય છે. ૨૪

જ્યાં સુધી અંતે આનંદમય થાય ત્યાંસુધી જાય છે (શ્લો. ૩૧) એવો વાક્યોનો સમ્બન્ધ છે. 'વૈશ્વાનર' એટલે અગ્નિ જેની અધિષ્ઠાતા દેવતા છે તે લોક. 'અગ્નિજ્યોતિ, દિવસ, અજવાળિયું (ભ.ગી.૮-૨૪) એ વાકય પ્રમાણે જાય છે. 'એ લોક દૂર હોવાથી (જવામાં) ઘણો સમય લાગે, (એ) દરમ્યાન ભોગ ન મળે, અને ભોગની તીવ્ર ઈચ્છા થતાં પાછા આવવાનું થાય' એ માટે કહે છે કે 'વિમાનથી જતો' આકાશમાર્ગે જાય છે. પહેલાં જ (શ્લો. ૨૩માં) 'પવનમાં લિંગ શરીરવાળો હોવાનું' કહેલ હોવાથી જેમ વાયુ જાય તેમ એ (યોગીઓ) પણ (જાય છે) એવો અર્થ છે. 'વાયુ આડોઅવળો જતો હોવાનું સંભવતું હોવાથી એ પણ સીધા માર્ગે વૈશ્વાનર સુધી જાય એવું સંભવતું નથી.' એ સમ્બન્ધમાં 'સુષુમ્ણાથી' એમ કહેલ છે. સુષુમ્ણાના માર્ગથી જાય છે તેથી બીજા સ્થાને નહિ જાય. 'સુષુમ્ણાથી પણ બીજા સ્થળે કેમ નહિ જાય?' એ સમ્બન્ધમાં 'બ્રહ્મના માર્ગે' એમ કહેલું છે. બ્રહ્મનો માર્ગ (પકડે છે.) બ્રહ્મનો માર્ગ હોવાથી વ્યાપી વૈકુંઠમાં જ જાય છે. 'સુષુમ્ણા નાડીરૂપ હોવાથી દેહમાંથી બહાર કેમ નીકળે?' એ સમ્બન્ધમાં 'રોચિષા' એમ કહેલું છે. તેજોરૂપ[1] (સુષુમ્ણા)થી જાય છે. એવી રીતે એ માર્ગે વૈશ્વાનર ગયેલો, પહેલાં જલની સાથે ગાઢ સમ્બન્ધમાં આવેલો જતો હોવાથી ઘણી કામનાઓ થવાથી અથવા પ્રાપ્ત થયેલ હોવાથી ત્યાં ભોગ કરતાં અગ્નિમાં ભોગ કરતો હોવાથી પાપ સુકાઈ જાય છે. તેથી ત્યાર પછી જ્યોતિના સ્થાનેથી જતાં, સૂર્યથી આરંભી ધ્રુવ સુધી જતાં પાપરહિત થઈ, 'અર્થ' જુદા પ્રકારથી તેજોમય શરીરથી હરિ ભગવાનના સ્વરૂપરૂપે થયેલ શિશુમારરૂપ ચક્ર સુધી પહોંચે છે. જોકે શિશુમાર ચક્ર ભૂમિની સર્વ તરફ હોવાથી સર્વત્ર જવાનું પ્રાપ્ત થાય, છતાં પણ 'ઉદસ્તાત્' ઊંચે જ જાય છે. જેમ મનુષ્યોનું પાલન કરનારને મનુષ્યો ઊંચે (સ્થાને) લઈ જાય છે, તેમ શુદ્ધ સત્વદેહવાળો ઊંચે જાય એ વિષયમાં સંમતિ દર્શાવનાર 'હે નૃપ' એવું સંબોધન (કરેલું છે.) શિશુમારનું સ્વરૂપ આગળ કહેવાશે. ૨૪

૧.તેજ ઊંચે જવારું હોવાનું લોકમાં પ્રસિદ્ધ છે, તેથી કાંઈ સંશય નથી એવો અર્થ છે.(પ્ર)

**તદ્ વિશ્વનાભિં ત્વતિવર્ત્ય વિષ્ણોરણીયસા વિરજેનાઽઽત્મનૈકઃ ।**
**નમસ્કૃતં બ્રહ્મવિદામુપૈતિ કલ્પાયુષો વિબુધા યદ્રમન્તે ॥૨૫॥**

એ વિષ્ણુની વિશ્વનાભિને તો ઓળંગીને રજ વિનાના સૂક્ષ્મ દેહથી એકલો કલ્પ સુધીના આયુષવાળા ઘણા જ્ઞાનવાળાઓ જેમાં રમણ કરે છે તે બ્રહ્મ જાણનારાઓથી નમન કરાયેલા (વિષ્ણુના સ્થાનમાં) પહોંચે છે. ૨૫

ત્યાં શિશુમારના અંતે ધ્રુવનું સ્થાન છે, તે બ્રહ્માંડની નાભિને ઠેકાણે છે. એની ઉપર ચાર લોક છે, તેમાં 'તુ' તો શબ્દથી પહેલાંના રૂપથી જુદું કરેલ રૂપ કહેલું છે, પછી બીજું (રૂપ) ધ્રુવમાં (કર્યું.) 'વિષ્ણુની' શબ્દનો બંને બાજુ સમ્બન્ધ છે. 'રજ વિનાના સૂક્ષ્મ દેહથી' શબ્દોથી ત્યાં જવા યોગ્ય શરીરનું વર્ણન કરેલું છે. (આ શરીરમાં) વાયુ મુખ્ય હોવાથી પહેલાંના કરતાં સૂક્ષ્મ (એટલે) ઘણા શિથિલ અવયવોવાળું છે, એવો અર્થ છે. એમાં પણ રજ વિનાનું છે. વાયુને રજનો સમ્બન્ધ પણ (પહેલા) ત્રણ લોકમાં જ હોય છે. અથવા પહેલાંનું શરીર રહેલું, તેનો વૈશ્વાનર લોકમાં ત્યાગ કર્યો, પછી બીજાનો ધ્રુવ(લોક)માં ત્યાગ કર્યો. ત્રીજું આ (શરીર.) એવી રીતે રજઃ અને તમઃ વિનાનું હોવાથી 'વિરજઃ' (રજઃવિનાના) શબ્દથી કહેલું છે. માત્ર શબ્દથી બ્રહ્માંડનો ભેદ (થવાનું) કહેવાતું હોવાથી કેવળ સત્વવાળા અથવા સત્વ ભળેલું તેવા 'આત્મના' પહેલાની પેઠે આત્મા તરીકે ગ્રહણ કરેલા દેહથી 'એકઃ' એકલો વિમાનમાં ફરનારા ત્યાં જતા નહિં હોવાથી સાહાય્ય કરનાર વિનાનો એકલો બીજાઓએ[1] નમસ્કાર કરેલા બ્રહ્મ જાણનારાઓના સ્થાને માત્ર[1] જ્ઞાનીઓએ જ રહેવા યોગ્ય મહર્લોકમાં પહોંચે છે. જે મહર્લોકમાં 'કલ્પાયુષઃ' બ્રહ્મલોક સુધીનું આયુષ છે જેમનું તેવા ઘણું જાણનાર ભૃગુ વગેરે જ્ઞાનીઓ ભગવાનના ગુણોના સ્મરણોથી અથવા સમાધિરૂપ જ્ઞાનથી રમણ કરે છે. આ (યોગી) પણ ત્યાં ગયેલો બ્રહ્મકલ્પ સુધી રહેશે (જીવશે.) ૨૫

૧.અહીં 'બીજાઓએ' અને 'સ્થાન' એ બે શબ્દો અધ્યાહાર છે.(પ્ર)

**અથો અનન્તસ્ય મુખાનલેન દન્દહ્યમાનાં સ નિરીક્ષ્ય વિશ્વમ્ ।**
**નિર્યાતિ સિદ્ધેશ્વરજુષ્ટધિષ્ણ્યં યદ્વૈ પરાર્દ્ધં તદ્ પારમેષ્ઠ્યમ્ ।।૨૬।।**

પછી અનંતના મુખના અગ્નિથી વિશ્વને ઘણું બળતું જોઈને એ નીકળી જઈને સિદ્ધેશ્વરોએ સેવેલાં સ્થાન જે ખરેખર પરાર્ધ છે તે પારમેષ્ઠ્ય(માં જાય છે.) ૨૬

પછી[2] ભગવાન્ શયન કરતાં 'અનન્તસ્ય' સંકર્ષણના મુખના અગ્નિથી ત્રણ લોકને અત્યંત બળતા જોઈ, ને ત્યાંથી ભૃગુ વગેરે સાથે નીકળી જાય છે. (નીકળી) જવાનું ઘણા સમય પછી થવાનું હોવાથી 'અથો' પછી એમ કહેલું છે. જ્યાં સિદ્ધેશ્વરોએ સેવેલાં સ્થાનો છે તે જનલોક તથા તપોલોકમાં (જાય છે.) 'પારમેષ્ઠ્યમ્' (એટલે) સત્યલોક એ પણ ઉપરનાની પેઠે સિદ્ધેશ્વરોએ સેવેલું છે. ૨૬

૨.'અથ' શબ્દનો અર્થ કહ્યો, તેથી વાયુનો બનેલદેહ તજેલ ન હોવાનું સૂચવેલું છે.(પ્ર)

ત્યાં મુક્તિના જેવું સુખ છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ન યત્ર શોકો ન જરા ન મૃત્યુર્નાધિર્ન ચોદ્વેગ ઋત્તે કુતશ્ચિત્ ।**
**યચ્ચિત્તતોઽદઃ કૃપયાઽનિદંવિદાં દુરન્તરદુઃખપ્રભવાનુદર્શનાત્ ।।૨૭।।**

જ્યાં શોક નથી, ઘડપણ નથી, મૃત્યુ નથી, મનની પીડા નથી, અને આ નહિં જાણનારાઓને અંત વિનાના દુઃખની ઉત્પત્તિ પછીથી જોવાથી કૃપાથી આ જે ચિત્તના કારણથી થાય છે તે સિવાય ક્યાંયથી ઉદ્વેગ (થતો) નથી. ૨૭

જ્યાં બ્રહ્મલોકમાં અજ્ઞાનનું કાર્ય શોક નથી અને દેહનો ધર્મ ઘડપણ નથી, અને 'મૃત્યુઃ' મૃત્યુના ખોરાક (થવાતું) નથી. 'આધિઃ' મનની પીડા પણ નથી (એટલે) એ અન્તઃકરણનો ગુણ નથી. કેટલાક એમ (કહે છે કે) મૃત્યુ પ્રાણ લઈ જતું હોવાથી મનની પીડા એ મૃત્યુનો ગુણ છે. ઉદ્વેગ બુદ્ધિનો ગુણ અથવા અસહિષ્ણુતા[1] છે. જોકે ઉદ્વેગ અને અસહિષ્ણુતા ત્યાં પણ છે, પરંતુ બીજા (કોઈથી થતાં) નથી, પરંતુ પોતાથી જ (થાય છે.) ઉત્તરાર્ધથી પોતાથી થવાપણું સ્પષ્ટ કરે છે. 'ચિત્તતઃ' ચિત્તના કારણથી જે થાય છે તે પોતાના અનુભવથી જણાય તેવું છે, એ સારી રીતે કહી શકાય તેવું નથી. તેથી એવી રીતે 'અદઃ' પ્રસિદ્ધ (શબ્દથી) કહેલ છે. 'આ નહિ જાણનારાઓને અંત વિનાના દુઃખની ઉત્પત્તિ પછીથી જોવાથી' શબ્દોથી એનો વિષય કહે છે. આ સ્થાન આનું સાધન જ્ઞાન અને માર્ગનો પ્રકાર જાણતા નથી તેથી એવા (આ નહિ જાણનારા છે.) અંત વિનાનું જે દુઃખ તેવી ઉત્પત્તિ જે સંસારમાં (થાય છે) તે (આ સ્થાને પહોંચ્યા) પછી જાણે છે. એક વાર ઉત્પન્ન થયેલા (જન્મેલા) પણ વિવેકી[2] હોવા છતાં પણ પાછા ત્યાં (સંસારમાં જ) જાય છે. તેથી એ પ્રમાણે (ઉદ્વેગ થાય છે.) ૨૭

૧.'અસહિષ્ણુતા એટલે સહન ન કરવું એ.
૨.વિવેકી' એટલે સારા અને ખરાબનો ભેદ જાણનાર.

પછી પોતાની ઈચ્છાથી બ્રહ્માંડનો ભેદ કરે છે, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તતો વિશેષં પ્રતિપદ્ય નિર્ભયસ્તેનાઽઽત્મનાઽપોઽનલમૂર્તિરત્વરન્ ।**
**જ્યોતિર્મયો વાયુમુપેત્ય કાલે વાય્વાત્મના ખં બૃહદાત્મલિઙ્ગમ્ ।।૨૮।।**

પછી પૃથ્વી પ્રાપ્ત કરી, ભયરહિત થઈ એ દેહથી જલ (પ્રાપ્ત કરી) અગ્નિદેહવાળો થઈ, ત્વરા કર્યા વિના જ્યોતિવાળો સમય થતાં વાયુને પ્રાપ્ત કરી, વાયુદેહથી મોટા ભગવાનના શરીરરૂપ આકાશને (પ્રાપ્ત કરે છે.) ૨૮

અશ્વમેઘ યજ્ઞ કરનારાઓ પણ ત્યાં (સત્યલોકમાંથી) જાય છે, તેવી રીતે હિરણ્યગર્ભની ઉપાસના કરનારાઓ અને ઉપર કરેલા (કર્મીઓ પણ જાય છે.)

એમાં 'બ્રહ્મભુવન સુધીના લોકો (પાછા આવે છે)' (ભ.ગી. ૮-૧૬) વાક્ય પ્રમાણે કર્મ કરનારાઓ પાછા (સંસારમાં) આવે છે. હિરણ્યગર્ભની ઉપાસના કરનારાઓની બ્રહ્મા સાથે જે બ્રહ્માની ગતિ (થાય) તે ગતિ થાય છે. ઉપર કહેલ (યોગી) તો બ્રહ્માંડને ભેદી જાય છે એમ કહે છે. પછી સત્યલોકમાંથી 'વિશેષમ્' પૃથ્વીના ઢાંકણરૂપને પ્રાપ્ત કરી, પૃથ્વીરૂપ થઈ એમાં પ્રવેશ કરે છે. પૃથ્વીના ઢાંકણનું ઉલ્લંઘન કરતાં આવરણરૂપ પૃથ્વીનું સાયુજ્ય પ્રાપ્ત કરી એનું ઉલ્લંઘન કરી, પછી જલરૂપથી જલનું સાયુજ્ય પ્રાપ્ત કરી, એનું ઉલ્લંઘન કરી (તેજરૂપ થઈ તેજનું સાયુજ્ય પ્રાપ્ત કરી...) એમ આગળ પણ (જાણવું) આકાશનું અતિક્રમણ થતાં સુધી જાય છે. સર્વ સ્થલે એ (પ્રકારના) દેહથી (જાય છે) એમ જાણવું. 'ત્વરા કર્યા વિના' (એટલે) તે તે સ્થલોએ ગંધ વગેરેના ભોગો ભોગવતાં જ વિલંબ કરીને, સમય જતાં ભોગ (કરવા)ની ઈચ્છા પૂરી થતાં આગળ જાય છે, એમ સર્વ (સ્થલે) જાણવું. 'ખમ્' (એટલે) આકાશ. એ મોટું અનંત જ છે, શબ્દબ્રહ્મરૂપ અથવા નાદરૂપ છે. એમ મોટું હોવાનું કારણ (કે) 'બ્રહ્મ આકાશશરીરવાળું છે' એ શ્રુતિ પ્રમાણે એ 'આત્મનઃ' ભગવાનનું 'લિઙ્ગમ્' શરીર છે. એ વ્યાપક, હદ અને હદ વિનાના, અંદરના અને બહારના વ્યવહારના કારણરૂપ, શબ્દબ્રહ્મના આધારરૂપ વગેરે ભગવાનના ગુણો જણાવનારું છે. ૨૮

એવી રીતે આકાશના અંતનો ત્યાગ થતાં મહાભૂતોના અંશોનો ત્યાગ થયો. વિષયોનું ઉલ્લંઘન થતાં ઈંદ્રિયોનું ઉલ્લંઘન થયું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ઘ્રાણેન ગન્ધં રસનેન વૈ રસં રૂપઞ્ચ દૃષ્ટ્યા શ્વસનં ત્વચૈવ ।**
**શ્રોત્રેણ ચોપેત્ય નભોગુણત્વં પ્રાણેન ચાડડકૂતિમુપૈતિ યોગી ॥૨૯॥**

યોગી નાકથી ગંધ, જીભથી નક્કી રસ અને દષ્ટિથી રૂપ ચામડીથી જ વાયુ (સ્પર્શ) અને કાનથી આકાશના ગુણને પ્રાપ્ત કરીને વળી પ્રાણથી આકૂતિ પ્રાપ્ત કરે છે. ૨૯

'ઘ્રાણેન'ને બદલે 'પ્રાણેન' પાઠ હોય તોપણ એ જ અર્થ છે. સર્વ સ્થળે તે તે (પદાર્થ) પ્રાપ્ત કરીને એનો ભોગ (કર્યા) પછી તે તે (પદાર્થનું) ઉલ્લંઘન કરીને (બીજો પ્રાપ્ત કરે છે) એમ જાણવું. આકાશનો ગુણ શબ્દ, 'પ્રાણથી' એટલે કર્મેન્દ્રિય સાથેના એના રૂપથી 'આકૂતિમ્' (એટલે) પાંચે ક્રિયાઓને ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાપ્ત કરે છે અને તજે છે. 'યોગી' શબ્દથી યોગની શક્તિને ન ભૂલવાનું (જણાવેલ છે.) ૨૯

નીચેના શ્લોકોથી અહંકાર વગેરેનું ઉલ્લંઘન (કરવાનું) કહે છે :

**સ ભૂતસૂક્ષ્મેન્દ્રિયસંનિકર્ષં મનોમયં દેવમયં વિકાર્યમ્ ।**
**સંપ્રાપ્તય ગત્યા સહ તેન યાતિ વિજ્ઞાનતત્વં ગુણસન્નિરોદમ્ ।।૩૦।।**
**તેનાડડત્મનાડડત્માનમુપૈતિ શાન્તમાનંદમાનંદમયોડવસાને ।**
**એતાં ગતિં ભાગવતીં ગતો યઃ સ વૈ પુનર્નેહ વિષજ્જતેડઙ્ગ ।।૩૧।।**

એ મહાભૂતો અને ઇંદ્રિયોના ઉત્પત્તિસ્થાનને, મનોમયને, દેવમયને (અને) વિકાર્યને પ્રાપ્ત કરીને, એ રૂપથી ગતિ સાથે વિજ્ઞાનતત્વને, ગુણોની ગૂંથણીરૂપને (અને) એ દેહથી આત્માને, (પછી) શાંતને (અને) અંતે આનંદમયને આનંદમય થઈ પ્રાપ્ત કરે છે. જે ભાગવતી ગતિને પ્રાપ્ત થયેલ હોય તે પછી, હે વહાલા! અહીંનો સમ્બન્ધ કરતો નથી. ૩૦-૩૧

એ જ યોગી મહાભૂતોના અને સૂક્ષ્મ ઇંદ્રિયોના ઉત્પત્તિસ્થાન તામસ (અહંકાર)ને અને મનોમય રાજસ અહંકારને, દેવમય એવા સાત્વિક (અહંકાર)ને, મૂલ અહંકારરૂપ વિકાર્યને એ રૂપથી ગતિ સાથે પ્રાપ્ત કરે છે. ક્રિયા અને અહંકારનો ત્યાગ કરે છે એવો અર્થ છે. વિજ્ઞાન તત્વ એટલે મહત્તત્વ. ગુણોની ગૂંથણીરૂપ પ્રકૃતિ સર્વ સ્થલોએ દેહથી જાય છે. આગળ પુરુષનું ઢાંકણ છે, તેને પણ એ દેહથી પ્રાપ્ત કરે છે. પછી 'શાન્ત' અક્ષર અને પછી 'આનંદ' પુરુષોત્તમને પોતે પણ આનંદમય થઈ પ્રાપ્ત કરે છે. (પુરુષોત્તમને) અંતે પ્રાપ્ત કરે છે, ત્યાર પછી (બીજે) જવાનું નથી. 'હે કુંતીના પુત્ર ! મને પ્રાપ્ત કરીને તો (ફરી જન્મ થતો નથી)' (ભ.ગી. ૮-૧૬) એ વાક્યનું આ તાત્પર્ય છે એમ એકત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધથી કહેલ છે. બ્રહ્માંડમાં, હૃદયમાં અથવા બ્રહ્માંડથી આગળ, જે કોઈ સ્થલે આનંદમય થઈને આનંદરૂપ ભગવાનમાં પ્રવેશ કરે છે તે ફરી અહીં સંસારમાં પ્રવેશ કરતો નથી જ. ૩૦-૩૧.

એવી રીતે ફરી ન આવવાના બે માર્ગો કહી સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ પ્રકારનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**એતે સૃતી તે નૃપદેવ ગીતે ત્વયાડભિપૃષ્ટે ચ સનાતને ચ ।**
**યે વૈ પુરા બ્રહ્મણ આહ પૃષ્ટ આરાધિતો ભગવાન્ વાસુદેવઃ ।।૩૨।।**

હે નૃપદેવ ! તેં પૂછેલા અને સનાતન આ બે માર્ગો તને કહ્યા, જે પહેલાં પુછાયેલા પ્રસન્ન કરાયેલા ભગવાન્ વાસુદેવે બ્રહ્માને નક્કી કહેલા. ૩૨

ભગવાનના સ્વરૂપ તરીકે જ જ્ઞાન થાય એ માટે કહેલા, અધ્યાય બેમાં કહેલા આ સર્વ પદાર્થોનું સ્વરૂપ જેમ (એ) મુકાયેલા છે અને જેમ ઉપયોગ થાય તેમ વિમર્શ

(ના અધ્યાય)માં તર્કોથી સ્પષ્ટ થશે. અહીં તો માત્ર કહેલા જ છે. ત્યાં સ્પષ્ટ વિવરણ કરીશું. હે નૃપદેવ ! 'તે' તને 'ગીતે' (તું) રાજા હોવાથી (તને) સુખ થાય એ માટે સ્વરૂપથી કહ્યા અને એ પણ તેં પૂછેલા (હોવાથી કહ્યા.) સાધન ફલમાં પરિણમતું હોવાથી સાધનના પ્રશ્નથી જ એ (ફલ)નો પ્રશ્ન કહેવાયેલો થાય; અને (આ માર્ગો) સનાતન છે, કારણકે આ પ્રથમ તરીકે કોઈપણ આ માર્ગે જતો નથી, પરંતુ (આ) અનાદિસિદ્ધ છે. અહીં (આ માર્ગોએ) જનાર આગળ સ્પષ્ટ થશે. ઉત્તરાર્ધથી (આ માર્ગો) અનાદિ હોવાનું પ્રમાણ કહે છે. બ્રહ્માએ આ પ્રકારનો પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને પણ પુછાયેલા હોવાથી કહ્યું. 'પ્રસન્ન કરાયેલા' વિશેષણથી કહેવાનું પ્રયોજન (કહ્યું.) એ પ્રમાણે કહેવાનું કારણ 'વાસુદેવ' નામથી કહેલ છે. મોક્ષ આપનાર હોવાથી એ પ્રમાણે કહ્યું, એવો અર્થ છે. ૩૨

એ પ્રમાણે ફલ જણાવી ઉપસંહાર કરી આ માર્ગમાં પ્રવેશ કરવાના કેટલા ઉપાયો છે એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**ન હ્યતોऽન્યઃ શિવઃ પન્થા વિશતાં સંસૃતાવિહ ।**
**વાસુદેવે ભગવતિ ભક્તિયોગો યતો ભવેત્ ॥૩૩॥**

અહીં સંસારમાં આવનારને આ જેનાથી ભગવાન્ વાસુદેવમાં ભક્તિયોગ થાય તેનાથી બીજો કોઈ કલ્યાણરૂપ માર્ગ નથી. ૩૩

અહીં પહેલાં જે કહ્યો તેનાથી જુદે સાધનદશામાં પણ સુખ કરનારો 'શિવઃ' કલ્યાણરૂપ 'પન્થાઃ' પહેલાં ત્યાં પ્રવેશ કરેલાને ફરી ભ્રમ ન થાય એ માટે માર્ગરૂપ કોઈપણ નથી; અને (એ) ઘણાઓએ જવા યોગ્ય છે. આ નહિં જાણવાથી સંસારમાં આવેલા માટે આ માર્ગ છે પરન્તુ માત્ર સંસારી થવાના સ્વભાવવાળા સંસારમાં ધામો નાખી પડેલા માટે નથી. ઉત્તરાર્ધથી એ માર્ગનું ફરી સ્મરણ કરાવે છે. મોક્ષ આપવા માટે પધારેલા ભગવાન્ જ્યારે પરબ્રહ્મના રૂપથી સત્વાકારથી પરિણત અન્તઃકરણમાં સત્વના આસન ઉપર છ ગુણોના ઐશ્વર્યવાળા સ્વરૂપથી પ્રકટ થાય, ત્યારે જે ઉપાયથી (એમનામાં) અત્યંત પ્રેમ થાય તે જ[૧] ઉપાય છે, એવો અર્થ છે. (૧)શ્રવણ વગેરેથી સ્નેહ થાય છે, પછી (૨)મનન અને નિદિધ્યાસનના પ્રકારના ધ્યાનથી સંપૂર્ણ સ્નેહ થાય તે બીજો ઉપાય, પછી પણ સૂક્ષ્મ ધ્યાનથી હૃદયમાં ભગવાન્ પધારે ત્યારે એમાં સાક્ષાત્ ભગવાનમાં પ્રવેશ થવાના કારણરૂપ[૨] જે ઘણો જ સ્નેહ, તે ફલરૂપ હોવા છતાં પણ સાધનરૂપ પણ (છે) અને વચલી ક્રિયારૂપ પણ છે. તેથી એવા કારણરૂપ માર્ગ ઘેરથી નીકળેલો ઈચ્છેલા સ્થળે પહોંચે ત્યાં સુધીના વિસ્તારવાળો છે.

એમાં પહેલો ભાગ સાધનરૂપ, મધ્ય ભાગ[3] વચલી ક્રિયારૂપ અને આગળનો[4] ભગવાન્ સાથે સમ્બન્ધવાળો ફળરૂપ છે. એમાં[5] શ્રવણથી આરંભી બે ધ્યાન ક્રમથી વિસ્તારવાળી ભૂમિ છે. પ્રેમ બે ચરણોમાં થાય. એ પ્રેમ તે માર્ગે ત્યાંસુધી પહોંચે ત્યારે ભગવાનને પ્રાપ્ત કરાવે. ત્યાંસુધી ન પહોંચે તો પ્રાપ્ત ન કરાવે. ૩૩

૧.સ્નેહપણાની હદવાળો સ્નેહ.(પ્ર) ૨.શ્રવણાદિ પ્રકારનો.(પ્ર)
૩.'મધ્ય ભાગ' મનન અને નિદિધ્યાસન.(પ્ર) ૪.સૂક્ષ્મ ધ્યાનરૂપ.(પ્ર)
૫.'એમાં' (ભગવાનને) પહોંચવાની સામગ્રીનો વિચાર કરતાં.(પ્ર)

ફલ અને સાધનનો નિર્ણય પહેલાં જ થયેલો, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ભગવાન્ બ્રહ્મ કાત્સ્ન્યેન ત્રિરન્વીક્ષ્ય મનીષયા ।**
**તદધ્યવસ્યત્કૂટસ્થો રતિરાત્મન્યતો ભવેત્ ।।૩૪।।**

નિશ્ચલ ભગવાને બુદ્ધિથી સંપૂર્ણ રીતે ત્રણવાર વેદનો વિચાર કરીને, જેનાથી પોતામાં (જીવોને) પ્રેમ થાય તેનો નિશ્ચય કર્યો. ૩૪

પ્રમેયબલથી (પોતામાં પ્રેમ થવાનું) પોતે કહીને પણ પ્રમાણના બલથી પણ એ કહેવું એવા વિચારથી પહેલાં કહેલ[1] અનાદિસિદ્ધ રાશિભૂત વેદનો 'મનીષયા' વિચાર કરનારની બુદ્ધિથી ઝીણવટથી વિચારી, પોતે ફલરૂપ હોવાનો નિશ્ચય કરીને સાધનનો વિચાર કરતાં 'જેમને આ પસંદ કરે છે (તેનાથી જ પ્રાપ્ત થાય તેવા છે)' વગેરે વાક્યોથી પ્રેમ જ વચલી ક્રિયારૂપ હોવાનું જાણીને (ભગવાન્) ભક્તિથી જ પ્રસન્ન થાય છે' એ વિચારીને, ભક્તિને મુખ્ય સાધન જાણીને, બીજું એ પ્રાપ્ત કરાવનારું હોવાનો ભગવાને નિશ્ચય કર્યો. એમાં પણ 'કૂટસ્થઃ' નિશ્ચલ રહીને નિશ્ચય કર્યો. ૩૪

૧.પહેલાં પોતે કહેલા.(પ્ર)

એ પ્રમાણે પ્રમાણ અને તર્કથી ભક્તિમાર્ગને સ્થિર કરીને બીજા માર્ગોનો પરંપરાથી ઉપયોગ હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**ભગવાન્ સર્વભૂતેષુ લક્ષિતઃ સ્વાત્મના હરિઃ ।**
**દશ્યૈર્બુદ્ધ્યાદિભિર્દ્રષ્ટા લક્ષણૈરનુમાપકૈઃ ।।૩૫।।**

ભગવાન્ હરિ સર્વ પ્રાણીઓને અનુભવથી જણાયેલા છે. શાસ્ત્રકારોને બુદ્ધિ વગેરેથી અનુમાનથી જણાતાં લક્ષણોથી દ્રષ્ટા (જણાવેલા છે.) ૩૫

દરેક પુરુષ માટે દરેક વિષયમાં શાસ્ત્રો પ્રસરેલા છે. (એઓનો) પરંપરાથી ઉપયોગ (થતો) હોવાથી એઓમાં કહેલી વિગત ખોટી નથી. એ બધાઓએ સર્વ

પ્રાણીઓને ભગવાન્ 'લક્ષિતઃ' લક્ષણાથી જણાવેલા છે. નૈયાયિકોએ કર્તા તરીકે, મીમાંસકોએ ક્રિયા તરીકે, વેદાન્તીઓએ આત્મા તરીકે, સાંખ્ય વગેરેએ કારણ તરીકે[3] અને બીજાઓએ એ પ્રકારેથી, બીજાઓએ જ્ઞાન તરીકે અને જ્ઞાતા તરીકે અને જ્ઞાનના અધિષ્ઠાતા તરીકે, બધાઓએ આંધળો હાથીને જાણે એવી રીતે (ભગવાનને) એક ભાગથી અનુભવ અને તર્કથી જાણેલા છે. 'સ્વાત્મના' (એટલે) અનુભવથી, શાસ્ત્રકારોએ[4] દ્રષ્ટા (તરીકે) બુદ્ધિ વગેરે 'લક્ષણૈઃ' જીવોમાં પ્રવેશ ન થાય તેવી અસાધારણ ક્રિયા વગેરે (અને) તેથી જ તર્ક સાથેના અનુમાન કરનારા પરોક્ષ જ્ઞાન કરાવનારા (ચિહ્નો)થી જાણેલા છે, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. લક્ષણાથી જાણેલા છે એવો અર્થ છે. ૩૫

૧.સર્વ દર્શનો જણાવનારા હોવાનું કહે છે. (પ્ર)

૨.આ બધા સર્વના સમ્બન્ધવાળા જાણવા; જેમકે સર્વ વિષયની ક્રિયાવાળા, સર્વ વિષયના કર્મવાળા, સર્વના આત્મા, સર્વ કરણ, સર્વ વિષયોના જ્ઞાનરૂપ, સર્વજ્ઞાતા, સર્વ જ્ઞાનના અધિષ્ઠાતારૂપ, એવું જુદા જુદા મતમાં ભગવાનનું લક્ષણ કહેલ જાણવું.(પ્ર)

૩.'દશ્ય' એટલે શાસ્ત્રકારો. (પ્ર) 'શાસ્ત્રો' અર્થ લેવાય તેવો છે.

૪.'તેથી' એટલે એક ભાગથી જ (ભગવાનને) જણાવનારા હોવાથી. (પ્ર)

તેથી[1] સર્વ દર્શનો નકામાં હોવાથી ઉપર કહેલા પ્રકારથી જ (પ્રવણ વગેરે) કરવું એમ નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**તસ્માત્સર્વાત્મના રાજન્ હરિઃ સર્વત્ર સર્વદા ।**
**શ્રોતવ્યઃ કીર્ત્તિતવ્યશ્ચ સ્મર્ત્તવ્યો ભગવાન્નૃણામ્ ॥૩૬॥**

તેથી હે રાજન્ ! હરિ ભગવાનનું સર્વ સ્થળે સદા માણસોએ સંપૂર્ણ રીતે શ્રવણ કરવું અને કીર્તન કરવું (અને) સ્મરણ કરવું. ૩૬

'સર્વાત્મના' સંપૂર્ણ રીતે એટલે પછીના અંગસહિત.[1] 'હે રાજન્ !' સંબોધનથી (એની) નિશ્ચય કરવાની શક્તિ કહેલી છે. સાધનદશામાં થતું દુઃખ દૂર કરે એ માટે 'હરિ' શબ્દ (યોજેલ) છે. 'સર્વ સ્થળે સદા' શબ્દોથી દેશ અને કાળનો વિચાર ન કરવો (એમ જણાવે છે.) ઉપર (કહ્યું તે) પ્રમાણે શ્રવણ કરવા વગેરેનું ફલ જણાવવા 'ભગવાન્' શબ્દ (યોજેલ છે.) મનુષ્યમાત્ર (આ વિષયમાં) અધિકારી છે એમ 'માણસોએ' શબ્દથી (જણાવેલ છે.) ૩૬

૧.'પછીના અંગસહિત' એટલે ચિત્તને ચંચલ થવા દીધા વિના. (પ્ર)

એવી રીતે માર્ગ અને વસ્તુતત્વ કહીને પ્રકરણ સમાપ્ત થયેલું હોવાથી સાધારણ

શ્રવણ પણ શુદ્ધિ દ્વારા ભગવાનને પ્રાપ્ત કરાવનારું છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**પિબન્તિ યે ભગવત આત્મનઃ સતાં કથામૃતં શ્રવણપુટેષુ સમ્ભૃતમ્ ।**
**પુનન્તિ તે વિષયવિદૂષિતાશયં વ્રજન્તિ તચ્ચરણસરોરુહાન્તિકમ્ ॥૩૭॥**

સત્પુરુષોના આત્મા ભગવાનની કથારૂપ પૂર્ણ અમૃતનું જેઓ કાનરૂપ પડિયાઓમાં પાન કરે છે, તેઓ વિષયથી ઘણું દૂષિત થયેલા અંતઃકરણને પવિત્ર કરે છે (અને) એમના ચરણકમળની પાસેનાને પ્રાપ્ત કરે છે. ૩૭

બહાર રહેલાને અંદર પ્રવેશ કરાવવો એ પાન. 'સત્પુરુષોના આત્મા ભગવાન્' શબ્દોથી (એમ જણાવ્યું છે કે) બધાઓને ભગવાન્ ભગવાન્ તરીકે જણાય છે, સત્પુરુષોને તો આત્મા તરીકે પણ (જણાય છે.) સર્વ કામનાવાળા છે, સત્પુરુષો પ્રેમવાળા[૨] હોય છે, એવો ભેદ છે. કથા જ અમૃત છે. 'એને' કાનના પડિયામાં એટલે ઊંચા કરેલા કાનના પડિયામાં પૂરેપુરું ભરવું. વિષયથી ઘણું દૂષિત થયેલા અંતઃકરણને (કથા) પવિત્ર કરે છે. જેમ (શરીરની) અંદર મટે નહિ તેવો રોગ ફેલાયેલો હોય (તેને) વૈદ્યો અમૃતરસથી મટાડે છે, તેમ ઘણું દૂષિત થયેલા સંપૂર્ણ રીતે સન્માર્ગ માટે નાલાયક થયેલા વિષયો[૩] સાથેના તેના (અંતઃકરણ)ને પણ (કથામૃત) પવિત્ર કરે છે, (અને) ક્રમથી એમના (ભગવાનના) ચરણકમલની પાસેના વૈકુંઠ અથવા ભક્તને પ્રાપ્ત કરાવે છે, એવો અર્થ છે. ૩૭

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં**
**બીજા સ્કન્ધનો બીજો અધ્યાય સંપૂર્ણ**

૧.અહીં 'પ્રેમલાઃ' પાઠ છે તે 'પ્રેમિણઃ' હોવો જોઈએ એમ જણાય છે.

૨.વિષયો એટલે ઇંદ્રિયો એવો અર્થ છે. આથી એમ જણાવેલ છે કે શ્લોકમાં રહેલ 'વિષય' શબ્દ જેમ 'પાપ' શબ્દ પાપીના અર્થમાં યોજાય છે તેમ વિષયીના અર્થમાં યોજાયેલ છે.(પ્ર)

# અધ્યાય ત્રીજો

(૨. શ્રદ્ધા પ્રકરણ-અ. ૩-૪)

**શ્રોતવ્યવિષયત્વેન તત્વમેવં નિરૂપિતમ્ ।**
**ઉદ્દેશેનાऽસ્ય નિપુણં સાધનં વિનિરૂપ્યતે ।।૧।।**

શ્રવણ કરવા યોગ્યના વિષય તરીકે નામથી એવી રીતે તત્વ કહ્યું. આનું નિપુણ[૧] સાધન કહેવામાં આવે છે. કા. ૧

**અદષ્ટં સાધનં વાચ્યં દષ્ટં ચાऽપ્યત્ર સંમતમ્ ।**
**અન્યથા ક્રિયમાણસ્તુ વિમર્શો વ્યર્થતાં વ્રજેત્ ।।૨।।**

અદષ્ટ સાધન કહેવાનું છે. દષ્ટ પણ અહીં ઈચ્છેલું છે.[૨] એમ ન કરવામાં (કહેવામાં) આવે તો વિચાર વ્યર્થ થાય.[૩] કા.૨

**ઈંદ્રિયાણામદુષ્ટત્વે હ્યનુકૂલે તથેશ્વરે ।**
**સાધ્યં સમ્પદ્યતે પૂર્ણમતોऽત્ર દ્વયમીર્યતે ।।૩।।**

ઈંદ્રિયો દુષ્ટ ન હોય અને એવી રીતે ઈશ્વર અનુકૂળ થાય ત્યારે જે પ્રાપ્ત કરવાનું છે તે પૂર્ણ[૪] પ્રાપ્ત થાય તેથી અહીં બે[૫] કહેવાય છે. કા.૩

**શ્રદ્ધાऽપિ તદભિપ્રાયાચ્છ્રોતુર્વક્તુશ્ચ ગમ્યતે ।**
**તસ્માત્સાધનસંયુક્તઃ શ્રૃણુયાન્નેતરો વૃથા ।।૪।।**

એમના અભિપ્રાયથી શ્રોતાની અને વક્તાની શ્રદ્ધા પણ જણાવાશે; તેથી સાધનવાળાએ શ્રવણ કરવું, બીજાએ વૃથા શ્રવણ ન કરવું.

એવી રીતે બે અધ્યાયોથી શ્રવણ (એના) વિષય સાથે કહ્યું. મહાફળવાળા શ્રવણમાં સર્વની પ્રવૃત્તિ થતી નથી એમ જોઈને, કાંઈક કારણ છે જેનાથી સર્વની પ્રવૃત્તિ થતી નથી એમ જાણવાની ઈચ્છા થતાં (શ્રવણનો) વિષય દોષરહિત હોવાથી કરણનો[૬] અથવા તેના અધિષ્ઠાતાનો[૬] દોષ હશે એવી શંકા થતાં એ બેમાં પણ અધિષ્ઠાતા બહુ બળવાન્ હોવાથી એણે અટકાવેલ હોવાથી જ શ્રવણ વગેરેમાં પ્રવૃત્તિ થતી નથી એવો નિશ્ચય કરીને 'દેવતાઓનું ભજન થશે ત્યારે એ અટકાયત જતી રહેશે, તેથી પહેલાં બીજા દેવોનું ભજન કરવું અને તેથી ઈંદ્રિયો શુદ્ધ કરાશે' એવી શંકા થતાં 'બીજા દેવોનું ભજન થતાં વળી બહિર્મુખ[૭] થવાશે અને એઓ મુકરર કરેલ ફળ આપનાર હોવાથી (પ્રવૃત્તિની) અટકાયત દૂર કરવા એમનું ભજન કરાતાં બીજો દોષ થશે' એવા (વિચારથી) એઓનું ફલ મુકરર કરેલું (હોવાનું) સિદ્ધ કરવા આરંભમાં પહેલાં (કહેલા શ્રવણ)ની સાથે (એઓને) સમ્બન્ધ નથી એમ જણાવવા

નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

શ્રીશુક ઉવાચ

**એવમેતન્નિગદિતં પૃષ્ટવાન્ યદ્ભવાન્મમ ।**
**નૃણાં યન્મ્રિયમાણાનાં મનુષ્યેષુ મનીષિણામ્ ।।૧।।**

મરવા પડેલાઓએ કરવા યોગ્ય, (અને) બુદ્ધિવાળા મનુષ્યોએ કરવા યોગ્ય, એવું આ જે તેં મને પૂછેલ તે મેં કહ્યું. ૧

'મમ' એટલે મને મનુષ્યોમાં જે મરવા પડેલા તેઓનું (કરવા યોગ્ય) પણ કહ્યું, (અને) મનુષ્યોમાં પણ જે બુદ્ધિવાળા હોય તેઓને માટે પણ શ્રવણ વગેરે કહ્યું એવો અર્થ છે. ૧

૧.'નિપુણ' એટલે ફલ પ્રાપ્ત કરાવે તેવું.(પ્ર)
૨.અવશ્ય કહેવા યોગ્ય છે. વાણીથી સ્પષ્ટ કરવાનું છે.(પ્ર)
૩.માત્ર શબ્દજ્ઞાન થવાથી વિમર્શ વૃથા થાય તેથી માત્ર કહેવાથી નિર્ણય થતો નથી; તેથી દષ્ટ અને અદષ્ટ સાધન કહેવાનું આવશ્યક છે. (પ્ર)
૪.પૂર્ણ એટલે તાત્પર્યનો નિર્ણય થાય ત્યાંસુધીનું. (પ્ર)
૫.બે દષ્ટ અને અદષ્ટ સાધન. (પ્ર)
૬.કરણ એટલે જ્ઞાન કરાવનાર સાધન ઇંદ્રિયો, તેમના અધિષ્ઠાતા દેવતાઓ.
૭.ઇંદ્રિયો બહિર્મુખ થશે.(પ્ર)

**બ્રહ્મવર્ચસકામસ્તુ યજેત બ્રહ્મણસ્પતિમ્ ।**
**ઇંદ્રમિન્દ્રિયકામસ્તુ પ્રજાકામઃ પ્રજાપતીન્ ।।૨।।**

બ્રહ્મતેજની ઇચ્છાવાળો તો બ્રહ્માનું પૂજન કરે, ઇંદ્રિયની કામનાવાળો તો ઇંદ્રનું (અને) પ્રજાની કામનાવાળો પ્રજાપતિઓનું (પૂજન કરે.) ૨

પહેલાં કહેલાંનો ઉપસંહાર કરીને, બીજા દેવનું ભજન ન કરવું એમ કહેવા (શ્લોકો કહે છે.) પોતાના મત પ્રમાણે તત્વરૂપ અટ્ઠાવીસ દેવો છે. વસુઓ રુદ્રો આદિત્યો ઇંદ્ર અને પ્રજાપતિ એવા વેદમાં જે તેત્રીસ દેવો કહેલા છે તેઓ પણ તત્વરૂપથી અહીં કહેલા[૧] છે. વધારે (કહેવા)થી શું? સર્વનો તત્વોમાં સમાવેશ થાય છે. તત્વો તો 'આ દેવો વિષ્ણુની કલા છે' એ વાક્ય પ્રમાણે અટ્ઠાવીસ છે, અને એઓ પ્રજાપતિથી આરંભી સોમ સુધીના છે.

(૧)એઓમાં મુખ્ય રજોગુણના અભિમાનવાળા દેવ બ્રહ્મા છે; (એ) વેદ વગેરેના કર્તા અને જગત્ રચનાર છે, એવો અર્થ છે. એમનું ભજન કરતાં બ્રહ્મતેજ (પ્રાપ્ત) થાય છે, તેથી બ્રહ્મતેજની કામનાવાળો જ તેમનું ભજન કરે, એવો અર્થ

છે. (૨)પછી સત્વના અભિમાનવાળો[2] યજ્ઞ વગેરે રૂપ દેવ ઈંદ્ર છે; એનું ભજન કરતાં ઈંદ્રિયની પ્રાપ્તિ થાય છે. તેથી ઈંદ્રિયની કામનાવાળાએ એનું ભજન કરવું. એવું જ આગળ (ઉપરના)નું પણ (જાણવું.) (૩)પ્રજાની કામનાવાળો એટલે પુત્રની કામનાવાળો મરીચિ વગેરે પ્રજાપતિઓને (ભજે.) એ તમોગુણના અભિમાનવાળા[3] દેવ છે. ૨

૧.જુદા નામથી કહેલા છે. (પ્ર)

૨.દેવોમાં ઈંદ્ર મુખ્ય હોવાથી એ સત્વાભિમાનવાળો છે. દેવો સત્વગુણવાળા હોવાથી એ એવો છે. (પ્ર)

૩.પ્રજા સંસાર ચાલુ રાખનાર હોવાથી તામસ છે, એના અધિપતિ તરીકેનો અધિકાર હોવાથી તામસ છે. (પ્ર))

**દેવીં માયાં તુ શ્રીકામસ્તેજસ્કામો વિભાવસુમ્ ।**
**વસુકામો વસૂન્રુદ્રાન્ વીર્યકામોઽથ વીર્યવાન્ ॥૩॥**

શ્રીની કામનાવાળો તો માયાદેવીને, તેજની કામનાવાળો અગ્નિને, વસુની કામનાવાળો વસુઓએ, પરાક્રમની કામનાવાળો રુદ્રોને (ભજે,) પછી પરાક્રમવાળો (થાય છે.) ૩

(૪)'શ્રીકામઃ' ધનની કામનાવાળો પ્રકૃતિની અધિષ્ઠાત્રી દેવતા માયાદેવીને[1] (ભજે.) આ ધન સંપત્તિરૂપ છે. (૫)તેજની કામનાવાળો, પોતામાં (કોઈથી) સહન ન થાય તેવું તેજ, અટકાવી ન શકાય તેવું, એવો અર્થ છે. 'વિભાવસુઃ' (એટલે) અગ્નિ. (૬)વસુની કામનાવાળો એટલે ધનમાત્રની કામનાવાળો દ્રોણ વગેરે વસુઓને (ભજે.) (૭)'વીર્યકામઃ' પરાક્રમની કામનાવાળો વામ વગેરે રુદ્રોને (ભજે.) આ સમ્બન્ધમાં 'પછી વીર્યવાળો' શબ્દથી ફલમાં ખાસ ગુણ (કહે છે.) એ (ભજન કર્યા) પછી જ વીર્યવાળો થાય છે. અગ્નિ વાણીના અભિમાનવાળી દેવતા છે. વસુઓ ગંધના અભિમાનવાળી દેવતાઓ છે. રુદ્રે આકાશના અભિમાનવાળા છે. ૩

૧.આથી બ્રહ્માનંદરૂપ ન હોવાનું જણાવ્યું. (પ્ર)

**અન્નાદ્યકામસ્ત્વદિતિં સ્વર્ગકામોઽદિતેઃ સુતાન્ ।**
**વિશ્વાન્દેવાન્ રાજ્યકામઃ સાધ્યાન્ સંસાધકો વિશામ્ ॥૪॥**

અન્ન ખાવાની કામનાવાળાએ તો અદિતિનું, સ્વર્ગની કામનાવાળાએ અદિતિના પુત્રોનું, રાજ્યની કામનાવાળાએ વિશ્વના પુત્રોનું, પ્રજાને સ્વાધીન કરવાની ઇચ્છાવાળાએ સાધ્યોનું (ભજન કરવું.) ૪

(૮)અદિતિ ભૂમિની (અધિષ્ઠાત્રી દેવતા) છે. 'અન્નાદ્યકામઃ' અન્ન ખાવાની કામનાવાળો, અન્ન ખાવાની શકિત અથવા અન્નની સમૃદ્ધિ ઈચ્છનારો. (૯)'સ્વર્ગકામઃ' સ્વર્ગલોકની કામનાવાળાએ અદિતિના પુત્રો બાર આદિત્યોનું (ભજન કરવું.) આ તેજના અભિમાનવાળા છે. (૧૦)'વિશ્વદેવાઃ' વિશ્વના પુત્રોનું 'રાજ્યકામઃ' રાજા થવાની ઈચ્છાવાળાએ, અને (૧૧)'સાધ્યાન્' (એટલે) સાધ્યાના પુત્રોનું 'વિશાન્' દેશમાં રહેલી પ્રજાને 'સંસાધકઃ' સ્વાધીન કરવાની ઈચ્છાવાળાએ (ભજન કરવું.) વિશ્વદેવો જલના અને સાધ્યો વાયુના (અધિષ્ઠાતા છે.) ૪

**આયુઃકામોઽશ્વિનૌ દેવૌ પુષ્ટિકામ ઈલાં યજેત્ ।**
**પ્રતિષ્ઠાકામઃ પુરુષો રોદસી લોકમાતરૌ ॥૫॥**

આયુષ્યની કામનાવાળાએ બે અશ્વિન દેવોનું, પુષ્ટિની કામનાવાળાએ ઈલાનું પૂજન કરવું. પ્રતિષ્ઠાની કામનાવાળા પુરુષે લોકોની બે માતાઓ આકાશ અને પૃથ્વીનું (પૂજન કરવું.) ૫

(૧૨)'આયુઃકામઃ' આયુષની વૃદ્ધિની કામનાવાળાએ ઘ્રાણની દેવતા બે અશ્વિનીકુમારોનું (અને) (૧૩)'પુષ્ટિકામ' જાડા થવાની અથવા સર્વ પુષ્ટિ કરનારા (પદાર્થો)ની કામનાવાળાએ 'ઈલા' ભૂમિ, શબ્દની અધિષ્ઠાત્રી (દેવતાનું પૂજન કરવું) (૧૪)'પ્રતિષ્ઠા કામઃ' લોકમાં સંમાન પ્રાપ્ત કરવાની કામનાવાળાએ 'રોદસી' પૃથ્વી અને આકાશ, લોકની માતાઓનું પૂજન કરવું. લોકની માતા હોવું એ ગુણ છે. 'પુરુષઃ' શબ્દથી યોગ્ય (માણસ)ને જ આ કામના થાય છે એમ જણાવેલું છે. બીજે પણ એમ જાણવું. આ (પૃથ્વી અને આકાશ) હાથની અભિમાની દેવતાઓ માતૃકાપૂજામાં શાસ્ત્રમાં કહેલી છે. ૫

**રૂપાભિકામો ગંધર્વાન્ સ્ત્રીકામોઽપ્સરઉર્વશીમ્ ।**
**આધિપત્યકામઃ સર્વેષાં યજેત પરમેષ્ઠિનમ્ ॥૬॥**

રૂપની ઈચ્છાવાળાએ ગંધર્વોનું, સ્ત્રીની કામનાવાળાએ અપ્સરા ઉર્વશીનું, સર્વ ઉપર આધિપત્યની ઈચ્છાવાળાએ પરમેષ્ઠીનું (પૂજન કરવું.) ૬

(૧૫)રૂપની ઈચ્છાવાળા (એટલે) સૌન્દર્યની ઈચ્છાવાળોએ વિશ્વાવસુ વગેરે ગંધર્વોનું (પૂજન કરવું.) 'આ ગંધર્વો અને અપ્સરાઓ નિશ્ચય જે રાજ્યને ધારણ કરનારા છે' એ શ્રુતિ પ્રમાણે આ રાષ્ટ્રને ધારણ કરનાર દેવતાઓ છે. (૧૬)'સ્ત્રીકામઃ' સુંદર સ્ત્રી પ્રાપ્ત કરવા ઈચ્છનારે નીચેની અરણિની દેવતા અથવા

દેવોની પત્નીઓમાંની અપ્સરા ઉર્વશીનું (પૂજન કરવું.) ગંધર્વો રૂપની (અને) અપ્સરાઓ રસની (દેવતા છે.) (૧૭)'આધિપત્યકામઃ' હું સર્વનો અધિપતિ થઈશ એવી ઈચ્છાવાળાએ ગુહ્યના અધિષ્ઠાતા પરમેષ્ઠીનું (પૂજન કરવું.) ૬

**યજ્ઞં યજેદ્યશસ્કામઃ કોશકામઃ પ્રચેતસમ્ ।**
**વિદ્યાકામસ્તુ ગિરિશં દામ્પત્યાર્થમુમાં સતીમ્ ।।૭।।**

યશની કામનાવાળાએ યજ્ઞનું, કોશની કામનાવાળાએ પ્રચેતાનું, વિદ્યાની કામનાવાળાએ તો મહાદેવનું (અને) દંપતીભાવવાળાએ સતી ઉમાનું પૂજન કરવું. ૭

(૧૮)'યજ્ઞમ્' યજ્ઞપુરુષ ચરણની અધિષ્ઠાત્રી દેવતાનું, 'યશસ્કામઃ' કીર્તિની કામનાવાળાએ, 'કોશકામઃ' ભંડારની કામનાવાળાએ પ્રચેતા (એટલે) જીભની ઈંદ્રિયના અધિષ્ઠાતા વરુણનું (પૂજન કરવું.) 'કોશ' એટલે ધનનું સંચય. (૨૦)'બ્રહ્મવિદ્યા' વગેરે વિદ્યાઓ છે, (તે) વિદ્યાની કામનાવાળાએ (ગિરિશમ્) અહંકારના અધિષ્ઠાતા મહાદેવનું, (અને ૨૧)'દામ્પત્યાર્થમ્' દંપતીમાં પ્રેમ રહે એ માટે બે જન્મો સુધી રહેલી મહાદેવના પત્ની સતી ઉમાનું (પૂજન કરવું.) ૭

**ધર્માર્થમુત્તમશ્લોકં તન્તું તન્વન્પિતૄન્યજેત્ ।**
**રક્ષાકામઃ પુણ્યજનાનોજસ્કામો મરુદ્ગણાન્ ।।૮।।**

ધર્મ માટે ઉત્તમ શ્લોકનું, તંતુનો વિસ્તાર કરતાં પિતૃઓનું, રક્ષણની કામનાવાળાએ પુણ્યજનોનું (અને) ઓજસની કામનાવાળાએ મરુતોના સમૂહોનું પૂજન કરવું. ૮

(૨૨)ધર્મ માટે, ધર્મ પ્રાપ્ત કરવા માટે ભેદથી જણાય તે ઉત્તમ શ્લોકનું, (૨૩)તંતુનો વિસ્તાર કરતાં (એટલે) સંતતિનો વિસ્તાર કરતાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃઓનું, (૨૪)'રક્ષાકામઃ' ભૂત વગેરેથી શત્રુઓથી રક્ષણને ઈચ્છનારે યક્ષ વગેરે પુણ્યજનોનું (અને) (૨૫)'ઓજસ્કામઃ' ઈંદ્રિયોના બલની કામનાવાળાએ દિતિના પુત્રો મરુતોના સમૂહોનું પૂજન કરવું. ૮

**રાજ્યકામો મનૂન્ દેવાન્નિરૃતિં ત્વભિચરન્ યજેત્ ।**
**કામકામો યજેત્સોમમકામઃ પુરુષં પરમ્ ।।૯।।**

રાજ્યની ઈચ્છાવાળો મનુદેવોને, શત્રુનું મરણ ઈચ્છનાર મૃત્યુને, કામની ઈચ્છાવાળો સોમને, (અને) કામના વિનાનાએ ઉત્તમ પુરુષને પૂજવા. ૯

(૨૬)'રાજ્યકામઃ' રાજ્યના અધિપતિપણાને ઈચ્છનારે સ્વાયંભુવ વગેરે મનુઓને અને એ મન્વન્તરના દેવોને, (૨૭)'અભિચરન્' શત્રુનું મરણ ઈચ્છનારે 'નિર્ઋતિમ્' મૃત્યુને, (૨૮)'કામકામઃ' કંદર્પની વૃદ્ધિ ઈચ્છનારે સોમને અને (૨૯)'અકામઃ' સર્વ કોઈપણ કામના ન હોય તેવાએ તો ઉત્તમ પુરુષોત્તમને પૂજવા. ૯

આ ઓગણત્રીસ સર્વ તત્વોના પતિ છે, સોમ મનનો, મૃત્યુ ગુદાનો, મનુઓ અને મન્વન્તરના દેવો નયનના, મરુતના સમૂહો ત્વચાના, પુણ્યજનો જલના,[1] પિતૃઓ મહત્તત્વના, ઉત્તમશ્લોક પુરુષના, ઉમા કાનની, એમ કામનાના પ્રકારથી ઈચ્છેલ સર્વ બલો પ્રાપ્ત થાય એ માટે (એ) જુદી જુદી દેવતાનું ભજન કરવું એમ કહ્યું; અને વૈરાગ્ય (પ્રાપ્ત કરવા) માટે ભગવાનનું ભજન કરવું.

એ વિષયમાં કામનાઓના વિષયો બ્રહ્મતેજ વગેરે છે. આ કામનાના પ્રકારથી ભક્તિ (કહી.) સાક્ષાત્ પરબ્રહ્મ વાસુદેવનો અસાધારણ ગુણ સ્નેહરૂપ છે. જ્યારે બ્રહ્મતેજ એનો પ્રકાશ કરે ત્યારે જ એ પ્રકાશે. વેદ માત્ર બ્રહ્મનો પ્રકાશ કરવા શક્તિવાળો છે, પરંતુ સાક્ષાત્ બ્રહ્મના[2] ગુણનો પ્રકાશ અને એ પણ પ્રત્યક્ષના પ્રકારથી કરી શકતો નથી. પ્રત્યક્ષ સમ્બન્ધમાં આવેલા પણ પ્રકટ કરનાર ન હોય ત્યારે પ્રકાશતા નથી; તેથી ભગવાન્ બ્રહ્મામાં જે બ્રહ્મતેજ (છે) તે જો પોતામાં આવે તો હાથમાં દીપકવાળાની પેઠે સર્વ જુએ. તેથી આરંભમાં બ્રહ્મતેજની કામના કરવી; અથવા વેદમાં રહેલી પ્રકાશ કરવાની શક્તિ(ની કામના કરવી,) કારણકે આંખ ન હોય તો ઘણા તેજમાં રહેલો હોય તેવો ઘડો પણ દેખાય નહિ. એ બ્રહ્મામાં રહેલું અથવા વેદમાં રહેલું (તે જ) આપવા કોણ શક્તિવાળો છે એનો વિચાર કરતાં, જે બ્રહ્માના પતિ અને વેદ તથા વેદાર્થના અધિપતિ છે અથવા જેમણે એઓમાં એ શક્તિ મૂકેલી છે, તે જ આપી શકે. તેથી બ્રહ્મના સર્વગુણો લઈને જગતમાં (એ) પ્રકટ કરવા જે રજોગુણવાળી દેવતા (નિમાયેલી છે) તેમની જ ઉપાસના કરવી, કારણકે (એ) પ્રગટ કરવાની જ એમની પ્રવૃત્તિ છે. ભગવાન્ પણ એ કાર્ય માટે પ્રવૃત્ત થયેલા ન હોવાથી એ માટે એમની પણ ઉપાસના ન કરવી...એવું આગળ(ની કામનાઓ સમ્બન્ધમાં) પણ જાણવું.

ઈંદ્રિય વિના જીવાત્મા પોતાની મેળે પ્રકાશ કરનારું બ્રહ્મતેજ હોવા છતાં પણ (જ્ઞાન કરાવનાર) સાધન વિના જાણી શકે નહિ, તેથી ઈંદ્રિયની જરૂર છે. 'હે રાજા ! ઈંદ્રિયવાળો કોણ....' એ વાક્ય પ્રમાણે ઈંદ્રિયવાળો જ ભગવાન્ શાસ્ત્રનો અધિકારી છે. એ ઈંદ્રિય પણ જાતે હોવા છતાં પણ, જ્ઞાન અને ક્રિયા પ્રકારનું કાર્ય કરતી હોય તોપણ, પરમાર્થ વસ્તુનું જ્ઞાન કરાવનાર પ્રકારની ન હોય, તો (આપણે) જોઈતી

ઇંદ્રિયથી જુદા પ્રકારની છે. 'વૃત્રને હણવા ઇચ્છતા ઇંદ્રની ઇંદ્રિય વીર્ય (હતું)' વગેરે શ્રુતિઓએ (આપણે જોઈતી) ઇંદ્રિય પ્રસિદ્ધ છે. ઇંદ્રને એ ન હોત તો (એ) વૃત્રને હણી અને પ્રજાપતિનો આશ્રય કરી ન શકત. તેથી અલૌકિક જ્ઞાન કરાવનારી ઇંદ્રિય પ્રાપ્ત કરવા માટે ઇંદ્રની ઉપાસના કરવી, કારણકે એણે એ ઉપાય કરીને પ્રાપ્ત કરેલાં. જોકે પ્રજાપતિ (એ) પ્રાપ્ત કરાવનાર હતો, છતાં પણ (એ) એ પદાર્થના રસથી અજ્ઞાન હોવાથી અને (એની) ઇંદ્રિયો પણ એવી હોવાથી ઇંદ્રની જ સેવા કરવી. એમ ન હોત તો ઇંદ્રને વારંવાર પ્રજાપતિનો આશ્રય કરવો ન પડત. તેથી સંતોષ થતાં સુધીના એ રસને ઇંદ્ર જ જાણતો હોવાથી એની જ સેવા કરવી. ત્રણ ઋણ ચૂકવવા માટે અને સાહાય્ય થાય એ માટે પુત્ર વગેરે રૂપ પ્રજાની જરૂર છે. એમ (પ્રજા) ન હોય તો ભગવાનનું ભજન કરવામાં નૈશ્ચિન્ત્ય ન રહે. એ સમ્બન્ધમાં પોતાની મેળે જન્મેલી પ્રજા પોતાનું ઇચ્છેલું કરે નહિ. તેથી પોતાની ઇચ્છેલી પ્રજા મળે એ માટે મરીચિ વગેરેને જ સેવવા, કારણકે એઓએ બ્રહ્માએ ઇચ્છેલું કરેલું. હવે ભગવાનનું ભજન કરવામાં લક્ષ્મીરૂપ સંપત્તિની જરૂર છે, ભગવાનમાં રહેતી એ જ એમાં ઉપયોગી છે, બીજીને ભગવાન્ પણ સ્વીકારે નહિ તેથી ભજનમાં ઉપયોગી સંપત્તિ ઇચ્છનારે માયાનું જ ભજન કરવું. એ પૈકી એક માયા વ્યામોહ કરનારી છે, એક જગતનું કારણ થયેલી છે, એ બેની સેવા ન કરવી, કારણકે એઓ બીજા (કાર્ય)માં અધિકારવાળી છે. મોક્ષ આપનારે મોક્ષ આપવા માટે જ એવું રૂપ સ્વીકારેલ છે તેવી વાસુદેવની દેવતારૂપ લક્ષ્મી જ (એમની સેવામાં) ઉપયોગી (સાધન સંપત્તિ) પ્રાપ્ત કરવા સેવવી. 'મારા સાથે આવવું' એની આજ્ઞા થવાથી 'માયા' એવું (એનું) નામ પડ્યું. 'વિષ્ણુના દેહ જેવું જ આણે પોતાનું શરીર કર્યું' એ વાક્ય પ્રમાણે એમની પત્નીના રૂપથી (લક્ષ્મીએ જ) માયાનું રૂપ લીધેલું. 'પોતાના કારણથી મુક્તિ આપનાર ઉત્તમ એ વાસુદેવ તો આમ વિચારીને દેવનામવાળા થયા. પછી એમની આજ્ઞાથી જ નિયમમાં રહેલી રમાએ પણ બીજી જેવું રૂપ-જેને માયા કહે છે તે કર્યું' એ વાક્ય પ્રમાણે (માયા નામ પડ્યું.) તેથી જ 'તુ' તો શબ્દથી બીજી બે (માયાઓ)નું (ભજન ન કરવા કહ્યું.)

વળી ઇંદ્રિય, સંપત્તિ, સાહાય્ય કરનાર અને પ્રકાશ[૩] કરનાર ભગવાનના ગુણો લાવે ત્યારે પોતાને (એમને) ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય એ માટે, પોતામાં તેજ હોવાની જરૂર છે. એમ (તેજ) ન હોય તો આવેલા એ (ગુણો) એમાં (પોતામાં) પ્રવેશ ન કરે, અને પ્રવેશ કરે તો એમના આશ્રયને બાળી નાખે. તેથી પોતાને યોગ્યતા

પ્રાપ્ત થાય એ માટે તેજની જરૂર છે, કારણકે એ સર્વને હટાવીને બધાયે પદાર્થને પોતાની સમાન કરે છે. એ (તેજ) ભગવાનમાં રહેલા અગ્નિથી જ પ્રાપ્ત થાય, કારણકે 'વિશેષેણ' ઘણું 'ભા' તેજ 'વસુ' ધન છે જેનું, એવી 'વિભાવસુ' શબ્દની વ્યુત્પત્તિ છે; તેથી તેજની કામનાવાળાએ અગ્નિનું જ સેવન કરવું.

એવી રીતે ધનની પણ ભગવાનના ભક્તોને લાવવા માટે, શ્રવણ વગેરે પ્રાપ્ત થાય એ માટે અને ઉપદેશ કરે એ માટે દેવા માટે જરૂર છે, કારણકે સાધનરૂપ શ્રવણ વગેરે એવા (ભક્તો)થી જ થાય છે; શુકે કરેલ તો ફલરૂપ છે. દષ્ટ (જોવામાં આવેલ) પ્રકારનું હોવાથી તો એ (ધન) જોઈએ જ. એ (ધન) એમના નામને લીધે વસુઓમાં જ, 'એઓએ આ લોકનું પૂજન કર્યું' શ્રુતિ પ્રમાણે રહેલું છે. એ પ્રમાણે 'વીર્ય' બલ પણ ભગવાનની સેવામાં ઉપયોગી હોવાથી, બલની અધિષ્ઠાતા દેવતા વાયુના રહેઠાણ થયેલ અંતરિક્ષમાં રુદ્રો પ્રભાવવાળા હોવાથી, અને દેવતા પણ એમને અધીન હોવાથી, 'એઓએ અંતરિક્ષનું પૂજન કર્યું' એ શ્રુતિ પ્રમાણે વીર્યની ઈચ્છાવાળાએ રુદ્રોનું જ ભજન કરવું. એવી રીતે અન્ન વગેરેનું, અને અન્નભક્ષણનું પણ જાણવું 'જે જે લોકમાં સર્વથી વધારે ઈચ્છેલું, અને જે પોતાનું બહુ પ્રિય હોય તે શ્રીકૃષ્ણને ધરવું' એ ગીતા વાક્ય પ્રમાણે અન્ન અને એ ખાવાનું પણ ઈચ્છેલું છે. એ વિષયમાં અદિતિ આ ભૂમિ જ અધિષ્ઠાત્રી દેવતા છે. 'એ અદિતિએ કહ્યું કે વર માગું, પછી મેં કહ્યું લઈલે' એ ઉપાખ્યાનમાંયે એવી (અન્નની અધિષ્ઠાત્રી) હોવાનું પ્રસિદ્ધ છે, ભૂમિ ઉપર ભગવાનનું ભજન કરીને, અહીં દિવ્ય પદાર્થો નહિ હોવાથી સ્વર્ગમાં કરવું, એમ સ્વર્ગની કામના થાય. ત્યાં આદિત્યોનો 'એઓએ આ લોકનું પૂજન કર્યું' એ શ્રુતિ પ્રમાણે પ્રભાવ છે. વિશ્વેદેવો તો રાજ્યમાં અધિકારવાળા છે, કારણકે એઓ સર્વ દેવતાની અધિષ્ઠાતારૂપ દેવતા છે, અને રાજામાં સર્વ દેવતાઓ છે તેથી અહીં સર્વ સંપત્તિથી ભજન થાય એ માટે રાજાપણાની જરૂર છે. ભક્તિમાર્ગ તો અલૌકિક છે, તેથી ન પ્રાપ્ત થઈ શકે તેવો પદાર્થ પ્રાપ્ત કરવા એના અધિકારી સાધ્યોનું ભજન કરવું. જો સર્વ પ્રજાઓ સ્વાધીન થાય તો સર્વત્ર ભક્તિનો પ્રચાર થાય. તેથી ભક્તિ પ્રસરે એ માટે એ (ભક્તિનો પ્રસાર) કરાવે તેની જરૂર છે.

ભક્તોના સંગ વગેરે માટે આયુષનો ઉપયોગ તો સ્પષ્ટ જ છે. એ વિષયમાં બે અશ્વિનો આયુ ઉપર પ્રભાવવાળા છે તેથી એમનો આધાર લેવો. એવી રીતે પુષ્ટિ પણ લોકથી પર (છે અને) ભગવાનનું કાર્ય કરાવનારી હોવાથી બધાનું પોષણ કરનારી ભૂમિનું ભજન કરવું, કારણકે ભૂમિ ઉપર રહેલા જ અંકુરો વગેરે વધે છે. પ્રતિષ્ઠાની પણ એમના કાર્યને અનુસરીને પ્રચાર કરવા જરૂર રહે છે, અને પ્રતિષ્ઠા

માહાત્મ્યથી અથવા વિચિત્રપણાથી (થાય.) અને એ બંને પૃથ્વી અને આકાશમાં જ પ્રસિદ્ધ છે. ભગવાનના સ્થાનોમાં રૂપ પ્રગટેલું જોવાની શક્તિ આવે એ માટે 'રૂપ તે ગંધર્વો છે' એ શ્રુતિ પ્રમાણે એઓની સેવા કરવી નૃત્ય વગેરેથી ભગવાનનું ભજન થાય એ માટે એવી (નૃત્ય કરનારી) સ્ત્રીની કામના થાય, ત્યારે અનેક રૂપ કરવાની શક્તિવાળી ઉર્વશીની સેવા કરવી, કારણકે એ નારાયણથી ઉત્પન્ન થયેલી છે, ઋષિની માતા છે અને વૈરાગ્યનો બોધ કરી મુક્તિ આપનારી છે. પૂર્વચિત્તિ વગેરે તો એવા પ્રકારની નથી. જણાવવાની શક્તિ આવે એ માટે એવા થયેલા ચાર મુખવાળા પરમેષ્ઠીની સેવા કરવી, કારણકે એ સર્વને જણાવે છે (ભગવાન્ સમ્બન્ધી સર્વ) જણાવવું એ સ્પષ્ટ ભક્તિમાં કારણરૂપ છે. એવું જ યશનું પણ (જાણવું,) કારણકે કીર્તિથી સર્વ પાસે આવે છે (અને) પછી એના કાર્યને અનુસરે છે. ચોક્કસ યજ્ઞે યશઃ પ્રાપ્ત કરેલ છે. 'યશની કામનાવાળા દેવોએ નક્કી ઋદ્ધિ નક્કી કરનારો યજ્ઞ કર્યો' એ શ્રુતિમાં યજ્ઞથી જ યશ પ્રાપ્ત થયેલ હોવાથી એની જ સેવા કરવી. પ્રચેતા નિધિનો પતિ છે. અલૌકિક દાન કરવામાં આવે ત્યારે ચોક્કસ ભગવાનના ઉત્સવ વગેરે થાય છે. 'ઈશ્વર પાસેથી જ્ઞાન મેળવવું' એ વાક્ય પ્રમાણે વિદ્યાનો તો સાક્ષાત્ ઉપયોગ છે. ('સ્ત્રી વગેરે સેવામાં) પ્રતિકૂળ હોય ત્યારે ઘર તજવું.' તેથી દામ્પત્ય ભગવાન્ ભજન કરવા માટે જરૂરી છે. એ સમ્બન્ધમાં પોતાના પરમ ભક્ત પતિની ભક્તિ કરનારી પરમ ભક્ત ઉમા ઘણા જન્મમાં પવિત્ર થયેલી હોવાથી એની સેવા કરવી. વળી ધર્મથી ભક્તિ થાય છે એમ પહેલાં સાબિત કરેલ છે, અને ઉત્તમ (પુરુષો) લોકમાં અને વેદમાં ધર્મ કરાવનારની જ સેવા કરે છે. ભક્તિમાર્ગ પરંપરાથી થઈ શકે તે માટે સંતતિની જરૂર રહેતાં, પિતૃઓ ખરેખર એ ઇચ્છનારા હોવાથી એમનું ભજન (કરવું.) રક્ષણ માટે ક્રૂરની જરૂર હોવાથી યક્ષનું ભજન (કરવું.) ઓજસ્ ઇંદ્રિયની શક્તિ નેત્ર અને કાનના કૌશલ્યરૂપ છે અને મરુતોના સમૂહો કુશલ છે, કારણકે વારંવાર કપાયેલા હોવા છતાં મરેલ નહિ. મહાપુરુષોની પૂજાથી પવિત્ર થયેલા અને દોષ તજેલા છે, તેથી એમની સેવા કરવી. અધિકારીઓ (ભગવાનની સેવામાં) સર્વનો વિનિયોગ કરવાની શક્તિવાળા છે, તેથી મન્વન્તરના અધિકારીઓની સેવા કરવી, (એ) સ્પષ્ટ છે. (સેવામાં) વિઘ્ન કરનાર દૂર રહે એ જરૂરી હોવાથી મૃત્યુની સેવા કરવી. કામનાથી સર્વ (પ્રાપ્ત) થાય છે, તેથી ભગવાન્ સમ્બન્ધી કામના ઉત્પન્ન થાય એ માટે રાસ પ્રકરણમાં જણાવેલ સોમ (ચંદ્ર)નું ભજન કરવું, કારણકે એણે ભગવાનના કામને પૂર્ણ કરેલો, અને એવા કામનો એ પિતામહ છે. ૯

૧.અહીં 'સ્પર્શના' એવો પાઠ જણાવે છે, કારણકે પહેલાં પણ સ્પર્શની દેવતા કહેલ નથી.(પ્ર)

એ પ્રમાણે ભગવાનના અંશો (દેવો) જુદા જુદા ગુણ પ્રાપ્ત કરાવનારા હોવાનું કહીને નીચેના શ્લોકથી એમ કહે છે કે સાધનોથી ભક્તિ પ્રાપ્ત કરવા માટે ભગવાનની જ સેવા કરવી :

**અકામઃ સર્વકામો વા મોક્ષકામ ઉદારધીઃ ।**
**તીવ્રેણ ભક્તિયોગેન ભજેત પુરુષં પરમ્ ।।૧૦।।**

કામના વિનાનાએ અથવા સર્વની કામનાવાળાએ, મોક્ષની કામનાવાળાએ ઉદારબુદ્ધિવાળાએ તીવ્ર ભક્તિયોગથી પરપુરુષનું ભજન કરવું. ૧૦

'કામના વિનાનો' એટલે વૈરાગ્યની ઈચ્છાવાળો, અથવા ગયા (બીજા) અધ્યાયમાં કહેલ ન્યાયથી સ્વતંત્રપણાથી કામના વિનાનો. સર્વની કામનાવાળો એટલે આ અધ્યાયમાં કહેલી કામનાવાળો; મોક્ષની કામનાવાળો, અને ઉદાર છે બુદ્ધિ જેની તેવો (સ્વતંત્ર.) (સર્વેએ) તીવ્ર (એટલે) તરત ભગવાનની પ્રાપ્તિ કરાવે તેવા (ભક્તિયોગથી) પહેલાં કહેલા પરપુરુષનું જ ભજન કરવું, કારણકે ભગવાનથી[1] જ સાધન સાથે સાધ્ય પ્રાપ્ત થશે. ૧૦

૧.'ભગવાન્ સિવાય બીજાનું ભજન ન કરવાનું કારણ આથી કહેલ છે. ૨. ૧-૨; ૨. ૧. ૩૯; ૨. ૨-૬ વગેરેથી બીજાનું ભજન ન કરતાં ભગવાનનું ભજન કરવાનું જણાવેલ.(પ્ર)

'કામના ન હોય ત્યારે બકબંધના પ્રયાસ પેઠે ભજન જ કેમ થાય?' એવી શંકા થાય, તેથી કામનાથીયે પ્રાપ્ત થતું હોવા છતાં પણ અંદરના સાધન પ્રાપ્ત કરાવનાર જ કરવા એમ નીચેના શ્લોકથી કહે છે :

**એતાવાનેવ યજતામિહ નિઃશ્રેયસોદયઃ ।**
**ભગવત્યચલો ભાવો યદ્ભાગવતસઙ્ગમઃ ।।૧૧।।**

ભગવાનમાં અચલ પ્રેમ (અને) જે ભક્તોનો સંગ, આટલો જ અહીં પૂજન કરનારાઓમાં કલ્યાણનો ઉદય છે. ૧૧

બધાંયે સાધનો ભગવાનના ભક્તનો સંગ કરાવનાર તરીકે અને ભગવાનમાં પ્રેમ પ્રાપ્ત કરાવનાર તરીકે બે સાધનોમાં સમાઈ જાય છે. આટલો પરમાર્થ જો પ્રાપ્ત થાય તો બીજાની કામના ન કરવી. તેથી જ પૂજન કરનારાઓમાં અહીં આ ભક્તિમાર્ગમાં કલ્યાણનો ઘણો ઉદય આટલો જ છે. એ બે જ કહેલાં છે. ૧૧

૧.પાછળ શ્લોક ૧૧ માં કહેલી કામનાથી એવો અર્થ જણાય છે.

એ બેનું પણ એક સાધન, જેનાથી તે બે પ્રાપ્ત થાય જ, તે નીચેના શ્લોકથી કહે છે :

**જ્ઞાનં યદાઽઽપ્રતિનિવિત્તગુણોર્મિચક્રમાત્મપ્રસાદ ઉભયત્ર ગુણેષ્વસઙ્ગઃ ।**

**કૈવલ્યસંમતપતસ્ત્વથ ભક્તિયોગઃ કો નિર્વૃતો હરિકથાસુ રતિં ન કુર્યાત્ ।।૧૨।।**

સર્વ તરફથી નાશ પામેલ છે ગુણોના પ્રવાહોનું ચક્ર જેનાથી તેવું જ્ઞાન, અંતઃકરણની પ્રસન્નતા, ઉભય સ્થલે ગુણોના સંગનો અભાવ થાય છે. પરંતુ કૈવલ્યમાં ઈચ્છેલો માર્ગનો ભક્તિયોગ છે, તો હવે નિર્વૃત કોણ હરિકથામાં પ્રેમ ન કરે? ૧૨

એ બે સાધનો પ્રાપ્ત કરાવનારી હરિની કથા છે. કથા ઉપરના પ્રેમમાં આસક્ત થયેલાને કથા કહેનારા પણ મળે છે અને પ્રેમ પણ થાય છે અને એની સાથે સમ્બન્ધવાળું બીજું ઘણુંયે (પ્રાપ્ત) થાય છે, એમ કહે છે. જે કથાઓમાં 'આ' સર્વ તરફથી નાશ પામેલ છે ગુણોના પ્રવાહરૂપ ઉત્પત્તિ વગેરેનું ચક્ર (એટલે સંસારમાં) રાગ વગેરે ગુણોનો સમૂહ જેનાથી તેવું, એટલે બધી અવિદ્યાનો નાશ કરે તેવું જ્ઞાન (પ્રાપ્ત) થાય છે. એ (જ્ઞાન)નું સાધન અંતઃકરણની પ્રસન્નતા પણ થાય છે. એનું પણ સાધન આ લોક અને પરલોકના ગુણોમાં વૈરાગ્ય (થાય છે.) એવી રીતે સાધન સાથેનું જ્ઞાન પણ (પ્રાપ્ત) થાય છે. આ (જ્ઞાનનો) જુદો માર્ગ છે. કૈવલ્યમાં ઈચ્છેલો માર્ગ તો ભક્તિયોગ છે. 'હવે' શબ્દથી જુદો આરંભ કરેલ છે (આ ભક્તિમાર્ગ) સ્વતંત્ર છે, જ્ઞાનનું સાધન નથી, અને એની સાહાય્યવાળો નથી, પરંતુ પહેલાં કહેલી કામનાથી[1] પ્રાપ્ત થતાં સાધનથી[2] પ્રાપ્ત થાય તેવો છે. જેમાં (એમાં) સહજ જ્ઞાન અને ભક્તિ થાય છે. ભગવાનમાં પ્રેમ અને ભક્તોનો સંગ મુખ્ય રીતે થાય છે. એવી કથાઓમાં સન્માર્ગમાં રહેનાર (કોણ પ્રેમ ન કરે?) એવો અર્થ છે. એમાં પણ 'નિર્વૃતઃ' એટલે પ્રવૃત્તિમાર્ગમાં તત્પર નહિ રહેનારો (કોણ પ્રેમ ન કરે?) ૧૨

૧. એ કામનાથી પ્રાપ્ત થયેલ જે ભગવાનના ભક્તના સંગરૂપ સાધન, તેનાથી પ્રાપ્ત થાય તેવો છે. (પ્ર)

એ પ્રમાણે સાધન સાથેના ભક્તિમાર્ગનો ઉપદેશ કરીને એ (રાજાની) વધારે જાણવાની ઈચ્છા હોય તો કહેવું, એવા (અભિપ્રાયથી શુક) શાંત રહ્યા. એવી રીતે સૂત પણ (શાંત રહ્યો.) આ વિષય છૂપા પ્રકારે કહ્યો તેથી શૌનક વગેરેના હૃદયમાં ઊતર્યો કે નહિ એવો સંદેહ થતાં (સૂત) શાંત રહ્યો, ત્યારે શૌનક પોતાનો અભિપ્રાય પ્રગટ કરતાં, છૂપા પ્રકારે કહેલો પ્રગટ થાય એ માટે નીચેના શ્લોકથી આરંભી અધ્યાય સમાપ્ત થાય ત્યાંસુધી (નીચે પ્રમાણે) કહે છે. એનું આ જ જ્ઞાન થયેલ કે ભક્તિ પ્રાપ્ત ન કરાવે તેવા (સાધનો)નું જ્ઞાન નકામું છે, કારણકે એમ હોય (એ વ્યર્થ હોવાનું જણાય) ત્યારે એ (ભક્તિ)ના સાધન માટે પ્રવૃત્તિ થાય. વળી જેને (ભક્તિનું) સાધન પ્રાપ્ત થયેલું છે તેને ભગવાનનો સંગ પણ થયો છે, કથામાં પણ

પ્રેમ થયો છે, અને ભગવાનમાં પ્રેમ થવા માટે જ પ્રયત્ન બાકી રહેલો છે, તેથી મારા કરતાં રાજા મહાન્ છે. તેથી એણે પૂછેલ પ્રમાણે જ ભક્તિનો ઉપાય જણાય ત્યારે એ કરવો, એવા અભિપ્રાયથી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી પ્રશ્ન કરે છે :

શૌનક ઉવાચ

**ઈત્યભિવ્યાહૃતો રાજા નિશમ્ય ભરતર્ષભઃ ।**
**કિમન્ત્યપૃષ્ટવાન્ ભૂયો વૈયાસકિમૃષિં કવિમ્ ।।૧૩।।**

એ પ્રમાણે ઉપદેશ કરેલા, ભરતોમાં ઉત્તમ રાજાએ એ સાંભળીને ફરી વ્યાસના પુત્ર ઋષિ (અને) કવિને બીજું શું પૂછ્યું? ૧૩

સર્વ તરફથી કહેલા (એટલે) ઉપદેશ કરેલા એવો અર્થ છે. સાંભળીને, એનો અભિપ્રાય જાણીને (શું પૂછ્યું?) ભરતોમાં ઉત્તમ હોવાથી (એને) મોહ થયો ન હતો. તેથી પહેલાં કહેલું જ પૂછેલ નહિ, એવો અર્થ છે. બીજું જ પૂછેલું જોકે (પૂછેલ) સર્વનો ઉત્તર આપ્યો, છતાં પણ બીજા પ્રકારે અથવા એ સમજાવવાના પ્રકારે ફરી શું પૂછ્યું? એવો અર્થ છે. શુક વિરક્ત હોવાથી ઘણો સમય રહે નહિ તેથી કાંઈ પૂછેલ નહિ હોય, એવી શંકા થાય, તેથી 'વ્યાસના પુત્ર' એમ કહેલ છે. સર્વનો વિસ્તાર કરનારનો પુત્ર પણ એવો હશે, એવો (અર્થ છે.) એમાં પણ મંત્રના અધિષ્ઠાતા ભગવાનનો અભિપ્રાય જેમાં છે તે ભગવાનનો વિષય એ જાણે છે તેથી સંપૂર્ણ કહેશે એમ કીર્તિના અભિપ્રાયથી 'ઋષિ' શબ્દ (યોજેલ છે.) વધારે કહેવાની શક્તિ જણાવવા 'કવિ' શબ્દ (યોજેલ છે.) ૧૩

તેનું તમારે શું પ્રયોજન? એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતચ્છુશ્રૂષતાં વિદ્વન્ સૂત નોઽર્હસિ ભાષિતુમ્ ।**
**કથા હરિકથોદર્કાઃ સતાં સ્યુઃ સદસિ ધ્રુવમ્ ।।૧૪।।**

હે વિદ્વન્ ! હે સૂત ! સાંભળવા ઈચ્છનારાને અમને આ કહેવા તમે યોગ્ય છો. સત્પુરુષોની સભામાં કથાઓ હરિકથારૂપ ફૂલવાળી નકકી હોય છે. ૧૪

આ સાંભળવાની અમને ઘણી ઈચ્છા છે, અને તમે જાણો છો; અને સર્વત્ર કહેવાનો તમને અધિકાર છે જ એમ 'હે વિદ્વન્ ! હે સૂત !' એ બે સંબોધનથી (જણાવેલ છે) તેથી 'નઃ' અમને કહેવા તમો યોગ્ય છો. શ્રોતા અને વક્તાના સમ્બન્ધી (કથા) કહેવાની નથી એમ જણાવવા 'કથાઓ હરિની કથારૂપ ફલવાળી' એમ કહેલું છે. સત્પુરુષોની સભામાં બીજી કથાઓ પણ હરિકથારૂપ ફલવાળી જ

હોય છે. હરિની કથા જ 'ઉદર્કઃ' મુખ્ય ફલ છે જેઓમાં (તેવી હોય છે.) 'નક્કી' શબ્દથી આમાં સંદેહ ન હોવાનું કહ્યું. ૧૪

સત્પુરુષોની સભામાં જ એવું થાય છે, અદ્‌ભુત સત્સંગમાં ઘણું જ થાય છે એ સમ્બન્ધમાં બંને સત્પુરુષો હોવાનું કહીને એઓના સંગમાં કથા અવશ્ય થવાનું કહેવું જોઈએ એ પૈકી આવેલા પૂછનારને અધીન હોવાથી પ્રથમ પૂછનાર ભગવાનનો ભક્ત હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**સ વૈ ભાગવતો રાજા પાણ્ડવેયો મહારથઃ ।**
**બાલક્રીડનકૈઃ ક્રીડન્ કૃષ્ણક્રીડાં ય આદદે ।।૧૫।।**

જેણે બાલકના રમકડાથી રમતાં શ્રીકૃષ્ણની કથાનો આરંભ કરેલ તે પાંડવીય મહારથી રાજા નક્કી ભગવદીય હતો. ૧૫

નિશ્ચય એ રાજા પણ ભગવદીય હતો. અથવા રાજા ખરેખર ઘણું પૂછે અને ભાગવત ભગવદીય (કથાવાળું) છે એ ઉભય પ્રકારનો હોવાથી ઘણું ભગવાન્ સમ્બન્ધી પૂછે. એ (રાજા) ભગવદીય હોવાના સાધન થયેલાં બે કારણો 'પાંડવેય, મહારથી' શબ્દોથી કહેલા છે, કારણકે એ ભગવદીયના વંશમાં ઉત્પન્ન થયેલો અને પોતાના (ક્ષત્રિયના) ધર્મમાં રહેલો (હતો.) ફલ કરાવનાર અન્તરંગ સાધન એના ચિત્તનો સ્વભાવ ભગવાનમાં તત્પર રહેવાનો હતો એમ કહે છે. જે (તે) તો બાલપણામાં બાલકના રમકડાથી રમતાં એક ભગવાનનું સ્થાપન કરી એમના સેવક તરીકે રાજલીલા (કરતો હોય તે)ની પેઠે રમતો, અથવા વૃન્દાવનમાં રહેલી (કરેલી) ભગવાનની ક્રીડાનું અભિનયથી અનુકરણ કરતો. ૧૫

નીચેના શ્લોકથી શુકને પણ ભગવાનના ભક્ત હોવાનું કહે છે :

**વૈયાસકિશ્ચ ભગવાન્ વાસુદેવપરાયણઃ ।**
**ઉરુગાયગુણોદારાઃ સતાં સ્યુર્હિ સમાગમે ।।૧૬।।**

અને ભગવાન્ વૈયાસકિ વાસુદેવના ભક્ત હતા. સત્પુરુષોના સમાગમમાં નક્કી ભગવાનના ઉદાર ગુણોવાળી (કથાઓ) થાય. ૧૬

શ્રવણ કરનાર તો ભગવદીયના વંશમાં ઉત્પન્ન થયેલ ભગવદીય હતો. શુક તો ભગવાનના પુત્ર ભગવાન્, (અને) એવા થયેલ હોઈ વાસુદેવના ભક્ત (હતા) 'ચ' અને શબ્દથી બીજાઓ પણ એવા (હોવાનું જણાવેલ છે.) તેથી બધાયે સત્પુરુષો હતા અને એમનો સમાગમ પણ નવો થયેલો. એવા (સમાગમ)માં સાધન ન હોવા

છતાં પણ સર્વ પુરુષાર્થો સ્વતંત્ર રીતે આપનારા જે ભગવાનના ગુણો તે જેઓમાં હોય તેવી કથાઓ સર્વ ભક્તોએ ઈચ્છેલી (હોય), તેથી એ (કથાઓ) કહો, એવો પહેલાની[1] સાથે સમ્બન્ધ છે. ૧૬

૧.પાછળ શ્લોક ૧૪ સાથે.

અત્યારે રહેલા માણસો ભક્તિ પ્રાપ્ત ન કરે તો ફલરહિત છે એમ કહેવા, ભક્તિ પ્રાપ્ત કરનાર તરીકે સફલ હોવાનું કૈમુતિકન્યાયથી નીચેના શ્લોકથી કહે છે :

**આયુર્હરતિ વૈ પુંસામુદ્યન્નસ્તં ચ યન્નસૌ ।**
**તસ્યર્તે યઃ ક્ષણો નીત ઉત્તમશ્લોકવાર્ત્તયા ॥૧૭॥**

જે ક્ષણ ઉત્તમ શ્લોકની વાર્તાથી ગાળવામાં આવે તે સિવાયનું પુરુષોનું આયુષ ઊગતાં અને આથમતાં નક્કી હરે છે. ૧૭

'જે તે તપતાં ઊગે છે તે સર્વ પ્રાણીઓના પ્રાણોને લઈને ઊગે છે. (એ) મારી પ્રજાના, પશુઓના અને મારા પ્રાણો લઈને ઊગો. એ જે અસ્ત પામે છે તે સર્વ પ્રાણીઓના પ્રાણોને લઈ અસ્ત પામે છે. મારી પ્રજાના (અને) પશુઓના (પ્રાણો લઈ અસ્ત ન પામે.) વગેરે શ્રુતિના વાક્યમાં એ સૂર્ય ઊગતાં અને અસ્ત પામતાં સર્વ પ્રાણીઓના, સર્વના પ્રાણો હરે છે, એમ કહેલું છે. એમાં 'મારી પ્રજાના (લઈ) ન (ઊગો)' એમ કહેલ હોવાથી એમ જણાય છે કે કોકનું આયુષ એ હરતો નથી; અને એ કોણ, એ જાણવાની ઈચ્છા થતાં એમ જણાય છે કે આયુષ હરવા માટે મૂકેલો અધિકારી સૂર્યલોકના નિયમ પ્રમાણે (પોતાને) અધિકાર આપનારના અન્તરંગ (સેવક)નું આયુષ હરતો નથી; અને હરણ કરેલું આયુષ ભગવદીયોને જ આપે છે, કારણકે (એ) આપવાનું જરૂરી છે. જોકે વાક્યમાં પ્રાર્થના કરનારનું આયુષ ન હરવાનું (કહેલ છે,) છતાં પણ હરણ કરવાનું અનિત્ય હોવાથી એવો નિશ્ચય થાય છે. એ આયુષ સિવાયનું (હરે છે,) 'પુરુષ એકસો આયુષવાળો છે' એ પ્રમાણે પુરુષના એકસો આયુષ છે. (સૂર્ય) એક વર્ષ સર્વ બ્રહ્માંડમાં ભમીને એક આયુષ હરે છે. એમાં 'એ સિવાયનું આયુષ' (હરે છે,) તેથી જે આયુષમાં એ ક્ષણ હોય કે જે ઉત્તમ શ્લોકની વાર્તાથી ભગવાન્ સમીપ વિતાડેલ હોય તે આયુષ લેતો (હરતો) નથી, એવો અર્થ છે જે અને તે સદાના સમ્બન્ધવાળા હોવાથી 'તે' શબ્દથી ક્ષણ જ કહેલી છે, અને સમ્બન્ધીપણું સ્વરૂપથી જ (લેવાનું) તેથી એ (ક્ષણ) જે આયુષમાં હોય તે (આયુષ હરતો નથી) એમ સિદ્ધ થાય છે. વર્ષની અંદર જો એક પણ ક્ષણ ઉત્તમશ્લોકની વાર્તાથી પોતાના માટે અથવા ભગવાન્ માટે વિતાડી હોય, તો પોતાનું

કાર્ય વાર્તાએ જ કર્યું એમ (જાણી) બાકીનું પણ એ જ હરશે એમ (વિચારી સૂર્ય) પોતે હરતો નથી, એવું તાત્પર્ય છે. ૧૭

એવી રીતે માત્ર એક ક્ષણ સુધી પણ ભગવાનની કથાનો સમ્બન્ધ થાય ત્યારે આયુષ કૃતાર્થ થાય છે, એના સમ્બન્ધના પ્રકારથી બધીયે (ક્ષણો) કૃતાર્થ થશે એમ જણાવી એ (ભગવત્કથા) ન હોય ત્યારે પ્રાર્થનાથી આણેલું ઘણું આયુષ પણ વ્યર્થ છે, એમ દૃષ્ટાંત સાથે નીચેના શ્લોકથી કહે છે :

**તરવઃ કિં ન જીવન્તિ ભસ્ત્રાઃ કિં ન શ્વસન્ત્યુત ।**
**ન ખાદન્તિ ન મેહન્તિ કિં ગ્રામપશવોઽપરે ॥૧૮॥**

વૃક્ષો શું નથી જીવતાં? અને ધમણો શું શ્વાસ નથી લેતી? ગામમાં બીજાં પશુઓ શું નથી ખાતાં (અને) નથી ઝાડે ફરતાં? ૧૮

ઝાડો શું ઘણા સમય સુધી નથી જીવતાં? એઓનો (પોતાના) સ્વાર્થ માટે કોઈપણ ઉપયોગ નથી અને મુક્તિ પ્રાપ્ત કરતાં નથી, તેથી લાંબા સમય સુધીનું જીવન, પ્રાર્થના (કરવા)થી પ્રાપ્ત થતું હોય તોપણ વ્યર્થ છે, એવો અર્થ છે. 'એઓનું આયુષ પ્રાણ ધારણ કરીને રહેતું નથી, તેથી પ્રાણ ધારણ કરનાર તરીકે જ એ (જીવન) ઉપયોગી થાય એવી શંકા થાય, તો 'ધમણો શું શ્વાસ નથી લેતી?' એમ કહેલું છે. પહેલાં નાક પણ ચામડાના ઢાંકણના પ્રકારનું જ (હોય છે,) અને એ માર્ગથી વાયુ આવે છે અને જાય છે. ધમણમાં પણ એવું હોય છે, તેથી પ્રાણ ધારણ કરવાથી કાંઈ પણ ઉપયોગ થતો નથી. 'અહીં' (પ્રાણ ધારણ કરવામાં) પોતાના અને બીજાઓ ઉપર ઉપકાર થતો હોવાથી દૃષ્ટાંતમાં સમાનતા નથી' એવી શંકા થાય, તેથી 'ઉત' અને શબ્દ યોજેલ છે. વધારામાં એમ (ઉપકાર) કરીને પણ વ્યર્થ (થાય છે,) એવો અર્થ છે. જેમ ધમણના શ્વાસથી અંગારા તપે છે અને એઓના (અંગારાના) સમ્બન્ધથી બીજું લોઢું વગેરે પણ (તપે છે) અને તપેલાને દુઃખ થાય છે, તેથી બીજાઓને દુઃખ કરવાથી ઉપદ્રવ કરનારા છે, તેમ જીવન પણ (બીજાઓને દુઃખ કરનારું હોઈ) કાંઈપણ ભેદ નથી, એવું તાત્પર્ય છે. પુરુષાર્થ પ્રાપ્ત ન થવાનું બંનેમાં સમાન છે.

'જીવનથી ભોગ થાય છે' એમ કહે, તો એ સમ્બન્ધમાં કહે છે કે અન્ન વગેરે ખાવામાં લોકોને ભોગનો ભ્રમ થાય છે. વાસ્તવિક રીતે તો એક સ્થળે પ્રવેશ કરેલો (ખોરાક) બીજા (સ્થળે)થી નીકળે છે. જેમ પોતાના (માણસના) શરીરમાંથી નીકળેલું ભૂંડના શરીરમાં પેસીને પાછું નીકળે છે, તેમ ભૂમિ વૃક્ષ વગેરેમાંથી નીકળેલું

પોતાના (માણસના) પણ મુખમાં પેસીને નીકળે છે, તેથી ભૂંડ વગેરે કરતાં કાંઈપણ સરસાઈ નથી. જેને (પશુ સાથે) સમાનપણાનું ભાન થતું નથી, તેને આ સમજાવવું ઈચ્છેલું નથી (નકામું છે.) બ્રહ્મ જાણનાર (જાણવા ઈચ્છનારા) પ્રતિ (એવું) નથી, કારણકે એ પ્રાકૃત (પુરુષ) પોતાની (ડાહ્યો) માને છે. 'અપરે' બીજા શબ્દથી તેથી પશુઓમાંના ત્રણ હાથવાળા[1] છે' શ્રુતિ પ્રમાણે આ એક પશુ જ છે. ગામના પશુ તરીકે ઘણો જ નિંદા કરવા યોગ્ય છે. ૧૮

૧.કારણકે આ વાક્ય પછી 'પુરુષ હાથી વાંદરો' એવું વાક્ય છે.(પ્ર)

એ પ્રમાણે નીચે સાથે સમાનપણું સિદ્ધ કરી નીચેના શ્લોકથી એનાથી પણ નીચે હોવાનું કહે છે :

**શ્વવિડ્વરાહોષ્ટ્રખરૈઃ સંસ્તુતઃ પુરુષઃ પશુઃ ।**
**ન યત્કર્ણપથોપેતો જાતુ નામ ગદાગ્રજઃ ।।૧૯।।**

જેના કાનના માર્ગે ગદાગ્રજ એવા નામનો કોઈપણ સમયે પ્રવેશ નથી તે કૂતરાં ભૂંડ ઊંટ અને ગધેડાંથી વખણાવેલો પુરુષ પશુ (જેવો) છે. ૧૯

આ ચાર પશુઓ સર્વ લોકમાં નિંદાયેલા છે. એઓની કોઈપણ સ્તુતિ કરતું નથી. ભગવાનથી વિમુખ પુરુષ જોવામાં આવે ત્યારે લોકો એમની (કૂતરાં વગેરેની) જેમ જ સ્તુતિ કરે છે. તેથી એઓ જ આ (ભગવાનથી વિમુખ)ની સ્તુતિ કરે છે. ભગવાનથી વિમુખ (પુરુષ) જોવામાં આવે, ત્યારે 'આનાથી કૂતરાં વગેરે સારાં' એમ લોકો પ્રશંસા કરે છે એમ આ (કૂતરાં વગેરે) જાણે છે (કે) 'આ આપણી પ્રશંસા કરાવે છે તેથી સારો છે.' એવી રીતે એઓ આનાથી પ્રશંસા પામે છે એવું તાત્પર્ય છે. જોકે કૂતરું માત્ર કોળિયો (ખોરાક મળતાં) પૂછડું હલાવવાના વગેરે પ્રકારથી પોતાનું લાલસાપણું જણાવે છે, તેવું આ ગૃહસ્થ પણ કરે છે, પરંતુ એ (કૂતરો) સ્વામીનો ભક્ત અને થોડાથી સંતોષ પામનાર છે. પ્રાકૃત (પુરુષ) તો એનાથી ઊલટા (પ્રકારનો) છે. એ પ્રમાણે ભૂંડ પણ ગંદા પદાર્થમાં આસક્તિવાળો મળમૂત્રના સ્થાનમાં આનંદ કરે છે, તેવો આ પણ છે. છતાં પણ (ભૂંડ) બધાને ઉપયોગી ન હોય તેવા ઉપર નભે છે, અને (એમાં) કોઈનો પણ ભાગ હોતો નથી, આ તો સર્વનો ભાગ પોતે ખાય છે. જોકે ઊંટો કાંટા વગેરે ઘણા કઠોર પદાર્થ ખાનારાં છે. છતાં પણ માલિકનો ભાર વહેનારાં છે, આ તો એનાથી ઊલટા પ્રકારનો, ભગવાનનું કાંઈપણ કાર્ય કરતો નથી. જોકે ગધેડો ગધેડીએ પગથી મારેલો જતો રહે છે (તે વિષયમાં) પુરુષની સમાન છે. છતાં પણ કુટિલ (સ્વભાવનો) નથી અને ધણીના કામમાં હઠ

કરતો નથી, આ (પુરુષ)માં તો એનો દોષો જ છે, ગુણો નથી; તેથી એનાથી પણ નિંદા કરવા યોગ્ય છે.

આ બધા પુરુષો માટે સાધારણ (કહેલ) નથી, પરંતુ જેમનો અન્ન ભક્ષણ કરતાં ઉપયોગ થાય છે તેઓને બાતલ કરવા[1] કહેલા છે (કે) 'પ્રચેતા ન હોય તે નકામું અન્ન પ્રાપ્ત કરે છે'[2] 'અન્નથી પ્રાણો (થાય છે)'[3] 'અન્નમાંથી પ્રાણો થાય છે'[4] એ પ્રમાણે અન્ન નકામું (થતું) હોવાનું અને એનો જ્ઞાન અને ભક્તિ માટે ઉપયોગ (થતો) હોવાનું કહ્યું. એ પૈકી નકામું થવાના વિષયમાં (પશુઓ અને આવા પુરુષોનું) સમાનપણું છે. (બીજા) બે વિષયોમાં તો (એ) પુરુષાર્થ (પ્રાપ્તિ)માં પરિણમતું હોવાથી (સમાનપણું) ન હોવાથી એનાથી ઊલટા હોવાપણું ઉત્તરાર્ધથી કહે છે. જેના કાનના માર્ગે કોઈ પણ સમયે માત્ર ભક્તિમાર્ગનો પ્રકાશ કરવા પ્રગટ થયેલા ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણ જેના કાનના માર્ગમાં પધારેલ નથી (તેવો) આ ૨-૮-૫ પ્રમાણે એમનો સેવક થયો નથી, એવો નિશ્ચય કરેલો છે. તેથી (એને માટે) ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ ન હોવાનું કહેલ છે. ગદ તો (શ્રીકૃષ્ણે) માતા અને પિતાનું દુઃખ દૂર કર્યા પછી જન્મેલો, તેથી જ્યાં ભગવાને દુઃખ દૂર કરવાનું ઇચ્છેલું હોય ત્યાં એમને 'ગદાગ્રજ' કહેવાય છે. ૧૯

૧.ત્રણ શ્રુતિઓ કહેલ છે.(પ્ર)

૨.અહીંથી આરંભ થતી આ શ્રુતિમાં આગળ માત્ર સ્ત્રી અને પુત્રોનું પોષણ કરનાર પેટભરાઓની નિંદા કરેલી છે.(પ્ર)

૩.'અન્નથી પ્રાણો, પ્રાણોથી બલ..વિજ્ઞાનથી આત્માને જણાવે છે. તેથી અન્ન આપનાર આ સર્વ આપે છે' અને અન્નથી જ્ઞાન પ્રાપ્ત થવાનું આ બૃહન્નારાયણ ઉપનિષદની શ્રુતિ કહે છે.(પ્ર)

૪.'અન્નમાંથી પ્રાણો થાય છે. પ્રાણીઓના પ્રાણથી મન, મનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી બ્રહ્મ જેથી પ્રાપ્ત થાય તે આનંદ થાય છે, એમ અન્નથી ભક્તિ થવાનું આ બૃહન્નારાયણ ઉપનિષદની શ્રુતિ કહે છે.(પ્ર)

એ પ્રમાણે આયુષ અને ભોગના સ્થાન દેહ ફલરહિત હોવાનું કહીને નીચેના શ્લોકથી આરંભી ઈંદ્રિયો ફલરહિત હોવાનું કહે છે :

**બિલે બતોરુક્રમવિક્રમાન્ યે ન શૃણ્વતઃ કર્ણપુટે નરસ્ય ।**
**જિહ્વાઽસતી દાર્દુરિકેવ સૂત ન ચોપગાયત્યુરુગાયગાથાઃ ।।૨૦।।**

અફસોસ ! મનુષ્યના જે કર્ણના છિદ્રો મોટા પગલાં ભરનારના વિક્રમોનું શ્રવણ કરતાં નથી તે દરો છે. અને હે સૂત ! દુષ્ટ જીભ જેમનું ઘણાઓ ગાન કરે છે તેમની ગાથાઓનું ગાન કરતી નથી તે દેડકી(ની જીભ) જેવું છે. ૨૦

'બત' શબ્દ અફસોસ (દર્શાવે છે.) 'ઉરુક્રમસ્ય' ઘણાં વિચિત્ર ચરિત્રવાળાના વિક્રમોનું શ્રવણ ન કરનાર પુરુષના જે કર્ણના છિદ્રો તે બે દર છે, એવો અર્થ છે. પોતે ઈચ્છેલી ઇંદ્રિયો ન હોવાથી અપકાર કરનાર સર્પના પ્રકારની પ્રાકૃત ઇંદ્રિયો હોવાથી એ ત્યાં શરીરરૂપ ઘરમાં બે અપકાર કરનારાં છિદ્રો છે. જેમ ઘરમાં એવા દરમાં પેઠેલો સર્પ ઘરના માલિકને ખાય છે તેમ પ્રાકૃત કથાઓ આ કર્ણમાં પ્રવેશ કરી 'અરર, એમને શરણ રહિત તમોમાં ધકેલ છે' એ વાક્ય પ્રમાણે આનો સંપૂર્ણ નાશ કરે છે, એવો અર્થ છે.

અને જીભ દુષ્ટ છે, કારણકે ભગવાન્ સર્વ ઇંદ્રિયોમાંથી આને દૂર કરેલી અને રક્ષાયેલી કરી છે, અને સદા દાંતોથી એનું રક્ષણ કરે છે. આમ હોવા છતાં પણ એ ભગવાનમાં તત્પર રહેતી નથી, પરંતુ વ્યભિચરિણીની પેઠે બીજાના સ્તોત્ર કરીને બીજા પાસે જાય છે, એમાં પણ 'દાર્દુરિકેવ' દેડકાંની જીભ જેવી છે. એની જીભ ભગવાને જુદી કરેલી નથી, (એનું) રક્ષણ કરનાર તરીકે દાંતો પણ આપેલ નથી. એ પોતાથી જ કઠોર (હોઈ) કીડા વગેરે ખાય છે. તેવી રીતે આ (મનુષ્ય)ની જીભ પણ વશ રાખનાર વિનાની હોઈ પોતે જ ક્રૂર થઈ બીજાઓનો ઘાત કરવા પ્રવૃત્ત થયેલી છે, એવો અર્થ છે. એવી રીતે દુષ્ટ હોવા છતાં પણ વિષય(પ્રાપ્તિ) માટે જો ભગવાનની ગાથાઓનું ગાન કરે તોપણ ચિંતા નહિ. એ પણ નથી (કરતી) એમ 'અને (ગાથાઓનું) ગાન કરતી નથી' એમ કહેલું છે. ૨૦

**ભારઃ પરં પટ્ટકિરીટજુષ્ટમપ્યુત્તમાઙ્ગં ન નમેન્મુકુન્દમ્ ।**
**શાવૌ કરૌ નો કુરુતઃ સપર્યાં હરેર્લસત્કાઞ્ચનકઙ્કણૌ વા ॥૨૧॥**

પાઘડી અને મુકુટ પહેરનારનું મસ્તક પણ મુકુન્દને નમન ન કરે તો એ ઘણો ભાર છે, અને પ્રકાશતાં સુવર્ણના કંકણોવાળા હાથો પણ હરિની સેવા ન કરતાં હોય તો એ મડદાં જ (હાથો) છે. ૨૧

મુકુટ માટે અભિષેક કરાયેલાનું માથું ક્યાંય નમન કરતું નથી. એવું પણ પાઘડી અને મુકુટ પહેરેલું, પાઘડી અને મુકુટે પ્રેમથી સેવાયેલું જો મોક્ષ આપનારનું નમન ન કરે તો ઉત્તમ અંગ હોવા છતાં પણ એ ભાર જ છે, કારણકે એનો સામાન્ય ઉપયોગ પણ થતો નથી. ભોગ અને આયુષ તો પહેલાં જ[1] નકારેલાં છે, કારણકે ઘણો ભાર વહેનાર પણ નમન કરતો નથી[2]. 'શાવૌ' મડદાના સમ્બન્ધવાળા અંદર પ્રાણવિનાના (હોય) તેવા અંદર ભગવાનની સેવા વિનાના (હાથ છે.) ઉપરની શોભા પણ એમાં મડદાંને શણગારીને પણ કરવામાં આવે છે. અહીં પણ સુવર્ણના કંકણ (પહેરેલાં હોય

છે.) 'વા' અને શબ્દ અનાદર દર્શાવે છે. ૨૧

૧.પહેલાં જ શ્લોક ૧૮માં.

૨.ઘણો ભાર વહે તે નમન કરે, કારણકે ભાર વહેવામાં પીડા થતી હોવાથી એનાથી એ થઈ ન શકે. આગને આયુષ ટકાવવા ભોગ કરવા માટે મહેનત કરવાની નથી, એટલે ઘણો ભાર વહેલો પડતો નથી. છતાં નમન ન કરતા હોવાથી માથું ભારરૂપ જ છે, એવો અર્થ જણાય છે.

**બર્હાયિતે તે નયને નરાણાં લિઙ્ગાનિ વિષ્ણોર્ન નિરીક્ષતો યે ।**
**પાદૌ નૃણાં તૌ દ્રુમજન્મભાજૌ ક્ષેત્રાણિ નાऽનુવ્રજતો હરેર્યો ।।૨૨।।**

જે વિષ્ણુનાં લિંગોનું દર્શન કરતાં નથી તે મનુષ્યોના બે નયનો મોરના પીછાં(નાં નેત્રો) છે. જે બે હરિના સ્થાનોએ જતા નથી તે મનુષ્યના બે પગો વૃક્ષમાં જન્મેલા છે. ૨૨

વળી મુખની શોભા કરનારા બે નયનો બીજાં કોઈ પ્રયોજન વિનાના હોવાથી મોરના પીછાંઓના નયનો પેઠે ભગવાનનું વિચિત્ર (કાર્ય કરનાર હોવા)પણું જણાવે છે, પરંતુ એઓમાં ચૈતન્ય નથી. ભગવાનની બે પ્રકારની સૃષ્ટિ છે : (૧)ચેતન અને (૨)ભગવાનનું કાર્ય કરવાની શક્તિ વિનાની-ચેતનવિનાની, કારણકે ચૈતન્ય ભગવદ્રૂપ છે. મોરના પીછાં પેઠે આચરણ કરવું એ 'બર્હાયિતમ્' 'મોરના પીછાં જેવું હોવું.' 'લિંગો' (એટલે) ભક્તો અને સ્થાનો, જેઓ એમને 'ન નિરીક્ષતઃ' જોતા નથી એ બે પગો હોય છતાં જંગમ પદાર્થમાં રહેલા હોવા છતાં વૃક્ષમાં જન્મ લીધેલા જ છે, 'દ્રુમે જન્મ' એટલે વૃક્ષમાં જન્મ. જોકે એઓ (જલ) પીવાનું સાધન નથી, છતાં પણ માત્ર ભૂમિ ઉપર રહેવામાં એઓનો ઉપયોગ હોવાથી એ (વૃક્ષો)ની સમાન છે. પોતાના અવયવી (દેહ)ને ઊંચે રાખે છે. ૨૨

**જીવચ્છવો ભાગવતાऽઙ્ઘ્રિરેણૂત્ર જાતુ મર્ત્યોऽભિલભેત યસ્તુ ।**
**શ્રીવિષ્ણુપદ્યા મનુજસ્તુલસ્યાઃ શ્વસચ્છવો યસ્તુ ન વેદ ગંધમ્ ।।૨૩।।**

જે મર્ત્ય ભગવાનના ભક્તના ચરણની રેણ કોઈપણ સમયે પ્રાપ્ત કરતો નથી તે તો જીવતું મડદું છે. જે મનુષ્ય શ્રીવિષ્ણુના ચરણમાં રહેતી તુલસીની ગંધનું ગ્રહણ કરતો નથી તે તો શ્વાસ લેતું મડદું છે. ૨૩

જીવતું મડદું છે, કારણકે મડદું બે પ્રકારનું છે : અર્ધ જલમાં પેઠેલો (૧)મરવા ઈચ્છતો અને (૨)મરેલો એવા બે પ્રકારનો છે, એ પૈકી જે ભગવાનના ભક્તના ચરણની રેણુ પ્રાપ્ત કરતો નથી, અતિથિના પ્રકારની એની પૂજા કરતો નથી, અથવા જેના ઘેર એઓ કોઈપણ સમયે આવતા નથી, તે તો માત્ર મરવા માટે જ જીવે છે,

એવો અર્થ છે. જે ભગવાનનો પ્રસાદ કોઈપણ પ્રકારે પ્રાપ્ત કરતો નથી તેનું તો જીવન પણ નથી, કારણકે જીવનરૂપ ભગવદીય રસ (એનામાં) નથી, પરંતુ એ શ્વાસ લે છે. જેમ અર્ધ જલમાં ચૈતન્યવિનાનો માત્ર શ્વાસ લે છે, (અને) બીજાના કાર્યમાં પણ વિઘ્ન કરે છે, તેમ વિષ્ણુના ચરણમાં જ રહેનારી તરીકે જે તુલસી પ્રસિદ્ધ છે તેની ગંધ કદાપિ એણે લીધી નથી, ભગવાનના ચરણારવિંદના પ્રસાદ તરીકે ગ્રહણ કરેલી નથી, કારણકે નાક ગંધ ગ્રહણ કરનારું છે, અને તુલસીમાં ગંધ છે. સર્પની પૂંછડી કપાતાં એ હાલ્યા કરે છે, તેની પેઠે (તુલસીની ગંધ ન લેનારની) ઇંદ્રિયમાંથી એની અધિષ્ઠાતા દેવતા જતી રહેવાથી એની માત્ર ક્રિયા થાય છે, એમ શ્લોકના ઉત્તરાર્ધથી કહેલ છે. ૨૩

નીચેના શ્લોકથી અંતઃકરણ ફલરહિત હોવાનું કહે છે :

**તદશ્મસારં હૃદયં બતેદં યદ્ગૃહ્યમાણૈર્હરિનામધેયૈઃ ।**
**ન વિક્રિયેતાઽથ યદા વિકારો નેત્રે જલં ગાત્રરુહેષુ હર્ષઃ ॥૨૪॥**

અ રે રે! ગ્રહણ કરાતા હરિના નામના શબ્દોથી પણ જેમાં વિકાર થતો નથી તે આ હૃદય પથ્થરના જેવું કઠણ છે. હવે જો વિકાર થાય તો નેત્રમાં જલ અને રુવાડાંઓમાં હર્ષ (થાય.)૨૪

'અરેરે' શબ્દ ખેદ (જણાવે છે.) જોકે ધૈર્ય ગુણ છે, ભગવાનનું ચરિત્ર સાંભળીને પણ ધીરજ થાય છે, છતાં પણ એનું (આ મારા હૃદયનું) ધૈર્ય લોઢા જેવું, પથ્થરની કઠણતા જેવું છે, એમ (શૌનકમાં) ભક્તિનો આવેશ થતાં પોતાના (હૃદય)ની જ નિંદા કરે છે. આથી એ (હૃદય)માં ભગવાનના ચરણારવિંદનું સ્થાપન કરવાનો સંભવ ન હોવાનું કહ્યું. તેથી એને ધોવાનું (શુદ્ધ કરવાનું) વ્યર્થ છે, એવું તાત્પર્ય છે, કારણકે હૃદય પોતાથી ગ્રહણ કરતા, અથવા દુઃખના વિચારનો નાશ થાય એ માટે બીજાઓએ (ગ્રહણ કરાવેલા) હરિના 'નામધેયૈઃ' નામ જણાવનારા શબ્દોથી વિકાર પામતું નથી. જેના ઘેર ભગવાન્ પધારવાનો સંભવ થાય ત્યાં નક્કી સ્વચ્છતા અને છંટકાવરૂપ અલંકારો થાય છે, પરંતુ ચાંડાલના ઘરની પેઠે જ્યાં સંભવ જ નથી ત્યાં વિકાર થતો નથી. હવે વિકારોનું જ્ઞાન થાય એ માટે એ કહે છે : જ્યારે અંતઃકરણમાં વિકાર થાય ત્યારે (એ) જણાવનાર બે હોય છે : (૧)નેત્રમાં જલ અને (૨)રોમાંચ, કારણકે વિકાર ભગવદીય તરીકે પરિણામ છે. (એ થાય) ત્યારે એ (વિકાર)વાળા વૈષ્ણવ (થાય છે,) તે પૈકી રુવાડાં વૃક્ષરૂપ હોવાથી, વૈષ્ણવ હોવાથી[૧] અથવા અંદર રસ પુરાવાથી ઊંચાં થાય એ યોગ્ય છે. અને નેત્ર જલવાળું કમલ થાય

છે, તેમ (વિકાર) ન થાય તો પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલું માત્ર સુકું જ (રહે,) એવું તાત્પર્ય છે. ૨૪

૧.'વૈષ્ણવા વૈ વનસ્તપયઃ' વનસ્તપતિઓ નક્કી વૈષ્ણવ છે. એ શ્રુતિ પ્રમાણે વૃક્ષો વૈષ્ણવો છે.

તેથી સર્વ ઇંદ્રિયો અને દેહ વગેરે સફલ થાય એ માટે ભગવાનની કથા કહો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**અથાઽભિધેહ્યઙ્ગ મનોઽનૂકુલં પ્રભાષસે ભાગવતપ્રધાનઃ ।**

**યદાહ વૈયાસકિરાત્મવિદ્યાવિશારદો નૃપતિં સાધુ પૃષ્ટઃ ।।૨૫।।**

સારું પુછાયેલા આત્મવિદ્યામાં પ્રવીણ વ્યાસના પુત્રે રાજાને જે કહ્યું તે, હે વહાલા ! હવે તમે કહો. (તમે) ભગવાનના ભક્તોમાં મુખ્ય હોઈ મનને અનુકૂલ (થાય તેમ) કહો છો. ૨૫

'અઙ્ગ' હે વહાલા ! એ કોમળ સંબોધન છે. અર્થ અને અભિપ્રાયના વિચાર (કર્યા) વિના પણ માત્ર શ્રવણ (કરવા)થી જ તમારા વાક્યમાં મનોહરપણાનો અનુભવ થાય છે, તેથી તમે ભગવાનના ભક્તોમાં મુખ્ય છો, કારણકે તમારા વાક્યમાં ભગવાનનો સમ્બન્ધ છે, પરંતુ વ્યાસના પુત્રે જે કહ્યું (તે કહો,) કારણકે એ આત્મવિદ્યામાં નિપુણ હોવાથી અને વ્યાસના પુત્ર હોવાથી, અને રાજાને એણે (રાજાએ) જ પ્રશ્ન કરેલ હોવાથી કહેનારા એ હોવાથી, બહિર્મુખ વાર્તા ન કરે આથી એમ કહેવાયું કે એ (શુક)નું વચન લોક વેદ અને ભક્તિથી વિરુદ્ધ હોતું નથી. ૨૫

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં બીજા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ**

# અધ્યાય ચોથો

**સાધનં દ્વિવિધં પ્રોક્તં ક્રિયાકર્ત્તૃવિભેદતઃ ।**
**પૂર્વાધ્યાયે ક્રિયાઙ્ગાનિ વર્ણિતાનિ દ્વિરૂપતઃ ॥૧॥**

ક્રિયા[૧] અને કર્તાના ભેદથી બે પ્રકારનું[૨] સાધન કહ્યું. ગયા અધ્યાયમાં બે પ્રકારથી[૩] ક્રિયાના અંગોનું[૪] નિરૂપણ કર્યું. કા.૧

**પ્રશ્નેઽપ્યુત્તરશેષત્વાત્ ક્રિયાયાશ્ચ નિરૂપણાત્ ।**
**સ્વરૂપતો જ્ઞાનતશ્ચ કાર્યસિદ્ધિર્યતો દ્વિધા ॥૨॥**

પ્રશ્ન પણ ઉત્તરરૂપ પરિણામવાળો હોવાથી[૫] અને જેનાથી સ્વરૂપથી અને જ્ઞાનથી કાર્યની સિદ્ધિ થાય[૫] તેવી ક્રિયાનું નિરૂપણ કરેલું હોવાથી એમનું વર્ણન કરેલ છે. કા.૨

**સાધનં શ્રોતૃવક્ત્રોશ્ચ વિમર્ષાધિક્રિયા યતઃ ।**
**તદુચ્યતે મુખ્યયોર્હિ પ્રશ્નસ્ત્વાદ્યે સસાધનઃ ॥૩॥**

મુખ્ય[૬] શ્રોતા અને વક્તાનો જેનાથી વિચારમાં અધિકાર થાય તે સાધન કહેવામાં આવે છે. પહેલા (શ્રોતા)માં તો સાધન સાથેનો પ્રશ્ન અધિકાર કરનારો છે.) કા.૩

**જ્ઞાત્વાઽથ નમનં દેવે ગુરાવપિ વિશેષતઃ ।**
**સામાન્યમુત્તરં યદ્ધિ તદ્વક્તુરધિકારકૃત્ ॥૪॥**

જાણીને પછી દેવને અને વિશેષ પ્રકારે ગુરુને જે નમન (કરવું) તે સામાન્ય ઉત્તર નક્કી વક્તાનો અધિકાર કરનારો છે. કા.૪

**અતોઽધ્યાયે ચતુર્થે તુ પરીક્ષિચ્છુકયોઃ ક્રમાત્ ।**
**વિમર્ષણાધિકારો હિ વિચારાઙ્ગં નિરૂપ્યતે ॥૫॥**

તેથી ચોથા અધ્યાયમાં તો વિચારના અંગરૂપ પરીક્ષિત અને શુકના વિમર્શ કરવાના અધિકારનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૫

**વ્યવસાયાત્મિકા બુદ્ધિર્મમતાત્યાગ એવ ચ ।**
**કથાયાઃ શ્રવણે શ્રદ્ધા સંન્યાસો જ્ઞાનમેવ ચ ॥૬॥**
**પ્રશ્નાચ્ચતુષ્ટયં પૂર્વં શ્રોતુરઙ્ગમિહોચ્યતે ।**

(૧)નિશ્ચયરૂપ બુદ્ધિ અને (૨)વળી મમતાનો ત્યાગ, (૩)કથાના શ્રવણમાં શ્રદ્ધા અને (૪)વળી સંન્યાસ અને જ્ઞાન (એ) ચાર અહીં પ્રશ્ન પહેલા શ્રોતાના સાહાય્ય, કારક સાધન કહેવામાં આવે છે. કા.૬ ૧/૨

૧.શ્રવણ અને કીર્તનરૂપ ક્રિયા.(પ્ર)
૨.દષ્ટ (જાણેલા) અને અદષ્ટ (નહી જાણેલા) બે પ્રકારથી.(પ્ર)

૩.સાક્ષાત્ અને પરંપરા બે ભેદથી.
૪.શ્રવણ વગેરેના અંગો (૧)ભગવાનના પ્રેમ અને (૨)ભગવદભક્તોનો સંગ.
૫.શુકના કહેવાથી જ એ સિદ્ધ થાય શૌનકના કહેવાથી સિદ્ધ ન થાય એમ ન માનવું, કારણકે શૌનકે કરેલા પ્રશ્નનું પરિણામ એનો ઉત્તર છે. પ્રશ્ન ઉત્તરનું કારણ છે, અને ક્રિયા (ઉત્તરનું) અંગ છે અને એમાં સત્સંગ કરવાનું કહેલ છે, જેથી શ્રવણ વગેરે કાર્ય સિદ્ધ થાય છે.(પ્ર)
૬.પહેલી બે કારિકાઓથી ત્રીજા અધ્યાયનો સાર કહી, અહીંથી ચોથા અધ્યાયનો અર્થ કહે છે.(પ્ર)

એવી રીતે ગયા અધ્યાયના અંતે રાજા અને શુકના સમ્બન્ધવાળી કથા કહેવી એવો પ્રશ્ન કહ્યો. એનો ઉત્તર નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી કહે છે :

સૂત ઉવાચ

**વૈયાસકેરિતિ વચસ્તત્વનિશ્ચયમાત્મનઃ ।**
**ઉપધાર્ય મતિં કૃષ્ણે ઔત્તરેયઃ સતીં વ્યધાત્ ।।૧।।**

આત્માના તત્વનો નિશ્ચય કરાવનારા વ્યાસના પુત્રના એવાં વચનનો વિચાર કરીને, ઉત્તરાના પુત્રે શ્રીકૃષ્ણમાં સારી બુદ્ધિ કરી. ૧

આરંભમાં ભગવાનમાં સારી બુદ્ધિ થઈ એમ કહે છે. જોકે પહેલાં ભગવાનમાં બુદ્ધિ હતી જ, પરંતુ એ માત્ર શ્રદ્ધાથી જ થયેલી હોવાથી અજ્ઞાન સાથેની ખરાબ જેવી જ હતી. હવે સામાન્ય રીતે ભગવાનને જાણીને, 'કોઈક ફલરૂપ ભક્તિથી પ્રાપ્ત થાય તેવા, શ્રવણ વગેરેથી સેવા કરવા યોગ્ય, સર્વરૂપ અને (સર્વની) અંદર (રહેલા) ભગવાન્ છે, અને એમનું ધ્યાન કરવામાં આવે ત્યારે એમના સાયુજ્યરૂપ ફલ (થાય છે) તેથી એમનું ભજન કરવા માટે જ સર્વ ઇચ્છા કરવી, અને સાધનોનો પણ એમાં જ ઉપયોગ કરવો' એવું વ્યાસના પુત્રનું વચન સાંભળીને, આ (વચન)થી 'આત્મતત્વમ્' આત્મા ભગવાનના અને પોતાના તત્વનો બરાબર નિશ્ચય કરીને, મનમાં ફરી વિચાર કરીને, હૃદયમાં એનું સ્થાપન કરીને, ભગવાનનું સદા આરાધન કરવું એવી સદ્બુદ્ધિ કરી, એવો અર્થ છે. ૧

પહેલાં સામાન્ય રીતે ઘરનો ત્યાગ કરેલો હોવા છતાં, (એમાં) મમતા રહેલી હોવાથી ન તજેલ જેવું જ હતું. હવે વ્યાસના પુત્રના વચનથી એનો ત્યાગ કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**આત્મજાયાસુતાગારપશુદ્રવિણબન્ધુષુ ।**
**રાજ્યે ચાડવિકલે નિત્ય નિરૂઢાં મમતાં જહૌ ।।૨।।**

દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, પશુઓ, દ્રવ્ય, બંધુઓ અને સાધનવાળા રાજ્યમાં નિત્ય

દઢ થતી મમતા તજી. ૨

નક્કી મમતાએ કૂદીને ભગવાનમાં પ્રવેશ કર્યો, તેથી મમતાનો ઉત્તમ વિષય પ્રાપ્ત કરીને, પહેલાં વિષયમાં રહેલી ખરાબ મમતાનો ત્યાગ કર્યો. 'આત્મા' દેહ, 'જાયાસુતાગારાઃ' સ્ત્રી, પુત્ર અને ઘર, દ્રવ્ય ગાયો, અને બંધુઓ, એઓમાં અને સિંહાસન ઉપર બેઠો ત્યારથી આજ સુધી રાજ્યમાં નિત્ય દઢ થતી મમતાને તજી. ૨

પહેલાં જેમ મમતાના વિષય દેહ વગેરે વિશે શું કરવું એવી ચિંતા થતી, તેવી હવે મમતાના વિષય ભગવાનમાં શું કરવું' એવી ચિંતાના બીજા વિષયરૂપ સંદેહ થતાં, ભગવાનનું ઐશ્વર્ય જણાય એ માટે પ્રશ્ન કર્યો એમ નીચેના શ્લોકથી કહે છે :

**પપ્રચ્છ ચેમમેવાઽર્થં યન્માં પૃચ્છથ સત્તમાઃ ।**
**કૃષ્ણાનુભાવશ્રવણે શ્રદ્દધાનો મહામનાઃ ॥૩॥**

અને હે ઉત્તમ સત્પુરુષો ! તમે મને જે પૂછો છો તે જ વિષય શ્રીકૃષ્ણના પ્રભાવનું શ્રવણ કરવામાં શ્રદ્ધાવાળા મોટા મનવાળાએ (એણે) પૂછ્યું.૩

'ચ' અને શબ્દ (મમતાનો) ત્યાગ કર્યો અને પ્રશ્ન પૂછ્યો (એવા) સરવાળાના અર્થવાળો છે. કહેલા વિષયથી સાધન સિદ્ધ થાય એ માટે એણે (શુકે) પહેલાં ઉત્તર કહેલો, તેથી હવે પણ એને પૂછે છે. તેં પૂછેલ અને એણે પૂછેલ (પ્રશ્ન)માં શબ્દોનું સામ્ય છે, એમ કહે છે. હે ઉત્તમ સત્પુરુષો ! મને જે તમે પૂછો છો આ જ વિષય એણે પૂછેલ. શુકનું વાક્ય સાધનરૂપ હોવાથી અને તમે અને એ શ્રોતા તરીકે સમાન હોવાથી, પૂછવામાં જેમ તમોને બુદ્ધિ થઈ તેવી એને પણ યોગ્ય બુદ્ધિ થયેલી, એવો અર્થ છે; પરંતુ વચ્ચે કાંઈક ભેદ છે, તમારી તો એ (રાજાના) વાક્યના પ્રકારથી પદાર્થ જાણવાની ઈચ્છા છે, એણે તો ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન જ ઈચ્છેલું હતું, એમ 'શ્રીકૃષ્ણના પ્રભાવનું શ્રવણ કરવામાં શ્રદ્ધાવાળો' શબ્દોથી કહેલ છે, ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું શ્રવણ કરવામાં એને બે (સાધન) થયા : (૧)શ્રદ્ધા અને (૨)મનની વિપુલતા. શ્રદ્ધાથી એ સમજાય, વિપુલતાથી એની પૂર્તિ ન થાય. ૩

૧.'રાજાએ પૂછેલ સર્વ પ્રશ્નોના ઉત્તર શુકે આ આપ્યા, પછી પ્રશ્ન શા માટે કર્યો' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પહેલાં શુકે કહેલ વિષય પણ આ પ્રશ્નનું સાધન થાય છે. પહેલાં કહેલ ઉત્તરથી વિષયનું ઉપર ઉપરથી જ્ઞાન થયું, એટલે તમારા વાક્યથી સંદેહ થાય છે એમ શુકને જણાવવા ફરી પ્રશ્ન કર્યો છે, એવો અર્થ છે.(પ્ર)

૨.જાણવું કઠણ હોવાથી કરાવનારું છે.(પ્ર) ભા–૧૩

બાકીનું આ લોકનું કાર્ય કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**સંસ્થાં વિજ્ઞાય સંન્યસ્ય કર્મ ત્રૈવર્ગિકં ચ યત્ ।**
**વાસુદેવે ભગવતિ આત્મભાવં દૃઢં ગતઃ ।।૪।।**

મૃત્યુ (થવાનું) જાણીને, ત્રણ વર્ગનું જે કર્મ તેનો ત્યાગ કરી, ભગવાન્ વાસુદેવમાં અંતઃકરણની દૃઢ સ્થિતિ પ્રાપ્ત કરી. ૪

સાતમા દિવસે મૃત્યુ (થવાનું) જાણીને, ધર્મ અને કામમાં ઉપયોગી વિષયનો ત્યાગ કરીને એઓના સાધનોનો પણ ત્યાગ કરીને, મોક્ષ આપનાર ભગવાન્ વાસુદેવમાં 'આત્મનઃ' અંતઃકરણની 'ભાવમ્' રતિ (એટલે) સ્નેહ દૃઢ પ્રાપ્ત કરીને પ્રશ્ન કર્યો (શ્લોક ૩,) એવો સમ્બન્ધ છે, અથવા 'આત્મનઃ' સ્વરૂપની ભવિષ્યમાં થનારી સ્થિતિરૂપ સત્તા અથવા આત્મપણાનો (પ્રશ્ન કર્યો.) ૪

એ પ્રમાણે પ્રશ્ન (કરવા)ના સાધનો કહીને પ્રશ્ન કહેવા (શુકનું) અભિનંદન કહે છે (કરે છે) :

રાજોવાચ

**સમીચીનં વચો બ્રહ્મન્ સર્વજ્ઞસ્ય તવાઽનઘ ।**
**તમો વિશીર્યતે મહ્યં હરેઃ કથયતઃ કથામ્ ।।૫।।**

હે બ્રહ્મન્ ! હે પાપરહિત ! સર્વજ્ઞનું તમારું મારા માટે (કહેલું) વચન સુંદર છે. (તમે) હરિની કથા કહેતા હો ત્યારે મારું અજ્ઞાન નાશ પામે છે. ૫

જોકે તમારા વચનનો અર્થ જાણતો નથી, કારણકે (તમે) સર્વજ્ઞ છો, છતાં પણ તમારું વચન સુંદર છે. વક્તવ્યમાં દોષ નથી એમ જણાવવા 'હે બ્રહ્મન્ !' એવું સંબોધન (કરેલું છે.) 'હે પાપરહિત' એ (સંબોધન) અભિમાન વગેરે નથી એમ જણાવવા (કરેલું છે.) છતાં પણ તમારા વચનથી મારું સ્વરૂપના અજ્ઞાનરૂપ અજ્ઞાન નાશ પામે[1] છે. એ (વચન) તો તમે મારા માટે જ કહેલું. મેં તો એવા ત્રણનો નિશ્ચય કરેલો છે : (૧)તમારા વાક્યથી મારા અજ્ઞાનનો નાશ થયો, (૨)અને મારા માટે જ તમે (તે)કહેલું, અને (૩)(તમે) ભગવાનની કથા કહી. ૫

૧.આ પરિણામ તમારા વચનનું હોવાથી, અર્થ ન સમજાયા છતાં એ સુંદર છે.(પ્ર)

અર્થ ન જણાવાથી[1] સંદેહ (રહેવા)થી હવે વધારે (પ્રશ્નો) પૂછું છું એમ નીચેના શ્લોકથી કહે છે :

**ભૂય એવ વિવિત્સામિ ભગવાન આત્મમાયયા ।**
**યથેદં સૃજતે વિશ્વં દુર્વિભાવ્યમ્ અનીશ્વરૈઃ ।**

**યથા ગોપાયતિ વિભુર્યથા સંયચ્છતે પુનઃ ॥૬॥**

ઈશ્વર ન હોય તેવાથી ચિંતન થઈ શકે તેવું આ વિશ્વ ભગવાન્ પોતાની માયાથી કેવી રીતે રચે છે. શક્તિવાળા (એ) કેવી રીતે (એનું) રક્ષણ કરે છે, પાછું કેવી રીતે એનો લય કરે છે, એ ફરી પણ જાણવા ઈચ્છું છું. ૬

'વિવિત્સામિ' જાણવા ઈચ્છુ છું. એમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં, આધારમાં[૩] અને સાધનોમાં, (એવા) પાંચ સંદેહ કહે છે. 'આ (વિશ્વ) કેવી રીતે (રચે છે)?' એમ એ પૈકીનો ઉત્પત્તિ વિશેનો સંદેહ કહે છે. આ જગત્ કેવી રીતે રચે છે? (૧)શું કુંભાર પેઠે અથવા (૨)થઈ ગયેલું હોય તેમ માત્ર વાણીથી, (૩)અથવા યોગીને પેઠે મનથી (રચે છે?,) અથવા (૪)કલ્પવૃક્ષની પેઠે (એની) ઉત્પત્તિ કરે છે, અથવા (૫)પ્રકટ કરે છે? એવા ઉત્પત્તિના સમ્બન્ધમાં પાંચ સંદેહો છે. આ જ (સંદેહો) રક્ષણ અને લયના સમ્બન્ધમાં ચાલુ રહે છે. વળી ઈશ્વર ન હોય તેવાથી ચિંતન થઈ ન શકે તેવું (આ વિશ્વ છે,) મેં જે પાંચ પ્રશ્નો કર્યા તે કોઈ પણ ભગવાનમાં સંભવતા નથી, કારણકે ઉત્પન્ન કરાતું (વિશ્વ) મનથી પણ વિચારી ન શકાય તેવું છે, એ પ્રમાણે પાછળનામાં[૪] પણ (જાણવું.) 'ત્યારે કરતા જ નથી, અને પાલન કરવા નથી' એવો નિશ્ચય કેમ નથી કરતો?' એવો પ્રશ્ન થાય, તેથી 'શક્તિવાળા' વિશેષણ (યોજેલું છે.) 'ફરી' શબ્દથી એમ (કહેલું છે) કે વારંવાર નાશ કરેલાનો નાશ કરે છે અને ઉત્પન્ન કરેલાનો ઉત્પન્ન કરે છે.[૫] ૬

૨.થઈ ગયેલા અને થનારા પદાર્થોના વિષય હોવાપણું અને અનંતપણું જણાવનારા વાક્યોમાં પરસ્પર વિરોધ હોવાથી એમનું તાત્પર્ય જણાતું ન હોવાથી.(પ્ર)

૩.ઉપાદાનના આધાર થવું.(પ્ર) ૪.રક્ષણ અને લયમાં.

૫.નાશ કરેલાને ફરી ઉત્પન્ન કરે છે, પાછો એનો નાશ કરે છે એની પેઠે કરે છે; અથવા કાષ્ઠમાં અગ્નિ થાય, એમાંથી ભસ્મ થાય, પછી વાયુ અને જલથી એનો પણ નાશ થાય એની પેઠે કરે છે?(પ્ર)

નીચેના શ્લોકથી ચોથો (આધાર સમ્બન્ધી) પ્રશ્ન કહે છે :

**યાં યાં શક્તિમુપાશ્રિત્ય પુરુશક્તિરયં પુમાન્ ।**
**આત્માનં ક્રીડયન્ ક્રીડન્ કરોતિ વિકરોતિ ચ ॥૭॥**

ઘણી શક્તિવાળા આ પુરુષ, જે-જે શક્તિનો આધાર લઈને પોતાને ક્રીડા કરાવતાં, પોતે ક્રીડા કરતાં, કરે છે અને વિવિધ કરે છે તે જાણવા ઈચ્છું છું. શ્લોક ૭

અહીં[૧] ઉત્પન્ન કરવાનો કયો પદાર્થ છે? શું એકલો આત્મા અથવા શક્તિ

સાથેનો? (શક્તિ) સાથેનો હોય તોપણ શું આત્મા જ ઉત્પન્ન કરવામાં આવે છે કે શક્તિ જ? એવો સંદેહ થતાં, કાલના ભેદથી અથવા કૃતિના ભેદથી નક્કી કરેલા એ પક્ષોમાં પણ, એક કૃતિમાં જે શક્તિનો આશ્રય કરીને, વળી બીજી કૃતિમાં જે શક્તિનો આશ્રય કરીને, એવી રીતે પાંચેમાં (જે શક્તિનો આશ્રય કરતા હોય તે જાણવા ઈચ્છું છું.) એઓમાં પણ મધ્યના ઘણા ભેદો છે, કારણકે આ ઘણી શક્તિવાળા છે. વળી કાલના ભેદો પણ ઘણા છે, કારણકે આ પુરુષ કાલ વગેરેને વશ રાખનાર છે. આત્માને જ કરે છે, વિરુદ્ધ પણ કરે છે, નથી કરતા અને જાતજાતનું કરે છે. અથવા આત્માને જ ક્રીડા કરાવતાં બીજું[2] જ કાંઈક કરે છે એવો સમ્બન્ધ (લેવો,) અથવા ક્રીડા કરતાં આત્માને જ કરે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા પણ[3] પક્ષોનું પોતાની મેળે અનુમાન કરવું. ૭

૧.'અહીં' એટલે સૃષ્ટિની પ્રક્રિયામાં અથવા વિશ્વમાં.(પ્ર)

૨.'બીજું જ કાંઈક' એટલે ઈન્દ્રજાળ જેવું.(પ્ર)

૩.એક શક્તિને ક્રીડા કરાવતાં અને આત્માને વિવિધ કરે છે, અથવા બીજી શક્તિને વિવિધ કરે છે, અથવા કાલ વગેરેને આત્મારૂપ કરે છે, એવા વગેરે પક્ષોનું અનુમાન કરવું.(પ્ર)

એવો ઘણા પ્રકારનો સંદેહ હોય ત્યારે ગુરુને પ્રશ્ન ન કરાય, કારણકે બહુ સમજાવવાનું હોય, તેથી બીજાને જ પૂછવું એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નૂનં ભગવતો બ્રહ્મન્ હરેરદ્ભુતકર્મણઃ ।**
**દુર્વિભાવ્યમિવાऽऽભાતિ કવિભિશ્ચાऽપિ ચેષ્ટિતમ્ ।।૮।।**

અને હે બ્રહ્મન્ ! અદ્ભુત કર્મ કરનાર ભગવાન્ હરિનું ચરિત્ર કવિઓથી પણ વિચારી ન શકાય તેવું ખરેખર જણાય છે. ૮

ઘણો પ્રશ્ન થતાં પણ સંતાપ ન થાય એ માટે 'હે બ્રહ્મન્' એવું સંબોધન (કરેલું છે.) 'ભગવાન્ હરિનું' શબ્દો દુઃખ ન થાય અને સુખ થાય એ માટે કહેલા છે. સામાન્ય રીતે જ ભગવાનનું ચરિત, કયા ગુણથી[1] કરે છે એમ જાણી શકાય તેવું નથી. એમાં પણ હરિનું (નજ જણાય.) બીજાના દુઃખો દૂર કરવા જ એ (ચરિત) કરે છે. એમાં બીજાઓ અનંત હોવાથી અને (એમના) દુઃખો પણ અનંત હોવાથી કયો પ્રકાર કરવામાં આવતાં સર્વના દુઃખ જશે એ (આપણને) જણાતું નથી; એમાં પણ (ભગવાન્) અદ્ભુત કર્મ કરનાર છે, કારણકે એક કરે છે અને બીજું થાય છે. તેથી જ (એમનું ચરિત) અનેક પ્રકારે કલ્પના કરનાર નિપુણ કવિઓથી પણ વિચાર કરી શકાય તેવું નથી; તેથી[3] બીજા (કોઈ) પ્રશ્ન કરવા યોગ્ય નથી, એવો અર્થ છે. ૮

૧.ઐશ્વર્ય વગેરે (ભગવાનના) છ ગુણો પૈકી કયા ગુણથી.(પ્ર)
૨.'તેથી જ' એટલે અદ્‌ભુત કર્મ કરનારા હોવાથી જ.(પ્ર)
૩.'તેથી' એટલે બ્રહ્મરૂપ ન હોવાથી.(પ્ર)

**તથા ગુણાંસ્તુ પ્રકૃતેર્યુગપત્ક્રમશોઽપિ વા ।**
**બિભર્તિ ભૂરિશસ્ત્વેકઃ કુર્વન્કર્માણિ જન્મભિઃ ।।૯।।**

અને વળી પ્રકૃતિના ગુણોને તો એકસાથે અથવા ક્રમથી જ (ધારણ કરે છે.) કે એકલા રહી જન્મોથી કર્મો કરતાં સમૂહથી જ ધારણ કરે છે? ૯

વળી ભગવાન્ કયા સાધનથી[1] (કાર્ય) કરે છે? જો ગુણોથી કરતા હોય, તો એ ગુણોને ક્રમથી ગ્રહણ કરે છે કે એક સાથે?, કારણકે સર્વે (ગુણો) એક સાથે ઉત્પન્ન થતા કે લય પામતાં નથી. વળી સમૂહથી ધારણ કરે છે? બહુ પ્રકારના પ્રકૃતિના ગુણો કરીને 'ભૂરિશઃ' ઢગલાના પ્રકારથી ગ્રહણ કરે છે. અથવા પોતે તો એકલા હોવા છતાં પણ પાછા અનેક થઈ એક સાથે વગેરેના પ્રકારથી ગ્રહણ કરે છે, એવો (પ્રશ્ન છે.) વળી જન્મોથી કર્મો કરતાં, જુદા જુદા જન્મો લઈ કર્મો કરતાં (એમ) કરે છે? કર્મને અધીન રહી કરે છે, એવો અર્થ છે. ૯

૧.આ પાંચમો સાધનનો પ્રશ્ન છે.(પ્ર)

એ પ્રમાણે પાંચ પ્રશ્નો કહીને (ઉત્તરની) ઈચ્છાવાળા હોવાના પ્રકારે નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**વિચિકિત્સિતમેતન્મે બ્રવીતુ ભગવાન્ યથા ।**
**શાબ્દે બ્રહ્મણિ નિષ્ણાતઃ પરસ્મિંશ્ચ ભવાન્ ખલુ ।।૧૦।।**

આ જાણવાને ઈચ્છેલું (આપ) ભગવાન્ મારા માટે બરાબર કહો. આપ ખરેખર શબ્દબ્રહ્મમાં અને પર(બ્રહ્મ)માં પ્રવીણ છો. ૧૦

આ જાણવાને ઈચ્છેલું (આપ) 'યથા' બરાબર મારા માટે 'બ્રવીતુ' કહો. ઉત્તરાર્ધથી શુકની કહેવાની શક્તિ કહેલી છે. શબ્દબ્રહ્મમાં અને પરબ્રહ્મમમાં પણ જુદા-જુદા સાધનથી આપ પ્રવીણ થયેલા છો. 'ખરેખર' શબ્દ પ્રસિદ્ધિના અર્થમાં યોજેલ છે. ૧૦

શુક પણ સાધન સાથેનો ઉત્તમ કહે છે એમ નીચેના શ્લોકથી સૂત કહે છે :

સૂત ઉવાચ

**ઈત્યુપામન્ત્રિતો રાજ્ઞા ગુણાનુકથને હરેઃ ।**

**હૃષીકેશમનુસ્મૃત્ય પ્રતિવક્તું પ્રચક્રમે ।।૧૧।।**

એવી રીતે હરિના ગુણો કહેવા માટે રાજાએ પ્રાર્થના કરેલા (શુકે) હૃષીકેશનું સ્મરણ કરીને ઉત્તર કહેવાનો ઉપક્રમ કર્યો. ૧૧

'ઉપામન્ત્રણમ્' (એટલે) પ્રાર્થના. આ વિષયમાં સર્વ સંદેહો દૂર કરનાર ભગવાન્ જ હોવાથી એ સમયે (શુકે) બુદ્ધિને પ્રેરણા કરનાર હૃષીકેશનું સ્મરણ કરીને ઉત્તર આપવા 'પ્રચક્રમે' ઉપક્રમ કર્યો, એવો અર્થ છે. ઉપક્રમ એટલે દેવતા અને ગુરુને નમસ્કાર. 'હરિના ગુણો કહેવા માટે પ્રાર્થના કરી' એ શબ્દોથી સ્કંધના આરંભમાં ઉપક્રમ ન કરવાનું કારણ[1] (સૂચવેલું છે.) ૧૧

૧.પ્રાર્થના થયા વિના ભગવાનના ગુણો ન કહેવા, એવો ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત આ વાક્યથી સૂચવે છે.(પ્ર)

**સર્વશાસ્ત્રાર્થનિર્ધારઃ સપ્તભિર્નમનોક્તિભિઃ ।।૭।।**
**પઞ્ચભિઃ પ્રાર્થનાવાકયૈર્માહાત્મ્યં તસ્ય વર્ણ્યતે ।**
**એકેન વ્યાસનમનમેતાવચ્છુકભાષિતમ્ ।।૮।।**

સાત[1] નમન (કરવાનું) કહેતા શ્લોકથી સર્વ શાસ્ત્રોનો નિર્ણય (કહેશે.) પાંચ[2] પ્રાર્થનાના વાક્યોથી તે (ભગવાન)ના માહાત્મ્યનું વર્ણન (કરશે.) એક[3] (શ્લોક)થી વ્યાસને નમન (કરશે) આટલું[3] શુકે કહેલ છે. કા ૮

**અન્યત્કથાપ્રસઙ્ગેન પરોક્તયા વા નિરૂપિતમ્ ।**
**નમનાદેવ ભગવાન્ સર્વસંશયવાહકઃ ।।૯।।**

બીજું[4] કથાના પ્રસંગથી અથવા બીજા વચનથી કહેલું છે. નમન (કરવા)થી જ ભગવાન્ સર્વ સંદેહો દૂર કરનાર છે. કા ૯

૧.શ્લોક ૧૨ થી ૧૮     ૨.શ્લોક. ૧૯ થી ૨૩

૩.શ્લોક. ૨૪.     ૪.'બીજું' એટલે શ્લોક ૨૫ થી આગળ કહેલું.

પ્રાર્થના કરેલા (ભગવાન્) કામના આપે, એમ (પ્રાર્થના) કરવામાં ન આવે તો (ન આપે,) તેથી બે કહેલ છે. કા.૯

જો કે એણે પાંચ પ્રશ્નો કર્યા, છતાં પણ સર્વ સંદેહો દૂર કરવા માટે ભગવાનનું સ્મરણ કર્યું, તેથી એ સંદેહો દૂર કરતાં ભગવાનનું ફરી નામ લેતાં (એમને) નમસ્કાર કરે છે. એ વિષયમાં પ્રથમ સૃષ્ટિના પ્રકારમાં સંદેહ કરનાર (રાજા)ને (સૃષ્ટિનો) પ્રકાર નીચેના શ્લોકથી કહેતાં (ભગવાનને) નમન કરે છે :

श्रीशुक उवाच

**नमः परस्मै पुरुषाय भूयसे सदुद्भवस्थाननिरोधलीलया ।**
**गृहीतशक्तित्रितयाय देहिनामन्तर्भवायाऽनुपलभ्यवर्त्मने ॥१२॥**

ઘણા થયેલા, સત્ (પદાર્થો)ની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરવાની લીલાથી ત્રણ શક્તિઓ ગ્રહણ કરેલા, દેહીઓની અંદર થયેલા, જેમનો માર્ગ જાણી શકાતો નથી તેવા પરપુરુષને નમસ્કાર. ૧૨

આરંભમાં (ભગવાન્) 'પર' (એટલે) સંગ વિનાના, ઉદાસીન એકલા જ (હતા) એવો અર્થ છે. ત્યાર પછી એ જ પુરુષ (થયા.) શરીરરહિત વિષ્ણુએ પુરુષના શરીરનો સ્વીકાર આરંભમાં કર્યો (એમ) આથી કહેલું છે. ત્યાર પછી 'હું બહુ થાઉં' એવી ઈચ્છાથી એક જ (હતા તે) ઘણા થયા ત્યાર પછી 'ત્રણ શક્તિઓ ગ્રહણ કરેલા' વિશેષણથી, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયથી ક્રીડા (કરવા)ની ઈચ્છાથી પોતાની સ્થિતિ અને લય લીલા માટે (કરે છે) એટલે એ (જગતના) રૂપથી ભગવાન્ ઉત્પન્ન થાય છે, સ્થિતિ કરે છે અને લય કરે છે, એમ (જણાવ્યું.) આથી ક્રમ પણ જણાવ્યો. સત્ અંશ સર્વમાં રહેલો હોઈ, જેની ઉત્પત્તિ થાય છે તે હદ વગરનું હોવાથી દેશના ભેદથી એક સાથે જ, એક સ્થળે ક્રમથી જ જેમ લીલા થાય તેમ કરે છે, એવો અર્થ છે. 'દેહીઓની અંદર થયેલા' વિશેષણથી એમ કહેલ છે કે ત્યાર પછી એમાં અંતર્યામી તરીકે પ્રવેશ કરે છે. બહાર રહેલા અંદર પ્રવેશ કરે એવું નથી જ, પરંતુ અંદર જ પ્રકટ થાય છે, એવો અર્થ છે. નામ અને રૂપના ભેદથી સૃષ્ટિ બે પ્રકારની હોવાથી નામસૃષ્ટિ (થાય એ) માટે સર્વ રચીને, સર્વમાં પછી પ્રવેશ કરીને, સર્વથી (કોઈથી) જેમનો માર્ગ જાણી શકાતો નથી તેવા થયા, એવો અર્થ છે. તેથી ગુરુ અને વેદ વગેરેથી જ એમનું જ્ઞાન (થાય,) એવો અર્થ છે. ૧૨

એ પ્રમાણે સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય, ભોગ અને મોક્ષ (થાય એ) માટે ભગવાનના (૧)મૂલ રૂપ (૨)સમષ્ટિ રૂપ, (૩)વ્યષ્ટિ રૂપ, (૪)અંતર્યામી રૂપ અને (૫)ફલ રૂપ એવા પાંચ રૂપો કહ્યાં. હવે[૧] નીચેના શ્લોકથી અવતાર (લેવાના) પ્રયોજન સમ્બન્ધી સંદેહ દૂર કરતાં (ભગવાનને) નમન કરે છે :

**भूयो नमः सद्वृजिनच्छिदे सतामसम्भवायाऽखिलसत्वमूर्त्तये ।**
**पुंसां पुनः पारमहंस्य आश्रमे व्यवस्थितानामनुमृग्यदाशुषे ॥१३॥**

સત્પુરુષોના પાપનો નાશ કરનારને, સન્તોનો ફરી જન્મ ન થાય એ માટે સર્વસત્વવાળા દેહ ધારણ કરનારને, પરમહંસના આશ્રમમાં રહેનારા પુરુષોએ

વારંવાર શોધવા યોગ્ય આપનારને પુનઃ નમસ્કાર. ૧૩

(ભગવાન્) અંતર્યામીપણાથી પાપ વગેરેનો નાશ કરે છે જ. બહાર (રહીને) પણ કરે છે એમ (જણાવવા) 'ભૂયઃ' ફરી શબ્દ યોજેલ છે; અથવા ઘણો ઉપકાર કરનારા હોવાથી (એ શબ્દ) નમસ્કારનું વિશેષણ (લેવું.) સન્તોનું દુઃખ દૂર કરવું[2] એજ ભગવાનના અવતારનું પ્રયોજન છે. જોકે બીજા પ્રકારે પણ દુઃખ દૂર કરવાનું થાય, પણ (એવા પ્રકારે) એ સંપૂર્ણ રીતે દૂર ન થાય. એ દુઃખની સંગતિ, ભગવાનમાંથી નીકળ્યા પછી પાછા (એમનામાં) પ્રવેશ થાય ત્યાંસુધી જણાય તેવા અથવા ન જણાય તેવા પ્રકારે કહે છે. એ (સંતતિ)નો નાશ કરવા ભગવાનનો સમ્બન્ધ જ શક્તિવાળો છે, તેથી વચમાં પ્રકટ થઈ એનો નાશ કરે છે. વળી સત્પુરુષોનો 'અસંભવાય' ફરી જન્મ ન થાય એ માટે (ભગવાન્ અવતાર લે છે.) પરબ્રહ્મને શરીર ધારણ કરવાનું, અથવા પ્રકટ થવાનું બીજું કાંઈ પ્રયોજન નથી, કારણકે સન્તો ભગવાનના સમ્બન્ધથી સત્વ પ્રાપ્ત કરેલું છે તેવા હોય છે, પરંતુ ચિત્ અને આનંદ (પ્રાપ્ત કરેલ) હોતા નથી. ફરી જન્મ થાય ત્યારે સત્વ સમ્બન્ધી પણ સંદેહ[3] રહે. સાધનોનો તો સત્વમાંજ ક્ષય થઈ જાય છે, તેથી એઓ (સન્તો ફરી) જન્મે નહિ એ માટે ભગવાન્ પોતે પ્રકટ થાય છે. તેથી દુઃખનો નાશ થોડું (પ્રયોજન) છે. એઓની સ્થિતિ પણ (ભગવાન્) પોતે લે છે એમ (કહેલ છે.) વળી સર્વ સત્વો સત્વગુણના બધા ભેદો છે દેહમાં જેમના[4] (તેવા અવતાર કરે છે.) સર્વ અંશો સાથે (સત્વગુણ હોય છે,) તેથી સાધનની જરૂર થતાં પણ (ભગવાન્) પોતે જ સર્વ સાધનો કરે છે, અથવા દેવોને પ્રકટ કરાવે છે. આ પ્રયોજન માટે જ સત્વગુણ પ્રકટ થાય છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે. અથવા સર્વ 'સત્વાનિ' જીવોના સમૂહો છે જેમના દેહમાં તેવા (પ્રકટ થાય છે.) આથી અનંત જન્મોનો સંભવ હોવા છતાં પણ, એના પ્રતિનિધિ તરીકે (ભગવાન્) સર્વ પ્રકારના સર્વ જીવોને ઉત્પન્ન કરે છે, તેથી ભગવાનના અવતારે જ પોતાના પ્રતિનિધિ તરીકે એ સર્વને ઉત્પન્ન કરેલા હોવાથી એવા પ્રકારનો બીજો કોઈ ભક્ત ઉપર પ્રેમ રાખનાર નથી[5] એવું ભજન કરવાનું સ્વરૂપ કહેલું છે.

વળી માત્ર ભક્તોના જ ઉદ્ધાર માટે ભગવાન્ અવતાર લેતા નથી, પરંતુ જ્ઞાનીઓના પણ (ઉદ્ધાર માટે લે છે,) એમ ઉત્તરાર્ધથી કહે છે. પરમહંસના આશ્રમમાં રહેનારા, દરેક કલ્પમાં સંન્યાસીના પ્રકારથી જ જન્મનારા સનક વગેરે (જેઓ) જ્ઞાનથી પદાર્થ (બ્રહ્મ)ની નજીક હોવાનું જાણે છે, દૂર રહેલા હોવા છતાં

પણ એવું ભાન (જેમને) થતું નથી, અને એ માટે ઘણું દુઃખ પામે છે તેઓએ શોધવા યોગ્ય, અને પછીથી શોધવા યોગ્ય (એટલે) ક્રમમુક્તિ અને સાક્ષાત્મુક્તિ અને (એઓની) વચ્ચેના સામીપ્ય વગેરે ભેદોને પણ 'દાશુષે' આપનારને પાછી શોધવા યોગ્ય આપનારને (નમસ્કાર.) (દાશુષે' એ) વૈદિક શબ્દનો પ્રયોગ કરેલ હોવાથી ફલો પણ માત્ર વૈદિક છે. અથવા 'અનુમૃગ્યમ્' (એટલે) વિચાર કરવા યોગ્ય. અત્યારે[6] કરોડો જન્મો પછી પણ વિચાર કરવા યોગ્ય જ છે. તેથી એઓનું દુઃખ દૂર કરવા પોતાના આત્માને આપનાર[7] છે, એવો અર્થ છે, કારણકે બીજા પ્રકારે[8] આત્મા ભગવાન્ પ્રાપ્ત થતા નથી, જ્ઞાનથી પણ આત્મા તરીકે બાલકના હાથના છેડે રહેલ ચંદ્ર પેઠે પ્રકાશે જ છે. 'પુનઃ' એટલે વારંવાર 'પરમહંસના આશ્રમમાં' (એટલે) બ્રહ્મ અંદર હોવાના જ્ઞાનરૂપ આશ્રમમાં, કારણકે એમાં રહેલા બહિર્મુખ હોતા જ નથી. હંસો તો માનસમાં જ પણ રમણ કરે છે. પરમહંસો તો એનાથી પણ વધારે અંદરના આત્મા જ (રમણ કરે છે.) અથવા આત્મા અને અનાત્માના સમૂહમાં આત્માનો વિચાર કરવો. એ પછી શોધવા યોગ્ય (જાણવું.) ૧૩

૧.અહીંથી હવે શ્લોક ૯ માં 'કર્મ કરતાં' વગેરેથી પ્રશ્ન કરેલ તેનો ઉત્તર કહે છે.(પ્ર)

૨.'વૃજિન' એટલે પાપ. છતાં દુઃખ પાપથી થતું હોવાથી એના મૂલરૂપ પાપ જાય એટલે એ પણ જાય જ.(પ્ર)

૩.જન્મ થયા પછી એ ભાવવિકાર હોવાથી, આગન્તુક હોવાથી, (ન પણ રહે) એવો સંદેહ.(પ્ર)

૪.સત્વથી જ ચિત્ અને આનંદ પ્રાપ્ત થાય છે.(પ્ર)

૫.જેમનો ઉદ્ધાર કરવાનો છે તે સન્તોના પ્રારબ્ધને લીધે ઘણા જન્મો થવાનું સંભવે, છતાં પણ એમની મુક્તિ થવામાં વિલંબ ન થાય એ માટે 'પુત્રો એની મિલકત લે છે, મિત્રો પુણ્ય કર્મ લે છે, હૃષીઓ પાપ કર્મ લે છે' એ શ્રુતિના ધોરણે એના પ્રતિનિધિ તરીકે ઘણા પ્રકારના જીવો ઉત્પન્ન કરે છે, અને એઓ એનાં કર્મોના ફલ ભોગવી લે છે, તેથી એનો ભાર ઊતરી જવાથી ફરી એનો જન્મ થાય નહિ, તેવા (પણ જીવો ઉત્પન્ન કરનારું) ભગવાનનું સ્વરૂપ કહ્યું છે.(પ્ર)

૬.'અત્યારે' એટલે પૂર્ણ જ્ઞાન થયા પછી પણ.(પ્ર)

૭.હંસના રૂપથી પોતાના આત્માને દર્શાવનાર એવો અર્થ.(પ્ર)

૮.'બીજા પ્રકારે' એટલે અવતાર લઈને જ્ઞાન આપે તેથી જદા પ્રકારે.(પ્ર)

એ પ્રમાણે અવતાર સમ્બન્ધી સંદેહ દૂર કરતાં, સર્વ વર્ણોએ અવશ્ય ભજન કરવા યોગ્ય (સ્વરૂપ) જણાવ્યું. હવે નીચેના શ્લોકથી પ્રયોજન સમ્બન્ધી સંદેહ દૂર કરતાં[1] (ભગવાન્) માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવા છે એમ તર્ક સાથે (તર્કથી) સાબિત કરતાં નમન કરે છે :

**નમો નમસ્તેઽસ્ત્વૃષભાય સાત્વતાં વિદૂરકાષ્ઠાય મુહુઃ કુયોગિનામ્ ।**

**નિરસ્તસામ્યાતિશયેન રાધસા સ્વધામનિ બ્રહ્મણિ રંસ્યતે નમઃ ॥૧૪॥**

વૈષ્ણવોના ઉત્તમ (પતિ,) વારંવાર કુયોગીઓથી ઘણા દૂર પ્રદેશવાળા આપને નમસ્કાર નમસ્કાર (હો.) જેની સમાન અથવા અધિક (કોઈ) ન હોય તેવા તેજથી પોતાના સ્થાન બ્રહ્મમાં રમણ કરનારને નમસ્કાર. ૧૪

તેથી[૨] ભક્તિ ઘણી વધી પડતાં ઘણી વાર નમન કરતાં એ (નમન)ની[૩] જ પ્રાર્થના કરે છે, કારણકે શાસ્ત્રમાં પૂર્ણ થયેલાઓને ભગવાનના દર્શન થાય ત્યારે નમસ્કાર જ કરવા યોગ્ય હોવાથી સત્પુરુષોના શિક્ષણનો વિચાર કરતાં 'આપ ગરુડના આસનવાળાને શું આસન (આપવું)?' એ વાક્ય પ્રમાણે પોતાનું (નમનથી) બીજું કર્તવ્ય નથી, તેથી એવા (ઘણી ભક્તિવાળા) થયેલા અમને ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે એ પ્રમાણે (આપને) નમન જ હો એવી પ્રાર્થનાથી, બધાયે સાધનોથી આટલું જ[૪] પ્રયોજન હોવાનું કહેલું છે. વળી 'તે' આપને (એમ) પ્રત્યક્ષપણાથી (નમન કરાય છે,) પરંતુ મને અથવા એમને (નમન કરવાનું) કહેલ નથી. આથી બીજું અધિક પ્રયોજન ઈચ્છવા યોગ્ય નથી એવો શાસ્ત્રોનો સાર છે.

વળી 'વૈષ્ણવોના ઉત્તમ (પતિ)' 'સાત્' પ્રત્યયવાળાઓના (પતિ કહ્યા,) 'સાત્' પ્રત્યય એને અધીન હોવાના અર્થવાળો છે (પાણિનિ ૫-૪-૫૪) એમ 'સાત્' પ્રત્યય વ્યાકરણમાં 'આત્મસાત્' એમ કહેલો છે. એ વિષયમાં 'સાત્'વાળાએ સાત્વતો (વૈષ્ણવો) કોઈપણ સમયે સ્વતંત્ર હોતા નથી, પરંતુ ભગવાનને અધીન જ રહે એવા (છે.) એમના ઉત્તમ (પતિ ભગવાન્ છે.) આવી સ્થિતિથી ભગવાન્ સ્વામી હોય એ પણ પ્રયોજન છે. માત્ર નમનથી જ પોતાની મેળે અંત આવતાં, એમને અધીન રહેવારૂપ અધિક ધર્મ પ્રાપ્ત થતાં, (ભગવાન્) પોતાની સેવા પણ કરાવે, તેથી વંદન પછી દાસ્ય પણ પ્રયોજન (થાય છે) એમ પણ કહ્યું પરંતુ જેઓ યોગ વગેરેથી એમને પ્રાપ્ત કરશું એમ વિચારે છે તેઓ 'કુયોગી' પૃથ્વી ઉપરના જ યોગીઓ છે એમ (કહ્યું.) કારણકે ભૂમિ ઉપર જ રહેલાઓ બ્રહ્માંડ ઉપર રહેલી વસ્તુને પ્રાપ્ત કરતાં નથી. અને આ ખરાબ યોગ ખરાબ ફલ અથવા ભૂમિ ઉપરનું (ફલ) આપે. તેથી જ અણિમા વગેરે એ (યોગ)ના ફલ કહેલાં છે. યોગ તો (જીવ)ને સ્વાધીન છે અને ભગવાન્ સ્વાધીન નથી અને યોગેશ્વર છે તેથી યોગમાં જેઓની મતિ દઢ થયેલી છે તેઓથી જે દિશામાં ભગવાન્ છે તે દિશા પણ દૂર છે. સાધનો પણ એનાથી પણ દૂર (એને) લઈ જાય છે, તેથી ઘણી દૂર છે દિશા જેમની તેવા (ભગવાન્) છે. આથી એમ કહેલું છે કે (ભક્તિથી) જુદા સાધનથી પ્રયોજન

સિદ્ધ થાય એવું નથી. એકવાર યોગી થયા હોય તો પાછળથી દિવ્ય વગેરે ભોગ (થાય) તો (ભગવાનને) પ્રાપ્ત કરે પણ (ખરા,) વારંવાર કુયોગી થાય ત્યારે આશા પણ નથી, એવો અર્થ છે પ્રાપ્તિ ન થવી એ જ દૂર પ્રદેશ હોવાપણું. 'વારંવાર' શબ્દથી એઓથી સાધન (થતાં) નથી એમ સૂચવેલું છે. તેથી અન્વય અને વ્યતિરેક કહીને માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવા હોવાનું સાબિત કર્યું.

વળી જેમની સમાન કે અધિક કોઈ ન હોય (તેવા છે.) 'રાધસ્' તેજ શબ્દથી જણાતી ભગવાનની કોઈ એક સિદ્ધિ છે, તેવી સિદ્ધિ બીજા કોઈ સ્થળે (કોઈમાં) નથી; અને તેથી અધિક પણ નથી. એવી સિદ્ધિથી ભગવાન્ પોતાના ઘરમાં જ રમણ કરે છે, અને એ (ઘર) અક્ષરરૂપ બ્રહ્મ છે. 'રમણ કરનાર' શબ્દથી એમ (જણાવ્યું છે કે) પોતામાં રહેલો રસ જ એ (સિદ્ધિ)ના સમ્બન્ધથી પ્રકટ કરે છે, આટલાથી[5] એમ (જણાવ્યું છે કે ભગવાન્) 'સ્વરૂપમાં સ્થિતિ (કર્યા) વિના બીજે ક્યાંય રમણ કરતા નથી, ભગવદીય રસ ત્યાં જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, અને ઘર એમનું જ છે, અને એનું સાધન જેની સમાન અથવા અધિક કોઈ નથી તેવી સિદ્ધિ છે, તેથી[6] બીજાઓને એ સિદ્ધિની પ્રાપ્તિ સર્વથા દુર્લભ છે, પરંતુ ઘરના સેવકને સુલભ છે,' કારણકે એ પોતાના ઘેર એને લઈ જઈને રમણ કરશે એવી આ ઉપપત્તિ[7] (તર્ક)થી (ભગવાન્) માત્ર ભક્તિથી પ્રાપ્ત થાય તેવા હોવાનું સિદ્ધ થાય છે. 'પોતાના સ્થાન' આ શબ્દથી એમ સૂચવેલું છે કે બીજો ત્યાં જઈ અથવા રહી શકતો નથી. બ્રહ્મ હોવાથી એ ન જાય એવું નથી. સદા રસનો પ્રવાહ થતો હોવાથી સાયુજ્યની ઈચ્છા (થતી) નથી, તેથી એવી ભક્તિ ન (થતી) હોય ત્યારે માત્ર નમન કરવું, તેથી એવા (ભગવાન)ને નમસ્કાર એમ 'રમણ કરનારને નમસ્કાર' શબ્દોથી કહેલું છે, એવું જાણીને નમન કરવું એ પણ પ્રયોજન છે, એમ શુક વગેરે માત્ર એટલાથી જ અટકી જાય છે, એમ સૂચવેલું છે. ૧૪

૧.'તેથી જ' એટલે ભાગ ૮-૨૨માં ભગવાન્ અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવા હોવાનું કહેલ હોવાથી.(પ્ર)

૨.'એની' એટલે ભક્તિની (પ્ર) આ શ્લોકમાં નમનથી જ પ્રાર્થના કરતા હોવાનું જણાય છે.

૩.બધાં સાધનોનું પ્રયોજન ભગવાનનો સાક્ષાત્કાર જ છે, અને એ પ્રાપ્ત થાય ત્યારે નમન જ કરવું એ પ્રયોજન છે.(પ્ર)

૪.ભક્તિ થાય ત્યાં ભગવાન્ પ્રાપ્ત થાય છે એ અન્વય અને ભક્તિ ન હોય ત્યાં પ્રાપ્ત થતા નથી એ વ્યતિરેક.ભા–૧૪

૫.'આટલાથી' એટલે ઉત્તરશર્ધથી.(પ્ર)

૬.'તેથી' એટલે એઓ ઘરના સેવક ન હોવાથી.(પ્ર)
૭.કારણકે કોઈ સ્નેહ વિના કોઈને પોતાના ઘેર લઈ જતો નથી એવા ઘેર લઈ જવારૂપ તર્કથી.(પ્ર)

એ પ્રમાણે પ્રેમ ભક્તિવાળાએ કાંઈ પણ કરવાનું નથી એમ કહીને, નીચેના શ્લોકથી બહારની[1] ભક્તિનું ફલ ઓછું જણાવતાં નમન કરે છે :

**યત્કીર્ત્તનં યત્સ્મરણં યદીક્ષણ યદ્વન્દનં યચ્છ્રવણં યદર્હણમ્ ।**
**લોકસ્ય સદ્યો વિધુનોતિ કલ્મષં તસ્મૈ સુભદ્રશ્રવસે નમોનમઃ ।।૧૫।।**

જેમનું કીર્તન, જેમનું સ્મરણ, જેમનું દર્શન, જેમનું વંદન, જેમનું શ્રવણ (અને) જેમનું પૂજન લોકના પાપનો તરત નાશ કરે છે તે ઘણી ઉત્તમ કીર્તિવાળાને નમસ્કાર, નમસ્કાર (હો.) ૧૫

બહારની છ પ્રકારની ભક્તિથી સંસારીઓના પાપનો તરત જ નાશ થાય છે, એવો અર્થ છે. દર્શન[1] ચરણની સેવા થાય છે. અહીં[2] પાપના નાશનો ભેદ જણાવવા જુદો ક્રમ કહેલો છે. એમાં કીર્તન પોતાના અને બીજાના સર્વ પાપોનો નાશ કરનારું હોવાથી, શ્રવણ કરતાં પણ એને ઉદાર જણાવવા પહેલું કહેલું છે. એની પછી એના પણ મૂલરૂપ, એન પૂર્ણ કરનાર, માત્ર પોતાની અંદર રહેલ હોવા છતાં પણ આધ્યાત્મિક પાપનો નાશ કરી અંતઃકરણ શુદ્ધ કરનાર સ્મરણ કહેલું છે. એવી રીતે કીર્તન અને સ્મરણથી પ્રેમ ઉત્પન્ન થાય ત્યારે ભગવાનના પધારવાથી અથવા પોતે જવાથી જે ભગવાનનું દર્શન (થાય તે કહેલું છે.) પ્રભાવ સાથેનું (ભગવાનનું) સ્થાન ભગવાનનું પ્રતિનિધિ હોવાથી અને પ્રેમ અલ્પ હોવાથી ભગવાનને ચલાવવાની શક્તિ ન હોવાથી બહાર અથવા ચિંતનથી[4] (હૃદયની) અંદર એમનું દર્શન થાય એ (કહેલું છે.) એ દર્શનથી આધિદૈવિક પાપનો નાશ થાય છે. 'જે દેવોની દષ્ટિમાં દોષ છે' એ શ્રુતિમાં એ પાપ જણાવેલું છે. એમની દૃષ્ટિ તે ભગવાનની દૃષ્ટિનો વિષય થાય ત્યારે (એ) ક્રૂર દૃષ્ટિ મટી જાય છે, એટલે એ દોષનો નાશ થાય છે.

ત્યારપછી જે વંદન (થાય,) તે ભગવદીયના અપરાધરૂપ દોષનો નાશ કરનાર છે, વાસ્તવિક રીતે જીવ નક્કી ભગવાનનો સેવક હોઈ, ઘણા સમય સુધી એમની સેવા કર્યા વિના રહ્યો, એવા પોતાના ધર્મના ત્યાગથી અધર્મ થયો; એ દર્શન (થયા) પછી વંદનથી જ નાશ પામે છે. પછી એની પછી ભગવદીયના મુખથી જે ભગવાનના માહાત્મ્યનું શ્રવણ, તે સર્વ વસ્તુઓનું ખરું સ્વરૂપ જણાવનારું હોવાથી એમના અજ્ઞાનથી થયેલા મૂલભૂત પાપનો નાશ કરનારું છે. પછી માહાત્મ્ય જાણવામાં આવતાં, જે ક્ષણે ક્ષણે ભગવાનનું 'અર્હણમ્' પૂજન એટલે સત્કાર, તે

ભગવાનની માયારૂપ, તેણે (માયાએ) કરેલ વ્યામોહરૂપ પાપનો નાશ કરે છે, કારણકે એ પૂજન પ્રપત્તિરૂપ[5] છે. અનન્યતા ન હોવાથી (એને) એવા[6] પ્રકારનું કહેલું નથી, તેથી ભક્તિમાર્ગમાં જેમણે પ્રવેશ કરેલ ન હોય તેવા બીજાઓ પણ એ પ્રકારે (ભક્તિ) કરે તેથી (એ) જુદાં જુદાં પાપોનો નાશ કરનારી હોવાથી સર્વ પાપોનો નાશ (એનું) ફલ થાય છે. તેથી ભગવાનની કીર્તિ તે સર્વ (ભક્તિ)નું મૂલ હોવાથી, ભગવાનની કીર્તિ ઘણી ઉત્તમ છે. સારું અને ખરાબ સરખાં હોઈ, જે ખરાબનો નાશ કરે તે ઘણી ઉત્તમ થાય છે. પહેલું શ્રવણ થાય એ તો એ સમયે (શરીરની) અંદર પ્રવેશ કરીને ડોળીને મહાભૂતોમાંથી દેહ વગેરેમાંથી પાપનો નાશ કરવાની શક્તિવાળું ન હોવાથી, એ પહેલાં કહેલું નથી. કીર્તન તો એવું (એવી શક્તિવાળું) હોવાથી (પહેલું) કહેલું છે, એવો ભેદ છે. ૧૫

૧.'બહારની' એટલે પ્રેમ વિનાની, એવો અર્થ જણાય છે.

૨.દર્શન (નવ પ્રકારની) ભક્તિમાં ગણેલ નથી, છતાં અહીં ભક્તિમાં ગણ્યું, કારણકે ચરણ સેવાથી થાય છે.(પ્ર)

૩.'અહીં' એટલે સંસારીઓએ કરેલી ભક્તિમાં. તેથી પ્રયોજન જુદું હોઈ જુદો ક્રમ કહ્યો છે.(પ્ર)

૪.પ્રભાવ સાથેના ભગવાનમાં સ્થાનનું અંદર ચિંતન કરવાની.(પ્ર)

૫.'પ્રપત્તિરૂપ' એટલા વચલા વિનિયોગરૂપ.(પ્ર) અહીં પ્રકાશકારે 'પ્રતિપત્તિરૂપ' પાઠ લીધેલ જણાય છે.

૬.'એવા' એટલે પ્રવૃત્તિ.

એ પ્રમાણે છ પ્રકારની ભક્તિ છ પ્રકારના પાપનો[1] નાશ કરનારી હોવાનું કહીને, કીર્તિ જો એટલેથી જ અટકતી હોય તો મોક્ષ અંતે કરાવનારી ન હોવાથી શાસ્ત્રનો વિરોધ થાય, તેથી એ અંતે મુક્તિ કરાવનારી હોવાનું જુદા પ્રકારથી નીચેના શ્લોકથી કહે છે :

**વિચક્ષણા યચ્ચરણાવસાદનાત્સઙ્ગં વ્યુદસ્યોભયતોઽન્તરાત્મનઃ ।**

**વિન્દન્તિ હિ બ્રહ્મગતિં ગતક્લમાસ્તસ્મૈ સુભદ્રશ્રવસે નમોનમઃ ॥૧૬॥**

ચતુર (પુરુષો) જેમના ચરણમાં રહેવાથી બંને તરફથી અંતઃકરણના સંગને તજી દે છે (અને) ક્લેશરહિત થઈ બ્રહ્મની ગતિ પ્રાપ્ત કરે છે તે ઉત્તમ કીર્તિવાળાને નમસ્કાર નમસ્કાર (હો.) ૧૬

ચતુર ન હોય તેઓની આ છ પ્રકારની ભક્તિ કહી. એ પ્રમાણે છ પ્રકારની (ભક્તિ)થી ચતુરાઈ આવે. એ પછી ચતુર થઈ ભગવાનના ચરણારવિંદમાં જ રહે છે. ત્યાર પછી બીજા કોઈ પદાર્થમાં આસક્ત થતા નથી. એ સમયે[2] એમાં જ રહેલા બંને

તરફથી સંગ તજી દે છે, કારણકે બેસી રહેવાથી સંગ ઢીલા થઈ જાય એ યોગ્ય જ છે. એ સમયે પણ અંતઃકરણથી ભગવાનમાં રહેવાથી અંતઃકરણનો જ સંગ બંને તરફથી[૩] જતો રહે છે. એ પછી (અંતઃકરણને) ખેંચનારા ન રહેવાથી ભગવાન્ સાથે જવાની શક્તિ આવે છે, કારણકે ચરણમાં રહેનારા ચરણ સાથે જવાની શક્તિવાળા હોય છે, તેથી (એઓ) બ્રહ્મગતિ પ્રાપ્ત કરે છે. ('બ્રહ્મગતિ' એટલે) બ્રહ્મ સાથે ગતિ, અથવા બ્રહ્મમાં ગતિ અક્ષર (બ્રહ્મ) (ભગવાનનું) ચરણ અથવા ઘર હોઈ એ બંને ઘટે છે. તેથી બીજા માર્ગથી પણ એવા પ્રકારના સાધનથી પહેલાંની સમાન (ફલ) થાય છે. તેથી બંનેનું એક જ ફલ હોવાથી જે કહેવામાં આવે છે તે ઘટે છે, કારણકે એમની (ભગવાનની) ગતિ જ્ઞાનરૂપ[૪] છે. તેથી જ જ્ઞાનક્રિયા અને ધાતુનો અર્થ હોવાનું ઘટે છે.[૫] અને ભગવાનની ક્રિયા તરીકે જ્ઞાનક્રિયા[૬] છે. ભગવાનને ઈંદ્રિયો ન હોવાથી, (એમનામાં) ઉત્પન્ન થતી ક્રિયા (હોવાનું) સંભવતું નથી, અને નિત્યક્રિયા પ્રસિદ્ધ નથી. યજ્ઞો તો ક્રિયાના પ્રકારથી ભગવાનનો આવિર્ભાવ કરતા હોવાથી, બીજા પદાર્થો પેઠે ક્રિયા પણ ભગવદ્રૂપ થાય છે. 'એ હાલે છે, એ હાલતું નથી' વગેરે (શ્રુતિઓ) તો (ભગવાન્) વિરુદ્ધ સર્વ ગુણોના આધાર હોવાથી ગુણના પ્રકારથી પ્રગટ થયેલ (ભગવાનનું) સ્વરૂપ જણાવે છે. તેથી સત્ ચિત્ અને આનંદની પેઠે ક્રિયા સ્વરૂપ થયેલી નથી, તેથી તેજના સ્વભાવવાળું જ્ઞાન જ જતું (ગતિવાળું) હોય તેના જેવું જણાય છે. તેથી સ્મરણ કરવાથી મન જાય છે એની પેઠે જ્ઞાન જ ક્રિયારૂપ છે. તેથી ભગવાનની ચૈતન્યરૂપ ગતિ જાણે છે. બ્રહ્મસૂત્ર ૪-૪-૬ના પ્રકારથી પ્રાપ્ત થઈ શકે તેવો (એ) લાભ પ્રાપ્ત કરે છે, તેથી જ મુખ્ય સિદ્ધાંતથી ફલમાં પણ ભેદ રહે છે, અને આ વિષય યોગ્ય છે, કારણકે કીર્તિ અંતે મુક્તિ કરાવનારી છે. 'ક્લેશરહિત' વિશેષણથી (એમ કહેલું છે કે) જ્ઞાન વગેરેથી અથવા અક્ષરની ઉપાસનાથી (એ) બીજા માર્ગોથી પણ એ જ સ્વરૂપને પ્રાપ્ત કરે છે, છતાં પણ[૭] 'એઓને ઘણો અધિક કલેશ થાય છે' (ભ.ગી. ૧૨-૫) એ વાક્ય પ્રમાણે એઓને કલેશ થાય છે, પરંતુ જેઓ કીર્તનની પ્રણાલિકાથી જાય છે તેઓ કલેશ પામ્યા વિના જ જાય છે, એવો બીજા સાધનોથી ભેદ છે. તેથી જ કીર્તિને મુખ્ય કરીને (ભગવાનને) નમસ્કાર કરે છે. 'ઉત્તમ કીર્તિવાળાને નમસ્કાર' એ પહેલાંની પેઠે. બહારની ભક્તિથી પણ (ભગવાન્) એવી જ કૃપા કરે છે તેથી આદરને લીધે બંને (શ્લોક)માં નમસ્કાર બબે વાર (કર્યા છે.) ૧૬

૧.આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક, ભગવાનના અપરાધથી થયેલ, ભગવાનના

માહાત્મ્યજ્ઞાનને અટકાવનારું, માયા અને એના કાર્યોથી થયેલું એવા છ પાપ.(પ્ર)
૨.'એ સમયે' એટલે (બીજાના) ઉપયોગમાં ન રહેવાના સમયે.(પ્ર)
૩.'બંને તરફથી' એટલે અંદરથી અને બહારથી.(પ્ર)
૪.'અક્ષર વ્યાપક (સર્વત્ર રહેનાર) હોવાથી એની ગતિ હોય નહિ, તેથી એની સાથે ગતિ થઈ શકે નહિ' એવી શંકા થાય તેથી આ કહેલ છે.
૫.અહીંથી અક્ષરની ગતિ હોવાનું જણાવે છે. અક્ષરની ગતિ જ્ઞાનરૂપ હોવાથી જ જ્ઞાનક્રિયા અને ગતિ જેનું કર્મ છે તેવો ધાતુનો અર્થ હોવાનું ઘટે છે. જો જ્ઞાન ક્રિયારૂપ ન હોય તો 'જાણે છે' એવા ક્રિયાની ગતિવાળા ધાતુ જ ન હોય. જે ગતિના અર્થવાળા છે તે જ્ઞાનના અર્થવાળા (ધાતુ) છે.(પ્ર)
૬.'જેમનું તપ જ્ઞાનમય છે' એ શ્રુતિ પણ આના આધારરૂપ જાણવી.(પ્ર)
૭.જેમ એક પદાર્થ પછી બીજા પદાર્થને ગ્રહણ કરતું મન 'મન જાય છે' એવું ભાન કરાવે છે, તેમ જ્ઞાન પણ પ્રકાશ કરવાના સ્વભાવવાળું હોઈ અવ્યક્ત બ્રહ્મમાં જુદા જુદા રૂપે રહેલા વિષયોનો એક પછી એકનો પ્રકાશ કરતું જાય છે એમ જણાય છે, તેથી જ્ઞાન જ ભગવાનની ક્રિયારૂપ છે.(પ્ર)
૮.શ્લો. ૧૪માં ઉત્તમ કક્ષારૂપ ભક્તિ દાસ્યથી મુખ્ય ભગવદ્રસ પ્રાપ્ત કરાવનારી કહી, શ્લો.૧૫માં હલકી કક્ષારૂપ ભક્તિ પાપનો નાશ કરનારી કહી આ શ્લો. ૧૬માં મધ્યમ કક્ષારૂપભક્તિ બ્રહ્મ પ્રાપ્ત કરાવનારી કહી એવો ફલમાં ભેદ છે.(પ્ર)
૯.જ્ઞાનમાર્ગથી આ માર્ગમાં શો ભેદ છે, એ જણાવવા આ કહેલ છે.(પ્ર)

એવી રીતે જ્ઞાન અને ભક્તિમાર્ગ સારી રીતે સિદ્ધ કરીને, કર્મમાર્ગમાં પણ ભજન આવશ્યક હોવાનું કહેતાં, નીચેના શ્લોકથી એમના સ્વરૂપ સમ્બન્ધી સંદેહ[1] દૂર કરે છે:

**તપસ્વિનો દાનપરા યશસ્વિનો મનસ્વિનો મંત્રવિદઃ સુમઙ્ગલાઃ ।**
**ક્ષેમં ન વિન્દન્તિ વિના યદર્પણં તસ્મૈ સુભદ્રશ્રવસે નમોનમઃ ।।૧૭।।**

તપસ્વીઓ, દાનમાં તત્પર રહેનાર, યશવાળા, દઢમનવાળા, મંત્રો જાણનારા, જેમને અર્પણ કર્યા વિના કલ્યાણ પ્રાપ્ત કરતા નથી તે ઉત્તમ કીર્તિવાળાને નમસ્કાર નમસ્કાર (હો.) ૧૭

કૂવા અને વિસામા કરાવનારા યશવાળા (થાય છે.) મંત્રો જાણનારા (એટલે) મંત્રોની ઉપાસના કરનારા, અથવા યજ્ઞ કરાવનારા, 'સુમંગલાઃ' સદાચારવાળાઓ, (પૂર્વાર્ધમાં) આ છ પ્રકારના કર્મમાર્ગમાં કહેલા છે. તપ નક્કી દુઃખરૂપ છે. એ તો પાકની પેઠે સાધનમાં જ પરિણમે[2] છે, સુખ આપતું નથી, કારણકે દુખતાં દેહ અને ઈંદ્રિયો નક્કી સુખ ન આપે. શાસ્ત્રમાં કહેલ હોવાથી ફલ આપે તોપણ (ફલ) આપનારનો સમ્બન્ધ (થતો) ન હોવાથી[3] (ફલ ન આપે.) માત્ર આજ્ઞા[4] હોવાથી એમ કરવામાં આવે તોપણ પોતાના આત્માનું સમર્પણ કરનાર તરીકે જ[5] (કરવાનો) એમ

જણાવવાનો અભિપ્રાય છે. અદષ્ટ દ્વારા[૬] (એ) ફલ ઉત્પન્ન કરે એવું પ્રમાણ નથી. 'શરીરમાં રહેલાં સમૂહને વશ કરતાં' (ભ.ગી. ૧૭-૬) એમ (એનો) વિરોધ કહેલ છે.[૭] 'જુદા જુદા પ્રકારના ભાવો મારાથી જ થાય છે' (ભ.ગી. ૧૦-૫) એવું કારણ કહેલ હોવાથી પરંપરાની કલ્પના કરવામાં પ્રમાણ ન હોવાથી ભગવાનની ક્રીડામાં ઉપયોગીપણું પ્રાપ્ત કરાવતા દેહને ભગવાન(ની ક્રીડા) માટે યોગ્ય[૭] બનાવે છે.[૮] સર્વરૂપ ભગવાન્ (જીવોનો) ક્લેશ જોઈને અથવા બીજાના ક્લેશને મટાડવા ફલ આપે છે એમ જે (કહેવું) તે સુખ આપનારું નથી, કારણકે ભગવાને આપેલું હરીફાઈ અદેખાઈ વગેરે સાથેનું હોઈ ન શકે.[૮] એ પ્રમાણે ઘણાને આપવાનું હોય ત્યારે બીજાઓને આપતાં શોષણ કરવાથી વસ્તુને શુદ્ધ કરાય છે તેમ (આપતાં) બાકી રહેલાને[૯] શુદ્ધ કરે છે.

આપેલા[૧૦] દ્રવ્યનો[૧૧] તો નાતજાતનો ઉપયોગ થતો હોવાથી (એ) ફલ પ્રાપ્ત કરાવનારું થવાનો નિશ્ચય થતો નથી. આથી ભગવાનના કર્તવ્યમાં એ (ધન)ની પોષણ ક્રિયા પરિણમતી હોવાથી એમાં એ આપવામાં ન આવે અને સ્વતંત્ર રીતે વપરાય તો ચોરી થતી હોવાથી જરાયે કલ્યાણ પ્રાપ્ત થતું નથી[૧૦] કૂવા અને વિસામા (કરાવવા) વગેરેમાં પણ (એ) વિશ્રામ ઉત્પન્ન કરનારા હોવાથી ભગવાને ઈચ્છેલું કરવામાં આવવાથી દાનના[૧૨] જેવો જ એનો નિર્ણય છે. દઢ મનવાળા તો યોગીઓ જ છે, કુયોગીઓના વિચારથી જ એઓનો વિચાર થઈ ગયો. બધી (ઇંદ્રિયો)નો નિરોધ કરવામાં આવે ત્યારે જુદી જુદી (ઇંદ્રિયો)ના અધિષ્ઠાતાઓનો દ્રોહ થાય જ; પરંતુ જો ભગવાનનો સમર્પણ કરવામાં આવે તો એમના વચનથી કહેલું જ કરેલ હોવાથી કોઈપણ દોષ થવાનું સંભવતું નથી. ધર્મમાર્ગમાં પણ 'કહેવાથી ધર્મનો નાશ થાય છે' એ વગેરેથી (એવો) નાશ થવાનું સંભવતું હોવાથી સમર્પણ કરવું યોગ્ય છે.[૧૩] મહારાજને સમર્પણ (કરવું) વગેરેમાં ભોગ અથવા કાળથી નાશ થવાનું સંભવે છે તે પૈકી ભગવદીયોના કાળથી[૧૪] નાશ થતો ના હોવાથી, ભગવાન્ ભોગ કરે ત્યારે એમનું (કાર્ય) અથવા (એમનો) પ્રસાદ થશે, તેથી ઉપર (કહ્યું તે) પ્રમાણે જ્ઞાનમાર્ગ અથવા ભક્તિમાર્ગમાં પ્રવેશ થશે તેથી 'ઉત્તમ કીર્તિવાળાને (નમસ્કાર નમસ્કાર)' એમ કહેલું છે. ત્રણે[૧૫] માર્ગમાં રહેલા ભગવાનના (સેવકો) છે, એવી ભગવાનની કીર્તિ છે. બીજાઓનો[૧૬] તો એ (માર્ગ)માં[૧૭] પ્રવેશ થતો નથી. તેથી પ્રેમથી વારંવાર નમન કરે છે. ૧૭

૧.માત્ર કર્મમાં શ્રદ્ધાવાળા જ શુદ્ધકર્મી છે કે ભગવાનને કર્મ અર્પણ કરનારા શુદ્ધકર્મી છે એવો સંદેહ.(પ્ર)
૨.અન્નનો પાક જેમ સુખના સાધન ભોજનમાં પરિણમે છે તેમ તપ પણ દેહ, ઇંદ્રિયો વગેરેને પકવે છે, એટલો સુખના સાધન ભોગમાં પરિણમે છે, પણ સુખ આપનું નથી.(પ્ર)
૩.દેવતા વગેરેની પ્રાપ્તિરૂપ ફલ આપે, પણ દેવપણું વગેરે આપી અટકી જાય, તેથી સાધનમાં જ અટકી જાય છે, સુખ આપનારું નથી.(પ્ર)
૪.ભગવાનની આજ્ઞા હોવાથી.(પ્ર)
૫.તપોરૂપ ધન, એની સાથે પોતાનો આત્મા સમર્પણ કરવાનો જ એ આજ્ઞાનો અભિપ્રાય છે.(પ્ર)
૬.દૃષ્ટ સમર્પણથી જ ફલ પ્રાપ્ત થાય છે, તેથી અદૃષ્ટની કલ્પના કરવી યોગ્ય નથી. આગ્રહથી એવી કલ્પના કરીએ તોપણ ગીતાના વાક્યનો વિરોધ થાય છે.
૭.'ભગવાનની આજ્ઞાથી તપ કરે તેમાં પણ સંતાપ થાય છે અને એનો પણ સાધનમાં જ અંત આવે છે, તેથી સમર્પણ કરવામાં શો લાભ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (ભ.ગી. ૧૦-૪/૫)માં ભગવાન્ જ સુખ આપનાર જણાવેલ હોવાથી, પરંપરાથી સુખ આપ એવી કલ્પના કરવાનું પ્રમાણ નથી, ભગવાનની આજ્ઞાથી કરેલ તપ દેહ ઇંદ્રિયો વગેરેનું પાચન કરી, એઓને ભગવાનની ક્રીડામાં ઉપયોગી કરે છે, એટલે એ ભગવાને વિચારેલ કાર્ય જ કરે છે. તેથી ભગવાન્ પ્રસન્ન થઈ પોતે જ સુખ આપે છે.(પ્ર)
૮.'બંને પક્ષમાં પરંપરાથી ફલ ભગવાન્ આપે એમાં શો દોષ?' એવો વિચાર આવે તેથી આ કહેલ છે. પરંપરાથી ન આપે ત્યારે જ આ (હરીધર્મ, અદેખાઈ) દોષ થાય છે.(પ્ર)
૯.ભોગ આપવામાં બાકી રાખેલ, જેઓનાથી ભોગ કરવાનો બાકી રખાવેલ છે તેવા દેહ તથા ઇંદ્રિયોને શુદ્ધ કરે છે, એટલે પોતાનું (ભગવાનનું) કાર્ય કરવા શક્તિવાળા બનાવે છે. એ પ્રમાણે વિચાર કરતાં ભગવાને વિચારેલ ક્રમ પ્રમાણે તપ કરતાં ભગવદીયપણું થાય, શાસ્ત્રમાં કહેલ હેવાથી તપ કરતાં એ સમર્પણ કરવામાં આવે ત્યારે શુદ્ધકર્મીપણું થાય, સમર્પણ ન કરવામાં આવે ત્યારે અશુદ્ધ કર્મ કરનાર થાય, શાસ્ત્રમાં ન કહેલ કર્મ કરવાથી આસુરપણું થાય, એવા કર્મના સ્વરૂપમાં ભેદ છે.(પ્ર)
૧૦.દાન સમ્બન્ધી નિર્ણય આ ભાગથી કરે છે. (પ્ર) માત્ર દાન ફલ પ્રાપ્ત કરવાનું નથી, પરંતુ (દાનમાં આપેલ) દ્રવ્યના ઉપયોગ સાથેનું દાન એવું છે. તેથી જ પાત્રને દાન આપવાનું કહેલ છે. એ દાનનો કેવો ઉપયોગ કરશે એ જાણી શકાતું ન હોવાથી ભગવાનના કર્તવ્યમાં એનો ઉપયોગ થાય તો એ ફલ આપે. ભક્તોનું પોષણ ભગવાને કરવાનું છે તેથી એવા કાર્યમાં કરેલું દાન ફલ પ્રાપ્ત કરાવનારું છે.(પ્ર)
૧૧.દાન શાસ્ત્રમાં પણ હોવાનું કહેલ છે તેથી એ કલ્યાણકારક જ હોવું જોઈએ, એવો મન ખોટો ઠરાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે.(પ્ર)
૧૨.દાન જેવો આનો નિર્ણય કરેલ છે. કૂવામાં પશુ કે માણસ પડી જાય, જલ ખારું હોય, તે કૂવા નકામ, વિસામા સુકાઈ જાય, ચોરો, જારો ત્યાં આવે, ત્યાં મદ્યપાન થાય તેથી ઊલટું પાપ થાય. એઓનો સારો ઉપયોગ થાય, તોપણ એઓનું સ્વામીપણું રાખવાથી દુષ્ટ બુદ્ધિવાળા થવાય.(પ્ર)
૧૩.અહીંથી ભગવાનને કીર્તિપૂર્વક નમવાનું પ્રયોજન કહે છે. એમ કરવાથી ઉત્તમ ફલ થાય એ જ

પ્રયોજન છે.(પ્ર)
૧૪.કાલથી પદાર્થનો નાશ, એવો અર્થ છે.(પ્ર)
૧૫.'ભગવદીયો' એટલે ભગવાનને સમર્પણ કરેલા તપ વગેરે.(પ્ર)
૧૬.જેને મુખ્ય ગણી ભગવાનને નમન કરાય છે તે કીર્ત આથી જણાવી છે.(પ્ર)
૧૭.બીજાઓ એટલે ત્રણ શ્લોક ૧૫-૧૬-૧૭માં કહ્યા તેનાથી જુદાઓનો.(પ્ર)
૧૮.'એ માર્ગ' એટલે ભક્તિમાર્ગમાં અથવા જ્ઞાનમાર્ગમાં.(પ્ર)

એ પ્રમાણે સાક્ષાત્ ભગવાનના સમ્બન્ધમાં આવેલાનો ભગવાનમાં પ્રવેશ થાય છે એમ કહીને, ત્રીજી ગતિ ન થાય એ માટે જેમને સાક્ષાત્ સમ્બન્ધ થયેલ ન હોય તેઓનો પણ એમનામાં ભગવાનમાં પ્રવેશ કરવાનો પ્રકાર કહે છે. 'ઉદાસીનને શત્રુ પેઠે તજવો' એવા ભગવાનના વાકયથી એ કહેશે. તેથી[1] ભગવાનનો આશ્રય કરેલા, અને ભગવદીયનો આશ્રય કરેલા એક (કોટિ)માં, બીજાઓ બીજી કોટિમાં, એવો નિર્ણય થાય છે. તેથી નીચેનો શ્લોક કહે છે :

**કિરાતહૂણાન્ધ્રપુલિન્દપુલ્કસા આભીરકઙ્કા યવનાઃ ખસાદયઃ ।**
**યેઽન્યે ચ પાપા યદપાશ્રયાશ્રયાઃ શુધ્યન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવે નમઃ ।।૧૮।।**

કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન (અને) ખસ વગેરે અને બીજા પાપીઓ જેઓ જેમના આશ્રયવાળાના આશ્રયવાળા (હોઈ) શુદ્ધ થાય છે તે પતિને નમસ્કાર.૧૮

કિરાત વગેરે જુદા જુદા દેશના પર્વતોમાં રહેનારા જાતિ અને કાર્યથી દુષ્ટ અંત્યજો માત્ર ભક્તોનો આશ્રય (કરવા)થી જ શુદ્ધ થાય છે, ભક્તોની પેઠે ભગવાનની સેવા કરવા યોગ્ય થાય છે. બીજા પણ પાપીઓ પ્રાયશ્ચિત્ત કરવાના અધિકાર વિનાના પણ એ પ્રમાણે શુદ્ધ થાય છે. આઠ દિશાઓ અને મધ્યના કહેવાની ઈચ્છાથી આ નવ પ્રકારના ગણેલા છે. ભક્ત દ્વારા પણ ભગવાનનું માહાત્મ્ય (જણાતું) હોવાથી એ 'પ્રભવિષ્ણુઃ[2]' પતિ છે. 'અપ અને પરિ (ઉપસર્ગો) તજવાના અર્થવાળા છે એમ જણાવેલ હોવાથી, (અને) 'અપ' ઉપસર્ગ અધિકપણાના અર્થવાળો પણ છે, અને 'વ્યાપ્તિ'ના અર્થવાળો અને 'સર્વ તરફ'ના અર્થવાળો છે, તેથી વિશ્વના આધાર હોઈ ભગવાન્ દુષ્ટોને પણ શુદ્ધ કરે છે. દૈત્યો વગેરેને[3] એમનો આશ્રય ન થવાનું કહેલું છે. ૧૮

૧.'તેથી' એટલે ઉપર કહેલા ભગવાનના વાક્યથી.(પ્ર)
૨.'પ્રભવિષ્ણુઃ' એટલે ઉત્તમ સત્તા પ્રાપ્ત કરાવનાર.(પ્ર)
૩.'અષ'નો અર્થ તજવાનો હોય ત્યારે ભગવાનના આશ્રય તજેલા દૈત્યો હોવાથી એમની શુદ્ધિ

થતી નથી.(પ્ર)

એ પ્રમાણે સ્વરૂપથી અને પ્રમાણથી સર્વ સંદેહો દૂર કરીને, એમનું સ્વરૂપથી અને ફલથી માહાત્મ્ય નીચેના શ્લોકથી કહે છે :

**સ એષ આત્માઽઽત્મવતામધીશ્વરસ્ત્રયીમયો ધર્મમયસ્તપોમયઃ ।**
**ગતવ્યલીકૈરજશઙ્કરાદિભિર્વિતર્ક્યલિઙ્ગો ભગવાન્પ્રસીદતામ્ ॥૧૯॥**

ત્રયીમય, ધર્મમય, તપોમય, આત્માવાળાઓના આત્મા, અંતઃકરણવાળાઓના અધીશ્વર, જેમનામાં અસત્ય નથી તેવા બ્રહ્મા અને શંકર વગેરે પણ જેમના લક્ષણ સમ્બન્ધી તર્ક જ કર્યા કરે છે તે આ ભગવાન્ પ્રસન્ન થાઓ. ૧૯

એ પૈકી પ્રથમ સાધનનો નિર્ણય 'પ્રસન્ન થાઓ' શબ્દથી કહે છે, સાધન ભગવાનની પ્રસન્નતા જ છે, ફલ એ (ભગવાન્) જ છે. બંનેનો આ જ નિશ્ચય છે એમ 'ભગવાન્ પ્રસન્ન થાઓ' શબ્દોથી કહે છે. બીજું સાધન તો પ્રસન્નતામાં સમાઈ ગયેલું[૧] છે. સર્વ શાસ્ત્રોની પ્રવૃત્તિ લોક દ્વારા અને પોતાના અનુભવ દ્વારા થયેલી છે. વેદનો અર્થ પણ એમનામાં તત્પર રહેવા તરીકેનો કહેલ છે. એ (વિષય)ના-

**અધિકારી પ્રમાણં ચ સન્તશ્ચ પ્રીતિહેતવઃ ॥૧૦॥**
**એતેઽપ્યાપાતતો પ્રોક્તાસ્તસ્માત્સમ્પ્રર્થનં વરમ્ ॥**

-અધિકારી અને પ્રમાણ અને સન્તો (ભગવાનમાં) પ્રીતિ કરાવનારા છે. આ પણ ઉપર ઉપરથી જ (પ્રીતિ કરાવનારા) કહેલા છે, તેથી સારી રીતે પ્રાર્થના કરવી ઉત્તમ (છે.)

**સમ્પ્રાર્થને હિ મહાન્ સાધનં ફલમેવ વા ॥૧૧॥**
**કાર્યાદિભિઃ કરોત્યેવ તસ્માત્સાધનનિશ્ચયઃ ॥**

કારણકે સારી રીતે પ્રાર્થના કરવામાં આવે ત્યારે ઉદાર (ભગવાન્) કાર્ય વગેરેથી સાધન અને ફલ પ્રાપ્ત કરાવે જ છે, તેથી એ સાધન હોવાનો નિશ્ચય છે. કા ૧૧.

એ સમ્બન્ધમાં અધિકારીઓ બે પ્રકારના છે, કારણકે જેઓ ભગવાનની પ્રસન્નતાને યોગ્ય છે તેઓ આત્મવાળા છે, કારણકે 'આત્મા' શબ્દથી આત્મા અને અંતઃકરણ કહેલાં છે. એમાં જેઓ આત્મવાળા છે તેઓને આત્મા તરીકે આ (ભગવાન્) પ્રકાશે છે, પરંતુ જેઓ અંતઃકરણવાળા છે, સુખ થાય તેવું અંતઃકરણ કરવાની શક્તિવાળા છે, તેઓના (એ) 'અધીશ્વર' સ્વામી અથવા અંતઃકરણને પ્રેરણા કરનાર છે, કારણકે (એઓ પાસે) પોતાની સેવા કરાવે છે, અથવા (એમને)

એ (સેવા કરવા) યોગ્ય કરે છે. શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ નામનું પ્રમાણ ત્રણ પ્રકારનું છે. એઓમાં મુખ્ય વેદ હોવાથી અને એણે પણ યજ્ઞ કરવાનું કહેલ હોવાથી, યજ્ઞ કરવાનું કહેનાર તરીકે વેદ પ્રમાણ છે, સ્મૃતિઓ તો ધર્મ કરવાનું કહેનારી હોવાથી (અને) એ (ધર્મ)માં ધન જ મુખ્ય હોવાથી, ધર્મ શબ્દ (ધર્મમયમાં) યોજેલ છે. પુરાણ તો તપ કરવાનું કહેનારું છે, કારણકે જેટલા ફલો (હોવાનું) એ કહે છે, તે બધા તપથી જ (થવાનું) કહે છે. એ ત્રણે (ફલોના) સ્વરૂપવાળા અર્થથી અને સ્વરૂપથી ભગવાન્ જ છે, તેથી અધિકારનું શું પ્રયોજન અને પ્રમાણનું શું પ્રયોજન?, કારણકે એ બંનેનો ફલમાં સમાવેશ થાય છે. સત્પુરુષોનો આશ્રય કરવાનું પણ એવું છે, કારણકે બ્રહ્મા અને શંકર વગેરેથી પણ જેમનું લક્ષણ તર્ક કરવા યોગ્ય જ છે તેવા ભગવાન્ છે, કારણકે સત્પુરુષોની ઉત્તમ કાષ્ઠા બ્રહ્મા અને મહાદેવ છે, બીજાઓ એઓના શિષ્યો અથવા પુત્રો છે. એઓથી પણ ઘણા પ્રકારે તર્ક કરવા યોગ્ય જ લક્ષણ છે જેમનું (તેવા ભગવાન્ છે,) પરંતુ આ આવું છે એમ જણાય એવું નથી; અને તર્ક કરેલું હોય કે ન પણ હોય, એઓ પણ પોતાનું માહાત્મ્ય જાણીને, ભગવાનની કૃપાથી એ થયેલું છે એવા પ્રયોજનથી અને ભગવાનના સાક્ષાત્કારથી એમના સ્વરૂપ અને પ્રસન્નતાના નિર્ણયની[૫] કલ્પના કરે છે કે ભગવાન્ આવા છે અને આવી રીતે પ્રસન્ન થાય છે. એ સમ્બન્ધમાં પ્રમાણમાં જુદા જુદા પ્રકારે નિરૂપણ કરેલું હોવાથી અને લોકથી પણ એવું જ જ્ઞાન થતું હોવાથી ભગવાન્ માત્ર એટલા જ હોવાનો નિશ્ચય થતો નથી. એઓ તો શબ્દથી પ્રત્યક્ષ વધારે બલવાળું છે, એવા ભેદથી કલ્પના કરે છે,[૬] તેથી એમ જણાય છે કે ભગવાન્ પાસે જ પ્રસન્નતાથી પ્રાર્થના કરવી, બીજી પ્રાર્થના ન કરવી. બીજાની પણ પ્રાર્થના ન કરવી.૧૯

૧.લોક ભ્રાંત છે, પ્રમાણો જુદાં જુદાં સાધનો કહે છે એટલે એમાં કહેલાં સાધનોથી પણ એ આકુલ થાય છે, તેથી સાચું જ્ઞાન થાય એ માટે એમની પ્રસન્નતાની જ જરૂર છે. એ પ્રમાણે સર્વ સાધનોનો એમાં સમાવેશ થાય છે.(પ્ર)ભા–૧૫

૨.'ભગવાનનો એમને સાક્ષાત્કાર થયેલો હોવાથી એમણે જેનો તર્ક કરેલ તે ફલ આપનારું હોવું જોઈએ' એવી શંકા થાય, તેથી કહે છે કે જે સ્વરૂપનું પ્રત્યક્ષથી જ્ઞાન થાય છે. તે સિવાયના બીજા સ્વરૂપો અને એમની પ્રસન્નતાના પ્રકારો પ્રમાણથી જણાય અને પ્રમાણોમાં પરસ્પર વિરોધ હોવાથી, શાસ્ત્રમાં કહેલ પ્રકારે કાર્ય કરવાથી જ એમનું એવું સામર્થ્ય પ્રાપ્ત થયેલું હોવાથી, સાક્ષાત્કાર પ્રમાણ ઉપર પણ આધાર રાખતો હોવાથી એ પ્રમાણ ખોટા હોવાનું પ્રત્યક્ષ (સાક્ષાત્કાર)થી થતું નથી, તેથી પ્રત્યક્ષ અને પ્રમાણ સમાન બલવાળા હોવાથી બંનેનો મેળ થાય એ માટે ભગવાન્ માત્ર એટલા જ ન હોવાનો નિર્ણય થાય છે.(પ્ર)

૩.'તેથી' એટલે પ્રસન્ન કરવાના સાધનો પૈકી કોઈ એકનો નિશ્ચય થતો ન હોવાથી.(પ્ર)

તેથી પ્રાર્થના કરવાનું સંભવતું હોય ત્યારે જો પ્રાર્થના કરવાથી ભગવાનને ક્રોધ ન થાય તો બીજું કાંઈ ન કરવું એમ સાબિત થયું, કારણકે લોકમાં અધિકાર વિનાનો પ્રાર્થના કરતા ક્રોધ ઉત્પન્ન કરે છે. જોકે બીજાની પ્રાર્થના કરેલી ન હોવાથી, પ્રસન્નતા સાધારણ રીતે થતી હોવાથી ક્રોધ સંભવતો નથી, છતાં પણ પ્રસન્નતા સાધારણ રીતે થવી જોઈએ છતાં પણ અધિકારી ન હોય તેના ઉપર એ ક્રોધ થાય છે જ, તેથી એનો નિર્ણય થાય એ માટે નીચેના શ્લોકથી પ્રાર્થના કરવા યોગ્ય રૂપ કહે છે :

**શ્રિયઃ પતિર્યજ્ઞપતિઃ પ્રજાપતિર્ધિયાં પતિર્લોકપતિર્ધરાપતિઃ ।**
**પતિર્ગતિશ્ચાઽન્ધકવૃષ્ણિસાત્વતાં પ્રસીદતાં મે ભગવાન્ સતાં પતિઃ ।।૨૦।।**

લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાના પતિ, બુદ્ધિવાળાઓના પતિ, લોકના પતિ, પૃથ્વીના પતિ, અંધકવૃષ્ણિ અને સાત્વતોના પતિ અને ગતિ, સત્પુરુષોના પતિ મારા ઉપર પ્રસન્ન થાઓ.૨૦

પતિની પ્રાર્થના કરવી જોઈએ એમાં વિવાદ નથી. એ ભલે ક્રોપે કે ન કોપે, તેથી જેમના[૧] ભગવાન્ પતિ છે તેમણે એમની પ્રાર્થના કરવી જોઈએ. એ વિષયમાં આરંભમાં છ પ્રકારના જીવોના પતિ હોવાનું કહે છે : (૧)પ્રથમ ભગવાન્ લક્ષ્મીના પતિ છે, તેથી લક્ષ્મીના અંશરૂપ સ્ત્રીઓ પ્રાર્થના કરે ત્યારે ક્રોધ કરતા નથી. (૨)યજ્ઞના પતિ હોઈ યજ્ઞ કરનાર પુરુષો પ્રાર્થના કરે ત્યારે ક્રોધ કરતા નથી. તેથી જ 'યજ્ઞમાં જે કામના કરે છે' એવા ઘણા પ્રકારનું વચન ભગવાન્ પતિ[૨] હોવાનું જણાવનારું છે, વળી (૩)પ્રજાપતિ (છે,) જે કેવલ લૌકિક માત્ર પ્રજારૂપ હોઈ ઘણા જન્મ લેનારા છે તેઓના પતિ છે. સાધારણ અલ્પ[૩] સદ્ગુણવાળા મનુષ્યોએ પણ પ્રાર્થના કરવા યોગ્ય છે. વળી (૪)બુદ્ધિવાળાઓના પતિ છે. જે કોઈ કાંઈપણ બુદ્ધિ ક્રિયા અથવા જ્ઞાન સમ્બન્ધી, શબ્દથી અથવા અર્થથી જાણે છે, તેઓએ પણ પ્રાર્થના કરવા યોગ્ય છે. વળી (૫)લોકના પતિ સ્વર્ગ વગેરે લોકોના પતિ છે, તેથી એ લોક પ્રાપ્ત કરેલાઓએ પણ પ્રાર્થના કરવા યોગ્ય છે. પછી (૬)પૃથ્વીના પતિ છે તેથી ભૂમિ ઉપર રહેનારાઓએ પણ પ્રાર્થના કરવા યોગ્ય છે.

**સ્ત્રીભિશ્ચ યાજ્ઞિકૈર્લોકે બુદ્ધિમદ્ભિઃ સ્થિતેઃ ક્વચિત્ ।।૧૨।।**
**અસાધનૈરપિ હ્યેતૈઃ પ્રાર્થનીયો હરિઃ પતિઃ ।**

સ્ત્રીઓથી, યજ્ઞ કરનારાઓથી, લોકોથી, બુદ્ધિવાળાઓથી, હરકોઈ સ્થળે રહેનારાઓથી, સાધન વિનાનાથી પણ આમનાથી પતિ હરિ પ્રાર્થના કરવા યોગ્ય છે. કા.૧૨

વળી અંધકવૃષ્ણિ અને સાત્વતોના (ભગવાન્) પતિ અને ગતિ છે. પહેલાં (છની) ભગવાનની પ્રાર્થના કરવાની યોગ્યતા કહી. હવે ફલનો[4] ઉપક્રમ કહે છે, પતિ ફલ છે. ગતિ પોતાની અંદર રહેલું સાધન છે. ફલ પોતામાં[5] રહેલું હોય ત્યારે એ જો સાધનરૂપ થાય તો ફલનો ઉપયોગ થાય, કારણકે દૂર રહેનારો, સાધન ન હોય તે અથવા સ્વતંત્ર[6] હોય તે પોતાના સુખનું અથવા એ માટેની ક્રિયાનું કારણ થતો નથી. તેથી યાદવોએ પ્રાર્થના કરેલા ભગવાન્ પતિ હોઈ, એઓની ક્રિયારૂપ[7] પણ થયા. તેથી[8] આમનાથી[9] જેટલું થઈ શકે તેટલું એમનું થાય છે. તેથી ફલની પ્રવૃત્તિ કરાવનાર પતિપણું અહીં પ્રાપ્ત થયેલું હોવાથી ક્રોધ થવાનો સંભવ પણ દૂર રહ્યો, અને 'ચ' અને શબ્દથી ક્રિયાથી પ્રાપ્ત કરવાની વસ્તુરૂપ પણ થયા સાત્વિક, રાજસ અને તામસ પુરુષોએ પણ ભજન કરવા યોગ્ય હોવાનું જણાવવા ત્રણ પ્રકારના યાદવો ગણાવેલ છે. વળી જ્યારે ગુણોથી ઘેરાયેલાઓ પણ ભગવાનને પ્રાપ્ત કરે છે અને એમની પ્રાર્થના કરે છે, ત્યારે આપણે વગેરેને શી ચિંતા? એવા વિચારથી 'મારા ઉપર પ્રસન્ન થાઓ' એમ કહેલું છે. વળી આ સત્પુરુષોના પતિ છે. જેઓ ભગવાનમાં જ રહે છે, ગુણોમાં[10] પ્રવેશ કરેલાઓ ગુણ દ્વારા ભગવાનનો આશ્રય કરે છે તેઓના તો ભગવાન્ પતિ જ છે. બીજાઓ વિશે પતિપણું લાક્ષણિક[11] છે. તર્ક અને શાસ્ત્રથી સત્પુરુષોના જ પતિ છે. તેથી પણ મારા ઉપર પ્રસન્ન થાઓ એવું તાત્પર્ય છે.૨૦

૧.જેઓ ભગવાનને પતિ તરીકે જાણતા નથી તેઓ પ્રાર્થના કરવાના અધિકારી નથી. તેથી એ પ્રાર્થના કરે તો ભગવાન્ એમના ઉપર ક્રોધ કરે.(પ્ર)
૨.ભગવાન્ સર્વ યજ્ઞોના પતિ હોવાનું.(પ્ર) ૩.ઉત્તમ કુળમાં જન્મ વગેરે ગુણવાળા.(પ્ર)
૪.પ્રાર્થના ફલ આપવાની પ્રવૃત્તિ કરાવનારી હોવાનું કહે છે.(પ્ર)
૫.ઉપભોજ્યમાં રહેલું હોય ત્યારે ઉપભોગનું સાધન 'પોતામાં' એટલે પ્રાર્થના કરવામાં રહેલું હોય ત્યારે એ (ફલ) સાધનરૂપ પણ થાય, ત્યારે ફલનો ભોગ થાય જ.(પ્ર)
૬.'સ્વતંત્ર' એટલે ઉદાસીન.(પ્ર)
૭.વૃદ્ધ યાદવો ભગવાનના દર્શનથી જુવાન થયા. સાત્યકિએ ભોજાનુકરણ કર્યું. ભગવાન્ ક્રિયારૂપ થવાથી આ થયેલ.(પ્ર)
૮.'તેથી' એટલે ભગવાને કૃપા કરવાથી.(પ્ર) ૯.'આમનાથી' એટલે ભગવાનથી.(પ્ર)
૧૦.'ગુણોમાં' એટલે ભગવદીય ગુણોમાં-લીલાઓમાં.(પ્ર)
૧૧.દૂર રહીને ભગવાન્ માગેલું આપે છે અને ક્રોધ કરતા નથી તેથી પતિપણું ઉપચારથી થયેલ છે.(પ્ર)

ભગવાનના ગુણો પૂછ્યા ત્યારે એ કહેવાનું તજીને ભગવાનની પ્રાર્થના કહેવાનો શો ઉપયોગ? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદઙ્ઘ્ર્યનુધ્યાનસમાધિધૌતયા ધિયા નુ પશ્યન્તિ હિ તત્વમાત્મનઃ ।**
**વદન્તિ ચૈતત્કવયો યથારુચં સ મે મુકુન્દો ભગવાન્પ્રસીદતામ્ ।।૨૧।।**

જેમના ચરણના ધ્યાનરૂપ સમાધિથી પવિત્ર કરેલી બુદ્ધિથી કવિઓ આત્માના તત્વને નિશ્ચય જાણે છે અને આ પોતાની રુચિ પ્રમાણે કહે છે, તે ભગવાન્ મુકુન્દ મારા ઉપર પ્રસન્ન થાઓ.૨૧

ભગવાનની પ્રાર્થના વિના પણ એકલા ચરણના માત્ર ધ્યાનથી જ તડકા વગેરેમાં રહીને પણ સમાધિમાં (બુદ્ધિને) માત્ર શુદ્ધ કરવાથી જ જે સર્વ પ્રમાણોથી પણ સ્પષ્ટ થતું નથી[1] તેના આત્માના તત્વનું (એટલે) ભગવાનના સ્વરૂપનું સત્યરૂપ જાણે છે. બુદ્ધિ સ્વભાવથી જ વસ્તુનો પ્રકાશ કરનારી છે. એ ઉત્પન્ન થયેલી હોય તોપણ પોતાના ઢાંકણને લીધે[2] અથવા પદાર્થના ઢાંકણને લીધે પદાર્થનો પ્રકાશ કરતી નથી. ઇંદ્રિયોનું ઢાંકણ હોય ત્યારે ઉત્પન્ન જ થતી નથી. બુદ્ધિની ઉત્પત્તિ થવામાં કારણ તરીકે માત્ર પદાર્થ હોવાની જરૂર છે, પરન્તુ જે પ્રકારની બુદ્ધિ હોય તેવા ગુણવાળા (પદાર્થ)ની જરૂર નથી, (કારણકે એ હોય તો છીપમાં) રૂપા વગેરેનો ભ્રમ થાય નહિ. તેથી માત્ર વિષયને મુખ્ય કરીને બીજી સામગ્રીને[3] અધીન રહીને વસ્તુનું સારું અથવા ખોટું સ્વરૂપ (બુદ્ધિ) જણાવે છે એ સમયે શુદ્ધ (બુદ્ધિ) વસ્તુનું ખરું સ્વરૂપ ગ્રહણ કરે છે. આ વિષયમાં[4] ભગવચ્છાસ્ત્રમાં બધા પદાર્થો નિત્ય હોવાથી, કારણ તરીકે વિચારેલા (સાધનો)થી (વસ્તુ) પ્રકટ કરાય છે, અને એક પદાર્થ (પ્રકટ થાય છે,) જાતિ અને વ્યક્તિના ભેદની કલ્પના (કરાતી) નથી. એક જ ઘડો અનેક પ્રકારે થાય છે, પ્રકટ થાય છે અને તિરોહિત થાય છે, કારણકે સર્વ પદાર્થો ભગવદ્રૂપ છે. એવી રીતે શબ્દનું નિત્યપણું તો કાત્યાયન વગેરે બધાય નિષ્ણાતોએ[5] સ્થાપન કરેલું હોવાથી અમે (એનું) ઘણું નિરૂપણ કરતા નથી. 'નિત્યે શબ્દાર્થસમ્બન્ધઃ' એવો (નિર્ણય કરેલ) છે અને નિત્ય શબ્દને અર્થનો સમ્બન્ધ છે, એવું (એનું) વિવરણ છે. આશ્રય[6] ન હોય ત્યારે જાતિ અને (એની સાથેના) સમ્બન્ધની સ્થિતિની કલ્પના અપ્રામાણિક છે. જોવામાં આવેલા પદાર્થનું સાચું જ્ઞાન થતું ન હોય ત્યારે શાસ્ત્રથી એ જણાય[7] છે, તેથી[8] એક જ ઘડો ભગવદ્રૂપ હોવાથી અનેક પ્રકારે થાય છે, એટલે 'એ એક પ્રકારે થાય છે, (બહુ પ્રકારે થાય છે)' વગેરે શ્રુતિઓના બલથી એ ન ઘટવાનું ન રહેતાં, પોતાની બુદ્ધિથી એ જુદી રીતે કલ્પના કરવી એ પ્રામાણિક નથી, અને ઘણી કલ્પનાઓ[9] કરવી પડે તેથી શુદ્ધ કરનાર દ્રવ્યો સાથે સારી રીતે સમ્બન્ધમાં આવવાથી ઘણા પ્રકારે શુદ્ધ થયેલી એક જ બુદ્ધિદર્પણની પેઠે

નિર્મલ થાય છે. એવા પ્રકારે ભગવાનના બે ચરણારવિંદોને બુદ્ધિ સાથે જોડી (એમનો) સમ્બન્ધ કરાવવામાં આવે ત્યારે એ ઉત્તમ પ્રકારની શુદ્ધિ પ્રાપ્ત કરે છે. શુદ્ધ કરનારા દ્રવ્યોના સારા પ્રમાણથી નાશ થવાનું શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અંજન વગેરેમાં એવી પ્રસિદ્ધિ છે. જેમ ઉત્તમ અંજન (ઇંદ્રિયોના) ગોલક સાથે સમ્બન્ધમાં આવે ત્યારે એમાંથી નીકળેલી દૃષ્ટિ દેવોને પણ જુએ છે, તેવું અહીં પણ (થાય) એમાં કાંઈપણ અયોગ્યતા નથી. બીજી (શુદ્ધ કર્યા વિનાની દૃષ્ટિ) તો દોષથી ઘેરાયેલી[10] હોઈ વસ્તુનું સ્વરૂપ જણાવતી નથી. જેમ જેમ દોષ દૂર થતા જાય તેમ તેમ વસ્તુનું સત્ય સ્વરૂપ જણાય છે. તેથી જ અભ્યાસ સૂક્ષ્મ દૃષ્ટિ વગેરેનો ઉપયોગ છે. પદાર્થમાં તો દોષ નથી જ,[11] ભગવાનના વિષયમાં અને આત્માના વિષયમાં 'પાપ રહિત હોવાથી' એ શ્રુતિ પ્રમાણે જરાયે (દોષ) નથી.

'નુ' એટલે નિશ્ચય. 'અનુધ્યાન' એટલે (એમને) પરાયણ રહી (કરેલું) ચિંતન. એવા ચિંતનથી પણ તદ્રૂપ થાય એ સમાધિ, પરન્તુ યોગના સમ્બન્ધવાળી (સમાધિ) નહિ. વળી આ આત્માનું તત્ત્વ કવિઓ (પોતાની) બુદ્ધિ પ્રમાણે જણાવે છે, અને કવિ શબ્દથી અનુમાન કરવાની શક્તિ જણાવેલી છે. કોઈક કાંઈક અનુમાન કરે અને એ પ્રમાણે કહે, તેથી લૌકિક વાક્યથી વસ્તુનું સત્ય સ્વરૂપ જણાતું નથી. વળી ભગવાન્ મુકુન્દ મોક્ષ આપનાર છે વસ્તુના સત્ય સ્વરૂપનું જ્ઞાન મોક્ષનું અંગ છે. જ્યારે ભગવાન્ મોક્ષ આપવા ઈચ્છે ત્યારે જ એ પ્રાપ્ત થાય. વળી એવી ઈચ્છા (ચરણારવિંદનું) ચિંતન કરવાથી જ થાય છે. તેથી જે કોઈ જાણવા ઈચ્છતો હોય તેણે એ વિષયમાં બધી એ (ઈચ્છા) સિદ્ધ થાય એ માટે ભગવાનની પ્રાર્થના કરવી. ગુણો પણ જાણેલા જ કહેવા. અને જ્ઞાનનું સાધન ચરણનું ધ્યાન છે. એ માત્ર એકલું નહિ, પરન્તુ પ્રાર્થના સાથેનું (જ્ઞાનનું સાધન છે.) ભગવાન્ સ્વતંત્ર હોવાથી માત્ર ધ્યાન કરવાથી જ એ પ્રમાણે કરવા ઈચ્છતા નથી, તેથી 'પ્રસન્ન થાઓ' એમ કહેલું છે. જોકે ભાગવત રચવામાં વિષયનો પ્રચાર થાય એ માટે પ્રસન્નતા થઈ જ છે, છતાં પણ મારા માટે, (મને) પોતાને રસ પ્રાપ્ત થાય એ માટે ફરી થાઓ.૨૧

૧.ભગવાન્ અધોક્ષજ હોવાથી લૌકિક પ્રમાણથી એમનું જ્ઞાન થતું નથી, અને વેદમાં એ કહેલું હોવાનું શ્રવણ થયું હોવાથી.(પ્ર)

૨.બુદ્ધિનું ઢાંકણ માયાએ કરેલ વ્યામોહરૂપ જાણવું. એ દૂર કરવા અને શુદ્ધ કરવાની જરૂર છે.(પ્ર)

૩.પોતામાં રહેલા અને ઇંદ્રિયોમાં રહેલા દોષોને અધીન રહીને.(પ્ર)

૪.'બુદ્ધિ ત્રણ ક્ષણ રહેનારી હોવાથી બીજી ક્ષણે નાશ થાય ત્યારે શોધેલી હોવાનું પ્રયોજન નથી'

એવી શંકા થાય તેથી આ કહે છે. એ નિત્ય છે તેથી સ્થિર હોવાથી શુદ્ધ કરવાનું જરૂર છે.(પ્ર)
૫.શબ્દ નિત્ય હોવાનું બધાએ સ્વીકારેલું છે.(પ્ર)
૬.વ્યક્તિનો નાશ થાય ત્યારે જાતિ અને એનો સમવાયસમ્બન્ધ બીજી વ્યક્તિમાં રહે, પણ બધી વ્યક્તિઓનો નાશ થાય ત્યારે કાલ વગેરેમાં રહે. મહાપ્રલય થાય ત્યારે જ્ઞાનની સામગ્રીનો પણ લય થવાથી એની હયાતી જણાવનાર કાંઈ રહેતું નથી, તેથી એમની કલ્પના અપ્રામાણિક છે.(પ્ર)
૭.'પ્રત્યક્ષથી શબ્દ દુર્લભ હોવાથી માત્ર શબ્દથી પ્રત્યક્ષથી વિરુદ્ધ કલ્પના ન કરાય' એવી શંકા થતાં આ કહેલ છે.(પ્ર)
૮.'તેથી' એટલે પ્રત્યક્ષથી શાસ્ત્ર બળવાન્ હોવાથી.(પ્ર)
૯.અનેક વ્યક્તિઓ એ બધાનો નાશ વગેરે ઘણી કલ્પનાઓ.(પ્ર)
૧૦.કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર હોવાથી ઘેરાયેલી.(પ્ર)
૧૧.છીપમાં રૂપું દેખાય એમાં છીપનો દોષ નથી, પણ ભ્રમ કરાવનારી બુદ્ધિનો જ દોષ છે.(પ્ર)

હવે સામાન્ય રીતે પ્રસન્નતાની પ્રાર્થના કરીને, ચાલુ પ્રસંગમાં ઉપયોગી પ્રસન્નતાની પ્રાર્થના કરવા આને પ્રસન્નતાની આવશ્યકતા હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**પ્રચોદિતા યેન પુરા સરસ્વતી વિતન્વતાઽજસ્ય સતીં સ્મૃતિં હૃદિ ।**
**સ્વલક્ષણ પ્રાદુરભૂત્કિલાઽઽસ્યતઃ સ મે ઋષીણામૃષભઃ પ્રસીદતામ્ ।।૨૨।।**

હૃદયમાં ઉત્તમ સ્મૃતિનો વિસ્તાર કરનાર, જેમણે પહેલાં આજ્ઞા કરેલી સરસ્વતી લક્ષણ સાથે ખરેખર મુખમાંથી બહાર નીકળી તે ઋષિઓમાં શ્રેષ્ઠ મારા ઉપર પ્રસન્ન થાઓ.૨૨

ઈંદ્રિયોની ક્રિયા કરવાની હોય ત્યારે ભગવાનની અવશ્ય પ્રાર્થના કરવી, એમાં પણ વાણીના વિષયમાં અને એમાં પણ ભગવાનના સમ્બન્ધવાળા પદાર્થ કહેવામાં (પ્રાર્થના કરવી,) કારણકે પહેલા પણ બ્રહ્માએ પ્રથમ ભગવાનના ધ્યાનથી (એમની) પ્રાર્થના કરી, ત્યારે (ભગવાને) એ બ્રહ્માના હૃદયમાં પ્રવેશ કરીને પોતાનો પ્રકાશ કરનારી વેદરૂપ વાણીને (બ્રહ્માના) મુખમાંથી કાઢી, તેથી ભગવાનના ગુણો કહેવાના હોય ત્યારે નિત્ય વાણીથી જ એ થઈ શકતું હોવાથી, ચાલુ પ્રસંગમાં ભગવાનની પ્રાર્થના (કરવી) જરૂરી છે. 'યોગથી પદાર્થોનું સ્મરણ કરીને, એના અર્થવાળા શબ્દો ગોઠવવાનું સંભવતું હોવાથી ભગવાનના ધ્યાનની શી જરૂર?' એવી (શંકા થાય,) તેથી 'જન્મરહિત બ્રહ્માના હૃદયમાં ઉત્તમ સ્મૃતિનો વિસ્તાર કરનાર' એમ કહેલું છે. વાક્યનો અર્થ અને વાક્ય નિત્ય હોવા છતાં, પહેલાં (એમનો) અનુભવ કરેલો હોવા છતાં સ્મરણ જરૂરી છે, અને માત્ર સ્મરણ પ્રમાણ ન હોવાથી, સ્મરણ કરેલા પદાર્થોના અનુભવ સાથેની એ (સ્મૃતિ)ની જરૂર[૧] છે, કારણકે યોગની પેઠે ભગવાનનું ધ્યાન પણ ઘણી સન્નિધિવાળું છે. તેથી પહેલાં (બ્રહ્માએ) અનુભવ કરેલા ભગવદીય પદાર્થો

રચવા માટે અંતઃકરણમાં પ્રથમ ઉત્તમ સ્મૃતિ (કરાવીને,) પછી ભગવાને પ્રેરણા કરેલ એ[2] જ હૃદયથી[3], અંદર વેદ પ્રકટ થવાથી, પછી ભગવાને પ્રેરણા કરેલી વાણી મુખમાંથી બહાર નીકળી, કારણકે ભગવાનની પત્ની પોતાની મેળે બહાર નીકળી શક્તી નથી[4]. આ વાર્તા પણ કહેવા યોગ્ય નથી એવો ભય થવાથી 'કિલ' ખરેખર એમ કહેલું છે. નિત્યપણું, બ્રહ્મ શબ્દથી ઓળખાવાપણું, અનંતપણું વગેરે પ્રકારના પોતાના લક્ષણ જેવું લક્ષણ છે જેનું તેવી, અથવા પોતે જ છે લક્ષણ જેનું તેવી વાણી બહાર નીકળી. વેદોનું આ જ અસાધારણ ચિહ્ન છે કે ભગવાન્ જ કહેવા. તેથી પહેલા અનુભવ કરેલાનું સ્મરણ થવામાં (થવા માટે,) અને એ (મુખ) દ્વારા નીકળવામાં (માટે) પણ સર્વ ઇંદ્રિયોને પ્રેરણા કરનાર ભગવાન્ પ્રસન્ન થાઓ. ૨૨

૧.કારણકે એના વિના કાર્ય ઉત્પન્ન થાય તેમ નથી.(પ્ર)

૨.'એ' એટલે અનુભવ સાથેનું સ્મરણ (પ્ર) સ્મૃતિ નારી જાતિનો શબ્દ હોવાથી અને આ નર અથવા નાન્યતર જાતિનો શબ્દ છે એ જોવા જેવું છે.

૩.હૃદયથી એટલે મનથી.(પ્ર) ૪.આ અર્થ 'સરસ્વતી' શબ્દથી સૂચવાયેલો છે.(પ્ર)

શબ્દો ભગવાનને અધીન હોવાથી એ પ્રકટ થાય એ માટે ભગવાનની એવી રીતે પ્રાર્થના કરીને, અર્થ પણ ભગવાનને અધીન હોવાથી મારા મુખમાંથી નીકળેલી વાણીમાં (એના) પતિ ભગવાન્ અલંકારના પ્રકારથી પ્રવેશ કરો એવી નીચેના શ્લોકથી પ્રાર્થના કરે છે :

**ભૂતૈર્મહદ્ભિર્ય ઈમાઃ પુરો વિભુર્નિર્માય શેતે યદમૂષુ પૂરુષઃ ।**

**ભુઙ્ક્તે ગુણાન્ષોડશ ષોડશાત્મકઃ સોડલંકૃષીષ્ટ ભગવાન્વચાંસિ મે ।।૨૩।।**

જે શક્તિવાળા પુરુષ મહાભૂતોથી આ દેહો નિર્માણ કરીને જેનાથી આમાં શયન કરે છે (અને) સોળ પ્રકારના થઈ સોળ ગુણોનો ભોગ કરે છે, તે ભગવાન્ મારા વચનોને શણગારો. ૨૩

**સ્થિતિર્ભોગશ્ચ સર્વત્ર ભગવત્કર્તૃકૌ યતઃ ।।૧૩।।**

**અતો વાચિ સ્થિતઃ કૃષ્ણસ્તાં ભુક્તામિતિ કામના।**

કારણકે સર્વ સ્થલે[1] સ્થિતિ અને ભોગ ભગવાને કરેલા છે, તેથી વાણીમાં રહેલા ભગવાન્ એનો ભોગ કરો એવી કામના છે. કા ૧૩

જો કે વિરાટ્ પુરુષ જ (સર્વત્ર[2] સ્થિતિ કરનાર છે.) એવી પ્રક્રિયા સર્વત્ર પ્રસિદ્ધ છે, છતાં પણ પુરુષપણામાં ભેદ ન હોવાથી, પોતાનું[3] ભગવાન્ પણું ભગવાને જ પ્રાપ્ત કરાવેલું છે એમ જણાવવા, અથવા આ શરીર ભગવાનનું જ છે એવું અભિમાન

ન થાય એ માટે વ્યષ્ટિમાં પણ સમષ્ટિના[૪] જેવી પ્રક્રિયા કહે છે. મોટા ભૂતો (એટલે) પોતે રચેલાં પાંચ મહાભૂતોથી જ આ દેવ, હલકાં પ્રાણી, મનુષ્ય વગેરે રૂપ (શરીરો રચી,) આ શરીરોમાં (ભગવાન્) પોતે જ શયન કરે છે. એમ ન કરે તો પુરુષપણું જ ન હોય, કારણકે 'પુરિ' શરીરમાં 'શેતે'શયન કરે છે એવી વ્યુત્પત્તિથી એ (પુરુષ છે.) આ શયન નક્કી નિદ્રારૂપ નથી, પરંતુ સંભોગ માટે જ છે. તેથી જ[૫] જમણી આંખમાં ઈન્દ્ર, બીજીમાં ઈન્દ્રાણી' એ ઉપાખ્યાન એ પ્રયોજનવાળું જ છે; અને અહીં શયન કરીને માત્ર સ્પર્શનો જ ભોગ કરતા નથી, પણ સોળે ગુણોનો ભોગ કરે છે. ભોગમાં પણ સોળ પ્રકરના થઈ ભોગ કરે છે, કારણકે શુષ્ક જડમાં[૭] રસ હોતો નથી. ભગવાન્ નક્કી સર્વત્ર રહેલા અને આનંદમય છે, એ સમ્બન્ધમાં સ્વરૂપથી જ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે ત્યારે એવો રસ (પ્રાપ્ત) થતો નથી, કારણકે સ્ત્રી અને પુરુષ વગેરેના અવયવોમાં એમ જોવામાં આવે છે. તેથી પોતામાં રહેલા રસને પ્રકટ કરીને સ્પષ્ટ ભોગ થાય એ માટે પોતાને ભેદ (જુદા) પ્રકારના કરીને એમાં પોતે પ્રવેશ કરતાં ઘણા પ્રકારના ભેદવાળા[૮] થઈ, પરસ્પર રસનો અનુભવ કરે છે. દેહને ધારણ કરવાના પ્રયત્નથી ભોગમાં વ્યગ્રતા થાય, તેથી શયન કરીને એ પ્રમાણે ભોગ કરે છે. જોકે વિષયો પાંચ છે છતાં ત્વચા જ અમુક સ્થાનમાં[૯] ઉત્તમ સુખ કરનારી હોવાથી, ઈંદ્રિયોના પ્રધાનપણાથી જે વિષય (થાય) તે જુદો કહેલ હોવાથી સોળ[૧૦] (થાય છે.) જેમાં ઈંદ્રિયો ગૌણ હોય તેમાં વિષયનું મુખ્યપણું છે. ભોગ (કરવા)માં મહારાજાના શરીર પેઠે કોઈ પ્રસંગે ઈંદ્રિયો પ્રધાન હોતી[૧૧] નથી, (અને) કોઈ સમયે ઈંદ્રિયો જ પ્રધાન હોય છે, તેથી બંને કહેવાના હોવાથી 'સોળ' એમ કહેલ છે. એવી રીતે સર્વત્ર ભગવાનનું માહાત્મ્ય પૂર્ણ જ જાણવામાં આવે[૧૨] છે. 'અલંકૃષીષ્ટ'[૧૩] મારાં વચનોને શણગારી ('ષી') વૈદિક રીતિથી દીર્ઘ કરેલો છે. 'એ પ્રમાણે ઘણા પ્રકારના થયેલાની અલંકાર કરવા માટે પ્રાર્થના કેમ કરવામાં આવે છે? એ વિષયમાં 'ભગવાન્' શબ્દ યોજેલ છે. ('વચનો' એ) બહુવચન સાત અર્થોના અભિપ્રાયથી (યોજેલ છે.) 'મારાં (વચનો)' શબ્દથી બીજામાં સાત અર્થો ન હોવાનું જણાવેલ છે, કારણકે ભાગવતમાં જ સાત અર્થો છે.૨૩

૧.'સર્વ સ્થળે' એટલે સર્વ દેહોમાં.(પ્ર) ૨.'સર્વત્ર' એટલે શ્રુતિ તથા પુરાણોમાં.(પ્ર)
૩.'પોવાનું' એટલે (પ્ર).
૪.સમષ્ટિ એટલે સર્વ દેહોના સમૂહવાળો એક વ્યક્તિ એટલે એક દેહ.(પ્ર)
૫.'તેથી જ' એટલે સંભોગના પ્રયોજનવાળું હોવાથી જ.(પ્ર)

૬.સંભોગ માટે શયન કરવાના પ્રયોજનવાળું.(પ્ર)
૭.શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને એ પાંચ રસ વિનાના છે, તેથી એ રસવાળા થાય એ માટે આનંદમય સ્વરૂપથી ભગવાન્ એમનાઓમાં રસ ઉત્પન્ન કરે છે.(પ્ર)
૮.'એ રમતા જ ન હતા, તેથી એકલા રમતા નથી' વગેરે શ્રુતિ ભેદ વિના રસ પ્રકટ થતો ન હોવાથી રસનો ભોગ થાય એ માટે એમણે પોતાને બે પ્રકારના કર્યા, તેથી પતિ અને પત્ની થયાં' એમ પોતે ભેદરૂપ થયા પછી એ ભેદરૂપમાં મૂલરૂપથી પ્રવેશ કર્યો એવો અર્થ છે.
૯.નેત્ર વગેરેના ગોલકરૂપ સ્થાનમાં.(પ્ર)
૧૦.અગિયાર ઈંદ્રિયો અને પાંચ ઈંદ્રિયોના વિષયો (રૂપ રસ વગેરે) મળી મોળ થાય છે.(પ્ર)
૧૧.ઉષ્ણકાળમાં ઘણા વસ્ત્રો અને અલંકારો પહેરવાથી એ ઈંદ્રિયોને રુચે નહી છતાં રાજ્યના સુખનો અનુભવ કરવા મહારાજા એ સમયે પણ ધારણ કરે છે. એમાં ઈંદ્રિયોનું પ્રાધાન્ય નથી.(પ્ર) ભા–૧૬
૧૨.સોળ પ્રકારના થઈ આનંદ કરતા હોઈ વિષયો તથા ઈંદ્રિયોનું સુખ થતાં 'આ જ આનંદ કરાવે છે' શ્રુતિ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જણાય છે.(પ્ર)
૧૩.અલંકાર રૂપથી ભગવાન્ પ્રવેશ કરે એવી પ્રાર્થના કરેલી હોવાથી અને ભગવાન્ પુરુષરૂપ હોવાનું કહ્યું તેથી ભગવાન્ પુરુષોના ભૂષણરૂપ હોવાનું કહેવાયું, તેથી ૧-૧-૩ માં કહેલ વેદરૂપ વૃક્ષના ગયેલા ફલ...' એવું વાક્ય છે તે ઘટે છે, બીજમાં રહેલ રસ જ ફલમાં આવે છે. પણ બીજમાં એ પ્રકટ હોતો નથી.(પ્ર) વેદમાં રસ પ્રકટ નથી, ભાગવતમાં પ્રકટ થયેલ છે.

એ પ્રમાણે પ્રાર્થના કહીને પોતાના ગુરુ ભગવાન્ વ્યાસને નીચેના શ્લોકથી નમસ્કાર કરે છે :

**નમસ્તસ્મૈ ભગવતે વાસુદેવાય વેધસે ।**
**પપુર્જ્ઞાનમયં સૌમ્યા યન્મુખામ્બુરુહાસવમ્ ।।૨૪।।**

એ (ભાગવત) રચનાર વાસુદેવ જેમના જ્ઞાનમય મુખકમલના આસવનું પાન શાંત (પુરુષોએ) કરેલું છે તેમને નમસ્કાર.૨૪

'વાસુદેવ' શબ્દથી એમ (જણાવ્યું છે કે) સર્વને મોક્ષ આપવા માટે જ ભગવાન્ વ્યાસનો અવતાર થયેલ છે. શબ્દના પ્રકારની સૃષ્ટિ કરે છે તેથી 'રચનાર' શબ્દથી મોક્ષનો ઉપાય કહેલ છે. ઉત્તરાર્ધથી વ્યાસનું નમસ્કાર કરવારૂપ જણાવેલ છે. 'જ્ઞાનમય' એટલે સર્વ વસ્તુઓનું યથાર્થ જ્ઞાન કરાવનાર ભારત વગેરે, 'સૌમ્યાઃ' ભલાશબ્દથી જ્ઞાનમાં રહેલાઓની યોગ્યતા[1] સૂચવેલી છે, જેમનું મુખ જ 'અમ્બુરુહમ્' કમલ (છે,) તેમાં રહેલો મકરંદ જ પ્રપંચને ભુલાવનાર તરીકે 'આસવ' શબ્દથી કહેલો છે. મોક્ષ ફલ હોવાથી અને ભાગવતના વકતા(રચનાર) ભગવાન્ હોવાથી, મુખ અને આસવ શબ્દોથી, પાન કરવાની ઈચ્છામાં વિઘ્નો હોવા છતાં[2] પાન કરવાનું સૂચવેલું છે, કારણકે સ્ત્રીના મુખની સુગંધ લેવાય ત્યારે એવું જોવામાં આવે

છે, તેથી વ્યાસ સર્વના ગુરુ અને ભગવાન્ હોવાથી એમને નમન કરવું યોગ્ય છે.૨૪

૧.'યોગ્યતા' એટલે પાન કરવાની યોગ્યતા.(પ્ર)

૨.શાંતિ શબ્દથી ઈંદ્રિયો વશ રાખેલી જણાવી શાંત પુરુષો એવા હોય તેથી પાન કરવાની ઈચ્છાઓમાં વિઘ્ન થાય છતાં પાન કરવાનું સૂચવેલ છે.(પ્ર)

એ પ્રમાણે દેવતારૂપ ગુરુને નમસ્કાર કરીને, મોટા પ્રપંચથી એ જણાવવા પહેલાના પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી આપે છે :

**એતદેવાઽઽત્મભૂ રાજન્ નારદાય વિપૃચ્છતે ।**
**વેદગર્ભોઽભ્યધાત્સાક્ષાદ્યદાહ હરિરાત્મને ॥૨૫॥**

હે રાજન્ ! હરિએ જે પોતાને સાક્ષાત્ કહેલું તે આજ સ્વયંભૂ વેદગર્ભે પૂછનાર નારદને સાક્ષાત્ કહેલ.૨૫

જે તેં મને પૂછ્યું આ જ નારદે પૂછેલું. પ્રમેયબલથી પુષ્ટ થયેલ સ્વયંભૂ બ્રહ્માએ (કહેલ) વેદો જેમની અંદર હતા એમ (એ) પ્રમાણબલથી પણ પુષ્ટ હતા. પ્રમેયના (ભગવાનના) પ્રમાણબલથી પણ પુષ્ટ થયેલ, 'જે હરિએ પોતાને કહેલ' એવું વાક્ય હોવાથી, એવા મુખવાળા[1] જ એનો ઉત્તર આપે ત્યારે સન્દેહ દૂર થશે, તેથી પહેલાંની પેઠે ફરી સન્દેહ સમ્બન્ધી પ્રશ્ન ન થાય એ માટે (શુક) પોતે કહેશે નહિ. સાધનોના દોષ ઓછાવધતા હોવાનું પહેલાં જ કહેલું હોવાથી અહીં પુનરુક્તિ[2] નથી. 'સાક્ષાત્' એ શબ્દ બંને તરફનું[3] વિશેષણ છે. 'આત્મને' પોતાને એટલે બ્રહ્માને માટે. પરંપરાથી કહેવામાં તો વક્તાના દોષ વચ્ચે આવી જાય તેથી જ પોતે કહેવાનું પણ બંધ રાખેલ છે. દોષ ન હોવાનું પણ પ્રાર્થના અને જ્ઞાનથી સૂચવેલું છે. આથી[6] એમ સૂચવેલ છે કે ઉત્પત્તિથી અને ઉપપત્તિ (તર્કથી) બે વિચાર કહેવાની પ્રતિજ્ઞા કરી છે. ૨૫

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં બીજા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ**

૧.એવા મુખવાળા એટલે ભગવાન્.(પ્ર) ૨.કરણ(સાધન)ના દોષ ફરી કહેતા નથી.(પ્ર)

૩.બંને ક્રિયાપદોનું.(પ્ર) ૪.આ વાક્યથી 'સાક્ષાત્ શબ્દ યોજવાનું પ્રયોજન કહેલ છે.(પ્ર)

૫.જો દોષ થવાના હોય તો ભગવાનની પ્રાર્થના ન કરત. પ્રાર્થના જેવી તેવી કરી હોય તો જ્ઞાન ન થાય.(પ્ર)

૬.'આથી' એટલે ભગવાનના અને બ્રહ્માના વચેનો સમ્બન્ધી કહેલ હોવાથી.(પ્ર)

# અધ્યાય પાંચમો

(૩. વિમર્શ પ્રકરણ–અધ્યાય ૫ થી ૧૦)

**વિમર્શઃ ષડ્ભિરધ્યાયૈઃ ક્રિયતે સ દ્વિધા મતઃ ।**
**ઉત્પત્યા ચોપપત્યા ચ તત્રાઽદ્યોપિ દ્વિધા મતઃ ।।૧।।**

છ અધ્યાયોથી વિમર્શ (વિચાર) કરવામાં આવે છે. એ બે પ્રકારનો વિચારેલ છે : ૧.ઉત્પત્તિથી અને ૨.ઉપપત્તિથી. એમાંનો[૧] પહેલો પણ બે પ્રકારનો વિચારેલ છે. કા.૧

**સ્થૂલાન્તર્યામિભેદેનર્ત્તામૂર્ત્તવિભેદતઃ ।**
**સ્થૂલોઽપિ દ્વિવિધસ્તત્ર સ્મૂથૂલમૂર્તવિમર્શને ।।૨।।**

૧.સ્થૂલ અને ૨.અંતર્યામીના ભેદથી. સ્થૂલ પણ મૂર્ત અને અમૂર્તના ભેદથી બે પ્રકારનો છે. એ પૈકી સ્થૂલમૂર્તના[૨] વિચારમાં પાંચમાં અધ્યાયમાં તર્ક સાથેની ઉત્પત્તિ જણાવનારો છે. કા.૨

**ઉત્પત્યા પઞ્ચમાધ્યાયઃ સોપપત્યા નિરૂપકઃ ।**
**પુરુષઃ ક્રમતઃ શક્તિત્રયં ગૃહ્ણન્ભવાદિકૃત્ ।**

ક્રમથી ત્રણ શક્તિઓ ધારણ કરતાં પુરુષ ઉત્પત્તિ વગેરે કરનાર છે એમ કહીને, નારદ અને બ્રહ્માએ જન્મથી (એમ) નથી[૩] એમ કહેલ છે.૩

**ઈત્યુક્ત્વા નારદાજાભ્યાં જન્મભિર્નેતિ ગદ્યતે ।**
**એકભૂતે પ્રવેશેન નિર્ગમાદપિ વિહ્વલઃ ।।૪।।**

પ્રવેશથી પદાર્થો ભેગા થતાં અને એઓના નીકળવાથી વિહ્વલ થયેલ હોવાથી, દઢપણું સાબિત થાય એ માટે નારદ સ્પષ્ટ પ્રકારે પ્રશ્ન કરે છે.[૪] કા.૪

**અથવા દાઢ્ર્યતાસિદ્ધૈ નારદઃ પૃચ્છતિ સ્ફુટમ્ ।**
**પ્રશ્નત્રયં નારદેન ક્રિયતે તત્વનિર્ણયે ।।૫।।**
**આત્મનો જગતશ્ચાઽપિ નિર્દ્ધારો ભજનસ્ય ચ ।**
**દ્વયોર્નિર્દ્ધારશેષત્વં તેન પ્રત્યુત્તરં તતમ્ ।।૬।।**

તત્વના નિર્ણય સમ્બન્ધમાં નારદ ત્રણ પ્રશ્નો કરે છે : ૧.આત્મા સમ્બન્ધી અને ૨.જગત્ સમ્બન્ધી અને ૩.ભજનસમ્બન્ધી નિર્ણય થવા, પહેલા બે ભજનના નિર્ધારના અંગરૂપ છે, તેથી ઉત્તરનો વિસ્તાર થયેલ.[૫] કા.૫-૬

**દ્વિતીયસ્ય દ્વિરૂપત્વં બહિરન્તર્વ્યવસ્થયા ।**
**વિરાજોઽન્તર્મુખત્વાદ્ધિ વિપરીતેન વર્ણ્યતે ।।૭।।**
**સ્થૂલલિઙ્ગવિભેદો વા તેનાઽધ્યાયદ્વયં મતમ્ ।**

બહાર અને અંદરની વ્યવસ્થાથી બીજો બે પ્રકારનો છે. વિરાટ્ અંદર મુખવાળો હોવાથી ઊલટા પ્રકારથી વર્ણન કરવામાં આવે છે અથવા સ્થૂલ અને લિંગના ભેદથી (બે પ્રકાર હોવાથી) બે અધ્યાયો છે.[૬] કા.૭

**પ્રથમસ્યોત્તરં પશ્ચાત્તદન્તર્યામિસમ્ભવે ॥૮॥**

પહેલાનો ઉત્તર પછી (આપે છે, કારણકે એ) અંતર્યામીનું પ્રાકટ્ય થતાં થાય છે.[૭] કા.૮

એ પ્રમાણે ગયા અધ્યાયમાં પરીક્ષિત અને શુકનું ફલ કરાવનાર સાધન કહીને, અને પહેલા કહેલા સાધનનો વિચાર કરવા માટે છ અધ્યાયોનો આરંભ કરે છે એ પૈકી પાંચમા અધ્યાયમાં સાધન અને સ્થૂલ રૂપની ઉત્પત્તિથી નિર્ણય કહે છે. એ વિષયમાં તત્ત્વ જાણવું કઠણ હોવાનું કહેતાં નીચેના શ્લોકમાં વક્તાનું ઉત્તમપણું જણાવે છે :

શ્રીનારદ ઉવાચ

**દેવદેવ નમસ્તેऽસ્તુ ભૂતભાવન પૂર્વજ ।**
**તદ્વિજાનીહિ યજ્જ્ઞાનમાત્મતત્વવિમર્શનમ્ ॥૧॥**

હે દેવોના દેવ ! પ્રાણીઓને શુદ્ધ કરનાર પિતા ! આપને નમસ્કાર હો. આત્માના તત્ત્વના વિચારવાળું જે જ્ઞાન તે જણાવો.૧

આ નમસ્કાર પ્રશ્ન કરવા માટે (કરેલ છે.) 'જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રવૃત્ત થયેલ નારદે દેવને નમસ્કાર કેમ ન કર્યા?' એવી શંકા થાય, તેથી 'હે દેવોના દેવ !' એમ કહેલું છે. આથી એમ સૂચવેલું છે કે મારા દેવ અને ગુરુરૂપ આપ જ છો, તેથી (મારે દેવને) જુદો નમસ્કાર કરવાનો નથી; પ્રાપ્ત કરવાના જ્ઞાનની સમાપ્તિ થાય ત્યાંસુધી મંગલ ચાલુ રહે એ માટે ('નમસ્કાર) હો' એવી પ્રાર્થના, પોતાને નિશ્ચય ઉપદેશ આપશે એવા (પ્રયોજનથી) (કરેલી છે.) પોતાની (નારદની) પ્રવૃત્તિ થવાનું કારણ 'પ્રાણીઓને શુદ્ધ કરનાર' એ વિશેષણથી કહેલું છે. (બ્રહ્મા) પ્રાણીઓને ઉત્પન્ન કરે છે અને શુદ્ધ કરે છે. પોતાની મેળે દિવ્ય અગ્નિરૂપ વેદોને ઉદરમાં મૂકીને, એમાં સર્વ જીવોને શુદ્ધ કરીને પછી બહાર કાઢે છે, એ પ્રમાણે શુદ્ધ કરનારા છે. 'પૂર્વજ' એથી હે પિતા ! (એવું સંબોધન કરેલ છે.) સંદેહ હોય ત્યારે પૂર્વજને જ પ્રશ્ન કરાય છે, અથવા સર્વ કરતાં આપ જ પહેલાં ઉત્પન્ન થયેલા છો, તેથી તમારાથી બીજો કોઈ પણ મોટો નથી, તેથી પૂછવા યોગ્ય આપ જ છો, એવો અર્થ છે. એ પ્રમાણે એમની સ્તુતિ કરીને ઉત્તરાર્ધથી પૂછવાનું કહે છે. જ્ઞાન શું? એ ઉત્તમ પ્રકારથી તમે જાણો છો અને જણાવો, કારણકે સર્વ 'જ્ઞાન જ્ઞાન' એમ કહે છે, તે જ્ઞાન શું છે, આત્મા (છે) કે

આત્માનો સાક્ષાત્કાર છે, અથવા ભગવાનનો સાક્ષાત્કાર છે, અથવા શ્રુતિ સાથેનો છે? પ્રવેશના કારણરૂપ છે અથવા ભક્તિ ઉત્પન્ન કરનારું છે, અથવા પરોક્ષ[૮] છે, અથવા સ્મૃતિરૂપ છે? એ વિષયનો નિર્ણય કરીને તમારે કહેવું, એવો અર્થ છે. વળી જેમાં આત્મતત્ત્વનો 'વિમર્શઃ' વિચાર થાય એ કહો, આથી[૯] જ્ઞાન સમ્બન્ધમાં (૧)કયો આત્મા, (૨)એનું તત્ત્વ શું? એવા બંને અંગો પૂછ્યાં. એમાં પણ એ લોકમાં પ્રસિદ્ધ નથી, પરંતુ વિચારથી જાણી શકાય તેવું હોઈ વિચાર પણ કહેવો એમ સૂચવેલું છે. એવી રીતે[૧૦] ચાર પ્રશ્નો થયા.૧

૧.એમાંનો એટલે વિમર્શોમાંનો પહેલો એટલે ઉત્પત્તિથી વિમર્શ.(પ્ર)

૨.સ્થૂલમૂર્ત જે પચાસ કરોડ યોજન પરિમાણવાળું બ્રહ્માંડ તેનો વિમર્શ (સત્ય જ્ઞાન) થાય એ માટે એની ઉપપત્તિ એને સિદ્ધ કરનાર તર્ક સાથે એની ઉત્પત્તિ આ પાંચમા અધ્યાયમાં કહેવાશે.(પ્ર)


૩.પુરુષ માત્ર નિમિત્તકારણ હશે એવી શંકા ન થાય એ માટે અભિન્ન નિમિત્ત અને ઉપાદાનકારણ તરીકે મૂર્ત જગતની જન્મ વગેરે ક્રિયાઓ પુરુષ કરે છે, તેવા પ્રકારના એ કર્તા છે એમ કહેશે.(પ્ર)

૪.પ્રલયમાં બધા પદાર્થો ભગવાનના ઉદરમાં ભેગા થાય છે, પછી સૃષ્ટિ સમયે બધા પાછા બહાર નીકળે છે, તેથી એઓનો અભેદ સત્ય છે કે ભેદ એ વિષયમાં સંશય થતાં નારદ પ્રશ્ન કરે છે. અથવા થાંભલાને વારંવાર ખોડી ખોડીને ચોકકસ કરી ઊભો કરવામાં આવે તેવી રીતે દઢતાથી જ્ઞાન થાય એ માટે નારદ પ્રશ્ન કરે છે.

૫.નારદ આત્મા જગત્ અને ભજન સમ્બન્ધી ત્રણ પ્રશ્નો કરશે, તે પૈકી પહેલા બેના ઉત્તર ઉપર ત્રીજાના ઉત્તરનો આધાર હોવાથી ઉત્તર આપવામાં વિસ્તાર થશે.

૬.વિરાટ્ અંદર મુખવાળા હોવાથી ઊલટા પ્રકારે એટલે બહારની અને અંદરની વ્યવસ્થાથી, જગત્ બે પ્રકારનું છે તેથી સ્થૂલમૂર્ત સમ્બન્ધીના બે અધ્યાયો છે.(પ્ર)

૭.આત્મા અને અનાત્માનો ભેદ જણાય ત્યારે આત્માનું જ્ઞાન થાય, તેથી એ અનાત્માનું નિરૂપણ કર્યા પછી આત્માનું જ્ઞાન સહેલાઈથી થાય અને એ જ્ઞાન અંતર્યામી પ્રકટ થાય ત્યારે થાય. તેથી નીચે પ્રમાણે વિભાગ થાય છે.




–એ પ્રમાણે વિમર્શના છ અધ્યાયો થાય છે.

૮.'પરોક્ષ' એટલે આત્માઅને ભગવાન્ સમ્બન્ધી કરેલા અનુમાનરૂપ અથવા એમના સમ્બન્ધી

શબ્દથી થતું જ્ઞાન.(પ્ર)
૯.'એથી' એટલે (જ્ઞાનના) વિશેષણથી.(આત્માના તત્વના વિચારવાળું) એ વિશેષણથી.(પ્ર)
૧૦.(૧)જ્ઞાન શું? (૨)એ વિષયરહિત આત્મરૂપ હોય તો આત્મા કયો? (૩)વિષયવાળું હોય તો એના વિષયરૂપ તત્વ શું? (૪)વિમર્શ એટલે લક્ષણ અને પરીક્ષા, એવા ચાર પ્રશ્નો થાય.(પ્ર)

વળી[1] તત્વના બંધમાં ભેદો પૂછું છું એમ નીચેના શ્લોકથી કહે છે :

**યદ્રૂપં યદધિષ્ઠાનં યતઃ સૃષ્ટમિદં પ્રભો ।**
**યત્સંસ્થં યત્પરં યચ્ચ તત્તત્વં વદ તત્વતઃ ।।૨।।**

હે પ્રભુ ! એ તત્વ કેવા રૂપનું, કયા અધિષ્ઠાનવાળું, આ શેમાંથી રચાયું? શેમાં રહેલું, કોણે સ્થાપન કરેલું અને શું, (એ) તત્વથી કહો.૨

'તત્વ' એટલે આરોપ કર્યા વિનાનું સ્વરૂપ, ને બધુંયે જગત્ ઉત્પન્ન થાય તેવું હોવાથી, આત્મા પણ પ્રાદુર્ભૂત થયેલો હોવાથી, બધોયે (પદાર્થ) આરોપ થયેલો છે. તેથી[2] (૩)એનું રૂપ કહો, જે પ્રકારનું સ્વરૂપ છે જેનું (તેનું.) (૪)અધિષ્ઠાનવાળું હોય તેના ઉપર આરોપ થયેલ[3] હોય અથવા ન થયેલ હોય, તેથી એનું અધિષ્ઠાન પણ કહો, એમ 'કયા અધિષ્ઠાનવાળું (છે)?' એમ કહેલું છે (૫)લોકમાં પણ જગતનો તત્વ તરીકે વ્યવહાર થતો હોવાથી, અને તત્વોનો પણ તત્વ તરીકે વ્યવહાર થતો હોવાથી, મૂલ તત્વ ન હોય તોયે ઘટતું ન હોવાથી. જગતના કારણરૂપ તત્વ પણ કહો એમ 'આ શેમાંથી રચાયું?' શબ્દથી કહેલું છે. વાદીઓમાં વિવાદ હોવાથી જગત્ શેમાંથી ઉત્પન્ન થયું? વળી (૬)શેની અંદર 'સંસ્થા' સ્થિતિ છે જેની (તેની)? અથવા 'સંસ્થા' એટલે મૃત્યુ; અને વિમર્શના અંગ તરીકે જગતનો પ્રશ્ન (કરેલ) છે. એ પક્ષ પ્રમાણે તત્વ સમ્બન્ધી બે પ્રશ્નો અને સૃષ્ટિ સમ્બન્ધી ચાર પ્રશ્નો ઉત્પત્તિ સ્થિતિ પ્રલય અને સ્વરૂપ સમ્બન્ધી થયા 'તસ્ય' એનો 'ભાવઃ' ભાવ તે તત્વ, એમ ભગવાનનું હોવાપણું જગત્ જ છે એ (તત્વ) તો આત્મા છે.

અથવા[5] સામાન્ય રીતે તત્વનો વિચાર કરવામાં આવે છે. તેથી એ એક અથવા અનેક થશે (૭)'યત્પરમ્' જે પર એટલે[6] છે જેનો, આથી સ્થિતિ કહી. એક મત પ્રમાણે એ તત્વ કોના શ્રેષ્ઠપણાવાળું છે, અથવા એ તત્વને ગ્રહણ કરનાર કોણ છે? એવો અર્થ છે. (૮)રૂપ પ્રમાણથી અને સ્વરૂપથી એમ બે પ્રકારનું છે. એ પૈકી 'જે પ્રકારનું સ્વરૂપ છે જેનું?' (ઉપર) (૩)એ પ્રમાણથી (સ્વરૂપ) પૂછ્યું અને (એ) શું એમ સ્વરૂપથી (રૂપ) પૂછ્યું. તત્વ જગદ્રૂપ હોય અથવા ભિન્ન હોય ત્યારે એના (આ શ્લોકથી) છ અંગો પૂછ્યાં આમના[7] ભેદોનું જ્ઞાન જેમ તત્વથી જાણવામાં આવે

તેમ કહો એવો અર્થ છે. ૨

૧.વિષયરહિત આત્મતત્વ હોય ત્યારે તેના ભેદો પૂછે છે.(પ્ર)
૨.'તેથી' એટલે એ જાણવું કઠણ હોવાથી.(પ્ર)
૩.માયાવાદી પેઠે આ 'આરોપ થયેલ' શબ્દ પૂર્વપક્ષ જણાવનારો છે.(પ્ર)
૪.'શેમાંથી' એટલે કયા અને કેવા પ્રકારના પદાર્થમાંથી. આ સમ્બન્ધમાં, કાલ, સ્વભાવ, નિયતિ. યદચ્છા, મહાભૂતો, યોનિ, પુરુષ એ વિચારવાના (૧)શેમાંથી રચાયું? (૨)શેમાં રહેલું? એ પ્રશ્નોથી જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર સમ્બન્ધી પ્રશ્ન થયો.(પ્ર)
૫.બીજા પ્રકારે અર્થ કરે છે, 'યદ્' પદ બધા પ્રશ્નોમાં જુદું લેવાનું ચે. એમ થતાં 'રૂપમ્' એટલે જગત્ અથવા એ, એનું અધિષ્ઠાન, એને ઉત્પન્ન કરનાર, અથવા એ સારી રીતિથી સ્થિતિ કરનાર એવા પ્રશ્ન થયા.(પ્ર)
૬.'નિયન્તા' એટલે સ્થાપન કરનાર.(પ્ર)
૭.આથી 'તત્તત્વમ્' ને અર્થ 'તેષાં તત્વમ્' એઓનું તત્વ એવો કરવો, અથવા, 'તત્ તત્ ત્વમ્' એવા ત્રણ જુદા જુદા શબ્દ લેવા એમ જણાવેલ છે.(પ્ર)

તમે જેવું જાણો છો તેવું અમારું જ્ઞાન કરો એવા અભિપ્રાયથી નીચેના શ્લોકથી એ સર્વજ્ઞ હોવાનું કહે છે :

**સર્વં હ્યેતદ્ ભવાન્ વેદ ભૂતભવ્યભવત્પ્રભુઃ ।**
**કરામલકવદ્ વિશ્વં વિજ્ઞાનવાસિતં તવ ।।૩।।**

આપ થઈ ગયેલા, થનારા અને થતા (પદાર્થો)ના પ્રભુ આ સર્વ જાણો છો. હાથમાં રહેલા આમળાની પેઠે વિશ્વ આપના જ્ઞાનથી નિશ્ચિત થયેલું છે.૩

'થઈ ગયેલાનું અને થનારાનું જ્ઞાન ન હોય' (એવી શંકા થાય,) તેથી (એવું જ્ઞાન) કાલથી પ્રાપ્ત થાય તેવું હોઈ, આપ જ કાલરૂપ અથવા એને વશ રાખનાર છો એમ કહે છે. જેમ રેંટમાં કેટલાક (ઠામ) ઉપર રહેલા ડૂબે છે અને ઉપર આવે છે, તેવી રીતે સમયમાં જગત્ ડૂબે છે અને પછી બહાર આવે છે. તેથી જે કાલમાં અને કાલની બહાર પણ રહે છે તે જેમ જલમાં અને બહાર પણ રહેનાર રેંટના ઠામ ડૂબતાં અને બહાર નીકળતાં જાણે છે તેમ સર્વ જાણો છો. વળી યોગથી પ્રાપ્ત થયેલ ગુણથી પણ તમને સર્વ પ્રત્યક્ષ છે એમ ઉત્તરાર્ધથી કહે છે. 'વિજ્ઞાનાવસ્થિતમ્' એટલે વિજ્ઞાનમાં રહેલું અથવા (વિજ્ઞાનથી) નિશ્ચિત થયેલું. 'આવેશિતમ્' એવો પાઠ હોય ત્યારે ભવિષ્યમાં કાર્ય થાય તે માટે બધુંયે જ્ઞાનમાં મૂકેલું (રાખેલું છે એવો અર્થ થાય.) હાથમાં રહેલા આમળાના ફલ વિશે કોઈને પણ સંદેહ હોતો નથી.૩

વળી તમે એ પોતાનું સ્વરૂપ પણ કહેવું એમ નીચેના શ્લોકોથી કહે છે :

**યદ્વિજ્ઞાનો યદાધારો યત્પરસ્ત્વં યદાત્મકઃ ।**
**એકઃ સૃજસિ ભૂતાનિ ભૂતૈરેવાઽઽત્મમાયયા ।।૪।।**
**આત્મન્ ભાવયસે તાન્યેવ પરાભાવયન્સ્વયમ્ ।**
**આત્મશક્તિમવષ્ટભ્ય ઊર્ણનાભિરિવાઽક્લમઃ ।।૫।।**

આપનું જ્ઞાન કોનાથી, આપનો આધાર કોણ, આપને વશ રાખનાર કોણ, આપનું સ્વરૂપ શું? જેમ કરોળિયો થાક્યા વિના (જાળ રચે છે) તેમ આપની શક્તિનો આધાર લઈ પોતાની માયાથી આપ એકલા મહાભૂતોથી જ પ્રાણીઓને ઉત્પન્ન કરો છો, પોતામાં જ પાલન કરો છો, અને પોતે જ એમનો નાશ કરો છો.૪-૫

જે અથવા જેમનાથી આપનું જ્ઞાન (છે) આપને જ્ઞાન આપનાર કોણ છે? એવો અર્થ છે. વળી આપનો આધાર કોણ અને આપને વશ રાખનાર કોણ અને આપનું સ્વરૂપ શું?[1] એ રીતે ચાર પ્રશ્નો થાય. 'જેવા બધા તેવો હું છું' એવો સાધારણ ઉત્તર (હવે) નકારે છે. 'એકલા ઉત્પન્ન કરો છો.' તમે એકલા દેવ, હલકા પ્રાણીઓ અને મનુષ્યો પ્રકારના પ્રાણીઓને, એ જ ભૂતોથી અથવા મહાભૂતોથી ઉત્પન્ન કરો છો, તેથી તમારા સમ્બન્ધી ચાર પ્રશ્નો (થયા) એવો અર્થ છે. 'પોતાની માયાથી' આરંભી સ્વતંત્રપણું હોવાનું કારણ દર્શાવતો (આ) પછીનો શ્લોક છે; અથવા (એ શબ્દ) માહાત્મ્ય જણાવનારો પહેલાના અંગનો છે. પોતાની સર્વ થવાની શક્તિથી જ સર્વ ઉત્પન્ન કરો છો, પોતામાં જ એમનું 'ભાવયસિ' પાલન કરો છો, (અને) પોતે જ એઓનો જ 'પરાભાવયન્' નાશ કરો છો. 'ન પરાભાવયન્' એવો પાઠ હોય ત્યારે નાશ ન કરાવતાં (એવો અર્થ થાય એટલે) સૃષ્ટિ અને સ્થિતિ કરો છો એવો અર્થ (થાય.) (ઉત્પત્તિ અને સ્થિતિ) બે જ કહ્યાં, કારણકે (નારદે) એવું (જોયેલું છે.) કોઈની સાહાય્ય વિના કરવાના સમ્બન્ધમાં પાંચમા શ્લોકના ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહેલું છે. આકાશમાં પક્ષીઓ ઊડે છે તેમ પોતાની જ શક્તિનો આધાર લઈ અમુક પ્રકારનો કીડો કરોળિયો (છે) તે સૂતરના જેવી લાળ પોતાના મુખમાંથી કાઢી, એનાથી વિહાર કરવાનું સ્થાન બનાવી, વિહાર કરી, પાછું (એ) ગળી જાય છે, છતાં પણ થાકતો નથી. એવી રીતે આપ (કરો છો) એવો અર્થ છે. ૪-૫

૧.જીવ અને ઈશ્વર પૈકી કઈ કોટિમાં આપ છો ?(પ્ર) ભા-૧૭

આવું તમારું સામર્થ્ય પોતાથી જ છે, બીજાથી (પ્રાપ્ત) નથી, એવી મારી માન્યતા છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**નાઽહં વેદ પરં સ્વસ્મિન્નાપરં ન સમં વિભો ।**

**નામરૂપગુણૈર્ભાવ્યં સદસત્કિઞ્ચિદન્યતઃ ।।૬।।**

હે શક્તિવાળા ! આ (સંસાર)માં ઉત્તમ, હલકું અથવા સમાન કાંઈક નામરૂપ અને ગુણોથી ઉત્પન્ન થવું ઉત્તમ અથવા હલકું (તમોથી) બીજાથી થયાનું હું જાણતો નથી. ૬

આ સંસારમાં સર્વ તમારાથી જ થાય છે એમ હું જાણું છું. 'પરમ્' ઉત્તમ, 'અપરમ્' હલકું, 'સમમ્' પરસ્પર સરખું (તમારાથી જ થાય છે.) એવું કરવાની શક્તિ 'હે શક્તિવાળા !' એ સંબોધનથી (જણાવી.) વળી 'નામ' વેદો, 'રૂપમ્' જગત્, બ્રાહ્મણ વગેરે ગુણો, તેઓથી 'ભાવ્યમ્' ઉત્પન્ન થાય તેવાં 'સત્' ઉત્તમ, 'અસત્' હલકું, અથવા કાર્ય અને કારણરૂપ, કાંઈપણ તમારા વિના બીજાથી ઉત્પન્ન થવાનું હું જાણતો નથી. ૬

એમ હોય તો તેથી શું? એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ ભવાનચરદ્ઘોરં યત્તપઃ સુસમાહિતઃ ।**
**તેન ખેદયસે નસ્ત્વં પરાશઙ્કાં પ્રયચ્છસિ ।।૭।।**

એ આપે ઘણા સાવધાન રહીને જે ઘોર તપ કર્યું, તેનાથી તમે અમને ખેદ કરાવો છો અને મોટી શંકા આપો છો (ઉત્પન્ન કરાવો છો.)૭

સ્વતંત્ર (હોય તે) નક્કી ઘોર તપ કરતો નથી. 'ઘોર' શબ્દથી ભગવાન્ સમ્બન્ધી તપ ન હોવાનું કહ્યું. નર અને નારાયણે કરેલું તપ શાંત હતું. 'જે' (એટલે) જે કારણથી 'સુસમાહિતઃ' ઘણા સાવધાન રહીને તપ કર્યું. આથી સ્વાભાવિક તપ કરેલ ન હતું એમ જણાવ્યું. 'તપ મારું હૃદય છે' એ વાક્ય પ્રમાણે અને 'જેનું તપ જ્ઞાનમય છે' એ વાક્ય પ્રમાણે સ્વભાવથી જ તપ થાય છે. એ સાવધાન અંતઃકરણવાળો એવું તપ કરતો નથી. તેથી એમ જણાય છે કે આ (બ્રહ્મા)થી ઉત્તમ કોઈક છે, જેની આરાધના કરવા બ્રહ્માએ તપ કરેલ. વળી એ તપ કરવાના કર્મથી તમે અમને ખેદ કરાવો છો. અમારું એવું અભિમાન રહેલ કે અમારા પિતા સર્વથી ઉત્તમ છે. (તમે) તપ કર્યું તેથી એ જતું રહ્યું. બીજા પણ (તમારાથી) ઉત્તમ છે એવી શંકા ઉત્પન્ન થાય છે, તેથી સંદેહ રહે છે કે તમારાથી બીજો કોઈ (ઉત્તમ) છે કે નથી !૭

આ સર્વ કહો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**એતન્ મે પૃચ્છતઃ સર્વં સર્વજ્ઞ સકલેશ્વર ।**
**વિજાનીહિ યથા ચેદમ્ અહં બુદ્ધ્યેઽનુશાસિતઃ ।।૮।।**

હે સર્વ જાણનાર ! હે સર્વના ઈશ્વર ! જેવી રીતે બોધ કરેલો હું જાણું તેવી રીતે પૂછનારા મને આ સર્વ કહો.૮

અહીં તેર પ્રશ્નો થયા : (૧)જ્ઞાનનો પ્રશ્ન, (૨)આત્મા સમ્બન્ધી પ્રશ્ન, (૩ થી ૮) તત્વસમ્બન્ધી છ પ્રશ્નો. (૯ થી ૧૨) બ્રહ્મા સમ્બન્ધી ચાર પ્રશ્નો અને (૧૩)આ છેલ્લો પ્રશ્ન.[૧] એમ (તેર થયા.) બધું 'વિજાનીહિ' ઉત્તમ પ્રકારે વિચાર કરીને કહો અથવા બોધ કરો. જેવી રીતે 'અનુશાસિતઃ સન્' બોધ કરેલો થઈ હું જાણું. (તમે) સર્વ જાણનાર હોવાથી (તમારામાં) કહેવાની શક્તિ છે. સર્વના ઈશ્વર હોવાથી મને બોધ કરવાની શક્તિ છે. માત્ર પ્રશ્ન કરવાથી ન કહો[૨] એવી એ (બ્રહ્માની ભગવાન્) હોવાની સ્થિતિ જણાવી. આ પ્રશ્ન અજ્ઞાનથી કરેલ નથી, પરંતુ જેમ પિતા કહે તે પ્રયોજનથી એવા પ્રકારથી પ્રશ્ન કર્યો છે એમ ઉત્પત્તિમાં કહેશે.[૩] આથી[૪] એમ જણાવેલ છે કે પ્રશ્ન અને ઉત્તર પણ ભવિષ્યમાં વિચાર કરવા યોગ્ય છે. 'હું' જાણું તેવી રીતે[૫] એ શબ્દોથી એમ કહેવાયેલ છે કે બધાએ પદાર્થોનું સ્વરૂપ ઉત્પત્તિથી કહેવું. એમ કહેવામાં ન આવે તો ભગવાને[૬] ઉત્પત્તિ કહેલ ન હોવાથી બ્રહ્મા પણ એ ન કહે, તેથી[૬] એવો નિશ્ચય થાય છે કે અધિકાર પ્રમાણે પદાર્થો કહેવા.[૬] ૮

૧.આ પ્રશ્નો કરેલ શ્લોક નીચેના છે : ૧,૧,૨,૪,(૭-૮).
૨.'વિજાનીહિ' અને 'બુધ્યે' એમ બે વાર જણાવ એમ કહેવાનું કહ્યું એનું તાત્પર્ય આથી કહેલ છે.(પ્ર)
૩.બ્રહ્માના વચનમાં 'કારુણિક' શબ્દથી કહેશે.(શ્લો.૯)(પ્ર)
૪.'આથી' એટલે સર્વ જાણનારે કરેલ હોવાથી.(પ્ર)
૫.'વિજાનાહિ' એ શબ્દથી પોતાને જ્ઞાનની જરૂર હોવાનું જણાવ્યું, છતાં 'જેવી રીતે હું જાણું' એમ કહેવાની શી જરૂર ?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ.(પ્ર)
૬.અધિકારભેદ સૂચવવા ઉપરનું વાક્ય કહેલું છે.(પ્ર)

હવે આરંભમાં છેલા પ્રશ્નનો ઉત્તર કહેવા, બધાએ પ્રશ્નોનો એકમાં સમાવેશ થાય છે એમ નીચેના શ્લોકથી કહે છે :

બ્રહ્મા ઉવાચ

**સમ્યક્ કારુણિકસ્યેદં વત્સ તે વિચિકિત્સિતમ્ ।**
**યદહં ચોદિતઃ સૌમ્ય ભગવદ્વીર્યદર્શને ॥૯॥**

હે પુત્ર ! તેં દયાળુએ વિચારેલું આ સારું છે. હે ભલા ! કારણકે ભગવાનના વીર્યનું વીર્ય જણાવવાની મને પ્રેરણા કરી છે.૯

બધાએ પ્રશ્નોનો ઉત્તર ભગવાન્ જ છે. એ જ જ્ઞાન વગેરે છે. એમના જ

પેટાભેદો બાર છે. એજ સ્કંધના અર્થ તરીકે પરિણામ પામશે. 'એ કેમ થશે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે કે જેથી ભગવાનના વીર્યના દર્શન માટે એટલે જ્ઞાન કરાવવા માટે મને પ્રેરણા કરી. જો બધાએ પ્રશ્નોના ઉત્તર તરીકે ભગવાન્ જ જણાવવાના હોય ત્યારે જ એવું ઘટે છે, પરંતુ જે જે પ્રકારના રૂપથી જુદા જુદા પ્રશ્નોના ઉત્તરરૂપ ભગવાન્ થાય છે, તે તે (ભગવાનનું) રૂપ આગળ કહેવામાં આવશે. તેથી જ એ પ્રશ્નનું અભિનંદન કરેલું છે. એમ ન હોત,[૧] તો કોપ જ કર્યો હોત, અને ભગવાનના વીર્યો કહેવાના તરીકે પ્રાપ્ત થયેલા હોવાથી એ (કોપ કર્યો) નથી. આ જે તારો પ્રશ્ન છે તે તારો દયાળુનો (પ્રશ્ન) છે, કારણકે આ (પ્રશ્નના) બહાનાથી સર્વે સંસારમાંથી મુક્ત કરાવવાના છે અને મને કૃતાર્થ કરવાનો છે. એમ ન હોય તો, ઉત્તમ ભગવદ્ભક્તને તને અજ્ઞાન હોવાનું સંભવતું નથી, એવો અભિપ્રાય છે. 'હે પુત્ર !' એ સ્નેહથી (કરેલું) સંબોધન એમ જણાવે છે કે માતાના સ્તનના દૂધની પેઠે બ્રહ્માના હૃદયમાંથી ભગવાનનું ચરિત્ર નીકળેલું છે, 'વિચિકિત્સિતમ્' એટલે વિચારેલું અથવા જાણવા ઈચ્છેલું.૯

૧.ઘણા પ્રશ્નો કર્યા અને વળી જ્ઞાન હોવા છતાં પ્રશ્નો કર્યા તેથી કોપ જ થાય.(પ્ર)

એ પ્રમાણે પ્રશ્નનું અભિનંદન કહીને (કરીને,) અને સંતોષથી વક્તા હોવાનો અધિકાર જણાવીને છેલ્લા પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી કહે છેઃ

**નાઽનૃતં તવ તચ્ચાઽપિ યથા માં પ્રબ્રવીષિ ભોઃ ।**
**અવિજ્ઞાય પરં મત્ત એતાવત્વં યતો હિ મે ।।૧૦।।**

અહો ! મારો નિયામક જેનાથી નક્કી હું આટલો છું તેમને જાણ્યા વિના, હું જેવો હોવાનું તું કહે છે એ તારું (વચન) પણ અસત્ય નથી.૧૦

તમારાથી કોઈક ઉત્તમ છે એવું તારું જે વચન તે અસત્ય નથી. એક પ્રકારનું જાણી જુદા પ્રકારે કહેવું એ ખરેખર અસત્ય છે, પરંતુ અજ્ઞાન હોવાથી (કહેવું અસત્ય) નથી. એ અજ્ઞાનીનું વચન છે એવું જ લોકમાં પ્રસિદ્ધ છે, અપ્રામાણિકપણું સમાન હોવા છતાં એવા (અજ્ઞાનથી કહેલા) વચનથી અસત્ય બોલ્યાનો દોષ થતો નથી, એવો અર્થ છે. 'તમે જ ઉત્તમ છો' એમ તું મને જેવું કહે છે તે સત્ય તો નથી, એમ 'મારો નિયામક જાણ્યા વિના' શબ્દોથી કહે છે. મારાથી 'પરમ્' ઉત્તમ, મારા નિયામકને જાણ્યા વિના (કહેલું) આ વચન છે, એવો અર્થ છે. 'એ કોણ છે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'જેમનાથી હું આટલો છું' એમ કહેલું છે, મારામાં જેટલા ઉત્તમ ગુણો (હોવાનું) એ કહ્યું. તે બધા નક્કી જેના સમ્બન્ધથી મારામાં

આવ્યા તે ભગવાન્ છે, એવો અર્થ છે.૧૦

એ પ્રમાણે છેલ્લા પ્રશ્નનો ઉત્તર કહી, પહેલા પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકથી કહે છે :

**યેન સ્વરોચિષા વિશ્વં રોચિતં રોચયામ્યહમ્ ।**
**યથાઽર્કોઽગ્નિર્યથા સોમો યથર્ક્ષગ્રહતારકાઃ ।।૧૧।।**

જેમણે પોતાના પ્રકાશથી પ્રકાશિત કરેલા વિશ્વનો જેમ સૂર્ય, અગ્નિ, જેમ ચંદ્ર, જેમ નક્ષત્રો, ગ્રહો અને તારાઓ પ્રકાશ કરે છે તેમ હું પ્રકાશ કરું છું.૧૧

ભગવાન્ જે સ્વરૂપથી જ્ઞાન થાય છે તે સ્વરૂપ કહે છે, કારણકે જ્ઞાન પોતે પ્રકાશવાળું હોઈ બધાયનો પ્રકાશ કરે છે, કારણકે પ્રકાશનો પણ પ્રકાશ કરે છે. તેથી સર્વનો પ્રકાશ કરનારું, પોતાનો પ્રકાશ કરનારું ભગવદ્રૂપ જે ચૈતન્ય તે જ્ઞાન,[૧] એવો અર્થ છે. 'સ્વરોચિષા' પોતાના પ્રકાશથી પોતે જ પ્રકાશે અને પોતાના આત્માને પણ પ્રકાશે તે પોતે પ્રકાશનાર, જે ભગવાન્ પોતે પ્રકાશનાર છે, વિશ્વને એમણે જ 'રોચિતમ્' પ્રકાશિત કરેલું છે. અવ્યક્તમાં લય પામેલું વિશ્વ એમના પ્રકાશથી પ્રકાશિત થયું, ત્યારે બ્રહ્મ સ્થૂલપણાથી પ્રકટ થયું. એ 'હું પ્રકાશ કરું છું' શબ્દોથી કહેલ છે. જેમ મોટા કાષ્ઠમાં રહેલો અગ્નિ મથનથી પ્રકટ થયેલો (હોય ત્યારે) જ ઘાસ વગેરેથી પ્રત્યક્ષ થાય છે, પરંતુ ઘાસ વગેરેથી એકદમ પ્રત્યક્ષ કરાતો નથી. એ વિષયમાં વેદથી પ્રાપ્ત થતું દષ્ટાંત ઉત્તરાર્ધથી કહે છે. બીજી (વસ્તુઓ) તો જડ છે, પોતાની મેળે પ્રકાશતી નથી, પરંતુ તેજ તો પોતે જ પ્રકાશે છે. એ પણ જો ભગવાનથી જ પ્રકાશ પામતું હોય, તો બીજી (વસ્તુઓ) એમનાથી પ્રકાશથી હોવામાં શો સંદેહ? એ વિષયમાં શ્રુતિ એવી છે 'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર અને તારાઓ (પ્રકાશતા) નથી, આ વીજળીઓ (પ્રકાશતી) નથી, આ અગ્નિ કેમ પ્રકાશે? પ્રકાશતા એમની પાછળ જ સર્વ પ્રકાશે છે, એમના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે.' એ પૈકી વીજળી કોઈક સમયે જ થતી હોઈ (શ્લોકમાં) એ કહી નથી. જેમ સૂર્ય જ્ઞાને પ્રકાશ કરેલા (પદાર્થ)નો જ પોતે પ્રકાશ કરે છે, અને પોતે પણ (બીજાથી) પ્રકાશ પામેલો છે. 'સૂર્યમાં રહેલું તેજ' (ભ.ગી. ૧૫-૧૨) એ વાક્ય પ્રમાણે એનો પણ પ્રકાશ કરનારું ભગવાનનું તેજ જ છે, તેવી રીતે મારામાં પણ (જ્ઞાન કરાવનારું એ તેજ જ છે,) એવી રીતે અગ્નિ વગેરે, અશ્વિની વગેરે નક્ષત્રો, બુધ વગેરે ગ્રહો (અને) બીજા તારાઓ (ભગવાનના તેજથી પ્રકાશે છે.) ૧૧

૧.આ વાક્યથી એમ જણાયવેલ છે કે જ્ઞાનીની પ્રવૃત્તિનું કારણ બનેલ જ્ઞાન વિદુર ભગવાન્ જ છે. એ પોતાની ઇચ્છાથી જે (પુરુષો)માં જે કોઈ પ્રકારથી પ્રકટ થાય છે, તેમને માયા મોહ કરતી નથી.(પ્ર)

એવી રીતે જ્ઞાનના સ્વરૂપવાળા ભગવાન્ સિદ્ધ કરીને, એમના વિશે બીજું કરવા યોગ્ય ન હોવાથી નીચેના શ્લોકથી એમને ભક્તિથી નમન કરે છે :

**તસ્મૈ નમો ભગવતે વાસુદેવાય ધીમહિ ।**
**યન્માયયા દુર્જયયા માં બ્રુવન્તિ જગદ્ગુરુમ્ ।।૧૨।।**

તે ભગવાન્ વાસુદેવને નમસ્કાર, જેમની જીતી ન શકાય તેવી માયાથી મને જગદ્ગુરુ કહે છે તેમનું ધ્યાન ધરીએ છીએ.૧૨

'એ' શબ્દથી (ભગવાન્) લોક અને વેદમાં પ્રસિદ્ધ હોવાનું કહે છે. 'ભગવાન્' શબ્દથી એમનું જ્ઞાન ગુણ નથી (અને) અંશ નથી, (એમ જણાવ્યું) નમન (કરવા)નું પ્રયોજન તો મોક્ષ છે, તે 'વાસુદેવ' શબ્દથી કહેલું છે. નમન ભક્તિ[૨] છે. નિદિધ્યાસન[૩] અંદર રહેલું સાધન છે, તે 'ધ્યાન કરીએ છીએ' શબ્દથી કહેલું છે. અથવા એ નમન છે. એ પ્રમાણે જ્ઞાન કહીને, બધાને (કોઈને) એમનું જ્ઞાન ન હોય એ યોગ્ય જ છે એમ વિરોધ ન રહે એ માટે ઉત્તરાર્ધથી કહે છે. જે જ્ઞાનરૂપ ભગવાનને વશ રહેનારી કોઈક શક્તિ 'માયા' છે, તે જગત્ રચનારની માયાથી જુદી છે. આનું ફલ મોહ કરવાનું જ છે, એનું (ફલ) તો ભગવાનની આજ્ઞાથી જગત્ રચવાનું સાધન થવું અને રચવું. એ 'જીતી ન શકાય તેવી' વિશેષણથી માયાની શક્તિ કહેલી છે. પ્રાણીમાત્રથી એના ઉપર જય મેળવવો અશક્ય છે. વેદસ્તુતિમાં આ જ માયા હણવા યોગ્ય હોવાની વેદોએ પ્રાર્થના કરેલી છે,[૫] કારણકે એ (વેદો) જ્ઞાનનો બોધ કરે છે, (અને) આ (માયા) તો મોહ કરે છે. 'મને જગદ્ગુરુ[૬] કહે છે' શબ્દોથી ઉત્તમ (પુરુષો)માં પણ એનું પરિણામ જોવામાં આવે છે એમ કહેલું છે. ક્રિયાશક્તિ બીજાને અધીન હોવાથી 'જગદ્ગુરુ' એમ કહેલું છે.૧૨

૧.'ભક્તિથી' એટલે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહથી.(પ્ર)
૨.ભક્તિ એટલે બહારની ભક્તિ.(પ્ર) ૩.'નિદિધ્યાસન' એટલે ઉત્તમ આધારરૂપ જ્ઞાન.(પ્ર)
૪.એ નમનનું જ ધ્યાન ધરીએ છીએ 'નમો ધીમહિ.'(પ્ર)
૫.વેદોને અનુસરવાથી એને જીતી શકાશે એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે.
૬.'જગદ્ગુરુ' એટલે જ્ઞાન આપનાર, પણ પોતાની ક્રિયા બરાબર ક્રિયા આપનાર નહિ. મારામાં એવું ક્રિયા આપવાનું સામર્થ્ય ન હોવાનું જાણવા છતાં પણ મારામાં ઉત્તમ બુદ્ધિ હોવાનું માને એ માયાનું કાર્ય છે.(પ્ર)

'ત્યારે આ શક્તિ મોહ કરાવવાના સ્વભાવવાળા હોવાથી પોતાના આધાર (ભગવાન)ને પણ મોહ કરતી હશે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિલજ્જમાનયા યસ્ય સ્થાતુમીક્ષાપથેઽમુયા ।**
**વિમોહિતા વિકત્થન્તે મમાઽહમિતિ દુર્ધિયઃ ।।૧૩।।**

જેમની દષ્ટિના માર્ગમાં રહેવાના શરમાતી આથી મોહ પામેલા દુષ્ટબુદ્ધિવાળા 'હું, મારું' એમ બડાઈ કરે છે.૧૩

એ ભગવાનની પત્ની, પોતે ભગવાન્ સાથે નિરન્તર રમણ કરી શકે એ માટે બીજાઓની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કરે છે. એ એવી હોવાનું ભગવાન્ જાણે છે, તેથી શરમાતી (હોઈ,) (એમની) દષ્ટિના માર્ગમાં રહેવામાં પણ શરમાય છે. તેથી જ જેઓ એમની (ભગવાનની) સમ્મુખ રહેતા હોય તેમને મોહ કરતી નથી, પાછળ પ્રવૃત્તિ કરનારાઓને જ મોહ કરે છે. એ જ અર્થ કહે છે (કે) આનાથી મોહ પામેલાઓ 'મારું, હું' એમ બડાઈ કરે છે. મોહ કરવાનું સાધન 'દુષ્ટ બુદ્ધિવાળા' વિશેષણથી કહેલ છે. તેથી બુદ્ધિને જ મોહ કરે છે.૧૩

એવી રીતે જ્ઞાનનું એના સહાયકો[1] સાથે નિરૂપણ કરીને, આત્માનું નિરૂપણ કરવા આરંભમાં નીચેના શ્લોકથી તત્વ જણાવે છે :

**દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવ એવ ચ ।**
**વાસુદેવાત્પરો બ્રહ્મન્ન ચાઽન્યોઽર્થોસ્તિ તત્વતઃ ।।૧૪।।**

હે બ્રહ્મન્ ! દ્રવ્ય અને કર્મ અને કાલ, સ્વભાવ અને જીવ પણ વાસુદેવથી જુદો અને બીજો કોઈ અર્થ તત્વથી નથી.૧૪

આ તત્વ જુદાજુદા પ્રકારનું નથી, પરંતુ બધાયનું તત્વ એક જ છે. એ સર્વ પાંચ અંગોવાળું છે. એ પાંચેનું તત્વ જો ભગવાન્ જ હોય, તો એમના કાર્યોનું સારી રીતે એ જ તત્વ થાય. એ પાંચ ગણાવે છે : (૧)'દ્રવ્યં' જડ(પદાર્થો)ની સૃષ્ટિનું સમવાયિકારણ[2] મહાભૂતો વગેરે. (૨)કર્મ જગતના જન્મનું સાધારણ કારણ અને 'ચ' શબ્દથી (જણાવેલ) પ્રાણીઓના સંસ્કારરૂપ[3] (૩)કાલ, ગુણોનો ક્ષોભ કરનાર અને 'ચ' શબ્દથી જણાવેલ કારણ બનેલ, જે સર્વના આધાર તરીકે જણાય છે. (૪)સ્વભાવ, ફેરફારના કારણરૂપ, (૫)જીવ, ભોગ કરનાર ભગવાનનો અંશ, અને 'ચ' શબ્દથી (જણાવેલ) એનું અભિમાન કરનારા દેવતા. એ પૈકી કાલ, કર્મ અને સ્વભાવનું નિબન્ધમાં સારી રીતે નિરૂપણ કરેલું છે. જીવનું પણ જુદું નિરૂપણ કરેલું છે. દ્રવ્યનું તો અહીં જ (કરીશું.) પ્રકૃતિના સર્વ કાર્યોનું આગળ નિરૂપણ કરવામાં

આવશે. આ સર્વ વાસુદેવથી જુદા નથી. આ સર્વ[3] દેવતાઓ હોવાથી તત્વનું નિરૂપણ કરતાં સત્વમૂર્તિ[4] ભગવાન્ વાસુદેવ કહેલા છે. 'તત્વથી' શબ્દથી એમ (જણાવ્યું છે કે) દેખીતી રીતે જુદાપણું હોવા છતાં જુદા નથી, કારણકે અસ્તિત્વ (હોવાપણું) એમનું જ[5] છે. જણાવેલ અર્થમાં અસંભવિતપણું નથી એમ (કહેવા) 'હે બ્રહ્મન્' એવું સંબોધન કરેલું છે, કારણકે તમે પણ બ્રહ્મ છો, તેથી બીજું બ્રહ્મ હોય તેમા શો સંદેહ એવો ભાવાર્થ છે. 'ચ' શબ્દનો એવો અર્થ છે કે ગુણનો ભેદ પણ[6] નથી. 'બીજો' શબ્દથી સ્વરૂપનો ભેદ પણ નથી એમ જણાવેલ છે. 'જુદા' શબ્દથી અધિષ્ઠાતાનો[7] ભેદ નથી એમ જણાવ્યું. 'અર્થ' શબ્દથી તર્ક[8] કહેલ છે, કારણકે શબ્દ અને અર્થનો સમ્બન્ધ નિત્ય[8] છે. એ (વિષય)માં શબ્દો અને અર્થો નિત્ય છે. એઓ જો ભગવદ્રૂપ જ હોય તો જ એક 'સત્'રૂપ હોવાપણું અને નિત્યપણું સાબિત થાય એમ કહ્યું.(૧૪)

૧.એ જ્ઞાન સાર્વત્રિક નથી, એમ જણાવનાર મોહ વગેરે રૂપ સહાયકો.

૨.સદાના સમ્બન્ધવાળું કારણ.(પ્ર) ૩.સંસ્કારરૂપ એટલે અદશ્યરૂપ.(પ્ર)

૪.કાલ વગેરે દેવતારૂપ હોઈ સાત્વિક શરીરવાળો છે. 'સત્'નો ભાવ સત્વ (પ્રકૃતિનો ગુણ સત્વ નહિ) તે સત્વ મૂર્તિ એટલે શરીર છે. જેમનું તેવા ભગવાનને કારણ તરીકે કુદરીત, આરોપ કર્યા વિનાના કહેલા છે.(પ્ર)

૫.'એનું' એટલે એ મૂલ બનેલ સત્નું.(પ્ર)

૬.ઉપાદાન થવું, શોભાવાળું થવું, વિજાતીય થવું, ઉત્પન્ન કરનાર થવું, ભોક્તા થવું વગેરે ગુણો પણ ભગવાનના જ છે, તેથી ગુણોનો પણ ભેદ નથી.(પ્ર)

૭.તેથી વાસુદેવથી પર નથી, પણ હલકા છે તેમને વશ છે, એવો અર્થ છે. આમ હોવાથી જીવો વગેરે ભગવદ્રૂપ હોવા છતાં ભગવાન્ નથી, પણ એમનાથી ન્યૂન છે, એમ કહ્યું. આ અર્થ ૨-૧૦-૧૨ માં સ્પષ્ટ છે.(પ્ર)

૮.શબ્દો સાથે દ્રવ્ય વગેરે પદાર્થોનો સમ્બન્ધ નિત્ય છે, તેમાં શબ્દો (અર્થ) કહેનારા છે, અને કહેવાના અર્થો નિત્ય છે. 'જુદા ગુણવાળા દ્રવ્ય વગેરે ભગવદ્રુપ છે, નિત્ય હોવાને લીધે, એઓ અર્થ હોવાથી નિત્ય છે. 'હે સૌમ્ય આ પહેલાં સત્ જ હતું' એ શ્રુતિ પ્રમાણે સર્વ સદ્રુપ હોવાથી નિત્ય છે. વિકલ્પો માત્ર વાચા કરનારા હોવાથી ભગવદ્રૂપ હોવાથી જ અર્થરૂપ છે. એવો તર્ક છે.(પ્ર)

એ રીતે સર્વ તત્વો ભગવાન્ છે એવો ઉત્તર કહીને જે વિમર્શ[1] પૂછેલ તેના ઉત્તર નીચેના શ્લોકથી કહે છે :

**નારાયણપરા વેદા દેવા નારાયણાઙ્ગજાઃ ।**
**નારાયણપરા લોકા નારાયણપરા મખાઃ ।।૧૫।।**

**નારાયણપરા યોગા નારાયણપરં તપઃ ।**
**નારાયણપરં જ્ઞાનં નારાયણપરા ગતિઃ ॥૧૬॥**

વેદોનું પ્રયોજન નારાયણ છે. દેવો નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયેલા છે. લોકો નારાયણમાં સમાયેલા છે. યજ્ઞોનું પ્રયોજન નારાયણ છે. યોગો નારાયણમાં પરિણમે છે. તપ નારાયણમાં સમાઈ જાય છે. જ્ઞાનનું પ્રયોજન નારાયણ છે. ગતિ નારાયણમાં પરિણમે છે.૧૫-૧૬

જો (ભગવાનથી) જુદું ફલ થવાનો સંભવ હોય તો ઘણો વિચાર[૨] કરવો પડે. એમાં[૩] સ્વરૂપથી અર્થથી ફલથી સાધનથી (અને) પરંપરાથી, (અને) ઉત્તરકાંડમાં પણ સાધનથી, કાર્યથી અને ફલથી ભગવાન્ જ ફલ થાય છે, તેથી કોઈપણ અંશમાં વિવાદ રહેતો ન હોવાથી ભગવાન્ જ તત્વ છે એવો નિર્ણય થાય છે. એ પૈકી ભગવાનના નિઃશ્વાસમાંથી નીકળેલા અને પાછા એમાં જ પ્રવેશ કરનારા વેદોનું તાત્પર્ય નારાયણ છે,[૪] એ વિવાદરહિત છે. વચમાં[૫] પણ એઓ પોતાનો અર્થ જણાવતા, તે અર્થ ભગવદ્રૂપ હોઈ ભગવાન્ પ્રયોજનવાળા જ છે. વળી[૬] વેદના ચારે પ્રકારના[૭] પદો ભગવાનના મનમાં રહેલા અર્થને જણાવતા પુરુષના પ્રયત્નથી થતા અને જતા રહેતા પદાર્થને કહીને કૃતાર્થ થઈ અટકી જાય છે,[૮] કારણકે (લોકો) ભગવાનના મનમાં રહેલા અર્થો જાણે એવો એમનો પ્રયાસ છે. તેથી ભગવાને ઈચ્છેલો અર્થ કરાવનારા હોવાથી પણ ભગવાન્ જેમનું પ્રયોજન છે તેવા જ છે. એવી રીતે શબ્દથી, અર્થથી અને કહેણથી ભગવાન્ પ્રયોજનવાળા છે.

''વાક્યનો[૯] અર્થ પ્રકરણના પ્રકારનો હોઈ, એમના અભિપ્રાયવાળો અર્થ થાય, અને એ વિધિ, અર્થવાદ, મંત્ર, અને નામરૂપ છે. એઓમાં પુરુષને પ્રયત્ન કરવાની પ્રેરણા (કરાવનાર)ના ચિહ્નવાળા વિધિના અર્થનું તાત્પર્ય પુરુષના પ્રયત્નમાં છે. અથવા પુરુષના પ્રયત્નથી પ્રકટ થતા ભાવમાં[૧૦] છે. અર્થવાદો તો કરવાના પદાર્થની સ્તુતિના (તાત્પર્યવાળા છે.) પૂજન કરવા સિવાયના મંત્રો દેવતાઓનું સ્થાપન તથા સ્તુતિ કરવામાં ઉપયોગી છે. પૂજન કરવાના (મંત્રો) તો દેવતાનું નામ દઈ દ્રવ્ય આપવામાં (ઉપયોગી છે.) નામરૂપો પણ ધાતુઓના અર્થ નક્કી કરવામાં તાત્પર્યવાળા છે. તેથી જુદા જુદા કાર્ય (કરવા)માં ખલાસ થઈ જનારાઓ ભગવાનમાં તાત્પર્યવાળા કેમ થાય?'' એવી શંકા થાય, તેથી કહે છે કે : ''દેવો નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયેલા છે, લોકો નારાયણમાં સમાયેલા છે. યજ્ઞોનું પ્રયોજન નારાયણ છે.'' કારણકે, બધા ચારે પ્રકારના વેદનો ઉપયોગ યજ્ઞ

(કરવા)માં છે, કારણકે મહાવાક્યનો અર્થ યજ્ઞ છે. એ (વાક્ય)માં યજ્ઞ સાધન છે, સ્વર્ગ વગેરે (એનાથી) પ્રાપ્ત કરવાના છે એમાં[૧૧] યોગ્ય પ્રકારે પુરુષના પ્રયત્નથી થતા યજ્ઞો મધ્યે દેવતાનો પ્રેમ ઉત્પન્ન કરે છે, જો (એવું) કાર્ય ન થાય, તો સાધનની સ્થિતિમાં રહે નહિ. અદૃષ્ટ વગેરે[૧૨] તો કાર્ય નથી, કારણકે યજ્ઞથી (એ) ઉત્પન્ન થતું નથી. (એની) કલ્પના કરવામાં પ્રમાણ નથી, અને જણાયેલ કાર્ય (દેવતાનો પ્રેમ) હોય છે, કારણકે એઓ[૧૩] દેવતાના નામથી દ્રવ્ય આપતાં સ્વર્ગ પ્રાપ્ત કરાવે છે, અને દેવતા બીજા (યજમાન)નું હવિષ નિયમ પ્રમાણે ગ્રહણ કરીને કાંઈક ઉપકાર કરવા ટેવાયેલા હોય છે, કારણકે લોકમાં એવું જોવામાં આવે છે. જો એમ ન હોય તો યજ્ઞમાં એમના નામથી દ્રવ્ય આપવાનું ન હોય. દ્રવ્યનો સંસ્કાર કરનાર તરીકે પણ (મંત્રોથી) દેવાતને ઉપયોગી થતા હોવાનું કહી શકાય છે અને નિર્વાપ (પ્રાપ્તિ)થી આરંભી એના સમ્બન્ધવાળું વચન છંટકાવ વગેરે પેઠે સંસ્કારના પ્રયોજનવાળું હોવાનું ઘટે છે. જોકે દેવતાના નામથી ચોથી (વિભક્તિ) ઉપપદવિભક્તિ હોવાથી એ અર્થવાળી નથી. પ્રેમ પણ નિત્ય નથી, કારણકે પછીના સમયે એનું સ્મરણ કરાવનાર (કોઈ) નથી અને એ (સ્મરણ કરાવનાર)ની કલ્પના કરવામાં ગૌરવ છે, છતાં પણ ચોથી (વિભક્તિ) અર્થ વિનાની છે એવો દોષ ન રહે માટે તેનો અર્થ અવશ્ય કહેવો જોઈએ, અને એ બીજે સિદ્ધ થયેલી હોવાથી સમ્મપ્રદાન (આપવાનો) જ છે, અને એ દેવતાના નામથી પ્રસિદ્ધ છે. ‘જે દેવતા માટે હવિષ લીધેલું હોય’ એમાં ‘અગ્નિને ઈચ્છેલું આપું છું’ વગેરેમાં ચોથી (વિભક્તિ) એ (સમ્પ્રદાન) અર્થવાળી છે, કારણકે ત્યાં ‘નમઃ, સ્વસ્તિ’ વગેરે શબ્દો નથી. યજ્ઞમાં તો ઊલટું સ્વર્ગ ફલ તરીકે ઈચ્છેલ હોવાથી, માત્ર દેવતાનું જ પ્રયોજન ન હોવાથી (એ) વચલી ક્રિયા છે એમ જણાવવાની ઈચ્છાથી, ‘નમઃ સ્વસ્તિ સ્વાહા’ એવી ઉપપદવિભક્તિઓ મુકાયેલ છે, અને પ્રીતિ કાર્ય નથી, કારણકે એ બીજા (દેવતા)નો ગુણ હોવાથી સ્વર્ગ કરાવી ન શકે, પરંતુ સ્વર્ગ વગેરેના અધિકારી[૧૪] દેવતા ફલ આપવાની શક્તિવાળી છે, તેથી દ્રવ્યથી પ્રસન્ન થયેલ દેવતા (યજ્ઞનું) કાર્ય છે, અને એ (દેવતા) નિત્ય અને ચેતન છે. અને જેવું યોગ્ય હોય તેવું ફલ આપવા શક્તિમાન છે, પરંતુ એ પુરુષાર્થરૂપ ન હોવાથી (યજમાન) પુરુષે ઈચ્છેલ ન હોવાથી, માત્ર એટલાથી જ યજ્ઞ ખોટી રીતે કરેલો થતો નથી. તેથી વચ્ચે ક્રિયારૂપ દેવતાવાળો હોવા છતાં પણ (એ) ભગવાન્ પ્રયોજનવાળો છે,[૧૪] કારણકે દેવો નારાયણના બાહુ વગેરે અંગોમાંથી ઉત્પન્ન થયેલા છે. અંગની સેવા માટે પ્રવૃત્ત થયેલા (દેવો)નું તાત્પર્ય અંગ ન હોય, પરંતુ અંગી

(અંગવાળા) જ હોય. જોકે અંગો જ કહેવા યોગ્ય છે, છતાં પણ એ (દેવો) (ભગવાનના) દેહના જ અંગો હોવાથી, ત્યાં રહેલા અંગમાંથી જ ઉત્પન્ન થયેલા છે. (દેવતાની) પ્રીતિ (સ્વર્ગ પ્રાપ્ત કરાવનારી હોવા)ના મત પ્રમાણે પણ જોવાયેલી હોવાથી અને પ્રામાણિક હોવાથી પાછળથી (એના) સ્મરણ વગેરેની કલ્પનામાં ગૌરવ નથી.

વળી જેમાં દેવતા (વચલા) કાર્ય તરીકે સ્વીકારવામાં આવે, તે સ્વર્ગ વગેરે (ફલ) કહેલા છે, એ લોક હોવાથી અને સુખકારક હોવાથી એ ભગવદીપણા વિનાની નથી, કારણકે 'હૃદયથી સ્વર્ગ વગેરે લોક (ઉત્પન્ન થયા)' વગેરે વાક્યોથી સ્વર્ગ વગેરે લોકોએ (ભગવાન)ના અવયવો હોવાનું જણાવેલ છે. 'આમના જ આનંદના ભાગ ઉપર બીજા પ્રાણીઓ નભે છે' એ શ્રુતિ પ્રમાણે સ્વર્ગ વગેરે ભગવાનના આનંદના અંશ હોવાથી યજ્ઞ કરનાર સ્વર્ગ સંપાદન કરતાં ભગવાનના આનંદ ઉપર જ નભે છે, અને સુખ પણ ફલ આપનાર ભગવાનની ક્રિયા કરાવનારું હોઈ, ભગવાન્ પરાયણ છે. એવી રીતે (યજ્ઞોના) વચલા અને મહાફલ ભગવદીય હોવાથી, એ પ્રયોજનથી પ્રવૃત્ત થયેલા યજ્ઞો પણ ભગવાનના જ પ્રયોજનવાળા છે એમાં વિવાદ (રહેતો) નથી તેથી વાક્યોના અર્થ કહેવાની ઇચ્છા હોય ત્યારે પણ (વેદો) ભગવાનના પ્રયોજનવાળા હોવામાં વિવાદ નથી, તેથી વેદોનું પ્રયોજન ભગવાન્ હોવાનો વિચાર (નિર્ણય) થયો.

અહીંથી હવે પુરાણો ભગવાન્ પ્રયોજનવાળા હોવાનો વિચાર કરવાનો છે, કારણકે પાક્ષિક[૧૫] દોષ પણ કાઢી નાખવો જોઈએ. એ પુરાણોમાં સાંખ્ય, યોગ, પશુપતિમત, અને વૈષ્ણવ એવા ચાર પ્રકારો કહેવાના છે. એ પૈકીના છેવટનાનો પ્રવેશ ભગવાનમાં હોવાથી એનો વિરોધ હોવાની શંકા નથી. ચિત્તની વૃત્તિના અટકાવરૂપ યોગ પોતે પુરુષાર્થરૂપ ન હોઈ, પુરુષાર્થનું સાધન થવા યોગ્ય છે, અને વેદથી વિરુદ્ધ અર્થની કલ્પના કરી શકતો નથી, કારણકે એમ કરે તો અપ્રામાણિક થવાનો પ્રસંગ થાય. અને વળી અણિમા વગેરે સિદ્ધિઓ એનું મુખ્ય ફલ નથી. અંતે એ મોક્ષ પ્રાપ્ત કરાવનાર ન હોય તો શાસ્ત્ર નથી એમ ગણાય. સિદ્ધિઓ તો મોક્ષપ્રાપ્તિમાં કાલ વિતાડવાના કારણરૂપ વિઘ્ન કરનારી છે એમ આગળ કહેવાશે. તેથી યોગ મોક્ષ પ્રાપ્ત કરાવતાં પણ ભગવાનમાં ચિત્તનું એકાગ્રપણું પ્રાપ્ત કરાવતાં જ કરાવી શકે, કારણકે બીજવાળું અને બીજરહિત ધ્યાન ભગવાનના ચરણારવિંદનું જ કરવાનું હોય છે. તેથી[૧૬] એની વચલી ક્રિયા કહેવાની ઇચ્છાથી પણ, ઉપરની પેઠે

ભગવાન્ ઉપરની પ્રીતિ જ વચલી ક્રિયા છે એવી કલ્પના કરવી જોઈએ. એનું પ્રયોજન ચિત્તનો સંસ્કાર કરવાનું હોય તોપણ ફલ ભગવાનને જ અધીન હોવાથી, (એમાં) ભગવાનના મુખને જોવાનું છે એવી કલ્પના અવશ્ય કરવી જોઈએ. 'યોગો' એ બહુવચન હોવાથી બધા પ્રકારના યોગો ભગવાન્ પ્રયોજનવાળા જ છે. આ ભગવાનના પ્રયોજનવાળો હોવાનું આગળ વિસ્તારથી કહેશે. સામાન્ય રીતે એ ભગવાનની પ્રાપ્તિનો ઉપાય હોવાથી એમના પ્રયોજનવાળો હોવાનું વિવાદરહિત છે.

તપ તો ભગવાનને ઉપયોગી થાય તેવા દેહ અને ઇંદ્રિયો પ્રાપ્ત કરાવનાર તરીકે ભગવાનમાં જ સમાયેલું છે. એમ ન હોય તો ક્લેશરૂપ એ અંતે પુરુષાર્થ કરાવનારું ન થાય. પશુપતિના મતનો તો તપમાં જ સમાવેશ થાય છે.[૧૭] ઉપનિષદનું અને સાંખ્યથી પ્રાપ્ત થતું એમ જ્ઞાન બે પ્રકારનું છે, અને એ જોકે પરસ્પર વિરુદ્ધ છે, કારણકે ઉપનિષદનું (જ્ઞાન) સર્વ આત્મા હોવાનું સિદ્ધ કરવાથી સર્વ પદાર્થોના આત્મા તરીકે થાય છે, (અને) આ (સાંખ્યનું) તો સર્વને કાઢી નાખીને આત્માના વિષયનું થાય છે, છતાં પ્રથમ પ્રવૃત્તિ કરનારને આત્મા અને આત્મા ન હોય તેમને સંસ્કારથી જુદા પાડીને, આત્માનું જ્ઞાન મુખ્ય હોવાનું કહે છે. એમ ન કરે તો આત્માનું અજ્ઞાન હોવાથી સર્વ આત્મા હોવાનું જાણવું અશક્ય થાય, અને જ્ઞાનનું તાત્પર્ય જ્ઞેયમાં જ છે. જ્ઞેય તો નારાયણ જ છે, કારણકે એ આત્મા છે, સર્વ છે અને બ્રહ્મ છે. પહેલાં કહેલી ગતિ (ફલ) પણ ભગવાનમાં જ પરિણમે છે, કારણકે એ બ્રહ્મજ્ઞાનનું ફલ છે. એ 'બ્રહ્મગતિને પામે છે.' એમ ૨ ।૪।૧૬ માં કહેલ છે.૧૫-૧૬

૧.જે વિચારથી સર્વનું આરોપ કર્યા વિનાનું રૂપ ભગવાન્ એવો વિમર્શ.(પ્ર)
૨.અર્થભંગ જુદા જુદા પ્રકારનો ત્યારે એના વિરોધ વિશે ઘણો વિચાર કરવો પડે.(પ્ર)
૩.એમાં એટલે વેદના પૂર્વકાંડમાં.(પ્ર)
૪.આ વાક્યથી સ્વરૂપથી વેદોનું પ્રયોજન ભગવાન્ હોવાનું કહે છે.(પ્ર)
૫.આ વાક્યથી અર્થથી વેદોનું પ્રયોજન હોવાનું કહે છે.(પ્ર)
૬.આ વાક્યથી અર્થથી વેદોનું પ્રયોજન ભગવાન્ હોવાનું કહે છે.(પ્ર)
૭.નામ, ક્રિયા, શબ્દના અવ્યયાત્મક રૂપો અને ઉપસર્ગો એ ચાર.(પ્ર)
૮.આવા પદાર્થો દ્રવ્ય, ગુણ અને ક્રિયા છે.(પ્ર)
૯.અહીંથી આરંભી પરંપરાના અંગથી પણ વેદોનું પ્રયોજન ભગવાન્ હોવાનું જણાવે છે.(પ્ર)
૧૦.'ભાવ' એટલે ધાતુના અર્થરૂપ ક્રિયા.(પ્ર) ૧૧.'એમાં' એટલે સ્વર્ગના સાધનમાં.(પ્ર)
૧૨.'વગેરે'થી અપૂર્વ કહેલ છે.(પ્ર) ભા-૧૮ ૧૩.'એઓ' એટલે યજ્ઞ કરનારાઓ.(પ્ર)
૧૪.દેવતા ફલ આપવા શક્તિમાન હોવા છતાં બધાંને આપતા ન હોવાથી પ્રસન્ન થયેલ જ એ ફલ આપે છે. અને એમની પ્રીતિ યજ્ઞથી ઉત્પન્ન થતી હોવાથી એ દ્વારા પ્રસન્ન થયેલ દેવના ફલ આપવા શક્તિમાન થતા હોવાથી એ વચલા વ્યાપાર થાય એ ઘટતું હોવાથી અદૃષ્ટની કલ્પના

કરાય નહિ. તેથી જ્યાં વચ્ચે ચેતન (દેવતા)નો પ્રવેશ થાય ત્યારે બીજા (દેવતા)નો ગુણ વ્યાપાર થાય, અને જ્યાં વચ્ચે એનો પ્રવેશ ન થાય ત્યાં (દેવતાને ઉદ્દેશી કરેલ દાન) જ વ્યાપાર થાય છે, તેથી દેવતાની પ્રીતિ કરવાથી જ યજ્ઞ પૂરો થતો નથી. યજ્ઞનું અંગ દેવતા, એનું અંગ એની પ્રીતિ, એવી પરંપરાથી પ્રાપ્ત થતા ભગવાન્ જ યજ્ઞો (કરવા)નું પ્રયોજન છે.(પ્ર)

૧૫.'ઈતિહાસ અને પુરાણ વેદોનો પાંચમો વેદ છે' એ પ્રમાણે પુરાણ વેદ હોવાથી એનું પ્રયોજન ભગવાન્ ન હોય તો પાક્ષિક દોષ થાય.(પ્ર)

૧૬.'તેથી' એટલે ધ્યાન નશ્વર (નાશ માને તેવું) હોવાથી.(પ્ર)

૧૭.એના ચોથા અધ્યાયમાં ભસ્મથી ત્રણ વાર સ્મરણ (સ્નાન) કરવાનું કહેલ હોવાથી અને શિવપુરાણમાં પણ એમ કહેલ હોવાથી એ તપ રૂપ જ હોવાથી એમાં સમાઈ જાય છે.(પ્ર)

એ પ્રમાણે વિમર્શ કહીને શ્લોક ૨ થી પૂછેલા છ પ્રશ્નોનો આગળ વિસ્તારથી (ઉત્તર) જણાવવાનું રાખી શ્લોક ૪ માં પૂછેલા ચાર પ્રશ્નોના ઉત્તર નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી આપે છે :

**તસ્યાઽપિ દ્રષ્ટુરીશસ્ય કૂટસ્થસ્યાઽખિલાત્મનઃ ।**
**સૃજ્યં સૃજામિ સૃષ્ટોઽહમીક્ષયૈવાઽભિચોદિતઃ ॥૧૭॥**

એ દ્રષ્ટા, ઈશ, વિકારવિનાના, અખિલના આત્માએ સર્જેલો એમની દૃષ્ટિથી જ પ્રેરાયેલો હું સર્જવાનું સર્જુ છું.૧૭

'એ પૈકી પ્રથમ' '(આપનું) જ્ઞાન કોનાથી' એ પ્રશ્નનો ઉત્તર (આપે છે.) આ જ્ઞાન જગત્ રચવામાં ઉપયોગી હોવાથી પહેલા (કહ્યું તે)માં સમાવેશ થતો નથી. 'જેનાથી વિજ્ઞાન છે જેનું' એવો પ્રશ્ન હોવાથી પહેલાં એમનું[૨] જ્ઞાન કહેવું જોઈએ. તેથી એમ કહે છે કે ઉપાદાન અને દેખાતા પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન અને એ પ્રાપ્ત કરાવનારના પ્રકારથી (એમના) સાધનોનું જ્ઞાન પ્રથમ ભગવાનનું છે, કારણકે એ જ (જગતના) કર્તા છે. એમણે પણ જે સર્જવાનું તે એમણે જ પ્રેરણા કરેલો હું સર્જુ છું, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. એ સર્જવાનું કારણ 'દ્રષ્ટા' શબ્દથી કહેલ છે. વિશ્વરૂપ કાર્ય ભગવાને રચવાનું, કારણકે એજ દ્રષ્ટા છે. દ્રષ્ટાથી જ કાર્ય કરી શકાય. 'ઈશ' શબ્દથી એમ કહેલું છે કે માત્ર જ્ઞાનથી (કાર્ય) કરી શકાતું નથી. 'ઈશ' એટલે સર્વ કરવાની શક્તિવાળા.

'ક્રિયા અને જ્ઞાનની શક્તિવાળા હોવા છતાં પણ, ક્રિયામાં રોકાવાથી લૌકિક (પુરુષ) પેઠે દુઃખ થવાનો સંભવ હોવાથી આત્મામાં વિકાર થાય, તેથી ભગવાન્ કર્તા હોવાનું સંભવતું નથી' એવી શંકા થાય, તેથી 'વિકાર વિનાના' શબ્દ યોજેલ છે. એ વિકાર વિનાના રહીને જ સર્વ કરે છે, પરંતુ વિકાર પામતા નથી. જેમ કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ (કરે છે,) અથવા યોગી જેમ મનથી (કરે છે) તેમ વિકાર

વિનાના પણ કર્તા હોવાનો સંભવ હોવાથી કાંઈ પણ અયોગ્યતા નથી.

'ભગવાન્ સૃષ્ટિ રચે નહિ, કારણકે પ્રયોજન સાથે એ કાર્ય સંગત નથી, કારણકે એ પોતાના માટે અથવા જીવો માટે સૃષ્ટિ કરે. પોતાના માટે કરતા હોય, તો જીવોને ઉત્પન્ન ન કરે. તેથી ભક્તિમાર્ગનો[3] વિરોધ થાય, બધાયે માર્ગોનો વિરોધ થાય. બંધન, મોક્ષ વગેરે ન રહેતાં, વિચિત્રપણું અને અજ્ઞાન પણ ન થાય. તેથી બંને માટે અથવા જીવો માટે કરે છે એમ માનવું જોઈએ. એ પૈકી પોતાને માટે કરતા હોય તો પોતે પૂર્ણ આનંદવાળા હોવાનું ન રહે, અને બીજા (જીવો) માટે કરતા હોય તો પક્ષપાત અને ક્રૂરતાના દોષ લાગે એવી શંકા થાય, તેથી 'અખિલના આત્મા' એમ કહેલું છે. અખિલ(સર્વ)ના આત્મા છે, તેથી પોતે સૃષ્ટિ થતા હોવાથી પક્ષપાત વગેરે દોષ નથી. અખિલપણું હોવાથી આનંદ વગેરેનો વિરોધ તો નથી.[4] જેમ[4] જીવો 'ખિલાઃ' કોઈપણ અંશથી અપૂર્ણ ન રહે તેમ કરે છે. અને એમના માટે સૃષ્ટિ કરે છે, અને (એમને) ભોગ પ્રાપ્ત કરાવે છે, તેવી રીતે જે પોતાનો પૂર્ણ આનંદ, તેના પણ આત્મા, તેની પણ ભોગ વગેરેથી વૃદ્ધિ કરે છે, છતાં પણ એ ન્યૂન અથવા અનિત્ય થતા નથી. તેથી બંને પ્રકારની સૃષ્ટિ ભગવાન્ કરી શકે છે. છતાં પણ ઈશ્વર હોવાથી ભક્તિમાર્ગની વ્યવસ્થા કરવા અને સર્જીને દૃષ્ટિથી જ મને આજ્ઞા કરીને, મારા સ્વરૂપથી જ સર્વ રચીને પોતે વિકાર રહિત જ રહ્યા છે. ત્યાર પછી હું એમણે રચવાનું એમની પાસેથી જ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રાપ્ત કરીને રચું છું એ અર્થ 'દૃષ્ટિથી જ'[5] શબ્દથી કહેલો છે. દૃષ્ટિથી પ્રેરણા થવાથી મને ભયની પ્રાપ્તિ થયેલ છે.૧૭

૧.'પહેલાં (કહેલું)' તે મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગી આત્માનું જ્ઞાન.(પ્ર)

૨.'એમનું' એટલે બ્રહ્માને જ્ઞાન આપનાર (ભગવાનનું.)(પ્ર)

૩.જીવને ઉત્પન્ન કરેલ ન હોવાથી, અધિકારી ન હોવાથી, સ્નેહ વગેરેના આધાર પણ ન હોવાથી, ભક્તિમાર્ગનો વિરોધ થાય, અને તેથી સર્વ માર્ગોનો વિરોધ થાય, એવો અર્થ છે.(પ્ર)

૪.'સર્વ' વગેરે શબ્દ ન મૂકતાં 'અખિલ' શબ્દ મૂક્યો. ખિલ એટલે ન્યૂન. ન્યૂનપણું બે પ્રકારે થાય : આનંદ ન હોવાથી. અથવા સર્વપણું ન હોવાથી. એમ હોવાથી 'ન ખિલં ન્યૂનં યેષામ્' જેમનું કાંઈ ન્યૂન નથી તે અખિલો. અખિલ શબ્દ વસ્તુના સમ્બન્ધવાળો પણ હોવાથી અવયવની શક્તિથી જીવોમાં ન્યૂનતા નથી એમ જણાવી એ આત્મા હોવાનું થતાં પોતાનું અખિલપણું અર્થથી જ સિદ્ધ થતું હોવાથી આનંદ વગેરેનો વિરોધ નથી, એવો અર્થ છે.(પ્ર)

૫.'એણે જોયું' વગેરે સ્થલ 'ઈક્ષા' 'જોવું' શબ્દનો 'વિચારવું' એવો અર્થ હોવાથી, દૃષ્ટિ જ્ઞાન ઉત્પન્ન કરનારી છે અને પ્રેક્ષણ ક્રિયારૂપ છે. તેથી બંને શક્તિઓ ભગવાને બ્રહ્માને આપી.(પ્ર)

આથી[1] સામાન્ય રીતે એમ કહ્યું જ છે કે એ (ભગવાન્) જ (મારો) આધાર છે,

એ જ વશ રાખનાર છે અને હું તદ્રૂપ છું. પરંતુ આનું કારણ[૨] વિચારાય છે કે આ ભગવાન્ કેવી રીતે તમને અને બીજાઓને સર્જે છે, અથવા એક આત્મામાં વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ કેમ હોય? એ નીચેના બે શ્લોકોથી કહે છે :

**સત્વં રજસ્તમ ઈતિ નિર્ગુણસ્ય ગુણાસ્ત્રયઃ ।**
**સ્થિતિસર્ગનિરોધેષુ ગૃહીતા માયયા વિભોઃ ।।૧૮।।**
**કાર્યકારણકર્ત્તૃત્વે દ્રવ્યજ્ઞાનક્રિયાશ્રયાઃ ।**
**બધ્નન્તિ નિત્યદા મુક્તં માયિનં પુરુષં ગુણાઃ ।।૧૯।।**

સત્વ, રજઃ અને તમઃ એવા નિર્ગુણના ત્રણ ગુણો શક્તિવાળાની માયાએ સ્થિતિ સર્ગ અને લયમાં ગ્રહણ કરેલા છે. કાર્ય કારણ અને કર્તૃપણામાં દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાના આધારવાળા (એ) ગુણો સદા મુક્ત માયાવાળા પુરુષનું બંધન કરે છે.૧૮-૧૯

(જુદી જુદી સ્થિતિમાં) રહેલું હોવાથી (બ્રહ્મ જ છે)[૩] એવો કાશકૃત્સ્નનો મત અહીં સિદ્ધ થાય છે. જેમ કરોળિયો (જાળ) રચવા માટે એક લાળ કાઢે છે, તેવી રીતે ભગવાન્ પણ વિવિધ સૃષ્ટિ (રચવા) માટે ત્રણ ગુણો કાઢે છે. ગુણના[૨] પ્રકાર હોવાથી ગુણ શબ્દથી (એમનો) વ્યવહાર થાય છે. સદ્રૂપથી નીકળેલું 'સત્વ' કહેવાય છે. માત્ર ચિદ્રૂપથી નીકળેલું (એમાં) ક્રિયાશક્તિ મુખ્ય હોવાથી અને આનંદ ન હોવાથી 'રજઃ' કહેવાય છે, અને આનંદ અંશમાંથી (નીકળેલું) તમઃ (કહેવાય છે.) ભગવાને એમને ભગવદ્રૂપ જ સર્જેલા છે, અને[૪] એઓ ભગવાનમાં પહેલાં રહેલા ન હતા. તેમ (પહેલાં રહેલા) હોત તો એઓ ભગવદ્રૂપ[૪] ન થાય. જેમ કપાસમાં સૂત્ર રહેલું નથી, કારણકે એ (કપાસ) જ પાછળથી આગળપાછળ થતાં સૂત્ર બને છે. તેથી જ ભગવાન્ નિર્ગુણ છે. પછી સ્થિતિ સર્ગ અને લયમાં ઉત્પત્તિ સ્થિતિ અને લય (કરવા) માટે એ ગુણોને ગ્રહણ કરેલા છે. એઓને પણ માયાથી ગ્રહણ કરેલા છે, કારણકે આ માત્ર જગત્ રચનારી છે, પરંતુ મોહ કરનારી નથી, એ 'શક્તિવાળા' શબ્દથી કહેલ છે. શક્તિવાળા (એટલે) જગતના કર્તા એવો અર્થ છે. એ[૫] એમની શક્તિ, સર્વરૂપ ભગવાનના સમ્બન્ધને લીધે સર્વના પ્રતિબિંબરૂપ છે. જગત્ રચવામાં એ સાધનરૂપ છે. તેથી સાધનનો અંશ એનો હોવાથી, ગુણો સાધનના પ્રકારથી જ નીકળેલા હોવાથી માયાએ જ એઓને ગ્રહણ કર્યા.[૫] એઓ માયાના પુત્રોની પેઠે એને વશ રહે છે. તેથી જે કોઈ ભગવાનનો અંશ જીવ એ (માયા)માં અથવા એના કાર્યમાં રમવાની ઈચ્છા કરે છે, તેનું એ ગુણો બંધન કરે છે, એમ શ્લો. ૧૯ થી કહે છે. કાર્ય

જડ દેહ, કારણ અધ્યાત્મ ઈંદ્રિયો, કર્તા આધિદૈવિક અંતઃકરણ, એઓની સ્થિતિ (અનુક્રમે) કાર્ય કારણ અને કર્તાની છે. એનો અર્થ સંઘાત છે. સંઘાતરૂપ થાય એવું જીવ (થવાનું) કારણ સંઘાત છે. 'દ્રવ્યજ્ઞાન અને ક્રિયાના આધારવાળા' શબ્દથી એમ કહેલું છે કે માયાએ ગ્રહણ કરેલા એ ગુણો પોતાનાકાર્ય[7] માટે રાખેલા છે. દ્રવ્ય જડ દેહ. અધિદૈવ જ્ઞાન, આધ્યાત્મિકી ક્રિયા એ ત્રણ એ (ગુણો)નો આધાર છે, દરેક એક (ગુણ)નો (આશ્રય છે) તેથી પોતપોતાના આધારમાં એ (ગુણો) બંધન કરાવે છે, (એટલે) આધ્યાત્મિક વગેરે સ્થિતિ તજીને કેવળ થવા દેતા નથી. સદા બંધન કરે છે. બંધનનું કારણ માયાનો સમ્બન્ધ જ છે અને માત્ર સમ્બન્ધ જ કારણ નથી. એમ હોય તો ભગવાનનું પણ બંધન થાય, પરંતુ જે 'હું' એ (માયા)નો પતિ છું' એવું એનાથી સ્વતન્ત્ર હોવાનું[8] અભિમાન રાખે છે (એ બંધનનું કારણ છે,) એ 'પુરુષ' શબ્દથી કહેલ છે; પરંતુ જે એ (માયા)ને કાર્ય (કરવા) માટે સાધન તરીકે ગ્રહણ કરે છે (તેનું બંધન કરતા નથી,) તેથી ગુણોથી બંધાયેલો ગુણોએ બંધન કરેલો સેવક અને ગુણોનો કર્તા પતિ, એવા એક (આત્મા)માં જ બે રૂપો ઘટે છે.૧૮-૧૯

૧.'આનાથી' એટલે ભગવાન્ પાસેથી પોતાને જ્ઞાનની પ્રાપ્તિ થવાનું વગેરે કહ્યું તેથી.(પ્ર)
૨.આધાર અને આધેયની સ્થિતિ, વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ, અને તદ્રૂપ હોવાનું કારણ.(પ્ર)
૩.જુદી જુદી અવસ્થાઓમાં રહેલું બ્રહ્મ જ છે એવો મત.(પ્ર)
૪.અહીં 'ગુણ' શબ્દનો અર્થ દોરડું છે. દોરડું બંધન કરે છે તેવા આ ગુણો બંધન કરનારા હોવાથી.
૫.કપાસમાં જેમ સૂત્ર ન હતું અને પાછળથી થયું, તેમ ગુણો પહેલાં ભગવાનમાં ન હતા, પછી નીકળ્યા, તેથી ભગવાન્ નિર્ગુણ છે.
૬.ભગવાન્ વિકારરહિત અને સર્વ સ્વરૂપવાળા હોઈ, સૃષ્ટિ રચાવનાર હોઈ, અને માયા સાધન હોવાથી પોતાનું સાધનરૂપ સ્વરૂપ ભગવાને એમાં મૂક્યું, એ એણે ગ્રહણ કર્યું તેથી એ રચનારી થઈ.(પ્ર)
૭.દ્રવ્ય જ્ઞાન અને ક્રિયારૂપ માયાના કાર્ય માટે.(પ્ર)
૮.દ્રવ્યનું અભિમાન થાય ત્યારે તમઃ, જ્ઞાનનું અભિમાન થાય ત્યારે સત્વ અને ક્રિયાનું અભિમાન થાય ત્યારે રજઃ બંધન કરે છે.(પ્ર)

એ પ્રમાણે જીવ અને બ્રહ્મની સ્થિતિનો ભેદ કહીને, શ્લો. ૪ માં કરેલ પ્રશ્નોનો સામાન્ય રીતે ઉત્તર આપેલા[1] હોવા છતાં, વિશેષ આકારથી (એનો ઉત્તર) નીચેના શ્લોકથી આપે છે :

**સ એષ ભગવાંલ્લિઙ્ગૈસ્ત્રિભિરેતૈરધોક્ષજઃ ।**
**સ્વલક્ષિતગતિર્બ્રહ્મન્ સર્વેષાં મમ ચેશ્વરઃ ।।૨૦।।**

હે બ્રહ્મન્ ! આ ત્રણ ચિહ્નોથી જેમની ગતિ સારી રીતે જણાયેલી નથી (અને) જેમનું જ્ઞાન ઇંદ્રિયોથી થતું નથી, તેવા એ આ ભગવાન્ બધાના અને મારા ઈશ્વર છે.૨૦

માયા એના કાર્યો દ્રવ્ય વગેરે વિશેષ આધાર છે અને ભગવાન્ સામાન્ય આધાર છે[૨] એવો એ (પ્રશ્નો)નો ઉત્તર કહીને, અને માયાવી તરીકે ઉત્તમ આત્મા હોવાનું જણાવ્યું, તેથી 'આપને વશ રાખનાર કોણ?' એ પ્રશ્ન જ (ઉત્તર આપવામાં) બાકી રહે છે.[૩] વશ રાખનારનું દર્શન થાય ત્યારે, પહેલાં એ આત્મા હોવાથી, એમનું જ્ઞાન (થવા) છતાં પણ વશ રહેવાનું સંભવે નહિ. તેથી આ ત્રણ સત્વ વગેરે ચિહ્નોથી જ સારી રીતે જણાતી નથી ગતિ જેમની તેવા (ભગવાન્) છે.[૩] જોકે આ ભગવાન્ તે જ છે, જે સર્જનાર છે તે જ બદ્ધ છે, છતાં પણ સર્જનાર ભગવાન્ અને આ[૪] ભગવાનના ચિહ્ન બનેલ જણાવનારા ગુણો (ભગવાનમાંથી) બહાર નીકળેલા ધુમાડાની પેઠે દૂરથી જ પુરુષનું જ્ઞાન કરાવે છે, પણ એમનું બંધન કરતા નથી.[૪] 'આ' શબ્દથી બીજાથી બંધન થવાની શંકા ન હોવાનું કહે છે. એ (ગુણો) એટલા જ છે. 'ત્યારે બંધન પ્રાપ્ત કરેલા કેમ બંધન કરતા નથી?' એ સમ્બન્ધમાં 'અધોક્ષજ' શબ્દ યોજેલ છે. એઓ જો એમને જુએ અથવા ક્રિયાથી પ્રાપ્ત કરે તો બંધન કરે, પરંતુ એ તો એમનાથી (થવું) અસંભવિત છે. તેથી જ સારી રીતે જણાયેલી નથી ગતિ જેમની તેવા (ભગવાન્ છે.) અથવા બંધન પામેલા સિવાયના પોતાના સેવકોથી અથવા મોક્ષ પામેલાઓથી જણાયેલી છે ગતિ જેમને તેવા ભગવાન્ છે. વાસ્તવિક રીતે[૫] તો ભક્તો ભગવાનની સાથે અથવા પછી ભેગા થાય છે એવો સર્વત્ર નિશ્ચય છે.[૫] તેથી જ હે બ્રહ્મન્ ! તું એવો છે, છતાં પણ[૬] ભગવાન્ સર્વના, મારા અને 'પર' શબ્દથી જણાવેલ તારા પણ ઈશ્વર વશ રાખનારા છે.૨૦

૧.'અખિલાત્મા' શબ્દથી સામાન્ય રીતે ઉત્તર આપેલ.(પ્ર)

૨.આ ગૃહપીઠન્યાય કહેલ છે. ઘરમાં આસન, એના ઉપર બિછાતું અને એના ઉપર માણસ બેસે, ત્યારે ઘર એનો સામાન્ય આધાર અને આસન વગેરે વિશેષ આધાર થાય તેવું આ છે. ભગવાનમાં માયા, એમાં એના દ્રવ્ય વગેરે કાર્યો એમાં બદ્ધ જીવ, તેથી એ જીવનો સામાન્ય આધાર ભગવાન્, બીજા વિશેષ આધાર.(પ્ર)

૩.દષ્ટિ પ્રેરણા જોયા પછી જ થાય, અને વશ રાખનારના દર્શન થાય ત્યારે પહેલાં એ પોતાથી જુદા નથી એવું ભાન હોવાથી, એ અભેદનું જ્ઞાન બંધન અટકાવનારું છે, પરંતુ આ ત્રણ ગુણોથી એ જ્ઞાન કાઢી નખાતું હોવાથી બદ્ધ થાય છે. મારે પણ એમ જ થયેલ હોવાથી હું (બ્રહ્મા) પણ વશ રહેનાર છું, અને ભગવાન્ પૂર્ણ જ્ઞાનવાળા હોવાથી વશ રાખનાર છે, એવો

એ પ્રશ્નનો ઉત્તર છે.(પ્ર)
૪.આ વાક્યથી ગુણો ભગવાનનું બંધન કેમ કરતા નથી એ કહેલા છે.(પ્ર)
૫.માત્ર જીવાત્માના જ્ઞાનવાળા મુક્ત જીવોને પણ ભગવાનનું જ્ઞાન થતું ન હોવાથી અહીંથી સિદ્ધાન્ત કહે છે. તેથી ભક્તો જ ભગવાનની ગતિ જાણનારા છે.(પ્ર)
૬.'છતાં પણ' ભગવાન્ અધોક્ષજ હોવાથી.(પ્ર)

એ પ્રમાણે ચાર પ્રશ્નોના ઉત્તર આપીને શ્લોક ૨ માં કરેલ છ પ્રશ્નોના ઉત્તરનો નીચેના શ્લોકથી આરંભ કરે છે :

**કાલં કર્મ સ્વભાવં ચ માયેશો માયયા સ્વયા ।**
**આત્મન્ યદચ્છયા પ્રાપ્તં વિબુભૂષુરુપાદદે ।।૨૧।।**

અકસ્માત પોતામાં આવેલા કાલ, કર્મ અને સ્વભાવને ઘણા થવાની ઈચ્છાવાળા માયાના ઈશ્વરે પોતાની માયાથી ગ્રહણ કર્યાં.૨૧

ત્રણ પ્રશ્નોનો આ અધ્યાયમાં ઉત્તર આપે છે, (બાકીના) ત્રણનો પછીના (છટ્ઠા) અધ્યાયમાં (આપશે.) એ પૈકી પહેલાં 'કેવા રૂપનું' એનો ઉત્તર કહે છે. સ્વભાવથી (જગત્) જે છે તે આગળ કહેશે. જોવામાં આવતું સ્વરૂપ જે છે તે કાલ કર્મ અને સ્વભાવના પ્રકારનું છે. (એનું) અધિષ્ઠાન તો તત્વો છે. એ (કાલાદિ) સાથેના ભગવાનની સૃષ્ટિ એઓની[૨] (બનેલી) છે. એ સમ્બન્ધમાં બધુંયે જગત્ કાલ કર્મ અને સ્વભાવવાળું થવાનું કારણ ભગવાને કાલ કર્મ અને સ્વભાવનું (કરેલ) ગ્રહણ છે, કારણકે આ કાલ કર્મ અને સ્વભાવ અક્ષરમાંથી છૂટાં થયેલા ભગવાનના અમુક રૂપો સર્વત્ર ભ્રમણ કરે છે. એઓ અકસ્માત ભગવાનની સમીપ પણ આવ્યાં, ત્યારે ભગવાને એઓને ગ્રહણ કર્યાં. એઓ પણ પહેલાં સાધનકોટિમાં જ પ્રવેશ્યા, તેથી માયાએ જ ગ્રહણ કર્યાં. પરંતુ આમાં[૩] માયા સાધન છે, પરંતુ (કાર્ય) કરનારી નથી. એ પણ મોહ કરનારી નથી, પણ (ભગવાનની) પોતાની છે, અને આ માયાને વશ રાખનાર છે, પણ માયાની સ્થિતિ પ્રાપ્ત કરેલા નથી. આ સૃષ્ટિમાં જીવોનું બંધન કરવામાં અને ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયમાં ગુણોનો ઉપયોગ છે, પરંતુ પોતે (ભગવાન્) જુદા જુદા (રૂપવાળા) થવામાં (ઉપયોગ) નથી. તેથી જ[૪] 'હું જુદા જુદા રૂપવાળો થાઉં' એમ ઉત્તમ પ્રકારે ઘણા થવાની ઈચ્છાવાળા (ભગવાને) એઓને ગ્રહણ કર્યા પછી માયાએ ગ્રહણ કરેલાં એઓ પણ સેવક થયાં.૨૧

૧.અધિષ્ઠાન એટલે જગતનું અધિષ્ઠાન.(પ્ર)
૨.'એઓની' એટલે તત્વોની.(પ્ર)
૩.'આમાં' એટલે કાલ કર્મ અને સ્વભાવને ગ્રહણ કરવામાં.(પ્ર) ભા—૧૯

૪.જુદા જુદા રૂપવાળા થવામાં ગુણોનો ઉપયોગ ન હોવાથી જ. તેથી આ સૃષ્ટિમાં કાલ કર્મ અને સ્વભાવથી ભગવાન્ જુદા જુદા રૂપવાળા થાય છે એમ જણાવ્યું.(પ્ર)

તેથી નીચેના શ્લોકથી એઓનો ઉપયોગ કહે છે :

**કાલાદ્ગુણવ્યતિકરઃ પરિણામઃ સ્વભાવતઃ ।**
**કર્મણો જન્મ મહતઃ પુરુષાધિષ્ઠિતાદભૂત્ ।।૨૨।।**

પુરુષે પ્રેરેલા કાલથી ગુણોનો સમ્બન્ધ થયો, સ્વભાવથી (ગુણોનો) પાક થયો (અને) કર્મથી મહત્નો જન્મ થયો.૨૨

પહેલાં માયાએ ગુણો ગ્રહણ કરેલા, પછી કાલ વગેરે(ને ગ્રહણ કર્યાં) તેથી[1] એ (કાલ વગેરેએ) ગુણોમાં પ્રવેશ કર્યો. પછી કાલથી ગુણોનો 'વ્યતિકરઃ' સમ્બન્ધ થયો. ત્યાર પછી સ્વભાવના સમ્બન્ધથી કાલના સમ્બન્ધવાળા ગુણોનો પાક થયો. ત્યાર પછી પણ જન્મનું કારણ કર્મ એમાં મળ્યું, એટલે પાકી થયેલ એ વસ્તુ કર્મના સમ્બન્ધને લીધે ત્રણ ગુણોના કાર્ય જન્મરૂપ થઈ. આથી સૃષ્ટિ ત્રણ પ્રકારની હોવાનું કહ્યું. જેમ કાલથી ગુણોનો સમ્બન્ધ થયો તે થઈ ગયેલ, થનાર અને વર્તમાન પ્રકારનો સંવત્સરરૂપ કાલ જ થયો, એમાં પણ અધિક સ્વભાવનો પ્રવેશ થતાં વસ્તુ પાકી થઈ. ઘડાના પ્રકારની જડ વસ્તુ થઈ ત્યાર પછી પણ વધારે કર્મે પ્રવેશ કર્યો ત્યારે જીવના સ્થાનરૂપ દેહ વગેરે સંઘાતનો જન્મ થયો. એ આ 'પુરુષે પ્રેરેલાથી મહત્નો જન્મ થયો' એમ કહેલ છે. પુરુષની પ્રેરણા સર્વમાં છે, છતાં પણ પાકી થયેલ વસ્તુ પુરુષની પ્રેરણાના કારણથી મહત્ના જન્મરૂપ થઈ. એનું બીજું નામ ન હોવાથી પ્રથમ સ્થૂલપણાથી ઉત્પન્ન થયેલું હોઈ 'મહત્' એમ કહેવાય છે. એ પ્રમાણે એક જીવનો કાલ કર્મ અને સ્વભાવથી દેહ સાથે સમ્બન્ધ થયાનું જણાવ્યું.૨૨

૧.'તેથી' એટલે પછી ગ્રહણ કરેલાં હોવાથી.(પ્ર)

૨.અહીં નીચે પ્રમાણે જાણવું : કાલથી ગુણોનો સમ્બન્ધ અંશથી થાય છે, પછી સ્વભાવથી પાક થતાં વિકાર અને કાર્ય થાય છે. એ પોતાના કાર્યની અપેક્ષાથી પકૃતિ થતાં સાંખ્યોના મહત્ વગેરે સાત પદાર્થોમાં પ્રકૃતિ અને વિકૃતિ એવો વ્યવહાર થાય છે. પછી એ કાર્ય કર્મથી જન્મે છે ત્યારે ઇંદ્રિયો તન્માત્રા વગેરે ન હોવાથી પિંડના પ્રકારથી જન્મ થતો હોવાથી ન્યૂન હોય છે. આ પ્રકારે એવો દેહ થાય છે.(પ્ર)

હવે ભગવાનની પ્રેરણાથી એ ગુણો મહત્તત્વના જ સમ્બન્ધમાં આવ્યાનું નીચેના શ્લોકથી કહે છે :

**મહતસ્તુ વિકુર્વાણાદ્રજઃસત્વોપબૃંહિતામ્ ।**

**તમઃપ્રધાનાત્વભવદ્દ્રવ્યજ્ઞાનક્રિયાત્મકઃ ॥૨૩॥**

તમન્ના મુખ્યપણાવાળું, રજસ્ અને સત્વથી પુષ્ટ થયેલું મહત્ વિકાર પામતાં તો દ્રવ્ય ગુણ અને ક્રિયારૂપ થયું.૨૩

કાલ, કર્મ અને સ્વભાવે પોતામાં (મહત્માં) ગુણોનો સમ્બન્ધ વગેરે કાર્ય કરતાં, એ (મહત્) પણ વિકારવાળું થયું. એમાં બે ગુણો સાહાય્ય કરનારા તરીકે પ્રવેશ્યા. તમસ્ તો મુખ્યપણાથી (પ્રવેશ્યું), એ (અર્થ) 'રજસ્ અને સત્વથી પુષ્ટ થયેલું, તમસ્ના મુખ્યપણાવાળું' શબ્દોથી કહેલ છે. (તેથી) કોઈક ત્રણ ગુણોવાળો પદાર્થ ઉત્પન્ન થયો, કારણકે ત્રણ (ગુણોએ) પછી પ્રવેશ કરેલો,[1] એ 'દ્રવ્ય જ્ઞાન અને ક્રિયારૂપ' શબ્દથી કહેલ છે.૨૩

૧.તેથી જ મહત્તત્વ કરતાં આ દેહમાં ગુણોનો સમ્બન્ધ વધારે હોવાથી આ પ્રકૃતિ,' 'ત્રિતયરૂપ'છે.(પ્ર)

નીચેના શ્લોકમાં એનું નામ કહે છે :

**સોઽહઙ્કાર ઈતિ પ્રોક્તો વિકુર્વન્ સમભૂત્ત્રિધા ।**
**વૈકારિકસ્તૈજસશ્ચ તામસશ્ચેતિ યદ્ભિદા ।**
**દ્રવ્યશક્તિઃ ક્રિયાશક્તિર્જ્ઞાનશક્તિરિતિ પ્રભો ॥૨૪॥**

અહંકાર એમ કહેવાયેલો એ વિકાર પામતાં ત્રણ પ્રકારનો થયો. હે પ્રભો ! જેના વૈકારિક અને તૈજસ અને તામસ એવા ભેદથી (એ) દ્રવ્યની શક્તિવાળો (અને) જ્ઞાનની શક્તિવાળો થયો.૨૪

પહેલાં તો એક સ્થૂલ કાર્ય ઉત્પન્ન થયેલું તેથી ભગવાને (એનું) 'મહાન્' એવું નામ કર્યું. આ (અહંકાર)નો તો મહાન્ પિતા છે. એ તો વિશેષ પ્રકારે બીજું નામ જાણતો ન હોવાથી, પોતાને અને પ્રકૃતિને જોતાં બંનેને 'અહંકાર' એ નામથી જણાવે છે. પિતાએ જ કહેલો એ પણ કાલ વગેરેનો સમ્બન્ધ પ્રાપ્ત કરી વિકારી થયો. ગુણોમાં મુખ્ય અને હલકા હોવાની સ્થિતિ થતાં, વશ રાખનાર[1] કોઈ ન હોવાથી ગુણોએ સ્વતન્ત્ર થઈ, પોતાના સ્થાન અહંકારને ત્રણ પ્રકારનો કર્યો એમ 'ત્રણ પ્રકારનો થયો' શબ્દોથી કહેલ છે. વૈકારક વગેરે શબ્દોથી એઓના ભેદો કહેલા છે. વૈકારિક (એટલે) સાત્વિક, તૈજસ રાજસ. એ બેના પેટા ભેદો પણ છે એમ 'ચ' 'અને' શબ્દથી કહેલ છે. એ પ્રમાણે 'અને તામસ'માં પણ જાણવું. 'યદ્ભિદા'નો અર્થ જે અહંકારનો એવો ત્રણ પ્રકારનો ભેદ છે' એવો છે. 'દ્રવ્યની શક્તિવાળો.' વગેરેથી આમની પોતપોતાનું કાર્ય કરવાની શક્તિ કહેલી છે. એઓમાં તામસ અહંકાર

દ્રવ્ય ઉત્પન્ન કરવાની શક્તિવાળો છે. એ દ્રવ્ય જ ઉત્પન્ન કરે છે, તેથી એનું ગુણથી થયેલું નામ 'દ્રવ્યશક્તિ' એટલે દ્રવ્યમાં શક્તિ છે જેની તેવું છે. એ પ્રમાણે રાજસ અહંકાર ક્રિયાશક્તિવાળો છે, સાત્વિક તો જ્ઞાનશક્તિવાળો છે. એમાં 'હે પ્રભો !' એવું સંબોધન એમ જણાવવા કરેલું છે કે તારો (નારદનો) અહંકાર જ્ઞાનશક્તિ પ્રકારનો છે.૨૪

૧.પુરુષ પ્રેરણા ન હોવાથી, પોતે કર્તા છે એવા અભિમાનવાળા ગુણોએ એમ કર્યું.(પ્ર)

હવે ત્રણે ગુણોને કાલ વગેરેનો સમ્બન્ધ થવાથી સૃષ્ટિ રચનાર થયા હોવાથી પ્રથમ તામસી અહંકાર એવો (સૃષ્ટિ રચનાર થયો) હોવાનું નીચેના શ્લોકથી કહે છે :

**તામસાદપિ ભૂતાદેર્વિકુર્વાણાદભૂન્નભઃ ।**
**તસ્ય માત્રા ગુણઃ શબ્દો લિઙ્ગં યદ્દ્રષ્ટૃદૃશ્યયોઃ ॥૨૫॥**

વિકાર પામતાં ભૂતાદિ તામસમાંથી પણ આકાશ થયું. એની માત્રા ગુણ શબ્દ જે જોનાર અને જોવાની વસ્તુનું ચિહ્ન છે.૨૫

તામસ (અહંકાર)નું વ્યુત્પત્તિથી થતું બીજું નામ 'ભૂતાદિ' છે. પૃથ્વીથી આકાશ સુધીનાનું સામાન્ય નામ 'ભૂત' છે. ઉત્પન્ન થયું એવો એનો અર્થ છે, અને ભૂતો (મહાભૂતો) તામસ છે. તેથી જે તામસ ઉત્પન્ન થયું તે 'ભૂત' કહેવાય છે. એનું મુખ્ય કારણ ભૂતાદિ અહંકાર છે. એ પણ જ્યારે વિકાર પામ્યો (એટલે) કાર્ય કરવા તત્પર થયો, ત્યારે પહેલાંની પેઠે કાલ વગેરેના સમ્બન્ધથી 'નભ' નામનું કાંઈક કાર્ય થયું. (એ) અત્યંત તામસ હોવાથી અને પ્રકાશની પ્રવૃત્તિ વિનાનું હોવાથી 'ન વિદ્યતે' થી 'ભા' પ્રકાશ જેનો તેવું (થયું.) 'ભા' ધાતુ પ્રકાશવાળા અર્થવાળો છે, તેને 'અ' પ્રત્યય લગાડતાં ('નભા' થાય) પછી આનો લોપ કરતાં 'નભ' શબ્દ થાય છે.

'એનું જરાયે ભાન થતું ન હોવાથી, એનું જ્ઞાન કેમ થાય?' એ સમ્બન્ધમાં 'એનો માત્રા ગુણ છે' એમ કહેલું છે. એનો શબ્દ અને માત્રા ગુણ છે. 'મા' નકાર જણાવતી માયા, તેનું 'ત્રાયત' રક્ષણ કરે છે તે માત્રા, કારણકે એ ભગવાનના ઢાંકણરૂપ માયાનું પાલન કરે છે. તેથી જ માત્રાઓમાં આસક્તિવાળો ભગવાનને પ્રાપ્ત કરતો નથી. આથી વર્ણરૂપ શબ્દ (એનો ગુણ) ન હોવાનું કહેવાયું.[1] વળી એ (માત્રા) ગુણ, આત્માનું બંધન કરાવનારો છે, એવો અર્થ છે, કારણકે પહેલાં ગુણો બંધન કરાવનારા હોવાનું કહેલું છે. માત્રા એટલે અમુક પરિણામ.[2] બધુંયે આકાશ વ્યવહારમાં શબ્દમાત્રાવાળું છે, તેથી માત્ર શબ્દથી આકાશનો વ્યવહાર (થાય છે.) વળી એ જોનાર અને જોવાની વસ્તુનું ચિહ્ન છે.[3] અને ગુણપણું માત્ર શબ્દમાં રહેલો

ગુણ છે, પણ અસાધારણ ગુણ નથી, તેથી એ શબ્દનું લક્ષણ નથી, પણ શબ્દ જોનાર અને જોવાની વસ્તુ (દેખાડવા)નું ચિહ્ન છે. 'હાથી, હાથી' એમ કહેવામાં આવે ત્યારે ઘરમાં રહેલો પુરુષ (એ) સ્વરથી બહાર રહેલ જોનાર અને જોવાની વસ્તુનું અનુમાન કરે છે કે દેવદત્ત હાથી જુએ છે.૨૫

૧.શબ્દને માત્રા કહ્યો, તેથી વર્ણરૂપ શબ્દ આકાશના ગુણથી જુદો હોવાનું જણાવ્યું એવો અર્થ છે.(પ્ર)

૨.માત્રા મહાભૂતો થયા પહેલાંની એની અવસ્થારૂપ પરિણામ માત્રા છે. શબ્દાદિ પાંચે મહાભૂતોના ગુણોમાં માત્રા રહેલી છે, છતાં અહીં જ એ કહી છે, કારણકે આકાશમાં સ્થૂલ અવસ્થાનું પ્રાધાન્ય છે.(પ્ર)

૩.શબ્દ ધ્વનિરૂપ છે. શબ્દ આકાશના ગુણશબ્દથી જણાતું હોવાથી આકાશ પણ અવયવવાળું છે, પણ અવયવો વિરલ છે, પરંતુ અવયવ વિનાનું નથી.(પ્ર)

એ પ્રમાણે તામસ અહંકારથી આકાશની ઉત્પત્તિ કહીને, આકાશમાંથી વાયુ વગેરેના ઉત્પત્તિ ક્રમથી થઈ એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**નભસોઽથ વિકુર્વાણાદભૂત્સ્પર્શગુણોઽનિલઃ ।**
**પરાન્વયાચ્છબ્દવાંશ્ચ પ્રાણ ઓજઃ સહો બલમ્ ।।૨૬।।**

પછી વિકાર થયેલા આકાશમાંથી સ્પર્શગુણવાળો વાયુ થયો અને ઉપરનાના સાહચર્યથી શબ્દવાળો થયો. પ્રાણ, ઓજ, સહ, અને બલ (એના કાર્યો છે.)૨૬

સ્પર્શ છે ગુણ જેનો તેવો 'અનિલઃ' વાયુ થયો વાયુના બે ગુણો છે : (૧)સ્પર્શ સ્વાભાવિક (ગુણ,) અને (૨)કારણ (આકાશ)ના સાહચર્યથી શબ્દ. એના બે કાર્યો વધારે છે એમ કહે છે. (૧)દશ પ્રકારનો પ્રાણ, (૨)ઇંદ્રિયોની શક્તિ, (૩)'સહઃ' મનની શક્તિ, (૪)'બલ'શરીરની શક્તિ. જોકે પ્રાણ રાજસ અહંકારનું કાર્ય છે એમ કહેશે, છતાં પણ નાક ઇંદ્રિયનો સહકારી ગંધ ગ્રહણ કરનાર પ્રાણ અહીં કહેલો છે.[૧] અથવા 'બુદ્ધિ અને પ્રાણ તૈજસ અહંકારના ગુણો છે' એમ મતાંતર છે. પ્રાણ વગેરે પ્રકારનો વાયુ એવો અર્થ છે. જે કોઈ સ્થળે 'કાલ કર્મ અને સ્વભાવથી થયા' એમ કહેલ ન હોય ત્યાં પણ એઓનો સમ્બન્ધ લેવો.[૨] અથવા અહંકાર અને આકાશ કાલ અને કર્મના કાર્ય ન હોવાથી, લોકની માન્યતા પ્રમાણે એ એઓનો સમ્બન્ધ કહેલ નથી.૨૬

૧.વાયુ તરીકે કહેલો છે.(પ્ર)

૨.(જગત્) કેવા તો આ બે (આકાશ અને વાયુ)નો જગતમાં પ્રવેશ ન થાય તેથી સમ્બન્ધ લેવો જોઈએ.(પ્રકારનું છે એનો અહીં ઉત્તર આપવામાં આવતો હોવાથી એઓનો સમ્બન્ધ ન હોય પ્ર)

'વાયુમાંથી તો સાધનથી જુદી જાતનું કાર્ય ઉત્પન્ન થતું હોવાથી, (કાલ અને કર્મથી થતી ઉત્પત્તિમાં) નિમિત્ત થવાનું ઘટે નહિ,'[1] એવી શંકા થાય, તેથી એ વિશેષ પ્રકારે નીચેના શ્લોકથી જણાવે છે :

**વાયોરપિ વિકુર્વાણાત્કાલકર્મસ્વભાવતઃ ।**
**ઉદપદ્યત તેજો વૈ રૂપવત્સ્પર્શશબ્દવત્ ॥૨૭॥**

કાલ કર્મ અને સ્વભાવથી વિકારવાળા થતા વાયુમાંથી પણ સ્પર્શવાળુ અને શબ્દવાળું રૂપવાળું તેજ નકકી ઉત્પન્ન થયું.૨૭

'ઉદપદ્યત' ઉત્પન્ન થયું, 'વૈ' 'નકકી' શબ્દથી આમાં સંદેહ ન કરવાનું કહ્યું. ગુણ વધારે હોવાથી જ (વાયુ અને તેજમાં) જુદાપણું જણાય છે, પરંતુ 'વાયુમાંથી અગ્નિ (ઉત્પન્ન થયો') એ શ્રુતિથી (એ જ) વાયુનું કાર્ય નથી એવું નથી, 'રૂપવાળું, સ્પર્શવાળું, શબ્દવાળું' એમ તેજના ત્રણ ગુણો કહ્યા. ત્રણે ગુણો એમાં જોવામાં આવે છે, પરંતુ જેઓ[2] (આ બેમાં) કાર્ય અને કારણનો ભાવ નથી (માનતા) તેઓ વિવાદ (કરે છે,) અને એ (મત) શ્રુતિથી વિરુદ્ધ હોવાથી એની અવગણના કરવી. જુદી[3] જાતનું જુદી જાતનાને ઉત્પન્ન કરે નહિ એવું જે (એમનું) વચન (છે) તે તો તંતુ અને વસ્ત્રના સમ્બન્ધમાં જ ખોટું ઠરે છે, કારણકે તંતુ અને વસ્ત્ર એક જાતિના નથી, અથવા તંતુ અને પટ એક નથી. વળી આ સમ્બન્ધમાં પૃથ્વી વગેરે જાતિઓ[4] કહેવાનું 'ધારેલું નથી, કારણકે એવું ધારવાનું કરાવનાર (કાંઈ) નથી. સ્થૂલ અગ્નિમાં કારણ તરીકે વાયુ જ જોવામાં આવે છે, અને વસ્ત્રોમાં તંતુઓ જોવામાં આવે છે તેમ એ (વાયુ)ના અવયવો એ (અગ્નિમાં) દેખાતા નથી. તેથી શ્રુતિ અને પ્રત્યક્ષથી ખોટું ઠરેલ શાસ્ત્રની અવગણના કરવી. ૨૭

૧.'કાલ અને કર્મ' કહેવામાં બાકી છે. વિકાર થવામાં સ્વભાવ ઉપાદાન કારણ હોઈ એમાં પ્રવેશે, પણ કાલ અને કર્મનો પ્રવેશ થાય નહિ,' એવી શંકા થાય, તે દૂર કરવા શ્લોકમાં વિકાર કરાવનાર ત્રણે કહેલાં છે.(પ્ર)

૨.નૈયાયિકો.

૩.અહીંથી એમનો મત ખોટો હોવાનું સિદ્ધ કરે છે.(પ્ર)

૪.પેટા જાતિ લેતાં વ્યભિચાર જણાય, પણ પૃથ્વી જાતિ લઈએ (તો એ તંતુ અને વસ્ત્ર બંનેમાં હોવાથી) વ્યભિચાર થતો નથી, એવી તકરાર થાય તેથી આ કહે છે. આમાં પૃથ્વી જાતિ તરીકે ન લેવાય, કારણકે એ ઘડામાં પણ છે વળી જુદી જાતમાંથી જુદી જાતનું ઉત્પન્ન થતું જોવામાં પણ આવે છે, છાણમાંથી વીંછી, દેવમાંથી મનુષ્ય વગેરે, તેથી એમણે કહેલ નિયમ નિર્ણય કરાવનારો નથી.(પ્ર)

**તેજસસ્તુ વિકુર્વાણાદાસીદમ્ભો રસાત્મકમ્ ।**

**રૂપવત્સ્પર્શવચ્ચાઽમ્ભો ઘોષવચ્ચ પરાન્વયાત્ ।।૨૮।।**

વિકાર પામતા તેજમાંથી તો રસાત્મક જલ થયું. જલ ઉપરનાના સાહચર્યથી રૂપવાળું અને સ્પર્શવાળું અને ઘોષવાળું છે.૨૮

'રસાત્મક' એટલે રસ તન્માત્રાવાળું ઉપરનાના સાહચર્યથી રૂપવાળું સ્પર્શવાળું અને ઘોષવાળું છે. ઘોષ એટલે ધ્વનિરૂપ[1] શબ્દ.૨૮

૧.'ધ્વનિ' એટલે અવાજ, વર્ણાત્મક શબ્દ નહિ.

**વિશેષસ્તુ વિકુર્વાણાદમ્ભસો ગન્ધવાનભૂત્ ।**
**પરાન્વયાદ્રસસ્પર્શશબ્દરૂપગુણાન્વિતઃ ।।૨૯।।**

વિકાર પામતા જલમાંથી તો ગંધવાળી પૃથ્વી થઈ, ઉપરનાના સાહચર્યથી એ રસ, સ્પર્શ, શબ્દ અને રૂપગુણવાળી થઈ.૨૯

વિકાર પામતા જલમાંથી તો પૃથ્વી થઈ. 'વિશેષઃ' (એટલે) પૃથ્વી. 'તુ' 'તો' શબ્દથી સર્વથી જુદા લક્ષણવાળી (હોવાનું કહ્યું.) 'ગંધવાળી' શબ્દથી એનો મુખ્ય ગુણ ગંધ (કહ્યો) બીજાઓના સાહચર્યથી બીજા પણ ચાર ગુણો (એમાં છે.)૨૯

એ પ્રમાણે તામસ અહંકારની સૃષ્ટિ કહીને નીચેના શ્લોકથી સાત્વિક અહંકારની સૃષ્ટિ કહે છે :

**વૈકારિકાન્ મનો જજ્ઞે દેવા વૈકારિકા દશ ।**
**દિગ્વાતાર્કપ્રચેતોઽશ્વિવહ્નીન્દ્રોપેનદ્રમિત્રકાઃ ।।૩૦।।**

સાત્વિકમાંથી મન અને દિશા, વાત, સૂર્ય, પ્રચેતા, અશ્વિની કુમાર, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, વિપ્ર અને બ્રહ્મા (એ) દશ વૈકારિક દેવો ઉત્પન્ન થયા.૩૦

સત્વચિહ્નવાળો ગુણ સત્ રૂપમાંથી પ્રથમ વિકારવાળો થયેલ, તેથી એનું 'વૈકારિક' એવું નામ (થયું.) વૈકારિક એટલે સાત્વિક અહંકારમાંથી મન અને દશ ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવો ઉત્પન્ન થયા. આ સિદ્ધાંતમાં મનના દેવતાની જરૂર નથી. (એ) આત્માની સમીપ હોવાથી આત્મા જ એના દેવતા. એ દેવો દિશા વગેરે છે. આગળ કાન વગેરે ઇંદ્રિયો કહેશે. એ (ઇંદ્રિયો)ના આ ક્રમથી દેવો છે. 'અશ્વિ' શબ્દથી અશ્વિની કુમારો (કહેલા છે,) અને મિત્ર અને બ્રહ્મા.૩૦

નીચેના શ્લોકથી રાજસ અહંકારનું કાર્ય કહે છે :

**તૈજસાત્તુ વિકુર્વાણાદિન્દ્રિયાણિ દશાઽભવન્ ।**

**જ્ઞાનશક્તિઃ ક્રિયાશક્તિર્બુદ્ધિઃ પ્રાણશ્ચ તૈજસૌ ।**
**શ્રોત્રં ત્વગ્ઘ્રાણદગ્જિહ્વા વાગ્દોર્મેણ્ઢ્રાઙ્ઘ્રિપાયવઃ ।।૩૧।।**

વિકાર મમતા રાજસ (અહંકાર)માંથી તો કાન, ત્વચા, નાક, આંખ, જીભ, વાણી, હાથ. જનનેન્દ્રિય, પગ અને ગુદા (એ) દશ ઈંદ્રિયો, અને જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ અને ક્રિયાશક્તિવાળો પ્રાણ (ઉત્પન્ન) થયા.૩૧

ઈંદ્રિયાણિ ઈંદ્રઃ' આત્માનું 'ઈયતે' અનુમાન થાય છે આથી (જેથી) તે ઈંદ્ર, કારણકે આત્મા જોવામાં આવતો નથી, અને બીજી ઈંદ્રિયોથી પણ જાણતો નથી, અને 'તું દેવદત્ત, 'તું' યજ્ઞદત્ત' એવો એનો વ્યવહાર થાય છે, અને એ જુએ છે, સાંભળે છે, એવું જ જ્ઞાન થાય છે, એ ઈંદ્રિયો વશ છે. 'જ્ઞાને'ન્દ્રિયોમાં જ્ઞાનનું પ્રધાનપણું હોવાથી એઓ સાત્વિક હોવા યોગ્ય છે, અને કર્મેન્દ્રિયોનું પરિણામ જડ પદાર્થોમાં[1] થતું હોવાથી એઓ તામસ હોવા યોગ્ય છે, તેથી એ બંને તજી દઈ દશે ઈંદ્રિયો રાજસ હોવાનું કેમ કહેવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી 'જ્ઞાન શક્તિવાળી...' એમ કહેલું છે. આ ઈંદ્રિયો રાજસ હેવાનું કારણ[2] બીજું છે. બુદ્ધિ અને પ્રાણ રાજસ અહંકારના કાર્યો છે. ''આ પણ અયોગ્ય છે 'સત્વમાંથી જ્ઞાન થાય છે' એ વાક્ય પ્રમાણે જ્ઞાનરૂપ બુદ્ધિ સાત્વિક હોવી જોઈએ, અને પ્રાણ વાયુ જ છે, કારણકે શ્વાસ લેતાં અને કાઢતાં વાયુ જ જણાય છે'' એવી શંકાના સમ્બન્ધમાં કહે છે કે 'જ્ઞાનશક્તિવાળી અને ક્રિયાશક્તિવાળી' છે, કારણકે આ મતમાં બુદ્ધિ જ્ઞાન નથી, પણ જ્ઞાનશક્તિવાળી છે, જ્ઞાન ઉત્પન્ન કરનારી શક્તિ છે જેની તેવી છે, કારણકે જે બુદ્ધિવાળો હોય તેને પદાર્થોનું જ્ઞાન થાય છે, અને આ સારી બુદ્ધિવાળો પદાર્થોને જાણે છે, એમ બુદ્ધિ જ્ઞાનના કારણ તરીકે કહેવાય છે, અને કાર્ય અને કારણમાં ભેદ ન હોવાથી બુદ્ધિ અને જ્ઞાનનો એક જ અર્થવાળા (શબ્દો) તરીકે વ્યવહાર થાય છે. એમ ન હોય[3] તો, બાલકને બુદ્ધિ ન હોવાથી પદાર્થનું સારું જ્ઞાન થતું નથી, તે (એવું) ન હોય, પ્રાણ પણ વાયુથી જુદો જ છે. 'હવે ખરે આ આસન્યનો પ્રાણ કહે છે' શ્રુતિ પ્રાણરૂપ દેવતા જુદા[4] હોવાનું કહે છે, 'જે વાયુ (છે) તે પ્રાણ છે.' એ વાક્ય તો ભગવાનનો પ્રાણ વાયુ હોવાથી[5] એના અર્થવાળું છે. તેથી જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિવાળી હોવાથી જ્ઞાનથી બુદ્ધિ જુદી છે, અને એ સાત્વિકી નથી, કારણકે એ માત્ર ઈંદ્રિયોથી પ્રાપ્ત થતી નથી. જ્ઞાનેન્દ્રિયના આધાર તરીકે એ બુદ્ધિ માટે નક્કી પ્રયાસ કરવામાં આવે છે. જે દ્રવ્ય ન હોય અને સાત્વિક હોય, તે ઈંદ્રિયોથી પ્રાપ્ત થાય તેવું છે,[6] એવી વ્યાપ્તિ (સદાનો નિયમ) છે તેથી જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિ છે જેની (તેવી બુદ્ધિ,) અને ક્રિયા ઉત્પન્ન કરવાની શક્તિ

છે જેની (તેવો પ્રાણ,) તે બે જુદા ગુણવાળા હોવાથી, બંને સાત્વિક અહંકારના કાર્યો છે, તેથી એઓએ ગ્રહણ કરેલી બંને પ્રકારની ઇંદ્રિયો રાજસ અહંકારના કાર્યો જ છે. 'તુ' 'તો' શબ્દ પૂર્વપક્ષ ખોટો ઠરાવે છે. 'કાન' વગેરેથી એ ઇંદ્રિયો ગણાવે છે. જનનેન્દ્રિય અને પગના દેવતાઓ (અનુક્રમે) બ્રહ્મા અને ઉપેન્દ્ર છે, અને મિત્ર ગુદાનો (દેવ) છે. બીજાઓ તો ક્રમ પ્રમાણે છે. એ પૈકી દિશા અને વાયુ (અનુક્રમે) કાન અને ત્વચાના (દેવો) છે. નાક અને આંખના ઊલટા[૭] (દેવો છે,) જીભનો (દેવ) પ્રચેતા, આંખોનો (દેવ) સૂર્ય છે, એવો ક્રમ છે.૩૧

૧.વાયુ વગેરેની ક્રિયા જડ પદાર્થોમાં પણ જોવામાં આવે છે, અને કર્મેન્દ્રિયોથી થતી ક્રિયાનું પરિણામ તામસ જડ પદાર્થોમાં જોવામાં આવે છે.(પ્ર)

૨.એઓ બુદ્ધિ અને પ્રાણને અધીન છે એ કારણ છે.(પ્ર)

૩.બુદ્ધિ જ્ઞાનનું કારણ ન હોય અને ધ્યાન જ કારણ હોય તો એ બાલકમાં હોવાથી, સારી બુદ્ધિવાળાની પેઠે એને પણ જ્ઞાન થવું જોઈએ, પણ એ થતું નથી, તેથી બુદ્ધિ જ્ઞાનથી જુદી છે.(પ્ર)

૪.પાપરહિત હોવાથી વાયુ દેવથી જુદો છે.(પ્ર)

૫.આ શ્રુતિમાં કહેલ વાયુ મહાભુત નથી તેથી શ્રુતિનો વિરોધ નથી.(પ્ર)

૬.બુદ્ધિ કોઈક વાર કુદરતી અને કોઈકમાં અભ્યાસની સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રાપ્ત થાય તેવી છે, પરંતુ માત્ર જ્ઞાનેન્દ્રિયથી પ્રાપ્ત થાય તેવી નથી.(પ્ર)

૭.અનુક્રમ પ્રમાણે નથી. નાકના દેવ અશ્વિનીકુમારો અને આંખના દેવ સૂર્ય છે.

**યદૈતેઽસંહતા ભાવા ભૂતેન્દ્રિયમનોગુણાઃ ।**
**યદાયતનનિર્માણે ન શેકુર્બ્રહ્મવિત્તમ ॥૩૨॥**
**તદા સંહત્ય ચાઽન્યોન્યં ભગવચ્છક્તિચોદિતાઃ ।**
**સદસત્વમુપાદાય ચોભયં સસૃજુર્હ્યદઃ ॥૩૩॥**

હે બ્રહ્મ જાણનારાઓમાં ઉત્તમ ! જ્યારે આ ભેગા ન મળેલા પદાર્થો મહાભૂતો, ઇંદ્રિયો, મન અને ગુણો, જ્યારે સ્થાનનું નિર્માણ કરવા શક્તિમાન ન થયા. ત્યારે ભગવાનની શક્તિથી પ્રેરાયેલા થઈ અને પરસ્પર મળીને સત્ અને અસત્ બંનેનો ઉપયોગ કરીને આનું નિર્માણ કર્યું. ૩૨-૩૩

ત્રણ ગુણોના કાર્ય હોવાથી આ જ્યારે ભેગા મળ્યા નહિ કારણકે જુદા જુદા સ્વભાવવાળા તામસ વગેરે પદાર્થો ગાઢ સમ્બન્ધથી ભેગા થાય નહિ તેથી જ જ્યારે સ્થાનનું નિર્માણ કરવાને સમર્થ ન થયા, ત્યારે ભગવાનની પ્રેરણાથી (તેમણે) બ્રહ્માંડ બનાવ્યું એવો (વાક્યનો) સમ્બન્ધ છે. મહાભૂતો, ઇંદ્રિયો, મન અને ગુણો (ભેગા ન થયેલ.) ગુણો (એટલે) દેવો અથવા શબ્દ વગેરે (મહાભૂતોના ગુણો.) તામસો ઘણા હોવાનું (જણાવવા) આદિમાં અને અંતે મૂકેલા છે.[૧] 'સ્થાન' એટલે

ભગવાનનું શરીર બ્રહ્માંડ, (નારદ) સર્વજ્ઞ હોવાથી આ વિષયમાં સહમત થાય એ માટે 'હે બ્રહ્મ જાણનારાઓમાં ઉત્તમ !' એવું સંબોધન કરેલું છે. 'તમપ્' પ્રત્યય તો ભગવાનનું ઉત્તમપણું જણાવવા (યોજેલ છે.) પરસ્પર 'સંહત્ય' મળીને, (અને) 'ચ' 'અને' શબ્દ હોવાથી મુખ્ય અને ગૌણ સ્થિતિનો પણ આશ્રય કરીને (નિર્માણ કર્યું.) ભગવાનની શક્તિ આજ્ઞાશક્તિ, તેનાથી 'ચોદિતાઃ' પ્રેરાયેલા (થઈ,) સત્ અને અસત્ એટલે ઉચ્ચ અને નીચ, અથવા કાર્ય અને કારણનો ભાવ અથવા સત્ બ્રહ્મ, અસત્ જગત્ અથવા પ્રકાશ અને અપ્રકાશનો ભાવ, 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા જીવોના સમૂહો, અથવા એમના અદૃષ્ટો અથવા એ (અદૃષ્ટો)થી સંસ્કાર પામેલા પ્રાણીઓ, બંને એટલે વ્યક્તિઓનો સમૂહ, અથવા સ્થૂલ અને લિંગ શરીરો, 'અદઃ' (એટલે) એ પ્રસિદ્ધ (બ્રહ્માંડ રચ્યું.) 'હિ' શબ્દથી આ વિષય યોગ્ય હોવાનું (કહ્યું.) આ વિષયની યોગ્યતા ત્રીજા સ્કંધમાં કહેશે. ૩૨-૩૩

૧.શ્લોકમાં પહેલા મહાભૂતો અને છેલ્લા ગુણો કહ્યા છે. એ તામસો ઘણા હોવાથી એમ મૂકેલ છે.

એઓએ બ્રહ્માંડ રચ્યું. એ ભગવાનનું રહેઠાણ થાય એ માટે ભગવાન્ પધાર્યા એમ કહેવું જોઈએ. એ શા પ્રયોજનથી (પધાર્યા,) એ જાણવાની ઈચ્છા થાય, તેથી, નીચેના શ્લોક કહે છેઃ[1]

**વર્ષપૂગસહસ્રાન્તે તદણ્ડમુદકેશયમ્ ।**
**કાલકર્મસ્વભાવસ્થોઽજીવોઽજીવમજીવયત્ ।।૩૪।।**
**સ એવ પુરુષસ્તસ્માદણ્ડં નિર્ભિદ્ય નિર્ગતઃ ।**
**સહસ્રોર્વઙ્ઘ્રિબાહ્વક્ષઃ સહસ્રાનનશીર્ષવાન્ ।।૩૫।।**

એક હજાર વર્ષોના સમૂહોના અંતે જીવ વિનાના જલમાં રહેલા એ બ્રહ્માંડને કાલ કર્મ અને સ્વભાવમાં રહેલા ભગવાને જીવતું કર્યું. એ જ એક હજાર સાથળ, ચરણ, બાહુ અને નયનવાળા, એક હજાર મુખ અને શિરવાળા પુરુષ બ્રહ્માંડને ભેદીને એમાંથી બહાર નીકળ્યા.૩૪-૩૫

એક હજાર વર્ષોના સમૂહો; પાંચે પ્રકારના વર્ષો એક હજાર થયાં. એઓના અંતે (બ્રહ્માંડ ભેદ્યું.) એક હજાર વર્ષના (સમૂહો) સુધી બ્રહ્માંડ જલમાં જ અને જીવ વિનાનું રહેલું; એમાં ભોગ કરનાર કોઈ જીવે પ્રવેશ કરેલો નહિ. આ પ્રયોજનથી જ[2] ભગવાને વિલંબ કરેલો. હવે પછી જલમાં રહેલાનો લય થશે એવા વિચારથી 'અજીવઃ' જીવથી જુદા ભગવાને 'અજીવમ્' જીવ વિનાના બ્રહ્માંડને 'અજીવયત્' જીવવાળું કર્યું. પોતે પ્રવેશ કરીને એમાં પ્રાણ પણ મૂક્યા, એવો અર્થ છે. ત્યાર પછી

ભગવાન્ અને પ્રાણ જેમાં રહેલા તે વિરાટ્ 'પુરુષ' શબ્દથી ઓળખાતા થયા. એ સમયે એ જ પુરુષ, એ જ કારણથી રહેલા, અથવા 'એમાંથી' જલમાંથી બ્રહ્માંડને ભેદીને કેટલાક (બ્રહ્માંડની) છાલ ભેદીને, (અને) કેટલાક કહે છે કે ત્યાં જ છાલથી ગોલક (બ્રહ્માંડ)ને જુદું કરી નીકળ્યા. બ્રહ્માંડની છાલને અને પોતાને છૂટા કરી નીકળ્યા, એવો અર્થ (છે.) વાસ્તવિક રીતે તો બ્રહ્માંડની સ્થિતિ તજી, પુરુષ થઈ, સુખ થાય તે પ્રમાણે વિચારવા લાગ્યા, એમ (માનવું) યોગ્ય છે. એમનું એ સ્વરૂપ પાંત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધથી વર્ણવે છે. એક હજાર સાથળો, પગો, બાહુઓ અને નયનો છે જેમના, એક હજાર મુખો જેમાં છે તેવા શીર્ષવાળા (તે છે.) 'સહસ્રશીર્ષવાળા' એ અડધી (ઋગ્વેદની) ઋચાના અર્થરૂપ એ થયા.૩૪-૩૫

૧.જીવ એમાં પ્રવેશ કરે તેવા પ્રયોજનથી, એવો અર્થ છે.

૨.'પુરિશયનાત્' શરીરમાં સૂતેલ નથી.(પ્ર)

નીચેના શ્લોકથી એ સર્વના આધાર હોવાનું કહે છે :

**યસ્યેહાઽવયવૈર્લોકાન્ કલ્પયન્તિ મનીષિણઃ ।**
**કટ્યાદિભિરધઃ સપ્ત સપ્તોર્ધ્વં જઘનાદિભિઃ ।।૩૬।।**

જેમના કટિ વગેરે અવયવોથી નીચે સાત (અને) જઘન વગેરે અવયવોથી ઉપર સાત લોકની કલ્પના બુદ્ધિવાળાઓ અહીં કરે છે.૩૬

આટલા (ભાગ)થી જેમાંથી રચ્યું[1] અને જે પ્રકારનું (રચ્યું) તેવા બે પ્રશ્નોનો ઉત્તર કહ્યો. જેમના ચરણ વગેરે અવયવોથી પાતાલ વગેરે લોકોની (બુદ્ધિવાળાઓ કલ્પના કરે છે.) 'બુદ્ધિવાળાઓ' શબ્દથી આ કલ્પના ધ્યાન માટે (જણાવી.) કટિ વગેરેથી (દેહના) પાછલા ભાગની વ્યવસ્થાથી (એની,) 'અધઃ' નીચેના ભાગમાં અતલ વગેરે સાત (પાતાલો કલ્પ્યા,) જઘન વગેરેથી (દેહના) આગળના ભાગનો આરંભ (કરે છે.) નીચેનો ભાગ તો આગળના ભાગથી ઊલટી તરફ મુખવાળો (છે,) તેથી કટિ વગેરે અને જઘન વગેરેમાં વિરોધ નથી.૩૬

૧.શ્લોક ૩૨ થી જેમાંથી રચ્યુંનો ઉત્તર આપ્યો.(પ્ર)

૨.એ પહેલાના ભાગથી 'જે પ્રકારનું રચ્યું' તેનો ઉત્તર આપ્યો.(પ્ર)

એવી રીતે સામાન્યપણે વર્ણન કરીએ, ભગવાનના બાહુ મુખ વગેરેનો અવયવોમાં સમાવેશ થતો હોવા છતાં પણ (એઓ) મુખ્ય હોવાથી એમનું નીચેના શ્લોકથી આગળ નિરૂપણ કર્યું છે :

**પુરુષસ્ય મુખં બ્રહ્મ ક્ષત્રમેતસ્ય બાહવઃ ।**

**ઊર્વોર્વૈશ્યો ભગવતઃ પદ્ભ્યાં શૂદ્રોઽવ્યજાયત ॥૩૭॥**

પુરુષનું મુખ બ્રાહ્મણ છે. આના બાહુઓ ક્ષત્રિય છે. ભગવાનની સાથળોમાંથી વૈશ્ય (અને) ચરણોમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા.૩૭

'સાથળોમાંથી' એમ ભેદથી જણાવ્યું તેથી એઓનો ભગવદ્ભાવ થતો નથી એમ વૈશ્યો અને શૂદ્રોની મુક્તિ થતી ન હોવાથી કહ્યું. ચરણોમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા 'પદ્ભ્યાં' એ પાંચમી વિભક્તિ છે. આ બ્રાહ્મણ વગેરે અધિકારી પુરુષો જુદી જુદી જાતિઓના અધિષ્ઠાતા રૂપ દેવતાઓ છે.૩૭

હવે નીચેના શ્લોકોમાં લોકની કલ્પના કહે છે :

**ભૂર્લોકઃ કલ્પિતઃ પદ્ભ્યાં ભુવર્લોકોઽસ્ય નાભિતઃ ।**
**હૃદા સ્વર્લોક ઉરસા મહર્લોકો મહાત્મનઃ ॥૩૮॥**
**ગ્રીવાયાં જનલોકશ્ચ તપોલોકઃ સ્તનદ્વયાત્ ।**
**મૂર્ધભિઃ સત્યલોકસ્તુ બ્રહ્મલોકઃ સનાતનઃ ॥૩૯॥**

બે ચરણોમાંથી ભૂર્ લોક કલ્પેલો છે, આમની નાભિમાંથી ભુવર્ લોક, હૃદયથી સ્વર્ગલોક, (અને) મહાત્માની છાતીમાંથી મહર્લોક, અને ગ્રીવામાં જનલોક, બે નસકોરાંમાંથી તપોલોક, (અને) મસ્તકોથી તો સત્યલોક (કલ્પેલ છે.) બ્રહ્મલોક સનાતન છે.૩૮-૩૯

બે ચરણોમાંથી (આરંભી) સાત લોક(ની કલ્પનાવાળો) મત કહે છે. ચરણથી આરંભી કટિ સુધીનો ભૂર્લોક છે. ભુવર્લોક તો આમની નાભિમાંથી (કલ્પેલ છે.) હૃદય પોલું સ્થાન છે. છાતી એની ઉપરનું ઊંચું સ્થાન છે. એની ઉપર જ્ઞાનીઓનો જ વાસ હોવાથી 'મોટા આત્માઓ છે જેમાં' તેવો 'મહાત્મા' શબ્દ યોજેલ છે. 'સ્તન્' શબ્દના અર્થવાળો છે એ વ્યુત્પત્તિ પ્રમાણે 'સ્તનદ્વયાત્' એટલે બે નસકોરોમાંથી. મસ્તકોથી સત્યલોક (કલ્પ્યો.) મતાન્તરમાં ત્યાં બીજા લોકો હોવાનું કહેલ છે. એઓ એમાં નથી એમ 'તુ' 'તો' શબ્દથી (જણાવેલ છે.)૩૮-૩૯

હવે ચૌદ લોક (હોવાનો) મત કહેવા માટે, આ પહેલાં કહેલા એ જ ઉપરના લોકો છે, (તેથી) નીચેના શ્લોકોમાં નીચેના સાત (લોક) કહે છે :

**તત્કટ્યાં ચાઽતલં કલ્પ્તમૂરુભ્યાં વિતલં વિભોઃ ।**
**જાનુભ્યાં સુતલં શુદ્ધં જઙ્ઘાભ્યાં તુ તલાતલમ્ ॥૪૦॥**
**મહાતલં તુ ગુલ્ફાભ્યાં પ્રપદાભ્યાં રસાતલમ્ ।**

**પાતાલં પાદતલત ઈતિ લોકમયઃ પુમાન્ ।।૪૧।।**

અને એમની કટિમાં અતલ ગોઠવાયેલું છે, વિભુની સાથળોથી વિતલ, ઢીંચણોથી શુદ્ધ સુતલ, પીંડીઓમાંથી તો તલાતલ, બે ઘૂંટીઓમાંથી તો મહાતલ, ચરણના આગલા ભાગમાંથી રસાતલ (અને) ચરણના તળિયામાંથી પાતાલ (કલ્પેલા છે.) એમ પુરુષ લોકમય છે.૪૦-૪૧

ઉપરના લોકો ઉત્તમ હોવાથી ભગવાનના અવયવો (એમના) કારણ હોવાનું કહેલું છે. અતલ તો મયના પુત્રનું રહેઠાણ હોવાથી, અને ઘણો મોહ કરે તેવું હોવાથી, ભગવાનનો અવયવ માત્ર એનો આધાર હોવાનું કહેલ છે. (એ) તામસ હોવાથી વિશેષ ધ્યાનમાં એનો ઉપયોગ ન હોવાથી પહેલાની પેઠે જ 'ગોઠવાયેલું' (હોવાનું કહેલ છે.) વિતલમાં મહાદેવ રહેતા હોવાથી 'વિભુ' શબ્દથી ભગવાનનું મહત્પણું કહેલ છે. જે મહાદેવને પણ સુખ આપનાર છે, એવો અર્થ છે. સુતલ ભગવાન્ (એમાં) રહેતા હોવાથી શુદ્ધ છે. અવયવોથી કલ્પેલા લોકો (અવયવો)માં જ રહેલા હોવાથી (પુરુષ) લોકમય છે. 'પુરુષ' શબ્દથી એમ જણાવેલ છે કે આ ઉપાસના માટે કહેલ નથી, પરંતુ પુરુષ જ એવા છે.૪૦-૪૧

નીચેના શ્લોકમાં ત્રણ લોક (હોવાનો) મત કહે છે :

**ભૂર્લોકઃ કલ્પિતઃ પદ્ભ્યાં ભુવર્લોકોઽસ્ય નાભિતઃ ।**
**સ્વર્લોકઃ કલ્પિતો મૂર્ધ્ના ઈતિ વા લોકકલ્પના ।।૪૨।।**

અથવા ભૂર્લોક ચરણોથી કલ્પેલો છે, ભુવર્લોક આમની નાભિથી, (અને) સ્વર્ગલોક મસ્તકથી કલ્પેલો છે, એવી લોકની કલ્પના છે.૪૨

'ચરણોથી' એટલે કટિ સુધીના ચરણોથી, નાભિથી એટલે નાભિથી ગ્રીવા સુધી અને મસ્તકથી એટલે બ્રહ્મરંધ્ર સુધીના ભાગથી કલ્પેલા છે. 'અથવા એવી લોકની કલ્પના છે' શબ્દોથી અહીં ગુણથી, વિદ્યાથી અને યજ્ઞથી એમ ત્રણ પ્રકારની કલ્પના (કહેલી છે.) અધિકાર પ્રમાણે વ્યવસ્થા (કરવી.) સાત્વિકો માટે ચૌદ લોકનો પક્ષ, રાજસો માટે સાત લોકનો અને તામસો માટે [1]ત્રણ લોકનો પક્ષ (કહેલા છે.)૪૨

૧.ગુણો ત્રણ છે. ચૌદ વિદ્યાઓ છે, સાત યજ્ઞો અને ગુણો ત્રણ છે. તેથી એ ગુણોવાળા માટે ત્રણ પક્ષ કહેલા છે.(પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં દ્વિતીય સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ**

# અધ્યાય છટ્ઠો

**અનિત્યે જનનં નિત્યે પરિચ્છિન્ને સમાગમઃ ।**
**નિત્યાપરિચ્છિન્નતનૌ પ્રાકટ્યં ચેતિ સા ત્રિધા ॥૧॥**

અનિત્ય (પદાર્થો)ની ઉત્પત્તિ, નિત્ય અને હદવાળા (પદાર્થો)નો સમાગમ, (અને) નિત્ય અને હદવિનાના શરીરવાળાઓનું પ્રાકટ્ય એમ એ (ઉત્પત્તિ) ત્રણ પ્રકારની છે. કા.૧

**ઉત્પત્તિઃ સ્થાનસમ્બન્ધરૂપા ષષ્ઠે નિરૂપ્યતે ।**
**સ્થૂલસ્યાઽમૂર્ત્તરૂપસ્ય તદભેદદશિઃ ફલમ્ ॥૨॥**

સ્થૂલ અને અમૂર્ત (દેહરહિત) સ્વરૂપવાળાની સ્થાન સાથેના સમ્બન્ધરૂપ ઉત્પત્તિ છટ્ઠા (સ્કન્ધમાં) કહેવામાં આવે છે. એઓનો (ભગવાનથી) અભેદ હોવાનું જ્ઞાન ફલ છે. કા.૨

**નારાયણપરા વેદા ઈત્યનેન નિરૂપિતમ્ ।**
**સામાન્યેન તદેવાઽત્ર વિસ્તરેણ નિરૂપ્યતે ॥૩॥**

વેદો નારાયણમાં પ્રયોજનવાળા છે એ (અધ્યાય ૫ શ્લો. ૧૫-૧૬) શ્લોકથી સામાન્ય રીતે જેનું નિરૂપણ કરેલું છે તે જ અહીં વિસ્તારથી કહેવામાં આવે છે. કા.૩

**પૌરુષેણ ચ સૂક્તેન નિર્ધારિતમિહોદિતમ્ ।**
**કાર્યસ્ય વસ્ત્વભેદોઽપિ માહાત્મ્યં પરતસ્તથા ॥૪॥**

અને૧ પુરુષસૂક્તથી નિર્ણય કરેલું અહીં કરેલું છે, અને કાર્યનો વસ્તુથી અભેદ (હોવાનું) માહાત્મ્યના પ્રયોજનવાળું હોઈ એ પ્રકારે (કહેલું છે.) કા.૪

**અમૂર્ત્તરૂપં સાધર્મ્યં સર્વત્રૈવ હરેર્બૃહત્ ।**
**તેન સિદ્ધો વસ્ત્વભેદઃ સ્થૂલં ધ્યાનં ચ સિદ્ધ્યતિ ॥૫॥**

હરિસાથેનું અમૂર્ત પ્રકારનું ઘણું સમાનગુણપણું સર્વત્ર જ કહેવાશે. તેથી વસ્તુ (ભગવાન્) સાથેનો અભેદ સિદ્ધ (થાય છે) અને સ્થૂલ ધ્યાન થઈ શકશે. કા.૫

ગયા અધ્યાયમાં પહેલાં કહેલા મૂર્ત પદાર્થોના જન્મરૂપ ઉત્પત્તિ કહી. (ઉત્પત્તિ) ન કહેલા કાલ વગેરેમાં પણ ભગવાનપણું (હોવાનું) સ્પષ્ટ પ્રકારે કહ્યું. હવે અમૂર્ત જીવોનો મૂર્ત (પદાર્થ) સાથેનો સમ્બન્ધ કહેવામાં આવે છે. પહેલાં દેવો વગેરે જે ઉત્પન્ન થયેલા કહ્યા, તેઓ પણ (દેહ) સહિત જ ઉત્પન્ન થયેલા હોવાથી, (૧)એઓમાં જે અમૂર્તરૂપ (જીવ,) તે હવે જુદું પાડી, વિરાટમાં સર્વત્ર પ્રવેશ કરેલા ભગવાનના સ્થૂલ અમૂર્ત સ્વરૂપ સાથે એનો સમ્બન્ધ૨ કહેવામાં આવે છે. જીવનું

પ્રકરણ હોવાથી, આના (૨)સાધન૩ અને (૩)ફલ[૪] ઉત્પત્તિથી કહેવા જોઈએ, અને (૪)ભગવાનનું માહાત્મ્ય[૫] અમૂર્ત છે, તે પણ અહીં કહેવામાં આવે છે, અને તેથી અહીં ચાર[૬] પદાર્થો કહેવાશે અમૂર્તપણું સમાન ધર્મ હોવાથી એક અધ્યાયમાં (એ) કહેલ છે. આરંભમાં બધાએ જીવોના લિંગશરીરની સામગ્રી ભગવાનના લિંગશરીર સાથેના સમ્બન્ધવાળી હોવાનું કહે છે :

બ્રહ્મોવાચ

**વાચાં વહ્નેર્મુખં ક્ષેત્રં છન્દસાં સપ્ત ધાતવઃ ।**
**હવ્યકવ્યામૃતાન્નાનાં જિહ્વા સર્વરસસ્ય ચ ॥૧॥**

વાણી અને અગ્નિનું સ્થાન મુખ છે, છન્દોનું સાત ધાતુઓ (અને) હવ્ય, કવ્ય, અમૃત અને અન્નોનું અને સર્વ રસોનું (સ્થાન) જીભ છે. ૧

એ વિષયમાં ‘વાચાં’ આપણે વગેરેની વાક્ ઇંદ્રિયો, અને એઓના અધિષ્ઠાતા દેવ અગ્નિનું ભગવાનનું પોલાણરૂપ મુખ ‘ક્ષેત્રં’ સ્થાન છે, ભગવાનના ઇંદ્રિયરૂપ અને ગોલકરૂપ બે મુખ છે. તે પૈકી બ્રાહ્મણનું સ્વરૂપ ગોલકસ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલું હોવાનું કહેવા માટે એ (ગોલકરૂપ) [૭]પહેલાં કહેલું છે, તેવી રીતે પાતાળ વગેરે પણ ભગવાનના અવયવોમાંથી ઉત્પન્ન થયેલા અને એમાં રહેલા છે, તેથી ભગવાન્ પાતાળ વગેરે રૂપવાળા હોવાનું[૮] કહેલ છે. અહીં તો એનાથી ઊલટું જગત્ કહીને (એ) ભગવદ્રૂપ હોવાનું કહેવામાં આવે છે. ત્યાં તો ભગવાન્ કહીને (એ) જગદ્રૂપ હોવાનું કહેલું. [૯](ભગવાન્) આધાર તરીકે જણાવવામાં આવે છે. એ રીતે જે ભગવાનના અમૂર્ત આધિદૈવિક અવયવો છે તે એ અમૂર્ત છન્દોનું સ્થાન છે, એમ ‘છન્દોનું’ (સાતધાતુઓ સ્થાન છે)’ શબ્દોથી કહેલ છે. ગાયત્રી, જગતી, ઉષ્ણિક્, ત્રિષ્ટુપ, અનુષ્ટુપ, પંક્તિ અને બૃહતી(નું સ્થાન) ત્વચા, માંસ, રુધિર, મેદ, મજ્જા, સ્નાયુ અને અસ્થિ દેવતારૂપ[૧૦] સાત ધાતુઓ છે. એવી રીતે ભગવાનના મુખ સાથે મુખ સમ્બન્ધી શબ્દ અને અર્થરૂપ સર્વ પદાર્થોનો સમ્બન્ધ કહીને, એમાં રસનેન્દ્રિય (જીભ) હોવાથી એના સમ્બન્ધવાળા (પદાર્થો)નો પણ એની સાથે સમ્બન્ધ ઉત્તરાર્ધથી કહે છે. હવ્ય દેવોનું અન્ન આ (લૌકિક) અન્નમાં જ મંત્રથી હવ્યનો આરોપ[૧૧] કરવામાં આવે છે, ત્યારે લૌકિક દૂધપાક વગેરે હવ્ય થાય છે. એ પ્રમાણે કવ્ય પિતૃઓનું અન્ન (થાય છે.) ‘અમૃત’ અતિથિ વગેરે માટેનું અન્ન, અથવા માગ્યા વિના પ્રાપ્ત થયેલું વ્રતનું કારણ બનેલ (અન્ન) ‘અન્ન’ બ્રાહ્મણે જમતાં વધેલું, અથવા પ્રાણ[૧૨] વગેરે દ્વારા જ્ઞાનમાં સાધનરૂપ (અન્ન.) એઓનું

(સ્થાન) ભગવાનની જીભ છે, અને હવ્ય વગેરે સર્વમાં રહેલા છ પ્રકારના રસોનું અને 'ચ' શબ્દ હોવાથી આપણી જીભ અને એના અધિષ્ઠાતા દેવનું સ્થાન (એ છે.) આથી એવો નિર્ણય (થાય છે) કે દ્રવ્ય વગેરેથી જુદા રસોનું ભગવાનની જીભ સ્થાન નથી. 'સર્વ' શબ્દ યોજેલ હોવાથી (ભગવાનની જીભ એ જુદા રસોનું પણ સ્થાન છે) એમ બીજાઓ (કહે છે.) ૧

૧.'ચ' અને શબ્દથી છાન્દોગ્ય, સૌબલ, મુંડક વગેરે ઉપનિષદોમાં પણ એવો નિર્ણય હોવાનું જણાવેલ છે.(પ્ર)

૨.ભગવાનના સ્વરૂપમાં એ રહેલા છે, એવો સમ્બન્ધ. મૂર્ત એટલે અનિત્ય અને હદવાળા પદાર્થ, અમૂર્ત એટલે નિત્ય અને હદવાળા પદાર્થ.(પ્ર)

૩.'સાધન' એટલે અધિકારીનું સ્વરૂપ.(પ્ર) ૪.'ફલ' એટલે ચાર પ્રકારના સુખ.(પ્ર)

૫.'માહાત્મ્ય' સર્વ વિરુદ્ધ ધર્મોવાળા હોવાપણું.(પ્ર)

૬.સમ્બન્ધ, સાધન, ફલ અને માહાત્મ્ય એ ચાર.(પ્ર)

૭.'પહેલા' ૨-૫-૩૭ શ્લોકમાં.(પ્ર) ૮.૨-૬-૧૨ થી સાડાત્રણ શ્લોકથી.(પ્ર)

૯.૨-૫-૪૧ માં કહેલું.(પ્ર) ૧૦.આપણા (જીવો) વગેરેની સાત ધાતુના દેવતારૂપ.(પ્ર)

૧૧.આરોપ આહ્વાન કરીને કરવામાં આવે છે.(પ્ર)

૧૨.'તેથી અન્ન આપતાં આ સર્વ આપે છે' શ્રુતિ પ્રમાણે અન્નથી પ્રાણ થાય, અને તેથી જ્ઞાન થાય.(પ્ર)

**સર્વાસૂનાં ચ વાયોશ્ચ તન્નાસે પરમાયને ।**
**અશ્વિનોરોષધીનાં ચ ઘ્રાણે મોદપ્રમોદયોઃ ।।૨।।**

સર્વના પ્રાણોનું અને વાયુનું ઉત્તમ સ્થાન એમના નસકોરાં છે, અને અશ્વિનીકુમારો અને ઓષધિઓનું (અને) મોદ અને પ્રમોદનું સ્થાન ઘ્રાણો (નાક) છે. ૨

એ પ્રમાણે આપણે વગેરે સર્વના પ્રાણો અને એના અધિષ્ઠાતા વાયુના અને 'ચ' શબ્દ હોવાથી નાકના સમ્બન્ધી સર્વના 'નાસે' આધિદૈવિક નસકોરાં (સ્થાન) છે. 'પરમત્વમ્' ઉત્તમપણું આધિદૈવિકપણું જ છે. 'અયનં' સ્થાન. બે નસકોરાં સર્વના સ્થાન છે. એમાં નાક ઈંદ્રિય તો અશ્વિનો વગેરેનું સ્થાન છે, અને ચોખા વગેરે પ્રકારની ઓષધિઓનું સ્થાન છે. 'તેથી અંદર વાસ હોવાથી પ્રાણ છે' શ્રુતિ પ્રમાણે ઓષધિઓ ઘાસ સમાન હોવાથી ભગવાનના નાક (એમનું સ્થાન છે.) 'ઘ્રાણં' નાક એમ કહેવા યોગ્યમાં, આધ્યાત્મિક (નાક)ને પણ અંદર મૂકી 'ઘ્રાણે' એમ (દ્વિવચન) કહેલ છે, મોદ અને પ્રમોદ અમુક પ્રકારની સુગંધો છે. દૂરથી જે સુગંધ આવે તે મોદ; સર્વ ગંધોથી ઉત્તમ ગંધ તે પ્રમોદ. ૨

**રૂપાણાં તેજસાં ચક્ષુર્દિવઃ સૂર્યસ્ય ચાઽક્ષિણી ।**
**કર્ણૌ દિશાં ચ તીર્થાનાં શ્રોત્રમાકાશશબ્દયોઃ ।।૩।।**

રૂપો અને તેજોનો (આધાર) ચક્ષુ, સ્વર્ગ અને સૂર્યનો બે નયનો, દિશાઓ અને તીર્થોનો બે કાનો, આકાશ અને શબ્દનો (આધાર) શ્રોત્ર છે.૩

અનેક પ્રકારના રૂપો (અને) નક્ષત્ર વગેરે તેજોનો (આધાર) ભગવાનનું ગોલકરૂપ ચક્ષુ છે. 'દિવઃ' સ્વર્ગનો અને સૂર્યનો, 'ચ' શબ્દ હોવાથી એમના સમ્બન્ધીઓનો (આધાર) બે નયનો છે. 'અક્ષિણી' ઉપર પ્રમાણે જાણવું અથવા ગોલકના ભેદથી ઇંદ્રિયના અંશનો ભેદ (જાણવો.) ગોલકરૂપ કાનો 'દિશાં' આપણા વગેરેની શ્રોત્ર ઇંદ્રિયના દેવતાઓ (અને) ગંગા વગેરે તીર્થોનું સ્થાન બે કાનો છે એવો અર્થ છે. શ્રોત્ર ઇંદ્રિય આકાશ અને શબ્દનું (સ્થાન છે) કાનના છિદ્રની હદવાળા આકાશમાં ઉત્પન્ન થયેલ શબ્દો શ્રોત્રથી ગ્રહણ થતાં હોવાથી વિષય (શબ્દ) અને એના આધાર (આકાશ)નું સ્થાન ભગવાનની ઇંદ્રિય (શ્રોત્ર) છે.૩

**તદ્‌ગાત્રં વસ્તુસારાણાં સૌભાગસ્ય ચ ભાજનમ્ ।**
**ત્વગસ્ય સ્પર્શવાયોશ્ચ સર્વમેધસ્ય ચૈવ હિ ।।૪।।**

ઉત્તમ વસ્તુઓનું અને સૌન્દર્યનું ભાજન એમનું શરીર છે, આમની ત્વચા સ્પર્શ અને વાયુનું અને વળી સર્વ પવિત્રપણાનું સ્થાન છે.૪

વસ્તુઓમાં સુવર્ણ વગેરે જે સારરૂપ છે, અથવા દેવતાના ઉત્તમ અર્થરૂપ ઉત્તમ પ્રકારની છે એમનું અને 'સૌભગસ્ય' સૌન્દર્યનું, અને એમના બીજા સમ્બન્ધવાળાનું (સ્થાન) ભગવાનનું 'ગાત્રં' શરીર છે. 'ભાજન' શબ્દથી (એમ જણાવ્યું છે કે એ) સદા વ્યવહારદશામાં પણ સ્થાનરૂપ છે. આ ભગવાનની ત્વચા સ્પર્શ વગેરેનું સ્થાન છે. 'મેધસ્ય' (એટલે) પવિત્રપણાનું. બધાઓનું પવિત્રપણું ભગવાનની ત્વચા ઇંદ્રિયમાં છે, કારણકે લોકમાં જલથી શુદ્ધિ થાય છે, તે અહીં ભગવાનના પરસેવારૂપ છે. તેથી 'ચેવ હિ' શબ્દોથી એમ (કહેલું છે કે ભગવાનની ત્વચા પવિત્રપણાનું સ્થાન હોવામાં) સંદેહ ન કરવો. 'ચ' શબ્દથી પવિત્રપણાના આશ્રયો (પવિત્ર પદાર્થો)નો સમાવેશ કરેલ છે અને 'એવ' શબ્દથી ત્વચા જ સ્થાન છે, બીજું નથી એમ (કહેલ છે.) 'હિ' શબ્દથી (આ) યોગ્ય હોવાનું (કહેલ છે.)૪

**લોમાન્યુદ્‌ભિજ્જજાતીનાં યૈર્વા યજ્ઞઃ સુસમ્ભૃતઃ ।**
**કેશશ્મશ્રુનખાન્યસ્ય શિલાલોહાભ્રવિદ્યુતામ્ ।**

**બાહવો લોકપાલાનાં પ્રાયશઃ ક્ષેમકર્મણામ્ ।।૫।।**

વૃક્ષજાતિઓનું અથવા જેમનાથી યજ્ઞ સારી રીતે સજ્જ થાય છે તેમનું સ્થાન રુવાડાં છે. આમના કેશ દાઢી અને નખો શિલા લોઢું વાદળા અને વીજળીનું સ્થાન છે. બાહુઓ લોકનું પાલન કરનારાઓનું, ઘણા ભાગે ધર્મ કરનારાઓનું સ્થાન છે.૫

એ (ભગવાનના દેહ)માં રુવાડાં છે તે અંકુરોમાંથી ઉત્પન્ન થયેલાઓના સ્થાનો છે 'ઉદ્‌ભિજ્જજાતિ' ફૂટે તે 'ઉદ્‌ભિદ્' અંકુર વગેરે, તેમાંથી ઉત્પન્ન થયેલા ઉદ્‌ભિજ્જો વૃક્ષો વગેરે, તેઓની જાતિઓ[1] (એટલે) ઘાવડો ખીજડો વગેરે પેટા ભેદો, સર્વ વૃક્ષો એવો અર્થ છે. અથવા 'જેમનાથી (યજ્ઞ સારી રીતે સજ્જ થાય છે)' શબ્દોથી એમ કહેલ છે કે બહેડાં વગેરે જે પાપવૃક્ષો છે તેઓનું એ સ્થાન નથી. ખાખરો વગેરે જેમનાથી યજ્ઞ 'સંભૃતઃ' થાય છે અથવા પીપળો વગેરે જે (યજ્ઞની) જરૂરી સામગ્રી છે તેઓ (ભગવાનના રુવાડાં છે.) ભગવાનના કેશ દાઢી અને નખો શિલા, લોઢું, વાદળા અને વીજળીના સ્થાન છે એ પૈકી શિલાઓ અને લોઢાનું સ્થાન નખો છે, વાદળાઓનું કેશો (અને) વીજળીઓનું સ્થાન દાઢી છે, કારણકે (ભગવાન્) સુવર્ણની દાઢીવાળા છે. ભગવાનન ઇંદ્રિયરૂપ બાહુઓ પાલન કરનારા ઇંદ્ર વગેરે દેવો છે, તેઓના સ્થાનો છે. બીજા ધર્મ કરનારાઓનું પણ સ્થાન ભગવાનના બાહુઓ છે, કારણકે 'સાતથી પૃથ્વી ધારણ કરાયેલી છે' એ વાક્ય પ્રમાણે એઓ જગતનું રક્ષણ કરનારા છે. સકામ ધર્મ કરનારાઓનો આમાં સમાવેશ નથી એમ જણાવવા 'ઘણા ભાગે' એમ કહેલું છે.૫

૧. 'જાતિ' શબ્દ વ્યવહારના આધારે યોજેલ છે.(પ્ર)

**વિક્રમો ભૂર્ભુવઃ સ્વશ્ચ ક્ષેમસ્ય શરણસ્ય ચ ।**
**સર્વકામવરસ્યાપિ હરેશ્ચરણ આસ્પદમ્ ।।૬।।**

વિક્રમ ભૂર્લોક ભુવર્લોક અને સ્વર્ગલોકનું ક્ષેમનું અને શરણનું (સ્થાન છે.) હરિનું ચરણ સર્વ કામનાઓનું અને વરનું પણ સ્થાન છે.૬

ભગવાનનું 'વિક્રમ' એટલે ચરણ મૂકવો તે ભૂર્લોક વગેરેનું સ્થાન છે. 'ભૂઃ' વગેરે અવયવો છે, તેથી છટ્ઠી વિભક્તિમાં પણ આ જ રૂપ રહે છે. લોકમાં પ્રાપ્ત કરેલાના પરિપાલનરૂપ ક્ષેમ પદાર્થનું અને આશરે આવેલના રક્ષણરૂપ શરણ પદાર્થનું, અને 'ચ' શબ્દ હોવાથી પ્રપત્તિ અને ભક્તિનું સ્થાન ભગવાનનું વિક્રમ છે. જોકે બે ચરણો જ સ્થાન છે, છતાં પણ એ ક્રિયા સાથેની હોવાથી 'વિક્રમ' કહેલ છે. 'સર્વકામવરસ્ય' સર્વ કામનાઓ, આશિષો અને દેવની પ્રસન્નતા જણાવનાર વરનું,

અને ‘અપિ’ ‘પણ’ શબ્દ હોવાથી અણિમા વગેરે (સિદ્ધિઓ)નું અને મોક્ષનું ‘આસ્પદમ્’ સ્થાન હરિનું ચરણ છે. ૬

**અપાં વીર્યસ્ય સર્ગસ્ય પર્જન્યસ્ય પ્રજાપતેઃ ।**
**પુંસઃ શિશ્ન ઉપસ્થસ્તુ પ્રજાત્યાનન્દનિર્વૃતેઃ ।।૭।।**

જલોનું, વીર્યનું, સૃષ્ટિનું, મેઘનું અને પ્રજાપતિનું (સ્થાન) પુરુષનું શિશ્ન છે. ઉપસ્થ તો પ્રજાતિથી થતા આનંદ અને (કામની) શાંતિનું (સ્થાન) છે.૭

‘અપામ્’ જલોનું, ‘વીર્યસ્ય’ વીર્યનું, ‘સર્ગસ્ય’ સૃષ્ટિનું, ‘પર્જન્યસ્ય’ મેઘનું, ‘પ્રજાપતેઃ’ એને (આ) કહેનાર બ્રહ્માનું સ્થાન ‘શિશ્ન’ છે. અત્યારે સૃષ્ટિમાં (બ્રહ્મા) રોકાયેલ ન હોવાથી ‘મારું’ એમ કહેલ નથી. શિશ્ન ગોલક છે ઉપસ્થ ઇંદ્રિય છે. ‘તુ’ ‘તો’ શબ્દ પહેલા કહેલને બાતલ કરવા અથવા લોકમાં પ્રસિદ્ધ (અર્થ)ને બાતલ કરવા યોજેલ છે. સંતાન ઉત્પન્ન કરવાથી થતો જે આનંદ, ઋતુકાલમાં પોતાની પત્ની સાથે સંભોગ કરવાથી થતો જે આનંદ અને કામનું સુખ બંનેનું (સ્થાન ઉપસ્થ છે.) અથવા ‘પ્રજાતિઃ’ વીર્યનું સિંચન, ‘આનંદઃ’ સ્પર્શના કારણથી થતું સુખ, ‘નિર્વૃતિઃ’ કામની શાંતિ. એ ત્રણનું સ્થાન ભગવાનની (ઉપસ્થ) ઇંદ્રિય છે. ૭

**પાયુર્યમસ્ય મિત્રસ્ય પરિમોક્ષસ્ય નારદ ।**
**હિંસાયા નિરૃત્તેર્મૃત્યોર્નિરયસ્ય ગુદઃ સ્મૃતઃ ।।૮।।**

હે નારદ ! યમ, મિત્ર અને પરિમોક્ષનું સ્થાન પાયુ છે. હિંસાનું, નિરૃતિનું, મૃત્યુનું અને નરકનું સ્થાન ગુદા મનાયેલું છે.૮

યમ વગેરેનું સ્થાન ભગવાનનું પાયુ છે. યમ પિતૃઓનો રાજા છે. મિત્ર પાયુનો અધિષ્ઠાતા દેવ છે. મલત્યાગરૂપ ક્રિયા સાથેની ઇંદ્રિય પરિમોક્ષનું (સ્થાન પાયુ છે.) ‘હે નારદ !’ એ સંબોધન એમ સૂચવવા કરેલું છે કે જે જે કજિયા કરનારા છે તેમનું પણ એ સ્થાન છે, અથવા નારદ હરીતકી(હરડે)ના પ્રકારનો છે જેમનામાં કજિયો થયેલ ન હોય, તેમનામાં કજિયો ઉત્પન્ન કરાવીને એ (હરડે) દ્વારા એમને (કજિયો કરતાં) અટકાવનાર છે, ‘હિંસાયાઃ’ પ્રાણીઓના વધનું, દિશાના પતિરૂપ નિરૃતિનું, મારનાર મૃત્યુનું, ‘નિરયસ્ય’ નરકનું સ્થાન ભગવાનની ગુદા છે. ખરાબ (વસ્તુઓ)નું એ સ્થાન હોવાનું કહેતાં ભય પામેલો થતાં ‘મનાયેલું છે’ એમ કહે છે, કારણકે એમ મનાય છે. પાયુ અને ગુદા (અનુક્રમે) ગોલક અને ઇંદ્રિયના પ્રકારના છે.૮

**પરાભૂતેરધર્મસ્ય તમસશ્ચાપિ પશ્ચિમઃ ।**
**નાડ્યો નદનદીનાં ચ ગોત્રાળામસ્થિસંહતિઃ ।।૯।।**

પરાજયનું અધર્મનું અને અંધકારનું પણ પૂંઠનો ભાગ, અને નદ અને નદીઓનું નાડીઓ અને પર્વતોનું અસ્થિઓનો સમૂહ (સ્થાન છે.)૯

'પરાભૂતઃ' પરાજયનું, 'અધર્મસ્ય' પાપનું, 'તમસઃ' અજ્ઞાનનું અથવા અંધકારનું 'પશ્ચિમઃ' પૂંઠનો ભાગ આશ્રય છે. 'ચ' અને શબ્દ હોવાથી સંસારનો પણ (પૂંઠનો ભાગ આશ્રય છે) ભગવાનની નાડીઓ નદ અને નદીઓનો આધાર છે. શોણભદ્ર વગેરે નદો, યમુના વગેરે નદીઓ છે. 'ગોત્રાણામ્' પર્વતોનો 'અસ્થિસંહતિઃ' અસ્થિઓનો સમૂહ આશ્રય છે.૯

**અવ્યક્તરસસિન્ધૂનાં ભૂતાનાં નિધનસ્ય ચ ।**
**ઉદરં વિદિતં પુંસો હૃદયં મનસઃ પદમ્ ।।૧૦।।**

પ્રકૃતિ અને રસના સમુદ્રોનું, મહાભૂતોનું અને મૃત્યુનું (સ્થાન) પુરુષનું ઉદર (અને) મનનું સ્થાન હૃદય જણાવેલ છે.૧૦

'અવ્યક્તમ્' પ્રકૃતિ અને 'રસસિન્ધૂનામ્' ખારા (જલના) વગેરે સમુદ્રોનું, 'ભૂતાનામ્' પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોનું અને આપણ વગેરે (પ્રાણીઓ)નું, 'નિધનસ્ય' પ્રલયમાં પ્રવેશનું (અને) 'ચ' શબ્દ હોવાથી પ્રલયોનું સ્થાન ભગવાનનું ઉદર છે. 'જણાયેલું' શબ્દથી એમ હોવાનું પ્રમાણ (કહેલું છે.) પુરુષનું ઉદર, એવો સમ્બન્ધ છે. આગળ પણ આપણ વગેરેના મનનું સ્થાન ભગવાનનું હૃદય છે.૧૦

**ધર્મસ્ય મમ તુભ્યં ચ કુમારાણાં ભવસ્ય ચ ।**
**વિજ્ઞાનસ્ય ચ તત્વસ્ય પરમાત્મા પરાયણમ્ ।।૧૧।।**

ધર્મનું મારું અને તારું, કુમારોનું અને મહાદેવનું વિજ્ઞાનનું અને તત્વનું સ્થાન ભગવાનનું અન્તઃકરણ છે.૧૧

બ્રહ્માના સ્તનમાંથી ઉત્પન્ન થયેલ ધર્મનું, મારું એટલે આ કહેનાર ચાર મુખવાળાનું 'તુભ્યમ્' તારું અથવા તારું પ્રયોજન જે ભક્તિ ઉત્પન્ન કરનારું રૂપ તેનું, સનક વગેરે કુમારોનું, 'ભવસ્ય' મહાદેવનું અને 'ચ' શબ્દ હોવાથી શુક વગેરે જ્ઞાનીઓનું, વિજ્ઞાનનું, 'તત્વસ્ય' મહત્તત્વનું અને 'ચ' શબ્દ હોવાથી સૂત્રનું,[૧] 'પરાયણમ્' સ્થાન 'પરમાત્મા' પરમનું (ભગવાનનું) 'આત્મા' અન્તઃકરણ છે, એવો અર્થ છે.૧૧

૧.સૂત્ર એટલે જનોઇ, અથવા થોડા શબ્દમાં ઘણો અર્થ સમાવનારા શબ્દો, જેમકે બ્રહ્મસૂત્ર વગેરે.

એ પ્રમાણે [1]સર્વ હદવાળા (પદાર્થો)ની ઉત્પત્તિ કહીને, જે પ્રયોજનથી આ કહ્યું તે નીચેના શ્લોકથી આરંભી સાડા ત્રણ શ્લોકોથી કહે છે :

**અહં ભવાન્ ભવશ્ચૈવ ય ઈમે મુનયોઽગ્રજાઃ ।**
**સુરાસુરનગા નાગાઃ ખગા મૃગસરીસૃપાઃ ॥૧૨॥**

હું, તું અને મહાદેવ જ, આ જે મુનિઓ, મોટા ભાઈઓ, દેવો અસુરો, પર્વતો નાગો, પક્ષીઓ, જનાવરો, સર્પો. ૧૨

બ્રહ્મા વગેરે બધા ભગવાન્ સ્વરૂપના છે. (બધાનો) સમૂહ ભગવાન્ છે. બીજાઓએ દરેક ભગવાન્ હોવાનું કહે છે. અહીંથી ફલ[2] કહેવા માટે, અધિકારી અને સ્થાન કરતાં પુરુષસૂક્તમાં એ કહેલું હોવાથી એ પ્રકારથી જ નિરુપણ કરે છે. 'પુરુષ જ આ સર્વ છે' એ વાક્યમાં 'આ' (જે કહ્યું) તે ત્રણ ગુણોનું કાર્ય (અહીંથી આરંભી) ત્રણ શ્લોકોથી કહે છે. એમાં હું બ્રહ્મા. તું નારદ, 'ભવઃ' મહાદેવ, 'ચ' શબ્દ હોવાથી (એમના) સમ્બન્ધીઓ. 'જ' શબ્દથી એઓ (ભગવાનના સ્વરૂપના હોવામાં) સંદેહ ન હોવાનું કહ્યું. (એમના) વિશેષ રૂપથી પણ એ ભગવાનો છે, એવો અર્થ છે. 'આજે' મરીચિ વગેરે (અને) બીજા પણ મુનિઓ, તારા 'અગ્રજાઃ' સનક વગેરે તારા મોટા ભાઈઓ, આ (બધા) શુદ્ધ સત્વના કાર્ય છે. દેવો મિશ્ર સત્વના કાર્યો. અસુરો રજોગુણના મિશ્ર કાર્યો, પર્વતો વગેરે તમોગુણના મિશ્ર કાર્યો, 'નગાઃ' પર્વતો, 'ખગાઃ' પક્ષીઓ, હરણો વગેરે જનાવરો, 'સરીસૃપાઃ' સર્પો, આ (બધા) શુદ્ધ તામસ છે.૧૨

૧.'જેમાં સ્થિતિવાળું જગત્ છે' (૨-૫-૨) એ પ્રશ્નના ઉત્તરમાં આ અધ્યાયના પહેલા નવ શ્લોકોથી. બધા નિત્ય અને હદવાળા પદાર્થો(જીવો)ની સમાગમરૂપ ઉત્પત્તિ કહી. પછી ૨-૫-૨ માંના 'અને જે છે' એ (પ્રશ્ન ૮)નો ઉત્તર આપવા માટે આ બધાને ભગવાનના દેહના કયા ભાગનો આશ્રય છે એમ જે વિભાગ કહ્યો તેનો ઉત્તર આપે છે, એવો અર્થ છે. (પ્ર)
૨.ત્રણ પ્રકારનું ફલ કહેવા માટે.(પ્ર)

**ગંધર્વાપ્સરસો યક્ષા રક્ષોભૂતગણોરગાઃ ।**
**પશવઃ પિતરઃ સિદ્ધા વિદ્યાધ્રાશ્ચારણા દ્રુમાઃ ॥૧૩॥**

ગંધર્વો અને અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતોના સમૂહો, ઉરગો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો વૃક્ષો...૧૩

ગંધર્વો અને અપ્સરાઓ રજોમિશ્ર છે, યક્ષો રાક્ષસો વગેરે તમોમિશ્ર છે, ઉરગો

એટલે જાતિસર્પો, પશુઓ વગેરે સત્વમિશ્ર છે. ગાય વગેરે પશુઓ છે. સિદ્ધ વગેરે ત્રણ અંતરિક્ષમાં[1] રહેનાર સત્વગુણના પ્રધાનપણાવાળા છે. વૃક્ષો માત્ર તામસ છે.૧૩

૧.આથી એમ જણાવેલ છે કે આ પહેલા કહેલા દિવ્ય તેવા (અંતરિક્ષમાં રહેનારા) છે.(પ્ર)

નીચેના શ્લોકમાં તામસ (જીવો) કહે છે :

**અન્યે ચ વિવિધા જીવા જલસ્થલનભૌકસઃ ।**
**ગ્રહર્ક્ષકેતવસ્તારાસ્તડિતઃ સ્તનયિત્નવઃ ॥૧૪॥**

અને બીજા જલ સ્થલ અને આકાશમાં રહેનારા જાતજાતના જીવો, ગ્રહો, નક્ષત્રો, કેતુઓ, તારાઓ, વીજળીઓ, મેઘો...૧૪

માછલાઓ વગેરે જાતજાતના જલમાં સ્થલમાં અને આકાશમાં રહેનારા જીવો, બુધ વગેરે ગ્રહો, અશ્વિની વગેરે નક્ષત્રો, ધૂમ્રકેતુ વગેરે કેતુઓ, તારાઓ (એટલે) બીજા નક્ષત્રો, 'તડિતઃ' વીજળીઓ, ગર્જના કરતા મેઘો...૧૪

બધાને નામથી કહી, એઓ 'પુરુષ' હોવાનું નીચેના અર્ધ શ્લોકમાં કહે છે :

**સર્વં પુરુષ એવેદં ભૂતં ભવ્યં ભવચ્ચ યત્ ।**

આ સર્વ, થઈ ગયેલું, થનારું અને જે છે તે (સર્વ) પુરુષ જ છે.

પહેલા કહેલું તે જણાવ્યું તે સર્વ પુરુષ જ છે. આ જડરૂપ જોવામાં આવે છે તે પણ સર્વ પુરુષ જ છે. ત્રણ કાલને અધીન (પદાર્થ)માં પુરુષપણાની સ્થિતિ હોવાની શંકા કરીને 'થઈ ગયેલું, થનારું અને જે છે તે' એમ કહેલું છે. 'ચ' શબ્દથી એ (ત્રણ કાલ)માં ઉત્પન્ન થયેલાઓનો પણ સમાવેશ કરેલ છે. 'યદ્' 'જે' શબ્દથી પ્રસિદ્ધ (હોવાનું કહેલ છે) તેથી શ્રુતિથી સાબિત થયેલ હોવાથી આમાં તર્ક કહેવા યોગ્ય નથી, એવો અર્થ છે. આથી[1] ''આ સર્વ પુરુષ જ છે'' એ અડધી ૠચાનો અર્થ કહ્યો.

**તેનેદમાવૃતં વિશ્વં વિતસ્તિમધિતિષ્ઠતિ ॥૧૫॥**

એણે આ વિશ્વ ભરી દીધેલું છે (અને) વેંત જેટલા વધારે છે.૧૫

ભગવાન્ માત્ર વિશ્વ હોય તો તેથી હદ હોવાનો સંભવ થવાથી, (એ) હદવાળા રહેતા નથી એવી શંકા થાય, તેથી આ ઉત્તરાર્ધ કહેલ છે. વિશ્વ હદવાળા, ભગવાનને ફરી વળતું નથી, પરંતુ હદવાળા વિશ્વને જ એ ફરી વળ્યા છે. 'વેંત જેટલા વધારે છે' શબ્દોથી જાતિ પેઠે ફરી વળેલ નથી (એમ જણાવ્યું,) કારણકે જાતિ એટલામાં જ[2] રહેલી તેને ફરી વળે છે. આ (પુરુષ) તો વેંત વધારે છે. 'દશ આંગળ વધારે છે' એમ સૂક્ત (ૠગ્વેદ ૧૦-૯૦)માં (વધારેના) દશ આંગળ કહેલ છે. વેંત તો બાર

આંગળની છે, છતાં પણ નાની આંગળીઓના માપથી એ (બાર આગળ હોવાનું) ઘટે છે, અથવા વેંત દશ આંગળની ગણવી, કારણકે અંગૂઠો અને દેશિની વચ્ચે એટલું જ અંતર છે. આથી [3](એમ જણાવ્યું કે) બંને પ્રકારના ધ્યાનમાં ભગવાન્ પૂરા જણાય છે, તેથી [4]વિશ્વરૂપ ભગવાન્ સ્થૂલ છે અને વેંત જેટલા વધારે છે, અને પ્રમાણથી પણ સરખા થાય. આઠ વેંત જેટલો પુરુષ છે. તેથી સર્વ તરફ વિતસ્તિ(વેંત)રૂપ પુરુષ આઠ વિતસ્તિ(વેંત)રૂપ પણ થાય અને અધિક પણ થાય. તેથી જેટલા ભગવાન્ તેટલું સર્વ, અને (ભગવાન્ એનાથી) એટલા અધિક, તેથી પણ અધિક છે, તેથી[5] ભગવાનની હદ (હોવાનું) સંભવતું નથી. વળી આ માત્ર [7]વેંતમાં રહેતા નથી, પરંતુ એનાથી પણ અધિક રહેલા છે. તેથી હદ હોવાનું જરાયે સંભવતું નથી. ૧૫

૧.'આથી' એટલે શ્લો ૧૨ થી ૧૪ સુધીના સાડાત્રણ શ્લોકોથી.(પ્ર)

૨.આ બીજાઓને જણાવવા કહેલ છે, સિદ્ધાન્તમાં જાતિ જુદો પદાર્થ ગણેલ નથી.(પ્ર)

૩.'આથી' વિશ્વરૂપ અને એનાથી અધિક હોવાનું કહેલ હોવાથી.(પ્ર)

૪.'તેથી' એટલે બંને રૂપવાળા હોવાથી અને વિરુદ્ધ સર્વ ધર્મવાળા હોવાથી.(પ્ર)

૫.'તેથી' એટલે શબ્દના બલથી.(પ્ર)

૬.શ્રુતિમાં દશ આંગળ વધારે હોવાનું કહ્યું, એ સ્થિતિનો પ્રકાર જણાવવા કહેલ છે, પરંતુ એનાથી વધારે ન હોવાનું જણાવવા કહેલ નથી, એવો અર્થ છે.(પ્ર)

૭.'એ આ વાસુદેવ જ અહીં સાક્ષાત્ પુરુષ કહેવાય છે. બીજું સર્વ જગત્ મહાપુઃસર સ્ત્રી જેવું છે' એ નૃસિંહ પુરાણના વાક્ય પ્રમાણે ભગવાન્ જ પુરુષ છે, તેથી પ્રાકૃત હોવાથી વિરાટ્ પણ સ્ત્રી જેવું છે.

ત્યાં (એક સ્થળે) રહેલ તેથી પણ અધિક (સ્થળોમાં) વ્યાપી રહે છે એનું દૃષ્ટાંત નીચે શ્લોકમાં કહે છે :

**સ્વધિષ્ણ્યં પ્રતપન્પ્રાણો બહિશ્ચ પ્રતપત્યસૌ ।**
**એવં વિરાજં પ્રતપંસ્તપત્યન્તર્બહિઃ પુમાન્ ।।૧૬।।**

પોતાના સ્થાનને તપાવતો એ પ્રાણ બહાર પણ તપાવે છે. એવી રીતે વિરાટને તપાવતા પુરુષો અંદર અને બહાર તપાવે છે.૧૬

જેમ 'પ્રાણ' સૂર્ય 'સ્વધિષ્ણ્યમ્' પોતાના મંડલને તપાવતાં બહાર પણ સંપૂર્ણ બ્રહ્માંડને તપાવે છે, અથવા આસન્ય પ્રાણ પોતાના સ્થાન શરીરને તપાવતાં (એટલે) જીવવાળું કરતાં બહાર પણ ફૂંક મારીને અને શ્વાસ બહાર કાઢીને તપાવે છે, કાષ્ઠ વગેરેને સળગતાં કરે છે, એવી રીતે પુરુષ પણ વિરાટને તપાવતાં એની

બહાર પણ તપાવે છે. પ્રાણ વગેરે મધ્ય (ભાગ)ને પ્રકાશિત કરતા નથી, કારણકે (શરીર) ઘટ હોવાથી એમાં પોલાણ ન હોવાથી, એ મંડલ (શરીર)ની અંદરના ભાગને પ્રકાશિત કરતો નથી. આ (પુરુષ) બ્રહ્માંડની મધ્યમાં પણ પ્રકાશ કરે છે, એ 'અંદર' શબ્દથી કહેલું છે. પુરુષ સ્ત્રીનો નક્કી સર્વ તરફથી પ્રકાશ કરે છે.૧૬

એ પ્રમાણે (પુરુષ) હદ વગરના અને પોતે જ પ્રકાશતા હોવાનું કહીને એનાથી બ્રહ્મપણું સિદ્ધ કરીને, એ પ્રપંચનું અને મોક્ષનું ફલ આપનાર છે એમ સિદ્ધ કરવા, બંનેના સ્વામી હોવાનું નીચેના શ્લોકમાં કહે છે :

**સોઽમૃતસ્યાઽભયસ્યેશો મર્ત્યમન્નં યદત્યગાત્ ।**
**મહિમૈષ તતો બ્રહ્મન્ પુરુષસ્ય દુરત્યયઃ ।।૧૭।।**

એ મર્ત્ય (અને) અન્નને ઓળંગી ગયેલ છે તેથી અમૃત અને અભયના ઈશ્વર છે, હે બ્રહ્મન્ ! પુરુષનો આ મહિમા અગાધ છે.૧૭

કારણકે એ પુરુષ 'અમૃતસ્ય' નિત્યના સુખના, અને 'અભયસ્ય' મોક્ષસુખના 'ઈશઃ' સ્વામી [1]છે, બંને આપવાની શક્તિવાળા છે, એવો અર્થ છે, 'મર્ત્ય અને અન્નને ઓળંગી ગયેલ છે' શબ્દોથી બંને આપવાની શક્તિ કહેલી છે. 'મર્ત્યમ્' ચરણરૂપ વિરાટ્ શરીર 'યદ્' જે કારણથી 'અત્યગાત્' ઓળંગીને રહેલ છે, તેથી અમૃત આપવાની શક્તિવાળા છે. 'અન્નમ્' ખવાય છે તે અને પ્રાણીઓને ખાય છે તે મૃત્યુ અથવા કર્મના ફલ; જે કારણથી (એને) ઓળંગીને રહેલ છે તેથી અભયના ઈશ્વર છે. આથી 'અમૃતપણાના ધણી છે' એ અડધી ઋચાનો અર્થ કહ્યો. એ ઋચામાં 'અન્નથી તિરોહિત થતા નથી' એમ અન્નના કારણથી તિરોહિત થતા નથી એમ કહેલું છે, કારણકે બધા મૃત્યુથી અથવા કર્મથી તિરોહિત થાય છે, પરંતુ આ એવા નથી.

'જે સર્વ છે તે સર્વથી જુદા નથી, અને જે અસર્વ અથવા જે સર્વથી જુદા છે તે સર્વ નથી. પ્રપંચની ઉપર હદ ન બંધાવનારું નથી. એમ હોય [2]તો નિજ આનંદના સ્વામી ન થાય. તેથી [3]વિરોધ ન હોવાના પ્રકારથી સમર્થન ન ઘટતું ન હોવાથી, પરસ્પર વિરુદ્ધ ગુણોના આશ્રય તરીકે અભેદ રહે નહિ' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. તેથી બંને વિરુદ્ધ ગુણોના આધાર હોવાથી ભગવાનનો મહિમા છે, કારણકે વિરુદ્ધ ગુણો પોતાના આશ્રયમાં જુદાઈ કરી શકતા નથી, કારણકે એક જ આશ્રયમાં બંને ઉત્પન્ન થયેલા છે, પરંતુ ગુણોનો પરસ્પર વિરોધ લોકની [4]પેઠે (ભગવાનમાં) કાર્ય કરવા અશક્ત થઈ પોતાના આશ્રયનો મહિમા જણાવે છે. સર્વ સ્થળે શક્તિવાળો (વિરોધ,) ત્યાં (ભગવા) અશક્ત થાય ત્યારે એ (ભગવાનમાં)

કોઈક માહાત્મ્ય છે, જેનાથી અટકાવાયેલો (વિરોધ) પોતાનું કાર્ય કરવાની શક્તિવાળો નથી, એમ સાબિત થાય છે. તેથી આ વિરુદ્ધ ધર્મોના આશ્રય હોવું એ જ માહાત્મ્ય છે. વિરુદ્ધ ગુણોના આશ્રય હોવાપણાનો ગુણ જે બીજા કોઈમાં પ્રાપ્ત થયેલ નથી તે, કાર્ય કરનારો ક્યાં ક્યાં [૫]થયેલ નથી, તેથી અને (એ) ગુણની સમાન અથવા તેથી ઊંચો (કોઈ ગુણ) ન હોવાથી, [૬]એ માહાત્મ્યને અટકાવનાર થવા યોગ્ય નથી. અને (એ ગુણોમાં) વિરોધ ન હોવાનું પણ નથી. કારણકે બધા વાક્યો એનાથી વિરુદ્ધ છે. તેથી વિરુદ્ધ ગુણોના આશ્રય હોવું એ જ માહાત્મ્ય છે, કારણકે (એ) અલૌકિક છે, અને એ માહાત્મ્ય 'દુરત્યય' બુદ્ધિથી અથવા કાર્યથી કોઈથી પણ ઉલ્લંઘન થઈ શકે તેવું નથી. (વિરુદ્ધ ગુણોમાં) વિરોધ ન હોવાનું, અથવા એક ગુણનો કાઢી નાખવાને અથવા દેશ અને કાલના ભેદથી વ્યવસ્થા કરવાને [૬]કોઈપણ શક્તિવાળો નથી, કારણકે લોકમાં બંને (ગુણો)ના કાર્ય [૭]જોવામાં આવે છે. ભગવાનનું માહાત્મ્ય જણાવવા માટે 'હે બ્રહ્મન્ !' એવું સંબોધન કરેલું છે. સૂક્તમાં તો માહાત્મ્યનું આટલાપણું (કદ)નું એનાથી પુરુષનું માહાત્મ્ય કહેલું છે, કારણકે મહાન્ હોવાથી માહાત્મ્ય ઘણું જ થાય છે. એ જ અગાધપણાનો અર્થ છે.૧૭

૧.આથી જેના પ્રયોજનવાળું છે તે ૨-૫-૨માંના સાતમા પ્રશ્નોનો ઉત્તર કહ્યો.(પ્ર)

૨.'એમ હોય તો' એટલે પ્રપંચના સ્વરૂપથી ઉપરના ભાગની હદ બંધાતી હોય તો.(પ્ર)

૩.'તેથી' એટલે પ્રપંચની અપેક્ષાથી ઉપરના પોતાના આનંદના સ્વામી કહેલ હોવાથી.(પ્ર)

૪.લોકની પેઠે આશ્રયના ભેદથી.(પ્ર) લોકમાં વિરુદ્ધ ગુણો એક પદાર્થમાં રહી શકતા નથી, એવું કાર્ય ભગવાનમાં કરી શકતા નથી, એવો અર્થ જણાય છે.

૫.લોકમાં પોતાના પરસ્પર વિરુદ્ધ કાર્ય કરી શકતો નથી તેથી.

૬.જેમ કમલની કળી મૂળમાં મોટી અને છેડે નાની હોય છે, જેમ ચંદ્રની ચાંદની ઉપર ઝાઝી અને નીચે થોડી હોય છે, તેમ વિરુદ્ધ ધર્મોના આશ્રય હોવાપણું જગતના પદાર્થોમાં થોડું, ઉપર એનાથી વધારે અને એની ઉપર એનાથી પણ વધારે હોય છે. તેથી નીચેના ભાગમાં ગુણ વિરુદ્ધ ન હોવાથી માહાત્મ્ય થતું નથી એવો અર્થ છે. (પ્ર) આ દેશના ભેદથી એક પદાર્થમાં વિરુદ્ધ ગુણ હોવાનું કહ્યું. ભગવાનમાં એવું ન હોવાનું નીચે કહે છે. તેથી આ ઘટતું ન લાગવાથી બીજા પ્રકારે અર્થ કરેલ છે.

૭.જ્ઞાનના વિષય સર્વરૂપવાળા હોવાપણું અને ધ્યાનથી ફલ પ્રાપ્તિરૂપ જુદા પ્રકારવાળા કાર્યનો સર્વને અનુભવ થતો હોવાથી.(પ્ર) ભગવાનના બંને વિરુદ્ધ ગુણોના કાર્ય લોકમાં જોવામાં આવે છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાન્ હદ વિનાના હોવાનું કહી (એમનું) માહાત્મ્ય જણાવીને (એ) બંને ફલના સ્વામી હોવાનું કહ્યું. લોકમાં એ પ્રકટ કરવામાં ન આવે તો એ વ્યર્થ થાય, તેથી એ પ્રકટ કરવા માટે નીચેના શ્લોકમાં પુરુષોનો ભેદ જણાવે છે :

**પાદેષુ સર્વભૂતાનિ પુંસઃ સ્થિતિપદો વિદુઃ ।**
**અમૃતં ક્ષેમમભયં ત્રિમૂર્ધ્નોઽધાયિ મૂર્દ્ધસુ ।।૧૮।।**

લોકો જેમના ચરણ છે તેવા પુરુષના ચરણોમાં સર્વ પ્રાણીઓ હોવાનો અનુભવ કરે છે. ત્રણ મસ્તકવાળાના મસ્તકોમાં અમૃત ક્ષેમ અને અભય રાખેલા છે.૧૮

'પાદેષુ' ભૂર્ વગેરે લોકોમાં સર્વ પ્રાણીઓ છે, એવો અર્થ છે, આથી એમ સૂચવેલું છે કે સ્થાનના ભેદથી ફલભેદ થશે. 'સર્વ અવયવોમાં લોક હોવાનું કહેલું હોવાથી, ચરણોમાં જ બધા લોક હોવાનું કેમ (કહો છો)?' એવી શંકા થાય, તેથી 'લોકો જેમના ચરણ છે તેવા પુરુષના' એમ કહેલું છે : 'તિષ્ઠન્તિ' રહે છે 'અસ્મિન્' આમાં તે 'સ્થાઃ' એમ ભૂર્ વગેરે લોકો સ્થિતિ શબ્દથી કહેલા છે. સ્થિતિઓ ચરણો છે જેમના, તે સ્થિતિપાદ્, કારણકે સર્વ લોકોના અવયવો પણ અવયવી ભગવાન્ પ્રતિ ચરણો જ છે, કારણકે એ સ્થાનનું શાસન કરીને ભગવાન્ રહે છે. આ વિષયનું પ્રમાણ 'અનુભવ કરે છે' શબ્દથી કહેલું છે.

(પુરુષ સૂક્તમાં) 'સર્વ પ્રાણીઓ આમનું ચરણ છે' એમ ભગવાનનું માહાત્મ્ય જણાવવા સર્વે પ્રાણીઓ એક ચરણ હોવાનું [૧]કહેલું છે. અથવા 'પાદાઃ' પાદમાં રહેલા પુરુષો એમાં રહેતા હોવાથી એ નામથી (ઓળખાય,) એ ધોરણે પાદો જ સર્વ પ્રાણીઓ છે. (પુરુષસૂક્તમાં) એક વચન તો જાતિના અભિપ્રાયવાળું છે. એ પ્રમાણે ભગવાનના અવયવોમાં બધા જીવો રહેતા હોવાનું કહીને, એમણે ભોગ કરવાના ફલની સ્થિતિ ઉત્તરાર્ધથી કહે છે. ભગવાનમાં ચાર સુખો છે. એક અનિત્ય, અને ત્રણ પ્રકારનું નિત્ય એ ત્રણ પ્રકારનાઓના અમૃત, ક્ષેમ અને અભય એવા ત્રણ નામ છે. 'ત્રણ મસ્તકવાળાના મસ્તકોમાં રાખેલા છે' શબ્દોથી એઓનું સ્થાન કહેલ છે. ત્રણ[૨] લોકનું મસ્તક મહર્લોક છે. એના મસ્તકો જનલોક તપલોક અને સત્યલોકમાં ત્રણે પ્રકારના સુખ રાખેલા છે, એવો અર્થ છે અહીં વ્યવસ્થા એવી (નીચે પ્રમાણે) છે : વાક્ય પ્રમાણે સ્થાનનો ત્યાગ કરવાના ચિહ્નવાળું દુઃખ હોવાથી, ત્યાં પણ અનિત્ય જેવું સુખ છે. તેથી જનલોકમાં 'અમૃત' સુખ છે, કારણકે સ્વરૂપથી અને સ્થાનથી એનો નાશ થતો નથી. તપલોકમાં તા સુખ છે, કારણકે ક્ષેમ ન હોય તેવાનો (ત્યાં) અનુભવ થતો નથી. જનલોકમાં તો મહર્લોકથી ભાગી આવેલ દુઃખીઓના દર્શનરૂપ અક્ષેમ અનુભવાય છે. જનલોકમાં રહેનારા તો એવી રીતે તપોલોકમાં જતા નથી, તેથી ત્યાં (તપોલોક)નું સુખ ક્ષેમ જ છે. સત્યલોકમાં તો સુખ અભય છે, કારણકે એ મોક્ષની નજીકનું છે. તેથી નિત્ય સુખ ત્રણ લોકમાં જ છે. આ જ અભય

સુખ જ્ઞાની સંન્યાસીઓ પ્રાપ્ત કરે છે, એ આગળ કહેશે. 'આમના ત્રણથી પ્રાપ્ત થતું અમૃત[3] સ્વર્ગમાં છે' એવા આ વાક્યનો પણ આ જ અર્થ છે. આમના ત્રણથી પ્રાપ્ત થતું અમૃત સ્વર્ગમાં (એટલે) ઉપરના ત્રણ લોકમાં છે, એવો અર્થ છે. ત્રણ લોક હોવાના મત પ્રમાણે 'સ્વર્ગ' એમ કહેલું છે.૧૮

૧.આ શ્લોકમાં પ્રાણીઓ ચરણમાં રહેલા હોવાનું કહેલ છે અને પુરુષસુક્તમાં તો ચરણ જ સર્વ પ્રાણીઓ હોવાનું કહેલ છે તેથી એમાં વિરોધ છે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. ભગવાનમાં સર્વ વિરુદ્ધ ધર્મો રહેલા છે એમ જણાવવા પુરુષસુક્તમાં એકવચન મૂકેલું છે તેથી વિરોધ નથી, એવો અર્થ છે.(પ્ર)

૨.ભૂર્, ભુવર્ અને સ્વર્ એ ત્રણ લોક.

૩.ત્રણથી પ્રાપ્ત થાય તેવું હોય તે ત્રિપાત્ 'અ' નથી 'મૃતમ્' નાશ જેનો તે અમૃત.(પ્ર) ભા–૨૨

નીચેના શ્લોકમાં આ સુખોના ભોગ કરનારાઓ વિશે કહે છે :

**પાદાસ્ત્રયો બહિશ્ચાऽऽસન્નપ્રજાનાં ય આશ્રમાઃ ।**
**અન્તસ્ત્રિલોક્યાસ્ત્વપરો ગૃહમેધોऽબૃહદ્વ્રતઃ ॥૧૯॥**

અને પ્રજાને ઉત્પન્ન કરનારા જે આશ્રમો છે તે ત્રણ પાદો (ત્રિલોક)ની બહાર રહેલ. હલકો સ્થૂલ વ્રત વિનાનો ગૃહમેધી તો ત્રણ લોકની અંદર છે.૧૯

ચાર વર્ણો ભગવાનના ચાર પાદ છે, કારણકે ભગવાન્ એઓનું શાસન કરે છે. એ પૈકી બ્રહ્મચારી વાનપ્રસ્થ અને સંન્યાસી ત્રણ પાદો છે તે ત્રણે ત્રણ લોકની બહાર[1] રહેલા. 'ચ' અને શબ્દ હોવાથી પોતાની ઈચ્છાથી અંદર પણ (રહેલ.) એ ઉપર ગયેલાઓ ત્રણમાં 'પ્રજા ન ઉત્પન્ન કરનારા જે આશ્રમો છે' શબ્દોથી એકસમાન ગુણ કહેલો છે. 'ન પ્રજાયન્તે' પુત્ર વગેરેના પ્રકારથી જે ઉત્પન્ન થતા નથી તે 'અપ્રજાઃ' પ્રજા નહિ ઉત્પન્ન કરનારા ગૃહસ્થ સિવાયના છે. એઓના જે આશ્રમો, (તે) આશ્રમના ધર્મ તરીકે એઓ (પ્રજા) ઉત્પન્ન કરતા નથી, પરંતુ વંધ્ય નથી. વાસ્તવિક રીતે એઓ ત્રણ સુખ ભોગવનારા છે. ઉત્તરાર્ધથી અનિત્ય સુખ ભોગવનાર કહેલ છે. ત્રણ લોકની અંદર 'અપરઃ' હલકો રહે છે તે ગૃહસ્થ છે. ઘરમાં જ છે 'મેધા' બુદ્ધિ જેની, એવો એનો બહારનો દોષ છે, 'સ્થૂલ વ્રત વિનાનો' એમ અંદરનો દોષ કહેલ છે. 'બૃહત્' લગ્ન ન કરવારૂપ નથી વ્રત જેનું તે એવો કહેલો છે.૧૯

૧.ભૌતિક શરીરનો ત્યાગ કરેલા ત્રણ આશ્રમવાળો પુરુષ ઉપરના સુખો માટે ઉત્પન્ન થયેલ હોઈ જન, તપ અને સત્ય લોકમાં ગયેલ, જ્યારે ગૃહસ્થ અહીં ત્રિલોકીના સુખ માટે 'પુનઃ' વારંવાર ઉત્પન્ન થાય છે એવો શ્રુતિનો અર્થ છે.(પ્ર)

એ પ્રમાણે ચાર વર્ણોનું સ્વરૂપ અને ફલ કહીને, નીચેના શ્લોકમાં એઓમાં ભેદ હોવાનું કારણ[1] કહે છે :

**સૃતી વિચક્રમે વિષ્વઙ્ સાશનાનશને ઉભે ।**
**યદવિદ્યા ચ વિદ્યા ચ પુરુષસ્તૂભયાશ્રયઃ ॥૨૦॥**

ભોગવાળો અને ભોગ વગરનો જે અવિદ્યા અને વિદ્યા (છે,) તે બંને માર્ગો પર સંપૂર્ણ ફર્યા. પુરુષ તો બંનેના આશ્રયવાળા છે.૨૦

એઓ સ્વભાવથી એવા ન હતા, પરંતુ ભગવાન્ જ બે માર્ગે પધારે છે. એમના અનુસારે એ લોકો પણ એમને અનુસરે છે. એ (આ શ્લોકમાં) કહે છે. 'સૃતી' બે માર્ગોએ 'વિચક્રમે' સારી રીતે પધાર્યા. 'વિષ્વઙ્' સર્વ તરફથી એક પણ માર્ગમાં એક પણ ભાગ પધાર્યા વિનાનો ન રહ્યો, એવો અર્થ છે. 'ભોગવાળો અને ભોગ વગરનો' શબ્દોથી એઓમાં ભેદ કરનાર કહેલ છે. એક ભોગવાળો માર્ગ છે. 'અશનેન' ભોગ 'સહિતઃ' સાથેનો 'સાશનમ્' કર્મના ફલ ભોગ સાથેનો, એક (બીજો)તો ભોગ વગરનો, કર્મના ફલના ભોગ વગરનો, તે બંનેથી (ભગવાન્ પધાર્યા,) પરંતુ અહીં બીજા કોઈનું નિરૂપણ કરેલ નથી.

'ભગવાન્ કેમ એ પ્રમાણે બે માર્ગે પધારે છે?' એ સમ્બન્ધમાં કહે છે કે 'જે અવિદ્યા અને વિદ્યા છે.' ભગવાનને પધારવામાં અવિદ્યા અને વિદ્યા એવી બે શક્તિઓ છે.[2] તે પૈકી અવિદ્યા ભોગવાળા માર્ગે જ જાય છે, પરંતુ વિદ્યા ભોગ વિનાના માર્ગે જાય છે. ભગવાન્ તો બંનેનો આશ્રય કરેલા હોઈ એમને અનુસારે બંને ઉપર પધારે છે. એમ ન કરે[3] તો એ બે ભગવાનની શક્તિઓ હોવાનું ન ઘટે. 'ચ' 'અને' શબ્દનો એવો અર્થ છે કે જુદું જુદું કાર્ય અને સામગ્રી જુદા માર્ગે જતાં નથી.૨૦

૧.'પછી ભોગવાળા અને ભોગવગરના (માર્ગે) વિશ્વનું સર્વ તરફથી આક્રમણ કર્યું' એ અડધી ૠચાનો અર્થ કહેતાં, સર્વ જીવો ચિદંશ તરીકે સમાન હોવા છતાં ફલ જુદું મળવાનું કારણ બનેલા સ્વભાવનો ભેદ હોવાનું કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૨.આથી અવિદ્યા અને વિદ્યા ચરણની શક્તિ હોવાનું જણાવે છે, તેથી જીવો ચરણના અંશ હોવાથી એની નજીક હોવાથી (ભ.ગી.૧૫-૭) પ્રમાણે બંધ અને મોક્ષ થવાનું ઘટે છે એમ સૂચવ્યું.(પ્ર)

૩.'એમ ન કરે તો' એટલે ભગવાનનો એમને આય ન હોય તો.(પ્ર)

એવી રીતે માર્ગના ભેદથી ભોગ કરનારના ભેદથી ફલનો ભેદ (હોવાનું) કહીને એ પુરુષમાંથી વિરાટ્ પુરુષ ઉત્પન્ન થયો એમ કહેવા, નીચેના શ્લોકમાં એમાંથી ઉત્પન્ન થવાનું કહે છે :[1]

**તસ્માદણ્ડં વિરાટ્ જજ્ઞે ભૂતેન્દ્રિયગુણાત્મકઃ ।**
**તદ્દ્રવ્યમત્યગાદ્વિશ્વં ગોભિઃ સૂર્ય ઈવાઽતપન્ ।।૨૧।।**

એમાંથી બ્રહ્માંડ થયું, તેમાંથી મહાભૂત ઈંદ્રિય અને ગુણરૂપ વિરાટ્ થયા, એમણે કિરણોથી સૂર્યની પેઠે તપાવતા એ દ્રવ્યે વિશ્વનું ઉલ્લંઘન કર્યું.૨૧

એ ઉત્તમ પુરુષ નારાયણમાંથી 'અણ્ડમ્' બ્રહ્માંડ ઉત્પન્ન થયું એ આધિદૈવિક (બ્રહ્માંડ)માંથી આ આધ્યાત્મિક બ્રહ્માંડ ઉત્પન્ન થયું એવો અર્થ છે. એ બ્રહ્માંડમાંથી વિરાટ્ ઉત્પન્ન થયા, અને એ ભૂત ઈંદ્રિય અને ગુણરૂપ (થયા.) ભૂતો એટલે મહાભૂતનું બનેલ દ્રવ્ય ઈંદ્રિયો અધ્યાત્મ (અને) ગુણો અધિદૈવ, અથવા[2] મહાભૂતો, ઈંદ્રિયો અને શબ્દ વગેરે વિષયો (થયા.) શરીર અને ઈંદ્રિયોથી વિષયનો ભોગ કરનાર (વિરાટ્ થયા) એવો અર્થ છે. એમણે પણ પિતાની પેઠે (બ્રહ્માંડનું) ઉલ્લંઘન કર્યું એમ 'એ દ્રવ્યનું ઉલ્લંખન કર્યું' શબ્દોથી કહેલ છે. એ વિશ્વરૂપ બ્રહ્માંડરૂપ દ્રવ્યે અર્થ છે. માત્ર હદ વિનાના હોવાની સમાનતા છે, એટલું જ નહિ, પરંતુ પોતાથી પ્રકાશતા પણ હતા, એમ 'કિરણોથી સૂર્યની પેઠે તપાવતા' શબ્દોથી કહેલું છે. જેમ સૂર્ય 'ગોભિઃ' પોતાના કિરણોથી પોતાના સ્થાનને તપાવે છે અને બહાર પણ (પ્રકાશે છે,) તે પ્રમાણે આમણે પણ પોતાના શરીરનો અને બહારનાનો પણ પ્રકાશ કર્યો, એવો અર્થ છે.૨૧

૧.'એમાંથી' વિરાટ્ ઉત્પન્ન થયા, એ વ્યાખ્યાનો અર્થ કરતાં કહે છે.(પ્ર)

૨.ભોગવાળા માર્ગનું આક્રમણ કર્યું તેથી ભગવાને ફલનો ભોગ કર્યાનું કહેવું જોઈએ. એ કયા પ્રકારે કર્યું એ જાણવાની ઈચ્છા થાય, તેથી એ રૂપ કહે છે, એવા અભિપ્રાયથી બીજા પ્રકારે અહીંથી વ્યાખ્યાન કરે છે.(પ્ર)

એવી રીતે બે પ્રકારનું વિશ્વ[1] જણાવીને, અને વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ માટે બે પુરુષો[2] જણાવીને, અમૂર્તિનો[3] સમાગમ કહીને, 'યજ્ઞરૂપ'[4] ભગવાનનો પણ સર્વ પદાર્થોને સમ્બન્ધ હોવાનું શ્રવણ (થયેલ) હોવાથી એ (યજ્ઞ)ના સાધન બનેલ પદાર્થો ભગવાનથી જુદા હોય, તો પહેલા કહેલ બધાનો વિરોધ થાય' એવી શંકા થતાં, એ (યજ્ઞ)ના પદાર્થોનું પણ તત્વ ભગવાન્ જ છે, એમ નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**યદાઽસ્ય નાભ્યાન્નલિનાદહમાસં મહાત્મનઃ ।**
**નાઽવિદં યજ્ઞસમ્ભારાન્ પુરુષાવયવાદૃતે ।।૨૨।।**

જ્યારે આ મહાત્માની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમલમાંથી હું (ઉત્પન્ન)

થયો ત્યારે પુરુષના અવયવો વિનાની યજ્ઞની સામગ્રી હું જાણતો ન હતો.૨૨

જો આ કહેવામાં ન આવે તો જૈમિનિના સિદ્ધાંતના નિયમ પ્રમાણે પદાર્થો બનતાં, પહેલા કહેલા ભગવાનનું સ્વરૂપ જણાવનારા વાક્યો પ્રશંસારૂપ થાય, તેથી ઘણા કષ્ટથી કહેલું હોવા છતાં ન કહેલું જ થાય; તેથી યજ્ઞમાં ઉપયોગી [5]પદાર્થો ભગવાનના અવયવો હોવાનું કહે છે. એ સમ્બન્ધમાં બ્રહ્મા પોતે કહે છે. જ્યારે આમની નાભિમાંથી જે 'નલિનમ્' કમલ (નીકળ્યું,) તેમાંથી હું ઉત્પન્ન થયો, ત્યારે 'મેં વિચાર્યું કે આમની આરાધના કરવી જોઈએ, કારણકે આ મહાન છે. 'મહાન્' આત્મા અથવા અંતઃકરણ છે જેમનું (તેવા છે,) તેથી આરાધન કરવાથી આ ઘણું ફલ આપશે. પછી શેનાથી આરાધન કરવું એ જાણવાની ઈચ્છા થતાં, યોગથી (પ્રાપ્ત) થયેલ ગુણથી યજ્ઞ જાણ્યો. એ કેવી રીતે કરવો, એ જાણવાની ઈચ્છા થતાં, વેદો વિચારવાથી પશુ દૂધપાક વગેરે સામગ્રીથી કરવો એમ જણાયું. યોગથી (પ્રાપ્ત) થયેલ ગુણથી જે જાણ્યું તે ઉત્તરાર્ધથી કહે છે. પુરુષના અવયવો સિવાય મેં યજ્ઞની સામગ્રી જાણી નહિ, જાણવામાં ન આવી, ત્યારે એ જ[6] પુરુષ યજ્ઞરૂપથી પ્રકટ થયા, એવો અર્થ છે. આથી એમ કહેવાયું કે એ સાધનરૂપ છે.૨૨

૧.ભોગવાળા માર્ગનું આક્રમણ કર્યું તેથી ભગવાને ફલનો ભોગ કર્યાનું કહેવું જોઈએ. એ કયા પ્રકારે કર્યું એ જાણવાની ઈચ્છા થાય, તેથી એ રૂપ કહે છે, એવા અભિપ્રાયથી બીજા પ્રકારે અહીંથી વ્યાખ્યાન કરે છે.(પ્ર)

૨.જડરૂપ અને વિરાટ્રૂપ.(પ્ર) ૩.વિરાટ્ રૂપ અને બીજા (નારાયણ.)(પ્ર)

૪.નિત્ય અને હદવાળા આધિદૈવિક વાણી વગેરેના અભિમાનવાળા જીવો.(પ્ર)

૫.યજ્ઞ દ્રવ્ય વગેરેથી થાય, એ જો છંટકાવ વગેરે સંસ્કાર વિના અને મંત્રો વિના થતો હોય તો એ વેદોમાં કહેલ ન હોત. તેથી એમનાથી કાંઈક અતીન્દ્રિય પદાર્થ સિદ્ધ થાય છે એમ જણાય છે. એ જો ઉત્પન્ન થતો હોય તો મીમાંસકોના અપૂર્વ પેઠે એનાથી થતો યજ્ઞ પણ જન્મ થાય. એમ થાય તો 'યજ્ઞ ખરેખર વિષ્ણુ છે' શ્રુતિમાં એ ભગવાન્ હોવાનું કહત નહિ. તેથી એ વિષ્ણુ છે એવો નિર્ણય થા એ માટે એ યજ્ઞ અને એ સિદ્ધ કરાવનારા પદાર્થો પણ નિત્ય છે અને એ પ્રકારે એમનો આવિર્ભાવ થાય છે, એમ કહેવું જોઈએ. જો એ પદાર્થો પુરુષથી જુદા હોય તો 'આ સર્વ પુરુષ જ છે' એમ કહ્યું એનો વિરોધ થાય. તેથી એ સંસ્કાર તથા મંત્રો વગેરેનું વાસ્તવિકરૂપ ભગવાન્ જ છે એમ કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૬.સહસ્ર મસ્તકવાળા મૂળ પુરુષ જ યજ્ઞરૂપથી દેખાયા, એવો અર્થ છે.(પ્ર)

એ સમ્બન્ધમાં કઈ કઈ સામગ્રી એ અવયવોમાં જોઈ, એ જાણવાની ઈચ્છા થતાં નીચેના શ્લોક કહે છે :

**તેષુ યજ્ઞસ્ય પશવઃ સવનસ્પતયઃ કુશાઃ ।**

**ઈદં ચ દેવયજનં કાલશ્ચોરુગુણાન્વિતઃ ॥૨૩॥**
**વસ્તૂન્યોષધયઃ સ્નેહા રસલોહમૃદો જલમ્ ।**
**ઋચો યજૂંષિ સામાનિ ચાતુર્હોત્રં ચ સત્તમ ॥૨૪॥**
**નામધેયાનિ મંત્રાશ્ચ દક્ષિણાશ્ચ વ્રતાનિ ચ ।**
**દેવતાનુક્રમઃ કલ્પઃ સઙ્કલ્પઃ સૂત્રમેવ ચ ॥૨૫॥**
**ગતયો મતયશ્ચૈવ પ્રાયશ્ચિત્તં સમર્પણમ્ ।**
**પુરુષાવયવૈરેતે સમ્ભારાઃ સમ્ભૃતા મયા ॥૨૬॥**

હે ઉત્તમ પુરુષ, એઓમાં યજ્ઞના પશુઓ, વનસ્પતિ સાથે કુશો, અને આ યજ્ઞની ભૂમિ અને ઘણા ગુણો સાથેનો કાલ, વસ્તુઓ, ઓષધિઓ, સ્નેહો, રસો, લોઢા, માટી, જલ, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રો, અને ચાતુર્હોત્ર, નામો, અને મંત્રો, દક્ષિણાઓ અને વ્રતો, દેવતાઓનો અનુક્રમ, કલ્પ, સંકલ્પ અને વળી સૂત્ર, ગતિઓ અને મતિઓ, પ્રાયશ્ચિત્ત (અને) સમર્પણ, આ સામગ્રીઓ એ પુરુષના અવયવોથી ભેગી કરી.૨૩-૨૬

એ અવયવોમાં યજ્ઞના સમ્બન્ધી બકરી વગેરે પશુઓ, 'સવનસ્પતયઃ' (એમને બાંધવાના) થાંભલા સાથે, અથવા વનસ્પતિ સાથે કુશો, એવો સમ્બન્ધ લેવો. એ પ્રસંગે પીપળો વગેરે વનસ્પતિ, કુશો ઘાસ[1] પ્રકારના, અને આ યજ્ઞભૂમિ, દેવોનું પૂજન આમાં થાય છે તે યજ્ઞભૂમિ દેવોનું પૂજન કરવાની ભૂમિ. 'આ' એમ આંગળીથી દેખાડેલી છે, આથી એમ જણાવેલ છે કે યજ્ઞભૂમિમાં રહીને ભાગવત કહે છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજી પણ દેવપૂજનની ભૂમિ, વસંત વગેરે કાલ, 'ચ' 'અને' શબ્દ હોવાથી અમુક યોગવાળો નિમિત્તવાળો (કાલ) 'ઘણા ગુણોવાળો' કાલ. 'જો એ કાલમાં સૂર્ય દેખાય નહિ, આગળ ચંદ્રમાં ઊગે તો અનાજ પ્રાપ્ત થાય' એવા ગુણવાળો. કાલના બીજા પણ ઘણા ગુણો વેદમાં કહેલા છે, તે ઘણા ગુણવાળો કાલ.

પાત્ર વગેરે વસ્તુઓ, ચોખા વગેરે ઓષધિઓ, ઘી વગેરે સ્નેહો, દહીં મધ વગેરે રસો, તલવાર વગેરે લોઢાં, મહાવીર[2] વગેરે પદાર્થોરૂપ માટી, વસતીવરી[3] વગેરે જલ, ઋચો યજૂંષિ અને સામાનિ ત્રણ વેદના મંત્રો, હોતા વગેરે ચારના ગુણથી થતું ચાતુર્હોત્ર કાર્ય, અથવા ચતુર્હોત્રના કારણરૂપ (મંત્ર,) અહીં 'હે ઉત્તમ પુરુષ !' એવું સંબોધન કહેલા વિષયમાં વિશ્વાસ રહે એ માટે (કરેલું છે.)

જ્યોતિષ્ટોમ વગેરે નામો, સ્વાહાકાર વગેરે મંત્રો, 'ચ' 'અને' શબ્દ હોવાથી એમના ઉચ્ચારો, દક્ષિણા ગાયો, 'ચ' 'અને' શબ્દ હોવાથી વરો, દીક્ષા વગેરે વ્રતો,

'ચ' 'અને' શબ્દ હોવાથી માંસભક્ષણ વગેરેનો નિષેધ વગેરે, દેવતાઓનો અનુક્રમ (એટલે) પૂજન કરવાના દેવતાઓનો 'આગ્નેય, કૃષ્ણગ્રીવ' વગેરે પ્રકારનો અનુક્રમ, 'કલ્પ' કલ્પસૂત્ર, કામનાના સમ્બન્ધનો સંકલ્પ, સૂત્ર ન્યાયસૂત્ર અથવા પદ્ધતિ.

વિષ્ણુના પગલા વગેરે ગતિઓ, દેવતાના ધ્યાનરૂપ પતિઓ, 'ચ' 'અને' શબ્દ હોવાથી ચતુર્થ કર્મ સુધીનું સંપૂર્ણ જ્ઞાન વગેરે, ન જણાયેલા એવા વગેરેનું પ્રાયશ્ચિત્ત, સમર્પણ (એટલે) સારી વર્તણૂક અથવા નિવેદના, આટલી યજ્ઞમાં સામગ્રી છે. 'પુરુષના અવયવોથી' શબ્દોથી એમ કહેલું છે કે એ પુરુષના અવયવોથી જ ભેગી કરી. 'મેં' શબ્દથી એમ સૂચવેલું છે કે સાધારણ અધિકારીથી એમ કરી શકાય નહીં.૨૩-૨૬

૧.'બર્હીરૂપ' એટલે સંસ્કાર કરેલ ન હોય તેવા.(પ્ર)
૨.મહાવીર્ય એટલે ધર્મપાત્ર. 'વગેરે' શબ્દ દ્રોણ, કળશો વગેરે એ માટેના હોય તે કહેલ છે.(પ્ર)
૩.અમુક સંસ્કાર કરવા માટે ઉપયોગી જલ 'વસતીવરી' છે.(પ્ર)

'પછી (તમે) શું (કર્યું)?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ઈતિ સમ્ભૃતસમ્ભારઃ પુરુષાવયવૈરહમ્ ।**
**તમેવ પુરુષં યજ્ઞં તેનૈવાડયજમીશ્વરમ્ ।।૨૭।।**

એવી રીતે પુરુષના અવયવોથી સામગ્રી ભેગી કરેલા મેં એ જ યજ્ઞરૂપ પુરુષ ઈશ્વરનું એ (સામગ્રી)થી જ પૂજન કર્યું.૨૭

'ઈતિ' આ પ્રકારથી પુરુષના અવયવોથી જ સામગ્રી ભેગી કરેલો થઈ, એ યજ્ઞથી એ જ પુરુષનું પૂજન કર્યું, કારણકે ફલ માટે યજ્ઞ (કરવાનો)[1] ન હતો, પરંતુ ઈશ્વર માટે (કરવાનો) હતો એ 'ઈશ્વર' શબ્દથી કહેલ છે. જેવી રીતે મેં યજ્ઞ કર્યો તેવી રીતે જ કરવો યોગ્ય છે. (૧)યજ્ઞના પદાર્થોને (પદાર્થોમાં) ભક્તિથી ભગવાનનો આવિર્ભાવ કરીને એમાંથી ઉત્પન્ન કરી, ભગવાનની પ્રીતિ માટે જ એમનાથી ભગવાનનું કાર્ય કરવું, કારણકે ભગવાનનું પોતાના માટે કંઈક કાર્ય છે. જેમ પોતાના પ્રયોજન માટે પુરુષના સર્વ કર્મો (કરાય) છે, તેમ ભગવાનના પ્રયોજન માટે બધા યજ્ઞો (કરાય) છે, અને તેથી જો એઓ[2] ભગવાનના અવયવોથી જ પ્રાપ્ત કરેલા પશુ વગેરેથી ભગવાનનું કાર્ય કરે, તો એ ભગવાન્ માટેનું ફલ થાય. એમ ન કરે તો (એવું ફલ) ન થાય. જો કે લૌકિક પદાર્થો પણ એવી રીતે (ભગવાનના અવયવોમાંથી) જ ઉત્પન્ન થયેલા હોય છે, છતાં પણ એઓ સર્વને માટે થયેલા હોવાથી માત્ર એમને માટે જ યજ્ઞનું ફલ પ્રાપ્ત કરાવતા નથી. (૨)મધ્યમ અધિકારી તો યજ્ઞ માટે જ એવી

રીતે (પદાર્થોનું નિર્માણ) જાણીને એ પદાર્થો પ્રાપ્ત કરીને યજ્ઞ કરે ત્યારે (એને) ફલ (પ્રાપ્ત) થાય છે, પરંતુ એ ફલ (ભગવાનને) સમર્પણ કરવું જોઈએ. (૩)વળી જો એવા જ્ઞાન વિના એ પદાર્થોથી યજ્ઞ કરે, તો ભગવાન્ એ ફલ ગ્રહણ કરતા નથી, કારણકે બીજા (પદાર્થોથી) કરેલું ભગવાન્ ગ્રહણ કરતા નથી. (૪)વળી જે યજ્ઞ માટે જ પદાર્થો પ્રાપ્ત કરેલા ન હોય, પરંતુ એ સાધારણ જ હોય, તેઓનાથી (તેવા પદાર્થોથી) તો ફલ જ ઉત્પન્ન થતું નથી. જો ઉત્પન્ન થતું હોય તો કાગડાને બેસવું અને તાડનું પડવું એ ધોરણે ઉત્પન્ન થાય, ત્યારે એ પદાર્થો એ યજ્ઞ કરનાર માટેના હોય, એવી રીતે ઉત્તમ મધ્યમ અધમ અને નિષ્ફલ પ્રકારથી યજ્ઞ ચાર રીતે થાય છે.

એમાં પશુઓ ભગવાનની સાથળમાંથી ઉત્પન્ન થયેલા હોય છે. રુવાડાંમાંથી વૃક્ષો, પરસેવાવાળા (રુવાડાં)માંથી કુશો, યજ્ઞભૂમિ બે પગોમાંથી, કાલ પાંપણોમાંથી, વસ્તુઓ હોઠ વગેરેમાંથી, સ્નેહો દષ્ટિમાંથી, રસો જીભમાંથી, માટી નાકમાંથી, જલો નાડીઓમાંથી, ઋગ્વેદ યજુર્વેદ અને સામવેદના મંત્રો બે કાનમાંથી અને મસ્તકમાંથી, ચાતુર્હોત્ર કર્મ બાહુઓમાંથી નામો મુખમાંથી અને મંત્રો મસ્તકના અવયવોમાંથી, દક્ષિણા ગાયો ડાબી સાથળના સ્થાનમાંથી, વ્રતો મનમાંથી, દેવતાઓનો અનુક્રમ સાંધાઓમાંથી, કલ્પ બલમાંથી, સંકલ્પ બુદ્ધિમાંથી, સૂત્ર પ્રાણમાંથી, વિહારયોગરૂપ અથવા ગતિઓ વિક્રમ (પાદ મૂકવા)માંથી, ગતિઓ જ્ઞાનેન્દ્રિયોમાંથી, પ્રાયશ્ચિત્ત કર્મેન્દ્રિયોમાંથી, સમર્પણ અંતઃકરણમાંથી (ઉત્પન્ન થયેલા હોય છે.) બીજા પણ યજ્ઞના પદાર્થો સમ્બન્ધી યોગ્યતા પ્રમાણે અનુમાન કરવું. તેથી જ વેદમાં[3] (કહેલું છે કે) બધાયે યજ્ઞના પદાર્થોનો ભક્તિવાળાઓને સાક્ષાત્કાર થાય છે, પછી તે તે અવયવમાંથી (એઓ) તે તે પદાર્થ લાવે છે. ત્યાર પછી યજ્ઞ (કરે છે) એમ ન થતું હોય તો જોયા, લાવ્યા, (અને) પૂજન કર્યું એ (શબ્દો) ખોટા ઠરે.૨૭

૧.આરાધન કરવાના વિચારની દશામાં ફલ માટે એ કરવાનો વિચાર હોવા છતાં સામગ્રી જોયા પછી એવી બુદ્ધિ નીકળી જાય છે, તેથી એવું પરિણામ થાય છે.(પ્ર)

૨.'એઓ' એટલે જીવો (યજ્ઞ કરનારાઓ.)(પ્ર)

૩.મુખ્ય પ્રકાર વૈદિક હોવાનું અહીંથી જણાવે છે.(પ્ર)

**તતસ્તે ભ્રાતર ઈમે પ્રજાનાં પતયો નવ ।**
**અયજન્ વ્યક્તમવ્યક્તં પુરુષં સુસમાહિતાઃ ।।૨૮।।**

પછી પ્રજાના નવ પતિઓ આ તારા ભાઈઓએ ઘણા સાવધાન થઈને પ્રકટ થયેલા (અને) અપ્રકટ પુરુષનું પૂજન કર્યું.૨૮

એવી રીતે, જેમ મેં કર્યું, તેવી જ રીતે (મેં) એ કર્યા પછી નવ પ્રકારની પ્રજાના નવ પ્રકારના પોતે પ્રજાના પતિઓ આ મરીચિ વગેરે તારા ભાઈઓએ પૂજન કર્યું. એ સમયે સાત્વિકસાત્વિકોને ભગવાન્ પ્રકટ થયા, તામસતામસોને અપ્રકટ રહ્યા. એઓમાંના વચલાઓને બંને પ્રકટ અને અપ્રકટ રહ્યા એ 'પ્રકટ થયેલા અને અપ્રકટ' શબ્દોથી કહેલ છે. 'સુસમાહિતાઃ' (એટલે) (૧)બીજા પ્રયોજનથી પદાર્થોને ભેગા ન કરવા માટે, (૨)જ્ઞાન માટે અને (૩)ઉત્પાદન કરવા માટે[1] સાવધાન રહેલા.૨૮

૧.આ ત્રણ અનુક્રમથી સાત્વિક વગેરે માટે કહેલ છે.(પ્ર)

**તતશ્ચ મનવઃ કાલ ઈજિરે ઋષયોઽપરે ।**
**પિતરો વિબુધા દૈત્યા મનુષ્યાઃ ક્રતુભિર્વિભુમ્ ।।૨૯।।**

અને ત્યાર પછી સમય જતાં મનુઓએ, ઋષિઓએ, બીજાઓએ, પિતૃઓએ, દેવોએ દૈત્યોએ (અને) મનુષ્યોએ યજ્ઞોથી સમર્થનું પૂજન કર્યું.૨૯

ત્યાર પછી ઘણો સમય જતાં મનુઓએ માત્ર પૂજન કર્યું, ઋષિઓએ અને બીજાઓએ (કર્યું.) આ સત્વ વગેરેના ભેદવાળા બીજી કક્ષાના છે. પછી ત્રીજી કક્ષામાં પિતૃઓ દેવો (અને) દૈત્યો (અનુક્રમે) રાજસ સાત્વિક અને તામસોએ (કર્યું.) મનુષ્યો તો ચોથી કક્ષાના છે તેથી એઓ સંનિપાતરૂપ એક પ્રકારના જ છે, છતાં પણ ભ્રમથી પણ (પૂજન) કરનારા કાંઈક ઈચ્છેલું ફલ પ્રાપ્ત કરે છે, કારણકે ભગવાન્ સમર્થ છે, એ 'વિભુમ્' સમર્થ શબ્દથી કહેલ છે 'યજ્ઞોથી' એટલે બાર દિવસ ચાલે તેવા વગેરે (યજ્ઞોથી પૂજન કર્યું.)૨૯

એ પ્રમાણે સર્વ પદાર્થોની ઉત્પત્તિ ભગવાનથી થયેલી હોવાનું કહીને, નીચેના શ્લોકથી (ભગવાનમાં) સ્થિતિ કરે છે :

**નારાયણે ભગવતિ તદિદં વિશ્વમાહિતમ્ ।**
**ગૃહીતમાયોરુગુણઃ સર્ગાદાવગુણઃ સ્વતઃ ।।૩૦।।**

આ પ્રસિદ્ધ વિશ્વ ભગવાન્ નારાયણમાં સ્થાપન કરાયેલું છે. માયાના ગ્રહથી ઘણા ગુણવાળા થયેલા (એ) સૃષ્ટિના આરંભમાં ગુણરહિત મનાયેલા (છે.)૩૦

(સર્વ પદાર્થો) વિશ્વના આધારવાળા હોવાથી નારાયણના આધારવાળા છે એવો (વિચાર) કાઢી નાખવા પૂર્વાર્ધ કહેલો છે. 'જલો નારા કહેલા છે' એ પ્રકારથી પુરુષ જ નારાયણ છે. 'આ પ્રસિદ્ધ' લૌકિક અને વૈદિક (એમનામાં) 'આહિતમ્' સ્થાપન કરાયેલું છે.૩૦

'જો ભગવાન્ જ (વિશ્વની) ઉત્પત્તિ અને સ્થિતિ, અને વસ્તુતઃ પ્રલય કરતા હોય, તો તમારો શો ઉપયોગ?' એવા પ્રશ્નના સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**સૃજામિ તન્નિયુક્તોઽહં હરો હરતિ તદ્વશઃ ।**
**વિશ્વં પુરુષરૂપેણ પરિપાતિ ત્રિશક્તિધૃક્ ।।૩૧।।**

એમણે યોજેલો હું (વિશ્વ) રચું છું, એમને વશ (રહી) હર (એનો) નાશ કરે છે. ત્રણ શક્તિઓ ધારણ કરેલા ભગવાન્ પુરુષરૂપથી વિશ્વનું પરિપાલન કરે છે.૩૧

ભગવાને પ્રકાર દેખાડવા બધાયે પદાર્થો (ઉત્પન્ન) કર્યા. પછી પરંપરા ચાલુ રહે એ માટે મને અને સંહાર માટે મહાદેવને આજ્ઞા કરે છે. તેથી જેઓ ભગવાને ઉત્પન્ન કરેલા છે અને (જેઓ) એમના વંશમાં ઉત્પન્ન થયેલા છે, તેઓ ભગવાનથી જ હણાય તેવા છે, મહાદેવથી (હણી) શકાય તેવા નથી; તેથી ભગવાનનો અવતાર (થાય છે.) પાલન તો ભગવાન્ જ કરે છે, એમ ઉત્તરાર્ધથી કહે છે, કારણકે એ પુરુષરૂપથી વિશ્વનું પરિપાલન કરે છે. તેથી જ એમના અનુસારે જ હર સંહાર કરે છે, તેથી (એ) એમને વશ હોવાનું કહેલ છે. જોકે આ બે (બ્રહ્મા અને હર) ઉત્પત્તિ અને પ્રલય કરે છે, છતાં પણ એ કરવાની શક્તિ ભગવાનને જ અધીન છે એમ 'ત્રણ શક્તિઓ ધારણ કરેલા' શબ્દથી કહેલ છે.૩૧

એ પ્રમાણે ત્રણ[1] અંશો કહીને, માહાત્મ્ય કહેવા માટે પહેલા કહેલાનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ઇતિ તેઽભિહિતં તાત યથેદમનુપૃચ્છતિ ।**
**નાઽન્યદ્ભગવતઃ કિઞ્ચિદ્ભાવ્યં સદસદાત્મકમ્ ।।૩૨।।**

હે વહાલા ! આ જેમ તેં પૂછ્યું તે એવી રીતે (મેં) તને કહ્યું. સદ્રૂપ અને અસદ્રૂપ કાંઈ પણ ભગવાનથી જુદું થતું નથી.૩૨

પૂછેલું તો આટલું જ હતું. માહાત્મ્ય કહેવાનું તો અર્થથી પ્રાપ્ત થાય છે, એ આગળ કહીશ એવું તાત્પર્ય છે. શું કહ્યું એ જાણવાની ઇચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. સ્વરૂપથી અથવા પ્રકારથી જેટલા પ્રશ્નો કર્યા તે સર્વનો ઉત્તર ભગવાન્ જ છે, કારણકે ભગવાનથી જુદું કાંઈ પણ નથી. 'સર્વના આધાર તરીકે અને વસ્તુના તત્વ તરીકે બીજા મતવાળાઓ[2] પણ સર્વ ભગવાન્ છે એમ સ્વીકારે છે, તેથી આ માર્ગની સરસાઈ શી?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'ભાવ્યમ્' થતું શબ્દ કહેલ છે. જે ક્રિયાથી બને છે, જેમાં ક્રિયાનો ઉપયોગ થાય છે[3] તે ભગવાન્ એવો અર્થ છે. 'બ્રહ્મવાદમાં પણ સર્વ બ્રહ્મ છે. એનાથી આ માર્ગમાં શી સરસાઈ?' એ સમ્બન્ધમાં

'સદ્રૂપ અને અસદ્રૂપ' એમ કહેલું છે. સત્ અને અસત્ વ્યવહાર કરવા યોગ્ય ઘડો વગેરે અને સસલાનું શીંગડું વગેરે, અને જેનો ભ્રમ થાય છે તે. તેથી જે કોઈ સ્થળે ખોટું જ્ઞાન થાય, તે (ખોટા જ્ઞાન)નો વિષય પણ ભગવાન્ છે. એમ ન હોય તો એનું ભાન[૪] જ્ઞાન[૫] ન થાય; અને એનો નિર્ણય ન થાય.૩૨

૧.ત્રણ ગુણવાળા અવતારોરૂપ ત્રણ અંશો.(પ્ર)

૨.ભેદવાદીઓ (મધ્વના) અને વિશિષ્ટાદ્વૈતવાદીઓ (રામાનુજના મતવાળા.)(પ્ર)

૩.ભેદવાદીઓ ભગવાન્ સર્વ હોવાનું પારિભાષિક છે એમ કહે છે. વિશિષ્ટાદ્વૈતવાદીઓ સર્વ ભગવાનનું શરીર હોવાનું કહે છે.(પ્ર)

૪.છીપમાં રૂપાનું ભાન.(પ્ર)  ૫.સસલાના શીંગડાનું જ્ઞાન.(પ્ર)

એવી રીતે પહેલા કહેલાનો ઉપસંહાર કરીને, એ (ભગવાન)નું માહાત્મ્ય કહેતાં પ્રથમ એમના ગુણોનું માહાત્મ્ય નીચેના શ્લોકથી કહે છે :

**ન ભારતી મેઽઙ્ગ મૃષોપલક્ષ્યતે ન વૈ ક્વચિન્મે મનસો મૃષા ગતિઃ ।**

**ન મે હૃષીકાણિ પતન્ત્યસત્પથે યન્મે હૃદૌત્કણ્ઠ્યવતા ધૃતો હરિઃ ।।૩૩।।**

હે વહાલા ! મારી વાણી ખોટી જણાતી નથી. કોઈ પ્રસંગે મારા મનની ગતિ ખોટી નથી જ થતી. મારી ઇંદ્રિયો નિંદિત માર્ગે જતી નથી, કારણકે પ્રેમવાળા હૃદયથી હરિને ધારણ કરેલા છે.૩૩

હૃદયમાં તિરોહિત થયેલા ભગવાન્ દુર્બુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેથી મેં 'ઔત્કણ્ઠ્યવતા' વધતા જતા પ્રેમવાળા હૃદયથી ભગવાનને ધારણ કરેલા છે; અને એમાં વાણી રહે છે. એ ભગવાનનું આલિંગન કરીને એમની સાથે મારા મુખમાંથી નીકળે છે, તેથી કોઈ પણ સમયે ખોટી જણાતી નથી, ભવિષ્યથી પણ ખોટી પડતી નથી; એવો અર્થ છે. એવી જ (મારા) મનની પણ ક્રિયા છે. જે પદાર્થ થવાનો નથી તેના સમ્બન્ધવાળી (મારા મનની ગતિ) થતી નથી, એમ 'કોઈ પ્રસંગે મારા મનની ગતિ ખોટી નથી જ થતી' શબ્દોથી કહેલ છે. પરંપરાના સમ્બન્ધથી પણ ભગવાનનું માહાત્મ્ય (જણાવ્યું.) ભગવાનની સાથે મારો સમ્બન્ધ છે, અને મારા, માત્ર અભિમાન સાથે મન વગેરેનો સમ્બન્ધ છે એમ જણાવવા સર્વ સ્થલે 'મારું' એમ કહેલ છે. 'હૃષીકાણિ' ઇંદ્રિયો 'અસત્પથે' નિંદિત માર્ગે જતી નથી. વાણીનો સમ્બન્ધ હોય ત્યારે તો ભગવાન્ હૃદયમાં સ્થાપન કરેલા ન હોવાથી, એનાથી વ્યભિચાર થતો નથી.[૧]

'ધારણ કરેલા[૧] ભગવાને કેમ (તમારું) ઈચ્છેલું કરેલું?' એ સમ્બન્ધમાં 'હરિ'

શબ્દ કહેલ છે. 'વધતા જતા પ્રેમવાળા હૃદયથી' શબ્દથી આ (નીચે પ્રમાણે) અર્થ કહેલ છે. ચિત્તમાં ભગવાન્ ઉપરનો પ્રેમ પ્રાપ્ત કરવો, પછી પ્રેમથી વીંટાયેલું ચિત્ત સર્વત્ર રહેતા ભગવાનને જોશે. જેમ રસન ઈંદ્રિય સાથેની જીભ દ્રવ્યોમાં રહેલા રસોને પોતે જ ગ્રહણ કરે છે, પરંતુ (એને) તે રસોનું જ્ઞાન પહેલા હોવાથી જરૂર નથી, તેવી રીતે ભક્તિમાં પ્રવેશેલું ચિત્ત પોતે જ ભગવાનને જોશે. દરેક મુકરર કરેલી ઈંદ્રિયના જેવી ભગવાનની ભક્તિ છે.[૩] ૩૩

૧.'નીતિશાત્રમાં હિંસાના પ્રયોગ છે, કામશાસ્ત્રમાં પરસ્ત્રી સાથેના સુરતનું સુખ કહેલું છે. એમાં બ્રહ્માએ કહેલાનો અનુવાદ જોવામાં આવતો હોવાથી, બ્રહ્માની વાણી નિંદિત માર્ગે ગયેલી છે, તેથી એ એવા માર્ગે જતી ન હોવાનું કેમ કહો છો?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. એવો સમ્બન્ધ થવા છતાં પણ મન અને વાણીથી ભગવાનનું સ્મરણ થતું ન હોય, તો વાણીથી કહેલું સત્ય જ થાય એવું ન બને. તેથી વાણી સાથે ભગવાન્ મુખમાંથી નીકળે એ જ એમના વિસ્મરણનો અભાવ.(પ્ર)

૨.'ધારણ કરેલા' એટલે પ્રેમથી બંધાયેલા.(પ્ર)

૩.મનથી રૂપ રસ વગેરેનું ગ્રહણ થાય ત્યારે ચક્ષુ અને જીભની ક્રિયા જણાય, તેમ ભક્તિથી ભગવાન્ જણાય છે.(પ્ર)

ભગવાન્ માત્ર એકલી ભક્તિથી પ્રાપ્ત થાય તેવા છે, અને એ વિષયમાં બીજું કાંઈ પ્રમાણ નથી, એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**સોઽહં સમામ્નાયમયસ્તપોમયઃ પ્રજાપતીનામભિવન્દિતઃ પતિઃ ।**
**આસ્થાય યોગં નિપુણં સમાહિતસ્તં નાઽધ્યગચ્છં યત આત્મસમ્ભવઃ ।।૩૪।।**

એ વેદમય તપોમય પ્રજાપતિઓએ સર્વ તરફથી વંદન કરાયેલા (એઓના) પતિ એવા મેં સાવધાન રહી નિપુણ યોગ આચરીને, જેમનામાંથી પોતાની ઉત્પત્તિ થયેલી તેમને જાણ્યા નહિ.૩૪

ભગવાનનું જ્ઞાન થવામાં પ્રથમ પ્રમાણ વેદો છે, તપ સાધન છે, પ્રમાણનું૧ જ્ઞાન મનન અને નિદિધ્યાસન છે. અંદરનું૨ સાધન યોગ છે, એનું ફલ ચિત્તનું એકાગ્રપણું છે. એ (બધું) થાય ત્યારે ઉત્તમ અધિકારીને ભગવાનનો સાક્ષાત્કાર થાય એમ ન માનવું, એમ આ શ્લોકથી કહે છે. 'સમામ્નાયઃ' એટલે વારંવાર ભણેલો વેદ. 'સમ્' અને 'આ' ઉપસર્ગો સાથેનો અભ્યાસના અર્થવાળો 'મ્ના' ધાતુ અર્થના ઉપયોગ સાથેનો વેદનો અભ્યાસ જણાવે છે. એ (વેદ)મય એટલે એના ઉત્તેજનવાળો અથવા એનાથી વીંટાયેલો. 'તપોમય' એટલે સાધનમાં તત્પર. તપ કુદરતી હતું એમ જણાવવા એ (વિશેષણ) કહેલું છે. 'પ્રજાપતિઓએ સર્વ તરફથી વંદન કરાયેલો'

વિશેષણથી સર્વને ઉપદેશ આપનાર તરીકે (વેદના) અર્થનો વિચાર કહેલ છે, અને પ્રજાપતિ શબ્દથી એમના જ્ઞાનની પરંપરા પણ સૂચવેલી છે. 'પતિ' શબ્દથી એઓને છેતર્યા ન હતા એમ કહેલું છે, કારણકે પ્રજાપતિઓના પતિ એમને છેતરે નહિ, એવી રીતે અંગોસહિત પ્રમાણ કહ્યું, કારણકે ભગવાનનો સાક્ષાત્કાર થવામાં પ્રમાણ મનનો સહકાર કરનારું છે. તેથી 'યોગ આચરીને' શબ્દોથી મન પણ ભગવાનનું ગ્રહણ કરવા યોગ્ય હોવાનું કહ્યું. 'નિપુણ'નો અર્થ એવો છે કે (યોગ) સિદ્ધિઓ વગેરે પેઠે ભ્રાંતિ કરાવનાર ન હતો. એવી રીતે સાધનો સાથેનો હોવા છતાં મેં એમને જાણ્યા નહિ. 'જેમનામાંથી પોતાની ઉત્પત્તિ થયેલી' શબ્દોથી પોતાનો અધિકાર કહેલો છે. તેથી (ભગવાન્) ભક્તિથી જ વશ થાય છે અને જણાય છે, બીજા પ્રકારે (એવા થતા) નથી, એવો નિશ્ચય છે.૩૪

૧.વેદના તાત્પર્યનું જ્ઞાન.(પ્ર) ૨.'અંદરનું' એટલે નિદિધ્યાસનરૂપ.(પ્ર)

'ત્યારે એ સમ્બન્ધમાં ભક્તિ (થવા) માટે સર્વેએ શું કરવું?' એ જાણવાની ઈચ્છા થતાં[1] કહે છે :

**નતોઽસ્મ્યહં તચ્ચરણં સમીયુષાં ભવચ્છિદં સ્વસ્ત્યયનં સુમઙ્ગલમ્ ।**
**યો હ્યાત્મમાયાવિભવં સ્મ પર્યગાદ્યથા નભઃ સ્વાન્તમથાઽપરે કુતઃ ।।૩૫।।**

જેમ આકાશ પોતાનો છેડો (જાણતું નથી,) તેમ જેમણે પોતાની માયાના વૈભવને જાણ્યો નથી તેમના, સારી રીતે પ્રાપ્ત કરવા પ્રયાસ કરનારના ભવને કાપી નાખનારા, કલ્યાણના સ્થાનરૂપ, ઘણા મંગલ-ચરણને હું નમન કરું છું.૩૫

એમના ચરણને હું નમન કરું છું. નમન (કરવા) સિવાયનું સાધન હું પણ જાણતો નથી, બીજાઓ તો ક્યાંથી જ જાણે? એવું તાત્પર્ય છે. 'નમન કરવાથી શું થાય?' એ સમ્બન્ધમાં 'સારી રીતે પ્રાપ્ત કરવા પ્રયાસ કરનારના ભવનો નાશ કરનારા' એમ કહેલું છે. એમના ચરણની જેઓ 'સમ્' સારી રીતે 'ઈયુષઃ' એની પ્રાપ્તિ થાય. એ માટે એના સમ્બન્ધવાળી કાંઈક પણ ક્રિયા કરે છે, તેમના સંસારને કાપી નાખે છે. (સંસારના) પ્રવાહને મૂલમાંથી કાપી નાખવામાં આવે ત્યારે એ પોતાની મેળે જ અટકી જાય છે, તેથી એમ કહેલું છે. (એ) માત્ર દુઃખ જ દૂર કરે છે એવું નથી, પરંતુ 'કલ્યાણના સ્થાનરૂપ ઘણા મંગલ' વિશેષણોથી કલ્યાણ પણ આપે છે એમ કહેલું છે. 'સ્વસ્તિ' આ લોકના કલ્યાણનું 'અયનમ્' સ્થાન છે. પરલોકના પણ (કલ્યાણ)ને પણ સૂચવનારું 'ઘણા મંગલ' વિશેષણ છે, તેથી ચરણને નમન જ કરવું જોઈએ, એનાથી જ અર્થની પ્રાપ્તિ થાય છે, પરંતુ ભગવાન્ અથવા

ભગવાનના ગુણો 'આ આવું છે' એવી રીતે (ખરા સ્વરૂપથી) જાણી શકાતા નથી. એ પૈકી ગુણોનું જ્ઞાન થઈ શકે એમ નથી, એમ ઉત્તરાર્ધથી કહે છે. જે ભગવાન્ પોતાનું સાધન બનેલી માયાનું 'વિભવમ્' ઐશ્વર્ય પોતે જ 'પર્યગાત્' જાણતા નથી. 'પરિ' ઉપસર્ગ નકારના અર્થવાળો છે, જાણ્યો નથી એવો અર્થ છે. 'સ્મ' શબ્દ પ્રસિદ્ધિના અર્થવાળો છે. આ (શબ્દ)થી એમ કહેવામાં પોતાનો દોષ ન હોવાનું (જણાવેલ છે.) 'માયાનો વૈભવ ભગવાનનો જ છે, તેથી ભગવાન્ પોતાના સમ્બન્ધવાળા પદાર્થને કેમ જાણતા નથી?' એ સમ્બન્ધમાં જેમ 'આકાશ પોતાનો છેડો (જાણતું નથી)' એવું દષ્ટાંત કહેલું છે. અંત હોય ત્યારે તો જે અંતને જાણતો ન હોય તે સર્વજ્ઞ નથી, પરંતુ ન હોય ત્યારે પણ (ન જાણનાર સર્વજ્ઞ ન હોય એવું નથી,) કારણકે સસલાના શીંગડાનું અજ્ઞાન સર્વજ્ઞપણાને અટકાવનારું નથી. જેમ આકાશ સર્વત્ર રહેલું અને અંત વગરનું હોવાથી પોતાનો અંત જાણતું નથી, તેમ ભગવાન્ પણ (પોતાની માયાનું ઐશ્વર્ય જાણતા નથી,) એવો અર્થ છે.૩૫

૧.વેદના તાત્પર્યનું જ્ઞાન.(પ્ર) ૨.(નીચેના શ્લોકથી આરંભી) ત્રણ શ્લોકથી કહે છે.(પ્ર)
૩.ભગવાને વિચારેલ પ્રકારની અર્થપ્રાપ્તિ.(પ્ર)

એવી રીતે ગુણોનું અજ્ઞાન કહીને, નીચેના શ્લોકમાં સ્વરૂપનું પણ અજ્ઞાન જણાવે છે:

**નાઽહં ન યૂયં યદ્દતાં ગતિં વિદુર્ન વામદેવઃ કિમુતાઽપરે સુરાઃ ।**
**યન્માયયા મોહિતબુદ્ધયસ્ત્વિદં વિનિર્મિતં ચાઽઽત્મસમં વિચક્ષ્મહે ।।૩૬।।**

જેમની સત્ય ગતિ હું નથી જાણતો, તમે નથી જાણતા, મહાદેવ નથી જાણતા, તો પછી બીજા દેવો તો ક્યાંથી જ જાણે? જેમની માયાથી મોહ પામેલી બુદ્ધિવાળા તો આ રચેલા (જગત)ને પોતાની યોગ્યતા પ્રમાણે જાણીએ છીએ.૩૬

ભગવાનને કોઈપણ જાણશે એમ ન માનવું, કારણકે જ્યારે આપણે મોટા અધિકારીઓ જ સર્વ પ્રકારથી જાણતા નથી ત્યારે બીજો કેમ જાણશે? એમાં હું બ્રહ્મા, તમે સનકથી આરંભી અંત સુધીના બધા મારા પુત્રો, જેમની 'ऋताम्' સત્યરૂપ ગતિને જાણતા નથી. ભગવાનનું જ્ઞાન દૂર રહ્યું, પરંતુ જે માર્ગથી ભગવાન્ પધારે છે તે ગતિને પણ (આપણે) જાણતા નથી. જેમ મનુષ્યો દેવોની (ગતિ) જાણતા નથી, તેમ આપણે પણ ભગવાનની (ગતિ જાણતા નથી) એવો અર્થ છે. મહાદેવ તો ગુણાવતાર સર્વના ગુરુ છે. અને 'ઈશ્વર પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છવું' એવા વાક્યને લીધે એ જાણતા હશે, એવી શંકા થાય, તેથી 'મહાદેવ નથી (જાણતા)' એમ

કહેલું છે. 'વામદેવઃ' મહાદેવ, બીજાઓ એમનાથી હલકા છે. ન જાણવાના વિષયમાં ઉત્તરાર્ધથી તર્ક કહેલો છે. પહેલાની પેઠે 'જ્ઞાનના સમ્બન્ધવાળી[૧] માયાથી મોહ પામેલી છે બુદ્ધિ જેઓની' (તેવા છે.) બુદ્ધિએ ગ્રહણ કરેલી જ્ઞાનેન્દ્રિયો નક્કી જ્ઞાન ઉત્પન્ન કરે છે. એ સમ્બન્ધમાં જો બુદ્ધિ જ મોહ પામેલી હોય તો જ્ઞાન (થવાની) વાત દૂર (રહી). 'ત્યારે ઇંદ્રિયો ફલ વિનાની થાય.' એ સમ્બન્ધમાં કહે છે કે 'આ રચેલા (જગત)ને પોતાની યોગ્યતા પ્રમાણે જાણીએ છીએ.' ભગવાને જ રચેલા આ જગતરૂપ કાર્યને પોતાની બુદ્ધિને અનુસારે જાણીએ છીએ. આથી[૨] (ભગવાનનું) કાર્ય દેખાડેલું હોવાથી, ભગવાન્ નથી એવો મત ખોટો ઠવાવેલ છો. 'પોતાની યોગ્યતા પ્રમાણે' શબ્દથી (એમ કહેલું છે કે) એ પણ બરાબર જણાતું નથી, નહિ તો (એ જણાતું હોત તો) સારા અનુમાનોથી ભગવાનના બધા ઉત્તમ ગુણો જણાત, કારણકે જગત્ સર્વ ગુણોની પ્રસિદ્ધિરૂપ છે.૩૬

૧.'જ્ઞાનના સમ્બન્ધવાળી' એટલે ચિદ્રૂપ શક્તિ.(પ્ર)    ૨.'આથી' એટલે રચેલ શબ્દથી.(પ્ર)

એવી રીતે જ્ઞાનમાર્ગથી (ભગવાન્) જાણી શકાય તેવા નથી એમ કહીને, નીચેના શ્લોકથી ભક્તિમાર્ગ પણ (એમને જાણવામાં) શક્તિ વિનાનો છે એમ કહે છે :

**યસ્યાऽવતારકર્માણિ ગાયન્તિ હ્યસ્મદાદયઃ ।**
**ન યં વિદન્તિ તત્વેન તસ્મૈ ભગવતે નમઃ ॥૩૭॥**

જેમના અવતારના કર્મોનું આપણે વગેરે નક્કી ગાન કરીએ છીએ, તત્વથી જેમને જાણતા નથી, તે ભગવાનને નમસ્કાર.૩૭

સિદ્ધિ (ભગવાનની સંનિધિમાં કરાતી) ભક્તિ તો નથી જ. કોઈએ પણ કોઈ પણ રીતે પરંપરાથી ભક્તિ કરવી જોઈએ. એ પરંપરાભક્તિમાં ગુણોનું કીર્તન (કરવું) ઉત્તમ છે, તેથી આપણે વગેરે અવતારના કર્મોનું ગાન કરીએ છીએ. 'અવતાર' શબ્દથી એમ સૂચવેલ છે કે એમના[૧] કર્મો પણ જાણતા નથી. 'કર્મ' શબ્દથી (એમ જણાવ્યું છે) ગુણો તો નથી જ જણાતા, કારણકે ગુણો ઉત્તમપણું કરાવનારા છે, અને ભગવાનના કયા ગુણો ભગવાન્ સર્વથી ઉત્તમ હોવાનું અથવા એમની બીજી સરસાઈ કરાવનારા છે, એવું જ્ઞાન દુર્લભ છે, અને અવતાર શબ્દથી શરીર અને આકૃતિથી ભગવાન્ છુપાઈ રહેલા હોવાથી, કાર્યના જ્ઞાનની પેઠે (એમની) ભક્તિ પણ ઉપાધિવાળી હોવાનું જણાવેલ છે. 'ત્યારે શા માટે (કર્મોનું) ગાન કરે છે?' એવો પ્રશ્ન થાય, તેથી કહેલ છે કે 'ગાન કરે છે.' ગાન કરવાથી સુખ થાય છે તેથી બીજાના ગાન કરતાં ભગવાનના ગુણોનું ગાન થાય ત્યારે સુખ પ્રગટ થતું અનુભવાતું

હોવાથી એમનું જ ગાન કરે છે, એવો અર્થ છે 'હિ' નક્કી શબ્દથી આ જ અર્થ કહેલો છે. 'તત્વમ્' તત્વ એટલે આ આવા પ્રકારનું છે (એવું જ્ઞાન). છતાં પણ જ્ઞાન અને અજ્ઞાનથી વિચારેલા કોઈક ભગવાન્ છે એવો નિશ્ચય કરીને, બંને માર્ગોમાં એમના વિશે બીજું કાંઈ કરવા યોગ્ય ન હોવાથી, નમન જ કરવું જોઈએ એમ 'તેમને (નમસ્કાર)' શબ્દથી કહેલ છે. જોકે એ સર્વ પ્રમાણોથી પર છે, છતાં પણ સર્વત્ર પ્રસિદ્ધ છે, અને તેથી એમને નમન જ કરવું યોગ્ય છે, બીજું કાંઈ નહિ; અને નમન પણ 'હે હરે કૃષ્ણ! (આપ) જેવા છો તેવાને નમસ્કાર નમસ્કાર' એમ કરવું ૩૭

૧.'એમના' એટલે મૂળસ્વરૂપ પુરુષોત્તમના. એવી રીતે આ ૩૫ થી ૩૭ ત્રણ શ્લોકોથી એમ સિદ્ધ થયું છે કે જ્ઞાન અને ભક્તિ દુર્લભ છે, માત્ર દીનતા જ ભગવાનને પ્રસન્ન કરવાનું સાધન છે, અને એનાથી ભગવાને વિચારેલ પ્રકારે જીવે ઈચ્છેલાની સિદ્ધિ થાય છે, તેથી (ભગવાનને) નમન જ કરવું.(પ્ર)

એ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જણાવીને, પહેલા કહેલી સૃષ્ટિનો ઉપસંહાર કરતાં તત્વ (એવી સ્થિતિ)નો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે :

**સ એષ આદ્યઃ પુરુષઃ કલ્પે કલ્પે સૃજત્યજઃ ।**
**આત્માઽત્મન્યાત્મનાઽઽત્માનં સંયચ્છતિ ચ પાતિ ચ ।।૩૮।।**

આ એ જન્મરહિત આદ્યપુરુષ કલ્પે કલ્પે પોતે પોતાની અંદર પોતાથી પોતાને રચે છે, અને મારે છે અને રક્ષણ કરે છે.૩૮

જેમને આપણે જાણતા નથી, આ એ જ હમણાં આપણી બુદ્ધિમાં રહીને બધું કરે છે એમ (કહે છે.) એ જ સૃષ્ટિ રચનાર હોવાનું કારણ 'આદ્ય' શબ્દથી, (અને) 'પુરુષ' શબ્દથી સાધન કહેલ છે. 'કલ્પે કલ્પે' શબ્દોથી એક વાર (જ) સૃષ્ટિ કરતા ન હોવાનું (કહ્યું.) જન્મ રહિત' શબ્દથી (એ) પોતે સદા એક સ્વરૂપના હોવાનું (કહ્યું.) કર્તાપણું પોતાના જ હોવાનું કહે છે. 'આત્મા' પોતે જ કર્તા, 'આત્મનિ' પોતાની અંદરના જ સ્થાનમાં, 'આત્માના' પોતારૂપ જ કરણથી, 'આત્માનમ્' વિશ્વરૂપ પોતે જ કર્મ (થાય છે.) આથી બીજા પણ વિભક્તિઓના અર્થ જાણવા. માત્ર ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ, પરંતુ 'સંયચ્છતિ' મારે પણ છે. 'પાતિ' રક્ષણ કરે છે. બે 'ચ' 'અને' શબ્દો જુદો પદાર્થ હોવાનું નકારે છે. અથવા જ્યારે સંહાર પણ કરે છે ત્યારે ઉત્પન્ન પણ કરે છે, એમ એક (કાર્યમાં) પણ બીજાનો સમ્બન્ધ જણાવવા (યોજેલા છે) આ વિષયમાં તર્ક તો (એવો છે કે) ઘણો યોગ પ્રાપ્ત કરેલ (યોગી) બહારના સાધન વિના જ પોતાની ઈચ્છાથી ઘણા રૂપવાળો થાય છે. ભગવાનમાં તો યોગ વગેરે હોવાની પણ જરૂર નથી, કારણ સર્વશક્તિવાળું સ્વરૂપ

જ એવું[2] (એવાં કાર્ય કરનારું) થયેલ છે.૩૮

૧. ઉત્પન્ન કરતા હોય અથવા મારતા હોય ત્યારે પણ પાલન કરતા હોય છે એમ જણાવવા.(પ્ર)

૨. 'એવું' એટલે સાધન થયેલું. વસ્તુનો સ્વભાવ જ તર્ક છે એવો અર્થ છે.(પ્ર)

'આ ભગવાનનો માર્ગ સારો નથી, આના કરતાં બ્રહ્મ આત્માનું સ્વરૂપ છે જેમાં તેવો જ્ઞાનમાર્ગ જ ઉત્તમ છે, કારણકે એ જાણી શકાય છે' એવી શંકા કરી, એ મત કહીને એના દોષ દર્શાવવાનું નીચેના બે શ્લોકોથી કરે છે :

**વિશુદ્ધં કેવલં જ્ઞાનં પ્રત્યક્ સમ્યગવસ્થિતમ્ ।**
**સત્યં પૂર્ણામનાદ્યન્તં નિર્ગુણં નિત્યમદ્વયમ્ ।।૩૯।।**
**ઋષે વિદન્તિ મુનયઃ પ્રશાન્તાત્મેન્દ્રિયાશયાઃ ।**
**યદા તદૈવાઽસત્તર્કૈસ્તિરોધીયેત વિપ્લુતમ્ ।।૪૦।।**

હે ઋષિ! જ્યારે પ્રશાંત આત્મા ઈંદ્રિયો અને અંતઃકરણવાળા મુનિઓ, વિશુદ્ધ કેવલ, અંદરનું, સાધુ, અચલ, સત્ય, પૂર્ણ, આદિ અને અંતરહિત, નિર્ગુણ, નિત્ય, દ્વૈતરહિત જ્ઞાન પ્રાપ્ત કરે છે તે જ સમયે (એ) દોષવાળા તર્કોથી નાશ પામી તિરોહિત થાય છે.૩૯-૪૦

આ બાર ગુણો નક્કી દેહથી આત્માનો ભેદ જણાવનારા છે. એઓ જાણવામાં આવે ત્યારે દેહ વગેરેમાં 'હું મારું' એવી મોહથી ઉત્પન્ન થયેલી દોષવાળી સ્થિતિનો ત્યાગ કરે, એવું પરિણામ આવશે. (૧)એમાં દેહ તો મળ મૂત્ર વગેરેથી ભરેલો હોવાથી અત્યંત મલિન અને અશુદ્ધ છે, આત્મા તો સારી રીતે શુદ્ધ છે શુદ્ધ અને અશુદ્ધ બે એક થતા નથી જ. આથી એમ કહેવાયું છે કે આત્માને કોઈપણ સંસ્કારની જરૂર નથી. વળી (૨)આ (આત્મા) કેવલ છે, એક જ સાહાય્ય કરનાર વિનાનો છે, દેહ તો પુત્ર વગેરે સર્વ સાથેનો છે. આત્મા એક હોવાનું જાણવામાં આવે ત્યારે પુત્ર વગેરેની ચિંતા દૂર થાય છે. તેથી વૈરાગ્ય પ્રાપ્તિ થાય છે. એવી રીતે પરિત્યાગ અને વૈરાગ્ય જણાવ્યા. વળી (૩)આ આત્મા જ્ઞાનરૂપ છે. દેહ તો જાણવાનો પદાર્થ છે આથી જ્ઞાન[1] માટે પણ પ્રયત્ન નકારી કાઢ્યો છે, કારણકે આત્મા 'જ્ઞેય' જાણવાનો પદાર્થ નથી. શાસ્ત્રો તો દૂરથી (એનો) પરિચય કરાવનારા છે. તેથી આત્મા વડે પોતે જણાઈને અસ્તિત્વ પ્રાપ્ત કરે છે. તેથી એ પ્રમાણે એ(આત્મા)ના સમ્બન્ધથી પોતે જ પ્રમાણ (થાય છે) એમ જણાવતાં. આત્માનો બોધ કરનારા છે એમ લક્ષણાથી કહેવાય છે. તેથી આત્માની આવા પ્રકારની સ્થિતિ જાણવામાં આવતાં,(એના) જ્ઞાન માટેનો પ્રયાસ પણ તજવો[2] એમ કહેવાયેલ છે. વળી (૪)આ આત્મા 'અંદરનો' છે,

અંદરના તરીકે જાણવાનો છે, દેહ તો બહારનો છે. તેથી આત્માની આવી સ્થિતિ જાણવામાં આવે ત્યારે યોગ પણ વ્યર્થ છે, કારણકે એ પોતાના કાર્યથી આત્માનું ભાન કરાવી જેમ મથન કરવાથી અગ્નિ બહાર નીકળે છે તેમ આત્માને બહાર કાઢે છે. છુપાયેલા (આત્મા)ને પ્રગટ કરે છે, તેથી યોગનો ઉપયોગ છે' તેથી (૫)'સાધુ' કહેલ છે. આત્મા જેવો છે તેવો જ સારો છે, પરંતુ પ્રકટ થયેલો (સારો) નથી. વળી દેહથી ભેદ (જણાવે છે.) દેહ તો સારો નથી, કારણકે (એ) જેવો છે તેવો જ રાખવાનો નથી, પરંતુ સંસ્કારોથી ઉત્તમ બનાવવાનો છે. વળી (૬)આ આત્મા 'અવસ્થિતઃ' અચલ છે તેથી એને સ્થિર કરવા માટે ગ્રહણ કરવા અને તજવારૂપ મનન કરવાનું નથી, કારણકે સ્થિર ન હોય તેને તર્કથી સ્થિર કરવું જોઈએ દેહથી જુદાપણું તો પ્રસિદ્ધ જ છે, કારણકે દેહ સંપૂર્ણ રીતે અસ્થિર છે. આથી એમ કહેલું છે કે નાડીઓને શુદ્ધ કરવા વગેરેથી દેહને પવિત્ર કરવાનો પ્રયાસ પણ વ્યર્થ છે. વળી (૭)આ આત્મા સત્ય છે, સદા એક સ્વરૂપવાળો છે, દેહ તો તેવો નથી એ સ્પષ્ટ જ છે. આથી સમય જતાં આત્માની સ્થિતિ બદલાઈ જશે એવી શંકાથી યોગ વગેરેથી પ્રયત્ન કરવાનું નકારી કાઢેલ છે. વળી (૮)આ આત્મા પૂર્ણ છે, દેહ તો હદવાળો છે, આથી એમ સૂચવેલ છે કે આત્માનું ન્યૂનપણું દૂર કરવા માટે પણ પ્રયત્ન કરવાનો નથી, કારણકે એ પોતાથી જ પૂર્ણ છે. 'પૂર્ણ હોવા છતાં સદા એક સ્વરૂપવાળા હોવા છતાં આકાશ વગેરેના આવરણ દૂર કરવાથી (એ) વિશાળ કરાય છે. એવી રીતે આત્માની પણ ઉપાધિઓ દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ' એવી શંકા થાય. એ (૯)'આદિ અને અંતરહિત' શબ્દથી ખોટી ઠરાવે છે. જેના આદિ અને અંત, ઉત્પત્તિ અને પ્રલય છે તે પોતાની જાતના ઘડો વસ્ત્ર વગેરેના સમ્બન્ધમાં આવે છે, તેથી એઓને ઉપાધિઓ હોવાનું સંભવે છે. અતંઃકરણ શરીર અથવા બીજું (કાંઈ) આત્માનું આવરણ હોવાનું સંભવતું નથી, કારણકે (આત્મા) વિકારરહિત, સંગરહિત અને વ્યવહાર ન થાય[૩] તેવો છે. તેથી કોઈપણ અંશથી (એની) ઉત્પત્તિ અને પ્રલય (થતા) ન હોવાથી, ઉપાધિ દૂર કરવા માટે પણ પ્રયત્ન કરવો પડતો નથી. દેહ વગેરે તો એના પ્રકાશથી જણાય છે,[૪] પરંતુ એની ઉપાધિઓ નથી; તેથી આત્માની એવી સ્થિતિ જાણવામાં આવતાં, દેહ માટેનો પ્રયત્ન પણ વ્યર્થ છે. 'ગુણોથી ખળભળાટ થવાનું સંભવતું હોવાથી એવા પ્રકારની સ્થિતિ રહે નહિ, તેથી સદા એવી સ્થિતિ રહે એ માટે ગુણોથી થતો ખળભળાટ ન થવા દેવા પ્રયત્ન કરવો જોઈએ' એવી શંકા થાય, તેથી (૧૦)'નિર્ગુણ' કહેલ છે, કારણકે આત્માને ગુણો નથી. આ સત્વ વગેરે પ્રકૃતિના ગુણો છે. (પોતાની સાથે) સમ્બન્ધ વિનાના બીજાના ગુણોથી આત્મામાં

ખળભળાટ ન જ થાય; તેથી એ માટે પણ પ્રયત્ન કરવાનો નથી. વળી આવા સ્વભાવવાળો આત્મા સદા છે, પરંતુ કોઈક સમયે જ નથી એમ (૧૧)'નિત્ય' શબ્દથી કહેલ છે. ઓળખાવનાર તરીકે જેટલા આત્માના (ગુણો) (કહ્યા તે ગુણો) સાથેનો આત્મા નિત્ય છે, પરંતુ એ (ગુણો) એમાં ઉત્પન્ન કરાતા નથી, તેથી એને એવો સાબિત કરવા માટે પણ પ્રયત્ન કરવાનો નથી. વળી જો આ આત્મા આનંદમય ન હોય, તો (એને) ભગવાનનું સાયુજ્ય અથવા બ્રહ્મપણું પ્રાપ્ત કરાવવાનું હોત, પરંતુ આ જ 'આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે' એ શ્રુતિ પ્રમાણે અને 'હે અર્જુન ! હું આત્મા છું, એ વાક્ય પ્રમાણે બ્રહ્મ (એટલે) ભગવાન્ છે, તેથી ભગવાનનું સાયુજ્ય અથવા બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત કરાવવા) માટે પ્રયત્ન કરવાનો નથી, એમ (૧૨)'દ્વૈતરહિત' શબ્દથી કહેલું છે, કારણકે આત્મા બે રૂપવાળો નથી, પુરુષ અને ઈશ્વરમાં આ (વિષય)માં જરાયે ભેદ નથી, કારણકે 'જે આમાં જુદાપણા જેવું જુએ છે તે મૃત્યુનું પણ મૃત્યુ પામે છે' એવું (વાક્ય છે) અને 'એ જુદો અને હું જુદો' એવું નિંદાના વચનનું શ્રવણ (થાય છે,) કારણકે આત્મામાં ઘણાપણું નથી, ભેદ તો દૂર (રહ્યો.) એ સર્વત્ર એક સ્વરૂપવાળો, સર્વત્ર ખળભળાટ ન થાય તેવો, સર્વત્ર ઉત્પત્તિ અને વિનાશના ગુણ વિનાનો, સર્વત્ર હદ વિનાનો, સર્વત્ર એક પ્રકારનો, સર્વત્ર નિશ્ચલ, સર્વત્ર સાધુ, સર્વત્ર અંદર સ્ફૂર્તિ થાય તેવો, સર્વત્ર જ્ઞાનરૂપ, સર્વત્ર સંગરહિત ઉદાસીન, અને શુદ્ધ (છે,)૫ એવા (એને) ઓળખાવનારના પ્રકારથી આત્મા જાણવામાં આવે ત્યારે કૃતાર્થ થાય છે, કારણકે કાંઈપણ કરવાનું રહેતું નથી.૩૯

૧.કપિલ વગેરે પેઠે સિદ્ધ થઈ રહેવું.(પ્ર)

૨.આકાશનો શબ્દ રૂપથી વિકાર થાય છે તેથી એ એવા રૂપથી અને અંતવાળું છે. જ્યારે આત્મા તો શ્રુતિ પ્રમાણે અવિનાશી છે, તેથી આકાશથી જુદા પ્રકારનો છે, આકાશને કેટલાકના મત પ્રમાણે ઘટ પટ વગેરેનો સંયોગ છે, આત્માને નથી, કેટલાકના મત પ્રમાાણે સંયોગ સ્પર્શનો પ્રકાર છે. આકાશનો સ્પર્શ એમના મત પ્રમાાણે ન હોવા છતાં અવકાશ રૂપથી આકાશનો વ્યવહાર થાય છે, આત્માનો વ્યવહાર થતો નથી.(પ્ર)ભા–૨૪

૩.દેહ વગેરે આત્માના પ્રકાશથી જણાય છે, તેથી એ ઉપાધિ હોવાનું ક્હેવાય છે, પણ ઉપાધિ નથી.(પ્ર)

૪.આત્મા દ્વૈતરહિત નજીક્માં જ કહેલ છે, તેથી એના બાકીના ગુણો ઉલટા પ્રકારથી ક્હીને એઓનો અર્થ જણાવે છે.(પ્ર)

એવી રીતે આત્માના જ્ઞાનનો માર્ગ કહીને એ મતના દોષ ચાલીસમા શ્લોકમાં કહે છે :

હે ઋષિ નારદ ! તું મંત્રદ્રષ્ટા હોઈ સર્વ સિદ્ધાંત જાણે છે. આત્મા આવો છે એવા

એટલા (જ્ઞાન)થી શું (વળે?) જે અનર્થ જોવામાં આવે છે તે બંધ થવાની જરૂર છે. જો આત્મા આવો હોવા છતાં પણ સંસાર થાય, તો મોક્ષ ન થાય. ભ્રમથી (અનર્થ) જણાતો હોય તોપણ ભ્રમ કાઢી નાખવો જોઈએ. એવા પ્રકારના જ્ઞાનથી જ નીકળી જાય છે એ મત પ્રમાણે પણ જ્ઞાન પ્રમાણથી પ્રાપ્ત કરવું જોઈએ. એ પ્રમાણ વેદ હોઈ શકે નહિ, કારણકે ઘણા વાદીઓ જુદા જુદા મતના છે, પરંતુ પ્રમાણ સાથેનું યોગવાળું મન જ આત્મા એવો હોવાનું જણાવે છે. એ મતને સ્વીકારીને (એના) દોષ કહે છે. મુનિઓ સદા મનન કરવાના સ્વભાવવાળા, અને જેમના આત્મા અને ઈંદ્રિયો અશાંત હોય તેવા શુદ્ધ અતંઃકરણવાળા, ઈંદ્રિયો ઉપર વિજય (કાબૂ) પ્રાપ્ત કરેલા હોય, તેઓ મનન કરે ત્યારે જ આત્મા પ્રકાશે છે, એ જ ગુણોનું સ્વરૂપ દોષવાળા તર્કોથી ખોટી યુક્તિઓથી નાશ પામી 'તિરોભૂયેત' તિરોહિત થાય. સદા આવા (ગુણવાળા) આત્માનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવતાં, કોઈપણ સમયે સંસારની સ્ફૂર્તિ ન થાય, અને એવું નિરીક્ષણ હોય ત્યારે સંસારની સ્ફૂર્તિ થતી હોય તો મોક્ષ ન થવાનો જ પ્રસંગ થાય, અને શાસ્ત્ર ફલ વિનાના થાય. તેથી જાણવામાં આવેલ (શાસ્ત્રોની) નિષ્ફલતાને લીધે આ (નીચે પ્રમાણે) માનવું જોઈએ.

'જે મુનિઓ પ્રશાંત આત્મા ઈંદ્રિયો અને અંતઃકરણવાળા હોય, તેમને એવા (શ્લો. ૩૯માં કહેલ ગુણવાળા) આત્માનું ભાન થાય, ત્યારે (એમને) સંસાર ન થાય. બીજાઓને (આત્માનું) એવું ભાન ન થાય ત્યારે એમનો સંસાર રહે. એવી રીતે જાણેલી અને ન જાણેલી કથામાં પણ, સારા તર્ક સાથેના વેદ વગેરે પ્રમાણથી એનું ભાન થાય છે, (અને) દોષવાળા તર્કથી એ નાશ પામી તિરોહિત[1] થાય છે.' તેથી આનું નિયમન કરવા માટે કાંઈક સ્વીકારવું જોઈએ કે જે કરવામાં આવતાં દોષવાળા તર્કોનો પણ પરાભવ કરીને જ્ઞાનનો ઉદય થાય. શાંતિ વગેરે તો આરંભમાં સંભવતાં નથી, કારણકે એઓનું સાધન[2] નથી. સાધન વિના પણ જો થતાં હોય તો સદાયે થાય, તેથી એવું એક સાધન કહેવું જોઈએ કે જે સદા સફલ રહે. જો (આ સાધન) ભક્તિ હોય તો આત્માને જાણવાની જરૂર નથી, કારણકે ભક્તિ સ્વતંત્રપણાથી જ મોક્ષ આપે છે, અને એવા (જ્ઞાનરૂપ) ભગવાન્ આત્મા છે, તેથી ભક્તિ વિનાનો એ (જ્ઞાન)માર્ગ ફળતો નથી, અને ભક્તિ થાય, ત્યારે એ માર્ગનું શું પ્રયોજન? તેથી બંને પ્રકારે એ (જ્ઞાન) ઉત્તેજક નથી, [1]તેથી ભગવાનનું આત્મા બનેલું એ એક સ્વરૂપ છે,[3] એવું આ ભગવાનનું માહાત્મ્ય, અથવા વિભૂતિ છે, તેથી બાલકોના હાથ ઉપર ચંદ્ર હોવાની[3] બુદ્ધિ જેવી (જ્ઞાન) આત્મા હોવાની બુદ્ધિ

હોવાથી, એના માત્ર શ્રવણથી કાર્યની સિદ્ધિ થતી નથી, એવું તાત્પર્ય છે.૪૦

૧.જ્ઞાનનું સ્વરૂપ સ્ફુરેલું હોવા છતાં, સાધન દુર્બળ હોવાથી એનું સ્વરૂપ હણાઈ જતાં એનો તિરોભાવ થાય છે તેથી ફરી સંસાર પ્રાપ્ત થાય છે.(પ્ર)

૨.નિત્ય અને અનિત્ય વસ્તુઓનો વિવેક વગેરે સાધન ન હોવાથી.(પ્ર)

૩.'આત્મા બ્રહ્મ છે' એવી શ્રુતિ છે. ગીતામાં પણ ભગવાન્ સર્વાત્મા હોવાનું કહેલ છે. એ સર્વનો વિરોધ કેમ દૂર થાય?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. ભગવાનનું એક ભોગ કરનારું સ્વરૂપ છે. તેથી વિરુદ્ધ ધર્મોના આધારરૂપ ભગવાનનું માહાત્મ્ય જણાવવા એવા વાક્યો છે. ગીતામાં પ્રશ્નને અનુસારે એ પ્રયોજનથી વિભૂતિરૂપ કહેલ છે. એ વાક્યોથી ચંદ્રનું દૃષ્ટાંત કહ્યું. તે પ્રમાણે પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરાવવા જ એવા વચનો છે, તેથી વિરોધ નથી.(પ્ર)

એ પ્રમાણે જુદા મતનો નિરાસ કરીને 'અવતારના કર્મોનું ગાન કરે છે' એમ કહેલું હોવાથી, એ અવતારો કયા એ જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**આદ્યોઽવતારઃ પુરુષઃ પરસ્ય કાલઃ સ્વભાવઃ સદસન્મનશ્ચ ।**
**દ્રવ્યં વિકારો ગુણ ઈંદ્રિયાણિ વિરાટ્ સ્વરાટ્ સ્થાસ્નુ ચરિષ્ણુ ભૂમ્નઃ ।।૪૧।।**

સમર્થ પરનો પહેલો અવતાર પુરુષ છે, (પછી) કાલ, સ્વભાવ, સત્ અને અસત્ અને મન, દ્રવ્ય, વિકાર, ગુણ, ઈંદ્રિયો, વિરાટ્, સ્વરાટ્, સ્થાવર અને જંગમ (અવતારો છે.)૪૧

'પર' બ્રહ્મ પુરુષોત્તમનો પહેલો અવતાર પ્રકૃતિનો ભર્તા પુરુષ છે, બીજો કાલ, ત્રીજો સ્વભાવ, સત્ અને અસત્ કર્મ અથવા પ્રકૃતિ, અને મન. આ મન આધિદૈવિક છે, જે સંકલ્પ દ્વારા કામ ઉત્પન્ન કરનારું છે અને જેમાંથી સૃષ્ટિ થાય છે. એના પછી બીજા પણ અવતારો છે એમ કહે છે : 'દ્રવ્યમ્' પાંચ મહાભૂતો, 'વિકાર' અહંકાર, 'ગુણાઃ' ત્રણ અથવા પાંચ તન્માત્રાઓ, ઈંદ્રિયો, દશ, 'વિરાટ્' બ્રહ્માંડ દેહ, 'સ્વરાટ્' એ(દેહને)અભિમાની, 'સ્થાસ્નુ' સ્થાવર, 'ચરિષ્ણુ' જંગમ, આ સર્વ, 'ભૂમ્નઃ' ઘણા સમર્થ (પુરુષોત્તમ)ના સર્વ અવતારો છે. 'અવતાર' એટલે નીચે આવવું, મૂલ સ્થાનમાંથી આ લોકમાં આવવું. વાસ્તવિક રીતે ત્યાં (મૂલ સ્થાનમાં) રહેલા એક જ ભગવાન્ સર્વરૂપથી આવેલા હોવાથી એ બધુંયે અવતારરૂપ છે.૪૧

ભગવાન્ પુરુષોત્તમ હોવાથી, સમાન જાતિવાળાઓમાંથી ઉત્તમ પ્રકારના ગુણવાળા જો હોય[1] તો આ આગળ કહેવામાં આવે છે, એમ એઓને નીચેના

શ્લોકોથી ગણાવે છે :

**અહં ભવો યજ્ઞ ઈમે પ્રજેશા દક્ષાદયો યે ભગવદાદયશ્ચ ।**
**ભૂલોકપાલા ભુવર્લોકપાલાઃ સ્વર્લોકપાલાસ્તલલોકપાલાઃ ।।૪૨।।**
**ગન્ધર્વવિદ્યાધરચારણેશા યે યક્ષરક્ષોરગનાગનાથાઃ ।**
**યે વા ઋષીણામૃષભાઃ પિતૃણાં દૈત્યેન્દ્રિયસિદ્ધેશ્વરદાનવેન્દ્રાઃ ।**
**અન્યે ચ યે પ્રેતપિશાચભૂતકૂષ્માણ્ડયાદોમૃગપક્ષ્યધીશાઃ ।।૪૩।।**
**યત્ કિઞ્ચ લોકે ભગવન્મહસ્વદોજઃસહસ્વદ્બલવત્ક્ષમાવત્ ।**
**શ્રીહ્રીર્વિભૂત્યાત્મવદદ્ભુતાર્ણાં તત્વં પરં રૂપવદસ્વરૂપમ્ ।।૪૪।।**

હું, મહાદેવ, યજ્ઞ, આ પ્રજાના દક્ષ વગેરે જે ઈશ્વરો અને તમો વગેરે, ભૂર્લોકનું પાલન કરનારા, ભુવર્લોકનું પાલન કરનારા, સ્વર્લોકનું પાલન કરનારા, તલલોકનું પાલન કરનારા ગાંધર્વ વિદ્યાધર અને ચારણોના ઈશ્વરો, જે યક્ષ રાક્ષસ, સર્પ અને નાગના નાથો, અને જે ઋષિઓમાં ઉત્તમો (અને) પિતૃઓમાં ઉત્તમ (છે તે,) ઉત્તમ દૈત્યો સિદ્ધોના ઈશ્વરો, ઉત્તમ દાનવો, અને બીજા જે પ્રેત પિશાચ ભૂત, કુષ્માંડ, જલચર જનાવર અને પક્ષીના ઈશ્વરો, જે કાંઈ લોકમાં ભગવાળું, ઈંદ્રિયોની શક્તિવાળું, મનની શક્તિવાળું બલવાળું, ક્ષમાવાળું (છે તે,) શોભા, લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ, અદ્ભુતવર્ણ, રૂપવાળું સ્વરૂપ વિનાનું (જે કાંઈ છે) તે તત્વ છે.૪૨-૪૪

પોતાથી હલકા પોતાના સેવકોમાંથી ઘણામાં ઉત્તમપણું હોય, તેથી એ સર્વ ભગવાનના અવતારો છે. એ પૈકી પહેલો હું બ્રહ્મા છું. 'ભવઃ' મહાદેવ, 'યજ્ઞઃ' યજ્ઞનારાયણ, આ મરીચિ વગેરે પ્રજાના ઈશ્વરો, એઓમાં બીજા કલ્પમાં દક્ષ મુખ્ય હતો, તેથી દક્ષ વગેરે (પ્રજાના ઈશ્વરો) તમે મુખ્ય છો જેઓમાં, તે તમે વગેરે ભક્તો. 'ચ' 'અને' શબ્દ હોવાથી સનક વગેરે. એ પ્રમાણે સ્વભાવથી મુખ્ય કહીને, ઉત્તરાર્ધથી અધિકારથી મુખ્ય કહેલા છે. જુદો પાઠ 'ભૂર્લોકપાલાઃ' હોય ત્યારે 'ભૂર્' એ અવ્યય છે. ભૂમિના લોકપાલો (એટલે) પૃથ્વીલોકનું પાલન કરનારાઓ, 'ભુવર્લોકપાલાઃ' અંતરિક્ષ લોકનું પાલન કરનારા, 'સ્વર્લોકપાલાઃ' ઉપરના લોકનું પાલન કરનારા. 'તલલોકપાલોઃ' નીચેના લોકનું પાલન કરનારા, ગંધર્વ વગેરેના જે ઈશ્વરો છે, યક્ષો વગેરેના જે નાથો છે તે. 'રક્ષોરગ' એ સંધિ વૈદિક છે. ગંધર્વ વગેરે રાજસો, યજ્ઞ વગેરે તામસો, ઋષિઓમાં ઉત્તમ સાત્વિકો છે. પિતૃઓમાં (ઉત્તમ) (ગુણોના) મિશ્રણવાળા છે એવું પહેલા (કહેલાઓ)માં પણ (જાણવું.) ઉત્તમ દૈત્યો વગેરે (અનુક્રમે) રાજસ, સાત્વિક અને તામસ છે. હવે તમોગુણના મિશ્રણવાળા તામસોને કહે છે. આમનું સ્વરૂપ ત્રીજા સ્કંધમાં કહેવામાં આવશે. પ્રેત વગેરેના જે

ઈશ્વરો છે. વળી જે કાંઈ ઉત્તમ ગુણ ભગ વગેરે ઐશ્વર્ય વગેરે ભાગ્ય, તે જેમનામાં હોય તે સર્વ વસ્તુઓ અને પ્રાણીઓ, 'મહઃ' તેજ, 'ઓજઃ' ઈંદ્રિયોની શક્તિ, 'સહઃ' મનની શક્તિ, 'ઓજસ્ સાથેનું સહઃ' શબ્દોથી મન અને ઈંદ્રિયો પરસ્પર ઉપકાર કરનારા હોવાથી, એ બે શક્તિઓ એક હોય તેમ 'ઓજઃસહસ્વત્' શબ્દથી કહેલ છે. 'બલમ્' દેહની શક્તિ, 'ક્ષમા' સહન કરવાની શક્તિ, આભ વગેરે પદાર્થો અહીં ઉત્તમ જ કહેવા ઈચ્છેલા છે. 'શ્રી' શોભા, 'હ્રી' લજ્જા, 'વિભૂતિઃ' લક્ષ્મી, 'આત્મા' બુદ્ધિ. શોભાથી આરંભેલા ચાર જેનામાં છે તે તેવો કહેલો છે. વળી 'અદ્ભુતાર્ણમ્' અદ્ભુત વર્ણવાળો, વિચિત્ર રૂપવાળો અથવા ગાય વગેરે. વધારે હોવાથી શું? જે કાંઈ રૂપવાળું 'મૂર્ત' એટલે પ્રકાશ તું, તે સર્વ પરમ જ તત્વ છે. વળી જે સ્વરૂપ વિનાનું આકાશ વગેરે અમૂર્ત છે તે પણ તત્વ છે એવો અર્થ છે, કારણકે સ્વરૂપ વિનાના તરીકે અથવા રૂપવાળા તરીકે એની પણ પ્રસિદ્ધિ છે.૪૪

એવી રીતે ઉત્તમ ગુણવાળા તરીકે જે કાંઈ લોકમાં પ્રસિદ્ધ છે તે જ ભગવાનના અવતારરૂપ છે એમ કહીને, જે સાક્ષાત્ સચ્ચિદાનંદરૂપ, ઐશ્વર્ય વગેરે સર્વ ગુણો સાથેનું છે તે મુખ્ય ભગવાનના અવતારરૂપ તને કહીશ એમ નીચેના શ્લોકમાં કહે છે :

**પ્રાધાન્યતો યાનૃષ આમનન્તિ લીલાવતારાન્ પુરુષસ્ય ભૂમ્નઃ ।**
**આપીયતાં કર્ણકપાયશોષાનનુક્રમિષ્યે ત ઈમાન્ સુપેશાન્ ।।૪૫।।**

હે ઋષિ ! ભૂમા પુરુષના જે લીલાવતારો મુખ્ય રીતે કહે છે તે કર્ણના મલનો નાશ કરનારાનું પાન કર. તારા માટે આ મનોહર (અવતારો) હું અનુક્રમે કહીશ.૪૫

હે 'ઋષિ !' એવું એનું શ્રવણ કરવાના અધિકારીને જણાવનારું સંબોધન છે. જોકે ભગવાનની સૃષ્ટિમાં બધુંયે અવતારરૂપ છે એવો મુખ્ય પક્ષ છે, છતાં પણ એવાની લોકમાં અવતાર તરીકે પ્રસિદ્ધિ ન હોવાથી, લોકમાં જે અવતારો 'પ્રાધાન્યેન' મુખ્ય રીતે કહેવામાં આવે છે, તેઓનું 'લીલાવતાર' એવું નામ છે, અને વળી 'એ અવતારો કોના? એ જાણવાની ઈચ્છા થાય, તેથી (કહે છે કે) બ્રહ્માંડથી અધિક અંતર્યામી સ્વરૂપવાળા ભૂમા પુરુષ બીજા ધ્યાનમાં કહેલ છે, તેના અવતારો છે, કારણકે દેહ જીવ અને અંતર્યામી (અનુક્રમે) સચ્ચિત્ અને આનંદરૂપ છે, તે પૈકી અનુકમે દેહ અને જીવ કહ્યા. હવે અંતર્યામી સ્વરૂપો કહેવામાં આવે છે તેથી પાન કર, કારણકે એઓ બહાર રાખવા યોગ્ય નથી, વચમાં પણ (રાખવા યોગ્ય) નથી. પરંતુ સર્વની અંદર કરવાના (રાખવાના) હોવાથી 'આ' સર્વ તરફથી 'પીયતામ્' પાન કર, એવો અર્થ છે. 'કર્ણના મેલનો નાશ કરનારા' વિશેષણથી એઓના શ્રવણનું ઉત્તમ

ફલ કહેલું છે. જોકે સર્વ ભગવાનનું ચરિત્ર છે, છતાં પણ લૌકિક દોષથી કર્ણ દુષ્ટ થયેલ હોવાથી ભગવાનના ચરિત્ર(ના શ્રવણ)માં રુચિ ઉત્પન્ન થતી નથી. એ પૈકી કર્ણના મલનો નાશ કરનારું હોવાથી આનું શ્રવણ થશે ત્યારે સર્વ (ચારિત્ર)માં રુચિ ઉત્પન્ન થશે એવો અર્થ છે. તેથી જ 'અનુક્રમિષ્યે' હું અનુક્રમથી કહીશ. 'તે' તારા માટે કહીશ, કારણકે ઉત્તમ પ્રકારનો તું જ અધિકારી છે 'આ' (એટલે મારી) બુદ્ધિમાં રહેલા. 'સુપેશલાન્' શબ્દથી ઘણા આડંબરથી કહેવાનું પ્રયોજન જણાવેલ છે. (એનો અર્થ) ઘણા સુંદર, મનોહર (છે.) કહેવાની પ્રતિજ્ઞા જુદા આરંભથી કહેવાનું કારણ છે.૪૫

**ઇતિ શ્રીલક્ષ્મણ ભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં દ્વિતીય સ્કંધનો છટ્ઠો અધ્યાય સંપૂર્ણ**

# અધ્યાય સાતમો

(જ્ઞાનલીલા : ૩.વિમર્શપ્રકરણ)

**એવાત્માતિરિક્તાનામુત્પત્યા નિર્ણયઃ કૃતઃ ।**
**આત્મનોઽપિ હરેરત્ર નિર્ણયો વિનિરૂપ્યતે ।।૧।।**

એવી રીતે આત્મા૧ સિવાયનાનો ઉત્પત્તિથી નિર્ણય કરવામાં આવ્યો, હરિરૂપ આત્માનો પણ નિર્ણય જણાવવામાં આવે છે.કા.૧.

**સૂક્ષ્મધ્યાનં પૂર્વમુક્તં તસ્યાઽત્ર વિવૃતિઃ સ્ફુટા ।**
**સપ્તમે ક્રિયતે યેન તદ્ધર્મા વસ્તુતો મતાઃ ।।૨।।**

પહેલાં સૂક્ષ્મ ધ્યાન કહેલું તેનું અહીં સાતમા (અધ્યાય)માં સ્પષ્ટ વિવરણ૨ કરવામાં આવે છે, જેનાથી એમના (ધ્યાન કરેલ સ્વરૂપના) ગુણો વાસ્તવિક૩ મનાયેલા છે.કા.૨

**ઉપાસનાયાં સર્વસ્ય હરેર્ધર્મસ્ય નિર્ણયઃ ।**
**સ્વરૂપગુણભેદેન બોધનાર્થમિહોચ્યતે ।।૩।।**

ઉપાસનામાં૪ હરિના સર્વ ધર્મનો સ્વરૂપ અને ગુણના ભેદથી નિર્ણય જણાવવા૩ માટે અહીં કહેવામાં આવે છે.કા.૩

**મુખ્યસ્ય ચ ફલં ત્વત્ર નિર્ણીતં વિનિરૂપ્યતે ।**
**માહાત્મ્યાદિ તદઙ્ગ ચ વિશિષ્ટં તેન સિધ્યતિ ।।૪।।**

અને મુખ્યનું નિર્ણય કરેલું ફલ હવે જણાવવામાં આવે છે,૫ અને એનાથી અંગરૂપ ઉત્તમ માહાત્મ્ય પણ સાબિત થશે.કા.૪

એ પ્રમાણે જડ (પદાર્થો) અને જીવનો ઉત્પત્તિથી નિર્ણય કહીને, સર્વ ગુણો સહિત અંતર્યામીની પણ ઉત્પત્તિ કટકે કટકે કહેવામાં આવે છે, કારણકે એમ થતાં એક એક ગુણનું એવું માહાત્મ્ય જાણવામાં આવતા (સર્વ) ગુણવાળાનું ઘણું જ માહાત્મ્ય સિદ્ધ થશે. અંતર્યામીના સ્વરૂપમાં '(હૃદયમાં) રહેતા વેતના માપના પુરુષ' વગેરે શબ્દોથી જે ભગવાનનું સ્વરૂપ જણાવ્યું. તે (સ્વરૂપ)ના અહીં વિભાગથી અવતારો કહેવામાં આવે છે. એ પૈકી આરંભમાં ૨।૨।૮માં કહેલા વેંતના માપના ગુણનું ઉત્પત્તિથી જે રૂપ તે પહેલું નીચેના શ્લોકથી કહે છે :

બ્રહ્મોવાચઃ

**યત્રોદ્યતઃ ક્ષિતિતલોદ્ધરણાય બિભ્રત્ ક્રૌડીં તનું સકલયજ્ઞમયીમનન્તઃ ।**
**અન્તર્મહાર્ણવ ઉપાગતમાદિદૈત્યં તં દંષ્ટ્રયાઽદ્રિમિવ વજ્રધરો દદાર ।।૧।।**

જ્યારે સર્વજ્ઞોથી ભરપૂર અનંતે ક્ષિતિના તલનો ઉદ્ધાર કરવા વિચાર્યું ત્યારે

વરાહનું શરીર ધારણ કરતાં, જેમ વજ્રધારણ કરનારાએ પર્વતને ચીરેલો તેમ, મોટા સમુદ્રની અંદર રહેલા એ આદિદૈત્યને દાઢથી ચીરી નાખ્યો.૧

બ્રહ્માને[૧] ભૂમિનો ઉદ્ધાર કરવામાં 'હું' આને કેમ ઉપર લાવીશ' એવી કાંઈક ચિંતા થઈ ત્યારે ભગવાનનું ધ્યાન (કરવા)થી જે વેંતના માપના અંતર્યામી ભગવાન્ હતા તે પ્રકટ થયા. એ વેંતના માપના હોવા છતાં નસકોરામાંથી બહાર નીકળવા માટે અંગૂઠાના ટોપકાના માપ જેટલા થઈ પછી મોટા થયા, તેથી વેંતનું માપ સ્થાનના સમ્બન્ધવાળું હતું, પણ સ્વાભાવિક ન હતું, એમ કહેલું છે. જ્યાં રહેલા જ 'અનન્તઃ' દેશ તથા કાલની હદવિનાના અનંત ભગવાને ક્ષિતિના તલને ઉપર લાવવાનો વિચાર કર્યો. જ્યારે ભગવાને 'હું ભૂમિને ઉપર લાવીશ' એવો વિચાર કર્યો તે જ સમયે (વરાહનું) રૂપ ધારણ કર્યું, કારણકે એમને રૂપ ગ્રહણ કરવામાં દેશ કાલ તથા વસ્તુની જરૂર ન હતી, કારણકે બ્રહ્માના અંતઃકરણમાં જ રહીને ભૂમિને બહાર લાવવાની ઈચ્છાથી જ ત્યાં (અંતઃકરણમાં) જ રૂપ ધારણ કર્યું, તેથી અંતર્યામીને રૂપ ગ્રહણ કરવામાં કોઈની પણ જરૂર નથી એમ સૂચવવા માટે પહેલા જ વરાહનો અવતાર કહેલો છે. જ્યારે વિચાર કર્યો તે જ સમયે (રૂપ) 'બિભ્રત્' ધારણ કર્યું એવી (વાક્યની) ગોઠવણી છે. ક્ષિતિના તલનો ઉદ્ધાર (કરવાનો હતો.) 'તલ' શબ્દથી ભૂમિ કૃત્રિમ અને સપાટ કહેલી છે, કારણકે પહેલા બ્રહ્માએ કમલના પાંદડા ઉપર રહીને વરાહરૂપ કરીને, એમાંથી કેટલીક માટી કાઢીને કમળના પાંદડા ઉપર પાથરી, એ પૃથ્વી પછી ડૂબી ગઈ. પછી એનો ઉદ્ધાર કરવાનો વિચાર કરી એ જ રૂપ (ભગવાને) ધારણ કર્યું.

'એણે કમલનું પાંદડું રહેલું જોયું. એણે વિચાર્યું. આ એ છે કે જેની ઉપર આ (પૃથ્વી) રહેલી છે. એણે વરાહનું રૂપ કરીને ડુબાડી દીધી. એ પૃથ્વીને નીચે લઈ ગયો. એને જલમાં ડુબાડી દીધી, એને કમલના પાંદડા ઉપર પાથરી, જે પાથરી તે પૃથ્વીપણું થયું' એવી શ્રુતિ છે. તેથી ભગવાને પણ 'ક્રોડસંબંધિની' વરાહના સમ્બન્ધવાળું શરીર કર્યું, કારણકે જલમાંથી પદાર્થને બહાર કાઢવાની શક્તિ એની જ છે. વળી (એ શરીર) 'સર્વ યજ્ઞોથી ભરપૂર' હતું, કારણકે યજ્ઞ મૃગ છે, તે વનમાં જોવામાં આવે છે. સ્રુક્ વગેરે પદાર્થો એના મુખના આકારની સમાન હોવાથી અને (યજ્ઞ) મન્યુ શબ્દથી જણાવતો હોવાથી એ મૃગ હોવા છતાં વરાહ છે જેથી (તેથી) ઈંદ્ર શતમન્યુ[૬] (કહેવાય) છે. અહીં પણ 'અને આ જે વરાહ છે તે પશુઓનો મન્યુ છે' એ શ્રુતિ પ્રમાણે વરાહ મન્યુ[૭] હોવાથી એ શરીર સર્વ યજ્ઞોથી ભરપૂર હતું. આ

શરીર જે પ્રકારે સર્વ યજ્ઞોથી ભરપૂર છે તે આગળ કહેવામાં આવશે. અહીં રૂપ ધારણ કરવાથી જ એ કાર્ય કહેલું હોવાથી બીજું કાર્ય હતું તેથી એ જણાવનાર (વચન) કહે છે, કારણકે યજ્ઞમાં ત્રણ વેદોનો દ્વેષ કરનારાઓને હણવા જોઈએ, અને ભૂમિ પણ 'અસુરો ખરેખર પૃથ્વીને ઉપરથી નીચે લઈ જવા ઈચ્છતા હતા' એ શ્રુતિ પ્રમાણે એઓ જ ત્યાં (જલમાં) લઈ ગયેલા, તેથી એઓનો વધ કરવાનો હોવાથી 'મુખ્યમાં કાર્ય (થયાની) ખાતરી છે' એ ધોરણ પ્રમાણે આરંભમાં દૈત્યપણું પ્રાપ્ત કરેલા એ પ્રસિદ્ધ આદિદૈત્યને 'દદાર' ચીરી નાખ્યો. એને ચીરી નાખવાના પ્રયોજનરૂપ દૃષ્ટાંત 'જેમ વજ્ર ધારણ કરનારાએ પર્વતને ચીરેલા' એ શબ્દોથી કહેલું છે. જેમ પર્વતો પાંખોથી ઉદ્યમ કરી બધીયે પૃથ્વીનો નાશ કરતા હતા, અને એઓના વિરોધી તરીકે ઈંદ્રે એઓની પાંખો કાપી નાખી, તેવી રીતે ભગવાને ભૂમિનું અનિષ્ટ કરનાર હિરણ્યાક્ષને પણ મારી નાખ્યો, એવો અર્થ છે, અને એને સમુદ્રમાં જ હણ્યો, એ 'મોટા સમુદ્રની અંદર' શબ્દોથી કહેલું છે. અને આવ્યો કે તરત હણ્યો. 'દાઢથી' હણ્યો, તેથી એને મુક્તિ (પ્રાપ્ત) ન થઈ, કારણકે દાઢ યમ છે. આગળ જે 'હાથથી હણ્યો' વગેરે કહેલ૮ છે, એ ચીરી નાખવાના પ્રકારનું નથી.૧.

૧.'અતતિ' બધે વ્યાપી રહે તે ભગવાન્. એમની સિવાયના અનિત્ય જડ પદાર્થના અને હદવાળા નિત્ય જીવોની (અનુક્રમે) જન્મરૂપ અને સમાગમરૂપ ઉત્પત્તિ કહી, અનુક્રમે પાંચમા અને છટ્ઠા અધ્યાયમાં કહી, આ અધ્યાયમાં હરિની પ્રાકટ્યરૂપ ઉત્પત્તિનો વિચાર મૂળરૂપથી તથા એમના ગુણના રૂપથી કરવામાં આવશે.(પ્ર)

૨.વિવરણ સ્પષ્ટ કરવામાં આવતું હોવાથી આનો વિમર્શમાં સમાવેશ થાય છે.(પ્ર)

૩.ભગવાનના ગુણો વાસ્તવિક છે, આગતુંક નથી, તેથી એઓનો પણ ભગવાનથી ભેદ નથી એવો નિર્ણય આવશ્યક છે.(પ્ર)

૪.'ઉપાસનામાં' એટલે નિદિધ્યાસનમાં.(પ્ર)

૫.૨-૨-૩૪માં પ્રેમભક્તિરૂપ ફલ કહ્યું, તે તથા એના અંગરૂપ માહાત્મ્ય કહેવાશે. અર્થ એવો છે કે ૨-૪-૬ માં રાજાએ પ્રશ્ન કર્યો, છેનો ઉત્તર આપતાં ૨-૪-૨૫ તેથી શુકે બ્રહ્મા અને નારદનો સંવાદ એના ઉત્તરમાં કહેલા માંડ્યો, તેથી પ્રશ્ન અને ઉત્તર એક જ વિષયના હોવાનું જણાયું. એ ઉત્તરમાં સ્થૂલ ધ્યાનમાં ભણાવેલ પદાર્થોનું વિવરણ થઈ ગયું. પણ ૨-૪-૯માં પૂછેલ અવતારના પ્રયોજન સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર બાકી રહ્યો તે હવે અપાય છે.(પ્ર)

૬.આ વરાહ અંતર્યામીનો અવતાર હોવાનું અહીંથી

એ પ્રમાણે વેંતના માપવાળાનો અવતાર કહીને (૨-૨-૮માં) કહેલ પુરુષનો અવતાર નીચેના શ્લોકમાં કહે છે :

**જાતો રુચેરજનયત્ સુયમાન્ સુયજ્ઞ આકૂતિસૂનુરમરાનથ દક્ષિણાયામ્ ।**

**લોકત્રયસ્ય મહતીમહરદ્યદાર્તિં સ્વાયમ્ભુવેન મનુના હરિરિત્યનૂક્તઃ ।।૨।।**

રુચિથી ઉત્પન્ન થયેલ આકૂતિના પુત્ર સુયજ્ઞે મન્વન્તરના દેવોને અને પછી દેવોને દક્ષિણામાં ઉત્પન્ન કર્યા. ત્રણ લોકનું મોટું દુઃખ કાઢી નાખ્યું, તેથી સ્વાયંભુવ મનુએ પછી એમને 'હરિ' કહ્યા.૨

ધ્યાનરૂપ કર્મના અધિષ્ઠાતા ભગવાન્ યજ્ઞનું એકમાં સ્વરૂપ (કહ્યું,) અને એકમાં નામ (કહે છે.) એ પૈકી રૂપ વરાહમાં (કહ્યું,) નામ યજ્ઞનારાયણમાં (કહે છે,) કારણકે એ પુરુષરૂપ છે, ભગવાને પોતાની રુચિ પ્રમાણે પુરુષરૂપો ધારણ કર્યાં, તેથી રુચિ નામના બ્રહ્માના પુત્રથી એ ઉત્પન્ન થયા; ('મન્વન્તરના) દેવોને ઉત્પન્ન કર્યા' શબ્દોથી એ ભગવાનનો અવતાર હોવાનું નક્કી કરનારું સ્વરૂપ કહેલું છે, કારણકે બીજો જન્મેલ (પુરુષ) કેટલાક સમય પછી સ્ત્રી સાથે સમ્બન્ધમાં આવી પુત્રોને ઉત્પન્ન કરે છે, (જ્યારે) એ તો પત્ની દક્ષિણા સાથે જ ઉત્પન્ન થયા. (અને) 'સુયમાન્' મન્વન્તરના અધિકારી દેવોને ઉત્પન્ન કર્યા, સુંદર યજ્ઞો જેમનામાંથી થાય; એવું 'સુયજ્ઞ' નામ હતું જેમનું, કારણકે વરાહ યજ્ઞનું રૂપ છે, આ યજ્ઞના દેવતારૂપ છે. આકૃતિ એ મનુની સર્વથી મોટી કન્યા (હતી.) આકૃતિ (એટલે) બહારનો પ્રયત્ન, કારણકે યજ્ઞ એનાથી જ પ્રકટ થાય છે. 'પછી દેવોને દક્ષિણામાં ઉત્પન્ન કર્યા'માંના 'અર્થ' 'પછી' શબ્દથી એમ જણાય છે કે પહેલા યજ્ઞનો ભોગ કરનાર દેવોને ઉત્પન્ન કરીને, પછી દક્ષિણામાં અધિકારી દેવોને પણ ઉત્પન્ન કર્યા. પોતાથી જ 'અમરાન્' દેવોને ઉત્પન્ન કરીને પછી દક્ષિણામાં બહારના દેવોને ઉત્પન્ન કર્યા, એવો અર્થ છે. ઉત્તરાર્ધથી અવતારનું પ્રયોજન કહેલું છે. વૃષ્ટિ, યજ્ઞ અને કર્મ ન થવાને લીધે મોટું દુઃખ થયેલ; એ ત્રણ પ્રાપ્ત કરાવીને (એ દુઃખ) કાઢી નાખ્યું. અથવા દૈત્યોના ઉપદ્રવથી (દુઃખ થયેલ, તે) એમને હણીને (દૂર કર્યું.) એ મન્વન્તરમાં બીજો ઇંદ્ર(પદ)નો અધિકારી ન હોવાથી પોતે જ ઇંદ્ર થયા, એમ 'સ્ત્રાયમ્ભુવ (મનુએ 'હરિ' કહ્યા'), શબ્દોથી કહેલ છે , કારણકે એ સ્વાયંભુવ મનુના પુત્રિકાપુત્ર હતા. એકલા બ્રાહ્મણરૂપ[1] (હતા) તે ક્ષત્રિયરૂપ પણ થયા, કારણકે ભગવાનના અવતાર વિના કોઈ બે[2] થતા નથી. તેથી જ બ્રહ્માના પુત્ર, તેની માના પિતા સ્વાયંભુવ મનુએ પહેલા 'યજ્ઞ' એમ કહેલા અને 'અનુ' પછી 'હરિ' એટલે 'ઇંદ્ર' એમ કહેલા, કારણકે એકલો બે અધિકાર કરી (સાચવી) શકતો નથી, તેથી 'યજ્ઞ' શબ્દના પ્રયોગથી અને હરિ શબ્દના પ્રયોગથી બે પુરુષરૂપ ભગવાન્ જણાવ્યા, કારણકે યજ્ઞ અલૌકિક છે (અને) 'હરિ' સર્વલોકરૂપ છે.૨

૧.બ્રહ્માના પુત્ર રુચિ બ્રાહ્મણના પુત્ર તેથી બ્રહ્માણ. મનુના પુત્રિકાપુત્ર મનુ ક્ષત્રિય હોવાથી ક્ષત્રિય. જે કન્યાને પરણાવતી વખતે પિતા સંકલ્પ કરે કે આ કન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર ગણાશે, તે કન્યાથી પુત્ર થાય તે પુષ્ટિકાપુત્ર. એ પિંડદાન એના માતામહને કરી શકે, એના જનક પિતાને ન કરી શકે.

૨.'બે' એટલે એક સાથે બે.(પ્ર)

'રહેતા' એવું (૨।૨।૮માં) ભગવાનના ધ્યાનમાં ભગવાનનું વિશેષણ કહેલું છે. એના કેવલ વાસરૂપ સ્વરૂપનો અહીં નિર્ણય કરવામાં આવે છે. 'કોઈ એક ક્ષણ પણ (કામ કર્યા વિના રહી શક્તો નથી)' (ભ.ગી. ૩।૫) એ વાક્ય પ્રમાણે કાંઈ પણ કર્યા વિના કોઈ પણ સ્થલે રહી શક્તો નથી, તેથી૧ કેવલ (કામ કર્યા વિના) રહેવા માટે, પોતે એ પ્રમાણે રહેતાં, બીજાને (એમ રહેવાનું) શીખવતાં સાંખ્યરૂપ શાસ્ત્ર રચ્યું, એ નીચેના શ્લોકથી કહે છે :

**જજ્ઞે ચ કર્દમગૃહે દ્વિજ દેવહૂત્યાં સ્ત્રીભિઃ સમં નવભિરાત્મગતિં સ્વમાત્રે ।**
**ઊચે યયાऽऽત્મશમલં ગુણસઙ્ગપઙ્કમસ્મિન્વિધૂય કપિલસ્ય ગતિં પ્રપેદે ।।૩।।**

અને હે દ્વિજ! કર્દમના ઘરમાં નવ સ્ત્રીઓ સાથે દેવહૂતિમાં ઉત્પન્ન થયા, પોતાની માને આત્માની ગતિ કહી, જેનાથી ગુણોના સંગના કાદવરૂપ અંતઃકરણના પાપને આમાં કાઢી નાખીને, કપિલની ગતિ પ્રાપ્ત કરી.૩

માત્ર સ્થિતિ જણાવવા માટે આવિર્ભૂત થયેલ હોવા છતાં પણ, જેમ સર્વ કરતાં પણ કરતો નથી અમે બોધ કરશે તેમ, સર્વત્ર ઉત્પન્ન થયેલ હોવા છતાં પણ ઉત્પન્ન થયેલ નથી, એવું જણાવવા 'અને ઉત્પન્ન થયો' એમ કહેલું છે. કર્દમના ઘરમાં (ઉત્પન્ન થયો.)' 'છાયામાં કર્દમ જન્મ્યો' એમ બ્રહ્માથી છાયામાં ઉત્પન્ન થયેલ હોવા છતાં પણ ન ઉત્પન્ન થયેલા જેવો હતો, એમ દેખાડવા માટે એના ઘરમાં ઉત્પન્ન થયા. વળી કર્દમ(કાદવ)નું ઘર જલ છે, તેથી અતિશુદ્ધ (જલ)માં, અને કમલ અને ખાખરા પેઠે નિર્લેપપણું જણાવવા ઉત્પત્તિ કહી 'કૃ' ધાતુને કર્તાના અર્થવાળો 'ક્વિપ્' પ્રત્યય લગાડી, ગુણ અને લોપ કરતાં 'કર્' થાય છે. કાર્ય કરનાર થઈ (કર્,) જે (દમઃ) દમ રૂપ થાય છે (તે કર્દમ.) એ ઇંદ્રિયોનો સંયમ છે, તેથી કરે છે અને નથી કરતો, એવું સ્વરૂપ જ છે. એવા (કર્દમ)માં ઉત્પન્ન થનાર સાંખ્યની પ્રવૃત્તિ કરાવનારો થાય. 'હે દ્વિજ!' એવું સંબોધન નારદ એવો ન હોવાથી એનું અપમાન જણાવનારો છે. દેવહૂતિમાં મનુની બીજી કન્યામાં (કપિલ ઉત્પન્ન થયા.) દેવોનું 'હૂતિહિ' નિમંત્રણ થયેલ જેમા, તેવી એ સર્વ દેવતાવાળી જાણવી. આથી એનું ઘણું સૌન્દર્ય જણાવ્યું. 'નવ સ્ત્રીઓ સાથે' શબ્દોથી એમ (કહેલ છે કે)

પ્રકૃતતિના ત્રણ ગુણોના અભિમાનવાળી દેવતાઓ કર્તાપણાના નિમિત્તથી સાથે જ લાવેલ હતા, (જેથી) પોતે અકર્તા (રહે) અને એઓ કરનારી (થાય.) એઓ બહેનો જણાવેલી હોવાથી એઓનો જેની સાથે સમ્બન્ધ થાય. તે જ કર્તા, પરંતુ સંપૂર્ણ રીતે સમ્બન્ધ વિનાનો હોય તે (કર્તા) નથી, એવો સાંખ્યસિદ્ધાંતમાંનો નિયમ જણાવ્યો. ('પોતાની માને) આત્મરતિ (કહી') શબ્દથી અવતારનું પ્રયોજન કહેલું છે, કારણકે જેના હૃદયમાંથી સાંખ્યશાસ્ત્ર ઉત્પન્ન થાય તે જ એનો મુખ્ય અધિકારી છે, અને પોતાની અંદરની ઉત્પન્ન કરનારી હોવાની બુદ્ધિનો નાશ કરવા માતાને આત્માના સ્વરૂપરૂપ સાંખ્ય (શાસ્ત્ર) કહ્યું. આસુરિ પણ સાંખ્ય ભણેલો, છતાં પણ એનો (સાંખ્યનો) પ્રચાર કરનાર તરીકે જ ઉપયોગ હોવાથી, (એ) મુખ્ય અધિકારી ન હતો. આ તો મુખ્ય અધિકારવાળી હતી, કારણકે એ જ સમયે ગુણોના સંગના કાદવરૂપ અંતઃકરણના પાપને એ જ ક્ષણે કાઢી નાખીને જેવા કપિલ હતા તેવી જ થઈ. તેથી સ્ત્રી જાતિની હોવા છતાં (અને) માતા હોવા છતાં પણ (એને) આત્માનો ઉપદેશ કર્યો. આત્માની 'ગતિ' એટલે જ્ઞાન. 'પોતાની માતા' શબ્દોથી ઉપદેશ (કરવા)ની આવશ્યકતા (કહી) અને (કપિલ) ભગવાનનો અવતાર હોવાથી ગુરુઓને ઉપદેશ કરે એમાં દોષ નથી, કારણકે આ જ્ઞાન સદા સિદ્ધ છે, પણ અંતઃકરણના દોષને લીધે પ્રકાશતું નથી. તેથી અંતઃકરણનો મેલ મોહ ઉત્પન્ન કરનારું પાપ છે. અથવા આ ઉપદેશથી જ કપિલની ગતિ સાંખ્યસિદ્ધાંતથી પ્રાપ્ત થયેલ અનુભવ 'પ્રપેદે' પ્રાપ્ત કર્યો.૩

એવી રીતે ભગવાનની નિશ્ચલ સ્થિતિરૂપ કપિલને જણાવીને, નીચેના શ્લોકમાં ભગવાન્ (૨-૨-૮માં જણાવેલ) ચાર ભુજાઓવાળા હોવાનું જણાવે છે :

**અત્રેરપત્યમભિકાङ्क्षत આહ તુષ્ટો દત્તો મયાઽહમિતિ યદ્ભગવાન્ સ દત્તઃ ।**
**યત્પાદપङ्કજપરાગપવિત્રદેહા યોગર્દ્ધિમાપુરુભયીં યદુહૈહયાદ્યાઃ ।।૪।।**

અપત્યની ઘણી ઈચ્છાવાળા અધિ ઉપર પ્રસન્ન થયેલા ભગવાને 'હું' મને આપુ છું? એમ જે કહ્યું તે દત્ત (છે,) જેમના ચરણકમલની રજથી પવિત્ર થયેલ દેહવાળા યદુ હૈહય વગેરેએ બંને પ્રકારની યોગની ઋદ્ધિ પ્રાપ્ત કરી.૪

'ન વિદ્યતે' નથી 'ત્રયઃ' ત્રણ જેના તે અત્રિ. ત્રણ પુત્રો અવશ્ય હોવા જોઈએ, તે નહિ હોવાથી ભગવાનની પ્રાર્થના કરી. અથવા (અત્રિ) પોતે અને પત્ની (હતાં.) પુત્ર ન હોવાથી અત્રિ (ત્રણ ન) હતા, કારણકે ત્રણ પુત્રો સાથે પોતે થાય, ત્યારે એ[1] ચાર ભુજાવાળા થાય. ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય અને તપ એવી ચાર ક્રિયાશક્તિયો[2] છે.

**યોગસ્તપશ્ચ વંશશ્ચ ભગવદ્ભક્તિરેવ ચ ।**
**એતાઃ ક્રિયાશ્ચતસ્રો હિ ભગવદ્બાહુષુ સ્થિતાઃ ।।૫।।**

યોગ અને તપ[૩] અને વંશ અને વળી ભગવાનની ભક્તિ,[૩] આ ચાર ક્રિયાઓ નક્કી ભગવાનના બાહુઓમાં રહેલી છે. કા.૫

**અથવા દાતૃદેયત્વમાત્મનો બોધયત્યસૌ ।**
**અત આત્મપ્રદઃ કૃષ્ણશ્ચતુર્ભુજ ઈતીરિતઃ ।।૬।।**

અથવા એ આપનાર અને આપવાનું પોતે હોવાનું જણાવે[૪] છે. તેથીપ પોતાને આપનાર શ્રીકૃષ્ણ ચાર 'ભુજાવાળા' એમ કહેલા છે.કા.૬

એ (અર્થ) 'અપત્યની ઈચ્છાવાળા' શબ્દોથી કહેલ છે. 'અપગતિન્' ફરાબ સ્થિતિ 'ત્યાજયતિ' તજાવે તે અપત્ય, ખરાબ સ્થિતિ તજાવનાર છે. એ સમ્બન્ધમાં બીજા પુત્રથી[૬], અથવા એ પુત્ર પિતૃલોક પ્રાપ્ત કરાવે ત્યારે એનાથી વાસ્તવિક રીતે દુર્ગતિ જ થાય. તેથી ભગવાને એમ (નીચે) પ્રમાણે વિચાર્યું. આ (અત્રિ) અપત્યની ઈચ્છા રાખે છે, તેને અપત્ય પ્રાપ્ત થાય એ માટે હું પોતાનું જ દાન કરીશ. એમ ન કરું તો એને 'અપત્યની પ્રાપ્તિ નહિ થાય.[૬] (અપત્યની) ઘણી ઈચ્છા એકથી જ વૈભવ અને મુક્તિ બંને થાય એ માટે છે, તેથી (ભગવાને) પોતે જ અત્રિ ઉપર પ્રસન્ન થઈને કહ્યું (કે હું મને આપું છું.) ભગવાનના 'દત્ત' નામની વ્યુત્પત્તિ પુત્ર તરીકે અપાય એવી નથી, પરંતુ પોતાને જ આપનાર તરીકે છે, એ 'હું મને આપું છું' શબ્દોથી કહેલ છે. મારાથી હું જ 'દત્તઃ' અપાયેલો છું. ભગવાનથી બીજો કોઈ એક (પુરુષ) કર્તા અને કર્મની સ્થિતિવાળો થતો નથી. ''ધર્મનો દાસ સર્વથી મોટો પુત્ર સ્ત્રી અને એ જ પ્રકારે પોતાનો દેહ, બધી મિલકત, અને ગુરુજાતિનો (પુરુષ) ન જ આપવા એવો નિયમ છે' એ વાક્ય પ્રમાણે, દેહ વગેરે ન આપવા યોગ્ય ધર્મશાસ્ત્રમાં ગણાવેલા છે. તેથી ભગવાને કેમ પોતાને જ આપ્યા?'' એવી શંકા થાય તેથી 'યદ્ ભગવાન્' કારણકે આ ભગવાન્ છે, એમ કહેલું છે. આ (ધર્મશાસ્ત્રમાં કહેલા) જીવના ધર્મ છે. ભગવાન્ તો પોતાને આપનારા છે તેવા ન હોય તો ભજન કરવા યોગ્ય ન રહે; તેથી જ એ 'દત્તઃ' અપાયેલા 'દત્ત' નામવાળા થયા. 'દત્તાત્રેય' એવું પિતાના નામ સાથેનું નામ છે. ઉત્તરાર્ધથી અવતારનું પ્રયોજન કહેલું છે. ઉપરદ[૭] પ્રમાણે ચરણકમલની રજથી સંસ્કાર પામેલા ભગવદીય દેહ ઉત્પન્ન કરનારા મહાભૂતો, તેઓનાથી શુદ્ધ થયેલ હતો દેહ જેમનો (તેવા યદુ વગેરે હતા.) તેથી જ એમણે યોગની સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ એવી બંને પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત કરી. અણિમા વગેરે તો ક્રમમુક્તિમાં જ પ્રાપ્ત થાય છે.) અથવા જ્ઞાન અને ભક્તિરૂપ (ઋદ્ધિ પ્રાપ્ત કરી.) આ (દત્ત)

યદુના ગુરુ અવધૂત છે. હૈહય સહસ્રાર્જુન, તે યાદ હતો. એણે આ લોકની એક હજાર બાહુરૂપ સિદ્ધિ અને મોક્ષ પ્રાપ્ત કર્યા. આ પુષ્ટિમાર્ગમાં રહેલા હોવાથી મર્યાદાના વિરોધથી[8] દોષ થતો નથી. 'વગેરે' શબ્દથી પ્રહ્લાદ વગેરે કહેલા છે, તેથી ભગવાનના બાહુઓની સંખ્યામાં આવો પ્રકાર હોવાનું કહ્યું.૪

૧.'એ' એટલે ભગવાન્,(પ્ર)

૨.આ માત્ર સંખ્યાનો અવતાર નથી, પણ આ ગુણો સાથેના બાહુઓનો છે એમ આથી જણાવે છે.(પ્ર)

૩.તપ દુર્વાસાનું અને ભક્તિ અત્રિની (પ્ર).

૪.ચાર ભુજાઓથી જણાવે છે.(પ્ર)

૫.'તેથી' એટલે બે જુદી જુદી અવસ્થા કરેલી હોવાથી આમાં ક્રિયાશક્તિનું પ્રાધાન્ય નથી. પરંતુ સ્વરૂપના ગુણનું જ પ્રાધાન્ય છે.(પ્ર)

૬.ભગવાન્ બીજો કોઈ પુત્ર આપે તો તેથી દુર્ગતિ થતી અટકે નહિ, કારણકે એનાથી મુક્તિ પ્રાપ્ત કરાવી શકાય નહિ.

૭.જેમ ભગવાન્ ન આપવા યોગ્ય (પોતાને જ) આપે છે, તેમ એમના ચરણની રજ (બીજું) સાધન ન હોવા છતાં પણ દેહને પવિત્ર કરે છે.(પ્ર)

૮.પિતાની આજ્ઞા ન સ્વીકારવી, હવિર્ધાનીનું ગ્રહણ મર્યાદાના વિરોધ.(પ્ર)

'કમલ, ચક્ર, શંખ અને ગદા ધારણ કરનાર (૨-૨-૮)' એવા આ વિશેષણનું સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**તપ્તં તપો વિવિધલોકસિસૃક્ષયા મે આદૌ સનાત્ સ્વતપસઃ સ ચતુઃસનોઽભૂત્ ।**
**પ્રાક્કલ્પસમ્પ્લવવિનષ્ટમિહાઽઽત્મતત્વં સમ્યગ્જગાદ મુનયો યદચક્ષતાઽઽત્મન્ ।।૫।**

પહેલા વિવિધ લોક સર્જવાની ઈચ્છાથી મેં તપ કરેલું. પોતાના તપનું (મેં) સમર્પણ કરવાથી એ ચાર સન થયા. પહેલાના કલ્પના પ્રલયમાં નાશ પામેલ આત્મતત્વ મુનિઓએ અહીં સારી રીતે કહ્યું, કારણકે એઓએ આત્માને જોયા.૫

આ સનક વગેરે ચાર ભગવાનના આયુધરૂપ છે; જોકે એ (આયુધો) તત્વરૂપ છે. મુખ્ય તત્વ[1] ગદા, જલોનું તત્વ શંખ, તેજનું સુદર્શન અને કાર્યનું તત્વ કમલ છે. તેજ, જલ, અન્ન એ પ્રાણ એમ કહેવાયું. એઓ સ્વરૂપથી જ તત્વરૂપ છે. કાર્ય કરનારા તરીકે (એમનું) જે સ્વરૂપ તે અહીં કહેવામાં આવે છે. કાર્યના આવેશ વિનાના એકલા માત્ર તત્વ હોવાથી આયુધની સ્થિતિ પ્રાપ્ત થતી નથી. એઓ જેનાથી એવા (આયુધ) થાય છે તે અહીં કહેવામાં આવે છે. 'મારું સાક્ષાત્ હૃદય તપ છે' એ વાક્ય પ્રમાણે ભગવાનનું સાધન તપ જ છે. એ ક્રિયાના ઉપયોગમાં આવ્યું, તેથી હસ્તોમાં કમલ વગેરે (ભગવાન્) ધારણ કરે છે. તપનો પણ ભેદ કહે છે, મેં (બ્રહ્માએ) 'આદૌ' સૃષ્ટિ પહેલા ચાર પ્રકારના ભૂતોનો સમૂહ સર્જવા માટે તપ

કરેલું. જ્યારે એનાથી પણ કાંઈ થયું નહિ ત્યારે મેં એ તપ ભગવાનને 'દત્તમ્' સમર્પણ કર્યું. એ તપના 'સનાત્' દાનના કારણથી ભગવાન્ સનક સનંદન સનાતન અને સનત્કુમારના રૂપથી ચાર સન થયા. આવેશ (થવા)ના મત પ્રમાણે પણ આ[૨] ઘટે છે, કારણકે ચાર દેહોમાં એક જ ભગવાનનો આવેશ થયો. 'પહેલાના કલ્પના પ્રલયમાં નાશ પામેલ' વિશેષણથી અવતારનું પ્રયોજન કહેલું છે. યજ્ઞ સાંખ્ય અને યોગ (પહેલા ચાર શ્લોકથી કહ્યા.) અહીં તો જ્ઞાન કહેવામાં આવે છે. પહેલાના કલ્પમાં આત્માના જ્ઞાનનો 'સંપ્લવઃ' નાશ થયો, એ પાછું 'ઈહ' આ કલ્પમાં અનુભવ સુધીનું જે પ્રકારે થાય તેમ સારી રીતે કહ્યું મનન કરવાના અભ્યાસવાળા મુનિઓ, વેદમાં (કહેલા) પ્રકારથી મનન કરતાં એ માર્ગથી ભગવાનને જોઈ શક્યા નહિ, પરંતુ જે સનક વગેરેએ કહેલો તે સનકે કહેલા માર્ગથી (ભગવાનને જોઈ શક્યા,) કારણકે ભગવાનને જ 'અચક્ષત' જોયા. 'આત્મન્' શબ્દમાં બીજી વિભક્તિનો લોપ કરેલ છે, અથવા સાતમીનો લોપ છે. સાતમીનો લોપ લઈએ ત્યારે પોતાની અંદર ભગવાને જોયા એવો અર્થ થાય છે. સાધારણ[૫] ભક્તિમાર્ગના અધિકારીઓ 'હે રાજન્! ચક્ર ધારણ કરનારે જેમને હણ્યા' એ ધોરણે આ માર્ગથી મુક્તિ પામે છે એમ કહેવાયું, કારણકે એઓ[૬] પહેલા પણ ભગવાનના વૈકુંઠમાં રહેવા યોગ્ય હતા, તેમાંથી ખડી પડ્યા તેથી ફરી ત્યાં લઈ જવાનું થયું. આથી સ્મરણનો[૭] અર્થ પણ કહ્યો.૫

૧.'મુખ્ય તત્વ' એટલે આસન્ય.(પ્ર) ૨.'તેવા' એટલે કાર્યના આવેશવાળા.(પ્ર)
૩.'આ' એટલે આયુધરૂપ.(પ્ર) ૪.શ્લોકમાંના 'યત્' શબ્દનો આ અર્થ કહેલ છે.(પ્ર)
૫.દેહનો ત્યાગ કરાવી મુક્તિ પ્રાપ્ત કરાવી તેથી એવા હતા.(પ્ર)
૬.બુદ્ધિ જુદા જુદા પ્રકારની હોવા છતાં સાધારણ (ભક્તો) અને શત્રુઓની સ્થાનમાંથી ખડી પડવારૂપ સામાન્ય હોવાથી એવી સ્થિતિ પ્રાપ્ત કરાવવામાં લાકડી પેઠે આયુધનો ઉપયોગ ઘટે છે એવો અર્થ છે.(પ્ર)
૭.'મ્યુનિ' શબ્દથી કહેલ એ માર્ગના સ્મરણનું સ્વરૂપ.(પ્ર)

પ્રસન્ન મુખવાળા (૨-૨-૯) એ ભગવાનના ગુણનું પ્રસન્નતા અને મુખના ગુણોના ભેદથી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી ઉત્પત્તિથી નિરૂપણ કરે છે, કારણકે ભગવાનની પ્રસન્નતા કેવી છે (અને) મુખ કેવું છે એ બંને આમાં જણાશે :

**ધર્મસ્ય દક્ષદુહિતર્યજનિષ્ટ મૂર્ત્યાં નારાયણો નર ઈતિ સ્વતપઃપ્રભાવઃ ।**
**દૃષ્ટ્વાऽऽત્મનો ભગવતો નિયમાવલોપં દેવ્યસ્ત્વનઙ્ગપૃતના ઘટિતું ન શેકુઃ ।।૬।।**

ધર્મથી દક્ષની પુત્રી મૂર્તિમાં નારાયણ (અને) નર એવો અવતાર કર્યો (એ)

પોતાના તપનો પ્રભાવ (હતો.) આત્મા ભગવાનથી પોતાના નિયમનો નાશ (થતો) જોઈને કામના સૈન્યરૂપ દેવીઓ તો સમ્બન્ધ કરવા શક્તિવાળી થઈ નહિ.૬

ધર્મમાં જ ભગવાનની પ્રસન્નતા અને મુખ પ્રકટ થાય છે, એમાં પણ પ્રસન્નતા પિતાનો અંશ છે, (અને) મુખ યજ્ઞનો અંશ[૧] છે. 'ધર્મથી દક્ષની મૂર્તિ નામની પુત્રીમાં અવતાર લીધો, એમ એ કહેલ છે. દક્ષ યજ્ઞમાં (પ્રવીણ,) તેમાં[૨] જે ક્રિયા શક્તિ શ્રદ્ધા વગેરેથી જુદી, સાક્ષાત્ દેહ ધારણ કરનારી તે મૂર્તિ. એમાં એમના 'નારાયણ (અને) નર' શબ્દથી બે રૂપ કહ્યાં. 'જલો નારા છે. (તે 'અયનં' સ્થાન છે જેમનું) એ વ્યુત્પત્તિ પ્રમાણે ભગવાનનું મુખ જલમાં રહેલું છે. નર એટલે સૂત્રરૂપ જલનો પિતા જીવ. જલના આધાર તરીકે અને જલ ઉત્પન્ન કરનાર તરીકે એકના જ બે નામ કહેલા છે અને મુખ એવા પ્રકારનું[૩] છે, તેથી જલના આધાર તરીકે સર્વ રસોનું ગ્રહણ અને જીવ તરીકે વાણીનો વ્યવહાર[૪] (કરે છે.) એવી રીતે બંને પ્રકારનું મુખ નર અને નારાયણના રૂપથી પ્રકટ થયું. મુખ એવી રીતે પ્રકટ કરવામાં જે ગુણ હતો તે 'પોતાના તપનો પ્રભાવ' શબ્દથી કહેલ છે. 'ભૂખ્યા રહેવાથી ઉત્તમ તપ નથી' એ શ્રુતિ પ્રમાણે તપ મુખનું જ તપ છે,[૫] તેથી (મુખથી) જુદા અવયવથી કરેલું તપ ઉત્તમ હોતું નથી. વાણીથી કરેલું અને ભૂખ્યા રહી કરેલું તપ, તે મુખનો પ્રભાવ જેમાં છે તેવું (તપ છે.) એક ગુણ તપ છે, બીજો ગુણ એના સંગવાળાનો પ્રભાવ, અને એ કુદરતી દોષ ન હોવારૂપ છે, કારણકે તપની સાથે રહેનાર ઉત્પત્તિથી થતો દોષ ક્રોધ છે. એના અત્યંત અભાવ સાથે હોવું એ તપનો પ્રભાવ છે. કામવાળા હોવું એ બહારના દોષ છે. એ (કામ)નો અભાવ તો ગુણ જ છે, પણ પ્રભાવ નથી. એમાં[૬] દોષ કરનારાઓને વર આપવો એ પ્રસન્નતા; એ અગિયારમા સ્કંધમાં વિસ્તારથી કહેવાશે. અહીં માત્ર દોષનો અભાવ કહે છે. એ પૈકી પહેલા બહારના દોષનો અભાવ ઉત્તરાર્ધથી કહે છે. આ ભગવાન્ નક્કી આત્મા છે. પોતે પોતાને જુએ એમાં કામ (ઉત્પન્ન) થતો નથી,[૭] તેથી આત્મા ભગવાન્ પાસેથી જ પોતાના કુદરતી ધર્મનિયમનો નાશ જોઈને (સમ્બન્ધ કરી શકી નહિ.) 'અવલોપઃ' એટલે ઊલટા પ્રકારથી થયેલ નાશ[૮] આત્મા પાસેથી જ કુદરતી રીતે બંધન કરાવનારા કર્મો પણ મોક્ષ આપનારા થાય છે, છતાં પણ આ અપ્સરાઓ ભગવાનની સંનિધિથી પોતાની અંદર જ દોષ અનુભવતી મોહ કરનારી અને ગુસ્સાવાળી થઈ, તેથી એમના સંકલ્પનો નાશ થયો. આ કોઈ નમાલી ન હતી, પરંતુ દેવતારૂપ દેવીઓ હોવા છતાં વ્રતનો ત્યાગ[૯]

કરનારી થઈ. આમનું ઉપાસનાથી વ્રત સિદ્ધ કરવાનું તો દૂર રહ્યું. 'કામના સૈન્યરૂપ' શબ્દથી આમની ક્રિયાશક્તિ કહેલી છે. 'તુ' તો શબ્દથી સ્ત્રીઓ અબલા અને કાર્ય કરવાની શક્તિ વિનાની હોવાનો વિચાર નકારી કાઢેલ છે. અંગ વિના નાની 'પૃતનાઃ' સેનાઓ (હતી.) તેના શરીરનો નાશ થવાથી ભય પામતી ન હતી, અને આકાર વિનાના (ન જણાય એવા) પ્રકારથી ઘાત કરાવનારી હતી. એવી (હોવા) છતાં પણ માત્ર સમ્બન્ધ પણ પ્રાપ્ત કરી શકી નહિ. ભગવાનમાં સ્ત્રીઓએ કરેલ કોઈ પણ (જરાયે) ખળભળાટ થયો નહિ, એવો અર્થ છે.૬

૧.યજ્ઞ ભોજન ક્રિયારૂપ હોઈ એનો ઉત્તમ અંશમુખ છે.(પ્ર)

૨.એમાં (એટલે) મૂર્તિમાં.(પ્ર)

૩.જલના આધારરૂપ અને જલ ઉત્પન્ન કરનારું.(પ્ર)

૪.'તે જ જીવ...' એમ અગિયારમાં સ્કંધમાં વાણીનો વ્યવહાર જીવનું કાર્ય હોવાનું કહે છે.(પ્ર)

૫.તાપ ઉત્પન્ન કરનારી અંદરની ક્રિયારૂપ તપ. ગયા શ્લોક. ૫ માં તો વિચારેરૂપ તપ કહેલ, એવો ભેદ છે.(પ્ર)

૬.'એમાં' એટલે મુખરૂપ નારાયણમાં.(પ્ર)

૭.ભગવાન્ અપ્સરાઓના આત્મા હોઈ, એમને જુએ એ પોતાને જ જોયા હોવાથી એમને કામ ન જ થાય.

૮.ભગવાનને મોહ કરવા જતાં પોતે જ મોહ પામી એ ઊલટો પ્રકાર.(પ્ર)

૯.દેવોનું સત્ય બોલવું વ્રત છે, તેનો ત્યાગ કરનારી થઈ ઇંદ્ર સમક્ષ એમણે કહેલ કે કાર્ય પાર પાડીશું અથવા દેહનો ત્યાગ કરીશું. એવું કર્યું નહિ તેથી વ્રતનો ત્યાગ થયો.(પ્ર)

એવી રીતે બહારનો દોષ દૂર કરીને, નીચેના શ્લોકથી અંદરનો[1] દોષ કૈમુતિક ધોરણે નકારે છે :

**કામં દહન્તિ કૃતિનો નનુ રોષદષ્ટ્યા રોષં દહન્તમુત તે ન દહન્ત્યસહ્યમ્ ।**
**સોઽયં યદન્તરમલં પ્રવિશન્બિભેતિ કામઃ કથં નુ પુનરસ્ય મનઃ શ્રયેત ॥૭॥**

પવિત્ર (પુરુષો) ક્રોધવાળી દષ્ટિથી કામને ખાળે છે, બાળતા અસહ્ય ક્રોધને એઓનાથી જ બાળતા. આ બે (ક્રોધ) જેમના પવિત્ર (મન)માં પ્રવેશ કરતાં ભય પામે છે, તો પછી આમના મનમાં કામ કેમ જ રહી શકે? ૭

દેહને પાડીશું અથવા કાર્ય સિદ્ધ કરીશું એવા (નિશ્ચયથી) આ સ્ત્રીઓ આવેલી. પહેલા (નિર્ણય)માં (એઓ) કામની સેના હોવાનું, (અને) બીજામાં સેના હોવાનું, એ બંને ન થયાં. એ (વિષય)માં આશ્ચર્ય થતાં બ્રહ્મા પોતે (એનું) સમાધાન કરે છે. એમ જાણું છું કે કામ વગેરે વિજય પ્રાપ્ત કરનારા બીજા નથી, પણ કામ વગેરે જ છે.

એમાં જે જે એઓમાં હલકા તે (એમની) પહેલાના ઉપર જય મેળવનારા છે. તેથી જ જેઓ કામને બાળે છે તેઓ ક્રોધની દૃષ્ટિથી બાળે છે. ક્રોધ જ કામને બાળે છે, પરંતુ એઓ બાળતા નથી. 'પવિત્ર' એ વચન ગૂઢ આશયવાળું છે, કારણકે એઓ કામને સ્થાન ન આપતાં ક્રોધને સ્થાન આપે છે. 'નનુ' એ સંમતિ થવા માટેનું સંબોધન છે. ક્રોધ સાથેની દૃષ્ટિથી (કામને બાળે છે.) કામ તો હૃદયમાં વ્યાપી રહે છે, ક્રોધ તો જ્ઞાનમાં (વ્યાપી રહે છે,) તેથી જ્ઞાનનો નાશ થતાં ઘણું નુકસાન (થતું) હોવાથી એઓ પવિત્ર નથી. (કામ અને ક્રોધ) બંને પરલોકનો નાશ કરનાર સમાન હોવા છતાં પણ ક્રોધ તો પોતાને જ બાળે છે, તેથી બાળનારને બાળતા નથી (અને) ન બાળનારને બાળે છે, તેથી એઓ ઘણા ભ્રાંત છે. (ક્રોધથી થતો) દાહ પણ થોડો[2] નથી. એ કામ ઉપર જય મેળવનાર ક્રોધ 'હું પણ કામની પેઠે શરીર વિનાનો થઈશ' એમ જેની અંદર પ્રવેશ કરતાં ભય પામે છે, ત્યારે કામ તો એના હૃદયમાં કેમ જ રહે? ક્રોધ તો મલવાળામાં પ્રવેશ કરે છે, ભગવાનનું હૃદય તો નિર્મલ છે, તેથી જ (એમાં) પ્રવેશ કરતાં 'મારા લક્ષણવાળા મલનો એ નક્કી નાશ કરશે' એમ ભય પામે છે, આથી એમ જણાવ્યું છે કે કામ અને ક્રોધે કરેલા પદાર્થો ભગવાનના મુખમાં પ્રવેશ કરતા નથી, (ભગવાનની) પ્રસન્નતાના કારણ થતાં નથી[3] વધારે (કહેવા)થી શું? જેટલું નર અને નારાયણનું કાર્ય તેટલું (ભગવાનના) મુખ અને પ્રસન્નતાનું કાર્ય છે.)૭

૧.'અંદરનો દોષ' એટલે મનનો દોષ.(પ્ર)

૨.(કારણકે) એ શરીરનો જ નાશ કરનારો છે.(પ્ર) ભા–૨૬

૩.આ વાક્યથી નર અને નારાયણ ભગવાનની પ્રસન્નતાના અવતાર હોવાનો નિશ્ચય થાય છે.(પ્ર)

એવી રીતે પ્રસન્ન મુખવાળાને જણાવીને નીચેના શ્લોકથી 'કમલના જેવા દીર્ઘ નેત્રવાલા' (૨-૨-૯)નું નિરૂપણ કરે છે :

**વિદ્ધં સપત્ન્યુદિતપત્રિભિરન્તિ રાજ્ઞો બાલોઽપિ સન્નુપગતસ્તપસે વનાનિ ।**
**તસ્મા અદાધ્રુવગતિં ગૃણતે પ્રસન્નો દિવ્યાઃ સ્તુવન્તિ મુનયો યદુપર્યધસ્તાત્ ।।૮।।**

રાજાની નજીક શોકે કહેલા (વાણીરૂપ) બાણોથી વીંધાયેલ બાલક હોવા છતાં પણ તપ કરવા વનોમાં ગયો, તે સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન થયેલા એને ધ્રુવ ગતિ આપી. જે ઉપર રહેલાની નીચે રહેલા દિવ્ય મુનિઓ સ્તુતિ કરે છે.૮

'કમલના જેવા દીર્ઘ બે નેત્રો છે જેમના' વિશેષણ હોવાથી દૃષ્ટાંત સાથે દીર્ઘપણું અને બે નેત્રો કહેવા જોઈએ. એમાં વૈકુંઠમાં રહેલા ભગવાન્ નેત્ર છે. એનું

દીર્ઘપણું જ્યોતિશ્ચક્ર છે, કારણકે ત્યાં રહેલા[1] ભગવાન્ સર્વને જુએ છે. એ (નેત્ર)નું કમલના જેવું દીર્ઘપણું વિચારવું જોઈએ, કારણકે એ (કમલ) વિકાસ પામેલ હોય ત્યારે જ દીર્ઘ થાય છે. એનો વિકાસ તપના જેવો[2] છે. જેમ જલમાં રહેલું જ કમલ વિકાસ પામે છે, તેમ ઉત્તમ અધિકારી ઉપર વનમાં રહેલું ભગવાનનું નેત્ર વિકાસ પામે છે, ત્યારે એ જુએ છે, એવો અર્થ છે. એમાં પણ ભગવાનની ઈચ્છાથી જ્યારે એવા બનેલ[3] કામનાવાળાને જ બહાર જુએ છે. કામ પણ જ્યારે દુઃખથી થયેલ હોય (અને) તપ પણ જ્યારે જગતનો પ્રકાશ કરનારું હોય ત્યારે એવા પ્રકારનું[4] (નેત્ર) થાય છે, એવી ધ્રુવની કથા કહેવામાં આવે છે. 'શોકે કહેલા બાણોથી' શબ્દોથી એની અસહ્ય વેદના જણાવી છે. માતાની શોક, તેણે રાજાની સમીપ 'હે વત્સ ! રાજાના ખોળામાં (ચડવા તું યોગ્ય) નથી' એવા વાણીરૂપ બાણોનો પ્રયોગ કર્યો, અને એમનાથી આ (ધ્રુવ) વીંધાયો, કારણકે મર્મસ્થાનને ભેદતાં બાણો વીંધે છે, અને 'પત્રિ' શબ્દથી એમ જણાવ્યું છે કે ઉપાય ન થાય તેવા ઊડીને વીંધે છે. આથી વિવેક વગેરેથી એનો ઉપાય ન થવાનું કહ્યું. 'રાજાની નજીક' શબ્દોથી બહારનો ઉપાય ન હોવાનું કહ્યું. તેથી પછી રાજાને પણ કહેવાનું ન હતું, કારણકે વીંધાવાનું એણે પણ જોયેલું. આથી (ધ્રુવનું) દીનપણું કહ્યું, કારણકે આ ભગવાનના દર્શન કરે એના કારણરૂપ છે. બીજું કારણ 'બલ' શબ્દથી કહેલ છે. 'તપસે' તપ કરવા માટે વનોમાં ગયો, એમ અધિકાર (કહ્યો.) 'વનોમાં' એ બહુવચન એવી દૃઢ પ્રતિજ્ઞા જણાવવા (યોજેલું છે) કે ફલ પ્રાપ્ત કરવા બધાયે વનોમાં હું તપ કરીશ. 'એને (ધ્રુવગતિ) આપી' શબ્દોથી દૃષ્ટિનો વિકાસ (જણાવ્યો.) 'ધ્રુવગતિ' શબ્દથી ફલનું નિશ્ચલપણું કહ્યું. 'સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન થયેલા' શબ્દોથી કિરણો તો[5] અંદર પ્રવેશ કરાવ્યાનું કહ્યું, કારણકે એ (ભગવાન્) તપથી પ્રસન્ન થયા ન હતા, પરંતુ બાલક તપ કરતો હોવાથી (પ્રસન્ન થયેલ.) એમ ન હોત[6] તો 'નિવૃત્ત કરીશ, પોતાના સ્થલે પાછા જાઓ' (૪-૮-૮૨) એ વચન ઘટે નહિ, કારણકે ભગવાન્ બીજી રીતે એને નિવૃત્ત કરવાવાળા ન હતા એવું ન હતું, પરંતુ શક્તિમાન જ (હતા,) સ્તુતિથી પ્રસન્ન થઈ બાલકને ધ્રુવગતિ આપી.

'સ્તુતિ અને ધ્રુવગતિને શો સમ્બન્ધ? તપનું ફલ ભોગ હોવાથી એ તો એવું (ધ્રુવગતિ આપનારું) હોવાનું પણ સંભવે છે,' એવી શંકા થાય, તેથી 'દિવ્યો સ્તુતિ કરે છે' એમ કહેલું છે. એણે નક્કી નિંદાના વચનથી ખેદ પામી એમ (સ્તુતિ) કર્યું, તેથી સદા (એની) સ્તુતિ થાય તેવું સ્થાન (ભગવાને) આપ્યું[7] જે ઉપર રહેલા

સ્થાનની દિવ્ય સપ્તર્ષિઓ પણ નીચે રહીને સ્તુતિ કરે છે, કારણકે આ સ્થાન પ્રસન્નતાથી પ્રાપ્ત ન થાત. તપ કરીને અથવા આજીજીથી પ્રાપ્ત કરેલ હોત, તો ભગવદીયો (એની) સ્તુતિ ન કરત. એની પણ મુનિઓ સ્તુતિ કરે છે. એમાં પણ ઉપર રહેલાની અને પોતે નીચે રહીને ઈર્ષ્યા કરવા જ યોગ્ય (હોત.) ધ્રુવનો પશ્ચાત્તાપ પણ (ભગવાનની) પ્રસન્નતાનું કારણ છે.૮

૧.વૈકુંઠવાસી જ્યોતિશ્ચક્રમાં રહેલા.(પ્ર)

૨.જેમ તપનો વિકાસ ઉપભોગ ઉત્પન્ન કરનારો છે તેવો, એવો અર્થ છે.(પ્ર)

૩.વનમાં રહીને, દુઃખી થયેલ કામનાવાળો.(પ્ર)

૪.કમલની પેઠે વિકાસ પામેલા નયનનું પ્રાકટ્ય કરવા સમર્થ.(પ્ર)

૫.અહીં કિરણ પ્રસન્નતાના સ્થાનવાળું જાણવું.(પ્ર)

૬.'એમ ન હોય તો' એટલે તપથી પ્રસન્ન થયા હોત તો.(પ્ર)

૭.એવા સ્થાનનું દાન, દાતા ભગવાનનો અવતાર હોવાનું જણાવનાર છે.(પ્ર)

એવી રીતે કમલના જેવા દીર્ઘ નેત્રવાળાનું નિરૂપણ કરીને નીચેના શ્લોકમાં 'કદંબની કળી જેવા લાલાશવાળા પીળા રંગના વસ્ત્રવાળા' (૨-૨-૯)નું નિરૂપણ કરે છેઃ

**યદ્વેનમુત્પથગતં દ્વિજવાક્યવજ્રવિપ્લુષ્ટપૌરુષભગં નિરયે પતન્તમ્ ।**
**ત્રાત્વાર્થિતો જગતિ પુત્રપદં ચ લેભે દુગ્ધા વસૂનિ વસુધા સકલાનિ યેન ।।૯।।**

જેથી આડા રસ્તે ગયેલા, તેથી દ્વિજોના વાક્યરૂપ વજ્રથી નાશ પામેલ પુરુષાતન અને ભાગ્યવાળા, નરકમાં પડતા વેનનું રક્ષણ કરીને, અને વિજ્ઞપ્તિ કરેલાએ જગતમાં પુત્રપદ પ્રાપ્ત કર્યું, જેણે (તેણે) પૃથ્વીને સઘળી વસ્તુઓ દોહી લીધી.૯

અહીં પીતાંબર અને (એ) કદંબની સમાન હોવાનું જણાવવાનું છે. વર્ષાના[1] સમયમાં કદંબની કળીઓ થાય છે; અને ભૂમિ સારી રીતે તપે ત્યારે વૃષ્ટિ થાય છે. જેમ સંતાપ થાય ત્યારે વૃષ્ટિ થાય છે, જેમ વૃષ્ટિ સર્વના સંતાપને હરનારી છે, તેવી રીતે પૃથુએ કરેલ દોહ સર્વના સંતાપ હરનારો છે, અને પૃથુ છંદોથી ભરપૂર, સર્વ વેદના અર્થને જણાવનાર પીતાંબરરૂપ છે, કારણકે રાજા સ્વભાવથી ભૂમિને ઢાંકનાર છે. એની આજ્ઞાથી ભૂમિનું રક્ષણ થાય છે, પરંતુ આ જેવી હતી તેવી ભૂમિનું રક્ષણ કરનાર ન હતો, તેથી ભૂમિને ઝાંખી કરવાથી એ પીળી થઈ.[2] આ પૃથુએ પુત્રપદ પ્રાપ્ત કર્યું, 'પું નામના નરકમાંથી સુત પિતાનું રક્ષણ કરે છે' એવી 'પુત્ર' શબ્દની વ્યુત્પત્તિ છે. એ સમ્બન્ધમાં બીજાઓ નરકમાંથી બચાવે છે કે નહિ એ ન જાણેલું હોવાથી સંદેહ રહે છે, આ તો નરકમાંથી બચાવે જ છે. નરક ગુદાનું સ્થાન હોવાથી,

એને ઢાંકનાર તરીકે જ આ પીતાંબર છે. રક્ષણ દુઃખ થાય ત્યારે કરવાનું હોય છે. એ માટે આના પિતાને દુઃખ થયાનું કહે છે. જેથી વેન આડા માર્ગે ગયેલો, અન્યાયના માર્ગે પ્રવૃત્ત થયેલો હતો, તેથી જ બ્રાહ્મણો ઉપર અપકાર કરનારો હોવાથી, એમના વાક્યરૂપી વજ્રથી સંપૂર્ણ રીતે નાશ પામેલું હતું પુરુષાતન અને ભાગ્ય જેનું (તેવો વેન હતો,) તેથી ભાગ્યથી અને પુરુષાતનથી મુક્તિ થાય એમ ન હતું; અને આડે રસ્તે ગયેલ હોવાથી પ્રજાનું પાલન કરવાથી (થાય એમ) ન હતું, તેથી ગુણ ન હોવાથી અને દોષ હોવાથી એ નરકમાં પડતો હતો. એ સમયે મથન કરવાથી એના હાથમાંથી નીકળેલા (પૃથુ)એ એને બચાવ્યો. (પૃથુને) એ બ્રાહ્મણોએ જ વિજ્ઞપ્તિ કરેલી, તેથી જ (એ) પુત્ર થયો. (હવે) અવતારનું ચરિત્ર કહે છે. વસુઓનો દોહનાર થયો. સર્વ વસુઓનો દોહનાર થયો. વસુઓ એટલે વસ્તુઓ. વસુધા એટલે પૃથ્વી. આથી વસુધામાંથી વસ્તુઓ દોહી. જોકે બીજી વસ્તુઓ બીજાઓએ જ દોહી હતી, છતાં પણ (દોહવાના કાર્યનું) મૂળ આ હોવાથી 'જેણે સર્વ (વસુઓ દોહી)' એમ કહેલું છે. આથી વેદરૂપ પીતાંબર એ પ્રમાણે સર્વની કામના પ્રાપ્ત કરાવનારું અને નરકમાંથી રક્ષણ કરનારું હોવાનું કહ્યું. અને પીળું હોવાથી સર્વ દુઃખનો નાશ પ્રાસંગિક છે. જનનેંદ્રિયને ઢાંકવાનું તો સ્વભાવથી[3] જ થાય છે. એ (પીતાંબર)માં સર્વ ગુણો હોવાથી એ રેખાના આકારવાળું છે.૯

૧.અહીંથી પૃથુ પીતાંબર હોવાનું જણાવે છે, પૃથુએ વસુધા પછી, જે બીજાઓએ દોહન કર્યું તે કદંબની કળીના જેવું હતું, કારણકે પૃથુના દોહનમાંથી એ ઉત્પન્ન થયેલું અને ઘણું હતું રાજાનો સ્વભાવ પ્રજાને આનંદ કરાવવાનો. એનાથી એ થોડું લાલ હતું.

૨.પૃથુનું પીળાપણું. ઢાંકનારમાં પીળાશ ન હોય તો ઢંકાયેલ ભૂમિરૂપ જઘન ઝાંખા ન થાય.(પ્ર)

૩.'પરસ્ત્રીમાં માતાની બુદ્ધિ રાખવી' વાક્ય પ્રમાણે જિતેંદ્રિય હોવાના સ્વભાવથી, એવો અર્થ છે.(પ્ર) પીતાંબરના સ્વભાવથી જ થાય છે, વસ્ત્રનો એ જ ઉપયોગ છે.

એ પ્રમાણે પીતાંબર જણાવીને 'મોટા રત્નો જડેલા છે તેવા સુવર્ણના બાજુબંધવાળા' (૨-૨-૯)નું નીચેના શ્લોકથી નિરૂપણ કરે છે :

**નાભેરસાવૃષભ આસ સુદેવિસૂનુર્યો વૈ ચચાર સમદ્ગ્જહયોગચર્યામ્ ।**
**યત્પારમહંસ્યમૃષયઃ પદમામનન્તિ સ્વસ્થઃપ્રશાન્તકરણઃ પરિમુક્તસઙ્ગઃ ।।૧૦।।**

નાભિથી સુદેવીના પુત્ર આ ઋષભ થયા, જે સમદષ્ટિવાળા, સ્વસ્થ, પ્રશાંત ઇંદ્રિયોવાળા, સંગ સર્વથા ત્યજેલાએ ખરેખર જડના જેવું યોગનું આચરણ કર્યું, જેને ઋષિઓ પરમહંસનું પદ કહે છે.૧૦

નાભિએ બ્રાહ્મણોની પ્રાર્થના કરીને યજ્ઞમાં પ્રકટ થએલ ભગવાનની પ્રાર્થના

કરીને ભગવાનને પુત્ર તરીકે માગ્યા. નાભિની પત્ની સુદેવી નામની હતી, તેના એ પુત્ર (હતા.)

'આ' શબ્દથી (બ્રહ્માની) બુદ્ધિમાં રહેલ (કહેલ છે.) ઋષભ એવું નામ (હતું.) 'જેમણે ખરેખર (યોગનું) આચરણ કર્યું' શબ્દોથી અવતારનું પ્રયોજન (કહ્યું.) એમણે લોકમાં જડના સમ્બન્ધવાળું યોગનું આચરણ દર્શાવ્યું. 'સમદૃષ્ટિવાળા' એટલે બ્રહ્મદૃષ્ટિવાળા. એ જડના જેવા યોગના આચરણનું સત્પુરુષોએ ગ્રહણ કરવા યોગ્ય રૂપ 'જેને પરમહંસનું પદ કહે છે' શબ્દોથી કહેલ છે. એ માર્ગને નભાવનારા જરૂરી સાધનોનો ઉપદેશ કરતાં પોતે એવો (એ સાધનોવાળો) થયો એમ કહે છે. પ્રથમ 'પરમુક્તઃ' બધા સંગનો ત્યાગ કર્યો. એનાથી 'પ્રશાન્તકરણઃ' ઘણી શાંત થયેલ હતી 'કરણાનિ' ઇંદ્રિયો જેની તેવો (થયો.) એનાથી 'સ્વસ્થઃ' (પોતાના) સ્વરૂપમાં રહેનાર (થયો.) એમ દોષોનો નાશ કર્યાનું કહ્યું. ગુણ તો 'સમદૃક્' સર્વત્ર (કોઈમાં પણ) ગુણદોષની દૃષ્ટિ વિનાનો, અથવા સર્વ પ્રાણીઓમાં વાસુદેવ (હોવા)ની દૃષ્ટિવાળો થયો.

ક્રિયાના દેવતાની મધ્યમાં[1] બાજુબંધ પહેરાય છે. એમાં પણ દેવતાનો વિભાગ (થાય છે) ત્યાં અને આ બ્રહ્મ જાણનારાઓ કર્મોનો ત્યાગ કરેલો.[2] નાભિનો પુત્ર[3] હોવાથી (એ બાજુબંધ) સુવર્ણનું હતું. મોટા રત્નો તો એના પુત્રો[4] હતા, કારણકે એ જ્ઞાન અને કર્મની મધ્યમાં રહેલો, તેથી બાજુબંધરૂપ હતો. સ્વસ્થપણું વગેરે રત્નો, સમદૃષ્ટિ સુવર્ણ, જડના જેવી યોગચર્યા, દેહ, કારણકે આ પરમહંસોનું પદ હતું. રત્નો તો એઓ હતા. તેથી એમ જાણવું કે ઋષભનું જે કાંઈ કાર્ય તે જ બાજુબંધનું કાર્ય, અને ત્રણ અધ્યાયોથી એનું ચરિત્ર કહેશે. એઓમાં પહેલા અધ્યાયનો અર્થ શોભા છે. એના વાક્યોરૂપ મોટા રત્નો બીજા અધ્યાયનો અર્થ છે. સુવર્ણપણું (એટલે) બ્રહ્મભાવ ત્રીજા અધ્યાયનો અર્થ છે.૧૦

૧.મધ્યભાગ હાથનો, એટલે કોણી.(પ્ર)
૨.હાથના કોણી ઉપરના ભાગે ક્રિયાનો ત્યાગ કરેલો.(પ્ર)
૩.કારણકે નાભિના યજ્ઞમાં સુવર્ણરૂપથી ભગવાન્ પ્રકટ થયેલા.(પ્ર)
૪.નવ યોગેશ્વરો.(પ્ર)

એવી રીતે બાજુબંધનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં 'પ્રકાશતાં મોટા રત્નોવાળા મુકુટ અને કુંડલવાળા' (૨-૨-૯)નું નિરૂપણ કરે છે :

**સત્રે સમાસ ભગવાન્ હયશીર્ષનામા સાક્ષાત્સ યજ્ઞપુરુષસ્તપનીયવર્ણઃ ।**
**છન્દોમયો મખમયોઽખિલદેવતાત્મા વાચો બભૂવુરુશતીઃ શ્વસતોઽસ્ય નસ્તઃ॥૧૧॥**

મારા યજ્ઞમાં હયશીર્ષ નામના ભગવાન્ પ્રકટ થયા. તે સુવર્ણના રંગના છંદોમય યજ્ઞમય અખિલ દેવતાના આત્મા સાક્ષાત્ યજ્ઞપુરુષ હતા. શ્વાસ મૂકતાં આમના નાકમાંથી સુંદર વાણીઓ નીકળતી.૧૧

હયગ્રીવ મુકુટ અને કુંડલરૂપ છે. એ બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરાવનાર હોવાથી બંને[1] રૂપવાળો છે. અશ્વનું શિર મુકુટ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ દેહ બે કુંડલો છે. સાંખ્ય અને યોગનો આધાર થયેલ મનુષ્યનો દેહ છે, કારણકે એ (હયગ્રીવ) અગ્નિથી થઈ શકે તેવા કર્મમાં પ્રકટ થયેલો. કુંડલ વગેરે પણ એવી રીતે (પ્રકટ થયેલા.) એ જ ત્રણ રૂપો કહે છે. છંદોમય અને મખમય બે કુંડલો, અખિલ દેવતારૂપ મુકુટ (છે.) 'અખિલા' ન્યૂન નથી તેવા જે બ્રહ્મા વગેરે દેવો ભગવાનના મસ્તક પારમેષ્ઠ્ય ઉપર રહેલા તે (મુકુટ) હયગ્રીવથી જે કરવામાં આવે છે તે સર્વ કુંડલો અને મુકુટનું કાર્ય છે. એમનું સ્વરૂપ બ્રહ્મા જણાવે છે.

મારા 'સત્રે' યજ્ઞમાં 'આસ' પ્રકટ થયેલ એ પ્રસિદ્ધ હયગ્રીવ ભગવાન્ જ હતા. દૈત્ય હયગ્રીવનો નાશ કરવા, અને કિંપુરુષ વગેરે રૂપના (એ) ન હતા એમ જણાવવા 'ભગવાન્' (કહેલા છે,) કારણકે (ભગવાન્ વિના) બીજો કોઈ યજ્ઞમાં પ્રકટ થવા યોગ્ય નથી, કારણકે હયશીર્ષ જ સાક્ષાત્ યજ્ઞપુરુષ, સર્વ યજ્ઞના અધિષ્ઠાતા દેવ છે, કારણકે 'તપનીયવર્ણઃ' તપનીયવાળો રંગ છે જેમનો તેવા છે. 'તપનીયમ્' સુવર્ણ, યજ્ઞ પણ અગ્નિથી થઈ શકે તેવો હોવાથી તપનીય વર્ણ છે જેનો તેવો છે. છંદોમય એટલે વેદરૂપ, 'મખમય' એટલે યજ્ઞરૂપ. અખિલ દેવતારૂપ એટલે પ્રમાણ અને પ્રમેય, સાધન અને ફલ બનેલા (એ હતા,) એવો અર્થ છે, કારણકે અખિલ દેવતાઓ સાધન, આત્મા ફલ છે. (સુંદર) વાણીઓ નીકળતી' શબ્દોથી અવતારનું પ્રયોજન કહેલું છે. સુંદર વાણીઓ વેદના લક્ષણરૂપ 'નસ્તઃ' નાકમાંથી 'શ્વસતઃ' શ્વાસ કાઢતા હોય ત્યારે નીકળતી. સુંદર વાણીઓ પ્રકાશતાં મોટા રત્નો જ છે. ૧૧

૧.'બંને રૂપ' એટલે હય (અશ્વ) અને મનુષ્યના રૂપ.(પ્ર)

એ પ્રમાણે મુકુટ અને કુંડલોનું નિરૂપણ કરીને 'વિકાસ પામેલા કમલરૂપ હૃદયના કોશરૂપ ગૃહમાં યોગેશ્વરોએ સ્થાપન કરેલું છે પાદપલ્લવ જેમનું' (૨-૨-૧૦) તે સ્વરૂપનું નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છે :

**મત્સ્યો યુગાન્તસમયે મનુનોપલબ્ધઃ ક્ષોણીમયો નિખિલજીવનિકાયકેતઃ ।**
**વિસ્રંસિતાનુરુભયે સલિલે મુખાન્મે આદાય તત્ર વિજહાર હ વેદમાર્ગાન્ ।।૧૨।।**

યુગના અંતના સમયે પૃથ્વીમય સર્વ જીવોના સમૂહના સ્થાનરૂપ મનુએ જોયેલા

મત્સ્યે ઘણો ભય થતાં મારા મુખમાંથી જલમાં પડી ગયેલા વેદમાર્ગોને લઈને, અહો ! એમાં વિહાર કર્યો.૧૨

મત્સ્ય[1] પલ્લવરૂપ છે. સત્યવ્રત વગેરે શિષ્યો હોવાથી (એમણે) એ ભગવાન્ ગુરુનું જ્ઞાનરૂપ પાદરૂપ નાવનું હૃદયમાં સ્થાપન કર્યું જ. યુગના અંતના પ્રલયના સમયે દ્રવિડના રાજા સત્યવ્રત મનુએ જોયેલ. 'મનુ'એ ભવિષ્યમાં (પ્રાપ્ત) થવાનું નામ છે, કારણકે એ (મત્સ્ય)ની કૃપાથી જ એ મનુ થવાના હતા. એ (મનુએ) જોયા. પ્રથમ એમની અંજલિના જલમાં (મત્સ્ય) પ્રકટ થયા. એ મત્સ્યની ઉત્પત્તિ કહેલી ન હોવાથી 'જોયેલા' એમ કહેલું છે. 'પૃથ્વીમય' શબ્દથી એ પાદ હોવાનું કહેલું છે, કારણકે એ પૃથ્વીમય હતા. તેથી જ એમણે આધ્યાત્મિક પૃથ્વીનું વહન કરેલ, કારણકે નાવરૂપ પૃથ્વી તારનારી છે, તેથી જ ચરણ (પાદ) નાવ છે. વળી ભગવાનનું ચરણ સર્વ ભક્તોનો આશ્રય છે, એ (અર્થ) 'સર્વ જીવોના સમૂહના સ્થાનરૂપ' શબ્દથી કહેલ છે. 'નિખિલાઃ' જે જીવો, વિષયોથી ખંડિત ન થયેલા સંપૂર્ણ જીવો, તેઓનો 'નિકાયઃ' સમૂહ, તેનું 'કેતઃ' સ્થાન (હતા,) કારણકે સર્વ બીજો અને ઋષિઓ એ સમયે નૌકામાં રહેલા. આજ ચરણનું સ્વરૂપ છે, તેથી જ સંસારરૂપ સમુદ્રને તારવામાં (એ) નાવ છે. એમના અવતારનું ચરિત્ર કહે છે (કે) ઘણો ભય થતાં, બ્રહ્માને થયેલ ભયથી (એમના) મુખમાંથી પડી ગયેલા વેદોને હયગ્રીવ નામનો દાનવોનો રાજા પાસે (હતો તે) લઈ ગયો. એને હણીને એની પાસેથી લાવીને ત્યાં જલમાં, અહો ! વિહાર કર્યો. 'વેદમાર્ગોને' શબ્દથી એમ (જણાવેલ છે કે) બીજા પણ જ્ઞાન અને ભક્તિ સિદ્ધ કરનારા વેદો એની પાસેથી જ નીકળ્યા, 'હ' શબ્દ પ્રસિદ્ધિ અથવા આશ્ચર્ય (જણાવનારો) છે. તેથી જ શિષ્યોના હૃદયો વેદના માર્ગોને લીધે વિકાસ પામે[2] છે. યજ્ઞમાં ઉપયોગી વેદોનો હયગ્રીવે ઉદ્ધાર કરેલો, પરંતુ સર્વને ઉપયોગી[3] વેદોનો તો મત્સ્યે (ઉદ્ધાર કર્યો,) એટલો ભેદ છે.૧૨

૧.મત્સ્ય પૃથ્વીમય હોવાથી ચરણરૂપ હોવાનું સ્પષ્ટ છે, તેથી આકાર સમાન હોવાનું એ નૌકારૂપ હોવાનું અહીંથી સિદ્ધ કરે છે.(પ્ર)

૨.મત્સ્યનું ચરિત્ર વિકાસ પામેલા (કમલના કોશરૂપ ગૃહ) જેવું હોવાનું આથી જણાવે છે.(પ્ર)

૩.આ બહુવચનથી માર્ગ સમ્બન્ધી બહુવચન જણાવેલ છે.(પ્ર)

નીચેના શ્લોકમાં લક્ષ્મી જેમનું ચિહ્ન છે તે (સ્વરૂપ)નું નિરૂપણ કરે છે :

**ક્ષીરોદધાવમરદાનવયૂથપાનામુન્મથ્નતામમૃતલબ્ધય આદિદેવઃ ।**
**પૃષ્ઠેન કચ્છવપુર્વિદધાર ગોત્રં નિદ્રાક્ષણોઽદ્રિપરિવર્ત્તકષાણકણ્ડૂઃ ।।૧૩।।**

દેવો અને દાનવોના સમૂહોનું રક્ષણ કરનારાઓ દૂધના સમુદ્રનું અમૃતની પ્રાપ્તિ

માટે મથન કરતા હતા ત્યારે કાચબાના દેહવાળા નિદ્રામાં આનંદ માનનાર, પર્વતના ફરવાથી ખણાયેલ ચળવાળા આદિ દેવે પર્વત પીઠ ઉપર ધારણ કરેલો.૧૩

કૂર્મે[1] અમૃત સાથે લક્ષ્મી ઉત્પન્ન કરેલ. જેટલું કૂર્મનું કાર્ય તેટલું શ્રીવત્સ (લક્ષ્મીના ચિહ્ન)નું કાર્ય છે. જેમ બ્રાહ્મણ (ભૃગુ)ના ચરણનો સ્પર્શ (થયેલ) તેવો મંદરનો સ્પર્શ (હતો.) જેમ સર્વ બ્રાહ્મણોએ વિચાર કરીને એ જણાવેલ, તેમ સર્વ દેવો અને દાનવોએ મંદરને કૂર્મ ઉપર મૂકેલ. જેવું (મંદર) ઘસાવું, તેવો શાસ્ત્રનો નિર્ણય.

દૂધના સમુદ્રમાં જે દેવ અને દાનવોના સમૂહોનું રક્ષણ કરનારાઓ મથન કરતા હતા, તેઓ મથન કરતા હતા ત્યારે દેવોનો પક્ષપાત કરનાર આધિદૈવિક કાચબાના દેહવાળા કૂર્માવતારવાળા આદિદેવ ભગવાને અમૃતની પ્રાપ્તિ માટે પીઠ ઉપર મંદાર પર્વતને ધારણ કર્યો. '(ભગવાને) કેમ એ પ્રમાણે ભારરૂપ ભારે મંદરને ધારણ કર્યો?' એ સમ્બન્ધમાં કહે છે કે 'નિદ્રાક્ષણઃ' ઊંઘમાં આનંદ (થતો) હતો જેમને (તેવા હતા.) ઊંઘવા માટે ધારણ કરેલ, એવો અર્થ છે. 'આ વિપરીત કહો, કારણકે ઊંઘ આવતી હોય તે બધો ભાર ઉતારી નાખે.' એ સમ્બન્ધમાં કહે છે કે 'પર્વતના ફરવાથી ખણાયેલ ચળવાળા' હતા. પર્વત ફરવાથી 'કષાણ' ખણાતી હતી ચળ જેમની (તેવા હતા.) તેથી (ચળ) ખણાય એ માટે પર્વત ધારણ કરેલો, એવો અર્થ છે, કારણકે (ચળ) ખણાવાથી સુખ થતાં ઊંઘ આવે. જેમ સર્વ દેવોને અમૃતનું પાન કરવાનું થઈ શકે એ માટે પર્વત ધારણ (કરેલ,) તેવી રીતે સર્વ ભ્રાંત પ્રાણીઓને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત થાય એ માટે પરીક્ષા કરનાર બ્રાહ્મણનું ચરણ (ભગવાને) ધારણ કરેલું.૧૩

૧.કૂર્મ શ્રીવત્સ (લક્ષ્મીના ચિહ્ન)નો અવતાર હોવાનું અહીંથી સિદ્ધ કરે છે.(પ્ર)

નીચેના શ્લોકમાં 'કૌસ્તુભ રત્ન છે કંઠમાં જેમની' (૨-૨-૧૦) (તે સ્વરૂપનું) નિરૂપણ કરે છે :

**ત્રૈવિષ્ટપોરુભયહાસનૃસિંહરૂપં કૃત્વા ભ્રમદ્ભ્રુકુટિદંષ્ટ્રકરાલવક્ત્રમ્ ।**
**દૈત્યેન્દ્રમાશુ ગદયાઽભિપતન્માતમારાદૂરૌ નિપાત્ય વિદદાર નખૈઃ સ્ફુરન્તમ્ ।।૧૪।।**

ત્રણ લોકને પાલનારના ઘણા ભયનો નાશ કરનાર એમણે નૃસિંહનું રૂપ કરીને ભ્રમતી ભ્રુકુટિ સાથેની દાઢોથી ભયંકર મુખવાળા, ગદા સાથે ઝડપથી સામે દોડી આવતા, આમતેમ ફરતા દૈત્યોના રાજાને દૂરથી સાથળ ઉપર પાડીને નખોથી ચીરી નાખ્યો.૧૪

નૃસિંહ કંઠમાં કૌસ્તુભવાળા છે. જેમ કંઠ ઉપર ધારણ કરેલા કૌસ્તુભના કિરણો ખભા ઉપર પડેલા કેસર જેવા થાય, તેવી[1] જ રીતે નૃસિંહ ભગવાનના કૌસ્તુભરૂપ છે. ભગવાન્ કૌસ્તુભને કંઠ ઉપર જે ધારણ કરે છે, તે દૈત્યોનો વધ કરવા અને

ભક્તજનોનો ઉદ્ધાર કરવા (કરે છે,) કારણકે બધાય ભગવદીય જીવો 'જીવનું સ્વચ્છ તત્વરૂપ મણિ આમના કંઠ ઉપર છે' વાક્ય[૨] પ્રમાણે કૌસ્તુભરૂપ છે. તેથી ભગવાન્ જો એમને હૃદય ઉપર ન રાખે તો મૃત્યુના સાધન કર્મોથી એઓને મૃત્યુ ગળી જ જાય. તેથી મૃત્યુરૂપ હાથીને હણનાર નૃસિંહ પ્રહ્લાદનું રક્ષણ કરનાર (અને) એના વિરોધી હિરણ્યકશિપુને હણનાર (થયા.)

ત્રણ લોકનું રક્ષણ કરનારા દેવો, એઓને જે ઘણો ભય થયો તેને હણનાર હોવાથી એ એવાઉ (કહેલ છે.) એ ભગવાને નૃસિંહનું રૂપ (ધારણ) કર્યું, કારણકે ભક્તો ગામમાં અને વનમાં રહેનારા બે પ્રકારના છે. બંને (પ્રકારના)નો ઉદ્ધાર કરવા બંને રૂપવાળા થયા. કૌસ્તુભ પણ એવો છે. ભ્રમણ કરતી જે બે ભ્રુકુટિઓ, તેઓ સાથેની દાઢો, તેઓનાથી ભયંકર હતું મુખ જેમનું (તેવા નૃસિંહ થયા.) ભ્રુકુટિનું ભ્રમણ ખાઈ જવા આવેલા કાલને પાછો કાઢવા (થયેલ) તે સાથેની જો દાઢો (થાય) તો યમનો પણ પરાભવ થાય. તેથી જ મુખ ભયંકર[૩] (થયેલ.) આથી એમ સૂચવેલું છે કે જે કોઈ ભક્તના વિરોધી છે તેઓ તેવું મુખ જોઈને સર્વથા (કોઈ રીતે) પોતાનું કાર્ય કરશે નહીં. તેથી જ ભક્તના વિરોધી દૈત્યોનો રાજા, બીજો સાવધાન થાય નહીં એ માટે, 'શીઘ્રમ્' તરત જ પ્રહાર કરવાની શક્તિવાળી ગદા સાથે સામેથી દોડી આવતો હતો, તેને 'આરાત્' દૂરથી જ સાથળ ઉપર પાડીને આમતેમ ફરતા એને નખોથી ફાડી નાખ્યો. એની મુક્તિ ન થાય એ માટે નખોથી ફાડી નાખ્યો. (એને) કામ ઉત્પન્ન થાય[૪] એ માટે સાથળ ઉપર પાડ્યો, કારણકે કૌસ્તુભ એવી જ રીતે ભક્તના વિરોધીનો સંસાર અને કામજ સાથે સમ્બન્ધ કરાવે છે. 'સ્ફુરન્તમ્' એટલે આમતેમ ફરતા.૧૪

૧.કારણકે (કૌસ્તુભની) કિરણો અને (સિંહના) કેસરોમાં સ્કંધ ઉપર પડવાનું સમાન છે.(પ્ર)
૨.'અને કંઠમાં કૌસ્તુભને ભૂષણ માટે (રાખેલ છે') એવું બીજું વાક્ય હોવાથી.(કૌસ્તુભ) બંને પ્રકારનો છે.(પ્ર)
૩.'એવા' એક પ્રકરણમાં કહેલ છે.(પ્ર)
૪.તેથી પછી તે કામી રાવણ થયો.ભા–૨૭

નીચેના બે શ્લોકોથી 'કરમાય નહીં તેવી શોભાવાળી વનમાલાથી પૂજાયેલા' (૨-૨-૧૦)નું નિરૂપણ કરે છે :

**અન્તઃસરસ્યુરુબલેન પદે ગૃહીતો ગ્રાહેણ યૂથપતિરમ્બુજહસ્ત આર્ત્તઃ ।**
**આહેદમાદિપુરુષાડખિલલોકનાથ તીર્થશ્રવઃ શ્રવણમઙ્ગલનામધેય ।।૧૫।।**
**શ્રુત્વા હરિસ્તમરણાર્થિનમનમપ્રમેયશ્ચક્રાયુધઃ પતગરાજભુજાધિરૂઢઃ ।**

**ચક્રેણ નક્રવદનં પરિપાટ્ય તસ્માદ્ધસ્તે પ્રગૃહ્ય ભગવાન્કૃપયોજ્જહાર ॥૧૬॥**

સરોવરની અંદર ઘણા બલવાળા ગ્રાહે પગથી પકડેલા દુઃખી (હાથીઓના) ટોળાના પતિએ સૂંઢમાં કમલ રાખી 'હે આદિપુરુષ, હે અખિલ લોકના નાથ ! હે તીર્થરૂપ કીર્તિવાળા ! હે શ્રવણથી જ મંગલ કરાવનાર નામવાળા' આ (એમ) કહ્યું. એ શરણ ઈચ્છનાર(ના વચન)નું શ્રવણ કરીને અજાણીતા રહેલા, ચક્ર આયુધવાળા, ગરુડની ભુજા ઉપરથી ઊતરેલા ભગવાન્ હરિએ ચક્રથી મગરના મુખને તોડી નાખી, એમાંથી હાથથી પકડી કૃપાથી ઉદ્ધાર કર્યો.૧૫-૧૬

જે હરિ[1] છે તે વનમાલા છે, કારણકે ગજેન્દ્રને મુક્ત કરવારૂપ ભગવાનની કીર્તિનું શ્રવણ કરીને ભક્તો સંપૂર્ણ પ્રકારે પ્રવૃત્તિ કરે છે, અને વનમાલા કીર્તિથી ભરપૂર છે. (એનું) ન કરમાવું એ એમની (ભગવાનની) કીર્તિ છે. એમાં દેવો વગેરેની સાહાય્ય અથવા વર (થયેલા) નહીં. માત્ર ભગવાને જ ગજેન્દ્રને મુક્ત કર્યો. અને દેવો વગેરેએ પ્રાર્થના પણ કરેલી નહીં, અને ભગવાનની પ્રીતિ થવા યોગ્ય એ (ગજેન્દ્ર)ના લૌકિક ગુણો પણ ન હતા. તેથી માત્ર કૃપાથી જ (એને) મુક્ત કર્યો. એ (વનમાલાનું) ન કરમાવાપણું છે. વિલંબ સહન થાય તેવો નથી એમ જણાવવા વિશેષણો[2] કહેલ છે.

'અન્તઃસરસિ' સરોવરની મધ્યમાં દેવલના શાપથી એવા દેહવાળા (થયેલ) દેવલની કૃપાથી જ ઘણા બલવાન્ થયેલા ઘણા બલવાળા (મગરે) પકડેલ. 'પગથી પકડેલ' શબ્દથી (એની) ક્રિયાશક્તિ અટકી પડેલ (જણાવી.) 'ગ્રાહ' શબ્દથી નાશ કરી ન શકાય તેવું વિઘ્ન (કહ્યું.) 'સૂંઢમાં કમલ રાખી' શબ્દથી પહેલાની ક્રૂરતા ન હોવાનું અને ભગવાન્ તરફ વલણ થયાનું (કહ્યું,) અથવા ભગવાનનું પૂજન કરવા કમલ લીધેલું. 'દુઃખી' શબ્દથી સર્વ (કોઈપણ) સાધન ન હોવાનું (કહ્યું.) એવા ઉપર (ભગવાન્ વિના) બીજાઓ કૃપા કરતા નથી. અને (ગજેન્દ્રે) આ કહ્યું. 'હે આદિપુરુષ !' આથી એમ (કહ્યું કે) તમારે અવશ્ય મારું રક્ષણ કરવું જોઈએ, કારણકે તમે મૂલ પુરુષ છો, અને (મારે) બીજાને કહેવું ન જોઈએ. 'હે અખિલ લોકના નાથ !' બધા લોકનું પાલન કરવાનો તમારો જ અધિકાર છે, તેથી મારે બીજાને કહેવું પણ ન જોઈએ. 'તારા દુઃખના અનુભવનું કારણ વારંવાર કરેલા પાપ હોવાથી હું શું કરું?' એવી શંકા થાય, તેથી 'હે તીર્થરૂપ કીર્તિવાળા' એમ કહેલ છે. તીર્થરૂપ છે 'શ્રવઃ' કીર્તિ જેમની તેવા (આપ છો.) આપની કીર્તિના શ્રવણથી જ અમારા પાપો ધોવાઈ ગયા છે. 'માત્ર છોડાવવામાં કાંઈ પણ પુરુષાર્થ થશે નહીં, પરંતુ વૈકુંઠ યોગ્ય દેહ પ્રાપ્ત કરાવવો જોઈએ અને એ (પ્રાપ્ત કરવા) માટે (તારું) શુભ

અદષ્ટ ન હોવાથી હું શું કરું?' એવી શંકા થાય, તેથી 'હે શ્રવણથી જ મંગલ કરાવનાર નામવાળા !' એમ કહેલું છે. માત્ર શ્રવણથી જ 'મંગલમ્' સર્વ શુભનું દાન કરનાર નામ છે જેમનું (તેવા આપ છો.) આથી (એમ કહ્યું) કે આપના માત્ર નામથી જ સર્વ શુભ કરાવનાર ભાગ્ય પ્રાપ્ત થયું. એ પ્રમાણે ચાર શબ્દો (સંબોધન) કહ્યાં ત્યારે વૈકુંઠમાં રહેલા ભગવાને (એ) શ્રવણ કરી દૂરથી જ એને શરણ ઈચ્છનારો જાણી, કોઈથી પણ 'આ ગજેન્દ્રનો ઉદ્ધાર કરવા જાય છે' એમ જણાયા વિના (ભગવાન્ ત્યાં પધાર્યા,) કારણકે બીજો કોઈ જાણે તો કોઈક દેવ અથવા બીજો (કોઈ) પોતાની કીર્તિ (થાય) એ માટે, હાથથી એ (ગજેન્દ્ર)ને પકડી બહાર કાઢે. તેથી 'અજાણીતા રહેલ' એમ કહેલું છે. 'ચક્ર આયુધવાળા' શબ્દ (ગજેન્દ્રને) મુક્તિ આપવા માટે (યોજેલ છે.) 'ગરુડની ભુજા ઉપરથી 'અધિરૂઢઃ' ઊતરેલા' આ વાક્યથી કાલ એને ખાઈ ગયા પછી એને મુક્તિ આપવાની ન હતી એમ જણાવ્યું, કારણકે ગજેન્દ્રે દેહનો ત્યાગ જાણેલ નહીં. 'હવે એ સારી પાંખોવાળો કાલરૂપ છે' એ વાક્ય પ્રમાણે ગરુડ કાલરૂપ છે. પધારીને (ભગવાને) કરેલું કૃત્ય 'ચક્રથી મગરના મુખને (તોડી નાખી)' શબ્દોથી કહેલ છે. વિઘ્ન કરનારનો નાશ કરીને, એવો અર્થ છે, પરંતુ એની સાથે (ગજેન્દ્રને) બહાર કાઢેલ ન હતો. 'એમાંથી' (એટલે) એ સંકટમાંથી હાથથી એટલે સૂંઢથી સારી રીતે પકડી, માત્ર સ્પર્શથી જ એને ચાર ભુજાઓવાળો દેહ પ્રાપ્ત કરાવીને એને પકડીને (બહાર કાઢ્યો) એવો અર્થ છે. ભગવાને ઉદ્ધાર કર્યો, તેથી બ્રાહ્મણોએ આપેલ શાપરૂપ વિઘ્ન નમાલું થયું. 'કૃપાથી ઉદ્ધાર કર્યો' શબ્દોથી જીવનું સાધન ન હોવાનું કહ્યું. બીજાના દુઃખનો નાશ કરવાની ઈચ્છા (તે)[3] કૃપા. એવી રીતે ભગવાનની કીર્તિ નક્કી ભક્તોનો ઉદ્ધાર કરે છે. આ જ ચરિત્ર આગળ ઉપર પ્રહ્લાદના વાક્યોમાં ભક્તિ કરાવનાર હોવાનું વિચારશે. તેથી કીર્તિથી જ પ્રેમ (થાય છે) એવું સિદ્ધ થશે.૧૫-૧૬.

૧.અહીંથી હરિ વનમાલા હોવાનું સિદ્ધ કરે છે.(પ્ર)

૨.ગજેન્દ્રના વિશેષણો બીજા (શ્લોક)માં કહેલ.(પ્ર) બીજા (સોળમા) શ્લોકમાં માત્ર એક જ ગજેન્દ્રનું વિશેષણ છે, અહીં વિશેષણો કહેલા છે. સંબોધનમાં ચાર વિશેષણો જણાવેલ હોવાનું જણાય છે.

૩.અમુક પ્રકારની ઈચ્છા કૃપા છે.(કૃપાના જેવું કાર્ય કરે તેવી ઈચ્છા કૃપા.) કાર્યના એકપણાથી એવી ઈચ્છાને કૃપા જાણવી. આમ જણાવવા જ પ્રહ્લાદના વચનોવાળું વાક્ય કહેલ છે.(પ્ર)

એ પ્રમાણે વનમાલાનું નિરૂપણ કરીને, એનાથી પૂજાયેલ હોવાનું પ્રેમ ઉત્પન્ન

કરનારપણાથી સૂચવીને, નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી 'કંદોરાથી શોભતાં' (૨-૨-૧૧) (સ્વરૂપ)નું નિરૂપણ કરે છે :

**જ્યાયાન્ ગુણૈરવરજોઽપ્યદિતેઃ સુતાનાં લોકાન્ વિચક્રમ ઈમાન્ યદથાધિયજ્ઞઃ ।**
**ક્ષ્માં વામનેન જગૃહે ત્રિપદચ્છલેન યાચ્ઞામૃતે પથિ ચરન્ વિભુભિર્ન ચાલ્યઃ ॥૧૭॥**

અદિતિના પુત્રોમાં નાના હોવા છતાં ગુણોથી મોટા આ લોકો ઉપર ફરી વળ્યા, કારણકે પછી યજ્ઞ કરાવનાર (થયા.) વામને ત્રણ પદના છલથી ભૂમિ ગ્રહણ કરી. માર્ગે જનારને શક્તિવાળાઓએ માગણી (કર્યા) વિના સ્થાનભ્રષ્ટ કરવો ન જોઈએ.૧૭

વામન ભગવાનના કંદોરારૂપ[1] છે, કારણકે કંદોરો કટિસ્થાનનું બંધન કરનાર છે. 'એમણે જઘનમાંથી અસુરો સર્જ્યા' એ શ્રુતિ, અને 'જઘનમાં મુખ્ય આત્માઓને' એ વાક્ય પ્રમાણે (દૈત્યો જઘનમાં રહેનારા હોવાથી,)[2] દૈત્યોનું બંધન કરનાર તરીકે માયાને પણ વચ્ચે[1] નાખીને શોભા ઉત્પન્ન કરે છે એવા સંકોચાવાના અને મોટા થવાના ગુણવાળા હોવાથી વામન કટિસૂત્ર (કંદોરો) જ છે. તેથી જ ગુણોના મુખ્યપણાથી (એમનું) નિરૂપણ (કરે છે.) અદિતિના પુત્રોમાં નાના હોવા છતાં[2] (ગુણોથી મોટા હતા.) અદિતિ ભૂમિરૂપ છે. જોકે (એનું) સર્વ રૂપવાળી તરીકે નિરૂપણ કરવામાં આવે છે, છતાં પણ એની સ્તુતિ કરવાનું પ્રયોજન હોવાથી 'અને અદિતિ છે' એમ એ જ મુખ્ય[૪] છે. એના પુત્રો એની કીર્તિ અને રક્ષણ ઉત્પન્ન કરનારા છે, તેથી રક્ષણ અને કીર્તિ રૂપ પીતાંબર છે, અને એનેપ કંદોરો દૃઢ કરે છે. ગુણોથી 'જ્યાયાન્' પુષ્ટ, સ્થૂલ મોટો, એવો અર્થ છે. ગુણો ઉત્તમપણું કરનારા હોવાથી એમના (વામનના) ગુણો કહે છે.

'જગત્ રચનાર સર્વને પ્રેરણા કરનાર, સર્વને વશ રાખનાર, કાલની ચેષ્ટારૂપ ભગવાનના કયા તે ગુણો છે કે જે (એમને) ઉત્તમપણું પ્રાપ્ત કરાવે છે?' એવી શંકા થાય, તેથી 'લોકો ઉપર ફરી વળ્યા' શબ્દોથી કંદોરાના ગુણ કહેતાં એ (વામનના ગુણો)ને જણાવે છે. બ્રહ્માંડરૂપ ભગવાનની છાતી કંઠ વગેરે તરીકે ઉપરના લોકો જણાવેલા હોવાથી, તે (લોકો)નું પોતે જ આક્રમણ (વામન) કરે એ તર્ક સાથેની બુદ્ધિથી ગ્રહણ થઈ શકતું નથી, તેથી જુદા ભગવાનના ગુણો બુદ્ધિથી સમજી શકાય છે. ભગવાન્ સર્વરૂપ હોવાથી જ (એ) પોતાનું આક્રમણ કરે એ બુદ્ધિથી સમજાતું ન હોવાથી ગુણ છે. ચરણ ઉપર લઈ જઈને બલિને દેખાડવાનું (એને એમ જણાવે છે કે) મારી ઈચ્છાથી જ તમો સ્વર્ગ વગેરે લોકોનો ભોગ કરનારા થયેલા, વાસ્તવિક રીતે

તો (મારા) ચરણના અવયવરૂપ લોકોનું ભોગ કરનારા છો. એ (દૈત્યો) ઉપરના લોકમાં રહે એ નિત્યનું[૬] નથી, કારણકે કંદોરો (ઉપરના અને નીચેના) બંને (લોક)ની હદ બાંધનારો છે. 'પુરુષની નાભિની ઉપરનું નક્કી પવિત્ર છે, નીચેનું અપવિત્ર છે. જે મધ્યથી પહેરવામાં આવે છે તે આના પવિત્રને અને અપવિત્રને જુદા પાડે છે' એ શ્રુતિ પ્રમાણે કંદોરો તે બંનેની હદ બાંધનારો છે. તેથી દૈત્યો સ્વર્ગમાં રહે એ યોગ્ય ન હોવાથી જુદા પાડનાર (કંદોરો) જુદા પાડે છે, તેથી તર્કથી અને પરમાર્થથી[૭] (લોકો ઉપર) ફરી વળવાનું સંભવતું નથી. વળી ઉત્તમ પ્રકારે ફરી વળવાનું તો જરાયે સંભવતું નથી. ઉત્તમ પ્રકાર તો ફરી વળતાં પડતાં લોકોને એ (ચરણ)થી જ થંભાવી દેવા૮ (એ) છે. પાડનારી ક્રિયા જ પાડતાં પાલન કરે એવું આશ્ચર્ય (થયું.)

વળી 'પછી' શબ્દથી અહીંથી બીજો ઉત્તમ પ્રકાર જુદા આરંભથી કહે છે. પહેલા લોક અને પરમાર્થથી અલૌકિક (કાર્ય) કહ્યું. હવે પોતે યજ્ઞરૂપ (હોઈ) યજ્ઞની સ્થાપના કરતાં યજ્ઞમાં વિઘ્ન કરે છે એવું વેદમાં પણ અલૌકિક (કાર્ય) કહે છે એ 'પછી યજ્ઞ કરનાર....' શબ્દોથી કહે છે. કારણકે આ યજ્ઞ કરનાર છે. એવી રીતે સર્વ પ્રકારે બુદ્ધિથી ન સમજાય તેવું કહીને 'વામને ત્રણ પદના છલથી ભૂમિગ્રહણ કરી' શબ્દોથી દેહ અને સ્વભાવથી વિરુદ્ધ (કાર્ય) કહે છે, કારણકે વામન દેહથી પણ થોડી ભૂમિ ઉપર પણ ફરી વળે નહીં એ સર્વ ભૂમિ ગ્રહણ કરે એ તદ્દન અયોગ્ય છે, કારણકે વળવાથી જ કંદોરા કટિને દબાવે[૯] છે. વળી 'ત્રણ પદના છલથી[૧૦]' (ભૂમિનું ગ્રહણ કર્યું.) ભગવાનને ત્રણ પદ નથી. [૧૧]છલ ભ્રમ ઉત્પન્ન કરનારું છે. માપ તો એમાં રહેલાને જ ગ્રહણ કરે છે.[૧૨] ભગવાને બુદ્ધિથી માપ કહેલું ન હતું. બહાર કાઢેલ ચરણ તો મપાતો નથી,[૧૩] તેથી ભગવાને ત્રીજો પગ કરવો જોઈએ એમ જાણવું જોઈએ. વામનનું વાક્ય ધ્યાનમાં લેવાથી એના ભ્રાંતિ કરાવનાર શબ્દોથી લોકમાં ખોટું જ્ઞાન ઉત્પન્ન કરનારાથી ભૂમિ માગવી એ છલ છે. 'માયા છે તે અસુરો છે' એ વાક્ય પ્રમાણે એ (અસુરો)ના માયારૂપ જ ભગવાન્ હોવાથી, ભગવાને સત્ય તરીકે કહેલું હોવા છતાં પણ એ છલરૂપ થયું, તેથી એમ કહેલ છે. એ પ્રમાણે ભગવાનના મોટા ગુણો કહીને, એમાં થયેલ માગવારૂપ દોષ 'માગણી (કર્યા)વિના (સ્થાનભ્રષ્ટ કરવો ન જોઈએ)' એ શબ્દોથી કાઢી નાખે છે, કારણકે માંગ (ભીખ) સેવકે કરેલી અને પ્રભુએ કરેલી (એવા) બે પ્રકારની છે. એ પૈકી સેવકે પ્રભુ પાસે કરેલ માગણી દોષ કરાવનારી છે, પણ પ્રભુએ કરેલી (એવી) નથી. વાસ્તવિક રીતે તો આ માગણી પ્રભુએ કરેલી.[૧૪] વાસ્તવિક રીતે તો પ્રભુનું જ ધન બીજા પાસે રાખેલું હોય, તે

નીતિના માર્ગે માગી લેવું એ જ યોગ્ય છે. (ભગવાને) પોતે જ ત્યાં રાખેલ હોવાથી (બલિ)માર્ગે જનાર[૧૪] (હતો.) (જો એ માગણી) સ્વીકારે નહીં તો જ બલથી લેવાય. 'ન ચાલ્યઃ' એટલે સ્થાનમાંથી કાઢવો ન જોઈએ, પરંતુ માગણી કરીને એનો સ્વીકાર ન કરે તો કાઢવો જોઈએ. 'ક્ષમામ્' શબ્દથી (એમ કહ્યું છે કે) માગણી કરીને પણ ભૂમિનું જ ગ્રહણ કર્યું. એમાં ઉત્પન્ન થયેલા દૈત્યો તો એના સ્વામી જ બનેલા,[૧૫] તેથી જ બંધન (કર્યું.) એમ ન[૧૬] હોત તો પાતાલ વગેરે કોઈક સ્થલે એનું સ્વામીપણું હોત તો (એનું) બંધન ન થાત અને બંધન કરવામાં ન આવે તો સ્વામીપણું સર્વ પ્રકારે કરશે જ, તેથી બંધન (કર્યું.) આથી[૧૭] પણ છલનું સમર્થન થયું. એક અંશની માગણી (કરી,) બે અંશનો ત્યાગ કરાવ્યો, ત્રણની માગણી તો છલ જ (હતું.) ભેગા કરેલમાં બાકી રહી જાય એ માટે ત્રણની માગણી[૧૮] (કરી.) એમ ન કર્યું હોત તો બાકીનાની મંજૂરી કરત, અથવા બે ક્રિયાઓ કરવી પડત. તેથી કંદોરાથી ભૂમિ લેવાનું યોગ્ય જ (હતું.)૧૭

૧.અહીંથી વામન કંદોરારૂપ હોવાનું સિદ્ધ કરે છે.(પ્ર)

૨.કૌંસમાં કહેલા શબ્દો અધ્યાહાર છે. મૈત્રાવરુણીય ઉપનિષદમાં 'પહેલા આ તમઃ હતું' એમ શરૂ કરી એનો રસ સ્રવી જવાથી રજઃ (થયું.) એનો પણ રસ સત્વ છે' એમ હોવાથી આ શુદ્ધ સત્વના અવતારોમાં પણ સર્વથી વામન નાના હતા.(પ્ર)

૩.કટિ અને કંદોરા વચ્ચે પીતાંબર રાખીને.

૪.આ શ્રુતિમાં કહેલી હોવાથી એ જ મુખ્ય છે.(પ્ર)

૫.'એને' પીતાંબરને.

૬.'નિત્ય'નું એટલે સ્વાભાવિક.(પ્ર)

૭.લોકથી અને પરમાર્થથી અસંભવિત કાર્ય કરવું એ શ્રેષ્ઠતા કરાવનારું છે, એવો અર્થ છે.(પ્ર)

૮.ઊંચું કરેલ ચરણ સ્વર્ગલોકમાં જઈ ઉપરના લોકોને વેગથી પાડી નાખતાં અને એ ક્રિયાથી જ એમનું સ્થાપન કરતાં બ્રહ્માંડ સુધી પહોંચ્યું.(પ્ર)

૯.આથી પણ કંદોરો દૃઢ થાય છે.(પ્ર)

૧૦.ભગવાને બલિને કહ્યું કે તારી પાસેથી થોડી ભૂમિ મારા ત્રણ પદ જેટલી લેવા ઈચ્છું છું. એમાં 'ત્રણ પદ' વગેરે શબ્દોમાં જે છલ છે તેનાથી, એવો અર્થ છે.(પ્ર)

૧૧.ત્રણ પદ ન હોવા છતાં પણ એવું વચન કહેવું એ છલરૂપ છે એવો અર્થ છે.(પ્ર)

૧૨.વેંત, હાથ વગેરે માપ ચીજમાં રહેલી વસ્તુને ક્રિયારૂપ થઈ પોતાના જેટલી જ વસ્તુ ગ્રહણ કરે છે. ભગવાને નિશ્ચય પગલા ભરવાનું કહેલ નથી, તેથી એ માપ કહેલ ન હોવાથી છલ થયું.(પ્ર)

૧૩.બહાર કાઢેલ ચરણ બહાર નીકળવાથી માનના સ્વરૂપવિરુદ્ધ છે, તેથી ભગવાનના વાક્યથી એમ જણાવેલ નહીં. પાતાલરૂપ પગલાની સમાન બધા લોકો એ પગલામાં આવી જતાં હોવાથી ત્રીજું પગલું ભગવાને કરવું જોઈએ, એવું બલિએ જાણેલ નહીં તેથી છલ હતું.(પ્ર)

૧૪.'યજ્ઞ વિષ્ણુ છે' શ્રુતિ પ્રમાણે યજ્ઞરૂપ ભગવાને જ ઈંદ્રના સ્થાને બલિને મૂકેલ હોવાથી એ

માર્ગે જનાર હતો.(પ્ર)
૧૫.વાસ્તવિક સ્વામીપણું ન કર્યું હોત તો.(પ્ર)
૧૬.આ જગત્ ભગવાને પોતાની ક્રીડા માટે કર્યું છે એમાં સ્વામીપણું કુબુદ્ધિવાળા જ કરે છે. એ વાક્ય પ્રમાણે કુબુદ્ધિ હોવાથી પૂર્ણ કૃપા ન થાય. તેથી બંધન ક્લેશવાળું કર્મ નથી.(પ્ર)
૧૭.'આથી' એટલે બંધનથી.(પ્ર)
૧૮.બલિ ત્રણે લોકની ઈચ્છા રાખતો હતો. ભગવાને પોતે એક જ માગેલી હોત તો બાકીના બલિ પાસે રહેત તો એ બુદ્ધિવાળો જ રહેત. પછી ફરી બીજું માગવા પ્રયત્ન કરવો પડત. તેથી એના ઉપર કૃપા કરવા અને કાર્ય સહેલાઈથી થાય એ માટે બલિની પરીક્ષા કરવા અને એની પ્રતિજ્ઞા સત્ય થાય એ માટે ભગવાને છલ કર્યું.(પ્ર)

'ભગવાને ભક્તિમાર્ગથી વિરુદ્ધ[1] કાર્ય કેમ કર્યું? કારણકે ગુણો ભક્તિ ઉત્પન્ન કરનારા ભક્તોએ જ ગ્રહણ કરવા અને આદર કરવા યોગ્ય છે, અને ભગવાન્ ભક્તિથી વિરુદ્ધ (કાર્ય) પણ કરે છે, એવો શાસ્ત્રાર્થ નથી, તેથી આ ચરિત્ર ગુણરૂપ હોવા છતાં ચાલતા પ્રસંગમાં ઉપયોગી ગુણરૂપ નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**નાઽર્થો બલેરયમુરુક્રમપાદશૌચમમ્ભઃ શિખાધૃતવતો વિબુધાધિપત્યમ્ ।**
**યો વૈ પ્રતિશ્રુતમૃતે ન ચિકીર્ષદન્યદાત્માનમઙ્ગ શિરસા હરયેઽભિમેને ।।૧૮।।**

મોટા પગલા ભરનારના ચરણ ધોયેલ જલ મસ્તક ઉપર ધારણ કરનાર બલિ જેણે હે વહાલા ! વચન આપેલા સિવાયનું બીજું કરવાની ઈચ્છા ખરેખર ન રાખતાં મસ્તક સાથે દેહને હરિ માટેનો માન્યો એનું આ દેવોનું અધિપતિપણું ફલ ન હતું.૧૮

ભક્તિનો વિરોધ ત્યારે થાય જ્યારે ભક્તોએ ઈચ્છેલ ન હોય, કારણકે કંદોરાથી કટિનું બંધન કટિસ્થાનનું[2] ન ઈચ્છેલું નથી હોતું, કારણકે ભગવાનથી ભોગવાનું ભક્તનું ધન એ (ભક્ત)ને દુઃખ કરતું નથી, કારણકે એનું સર્વ એમને (ભગવાનને) માટે જ હોય છે. લોકની નજરમાં તો જે વિરોધ (જણાય) તે ગુણ જ છે. જો ભક્તોએ વિરોધ માન્યો હોય, તોપણ એ દૂર કરવો જોઈએ. અભિમાનવાળા ભક્તોને પણ ઈચ્છેલું ન હોય તે ત્યાગ કરવાથી સુખ જ થાય છે. એ (અર્થ) કહે છે. ભગવાનની પૂજારૂપ આ ભક્ત બલિને દેવોનું અધિપતિપણું 'અર્થઃ' ફલ અથવા પરમાર્થરૂપ ન હતું. (ભગવાન્ સાથેના) સમ્બન્ધ વિનાની પૂજા ભગવાનની પ્રીતિ ઉત્પન્ન કરતી નથી, તેથી દૈત્યોના સમ્બન્ધનો નાશ કરવા મંત્રોથી[3] એને છૂટો કરવાનું યોગ્ય જ હતું. અને ત્રણ લોકરૂપ પ્રદેશ બલિનો પરમાર્થ ન હતો. 'ત્યારે એણે પહેલા કેમ એ લીધેલ' એવી શંકા થાય, તેથી 'મોટા પગલા ભરનારના ચરણ ધોયેલ

(જલ) મસ્તક ઉપર ધારણ કરનાર' એમ કહેલું છે, એણે ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ કરવા પહેલા એ લીધેલું. હવે ચરણને ધોઈ, તે તે (ચરણ)માં નિવેદન કરીને, એ ચરણારવિંદ (ધોયેલ) જલ મસ્તક ઉપર ધારણ કરનારે ભગવદીયપણું અથવા એવું શરીર પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવી. ત્રણ કક્ષા ઉપર પહોંચેલા એવા (ભક્ત)ને પહેલી કથા પુરુષાર્થ થતી નથી; ભગવાને આને બલથી ત્રણ કક્ષાએ[૪] પહોંચાડેલ ન હતો, આ (ત્રિલોકી) પાછી લેવા ઈચ્છતો ન હતો. 'એ ખરેખર વિષ્ણુ પગલા ભરે, જે આ લોકોને શત્રુથી વિભાગ કરી, પાછા આ લોકમાં ઊતરે' એ શ્રુતિ, અને 'જેઓ મને જે પ્રકારે ભજે છે'[૫] (ભ.ગી. ૪-૧૧) એ વાક્ય પ્રમાણે ભગવાન્ તો શ્રુતિના અર્થનું સંપૂર્ણ પાલન કરવા અને ધન સફલ થાય એ માટે બલિના સ્થાનમાં રહ્યા, કારણકે પાત્રને આપેલું (દાન) અનંત ગુણવાળું થાય છે, તેથી અનંત બ્રહ્માંડોના આધાર એ (બલિ)ને પ્રાપ્ત થયા. તેથી પહેલા સ્વીકાર કરેલા ત્રણ લોક પરમાર્થ ન હતા. વળી, પહેલા મહાદેવને ત્રણ લોક ભગવાને જ આપેલ; પછી (ભગવાનનું) ચરણોદક મસ્તક ઉપર રાખી ઐશ્વર્ય વગેરેથી વિરક્ત થઈ એ ફરી ચરણનું જ ધ્યાન કરવા લાગ્યા. અને આ (બલિ) એવો છે મોટા પગલા ભરનારનું જ 'પાદશૌચમ્' ચરણોદક મહાદેવને પણ સરખું (મળેલ.) અને દેવોનું અધિપતિપણું જે મહાદેવને પરમાર્થ ન હતું તેમ આને પણ (નથી.) કારણકે દાસ્ય માટે એણે એમ કર્યું એમ જણાવવા ચરણારવિંદના જલનું ધારણ જ હેતુ તરીકે કહેલું છે, પરંતુ દાન વગેરે બીજાના અંગના હોવાથી (કારણ કહેલ નથી.) વળી 'જેણે વચન આપેલા સિવાયનું બીજું કરવાની ઈચ્છા ન રાખતાં' એમ (કહેલ છે) જેણે પોતાનો સંકલ્પ સિદ્ધ કરવા ઘણો વિચાર કર્યો, પછી ત્રીજા પગ માટે પોતાનું મસ્તક આપ્યું. આવો પહેલા આપેલ પોતાના (પદાર્થ)ની કામના કરતો નથી. ભગવાને તો દૈત્યપણું તજાવવા એમ કરેલું. દેવોમાં સત્ય અને દૈત્યોમાં અસત્ય રહેલ છે. એ વચન આપેલ અશક્ય પણ આણે જ્યારે સત્ય કર્યું, ત્યારે સત્યમાં રહેલાએ ભગવાનનો ગુણ જ પ્રાપ્ત કર્યો. 'બીજું' શબ્દથી રૂપનો[૬] ભેદ પણ અટકાવેલ છે. 'આત્માનમ્' દેહ. 'હે વહાલા !' એ સ્નેહનું સંબોધન એના ઉપર ભગવાનનો સ્નેહ હોવાનું સૂચવવા (કરેલ છે.) 'મસ્તક સાથે' શબ્દથી એમ સૂચવેલું છે કે મુખ્ય (અંગ) સાથે દેહનું સમર્પણ બ્રહ્મજ્ઞાન સાથે કરેલું છે; આણે મસ્તક સાથે દેહને હરિ માટે હોવાનો માન્યો. 'અભિમેને'માંના 'અભિ' શબ્દનો અર્થ એવો છે કે આ શરીરથી ભગવાનનું જ કાર્ય કરીશ, મારું પણ નહીં અને બીજાઓનું પણ નહીં કરું,

અને જેવો મનોરથ હતો તેવી જ સિદ્ધિ થઈ. જેમ ભગવાનને આપેલ વસ્તુ એમને માટે બાંધીને રાખવામાં આવે છે, તેવી રીતે બલિને (બાંધીને) રાખ્યો તેથી ભક્તિનો વિરોધ નથી, તેથી જ એઓ ગુણ હોવાથી એને ઘણી ભક્તિ પ્રાપ્ત થઈ, તેમ (એ ગુણો)ન હોત તો જય અને વિજયની પેઠે માત્સર્ય વગેરે દોષ ઉત્પન્ન થાત. તેથી આ ગુણો હોવાથી વામન કંદોરારૂપ છે, અને માહાત્મ્યજ્ઞાનમાં સ્નેહમાં અને ફલમાં સર્વત્ર ભક્તિમાં ઉપયોગ થતો હોવાથી એનાથી શોભિત થવાપણું છે.૧૮

૧.ભક્તનું બંધન વગેરે ભક્તિમાર્ગથી વિરુદ્ધ કાર્ય.(પ્ર)

૨.'કટિસ્થાનનું' એટલે કટિસ્થાન છે જેનું, એવો અર્થ છે.(પ્ર)

૩.'મંત્રોથી' એટલે અદિતિને અથવા બલિને ભગવાને કહેલા છૂપા વાક્યોરૂપી મંત્રો.(પ્ર)

૪.પહેલા અધ્યાયમાં, માત્ર તમઃ રજસ્તમઃ અને કેવલ રજથી જણાવેલ પાતાલથી આરંભી સ્વર્ગલોક પર્વતના ત્રણ ભાગ, એ ત્રણ કક્ષાઓ.(પ્ર)

૫.જેમ એ ભગવાનને અધીન થયો, તેમ ભગવાન્ પણ આ પ્રતિજ્ઞા પાળવા એને અધીન થયા.(પ્ર)

૬.'રૂપનો ભેદ' એટલે ભાવનો ભેદ.(પ્ર)

નીચેના શ્લોકમાં 'ઘણી વીંટીઓથી શોભતા'નું (૨।૨।૧૧) (સ્વરૂપ) કહે છે :

**તુભ્યં ચ નારદ ભૃશં ભગવાન્ પ્રવૃદ્ધભાવેન સાધુપરિતુષ્ટ ઉવાચ યોગમ્ ।**
**જ્ઞાનં ચ ભાગવતમાત્મસતત્વદીપં યદ્વાસુદેવશરણા વિદુરઞ્જસૈવ ।।૧૯।।**

અને હે નારદ ! ઘણા વધેલા પ્રેમથી ખૂબ સારી રીતે સર્વ તરફથી પ્રસન્ન થયેલા ભગવાને તારા માટે યોગ અને જીવના તત્વરૂપ દીપ સાથેનું ભાગવતજ્ઞાન કહ્યું, જેમાંથી વાસુદેવનું શરણ કરેલા સંપૂર્ણપણાથી જ જાણી શક્યા (શકે છે.)૧૯

આંગળીઓ[૧] દશ અથવા વીસ હોય છે. નારદે અને બીજાઓએ પણ ભગવાનના સ્વરૂપો જેટલા જોયા તે તેટલા છે. 'ચિત્તમાં દર્શન કરાવે છે' વાક્ય પ્રમાણે નારદ પ્રતિ ભગવાનના અવતારો અનંત જ છે. ચાર ભુજાઓવાળાની આંગળીઓ વીસ થાય છે, અનંત ભુજાવાળા થાય ત્યારે (આંગળીઓ) અનંત થાય છે, કારણકે નારદે અને એના જેવા બીજાઓએ દર્શન કરેલ ભગવાનની મૂર્તિઓ અનંત છે. તેથી જ 'અને તારા માટે' એમ 'અને' શબ્દ યોજેલ છે. અવયવના અંત ઉપર ઉપયોગ હોવાને લીધે એઓ આંગળીઓ છે. કારણકે એ ભકતો સંસારના અંતે થાય છે. આથી એમ જણાવ્યું કે ભકતો સર્વરૂપ ભગવાનની આંગળીઓ છે, કારણકે એઓ આખા શરીર ઉપર ઉપકાર કરનાર સર્વ ક્રિયાઓ કરનાર છે.[૨] 'ઘણી કિંમતી' વિશેષણથી એઓઉ પાસે ઘણું ધન છે એમ જણાવ્યું. એ ધનો આગળ કહીશું.

'તુભ્યમ્' (તને) નારદને તારા ઉપયોગ માટે અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાઓના ઉપયોગ માટે યોગ કહ્યો, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. એનું કારણ 'સારી રીતે પ્રસન્ન થયેલા' શબ્દથી (કહ્યું,) કારણકે એ યોગ મૂલ્યરૂપ છે. કોઈ પણ અંશથી પૂરી પ્રસન્નતા પામેલ ન હોય એ નક્કી પોતાનું મૂલ્ય કહેતો નથી.[૪] આંગળીઓ ચાર અને એક અંગૂઠો, એ એઓની સમાન વીર્યવાળો હોય છે, કારણકે અંગૂઠાનું મૂલ્ય છે તે ભક્તિ છે, અને ભગવાન્ એનાથી પૂરા પ્રસન્ન થાય છે. યોગ, જ્ઞાન, પરિચર્યા અને જીવનું જ્ઞાન આંગળીઓના સ્થાને છે, ભક્તનું હિત કરનાર ભગવાન્ (એ) ચારથી પણ અને ભક્તિથી પ્રાપ્ત થાય છે[૪] એ કહે છે. નિરંતર શ્રવણ વગેરેથી 'ભૃશમ્' અત્યંત વધેલા પ્રેમથી જુદા જુદા માર્ગમાં ઉત્પન્ન થયેલી પ્રીતિ આખું હૃદય પૂરું ભરીને જ્યારે છલકાય છે (ત્યારે પૂરી પ્રસન્નતા થાય છે.) જ્યારે બહાર પ્રેમનો સ્પષ્ટ પ્રકારે અનુભવ થાય, ત્યારે એ વધેલો પ્રેમ (થાય,) તેનાથી જ ભગવાન્ પૂરા પ્રસન્ન થાય છે, કારણકે (એ પ્રેમ) ગુણો અને ભગવાનમાં પ્રવેશ કરવા યોગ્ય (થાય છે.) તેથી જ (ભગવાન્) સારી રીતે પ્રસન્ન થયા. પ્રસન્ન થયા પછી પણ ભક્તિનું પૂર રહે તેથી પ્રસન્નતાનું સારાપણું, પ્રસન્નતા ન હોવાનો અભાવ અને (પ્રસન્નતાની) પોતાની નિત્યતા છે. એ (પ્રસન્ન કરનાર)ના સેવકોનો પણ ઉદ્ધાર કરનાર થાય એ (પ્રસન્નતાનું) સર્વ તરફપણું છે. (એવી રીતે પ્રસન્ન થયા) ત્યારે યોગ કહ્યો. જે ઉપાયથી ભગવાનના દર્શન થાય જ તેવો ઉપાય કહ્યો. બહાર દર્શન કરાવનાર ભક્તિ જ છે. (શરીરની) અંદર દર્શન થવાનું સાધન યોગ છે. વિદ્યમાન (ભગવાન)ના દર્શન થવામાં બે (સાધન) છે, ભગવાનનું જ્ઞાન અને જીવોના આત્મતત્વનું જ્ઞાન; અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બ્રહ્મજ્ઞાન. બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન બ્રહ્મમીમાંસામાં એમ જણાવેલું છે કે ગુણ વિનાના (ભગવાન્) સર્વ ગુણવાળા વગેરે સ્વરૂપથી પોતે જ પ્રકટ થાય છે. 'ભાગવત' (એટલે) પુરુષોત્તમનું જ્ઞાન. આત્મા જીવનું તત્વ (એટલે) શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. એનો પ્રકાશ ઇંદ્રિયોની અંદર જોવાની ક્રિયાના ફલથી અથવા (ભગવાન્) પોતે પ્રકટ થવાથી (થાય.) એનું જ્ઞાન દીપ છે, તે સાથેનું જીવના તત્વરૂપ દીપ સાથેનું જ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાન. 'ચ' 'અને' શબ્દથી ક્રિયાયોગ (કહેલ છે,) અને એનું ફલ ભક્તિ છે એમ આગળ કહે છે[૫]

યોગ યજ્ઞ જ્ઞાન વગેરે પહેલા જ પ્રાપ્ત થયેલ હોવાથી, અને ઘણા (સાધનો)થી પ્રકાશ થયેલ હોવાથી, ભગવાનના અવતારનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય, તેથી 'જેમાંથી વાસુદેવનું શરણ કરેલા' એમ કહેલું છે. જેમાંથી (એટલે) નારદ માટે કહેલ

પંચરાત્ર વગેરેમાંથી, મોક્ષ આપનાર સત્વના અધિષ્ઠાતા દેવરૂપ વાસુદેવને શરણ આવેલા, માત્ર શરણ આવવાથી જ તપ વગેરે ન હોવા છતાં પણ 'અઞ્જસા' સંપૂર્ણપણાથી જ 'વિદુઃ' જાણી ગયેલ છે. માત્ર આશ્રયથી જ સહેલાઈથી સંપૂર્ણ જ્ઞાન થાય, એ ફણી કહેવાનું પ્રયોજન હતું. અથવા ભગવાનમાં તત્પર રહેનાર ભગવાનના ભકતો કર્મની અને યોગની અને જ્ઞાનોની દરકાર કરતા જ નથી. તેથી એમને માટે ભગવાને આ કહેલા છે. ત્યાર પછીથી ભગવાને કહેલા હોવાથી એઓ ઘણી શ્રદ્ધાથી એઓમાં પ્રવૃત્તિ કરે છે, માર્ગમાં રહે છે અને કૃતાર્થ થાય છે. જો એમ ભગવાને કહેલ ન હોત તો આડે માર્ગે જનાર અને ઉત્પન્ન થાત, કારણકે ભક્તિ ઉન્માદ કરાવનારી છે. આ કારણથી ભગવાને ભક્તિ કરાવનાર માર્ગ કહ્યા એવો અર્થ છે.૧૯

૧.નારદ વગેરેએ જોયેલ સ્વરૂપ આંગળીઓ હોવાનું અહીંથી દર્શાવે છે.(પ્ર)

૨.સમાનગુણથી ભકતો ભગવાનની આંગળીઓરૂપ હોવાનું જણાવે છે.(પ્ર)

૩.'એઓ' એટલે નારદ વગેરેએ જોયેલ ભગવાનના સ્વરૂપો.(પ્ર)

૪.અહીં લીલા કરનાર અવતારો જ ક્રમથી કહેવાના છે તેથી ઉપદેશ કરનાર આંગળીનું સ્વરૂપ કહેલા ઈચ્છેલ નથી. પરંતુ સંપૂર્ણ પ્રસન્નતાવાળા સ્વરૂપો કહેવાના છે, તેથી અહીં કોઈ અવતારનું નામ કહેલું નથી.(પ્ર) ભા––૨૮

૫.'આગળ' તેને જે પૂજે તે ભક્તિયોગ પ્રાપ્ત કરે છે' એમ અગિયારમા સ્કંધમાં કહેશે.(પ્ર)

નીચેના શ્લોકમાં 'નૂપુર કંકણો વગેરેથી શોભીતા' (૨-૨-૧૧) સ્વરૂપનું નિરૂપણ કરે છે. અહીં[૧] 'વગેરે' શબ્દથી બાર અંગો એ ઉપભોગ કરવા યોગ્ય આભરણો કહેલા છે, તે પૈકી બે ચરણ અને બે હસ્તનું ધ્યાન કરવાયોગ્યપણું નૂપુર અને કંકણો વગેરેથી કહ્યું. એવી રીતે કંઠના આભરણો અને મુકુટ વગેરે (કહ્યા.) આ બધા બાર અંગોના વિભાગથી બાર પ્રકારના છે. એ મન્વન્તરોના અવતારથી કહેવામાં આવે છે. જોકે કંદોરા અને વનમાલા આમનામાં જ કહેવા યોગ્ય[૨] છે. (અને) એમ થતાં મન્વન્તરોના અવતારોની સંખ્યા ચૌદ થઈ રહે છે, છતાં પણ એ બીજું અધિક પ્રયોજન હોવાથી જુદું નિરૂપણ કરેલું છે. આમનું વિશેષણ 'ઘણા કિંમતી' હોવાથી બધા મન્વન્તરોમાં ભગવાન્ યોગ વગેરેનો ઉપદેશ કરે છે એમ સૂચવેલ છે એ કહે છે :

**ચક્રં ચ દિક્ષ્વવહિતં દશસુ સ્વતેજો મન્વન્તરેષુ મનુવંશધરો બિભર્ત્તિ ।**
**દુષ્ટેષુ રાજસુ દમં વ્યદધાત્સ્વકીર્ત્તિં સત્યે ત્રિપૃષ્ઠ ઉશતીં પ્રથયંશ્ચરિત્રૈઃ ।।૨૦।।**

અને મનુના વંશનું રક્ષણ કરનાર મન્વન્તરોમાં દશ દિશાઓમાં પોતાના તેજરૂપ સાવધાન ચક્ર ધારણ કરે છે. (પોતાના) ચરિત્રોથી કમનીય પોતાની કીર્તિને ત્રણ

(લોક) ઉપર સત્યલોકમાં પ્રસારતાં દુષ્ટ રાજાઓને સજા કરી.૨૦

મન્વન્તરોમાં ભગવાન્ પોતાની પાલન કરવાની શક્તિરૂપ તેજ ધારણ કરે છે. અંગ સાથે આખા મન્વન્તરનું પાલન કરે છે, એવો અર્થ છે. 'મનુના વંશમાં ઉત્પન્ન થયેલાઓ હોવાથી ભગવાન્ સંપૂર્ણ પ્રકારે શા માટે પાલન કરે?' એવી શંકા થાય, તેથી 'મનુના વંશનું રક્ષણ કરનાર' એમ કહેલું છે. મનુના વંશનું આ જ રક્ષણ કરે છે. મન્વન્તર એકોતેર યુગોનો હોય છે. કલિના સમયમાં શૂદ્રની સ્થિતિ હોવાથી એ સર્વનો નાશ થાય. તેથી દેવાપિ મનુ પેઠે ભગવાન્ જ (એઓનું) પાલન કરતા હતા.

'ઋષિઓ વગેરે હતા. એઓનો નાશ થવાની શંકા ન હોવાથી ભગવાને એમના અંશોનું[૩] કાર્ય શા માટે કરવું જોઈએ?' એ સમ્બન્ધમાં 'ચક્ર (ધારણ કરે છે)' એમ કહેલું છે, કારણકે મનુ, ઋષિ, દેવતા અને ઈંદ્ર એવા ચાર પ્રકારના એઓ[૪] હતા. એઓ સ્વરૂપથી હતા, છતાં આજ્ઞા (કરવા)ના પ્રકારથી રહેતા ન હતા, તેથી 'ચક્ર ધારણ કરે છે' એમ કહેલું છે. એ ઋષિઓને જ 'સર્વ પુરુષ આજ્ઞારૂપ છે' વાક્ય પ્રમાણે આજ્ઞારૂપ કરીને પાલન કરે છે, એવો અર્થ છે, 'ચ' 'અને' શબ્દ હોવાથી સ્વતંત્રપણાથી આજ્ઞાને અને સેનાને (અનુક્રમે) વશ રાખવા અને સાહાય્ય કરનાર તરીકે ધારણ કરતા. એઓને આજ્ઞા કરવાનું પ્રયોજન 'દિશાઓમાં સાવધાન' શબ્દોથી કહેલું છે, દશ દિશાઓમાં 'અવહિતમ્' રાખેલું અથવા સાવધાન (ચક્ર ધારણ કરતા.) જેને જે પ્રકારે જ્યાં રાખવાનો હોય તેવી રીતે રાખે છે' એવો અર્થ છે. 'દુષ્ટ રાજાઓને સજા કરી' શબ્દોથી વધારાનું કાર્ય કહેલું છે. પાલન કરનારા દુષ્ટ હોય ત્યારે તેમને સજા કરવી, એ વધારાનું કાર્ય (કર્યું.) આથી લોકનું રક્ષણ (કર્યાનું) જણાવ્યું. એવી રીતે લોક અને વેદનું રક્ષણ કહીને, 'પોતાની કીર્તિને' 'ત્રણ (લોક) ઉપર સત્યલોકમાં પ્રસારતા' શબ્દોથી ભક્તિનું રક્ષણ કહે છે. જેમ પાતાલમાંથી કાઢીને ભૂમિને કમલના પાંદડાં ઉપર પાથરી, એવી રીતે ત્રણ લોકમાં રહેલી કીર્તિને ત્રણ લોકની ઉપર રહેલા સત્યલોકમાં સ્થાપન કરી. અહીંથી ઉપાડીને ત્યાં સ્થાપવાનું પ્રયોજન 'ઉશતીમ્' કમનીય વિશેષણથી કહેલું છે, કારણકે અહીં પ્રાકૃત ગુણોથી અને પ્રાકૃત બુદ્ધિવાળાઓના સમ્બન્ધમાં આવેલી કીર્તિ જલમાં ડૂબેલી જેવી રહે, જ્યારે એ પોતે વાસ્તવિક રીતે શુદ્ધ છે, તેને સત્યલોકમાં વિસ્તારી, સત્યલોકમાં રહેનારા ઉપર ઉપકાર ઉત્પન્ન કરવાથી ત્યાં જ્ઞાન અને ભક્તિ થાય એ માટે ભગવાનના ચરિત્રો ગવાય છે. તેથી ત્યાં રહેનારા બધા ભગવાનને જાણે છે, તેથી સર્વ લોકમાં પ્રખ્યાત થયેલા ભગવાન્[૫] જુદા જુદા અવયવોના આભૂષણ બનેલ છે,

એવો અર્થ છે. (૫।૨।૧૧માંનો) 'આદિ' શબ્દથી હદ વગરના (કહેલ) હોવાથી મન્વન્તરોમાં ઘણાયે વચલા અવતારો (થયાનું) સૂચવેલ છે.૨૦

૧.અહીં પણ અવતારનું સ્વરૂપ સ્પષ્ટ નથી. (અંગ બાર છે અને મન્વન્તરના ચૌદ છે તેથી) સંખ્યાનો વિરોધ દૂર કરવાનો છે એ અહીંથી આરંભી કરે છે.(પ્ર)

૨.હરિ અને વામન (આઠમા સ્કંધમાં કહેલ) મન્વન્તરોમાંના અવતારો હોવાથી યોગ્ય છે.(પ્ર)

૩.'એમના અંશોનું' એટલે મન્વન્તરોના અંશોનું.(પ્ર)

૪.'એઓ' એટલે મન્વન્તરના ધર્મો.(પ્ર) ધર્મો કરાવનાર.

૫.'ભગવાન્' એટલે મન્વન્તરોના અવતારરૂપ ભગવાન્.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી 'સ્નેહવાળા શુદ્ધ વાંકડિયા કાળા કેશોથી શોભતા મુખથી કરેલા હાસ્યથી સુંદર' ભગવાનનું નિરૂપણ કરે છે. કેશોના ગુણોથી અને કેશોથી શોભતું મુખ. એમાં મુખમાં થતા હાસ્યથી ભગવાન્ સુંદર થાય છે. એમાં હાસ્યથી સુંદર રઘુનાથ હાસ્યરૂપ સર્વને મોહ કારાવનાર ઘણા સુંદર છે. એમનું કાર્ય ગૂઢ હોવાથી આગળ કહેવામાં આવશે. વાંકડિયા કાળા કેશવાળા પરશુરામ થયા. ઘણા પ્રકારે ચરિત્ર કરવાને લીધે એ અનેક રૂપવાળા હતા. એમનામાં રહેલ સ્નેહ અને શુદ્ધરૂપ ધર્મવાળા ધન્વન્તરિ હતા, કારણકે એમણે અમૃતથી અને વૈદ્યક શાસ્ત્રથી સર્વને સ્નિગ્ધ અને શુદ્ધ કર્યા, કારણકે દેવો લૂખા હતા તેમને અમૃતથી ભગવાનમાં પ્રેમવાળા કર્યા, અને વૈદ્યકશાસ્ત્રથી એઓ શુદ્ધ થાય છે એમાં વિવાદ નથી. બંનેનું કાર્ય ભૂમિ ઉપર થતું હતું ત્યારે જ રઘુનાથ અવતર્યા, તેથી એવા મુખારવિંદમાં ભગવાન્ હાસ્યરૂપ થયા, કારણકે જે ભગવાનના હાસ્યથી કાર્ય થાય તે રઘુનાથે કરેલ. એમાં ધર્મના આધાર બ્રાહ્મણો ભગવાનનું મુખ છે, એ પૈકી :

**આરોગ્યે ધર્મસિદ્ધિઃ સ્યાદ્ રક્ષા ચ ધનુષો ભવેત્ ।।૬**

આરોગ્ય હોય ત્યારે ધર્મ થઈ શકે અને ધનુષથી રક્ષણ થાય. કા.૬

તેથી ધર્મ થઈ શકે એ માટે ધન્વન્તરિ અવતરેલા હોવાથી એમનું ચરિત્ર નીચેના શ્લોકથી કહે છે :

**ધન્વન્તરિશ્ચ ભગવાન્ સ્વયમેવ કીર્ત્તિર્નામ્ના નૃણાં પુરુરુજાં રુજમાશુ હન્તિ ।**
**યજ્ઞે ચ ભાગમમૃતાયુરવાપ રુદ્ધમાયુશ્ચ વેદમનુશાસ્ત્યવતીર્ય લોકે ।।૨૧।।**

અને પોતે જ કીર્તિરૂપ ભગવાન્ ધન્વન્તરિ ઘણા રોગવાળા મનુષ્યોના રોગનો નામથી જ નાશ કરે છે, અને યજ્ઞમાં અટકાવેલ ભાગ ઈચ્છેલ આયુષ આપનારે પ્રાપ્ત કર્યો અને લોકમાં અવતાર લઈને આયુર્વેદ શીખવ્યો.૨૧

દેખાતો ઉપકાર (કરવા)ને લીધે એ પોતે જ કીર્તિરૂપ થયા. 'ચ' 'અને' શબ્દ

હોવાથી સ્ત્રીરૂપ થયા.[1] બંને ભગવાન્ હતા. એમનો ગુણ કીર્તિ છે જ, છતાં પણ એ કીર્તિરૂપ પણ કહેવાય છે. એનું કારણ (કે) 'પુરુરુજામ્' મહારોગે દુઃખી કરેલાના રોગનો નામથી જ તરત નાશ કરે છે. ધન્વન્તરિ નામના સ્મરણમાત્રથી જ સર્વ રોગો નાશ પામે છે, એવો અર્થ છે. (માણસોમાં) રોગનો સંભવ હોવાથી અથવા (એઓ) નામ બોલનારા હોવાથી 'મનુષ્યોના' એમ કહેલું છે. વાસ્તવિક રીતે તો શાસ્ત્રદ્વારા સર્વના રોગોનો નાશ કરે છે, અને નામ[2] એમનું શાસ્ત્ર છે. વાયુ વગેરે સર્વ ઉપકાર કરનારાઓના ભાગો યજ્ઞમાં જણાવેલ છે, તેમ આનાથીર પણ આરોગ્ય લક્ષણવાળો ગુણ કરીને યજ્ઞમાં ભાગ પ્રાપ્ત કર્યો. 'કુશ પછી હોમે છે તે વાણીમાં સ્વાહા' એ મંત્રથી પૂજાયેલ યજુષમાં કુશ પછી હોમવાનું કરવામાં આવે છે. એમાં વાણીનું શાંતિથી દેવતા થવાનું (રહ્યું,) એ ફલથી સંભવતું ન હોવાથી સર્વને શાંતિ કરનારી વાણી જે ધન્વન્તરિએ કહી તે ભાગ પ્રાપ્ત કરવા યોગ્ય હોવાથી યજ્ઞમાં ધન્વન્તરિનો ભાગ થયો. 'અટકાવેલ' વિશેષણથી (એમ) સૂચવેલું છે કે પહેલા ઘણું કરી કુશ પાછળથી હોમવામાં આવતું ન હતું. 'કુશ પછી હોમવું નહીં' એમ અગ્નિહોત્રમાં એ (હોમવા)ની મના કરેલી હોવાથી સંસ્થામાં જ[3] કુશ પાછળથી હોમાતું, અને સારી સ્થિતિ આરોગ્યનું પરિણામ હોવાથી એનો ભાગ કુશ જ છે, અથવા બીજું (કારણ) વિચારવું, અથવા બીજી શાખામાં[4] એ સ્પષ્ટ છે. અને વળી આયુર્વેદ રચ્યો. પહેલા (સમુદ્રનું) મથન થતાં પ્રકટ થયેલા એમાં જ તિરોહિત થયા, અને પછી કાશિરાજના ઘેર અવતરીને 'ધન્વન્તરિ સર્વથી લાંબો (સમય જીવ્યા)' એ વાક્ય પ્રમાણે આયુર્વેદની પ્રવૃત્તિ કરી. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજું પણ કાર્ય કર્યું. આ અવતાર ધર્મરૂપ જ છે, ધર્મિરૂપ નથી. એમનો ઔષધ દ્વારા પરંપરાથી ઉપયોગ થાય છે.૨૧

૧.શંકરને મોહ કરવા માયાવાળું સ્ત્રીનું રૂપ લીધેલ.

૨.આથી શાસ્ત્રના લાભનો પ્રકાર કહે છે તેથી 'નામથી' એટલે નામસૃષ્ટિરૂપ વૈદ્યકશાસ્ત્રથી, એવો અર્થ છે. 'આનાથી' એટલે નામથી. એવો અર્થ છે.(પ્ર)

૩.'સંસ્થા' એટલે સારી સ્થિતિ. ૪.'બીજી શાખા' અહીં યાગ (યજ્ઞ)માં અધ્યાહાર છે.(પ્ર)

નીચેના શ્લોકમાં કેશો (૨-૨-૧૧)નું સ્વરૂપ કહે છે :

**ક્ષત્રં ક્ષયાય વિધિનોપભૃતં મહાત્મા બ્રહ્મધ્રુગુજ્ઝિતપથં નરકાર્ત્તિલિપ્સુ ।**
**ઉદ્ધન્ત્યસાવવનિકંટકમુગ્રવીર્યં ત્રિઃસપ્તકૃત્વ ઉરુધારપરશ્વધેન ।।૨૨।।**

નાશ માટે વિધિએ વધારેલ, બ્રહ્મનો દ્રોહ કરનાર, માર્ગનો ત્યાગ કરનાર, નરકનું દુઃખ ઈચ્છનાર, ભૂમિના કાંટારૂપ ક્ષત્રિયોને ઉગ્ર વીર્યવાળા એ મહાત્માએ ત્રણ

સાતવાર ઘણી ધારવાળી ફરશી ઊંચી કરી હણ્યા.૨૨

વાંકડિયા કાળા (કેશો)નો ગુણ છે. વાંકડિયા (એટલે) કુટિલ, કાળા (એટલે) શ્યામ. ક્ષત્રિયોને હણનાર હોવાથી (પરશુરામ) કુટિલ, (અને) ભૂમિના કાંટા કાઢનાર હોવાથી શ્યામ હતા, અથવા ચાર વિશેષણો સાથેના કેશો ધન્વન્તરિ (હતા,) કારણકે (૧)એમણે અમૃત કાઢેલ, (૨)સ્ત્રી થયેલ, (૩)યજ્ઞનો ભાગ ભોગવનાર થયેલ અને (૪)અવતાર લીધેલ. તે પૈકી શ્યામપણું મથનથી નીકળેલનું. કુટિલપણું સ્ત્રીરૂપનું, શુદ્ધપણું યજ્ઞમાં ભોગ કરનારનું અને સંપૂર્ણ સ્નિગ્ધપણું આયુર્વેદ રચવાથી (થયેલ.) પોતાના અવતાર ઘણા થયેલ હોવાથી (કેશોનું) બહુવચન (યોજેલ.) પરશુરામ મુખ (હતા,) કારણકે એ અગ્નિનો અવતાર હતા; તેથી જ એ સર્વ ક્ષત્રિયોને હણનાર થયા. ધર્મનું રક્ષણ કરવાથી ઘણું શોભતા થયેલ.

'ક્ષત્રમ્' ક્ષત્રિયો, નાશ કરવા માટે જ વિધિએ વધારેલા, 'ઉપ' સમીપમાં 'ધૃતમ્' રાખેલ. 'જન્મ લેવા અને નાશ થવા'[1] વાક્ય પ્રમાણે જેમ ફરશી ધારણ કરાય (તેની પાસે રાખેલા.) 'બ્રહ્મનો દ્રોહ કરનાર' વિશેષણથી વધ કરવાનું કારણ (કહેલ છે.) 'ક્ષત્રિયો બ્રાહ્મણોનો દ્રોહ કરનાર કેમ થયા?' એ (પ્રશ્ન)ના સમ્બન્ધમાં કહે છે કે ('તેઓ) માર્ગનો ત્યાગ કરનાર' હતા. ત્યાગ કરેલ હતો માર્ગ જેમણે. પોતાના માર્ગનો ત્યાગ કરવાથી બ્રાહ્મણોનો દ્રોહ કરવાની બુદ્ધિ (થઈ,) 'ત્યારે સારા માર્ગનો બોધ કરીને કેમ અટકાવ્યા નહીં?' તે સમ્બન્ધમાં કહે છે કે 'નરકનું દુઃખ ઈચ્છનાર' હતા. નરકરૂપ જ દુઃખને ઈચ્છતા હતા. પરલોકના દુઃખનો અંગીકાર કરીને આડા રસ્તે પ્રવૃત્તિ કરેલી. તેથી બોધ કરવાથી અટકે નહીં. તેથી જ 'ઉદ્ધન્તિ' (ફરશી) ઊંચી કરીને તેમનો નાશ કર્યો. આથી એમ સૂચવ્યું છે કે આમનું જે અપવિત્ર હતું તે દૂર કર્યું.

'મહાત્મા' શબ્દથી (એમ જણાવ્યું છે) કે પ્રયોજન માટે કરવામાં આવતો થોડો દ્રોહ[2] તે (પરશુરામ)ના હૃદયમાં ઉદ્વેગ ન કરે, કારણકે મૂર્ખાઓ જ જોયેલામાં વિશ્વાસ રાખે છે, મહાત્માઓ તો પરિણામ (શું થશે એ)માં બુદ્ધિ રાખનાર હોય છે. 'તે' એટલે યજ્ઞ કરનાર, કારણકે હણવાનું તેમણે જ કરેલ. વળી આ ક્ષત્રિયો હણવા યોગ્ય જ હતા, કારણકે ભૂમિના કાંટારૂપ હતા. ભૂમિ ભગવાનના ચરણો છે. બધા પોતાના પગના કાંટા કાઢી નાખે છે. જોકે (ભગવાન્) સર્વના આત્મા હોવાથી તેમને (પરશુરામને) પીડા થઈ, છતાં પણ (તે) ઉગ્ર વીર્યવાળા હતા, કારણકે ક્રૂરતા રાખ્યા વિના કાંટા કઢાતા નથી. આથી દયા ન હોવાનું પણ નકારી કાઢ્યું. 'ત્રણ સાતવાર'

શબ્દથી (એમ જણાવ્યું છે) કે સાતવાર હણવાથી એકવાર ભૂમિ કાંટા વિનાની થઈ. પછી બ્રાહ્મણોથી ઉત્પન્ન થયેલા (ક્ષત્રિયો)ને સાતવાર હણ્યા. ફરીથી એવું, એમ ત્રણવાર થયું. 'ફરશી ઊંચી કરી હણ્યા' એમ પરલોક પ્રાપ્ત થાય તે માટે શસ્ત્રથી હણ્યા. 'પરશ્વધઃ' ફરશી ઘણી ધારવાળી હોવાથી ઘણા પ્રકારે હણવા છતાં બૂઠી ન થઈ. આથી વધ કરવામાં કલેશ ન થયાનું કહ્યું.૨૨

૧.પાંચમા સ્કંધમાં બ્રહ્માએ આ વાક્ય પ્રિયવ્રતને કહેલું છે.(પ્ર)

૨.નરકનું દુઃખ મુકાવે એવો આ હણવારૂપ દોષ નિર્દયતારૂપ નથી.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી 'હાસ્યથી સુંદર'(૨।૨।૧૧) સ્વરૂપનું નિરૂપણ કરે છેઃ

**અસ્મત્પ્રસાદસુમુખઃ કલયા કલેશ ઈક્ષ્વાકુવંશ અવતીર્ય ગુરોર્નિદેશે ।**
**તિષ્ઠન્ વનં સદયિતાનુજ આવિવેશ યસ્મિન્વિરુધ્ય દશકન્ધર આર્ત્તિમાર્ચ્છત્ ।।૨૩।।**

મારા ઉપર કૃપા કરવા પ્રસન્ન મુખવાળા કલા સાથેના કલાના ઈશ્વરે ઈક્ષ્વાકુના વંશમાં અવતરીને ગુરુની આજ્ઞામાં રહેતા, સ્ત્રી અને નાનાભાઈ સાથે વનમાં પ્રવેશ કર્યો, જેમની સાથે વિરોધ કરીને દશકંઠવાળો દુઃખ પામ્યો.૨૩

હાસ્ય ત્રણ પ્રકારનું છે : (૧)બીજાના ગર્વને હરનાર, (૨)બીજાને મોહ કરનાર અને (૩)પ્રસાદ કરનાર. એ પૈકી પ્રથમ પ્રસાદ કરનારું કહે છે. જોકે રઘુનાથનું ચરિત્ર અનંત છે, છતાં પણ (અહીં) માત્ર હાસ્યપણાનો જ ઉપયોગ હોવાથી ત્રણ ગુણોના કાર્યરૂપ ત્રણ જ ચરિત્ર ચિહ્ન તરીકે કહેવામાં આવે છે. એ પૈકી આ શ્લોકથી પ્રથમ સાત્વિક ચરિત્ર કહે છે. બ્રહ્મા વગેરે ઉપર કૃપા કરવા 'સુમુખઃ' પ્રસન્ન વદનવાળા (થયા.) આથી એમ કહ્યું કે બ્રહ્માની પ્રાર્થનાથી ભગવાને અવતાર લીધો. 'કલયા' ઘણી ક્રાંતિ સાથે અથવા સીતા સાથે, અથવા કલાથી (થયેલ) કલાના ઈશ્વર જે સર્વ કલાઓના ભંડાર વૈકુંઠમાં વસનાર વિષ્ણુ છે તે[1] એમની કલા સાથે (અવતર્યા,) કારણકે કાર્ય થોડું હોય ત્યારે હાસ્ય થાય તેથી થોડું કાર્ય રક્ષણ, એ માટે ભગવાનની કોઈક કલા જે વૈકુંઠમાં રહી પાલન કરે છે[2] (તેની સાથે અવતર્યા.) આથી એમ સૂચવ્યું છે કે પૂર્ણ જ ભગવાન્ રઘુનાથ અવતર્યા. અથવા ઋષિઓ વગેરે કલા. તેથી એમ સૂચવ્યું છે કે એઓને સંકડ થતાં, એમના પતિ હોવાથી આપણે (રઘુનાથે) જ (એમને) મુકત કરવા જોઈએ. અથવા સંકર્ષણ વગેરે કલાઓના ઈશ્વર સર્વ કલાઓમાં નિપુણ વાસુદેવ લક્ષ્મી સાથે અવતર્યા ત્યારે જ (હાસ્યથી) સુંદર થાય. એ ભગવાન્ ઈક્ષ્વાકુના વંશમાં અવતર્યા. ઈક્ષ્વાકુ ભક્ત હતો એવી નૃસિંહપુરાણમાં પ્રસિદ્ધિ છે. એને માટે શ્રીરંગને બ્રહ્માના નિવાસમાંથી લાવેલ એ (ઈક્ષ્વાકુ)નો ઉદ્ધાર

કરવા એના વંશમાં અવતર્યા. દેવોના હિતનું કાર્ય કરવું, ધર્મ જ્ઞાન વગેરે હોવા, પોતાના અવતારથી ભક્તોનો ઉદ્ધાર (કરવો,) પિતાની આજ્ઞા પાળવી, (અને) વનવાસ આટલું સાત્વિક કાર્ય (એમણે કર્યું.) પ્રભાવના વિરોધને લીધે રાવણને હણ્યો. સત્વનો વિરોધ થાય ત્યારે તપનો લય (થવો) યોગ્ય જ છે. પિતા દશરથની આજ્ઞા (થતાં) એમાં રહ્યા. વ્રતની પેઠે એ પાળી એવો અર્થ છે. વનમાં પ્રવેશ કર્યો. વનમાં એમને કાંઈ કાર્ય (કરવાનું) ન હતું, પરંતુ વાસ જ કરવાનો હતો. તેથી 'વન' કર્મ (બીજી વિભક્તિવાળું) કહેલ છે. સ્ત્રી સીતા, નાના ભાઈ લક્ષ્મણ, તેઓની સાથે (વનમાં ગયા.) 'કલાની સાથે કલાના ઈશ' આથી એમ સૂચવેલું છે કે જેટલા આવેલ તેટલા વનમાં ગયા અને બીજા કોઈ સાહાય્ય કરનાર ન હતા. 'આ' સર્વ તરફથી પ્રવેશ ઘણા સમય સુધી રહેવા માટેનો હતો. તેથી જ જે રઘુનાથના વિરોધનું નિમિત્ત જ[3] હતા, પરંતુ વિરોધ (થવાનું) કારણ ભગવાન્ ન હતા. 'વિરુધ્ય' વિરોધ કરીને 'દશકન્ધરઃ' રાવણ (હણાયો.) આથી એમ સૂચવ્યું છે કે મોટા હોવું અને ઘણા હોવું એ મુક્તિનું કારણ નથી. (આર્તિમ્) ચિંતા શોક વગેરે પીડા, ત્રણનો વનવાસ શરૂ થયેલ. દેવોની કામનાથી એવો સંકલ્પ કરેલ.[4] એ (સમ્બન્ધ)માં સ્ત્રી સાથે રહેલાનો મુખ્ય વનવાસ થાય નહીં. પતિ સાથેની સ્ત્રીનો પણ (એવો વનવાસ) ન થાય તેથી બંનેના વિયોગથી વનવાસ દેખાડ્યો. વિયોગ ઉત્પન્ન કરવાના આરંભરૂપ જ વિરોધ થયો, પ્રથમ દુઃખ તો ખર વગેરેને હણવાથી જ (થયું.)૨૩

૧.આ બ્રહ્મવૈવર્ત પુરાણમાં સ્પષ્ટ છે.(પ્ર)

૨.તેથી વૈકુંઠમાં વસનાર ગુણાવતાર છે એમ સૂચવેલ છે.(પ્ર)

૩.'નિમિત્ત જ હતા' એટલે વિરોધના આધાર તરીકે વિરોધ કરાવનાર જ હતા.(પ્ર)

૪.ત્રણે વનવાસ કર્યાનું પ્રયોજન અહીંથી કહે છે કે દેવોની ઈચ્છા એવી હતી. પરિવાર સાથે રાવણનો નાશ થાય. વિરોધ કરાવનાર અને વધ કરવામાં મદદ કરનાર હોય ત્યારે જ એ ફળે તેથી વિરોધ કરાવનાર તરીકે સ્ત્રીને સાથે લીધેલ, અને ઈંદ્રજિતના વધ માટે નાના ભાઈને લીધેલ.(પ્ર)

એવી રીતે ભગવાનનું સાત્વિક ચરિત્ર કહીને નીચેના શ્લોકમાં રાજસ (ચરિત્ર) કહે છે

**યસ્મા અદાદુદધિરૂઢભયાઙ્ગવેગો માર્ગં સપદ્યરિપુરં હરવદ્દિધક્ષોઃ ।**
**દૂરેસુહૃન્મથિતરોષસુશોણદષ્ટ્યા તાતપ્યમાનમકરોરગનક્રચક્રઃ ।।૨૪।।**

મિત્ર દૂર હોવાથી મથન થયેલ ક્રોધથી ઘણી લાલ થયેલ દષ્ટિથી ઘણા તપી ગયેલ મગર સર્પ અને નક્રનો સમૂહ હતો જેની અંદર તેવા ભય પામેલા અંગોથી ધ્રૂજતા

સમુદ્રે એકદમ શંકરની પેઠે શત્રુના પુરને બાળી નાખવા ઈચ્છનાર જેમને માર્ગ આપ્યો.૨૪

'ઉદધિઃ' સમુદ્રે જેમને માર્ગ આપ્યો. 'ઊઢભયાંગવેગઃ' પામેલ છે ભય જેનાથી, સમુદ્રના શરીરના હૃદયમાં પત્નીની પેઠે ભય પેઠો. એવા અંગોના અથવા અંગમાં 'વેગઃ' ધ્રુજારો થયો જેને એવો. અથવા પામેલ જે મૃત્યુરૂપ ભય, તેના સુકાવું વગેરે જે અંગો, તેઓનો વેગ જેનો (જેને) તેવો સમુદ્ર લગભગ મરેલા જેવો થયો, એવો અર્થ છે. 'સપદિ' એકદમ જ 'અરિપુરમ્' લંકાને 'હરવત્' શંકરની પેઠે અથવા મહાદેવ સાથેના શહેરને 'દિધક્ષોઃ' બાળવા ઈચ્છનારને માર્ગ આપ્યો. 'દૂર' હતા 'સુહૃત્' પત્ની, અથવા ભાઈ ભરત, અથવા બીજા સગા જેમના, તેને લીધે મથન થયેલ જે ક્રોધ, તેનાથી ઘણી લાલ થયેલ જે દૃષ્ટિ, તેનાથી 'તાતપ્યમાનાઃ' ઘણા તપી ગયેલા મગર વગેરે, તેઓનો સમૂહ હતો જેમાં તેવા સમુદ્રે માર્ગ આપ્યો. આખ્યાયિકા એવી છે કે રાવણ સીતાને હરી ગયો ત્યારે રાવણના વધ માટે પ્રવૃત્તિ કરનાર રઘુનાથને વચ્ચે વિઘ્નરૂપ સમુદ્ર રહ્યો. એ પોતાના પુરુષોએ બનાવેલ હોવાથી એમાં પણ ન મૂકતાં, ભૂખમરો કરવા બેઠા સમુદ્રે માર્ગ એવા વિચારથી ન આપ્યો કે ''મારા વંશમાં[1] અવતરેલ તે રામ મારી પાર જવાનો પણ ઉપાય જાણતો નથી. તે રાક્ષસોને કેવી રીતે હણશે? આ વધારેમાં વધારે અહીં જ ભલે રહે.' પછી ભગવાને પોતાનું બાણ સાધ્યું; ત્યારે એમના નેત્રો સહેજ લાલ થયા. એનાથી સમુદ્ર ખળભળ્યો. (એણે) પ્રીતિથી માર્ગ ન આપ્યો તેથી ભગવાનનું માહાત્મ્ય જણાવવા ભય વગેરેએ એ સમુદ્રમાં પ્રવેશ કર્યો, ત્યારે એણે માર્ગ આપ્યો.'' (રામની) ઈચ્છા એવી હતી કે જો મહાદેવ પોતાના ભક્ત(રાવણ)ને સાહાય્ય કરે, અથવા પોતે શહેરમાં રહે તો એમની સાથે શહેરને બાળી નાખવું. રાવણનો વધ તો નજીવો, શહેરને જ બાળી નાખવું, કારણકે જે (તે) શહેરમાં દુઃખી સીતા રહેલા. ભગવાનને ક્રોધ થવાનું કારણ દૂર રહેલા સગાઓનું દુઃખ હતું. ઉપર કહ્યું તેવી રીતે પરીક્ષા કરવા, હિત કરવા, અથવા ઉત્તમ પ્રયોજનથી સમુદ્રે વિઘ્ન કર્યું ત્યારે પહેલા ઘણો વિચાર કરેલ હોવાથી, સીતાનો ઉદ્ધાર અવશ્ય કરવાનો હોવાથી રોષને અટકાવનાર વિવેક વગેરે થયેલ નહીં, એમ સૂચવવા 'મથન થયેલ' શબ્દ યોજેલ છે માત્ર દૃષ્ટિથી જ સમુદ્રને તાપ થયો એવું માહાત્મ્ય જણાવ્યું. આ રાજસ ચરિત્ર હોવાથી ક્રોધની કથા છે. ૨૪

૧.મને બનાવનારના વંશમાં. (પ્ર) સૂર્યવંશીય પ્રિયવ્રતે સમુદ્રો બનાવેલ. રામાયણ સૂર્યવંશી.

એવી રીતે રાજસ ચરિત્ર કહીને નીચેના શ્લોકમાં તામસ ચરિત્ર કહે છે :

**વક્ષસ્થલસ્પર્શરુગ્ણમહેન્દ્રવાહદન્તૈર્વિડમ્બિતકકુબ્જયરૂઢહાસમ્ ।**
**સદ્યોઽસુભિઃ સહ વિનેષ્યતિ દારહર્ત્તુર્વિસ્ફૂર્જિતૈર્ધનુષ ઉચ્ચરતોઽધિસૈન્યે ।।૨૫।।**

સ્ત્રીનું હરણ કરનારનો, છાતીના સ્પર્શથી ભાગેલ ઐરાવતના દાંતોથી હસી કાઢેલ દિશાઓના જયથી વધેલા ગર્વનો, પ્રાણો સાથે મોટા સૈન્યમાં ઊંચે ફરતા ધનુષના ટંકારોથી જ તરત જ નાશ કરશઃ.૨૫

ઓન્ રઘુનાથ તે રાવણના 'અસુભિઃ' પ્રાણો સાથે ગર્વનો 'વિનેષ્યતિ' નાશ કરશે. 'સ્ત્રીનું હરણ કરનાર' શબ્દથી નાશ કરવાનું કારણ (કહેલ છે) પ્રાણ લેવાનું પણ આ જ કારણ છે, કારણકે એ આતતાયી હતો. એને હણવા માટે બાણોની જરૂર ન હતી, પરંતુ ધનુષના ટંકારોથી જ (હણ્યો.) 'મોટા સૈન્યમાં ઊંચે ફરતા' શબ્દોથી ધનુષનું વિશેષણ (કહેલ છે.) ઊંચે ફરતા અથવા બાણરૂપ મલ તજતા (હણ્યો.) આથી એની ગતિ ન થવાનું[1] (જણાવ્યું.) ધનુષનું માહાત્મ્ય જણાવવા ગર્વનું સ્વરૂપ કહે છે. છાતીના સ્પર્શથી ભાગેલ જે 'મહેન્દ્રબાહસ્ય' ઐરાવતના દાંતો, તેઓનાથી હસી કાઢેલ જે દિશાઓનો જય, તેનાથી વધેલો જે ગર્વ (તેનો નાશ કર્યો.) એ રાવણની બે શક્તિઓ હતી : શરીરની અને શત્રુ ઉપરના જયથી થયેલી. એ પૈકી શરીરના સામર્થ્યથી શત્રુ ઉપરના વિજયને હસી કાઢેલ; કારણકે એની છાતીના માત્ર સ્પર્શથી જ ઐરાવતના દાંત ભાંગી ગયા. એવા (રાવણ)નો દિશાઓનો વિજય ઉત્તમપણાનું કારણ ન હતો, તેથી દિશાઓ ઉપર જય પ્રાપ્ત કરનારની શક્તિ કરતાં પણ આની શક્તિ ઘણી વધારે હોવાથી (આને) ઘણો ગર્વ (થયેલ.) એ ગર્વ જતાં ઘણા અભિમાનીના પ્રાણો સાથે ગયો; કારણકે ભગવાનના હાસ્યની સમીપ બીજો હસે નહીં. તેથી એ (ગર્વ)નો નાશ યોગ્ય જ હતો, એવું તાત્પર્ય છે. એવી રીતે રઘુનાથનું ચરિત્ર ચિહ્ન પ્રમાણે જણાવીને રામચંદ્ર ભગવાનનું હાસ્ય હોવાનું દૃઢ કર્યું.

એ પ્રમાણે હાસ્યને લીધે સુંદર (સ્વરૂપ)નું નિરૂપણ કરીને 'ઉદારલીલા સાથેના હાસ્યવાળી દૃષ્ટિથી ઉલ્લાસ પામતી બે ભ્રૂકુટિના ભંગથી સૂચવેલ છે ઘણો અનુગ્રહ જેમણે (૨-૨-૧૨) (તે) સ્વરૂપનું નિરૂપણ નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી કરે છે. જોકે એક એક અવતારમાં અપરિમિત ચરિત્રો (થયા) છે, છતાં પણ વિમર્શમાં જેમનો ઉપયોગ છે તેમનું નિરૂપણ કરવામાં આવે છે, કારણકે ઉદારપણું, લીલાપણું, હાસ્યપણું, દૃષ્ટિપણું, ઉલ્લાસપણું, ભ્રૂકુટિપણું, ભંગપણું સૂચવેલ હોવાપણું, ઘણાપણું અને અનુગ્રહપણું એવા દશ જ પદાર્થો નામથી કહેલ છે. આથી એમ સૂચવેલું છે કે દશે પ્રકારની લીલાઓ આ અવતારમાં (થઈ) છે, તેથી જેટલા આ ભગવાન્ છે તેટલા આ છે, અને આથી (એમ) સૂચવેલ છે કે દશ પ્રકારની લીલાઓ

એકમાં રહેલી હોવાથી એક પ્રયોજનવાળી છે. એમનું ઉપપત્તિથી નિરૂપણ કરતાં નામથી જણાવશે[2] એ પૈકી ઉદારપણું સૃષ્ટિ છે, કારણકે વસ્તુ ન હોય તે દીન થાય છે. (ભગવાન્) સુખ થઈ એ પ્રમાણે વસ્તુના રૂપથી જ પોતે જ પ્રકટ થતાં હોવાથી ઉદાર છે. ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત થતાં દીનપણું (લાચારી) જતું રહે છે.[3] 'ન વિદ્યન્તે' નથી હોતા 'દીનાઃ' દીન પુરુષો જેમનામાંથી, એમ બીજા માટે કરેલી સૃષ્ટિમાં પણ જીવોનું દીનપણું સૃષ્ટિમાં (હોય ત્યારે) જ જતું રહે છે.[3] વિસર્ગ લીલા હોવાનું સ્પષ્ટ છે. હાસ્ય સ્થાન છે, કારણકે એ ભગવાન્ પોતાના હાસ્ય માટે જ નાટકમાં (થાય છે તે)ની પેઠે હાસ્યરૂપથી જુદી જુદી મર્યાદાથી જુદા જુદાને રાખે છે. એમ ન હોય તો પરમાર્થરૂપ ભગવાનના સ્વરૂપમાં મર્યાદા કઈ (હોય?) દષ્ટિ પુષ્ટિ છે, કારણકે ભગવાને જોયેલા જ પુષ્ટ થાય છે. ભ્રૂકુટિરૂપ ઊતિ છે. જેવી અંતઃકરણમાં વાસના તે પ્રમાણે ભ્રૂકુટિઓ ફરે છે. ભંગ સદ્ધર્મ છે, કારણકે એ સર્વને પોતાના સ્થાનથી પ્રકાશિત કરે છે. તેનો આગળ વિસ્તાર કરવામાં આવશે. ઈશાનુકથી ઉલ્લાસપણું છે, કારણકે એ વંશ[4] ભગવાનનો ઉલ્લાસ કરનારો છે. અથવા ક્રમ પ્રમાણે[1] (લીલાઓ લેવી.) (એમ થાય) ત્યારે ઊતિ ઉલ્લાસ છે. પ્રહ્લાદ અને ધર્મ (અનુક્રમે) પ્રમેય અને પ્રમાણના 'ઉલ્લાસો' પ્રકાશકો છે. ત્યારે સદ્ધર્મ ભ્રૂકુટિરૂપ અને ભંગ વંશરૂપ (થાય છે,) કારણકે એમાં આત્મા (પોતાના) વિભાગ કરે છે. સૂચવવાનો નિરોધ છે, તે આગળ સિદ્ધ કરીશું. ઘણાપણું મુક્તિ છે, કારણકે ભગવાન્ એકલા મુક્ત છે, અને બીજાઓ પણ એવા થશે. અનુગ્રહ આશ્રય છે, કારણકે સંપૂર્ણ રીતે અનુગ્રહ ન કરનાર કોઈને પોતાની અંદર રાખતા નથી; અને આ દશ પ્રકારની લીલા શ્રીકૃષ્ણની જ હોવાથી, આ ભગવાન્ અવતાર હોવા છતાં અવતારી છે.૨૫

૧.ધનુષે મલ ત્યાગ કર્યાનું કહ્યું, તેથી રાવણને મુક્તિ પ્રાપ્ત ન થઈ એમ જણાવ્યું.(પ્ર) ભા–૨૯
૨.આગળ ૨-૧૦-૧ માં જણાવશે.(પ્ર)
૩.આથી પરાર્થ સૃષ્ટિમાં પણ દીનપણું રહેતું નથી, એમ તે સૃષ્ટિનો પણ સમાવેશ કરે છે.(પ્ર)
૪.સૂર્ય અને ચંદ્રના વંશ.

તેથી આરંભમાં સર્ગરૂપ ઉદારપણું નીચેના શ્લોકથી જણાવે છે :

**ભૂમેઃ સુરેતરવરૂથવિમર્દિતાયાઃ ક્લેશવ્યયાય કલયા સિતકૃષ્ણકેશઃ ।**
**જાતઃ કરિષ્યતિ જનાનુપલક્ષ્યમાર્ગઃ કર્માણિ ચાત્મમહિમોપનિબન્ધનાનિ ॥૨૬॥**

સુરથી જુદાઓના સૈન્યથી પીડાયેલી ભૂમિના દુઃખનો નાશ કરવા, માણસોથી જેમનો માર્ગ જાણી ન શકાય તેવા શ્વેત અને કૃષ્ણ કેશવાળા પ્રકટ થઈ આત્માના

મહિમાને દઢ કરનારા કર્મો કરશે.૨૬

શરીર વિનાના શરીર સ્વીકારે[1] તે સર્ગ. એમાં 'નથી દીન જેમનામાંથી' એવું બીજું પ્રયોજન હેતુ તરીકે સમાયેલ છે. એ સમ્બન્ધમાં ત્રણ પ્રકારના દીન[2] ભક્તો ભગવાનને અવતાર લેવાના કારણરૂપ હતા એ કહે છે. 'ભૂમેઃ' પૃથ્વીના, સુરથી જુદા દૈત્યો દાનવો અને રાક્ષસો, તેઓથી પઃય(પૃથ્વી) થઈ (ત્યારે,)

**પ્રકટઃ પરમાનન્દો યદા ભૂમેસ્તદૈવ હિ ।**
**મર્દનક્લેશહાનિઃ સ્યાદિત્યાનન્દઃ સમાગતઃ ।।૭।।**

પરમાનંદ પ્રકટ થાય કે તરત જ ભૂમિ પીડાવાનું દુઃખ નાશ પામે, તેથી આનંદરૂપ પ્રભુ પધાર્યા.[3] એ (ભૂમિ)ના દુઃખનો નાશ કરવા 'કલયા' બલભદ્રની સાથે શ્વેત અને કૃષ્ણ છે કેશ જેમના તે વૈકુંઠમાં રહેલા જ પધાર્યા એમ કોઈક કહે છે. વાસ્તવિક રીતે[4] તો જે શ્વેત અને કૃષ્ણ કેશવાળા છે તે ગોવિંદની કલા સાથે (પધાર્યા,) કારણકે (ગોવિંદની કલા) સંકર્ષણરૂપ છે. શ્વેત અને કૃષ્ણ (કેશ)રૂપ સંકર્ષણની 'કલયા' સંહારરૂપ[5] તામસ શક્તિ સાથે, કૃષ્ણ કેશરૂપથી પણ (પધાર્યા) એમ કહેશે.[6] આ પણ એક પ્રયોજન (હતું) કે જે પ્રકારે કૃષ્ણ કેશ અવતાર લે, પરંતુ એટલું જ (પ્રયોજન) ન હતું, કારણકે 'આ એ બે હરિના અંશો અહીં પધાર્યા છે' એ વાક્યનો વિરોધ હોવાને લીધે અને 'એ સમયે તમો બે ઉપર પ્રસન્ન થયેલો હું આ શરીરથી' (૧૦-૩-૩૭) એ વાક્યનો વિરોધ થાય છે. તેથી[7] એ પીડાયાનું દુઃખ દૂર કરવા સમર્થ ન હતા. તેથી[7] પીડાયાનું દુઃખ ન રહે એ માટે સાક્ષાત્ આનંદમય (પ્રકટ થયા.) પુત્ર તરીકે વંશ કરવા પ્રદ્યુમ્ન, ધર્મનું રક્ષણ કરવા નારાયણના અંશ અનિરુદ્ધ (અને) ભૂમિના ભારનો નાશ કરવા શ્વેત અને કાળા કેશવાળાના અંશ (સંકર્ષણ) (પ્રકટ થયા.) માણસોથી જેમનો માર્ગ જાણી ન શકાય તેવા વંશ કરનાર પ્રદ્યુમ્ન, 'કર્મો કરશે' શબ્દોથી (જણાવેલ) અનિરુદ્ધ ચારેના ચાર કાર્યો, 'અને ભારનો નાશ કરવા' અવતર્યા[8] એમ 'ચ' 'અને' શબ્દથી સૂચવેલું છે. એ એક સ્વરૂપથી જ ચારે મૂર્તિઓનું ચરિત્ર કહેવામાં આવે છે.[9] એક જ ચરિત્ર મોક્ષ અને ભક્તિ કરાવશે. (અને) ભૂમિનો ભાર હરવાનું, વસુદેવ અને દેવકીની કામના પૂર્ણ કરવાનું અને ધર્મનું રક્ષણ (કરશે.) વિસ્તારમાં તો પ્રકરણના ભેદથી કહેશે. એવી રીતે ચાર મૂર્તિવાળા ભગવાન્ પ્રકટ થયા. આથી સર્વ વાક્યો જેવા શ્રવણ કરવામાં આવે છે તેવાનું સમર્થન થાય છે,[10] એમ ન માનીએ તો 'એ બેમાંના એક બલભદ્ર થાય' એ વગેરે દરેક વાક્યનો વિરોધ થાય. ત્રણ પ્રકારના દુઃખનો નાશ કરવા પોતાના જન્મ અને કર્મ કરશે.

**ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખભાજો હરિપ્રિયાઃ ।।**
**કંસાદેઃ કાલતો જ્ઞાનાત્ત્રિધા દુઃખં ચ તદ્ગતમ્ ।।૮।।**

ભૂમિ માતા અને તેવી રીતે બીજા હરિને પ્રિય (જનો) તેઓને કંસ વગેરેથી, કાલથી અને અજ્ઞાનથી દુઃખ (પ્રાપ્ત) થયું. કા.૮

ભૂમિ૧૧ તો કાર્યરૂપ પણ છે, તેથી વિચાર (વિમર્શ)માં એ જ કહેલી છે. માતા અદિતિ છે, તેથી એ ભૂમિ હોવાનું સ્પષ્ટ જ છે. બીજાઓ પણ ભૂમિના સમ્બન્ધને લીધે જ દુઃખી થયેલા.[11] માણસોથી જેમનો માર્ગ જાણી ન શકાય તેવો છે. તેવા સાધારણ માણસો છે. એઓ ભગવન્માર્ગનું ચિહ્નપણ જાણતા નથી. એવા પ્રકારથી ભગવાન્ માર્ગમાં પધારશે અને કર્મો કરશે, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી જ્ઞાન અને ભક્તિનો બોધ કરશે. કર્મો અનિરુદ્ધના ચરિત્રો હોવાથી આત્માનો 'મહિમા દઢ કરવાનું છે જેઓમાં' એમ એઓનું વિશેષણ કહે છે. આત્મા હોવાથી જ્ઞાન કરનારા (કર્મો) છે. 'મહિમા' શબ્દથી ભક્તિ (જણાવેલી છે.) 'ઉપ' સમીપમાં 'નિતરાં' સારી રીતે 'બન્ધનમ્' દઢ કરવાનું હોવાથી ધર્મ (જણાવેલ છે.) ત્રણ (કર્મો)થી ત્રણ પ્રકારનું દુઃખ નાશ પામશે. એવી રીતે ભગવાનનું ચરિત્ર ભગવાનનું માહાત્મ્ય જ સૂચવે છે. આટલા (ચરિત્ર)થી સર્વ ઉદાર થશે. (કોઈ દીન નહીં રહે.)૨૬

૧.પ્રાકૃત શરીર વિનાના પ્રાકૃત શરીર સ્વીકારે એ સર્ગ. આથી અવતાર, અને બાકીના (અપ્રાકૃત શરીર)થી અવતારો રહે છે એવો અર્થ છે.(પ્ર)

૨.નીચે કારિકા ૮માં જણાવેલા.(પ્ર)

૩.(આ કારિકાથી પૂર્ણ ભગવાન્ પધાર્યાનું કહેલ છે,) કારણકે માત્ર પ્રકટ થવાથી ભૂમિના દુઃખનો નાશ કર્યો અને પોતે વિચારેલ ભક્તના બધા દુઃખ દૂર કર્યા. બીજા કોઈ અવતારે આમ કરેલ નથી.(પ્ર)

૪.બીજાનો મત કહ્યા પછી અહીંથી સિદ્ધાંત કહે છે જો શ્વેત કૃષ્ણ કેશવાળા પૂર્ણ હોત, તો એમનો (કેશ સમ્બન્ધી) ગુણ ધન્વન્તરિ જેવો હોવાથી તેમના જેમ નામ જ કહેત, પરંતુ તેટલો માત્ર અવતાર નથી. આ વૈકુંઠમાં રહેલ ભગવાનના અંશ હોવાનું બ્રહ્મવૈવર્તપુરાણમાં કહેલ છે.(પ્ર)

૫.અહીં 'શ્વેત અને કૃષ્ણ કેશવાળા' કહેવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે.

૬.દશમા સ્કંધમાં કહેશે. આ ત્યાં સ્પષ્ટ થશે. સંકર્ષણ ઉભયરૂપવાળા હોવાનું 'તમોગુણથી ઢંકાયેલા વિષ્ણુ સત્વગુણનું અધિષ્ઠાન કરી સર્વ જગતનું પાલન કરે છે' એ સૂતસહિતા વગેરેના વાક્યથી જાણવું.(પ્ર)

૭.આથી પરિણામ કહેલું છે. (ચારે વ્યૂહનું કાર્ય જણાવેલ છે.(પ્ર)

૮.ચોથા સ્કંધના આ વાક્યથી એક જ સ્વરૂપમાં ચાર કાર્યો સૂચવેલ છે. એ ચાર કાર્ય પછીના શ્લોકમાં સ્પષ્ટ થશે.(પ્ર)

૯.મૂલ (ભગવાન)નું ચરિત્ર જ તે જણાવનારું છે.(પ્ર)

૧૦.ચતુર્મૂર્તિ સાથે સંપૂર્ણ ભગવાનનું પ્રાકટ્ય થવાનું સ્વીકાર કરવાથી.(પ્ર)

૧૧.'કાર્યરૂપા' એટલે શરીરરૂપા. ત્રર પ્રકારના ભક્તોનું દુઃખ દૂર કરવા ભગવાનનો પ્રાદુર્ભાવ થયાનું સ્વીકારવા છતાં 'ભૂમિ' શબ્દ એક વચનમાં યોજવામાં કોઈ અગવડ નથી એમ આથી જણાવેલ છે. 'ભૂમિ' શબ્દથી ત્રણેનો સંગ્રહ કરેલ હોવાથી એમ થઈ શકે છે.(પ્ર)

નીચેના શ્લોકમાં લીલાનું નિરૂપણ કરતાં, ઉપર કહેલાનું કારણ પણ વિમર્શમાં આવતું હોવાથી કહે છે :

**તોકેન જીવહરણં યદુલૂકિકાયાસ્ત્રૈમાસિકસ્ય ચ પદા શકટોઽપવૃત્તઃ ।**
**યદ્રિઙ્ગતાઽન્તરગતેન દિવસ્પૃશોર્વા ઉન્મૂલનં ત્વિતરથાઽર્જુનયોર્ન ભાવ્યમ્ ।।૨૭।।**

બાલકે જે ઘુવડીના જીવનું હરણ કર્યું, અને ત્રણ માસ(ની વય)વાળાના ચરણથી શકટ ઊંધું પડી ગયું, અને ભાંખડિયે ચાલતાં આકાશનો સ્પર્શ કરતાં બે અર્જુનવૃક્ષોની વચમાં જતાં (એમને) જે મૂલથી ખેંચી કાઢ્યા તે બીજી રીતે વિચારી શકાય તેવું નથી.૨૭

જો આ ભગવાન્ (શ્રીકૃષ્ણ) ચાર મૂર્તિવાળા ન હોય, તો એમના (આ) ચાર ચરિત્રોની સંગતિ ન થાય. (૧)પૂતનાના પ્રાણરૂપ ધાવણના પાનથી એને મોક્ષ (આપ્યો,) (૨)શકટને ઊંધું પાડી નાખ્યું, (૩)યમલાર્જુન વચ્ચે જવું, અને (૪)તેમને મૂલથી ખેંચી પાડવા, કારણકે (૧)વાસુદેવથી બીજા કોઈ મોક્ષ આપવા શક્તિમાન નથી, (૨)સંકર્ષણથી બીજો કોઈ માત્ર સ્પર્શથી નાશ કરનાર નથી, (૩)અનિરુદ્ધથી બીજો કોઈ નારદના શાપથી મુક્ત કરવા માટે નજીક હોવાનું જણાવવાથી વૃક્ષોની વચ્ચે જાય નહીં, (૪)પ્રદ્યુમ્નથી બીજો કોઈ શાપથી થયેલ જન્મનો મૂલથી નાશ કરી પહેલા હતો તે દેવતાનો જન્મ પ્રાપ્ત કરાવે નહીં. આ (ચાર)થી જ ભગવાનપણું સિદ્ધ થાય છે, (૧)કારણકે 'તોકેન' બાલકે ઘુવડી પૂતનાના જીવનું હરણ કર્યું. જ્યાં કાર્ય (થાય) ત્યાં કારણ અવશ્ય હોવું જોઈએ, પરંતુ જ્યાં સાધન વિના જ સાધ્ય પ્રાપ્ત થાય છે (ત્યારે) એ પરબ્રહ્મનું સ્વરૂપ જ છે એમ જાણવું જોઈએ, કારણકે એ (પરબ્રહ્મ) સર્વ થવાની શક્તિવાળા છે. વળી ઘુવડની સ્ત્રી ઘુવડી, ઘુવડની પુત્રી, અથવા ઘુવડરૂપ જ (પૂતના હતી,) એ નિશ્ચય દિવસે ભય પામતી (આંધળી,) સત્પુરુષના માર્ગથી વિરુદ્ધ અને (એમની) શત્રુ હોય છે. આથી એની મુક્તિ થવામાં પ્રમાણનું બલ ન હોવાનું (જણાવ્યું.) એના જીવોનું[1] હરણ (કર્યું એટલે) પોતાની અંદર લય કરાવ્યો, કારણકે 'અહીં જ પ્રાણો લવાય છે' એ વાક્ય પ્રમાણે જેનું હરણ થાય તે પોતાની અંદર લવાય છે અને આ[2] મુક્તિ છે, તેથી પ્રમેય બલથી એને મુક્તિ આપી એમ માનવું જોઈએ, અને પ્રમેય

શુદ્ધ પરબ્રહ્મ છે, કોઈ પણ અંશથી ન્યૂન નથી. એવા[૩] હોય તો એવામાં મુક્તિ આપવાનું સામર્થ્ય સંભવે નહીં. તેથી સાધન વિના જ સાધ્ય (પ્રાપ્ત) કરવાથી અને મુક્તિ આપવાથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ પુરુષોત્તમ છે. (૨)વળી 'ત્રણ માસ (ની વય)વાળા' શબ્દથી ત્રણ માસની હદ (વય)વાળા હતા. કાલના ત્રણ જ અવયવો ભગવાનની (વયની) હદવાળા થયેલ. સ્વભાવથી શક્તિ વિનાના એઓ (ભગવાનની) જુદી મૂર્તિ કરાવે છે. તેનાથી (અ) શકટ રચીને, (આ) શકટમાં વિહાર કરીને, (ઈ) શકટનો નાશ કર્યો, એવી ત્રણ મૂર્તિવાળા (ભગવાન્) કહેલ છે. ત્રણે નાશ કરવાના સાધનરૂપ ન હતા એમ જણાવવા 'ચરણથી' એમ કહેલું છે, કારણકે સંકર્ષણથી (એ થવા) યોગ્ય હતું. 'અપર્વતઃ' વિરુદ્ધ રીતે (ઊંધું) પડવું. આથી ઘણું બલ જણાવવાથી પૂરી ક્રિયાશક્તિ કહી. 'કૂણા પાન જેવા કોમલ ચરણથી અથડાયેલ'[૪] (૧૦-૭-૭) એ વાક્યથી સાધનનો અભાવ સૂચવેલો છે. ઉપરની પેઠે પરબ્રહ્મપણું અને પૂરી ક્રિયાશક્તિ સૂચવેલ છે. (૩)એવી રીતે જ્ઞાન(શક્તિ) અને ક્રિયાશક્તિ સિદ્ધ કરીને 'ભાંખડિયે ચાલતાં (વૃક્ષોની) વચમાં જતાં' શબ્દોથી ભક્તિમાર્ગનું સમર્થન કરવા ચિંતન ન કરી શકાય એવું સામર્થ્ય જણાવે છે. જે આ ત્રણ બીજી રીતે વિચારી શકાય તેવા નથી, એવો અર્થ છે. ભાંખડિયે ચાલતાં એટલે હાથ અને પગથી ચાલતાં. એ બે (વૃક્ષો)ની વચ્ચે ગયેલા. એ બેને મૂલમાંથી કાઢી નાખે એ પરબ્રહ્મપણું જણાવનારું છે. પૂતનામાં મુખનો સમ્બન્ધ પણ હતો, શકટમાં ચરણના માત્ર આગલા ભાગ (નો સમ્બન્ધ હતો.) બે અર્જુનવૃક્ષોમાં તો એ પણ ન હતું, પરંતુ પરંપરાથી દૂરનો સમ્બન્ધ હતો. ખાણિયાનો વૃક્ષો સાથે સમ્બન્ધ, અને દોરડાનો ખાણિયા સાથે (નો સમ્બન્ધ,) અને ભગવાન્ સાથે દોરડાનો સમ્બન્ધ. જો બલથી (આ કાર્ય) કર્યું હોત, તો પ્રથમ દોરડું ઓછા બલવાળું હોવાથી તૂટી જાય, અથવા ખાણિયો (ભાંગી જાત,) ભગવાનનો સમ્બન્ધ વિચારતાં બધા નાશ પામે. એમાં પણ વૃક્ષોનું મૂળથી ઊખડી પડવાનું સંભવતું નથી. દઢ ભૂમિમાં (રહેલાને) વચ્ચેથી ખેંચવું એ મધ્યમાંથી ભાંગવાનું કારણ છે. આ પણ ઉપરની પેઠે પરબ્રહ્મપણું સિદ્ધ કરનારું અને ઈચ્છાશક્તિ સિદ્ધ કરનારું છે, કારણકે આ ભગવાનની લીલા જ્ઞાન અને ક્રિયા અને ઈચ્છા (શક્તિ જણાવનારી છે.) 'બીજી રીતે વિચારી શકાય તેવું નથી' શબ્દો કેટલાક આગળના બધા શ્લોકો સાથે જોડે છે. વાસ્તવિક રીતે તો આ (શ્લોક)માં જ (એમનો સમ્બન્ધ છે,) કારણકે આગળ (આ શબ્દોનો) સમ્બન્ધ જણાવનાર શબ્દ નથી.૨૭

૧.પૂતનાના જીવ સાથે એણે મારી નાખેલ બાળકોના જીવોને પણ ભગવાને પોતાની અંદર લીધા.

એવો અર્થ છે.(પ્ર)
૨.ભગવાનમાં લય થાય એ મુક્તિ. ૩.'એવા' એટલે ન્યૂન અથવા બાલક.(પ્ર)
૪.આ શબ્દ દશમા સ્કંધમાં અ.૭ માં જોવા.

એ પ્રમાણે લીલા જણાવીને, નીચેના શ્લોકમાં હાસ્યનું નિરૂપણ કરે છે :

**યદ્વૈ વ્રજે વ્રજપશૂન્ વિષતોયપીથાન્ બાલાનજીવયદનુગ્રહદષ્ટિવૃષ્ટ્યા ।**
**તચ્છુદ્ધ્યેઽતિવિષવીર્યવિલોલજિહ્‌વમુચ્ચાટયિષ્યદુરગં વિહરન્ હ્રદિન્યામ્ ।।૨૮।।**

વ્રજમાં વિષવાળું જલ પીધેલા વ્રજના પશુઓને અને બાલકોને કૃપાવાળી દૃષ્ટિની વૃષ્ટિથી જે જીવતાં કર્યાં (અને) નદીમાં વિહાર કરતાં એની શુદ્ધિ માટે ઘણા વિષરૂપ વીર્યથી લબકારા કરતી જીભવાળા સર્પને કાઢી મૂકશે.૨૮

'યદ્' જે કારણથી 'વ્રજે' નેસડામાં 'વ્રજપશૂન્' વ્રજરૂપ બાલકોને અને પશુઓને અથવા પોતાનાને 'વિષતોયપીથાન્' વિષવાળા જલનું 'પીથં' પાન જેમણે કરેલું (તેમને જીવાડ્યા.) જેમ સોમના પાનથી મૃત્યુએ ખાધેલા અમર થાય છે, તેમ વિષવાળા જલનું પાન કરેલાને પણ જીવતાં કર્યાં. પશુઓને અને (એઓને) પાલનારાને જીવતા કર્યા એવો એક વિકલ્પ છે, 'કૃપાવાળી દૃષ્ટિની વૃષ્ટિથી' શબ્દથી સાધન (કહ્યું.) એ યમુનાને શુદ્ધ કરવા, ઘણા વિષના વીર્યથી લબકારા મારતી હતી જીભ જેની તે કાલિયને વિહાર કરતાં જ કાઢી મૂક્યો. આ (શબ્દ)માં ('ઇ) (અક્ષર)નો લોપ વૈદિક છે. 'ઉચ્ચાટયિષ્યતિ' એવો અર્થ છે. અથવા 'નુમ્'નો અભાવ છે, વિહાર કરતાં, કાઢી મૂકતાં જીવાડ્યા એવો (વાક્યનો) સમ્બન્ધ છે. અહીં પશુ અને પાલન કરનારાઓને જીવતાં કરવાનું કાર્ય અનુગ્રહની દૃષ્ટિની વૃષ્ટિરૂપ સાધનથી (કર્યાનું) જણાવ્યું. આ તો થોડું અલૌકિક છે. વિહાર તો ગરુડ વગેરેથી પણ થઈ શકે. યોગીઓ પણ દષિટથી જીવતાં કરે. ઉપસર્ગ અને અવ્યય સાથેના 'અટ્' ધાતુનું 'આટયિષ્યત્' એવું 'લુઙ્'[1] ક્રિયાપદ થાય. જ્યારે એને કાઢી મૂક્યો ત્યારે જીવાડ્યા, એમ ન થાય તો જીવાડ્યાનું પણ જીવાડ્યા વિનાનું જ રહે. આ ચરિત્ર હાસ્ય માટેનું છે. 'અમે શ્રીકૃષ્ણનું રક્ષાણ કરીશું' એવી આમની બુદ્ધિ હતી. તેથી હમણા સ્પષ્ટ જ થયું કે એઓનું પાલન કરીને (ભગવાન્) પોતે એ (વિષવાળા જલ)માં પધાર્યા એવા (વિચારથી) કે આ કેમ પાલન કરે છે. પછી એઓ કાંઈ કરી શકતા નથી એમ જોઈને હસે છે. અથવા 'પશુઓને અને પાલન કરનારાઓને' (એટલે) જે પશુ જેવા આધિદૈવિક[2] પાલન કરનારા (હતા) તેઓને જીવતા કર્યા, કારણકે એ અપરાધીઓને કાલે હણેલા, કારણકે ભગવાનના ભક્તોએ

વિષપાન કર્યું એના (એઓ) કારણ હતા. વિષવાળા જલનું 'પીથં' પાન જેમનામાંથી (જેમના લીધે) થયું એવો (સમાસ થયો.) કાલ એઓને જ હણે, પરંતુ નિરપરાધી ભગવદીયોને ન (હણે.) દેડકાં વગેરે મરેલા જેવા વૃષ્ટિથી ઊભા થતાં જોવામાં આવે છે તેથી દષ્ટિ વૃષ્ટિરૂપ છે. એઓ ઉપરની કૃપા બ્રહ્મપણું જણાવનારી છે, કારણકે બીજો કોઈ આધિદૈવિક ઉપર કૃપા કરવા શક્તિવાળો નથી. અને 'આ ચિંતન કરી શકાય તેવું નથી' એવું જે (વાક્ય) યોજવાનું[3] (તે) ઘટે છે. લૌકિક સાધનોમાં મંત્રો વગેરેથી વિષ કાઢી નાખી પછી જીવાડવાનું પ્રસિદ્ધ છે. કેટલાક એમ કહે છે કે આમાં વિષવાળાને જ જીવાડવાનું ભગવાનનું કાર્ય છે. (અ) માત્ર હાસ્ય હોવાથી કાંઈ પણ ચિંતા નથી.૩ ૨૮

૧.'લૃઙ્' વિધ્યર્થરૂપ (કંડીશનલ્).
૨.પશુઓના આધિદૈવિકો 'ભગવદ્ભક્તોના' એટલે ગાય વગેરેના.(પ્ર)બાલકોના પણ લઈ શકાય.
૩.કાંઈ પણ અઘટતું નથી.(પ્ર)

હાસ્યનું નિરૂપણ કરીને નીચેના શ્લોકમાં દષ્ટિનું નિરૂપણ કરે છે :

**તત્કર્મ દિવ્યમિવ યન્નિશિ નિઃશયાનં દાવાગ્નિના શુચિવને પરિદહ્યમાને ।**
**ઉન્નેષ્યતિ વ્રજમિતોડવસિતાન્તકાલં નેત્રે પિધાપ્ય સવલોડનધિગમ્યવીર્યઃ ॥૨૯॥**

રાતમાં સૂતેલાને (અને) પવિત્ર વન દાવાગ્નિથી બળતું હતું ત્યારે (પોતાના) અંતકાલનો જેણે નિશ્ચય કરેલો છે તેવા વ્રજને બલભદ્ર સાથે ન જાણી શકાય તેવા વીર્યવાળાએ નયનો બંધ કરાવીને અહીંથી બીજે જે લઈ જશે તે કર્મ દિવ્ય જેવું છે.૨૯

એ ભગવાનનું કર્મ દિવ્ય જેવું છે. 'દિવિ' સ્વર્ગમાં 'ભવં' થાય તે દિવ્ય (એટલે) અલૌકિક. 'જેવું' શબ્દથી ઇંદ્ર વગેરેથી પણ (એ) અશક્ય (હોવાનું કહ્યું.) જે ગ્રીષ્મના સમ્બન્ધવાળું વન દાવાગ્નિથી બળતું હતું ત્યારે એની અંદર રાત્રે સૂતેલા વ્રજને 'ઉન્નેષ્યતિ' ત્યાંથી લઈ બીજે મૂકશે. 'ઇતઃ' આ સ્થાનમાંથી અથવા એવા હેતુથી (બીજે મૂકશે.) નિશ્ચય કરેલ હતો અંતકાલનો જેણે, (કારણકે) આ અમારો અંતકાલ છે એમ વ્રજમાં રહેનારાઓએ વિચારેલું, દાવાગ્નિમાંથી મુક્ત કરવાનું આ ચરિત્ર, કાલિયના ધરાની સમીપ અને મુંજના વનમાં, (એમ) બેવાર થયેલું. એ પૈકી એકમાં નેત્રો બંધ કરાવીને મુંજવનનો ત્યાગ કરાવી (ભાંડીર) લાવેલા. બીજામાં તો રાત્રે ઊંઘતાને જ (બચાવેલા.) બીજા સાધારણ શબ્દો બંને (પ્રસંગો)ને લાગુ પડે છે. દષ્ટિ પણ બે નેત્રોથી બે પ્રકારની થાય[1] છે. એ સંકટમાંથી બહાર કાઢશે એ બંનેમાં

સાધારણ છે, કારણકે બહાર કાઢવું એ દેવો માટે છૂટા કરવાનું. એવી રીતે સ્વાર્થ માટે આમનું રક્ષણ કર્યું. અગ્નિનું પાન કરવું અને (વ્રજજનોને) બીજે લઈ જવા તે બ્રહ્મના ગુણ છે. અહીં (મુંજાવનમાં) જે અગ્નિનું પાન (કર્યાનું) કહેલ નથી, તે પાછળથી પ્રશ્ન ન થાય એ માટે (કહેલ નથી.) જો કહ્યું હોત તો અગ્નિનું કેવી રીતે પાન કર્યું એવો પ્રશ્ન થાત. તેથી જ 'દિવ્ય જેવું' એમ કહેલું છે, પણ (એનું) સ્વરૂપ કહેલ નથી. અને આ દેવગુહ્ય છે.૨૯

૧.એક જાતના જુદા જુદા સમયે કરેલા બે કર્મોનું સાથે નિરૂપણ કરવાનું કારણ આ વાક્યથી જણાવેલ છે.(પ્ર)

એ પ્રમાણે દષ્ટિનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકથી ઉલ્લાસપણાનું નિરૂપણ કરે છે :

**ગૃહ્ણીત યદ્યદુપબન્ધમમુષ્ય માતા શુલ્બં સુતસ્ય ન તુ તત્તદમુષ્ય માતિ ।**
**યજ્જૃમ્ભતોऽસ્ય વદને ભુવનાનિ ગોપી**
**સંવીક્ષ્ય શઙ્કિતમનાઃ પ્રતિબોધિતાऽऽસીત્ ।।૩૦।।**

આમની માતા જે જે દોરડું લેતાં, તે તે દોરડું આ પુત્રના માપનું થતું નહીં, જેમણે બગાસું ખાધું ત્યારે આમના મુખમાં ભુવનો જોઈને, શંકાવાળા મનવાળી ગોપીને જ્ઞાન કરાવ્યું.૩૦

આ ચરિત્ર ભગવાન્ બ્રહ્મ હોવાનું જણાવનારું છે; બીજું તો યોગ મંત્ર, મણિ વગેરેથી પણ થઈ શકે તેવું હોવાથી સંપૂર્ણ રીતે ભગવાનપણું સાબિત કરનારું નથી. જે પ્રકારે આ બે ચરિત્રો ભગવાનપણું સાબિત કરે છે તે ભાષ્યમાં બે અધિકરણોથી[1] જણાવેલ છે. જે સ્વરૂપથી સર્વરૂપ ન હોય તે તે સ્વરૂપથી બંધાય નહીં, એ યોગ્ય નથી. બંધન કરવા માટે જે જે 'ઉપબન્ધમ્' દોરડું 'ગૃહ્ણીત' લીધું, તે તેથી પણ આમનું બંધન થયું નહીં. (દોરડાના) આરંભમાં અને અંતમાં પણ ભગવાન્ જ હોવાથી ઘણા જોડેલા (દોરડા) પણ એક જ થતાં; અને તેમનું દેખાતું ઉદર સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ જ હતું, અને (એના) આરંભમાં અને અંતમાં રહેતું. તેથી બંધન થાય નહીં એ યોગ્ય જ છે.

વળી જે બગાસાં ખાતાં ભગવાનના મુખમાં ભુવનો જોઈને શંકાવાળા મનવાળી થયેલીને જ્ઞાન પણ કરાવ્યું. આ બે ચરિત્રો[2] (ભગવાન્) વિશ્વના આધાર હોવાનું અને અનુભવ સાથે મોહ કરાવનાર છે, જે સર્વ પ્રાણીઓમાં રહેતાં સર્વ પ્રાણીઓને પોતાની અંદર રાખે છે. એમ અંદર (રાખે છે,) કારણકે એ ગોકુલમાં રહેતાં ગોકુલને

(પોતાની) અંદર રાખે છે. અને આ માયિક નથી, કારણકે શ્રુતિથી સાબિત થયેલું છે; અને યશોદાને એ (વિષય)નો પણ અનુભવ થયેલ છે. વિચાર કરતાં પણ 'હવે આ મારા પુત્રની જ....' (૧૦-૮-૪૦) વાક્યથી આ બ્રહ્મનો ગુણ જ[૩] (હોવાનું એણે જાણ્યું.) અથવા એમ (માયિક) હો. શંકાવાળી થઈ[૪] તે જ સમયે જ્ઞાન પણ કરાવ્યું (એટલે) આ મારા પુત્ર જ છે એમ (એણે) જાણ્યું, કારણકે અનુભવ સ્મરણ અને સંસ્કાર ન ઉત્પન્ન કરે એવું ભગવાનની માયા વિના સંભવતું નથી. આ જ ભગવાનનો ઉલ્લાસ[૫] (છે.) મુખ ઉઘાડવાના પ્રયોજનથી બગાસું પણ ભગવાને જ કરેલ (ખાધેલ.) પછી જુદા નિમિત્તથી પણ મુખ ઉઘાડ્યું ત્યારે જગત્ દેખાડ્યું (અને) તરત જ જ્ઞાન કરાવ્યું. પહેલા દેખાડ્યું ત્યારે તો (યશોદા) બહુ વિસમય પામ્યા. એમ જ અધ્યાયની સમાપ્તિ થઈ, કારણકે 'વૈષ્ણવી માયા વિસ્તારી' એવું ત્યાં[૬] જ કહેલું છે. એવી રીતે ચાર શ્લોકોથી ચાર મૂર્તિવાળા ભગવાન્ સંકર્ષણ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને વાસુદેવ કહેલા છે[૭] અથવા સર્વ (શ્લોકો)માં સર્વ (મૂર્તિઓ) કહી છે.૭ ૩૦

૧.બ્રહ્મસૂત્ર. ૧-૨-૩૨થી અને ૩-૨-૨૧થી શરૂ થતાં બે અધિકરણોથી.

૨.આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહેલા બે ચરિત્રો.(પ્ર) ભા--૩૦

૩.આ વિશ્વ દેખાડવાનું કાર્ય માયિક નથી એમ આથી સિદ્ધ કરે છે.(પ્ર)

૪.આ શબ્દથી ત્યાં યશોદાએ જે વિચારો કર્યા તે સર્વનો સમાવેશ કરેલ છે. એવા વિચાર દઢ કરનાર અનુભવ સ્મરણ અને સંસ્કાર ઉત્પન્ન કર્યા વિના રહે જ નહીં, છતાં એ ન થયાં, તેથી કારણ હોવા છતાં કાર્ય (સ્મરણ અને સંસ્કાર) ન થયા એ ભગવાનની માયાથી જ, અને માયા શક્તિ હોવાથી સામર્થ્યરૂપ છે. તેથી અહીં કરેલું ન કરેલું કરવાથી શક્તિ થઈ. એ પણ બ્રહ્મપણું જણાવનારી જ છે.

૫.બંધન ન થયું એ પદાર્થનું અદ્વૈત જણાવનાર છે, અને એ ઊતિલીલાની સમાપ્તિમાં કહેલ છે. એ નાનું (ઉદર) સર્વત્ર રહેનારું હોવાનું સ્પષ્ટ કરે છે એ પ્રમાણથી ઉલ્લાસ થયો ઉત્તરાર્ધમાં કહેલ જગત્ દેખાડવાનું વિકાસરૂપ હોઈ પ્રમેયથી ઉલ્લાસ થયો.(પ્ર)

૬.બીજીવાર જગત્ દેખાડ્યું ત્યાં (દશમસ્કંધ અધ્યાય ૮માં) આમાં પોતાના સંતાનરૂપ જગત્ દેખાડ્યું એટલે ઉલ્લાસ થયો.(પ્ર)

૭.પહેલા (શ્લોક ૨૭)માં જીવોનું ગાડું ઊંધું પાડવું. વૃક્ષોને ઉખેડી નાખવાં, એ સંકર્ષણતાં કાર્ય સ્પષ્ટ છે એ પહેલો વિકલ્પ. બીજા વિકલ્પમાં પુત્ર હોવાથી બુદ્ધિ ઉત્પન્ન કરવી એ પ્રદ્યુમ્નનું, મનમાં શંકા અને ધ્રુજારો કરાવવો એ સંકર્ષણનું, મુખ ઉઘાડી માતાની આજ્ઞા માનવી એ અનિરુદ્ધનું કાર્ય. આ બધા ચરિત્રો ભક્ત ઉત્પન્ન કરનારા હોવાથી પુરુષોત્તમના કાર્ય છે.(પ્ર)

એ પ્રમાણે ઉલ્લાસનું નિરૂપણ કરીને નીચેના શ્લોકથી ભ્રૂકુટિનું નિરૂપણ કરે છે.

ભ્રૂકુટિ વિસ્તારવી એ પરમેશ્વરનું સ્થાન છે' એ વાક્ય પ્રમાણે ભ્રૂકુટિ શબ્દથી ભગવાને કરેલ (આપેલ) ફલ કહેલું છે. એ ફલ દુઃખના અભાવ અને સુખરૂપ છે. દુઃખની મોટામાં મોટી હદ નરક વગેરે છે, સુખની મોટામાં મોટી હદ વૈકુંઠનામની છે. સાધન વિનાનાઓને ભગવાન્ એ બંને (પ્રાપ્ત) કરાવે છે એવા વિચારથી (શ્રીકૃષ્ણ) ભગવાન્ છે. એ પૈકી દુઃખના અભાવ બે (બે વાર કર્યાનું) કહે છે :

**નન્દં ચ મોક્ષ્યતિ ભયાદ્વરુણસ્ય પાશાદ્ગોપાન્ બિલેષુ પિહિતાન્ મયસૂનુના ચ ।**
**અહ્ન્યાપૃતં નિશિ શયાનમતિશ્રમેણ લોકે વિકુણ્ઠમુપનેષ્યતિ ગોકુલં સ્વમ્ ।।૩૧।।**

અને નંદને ભયમાંથી (અને) વરુણના બંધનમાંથી, અને મયના પુત્રે બિલોમાં પૂરેલા ગોપોને મુક્ત કરશે. દિવસે (કામ કરવામાં) રોકાયેલ (અને) રાત્રે લોકમાં ઘણા શ્રમને લીધે સૂતેલા પોતાના ગોકુલની સમીપ વિકુંઠ લાવશે.૩૧

સર્વ પ્રકારના ભયથી અને વરુણના બંધનમાંથી, બંનેમાંથી વ્રતમાં અને યાત્રા (કરવા)માં પ્રવૃત્ત થયેલ નંદનું રક્ષણ કર્યું. આથી (એમ જણાવ્યું કે) 'બીજા ધર્મો પોતાના ધર્મો નથી, ભગવાનના ધર્મો જ પોતાના ધર્મો છે તેથી ભગવાન્ આત્મા છે.' તેથી એ પરબ્રહ્મ છે એમાં વિવાદ નથી. 'અને નંદને'માંનો 'ચ' 'અને' શબ્દ, યશોદાનો ઉદ્ધાર કરીને નંદનો પણ ઉદ્ધાર કર્યો એવા સરવાળાના અર્થવાળો અથવા નંદને જ બે વાર મુક્ત કર્યા એવા (અર્થમાં યોજેલ છે.) વરુણના બંધનથી ભય થયેલ તેમાંથી મુક્ત કરેલ. 'અને મયના પુત્રે બિલોમાં પૂરેલા ગોપોને મુક્ત કર્યા' શબ્દોથી બીજાઓના પણ દુઃખનો નાશ કર્યાનું કહેલ છે. મયનો પુત્ર વ્યોમાસુર તે ગોપનું રૂપ લઈ આવ્યો, ઘેટાં બનેલ બાળકોને લઈ જઈને ગુફામાં નાખ્યા, અને ત્યાં એ જ માર્ગથી પાતાળમાં જવા બિલો હતાં, તેથી 'બિલોમાં પૂરેલા' એમ કહેલું છે. અથવા ત્યાં પૂરેલાઓને સર્પ વગેરે પાતાળમાં લઈ જાય એ માટે 'બિલો' શબ્દ યોજેલ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજી પણ ન કહેલી પીડાઓ પોતાની મેળે અનુમાનથી જાણવી.[1]

એ પ્રમાણે દુઃખ ન રહેવાનું કહીને ઉત્તરાર્ધથી ઘણું સુખ કહે છે. 'અહ્નિ' દિવસે 'આપૃતમ્' લૌકિક ક્રિયામાં મચી રહેલ, રાત્રે ઘણા શ્રમને લીધે સૂતેલું, એટલે રાત્રે ગાઢ નિદ્રામાં પડેલ, એવી રીતે દિવસે અને રાત્રે પરલોકના સાધન વિનાના પોતાના જ ગોકુલની 'ઉપ' સમીપે જ 'વિકુણ્ઠમ્' વ્યાપિવૈકુંઠ લાવશે. પોતાની પાસે જ માયાનો પડદો કાઢી નાખીને ત્યાં જ વૈકુંઠમાં લીધા. આ ચરિત્ર નથી યોગનું, નથી માયાનું, નથી કાલનું, નથી મણિ વગેરેનું. તેથી આ બ્રહ્મનું જ ચરિત્ર છે. લઈ આવવાનું કારણ 'પોતાના' શબ્દથી કહ્યું. ભગવાને ગોકુલને પોતાના તરીકે સ્વીકારેલું.૩૧

૧.આ શ્લોકના પૂર્વાર્ધથી સદ્‌ધર્મરૂપ અને ઉત્તરાર્ધથી ઊતિરૂપ ભ્રૂકુટિનું નિરૂપણ જાણવું.(પ્ર)

એ પ્રમાણે ભ્રૂકુટિનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકથી ભંગનું નિરૂપણ કરે છે :

**ગોપૈર્મખે પ્રતિહતે વ્રજવિપ્લવાય દેવેऽભિવર્ષતિ પશૂન્ કૃપયા રિરક્ષુઃ ।**
**ધર્ત્તોચ્છિલીન્ધ્રમિવ સપ્ત દિનાનિ સપ્તવર્ષો મહીધ્રમનઘૈકકરે સલીલમ્ ।।૩૨।।**

હે પાપરહિત ! ગોપોએ યજ્ઞ અટકાવ્યો ત્યારે નેસડાનો નાશ કરવા દેવ વૃષ્ટિ કરતા હતા ત્યારે સાત વર્ષનાએ કૃપાથી પશુઓનું રક્ષણ કરવા માટે સાત દિવસ સુધી છત્રની પેઠે એક હાથ ઉપર પર્વતને લીલાથી ધારણ કર્યો.૩૨

પહેલા પ્રાપ્ત થયેલ ફલનો ભંગ (નાશ) અહીં કહે છે. યજ્ઞથી રક્ષણ (થતું.) યજ્ઞના ભંગથી દુઃખ (થયું.) યજ્ઞનું ફલ દેવનો પ્રેમ છે. એ (યજ્ઞ) ચોક્કસ ફલ આપનાર હોવાનું કહીને, એનો નાશ કહે છે. ગોપો સદા યજ્ઞ કરતા. એમને લીધે જ ભગવાને એ યજ્ઞનો નાશ કર્યો. એ યજ્ઞ બંધ થયો ત્યારે (ઇંદ્ર) રક્ષણ કરનારો હોવાથી, એ (યજ્ઞ) અટકતાં દેવે વર્ષા કરતાં નેસડાનો નાશ કરવાનો આરંભ કર્યો. આથી એવો નિશ્ચય થાય છે કે યજ્ઞનું ફલ દેવની પ્રીતિ હતું. એમ સૂચવેલ છે કે શક્તિવાળાનો આશ્રય હોય ત્યારે જ મર્યાદાનો ત્યાગ કરવો. એ સમયે કૃપાથી ભગવાને રક્ષા કરવાની ઈચ્છા કરી. પછી સાત વર્ષનાએ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને એક હાથ ઉપર લીલાથી ધારણ કર્યો. ‘હે પાપરહિત !’ એ સંબોધન કહેલા (વિષય)માં વિશ્વાસ રહે એ માટે (કરેલ છે.) ‘ધર્તા’ ધારણ કરશે. ‘છત્રની પેઠે’ ભાર ન લાગ્યો એમ જણાવવા (કહેલ છે,) કારણકે વર્ષાના સમયમાં છત્રો (જમીનમાંથી) નીકળે છે. અલૌકિક વર્ષા હોવાથી અલૌકિક છત્ર નીકળ્યું એમ ઇંદ્રને જણાવ્યું[૧] સાત તંતુવાળા યજ્ઞમાં વિઘ્ન થાય ત્યારે સાત દિવસ સુધી દુઃખ આપે. તેથી સાત દિવસ સુધી (ધારણ કર્યું) જ્યાં જ્યાં ધર્મમાં વિઘ્ન જોવામાં આવે છે ત્યાં ત્યાં સાત દિવસ સુથી (થશે) એમ કહે છે. જો દુઃખ દૂર થાય તેવું હોય તો સાત દિવસ ચાલુ દુઃખ રહે છે, પછી દૂર થાય છે. જો દૂર ન થાય તેવું હોય, તો સાતમા દિવસે જ થાય છે. (ભગવાન્) પોતે પણ સાત વર્ષના હતા. સાત પ્રકારની હદવાળા કાલને ઓળંગેલા. તેથી જ સાત તંતુવાળા યજ્ઞનો ભંગ કર્યો, અને ફલ પણ જુદા પ્રકારનું[૨] થયું, કારણકે મર્યાદા અંગો સાથેના વેદથી ઉત્પન્ન થાય છે. અંગો છ છે અને વેદ પોતે એક. અને આ સંવત્સર પ્રજાપતિ છે તે અંગો સાથે વેદની પ્રવૃત્તિ કરાવનાર છે, તેથી એનું ઉલ્લંઘન કરીને[૩] પછી યજ્ઞનું ઉલ્લંઘન કર્યું. કાલ ભગવાનમાં હદ બાંધનાર ન હોવાથી, સાત ધર્મ ધારણ કરવા[૪] એ જ સાત વર્ષના હોવું; અને આ

ભંગરૂપ સાતમો ધર્મ છે. 'એક હાથ ઉપર' શબ્દથી 'એ પદાર્થોથી આ યજ્ઞ કરો' એવું વચન હોવાથી એક ક્રિયાશક્તિ[૫] ગોવર્ધનમાં મૂકી. નહીં તો ગોવર્ધનને એવી જ રીતે રાખત. 'લીલાથી' શબ્દથી એમ જણાવ્યું છે કે વાસ્તવિક રીતે તો યજ્ઞ એવો[૬] ન હોવાથી, ભગવાને જ (એને) તેવો કરેલ હોવાથી ભગવાનની ઈચ્છાથી જ ગોવર્ધન (એવી રીતે) રહેલો. હસ્ત તો માત્ર શાસ્ત્રાર્થ[૭] માટે જ દેખાડેલ, છતાં પણ (ગોવર્ધન નીચે) પુરાઈ રહેવાથી અને ઉપવાસોથી દુઃખ અવશ્ય થાય એમ માનીને એ (દુઃખ)નો નાશ કરવા (ભગવાને) લીલા કરી; એ નક્કી વેણુ વગાડવારૂપ હતી.[૮] સાત છિદ્રોથી (ભગવાન્) અમૃત આપનાર થયા. એમ થતાં પ્રાણોનો નિભાવ અને નિઃશ્રેયસ ફલની પ્રાપ્તિ (થઈ.) તેથી પુરાઈ રહેવાનું દુઃખ તથા ઉપવાસોનું દુઃખ થયા નહીં, એવો અર્થ છે.૩૧

૧.અવસ્થા સાધન વગેરેથી વિરુદ્ધ કાર્ય કરવાથી ઈંદ્રને પોતાના સામર્થ્યથી પોતે ભગવાન્ છે એમ જણાવ્યું.(પ્ર)

૨.'જુદા પ્રકારનું' કાલની મર્યાદાનું ઉલ્લંઘન કરીને ફલ થયું. (પ્ર) વૃષ્ટિથી દુઃખ ફલ થયું એવો અર્થ જણાય છે.

૩.પ્રમાણબલથી પ્રમેયબલ અધિક છે એમ જણાવવા ઉલ્લંઘન કર્યું.(પ્ર)

૪.સાત ધર્મનો અંગીકાર કરવો એવો અર્થ છે.(પ્ર)

૫.ડાબા અને જમણા હસ્તના ભેદથી બે ક્રિયાશક્તિઓ છે. ડાબા હાથની માત્ર પ્રમેયને ઉપયોગી છે, બીજી પ્રમાણને અનુકૂલ પ્રમેયને ઉપયોગી છે. એ પૈકી પહેલાનો ઉપયોગ કર્યો, કારણકે ક્રિયાશક્તિનું રક્ષણ ઈચ્છેલું હતું. જો એ ઈચ્છેલું ન હોત, તો માત્ર ઈચ્છાથી જ ગોવર્ધનનું ધારણ કરત (હસ્તનો ઉપયોગ કર્યા વિના.)(પ્ર)

૬.(એવો ન હોવાથી) એટલે રક્ષણ કરનાર ન હોવાથી.(પ્ર)

૭.ક્રિયાશક્તિથી રક્ષણ કરે છે. એવી શાસ્ત્રની મર્યાદા પાળવા જ એ પ્રમાણે સદ્ધર્મરૂપ ભંગ અનન્યપણાના પ્રકારના કહ્યો, તેથી સદ્ધર્મની જુદા પ્રકારની સ્થિતિ એ જ ભંગ.(પ્ર)

૮.ભંગ સાતમો (ધર્મ,) અને વેણુને સાત છિદ્રો, તેથી એવા પ્રસંગે વેણુ વગાડવી એ જ યોગ્ય હતું. ઈશાનુકથા પ્રલયલીલા હોઈ, વંશ પણ દેહનો ભંગ કરનાર હોઈ, વેણુ વગાડવાથી અમૃત અપાતું હોવાથી બધા પ્રકારનું અમૃત પ્રાપ્ત કરાવનારું હોઈ જુદો પ્રકાર કરાવતું હોઈ એવું (ભંગ) છે.(પ્ર)

એ પ્રમાણે ભંગનું નિરૂપણ કરીને નીચેના શ્લોકથી સારી રીતે કરેલ સૂચનનું નિરૂપણ કરે છે :

**ક્રીડન્ વને નિશિ નિશાકરરશ્મિગૌર્યાં રાસોત્સુકઃ કલપદાયતમૂર્ચ્છિતેન ।**
**ઉદ્દીપિતસ્મરરુજાં વ્રજભૃદ્વધૂનાં હર્તુર્હરિષ્યતિ શિરો ધનદાનુજસ્ય ॥૩૩॥**

ચંદ્રના કિરણોથી ઊજળી રાતમાં વનમાં ક્રીડા કરતાં રાસની ઈચ્છાવાળા વ્રજનું પાલન કરનાર મધુર શબ્દોની લાંબી મૂર્ચ્છનાથી જેમની કામની પીડા ઘણી વધેલી તેવી વ્રજની સ્ત્રીઓનું હરણ કરનાર કુબેરના નાના ભાઈનું માથું હરી લેશે.૩૩

ભગવાન્ સ્વરૂપનું ફલ પ્રાપ્ત કરાવવા આ[1] સારી રીતે સૂચન કરે છે. (એ) સારી રીતનું છે, કારણકે એ અનિષ્ટનો નાશ પણ કરે છે. એ વિષયમાં ગોપીઓ દષ્ટાંત છે, કારણકે એઓએ જ ભગવાન્ પ્રાપ્ત કરેલા છે. એમના સમ્બન્ધવાળું ચરિત્ર જ ભગવાનના માર્ગમાં ફલ સૂચવનારું છે.

'વને' વૃંદાવનમાં 'નિશિ' રાત્રે લૌકિક અને વૈદિક ક્રિયાઓ બંધ થઈ હોય, લોકો પણ (કામ કરતાં) બંધ પડ્યા હોય ત્યારે[2] (ભગવાન્) ક્રીડા કરે છે, એ 'રાતમાં વનમાં ક્રીડા કરતાં' શબ્દોથી કહેલ છે. એમને બંધ કરાવનારી ભક્તિ જ છે. તેથી જ 'નિશાકર' (ચંદ્ર) કહ્યો આ ચંદ્ર (ભગવાનના) મનના પ્રકારનો હોવાથી એના કિરણો ભક્તિના પ્રકારો, એમની અમુક ઈચ્છાઓરૂપ છે. એ કિરણોથી સફેદ રંગાયેલું સર્વનું (કાર્ય) બંધ કરવાનું છે. એવું જ (કાર્યનું) બંધ થવું ભગવાનની ક્રીડાનું પ્રયોજન છે. તેથી જ ભગવાન્ રાસ કરવાની ઈચ્છાવાળા (થાય છે.) રાસ એટલે બીજાના સમ્બન્ધ વિનાનો રસથી પૂર્ણ પદાર્થ, કારણકે વિચાર કરતાં એ ઘણી પ્રિય સ્ત્રીઓએ કરેલ ઉત્તમ નૃત્ય અથવા એવી સ્ત્રીઓનો કરેલ ભોગ છે. જેમ ભક્તોના ગુણોના સૌંદર્યમાં રહેલા હોય છે, તેમ માત્ર શૃંગારરસમાં જ પ્રવેશેલા (હોય છે) ત્યારે (હૃદયમાં) રસથી પૂર્ણ થઈ એ રસ પ્રકટ કરવા મધુર શબ્દોની લાંબી મૂર્ચ્છના કરે છે. એ મૂર્ચ્છના બીજાઓના હૃદયમાં રસ (ઉત્પન્ન કરવા) માટે છિદ્ર કરે છે, અને એ છિદ્રમાં ભગવાનનો સમ્બન્ધ ન હોવાથી રસ ભરાતો ન હોવાથી, ભગવાનના સ્મરણરૂપ સ્મર(કામદેવ) પ્રવેશે છે. એ વિષય[3] ન હોવાથી રોગરૂપે પરિણમે છે, કારણકે સર્વ રસ ભરનાર પોતાનો વિષય પ્રાપ્ત કર્યા વિના ભૂખ વગેરે પેઠે રોગરૂપ થાય છે. એવું ન હોય તો દેહનો નાશ[4] અને મોત ન કરે. આથી[5] એ (ગોપી)ઓને મુખ્ય અધિકાર ન હોવાનું કહ્યું, કારણકે ભગવાનના સમ્બન્ધના કામનો ભગવાનના ધર્મમાં પ્રવેશ થતો નથી. તેથી જ એવી[6] (ગોપી)ઓને ભગવાનના સમ્બન્ધમાં વિઘ્ન કરનાર કામના અધિષ્ઠાતારૂપ દેવ ધનના અધિષ્ઠાતારૂપ દેવ કુબેરનો ભાઈ થયો. (એ કુબેરનો) નાનો ભાઈ હોવાથી એના જેવો જ હતો. એ એઓને વિઘ્ન કરનાર થયો. એમ હોવા છતાં પણ ભગવાને પોતાની ઈચ્છાથી પ્રવૃત્તિ કરેલી હોવાથી વ્રજનું પાલન કરનાર અને સ્ત્રીઓને હરનાર શંખચૂડનું માથું હરી લેશે. ત્રણ ગુણોમાં પ્રવેશ

કરેલાઓને જ એવો રોગરૂપ કામ થાય ત્યારે એમાં વિઘ્ન થાય છે, પરંતુ ત્રણ ગુણોથી પર ભગવાનમાં આસક્તિવાળાઓને (વિઘ્ન થતું) નથી, તેથી (ભગવાને) એનું માથું હરી લીધું. 'કલાઃ' અસ્પષ્ટ મધુર પ્રકટ થયા વિનાના પરમાનંદ પ્રાપ્ત કરાવનારા શબ્દબ્રહ્મરૂપ સ્વરો, તેઓનું 'પદમ્' સ્થાન ગીત વગેરે, અને એવા (ગીતરૂપ) થયેલા શબ્દો. એમાં વાક્યનો અર્થ કાર્ય કરનાર ન હોવાથી શબ્દોનું જ એઓમાં સ્વાતંત્ર્ય છે. 'આયતમૂર્ચ્છનમ્' લાંબી મૂર્ચ્છના. સ્વરોની મૂર્ચ્છના સંગીતમાં પ્રસિદ્ધ છે. એની લંબાઈ સર્વના ચિત્તમાં પ્રવેશ કરવાના પ્રકારની છે. એમ સૂચવેલું છે કે મૂર્ચ્છનાવાળા શબ્દથી બીજા કોઈ રસ અથવા અવિવેક વગેરે ઉત્પન્ન થતા નથી. જેમ પ્રદીપ્ત અગ્નિ દાહ કરે છે, તેમ સ્મરથી ગોપીઓ એવી થયા જેવી થઈ. તેથી[7] જ સ્મર રોગ થયો. ભગવાન્ વ્રજનું જ રક્ષણ કરે છે, તેથી એ (સ્ત્રી)ઓના પતિઓ રક્ષણ કરનાર ન હતા. વધૂઓ હોવાથી, એઓની જ ઘણી સ્ત્રીની સ્થિતિ હોવાથી એમનાથી વિઘ્ન દૂર થાય[8] એવું ન હોવાનું સૂચવેલ છે. તેથી જ એ ભગવાન્ એનું માથું હરનાર થયા. એવી રીતે મુખ્ય અધિકાર ન હોવા છતાં પણ ભગવાન્ પોતાના નામરૂપ ફલ આપે છે, એમ ગોપિકાના સમ્બન્ધવાળું ચરિત્ર સારી રીતે સૂચવનારું છે.૩૩

૧.ગોપીના સમ્બન્ધવાળું ચરિત્ર સ્વરૂપાત્મક ફલ સારી રીતે સૂચવનારું છે.(પ્ર)
૨.'ત્યારે' એટલે જીવો વ્યગ્ર થયા વિના ભગવાનમાં એકતાનવાળા થાય ત્યારે.(પ્ર)
૩.'વિષય ન હોવાથી' એટલે ભગવાનનો સમ્બન્ધ ન હોવાથી.(પ્ર)
૪.'દેહનો નાશ' એટલે દૂપળાપણું.(પ્ર) ૫.'આથી' એટલે કામને રોગ કહ્યો તેથી.(પ્ર)
૬.'એવી' એટલે લૌકકભાવવાળી.(પ્ર)
૭.'તેથી જ' એટલે ઘણો તાપ કરતો હોવાથી જ.(પ્ર)
૮.મુખ્ય ભક્તિ થવામાં વિઘ્ન કરનાર કામ દૂર થાય એવું ન હોવાનું. દશમા સ્કંધમાં જુદા જુદા પ્રકારની શાસ્ત્રમાં ન કહેલી ભક્તિનું જ નિરૂપણ કરેલું હોવાથી કામ લોભ વગેરે વિઘ્ન કરનારાઓને દૂર કરીને ભગવાન્ ફલ આપશે એવી રીતે સંસૂચન કરવું, એ જ એ સ્કંધનો અર્થ છે, તો પછી મુખ્ય અધિકાર હોય ત્યારે તો કહેવાનું જ શું એમ પણ સૂચવેલ છે.(પ્ર)

એ પ્રમાણે સંસૂચનનું નિરૂપણ કરીને, 'ઘણા'ની સ્થિતિનું ૩૪ મા શ્લોકથી, અથવા ઘણા[1] અનુગ્રહનું નીચેના બે શ્લોકોથી નિરૂપણ કરે છે :

**યે ચ પ્રલમ્બખરદર્દુરકેશ્યરિષ્ટમલ્લેભકંસયવનાઃ કુજપૌણ્ડ્રકાદ્યાઃ ।**
**અન્યે ચ શાલ્વકપિબલ્વલદન્તવક્ત્રસપ્તોક્ષરામ્બરવિદૂરથરુક્મિમુખ્યાઃ ।।૩૪।।**

**યે વા મૃધે સમિતિશાલિન આત્તચાપાઃ કામ્વોજમત્સ્યકુરુકૈકયસૃઞ્જ**
**યાસ્યસ્યન્ત્યદર્શનમલં બલપાર્થભીમવ્યાજાહ્વયેન હરિણા નિલયં તદીયમ્ ।।૩૫।।**

અને જે પ્રલંબ, ખર, દર્દુર, કેશી, અરિષ્ટ, મલ્લો, હાથી, કંસ, યવનો, ભૌમ, પૌંડ્રક વગેરે, અને બીજા શાલ્વ, કપિ, બલ્વલ, દેવવક્ત્ર, સાત બલીવર્દો, શંબર, વિદૂરથ, અને જેઓમાં રુક્મી મુખ્ય હતો તેઓ, અને જે સંગ્રામમાં યુદ્ધમાં પરાક્રમ કરનારા, ધનુષ ખેંચેલા કાંબોજ, મત્સ્ય, કુરુ, કૈકય, સૃંજય, અર્ણો, બલરામ, અર્જુન અને ભીમના નિમિત્ત નામથી સંપૂર્ણ અદર્શન પામશે. (અને) હરિ પોતાના સ્થાને પહોંચાડશે.૩૪-૩૫

આ સર્વ દૈત્યો અથવા દૈત્યના અંશરૂપ રાજાઓ ભગવાને હણેલા, અને એમના સ્થાન વૈકુંઠમાં[२] ગયેલા, અને વળી પ્રલંબ વગેરે જેઓને બલભદ્ર વગેરે એ હણેલા; અને એઓમાં પણ જેઓએ ભગવાનના મુખારવિંદનું દર્શન કરતાં પ્રાણો તજેલા, (અને) અર્જુનના અસ્ત્રોથી પવિત્ર થયેલા, ધર્મયુદ્ધથી હણાયેલા એઓ પણ વૈકુંઠમાં જ ગયા. બીજા જે પ્રલંબ વગેરે (હતા,) તેઓ અદર્શનને પ્રાપ્ત થયા (એટલે) અવ્યક્ત પ્રકૃતિમાં લય પામ્યા, એવો અર્થ છે.

અથવા પહેલા (૩૪મા) શ્લોકમાં કહેલા ઘણા રૂપવાળી પ્રકૃતિમાં જ ગયા. એ વ્યાપક (સર્વત્ર રહેનારી) હોવાથી ઘણા[૩] (રૂપવાળી) છે, અને બીજા (શ્લોક ૩૫)માં કહેલાએ ભગવાન્ પ્રાપ્ત કર્યા. અથવા આ બંને આવેશવાળા[૪] પ્રકૃતિમાં ગયા. અભિમાનવાળાઓ તો એમના (ભગવાનના) સ્થાનમાં ગયા એવો અર્થ છે. 'ખર' ધેનુક, દર્દુર (દેડકો) કોઈક બીજો, જેવો બક હતો તેવો એ પણ હતો, અથવા જલમાં રહેનાર હોવાથી (દર્દુર) બક જ હતો. 'બકદર્દુર' એવો પાઠ હોય ત્યારે અઘાસુર જ દેડકો હતો, એમ કેટલાક (કહે છે.) 'અરિષ્ટ' વૃષભાસુર. ચાણૂર વગેરે મલ્લો. હાથી કુવલયાપીડ. કાલયવન વગેરે યવનો, અથવા મુચુકુંદ પાસેથી આવીને મથુરામાં જેમને હણ્યા તે યવનો. 'ભૌમ' નરકાસુર, 'પૌંડ્રક' મિથ્યા વાસુદેવ. 'વગેરે' શબ્દથી કાશિરાજ વગેરે (કહેલ છે.) આ સ્વભાવથી જ હણાયા, પરંતુ બહારના દેવના વરદાનથી પુષ્ટ થયેલા ન હતા, તેથી વરદાનથી પુષ્ટ થયેલાનું વિશેષણ 'બીજા' કહેલું છે, અને એઓ શાલ્વ વગેરે છે 'કપિ' દ્વિવિદ, એ રઘુનાથનો ભક્ત હોવા છતાં, એમના ભક્તોના સંગવાળો હોવા છતાં દુઃસંગને લીધે હણાયો. શંબર તે સેંકડો માયા જાણનાર હતો, અને બલ્વલ આમનો જ હતો. એ પણ યજ્ઞમાં વિઘ્ન કરનારો હોવાથી (અને) ઋષિઓથી પણ (હણી) શકાય તેવો ન હોવાથી વરદાન પ્રાપ્ત કરેલો હતો એમ જાણવું. સાત બલીવર્દો, બળદોમાં પ્રવેશેલા દૈત્યો, કારણકે એઓ ભગવાનના માત્ર સ્પર્શથી જ હણાયા. તેથી જ એમને માટે ભગવાને

(પોતાના) સાત રૂપો કરેલાં, કારણકે એઓ ત્રિપુરની પેઠે એક ક્ષણે જ હણાય તેવા હતા, નહીં તો હણાય તેવા ન હતા. અથવા પછી બલીવર્દો જ મરણ પામ્યા, એમ (જાણવું.) અથવા બીજા સાત બલીવર્દો (હતા.) 'વિદૂરથ' દંતવક્ત્રનો ભાઈ રુક્મી (ભગવાનનો) સાળો, તે મુખ્ય હતો જેઓમાં એવા વિંદ અનુવિંદ વગેરે. ભગવાન્ સાથેના યુદ્ધમાં આ એક એક હણાયા, અથવા એમના (ભગવાનના) ભાઈ અથવા પુત્રોએ હણેલા.૩૪

અહીંથી ભગવાન્ સારથિપણું કરતા હતા ત્યારે બીજાના નિમિત્તથી યુદ્ધમાં હણેલાને ઉપરના (૩૫ મા) શ્લોકમાં કહે છે.

આ ભગવાનની સાથે જ યુદ્ધ કરતા હતા, અને (એમને) દ્વેષ ન હતો, તેથી (એઓની) મુક્તિ યોગ્ય જ છે. બીજાઓ તો બીજાના નિમિત્તથી જ હણાયા, તેથી 'અને જેવા' શબ્દોથી (એમનો) અનાદર (દર્શાવેલ) છે 'સમિતિશાલિનઃ' યુદ્ધમાં પરાક્રમ કરનારા. સાતમી (વિભક્તિ)નો અલુક (સમાસ) છે, તેથી જ 'મૃધે' સંગ્રામમાં ધનુષ ખેંચેલા હતાં. (આ વિશેષણથી) ધર્મમાં શ્રદ્ધા સૂચવેલી છે. કાંબોજથી આરંભી અર્ણા સુધીના જુદા જુદા દેશના ક્ષત્રિયો (કહેલા) છે. અથવા 'અર્ણા (એટલે) દશાર્ણો. 'સૃંજયાઃ' પાંચાલો. 'સૃંજયાદ્યાઃ' 'સંજયો વગેરે' પાઠ હોય ત્યારે ધૃષ્ટદ્યુમ્ન વગેરે (જાણવા.) બંને પક્ષમાં એક એક પ્રકારે હણાયા. એમ થયું ન હોત,[૫] તો પાંડવોના માટે મરેલાઓની મુક્તિ ન થાય. પ્રથમ[૬] તો અદર્શન પામ્યા. જ્યાંસુધી ભગવાન્ અહીં (ભૂતલ ઉપર) વિરાજ્યા ત્યાંસુધી અદષ્ટ રહીને અહીં જ રહ્યા, પછી ભગવાન્ સાથે ગયા, એવો અર્થ છે. આમાં પ્રલંબને અને ખરને બલભદ્રે હણેલ. મલ્લો અને યવનને એક પછી એક (હણ્યા.) શંભરને પ્રદ્યુમ્ને, અને રુક્મીને બલભદ્રે, કાંબોજ વગેરેને ભીમ વગેરેએ (હણ્યા.) અહીં સર્વ સ્થલે 'બલરામ અર્જુન અને ભીમ' શબ્દોથી એઓમાં આવેશ કરેલ ભગવાનનું જ નામ (જણાવવું,) પરંતુ એઓના નિમિત્તથી (હણ્યા) 'બલરામ અર્જુન અને ભીમ' એ નિમિત્તનું નામ છે જેમનું (તેવા ભગવાન્ છે.) આ હણવાનું ભગવાનનું ચરિત્ર છે, કારણકે એ આત્મા[૭] છે. તેથી જ હણવાનું વગેરે કહ્યા વિના જ એમના (ભગવાનના) ઘેર જવાનું કહેલ છે. 'કંસનો વધ કરવા જન્મ્યા' વગેરે (વાક્યો) તો જે જોવામાં આવ્યું તેવા અભિપ્રાયથી અથવા બીજા કલ્પના અભિપ્રાયથી (કહેલ છે.)૩૫

૧.ઘણાપણું મુક્તિ, કારણકે બીજા સ્વરૂપનો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં રહેવું એ મુક્તિ છે.(પ્ર)
૨.વૈકુંઠ એટલે અક્ષર ત્યાં જીવનમ્કુતોને પણ દેહનું અભિમાન ન હોવાથી સ્વરૂપથી કહે છે, તેવી રીતે પ્રકૃતિમાં લય પામેલાઓ પણ સુષુપ્તિમાં (પોતાના સ્વરૂપથી રહે છે.) ભેદ એટલો છે કે

મુક્ત જીવોને વાસના ન હોવાથી અને અક્ષર સાથે ઐક્ય ન થવાથી ઘણાપણું રહે છે. તેથી મુક્તિ (ભૂરિ) છે. ભગવાને અનુગ્રહ કરેલ હોય તેમને તો અક્ષર સાથે અભેદ હોવાથી (એનો) આશ્રય જ છે, બીજી કૃપા નથી; પરંતુ 'અનુ' મુક્તિ થયા પછી, આધાર લેનાર તરીકે ભગવાન્ 'ગૃહ્ણાતિ' સ્વીકારે ત્યારે એઓ ભગવદ્ભાવ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે.(પ્ર)

૩.આકાશની પેઠે વ્યાપક હોય તેમને માટે પણ 'ભુરિ' શબ્દ યોજાય છે, તેમ પ્રકૃતિને પણ 'ભૂરિ' કહેલ છે.(પ્ર)

૪.આમાં મધ્વાચાર્યનો બે જીવો હોવાનો મત કહ્યો. સહજ અસુરોના અસુરપણાનો પ્રમેયબલથી નાશ કરી એમને પોતાનું સ્થાન પ્રાપ્ત કરાવે છે એટલો માધ્વમતથી ભેદ છે. આવેશ અને અભિમાનવાળાને ખરાબ ફલ થાય છે એવી શંકા ન કરવી, કારણકે અન્યથા કરવાની શક્તિવાળા ભગવાન્ પોતે જ પ્રાપ્ત થાય છે.(પ્ર)

૫.મુક્તિ થવાના કારણરૂપ દ્વેષ વગેરે ન હોવાને લીધે.(પ્ર)

૬.મુક્તિ જણાવનાર પ્રમાણોને અનુસરી 'અદર્શન' શબ્દનો બીજો અર્થ કરે છે.(પ્ર)

૭.'આત્મા' એટલે ગ્રહણ કરનાર; 'અને જે પ્રાપ્ત કરે છે, જે ગ્રહણ કરે છે, તેથી આત્મા કહેવાય છે' એ વ્યુત્પત્તિ પ્રમાણે આત્માનો ગ્રહણ કરનાર અર્થ થાય છે.(પ્ર)

એ પ્રમાણે ઘણા અનુગ્રહનું નિરૂપણ કરીને નીચેના શ્લોકમાં ચિંતામયનું[1] નિરૂપણ કરે છે :

**કાલેન મીલિતદશામવમૃશ્ય નૃણાં સ્તોકાયુષાં સ્વનિગમો બત દૂરપારઃ ।**
**આવિર્હિતસ્ત્વનુયુગં સ હિ સત્યવત્યાં વેદદ્રુમં વિટપશો વિભજીષ્યતિ સ્મ ।।૩૬।।**

કાલથી ઢંકાઈ ગયેલ દષ્ટિવાળા થોડા આયુષવાળાથી પોતાનું શાસ્ત્ર જાણી શકાશે નહીં, (તેથી) દરેક યુગમાં સત્યવતીમાં આવિર્ભાવ પામી એ વેદરૂપ વૃક્ષનો શાખાથી વિભાગ કરશે.૩૬

ભગવાનની ચિંતા વ્યાસરૂપ છે, કારણકે વ્યાસ ચિંતનથી સર્વ વેદના અર્થનો નિશ્ચય કરીને ભગવાનના સ્વરૂપનો લોકોને ઉપદેશ કરે છે, દ્વાપર વગેરે કાલથી ઢંકાઈ ગયેલી છે દષ્ટિ જેમની તેવા મનુષ્યોથી પોતાનું શાસ્ત્ર 'દૂરપારઃ' જાણી શકવું અશક્ય હોવાથી, વ્યાસ પોતે આવિર્ભાવ પામ્યા. 'દરેક યુગમાં' શબ્દ 'વેદરૂપ વૃક્ષનો શાખાથી વિભાગ કરશે' સાથે સમ્બન્ધવાળો છે. દરેક દ્વાપર (યુગ)ના અંતે વેદનો વિભાગ (કરે છે,) આથી એમ સૂચવ્યું છે કે પુરાણો પણ એક ચતુર્યુગ (ચોકડી)ની વ્યવસ્થા કહે છે. વેદનો વિભાગ થતાં એ કૃત્રિમ હશે, એવી શંકા 'શાખાથી' શબ્દથી દૂર કરવા માટે (યોજેલ છે.) શાખાનું સ્વરૂપ તો છે જ ભગવાનની એક મૂર્તિના સ્વરૂપને જણાવનાર વેદવાક્યોનો સમૂહ (તે) શાખા એમ 'નિબંધ'માં (કહેલું છે.) વેદ વૃક્ષ હોવાનું પણ પહેલા કહેલું છે. 'સ્મ' શબ્દ પ્રસિદ્ધિ (જણાવનાર છે) તેથી

અહીં ઘણું કહેવાનું નથી એવું (એનું) તાત્પર્ય છે.૩૬
૧.અહીં 'મય' બ્દ 'ઘણા' અર્થવાળો છે. (પ્ર) વ્યાસે ઘણું કરી વેદના વિભાગ કર્યા, તેથી એઓ ચિંતન કર્યા કરતા હતા.

હવે નીચેના શ્લોકમાં 'આ'નું નિરૂપણ કરે છે.(૨-૨-૧૨)

**દેવદ્વિષાં નિગમવર્ત્મનિ ધિષ્ઠિતાનાં પૂર્ભિર્મયેન વિહિતાભિરદશ્યમૂર્ભિઃ।**
**લોકાન્ ઘ્નતાં મતિર્વિમોહયતિ પ્રલોભં વેષં વિધાય બહુ ભાષ્યત ઔપધર્મ્યમ્।૩૭।**

દેવોનો દ્વેષ કરનારા, વેદમાર્ગમાં રહેનારા, મતિનો મોહ કરનાર, ઘણું લોભવનારો વેશ કરીને, મયે બનાવેલ અદશ્ય માયાવાળા પુરોથી લોકોનો નાશ કરનારે ઘણો પાખંડ માયાધર્મ કહ્યો.૩૭

આ અત્યારે હયાત હોવાથી બુદ્ધ છે. એવું સ્વરૂપ આ જ, જે અત્યારે છે તે જ છે. આથી એમ (જણાવેલ છે કે) બ્રહ્મા (આ) કહે છે તેનો સમય કલિ જ[1] છે.

**વેદમાર્ગવિરોધેન યેષાં કરણમણવપિ ।**
**તે હિ પાષણ્ડિહિનો જ્ઞેયા વેદાર્થસ્ય વિનિન્દકાઃ ।।**

વેદમાર્ગના વિરોધથી જેઓ જરા પણર કરે છે, તે [2]વેદના અર્થની નિંદા કરનારાઓને પાખંડી જાણવા. કા.

દેવોનો દ્વેષ કરનારા દૈત્યો છે, કારણકે એઓ દેવોનો દ્વેષ કરે છે. આથી એમ સૂચવેલું છે કે દેવોની પ્રાર્થનાથી દૈત્યોને મોહ કરવા બુદ્ધનો અવતાર થયો. 'નિગમવર્ત્મનિ ધિષ્ઠિતાનામ્' વેદે જણાવેલ માર્ગમાં સારી રીતે રહેલા. જોકે વેદમાં જ દૈત્યોને મોહ કરવા માટે ઘણા ઉપાયો કહેલા છે, છતાં પણ સામાન્ય રીતે જ વેદથી (લોકને) વિમુખ કરવા આ અવતાર (થયો છે.) 'ધિષ્ઠિતાઃ' ઉપયોગ કરીને રહેલા. અમે જ વેદની પ્રવૃત્તિ કરાવનાર છીએ, એમ લોકોનો મોહ કરવા પોતે વૈદિક હોવાનું જણાવીને (પોતાની પાસે) આવેલાને મોહ કરાવે છે, એવો અર્થ છે. 'પૂર્ભિઃ' ત્રિપુરુષરૂપ પુરોથી. 'મૂઃ' માયા. તેથી જ (પાણિનિ ૩।૩।૯૪) પ્રમાણે 'મૂર્મિઃ' રૂપ થાય છે. કાંઈક માયાનું કાર્ય છે, એવો અર્થ છે. અદશ્ય માયા છે જેઓમાં તે 'અદશ્યમુરઃ' એ પુરોથી, ત્રણ પુરોથી (લોકનો નાશ કરે છે, કારણકે મયે એ (પુરા) જ બનાવેલાં, અથવા પ્રેરેલા, આથી એમ સૂચવેલું છે કે એઓ વૈદિક અને લૌકિક બંને માર્ગોનો નાશ કરે છે. આથી[3] એમનો સંપૂર્ણ નાશ કરવો જોઈએ એવું ભગવાનના અવતારનું કારણ કહેલું છે. વળી માત્ર લોકનો નાશ કરવો એ જ દેવોનો દ્રોહ કરવાનું નથી, યજ્ઞ વગેરે ન કરવાનો બોધ કરીને અને પોતાને જ વૈદિક તરીકે દેવ

સિદધ કરવાનું (પણ દ્રોહનું કારણ છે,) અને એવી રીતે વિરોધવાળી સૃષ્ટિ જણાવાઈ. એ બેનો [4]સ્વરૂપથી નાશ (કરવામાં આવે) ત્યારે પાછું એવી જ રીતે થવાના, તેથી બુદ્ધિનો મોહ જ કરવો, એવા (વિચારથી) બુદ્ધિનો મોહ કર્યો. અત્યંત લોભ હતો જેમાં, તેવું થોડા સાધનથી જ બહુ ફલ જણાવનારું શાસ્ત્ર કર્યું, 'વેષમ્' બુદ્ધનો વેશ. હું સર્વજ્ઞ છું એમ પોતાને જણાવીને, એમના હૃદયમાં હોય તેવી વાત કહીને વિશ્વાસ ઉત્પન્ન કરીને, ઊંધા ઉપદેશથી મતિને મોહ (કરતા) અથવા મતિના મોહ સાથેનો મતિને ઘણો લોભ (ઉત્પન્ન કરતા.) એમ થતાં મતિ હતી તેનો મોહ થવો એટલે બદલાવવી અને મતિ ન હતી તેવી વિરુદ્ધ માર્ગરૂપ મતિ ઉત્પન્ન કરવી. 'ઔપધર્મ્યમ્' એટલે પાખંડ ધર્મો.૩૭

૧.'કલિ' અટ્ઠાવીસના દ્વાપર પહેલાનો કલિ. (પ્ર) સત્તાવીસમો કલિ થયો.
૨.જરો વિરોધ પ્રમાદથી પણ થાય, તેથી એને નહીં ગણવા માટે વેદના અર્થની નિંદા કરનાર કહ્યા.(પ્ર)
૩.'આથી' એટલે પુરના બે વિશેષણો કહ્યાં તેથી.(પ્ર)
૪.સ્વરૂપથી નાશ કરવાથી ક્રોધથી નાશ કરેલ ન હોવાથી એમની મુક્તિ ન થતાં ફરી કાલનેમિ વગેરે પેઠે જન્મશે.(પ્ર)

એ પ્રમાણે 'આ'નું નિરૂપણ કરીને નીચેના શ્લોકમાં 'ઈશ્વર'નું (૨-૨-૧૨) નિરૂપણ કરે છે :

**યર્હ્યાલયેષ્વપિ સતાં ન હરેઃ કથાઃ સ્યુઃ પાષણ્ડિનો દ્વિજજના વૃષલા નૃદેવાઃ ।**
**સ્વાહાસ્વધાવષડિતિસ્મગિરોનયત્રશાસ્તાભવિષ્યતિકલેર્ભગવાન્યુગાન્તે।।૩૮।।**

જ્યારે સત્પુરુષોના ઘરમાં પણ હરિની કથાઓ નહીં થાય, દ્વિજપુરુષો પાખંડી (થશે,) રાજાઓ મ્લેચ્છ (થશે,) સ્વાહા સ્વધા (અને) વષટ્ એવી વાણી નહીં હોય, ત્યારે કલિયુગના અંતે ભગવાન્ નિયંતા થશે.૩૮

બીજા યુગોમાં ભગવાનની કથાઓ બહાર સર્વ સ્થલે થતી પછી દ્વાપર વગેરેમાં સત્પુરુષોના ઘરોમાં (થતી.) કલિ વધતાં સત્પુરુષોના ઘરોમાં પણ હરિની કથાઓ થશે નહીં, ત્યારે નિયંતા કલ્કિના સ્વરૂપથી પ્રકટ થશે. તેથી કલિયુગના આરંભમાં જ ભગવાને પરીક્ષિતમાં આવેશ કરી કલિનો નિગ્રહ કર્યો, છતાં પણ એવો (પૂરો) નિગ્રહ ન કર્યો, કારણકે (એ સમયે) ભગવદ્ધર્મો થતા હતા, અને એ (ધર્મો) કલિના મલનો નાશ કરનારા છે. માત્ર ભગવાનના ધર્મો નહીં રહે, એટલું જ નહીં, પરંતુ વૈદિક ધર્મ પણ નાશ પામ્યો એમ કહે છે, કારણકે ધર્મ બ્રાહ્મણોથી ઉત્પન્ન થાય છે, (અને) રાજાઓ (એનું) પાલન કરે છે. એ બંને અદશ્ય થયા દ્વિજજનો પાખંડી થયા. એઓ પાખંડ ધર્મો જ આચરે છે અને એનો બોધ કરે છે, અને 'નૃદેવાઃ' રાજાઓ શુદ્ધ જ

થયા. એઓ પણ 'વૃષમ્' ધર્મ 'લાન્તિ' ગ્રહણ કરે તે વૃષલો, મ્લેચ્છો એવો અર્થ છે. એઓ પોતે નાશ કરવા માટે ધર્મને જ ગ્રહણ કરે છે, અથવા પ્રમાણોનો નાશ કરવા (ગ્રહણ) કરે છે, કારણકે એઓ મનુષ્યોના દેવો પૂજ્ય છે. આથી એમ જણાવ્યું કે પાલન કરવા યોગ્ય (બ્રાહ્મણો) અને પાલન કરનારા બંને દુષ્ટ છે. વળી ધર્મની ભાવના પણ નાશ પામી. સર્વત્ર વિધિનું છલના પ્રકારથી[1] અનુકરણ કરીને ધર્માભાસ જ કરે છે. એઓમાં દેવો વગેરેનું સાંનિધ્ય ન હોવાથી, યજ્ઞ (થતો) ન હોવા છતાં 'સ્વાહા' વગેરે શબ્દોનું શ્રવણ થાય છે. એ (શબ્દો) પણ જ્યારે નહીં સંભળાય ત્યારે ભગવાન્ અવતરશે એમ ઉત્તરાર્ધથી કહે છે. 'સ્વાહા'થી હોમ, સ્વધાથી શ્રાદ્ધ અને વષટ્થી યજ્ઞો (જણાવ્યા છે.) આ રાજસ તામસ અને સાત્વિક છે. 'સ્મ' શબ્દથી પ્રસિદ્ધ (જણાવેલ છે.) 'વાણી' શબ્દથી (એ) અર્થરહિત (હોવાનું કહ્યું.) 'જ્યાં' એટલે ઘરોમાં અથવા દેશમાં. એવી રીતે કલ્કિનો અવતાર થવાના ત્રણ કારણો છે : (૧)ભક્તિનો અભાવ, (૨)ધર્મનો અભાવ, અને (૩)આભાસધર્મનો અભાવ અથવા વેદનો અભાવ. આથી એમ જણાવ્યું કે સત્યયુગમાં (એ) ત્રણની પ્રવૃત્તિ થશે. 'યુગના અંતે' એટલે ચાર યુગ પૂરા થશે ત્યારે. 'ભગવાન્' શબ્દથી (એમ જણાવ્યું છે કે) એ સમયે સર્વ ભગવદ્ધર્મો પ્રકટ થશે.૩૮

૧.શાસ્ત્રો જીવની કથા કહેનારા છે એમ સ્વીકારી ધૂમમાર્ગથી કાર્ય કરવાનું વિધિનું તાત્પર્ય હોવાનું કહે છે તે છલ્લરૂપ છે.(પ્ર)

એવી રીતે સર્વ ગુણ સાથે સર્વઅંતર્યામી સ્વરૂપનો ઉત્પત્તિથી વિચાર કરીને, 'જ્યાંસુધી મન ધારણાથી સ્થિર રહે' (૨-૨-૧૨) એ અંશનો વિચાર કરતાં નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ભગવાનનું માહાત્મ્ય કહે છે :

**સર્ગે તપોઽહમૃષયો નવ યે પ્રજેશાઃ સ્થાનેઽથ ધર્મમખમન્વમરાવનીશાઃ ।**
**અન્તે ત્વધર્મહરમન્યુવશાસુરાદ્યા માયાવિભૂતય ઈમાઃ પુરુશક્તિભાજઃ ।।૩૯।।**

સૃષ્ટિમાં તપ, હું અને જે નવ પ્રજેશો છે તે ઋષિઓ, પછી સ્થિતિમાં ધર્મ, યજ્ઞ, મનુ, મન્વન્તરના દેવો અને રાજાઓ; સંહારમાં તો અધર્મ, હર, ક્રોધને વશ રહેનારા, અને અસુરો વગેરે ઘણી શક્તિવાળા ભગવાનની આ માયાની વિભૂતિઓ છે.૩૯

આવા ભગવાનની મૂર્તિનું ધ્યાન (કરવા)માં મન સ્થિર રાખવાનું કારણ ભગવાનનું માહાત્મ્ય છે, કારણકે (૧)મહાન્[1] ઘણા સમય સુધી રહે નહીં, (૨)અસ્થિર મનથી મહાનનું ચિંતન કરી ન શકાય, કારણકે સારી રીતે સ્ફુરે નહીં તો

અપરાધ થઈ જાય, અને (૩)મહાનની ધારણા (કરવા)થી ઉદ્વેગ થાય.[૨] એમ ત્રણ પ્રકારથી (માહાત્મ્ય) જણાવે છે. એ પૈકી પહેલા મહાન્ સદા રહેતા નથી, એનું શું કારણ? એ જાણવાની ઈચ્છા થતાં (કહે છે) કે એ સદા એક સ્વરૂપના નથી, પોતાના[૩] ગુણોથી જુદા જુદા સમયે જુદા જુદા રૂપવાળા થાય છે, તેથી એ સદા એક સ્વરૂપથી રહેતા નથી, એ (આ શ્લોકમાં) કહે છે. (૧)તપ, (૨)હું બ્રહ્મા (અને) (૩)મરીચિ વગેરે નવ ઋષિઓ જે 'પ્રજેશાઃ' પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિવાળા છીએ. સૃષ્ટિ ત્રણ ગુણોથી થાય છે, તેથી ત્રણ કહેલ છે. અથવા (૪)ઋષિઓ એટલે વેદો. એમ[૪] થાય ત્યારે ચાર મૂર્તિવાળા (ભગવાન્) સૃષ્ટિ કરે છે. એ પૈકી 'જેમનું જ્ઞાનથી ભરપૂર તપ છે' એ વાક્ય પ્રમાણે તપ વાસુદેવ છે. પ્રજાના ઈશો સંકર્ષણ છે, કારણકે ઐશ્વર્ય એમનામાં રહેલું છે.

સૃષ્ટિના કરતાં સ્થાનમાં ઘણું કરવાનું હોય છે, તેથી એમાં પાંચ સ્વરૂપો કહે છે. સ્થાનમાં મર્યાદાનું પાલન કરવાનું કરવા માટે (પાંચ રૂપો કરે છે.) 'પછી' શબ્દથી જુદો આરંભ કરે છે. (૧)પ્રથમ ધર્મ અનિરુદ્ધ, (૨)'મખઃ' યજ્ઞ, કારણકે આચારરૂપ ધર્મ (એટલે) પ્રમાણના શબ્દોનું શ્રવણ કર્યા પછી ઉત્પન્ન થતી પ્રવૃત્તિ. યજ્ઞ તો પ્રયત્નથી જણાતું અનંત મૂર્તિવાળું ભગવાનનું સ્વરૂપ છે. ઉત્પત્તિમાં[૫] જે વેદ સ્વીકારેલ, તેનો અંગો સાથેનો અર્થ અહીં ગ્રહણ કરેલ છે. (૩)મનુ ધર્મની પ્રવૃત્તિ કરાવનાર છે, કારણકે મન્વન્તર સદ્ધર્મ છે. (૪)'અમરાઃ' દેવો, એઓ સ્વર્ગનું પાલન કરનારા છે. (૫)'અવનીશાઃ' ભૂમિનું પાલન કરનારા રાજાઓ.

સંહાર (કરવા)માં તેથી પણ અધિકની જરૂર હોવા છતાં પણ 'સંહારમાં તો...'થી અનાદરથી નિરૂપણ કરે છે. ૧.સંહાર કરવા માટે અધર્મ, ૨.યજ્ઞના વિરોધી હર, ૩.ક્રોધને વશ રહેનાર મનુના વિરોધી સર્પો વગેરે, ૪.દુષ્ટ રૂપવાળા અસુરો દેવોના વિરોધીઓ. 'વગેરે' શબ્દથી ભૂમિ ઉપર નાશ કરનારા[૬] ચોરો વાઘો વગેરે એઓ અસુરોના પક્ષપાતી હોવાથી 'અસુરો જેઓમાં મુખ્ય છે તેવા એ કહેલા છે.

'ભગવાન્ આવા અનેક સ્વરૂપવાળા કેમ છે?' એ સમ્બન્ધમાં 'માયાવિભૂતયઃ' શબ્દ યોજેલ છે.[૭] (૧)માયા માટે વિભૂતિઓ (૨)માયામાં, (૩)માયાની, (૪)અથવા માયાથી (વિભૂતિઓ કરે છે.) માયાનું પહેલા નિરૂપણ કરેલું છે. આ (માયા) જગતનું કારણ બનેલી છે. (૧)જ્યારે એ (ભગવાન્) જગતરૂપથી થાય છે અથવા (૨)એવા પ્રકારની આકૃતિ કરવા માટે ભગવાનનું નિમિત્ત થાય છે અથવા (૩)ભગવાનની સેવા માટે ઉત્તમ સાધનો પ્રાપ્ત કરાવે છે, અથવા (૪)ભગવાન્

જગત્ રચે ત્યારે (પોતે) કરણ થાય છે,[૭] તે સમયે એને નિમિત્ત કરવા ભગવાન્ (પોતાના) એટલા રૂપો કરે છે. જો એમ ના કરે, તો એ કરણ વગેરે થઈ શકે નહી. 'આ (ભગવાનના રૂપો) આવે ત્યારે એ (માયા)નું કાર્ય હોવાનું ઘટતું નથી' એ સમ્બન્ધમાં 'ઘણી શક્તિવાળા' એમ કહેલું છે. સર્વ થવાની શક્તિવાળી માયાના એક કાર્યમાં (જોઈતા) સર્વ સામગ્રી હોવાથી એ ન જણાય તેવા રૂપવાળીનું નિયમન૮ કરનાર અથવા (એને) જણાવનાર આ સ્વરૂપો છે. આ (સ્વરૂપોનું) સામર્થ્ય ચોક્કસ હોવાથી ઉપર કહેલો દોષ નથી. એવી રીતે ભગવાન્ ક્ષણે ક્ષણે જુદા રૂપો[૯] ગ્રહણ કરતા હોવાથી એક પ્રકારની ધારણા રહેતી નથી, તેથી 'જ્યાં સુધી (મન ધારણાથી સ્થિર રહે)' એમ કહેલું છે. એવી રીતે મહાન્ ઘણો સમય રહેતા નથી એમ જણાવ્યું.૩૯

૧.અંતર્યામી બધા ગુણો સાથે ઉત્પન્ન થતા હોવાથી વિચાર કરતાં જુદા જુદા અવતાર વગેરે જણાવનાર શબ્દો ભગવાનના જુદા જુદા અંગો જણાવે છે, અને વાક્યોનું તાત્પર્ય એ જુદા જુદા અંગો છે એ દ્વારા એ ભગવાનના અર્થવાળા થાય છે એમ શ્રવણ વગેરેથી થાય છે. એવા ભગવાનના સર્વ અંગો જોવાનું અશક્ય હોવાથી ધારણાનો પ્રકાર જણાવતાં માહાત્મ્ય કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૨.આ ભાગથી ૩૯ થી ૪૧ સુધીના ત્રણ શ્લોકોનું તાત્પર્ય કહેલું છે.(પ્ર)

૩.પોતામાંથી ઉત્પન્ન થયેલ વગેરે ગુણોથી.(પ્ર)

૪.'એમ થાય' એટલે ચાર મૂર્તિઓ ગણીએ ત્યારે, બ્રહ્મા પ્રદ્યુમ્ન અને વેદોને અનિરુદ્ધ જાણવા (પ્ર) સ્થિતિમાં ધર્મને અનિરુદ્ધ કહેલ છે. ચતુર્મૂર્તિમાં બ્રહ્મા કે વેદનો સમાવેશ થતો નથી.

૫.વેદો નારાયણમાં તાત્પર્યવાળા હોવાનું કહેલ છે.(પ્ર) જુઓ. ૨-૫-૧૫.

૬.આ રાજાઓના વિરોધી છે.(પ્ર)

૭.જુદા જુદા કલ્પમાં જુદા જુદા પ્રકારની સૃષ્ટિ થાય છે એ માટે માયા સમ્બન્ધી આ ચાર સમાસના પ્રકાર કહેલા છે : (૧)પહેલા પ્રમાણે ભગવાન્ જગદ્રૂપ થાય છે. (૨)બીજા પક્ષમાં માયા નિમિત્ત છે અને ભગવાનના સ્વરૂપો સહકારી છે. (૩)ત્રીજામાં જો રચનારી અને સ્વરૂપો કરણ થાય છે. (૪)ચોથામાં માયા કરણ થાય છે અને સ્વરૂપો વ્યાપાર (ક્રિયારૂપ) થાય છે.(પ્ર)

૮.માયાનું નિયમન કરનાર ભગવાનના દૃષ્ટ સ્વરૂપો છે. (પ્ર) 'દૃષ્ટ' એટલે જણાયેલા.

૯.ભગવાન્ એક સાથે ઘણા કાર્યો કરે છે. બ્રહ્મપુરાણમાં માયાનું કીર્તન અધ્યાયમાં એક ઘડીમાં ૬૦ વર્ષનો સમય વીત્યાનું જલમાં ડૂબેલી ચાંડાલી અને બ્રાહ્મણનો જન્મ થયાના ઉપાખ્યાનમાં કહેલું છે.(પ્ર)

અને અસ્થિર મનથી મહાનનું ચિંતન કરી શકાતું નથી, એ વિકલ્પને નીચેના શ્લોકથી સ્પષ્ટ કરે છે :

**વિષ્ણોર્નુ વીર્યગણનાં કતમોઽર્હતીહ યઃ પાર્થિવાન્યપિ કવિર્વિમમે રજાંસિ ।**
**ચસ્કમ્ભયઃસ્વરંહસાઽસ્ખલતાઽઽત્રિપૃષ્ટંયસ્માન્ત્રિસામ્યસદનાદુરુકલ્પયાનમ્।૪૦।**

જેમણે જે સત્યલોકમાંથી (પોતાની) અસ્ખલિત વેગથી ઘણા કંપવાળી ગતિથી બ્રહ્મલોક સુધીના પડતા (લોકો)ને સ્તંભી રાખ્યું તે વિષ્ણુના વીર્યની ગણના જે કવિ બ્રહ્માએ પૃથ્વીના રજકણોને પણ ગણેલ તે અહીં કરી શકશે? ૪૦

બધાય અસ્થિર મનવાળા હોવાથી કોણ ગણના કરી શકે. એમ કહેલું છે. મનની જ એમાં શક્તિ ન હોવાથી (કોઈની) યોગ્યતા પણ નથી એમ કહ્યું. તપ યોગ વગેરેથી જીવની શક્તિ વધેલી હોવા છતાં, અને મનને સાહાય્ય કરનાર ઘણા હોવા છતાં, (એનો) સ્વાભાવિક[1] ગુણ નાશ પામેલ ન હોવાથી બ્રહ્મા પણ શક્તિવાળા નથી એમ જણાવવા 'તમ' પ્રત્યય (લગાડેલ છે.) જગત્ (રચવા) માટેનું સામર્થ્ય હોવા છતાં, અહીં ભગવાનના સર્વ અંશોની ધારણા કરવાનું સામર્થ્ય નથીર એમ 'અહીં' શબ્દથી કહેલ છે. 'એવા પ્રકારના મનથી જ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી, (એનાથી) નિશ્ચિત પદાર્થ જણાતાં એ વિષયનું પણ સામર્થ્ય થશે' એવી શંકા થાય તેથી 'નુ' શબ્દ યોજેલ છે. આ (સામર્થ્ય) પણ વિતર્કથી કહો છો; પરંતુ નિશ્ચિત થયેલ નથી જેમણે પૃથ્વીના (રજકણને પણ ગણેલ) શબ્દોથી (એમની) શક્તિ હોવાનું કારણ કહેલું છે. કાર્ય સૃષ્ટિમાં શક્તિવાળા જીવોની ગણનામાં, જે સૃષ્ટિના અભિમાનવાળા બ્રહ્મા, જેમને સાહાય્ય કરનારા તત્વો બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે તે રજોગુણના અભિમાની બ્રહ્મા (સર્વથી મોટા છે,) કારણકે પહેલાના બ્રહ્માંડમાં જે જીવો ઉત્પન્ન થયેલા તેમના ભોગના અદષ્ટથી સંસ્કાર પામેલા પરમાણુઓના મોટા ઢગલામાંથી બહાર કાઢીને બ્રહ્માંડને ઉત્પન્ન કરવાના પ્રત્યક્ષ જ્ઞાનથી ભગવાનની ઈચ્છાથી જ એવા જ્ઞાનવાળા એ ભગવાનની ઈચ્છાથી જ એવી શક્તિથી બ્રહ્માંડ ઉત્પન્ન કરે છે તેથી એનામાં પરમાણુઓ ગણવાની શક્તિ અને એઓમાંના ભેદનું જ્ઞાન હોવાથી એ (બ્રહ્મા)ને એવો વિષ્ણુના વીર્યની ગણના કરવાની શક્તિવાળો હોવાનું માની (એનો) નિષેધ કરે છે. (પરમાણુઓને) ઓળખી જુદા પાડવા માટે 'કવિ' શબ્દ (યોજેલ છે.) 'રજકણો' હોવાથી સૂક્ષ્મ હોવાને લીધે ન જાણી શકાય તેવા (હોય.) એવા (બ્રહ્મા)ની શક્તિ ન હોવાનું કારણ 'સ્તંભી રાખ્યું' શબ્દથી કહેલ છે, કારણકે અમુક હદવાળા ગુણો ગણી શકાય અથવા જાણી શકાય. ભગવાનનો તો એક પણ (દરેક) ગુણ હદ વિનાનો છે, કારણકે મન પણ સ્થૂલ, અવયવ રહિત[3] અને સંગરહિત છે એ કહે છે. 'આત્રિપૃષ્ઠમ્' બ્રહ્મલોકનો સમાવેશ કરેલ (બ્રહ્માંડ) અસ્ખલિત પોતાના

અસાધારણ અથવા સર્વ જાણી ન શકે તેવા વેગથી, ઘણો કંપ હતો ગતિઓમાં જેની તેવું, [4]સર્વ બ્રહ્મલોક. ત્યાંથી[5] (એટલે) 'ત્રિસામ્યસદનાત્' ત્રણ ગુણોની સમાનતાની અવસ્થાવાળા સત્યલોકથી અર્થ પ્રમાણે બધુંયે અને ઘણા કંપવાળી ગતિવાળું (હતું તેને) 'ચસ્કમ્ભ' ઉપર જ સ્તંભાવી રાખ્યું તેથી પડાવનારા ગુણથી રક્ષણ કરવું અશક્ય હોવાથી મનથી પણ વિચાર થઈ ન શકે તેવો ગુણ હોવાથી હદ વિનાનો છે. (ગુણોની) સંખ્યાની હદ ન હોવાનું આગળ૬ કહેશે.૪૦

૧.'સ્વાભાવિક ગુણ' જીવનો જીવપણું, અને મનનો ચંચલપણું.(પ્ર)

૨.ભગવાનના પરાક્રમની ગણના કરવામાં ભગવાનનું જ્ઞાન જોઈએ, અને જ્ઞાન થવામાં ધારણા કરવાની જરૂર પડે. તેથી ધારણા થઈ શકે નહીં તેનાથી પરાક્રમની ગણના થઈ ન શકે.(પ્ર)

૩.જોકે મન અણુ છે, છતાં તત્વરૂપ મન વ્યાપક છે. એવ્યાપક હોવાનું છાંદોગ્ય ઉપનિષદમાં સનત્કુમાર અને નારદના સંવાદમાં પ્રસિદ્ધ છે.(પ્ર)

૪.શ્લોકમાં 'સર્વ' શબ્દ નથી, છતાં 'સર્વ' અહીં કહેવાનું કારણ અહીંથી કહે છે.(પ્ર)

૫.'આત્રિપૃષ્ઠમ્'માં 'આ' ઉપસર્ગનો આ માર્ગ છે.(પ્ર) ૬.'આગમ' શ્લો. ૪૧ માં.(પ્ર)

એવી રીતે મહાનના ગુણો અસ્થિર મનથી ચિતંન કરી શકાય તેવા ન હોવાથી (૨-૨-૧૨માં) 'ધારણાથી' એમ કહેલ, કારણકે ધારણા જેમ તેમ મનથી કલ્પના કરીને કરાય છે, અને મહાનની ધારણા (કરવા)થી ઉદ્વેગ થતો હોવાથી 'સ્થિર રહે' (૨-૨-૧૨) એમ જે કહેલ, તે માટે નીચેના શ્લોકમાં મહાનપણું જણાવે છે :

**નાઽન્તં વિદામ્યહમમી મુનયોઽગ્રજાસ્તે માયાબલસ્ય પુરુષસ્ય કુતોઽપરે યે ।**
**ગાયન્ગુણાન્દશશતાનનઆદિદેવઃશેષોઽધુનાઽપિસમવસ્યતિનાસ્યપારમ્॥૪૧॥**

માયાના બલવાળા પુરુષના અંતને હું (અને) આ તારા મોટા ભાઈ મુનિઓ જાણતા નથી, તો પછી જે બીજાઓ છે તે ક્યાંથી જાણે? એક હજાર મુખવાળા આધિદેવ શેષે ગુણોનું ગાન કરતાં આના પારનો હજી પણ નિશ્ચય કર્યો નથી.૪૧

હું સદા ભગવાનના ગુણોને જ પ્રકટ કરનાર જગતનો કર્તા બ્રહ્મા, જન્મથી જ કાર્યો કરવા છતાં, પુત્રો દ્વારા કરવવા છતાં, પોતાનો[1] અથવા પોતાનો તિરોભાવ થાય ત્યારે બીજાનો ઉપયોગ (કરવા)થી પણ (અંત) જાણતો નથી, એવો અર્થ છે. મુનિઓ પણ એ પ્રમાણે (જાણતા નથી.) યોગ પણ મારા સુધીનું જ ફલ પ્રાપ્ત કરતો હોવાથી તારા મોટા ભાઈઓ મારા પુત્રો સનક વગેરે અને મરીચિ વગેરે (પણ જાણતા નથી,) કારણકે એઓ મારા અંશ હોઈ મારા કરતાં ઓછું જ જાણી શકે છે. એઓની ગણવાની ઈચ્છા જતી રહેવાનું કારણ 'માયાના બલવાળા' શબ્દથી કહેલ છે. માત્ર ક્ષણમાં જ કરોડો બ્રહ્માંડો ઉત્પન્ન કરવાની શક્તિવાળી માયાનું પણ બલ

જેમનામાંથી (થયેલ છે, તેમનો અંત કેમ જાણે?) વળી 'પુરુષસ્ય' માયાના પતિનું (બલ કેમ જાણે,) કારણકે એ(માયા) ભગવાને (એનામાં) મૂકેલ પ્રકાશ જ એ ઉત્પન્ન કરે છે. (તો પછી) બીજા કાલ વગેરે ક્યાંથી જાણે, કારણકે એ પણ ભગવાનની ચેષ્ટારૂપ છે, અને જીવ વગેરે કેમ જાણે? કાલ વગેરે પુરુષ કરતાં હલકા છે. પોતાના (બ્રહ્માના) કરતાં જીવ વગેરે હલકા છે. આપણે વગેરે આરંભથી જ અનંતપણાનું જ્ઞાન (પ્રાપ્ત કરવા)થી અટકી ગયેલા હોવા છતાં, વેદના અભિમાનવાળા દેવ શેષ એક હજાર મુખવાળા (હોઈ) એક પદાર્થ એક હજાર રીતે કહેવાની શક્તિવાળા (અને) તેથી જ આધિદેવ છે, કારણકે બીજા સર્વ છે. સૃષ્ટિ અનાદિ હોવાથી, ત્યાંથી આરંભી ગણના કરવા છતાં હજી સુધી (શેષે) એના અંતનો એવો નિશ્ચય કર્યો નથી કે આટલા (ગુણો) હવે ગણવાના બાકી છે, સૃષ્ટિ અનંત હોવાથી ભવિષ્યમાં પણ (ગણ્યા કરશે) તેથી 'આના પાપનો (નિશ્ચય કર્યો)' એમ કહેલ છે. 'આના' એટલે ગુણનો, અથવા ભગવાનનો, અથવા ઘણા ગુણો ગણવાની પ્રવૃત્તિ કરતાં, એકનો પણ પાર પામ્યો નથી. એવી રીતે સર્વ રીતે ભગવાનના માહાત્મ્યનું નિરૂપણ કરીને, ધારણા (કરવી) અશક્ય હોવાથી જ્યાંસુધી (મન) સ્થિર રહે (૨-૨-૧૨) એમ કહેલું છે. ૪૧

૧.'પોતાના' એટલે ભગવાનના. (પ્ર) 'બ્રહ્માના'

'ભગવાન્ આવા હોય, ત્યારે એક ક્ષણ પણ ધારણા થઈ શકે નહીં,' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે

**યેષાં સ એવ ભગવાન્ દયયેદનન્તઃ સર્વાત્માનાઽઽશ્રિતપદો યદિ નિર્વ્યલીકમ્ ।**
**તે દુસ્તરામતિતરન્ત્યથ દેવમાયાં નૈષાં મમાઽહમિતિ ધીઃ શ્વશૃગાલભક્ષ્યો ।।૪૨।।**

જેમના ઉપર એ અનંત ભગવાન્ જ જો કપટ વિના સંપૂર્ણ રીતે (એમના) ચરણનો આશ્રય કર્યો હોય તો દયા કરે, એઓ પછી ન તરી શકાય તેવી દેવની માયાને તરી જાય છે. કૂતરા અને શિયાળના ભક્ષણ કરવા યોગ્યમાં, 'આ મારું હું' એવી આમની બુદ્ધિ હોતી નથી. ૪૨

સર્વ માર્ગોની પ્રવૃત્તિ કરનાર હોવાથી મોક્ષ આપનાર ભગવાનની ધારણા થવી જોઈએ. તેથી (ભગવાન્) જે અમુક પુરુષોને પોતાના તરીકે સ્વીકારે છે, તેઓ ધારણા કરવા યોગ્ય છે એમ '(જેમના ઉપર) દયા કરે' શબ્દથી કહેલ છે. એઓ પણ સાધન કરીને[1] એવું કરી શકતા નથી, પરંતુ હૃદયથી જ (કરે છે.) 'એ જ ભગવાન્' શબ્દોથી (એમ જણાવેલ છે) જે સર્વ માર્ગોની પ્રવૃત્તિ કરાવનાર છે તે

(દયા કરે,) પરંતુ ગુરુ વગરની પણ, ક્રિયા[2](થી ધારણા થતી નથી.) ભગવાન્ હોવાથી પોતાની ઈચ્છાથી જ એમ (દયા) કરે છે. નિયમ[3] વિના એ (ધારણા) કરવાનું હોવાથી ઘણા દુઃખી થઈ લાચાર થાય ત્યારે દયા સાથે એમનો જ સમ્બન્ધ કરાવે છે. તેથી દયા (ધારણા કરવાનું) સાધન (થાય છે,) (જીવો) અનંત હોવાથી બધા ઉપર દયા કરતા નથી.[4] તેમ (દયા) કરવામાં આવે ત્યારે બીજા ગુણોનો નાશ થતાં સર્વની મુક્તિ (થવા)થી સૃષ્ટિનો ભંગ આવતાં ભગવાનનું અનંતપણું ન રહે. ‘એવા (દયા કરેલા) પ્રકારનાઓને માત્ર ધારણાનું શું પ્રયોજન?’ ‘(ભગવાન્) પોતે જ એવું ફલ આપે’ એવી શંકા થાય, તેથી સાધનથી જ ભગવાન્ સર્વ કરતા હોવાથી ‘સંપૂર્ણ રીતે ચરણનો આશ્રય કર્યો હોય’ શબ્દોથી (એઓનું) સાધન કહે છે. ભગવાનની દયા જણાવનાર ધારણા છે, તે હોય ત્યારે ભગવાનની ઈચ્છાને અનુકૂલ રહીને બીજા સાધનો સિદ્ધ થવાના. તેથી સંપૂર્ણ રીતે ભગવાનને શરણ જવું. સંપૂર્ણ રીતે આશ્રય કરેલો છે ચરણનો જેમણે,[5] (એમ) એ કહે છે. (વ્યલીકમ્) કપટ અથવા ફલનો સમ્બન્ધ. સંપૂર્ણ રીતે ફલ માટે પણ ભજન થતું હોવાથી, ‘કપટ વિના’ શબ્દથી એનો નિષેધ કરેલ છે. ‘એઓ ન તરી શકાય તેવી(ને તરી જાય છે)’ શબ્દોથી એઓને પ્રાપ્ત થતું ફલ કહે છે. ‘પછી’ એટલે (ચરણનો) આશ્રય કર્યા પછી. (માયાએ) પહેલા જ તરી ન શકાય તેવી હોવાથી ‘અથ’ ‘પછી’ શબ્દ વચ્ચે મૂકેલો છે. અથવા એઓ તરી ન શકાય તેવી મોહ કરનારી માયાને તરી જાય છે ત્યારે (એમને) ભગવાનની ભક્તિ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. ‘અથ’ ત્યાર પછી ‘દેવમાયામ્’ દેવરૂપ ભગવાનની પ્રકાશ કરવાના કારણથી અથવા ક્રીડા કરવા માટે જે માયા, તે આધિદૈવિક (બુદ્ધિ...હોતી નથી)’ એ શબ્દોથી એઓ તરી ગયેલ હોવાનું ઓળખવાનું હવે કહે છે. આમની કૂતરા અને શિયાળને ખાવા યોગ્યમાં ‘આ મારું’ એવી બુદ્ધિ હોતી નથી. આ ‘તરી ગયા’ ઓળખાવનારું છે. એ જ તરી જશે એમ જાણવું કે જેને ‘હું મારું’ એવું દેહ વગેરેમાં દુષ્ટપણું હોતું નથી. મહાનના કાર્યમાં સર્વત્ર ઓળખીને જ પ્રવૃત્તિ કરાય, એમ ‘અહ્નાં વિધાન્યામ્’માં કહેલું છે. ‘કૂતરા અને શિયાળને ભક્ષણ કરવા યોગ્ય’ શબ્દો અંતે (દેહ) બીજાનો હોવાનો નિશ્ચય થાય એ માટે કહેલું છે, એઓનું છેવટનું ફલ છે. બીજાઓ તો વચલા ફલો છે, તેથી દેહનો પોતાના માટેનો ઉપયોગ વચલું ફલ જ છે. તેથી પોતાનો ઉપયોગ પણ દેહ વગેરેનું મુખ્ય ફલ નથી. તેથી ફલ માટે પ્રયાસ કરવો નહીં, એવું પ્રયોજન પણ સૂચવેલું છે. ‘કૂતરા અને શિયાળ’ શબ્દોથી ગામના અને વનના ભક્ષણ કરનારાઓ

ચિહ્ન તરીકે કહેલા છે. તેથી જ્યાં આ દેહ (અંતે) રહે તે (સ્થળ)ના આશ્રયે રહેનારા બધાઓનો સમાવેશ કરેલ . તેથી માછલા વગેરેનો પણ સમાવેશ કરેલ છે. અથવા એવાનું અકસ્માતથી મૃત્યુ થવાનું ન હોવાથી ગામ અને વનના ભેદથી એ બે જ ભક્ષણ કરનાર હોય. એઓ રોકતા હોવાથી કાગડા વગેરેનો એમાં પ્રવેશ નથી. ઘણા પ્રકારે (શબનો) ઉપયોગ થતો હોવોનો સંભવ હોવાથી (બેને) ચિહ્ન તરીકે જ કહેલા છે, એવો નિશ્ચય છે. ૪૨

૧.માર્ગની પ્રવૃત્તિના સાધન તરીકે ભગવાન્ કોઈને પોતાનો ગણતા નથી.(પ્ર)

૨.'ક્રિયા' એટલે પ્રાર્થના વગેરે ક્રિયા.(પ્ર)

૩.ધારણા કૃતાર્થ કરનારી છે એવા જ્ઞાનથી એ કરવાનું આવશ્યક થતાં, ભગવાનના ગુણો અનંત હોવાનું જાણતાં, એ થઈ શકે તેવી નથી એવું ભાન થતાં, એ નિયમ પ્રમાણે કરવાનું સંભવતું નથી.(પ્ર)

૪.આનું કારણ ભગવાનથી ઈચ્છા જ છે, એવો અર્થ છે.(પ્ર)

૫.ફલ (પ્રાપ્ત કરવા)નું સાધન બ્રહ્મા પોતે કહે છે એવો અર્થ છે.(પ્ર)

૬.આ સમાસ છોડેલ નથી, પણ તાત્પર્ય કહેલું છે 'આશ્રય કરેલો છે ચરણના જેમના' એમ સમાસ છોડવો.(પ્ર) 'એવાનું' એટલે કહેલી ધારણા કરનારું.(પ્ર)

એવી રીતે 'જ્યાં સુધી મન ધારણામાં સ્થિર રહે'નું સારી રીતે નિરૂપણ કર્યું. નીચેના ચાર શ્લોકોથી 'અંગોનું એક એક કરીને[1] ધ્યાન કરવું' (૨-૨-૧૩)નું નિરૂપણ કરે છે :

**વેદાઽહમઙ્ગ પરમસ્ય હિ યોગમાયાં યૂયં ભવશ્ચ ભગવાનથ દૈત્યવર્યઃ ।**
**પત્ની મનોઃ સ ચ મનુશ્ચ તદાત્મજાશ્ચ પ્રાચીનબર્હિ ઋભુરઙ્ગ ઉત ધ્રુવશ્ચ ॥૪૩॥**

હે વહાલા ! હું પુરુષોત્તમની યોગમાયાને જાણું છું. તમે અને ભગવાન્ ભવ, પછી ઉત્તમ દૈત્ય, મનુની પત્ની અને એ મનુ અને એમના પુત્રો પ્રાચીનબર્હિષ ઋભુ અંગ અને વળી ધ્રુવ.(૪૩)

એ પૈકી ત્રણ પ્રકારના ભક્તોનો (૪૩ થી ૪૫) ત્રણ શ્લોકોમાં સંગ્રહ કરેલ છે. ભગવાનના ભક્તોના ભક્તોનો તો એક (૪૬)માં (કરેલ છે,) કારણકે આ ભગવાનના અંશને ધારણ કરનારા છે. આવા થાય ત્યારે એક અંશની ધારણા થાય છે, કારણકે પહેલાનો અધિકાર (પ્રાપ્ત) થાય ત્યારે પછીના અધિકાર માટે પ્રયત્ન કરવો જોઈએ. પહેલા બ્રહ્મા અને છેલ્લો પોપટ પક્ષી. એ પૈકી પ્રથમ શુકને અધિકાર પ્રાપ્ત થતાં, ત્યાર પછી અનુક્રમે બ્રહ્મા સુધીનાના અધિકારો કહેવામાં આવે છે આ જ ચરણ વગેરેથી કહેવામાં આવે છે. અથવા ચરણસેવા બ્રહ્માને જ પ્રાપ્ત થયેલી, કારણકે એમણે એમના (ભગવાનના) ચરણ ધોવા વગેરેથી પૂજા કરીને ગંગાને

ઉત્પન્ન કરેલી. ભગવાનના ચિત્રરૂપ પોપટ હાસ્ય છે.[1]

એ પૈકી પ્રથમ ઘણા સાત્વિક કહેલા છે, ત્યારપછી રાજસ અને તામસ કહેલા છે. ભગવાનનું જ્ઞાન થવામાં ભક્તિમાર્ગ મુખ્ય હોવાથી, ભક્તો જ ગણેલા છે. એઓ પૈકી હું (બ્રહ્મા) ઉપર ઉપરથી કાંઈક 'પરમસ્ય' પુરુષોત્તમનું જગત્ ઉત્પન્ન કરવા માટે આજ્ઞા કરેલી માયાનું સ્વરૂપ જાણું છું, કારણકે એ પ્રથમથી જ આજ્ઞા પ્રમાણે (કાર્ય કરનારી) છે એનું સ્વરૂપ જાણવામાં આવે ત્યારે ભગવાન્ જણાય છે, કારણકે એની મારફત જ ભગવાન્ લોકમાં પ્રકટ થાય છે. બ્રહ્મા જાણે છે એ વિષયમાં ગુણો સૃષ્ટિના કારણરૂપ હોવાથી સર્વ ગુણ (સૃષ્ટિમાં) થાય એ માટે બ્રહ્મા સર્વ (કાર્ય) કરે છે એવું કરણ 'હિ' શબ્દથી સૂચવેલું છે. માયાનું આધિદૈવિકપણું જણાવવા 'યોગ' શબ્દ (યોજેલ) છે. કેટલાક આધ્યાત્મિકપણું (કહે છે) 'તમે' શબ્દથી નારદ સાથેના મરીચિ વગેરે કહેલા છે, અને 'ભવઃ' મહાદેવ, આ ત્રણ સાત્વિક વગેરે છે. મહાદેવનું ભક્તિવિરુદ્ધ આચરણ એ ભક્ત ન હોવાનું જણાવનારું નથી, એવા પ્રયોજનથી (એમને) ભગવાન્ (કહેલ છે.) 'પછી ઉત્તમ દૈત્ય' શબ્દોથી જ્ઞાનમાં શ્રદ્ધાવાળા સનક વગેરે એક પ્રકારથી ગણેલ છે. આથી સનક વગેરે જ ઉત્તમ દૈત્ય છે એમ વિચારેલું છે. એમ ન વિચારેલ હોત તો એઓને રાજસોમાં ગણવા યોગ્ય થતા. ઉત્તમ દૈત્ય પ્રહ્લાદ એ ભક્તોમાં મુખ્ય હોવાથી 'અથ' 'પછી' શબ્દથી જુદો આરંભ (એણે) પ્રાપ્ત કરેલ છે. મનુની પત્ની શતરૂપા કહી, કારણકે 'કાયમ્' આ કઈ અને આ કોણ 'માં સ્ત્રીનું ચિહ્‌ન ('કા') પહેલું કહેલ છે. બધેય 'ચ' શબ્દો એમના (સંતાનોનો) સમાવેશ કરાવનારા છે. એવા (મનુના) પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદ, અને પુત્રીઓ આકૂતિ અને દેવહૂતી. ઋભુ વિષ્ણુપુરાણમાં પ્રસિદ્ધ છે, અંગ વેનનો પિતા. 'ઉત' 'વળી' શબ્દથી ધ્રુવની સિદ્ધિ સ્પષ્ટ (જણાવી.)૪૩

૧.'મોરને કોણે ચીતર્યા, પોપટને કોણે લીલા કર્યા' વગેરે વાક્ય પ્રમાણે એઓ ચિત્રરૂપ છે મુખના ધર્મરૂપ હોઈ હાસ્યરૂપ છે એવો અર્થ છે. 'જે વૃક્ષની ડાળો ઉપર ચડીને આંખો બંધ કરીને શ્રવણ કરે છે' (૧૦-૧૮/૨૧-૧૪) વાક્યમાં કહેલાનો આવો અધિકાર છે એમ જણાય છે.(પ્ર)

**ઈક્ષ્વાકુરૈલમુચુકુન્દવિદેહગાધિરઘ્વમ્બરીષસગરા ગયનાહુષાદ્યાઃ ।**
**માન્ધાત્રલર્કશતધન્વન્તુરન્તિદેવદેવવ્રતો બલિરમૂર્ત્તરયો દિલીપઃ ।।૪૪।।**

ઈક્ષ્વાકુ, ઐલ, મુચુકુંદ, વિદેહ, ગાધિ, રઘુ, અંબરીષ અને સગર, ગય, નાહુષ વગેરે, માંધાતા, અલર્ક, શતધનુ, અનુ, રંતિદેવ, દેવવ્રત, બલિ, અમૂર્તરય, દિલીપ.(૪૪)

ઈક્ષ્વાકુ વગેરે રાજસો છે. નાહુષ યયાતિ. 'વગેરે' શબ્દથી યદુ વગેરે કહેલા છે. માંધાતાથી આરંભી રંતિદેવ સુધીનો 'દેવવ્રતઃ' ભીષ્મ બધા એકપણાની સ્થિતિવાળા અને નપુંસક ન હોવાનું (જણાવ્યું.)૪૪

**સૌભર્યુતઙ્કશિબિદેવલપ્પિલાદાઃ સારસ્વતોદ્ધવપરાશરભૂરિષેણાઃ ।**
**યેઽન્યે વિભીષણહનૂમદુપેન્દ્રદત્તપાર્થાર્ષ્ટિષેણવિદુરશ્રુતદેવવર્યાઃ ॥૪૫॥**

સૌભરિ, ઉતંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ, (અને) જે બીજા વિભીષણ, હનુમાન, ઉપેન્દ્રદત્ત, પાર્થ, આર્ષ્ટિષેણ, વિદુર, ઉત્તમ શ્રુતદેવ.(૪૫)

સૌભરિ વગેરે એમનાથી નીચા વર્ગના છે. મત્સ્યના પ્રસંગ વગેરેથી એવા થયેલા છે. ઉતંક ભારતમાં પ્રસિદ્ધ છે. પિપ્પલાદ કોઈક હતો. સારસ્વત દધીચિ. ઉપેન્દ્રદત્ત પરીક્ષિત, પાર્થ અર્જુન અને બીજાઓ યોગ્યતા પ્રમાણે પ્રસિદ્ધ થયેલા છે.૪૫

**તે વૈ વિદન્ત્યતિરન્તિ ચ દેવમાયાં સ્ત્રીશૂદ્રહૂણશબરા અપિ પાપજીવાઃ ।**
**યદ્યદ્ભુતક્રમપરાયણશીલશિક્ષાસ્તીર્યગ્જના અપિ કિમુ શ્રુતધારણા યે ॥૪૬॥**

એઓ દેવની માયાને જાણે છે અને તરી જાય છે. જો અદ્‌ભુત ક્રમવાળાના સેવકોના શીલથી બોધ લીધેલા હોય તો સ્ત્રીઓ, શૂદ્રો, દૂણો, શબરો અને પાપ જીવો, હલકા પ્રાણીઓ પણ (તરે છે,) તો પછી શ્રવણ કરેલાનો વિચાર કરનારાઓનું તો કહેવું જ શું? ૪૬

છેતાળીસમા શ્લોકમાં એઓને પ્રાપ્ત થયેલ ફલ કહે છે કે 'એ માયાને જાણીને એને જ તરી જાય છે.' 'સ્ત્રીઓ શૂદ્રો હૂણો શબરો પણ' શબ્દથી આપણે જીવો વગેરેનો[1] પણ તરવાનો ઉપાય કહેલો છે. તામસોમાં સ્ત્રીઓ સાત્વિકી છે. શૂદ્રો રાજસ છે, હૂણ તામસ છે. શબ[2] વગેરે એમનાથી પણ અધમ છે. પાપથી જ જીવે તે પાપજીવે. આ (માયા) જાણે છે અને તરી જાય છે. જો એઓ અદ્‌ભુત ક્રમવાળા ભગવાનના 'પરાયણાઃ' સેવકો (હોય) એમનાથી શીલથી બોધ લીધેલા હોય તો અદ્‌ભુત 'ક્રમ' પગલું મૂકવું (એટલે) ક્રિયાશક્તિ છે જેમની તેવા ભગવાનનું સામાન્ય રીતે સેવકપણું હરકોઈને સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે. એમના સેવકો તો એક ક્ષણ પણ બીજામાં ચિત્તવાળા થતા નથી. એવા ન હોય તો ભગવાન્ અદ્‌ભુત ક્રમવાળા હોવાથી બીજે જતા રહે. એઓનો બોધ પણ માત્ર વચનથી કાર્ય કરતો નથી, પરંતુ આચરણ સાથેનો (જોઈએ,) (જેથી) જેમ એઓ ભગવાનમાં ચિત્ત રાખનારા છે

તેવા એમની આજ્ઞાથી તેઓ પણ થાય. વળી સ્ત્રીઓ વગેરેમાં (એવા થવાનો) સંભવ નથી એમ ન માનવું, કારણકે હલકા પ્રાણીઓ પણ જેમ નામ વગેરે બોલવાથી પોપટ વગેરે (મુક્ત થાય છે) તેમ મુક્ત થાય છે. 'શ્રુતધારણાઃ' (એટલે) શ્રવણ કરેલાનો વિચાર કરવાની શક્તિવાળા.[3] તેથી અંશથી જ્ઞાન (પ્રાપ્ત કરવા)માં બધાયે અધિકારીઓ છે. સંપૂર્ણ જ્ઞાન (પ્રાપ્ત કરવા)માં કોઈ પણ અધિકારી નથી. ભગવાનના ભક્તોનો સંગ ન હોય ત્યારે તો કાંઈ પણ જાણતા નથી.૪૬

૧.'આપણે' શબ્દથી એમ જણાવેલ છે કે મોટા પુરુષોનો પણ ઉત્તમ ઉપાય દીનતા જ છે.(પ્ર)

૨.જેમ અહંતા-મમતાનો અભાવ મુખ્ય અધિકાર જણાવનારો છે, તેમ બીજા હોવા છતાં પણ ભક્ત હોવાપણું ભગવાનની દયા જણાવનારું છે એવો અર્થ છે.(પ્ર)

૩.આ સ્ત્રીઓ વગેરેનું વિશેષણ છે. તેથી બુદ્ધિ પણ અધિકારીનું વિશેષણ જાણવું.(પ્ર)

એવી રીતે એક એક (અંગ)ની ધારણાનું સ્વરૂપ ઉત્પત્તિથી જણાવીને 'વશ કરેલા વશ કરેલા સ્થાનને તજીને (ઉપરનાનું) ધ્યાન કરવું' (૨-૩-૧૩)ના અર્થનો નીચેના બે શ્લોકોથી ઉત્પત્તિથી વિચાર કરે છે :

**શશ્વત્પ્રશાન્તમભયં પ્રતિબોધમાત્રં શુદ્ધં સમં સદસતઃ પરમાત્મતત્વમ્ ।**
**શબ્દો ન યત્ર પુરુકારકવાન્ ક્રિયાર્થો માયા પરૈત્યભિમુખે ચ વિલજ્જમાના ॥૪૭॥**
**તદ્વૈ પદં ભગવતઃ પરમસ્ય પુંસો બ્રહ્મેતિ યદ્વિદુરજસ્રસુખં વિશોકમ્ ।**
**સધ્ર્યઙ્નિયમ્ય યતયો યમકર્તહેતિં જહ્યુઃ સ્વરાડિવ નિપાનખનિત્રમિન્દ્રઃ ॥૪૮॥**

પરમ પુરુષ ભગવાનનું એ ચરણારવિન્દ ખરેખર (૧)નિત્ય, (૨)પ્રશાંત, (૩)અભય, (૪)માત્ર જ્ઞાનરૂપ, (૫)શુદ્ધ, (૬)સમ, (૭)સત્ અને અસત્થી પર, (૮)આત્માનું તત્વ, (૯)જેમાં શબ્દ કારકના સમ્બન્ધવાળો તથા ક્રિયાના અર્થવાળો નથી, અને (૧૦)જેના સામી આવતાં શરમાતી માયા દૂરથી જ જતી રહે છે તે સદા સુખરૂપ શોકરહિત 'બ્રહ્મ' એમ જાણે છે. જેમ સ્વરાટ્ ઈન્દ્ર કૂવા ખોદવાની કોદાળીને તજે તેમ યતિઓ જેમાં મન રોકી રાખીને અભેદના સાધનને તજે છે. ૪૭-૪૮

ભગવાનનો જે અંશ પોતાની મેળે આત્મા તરીકે પ્રકાશે છે[1] તે જ સ્વાધીન થાય છે. એમ ન હોય તો બુદ્ધિથી (મનમાં) ગોઠવેલો (અંશ) એ (બુદ્ધિ) જતાં જતો રહે. ચરણ વગેરેનું સ્વરૂપ આ જ છે. એ પૈકી પ્રથમ ચરણના સ્વરૂપનો વિચાર કરવામાં આવે ત્યારે બીજું (અંગ) પોતાની મેળે જ જાણશે, તેથી પ્રથમ ચરણના સ્વરૂપનું આ શ્લોકોમાં લક્ષણથી નિરૂપણ કરે છે. ભગવાનના ચરણાવિન્દના દશ

લીલારૂપ દશ ગુણો[૨] કહેલા છે. એમ થતાં દરેક અંગની દશ લીલાઓ કહેવાયેલી થશે. એ પૈકી ભગવાનનું ચરણારવિન્દ કેવું એ જાણવાની ઈચ્છા થતાં (૧)જે નિત્ય છે તે ચરણારવિન્દ, પરન્તુ જે કોઈ સમયે જ હોય તે (ચરણારવિન્દ) નથી. આથી કાલની હદવાળું એ નથી, એવો કાલથી ભગવાનના સ્વરૂપનો નિર્ણય કર્યો. જે કાલની હદવાળું હોય તે એ નથી (૨)પ્રશાંત, ત્રણ ગુણોના ખળભળાટ વિનાનું. દયા વગેરેથી સત્વ (ગુણ)માં પણ ખળભળાટ થતો હોવાથી, એવું (આમાં) થતું નથી, એમ જણાવવા 'પ્ર' ઉપસર્ગ (યોજેલ છે.) એ પ્રમાણે પ્રેરણા જેમાં થાય છે તેથી અને પ્રેરણા કરનારથી હદ ન બંધાતી હોવાનું કહ્યું. (૩)'અભય' શબ્દથી સર્વની હદ બાંધનાર કાલ[૩] આની હદ બાંધતો નથી એમ કહે છે. (એ) ભયરહિત છે. એવી રીતે સંસારના ગુણો ન હોવાનું જણાવીને દોષ ન હોવાનું કહીને (૪)'માત્ર જ્ઞાનરૂપ, (૫)શુદ્ધ, (૬)સમ' શબ્દોથી સ્વરૂપ કહે છે. માત્ર જ્ઞાનરૂપ (એટલે) અનુભવરૂપ. 'માત્ર' શબ્દથી (એને) જ્ઞાન પ્રાપ્ત કરનાર, પ્રમાણ અને પ્રમેયનો સમ્બન્ધ ન હોવાનું જણાવ્યું. (તે) ત્રણ સમ્બન્ધ વિનાનું જે જ્ઞાન, તે ભગવાનનું ચરણ એવો અર્થ છે. માત્ર શબ્દથી જ શુદ્ધપણું કહેલું હોવાથી શુદ્ધ (એટલે) આનંદરૂપ. 'સમ' (એટલે) સદ્રૂપ.[૪] એવી રીતે સચ્ચિદાનન્દરૂપ કહેવાયું. આ ચરણ સર્વ વ્યવહારથી પર[૫] છે એમ ચાર વિશેષણોથી કહે છે, કારણકે વ્યવહાર (ક)પ્રપંચ તરીકે, (ખ)આત્મીય (પોતાના) તરીકે, (ગ)શબ્દ તરીકે અને (ઘ)શબ્દના અર્થ તરીકે એમ ચાર પ્રકારે થાય છે. એ વિષયમાં (૭)'સત્ અને અસત્‌થી પર' વિશેષણથી વ્યવહારથી પર હોવાનું કહે છે. (એ) કાર્ય અને કારણની સ્થિતિથી અથવા પ્રકૃતિથી પર છે. (ખ)પોતાનો પણ નથી,[૬] તેથી આત્મા તરીકેનો વ્યવહાર પણ નથી એમ કહેલ છે. (૮)'આત્માનુંતત્વ' એટલે પરમાર્થ સ્વરૂપ. તેણે કરેલ વ્યવહાર એનાથી જુદામાં થાય. આત્મા સિદ્ધ થયેલ હોવાથી એમાં વ્યવહાર થતો નથી. (૯)(ઘ)માં શબ્દ (કારકના તથા ક્રિયાના અર્થવાળો નથી)' શબ્દનો[૭] વ્યવહાર ન હોવાનું કહે છે. ભગવાનના ચરણમાં કર્મપણું વગેરે ન હોવાથી એ કારક[૮] નથી. એ ક્રિયારૂપ ન હોવાથી અને (ક્રિયા)થી જણાતું ન હોવાથી (એમાં) ધાતુનો અર્થ હોવાપણું નથી. (બોલવાના) પ્રયાસરૂપ નહીં હોવાથી (એમા) પ્રત્યયનું અર્થપણું નથી. આથી શબ્દમાં મુખ્યરૂપ ન હોવાથી નામ અને ક્રિયાપદ ન હોવાથી ઉપસર્ગ અને અવ્યયના અર્થરૂપ હોવાનું દૂરથી જ નકારી કાઢેલ છે. 'ક્રિયાનો અર્થ કારકવાળો છે,' તેથી નામ અને ક્રિયાપદનો સમ્બન્ધ ન હોવાનું કહેલ હોવાથી વાક્યાર્થ પણ થતો નથી એમ

કહ્યું. ભગવાનની[૯] આજ્ઞાથી માયા જીવો એ વ્યવહાર કરવા યોગ્ય થાય છે તેમ અજ્ઞાન વગેરે દૂર થતાં (એ) વ્યવહાર કરવા યોગ્ય થાય,૯ એવું પણ (થતું) નથી એમ (૧૦)'માયા (દૂરથી જ) જતી રહે છે' શબ્દોથી કહેલ છે. એને જતા રહેવાનું કારણ 'શરમાતી' શબ્દથી કહેલ છે. આ (માયા) ચરણની દાસી છે, અને ભગવાન્ જ્ઞાનરૂપ છે. તેથી જ આ મોહ કરનારી છે, કારણકે એ માણસોને મોહ કરનારી છે એ ભગવાન્ જાણે છે, અને જે (ભગવાન્) સામે મુખ રાખનારા અને જે સેવકો જ્ઞાનીઓ અને ભકતો તેઓથી સર્વત્ર જ ઘણી શરમાય છે. ઘણી શરમ જણાવે છે કે એ (એઓ પ્રતિ) કાર્ય કરવા શક્તિવાળી નથી.

એ પ્રમાણે દશ વિશેષણોથી ભગવાનના ચરણનું લક્ષણ કહી 'એને બ્રહ્મ જાણે છે' શબ્દોથી એની પ્રસિદ્ધિ[૧૦] કહે છે. જે ભગવાનના ચરણને સર્વ વેદાન્તનો વિચાર કરનારા 'બ્રહ્મ' જાણે છે તે બ્રહ્મમાં જ જો કોઈ પણ ઈશ્વર તરીકે કોઈ બહાર આવે તો એ ભગવાન્ ઉપર કહેલું તે તો ચરણ છે. જો એ (સર્વને) વશ રાખનાર થાય તો એ પરમ. એ પદ[૧૧] છે. જો એ જ ભોગ કરનાર થાય, ત્યારે પુરુષ[૧૨] એવા પ્રકારના વિચારથી બ્રહ્મ જાણનારાઓ પણ એને 'બ્રહ્મ' એમ કહે છે. એ પ્રમાણે એની પ્રસિદ્ધિ કહીને એનું કુદરતી ફલ 'સદા સુખરૂપ શોકરહિત' શબ્દોથી કહે છે. પરમ આનંદ અને દુઃખનો અભાવ ફલ છે. એ બંને પ્રકારના (ફલરૂપ) એ છે, એવો અર્થ છે. શ્લોક ૪૮ના ઉત્તરાર્ધથી એ (ફલ)ના સાધન કહે છે. 'સધ્ર્યઙ્' સાથે 'અઞ્ચતિ' જાય 'સધ્ર્યઞ્ચ' મન જે પોતાને સંસાર પ્રતિ વાળે છે તેવા મનને વશ કરી, એની ગતિ કાઢી નાખીને, એવો અર્થ છે. આ અંદરનું સાધન (કહ્યું.) બહારનું સાધન સંન્યાસ એ 'યતિઓ (જેમાં મન રોકી રાખીને અભેદના સાધનો તજે છે)' શબ્દોથી એ કહે છે. એવી રીતે દોષના અભાવથી ફલ (પ્રાપ્ત થતાં) સુધીનું ચરણનું નિરૂપણ કરીને, 'વશ કરેલા' શબ્દનો અર્થ વિચાર્યો.[૧૩] 'વશ કરેલા સ્થાનને તજીને' શબ્દોનો વિચાર કરે છે. એ સમ્બન્ધમાં જીતેલા (એટલે) સ્વાધીન કરેલા ભાગોનો ત્યાગ કરવાનો નથી. એમ કરવામાં આવે તો પહેલાનો પ્રયાસ નકામો થાય, પરન્તુ જીતેલું સ્થાન (એટલે) ભગવાનના ચરણારવિન્દના આશ્રયરૂપ થયેલ સાધનના સમુદાયને 'અપોહ્ય' દૂર કરીને એમ કહેલ છે. સાધન સાથેના ચરણને પ્રાપ્ત કરેલ હોવાથી ચરણ રાખવું, સાધનનો ત્યાગ કરવો, એવો અર્થ છે.

'આ ત્યાગનું[૧૪] પ્રયોજન શું?' એ પ્રશ્નના સમ્બન્ધમાં 'ઉપર ઉપરનાનું ધ્યાન કરવું' શબ્દો કહેલ છે. ઉપરના અવયવને સ્વાધીન કરવા માટે ઉપરના

સમ્બન્ધવાળાનું ધારણ કરવું એમ 'જેમ સ્વરાટ્ કૂવા ખોદવાની કોદાળીને (તજે)' આ દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે. જેમ સ્વરાટ્ સ્વર્ગનો અધિપતિ વાદળા વગેરેનો સ્વામી 'નિપાનખમિત્રમ્' કૂવા ખોદવાના સાધન કે દાળીને તજે છે, એવી રીતે ભગવાનના ચરણની પ્રાપ્તિ માટે કરેલા સાધનો પણ ચરણમાં માહાત્મ્યને લીધે મહાફલ તરીકે ચરણ પ્રાપ્ત થાય ત્યારે પહેલા અજ્ઞાનને લીધે હલકા પદાર્થો પ્રાપ્ત કરાવનારા સાધનો કરેલા તેઓને તજે છે એવો અર્થ છે. સ્વરાટ્ (કાર્ય) કરાવનારા (સાધનો) તો રાખે છે જ. એવી રીતે આગળ ઉપર સર્વ અંશવાળું ફલ પ્રાપ્ત થાય ત્યારે ઈન્દ્ર થઈને ઘણું ઐશ્વર્ય પ્રાપ્ત કરીને બધુંયે તજી દે છે, એવું તાત્પર્ય છે. ૪૭-૪૮

૧.પોતાની મેળે પ્રકાશે તે જ ઉત્પત્તિના પ્રકારની સામગ્રી છે એવો અર્થ છે.(પ્ર)

૨.લક્ષણરૂપ ગુણો છે.(પ્ર)

૩.કાલ ભય ઉત્પન્ન કરનાર અને સર્વના આધારરૂપ.(પ્ર)

૪.સદ્રૂપ સર્વમાં સમાનપણે જણાય છે, તેથી 'સમ' શબ્દથી એ જ કહેલું છે.(પ્ર)

૫.વ્યવહાર લૌકિક બુદ્ધિનો વિષય થવાના કારણરૂપ, અથવા લૌકિક પ્રમાણની શક્તિથી ઉત્પન્ન થતી વાણી વગેરેની ક્રિયા છે, તેનાથી ચરણારવિન્દ જણાતું નથી.(પ્ર)

૬.દેહ વગેરે પેઠે અભિમાનવાળો આત્માનો સમ્બન્ધ નથી, તેથી દેહ વગેરે પેઠે ઉપચારથી થતો આત્માનો વ્યવહાર પણ નથી એમ કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૭.શબ્દપણાથી અથવા શબ્દના અર્થથી પણ કરેલો વ્યવહાર નથી.(પ્ર) જ્ઞાન પ્રાપ્ત કરનાર તથા કરાવનાર પ્રમાણનું સામર્થ્ય ન હોવાથી એનો સમ્બન્ધ ન થવાથી એનું જ્ઞાન થતું નથી.(પ્ર)

૮.સાત વિભક્તિઓમાંની છટ્ઠી વિભક્તિ સિવાયની છ વિભક્તિઓને (ક્રિયાપદનો સમ્બન્ધ હોવાથી) કારક કહેવાય છે.

૯.ચાર પ્રકારનો વ્યવહાર ન થતો હોવાનું સિદ્ધ કર્યું, છતાં પણ 'આ પુરુષ સંગરહિત છે' એવી શ્રુતિમાં કહેલા ગુણવાળા જીવોમાં ભગવાનની આજ્ઞાથી માયા પ્રસરે છે એટલે એમનો વ્યવહાર થાય છે. પછી અજ્ઞાન દૂર થતાં ગુરુ વગેરેથી વ્યવહાર થાય છે તેમ ચરણને પણ માયાનો સમ્બન્ધ થતાં કોઈ નિમિત્તથી એને દૂર કરવા માટે ચરણવ્યવહાર યોગ્ય થશે, એવો અર્થ છે.(પ્ર)

૧૦.વેદાન્તની પ્રસિદ્ધિ પ્રમાણ તરીકે કહે છે.(પ્ર)

૧૧.'પદ'લોકના આસન વગેરે પ્રકારનું સ્થાન.(પ્ર)

૧૨.તેથી નામથી જ એ ચરણ, સ્થાન, ભોગ્ય, ચરણ, આભરણ, આયુધ, સ્થાન વગેરેરૂપ થાય એમાં વિરોધ નથી.(પ્ર)

૧૩.ઉપર કહેલા દશ ગુણોવાળું હોવાથી ફલપણાથી અને આત્માના સ્વરૂપથી ચરણની પેઠે ભગવાનનો જે જે અવયવ પ્રકાશે તેને અહીં વશ કરેલ પદાર્થ કહેલ છે.(પ્ર)

૧૪.'આ ત્યાગ' એટલે ચરણનું ગ્રહણ કરાવનાર સાધનનો ત્યાગ.(પ્ર)

એ પ્રમાણે ઉદ્દેશના (બીજા) અધ્યાયમાં કહેલા ભગવાનના સ્વરૂપનો

ઉત્પત્તિથી વિચાર કહીને સાધનના (ત્રીજા) અધ્યાયમાં 'કામના વિનાનાએ અથવા સર્વની કામનાવાળાએ' (૨-૩-૧૦) એ વાક્યમાં ફરી એ જ સ્વરૂપ ફલ પ્રાપ્ત કરાવનારું કહેલ છે, એ અંશનો નીચેના શ્લોકમાં ઉપપત્તિથી વિચાર કરે છે :

**સશ્રેયસામપિ વિભુર્ભગવાન્ યતોઽસ્ય ભાવસ્વભાવવિહિતસ્ય સતઃ પ્રસિદ્ધઃ ।**
**દેહે સ્વધાતુવિગમેઽનુવિશીર્યમાણે વ્યોમેવ તત્ર પુરુષો ન વિશીર્યતેઽજઃ ॥૪૯॥**

જેમના સત્ (અંશ)માંથી આ ભાવ અને સ્વભાવના બનેલા જગતની ઉત્પત્તિ થઈ છે તે ભગવાન્ ફલો આપવાની પણ શક્તિવાળા છે. પોતાની ધાતુઓનો નાશ થતાં, એની પછી દેહનો નાશ થાય ત્યારે જન્મરહિત પુરુષ (જીવ)નો આકાશની પેઠે નાશ થતો નથી. ૪૯

એ (ભગવાન્) વાસ્તવિક રીતે પોતે જ પરમપુરુષાર્થરૂપ છે. આવા હોવા છતાં જો કોઈક સ્વર્ગ વગેરેની પણ કામના કરે તોપણ આપે છે, કારણકે બધાયે 'શ્રેયસામ્' ફલોને ઉત્પન્ન કરવા અને આપવા આ જ 'વિભુઃ' શક્તિમાન છે, કારણકે આ ભગવાન્, પરમાનન્દરૂપ હોવા છતાં છ ગુણો ધારણ કરે છે. એનું કારણ કહે છે[1], કારણકે ભાવ અને સ્વભાવનું બનેલ આ જગત 'સતઃ' ભગવાનના સત્ રૂપમાંથી જ 'પ્રસિદ્ધઃ' ઉત્તમ પ્રકારે ઉત્પન્ન થએલું છે. બધુંયે જગત બે પ્રકારનું છે : એક ભાવનું બનેલું, બીજું સ્વભાવનું બનેલું 'ભાવ' એટલે ધાતુનો અર્થ ક્રિયા અથવા એ (ક્રિયા) પ્રકટ કરનારો.[2] તેનાથી કોઈક જગત ઉત્પન્ન થાય છે. સામાન્ય ક્રિયાનો પ્રકાર. એના વિકારો (એટલે) ઉત્પત્તિ વગેરે પદાર્થના વિકારો. તેથી જે કોઈ પણ ઉત્પન્ન થાય છે, પ્રાપ્ત થાય છે, પ્રકટ થાય છે અથવા જણાય છે તે બધા ભાવથી થયેલા (પદાર્થો,) પરન્તુ જે સદા સર્વથી ઉત્તમ વગેરે પ્રકારના કાલ અક્ષર વગેરે છે તે સ્વભાવથી થયેલા છે. એઓનું સ્વરૂપ જ 'ભાવઃ' ક્રિયા વગેરે પ્રકારનું છે, તેનાથી થયેલા, સ્વતઃસિદ્ધ એવો અર્થ છે. એવી રીતે ક્રિયાથી અને પોતાની મેળે થયેલા બધા બ્રહ્મના સત્ રૂપમાંથી જ 'પ્રસિદ્ધ' એટલે અસ્તિત્વ પ્રાપ્ત કરેલા છે, કારણકે (બ્રહ્મ વિના) બીજું કાંઈ સત્ પ્રાપ્ત કરાવનારું નથી. તેથી ભગવાન્ જ સર્વ ફલો ઉત્પન્ન કરનાર તથા આપનાર હોવાનું યોગ્ય[3] છે.

એવી રીતે સ્વરૂપથી આરંભી ફલ સુધી ભગવાનના સ્વરૂપનો વિચાર કરીને, ફલ આપવાનો આરંભ થાય ત્યારે 'ફલ કોનું' એ જાણવાની ઈચ્છા થતાં, જો એ ફલ ભગવાનનું જ હોય તો વિચાર કરવાની પ્રવૃત્તિ નકામી થાય, તેથી ફલ જીવનું (હોવાનું) કહેવું જોઈએ. એ સમ્બન્ધમાં જીવ નામનો પદાર્થ કોણ એ જાણવાની

ઈચ્છા થતાં 'જે દેહવાળો હોય તે જીવ' એવી લોક અને વેદમાં પ્રસિદ્ધિ હોવાથી, દેહના સમ્બન્ધવાળો જીવ એવો નિશ્ચય થાય છે. એ સમ્બન્ધમાં ભેગા થયેલામાંથી બાકી રહેલ (હોવાનું વિચારતાં) દેહની સાથે (જીવ) ઉત્પન્ન થાય છે, અને દેહનો લય થાય ત્યારે લય પામે છે એમ માનવું જોઈએ. જો એમ ન હોય તો (દેહથી) જુદો પણ એ જોવામાં આવે. 'શરીર વિનાનાને નકકી પ્રિય અને અપ્રિયનો સમ્બન્ધ થતો નથી' એ વાક્ય પ્રમાણે દેહ ન હોય ત્યારે કોઈ પણ પુરુષાર્થ પ્રાપ્ત થાય નહીં, તેથી દેહની સાથે અસ્તિત્વ અને અભાવ કહેલા હોવાથી, આ દેહમાં જ જે જીવને ફલ પ્રાપ્ત થાય તે ફલ છે, બીજું ફલ હોતું નથી'' એવો મત ઉત્તરાર્ધથી ખોટો ઠરાવે છે, કારણકે આ દેહ જીવ નથી, પરન્તુ જીવના ઢાંકણરૂપ છે, કારણકે એના સમ્બન્ધથી જ એને સુખ અને દુઃખ ઉત્પન્ન થાય છે. અને 'નિત્ય સર્વમાં રહેલ, સ્થાણુ' (ભ.ગી.૨.૨૪) વાક્યમાં એ સર્વમાં રહેલો વગેરે કહેલ છે. તેથી જેમ ઘડો આકાશથી હદ બાંધનાર છે, તેમ દેહ પણ જીવની હદ બાંધનાર છે. એ પ્રકારે જેમ (જીવ)ની ઉત્પત્તિ નથી તેમ દેહનો નાશ થાય ત્યારે પણ એનો નાશ થતો નથી; અને તેથી ગમે તે સમયે એને ફલ (પ્રાપ્ત) થાય તે ફલ જ છે. દેહ તો પોતાની ધાતુઓનો નાશ થવાથી નાશ પામે છે. એને ઉત્પન્ન કરનાર જે ધાતુઓ તે સંસ્કાર થયેલ અવયવો છે. અન્ન વગેરે તો એને નભાવનારા છે, કારણકે ધાતુઓ પોતાની અંદર રહેલું ફલ ઉત્પન્ન કરી કૃતાર્થ થઈ જતી રહે છે, ત્યારે એમની સાથે ઉત્પન્ન થયેલ (દેહ) નાશ પામે છે, તેવી રીતે જેમ દેહ ધાતુઓ સાથે ઉત્પન્ન થાય છે તેમ આ જીવ દેહ સાથે ઉત્પન્ન થતો નથી, તેથી ફલ (પ્રાપ્ત થવા)માં કાંઈ અયોગ્યતા નથી. ૪૯

૧.ભગવાન્ હોવાનું ફલ આપનાર છે, એવા વિચારનું કારણ બનેલ જગતની ઉત્પત્તિ જણાવનાર કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૨.ક્રિયા ત્રણ ક્ષણ રહેનારી છે, તેથી શબ્દનો સમ્બન્ધ નિત્ય છે તેને એ કહી શકે નહીં. તેથી ક્રિયાનો વાસ્તવિક વિચાર કરતાં એ જેને પ્રકટ કરતી હોય તે જ ધાતુનો અર્થ છે.(પ્ર)

૩.ઉત્પન્ન કરનારે ફલ આપવાનું આવશ્યક હોવાથી એ ફલ આપવાની શક્તિવાળા હોવાનું યોગ્ય છે.(પ્ર) ભા-૩૩

કહેલા અર્થનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**સોઽયં તેઽભિહિતસ્તાત ભગવાન્વિશ્વભાવનઃ ।**
**સમાસેન હરેર્નાન્યદન્યસ્માત્સદસચ્ચ યત્ ॥૬૦॥**

હે વહાલા ! આ એ વિશ્વને ઉત્પન્ન કરનાર ભગવાન્ કહ્યા ટૂંકમાં, ઉત્તમ અને હલકું પ્રસિદ્ધ છે તે હરિથી બીજું નથી. બીજામાંથી (થયેલ) નથી. ૫૦

મેં આટલા સમયથી દશ પ્રકારની લીલાઓ સાથેના હરિ જ કહ્યા. ભગવાન્ તરીકે છ ગુણો, વિશ્વને ઉત્પન્ન કરનાર તરીકે ઉત્પત્તિ વગેરે (ત્રણ) અને મોક્ષ ચાર, અને ધર્મ વગેરે (કહ્યા,) કારણકે એમનાથી જ વિશ્વ થાય છે. એવી રીતે આટલા પ્રબંધથી વિશ્વને ઉત્પન્ન કરનાર ભગવાન્ કહ્યા. તને શ્રવણ કરાવ્યું એવું તાત્પર્ય છે. વિસ્તારથી કહીને બુદ્ધિ સહેલાઈથી જાણી શકે એ માટે ઉત્તરાર્ધથી ટૂંકાણથી કહે છે. એ જેટલો અર્થ વિસ્તારથી કહ્યો તેનો આ સમાપ્ત સંક્ષેપ છે, કે ભગવાન્ જ સર્વ છે, ભગવાનમાંથી જ સર્વ (થયેલ) છે. ઉપચાર (લક્ષણા) નથી એમ જણાવવા 'હરિથી બીજું નથી' એમ નકારથી કહે છે. 'સદ્સત્' ઉત્તમ અને હલકું 'ચ' 'અને' શબ્દ હોવાથી કામ વગેરે પણ 'યત્' જે પ્રસિદ્ધ છે, તે સર્વ હરિ જ છે. હરિથી બીજું નથી, હરિમાંથી, જ સર્વ (થયેલ) છે, બીજામાંથી થયેલ નથી. ૫૦

એ પ્રમાણે સંક્ષેપ અને વિસ્તારથી કહીને નીચેના શ્લોકથી શાસ્ત્રનો ઉપસંહાર કરે છે :

**ઈદં ભાગવતં નામ યન્મે ભગવતોદિતમ્ ।**
**સંગ્રહોઽયં વિભૂતીનાં ત્વમેતદ્વિપુલીકૃરુ ।।૫૧।।**

આ ભાગવત નામનું (પુરાણ) છે, જે ભગવાને મને કહેલું. આ વિભૂતિઓનો સંગ્રહ છે. તુ આનો વિસ્તાર કર. ૫૧

આ જે મેં કહ્યું તે ભાગવત છે. ભગવાને કહેલું ભગવાનરૂપ ફલ કરાવનારું ભાગવત નામનું છે, તેમાં ત્રીજી (વિભક્તિ)નો અર્થ 'જે મને ભગવાને કહેલું' શબ્દોથી કહે છે કે જે 'મે' મારા માટે ભગવાને પોતે કહેલું. આ કારણથી આ ભાગવત નામવાળું છે. 'ભગવાને બધાંયે સ્વરૂપોનું વર્ણન કરેલું ત્યારે (આ) આટલું જ કેમ છે?' એવી શંકા થાય, એ સમ્બન્ધમાં 'આ સંગ્રહ છે' એમ કહેલ છે. આ વિભૂતિઓનો 'સંગ્રહ' સંકોચ છે, કારણકે સંક્ષેપ અને વિસ્તાર અધિકાર પ્રમાણે કહેવાય છે. એ પૈકી તું ઉત્તમ અધિકારી છે તેથી તને સંક્ષેપથી કહ્યું. તું તો બીજાઓને માટે આનું 'વિપુલીકુરુ' વિસ્તારથી વર્ણન કર. ૧૧

વિસ્તાર કરવાનું પ્રયોજન નીચેના શ્લોકથી કહે છે :

**યથા હરૌ ભગવતિ નૃણાં ભક્તિર્ભવિષ્યતિ ।**
**સર્વાત્મન્યખિલાધાર ઈતિ સંકલ્પ્ય વર્ણય ।।૫૨।।**

જેમ સર્વના આત્મા સર્વના આધાર હરિ ભગવાનમાં મનુષ્યોની ભક્તિ થાય તેવી

રીતે સંકલ્પ કરીને વર્ણન કર. ૫૨

માહાત્મ્યજ્ઞાન પહેલા થયા પછી ઘણો દઢ સર્વથી અધિક (ભગવાનમાં) પ્રેમ (થાય તે) ભક્તિ હોવાથી માહાત્મ્યના જ્ઞાન વિના એ થતી ન હોવાથી, વિસ્તારથી કહેવાનું પ્રયોજન માહાત્મ્યનું જ્ઞાન (કરાવવાનું) હોવાથી, ભક્તિ ઉત્પન્ન કરવા માટે માહાત્મ્યજ્ઞાન જણાવીને વિસ્તારથી કહેવું. વધારે (કહેવા)થી શું? જે પ્રકારે ભક્તિ થાય તેવા પ્રકારે જ (ભગવાન્) કહેવા. આથી એમ કહેલું છે કે અધિકાર પ્રમાણે પદાર્થો કહેવા. ''માહાત્મ્ય કહેવામાં આવે છતાં પણ (ભગવાન્ સાથે) સમ્બન્ધ ન હોવાથી ભક્તિ કેવી રીતે થશે? 'આત્માની કામના માટે તો સર્વ પ્રિય હોય છે' એ શ્રુતિ પ્રમાણે ઘણા પ્રેમનો વિષય આત્મા (જીવ) જ છે. બીજામાં તો તેના પ્રયોજનવાળો પ્રેમ હોય. તેથી ભગવાન્ ઉપર પ્રયોજન વિનાનો પ્રેમ કેવી રીતે થાય?'' એવી શંકા થાય, તેથી 'સર્વના આત્મા''શબ્દ કહેલ છે. આ ભગવાન્ સર્વના આત્મા છે જે પ્રકારે એ સર્વના આત્મા છે તે સિદ્ધ કરેલ છે. એવી રીતે આત્મા તરીકે સ્નેહ કરવાપણું (હોવાનું) સાબિત કરીને 'સર્વના આધાર' શબ્દથી પુત્ર વગેરે સર્વ પદાર્થોને સ્નેહ ઉત્પન્ન કરવા ભગવાને કરેલા ઉપકાર એવી રીતે દર્શાવે છે. ભગવાન્ સર્વ પ્રકારે સર્વના આધાર થયેલા છે, તેથી એમના ઉપર સ્નેહ (રાખવો) યોગ્ય છે. જ્યારે લોકોને ભગવાનના ગુણો વિસ્તારથી કહેવામાં આવે ત્યારે બીજું ફલ જણાવવું નહીં, પરન્તુ સર્વને ભગવાનની ભક્તિ જ (પ્રાપ્ત) થાય એવો મનમાં નિશ્ચય કરીને ગુણો કહેવા, એમ 'એવી રીતે સંકલ્પ કરીને' શબ્દોથી કહેલ છે. તું વર્ણન કર. એક એક પદાર્થ ઘણા પ્રકારે કહે એવો અર્થ છે. ૫૨

'વિસ્તાર કરવાથી એમને ભક્તિ (પ્રાપ્ત) થશે, મારું શું થાય? એ સમ્બન્ધમાં નીચેનો શ્લોક કહે છે :

**માયાં વર્ણયતોઽમુષ્ય ઈશ્વરસ્યાનુમોદતઃ ।**
**શૃણ્વતઃ શ્રદ્ધયા નિત્યં માયયાઽઽત્મા ન મુહ્યતિ ।।૫૩।।**

આ ઈશ્વરની માયાનું વર્ણન કરનારના, અનુમોદન કરનારના (અને) સદા શ્રદ્ધાથી શ્રવણ કરનારના અન્તઃકરણને માયાથી મોહ થતો નથી. ૫૩

આ નક્કી ભગવાનની માયા છે. સર્વ સામર્થ્યનું જ વર્ણન કરવાનું હોવાથી, દશ પ્રકારની લીલાઓ ભગવાનની શક્તિ હોવાથી માયાનું વર્ણન કરનારના આત્માને મોહ થતો નથી, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. 'માયાનું વર્ણન કરવાથી અન્તઃકરણને મોહ થાય, પણ મોહ થયા વિના ન રહે' એવા વિષયના સમ્બન્ધમાં 'આ ઈશ્વરની

માયા' હોવાનું કહે છે. અને બીજો વર્ણન કરતો હોય ત્યારે અનુમોદન કરનારને, (અને) સારી રીતે વર્ણન થતું હોવાથી વાસ્તવિક રીતે શ્રવણ કરનારને પ્રણ (મોહ થતો નથી.) જોકે મુખ્ય ફલ ભક્તિ છે; એ (પ્રાપ્ત) થાય ત્યારે અન્તઃકરણને માયાથી મેહ તો જરાયે થતો નથી. તેથી લોકો ઉપર ઉપકાર કરવા અને (તારા) પોતાના માટે શ્રવણ વગેરે કરવા એમ સાબિત થયું છે.

**ઇતિ શ્રીમલ્લક્ષ્મક્ષભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં બીજા સ્કન્ધનો સાતમો અધ્યાય સંપૂર્ણ**

# અધ્યાય આઠમો

દ્વિતીય સ્કંધ : જ્ઞાનલીલા.

વિમર્શ ઉપપત્તિ પ્રકરણ અ. ૮ થી ૧૦

**એવં નિર્ધારભજનમુત્પત્યૌ ચ વિમર્શનમ્ ।।**
**દ્વયં સિદ્ધં વિરાડ્બ્રહ્મરુપયોસ્તત્વનિશ્ચયે ।।૧।।**

એ પ્રમાણે વિરાટ્ અને બ્રહ્મસ્વરૂપોના નિર્ધારથી ભજન અને ઉત્પત્તિથી બે તત્વનો નિશ્ચય (કરવા)માં સિદ્ધ થયા. કા.૧

**ઉપપત્યા વિમર્શસ્તુ ત્રિભિરથ નિરૂપ્યતે ।।**
**આક્ષેપસિદ્ધાન્તફલૈઃ સોપપત્તિસ્ત્રિધા યતઃ ।।૨।।**

હવે તર્કથી વમર્શ તો આક્ષેપ, સિદ્ધાંત અને ફલ ત્રણથી કહે છે, કારણકે તે ઉપપત્તિ ત્રણ પ્રકારની છે. કા.૨

**અષ્ટમે સન્દિહાનસ્ય પ્રશ્ન આક્ષેપગર્ભિતઃ ।।**
**રાજ્ઞો નિરૂપ્યતે પ્રશ્નાસ્તન્મૂલા અપરેઽપિ ચ ।।૩।।**

આઠમા (અધ્યાય)માં સંદેહ કરતા રાજાનો સંશયભરેલો પ્રશ્ન કહે છે, અને તેમાંથી થતાં બીજા પણ પ્રશ્નો (કહેશે) કા.૩.

વર્ણવેલા પ્રકારના સ્થૂલ અને સૂક્ષ્મ રૂપોમાં સંદેહ થતાં સર્વ નિષ્ફલ થશે એવી શંકા કહેવા, રાજા શુકને કથા કહેવામાં છ શ્લોકોથી પ્રોત્સાહન કરે છે :

રાજોવાચ

**બ્રહ્મણા ચોદિતો બ્રહ્મન્ ગુણાખ્યાનેઽગુણસ્ય ચ ।**
**યસ્મૈ યસ્મૈ યથા પ્રાહ નારદો દેવદર્શનઃ ।।૧।।**
**એતદ્વેદિતુમિચ્છામિ તત્વં વેદવિદાંવર ।**
**હરેરદ્ભુતવીર્યસ્ય કથા લોકસુમઙ્ગલાઃ ।।૨।।**
**કથયસ્વ મહાભાગ યથાઽહમખિલાત્મનિ ।**
**કૃષ્ણે નિવેશ્ય નિઃસઙ્ગં મનસ્ત્યક્ષ્યે કલેવરમ્ ।।૩।।**

હે બ્રહ્મન્ ! અને ગુણરહિતના ગુણો કહેવા બ્રહ્માએ પ્રેરણા કરેલ દેવના દર્શન કરેલ નારદે જેને જેને જે પ્રકારે કહ્યું, હે વેદ જાણનારાઓમાં ઉત્તમ ! તે તત્વ જાણવા હું ઈચ્છું છું. હે મોટા ભાગ્યવાળા ! જેવી રીતે હું સર્વના આત્મા શ્રીકૃષ્ણમાં (મારૂં) સંગરહિત મન મૂકેની દેહ તજું, તેવી રીતે અદ્ભુત વીર્યવાળા હરિની લોકનું ઘણું મંગલ કરનારી કથાઓ કહો.૧,૨,૩.

ગયા અધ્યાયના અંતે 'તું આનો વિસ્તાર કર' એમ કહ્યું. તેનું સંક્ષેપથી જ શ્રવણ કરવાથી જ્યારે ઘણી ભક્તિ ઉત્પન્ન થાય છે, ત્યારે વિસ્તારથી (શ્રવણ કરવાથી) શું થશે, તેથી ઘણા આદરથી પ્રશ્ન કરે છે. (બ્રહ્મા) સર્વજ્ઞ છે એમ જણાવવા 'હે બ્રહ્મન્' એવું સંબોધન કરેલ છે. બ્રહ્માએ પ્રેરણા કરેલા નારદે ભગવાનના ગુણો કહેવા માટે કોને કોને જે પ્રકારે કહ્યા, તે કહો, એમ આગળના શ્લોક સાથે સમ્બન્ધ છે. ગુણ રહિતના ગુણો કહેવા પ્રેરાએલા નારદે કોને કહ્યા. સૂક્ષ્મ સ્વરૂપ તો ગુણરહિત છે. 'ચ' 'અને' શબ્થી સ્થૂલરૂપ (જણાવેલ છે.)[1] તેના ગુણોનું ઉત્તમપણું જણાવનાર ધર્મોને 'આખ્યાને' કહેવામાં કહેવા માટે બ્રહ્માએ પ્રેરણા કરેલ (નારદે કોને કહ્યા.) જુદા જુદા અધિકારથી વર્ણન કરવાના હોવાથી 'જેને જેને જે પ્રકારે કહ્યા' એમ કહેલું છે. તેમ વર્ણન કરવાનું ન હોત તો 'કોને કહ્યા' એમ જ કહેત. તે (નારદ)ની તેમ કહેવાની શક્તિ 'દેવના દર્શન કરેલ' શબ્દથી કહેલી છે. ૧.

'આ (જાણવાનો) તારે શું ઉપયોગ?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'આ જાણવા હું ઇચ્છું છું' કારણકે કેવો અધિકાર હોય ત્યારે કેવું કહેવું, એ તત્વ છે, અને પોતાના અધિકાર માટે અને બીજાને જણાવવા માટે આ જાણવું જોઈએ. 'આ હું કેમ જારું?' હું તો મારા અધિકાર પ્રમાણે જાણું' તેથી શંકા થાય, તેથી 'હે વેદ જાણનારાઓમાં ઉત્તમ?' એમ કહેલું છે, કારણકે વેદમાં પોતાના અધિકાર પ્રમાણે અને બીજાના અધિકાર પ્રમાણે પદાર્થોનું નિરૂપણ કરેલું છે, અને તે સર્વ બ્રાહ્મણો જાણે છે. વસંત વિગેરે કાલો, ઋષિઓના હોમ (કરવા)ના મંત્રો, અશ્વમેઘ વિગેરે યજ્ઞો અને પ્રસંગને લીધે પુનઃ પ્રશંસા (કહેલા છે) તેવી રીતે સર્વના અધિકારથી પ્રવૃત્ત થએલું આ શાસ્ત્ર પણ જુદા જુદા અધિકારના ભેદથી પદાર્થો જણાવે છે, અને વેદને અનુસરી જુદા જુદા અધિકાર પ્રમાણે વ્યવસ્થા (કરેલી છે.) તે સર્વ વેદ જાણનારાઓ જાણે છે, તેથી (એ) સંબોધન (કરેલું છે.) એ પ્રમાણે પહેલા કહેલા અર્થ સમ્બન્ધી પ્રશ્ન કહીને, બીજા શ્લોકના ઉત્તરાર્ધ અને ત્રીજા, એમ દોઢ શ્લોકથી બીજો પ્રશ્ન કહે છે. હરિની કથાઓ કહો (કથયસ્વમાંના) આત્મનેપદથી એમ જણાવેલ છે કે તે (તમારા) પોતાના માટે પણ (લાભકારક) થશે.

'સર્વ દુઃખ હરનાર ભગવાનની કથાઓ સર્વ પુરાણોમાં પ્રસિદ્ધ છે, તેથી અહીં જુદી કહેવાથી શું (લાભ)?' એવી શંકા થાય, તેથી 'અદ્‌ભુત વીર્યવાળાની' એમ કહેલ છે, કારણકે ભગવાનનું ચરિત્ર સહેલાઈથી જણાય તેવું નથી. એક પ્રકારે કરે, અને બીજા પ્રકારે પરિણમે. તેથી સ્વરૂપથી અને પરિણામથી જુદા જુદા પ્રકારના હોવાથી ભગવાનના ગુણો જુદા જુદા કરી જાણવા જોઈએ. વળી ભગવાનની કથાઓ

લોકનું ઘણું મંગલ કરનારી છે. કોઈક વસ્તુ માત્ર પુરુષનું જ મંગલ કરનારી હોય, જેવી કે રક્ષાબંધન અને અલંકારો. કેટલીક ઘરનું મંગલ કરનારી હોય છે, જેવીકે ઘરના અલંકારો. કાંઈક વંશનું મંગલ કરનારી, જેમકે પુત્રનો જન્મ, કાંઈક ગામ અને દેશનું (મંગલ કરનાર હોય છે) જેમકે રક્ષણ, વૃષ્ટિ વિગેરે. કથાઓ તો સર્વ લોકોનું ઘણું મંગલ કરનારી છે, પ્રાણીઓનું અને ભુવનોનું ઘણું જ કલ્યાણ કરે છે. 'હે મહાભાગ્યવાળા' સંબોધન (એમ જણાવે છે કે) આવો વિષય કહેવાનો તેમને અધિકાર છે, બીજાને નથી. બીજાઓના તો તુચ્છફલનો ભગવાને અધિકાર આપેલ છે, તમને તો મહાફલનો (આપેલ છે,) તેથી એવું સંબોધન કરેલ છે. પહેલા અધિકાર પ્રમાણે કહેવું એમ કહેલ હોવાથી, મારો આવો અધિકાર છે, તેને જે યોગ્ય હોય તે કહો, એવા અભિપ્રાયથી, 'જેવી રીતે હું (કહો)' શબ્દોથી પોતાની અવસ્થાના અભિપ્રાયવાળો પોતાનો અધિકાર કહેલ છે. મારો મનોરથ આટલો છે કે જે આ લોકના અને પરલોકના સર્વ પદાર્થોમાંથી મન ખેંચી લઈને એક સ્થલે ભગવાનમાં મૂકીને પછી પ્રાણોને તજું. આ જન્મમાં (મારે) આટલું કરવાનું છે. એમ કરવામાં આવે ત્યારે જે થશે તે આગળ કહેશે.

'આ સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે. આમાં શાસ્ત્રની જરૂર નથી. શ્રીકૃષ્ણના દર્શન કરેલા જ છે, અને મોટા પુરુષોને મન પોતાને અધીન હોય છે, તેથી શ્રીકૃષ્ણમાં મૂકી દે, વિલંભ કરવાથી શું (ફલ)?' એવી શંકા થાય, તેથી 'સર્વના આત્મા' કહેલા છે. શ્રીકૃષ્ણ મેં જાણેલ હોવા છતાં પણ ન જણાએલા છે, અથવા થોડા જ જાણેલા છે. સંપૂર્ણ રીતે સર્વના આત્મા તરીકે તેમને જાણવો જોઈએ. તે તો પહેલા થએલ નથી. 'તેમની જે જે પ્રકારે ઉપાસના કરે છે' એ શ્રુતિ ઉપાસનાને અનુસરીને ફલ (થવાનું) કહે છે, તેથી જો સર્વના આત્મા તરીકે ઉપાસના કરવામાં આવે તોજ સર્વ ફલ પ્રાપ્ત થાય. તેમ ન થાય તો અપૂર્ણ જ રહે. 'તે પ્રકટ થઈ આપનું રક્ષણ કરે છે,' શ્રુતિ પ્રમાણે (ત્યારે જ) સર્વ તરફથી રક્ષણ પ્રાપ્ત થાય છે, માત્ર સાધારણ મન ભગવાનમાં રાખવાનું નથી. તેમ હોય તો અશુદ્ધ મનવાળાને અશુદ્ધ જ ફલ (પ્રાપ્ત) થાય. તેથી જે પ્રકારે મન સંગરહિત થાય, જે પ્રકારે અયોગ્યતા અને ઊલટા વિચાર નીકળી જાય અને (ભગવાન્) સર્વના આત્મા હોવાનું હૃદયમાં ભાસે તેવો ઉપાય કહો એવો અર્થ છે. ૨.૩.

૧.'તેના' સ્થૂલરૂપ સાથેના સૂક્ષ્મ સ્વરૂપના.(પ્ર)

(ભગવાનમાં) મન મૂકવાથી ભવિષ્યનું કાર્ય પોતાની મેળે જ સિદ્ધ થશે એમ

નીચેના શ્લોકથી કહે છે :

**શૃણ્વતઃ શ્રદ્ધયા નિત્યં ગૃણતશ્ચ સ્વચેષ્ટિતમ્ ।**
**કાલેન નાડતિદીર્ઘેણ ભગવાન્ વિશતે હૃદિ ।।૪।।**

પોતાના કાર્યનું નિત્ય શ્રદ્ધાથી શ્રવણ કરનાર અને ઉચ્ચાર કરનારના હૃદયમાં થોડા સમયમાં ભગવાન્ પ્રવેશ કરે છે.૪

જ્યારે જેની અંદર જેનું મન કામનાથી અથવા પ્રેરણાથી રહે છે, ત્યારે તે તેનું શ્રવણ અને કીર્તન કરે છે, અને તેમાં (તેને) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તેથી મન રાખવું તે શ્રવણ વિગેરેનો નિર્વાહ કરનારૂં છે, કારણકે શ્રદ્ધા, શ્રવણ અને કીર્તનનું અંગ છે. ઘણા સમયના ચાલુ આદરથી જ કરવામાં આવતાં શ્રવણ વિગેરેથી જ ફલ પ્રાપ્ત થાય છે. તે સમયે લાંબો સમય અને (તેનું) ચાલી (રહેવા)પણું 'નિત્ય' શબ્દથી કહેલ છે. 'અને ઉચ્ચાર કરનાર'માંના 'અને' શબ્દથી સ્મરણ વિગેરેનો સમાવેશ કરેલો છે. ધર્મી વિના ધર્મોનો પ્રવેશ થતો ન હોવાથી, પોતાના ગુણો સાથે ભગવાન્ તરત જ હૃદયમાં પ્રવેશ કરે છે, કારણકે આ ભગવાન્ (પોતાના) સેવકોના છે, કારણકે ભગવાને જ આ શાસ્ત્ર કરેલું છે.૪

'તેથી શું?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**પ્રવિષ્ટઃ કર્ણરન્ધ્રેણ સ્વાનાં ભાવસરોરુહમ્ ।**
**ધુનોતિ શમલં કૃષ્ણઃ સલિલસ્ય યથા શરત્ ।।૫।।**

કર્ણના છિદ્રથી પ્રવેશ કરેલા શ્રીકૃષ્ણ જેમ. શરદ્ જલના મેલનો નાશ કરે છે તેમ પોતાના (ભક્તો)ના ભાવરૂપ કમલમાં પ્રવેશ કરીને તેના શમલને કાઢી નાખે છે.૫

કીર્તનમાં પણ શ્રવણ (થતું) હોવાથી, મુખ્ય ગુણો બહાર નીકળવાનું સાધન હોવાથી 'કર્ણના છિદ્રથી' એમ કહેલું છે. છિદ્રનો પ્રવેશ કરાવનાર એવો અર્થ છે, ઘણો સાવધાન રહની શ્રવણ થાય તેવા પ્રયોજનથી એકવચન (કહેલ છે,) કારણકે લોકમાં સાવધાન (રહી) શ્રવણ કરવામાં એકજ કર્ણના છિદ્રથી ક્રિયા થાય છે, (એમ થાય) ત્યારે ઈંદ્રિય એકમાંજ ધ્યાન આપનારી જ થાય છે. 'પોતાના' એટલે આત્મનિવેદન કરેલાઓના. માત્ર [1]હૃદયમાં જ પ્રવેશ કરે છે એટલું જ નહીં, પરંતુ ભાવરૂપ કમલમાં (પ્રવેશ કરે છે.) કેટલાક ભાવ એટલે પ્રેમ કહે છે, બીજાઓ (ભૂ) ધાતુનો સામાન્ય અર્થ સત્તારૂપ ભગવાન્ (કહે છે.) કારણરૂપ ન વિનાશ થાય તેવો [2]પદાર્થ (ભાવ) છે કારણકે તે નિરંતર શ્રવણ કરવાથી હૃદયરૂપ થાય છે.[3] જો તે પછી ભક્તિથી વિકાસ પામે તો સરોવરરૂપ થાય છે જ્યારે કાનના પોલાણમાં પ્રવેશ કરેલી

સાધનરૂપ ભક્તિ તેમાં બીજારૂપ થાય છે, અને હૃદય પ્રેમથી ભરપૂર જ રહે છે, ત્યારે બીજની વૃદ્ધિ થતાં શ્રવણ વિગેરેથી (તે) કમલ થાય છે, કારણકે તેજ ભગવાનનું આસન અને ભગવાનનું ઘર છે. પછી તેમાં પ્રવેશ કરેલા ભગવાન્ બધાંએ શમલને કાઢી નાખે છે. જો કે બધાંએ પાપનો નાશ પહેલા જ થએલો, છતાં પણ શમલ રહેલું. 'શં' સુખ 'અલમ્' પૂરૂં છે જેનાથી તે શમલ, 'શમ્' શબ્દથી આલોકના અને પરલોકના ફલો અને શાંતિ વિગેરે કહેલા છે અને એકલા પુણ્યથી લોભ થતો ન હોવાથી તેનાથી છૂટું ન પડે તેવા પાપ સાથેનું જ પુણ્ય ભોગનું સાધન હોવાથી, તેમાં મૂલભૂત પાપ રહેલું હોવાથી કોઈપણ સમયે વૈરાગ્ય થાય નહીં, તેથી ભગવાન્ તેને કાઢી નાખે છે.

'શાંતિ વિગેરે (જ્ઞાન) પ્રાપ્ત કરાવનારા (સાધનો) પણ જતા રહેલ હોવાથી જ્ઞાન ન થતાં પછીનું કાર્ય કેમ થઈ શકે?' તે વિષયમાં 'શ્રીકૃષ્ણ' એમ કહેલ છે. સદાનંદ ભગવાન્ પોતે જ પુરુષાર્થ રૂપ છે' (તેમનો જ્ઞાન વિગેરે સાધનની જરૂર નથી એવો અર્થ છે. 'જેમ શરદ્ જલના મેલનો નાશ કરે છે' શબ્દોથી આ વિષય દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. 'સરઃ' (સરોવર) શબ્દથી જે જલ તે અહીં (આ દૃષ્ટાંતમાં) કહેલ છે, 'જેમ શરદ્ એટલું જ દૃષ્ટાંત છે, જેમ શરદ્ લૌકિક જલને નિર્મલ કરે છે, પરંતુ વર્ષા હોય ત્યારે તે કોઈપણ રીતે નિર્મલ થતું નથી, તેમ પ્રેમરૂપ જે જલ છે તે પણ ભગવાનથી નિર્મલ થાય છે; એવો અર્થ છે.૫

૧.'હૃદિ' હૃદયમાં 'અયમ્' આ છે એવી હૃદયની વૈદિક વ્યુત્પત્તિ છે. ગુણો ગુણવાન વિના રહેતા ન હોવાથી, ગુણો પ્રવેશ કરે તેથી ગુણવાન પ્રવેશ કર એવું એક કારણ કહ્યું. હૃદયનું પોલાણ હોવાથી પ્રવેશ કરે એ બીજું કારણ. પોતે અંગીકાર કરેલ માણસને પુરુષાર્થ પ્રાપ્ત કરાવવા પ્રવેશ કરે તે ત્રીજું કારણ છે.(પ્ર)

૨.આ વાક્યથી સિદ્ધાંત કહેલ છે. બે અધ્યાયોમાં કહેલા પ્રકારે કારણરૂપ વિનાશ ન પામે તેવા અક્ષર નામના બીજા પુરુષ ભાવનો અર્થ છે.(પ્ર)

૩.પોતાના સમ્બન્ધવાળા શબ્દજ્ઞાનનું શ્રવણ કરવાથી લોઢાના ગોળામાં અગ્નિની પેઠે તે જ હૃદયરૂપ થાય છે (ઉપર બે ભાવના અર્થ કર્યા) તે શ્રવણ થયા પહેલા પણ હતા, તેથી તેમને કમલરૂપ કહેવાનું પ્રયોજન ન હોવાથી, અને અહીં (ભાવને) કમલ કહેલ હોવાથી, તે મત સ્વીકારતા નથી.(પ્ર)

**ધૌતાત્મા પુરુષઃ કૃષ્ણપાદમૂલં ન મુઞ્ચતિ ।**
**મુક્તસર્વપરિક્લેશઃ પાન્થઃ સ્વશરણં યથા ॥૬॥**

જેમ સર્વ ક્લેશનો ત્યાગ કરેલો મુસાફર પોતાના ઘરને તજતો નથી, તેમ પવિત્ર

થએલ અંતઃકરણવાળો પુરુષ શ્રીકૃષ્ણના ચરણના મૂલને તજતો નથી.૬

જ્યારે અંતઃકરણ સર્વ દોષ વિનાનું થાય ત્યારે રોગ રહિત થએલ પુરુષ શ્રીકૃષ્ણના ચરણના મૂલને તજતો નથી, કારણકે કોઈ નિરોગી સદાનંદનો ત્યાગ કરતો નથી તે (સદાનંદ)ને ગ્રહણ કરનાર અંતઃકરણ જ નિરોગી છે. જેમ ભૂખ અન્ન તજતી નથી, (તેમ તે સદાનંદને તજતું નથી) તેથી જ ભગવાને અંતઃકરણનું 'આત્મા' એવું નામ રાખેલું છે. તેથી જે (આત્મા) તેમને એકલાને જ ગ્રહણ કરે છે. દોષને અધીન થઈ ચક્ષુની પેઠે બીજાને ગ્રહણ કરે (પવિત્ર થએલ હોય) ત્યારે ભક્તિમાર્ગને અનુસરીને જ મન પદાર્થને ગ્રહણ કરે છે, તેથી શ્રીકૃષ્ણના ચરણના મૂલને શબ્દ યોજેલ છે, અને મૂલ શબ્દથી એમ જણાવેલ છે કે આ બધોએ વિલાસ તેમના મૂલથી થએલ છે. પછી વ્યાપિવૈકુંઠમાં શ્રીકૃષ્ણના ચરણાવિંદમાં તેના રસના અમૃતથી પ્રાપ્ત થએલો સુખથી રહે છે એવું પરિણામ થાય છે. સર્વ તરફથી કલેશ મૂકી દીધેલ હોવાથી (ત્યાંથી) પાછા આવવાની શંકા તો રહેતી નથી, કારણકે અવિદ્યા વિગેરેના કારણે જ દિવસે દિવસે બ્રહ્મલોક ગએલાઓ પણ પાછા આવે છે. (મુક્તસર્વ પરિત્યાગઃ શબ્દમાંના) 'પરિ' શબ્દથી ત્યાં પણ કલેશ થવાની શંકા દૂર કરેલી છે. 'સર્વ' શબ્દથી પોતાનું ઈચ્છેલ પ્રાપ્ત થએલ હોવાથી વિખૂટો ન થાય તેવો કલેશ પણ ન હોવાનું કહેલ છે. (મુસાફર) માત્ર માર્ગ જોનાર જ છે. (તેનું) શરણ ઘર છે 'સ્વ' શબ્દથી પરાધીનપણાનો કલેશ ન હોવાનું કહેલ છે, ભગવાનને અધીન રહેવાથી કલેશ થતો હોવાની શંકા દૃષ્ટાંતથી કાઢી નાખેલ છે.૬

એવી રીતે પોતાના માટે (ભગવાનમાં) મન રાખવાનો ઉપાય પૂછીને, બીજા સંદેહવાળા સાધારણ પ્રશ્નો અયોગ્યતા વિગેરે દૂર કરવા નીચેના શ્લોકથી આરંભી પૂછે છે. અહીં પહેલા ત્રણ પદાર્થો કહ્યા, ભગવાનના બે સ્વરૂપો, અને ફલ (પ્રાપ્ત થવા) માટે જીવ. તે પૈકી જીવ(ના સમ્બન્ધ)માં એક પ્રશ્ન (કરે છે) સૂક્ષ્મ (રૂપવાળા) ભગવાનમાં સંદેહ ન રહે તેમ પદાર્થો કહેલા હોવાથી અને વધારે (તે) બુદ્ધિમાં આવી શકે તેમ ન હોવાથી, શંકા જ ઉત્પન્ન થતી નથી. સ્થૂલ રૂપ (ના સમ્બન્ધ)માં તો તેનું વાસ્તવિક સ્વરૂપ જણાવવા (માટે)ના સર્વ પ્રશ્નો (કરે છે.) તેથી બે પ્રશ્નો થાય છે, તેથી જ ઉત્તરમાં પણ બે જ અધ્યાયો છે. તે પૈકી જીવમાં સંદેહ (હોવા)ને લીધે પ્રશ્ન કરે છે :

**યદધાતુમતો બ્રહ્મન્ દેહારમ્ભોઽસ્ય ધાતુભિઃ ।**
**યદચ્છયા હેતુના વા ભવન્તો જાનતે યથા ॥૭॥**

હે બ્રહ્મન્ ! ધાતુવિનાનાઆનો જે ધાતુઓથી દેહનો આરંભ કહ્યો તે ભગવાનની ઈચ્છાથી અથવા (કોઈ) કારણથી થયો. જેમ આપ જાણતા હો તેમ કહો.૭

આ જીવ વાસ્તવિક રીતે ધાતુવગરનો, ધાતુના સમ્બન્ધવિનાનો છે. ધાતુઓ પહેલાનો દેહ પ્રાપ્ત કરાવનાર કહેલ તેમની સાથે આને અદષ્ટદ્વારા સમ્બન્ધ થતો નથી, કારણકે પહેલી સૃષ્ટિમાં તે (અદષ્ટ) નહતું. (જો સૃષ્ટિ) અનાદિ હોય તો ભગવાનના શાસ્ત્રનો વિરોધ થાય. વળી સંગરહિત જણાવનારી શ્રુતિથી વાસ્તવિક રીતે આનો (ધાતુઓ સાથે) સમ્બન્ધ થતો નથી. ભગવાનની ઈચ્છાથી થતો હોવાના પક્ષમાં (ભગવાન્) અહિત કરનારા થાય એવા દોષો છે. તેથી કોઈપણ ઉપાયથી ધાતુ સાથેનો સમ્બન્ધ કહેવાનું અશક્ય હોવાથી પ્રશ્ન (કરેલ) છે. 'હે બ્રહ્મન્' એ સંબોધન તે (જીવ અને ધાતુઓના સમ્બન્ધ)ના કારણનો નાશ કરનારનું સંપૂર્ણ જ્ઞાન છે એમ જણાવવા (કરેલું છે) આ જીવને દેહનો આરંભ 'યદચ્છયા' ભગવાનની ઈચ્છાથી અથવા અકસ્માતના વિચારથી[1] (કોઈ) કારણ અથવા અનાદિ વિદ્યા વિગેરેથી થાય છે? આ વિષયનો નિર્ણય કહો, એવો અર્થ છે. મુખ્ય વિષયમાં ઘણા વાદીઓનો વિવાદ હોવાથી, આપ જેવું જાણતા હો તેવું કહો એવો અર્થ છે.૭

૧.અકસ્માતના વિચારથી એટલે (૧)કાણ વિના જ અથવા (૨)પોતાથી અથવા (૩)પોતાના સ્વભાવથી અથવા (૪)અલીકથી, આ સાથે (૫)ઈશ્વરની ઈચ્છાથી, (૬)કારણથી શબ્દથી અનાદિ અવિદ્યાથી થયો? એમ છ કોટિવાલો પ્રશ્ન થયો.(પ્ર)

જીવને દેહનો સમ્બન્ધ કેવી રીતે થયો, એવો પ્રશ્નનો અર્થ હતો. ઈશ્વરને પણ દેહનો સમ્બન્ધ કયા પ્રયોજનથી (થાય છે?) ઈચ્છાથી દેહનો સમ્બન્ધ થવાનું તો સંભવે છે પરંતુ શા પ્રયોજનથી એવો આ પ્રયોજનનો પ્રશ્ન કહેવા, દેહનો સમ્બન્ધ સ્થિર કરવામાં કાર્યના કારણરૂપ અનુમાન પ્રમાણ તરીકે નીચેના શ્લોકોથી કહે છે :

**આસીદ્યદુદરાત્પન્નં લોકસંસ્થાનલક્ષણમ્ ।**
**યાવાનયં વૈ પુરુષ ઈયત્તાવયવૈઃ પૃથક્ ।।૮।।**
**તાવાનસાવિતિ પ્રોક્તઃ સંસ્થાવયવવાનિવ ।**
**અજઃ સૃજતિ ભૂતાનિ ભૂતાત્મા યદનુગ્રહઃ ।।૯।।**

જેટલો ખરેખર આ પુરુષ આટલાપણું અને અવયવોથી જુદો છે, તેટલો જ જેના ઉદરમાંથી લોકની ગોઠવણી રૂપ ચિહ્નવાળું કમલ ઉત્પન્ન થયું તે સારી રીતે ગોઠવાએલા અવયવોવાળાના જેવો કહેલો છે, કે જેની કૃપાથી ભૂતોના આત્મા જન્મરહિત (બ્રહ્મા) ભૂતોની સૃષ્ટિ કરે છે.૮-૯

આ માત્ર (લોકોનું) રહેઠાણ જ નથી એમ કહે છે. લોકોની ગોઠવણી જ 'લક્ષણં' ચિહ્ન છે જેનું તેવા છે. લોકની સ્થિતિ માટે જ કમલની ઉત્પત્તિ થએલી. આથી લોકની સ્થિતિ રૂપ કાર્ય[1] હોવાથી, તેના આધારરૂપ કમલના કારણ તરીકે શરીર પ્રાપ્ત થએલું, અને તે માત્ર સાકાર બ્રહ્મ જ પ્રકટ થયું છે એમ ન માનવું, એવી શંકાને 'જેટલો ખરેખર આ પુરુષ' શબ્દોથી ખોટી ઠરાવે છે. આ પ્રાકૃત પુરુષ જેટલો, કર ચરણ વિગેરે અવયવોથી જેટલા પરિણામવાળો છે તેટલો જ[2] તે પણ છે. જો[3] તે પ્રકટ થએલ હોય, તો આનો પણ દેહ તેવો (પ્રકટ થએલ) હોવાથી, તેનો તિરોભાવ થાય ત્યારે ફલ પ્રાપ્ત ન થવાની સ્થિતિ તેવી રહે છે.[3] 'ઈયત્તા' 'આટલાપણું' એટલે બે હાથ બે પગ વિગેરે. 'પૃથક્' 'જૂદો,' દેહથી જૂદો, એકબીજાથી જૂદા, અથવા બ્રહ્મથી જૂદા. તેવી રીતે ભગવાનનો દેહ તેટલો, તેટલા પરિણામવાળો તમે કહ્યો.

'એક હજાર સાથળ પણ બાહુ અને અક્ષિવાલો આ કહેલ છે, તે પ્રાકૃત જેવો કેમ હોય?' તે સમ્બન્ધમાં 'જેવો' એમ કહેલ છે. જો કે બાહુ વિગેરે હજાર કહેલા છે, છતાં પણ તે બાહુથી જૂદા નથી, તેથી તે પ્રાકૃતની સમાન છે. વળી આ દેહરૂપ નથી, પણ દેહથી જૂદા છે, કારણકે બ્રહ્મા ઉપર અનુગ્રહ કરનારા છે તે કહે છે. 'અજઃ' બ્રહ્મા 'યદનુગ્રહઃ' જેના અનુગ્રહવાલા થઈ અનુગ્રહથી જ ભૂતોના આત્મા, દરેકના આત્મા થઈ જુદા જુદા (એક એક) મહાભૂતને રચે છે.૮-૯

૧.'ભૂઃ' આદિ લોકની સ્થિતિ આધારને અધીન છે, ઘર વિગેરેની પેઠે, એવા અનુમાનથી આધાર સિદ્ધ થાય છે. તે આધાર કમલ, તેનો આધાર કોણ એ જોવા જતાં, જેની નાભિમાંથી ઉત્પન્ન થયું તે તેના આધાર. તેથી ઈશ્વર શરીરવાલા છે, લોકવાલા કમલને ઉત્પન્ન કરનાર હોવાથી એમ શરીર સિદ્ધ થાય છે.

૨.જીવ તુલ્ય, એવો અર્થ છે.(પ્ર)

૩.જીવના જેવા અવયવ હોવાથી જો તે આવિર્ભાવ પામતો હોવાથી નિત્ય હોય, તો જીવને દુઃખ વિગેરે ફલ ન થાય. દેહ અનિત્ય હોવાથી તે જો પ્રાકૃત દેહની પેઠે તિરોભાવ પામતા હોય તો તેના શ્રવણ વિગેરેથી અભયરૂપ ફલ પ્રાપ્ત ન થાય એવો દોષ થાય.(પ્ર)

આમના સામર્થ્યની શંકા પોતે જ નીચેના શ્લોકથી આરંભી દૂર કરે છે :

**દદશે યેન તદ્રૂપં નાભિપદ્મસમુદ્‌ભવઃ ।**
**સ ચાઽપિ યત્ર પુરુષો વિશ્વસ્થિત્યુદ્‌ભવાપ્યયઃ ॥૧૦॥**
**મુક્ત્વાઽઽત્મમાયાં માયેશઃ શેતે સર્વગુહાશયઃ ।**

નાભિ (માંથી ઉત્પન્ન થએલ) કમલમાંથી ઉત્પન્ન થએલાએ તે સ્વરૂપ જેનાથી જોયું અને તે પણ પુરુષ જ્યાંસુધી વિશ્વની સ્થિતિ ઉત્પત્તિ અને લય થાય છે, તે

સર્વના હૃદયમાં સ્થાનવાલા માયાના ઈશ પોતાની માયા તજીને ત્યાં શયન કરે છે.૧૦

તે પોતાના કારણ બનેલ નારાયણનું સ્વરૂપ જે કૃપાથી (બ્રહ્માએ) જોયું. કૃપાથી જ નાભિમાંથી નીકળેલા કમલમાંથી ઉત્પત્તિ થઈ હતી જેમની, એવી રીતે બ્રહ્માની ઉત્પત્તિ અને સ્થિતિ ભગવાનની કૃપાથી જ થઈ એમ કહીને, તેમનું શયન પણ તેજ સ્વરૂપમાં (થતું) હોવાથી દિવસે દિવસે બહાર નીકળવાથી અને (તેમાં) તિરોભાવ થવાથી તેમની કૃપા તે (બ્રહ્મા)માં સ્થિર છે એમ બ્રહ્માનું શયન જણાવે છે 'સ ચાપિ'[1] તે બ્રહ્મા પણ જ્યાં શયન કરે છે તે સમ્બન્ધમાં વિશ્વની સ્થિતિ ઉત્પત્તિ અને અતં જેમાંથી થાય છે.' (એમ) બ્રહ્માનું માહાત્મ્ય કહે છે. પહેલા મહાભૂતોની સૃષ્ટિ જ કહેલી. હવે પ્રલય સુધીના સર્વ પદાર્થના વિકારો તેમનામાંથી જ (થાય છે) એવું ઉત્તમપણું કહેલ છે. પોતાની 'માયામ્' સર્વ કરવાની શક્તિને રાત્રે ત્યાં તજી (મૂકી) ને શયન કરે છે. વળી રાત્રિ તેનો ત્યાગ કરવાથી જ થાય છે. 'માયાના ઈશ' શબ્દથી તેમ કરવાનું કારણ કહેલું છે. તેને વશ રાખવા માટે જ તેને તજે છે, એવો અર્થ છે. અથવા ઈશ એટલે પતિ. તેમ હોવાથી તે કાર્ય (કરવા)ની સ્થિતિને તજીને તેની સાથે ક્રીડા કરવા શયન કરે છે અથવા 'માયાના ઈશ' શબ્દથી માયાનો ત્યાગ કરવાની શક્તિ જણાવેલી છે. 'વશ રાખનાર તો અંતર્યામી જ છે, તેથી આ માયાને ઈશ કેવી રીતે? તે સમ્બન્ધમાં સર્વના હૃદયમાં સ્થાનવાળા કહેલ છે. સર્વની 'ગુહાસુ' હૃદયોમાં સ્થાન છે જેમનું (તેવા) અથવા અંતઃકરણ પ્રેરણા કરનારા છે. તેથી સર્વની અંદર રહેલા હોવાથી માયાના ઈશ છે. તેથી તેમને દેહનો સમ્બન્ધ[2] હોવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન છે. અથવા 'અને તે પણ' [3]શબ્દોથી નારાયણ જ કહેલા છે. તે પ્રાકૃતની પેઠે જ્યાં પ્રલયજલમાં શયન કરે છે. તેમની પણ (એવી) અવસ્થા હોવાથી તે પણ દેહવાળા[4] છે.૧૦

૧.શયનથી આરંભી સર્વના અંતર્યામીપણા સુધીના છ બ્રહ્મના ગુણો કહ્યા.(પ્ર)

૨.જેના ઉપર એવી કૃપા છે તેને તેથી વિરુદ્ધ દેહનો સમ્બન્ધ હોવાનું શું પ્રયોજન? પ્રયોજન વિના અથવા બીજા પ્રયોજનથી (દેહનો સમ્બન્ધ હોય) તો કૃપા તેનાથી ન્યૂન થતાં તેનું શ્રવણ કરનારને અભયની પ્રાપ્તિ કેવી રીતે થાય?(પ્ર)

૩.નવમા શ્લોકથી જ કૃપા સિદ્ધિ થઈ હોવાથી ફરી તે કહેવાનું કાંઈ પ્રયોજન ન હોવાથી, બીજી રીતે અર્થ કરે છે.(પ્ર)

૪.કૃપાનું કારણ દેહ સિવાયનું નથી કારણકે તે સાકાર બ્રહ્મા પેઠે ચેતન છે.(પ્ર)

**પુરુષાવયવૈર્લોકાઃ સપાલાઃ પૂર્વકલ્પિતાઃ ॥૧૧॥**
**લોકૈરમુષ્યાડવયવાઃ સપાલૈરિતિ શુશ્રુમ ।**

પુરુષના અવયવોથી પાલન કરનાર સાથે પહેલા લોકો બનાવેલા. પાલન કરનારા સાથેના લોકોથી આપના અવયવો હોવાનું અમે શ્રવણ કર્યું. ૧૧

એ પ્રમાણે જીવ અને બ્રહ્મને દેહ હોવાનું કારણ પૂછીને શુક્ર અને બ્રહ્માના વાક્યોમાં વચલો ભેદ કાઢી નાખવા આ શ્લોકથી પ્રશ્ન કરે છે. 'ચરણોમાંથી ભૂર્લોક બનાવ્યો' (૨-૫-૪૨) એ વાક્ય પ્રમાણે પુરુષના અવયવોથી લોકો બનાવ્યા (નું કહ્યું.) પછી તમે 'પાતાલ આપના ચરણનું મૂલ છે' એ વાક્યથી આપના અવયવો કહ તે નો નિર્ણય કહો, એવો અર્થ છે. જો કે આપના અને બ્રહ્માના વાક્યો એક અર્થવાળા છે (પણ) અમે તેવું શ્રવણ કરેલ હોવાથી તે સંદેહ દૂર કરવો જોઈએ, એમ શ્રવણ કર્યું શબ્દથી કહેલું છે.

**યાવાન્ કલ્પો વિકલ્પો વા યથા કાલોऽનુમીયતે ॥૧૨॥**
**ભૂતભવ્યભવચ્છબ્દ આયુર્માનં ચ યત્સતઃ ।**

કલ્પ અને વિકલ્પ કેટલા છે? થઈ ગએલ થવાનું અને વિદ્યમાન શબ્દો જેમાંથી થાય છે તે કાલનું અનુમાન કેવી રીતે થાય? અને સત્‌ના આયુષ્યનું પરિમાણ કેટલું? ૧૨

અહીંથી તેને[૧] અનુકુલ પદાર્થો જ આ શ્લોકથી (આરંભી) પૂછે છે. કલ્પ પ્રાકૃત છે. વિકલ્પ વૈકૃત છે. જે કલ્પમાં બ્રહ્મા ઉત્પન્ન થાય છે અને જેમાં તે જાગે છે,[૨] તેમના પ્રમાણ[૩] અને સ્વરૂપ કહો, એવો અર્થ છે. કાલના અનુમાનનું જ્ઞાન[૪] એટલે ઘડીનું જ્ઞાન જે ૩-૧૧-૯માં કહેશે. જેટલું (અને) જેવી રીતે શબ્દોનો યોગ્યતા પ્રમાણે બધા (પ્રશ્નો)માં સમ્બન્ધ છે. તેથી થઈ ગએલ થવાનું અને વિદ્યમાન શબ્દવાળો (કાલ) કેટલો કેવા પ્રકારનો (છે?) એવું વાક્ય છે. 'ભૂતભવ્યભવચ્છબ્દઃ' કાલનું વિશેષણ છે. થઈ ગએલું, થવાનું અને વિદ્યમાન આ શબ્દો જેમાંથી (થાય છે) તે કાલનું અનુમાન કેવી રીતે થાય છે, એમ પહેલાની સાથે જ સમ્બન્ધ છે અથવા થઈ ગએલું વિગેરે શબ્દોના ઉપયોગના કારણનું સ્વરૂપ પૂછેલ છે. આયુષ્યનું માપ જે છે તે કહો એવી આગળના[૫] સાથે સમ્બન્ધ છે. 'સતના' (એટલે) દેવો, હલકાપ્રાણીઓ અને મનુષ્યો વિગેરેના. 'સત્' એ શબ્દ વિદ્યમાન હોવાપણુંનો ગુણ સૂચવે છે. આથી એવો પ્રશ્ન થાય છે કે કોનો આવિર્ભાવ થાય છે, (અને તે) કેટલો સમય રહે છે. તેમ (માપ) ન હોય, તો બુદ્ધના પ્રકારનો અંગીકાર કરેલ ન હોવાથી બધોએ કાલ સર્વનું આયુષ્ય થાય.[૬] ૧૨.

૧.'તેને' એટલે શુકે કહેલ વચનને (પ્ર)
૨.આ વાક્યથી અનુક્રમે કલ્પ અને વિકલ્પના સ્વરૂપમાં કહ્યાં.(પ્ર)
૩.'પ્રમાણ' એટલે પ્રકૃષ્ટમાન, આટલાપણું એવો અર્થ છે.(પ્ર)
૪.કાલના અનુમાનનું જ્ઞાન એટલે કાલ આટલો છે એવું અનુમાન કરાવનારૂં જ્ઞાન.(પ્ર)
૫.આગળ બધા પ્રશ્નો કરી શ્લો.૨૪માં ઉત્તર આપવાનું કહે છે તે સાથે સમ્બન્ધ હોવાનું જણાવે છે.
૬.વૈનાશિક મત પ્રમાણે ક્ષણેક્ષણે દરેકનો નાશ થાય છે. તેનો અંગીકાર કર્યો નથી, અને આયુષ્યનું માપ ન હોય તો બધા સદાએ જીવતા જ રહે એવું પરિણામ આવે એવો અર્થ જણાય છે.

**કાલસ્યાऽનુગતિર્યા તુ લક્ષ્યતેऽણ્વી બૃહત્યપિ ।**
**યાવત્યઃ કર્મગતયો યાદશીર્દ્વિજસત્તમ ॥૧૩॥**

કાલની અનુગતિ જે નાની અને મોટી પણ જણાય છે. હે દ્વિજોમાં ઉત્તમ ! કર્મની ગતિઓ જેટલી અને જેવી છે (તે કહો.)૧૩

કાલની પછી નાની ગતિ અને મોટી ગતિ, એવો બીજો પ્રશ્ન કહે છે. નાનો કાલ અને મોટો કાલ કેવી રીતે જણાય છે એવો અર્થ છે. સ્વભાવથી કાલ જણાતો નથી, પણ [1]કાર્યદ્વારા આ હમણાં (થયું) એવા કાર્યદ્વારા (જણાય છે.) કાર્ય જતું (થતું) હોય ત્યારે તેને અનુસરવું, તે જ કાલની અનુગતિ, તેમાં સ્થૂલ અને સૂક્ષ્મ કાર્યો નિત્ય હોવાથી અને વચલાનો કાલ મુકરર થએલ ન હોવાથી, કાલની જે અનુગતિ તે કહો એવો અર્થ છે. સૂર્યની ગતિથી તે કહેશે, 'કાલના ભેદો જ નથી' એવી શંકા થાય, તેથી જે જણાય છે એમ કહેલ છે. સર્વત્ર 'હમણાં' એવું જ્ઞાન થતું હોવાથી, કાલ પદાર્થોને અનુસરે છે એમ જણાય છે. તેમ ન હોય તો, આકાશ વિગેરેની પેઠે તેનું પણ વિશેષ વર્ણન ન થાત. માત્ર એક ક્ષણમાં મૂઓ, ઘણા સમય પછી મૂઓ, એવી રીતે તેની નાની અને મોટી ગતિઓ (જણાય છે.)[2] તેમ થતું હોવાથી કાલની અનુગતિ છે, પરંતુ તેની હદ બાંધનાર કહો, એવો પ્રશ્ન છે. જુદી જુદી જાતના કર્મોની 'ગતયઃ' પ્રવૃત્તિના પ્રકારો, જુદી જુદી યોનિઓ પ્રાપ્ત કરાવીને અને સુખ તથા દુઃખ આપીને જેટલી અને જેવી (કર્મની ગતિઓ છે) એમ તેના માપ અને પ્રકાર સમ્બન્ધી પ્રશ્નો છે. 'હે દ્વિજોમાં ઉત્તમ ! એ સંબોધન મોટી કર્મની ગતિથી (શુકમાં) જ્ઞાનનું આવશ્યકપણું સૂચવેલ છે.૧૩

૧.કાર્ય દ્વારા એટલે કાર્યના વિશેષણ તરીકે.(પ્ર)
૨.તેમ થતું હોવાથી એટલે વિશેષ વર્ણનથી (કાલ) જણાતો હોવાથી.(પ્ર)

**યસ્મિન્કર્મસમાવાયો યથા યેનોપગૃહ્યતે ।**

**ગુણાનાં ગુણિનાં ચૈવ પરિણામમભીપ્સતામ્ ।।૧૪।।**

અને ગુણો અને ગુણવાળોના પરિણામને ઈચ્છનારાઓમાં કોનામાં કર્મોનું મેલન થાય છે કેવી રીતે કોનાથી (તેનો) સ્વીકાર થાય છે?૧૪

કોનામાં કર્મોનું મેલન થાય છે એવો બીજો પ્રશ્ન છે. સત્વ વિગેરે ગુણોનું દેવ, હલકા પ્રાણી, મનુષ્ય વિગેરેરૂપ પરિણામ ઈચ્છનારા ગુણવાળાઓના ગુણોના સમૂહરૂપ કાર્યોમાંના કર્મોનું મેલન થાય છે (તે કહો) શુકલ, લાલ, કૃષ્ણ વિગેરેનું 'સમવાયઃ' મેલન (કોનામાં?) શુકલ કર્મ દેવોમાં જ, કૃષ્ણ પાતાળમાં વસનારાઓમાં અથવા અંતરિક્ષમાં રહેલામાં અને મેલનમાં મનુષ્યોમાં (છે)[1] એમ કહેશે. વળી જેવી રીતે કર્મોનું મેલન (થાય છે?) ગુણોનું સરખાપણાથી અથવા ઓછા વધારે પ્રમાણથી.૧ વળી જેનાથી (કોનાથી) કર્મોનું મેલન (થાય છે?) અથવા કોણ કર્મો યોજે છે, 'ઉપે' અને સ્વીકારે છે. જીવ, ભગવાન્, અથવા કાલ વિગેરે? ગુણવાળાઓનું પણ પરિણામ ઈચ્છનારાઓ (હોવાથી તેમને) કહેવા માટે ગુણો અને ગુણવાળાઓ જેવા કે દેવોના અવતાર, ઈંદ્રનો અવતાર વગેરે સાથે કહેલા છે.૧૪

૧.આ ગુણવાળાઓના પરિણામનું ઉદાહરણ છે. જેમ રુદ્ર વિગેરે દેવો પોતપોતાના લોકમાં રહે છે, સ્ત્રીના સમ્બન્ધ વિના પણ કૃપ રુદ્રના ગુણનો અવતાર છે, સાંભ ગૃહનો અવતાર છે, તેવા ગુણવાળાઓના પરિણામ માટે જે મનુષ્યરૂપથી કર્મોનું મેલન થાય છે, તે કેવી રીતે, કોનાથી થાય છે અને કોણ તેનો સ્વીકાર કરે છે? 'તમે યાદવોમાં જન્મો (એમ બ્રહ્માએ દેવોને કહેલ) ત્યારપછી કયો વંશ યાદવ શરીરરૂપે આવ્યો, તે શરીરનો ભોક્તા કોણ, જીવ ભગવાન્ કે કાલ વગેરે? એવું (પ્રશ્નનું) તાત્પર્ય છે.(પ્ર)

**ભૂપાતાલકકુબ્વ્યોમગ્રહનક્ષત્રભૂભૃતામ્ ।**
**સરિત્સમુદ્રદ્વીપાનાં સમ્ભવશ્ચૈતદોકસામ્ ।।૧૫।।**

ભૂમિ, પાતાલ, દિશાઓ, આકાશ, ગ્રહો, નક્ષત્રો, પર્વતો, નદીઓ, સમુદ્રો, બેટો અને આમાં રહેનારાઓની ઉત્પત્તિ (કહો.)

ભૂમિ પાતાલ વિગેરેની અને તેમાં રહેનારોઓની ઉત્પત્તિ કેવી રીતે અને કેટલી, એવો પ્રશ્ન છે.૧૫

**પ્રમાણમણ્ડકોશસ્ય બાહ્યાભ્યન્તરભેદતઃ।**
**મહતાં ચાઽનુચરિતં વર્ણાશ્રમવિનિશ્ચયઃ।।૧૬।।**

બહારના અને અંદરના ભેદથી બ્રહ્માંડના કોશનું માપ અને મહાન્ પુરુષોનું ચરિત્ર (અને) વર્ણો અને આશ્રમોનો નિશ્ચય (કહો).

બ્રહ્માંડના કોશનું, બ્રહ્માંડ કેટલા માપનું છે, એવું માપ 'કોશ' શબ્દથી એવું સૂચવેલ છે કે પત્રોનો વિકાસ થતો ન હોવાથી પત્રના સ્થાનવાળા લોકનું પણ માપ લોકોની ઉપર તથા નીચેની સ્થિતિ પણ કહેવા. બહારથી (બ્રહ્માંડ) કેટલું (અને) અંદરથી કેટલું છે? જેમ 'સૂર્ય અને અંડના ગોલ વચ્ચે ૨૫ કરોડ (યોજન) છે' 'તેવી રીતે બહારનું દશ ઘણું વધારે છે' એમ કહેશે. 'મહાન્ પુરુષો' એટલે સત્પુરુષો, તેમનું ચરિત્ર, ભક્તિ 'ચ, અને શબ્દ હોવાથી જ્ઞાનીઓનું (ચરિત કહો) અથવા ઊલટું[1] વર્ણો અને આશ્રમોનો આચારથી અને સ્વરૂપથી નિશ્ચય (કહો.)૧૬

૧.ઉલટું એટલે સત્ પુરુષોનું ચરિત્ર એટલે જ્ઞાનીઓનું અને 'ચ' હોવાથી ભક્તોનું એવો અર્થ જણાય છે.

**અવતારાનુચરિતં યદાશ્ચર્યતમં હરેઃ।**
**યુગાનિ યુગમાનં ચ ધર્મો યશ્ચ યુગે યુગે।।૧૭।।**

હરિના અવતારનું જે ઘણું જ આશ્ચર્યકારક હોય તે ચરિત્ર, ગુણો અને યુગોનું પ્રમાણ અને દરેક ગુણમાં જે ધર્મ થતો હોય તે (કહો.)

અવતારોનું ચરિત્ર, તેમાં પણ જે સર્વથી અધિક આશ્ચર્યવાળું હોય તે કાલિયનું મર્દન ગોવર્ધનનો ઉદ્ધાર વિગેરે, યુગો કયા (અને) કેટલા, સંવત્સરના ભેદથી યુગોનું પ્રમાણ (કહો.)૧૭

**નૃણાં સાધારણો ધર્મઃ સવિશેષશ્ચ યાદશઃ ।**
**શ્રેણીનાં રાજર્ષીણાં ચ ધર્મકૃચ્છ્રેષુ જીવિનામ્ ।।૧૮।।**

મનુષ્યોનો, કારીગરોનો અને રાજર્ષીઓના સાધારણ ધર્મ અને ઉત્તમ પ્રકારના ધર્મ કેવા છે. ધર્મસંકટમાં જીવનારાઓનો ધર્મ કેવો છે?૧૮

મનુષ્યોના સાધારણ ધર્મ સત્ય બોલવું વિગેરે, ઉત્તમ પ્રકારનો યજ્ઞ વિગેરે સાથેનો ધર્મ, કારીગરોનો એટલે એક કલા ઉપર નભનારાઓનો, રાજર્ષિઓ (એટલે) રાજાઓ થઈને જે ઋષિઓ થયા છે, જેવા કે અનુ વિગેરે, તેઓના સામાન્ય ધર્મ અને ઉત્તમ પ્રકારના ધર્મ કહો. 'ધર્મકૃચ્છ્રેષુ' ધર્મસંકટમાં આપત્તિઓમાં એવો અર્થ છે. 'જીવિનામ્' માત્ર જીવતા રહેનારા, ધર્મ કરવાની શક્તિ વિનાનાનો કેવો ધર્મ એવો પ્રશ્ન છે.૧૮

**તત્વાનાં પરિસઙ્ખ્યાનં લક્ષણં હેતુલક્ષણમ્ ।**
**પુરુષારાધનવિધિર્યોગસ્યાડડધ્યાત્મિકસ્ય ચ ।।૧૯।।**

તત્વોની ગણના, લક્ષણ અને કારણ સાથે લક્ષણ, પુરુષનું આરાધન કરવાની વિધિ અને યોગની અને આધ્યાત્મિક યોગની વિધિ (કહો.)૧૯

પ્રકૃતિ વિગેરે તત્વોની 'પરિસઙ્ખ્યાનમ્' ગણના, સાંખ્ય (શાસ્ત્ર) એવો અર્થ થયો, તેઓનું જ લક્ષણ, (બીજા પદાર્થોથી) જુદો પાડનારો ગુણ અને તેઓનું કારણ સાથેનું લક્ષણ તેઓ તેવા શાથી થયા એવું (લક્ષણ,) 'પુરુષા રાધનવિધિઃ' ભગવાનની સેવાનો પ્રકાર તેવી રીતે યોગની વિધિ અને ઉત્તમ યોગ આધ્યાત્મિક (યોગ)ની વિધિ. આઠ અંગવાળો યોગ તો સાધારણ યોગ છે. આધ્યાત્મિક યોગ તો શ્રવણ મનન અને નિદિધ્યાસનથી વધારે (ઉત્તમ) છે. 'ચ' 'અને' શબ્દથી રાજયોગ વિગેરેનું લક્ષણ કહો એવો પ્રશ્ન છે.૧૯

**યોગેશ્વરૈશ્વર્યગતિર્લિઙ્ગભઙ્ગસ્તુ યોગિનામ્ ।**
**વેદોપવેદધર્માણામિતિહાસપુરાણયોઃ ॥૨૦॥**

યોગેશ્વરોના ઐશ્વર્યની ગતિ, યોગીઓના લિંગ (શરીર)નો ભંગ, વેદો, ઉપવેદો અને ધર્મોનું (અને) ઈતિહાસ અને[૧] પુરાણોનું (લક્ષણ કહો) ૨૦

યોગેશ્વરોના ઐશ્વર્યની ગતિ, જેવી કે કર્દમની, યોગીઓના લિંગનો ભંગ, લિંગશરીરનો ભંગ જેમ કે 'દેહને મરેલો જોવો નહીં' અને ૩-૨૮-૩૭માં કહેલ તેવો, ચાર વેદો અને આયુર્વેદ વિગેરે ચાર ઉપવેદો, ધર્મો (એટલે) ધર્મશાસ્ત્રો, ભારત વિગેરે ઈતિહાસ બ્રાહ્મ વિગેરે પુરાણો આમના લક્ષણ અને પરિમાણ કહો, એવો પ્રશ્ન છે.૨૦

૧.આ શ્લોકમાં છટ્ઠી વિભક્તિના શબ્દો કહેલા છે, કહો શબ્દનું કર્મ ન હોવાથી પહેલા કહેલ લક્ષણ અને પરિમાણનું અહીં અનુસંધાન કરેલું છે.(પ્ર)

**સમ્પ્લવઃ સર્વભૂતાનાં વિક્રમઃ પ્રતિસઙ્ક્રમઃ ।**
**ઈષ્ટાપૂર્ત્તસ્ય કામાનાં ત્રિવર્ગસ્ય ચ યો વિધિઃ ॥૨૧॥**

સર્વભૂતોનો નાશ, વિક્રમ અને પ્રતિસંક્રમ, યજ્ઞો અને ખાતનો કામોનો અને ત્રિવર્ગનો જે વિધિ (હોય તે કહો.)૧૧

'સમ્પ્લવઃ' નાશ. જેટલો અને જેવી રીતે (થાય છે) એવો પ્રશ્ન છે. સર્વ ભૂતો, મહાભૂતો અને ભૌતિક પદાર્થોનું 'વિક્રમઃ' પરાક્રમ, કાર્ય ભૂતો જ કરે છે. 'પ્રતિસંક્રમઃ' ઉપરની પેઠે પછી કારણમાં પ્રવેશ. 'ઈષ્ટમ્' પૂર્વના પ્રકારે કરવામાં આવતા યજ્ઞ વિગેરે. 'પૂર્તમ્' (કૂવા) ખોદવા વિગેરે. તે બેનું ફલ એક હોવાથી સાથે

કહેલા છે. 'કામાનામ્' બીજા કામ્ય કર્મોનું અથવા 'કામાનામ્' વિષયોના ભોગનો જે પ્રકાર તે 'કયા વિષયોનો ભોગ કરવો, કયાનો ભોગ કરવો' એવો વિધિ 'ત્રિવર્ગસ્ય' ધર્મ અર્થ અને કામનો (વિધિ)[1] સ્વતંત્ર પુરુષાર્થના વિચારથી ત્રિવર્ગ કહેલા હોવાથી પુનરુક્તિ નથી. આ (બધા)નું સ્વરૂપ આગળ કહેશે. 'વિધિઃ' પ્રકાર અથવા નિત્ય અને નૈમિત્તિક વગેરે વિધિઓ.૨૧

૧.પહેલાં ૨-૧-૩૯ થી બીજા વિષયોમાં આસક્તિ ન રાખવાનું કહ્યું. પછી સાતમા અધ્યાયમાં ધ્રુવ વિગેરેની કથા કહી, તેથી સર્વ વિષયો ત્યાગ કરવા યોગ્ય નથી. એવું પરિણામ થયું. તેથી સંદેહ થવાથી આ પ્રશ્ન કરે છે એવું આ બીજા પ્રકારના વ્યાખ્યાનનું તાત્પર્ય છે.(પ્ર)

**યો વાઽનુશાયિનાં સર્ગઃ પાષણ્ડસ્ય ચ સમ્ભવઃ ।**
**આત્મનો બન્ધમોક્ષૌ ચ વ્યવસ્થાનં સ્વરૂપતઃ ।।૨૨।।**

અને જે અનુશાયિઓની સૃષ્ટિ અને પાખંડનો સંભવ, અને આત્માના બંધ અને મોક્ષ અને સ્વરૂપથી વ્યવસ્થાન (કહો.)૨૨

અને જે અનુશાયીઓની સૃષ્ટિ 'અનુશાયિનઃ' જેઓ ભગવાને શયન કર્યા પછી શયન કરે તેવા, પણ લોકના કર્મોને અનુસરે તેવા અમુક જીવો. દૈત્યો અને જ્ઞાનીઓ અને તેઓને અનુસરનારાઓ અનુશાયી નથી. બીજા જીવો તો અનુશાયી છે. અનુશાયીની જે સૃષ્ટિ તે કેવી અને કેટલી, એવો પ્રશ્ન છે. પાખંડની વેદમાર્ગની વિરોધવાળાની (અને) 'ચ' અને શબ્દ હોવાથી વિધર્મ વગેરેનો 'સંભવઃ' ઉત્પત્તિ કેવી છે એવો પ્રશ્ન છે. 'આત્મનઃ' અનુશાયી સિવાયના જીવના બંધ એને મોક્ષ, જ્ઞાનીનો મોક્ષ (અને) દૈત્યોનો બંધ અથવા બંનેના બંને (કેવા છે) એવો પ્રશ્ન છે. સ્વરૂપથી 'વ્યવસ્થાનમ્' બંધ અને મોક્ષ વિના આત્મા કેવી રીતે રહે છે કયા પ્રકારનો છે એવો પ્રશ્ન છે. આનો ઉત્તર 'શરીરરહિત રહેતો એમ કહેશે.૨૨

**યથાઽઽત્મતન્ત્રો ભગવાન્ વિક્રીડત્યાત્મમાયયા ।**
**વિસૃજ્ય વા યથા માયામુદાસ્તે સાક્ષિવદ્વિભુઃ ।।૨૩।।**

સ્વતંત્ર ભગવાન્ પોતાની માયાથી કેવી રીતે ક્રીડા કરે છે, અથવા માયાને તજીને કેવી રીતે સાક્ષીની પેઠે શક્તિવાળા ઉદાસીન રહે છે?૨૩

અને આ બ્રહ્માંડમાં અવતરેલા ભગવાન્ સ્વતંત્ર હોવા છતાં કેવા પ્રકારે પોતાની માયાથી ક્રીડા કરે છે? અવતાર લઈને ભગવાન્ કેવી રીતે ક્રીડા કરે છે, એવો અર્થ છે. અથવા વૈકુંઠમાં અથવા બીજા સ્થલે ક્રીડા કરે છે એવો (અર્થ છે) માયાનો સમ્બન્ધ હોય ત્યારે ભગવાનનું ચરિત્ર કેવું (હોય છે) એવો અર્થ થયો અને માયાને તજીને

ભગવાન્ જેવી (કેવી) રીતે ઉદાસીન રહે છે? સાક્ષીરૂપ થઈ સર્વ જુએ છે. સાંખ્યસિદ્ધાંતથી જણાતું ઉદાસીન (હોવું) તે એક ભગવાનનું સ્વરૂપ છે. તેના જેવું મૂલરૂપ છે કે નહીં એવો પ્રશ્ન છે. બંને (પ્રકારે કાર્ય) કરવાની શક્તિવાળા હોવાથી સંદેહ રહે છે એમ 'વિભુઃ' 'શક્તિવાળા' શબ્દોથી કહેલું છે.૨૩

એ પ્રમાણે અત્યંત ઉપયોગી પ્રશ્નો કહીને, સામાન્ય રીતે બીજા પૂછતા નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**સર્વમેતચ્ચ ભગવન્ પૃચ્છતો મેઽનુપૂર્વશઃ ।**
**તત્વતોઽર્હસ્યુદાહર્ત્તું પ્રપન્નાય મહામુને ।।૨૪।।**

અને હે ભગવન્ ! હે મહામુનિ ! શરણ આવેલા પૂછનારને મને આ સર્વ અનુક્રમ પ્રમાણે તત્વથી કહેવા યોગ્ય છો.૨૪

'આ' ઉપર કહેલું 'ચ' 'અને' શબ્દ હોવાથી ન પૂછેલું પણ આપ ભગવાન્ પૂછનારને 'મે' મારા કાર્ય માટે 'અનુપૂર્વશઃ' પ્રશ્નના અનુક્રમથી (કહો.) જેની જીજ્ઞાસાથી આ પ્રશ્નો કર્યા, તેવી રીતે અનુક્રમે ઉત્તર આપવાથી ચિત્ત તેમાં સારી રીતે રહેશે તેથી અનુક્રમથી જ (ઉત્તર) કહો, એમ કહેલું છે; અને મારા અધિકાર પ્રમાણે ન કહેશો પરંતુ તત્વથી કહેજો. આથી બીજા મતો પણ કહેવાનું કાઢી નાખ્યું. જો કે શ્રવણ કરવાનો મારો અધિકાર નથી, છતાં પણ આપ કહેવા યોગ્ય છો. 'શ્રવણ કરનારનો પણ અધિકાર જોઈએ, એમ કહે તેથી 'શરણ આવેલા' શબ્દ કહેલ છે, કારણકે શરણ આવેલાને સર્વ કહેવું જોઈએ, અને આ વિવેકનું વચન નથી, તે આપ જ જાણો છો એમ 'હે મહામુનિ !' સંબોધનથી કહેલ છે મુનિ (બીજાના) અંતઃકરણમાં રહેલાને જાણે છે, મહામુનિ તો ભવિષ્યમાં થનારને પણ (જાણે છે) અને જે તત્વનું જ્ઞાન થવાનું છે, અથવા મારૂં જે શરણ આવવાનું છે તે બંને આપ જાણો છો, સંબોધન (નો અર્થ છે.)૨૪

'બધા મુનિઓ છે અને બધા સર્વ જાણનારા છે, અને તેઓ જુદા જુદા પ્રકારનું કહેનારા છે, જેવું તેમનું પ્રામાણ્ય વિકલ્પવાળું (હોય છે,) તેવું મારૂં પણ થશે' એવી શંકા ન કરવી તે નીચેના શ્લોકથી કહે છે :

**અત્ર પ્રમાણં ભગવાન્ પરમેષ્ઠી યથાઽઽત્મભૂઃ ।**
**પરે ચેહાઽનુતિષ્ઠન્તિ પૂર્વેષાં પૂર્વજૈઃ કૃતમ્ ।।૨૫।।**

આ વિષયમાં જેવા આત્મભૂ બ્રહ્મા પ્રમાણ છે તેવા (આપ) ભગવાન્ (પ્રમાણ

છો,) અને બીજાઓ અહીં (પોતાના) વડવાઓના વડવાઓએ કરેલને અનુસરે છે.૨૫

પ્રમાણશબ્દ ખોટું ન થાય તેવા જ્ઞાન માટે અથવા ખોટું થવા યોગ્યથી જુદા માટે (યોજાય) છે. તેના સમ્બન્ધવાળો જે જ્ઞાનવાળો, જ્ઞાનનું સાધન અને જ્ઞાનનો વિષય તે બધું 'પ્રમાણ' શબ્દથી કહેવાય છે. કેટલાક તો પ્રમાણ શબ્દ જુદા જુદા અર્થવાળો કહે છે. તે સમ્બન્ધમાં જેમના જ્ઞાનનું પ્રમાણપણું ઉત્પત્તિથી આરંભી મરણ સુધી ફરતું નથી તેઓ પ્રમાણ શબ્દથી કહેવાય છે. જેવી રીતે આ વિષયમાં ભેદ સિવાયના પ્રમેયમાં આત્મભૂ (બ્રહ્મા) પ્રમાણ છે. જેમ ઋષિઓમાં પરસ્પર વિરોધ થાય છે, તેવું કોઈપણ સમયે બ્રહ્માના વાક્યમાં થતું નથી. 'આત્મભૂ' શબ્દથી તેમનું પ્રામાણ્ય ઉત્તમ હોવાનું કારણ કહેલું છે. 'પરમે' ભગવાનમાં 'તિષ્ઠતિ' રહે તે. પરમેષ્ઠી ઉત્પત્તિ અને સ્થિતિથી તે ભગવાનમાં રચ્યા પચ્યા રહેતા હોવાથી તેમનું પ્રામાણ્ય છે, એવી રીતે ભગવાન્ (આપ, શુક) પણ પ્રમાણ છો, એવો અર્થ છે.

'માત્ર તારા વચનથી મારૂં પ્રામાણ્ય કેમ થશે? અને થતું હોય તો તે સર્વથી જાણેલું કેમ થશે?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. બીજાઓ જે મારા (પરીક્ષિત)થી પણ મોટા પરમાર્થના જ્ઞાનવાળા છે, તેઓ પણ 'ઇહ' આ ભક્તિમાર્ગમાં આપે કહેલા વિષયમાં વિશ્વાસ કરે છે અને તે પદાર્થને અનુસરે છે. તેઓના પણ વડવાઓના વડવાઓએ (તે) કરેલ છે. આપે કહેલ અર્થને બધાએ અનુસરે છે, બધાએ (તેમ) કરે છે. તેથી આપનું વાક્ય સર્વત્ર પ્રમાણ છે.

અથવા અમારે તો સાક્ષાત્ ભગવાન્ (આપ) જ પ્રમાણ છો. 'પરે' બીજાઓ તો પોતાના વડવાઓના પણ જે વડવાઓ તેમણે જે કરેલ તેને જ અનુસરે છે. 'ચ' શબ્દનો અર્થ [1]પરંતુ છે પરંતુ કાંઈપણ પ્રમાણનો વિચાર કરતા નથી. મને તો તમારા કહેવામાં સંદેહ નથી એવો અર્થ છે.૨૫

૧.'તુ' 'પરંતુ' શબ્દ ભેદ દર્શાવનારો છે.

વળી આપના વચનથી જ હું જીવું છું; આપનું વચન ન હોય તો મરણ જ થાય; કારણકે તક્ષક નામનો મોટો ભય જાણેલો છે. તે નીચેના શ્લોકથી કહે છે :

**ન મેઽસવઃ પરાયાન્તિ બ્રહ્મન્નનશનાદમી ।**

**પિબતોઽચ્યુતપીયૂષમન્યત્ર કુપિતાદ્દ્વિજાત્ ।।૨૬।।**

હે બ્રહ્મન્ ! અચ્યુતપીયૂષનું પાન કરનારના મારા આ પ્રાણો કોપ પામેલા દ્વિજથી, બીજા કારણથી ભૂલથી નાશ પામતા નથી. ૨૬

મારા 'અસવઃ' પ્રાણો ભૂખથી પણ 'પરાયાન્તિ' નાશ પામતા નથી, તેનું જ્ઞાન (શુકને) છે એમ (જણાવવા) હે બ્રહ્મન્ ! એવું સંબોધન (કરેલ છે) કારણકે ભૂખ પ્રાણ કાઢી નાખનારી છે. 'આ' શબ્દથી દુઃખી થએલા પ્રાણ દેખાડે છે. 'અચ્યુતપીયૂષનું પાન કરનારના' શબ્દથી (પ્રાણ)ન નીકળવાનું કારણ કહેલ છે. અચ્યુતના સમ્બન્ધવાળું કથારૂપ અમૃત, અથવા અચ્યુત જ અમૃત (હું પાન કરૂં છું.) આથી પોતાનો ઉત્તમ અધિકાર જણાવ્યો. 'આ અમૃત જેમ ભૂખનો નાશ કરે છે તેમ શાપનો પણ નાશ કરશે' એવી શંકા થાય, તેથી 'કોપ પામેલા દ્વિજથી બીજા કારણથી' એમ કહેલું છે. આથી એવો અર્થ (જણાવેલ છે) કે કથારૂપ અમૃતથી પ્રાણનો નાશ કરનારા બધા અટકાવાય છે, પરંતુ કોપ પામેલા દ્વિજથી જે તક્ષક નામનો પ્રાણનો નાશ કરનારો છે તે અટકાવાતો નથી. તેમ ન હોય (અટકાવાતો હોય) તો તે કોપ તે બ્રાહ્મણનો જ નાશ કરે, કારણકે મૃત્યુએ ગ્રહણ કરેલો કોપ એકનો સંપૂર્ણ રીતે નાશ કરે છે. તે સમ્બન્ધમાં બ્રાહ્મણના મરણ કરતાં (મારૂં) પોતાનું મરણ જ સારૂં, એવી મારી કામનાથી સર્વને અટકાવનારૂં હોવા છતાં પણ આ અમૃત તે (શાપ)ને અટકાવતું નથી, એવો અર્થ છે.૨૬

એવી રીતે ઉપર ઉપરથી પ્રશ્નનો અર્થ કહ્યો. આ અધ્યાયનો વિમર્શમાં સમાવેશ થતો હોવાથી વિમર્શમાં ઉપયોગી થાય એવો કોઈક પદાર્થ કહેવો જોઈએ. તે પૈકી ઉપપત્તિથી વિમર્શનો આરંભ કરેલ હોવાથી (અને) ઉપપત્તિના ત્રણ રૂપ હોવાથી, સંશય, સિદ્ધાંત અને ફલ પૈકી પ્રથમ સંશય કહેવો જોઈએ. તે જો સર્વ વિષયનો હોય, તો શ્રવણ કરનારનો અધિકાર ન રહે. તેથી સાત અધ્યાયોમાં જે પ્રમેય કહ્યું તેમાંના જેટલામાં (રાજા) સંમત હતો તેનું અંતસુધીનું પોતાનું જ્ઞાન જણાવીને, જ્યાં નિર્ણયરૂપ જ્ઞાન જેવું શ્રવણ કરેલું હતું તેમાં સંદેહ કરે છે તેથી આ પૂર્વપક્ષનો અધ્યાય છે એમ માનવું. તેમ ન માનીએ તો પહેલાના અધ્યાયો અથવા[1] પોતે વ્યર્થ થાય, અને આટલા પ્રશ્નો સંગતિ વિનાના થાય. અનંત પ્રશ્નો કરવા પડે. તેઓ[2] સમ્બન્ધી સંશય કરવામાં આવે છે, અને બીજાઓનો નિર્ણય કરેલ અર્થ કહીને (રાજા) પોતે તે સમજ્યો છે એમ જણાવેલ છે. તેમ ન[3] માનીએ તો ૨-૮-૪ વિગેરે શ્લોકોથી જણાવેલ પ્રમેય શુકે કીધેલું ન હોવાથી પ્રમાણરહિત થાય, અને ગુરુને શંકા[4] ઉત્પન્ન કરે. તેથી સાત અધ્યાયોનો જ અહીં પૂર્વપક્ષ તરીકે વિચાર કરવામાં આવે છે.

તે પૈકી આરંભમાં ૨-૧-૨ થી ૪ ત્રણ શ્લોકોમાં સાધારણ (પુરુષો)નો અધિકાર ન હોવાનું કહીને અભય ઈચ્છનારાઓનો જે ઉપાય કહ્યો તે ઘટતું નથી,

કારણકે બ્રહ્માએ જુદા જુદા અધિકારથી પ્રમેય કહેવાનો ઉપદેશ કરેલો છે. તે ૨।૮।૧ માં કહેલ છે. આજ બધું તત્વ અધિકારના ભેદથી કહેવું જોઈએ. તેથી[૫] કેટલાકનો અધિકાર છે અને કેટલાકનો અધિકાર નથી એવો વિચાર સંભવતો નથી; અને ''હે નૃપ ! વિષ્ણુભક્તિમાં છે તેમ આના સર્વ અધિકારીઓ છે'' એ વાક્યનો વિરોધ થાય છે. તેથી 'આ જાણવા ઈચ્છું છું' (૨।૮।૨) એવું કહેલું છે. વળી એકલા ભગવાનનું જ શ્રવણ કરવું એમ જે (૨।૧।૫માં) કહ્યું તે પણ ઘટતું નથી, કારણકે અદ્‌ભુત પરાક્રમવાળા જ શ્રવણ કરવા યોગ્ય છે. તેમ[૬] ન હોય તો આ કહેવામાં આવશે તે ફલ ઘટે નહીં. સર્વ ચરિત્રોમાં ભગવાને સ્વભાવથી જ પ્રવેશ કરેલો હોવાથી કોઈને પણ સંસાર થાય નહીં, અને શાસ્ત્ર નકામું થાય તે ૨।૮।૨થી કહેલું છે. અદ્‌ભુત વીર્યવાળાની કથાઓ અદ્‌ભુત વીર્યરૂપ છે. તેમ હોય ત્યારે શ્રવણ વિગેરેનું સાધન[૭] જણાય તેમ ન હોય[૮] તો અદષ્ટની કલપ્ના કરવી પડે, અને દોષા[૯] વિઘ્ન કરનારા હોવાથી ફલ (પ્રાપ્ત) ન થાય, અને 'ગુણોમાં આસક્ત થએલા જંતુને દુઃખ કરનારૂં છે' એ વાક્યનો વિરોધ થાય. 'જેવી રીતે હું સર્વના આત્મામાં (મન મૂકીને) (૨।૮।૩) શબ્દોથી તે (ફલ) કહેલું છે. શ્રવણ વિગેરેથી ભગવાનમાં મન રાખવામાં આ જન્મમાં આટલું જ ફલ થાય છે. બીજા જન્મમાં તો બીજું[૧૦] ફલ થાય છે.

'અલ્પકાલથી જ ફલ પ્રાપ્ત થાય છે' (૨।૧।૧૨) તે પણ સંગતિરહિત છે, કારણકે ઉપાય જાણેલો હોય ત્યારે ભગવાનને ઘણું [૧૧]કરવાનું રહે, તે ૨।૮।૪ થી કહેલ છે. પોતાના [૧૨]માટે તો (૧)(ભગવાનમાં) મન રાખવાનું જ છે. તેથી જ નિર્ણય કરીને 'કલેવર તજું' (૨।૮।૩) એમ કહેલું છે. પછી ભગવાનને મનમાં રાખેલ હોવાથી [૧૩]બીજા જન્મમાં (ભગવાન્) સેવામાં ઉપયોગી થાય તેવો દેહ પ્રાપ્ત કરાવે ત્યારે 'પોતાનો' થશે અને 'ભાવરૂપ કમલ' થશે (૨।૮।૫) બહાર રહેલા જ (ભગવાન)ને અંદર પ્રવેશ કરાવવામાં આવે ત્યારે ફલ સિદ્ધ થાય, પરંતુ અંદર રહેલાથી કાષ્ઠમાં રહેલા અગ્નિની પેઠે ફલ પ્રાપ્ત થતું નથી, તે (અર્થ) ૨।૮।૪ માં કહેલ છે. તેમ ન થાય[૧૪] તો બીજા માર્ગથી એકસો જન્મે પણ (સંસારમાંથી) રાગ દૂર ન થાય, કારણકે શરીર અને ઈંદ્રિયો ગુણોના કાર્ય છે. આ માર્ગમાં તો 'પ્રકર્ષેણ' આગ્રહથી[૧૫] પ્રવેશ કરેલા (ભગવાન્) શમલનો નાશ કરે છે, અને પછી અવયવો શિથિલ[૧૬] થતાં મૂલના બંધથી છૂટતાં ગુણોથી જ પછીનું કાર્ય થાય. તેથી જ 'કાઢી નાખે છે.' (૨।૮।૫) એમ જ કહેલ છે; પછી (૨)બીજું [૧૭]અભય (પ્રાપ્ત) થાય

છે. જેમનાથી ભય નથી, એવા અભયરૂપ ભગવાન્ મનથી પ્રાપ્ત થએલા છે. તેથી મૃત્યુએ ગ્રહણ કરેલ શરીર વિગેરે ન હોવાથી 'નથી ભય જેનું' એવું બીજું ફલ પ્રાપ્ત થાય છે. સિદ્ધાંત અને ફલોથી આગળના દશમ સ્કંધનો અર્થ જાણવામાં આવે ત્યારે 'આમનાથી ભય નથી' (૩)એવા (ભગવાન્) પોતે ભયનો નાશ કરનાર જ થશે. 'મૃત્યુઓના મૃત્યુ ઈશ્વરને મૃત્યુ દાહ કરશે જ નહીં.' એમ તે કહેશે. તેમ ન હોય[૧૮] તો પહેલા પક્ષમાં જ અંત આવતો હોય તો ગુરુને કાર્ય કરવાનું ન રહે. તેથી ત્રણ (ફલ) આમનાથી જ થાય છે.

વળી જીવોના સ્વભાવ અને ક્રિયાથી અનર્થ થાય છે, એમ જે કહ્યું તે પણ સંગતિરહિત છે. જીવોના સ્વભાવથી જ શું (તેમને) દેહ વિગેરેનો સમ્બન્ધ થાય છે કે ઈશ્વરની ઈચ્છાથી? પહેલા (વિચાર) પ્રમાણે સર્વ (કોઈ)ને મોક્ષ ન થવાનું [૧૯]બને. બીજા (વિચાર) પ્રમાણે તેઓ ઠપકાને પાત્ર નથી. કારણકે ભગવાને જ તે પ્રાપ્ત કરાવેલા છે. આ અભિપ્રાયથી ૨।૮।૭ કહેલ છે. વળી 'સર્વાત્મા, ભગવાન્, હરિ, ઈશ્વર ૨।૧।૫ એ ભગવાનના ચાર વિશેષણોનું શ્રવણ કરવું એમ જે કહ્યું તે પણ સંગતિરહિત છે તે (૨।૮।૮)થી કહેલ છે. સર્વાત્મા ભગવાન્ શ્રવણ કરવાના વિષય તરીકે કહ્યા. અને તેમના ઉદરમાંથી કમલ ઉત્પન્ન થયાનું કહ્યું. [૨૦]કમલના આધાર તરીકે તે (ભગવાન્) કમલથી જુદા ન હોવાથી, અને જગત્ કમલના આધારવાળું હોવાથી, (ભગવાન્) સર્વના આત્મા હોવાનું ઘટતું નથી. લક્ષણાથી (એવો) પ્રયોગ કરેલ હોય તો, તે તો ફલ ઉત્પન્ન કરતો નથી એમ સિદ્ધ થએલું[૨૧] છે. વળી ભગવાનપણું જ ઘટતું નથી. તે ૨-૮-૮થી કહેલ છે, કારણકે (તે) પ્રાકૃત (પુરુષ)ની સમાન છે, એવો અર્થ છે, અને હરિપણું પણ થતું નથી. તે ૨।૮।૯થી કહેલું છે કારણકે ભગવાનની કૃપા પ્રાપ્ત કરીને પણ આ બ્રહ્મા સર્વ ભૂતોના સમૂહને રચે છે. મોટા કર્મમાં રોકાએલ હોઈ ઘણો ખિન્ન થાય છે, અને ભૂતોનો આત્મા થાય છે (એટલે) જુદા જુદાના સ્વભાવ પ્રાપ્ત કરે છે. 'ઘણી ચિંતાથી સૂતેલ' શબ્દોથી આજ (અર્થ) આગળ કહેશે; અને ઈશ્વરપણું ઘટતું નથી, તે (અર્થ) ૨-૮-૧૦થી કહેલ છે. આ પણ પ્રાકૃત તુલ્ય, જગત્ રચવામાં રોકાએલ, માયાને ગ્રહણ કરવાના અને તેનો ત્યાગ કરવાના ક્લેશવાળો, શયન (કરનાર) અને ગૂઢ સ્થાનમાં રહેનાર છે., પાતાલ આપના પાદનું મૂલ છે, એમ જે કહ્યું, તે પણ સંગતિરહિત છે તે ૨।૮।૧૧ થી કહેલ છે. પરસ્પર વિરોધ હોવાથી બંને ઘટતા નથી એવું તાત્પર્ય છે. ઈંદ્ર વિગેરે બાહુઓ હોવાનું (૨।૧।૨૯) જે કહ્યું તે પણ સંગતિરહિત છે કારણકે

કલ્પો જુદા જુદા હોવાથી, અને દરેક કલ્પમાં ઇંદ્ર જુદા હોવાથી, બાહુઓ નક્કી કરેલ ન રહે. (ઇંદ્ર શબ્દ) અધિકારના અર્થવાળો હોય ત્યારે પણ અધિકારવાળા જુદા જુદા હોવાથી તે દોષની તેજ સ્થિતિ છે, કારણકે ઇંદ્ર હોવાનો ગુણ બાહુ નથી, જો કે 'કહે છે' એવું પ્રમાણ (ત્યાં) કહેલું છે, તે પણ સંગતિરહિત છે કારણકે વિકલ્પો હોય છે. વિકલ્પો (એટલે) યુગના ભેદો, અથવા બ્રહ્માના કલ્પની અંદરના કલ્પો, બંને દરેક કલ્પે જુદા હોવાથી બાહુઓ અને તેમના માપની વ્યવસ્થા ન રહે. વળી કર્ણો દિશાઓ છે (૨।૧।૧૯) એમ જે કહ્યું, (તેમાં) દિશાઓ ગોઠવાએલી ન હોવાથી (તેઓ) કાન હોવાનું ઘટતું નથી 'સૂર્યથી દિશાઓના વિભાગ થાય છે' એ વાક્યથી, જ્યાં (સૂર્ય) ઉગે તે પૂર્વ એવી વિગેરે રીતથી દિશાઓ તો સૂર્યથી કરવામાં આવે છે. તેથી કાલનું માપ કરનાર સૂર્યનો વિચાર કરતાં, દિશાઓ છે જ નહીં, તો પછી તેઓ કાન કેમ હોય? વ્યવહાર તો ઉપચારવાળા (શબ્દો)થી[૨૨] પણ થાય, પદાર્થોનો નિર્ણય તો એવા પ્રકારનો ન હોય. વળી 'શ્રોત્ર આપનો શબ્દ છે.' (૨।૧।૧૯) એમ જે કહ્યું તે પણ ઘટતું નથી, કારણકે કાલના ભેદથી જ શબ્દોની પ્રવૃત્તિ થાય છે. તે (અર્થ) ૨।૮।૧૩ માં કહેલ છે, આ (શબ્દો)ની એક સાથે પ્રવૃત્તિ થતી નથી, તેથી શ્રોત્ર મુકરર કરેલ ન થાય. અમુક શબ્દ જ શ્રોત્ર હોય તો સર્વ (શબ્દો)ના રૂપ ભેગા કરવામાં આવે છે તે સંગતિરહિત થાય. વળી 'અશ્વિનો પરમના નશ્કોરાં છે' (૨।૧।૨૯) એમ પણ જે કહ્યું (તે સમ્બન્ધમાં) અશ્વિનીકુમારો આયુર્વેદના પ્રવર્તકો હોવાનું કહેવું જોઈએ, પછી આયુષ્યના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ કે ભગવાને આપેલું પ્રાણીઓનું આયુષ્ય મુકરર કરેલું છે કે મુકરર કરેલું નથી? બંને પ્રકારે અશ્વિનીકુમારો ઉપયોગના નથી. તેથી પોતાની મેળે આયુષ્યના પ્રમાણનો વિચાર કરતાં અશ્વિનીકુમારો જ જણાવવાના નહીં[૨૩] હોવાથી તેઓ નાસિકા હોવાનું દૂર રહ્યું. એવી રીતે 'ગંધ આપનું નાક છે, સળગતો અગ્નિ મુખ છે' (૨-૧-૧૯) (તે સમ્બન્ધમાં) ગંધ અને અગ્નિ ત્રણ ક્ષણની અવસ્થામાં (રહેનારા છે.) તેથી કાલની સ્થૂલ અથવા સૂક્ષ્મ અનુગતિનો જો વિચાર કરવામાં આવે તો ગંધ અગ્નિ અને સ્વર્ગની સંગતિ થતી નથી એવો અર્થ છે.

વળી 'સૂર્ય ચક્ષુ થયો, દિવસ અને રાત્રિ બંને વિષ્ણુની પાંપણો છે' નો વિચાર ઉપર પેઠે (કરવો) કારણકે કર્મની ગતિઓનો વિચાર કરતાં કોઈ પણ કર્મથી સૂર્ય ફરતો હોય [૨૪]ત્યારે અને સૂર્ય અનંત હોય ત્યારે, દિવસ અને રાત્રિની વ્યવસ્થા સૂર્યની ગતિથી થતી હોવાથી, અને તે (ગતિ) કર્મરૂપ હોવાથી (સૂર્ય ભગવાનનું) ચક્ષુ હોવાનું

જ ઘટતું નથી અને, (દિવસ અને રાત્રિ) પાંપણો હોવાનું ઘટતું નથી.[24] 'જેવી' (૨-૮-૧૩) શબ્દથી તેના જ પેટા ભેદો કહેલા છે. 'તેમની ભ્રૂકુટિનું ફરકવું પરમેષ્ઠીનું સ્થાન છે.' (૨-૧-૩૦) એમ જે કહ્યું, તે (સ્થાન) પણ કર્મથી જ પ્રાપ્ત થાય તેવું છે. તે ૨-૮-૧૪માં કહેલું છે. આ બ્રહ્મા ગુણવાળાઓનું અને ગુણોનું કર્મોનું મેલન કહેલ છે. તેમાં ભગવાનની ભ્રૂકુટિનું ફરકવું શું? આથી જ 'જલો આપના તાલવા છે, રસ જ [25]જીભ છે' એમાં પણ સંદેહ કહેવાયેજ. આથી જે૨૬ કાંઈ ગોલક તરીકે અને ઈંદ્રિય તરીકે કહેલા છે તે બધામાં સંદેહ કહેવાયાનું જાણવું.[26] વળી ૨-૧-૩૦થી આરંભી ૨-૧-૩૬ સુધીના શ્લોકોથી કહેલા પદાર્થો વિશેષ અને સામાન્યના વિચારથી અર્થ વિનાના થશે, તેથી આધાર અને આધેયની સ્થિતિ પ્રાપ્ત કરેલા વિશેષ દશ પદાર્થો ૨-૮-૧૫થી કહે છે. આ દશ પદાર્થોનો તેમના કાર્ય સાથે વિચાર કરવામાં આવતાં અને બ્રહ્માંડનો સામાન્ય રીતે વિચાર કરતાં (આ) બ્રહ્માંડ જ થાય છે. તે ભગવાન્ અથવા ભગવાનના અવયવો હોવાનું કોઈ પણ પ્રકારે બંધ બેસતું નથી. તેથી તૈયાર થએલ બ્રહ્માંડને દૂર કરી પુરુષ હોવાની કલ્પના કરવી વ્યર્થ છે એવું તાત્પર્ય છે. ૨-૮-૧૬થી 'અસુરોની સેનામાં ઉત્તમ' ૨-૧-૩૬માં સંદેહ કહે છે. 'બ્રાહ્મણ મુખ છે' ૨-૧-૩૭માં વર્ણાશ્રમના નિશ્ચયથી સંદેહ કરેલ છે. '૨-૧-૩૭માં જે યજ્ઞ કહ્યાં, તે ભગવાનનું કર્મ હોઈ પ્રાકૃત અને અનિત્ય ન હોવાથી, ઉપર કહેલા દોષ તેમાં ન હોવાથી તે એકલો થઈ શકે' એવી શંકા કરીને, નવ પદાર્થોના વિચારથી તેનો પણ પ્રત્યુત્તર થશે, એવા અભિપ્રાયથી (૨-૮-૧૭ અને ૧૮) બે શ્લોકોથી નવ પદાર્થો પૂછે છે, કારણકે દેવતાનું નામ લઈને તેને દ્રવ્ય આપવું તે યજ્ઞ. તેમાં દેવતા, દ્રવ્ય અને ક્રિયા (અને) દેશ વિગેરે (યજ્ઞના) છ અંગો, એવી રીતે નવ (પદાર્થો) થાય છે. તે પૈકી ભગવાનના અવતારથી દેવતાનો વિચાર થાય છે, અને તે અવતાર લોકમાં થતો હોવાથી લૌકિક છે. યુગો તો વિચાર કરવા યોગ્ય છે, તેમનો વિચાર કરવામાં આવતાં, દ્રવ્યનો પણ નિરાસ થશે, જેમ કે 'યજ્ઞનું સ્થાન જોતાં તેઓએ દૂધપાકને કાચબો થઈ ફરતો જોયો? આ કર્મ (યજ્ઞ) ક્યારે થાય? યુગોમાં કે યુગથી જુદા સમયમાં? અમુક યુગમાં જો થતું હોય, તો તેનાથી પહેલા દ્રવ્ય ન હોવાથી યજ્ઞ ન [27]થાય. એવું બીજા (સમય)માં પણ જાણવું અને યુગના માપનું વિચાર કરવામાં આવે ત્યારે યજ્ઞો જુદા પ્રકારના[28] હોવાથી ક્રિયાની જ સંગતિ થાય નહીં; જેમકે ત્રેતાયુગ બેસતાં યજ્ઞની ઉત્પત્તિ (થઈ,) વળી યુગનો પણ ગુણ [29]કાલ છે. મનુષ્યોનો સાધારણ ધર્મ એ, દેશ છે, ઉત્તમ પ્રકારનો જેવો (કેવો) એ

(જણાવવા) ગુણોના ભેદથી જુદા થએલા બે પ્રકારના દ્રવ્યો કહ્યાં, 'કારીગરો' શબ્દથી કર્તાઓ (અને) 'રાજર્ષિઓ' શબ્દથી મંત્રો, 'ધર્મસંકટ' શબ્દથી કર્મો કહ્યાં, તેથી જ છ (પદાર્થો)માં (તેઓ) અંગ હોવાનું જણાવવા 'ધર્મ' શબ્દ યોજેલ છે. 'ઈશ્વરના (વિરાટ્) દેહના અવયવોની ગોઠવણ આટલી છે' (૨-૧-૩૮) એમ જે કહ્યું તે પણ તત્વોના વિચારથી માનવામાં નહીં આવે. તત્વોના એક ભાગથી બ્રહ્માંડ રચાયું. તેથી 'જે (રૂપ)થી બીજું કાંઈ નથી' એ વચન ઘટે નહીં.

અહીંથી[૩૦] હવે બીજા અધ્યાયમાંના સંદેહનો આરંભ (થાય છે.) તેના આરંભમાં જ 'એવી રીતે પહેલા ધારણાથી (૨।૨।૧) એમ જે કહ્યું તે સંગતિરહિત છે,' તત્વોના લક્ષણના વિચારથી તેઓનું લક્ષણ સૃષ્ટિ કરવાની શક્તિ છે, કારણકે તેજ (તેમનો) અસાધારણ ગુણ છે. તે જાણવામાં આવે ત્યારે બ્રહ્મામાં પ્રવેશ કરેલ તેમના અંશોથી જ કાર્ય થતું હોવાથી, તેમના જ્ઞાન વિગેરે વ્યર્થ થાય છે. જોકે શબ્દબ્રહ્મનો આજ માર્ગ છે (૨।૨।૨ થી ૬) વિગેરે (શ્લોકો)થી વૈરાગ્ય મુખ્ય કરીને પોતાના ચિત્તમાં રહેલા ભગવાનનું ચિંતન કરે, એમ (કહેલું છે,) તે પણ તત્વોના કારણ સાથેના લક્ષણનો વિચાર કરતાં, ઉપર પ્રમાણે જ (પરિણામ) થશે. તેમાં ચિત્ત મહત્તત્વરૂપ હોવાથી મહત્તત્વના રહેલાજ ભગવાન્ ત્યાં હોવાથી પોતાના (બ્રહ્માના) ચિત્તમાં કોણ આવ્યું? અને આત્મા તેમાં આવ્યાની વાત દૂર રહી; 'ચિત્ત તે મહત્તત્વરૂપ છે' એવું (તેના) કારણનું લક્ષણ છે, વળી 'કેટલાક પોતાના દેહની અંદર હૃદયના પોલાણમાં' એમ (૨।૨।૮)માં જે કહ્યું, તે પણ પુરુષની પૂજાનો વિચાર કરવામાં આવતાં 'મનોમયી મણિમયી' એવું વાક્ય હોવાથી તે મનથી (કલ્પેલી) મૂર્તિ હોય, તે ભગવાન્ કેવી રીતે થાય? સ્થૂલ અને સૂક્ષ્મ (સ્વરૂપ)ની ધારણા થાય તે માટે બે યોગ કહ્યા, તે પણ યોગનો સ્વરૂપનો વિચાર કરવામાં આવતાં (યોગ) ચિત્તની વૃત્તિના નિરોધરૂપ હોવાથી સંગતિરહિ[૩૧] તે જ થશે. વળી 'સ્થિર અને સુખરૂપ આસન ઉપર બેઠેલો યતિ' (૨।૨।૧૫) [૩૨]એમ જે કહ્યું તે પણ[૩૩] સંગતિરહિત છે, કારણકે જીવતો (હોય ત્યારે) જ યોગી કર્મની પેઠે સર્વ લોકમાં (તે) જવાનું સંભવે છે, મરણનું શું પ્રયોજન? અને ઐશ્વર્યના સ્થાનથી અર્જુન વિગેરે પણ આ દેહથી જ સ્વર્ગમાં ગએલા અને સ્વીકારાએલા. વળી 'આનંદમય થઈ અંતે પુરુષોત્તમને (પ્રાપ્ત કરે છે)' એમ (૨।૨।૩૧) જે કહ્યું, તે પણ યોગીના લિંગદેહનો નાશનો વિચાર કરતાં સંગતિરહિત૩૩ છે. વળી 'ભગવાને વેદનો સંપૂર્ણ રીતે (વિચાર કરીને) ૨।૨।૩૪ એમ જે કહ્યું તે પણ વેદનો વિચાર કરતાં સંગરિહિત છે.[૩૪] ભગવાન્

આત્મા હોય, તો તેમના ઉપર પ્રેમ થએલો જ છે, અને ઉપદેશ નકામો છે. જો પ્રેમ ન હોય, તો તે આત્મા નથી,[34] 'અજ્ઞાનને લીધે આત્મા (હોવા) છતાં પણ બીજાના આત્માની પેઠે આત્મા તરીકે જણાએલા નથી,' એમ જો હોય, તો તે આત્મા છે એવોજ ઉપદેશ કરવો જોઈએ, અને પ્રેમ માટે પ્રયત્ન કરવો ન જોઈએ.

[35]વળી જે કામનાઓ ભેદથી બીજા દેવોનું ભજન (કરવાનું) કહ્યું (૨।૩।૨ થી ૯) તે પણ વેદ વિગેરેનો વિચાર કરતાં સંગતિરહિત છે, એમ ત્રીજા અધ્યાય સમ્બન્ધી સંશય કરે છે, કારણકે વેદમાં તે (કાર્ય) માટે બીજું જ સાધન કહેલું છે. ભક્તિ કરવા માટે કહેલું હોવાનું તો ભક્તિનો નિરાસ કરવાથી જ નિરાસ થઈ ગયો [36]વળી જે ઉત્પત્તિથી વિમર્શ કહ્યો ૨।૫ અ તેનો પણ પ્રલય વિગેરેના વિચારથી નિરાસ થઈ ગયો. જ્યારે આ જગતનો પ્રલય થાય અથવા વૃદ્ધિ થાય અથવા કારણમાં લય થાય છે,[37] ત્યારે ભગવાન્ પાસેથી ઉત્પન્ન થએલ હોવાનું શું પ્રયોજન? પોતાની મેળેજ, અથવા જુદા પ્રકારે ભલે ઉત્પન્ન થાય, કારણકે તેમાં કાંઈ ભેદ નથી [38]વળી [39]જે યજ્ઞો વિગેરેના સ્વરૂપનો નિર્વાહ કરવા ભગવાનના અવયવોની કલ્પના કરી, તેનું પણ યજ્ઞ કૂવા ખોદવા વિગેરેના વિચારથી નિવારણ થયું. લૌકિક અથવા અલૌકિક પદાર્થોથી યજ્ઞ થાય ત્યારે ભૂતોના સંસ્કાર અથવા આત્માના સંસ્કાર ભગવાનના સંસ્કારમાં અથવા ફલથી કાંઈ પણ ભેદ નથી, કારણકે ભગવદીયપણું વિગેરે તો બીજી રીતે જ[40] પ્રાપ્ત થાય છે. વળી જે 'ભગવાન્ પોતાને સર્જે છે એમ જે કહ્યું (૨।૬।૩૮,) તેનું પણ અનુશાયીઓની સૃષ્ટિનો વિચાર કરતાં નિરાકરણ થશે, કારણકે તેઓ ભગવાનથી જુદા (હોવાનું) કહેવું જોઈએ. વળી 'જે રૂપવાળું સ્વરૂપ વિનાનું છે તે પરમ તત્વ છે.' (૨।૬।૪૪) એમ જે કહ્યું તેનું પણ પાખંડ ધર્મનો વિચાર કરતાં નિરાકરણ થાય છે. દૈત્યોને વ્યામોહ કરવા પાખંડની ઉત્પત્તિ છે, અને દૈત્યો કોણ? ભગવાન્ કે બીજા? જો (દૈત્ય) ભગવાન્ હોય, તો તે પણ ભગવાનની લીલા હોવાથી પાખંડપણું જ ન હોય. (આથી) ભક્તિનું પણ નિરાકરણ થાય છે, પાખંડપણું પણ સ્થિર થતાં દૈત્યો ભગવાન્ ન રહે, વળી 'કર્ણના મલનો નાશ કરનાર (૨।૬।૪૫) એમ જે કહ્યું તે પણ સંગતિરહિત છે, ચિદ્રૂપ આત્માના બંધ અને મોક્ષનો વિચાર કરવામાં આવે છે. બંધ અને મોક્ષ ભગવાનની ઈચ્છાથી થાય છે. ત્યારે કર્ણના મલનો નાશ કરનારનું શું પ્રયોજન? અને જુદાઈથી રહેવાનું કહેવામાં આવે ત્યારે બધુંએ સાધન વ્યર્થ થાય કારણકે ભગવદ્રૂપ છે. [41]અને અવતારોનું વર્ણન નકામું છે (૨।૭।૧ થી ૫૦) ભગવાન્ માયામાં ક્રીડા કરે તેજ

તેવું (અવતાર) હોવાથી બધુંએ જગત્ અવતાર છે. ભેદનું શું પ્રયોજન? માયાનો ત્યાગ થાય ત્યારે અવતારની લીલા પણ તજે, વળી 'આનો તું વિસ્તાર કર' (૨-૭।૫૧) એમ જે કહ્યું, તે પણ કહેવું ન જોઈએ. જ્યારે આપ (બ્રહ્મા) ભક્તિરસથી કહો છો, ત્યારે બીજા કોઈની [૪૨]પ્રેરણાનું શું પ્રયોજન? અને પ્રમાણપણું તો તમારામાં છે જ. તે (અર્થ) 'આ વિષયમાં આપ પ્રમાણ છો' (૨।૮।૨૫) માં કહેલ છે. માયાનું વર્ણન કરનારના અંતઃકરણને મોહ થતો નથી' (૨।૭।૫૩) એમ જે કહ્યું તે પણ નજીવું અને સંગતિ રહિત છે, કારણકે મારા પ્રાણ અન્ન ન લેવા છતાં પણ જતા નથી અને શ્રવણ કરાએલ તક્ષક (તેમને) ખાઈ જશે. ૨૬.

૧.'તુ' પરંતુ શબ્દ ભેદ દર્શાવનારો છે.

૨.શુકે કહેલ પૈકી જેટલામાં તે સંમત હતો રાજાના પ્રશ્નથી જ પહેલા સાત અધ્યાયો કહેલા. જો તેનો અર્થ તે જાણતો ન હોય, તો અધ્યાયો નકામા કહ્યા ગણાય, અને જો તે જાણતો હોય અને આટલા બધા પ્રશ્નો કરે તો શુક (પોતે) બરાબર કહી શક્યો નથી એમ જણાય તેથી જેમાં સંમત હોય તેના પ્રશ્નો ન કરતાં સંદેહ રહેલ હોય તે પૂછે છે તેથી આ અધ્યાય પૂર્વપક્ષ રૂપ છે.(પ્ર)

૩.જેનો અર્થ બરાબર સમજ્યો નથી તે સમ્બન્ધી.

૪.રાજા સમજેલ ભાગમાં સંમત થાય છે, અને બીજામાં સંશય કરે છે તેમ ન માનીએ તો (પ્ર)

૫.રાજા મૂર્ખ છે, અથવા ઉંધી મતિવાળો છે એવી શંકા (પ્ર)

૬.'તેથી' એટલે શુકના અને બ્રહ્માના વાક્યોમાં વિરોધ હોવાથી (પ્ર)

૭.વીર્યરહિત ભગવાનનું શ્રવણ કરવાનું હોય તો, ૨।૭।૪૭, ૨।૮।૩, અને ૨।૮।૪માં કહેલ સર્વના આત્મામાં મન મૂકવાનું, અને હૃદયમાં તરત ભગવાનનો પ્રવેશ થવારૂપ ફલ ન થાય. તેથી પ્રત્યક્ષ જ પ્રમાણ છે એવો અર્થ છે.(પ્ર)

૮.મન ભગવાનમાં રાખવારૂપ સાધન (પ્ર)

૯.વીર્યસાથેના ભગવાનનું શ્રવણ કરવાનું ન હોય તો સંગરહિત મન તેમનામાં ન રખાય તો (પ્ર)

૧૦.'દોષ' મનના દોષો (પ્ર)

૧૧.ભગવાનમાં પ્રઅવેશરૂપ અને અભયરૂપ (પ્ર)

૧૨.અભયનું દાન કરવા હૃદયમાં પ્રવેશ કરીને, જૂદા ન થાય તેવા પાપોનો નાશ કરવાનું (પ્ર)

૧૩.સ્વતઃ પ્રાપ્ત થએલી સ્થિતિ કાર્ય કરનારી નથી તેથી ઘણું કર્તવ્ય સ્પષ્ટ કરે છે. (પ્ર)

૧૪.'ભગવાન્ સર્વ કરવા સમર્થ છે. સ્વાભાવિક સ્થિતિથી પણ ફલ આપશે' એવી શંકા થાય તેથી આ કહે છે. ભગવાન્ સમર્થ છે, છતાં મર્યાદાનો ત્યાગ કરતા નથી કારરકે તેમ કરવાથી સર્વ મુક્ત થાય. તેથી જીવે સાધન કરવાની જરૂર છે. તેમાં જ્ઞાન માર્ગનું સાધન કરે, તો 'ઘણા જન્મોને અંતે જ્ઞાનવાળો મને પ્રાપ્ત થાય છે' એ વાક્ય પ્રમાણે પરિણામ આવે (પ્ર)

૧૬.જીવ ભગવાનમાં સંગરહિત મન રાખે, ત્યારે ભ.ગી. ૪।૧૧ પ્રમાણેની પ્રતિજ્ઞા પ્રમાણનો આગ્રહ (પ્ર)

૧૭.શમલ નીકળી જાય ત્યારે ગુણો અને તેના કાર્યો ઢીલા થતાં મૂળબંધ જતો રહે, અને ઐશ્વર્ય વિગેરે ગુણોથી અભય થાય (પ્ર)

૧૮.'બીજું' બીજું જન્મ (થતાં) (પ્ર)

૧૯.પાંચમા અધ્યાયમાં અર્થનો ૨-૨।૩૩ તથા ૨।૨।૩૪ વાક્યોનો અર્થ વિચારતાં હમણા ભગવાનમાં મન રાખવું, બીજા જન્મમાં સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ, ત્રીજામાં અભયની પ્રાપ્તિ એવી જ્ઞાનની પ્રક્રિયા કઠણ હોવાનું હૃદયમાં જણાયું, ભક્તિનું માહાત્મ્ય જ્ઞાન અંગ છે તેથી ભગવાનના અદ્‌ભુત વીર્યોની કથાઓનું જ શ્રવણ કરવું, માત્ર ભગવાનનું નહીં. એવા આગળ પાછળ કહેલા વાક્યોનો વિરોધ દૂર કરવાનો જ પ્રશ્નનો આશય છે.(પ્ર)
૨૦.જીવનો દેહના સમ્બન્ધનો પ્રવાહ અનંત હોવાથી મોક્ષ ન થાય.(પ્ર)
૨૧.ભગવાન્ જીવની સમાન હોવાના વિચાર ખોટો ઠરાવવાનું તાત્પર્ય છે.(પ્ર)
૨૨.પાંચમા અને છટ્ઠા અધ્યાયોથી શુકે સાબિત કરેલું છે. સર્વાત્મા હોવાનું અને નાભિમાંથી કમલ ઉત્પન્ન થયાનું વિગેરેનો વિરોધ દૂર કરો એવું તાત્પર્ય છે. તેવી જ રીતે ભગવાન્ હોવું અને જીવના જેવા અવયવોવાળા હોવું; હરિપણું અને બ્રહ્મકૃતિ જણાવનારા વાક્યો, ઈશ્વર અને પ્રાકૃત જીવ સમાન જણાવનાર વાક્યોનો વિરોધ દૂર કરો.(પ્ર)
૨૩.સૂર્ય ઊગે ત્યારે તિથિ હોય તે આખા દિવસની ગણાય છે. જો કે તેટલી હોતી નથી, તેમ દિશાઓનો પણ સૂર્યના કાર્યના વિભાગથી જુદા જુદા દેશમાં ઉપચારથી વ્યવહાર થાય. જેમ સાંખ્યમતમાં ઉપાધિઓથી કાલનો વ્યવહાર થાય છે તેવી રીતે (પ્ર)
૨૪.બકરીના ગલા ઉપરના સ્તનની પેઠે કાંઈ કાર્ય કરનારા ન હોવાથી જણાવવા જેવા નથી.(પ્ર)
૨૫.સૂર્ય આ લોકથી પેલા લોકમાં જાય છે, ત્યાં જઈને પાછો આ લોકમાં આવે છે. એમ ફરવાનું થાય છે. તેથી સૂર્યનું ફરવું વિગેરે કર્મ વિચારતાં તે ચક્ષુ હોવાનું સંભવતું નથી. તે દિવસ વિગેરેની વ્યવસ્થા કરનાર છે એવો વિચાર કરતાં દેવોની અને મનુષ્યોની રાત્રિ દિવસ પરસ્પર વિરુદ્ધ હોવાથી તે પાંપણો હોવાનું ઘટતું નથી. એવો અર્થ છે.(પ્ર)
૨૬.કર્મોના મેલનની પેઠે ગુણવાળા જલોના મેલનથી જુદા જુદા રસવાળા થવાય છે, તેથી તેમના ઘણા તાળવાઓમાં રસ એક જ કહેલ હોવાથી વિરોધ છે. (પ્ર)
૨૭.કર્મનું મિશ્રણ કરનાર જીવ વિગેરે નિત્ય છે. જ્યારે ગોલક અને ઈંદ્રિયો અનિત્ય છે, તેથી તે ગોલક વિગેરેના આધિદૈવિક હોવાનું સંભવતું નથી તેથી આ સંદેહ કહેલ છે.(પ્ર)
૨૮.યુગનો વિચાર યજ્ઞ નિત્ય હોવાનું ખોટું ઠરાવનારો છે એવો અર્થ છે.(પ્ર)
૨૯.તેત્રાયુગ પહેલા યજ્ઞો યોગ તપ અને જ્ઞાનરૂપ હોવાથી જુદા પ્રકારના હતા.(પ્ર)
૩૦.આ બધા અનિત્ય અને પ્રાકૃત હોવાથી તેઓ જેના અંગ છે તે યજ્ઞ પણ તેવો જ થાય તેથી (પ્ર)
૩૧.અહીંથી એટલે ૨।૮।૧૯ થી (પ્ર)
૩૨.ચિત્તની વૃત્તિ રોકતાં, ધારણા પણ રહે નહીં.(પ્ર)
૩૩.૨।૧।૧૫થી સત્તર શ્લોકોથી કહ્યું.(પ્ર)
૩૪.આત્માની પ્રાપ્તિ થાય ત્યારે લિંગદેહનો નાશ થાય ત્યારપછી અક્ષરની પ્રાપ્તિ થતાં તે આનંદમય થાય, તેથી વિલંબનું કારણ જાણી શકાય તેવું ન હોવાથી મરણ પામવાનું ઘટતું નથી.(પ્ર)
૩૫.આ ભાગથી સંગતિ થતી ન હોવાનું જણાવે છે.(પ્ર)
૩૬.અહીંથી ત્રીજા અધ્યાયમાં કહેલ અર્થમાં સંદેહ કહે છે.(પ્ર)
૩૭.જોકે અસંગતિ નથી, છતાં પણ પહેલા ભક્તિ સ્વતઃ પ્રાપ્ત થતી હોવાનું કહેલ હોવાથી તે સાધ્ય કરવાની હોવાનું નિરાકરણ તેથી ગએલ છે, એવો અર્થ છે.(પ્ર)

૩૮.આ અર્થ પાંચમાંથી સાતમા સુધીના નિરાકરણ તેથી ગએલ છે, એવો અર્થ છે.(પ્ર) તેથી ચોથા અધ્યાયના અર્થ સમ્બન્ધી સંશય કરેલ નથી, કારણકે તે અધ્યાયમાં માત્ર નમન અને પ્રાર્થના છે, કોઈ નિર્ણય કરેલ નથી.(પ્ર)
૩૯.કારણકે આ પણ અનિત્ય જ છે.(પ્ર) ૪૦.અહીંથી છટ્ઠા અધ્યાયના અર્થમાં સંદેહ રહે છે.(પ્ર)
૪૧.'બીજી રીતે' એટલે સમર્પણથી (પ્ર) ૪૨.અહીંથી સાતમા અધ્યાયના અર્થ સમ્બન્ધી સંદેહ કહે છે.(પ્ર)
૪૩.પ્રેરણા સમ્બન્ધી સંશય કહેલ છે.(પ્ર)

એવી રીતે પૂર્વપક્ષ કર્યો (અને) ભગવાનનું માહાત્મ્ય દઢ કર્યું ત્યારે શુકને સંતોષ થયો, ક્રોધ ન થયો એમ નીચેના શ્લોકથી કહે છે :

સૂત કહે છે

**સ ઉપામન્ત્રિતો રાજ્ઞા કથાયામિતિ સત્પતેઃ ।**
**બ્રહ્મરાતો ભૃશં પ્રીતો વિષ્ણુરાતેન સંસદિ ।।૨૭।।**

સભામાં એવી રીતે વિષ્ણુરાતે સત્પતિની કથા માટે પ્રાર્થના કરેલા તે બ્રહ્મરાત ઘણા પ્રસન્ન થયા.૨૭

'ઉપામન્ત્રિતઃ' પ્રાર્થના કરેલો તે શુક (પ્રસન્ન થયો.) 'પિતૃઓએ રાજ્યની જેને પ્રાર્થના કરી' એ વાક્યમાં 'ઉપામન્ત્રિતઃ' નો તે જ અર્થ હોવાથી નિર્ણય કરેલ છે. 'ઇતિ' એવી રીતે એટલે એવા પ્રકારની કથા માટે, યુક્તિ સાથે ભગવાનના ગુણો કહેવા એવી (પ્રાર્થના કરી,) કારણકે તેમ કરવામાં આવે ત્યારે ભગવાન્ સત્પુરુષોના પતિ હોવાથી (તેમને) ઘણું સુખ થાય. તેમ થતાં ભગવાનની લીલામાં સંદેહરહિત શ્રદ્ધા થાય, તેથી આ પ્રશ્ન ભગવાનને પ્રસન્ન કરનારો છે. એવું તાત્પર્ય છે. તેમાં પણ આ 'બ્રહ્મરાત' 'બ્રહ્મણા' મારા માટે યુક્તિ ભરેલી કથા કહેશે એવા અભિપ્રાયથી વેદે રક્ષણ કરેલા હતા. તેથી જ તે ઘણું પ્રસન્ન થયા, કે મારો જન્મ સફલ થશે. અને રાજા વિષ્ણુએ રક્ષણ કરેલો હતો. વિષ્ણુએ આ પ્રયોજનથી જ આનું રક્ષણ કરેલું કે આ વિચારપૂર્વક સંદેહ ન રહે તેવી રીતે મારું જ્ઞાન પ્રાપ્ત કરશે. તેથી જ પોતાનો જન્મ સફલ થાય તે માટે સભામાં જ પ્રશ્ન કર્યો.૨૭

એ પ્રમાણે યુક્તિપૂર્વક ભગવાનની કથા કહેવાનું થતાં, લૌકિક યુક્તિ ઉપયોગની ન હોવાથી યુક્તિરૂપ ભાગવત જ તેણે કહ્યું એમ નીચેના શ્લોકથી કહે છે :

**પ્રાહ ભાગવતં નામ પુરાણં બ્રહ્મસમ્મિતમ્ ।**
**બ્રહ્મણે ભગવત્પ્રોક્તં બ્રહ્મકલ્પ ઉપાગતે ।।૨૮।।**

બ્રહ્મકલ્પ થયો ત્યારે બ્રહ્માએ ભગવાનને કહેલું વેદની સમાન ભાગવત નામનું પુરાણ તેણે કહ્યું.૨૮

'પુરાણ' શબ્દથી પ્રમાણ (જણાવ્યું.) બ્રહ્મની સમાન એટલે (વેદની પેઠે) યુક્તિવાળું[1]. 'ભાગવતો' કેટલાં છે? ઘણા સ્થલોમાં જુદા-જુદા પ્રકારે ભાગવત કહેવાતાં હોવાથી શંકા (થાય છે.) તે સમ્બન્ધમાં 'બ્રહ્માને ભગવાને કહેલું' એમ કહેલ છે. વિષયરૂપ[2] ભાગવત તો અનેક પ્રકારનું છે. વિમર્શરૂપ તો બે પ્રકારનું છે. તે પૈકી ઉત્પત્તિના પ્રકારથી જણાવેલું બ્રહ્માએ નારદને કહેલું. ઉપપત્તિ પ્રકારથી તો ભગવાને બ્રહ્માને કહેલું. આ સ્થૂલ ભાગવતમાં ભાગવતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થએલી હોવાનું જણાવવા બધા પ્રકારો લખેલા છે. તે પૈકી બીજો પદાર્થ બ્રહ્માએ પોતે જ જાણેલો હોવાથી, મોટામાં મોટી ઉપપત્તિ કહેવી. બીજું કહેવું નહીં, એમ કહેવા 'બ્રહ્મકલ્પ થયો ત્યારે' એમ કહેલું છે કારણકે બ્રહ્મકલ્પ આવ્યો ત્યારે શબ્દબ્રહ્મમાંથી[3] સર્વની ઉત્પત્તિ થએલી.૨૮

૧.વેદમાં યુક્તિઓ કહી છે તેવી આમાં પણ કહેલી છે, તેથી આ વેદની સમાન છે.(પ્ર)

૨.'વિષયરૂપ' એટલે ભગવાનને જણાવનારી લીલારૂપ. આ ભાગવતમાં બંને પ્રકારો કહેલા છે.(પ્ર)

૩.તે કલ્પમાં ભગવાને બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને ભણાવ્યા. વેદો અનંત હોવાથી તેમાં ઘણો સમય લાગ્યો અને તેવી રીતે ભાગવત શબ્દબ્રહ્મરૂપ છે એમ જણાવવા તે કલ્પમય જણાવેલ.(પ્ર)

જે ભાગવતમાં ઉપપત્તિ છે તેથી જુદા વિષયનો પણ પ્રશ્ન હોવાથી ભાગવતથી જ જુદું જ તેનું સમાધાન કરીને પછી ભાગવતમાંની ઉપપત્તિ કહેશે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યદ્યત્પરીક્ષિદૃષભઃ પાણ્ડૂનામનુપૃચ્છતિ ।**
**આનુપૂર્વ્યેણ તત્સર્વમાખ્યાતુમુપચક્રમે ॥૨૯॥**

પાંડુઓમાં મુખ્ય પરીક્ષિતે જે જે પૂછ્યું તે સર્વનો અનુક્રમે ઉત્તર આપવાનો આરંભ કર્યો.૨૯

'પાણ્ડૂનામૃષભઃ' ભગવાનના ભક્તોમાં મુખ્ય (પરીક્ષિતે) ઉપર કહેલા કારણરૂપ પ્રશ્નો વિગેરે પ્રકારનું (પૂછ્યું) તે સર્વ અનુક્રમથી જ કહેવાનો આરંભ કર્યો. (પૂછનારની) ઈચ્છા પ્રમાણે ઉત્તરો આપ્યા એવો અર્થ છે 'ચ' 'અને' શબ્દ હોવાથી વધારામાં[1] યુક્તિ પણ કહી એવું તાત્પર્ય છે.

૧.જીવના સ્વરૂપ સમ્બન્ધી રાજાનો પ્રશ્ન વધારાનો હતો.(પ્ર)

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીભાગવત સુબોધિનીના દ્વિતીય સ્કંધના આઠમા અધ્યાયનું નિરૂપણ વિવરણ સમાપ્ત.**

# અધ્યાય નવમો

**નવમે તૂત્તરં પ્રાહ જીવબ્રહ્મસ્વરૂપયોઃ ।**
**સન્દેહવારકં પૂર્વકથનસ્યાऽપિ વસ્તુતામ્ ॥૧॥**

નવમા (અધ્યાય)માં તો જીવ અને બ્રહ્મના સ્વરૂપના સંદેહનો નાશ કરનાર, અને પહેલા કરેલા (અર્થ)નું વાસ્તવિકપણું (જણાવનાર) ઉત્તર કહેલ છે. કા.૧

**પારમ્પર્યકથા ચાऽસ્ય શુદ્ધ્યાધિક્યવગમ્યતે ।**
**નાऽન્યથેત્યસ્ય સન્દેહનાશનાય નિરૂપિતા ॥૨॥**

અને પરંપરાની કથા આ (જીવ)થી શુદ્ધિ અધિક થાય ત્યારે જણાય નહીં તો ન જણાય, તેથી આના સંદેહનો નાશ કરવા કહેલી છે. કા.૨

બીજા સંદેહોનું મૂલ જીવ અને બ્રહ્મ (ના સ્વરૂપ)નો સંદેહ હોવાથી પ્રથમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી જીવના સમ્બન્ધવાળા સંદેહનું નિવારણ કરે છે. તેણે જે 'હે બ્રહ્મન્ ! ધાતુ વગરનાને (ધાતુનો સમ્બન્ધ કેવી રીતે[1]) (૨-૮-૭.) આ જીવને દેહનો સમ્બન્ધ કેવી રીતે થાય? તે જીવ કેવી રીતે થયો? એવું[1] બીજા શબ્દથી પ્રાપ્ત થયું. તેમાં[2] જીવપણું થતાં, દેહનો સમ્બન્ધ થવાના ઘણા કારણો થશે, તેથી પ્રથમ જીવ થવાનું સિદ્ધ કરે છે :

શ્રીશુક કહે છે

**આત્મમાયામૃતે રાજન્ પરસ્યાऽનુભવાત્મનઃ ।**
**ન ઘટેતાऽર્થસમ્બન્ધઃ સ્વપ્નદ્રષ્ટુરિવાऽઞ્જસા ॥૧॥**

હે રાજન્ ! અનુભવરૂપ પરને પોતાની માયા વિના સ્વપ્ન જોનારની પેઠે દેહનો સંપૂર્ણ રીતે સમ્બન્ધ ઘટતો નથી. ૧

તેમાં સચ્ચિદાનંદરૂપ ભગવાન્ એક કોટિમાં રહેલા, અને ચિદ્રૂપ બીજો છે, તેમની[3] માયા બે પ્રકારની છે એમ પહેલા કહેલું છે. તેમાં માયા ચિદ્રૂપને મોહ કરનારી છે, કારણકે તે પોતાના [4]પુરુષને મોહ કરાવી જીવપણું કરાવે છે. 'જીવતિ' જીવે તે જીવ માત્ર પ્રાણ ધારણ કરવાના પ્રયત્નવાળો છે, કારણકે માયાએ મોહ પમાડેલો તે વ્યાકુલ થતા સદાનંદે રચેલી સૃષ્ટિમાં જે દશ પ્રકારના પ્રાણરૂપ સૂત્રરૂપ આસન્ય છે તેનું અવલંબન કરીને રહે છે ત્યારે 'જીવ' એમ કહેવાય છે. 'જીવ્' ધાતુ પ્રાણ ધારણ કરવાના અર્થવાળો છે, તેને કર્તાના અર્થવાળો 'અચ્' (અ) પ્રત્યય લાગે છે. આ જ્ઞાનરૂપ હોવા છતાં પણ આનંદરૂપ જુદો થએલ હોવાથી, આનંદ (પ્રાપ્ત) થાય તે માટે તેણે (માયાએ) મોહ પમાડેલ (હોવાથી,) તેના સમ્બન્ધથી આનંદ થશે એવી

બુદ્ધિથી તેની સાથે સમ્બન્ધ કરે છે, અને આ વિભાગ 'હું ઘણો થાઉં, ઉત્પન્ન થાઉં, એવી [5]ઈચ્છાથી (થાય છે.) ઈચ્છા પણ સર્વ થવાની શક્તિવાળું સ્વરૂપ જ, ગુણરૂપ થતાં ઈચ્છારૂપ પણ થાય છે. તે પૈકી સત્ અંશની શક્તિ ક્રિયારૂપ છે, ચિત્ અંશની (શક્તિ) મોહ કરનારી માયા છે. આનંદરૂપની (શક્તિ) જગતનું કારણ થએલી (માયા) છે. સચ્ચિદાનંદ સ્વરૂપની આ ત્રણ પ્રકારની શક્તિ હલકી ન કહેવાય તેવી સત્તા છે ભગવાનની [6]તેવી સ્થિતિ તો (તેમના નિશ્ચિત સ્વરૂપથી જ છે, અને તે સદા હોય છે[7] એવી શંકા ન કરવી, કારણકે (વિભાગ) કરાવનાર કારણ કાલ હોતો નથી. પછી કાલ થાય, ત્યારે તેજ નિયમન કરનાર [8]હોવાથી સદા થશે નહીં, (કાલ) પહેલા જ ઉત્પન્ન થએલ હોવાથી, તેની સાથે ઈચ્છા વગેરે પણ ઉત્પન્ન થએલ હોવાથી તેના અંશ બનેલ ઈચ્છા વિગેરે તે સદા એક પ્રકારનાનું સ્થાપન કરશે, અને તેવી રીતે ભગવાન્ તેના ઈચ્છારૂપ અંશને ગ્રહણ કરે છે. તેજ 'તેમણે કામના કરી' એ શ્રુતિએ કરેલ કામ છે. તે ભેદ પ્રકારની ને લીધે સત્ ચિત્ અને આનંદ ગુણો પોતે છૂટા પડતાં પોતાના આશ્રયમાં પણ ભેદ કરે છે.[9] ત્યારે તે[10] ભગવાન્ સર્વ તરફ હસ્તચરણના અંતવાળા થાય છે, અને સાકારપણું પ્રાપ્ત કરે છે. ભેદવાળા થએલ હોવા છતાં પણ[11] તેના સાથે મળેલા ભેદ થયા વિનાના અખંડ રહે છે, કારણકે તેમના કરતાં કાર્યરૂપ અલ્પ હોય છે. તે ત્રણે રૂપો 'પૂર્ણ'[12] શબ્દથી કહેલા તેથી જ સદ્રૂપના કાર્યમાં દરેકનું પરિણામ થાય છે.[13] હું ઉત્પન્ન થાઉં' એવી ઈચ્છાથી ઉંચા તથા હલકા રૂપથી ઉત્પન્ન થયા.[14] તેઓ પૈકી આનંદ ઉત્તમ છે. તેથી જુદા બે તેને અનુસરનારા થયા; અને પછી તે બેના ગુણો જ્ઞાન અને ક્રિયા ભગવાનની શક્તિરૂપ થયા. ત્યારે તે આનંદ જ્ઞાન અને ક્રિયાની શક્તિવાળો થયો. તે સમયે જ્ઞાનગુણવાળા ચિત્ અંશની શક્તિ આનંદમાં ગએલી હોવાથી, (માયા) તેને મોહ કરે છે ત્યારે તે જીવ થાય છે. સત્ અંશ તો ક્રિયા શક્તિ થએલી હોવાથી અવ્યક્તપણું[15] પ્રાપ્ત કરે છે. પછી મૂળભૂત[16] ક્રિયાના અંશોવાળી ક્રિયાઓથી યોગ્ય પ્રકારે[17] પ્રકટ થાય છે પછી તે અથવા તેનાથી થએલ ગુણનો[18] તિરોભાવ થતાં પોતે[19] પણ તિરોહિત થાય છે પછી [20]તેનામાં મૂળની ઈચ્છાથી થએલ [21]શબ્દ જીવ અને ભગવાનની બુદ્ધિમાં અથવા જીવ અને ભગવાનમાં પ્રકટ જ રહે છે. એ પ્રમાણે ચિદ્રૂપ પણ જ્ઞાનશક્તિના અંશ બનેલા જ્ઞાનોથી પ્રકટ થાય છે અને તિરોહિત થાય છે. તેનો પ્રયત્ન તો બીજાને અધીન હોવાથી તેને જીવ ગ્રહણ કરે તે માટે તે સદા રહે છે ને ભગવાન્ જો તેને પૂર્ણ

જ્ઞાનશક્તિ આપે ત્યારે તે મોહ કરનારી માયાને તજે છે, અને પ્રયત્ન તજે છે, અને ચિદ્રૂપ સ્વરૂપમાં રહે છે, અને સ્વતંત્ર થાય છે. જગતનો કર્તા તો થતો નથી. તે માયા તેની શક્તિ થતી નથી. ઉત્કર્ષ પણ થતો નથી, કારણકે આનંદ જ ઉત્કૃષ્ટ છે. હલકાપણું તો ઉપર ઉપરથી જણાય છે. આનંદ સાથે ભળેલો તો જો આનંદ તેને પોતાના ધર્મમાં લે તો આનંદ પણ થાય છે. આ પ્રક્રિયા[૨૨] સર્વ શ્રુતિઓ અને વાક્યોને અનુસરી શ્રવણ કરેલા અર્થની પ્રાપ્તિથી સિદ્ધ થએલી સર્વસ્થલે ઉપયોગી થાય છે. બીજા પ્રકારની પ્રક્રિયા તો વાક્યોને બાધ કરે છે, જીવના ભેદ તો આગળ કહીશું.

આજ (અર્થ) (આ શ્લોકમાં) કહે છે. 'આત્મમાયામ્' ચિદ્રૂપ આત્માની પોતાની વ્યામોહ કરનારી માયા વિના આ ચિદ્રૂપ[૨૩] (જીવને દેહ સમ્બન્ધ ઘટે નહીં.) 'હે રાજન્ !' એ સંબોધન તું રાજસ હોવાથી તને સ્વરૂપનું જ્ઞાન નથી એમ દયાથી જણાવે છે. વ્યામોહ થયા પછી જ દેહનો સમ્બન્ધ થાય છે, તેથી 'અનુભવરૂપ' શબ્દથી તેવો[૨૪] ગુણ કહેલો છે. વાસ્તવિક રીતે તો અનુભવરૂપ છે, પરંતુ શક્તિ ભગવાનમાં ગએલી છે, તેથી વ્યામોહ થશે. તેમ ન હોય તો દેહના સમ્બન્ધ પેઠે વ્યામોહ પણ ન થાય. વ્યામોહ [૨૫]વિના માત્ર શક્તિ ન હોવાને લીધે દેહનો સમ્બન્ધ જણાવવાનું અશક્ય છે, અને તે કુદરતી શક્તિ છે, તેની હલકી સ્થિતિને [૨૬]લીધે તે દોષમાં પરિણમે છે. જીવ શક્તિ પ્રાપ્ત કરે તો પણ જુદી પડેલી તે (શક્તિ)ની હલકી સ્થિતિ મટશે નહીં. તેનાથી વ્યામોહ થતાં તો 'અર્થ'ને દેહ વિગેરે સાથેનો સમ્બન્ધ સહેલાઈથી થાય છે. 'સ્વપ્ન જોનારની પેઠે' શબ્દોથી મોહપામેલાનો દેહનો સમ્બન્ધ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. નિદ્રાથી મોહ પામેલ (પુરુષ) ભગવાને રચેલ માયિક સૃષ્ટિ જૂએ છે અને સ્વીકારે છે. નિદ્રા સર્વતરફથી ઉત્પન્ન થતી ન હોવાથી ભગવાનની મૂલ માયાને લીધે તે તરત જતી રહે છે ત્યારે તે જાગે છે. એવી રીતે સ્વપ્નના દૃષ્ટાંતથી તેનો વ્યામોહ જણાવીને જેને માટે દૃષ્ટાંત કહેલ તેનો વધારાનો ગુણ 'અઞ્જસા' સંપૂર્ણ રીતે શબ્દથી કહેલ છે. અહીં વચ્ચે કરોડો સ્વપ્નનો થાય છે. આ (વ્યામોહ) તો એકલોજ કરોડો જન્મો સુધી રહે[૨૭] છે. ૧

૧.'બીજા શબ્દથી' એટલે પ્રાણ ધારણ જણાવનાર શબ્દથી.(પ્ર)

૨.'તેમાં' એટલે તેવી શંકામાં (પ્ર) ૩ 'તેમાં' એટલે સચ્ચિદાનંદ બ્રહ્મમાં (પ્ર)

૩.'તેમની' એટલે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મની (પ્ર)

૪.'પોતાના' એટલે પોતાનું અભિમાન વાલા(પ્ર)

૫.તૈત્તરીય વિગેરે શ્રુતિમાં ઈચ્છાના બે પ્રકારો કહેલા છે. તે પૈકી પહેલા પ્રકારથી (બ્રહ્મના ત્રણ ગુણોનો) વિભાગ થાય છે. બૃહદારણ્યકમાં તે અગ્નિમાંથી નીકળતા તણખાઓના દૃષ્ટાંતથી

જણાવેલ છે. બીજા પ્રકારથી ઊંચી અને નીચી સ્થિતિ પ્રાપ્ત થાય છે. પુરુષવિધ બ્રાહ્મણમાં તે બ્રાહ્મણ અને ક્ષત્રિયના વિવારણથી જણાવેલ છે. 'પ્રજાયેય'માંના 'પ્ર' ઉપસર્ગનો આ અર્થ છે. અહીં 'ચ' અને શબ્દ છે તે ત્રણગુણોનો વિભાગ થયા પછી ઈચ્છા થયાનું સૂચવનારો છે. પહેલા બ્રહ્મ સંગતિરહિત ઉદાસીન હતું, પછી ગુણરૂપ પછી શક્તિરૂપ અને પછી કાર્યરૂપ થયું, એ પ્રમાણે ભેદ આગંતુક હોઈ પહેલા ન હતો, પછીની સ્થિતિ જુદી કરી પૂર્વરૂપનો બોધ કરી ઐક્ય પ્રમેય બલથી સિદ્ધ થાય છે.(પ્ર)

૬.'તેની સ્થિતિ' એટલે શક્તિરૂપ થવાની સ્થિતિ.(પ્ર) ૭.'હોય છે' એટલે શક્તિરૂપ હોય છે.(પ્ર)

૮.'નિયમન કરનાર' એટલે સ્વાતંત્યનો નાશ કરનાર એટલે કાલ અનુકૂલ હોય ત્યારે વિભાગ થાય, પ્રતિકૂલ હોય ત્યારે ન થાય. અવયવોના વિભાગ વિનાનો કાલ બીજા કાર્ય કરતાં પહેલાજ ઉત્પન્ન થએલ હોવાથી ઈચ્છા વિગેરે તેના અંશરૂપ થએલ છે. તે સદા એક પ્રકારનાને કાલ સાથે પ્રકટ થતા અને તિરોહિત થતા અને પરસ્પર ઉપકાર કરનાર થનારને ભગવાન્ પોતે જ સ્થાપન કરે છે. તેથી ભગવાનથી વિભાગ વિગેરે થતો હોવાથી કોઈ દૂષણ નથી.(પ્ર)

૯.ધર્મરૂપથી પોતે છૂટા પડતાં પોતાના આશ્રય ક્રિયાવાળા, જ્ઞાનવાળા અને આનંદવાળાને છૂટા કરે છે એવો અર્થ છે. (પ્ર)

૧૦.'તે' (એટલે સત્ ચિત્ અને આનંદ (એ ત્રણ રૂપવાળા) (પ્ર)

૧૧.'તેની' એટલે ઈચ્છાની.(પ્ર)

૧૨.'તે પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે, પૂર્ણનું પૂર્ણ લેતાં પૂર્ણ જ બાકી રહે છે' એ શ્રુતિમાં પૂર્ણ શબ્દથી કહેલ છે. તેથી ભેદ થયા વિનાના જ પૂર્ણ હોય, તો ત્રણને પૂર્ણ ન કહે તેથી કાર્ય કરતાં અધિક હોવું તેજ પૂર્ણપણું છે.(પ્ર)

૧૩.ઉપલક્ષણ પ્રકારથી 'અસ્તિ' સદ્રૂપ સમ્બન્ધી આ કહ્યું, કારણકે ચિદંશ (ભાતિ) અને આનંદાંશ (પ્રિય)નું પણ તેમજ જાણવું (પ્ર)

૧૪,સત્ ચિત્ અને આનંદ અંશો તેવા થાય (પ્ર)૧૫.'અવ્યકતપણું' એટલે પ્રકૃતિ તત્વપણું (પ્ર)

૧૬.મૂલ શબ્દથી પૂર્ણરૂપ સત્ અંશ કહેલ છે. (પ્ર)

૧૭.'યોગ્ય પ્રકારે' શ્રુતિ અને પુરાણ (માં કહેલ) પ્રકારે (પ્ર)

૧૮.ક્રિયાના અંશરૂપ ક્રિયાએ બતાવેલ ઘડો વિગેરે આકાર.(પ્ર)

૧૯.'પોતે' પ્રકટ થએલ સત્ના અંશનો તિરોભાવ થાય છે એટલે તે દેખાતો નથી. 'ઘણા થાઉં' એવી ઈચ્છાથી સ્થિતિ થાય છે, 'ઉત્પન્ન થાઉં' એવી ઈચ્છાથી જુદાં જુદાં રૂપોના આવિર્ભાવ પહેલાનો તિરોભાવ સિદ્ધ થાય છે. તેથી સૃષ્ટિ રચવાની ઈચ્છાથીજ તે બંને ઈચ્છાઓ પ્રાપ્ત થતી હોવાથી સ્થિતિ અને પ્રલયપણ તેમનાથીજ સિદ્ધ થાય છે. સ્વભાવ જુદા જુદા કરનારી પણ આ ઈચ્છા જ છે. (પ્ર)

૨૦.'તેનામાં' એટલે પ્રકટ કરનારી ક્રિયામાં (પ્ર)

૨૧.'થએલ' એટલે તેના સમ્બન્ધથી થએલ. તેથી એ પ્રમાણે શબ્દ થતો હોવાથી વ્યવહારનો નાશ થતો નથી.(પ્ર)

૨૨.'હે સૌમ્ય ! આ પહેલા સત્ જ હતું' વિગેરે શ્રુતિઓ પ્રમાણે સૃષ્ટિ પહેલા એકજ (બ્રહ્મ) હતું. 'તેણે જોયું' 'તેણે કામના કરી' વિગેરે શ્રુતિઓમાં ઈચ્છા જ કરણ કહેલી છે અને તેનો

આકાર 'હું બહું થાઉં.' 'હું ઉત્પન્ન થાઊં' એવોજ કહેલ છે. તેથી તેજ (જગતનું) ઉપાદાન હોવાનું સિદ્ધ થાય છે. પૂર્ણશ્રુતિ ત્રણ (સત્ ચિત્ આનંદ) પૂર્ણ હોવાનું કહે છે. 'જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે.' વિગેરે શ્રુતિ જીવ અંશ હોવાનું જણાવે છે. અવિદ્યાથી તેનો બંધ થતો હોવાનું કહે છે. 'જેનું વરણ કરે તે તેને પ્રાપ્ત કરે છે.' 'મને શરણ આવે તે માયાને તરે છે.' એ પ્રમાણે ભગવાનની કૃપાથી જ જ્ઞાન વિગેરે પ્રાપ્ત થતાં મુક્તિ થાય છે. 'સર્વ જીવો સર્વમય હોવા છતાં અલ્પ છે.' વિગેરેથી (જીવ બ્રહ્મનો) ભેદ સિદ્ધ થાય છે. આ સિદ્ધાંત છે. બીજાના સિદ્ધાંતમાં દોષ રહે છે.(પ્ર)

૨૩.આ (શ્લોકમાંના) પર શબ્દનું વ્યાખ્યાન છે.(પ્ર)

૨૪.જીવ માયા વિગેરેના સ્વરૂપનું અજ્ઞાન (પ્ર)

૨૫.'તેવા મોહ પામવા યોગ્ય.(પ્ર) વ્યામોહ એટલે વિપરીત જ્ઞાન. તે ન હોય અને માત્ર જ્ઞાન શક્તિ ન હોય તો સત્ અંશની પેઠે માત્ર જડપણું જ થાય, પરંતુ દેહનો સમ્બન્ધ ન થાય.(પ્ર)

૨૬.'હું ઉત્પન્ન થાઉં' એવી ઈચ્છાએ કરેલી હલકી સ્થિતિ.(પ્ર)

૨૭.ધાતુ વગરનાને દેહનો સમ્બન્ધ કેમ થયો?' એ ૨-૮-૭ માં કહેલ સંશયનો આથી ઉત્તર આપ્યો.(પ્ર)

એવી રીતે માત્ર તેનો સમ્બન્ધ કહી, નીચેના શ્લોકમાં તેનું કાર્ય જણાવે છે :

**બહુરૂપ ઈવાऽऽભાતિ માયયા બહુરૂપયા ।**
**રમમાણો ગુણેષ્વસ્યા મમાહમિતિ મન્યતે ॥૨॥**

ઘણા પ્રકારની માયાથી ઘણા પ્રકારના જેવો જણાય છે. આવા ગુણોમાં રમણ કરતાં 'હું મારૂં' એમ માને છે. ૨

આભાસ જેનું છે તેવી તે[૧] માયા ઘણા પ્રકારની છે, તેની સાથે સમ્બન્ધમાં આવેલો આ (જીવ) પણ બહુ પ્રકારનો થાય છે. તે સારી રીતનો સમ્બન્ધ કરાવતી ન હોવાથી (ઘણા પ્રકારના) જેવો' એમ કહેલ છે. પછી આનંદ (પ્રાપ્તિ) માટે તેના ગુણોમાં રમણ કરે છે. તેના ગુણ ગ્રહણ કરવા ઈચ્છનાર, 'ગુણોમાં મારું, માયામાં હું' એમ માને, આ સમ્બન્ધ કરાવનારા બે શબ્દો તેના સ્વરૂપની સ્થિતિ કરાવે છે.૨

૧.જીવ અને ઈશ્વર એવો ભેદ આભાસથી કરે છે, અને પોતે માયા અવિદ્યા થાય છે, અને તે પ્રપંચ દર્શાવવાનું કારણ થાય છે.(પ્ર)

૨.આ શ્લોક ૨-૮-૭ ના ચોથા ચરણમાં દર્શાવેલ સંદેહનો ઉત્તર છે. પોતાને તથા પોતાના સરખાને દેહના સમ્બન્ધનું જ્ઞાન દર્શાવે છે.(પ્ર)

એ પ્રમાણે તેનું કાર્ય કહીને, નીચેના શ્લોકથી તેનો ત્યાગ કરવાનો ઉપાય[૧] કહે છે.

**યર્હિ વાવ મહિમ્નિ સ્વે પરસ્મિન્ કાલમાયયોઃ ।**

**રમતે ગતસમ્મોહસ્ત્યક્ત્વોદાસ્તે તદોભયમ્ ॥૩॥**

જ્યારે કાલ અને માયાથી પર પોતાના મહિમામાં સંમોહ વિનાનો થઈ રમણ કરે ત્યારે બંનેનો ત્યાગ કરી ઉદાસીન થાય છે.

જ્યારે કોઈક સમયે મૂલભૂતની ઈચ્છાને લીધે 'વાવ' નિશ્ચયપૂર્વક 'સ્વે મહિમ્નિ' પોતાના[1] મહિમા રૂપ આનંદસ્વરૂપ, ગુણોમાં ખળભળાટ કરનાર કાલ અને મોહ કરનારી અને જગત્ કરનારી માયાને વશ રાખનાર પ્રસન્નતાથી રહેલ ભગવાનમાં પોતાની ઈચ્છાથી તે બેના કાર્ય દૂર કરીને જ્યારે રમણ કરે (ત્યારે ઉદાસીન થઈ રહે) ત્યારે પણ ભગવાન્ આને પોતાનું માહાત્મ્ય સંપૂર્ણ પ્રકારે જણાવતા નથી. તેથી તે સ્વામી હોવામાં જો સંદેહ ન કરે, તો સંદેહરહિત થઈ મોહ કરનારી માયાને (અને) તેના ગુણોને, અથવા તેના કાર્ય દેહ વિગેરેને અને 'મારૂં હું' એવી સ્થિતિને બંનેને તજીને ઉદાસીન થાય છે, તેનામાં આસક્તિ કરતો નથી ત્યારે મોક્ષ (પામે છે) એવું તાત્પર્ય છે.૩

૧.'પોતાના' શબ્દથી જીવનું મૂલ સ્વરૂપ કહેલું. મહિમા શબ્દથી તેનું ઉત્તમપણું કહેલ છે. તેથી પોતાનું ઉત્તમ સ્વરૂપ મૂલસ્વરૂપથી જુદા ન હોવું તે છે, પરંતુ હાથી સુવર્ણ વિગેરે નથી.(પ્ર)

(રાજાએ ૨।૮।૩માં દેહ તજવાની ઈચ્છા જણાવેલી, તેથી તેનો ઉપાય અહીં કહે છે.)

એ પ્રમાણે જીવસમ્બન્ધી સંદેહ દૂર કરીને ૨-૯-૪થી આરંભી ૨-૯-૩૬ સુધીના શ્લોકોથી બ્રહ્મ સમ્બન્ધી સંદેહ દૂર કરે છે :

**આત્મતત્વવિશુદ્ધ્યર્થં યદાહ ભગવાનૃતમ્ ।**
**બ્રહ્મણે દર્શયન્ રૂપમવ્યલીકવ્રતાદતઃ ॥૪॥**

નિષ્કપટ વ્રતથી સંતોષ પામેલા ભગવાને આત્મતત્વની વિશુદ્ધિ માટે બ્રહ્માને પોતાનું સ્વરૂપ દર્શાવતાં જે સત્ય કહ્યું (તે કહું છું.) ૪

આમાં પણ મેં પ્રક્રિયાથી કહી તે જ મુક્તિ[1] (કહેલી છે) આગળ (ભગવાનના) સ્વરૂપનું જ નિરૂપણ કરે છે. તે પૈકી બ્રહ્માને પણ દેહનો સમ્બન્ધ હોવાથી (તે) જીવની સમાન છે એવું જે દૂષણ, અને (નારાયણ) સર્વના આત્મા હોવામાં અઘટિતપણું (કહેલ,) તેનું અહીં નિરાકરણ કરવામાં આવે છે આત્માનું 'તત્વમ્' યથાર્થસ્વરૂપ તેની વિશુદ્ધિ માટે, લૌકિકોના જ્ઞાનથી લૌકિકભાવથી ખોટી રીતે ભાન થાય તેવી[2] શુદ્ધિ દૂર કરીને, જ્ઞાનરૂપ ઉત્તમ શુદ્ધિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને બ્રહ્માને જે કહ્યું, તે માત્ર વચન નહીં. પરંતુ 'ऋतम्' સત્ય વચન પોતાનું આનંદસ્વરૂપ

બ્રહ્માને દર્શાવતાં જે કહેલું, એવો (વાક્યનો) સમ્બન્ધ છે. 'નિષ્કપટ વ્રતથી સંતોષ પામેલા' શબ્દથી (સ્વરૂપ) દેખાડવાનું અને કહેવાનું કારણ કહેલું છે. (ભગવાન્) નિષ્કપટ વ્રતથી આદર પામેલા, સેવાએલા અથવા સંતોષ પામેલા (એ કહેલ) ૪.

૧.મેં જે મુક્તિ કહી તે જ આમાં પણ કહેલી છે એવો અર્થ છે.(પ્ર)

૨.શાસ્ત્રતત્વ ન જાણનારની લૌકિક પ્રમાણથી ઉત્પન્ન થએલી બુદ્ધિથી ભગવાનના આકાર ગુણ કર્મ વિગેરેમાં લૌકિક બુદ્ધિને લીધે આ બધાનો નિર્ણય પણ લૌકિક પ્રમાણ અને યુક્તિથી કરવો જોઈએ એવી ભ્રમરૂપ નિર્ણય કરનારી બુદ્ધિ દૂર કરીને.(પ્ર)

એવી રીતે ભગવાનનું વચન કહેવાનું તરીકે આગળ કરીને (ભગવાનને) સંતોષ માટે બ્રહ્માનું નિષ્કપટ વ્રત નીચેના શ્લોકથી જણાવે છે.

**સ આદિદેવો જગતાં પરો ગુરુઃ સ્વધિષ્ણ્યમાસ્થાય સિસૃક્ષયૈક્ષત ।**
**તાં નાડધ્યગચ્છદ્ દશમત્ર સંમતાં પ્રપઞ્ચનિર્માણવિધિર્યયા ભવેત્ ।।૫।।**

તે જગતોના મુખ્ય ગુરુ આદિદેવે પોતાના સ્થાન ઉપર બેસીને સૃષ્ટિ રચવાની ઈચ્છાથી જોયું ત્યારે આ વિષયમાં (ભગવાને) વિચારેલું જ્ઞાન, જેનાથી પ્રપંચ બનાવવાનો પ્રકાર થાય તે તેમણે જાણ્યું નહીં.

વ્રત શબ્દ અમુક નિયમમાં યોજાએલ[1] છે. અહીં તો તે સર્વ ઇંદ્રિયો અને પ્રાણને સર્વ વિષયોનો ત્યાગ કરાવીને રોકવારૂપ છે. જો તે સ્વરૂપથી અને ફલથી એકના સમ્બન્ધવાળો થાય તો કષ્ટરહિત છે. અને આ બ્રહ્માએ ભગવાન્ માટે સૃષ્ટિ રચીશ એવો સંકલ્પ કરીને પછી સાધનોનો વિચાર કરવાની પ્રવૃત્તિ કરી, તે ભગવદ્રૂપ સાધનો ભગવાનની ઈચ્છા પ્રમાણે કરતા હોવાથી, (અને) આ જેવું (સાધન) કરવા ઈચ્છે છે તેવું ભગવાને વિચારેલું ન હોવાથી (બ્રહ્માને) તે[2] પદાર્થોનું ભાન થયું નહીં. તે સમયે સમ્બન્ધ ન થવાથી તે સમ્બન્ધી સાક્ષાત્કાર ન થયો એમ આ શ્લોકમાં કહે છે, કારણકે આ પોતે જ પ્રસિદ્ધ હતા, તેથી બીજો કોઈ પ્રસિદ્ધ ન હોવાથી તેનાથી (બીજાથી) સંદેહ દૂર થયો. 'આદિદેવ' શબ્દથી બીજા દેવની ઉપાસના પણ ન થવાનું કહ્યું. બીજો ગુરુ પણ ન હતો, જેથી તેના ઉપદેશથી કાર્ય સિદ્ધ થાય; કારણકે આ (બ્રહ્મા) જ સર્વના પણ ગુરુ છે. 'પોતાના સ્થાન ઉપર બેસીને' શબ્દોથી તીર્થનો પણ આશ્રય કરેલો ન (હોવાનું જણાવ્યું,) અથવા આ બધા વિશેષણોથી (એમ જણાવેલ છે કે) હું જ મહાન્ છું, મારે બીજા સાધનની શી જરૂર એવા અભિપ્રાયથી મંગલ વિગેરે પણ કર્યા વિના માત્ર 'સિસૃક્ષયા' સૃષ્ટિ રચવાની ઈચ્છાથી સાધનો જોયા. ત્યારે ઉપર કહ્યું તે નિયમ પ્રમાણે સાધન પ્રાપ્ત ન થવાથી, તેવું (સાધન)

જાણ્યું નહીં. અનુમાન તર્ક વિગેરે ચિંતન વિગેરે રૂપ (સાધન) તો આ પ્રસંગમાં ઉપયોગી થતું નથી; કારણ ઉપાદાનનું જોવામાં આવે તેવું સ્પષ્ટ જ્ઞાન જ (આમાં) સાધન છે. તે અર્થ 'જેનાથી પ્રપંચ બનાવવાનો પ્રકાર થાય' શબ્દોથી કહેલ છે, જે જ્ઞાનથી પ્રપંચનું 'નિર્માણિમ્' ઉત્પાદન થાય તેનો 'વિધિઃ' પ્રકાર જે રીતે થાય તે જ્ઞાન પ્રાપ્ત થયું નહીં; એવો અર્થ છે.(૫)

૧.આ સામાન્ય નિયમ જણાવનાર શબ્દનો અર્થ અહીં અમુક નિયમ જણાવવાનો છે.(પ્ર)

૨.'તે' સૃષ્ટિ રચવાની સાધનરૂપનું(પ્ર)

(તેઓ) ભગવાનની સમાનરૂપવાળા હોવાનું કહેવા, નીચેના શ્લોકમાં તેમનું વર્ણન કરે છે.

**શ્યામાવદાતાઃ શતપત્રલોચનાઃ પિશઙ્ગવસ્ત્રાઃ સુરુચઃ સુપેશસઃ ।**
**સર્વે ચતુર્બાહવ ઉન્મિષન્મણિપ્રવેકનિષ્કામભરણાઃ સુવર્ચસઃ ।**
**પ્રવાલવૈડૂર્યમૃણાલવર્ચસઃ પરિસ્ફુરત્કુણ્ડલમૌલિમાલિનઃ ।।૧૧।।**

૧.શ્યામ અને શુદ્ધ ૨.કમલના જેવા નયનવાળા ૩.પીતવસ્ત્રવાળા ૪.સુંદર તેજવાળા ૫.ઘણા કોમલ ૬.બધા ચાર ભુજાવાળા ૭.પ્રકાશતા ઉત્તમમણિવાળા હારરૂપ આભરણવાળા ૮.ઉત્તમ મતિવાળા ૯.પ્રવાલ વૈડૂર્ય અને કમલ જેવી કાંતિવાળા અને ૧૦. પ્રકાશતા કુંડલો અને મસ્તકની માલાઓવાળા (છે.)૧૧

સત્ ચિત્ અને આનંદ દરેકના પાંચ અને એક (બધાનો) સામટો એમ ભગવાનના સોળ ગુણો પ્રસિદ્ધ છે. તેમાં ભગવાનના સેવકોના દશ ગુણો છે, કારણકે અક્ષર સત્ ચિદ્રૂપ છે તે દશ ગુણો આ શ્લોકમાં કહે છે. લોક તરીકે તેઓ લોક તરીકે તેઓની ઉત્પત્તિ થતી હોવાથી અને અહીં શ્યામ વિગેરેની યોગ્યતા કહેવાની નથી (૧)તેઓ ઇંદ્રની લમણિની પેઠે, અથવા મધ્યાહ્નના સૂર્યના મંડલની મધ્યની પેઠે, અથવા જેમ તેજરહિત થએલ અગ્નિના કાળા કમલના જેવા પ્રકાશની પેઠે તેઓ શ્યામ અને શુદ્ધ છે. એવી રીતે (તેઓનું) શુદ્ધરૂપ કહ્યું (૨)'કમલના જેવા નયનવાળા' શબ્દથી સૌંદર્ય કહે છે. તેઓ કમલના જેવા નયનવાળા છે. એવી રીતે સ્વરૂપથી (ભગવાન્) સમાન હોવાનું કહી (૩)'પીળા વસ્ત્રવાળા' શબ્દથી સામગ્રીથી પણ સમાન હોવાનું કહે છે. બધાએ પીતાંબરવાળા છે. (૪)સૂર્યમંડલ પણ શ્યામ અને શુદ્ધ હોવાથી, તેનું તેજ જેમ ઠંડું નથી તેના જેવું (આમનું) નથી અને ચંદ્રના જેવું અલ્પ પણ તેજ નથી. પરંતુ (તેઓ સુંદર તેજવાળા છે. સુંદર છે તેજ જેમનું તેવા છે, અને તેમના દર્શન થાય તે માટે ઘટ (જોવામાં થાય છે તે)ની પેઠે પદાર્થને

સંસ્કાર કરાવનાર તેજની જરૂર નથી વળી (૫)'સુપેશલાઃ' ઘણા કોમલ છે.

**રૂપં ગન્ધશ્ચ શબ્દશ્ચ રસશ્ચ સ્પર્શ એવ ચ ।।**
**સત્વસ્યૈતે પઞ્ચગુણાઃ સર્વોત્કૃષ્ટા નિરૂપિતાઃ ।।**
**ચિદંશસ્યાપરે પઞ્ચ સર્વોત્કૃષ્ટા ભુજાદયઃ ।।**

રૂપ અને ગંધ[1] અને શબ્દ અને રસ[1] અને વળી [1]સ્પર્શ, આ સત્વના સર્વથી ઉત્તમ પાંચ ગુણો કહ્યા. ચિદંશના સર્વથી ઉત્તમ ભુજાઓ વગેરે પાંચ (ગુણો) છે.

(૬)બધા ચાર ભુજાઓવાળા છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમના હાથમાં પ્રાપ્ત થએલા છે એમ જણાવવા ચાર ભુજાઓવાળા છે. (૭)પ્રકાશતા 'મણિપ્રવેકાઃ' ઉત્તમ મણિઓ હાર વિગેરે પદક વિગેરે આભરણોમાં છે તેમના (તેવા છે.) જો[1] કે ઘર વિગેરેમાં પણ અલંકારો હોય છે, છતાં પણ પદક વિગેરે ચેતન (જીવ) વાળાઓના જ (હોય છે) (૮)ઉત્તમ કાંતિવાળા છે. 'વર્ચઃ' એટલે ચેતનની કાંતિ, જેવી કે મહાપુરુષોની અને દિવ્ય સ્ત્રીઓની (છે) તેજ 'વર્ચઃ' શબ્દથી કહેવાય છે. ઉત્તમ છે કાંતિ જેમની, સર્વથી ઉત્તમ દેહની કાંતિવાળા (તેઓ છે.) (૯)'પ્રવાલ વૈડૂર્ય અને કમલ જેવી કાંતિવાળા' શબ્દથી બધા એક પ્રકારના હેવાનું થયું તેનું નિવારણ કરે છે. જેમ પ્રવાલોમાંથી અંદર સ્નિગ્ધ અને રતાશવાળી કાંતિ નીકળે છે, તેમ શ્યામ અને શુદ્ધ તેઓમાંથી પણ રતાશવાળા રંગની કાંતિ નીકળે છે. તેવી રીતે વૈડૂર્યની સ્નિગ્ધ અડધી પીળી અને શ્યામ રંગવાળી કાંતિ હોય છે. વ્રત તીર્થ વિગેરેથી અને સેવાથી જે પહેલા ભક્તો થએલા (તે કહ્યાં.) જે જ્ઞાનથી ભક્ત થયા તે કમલના જેવી કાંતિવાળા. એવી રીતે એમ જણાવેલ છે કે એક પ્રકારના હોવા છતાં પણ પહેલા કરેલી ભક્તિના પ્રકાર જુદા હોવાથી તેઓ અનેક પ્રકારના હોય છે. (૧૦)તેઓ ઘણા ઉત્સાહવાળા હોવાથી તેઓના અંતઃકરણના ગુણ કહેવા માટે બીજું વિશેષણ કહે છે. સર્વ તરફથી પ્રકાશતા કુંડલો અને મસ્તકની જે માલાઓ તે છે જેઓના ઉપર (તેવા છે.) કુંડલોને ભ્રમણ કરાવવાથી અને મુકુટને ભ્રમણ કરાવવાથી તેઓ ઉત્સાહ સાથે ભગવાનની સેવા કરનારા છે એમ તેઓમાં ભજનાનંદ હોવાનું કહ્યું.(૧૧)

૧.પીતાંબર વેદરૂપ હોવાથી 'પીળા વસ્ત્રવાળા' શબ્દથી શબ્દ કહ્યો. સૂર્યમંડલના દૃષ્ટાંતથી રૂપ કહ્યું, 'ઘણા કોમળ શબ્દથી સ્પર્શ કહ્યો. 'કમલ જેવા નયનવાળા'થી ગંધ કહી. 'સુંદર તેજવાળા' શબ્દથી રસ કહ્યો, કારણકે શ્રુતિમાં સૂર્યને 'મધુ' કહેલ છે.(પ્ર)

૨.આભરણો (દેહથી) બહારના હોવાથી 'સત્'ના ગુણ હશે એવી શંકા થાય, તે આથી દૂર કરે છે. સત્‌ના ગુણ તરીકે જણાતા હોવા છતાં સદા ચેતનની સાથે સમ્બન્ધ હોવાથી ચિત્‌ના ગુણો છે.(પ્ર)

એવી રીતે ત્યાં રહેનારા સેવકો નિર્દોષ હોવાનું કહીને વૈકુંઠ લોક છે એમ જણાવવા નીચેના શ્લોકથી તેના ગુણો કહે છે :

**ભ્રાજીષ્ણુભિર્યઃ પરિતો વિરાજતે લસદ્વિમાનાવલિભિર્મહાત્મનામ્ ।**
**વિદ્યોતમાનઃ પ્રમદોત્તમાદ્યુભિઃ સવિદ્યુદભ્રાવલિભિર્યથા નભઃ ॥૧૨॥**

મહાત્માઓના સર્વથી ઉત્તમ વિમાનોની કાંતિવાળી પંક્તિઓથી સર્વ તરફથી તે શોભે છે. જેમ વીજળી સાથેના વાદળાઓની પંક્તિઓથી આકાશ પ્રકાશે તેમ ઉત્તમસ્ત્રીઓની કાંતિથી (તે) પ્રકાશતો છે.(૧૨)

સેવકોના અને ભગવાનના વિષયાનંદનું અનુક્રમે નિરૂપણ કરે છે. તેઓમાં પણ ભગવાન્ પ્રથમ સેવકોને જ આનંદ કરાવે છે તેથી આ શ્લોકમાં તેઓનોજ વિષયાનંદ કહે છે. વિષયોમાં (૧)પહેલી સ્ત્રીઓ છે (૨)તેમના આધારરૂપ વિમાનો (૩)અને પોતાનું જ્ઞાન અને (૪)ઈશ્વર કરેલ નિર્ભયપણું, એમ ચાર ગુણોથી વિષયો શ્રેષ્ઠ થાય. અન્ન વિગેરેનો તો દોષના અભાવમાં સમાવેશ થાય. રસ વિગેરે તો આ (વિષય)ના અંગરૂપ છે. તે (વિષયાનંદ) કહે છે. (૧)'ભ્રાજીષ્ણુભિઃ' કાંતિવાળા 'વિમાનાવલિભિઃ' વિમાનોની પંક્તિઓથી જે (તે) લોક સર્વ તરફથી શોભે છે. વૈકુંઠની શોભા કરાવનારા વિમાનો ભગવાને જ પસંદ કરેલા હોવાથી તે (વિષય)માં કાંઈ પણ શંકા નથી (૨)'લસતિ' સર્વથી ઉત્તમ (વિમાનો) (૩)'મહાત્મનામ્' સર્વજ્ઞ અથવા ભેદ તજીને પૂર્ણતા પ્રાપ્ત કરેલા (પુરુષો)ના (છે) વળી (૪)ઉત્તમ સ્ત્રીઓની કાંતિથી શોભતો (લોક) છે. ઉત્તમ સ્ત્રીઓ તેઓને ભોગ કરાવનારી છે. તેમ ન હોય [1]તો ભોગમાં પ્રેમ ન થાય; પરંતુ વિષય ઉપર પ્રેમ હોવાથી જ પ્રેમ હોય, તેથી ભગવાનની ઈચ્છાથીજ તેવો (ભોગ) છે એમ જણાવ્યું. તેઓની કાંતિથી આ લોક શોભે છે. લોક કરતાં પણ ભોગ થાય તે માટે તે (સ્ત્રીઓની) કાંતિ વધારે હોવાનું કહેલ છે. તેઓથી કાંતિ પણ પુરુષ સાથે હોય ત્યારેજ હોય છે, એકલી હોય ત્યારે નથી હોતી એમ દષ્ટાંતથી કહે છે. જેમ વિજળી સાથેની 'અભ્રવલિભિઃ' વાદળાઓની પંક્તિઓથી 'નભઃ' સર્વ તરફથી છવાએલું આકાશ (શોભે) તેની પેઠે (શોભે છે) એવો અર્થ છે.૧૨

૧.આનંદમીમાંસામાં પ્રથમ મનુષ્યનો આનંદ કહ્યો, પછી તેથી સો સો ઘણા બીજા આનંદો કહ્યા તેથી બ્રહ્માનંદમાં પણ તે આનંદ કહેવો જોઈએ. બ્રહ્મસૂત્ર ૪-૪-૨૧ માં પણ આ સ્વીકારેલ છે. જો આ લોકમાં તે ભોગ ન હોય તો અક્ષરના આનંદમાં તેટલું ન્યુનપણું થાય, અને બીજા આનંદોથી તે અધિક હોવાનું ખોટું ઠરે. તેથી અહીં આનંદનું નિરૂપણ કરેલ છે. તેથી અહીં પ્રેમનું માપજ કહેલ છે, પણ વિષયમાં પ્રેમ કહેલ નથી. તેથી ઈશ્વરથી નિર્ભય રહેવાય તે માટે ભગવાનની ઈચ્છાથી તે થાય છે એમ જણાવવા વિષયાનંદ કહેલ છે એવો અર્થ છે.(પ્ર)

એ પ્રમાણે સેવકોનો ઘણો ભોગ કહીને ત્યાં ભગવાનનો મહાભોગ જણાવવા માટે નીચેના શ્લોકમાં લક્ષ્મીનું વર્ણન કરે છે :

**શ્રીર્યત્ર રૂપિણ્યુરુગાયપાદયોઃ કરોતિ માનં બહુધા વિભૂતિભિઃ ।**
**પ્રેઙ્ખં શ્રિતા યા કુસુમાકરાનુગૈર્વિગીયમાના પ્રિયકર્મ ગાયતી ॥૧૩॥**

જ્યાં રૂપવાળી લક્ષ્મી વિભૂતિઓથી ભગવાનના ચરણોનું સન્માન ઘણા પ્રકારે કરે છે. જે (તે) હીંડોળે વસંતના સેવકોથી ગાન કરાતી પ્રિયના કર્મનું ગાન કરે છે.૧૩

જ્યારે ભગવાન્ પોતાની શક્તિના સ્વરૂપથી પ્રકટ થયા, ત્યારે શક્તિઓમાં મુખ્ય લક્ષ્મી (થયા) તે પહેલા બલની પેઠે (ભગવાનના) શરીરમાં જ રહી. જ્યારે ભગવાન્ પ્રભુ તરીકે પ્રકટ થયા, ત્યારે તે પણ સ્ત્રીની પેઠે ભોગ્યના સ્વરૂપથી પ્રકટ થઈ, તે 'રૂપવાળી' શબ્દથી કહેલું છે. તે (પોતાના) સ્વાર્થ માટે સચ્ચિદ્રૂપ થઈ.[1] તેનું શરીર તો બ્રહ્માનંદરૂપ છે. તેથી[1] જ તે ભગવાનના ચરણોનું વિભૂતિઓથી સન્માન કરે છે એમ (કહેલ છે); કારણકે તે અક્ષરના આનંદરૂપ છે, અને (ભગવાનના) ચરણો અક્ષરરૂપ છે. તેથી તે ભગવાનના ચરણોનેજ આનંદવાળા કરે છે, કારણકે આજ (તેમનું) સન્માન છે. 'ઉરૂગાય' એટલે ઘણા મંત્રોથી જેમનું ગાન થાય છે તેવા (ભગવાન્.) 'તે વિષ્ણુનું ઉત્તમ સ્થાન' 'વિષ્ણુના વીર્યો' વિગેરે 'ત્રણ પ્રકારે ઘણું ગવાતા' વિગેરેથી સર્વ શ્રુતિઓનો અર્થ ઘણું જેમનું ગાન થાય છે તે પુરુષોત્તમ છે, અને તેમના ચરણો તો અક્ષર છે એમ જણાવેલ છે. 'ઘણા પ્રકારે' એટલે પાંચ જ ગુણોથી અને ભક્તિથી. એવી રીતે ભગવાન્ માટે આનંદરૂપ થએલીનું તેનું પ્રયોજન કહીને, પોતાના માટે ચિદ્રૂપ થએલીનું પ્રયોજન ઉત્તરાર્ધથી કહે છે. જે લક્ષ્મી 'પ્રેંખમ્' હિંડોળે 'શ્રિતા' તેના ઉપર બેસીને ચિત્તની નિવૃત્તિ થાય તે માટે 'કુસુમાકરાનુગૈઃ' વસંતના સેવકો ભ્રમરોથી પોતાનું ગાન થતું હોવા છતાંપણ (ભગવાનના કર્મનું ગાન કરે છે.) (લક્ષ્મીના) બધા અવયવો ઉપર રહેલા પુષ્પો વિગેરેની સુગંધ લેવા આવેલા ભમરાઓ ઘણા સમય સુધી પાસે રહેવા માટે તેનું વાસ્તવિક રીતે ગાન કરે છે. (લક્ષ્મી) પોતે તો ભગવાનના કર્મ વિગેરેનું ગાન કરે છે. તેમ ન કરે તો અક્ષરમાં તેનો લય થાય. તેથીજ સાક્ષાત્ [2]સમ્બન્ધ ન થાય તે માટે હિંડોળે બેઠેલી હોય છે. તેનો (અક્ષરમાં) લય ન થાય તે માટે (પોતે) જ ગુણોનું ગાન કરે છે. ત્યાંનો વસંત ફલ થયા પહેલાની સ્થિતિરૂપ ઘણી નવરાશરૂપ છે તેમાં રહેલી દેવતાઓ આ આનંદરૂપ (લક્ષ્મી)ની સ્તુતિ કરે છે, કારણકે પોતે પણ ફલરૂપ છે. આથી અક્ષરથી ભય થતું[3] ન હોવાનું કહ્યું, કારણકે તેના (ભમરાઓ) આદર કરે

છે. જ્યારે સન્માન કરવાનો સમય ન હોય ત્યારે પોતાના રક્ષણ માટે ભગવાનના કર્મોનું ગાન કરે છે. એક વચન તો પોતાના ઉદ્ધારના અભિપ્રાયવાળું છે.૧૩

૧.પોતાના સ્વાર્થ માટે ચિદ્રૂપ થવાનું કારણ કહે છે. ચરણ સેવા કરી ભગવાનના આનંદની ઈચ્છાથી જ તે ચિદ્રૂપ થાય છે એવો અર્થ છે (પ્ર) આગળ શ્લો ૧૫ના ઉત્તરાર્ધમાં કહેલા પાંચ વિશેષણોથી કહેલા પાંચ ગુણો તથા તે શ્લોકના પૂર્વાર્ધમાં

૨.અક્ષરનો સાક્ષાત્ સમ્બન્ધ, એટલે લય. કહેલી ભક્તિ.

૩.અક્ષરમાં લય થવાનો ભય, એવો અર્થ જણાય છે.

એવી રીતે ભોગ કરવા યોગ્ય (લક્ષ્મી)નું વર્ણન કરીને, નીચેના શ્લોકમાં ભોગ કરનાર ભગવાનનું નિરૂપણ કરે છે :

**દદર્શ તત્રાઽખિલસાત્વતાં પતિં શ્રિયઃ પતિં યજ્ઞપતિં જગત્પતિમ્ ।**
**સુનન્દનન્દપ્રવલાર્હણાદિભિઃ સ્વપાર્ષદમુખ્યૈઃ પરિસેવિતં વિભુમ્ ।।૧૪।।**
**ભૃત્યપ્રસાદાભિમુખં દગાસવં પ્રસન્નહાસારુણચારુલોચનમ્ ।**
**કિરીટિનં કુણ્ડલિનં ચતુર્ભુજં પીતામ્બરં વક્ષસિ લક્ષિતં શ્રિયા ।।૧૫।।**

ત્યાં તેણે સર્વ વૈષ્ણવોના પતિ, લક્ષ્મીનાપતિ, યજ્ઞનાપતિ, જગતનાપતિ, સુનંદ નંદ પ્રબલ અર્હણ વિગેરે પોતાના સેવકોથી સેવાતા પ્રભુ, સેવકો ઉપર કૃપા કરવા તત્પર, દૃષ્ટિથી મદ કરાવનાર, પ્રસન્ન હાસ્ય સાથેના અરુણ સુંદર લોચનવાળા, મુકુટ પહેરેલો, કુંડલો ધારણ કરેલા, ચાર ભુજાવાળા, પીતાંબર પહેરેલા, વૃક્ષસ્થલ ઉપર લક્ષ્મીથી જણાતા (ભગવાન)ના દર્શન કર્યાં.૧૫-૧૬

ઉપર કહેલું બધું પણ બ્રહ્માએ જોયું, કારણકે લોક તેને દેખાડેલ. ત્યાં રહેલા સર્વસામગ્રી સાથેના ભગવાનનું વર્ણન કરે છે. ત્યાં સચ્ચિદાનંદરૂપ ભગવાન્ જે પ્રકટ થયા તે બ્રહ્માને જુદાં જુદાં પ્રયોજનોનું જ્ઞાન થાય તે માટે જ. ત્યાં પ્રથમ સર્વ જે ‘સાત્વતાઃ’ ભગવાનના સેવકો, ધર્મપરાયણ દેવો અને સાત્વિકો, તે ત્રણેના પતિને (જોયા,) આથી એમ જણાવ્યું છે કે જ્યારે કોઈ સમયે ભગવાન્ અવતાર લે છે ત્યારે આમના કાર્ય માટે જ અવતાર લે છે. વળી ‘શ્રિયઃ પતિમ્’ લક્ષ્મીના પતિ. (આથી) એમ જણાવ્યું કે જ્યારે ભગવાન્ પોતાના ભોગ માટે જગત્ રચે છે ત્યારે સર્વ લક્ષ્મીરૂપ જ કરે છે. આથી (એમ કહ્યું) કે અવતારોએ સ્વરૂપથી અથવા આવેશ કરીને ભોગ કરવા યોગ્ય (સ્ત્રીઓ) લક્ષ્મીરૂપ જ છે. વળી ભગવાન્ યજ્ઞોના પતિ છે. જ્યારે ભગવાન્ વેદો કરે છે ત્યારે પોતાના ભોગ માટે કરે છે. આથી એમ (કહ્યું) કે બધા યજ્ઞો ભગવાન્ માટે જ (કરાય છે.) વળી જગતના પતિ ભગવાન્ જે જગત્ કરે છે તે તેમાં ક્રીડા કરવા માટે જ કરે છે, કારણકે (તેના) તે જ પતિ છે. વળી વૈકુંઠમાં તે (યજ્ઞો)

સચ્ચિદ્રૂપ છે એમ જણાવતા મૂર્તિરૂપ (દેહ ધારણ કરેલા) છે. (૧)સર્વ સત્વતો (૨)લક્ષ્મી (૩)યજ્ઞ અને (૪)જગત્ એવા આ ચાર ભગવાને ભોગ કરવા યોગ્ય છે. આમનામાં પાછળથી ભગવાન્ પ્રવેશ[૧] કરે ત્યારે જ (તેમને) ભગવાન્ સાથે સમ્બન્ધ થાય છે એમ સર્વત્ર જાણવું, તેથી જ નિરોધમાં જગત્ સાત્વત્ યજ્ઞ અને લક્ષ્મીરૂપ આ મૂર્તિઓથી નિરોધ પહેલાની લીલાઓની[૨] સાથેની સંખ્યાથી અધ્યાયોના અર્થો થઈ (આ ચાર) ભગવાનના ભોગ માટે ઉપયોગી હોવાનું જણાવેલું છે. મૂર્તિરૂપ તે ચાર ભગવાને સ્વીકારેલા બ્રહ્માને દેખાડ્યા. વળી સુનંદ નંદ વિગેરે ભગવાનની ભક્તિરૂપ છે. સખ્ય સાથેના તેઓ આઠ પ્રકારના શ્રવણ વિગેરેના અધિષ્ઠાતાઓ છે. બધા સેવકો છે અને શ્રવણ વિગેરે તેમનાથી અધિષ્ઠિત છે. તે પૈકી ચાર નામથી ગણાવેલ છે, કારણકે લોકમાં તેજ સત્તાવાળા થવાના છે. તે પૈકી સુનંદ નંદ અને પ્રબલ કીર્તન શ્રવણ અને સ્મરણરૂપ છે અથવા ઉલટા પ્રકારથી શ્રવણ વિગેરે છે. ચોથો તો અર્હણ(પૂજન) રૂપ છે. નામના સમાનપણાને લીધે તે જ (અર્ચન તરીકે) સ્વીકારાય છે. 'આદિ' વિગેરે શબ્દથી બીજા કહેલા છે. આ પ્રાપ્ત થએલી પછી વૈકુંઠમાં જનારાઓને બીજી સિદ્ધિ (થવાનું) જણાવેલ છે. 'વિભુમ્' પ્રભુરૂપ.૧૪

એ પ્રમાણે સર્વથી વીંટાએલા હોવા છતાં પણ, સર્વ કરતાં સેવકો જ પ્રિય હોવાથી સેવકો ઉપર જ કૃપા કરવા (ભગવાન્) તત્પર થએલા. આથી (એમ જણાવ્યું કે) સેવકો ઉપર કુદરતી કૃપા છે, બીજાઓ ઉપર તો ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર રૂપ પ્રસાદ અનુક્રમે કરે છે, તે પૈકી ધર્મ યજ્ઞ છે, અર્થ જગત્ છે, કામ લક્ષ્મી છે, મોક્ષ સંતો (માટે) હોય છે. ભૃત્યો (માટે) ભક્તિ છે, એમ પાંચ પદાર્થો કહ્યા. પાંચનો ભગવાન્ ભોગ કરે છે અને (તેમનું) નિયમન કરનાર છે. ખાસ ગુણ તો સેવકો ઉપર કૃપા કરવાની તત્પરતા છે. વળી બીજા ચાર અથવા સર્વ પ્રતિ 'દગાસવમ્' દૃષ્ટિ છે 'આસવઃ' માદ કરાવનારી જેમની (તેવા છે,) ભગવાને જોએલાઓને પોતાનું સ્મરણ રહેતું નથી. આથી એમ સૂચવેલું છે કે જ્ઞાન જે પ્રપંચનું વિસ્મરણ કરાવનારૂં છે તે ભગવાનની દૃષ્ટિરૂપ જ (જ્ઞાન) છે, બીજું નહીં મૂલ (સ્વરૂપ)ની ઉપપત્તિ આવી છે એમ બ્રહ્માને જણાવવા આ પદાર્થો દેખાડેલા છે. અથવા ભક્તો ઉપર કૃપા અને [૩]કામીઓને મદ (કરાવે છે) વળી 'પ્રસન્ન હાસ્ય સાથેના અરુણ લોચનવાળા' પ્રસન્ન જે હાસ્ય, તે સાથેનું અરુણ રંગનું 'ચારુ' મનોહર લોચન છે જેમનું (તેમના દર્શન કર્યાં) ભગવાનનું હાસ્ય પ્રસન્ન હતું, કારણકે હાસ્ય પુરુષોને ઉન્માદ કરનારી માયા કહેલ છે. આ આવી ચઢેલી શક્તિ બીજી જ[૪] છે. તે પ્રસન્ન (હોઈ) પોતાનું

કાર્ય કરવાના ઘણા સામર્થ્યવાળી છે. તે સાથેની ભગવાનની માયાથી (પદાર્થો) ઘણા ઉન્મત્ત થઈ બ્રહ્માને ઉપયોગી થશે એમ સૂચવેલું છે, 'અરુણ' શબ્દથી સ્હેજ લાલાશરૂપ થોડો પ્રકાશ (જણાવ્યો,) તેજ 'ચારુ' મનોહર છે, કારણકે ઉપર ઉપરથી જાણેલું જગત્ સુખ કરનારૂં થાય છે, પરંતુ સંપૂર્ણ રીતે જાણેલું અથવા ન જાણેલું (તેવું થતું) નથી. વળી જાણેલ (પદાર્થ) અને (તેનું) ઉત્તમપણું ભગવાનના નેત્રમાં રહેલા છે. કાલને વશ[૫] (પદાર્થ) જાણેલ અને સારો હોય છે, એમ જણાવેલ છે, પરંતુ સર્વથા ન જાણેલ કોઈ પદાર્થ સારો હોતો નથી એમ સૂચવેલું છે. વળી ભગવાન્ આધાર અને આધારે રહેનાર (પદાર્થ) છે તેમાં પાંચના આધાર અને બીજા તેમના આધાર રહેનારા છે એમ (જણાવેલ છે,) તે પૈકી આધારરૂપ પાંચ પંદરમા શ્લોકના ઉત્તરાર્ધથી ગણાવે છે. મુકુટ મસ્તક ઉપર રાખવાનો, કુંડલો કર્ણ ઉપર રાખવાના, તેમની નીચે ચાર ભુજાઓ, તેમનાથી પણ નીચે પીતાંબર. એવી રીતે જે ભગવાનના અવયવ બનેલ[૬] લોકો છે તેઓ ચાર મૂર્તિવાળા ભગવાનના આધારે રહેલા છે. તેટલાથી એમ જણાવ્યું કે બધુંએ કાર્ય ભગવાનના આધારવાળું છે આટલાથી ભગવાન્ વિરાટ્ છે એમ બ્રહ્માને જણાવ્યું.૧૫

૧.લોકમાં આ પાછળથી પ્રવેશ કરે ત્યારેજ લૌકિકનો ભગવાનને સમ્બન્ધ થાય છે એવો અર્થ છે.(પ્ર)

૨.દશમા સ્કંધમાં કહેલી લીલામાં લૌકિક વિગેરે પદાર્થો પહેલા કહેલી લીલાઓની સરખી સંખ્યાથી ત્રણ પ્રકારનો સર્ગ, ત્રણ પ્રકારની સ્થિતિ અને ઈશાનુકથા રૂપ પ્રલયના ભેદથી સમાન જે સંખ્યા તેને લીધે આ અહીં કહેલ જગત્ વિગેરે ચાર મૂર્તિઓથી અધ્યાયો કહેલા હોવાથી ભગવાનના ભોગ માટે ઉપયોગી ૮૭ અધ્યાયોથી જણાવેલ છે.(પ્ર) અહીં કહેલા ચાર પદાર્થો અને નિરોધ પહેલાની સાત લીલાઓ મળી અગીયાર થાય તેને પ્રલયની સંખ્યાથી ગુણતાં ૭૭ થાય છે.

૩.'કામીઓ' એટલે જગત્ સિવાયના ત્રણ (પ્ર)

૪.'બીજી જ' એટલે બીજા પ્રકારે મદ કરનારી.(પ્ર)

૫.ભગવાનનું ચક્ષુ સૂર્યરૂપ છે, સૂર્ય કાલરૂપ છે. કાલને વશ જાણેલ જગતની અંદરનો પદાર્થ કાલના આધારવાળો અને સારો છે એમ બ્રહ્માને જણાવ્યું.

૬.વેદરૂપ મુકુટના આધારવાળો સત્યલોક શિર છે, યોગ અને સાંખ્યરૂપ કુંડલોના આધારરૂપ કર્ણોનો શ્રીમુખમાં સમાવેશ થતો હોવાથી ગ્રીવા સાથેનું મુખ તપ, જન અને મહર્લોકનો આધાર છે. યોગ, તપ, વંશ અને ભગવાનની ભક્તિ એ ચારથી પ્રાપ્ત થતા લોકરૂપ ભગવાનની ભુજાઓ છે. શ્રીના આધાર તરીકે વક્ષઃસ્થલ લોકરૂપ છે. માયારૂપ પીતાંબરના આધારરૂપ કટિ વિગેરે ભૂર્ વિગેરે લોકો છે અથવા પ્રકારના ભગવાનના અવયવો બનેલ લોકો ત્રીજા સ્કંધમાં કહેલી રીત પ્રમાણે ચાર મૂર્તિરૂપ ભગવાનના આશ્રયે રહેલા છે, એવો અર્થ છે.(પ્ર)

નીચેના શ્લોકમાં આધારે રહેલા પદાર્થનું નિરૂપણ કરે છે :

**અધ્યર્હણીયાસનમાસ્થિતં પરં વૃતં ચતુઃષોડશપઞ્ચશક્તિભિઃ ।**
**યુક્તં ભગૈઃ સ્વૈરિતરત્ર ચાઽધ્રુવૈઃ સ્વ એવ ધામન્ રમમાણમીશ્વરમ્ ।।૧૬।।**

પૂજા કરવા યોગ્ય ઉત્તમ આસન ઉપર વિરાજેલા, ચાર સોળ અને પાંચ શક્તિઓથી વીંટાએલા પોતાના ભગો જે બીજામાં કોઈક સમયે જ હોય છે તેમની સાથે રહેલા, પોતાના જ સ્થાનમાં રમણ કરતા ઈશ્વરના દર્શન કર્યા (શ્લો.૧૪) ૧૬

'અધિ' અધિક 'અર્હણીયમ્' ધર્મ વિગેરે બધાએ પૂજા કરવા યોગ્ય, અથવા તેમના [1]સમ્બન્ધથી પૂજા કરવા યોગ્ય, તેવા આસન ઉપર 'આસ્થાય' વિરાજેલા (ના દર્શન કર્યાં,) તેમના અધિષ્ઠાતા દેવતા ન હતા એમ જણાવવા 'પરમ્' ઉત્તમ કહેલ છે. તેમનાથી [2]ઉત્તમ અથવા તેમને વશ રાખનાર મુખ્ય તે અક્ષરરૂપ આસન (ઉપર વિરાજેલા;) કારણકે અક્ષર લોકરૂપ આસનરૂપ અને ચરણરૂપ, આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક (અનુક્રમે) છે. તેના અંશો પચીસ તત્વો છે. તે આગળ કહેવાશે, અને આસનના અંશ તરીકે (કહેવાશે.) તે 'ચાર સોળ અને પાંચ શક્તિઓથી (વીંટાએલ)' શબ્દથી કહેલ છે, ત્યાં ચાર પાંખડીવાળા કમળની પેઠે પ્રથમ આવરણરૂપ પ્રકૃતિ પુરુષ મહત્તત્વ અને અહંકાર ચાર છે. પછી સોળ પાંખડીવાળા કમલની પેઠે અગીઆર ઈંદ્રિયો અને પાંચ તન્માત્રાઓ એ સોળ બીજા આવરણરૂપ હતાં પછી પાંચ મહાભૂતોથી વીંટાએલું હતું. એ પ્રમાણે ત્રણ આવરણો કહ્યાં. તેમને ઓળંગીને જે ભગવાન્ પાસે જાય તે (ત્યાં) પહોંચે છે. એ રીતે સર્વ તત્વ સાથેનું અક્ષર (ભગવાનનું) આસન હોવાનું કહ્યું. વળી 'પોતાના ભગો સાથે રહેલા.' ઐશ્વર્ય વિગેરે છ આકૃતિવાળા ગુણો ભગવાનને વીંટી રહેલા, અને તે ઐશ્વર્ય વિગેરે માત્ર ભગવાનમાં જ રહેલા, બીજા કોઈમાં રહેતા નથી. બીજા પાર્ષદ વિગેરેમાં કોઈક સમયે જ હોય છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી રાજા વિગેરેમાં પણ હોય છે. આટલાથી બધા માટે 'ભગવાન્' શબ્દ યોજાય છે, છતાં પણ ઐશ્વર્ય વિગેરે ભગવાનમાં જ સદા રહેલ હોય છે. બીજામાં તો કોઈક સમયે જ હોય છે. તેથી બીજાઓમાં ઓછા વધારે હોવાને લીધે ભગવાનપણું (કહેવાય છે.) આથી 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે' 'જેની જેમાં શ્રદ્ધા તે તેજ છે,' 'તે પોતાને આપે છે' એ સર્વ વાક્યોનો અર્થ થયો. તેથી અસાધારણ (ઐશ્વર્ય વિગેરે) ભગવાનમાં જ છે. એમ જણાવ્યું કે ભગવાન્ મુક્ત જીવો કરતાં પણ મહાન્ છે, કારણકે તે સમયે કૃપાથી ઉત્પન્ન (પ્રાપ્ત) થએલ ઐશ્વર્ય વિગેરે સ્વાભાવિક હોતા નથી. એવી રીતે સર્વ સામગ્રી હોવા છતાં ભગવાન્ આનંદમય હોવાથી પોતામાં જ રમણ કરે છે. 'સુખનો અનુભવ ફલ છે. (ભગવાન્) પોતે આનંદમય હોવા છતાં પણ અનુભવ ન હોવાથી

ભોગ કેવી રીતે થાય?' તે સમ્બન્ધમાં સ્થાનમાં શબ્દ યોજેલ છે. પોતાના તેજરૂપ પ્રકાશતા (સ્થાન)માં (રમણ કરે છે.) પ્રકાશ ન હોય ત્યાં પ્રકાશ કરનાર જ્ઞાનની જરૂર રહે; પરંતુ પોતે જ પ્રકાશતા હોય ત્યાં ન રહે. આથી જીવોથી ભગવાન્ ભોગ્ય છે એવો વિચાર ખોટો જણાવેલ છે. આમ હોવા છતાં પણ (ભગવાન્) ઈશ્વર (સર્વનું) નિયમન કરનાર છે. જો કે પોતાને કોઈપણ સ્થલે રમણ કરવાની જરૂર નથી, છતાં પણ સર્વનું નિયમન કરનાર છે.૧૬

**તદ્દર્શનાહ્લાદપરિપ્લુતાન્તરો હૃષ્યત્તનુઃ પ્રેમભરાશ્રુલોચનઃ ।**
**નનામ પાદામ્બુજમસ્ય વિશ્વસૃગ્ યત્પારમહંસ્યેન પથાઽધિગમ્યતે ।।૧૭।।**

તેમના દર્શનથી થતા આનંદથી ભરપૂર થએલ હૃદયવાળા, આનંદ પામતા દેહવાળા, પ્રેમના ભારથી થએલ અશ્રુવાળા લોચનવાળા વિશ્વ રચનારે આમનું ચરણકમલ જે પરમહંસના માર્ગથી પ્રાપ્ત થાય છે તેને નમન કર્યું.૧૭

એ પ્રમાણે સર્વ સંદેહોને મટાડનાર ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને, તેના દર્શનથી જે આનંદ (થયો,) (તે) આનંદના અનુભવથી જે સંતોષ (થયો,) (તેથી) ભરપૂર થએલ હૃદય જેનું, તેવો થઈ નમન કર્યું, એમ આગળના (શબ્દ) સાથે સમ્બન્ધ છે, કારણકે કાંઈક કામનાથી તેણે તપ કરેલું, અને તે કામનાથી જાણવાની ઈચ્છાવાળું હૃદય અધૂરૂં રહેલું, તે ફલરૂપ આનંદનો અનુભવ ઈચ્છેલા કરતાં પણ અધિક ફલરૂપ હોવાથી અંતઃકરણ ભરપૂર થયું. જેમ મોટું પૂર આવે ત્યારે બધાએ ખાડાઓ ભરાઈને ઉભરાઈ જાય છે, તેવું બ્રહ્માનું ચિત્ત પણ થયું, એવો અર્થ છે. તેથી જ તેને ત્યાર પછી બોલવાની શક્તિ રહી નહીં. વળી અંદર ભરાએલ આનંદ બહાર પણ નીકળ્યો એમ 'આનંદ પામતા દેહવાળા' શબ્દથી કહેલ છે. પછી આનંદમાં ડૂબેલી જ્ઞાનશક્તિ પણ બીજા ફલનું જ્ઞાન થવા દેતી નથી એમ જણાવવા 'પ્રેમના ભારથી થએલી અશ્રુવાળા લોચનવાળા' એમ કહેલું છે. પ્રેમના ભારથી જે અશ્રુઓ થયાં તે હતાં જેના લોચનોમાં તેવો (થયો) પહેલા ભગવાન્ ઉપર રહેલ, તેનો આધાર (અંતઃકરણ) ભરપૂર થતાં (પ્રેમ) તેમાંથી નીકળી, નેત્ર જ્ઞાન ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પરિચય જેવું પ્રાપ્ત કરીને તેમની મારફત જલરૂપથી બહાર નીકળ્યો. 'ભરઃ' (એટલે) ભાર. ભાર ભરવામાં આવે ત્યારે પરસેવો થાય જ. તે (અર્થ) 'પ્રેમના ભારથી (થએલ) અશ્રુઓ' શબ્દથી કહેલ છે. સ્વભાવથી સ્રવે નહીં તે અશ્રુ[૧] તે સમયે બીજું કાંઈ કરવાનું ન હોવાથી ભક્તિના પ્રકારથી 'ચરણકમલને નમન કર્યું' 'આમનું' (એટલે) ઉપર કહેલ સ્વરૂપ જેની બ્રહ્માને જરૂર હતી તે

સ્વરૂપનું 'વિશ્વ રચનાર' શબ્દથી (તે) જરૂર જ જાણવી, કારણકે તે વિશ્વ રચતા હતા. 'એવા દર્શન થયાં ત્યારે નમન જ કેમ કર્યું?' સાયુજ્ય પ્રાપ્ત કેમ ન કર્યું?' એવી શંકા પણ આથી નીકળી ગઈ, કારણકે આ વિશ્વ કરનાર હતા. અધિકારી હોવાથી (સાયુજ્ય) પ્રાપ્ત ન કર્યું એવું તાત્પર્ય છે, 'ચરણારવિંદ (બધાને) સમાન છે અને (સાયુજ્ય આપવાની) શક્તિવાળું છે તેથી અધિકાર હોય ત્યારે સાયુજ્ય કેમ ન (થાય?)' એવી શંકા થાય, તેથી 'જે પરમ હંસના માર્ગથી પ્રાપ્ત થાય છે' એમ કહેલું છે 'જ્યારે પરમહંસના માર્ગથી ચરણારવિંદ જોવામાં આવ્યું હોય ત્યારે જ ચરણારવિંદ પ્રાપ્ત થાય છે, પરંતુ બીજા પ્રકારે જોએલું સાયુજ્ય કરાવતું નથી.૧૭

૧.'અનુ શ્રુ' સ્ત્રવે અશ્રુ સ્વભાવથી (પોતાની મેળે કારણ વિના) આંસુ આવતા નથી.

એવી રીતે નમન કરીને બ્રહ્મા શાંત રહ્યા અને કાંઈપણ કહેવા અશક્ત (રહ્યા.) ત્યારે તેણે ઈચ્છેલું ભગવાને કહ્યું, એમ નીચેના શ્લોકથી કહે છે :

**તં પ્રીયમાણં સમવસ્થિદા પ્રજાવિસર્ગે નિજશાસનાર્હણમ્ ।**

**બભાષ ઈષત્મિતશોચિષા ગિરા પ્રિયઃ પ્રિયં પ્રીતમનાઃ કરે સ્પૃશન્ ।।૧૮।।**

પ્રસન્ન થએલા, સારી રીતે રહેલા તે સમયે પ્રજાની સૃષ્ટિમાં પોતાની આજ્ઞા મેળવવા યોગ્ય તે પ્રિયને પ્રસન્ન મનવાળા પ્રિયે હાથે સ્પર્શ કરતાં સ્હેજ સ્મિતથી તેજવાળી વાણીથી નીચે પ્રમાણે કહ્યું.૧૮

જ્યાં [1]સાધન અને ફલ ઈચ્છેલ હોય, ત્યાં બીજો પ્રકાર ન થાય તે માટે આરંભેલા (કાર્ય)ની સિદ્ધિ થાય તે માટે જ તે ઘણો ઉત્સાહ૨ (કરાવે છે.) તેમ[3] ન હોય ત્યારે તો ભગવાન્ શાંત રહે છે. પ્રસન્ન થએલા હોવાથી જેવું ઈચ્છેલું હોય તેવું (ફલ) આપે છે, અહીં તો સાધનાનો પણ પોતે ઉપદેશ કરેલ હોવાથી, તેને વર માગવાની પ્રેરણા કરે છે. તેમ[4] ન કરે તો પોતે માત્ર ઈચ્છેલું હોય, ત્યારે (દઢ) આગ્રહ કરે, પદાર્થોનું જ્ઞાન પણ ખોટું થઈ જવાનું બને, તેથી (ભગવાન્) પોતે પોતાની ઈચ્છાથી સમાન પદાર્થવાળી તેની ઈચ્છા ઉત્પન્ન કરાવીને, તેની મારફત જ મારૂં ઈચ્છેલું કરીશ એવી ભગવાનની ઈચ્છાથી બ્રહ્મા શાંત રહેલ[1], ભગવાનનો આવિર્ભાવ થયો ત્યારે વસ્તુ (સ્વરૂપ)ના માહાત્મ્યને લીધે અથવા ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત થવાનું સાધન થવાથી ભગવાનના દર્શનથી બ્રહ્મા 'પ્રીયમાળ' ઘણું પ્રસન્ન થયા, અને સારી રીતે રહ્યા, પરંતુ તપથી ખિન્ન થએલા રહ્યા. તેમ ન હોય તો (ભગવાન્) આજ્ઞા પણ ન આપે, વળી દોષરહિત થએલ. 'તે સમયે' શબ્દનો બંને બાજુ સમ્બન્ધ છે. પહેલા દુઃખી થએલ હોવા છતાં તે સમયે દુઃખી ન હતો. તેથી જ

તે જ સમયે પ્રજાની સૃષ્ટિ કરવા માટે પોતાની (ભગવાનની) આજ્ઞા (પ્રમાણે) કરવાની શક્તિવાળા (થએલ,) બ્રહ્માને એવા જાણીને, (તેવા) સ્વરૂપની યોગ્યતા વિચારીને, તેને મદદ કરનારી યોગ્યતા પ્રાપ્ત કરાવવા 'બભાષે' કહ્યું. ભાષણ જ પ્રયોજન ન હતું, તેથી 'વાણીથી' શબ્દથી વાણી સાધન હોવાનું કહેલ છે. 'ભગવાનમાં રૂપના દર્શન થયા અને ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયો' ત્યારે ભગવાનના વાક્યથી તત્વજ્ઞાન જ થશે' તેથી 'સ્હેજ સ્મિતથી તેજવાળી વિશેષણ કહેલું છે. સર્વ વસ્તુઓમાં જે વસ્તુનું સ્વરૂપ (હોય) તેનું જ્ઞાન ન થાય તે માટે મોહ (કર્યો,) એમ 'સ્હેજ' શબ્દથી કહેલ છે. જો કે તેજ મુખ્ય છે, છતાં પણ માત્ર બ્રહ્માની ઈચ્છાથી આ થવાનું તેથી તેનું કાર્ય અલ્પ થાય. સ્મિત પણ મંદ હાસ્ય છે, તેનું (તેનાથી) પણ જ્ઞાન થાય, પરંતુ (તે) ફલમાં પરિણમે નહીં. અને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન ભલે થાય, છતાં પણ તેનું જે ફલ તે હમણા ન થાઓ તે માટે સ્મિત (કર્યું.) ફલમાં પણ માત્ર મોક્ષરૂપ ફલ ન થાય, સર્વજ્ઞપણું અને અલૌકિક તેજવાળા થવાપણું ભલે થાય, એવા અભિપ્રાયથી તેજવાળી, એમ કહેલું છે. સ્મિતમાં જ અથવા સ્મિત જેવું છે. તેજ જેમનું, તેવા (ભગવાન્) 'જે પોતાનું અસાધારણ કર્તવ્ય છે તે બીજાએ કરવું ન જોઈએ, એવી શંકા થતાં, પ્રિય (પુરુષે) તે પણ કરવું' એવા અભિપ્રાયથી 'પ્રિયને' એમ કહેલું છે. તે પ્રિય હોવાનું ભગવાનના સમ્બન્ધથી અથવા સ્વભાવથી જો હોય, તો શાસ્ત્રનો[૫] વિરોધ થાય, તેથી બ્રહ્મામાં રહેલ પ્રેમ પોતાના પ્રેમનું કારણ હોવાનું 'પ્રિયે' શબ્દથી કહેલું છે. 'જે મને જે પ્રમાણે ભજે છે' (ભ.ગી. ૪-૧૧) એમ આ અર્થ સૂચવેલો છે. ભગવાનનું મન ભગવાનના વાક્યને ઉત્પન્ન કરનારૂં હોવાથી, તે (મન) પ્રસન્ન ન હોય, તો વાણી પણ પ્રસન્ન ન થાય; અને તેમ થતાં 'બીજાને જોતાં વાણી જોઈ નહીં' એ વાક્ય પ્રમાણે બ્રહ્માને વાક્યના અર્થનું જ્ઞાન થાય નહીં, તેથી 'પ્રસન્ન મનવાળા' એમ કહેલું છે. પ્રસન્ન છે મન જેમનું (તેવા ભગવાન્ હતા,) કારણકે પોતાનું કાર્ય બ્રહ્માથી થતું હતું. 'હાથે સ્પર્શ કરતાં' શબ્દથી ક્રિયા શક્તિ (બ્રહ્મામાં) મૂકવાનું (કહ્યું.) જ્ઞાનશક્તિ તો વાક્યોથી (મૂકશે,) એવી રીતે બંને (શક્તિ)વાળા થઈ પોતાનું ઈચ્છેલું (કાર્ય) કરશે એવો (અર્થ છે.)૧૮

૧.૧ આ ભાગથી ૧૮ થી ૨૩ સુધીના છ શ્લોકનો અર્થ કહેલ છે.(પ્ર)

૨.'ઉત્સાહ' હાથે સ્પર્શ કરીને હર્ષ કરાવે છે.(પ્ર)

૩.સાધન અને ફલ બેમાંથી એક ન હોય તો પણ ભગવાને ઉત્સાહ કરાવ્યો તેથી બ્રહ્માએ પણ પાસે રહેલ સાધનો પોતે ઈચ્છેલા હતાં તે જાણ્યા.(પ્ર)

૪.પ્રેરણા ન કરે તો પદાર્થો ખોટી રીતે બનાવે એવો દોષ થાય.(પ્ર)

૫.૫.ભી.ગી.૪.૧૨ નો (પ્ર)

મન બહાર સ્વતંત્ર ન હોવાથી નીચેના શ્લોકથી આરંભી વાણી કહે છે :

**ત્વયાઽહં તોષિતઃ સમ્યગ્વેદગર્ભ સિસૃક્ષયા ।**
**ચિરં ભૃતેન તપસા દુસ્તોષઃ કૂટયોગિનામ્ ।।૧૯।।**

હે વેદગર્ભ ! ખોટા યોગીઓથી પ્રસન્ન ન થાઉં તેવા મને, તેં સૃષ્ટિ રચવાની ઈચ્છાથી (અને) લાંબા સમય સુધી ચાલુ રાખેલ તપથી સારી રીતે પ્રસન્ન કરેલો છે.૧૯

'સૃષ્ટિ માટે તપ કરવામાં આવે ત્યારે ભગવાનના વરદાનનો શું ઉપયોગ' એવી શંકા થાય, તેથી તે તપથી હું પ્રસન્ન થયેલો છું એમ કહે છે. આ શાસ્ત્રમાં આ જ મુખ્ય સિદ્ધાંત છે, (કે) જે ભગવાનનું કાર્ય ઘણા પ્રયત્નથી કરે તે મુખ્ય છે, અને જે ભગવાનની સેવા કરે તે મધ્યમ છે અને જે સ્વાર્થ માટે ભગવાનની સેવા કરે તે અધમ છે. બ્રહ્માએ તો પહેલો પક્ષ કર્યો તેથી ભગવાન્ બહુ પ્રસન્ન થયા. તે 'સારી રીશબ્દથી કહેલ છે. 'બ્રહ્માએ આ વિષય કેવી રીતે જાણ્યો? એવા (પ્રશ્નના) સમ્બન્ધમાં 'હે વેદગર્ભ !' એમ કહેલ છે. વેદો જેમની અંદર રહેલા છે, વેદોનું આ જ તાત્પર્ય છે કે ભગવાનનું કાર્ય કરવું. તેથી જ સર્વ સ્થળે 'પ્રજાપતિએ કામના કરી (કે) હું પ્રજા ઉત્પન્ન કરૂં.' પ્રજાની કામનાવાળી ઋતુઓને પ્રજા પ્રાપ્ત ન થઈ. તેઓએ અમે પ્રજા કરીએ પ્રજાને પ્રાપ્ત કરીએ, પ્રજા મેળવીએ, પ્રજાવાળા થઈએ એવી કામના કરી.' 'અગ્નિહોત્ર કરે છે' 'જે કાંઈ પણ યજમાનનું ધન તેના જ રેતનું પ્રજા ઉત્પન્ન કરવામાં સિંચન કરે છે. એવા (વાક્યો છે.) તેમ ન હોય[1] લૌકિક અર્થ જણાવનાર હોય તો વેદો તેનો તે જ અર્થ કહેનારા હોઈ અપ્રમાણ થાય તેથી જ જેઓ ઉપર ઉપરથી વેદ જાણનારા[2] છે તેઓ આ અર્થ જાણતા ન હોવાથી, તેઓને બાતલ કરવા 'ગર્ભ' શબ્દ યોજેલ છે કારણકે તે (બ્રહ્મા)માં વેદો સ્થિર છે, બુદ્ધિમાં તો ત્રણ ક્ષણ સુધી રહેનારા છે સૃષ્ટિ રચવાની ઈચ્છાથી જ હું પ્રસન્ન થએલો છું. તેમાં પણ તે માટે ઘણું દુઃખ (સહન) કર્યું તેથી હું ઘણો જ પ્રસન્ન થયો છું એવું બીજું કારણ 'લાંબા સમય સુધી ચાલુ રાખેલ તપથી' શબ્દોથી કહેલું છે. જો કે સૃષ્ટિ રચવાની ઈચ્છાના સમ્બન્ધ વિના માત્ર તપથી પ્રસન્નતા થતી નથી. તેવી રીતે (પ્રસન્નતા) થતી હોય તો સૃષ્ટિ રચવાની ઈચ્છા તે (તપ)નું જ અંગ થાય, છતાં પણ તે (ઈચ્છા) મુખ્ય હતી, તેથી જુદા કારણ તરીકે કહેલી છે દુઃખરૂપ તપ તો એકવાર જ થાય છે. તે પણ જો પ્રયત્નથી બંધ ન કરતાં ચાલુ રાખવામાં આવે તો ઉત્તમપણું થાય. બંધ કરી બંધ કરીને કરેલો આરંભ તો પહેલા (આરંભ) સમાન જ (થાય.) છતાં અભ્યાસથી સંસ્કાર વધે છે પણ ફલ (વધતું) નથી. તેથી તેવું તપ ન

હતું એમ જણાવવા 'લાંબા સમય સુધી ચાલુ રાખેલ' એમ કહેલું છે. એક જ તપ વચ્ચે બીજા પ્રયત્ન વિનાનું દેહને સૂકવીને અધિકાર પ્રાપ્ત કરતાં પ્રસન્નતાનું કારણ અથવા અમુક પ્રકારની શક્તિ થાય છે, તેથી માત્ર લાંબો સમય ચાલુ રાખવાનું અને એકવચન તપમાં યોગ્ય થાય છે. માત્ર તપથી જ ભગવાન્ પ્રસન્ન થયા છે એની શંકાથી, ભગવાન્ ખુશી કરવા જ (સૃષ્ટિ રચવાની ઈચ્છા) કહે છે, એવી બ્રહ્માની માન્યતા કાઢી નાખવા (ખોટા યોગીથી) પ્રસન્ન ન થાઉં તેવો' એમ કહેલું છે. તપ કરાવનાર તરીકે યોગની જરૂર છે અને તપનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. તેથી જેઓ ભગવાનનું કાર્ય કરતા નથી. તેઓ તપસ્વી હોતા નથી. તેથી તેઓના યોગમાં તપ ન હોવાથી તે યોગ શૂન્ય જ છે, તપ સાથેનો હોવાનું ભ્રમથી જ જણાય છે. તેથી તેઓ 'ખોટા યોગીઓ' એમ કહેલ છે. તેઓથી 'દુષ્તોષઃ' દુઃખથી પ્રસન્નતા છે જેની તેવો (હું છું.) યોગ આગ્રહરૂપ હોઈ, તેઓ પોતાને દુઃખ દે છે તેથી (તેમના) આગ્રહથી જેમ અન્ન ન લેતાં મરવા બેસે તેમની પેઠે તેમના[3] ઉપર દયા આવવાથી પ્રસન્નતા થાય છે. ૧૯.

૧.એવું વેદનું તાત્પર્ય ન હોય તો વેતો લોકમાં ન જણાએલા અર્થને જણાવનારા ન હોવાથી તેઓ અપ્રમાણ જ થાય, એવો અર્થ છે.(પ્ર)

૨.'અર્થવાદો કરવામાં કર્મની સ્તુતિ જ કરતાં હોવાથી તેઓ પોતાના અર્થમાં પ્રમાણ નથી છતાં અપ્રમાણ નથી, એવી શંકા થાય તેથી આ કહેલ છે. પુરાણના વિચારથી આમ સિદ્ધ થતું હોવાથી જૈમિનીઓને તે ભાગનું જ્ઞાન ન હોવાથી તેઓ ભ્રાંત છે એવો અર્થ છે.(પ્ર)

૩.'તેમના' એટલે તેમના દેહ ઉપરના.(પ્ર)

એવી રીતે પોતાની પ્રસન્નતા જણાવીને નીચેના શ્લોકથી વર માગવા પ્રેરણા કરે છે.

**વરં વરય ભદ્રં તે વરેશમભિવાઞ્છિતમ્ ।**
**બ્રહ્મન્ શ્રેયઃપરિશ્રામઃ પુંસાં મદ્દર્શનાવધિઃ ॥૨૦॥**

તારૂં કલ્યાણ (થાઓ.) હે બ્રહ્મન્ ! વરેશ પાસે ઈચ્છેલો વર માગ. પુરુષોનો કલ્યાણ માટેનો પરિશ્રમ મારા દર્શન સુધીનો જ હોય.૨૦

બીજાની ઈચ્છાથી જ કાર્ય કરવું એવી ભગવાનની ઈચ્છા. વર તો પોતે ઈચ્છેલો પદાર્થ છે. અને કામનાથી નાશ થશે એવી શંકા ન કરવી, એમ 'તારૂં' કલ્યાણ (થાઓ) શબ્દોથી કહેલ છે. વર માગીશ ત્યારે પણ (તેનો) મારા માટે જ ઉપયોગ (થવાનો) હોવાથી (તને) કાંઈ પણ ચિંતા નથી તેથી તારૂં કલ્યાણ જ (થશે.) (વરેશ 'પાસે માગ') વર તો ભગવાનના સ્વરૂપ સુધીના (પાસે મગાય.) તેમાં બીજાની

શક્તિ ન હોવાથી હું જ વરેશ છું. બીજાઓ તો ખોટા યોગીઓની પેઠે દેખાવના વર આપવાની શક્તિવાળા છે. તેથી 'ઇચ્છેલો' એમ કહેલું છે. સંપૂર્ણ રીતે વર તરીકે વિચારેલું (માગ) 'પહેલા કરેલા તપથી આપ પ્રસન્ન થયા, એવી રીતે ફરી તપ (કરવા)થી ઇચ્છેલું પ્રાપ્ત પણ થશે. વરનું શું પ્રયોજન?' એવા પ્રશ્નના સમ્બન્ધમાં ઉત્તરાર્ધ કહેલો છે. 'હે બ્રહ્મન્' એ સંબોધન કહેલા અર્થનું સારી રીતે જ્ઞાન થાય તે માટે (કરેલું છે.) કલ્યાણ માટેનો જે પરિશ્રમ તે તો મારૂં દર્શન જ જેનો અંત છે તેવો કહેલો છે. 'પુંસામ્' એટલે બીજાઓનો પણ તેવો જ છે. 'મારૂં આ શબ્દથી પુરુષોત્તમ જ (કહેવા) ઇચ્છેલા છે, પરંતુ અવતાર કહેવા ઇચ્છેલ નથી. તેથી ત્રીજા સ્કંધમાં 'તું ફરી તપ કર' (૩-૯-૩૦) એવું જે વચન છે તેનો વિરોધ (થતો) નથી, કારણકે તે (બોલનાર) પુરુષનો અવતાર છે. એવું બીજા સ્થળોએ પણ જાણવું. ૨૦

'બીજા પ્રકારે કાર્ય થતું હોય ત્યારે ઈશ્વરની પ્રાર્થના કરાતી નથી. લોકમાં કષ્ટથી પણ પદાર્થો પ્રાપ્ત થાય છે.' એવી શંકા થાય, તેથી બીજા પ્રકારથી આ કાર્ય સિદ્ધ નહીં થાય, એમ કહેવા માટે, નીચેના શ્લોકમાં એમ કહે છે કે પહેલા ઉત્પન્ન થએલા પદાર્થો પણ માત્ર તપથી ઉત્પન્ન થયા ન હતા, પરંતુ મારી ઇચ્છાથી જ થયા હતા.

**મનીષિતાનુભાવોઽયં મમ લોકાવલોકનમ્ ।**
**યદુપશ્રુત્ય રહસિ ચકર્થ પરમં તપઃ ॥૨૧॥**

આ મારા લોકનું દર્શન (મારી) ઇચ્છાનો પ્રભાવ છે, જેનું એકાંતમાં શ્રવણ કરીને (તે) એકાંતમાં ઉત્તમ તપ કર્યું.૨૧

(મારી) ઇચ્છાનો પ્રભાવ છે. મારી એવી ઇચ્છા જ હતી જે આ વૈકુંઠનું દર્શન કરે. તેવી (ઇચ્છા) ન હોય તો સહસ્ર ઉપાયોથી પણ ચક્ષુથી [1]અક્ષરરૂપનું દર્શન ન થાય. અને સ્વયંભૂએ બહાર ફરનારી જ ઇંદ્રિયો કરી છે' એ શ્રુતિ પ્રમાણે બહાર રહેલા પણ યોગ્ય જ પદાર્થનું જ ગ્રહણ થાય છે, અયોગ્યનું થતું નથી, કારણકે યોગીઓ પણ ચક્ષુથી આકાશને[2] જોતા નથી. શક્તિ મૂકવાનું (આપવાનું) પણ નીચેના પદાર્થો(ના દર્શન)માં, પરંતુ અક્ષર(ના દર્શન)માં પણ નહીં. 'ઇચ્છામાં પણ એવું કેમ કારણકે તપ અને ઇચ્છા ભગવાનની શક્તિઓ હોવાથી સમાન છે' તે સમ્બન્ધમાં 'આ પ્રભાવ છે' એમ કહેલું છે. ઇચ્છા માત્ર (બીજી) શક્તિઓ સમાન હોવાથી આ (તેનું) કાર્ય છે એવું નથી, પરંતુ (આ) તેનો પ્રભાવ છે. બધી શક્તિઓમાં ઇચ્છા શક્તિ ઉત્તમ છે, કારણકે તે સર્વ (શક્તિઓ)નું મૂલ છે, બીજીઓ તો તેનાથી થાય છે. તેથી મારા લોક વૈકુંઠનું 'અવલોકનમ્' દર્શન, આ તેનો જ

પ્રભાવ છે. 'એમ હોય તો તપ નકામું થાય. તેમ હતું ત્યારે (તપ) પહેલા જ લોકનું દર્શન કેમ ન થયું? તેથી ઈચ્છાને ઉત્પન્ન કરનાર તરીકે અથવા દર્શન થવાના સાક્ષાત્ કારણ તરીકે તપ છે એમ કહેવું જોઈએ' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે; કારણકે તપ (કરવા)નો મેં જ ઉપદેશ કરેલો. તેથી 'તપ તપ' એનું મારૂં વાક્ય સાંભળીને 'રહસિ' એકાંતે (તપ કર્યું.) આ (એકાંતે) બંને[3] તરફ વિશેષણ છે. ઘણું તપ તે કર્યું. પહેલાના વિશેષણ તરીકે 'એકાંતમાં' વિશેષણ હોવાથી (તને) વિશ્વાસ થાય તે માટે તે કહેલું. પછીનામાં તો કીર્તન કરવાથી નાશ (થવા)નો ભય ન રહે તે માટે છૂપી રીતે જ તપ કરવાનું (કહેલું) ઉત્તમ એટલે સ્વરૂપ અને ફલથી ઉત્તમ. આ ઈચ્છાના પ્રભાવરૂપ છે.૨૧

૧.અક્ષર અવ્યક્ત છે. અને ઈંદ્રિયોથી તેનું દર્શન થઈ ન શકે. તેથી મારી ઈચ્છા વિના તે ન થાત.(પ્ર)
૨.આકાશ પણ તેની શક્તિથી જ દેખાય, ચક્ષુની શક્તિથી દેખાતું નથી.(પ્ર)
૩.'એકાંત' પહેલા શ્રવણ કરીને શબ્દનું વિશેષણ છે, તે એકાંતમાં કહેલ હોવાથી બ્રહ્માને તેમાં વિશ્વાસ રહે તેમ જણાવનારું છે. તેની પછી ('તપ) કર્યું' શબ્દ છે, તે એકાંતમાં ન કરતાં તેનું કીર્તન (બધા જાણે તેમ) કરવાથી તેનો નાશ થાય તેવા ભયથી એકાંતમાં કરવા માટે છે.

એવું હોય[1] તો તપ કરેલું હોવાથી ઈચ્છાથી કાર્ય થયું નથી એવી શંકા નીચેના શ્લોકથી દૂર કરે છે :

**પ્રત્યાદિષ્ટં મયા તત્ર ત્વયિ કર્મવિમોહિતે ।**
**તપો મે હૃદયં સાક્ષાદાત્માऽહં તપસોऽનઘ ॥૨૨॥**

કર્મથી તને મોડું થયો ત્યારે મેં (તપનો) ઉપદેશ કરેલો. તપ મારૂં સાક્ષાત્ હૃદય છે, હે પાપરહિત હું તપનો આત્મા છું. ૨૨

'કર્મવિમોહિતઃ' કર્મથી મોહ પામેલો. સૃષ્ટિ (રચવા)ની ઈચ્છામાં રોકાએલ બ્રહ્માને 'શું' પોતાના માટે રચવાની છે કે બીજાના માટે' એવા પ્રયોજનથી સમ્બન્ધી સંદેહથી મોહ થયો. ત્યારે કર્મથી થએલ મોહ કાઢી નાખવા (મેં) તપનો ઉપદેશ કરેલો, કાર્ય (કરવા) માટે કરેલ ન હતો. કાર્ય (કરવા)માં વિલંબ (થાય તે) તો મોહ ન રહે તે માટે. એ પ્રમાણે તપનું પ્રયોજન કહીને તપનું સ્વરૂપ કહે છે કે 'તપ મારૂં હૃદય છે. જેમ ભગવાન્ છ ગુણવાળા છે તેમ તપ પણ છે ગુણવાળું છે. તેમ હોવાથી 'તેના છ ગુણો જાણવામાં આવતાં તપથી જ કાર્ય થશે, ભગવાનનું શું પ્રયોજન? એવી શંકા રહેશે નહીં. તપના છ ગુણો કહે છે. (૧)તપ મારૂં હૃદય, અંદર રહેલ શક્તિ અથવા હૃદય જ છે. 'સાક્ષાત્' શબ્દથી 'જેમનું જ્ઞાનરૂપ તપ છે' એ શ્રુતિ પ્રમાણે ઉપચાર ન હોવાનું (કહ્યું.) જ્ઞાનરૂપ હૃદય જ છે. મારૂં હૃદય તે (તપ)નું ઐશ્વર્ય છે.

વળી (૨)હું જ તેનો આત્મા છું મારા આત્મા રૂપ તેનું વીર્ય છે. જો કે ભગવાન્ સર્વના આત્મા છે છતાં પણ અહીં સ્વરૂપથી આત્મા હોવાનું કહેવા ઇચ્છેલું નથી, પરંતુ [2]કાર્યથી આત્માપણું કહેલ છે અને તેથી જે કાંઈ કરવા હું શક્તિવાળો છું તે સર્વ તપથી પણ થાય છે. તેથી તપ અવતારની પેઠે મારૂં બીજું રૂપ છે એવો અર્થ છે.૨૨

૧.'એમ હોય તો' એટલે ઉત્તમ હોવાથી (પ્ર)

૨.'કાર્યથી આત્મા પણ' કાર્યમાં વ્યાપિ રહેવાપણું (પ્ર)

છતાં પણ તપ જગત્ રચના ન હોવાથી ભગવાન્ સમાન નથી એવી શંકા થાય તેથી જ તે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનારૂં છે એમ નીચેના શ્લોકના પહેલા ત્રણ ચરણોથી કહે છે :

**સૃજામિ તપસૈવેદં ગ્રસામિ *તપસા પુનઃ ।**
**બિભર્મિ તપસા વિશ્વં વીર્યં મે દુઃસહં તપઃ ।।૨૩।।**

(૩)આ વિશ્વ તપથી જ સર્જું છું. પછી (૪)તપથી જ લય કરું છું (૫)તપથી રક્ષણ કરું છું. (૬)તપ મારું અનિવાર્ય વીર્ય છે.૨૩

જો કે સૃષ્ટિ વિગેરેમાં (તપ) સાધનરૂપ છે, છતાંપણ 'પોતાના કાર્યમાં બધા સ્થલે કારકમાં કર્તાપણું છે' એ ધોરણ પ્રમાણે (તે) કર્તા પણ છે. એ પ્રમાણે તે (તપ)ના સ્વરૂપ ગુણ અને કાર્યો કહ્યા. 'તેમ હોય તો ભગવાન્ અથવા તે વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી 'વીર્ય' એમ કહેલું છે. તપ તો મારૂં ધર્મરૂપ પરાક્રમ છે, કારણકે કાર્ય પ્રાપ્ત કરાવવાના ગુણથી ધર્મ અથવા ધર્મી નકામો થતો નથી, કારણકે (કર્મ કરવામાં) આશ્રય (ધર્મી) અને કાર્ય કરાવનાર (ધર્મ)ની અવશ્ય જરૂર રહે છે. તેથી તપ મારૂં સ્વરૂપ હોવાથી પહેલા પણ મેં મારા સ્વરૂપનોજ ઉપદેશ કરેલો, છતાં આટલો ભેદ છે કે કેટલુંક મારૂં સ્વરૂપ ક્રિયાથી પ્રકટ થાય છે અને કેટલુંક જ્ઞાનથી (પ્રકટ થાય છે) તેથી મેં ઉપદેશ કરેલા તપથી જે (ફલ) થાય છે. તે મારાથી જ થાય છે, તેથી (હું અને તપમાં) જુદાઈ માટે ઘણો આગ્રહ કરવો નહીં.૨૩

*પહેલી સાત વિભક્તિઓ પૈકી છટ્ઠી વિભક્તિ સિવાયની છ વિભક્તિઓ 'કારક' કહેવાય છે. કારણકે તે બધીને ક્રિયા પદ સાથે સમ્બન્ધ હોય છે. અહીં 'તપસા' ત્રીજી વિભક્તિ છે.

એવી રીતે તર્ક સાથે વર માગવા માટે આજ્ઞા કરેલ બ્રહ્મા (ભગવાનને) જણાવવામાં જણાતા દોષને કાઢી નાખી નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી વર માગે છે :

બ્રહ્મોવાચ

**ભગવન્ સર્વભૂતાનામધ્યક્ષોઽવસ્થિતો ગુહામ્ ।**
**વેદ હ્યપ્રતિરુદ્ધેન પ્રજ્ઞાનેન ચિકીર્ષિતમ્ ॥૨૪॥**

હે ભગવન્ ! સર્વ પ્રાણીઓની ગુહામાં રહેલ અધ્યક્ષ (આપ) અટકાવી ન શકાય તેવા જ્ઞાનથી (મેં) કરવા ઈચ્છેલું જાણો છો.૨૪

ચાર પદાર્થો માગવાના છે, એમ દોષ દૂર કરવા પહેલો (શ્લોક) કહેલ છે, તે કહે છે. હે ભગવન્ ! પહેલા એકાએક ભગવાના દર્શનથી ભય પામેલ (બ્રહ્મા બોલવા) અસમર્થ હતા. હવે ભગવાનના વાક્યથી અને સ્પર્શથી સાવધાન (થઈ) ન્યાયપૂર્વક કહે છે. 'હે ભગવન્ ! એ સંબોધન સ્વરૂપ જણાવનારૂં છે, કારણકે આપ સર્વની અંદરના આત્મા સર્વના હૃદયને જાણો છો તેથી મેં જે ઈચ્છેલું તે આપે જાણેલું જ છે, અને તેવી રીતે જાણનારને જણાવવું એ દળેલાને દળવાનું છે. છતાં પણ જો ભગવાન્ એમ કહેતા હો કે માગેલું જ આપવું અથવા આ (જગત)નું તત્વ શું તે જાણેલું નથી તો તેવા વિકલ્પમાં પણ ભગવાનની આજ્ઞા (પ્રમાણે) કરવું જોઈએ. તેથી પ્રાર્થના (કરવી) જરૂરી છે. તે પચીસમાં શ્લોકમાં કહેશે (આપ) સર્વ પ્રાણીઓના 'અધ્યક્ષ' સર્વ કાર્યોમાં પ્રેરણા કરનાર અને નિયમન કરનાર છો જેમ લોકમાં કર્મના અધ્યક્ષ (હોય છે) તેમ ભગવાન્ સર્વના અધ્યક્ષ છે. આથી (એમ કહ્યું કે) ભગવાનની આજ્ઞા વિના કોઈનો પણ કોઈપણ અંદરનો અથવા બહારનો ધર્મ ઉત્પન્ન થતો નથી. તેથી ઉત્પન્ન થએલી કામના પણ આપે જ ઉત્પન્ન કરેલી છે, તેથી તેને પૂરી કરવાનું પણ આપે જ કરવાનું છે તેથી મારા ઉપર કાંઈ પણ ભાર નથી, કારણકે સર્વ પોતાના પુત્રોનું પોષણ કરે છે. વળી (આપ) ગુહામાં રહેલા છો. હૃદયના પોલાણમાં સ્થાન કરી રહેલા છો તેથી સર્વ આપનું જાણેલું છે. વળી (મેં) કરવા ઈચ્છેલું પણ આપ જાણો છો, કારણકે અટકાવી ન શકાય તેવું કાલ વિગેરેથી જે જ્ઞાનનો અટકાવ થતો નથી, તેવું કાર્ય જણાવવામાં, ઉત્પત્તિ (કરવા)માં, અથવા ગાઢ સમ્બન્ધ (કરવા)માં કોઈપણ અંશથી (આપના જ્ઞાનનો) અટકાવ નથી.૨૪

**તથાપિ નાથમાનસ્ય નાથ નાથય નાથિતમ્ ।**
**પરાવરે યથા રૂપે જાનીયાં તે ત્વરૂપિણઃ ॥૨૫॥**

છતાં પણ હે નાથ ! માગનારને માગેલું આપો. જેથી રૂપરહિત આપના તો મોટા અને નાના રૂપો હું જાણું. ૨૫

તેથી (આપે) જાણેલ હોવાથી, જ્ઞાનથી ઉત્પત્તિનું સ્થાન જ (આપમાં) હોવાથી, અને ઈચ્છા (આપે) ઉત્પન્ન કરેલી હોવાથી (આપ) ભગવાને પૂછવું ન

જોઈએ, અને (મારે) કહેવું ન જોઈએ. છતાં પણ આપની આજ્ઞાનું પાલન કરવા હું કહીશ એમ આ શ્લોકથી કહે છે. છતાં એક જ પ્રાર્થના છે માગેલું આપશો, પરંતુ (તે) યોગ્ય છે કે અયોગ્ય તે વિચારશો નહીં. તે (અર્થ) માગેલું આપો' શબ્દોથી કહેલ છે 'નાથ્' ધાતુ માગવાના અર્થવાળો છે. તેથી 'નાથિતમ્' માગેલું 'નાથય' આપો. અવશ્ય આપવાનું કારણ 'હે નાથ !' એ સંબોધનથી કહેલું છે. સ્વામી સેવકોની બીજી ગતિ ન હોવાથી (તેઓને) આપે છે જ. એ પ્રમાણે પ્રાર્થના કરી, ઉત્તરાર્ધથી બે માગે છે. મારો આ મોટો સંદેહ છે કે આમ મોટા કોણ, અને નાના કોણ? અથવા આપનું પુરુષોત્તમ સ્વરૂપ કયું અને આ સર્વ તરફ દેખાય છે તે (સ્વરૂપ) કયું? આ બે મોટા અને નાના રૂપો છે? અથવા પુરુષોત્તમરૂપ અને અક્ષરરૂપ? પ્રકટરૂપ અને અપ્રકટરૂપ?' અથવા અવતારરૂપ અને અવતાર લેનારનું રૂપ? (આ) જેથી જાણું તેવો વર આપો. 'આ રૂપો વેદમાં જ પ્રસિદ્ધ છે. વેદનું અનુસંધાન કરીને જ જાણવા, આવી રીતે વર તરીકે કેમ માગે છે?' તે સમ્બન્ધમાં 'રૂપરહિત આપના' શબ્દો કહેલા છે. 'તુ' 'તો' શબ્દ પક્ષને ઉલટાવે છે. ઈશ્વરમાં એવું રૂપ નથી જે વેદમાં કહેલું ન હોય. તેથી એક ઈશ્વરના સર્વ રૂપો વેદમાં કહેલા છે. બીજા વીર્ય વિગેરે પાંચ છે. અને ભગવાન્ કહ્યા (જણાવ્યા) વિનાના જ રહે છે, તેથી આ છએ હમણા પૂછેલા નથી વળી ધર્મ (ગુણ)ના આકારથી પણ થએલ ન હોય તેવા મૂલસ્વરૂપનું જે મુખ્ય રૂપ, અને પાછળથી સર્વરૂપોથી ઉત્પન્ન થતું જે બીજું રૂપ, તે બે (રૂપો) જાણવા માંગું છું એવો અર્થ છે. આથી આરંભથી અંત સુધીના રૂપનું જ્ઞાન થાય, અને તેમ થતાં આટલું (કાર્ય) કરવાનું છે એમ જાણવામાં આવે; અને તે જ્ઞાન કર્મનું અંગ છે એ પ્રસિદ્ધ છે. ૨૫

**યથાઽઽત્મમાયાયોગેન નાનાશક્ત્યુપબૃંહિતમ્ ।**
**વિલુમ્પન્ વિસૃજન્ ગૃહ્ણન્ બિભ્રદાત્માનમાત્મના ॥૨૬॥**
**ક્રીડસ્યમોઘસઙ્કલ્પ ઊર્ણનાભિર્યથોર્ણુતે ।**
**તથા તદ્વિષયાં ધેહિ મનીષાં મયિ માધવ ॥૨૭॥**

હે માધવ ! જે પ્રકારે પોતાની માયાના સમ્બન્ધથી જુદી જુદી શક્તિઓથી પુષ્ટ થએલ પોતાને પોતાથી ઉત્પન્ન કરતાં, સ્વીકારતાં પોષણ કરતાં ધારણ કરતાં અદૃશ્ય કરતાં સફળ સંકલ્પવાળા આપ જેમ કરોળીઓ (પોતાને) સંતાડે છે તેમ ક્રીડા કરો છો તે સમ્બન્ધની તે પ્રકારની બુદ્ધિ મારામાં સ્થાપો. ૨૬-૨૭

એવી રીતે આરંભથી અંતના સ્વરૂપોનું જ્ઞાન માગીને, વચમાં રહેલા બધાએ

રૂપોના જ્ઞાનની માગણી કરે છે. તેમ થાય ત્યારે જુદા જુદાના ઉપયોગ માટે સૃષ્ટિ કરવાનું રહેલું થાય. સૃષ્ટિનું જ્ઞાન તો પહેલા જ હતું, તેથી તે માગતા નથી, અથવા સૃષ્ટિ કરવાની ઈચ્છા થતાં તે અંશોના ભેદથી માગશે. જેમ 'આત્મનઃ' 'પોતાની' પુરુષોત્તમની કાર્ય અને કારણના પ્રકારની માયા અનંત છે. તેવા સર્વ તરફથી સમ્બન્ધથી તે ત્રણ ગુણોવાળી હોવાથી તેના સમ્બન્ધથી ઉત્પત્તિ વિગેરે રૂપ અને શક્તિ વિગેરે રૂપ જુદા જુદા પદાર્થો થાય, તેનાથી પુષ્ટ થએલા પોતાને 'વિસૃજન્' વિશેષ પ્રકારથી ઉત્પન્ન કરતાં, 'ગૃહ્યન્' પોષણ કરતાં પોતાનેજ 'ગૃહ્ણન્' ઉત્પન્ન થએલાને પોતાનો કરતાં 'બિભ્રત્' ભારરૂપ ઉત્પન્ન થએલા પોતાને જ પોતે જ ધારણ કરતાં, પછી જ્યારે ભાર વહન કરવાની ઈચ્છા ન હોય ત્યારે વિશેષ પ્રકારે અદશ્ય કરતાં પોતે જ કર્તા અને સાધનરૂપ થઈ ક્રીડા કરો છો, તે પ્રકારની ક્રીડાનું જ્ઞાન મને થાઓ એવી માગણી છે. તેમ થાય ત્યારે (સૃષ્ટિ રચવાનું) કાર્ય રહેલું થાય. ૨૬

'જ્યારે ભગવાન્ જ બધું કરે, ત્યારે બ્રહ્માએ કરવાનું શું?' એવી શંકા થતાં 'સફલ સંકલ્પવાળા' એમ કહેલ છે. 'અમોઘઃ' સફલ છે 'સંકલ્પઃ' સંકલ્પ જેમનો તેવા. ભગવાન્ માત્ર સંકલ્પથી જ સર્વ કરે છે. કાર્યથી તો મારી પાસે કરાવે છે. 'એકલા જ (ભગવાન્) અનેક રૂપો કેવી રીતે કરે? તેથી બ્રહ્મા વિગેરે રૂપો તે કરે છે, એમ માનવું જોઈએ.' એવી શંકા થાય, તેથી જેમ કરોળીઓ' હે દષ્ટાંતથી (ઉત્તર) કહે છે. જેમ કરોળીઓ બીજા સાધનની અપેક્ષા ન રાખતાં (પોતાનું) સ્વરૂપ બનેલી લાળથી જ ક્રીડા કરે છે, લાળ જ ઉત્પન્ન કરે છે, સ્થાપન કરે છે અને ભ્રમણ કરે છે, તેવી રીતે ભગવાન્ પણ પોતાને કરે છે. માત્ર કાર્ય સમ્બન્ધથી જ દષ્ટાંત છે. સ્વરૂપ તો અજાણેલું જ રહે છે. દષ્ટાંતમાં તો લાળરૂપ જ બનાવવા પદાર્થની સ્થિતિ પ્રાપ્ત કરે છે. પણ (કરોળીઓ તેવી સ્થિતિ પ્રાપ્ત કરતો નથી, અને આશ્રયની (તેને) જરૂર છે. વળી ઉત્પન્ન કરેલું પણ દુષ્ટ હોય છે. તેથી તેનું સ્વરૂપ જાણવું રહે છે. બીજા (પદાર્થ)ને તેને જરૂર નથી તેટલા પૂરતું જ દષ્ટાંત છે. વળી તેને બધાની (કોઈની) જરૂર નથી એવું નથી, કારણકે દેશ વિગેરેની (તેને) જરૂર છે. તેથી માત્ર દષ્ટાંતથી જ્ઞાન થતું નથી. તેથી આપ જ તે પ્રાપ્ત કરાવો એવી માગણી (સત્તાવીશમા શ્લોકના) ઉત્તરાર્ધથી કરે છે. ભગવાન્ કરે છે તેમાં વિવાદ નથી, શ્રુતિ પણ (ભગવાનની) કૃતિ હોવાનું કહે છે, પરંતુ સ્વરૂપ કહેતી નથી, તેથી આપ જ તેવી બુદ્ધિ 'ધેહિ' મારામાં સ્થાપો, પરંતુ ઉપદેશથી તે પ્રાપ્ત થશે નહીં એવું તાત્પર્ય છે, મારૂં કહેલું આપ પિતાએ કરવું જ જોઈએ એવા (અભિપ્રાયથી) 'હે માધવ ! એવું સંબોધન કરે છે. જેમ લક્ષ્મીના પતિ સ્ત્રીએ કહેલું કરે છે તેવી રીતે પુત્રે કહેલું પણ કરવું જોઈએ એવો (અર્થ છે.) ૨૭

એવી રીતે જ્ઞાન સમ્બન્ધમાં બે વર માગેલા કહીને, ક્રિયા (ના સમ્બન્ધ)માં પણ શિક્ષણ અને ગર્વનો અભાવ (એવા) બે વર માગે છે તે પૈકી અટ્ઠાવીસમાં શ્લોકમાં પ્રથમ શિક્ષણ માગે છે :

**ભગવચ્છિક્ષિતમહં કરવાણિ હ્યતન્દ્રિતઃ ।**
**નેહમાનઃ પ્રજાસર્ગં બધ્યેયં યદનુગ્રહાત્ ॥૨૮॥**

ભગવાને શીખવાડેલું હું આળસરહિત થઈ કરીશ, જેમની કૃપાથી પ્રજાની સૃષ્ટિ માટે પ્રયાસ કરતાં હું બંધન પ્રાપ્ત ન કરૂં. ૨૮

આ પ્રકારે સૃષ્ટિ કર, એમ ભગવાને મને શીખવવાનું શિક્ષણ એટલે બીજા વિષયોને કાઢી નાખીને ઈચ્છેલા વિષયના સમ્બન્ધવાળી બોધ કરનારી ક્રિયા. તેનો કર્તા શિક્ષક. જેને બોધ કરે તે (તેનો) આશ્રય. તે સમ્બન્ધમાં ગુણ બનેલી ક્રિયા પણ ધર્મ તરીકે કહેવા ઈચ્છેલી હોય ત્યારે ગુણભાવ કહીને તે જ ક્રિયા થાય ત્યારે આશ્રયની સ્થિતિ ધારણ કરે છે. તેનો આશ્રય તો કર્મની સ્થિતિ ધારણ કરે છે, જેમકે પાઠ કરવામાં શિક્ષિત દેવદત્ત લખવામાં શિક્ષિત થયો. [1]ચાલુ પ્રસંગમાં તો ક્રિયા કર્મ તરીકે જ કહેવા ઈચ્છેલી હોવાથી, તેના વિષયે જ આશ્રયપણું પ્રાપ્ત કરેલ છે, પરંતુ તેનો આશ્રય બ્રહ્મા નથી, અને તે વિષય જગદ્રૂપ છે. તેવું હોવાથી તે જગતમાં જે પ્રકારે શિક્ષણ કરવું યોગ્ય હોય, તેમ કરો, એવો અર્થ છે પછી તે રીતે શિક્ષણ પ્રાપ્ત કરીને જેમ યોગ્ય હશે તેમ મારે કરવાનું (થશે.) જેમ નાના બાલકને શિક્ષણ આપતાં પાટી ઉપર ગુરુ વિગરે જ પ્રથમ અક્ષરો લખે છે, તેના ઉપર જ બાલક તેવી રીતે આંગળી ફેરવે છે. હાથે પકડીને આંગળી ફેરવવાનું ગુરુને ઘણો પ્રયાસ કરાવનારૂં થાય. પાટી ઉપર તો (તેમ કરવું) રહેલું [2](થાય.) સંસ્કારથી હૃદય ઉપર તે લખાય તે કરતાં જગતમાં જ તે લખવું રહેલું અને મને પણ હિત કરનારૂં થશે. હજી સુધી પણ પ્રયોજનથી પદાર્થો કરનારાને બંધન થતું નથી, તેવી રીતે હું પણ ભગવાને જે પ્રકારથી જગત્ ઉત્પન્ન કરેલું છે તે જ પ્રકારથી ભવિષ્યમાં શિક્ષણ થાય તે[3] માટે મારી ક્રિયા પણ તેમાં કરીશ. 'એમ કરવામાં આળસ થશે,' પણ જાણીને કરવામાં આળસ નહીં થાય' (એમ જણાય) તેથી 'આળસરહિત થઈ' એમ કહેલું છે. આળસુ થયા વિના જ હું કરીશ. આ પ્રકાર યોગ્ય છે. ભગવાને શીખવેલામાં કોઈને પણ આળસ થતી નથી. એવું કેમ લાગે છે?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પ્રજાની સૃષ્ટિ માટે પ્રયાસ કરતાં તેને ઉત્પન્ન કરવા માટે રોકાએલો હું જે શિક્ષણની અથવા ભગવાનની કૃપાને લીધે બંધન પ્રાપ્ત ન કરૂં. ખોટી રીતે કરવાથી જ બંધન થાય. ભગવાનની પ્રજાની સૃષ્ટિ કરવામાં પક્ષપાત અને ક્રૂરતા થાય, તેથી બંધન

થાય. શિક્ષણ થતાં તો આ (બ્રહ્મા)ને પક્ષપાત અથવા ક્રૂરતા થશે નહીં. ૨૮

૧.'દેવદત્ત લખતાં શીખ્યો.' આ વાક્યમાં દેવદત્ત કર્તા છે. લખવાનું કાર્ય કર્મ છે. 'દેવદત્ત લખવામાં શિક્ષિત થયો' આ વાક્યમાં લખવાનું જે કર્મ હતું તે અશશ્રય થયું. સાતમી વિભક્તિ આશ્રય દર્શાવનારી છે. કર્મભાવ તજી આશ્રય થયું, પણ ક્રિયા પૂરી થઈ ત્યારે. આ જગત્ રચવાનું પૂરૂં થએલ ન હોવાથી તેમ થાય તેવું નથી.

૨.'થાય' એટલે પૂરૂં થાય. આ શબ્દ અધ્યાહાર છે.(પ્ર)

૩.ભવિષ્યમાં જે પદાર્થો મારે રચવાના છે તેવું જ્ઞાન થાય તે માટે (પ્ર)

એવી રીતે (સૃષ્ટિ રચવાની) ક્રિયામાં શિક્ષણ માગીને, તેમ કરવામાં જે દોષ થાય, તે ન થવાનું નીચેના શ્લોકથી માગે છે :

**યાવત્સખા સખ્યુરિવેશ તે કૃતઃ પ્રજા વિસર્ગે વિભજામિ ભોજનમ્ ।**

**અવિક્લવસ્તે પરિકર્મણિ સ્થિતો મા મે સમુન્નદ્ધમદોऽજમાનિનઃ ।।૨૯।।**

હે ઈશ ! આપે (મને) સખાનો સખા બરાબર જેવો કર્યો ત્યારે આપના કર્મમાં વિકલ થયા વિના રહેલો (હું) સૃષ્ટિ રચતાં પ્રજાઓનો (અને) ભોજનનો વિભાગ કરીશ. અજ માનનારનો મારો મદ ઘણો વધેલો ન થાઓ.૨૯

સખા સખાને (પોતાના) જેવો કરે તેવો ભગવાને મને કર્યો, અથવા મારો સત્કાર કર્યો. 'એમ હોય તેથી શું?' એ પ્રશ્નના સમ્બન્ધમાં 'સૃષ્ટિ રચતાં ભોજનનો વિભાગ કરીશ' એમ કહેલ છે. જ્યારે સખાનું પોતાની સમાનપણું કરે છે, સખાને પોતાની સમાન કરે છે. વાસ્તવિક રીતે ચિત્ અને આનંદ સરખા છે. તેમાં ભગવાન્ આનંદ છે, બ્રહ્મા ચિદ્રૂપ છે. એવી રીતે વાસ્તવિક રીતે સખ્ય હોવા છતાં ક્રિયા અને જ્ઞાનની શક્તિઓ ભગવાનમાં જ રહેલી છે, તેથી હવે ભગવાન્ ક્રિયા અને જ્ઞાનથી (બ્રહ્માને) પોતાની સમાન કરે છે. ત્યારે સર્વશક્તિ પ્રાપ્ત કરેલો હું જુદી જુદી સૃષ્ટિ રચતાં પ્રજાઓને જુદી જુદી કરીશ. સત્વ રજ અને તમોગુણોના ભેદથી, અથવા ઐશ્વર્ય વિગેરે ઓછા વધારે હોવાના ભેદથી અને ધર્મ વિગેરે પુરુષાર્થોને ઉપયોગી (પદાર્થોના) ભેદથી પ્રજાઓને જુદી કરીશ અને તેઓનું ભોજન ભોગ કરવાની વસ્તુઓનો ભાગ પાડીશ અથવા પ્રજાની સૃષ્ટિ (કરવા)ના સમયે જ તેમના ભોજનનો વિભાગ કરીશ.

જો કે અહીં 'તે'[૧] 'આપે' કર્યો એવું નથી, છતાં પણ 'સખાનો સખા બરાબર' એમ કહેલું હોવાથી અર્થથી (તેવું) પ્રાપ્ત થાય છે. તેવી રીતે 'ઈવ' જેવા શબ્દથી પણ તેટલો (અર્થ) પ્રાપ્ત થાય છે. તેથી ખામી નથી.[૨] કેટલાક તો 'જ્યાં સુધી વિભાગ કરું' એવી (વાક્યની) યોજના કરે છે, (અને) ત્યાં સુધી મદ ઘણો વધેલ ના '(થાઓ)'

એવો સમ્બન્ધ (હોવાનું) કહે છે. તેમાં પણ 'ત્યાં સુધી' એ અધ્યાહાર (રહેવાનો દોષ) સમાન છે, અને અમુક સમય સુધી મદ ન થવાની પ્રાર્થના અયોગ્ય છે.[૨]

'તેથી પણ શું (થાય)?' તેથી કહે છે. આપના કર્મમાં વિકલ થયા વિના રહેલો (હું) આપની સેવારૂપ અથવા આજ્ઞારૂપ કર્મમાં રહું. એવી રીતે આ ત્રણ પદાર્થો (થાય.) (૧)સખ્યથી તેમની ભક્તિનો લાભ. (૨)પ્રજા વિગેરેનો વિભાગ કરવાની શક્તિ અને (૩)આપની સેવામાં 'અવિક્લવ' વિકલ્પણાનો અભાવ જો કે આ ત્રણ ગુણો છે, છતાં પણ મારા જેવા તુચ્છને દોષરૂપ થાય છે. તેથી ત્રણ દોષોથી 'હું કોઈથી જન્મેલો નથી તેથી 'અજ' જન્મરહિત જ છું, એવી રીતે (પોતાને) 'અજ' માનનારને ભગવાન્ પાસેથી પ્રાપ્ત થએલા આ ગુણો દૂર રહ્યા. ભગવાન્ પાસેથી પોતાનો જન્મ (થયાનું) પણ માનતો નથી. તેવાનો મદ ઘણો જ વધી ગએલ હોય છે, તે (તેવો) મદ મને ન થાઓ એવી માગણી છે. ૨૯

૧.'તે' (તારૂને બદલે) 'ત્વયા' તમે વ્યાખ્યાન કર્યું.(પ્ર)

૨.આ ભાગથી બીજાએ કરેલ અર્થમાં દોષ દેખાડે છે. (પ્ર) અમુક સમય સુધી જ મદ ન થાઓ, એવી માગણી નમાલી છે.

એવી રીતે મોટા અને નાના (સ્વરૂપો)નું જ્ઞાન, ક્રીડાનું જ્ઞાન, શિક્ષણ અને ગર્વનો અભાવ એવા ચાર (પદાર્થો) માગ્યા. તે પૈકી અનુક્રમે બે જ્ઞાનના (સમ્બન્ધ)માં બે શ્લોકો, શિક્ષણમાં ચાર શ્લોકો, (અને) આથી જ ગર્વનો અભાવ (થશે) એવો છેવટનો શ્લોક. એ પ્રમાણે સાત શ્લોકોથી ચારનો ઉત્તર થાય છે. તે પૈકી પ્રથમ બે (સ્વરૂપના) જ્ઞાન (ના સમ્બન્ધ)માં નીચેના શ્લોકોથી ઉત્તર કહે છે :

શ્રીભગવાનુવાચ

**જ્ઞાનં પરમગુહ્યં મે યદ્વિજ્ઞાનસમન્વિતમ્ ।**
**સરહસ્યં તદઙ્ગં ચ ગૃહાણ ગદિતં મયા ॥૩૦॥**

મેં કહેલા મારૂં જે વિજ્ઞાન સાથેનું પરમ ગુહ્ય જ્ઞાન, અને તેનું રહસ્ય સાથેનું અંગ ગ્રહણ કર.૩૦

'મેં' મારૂં પુરુષોત્તમનું જે જ્ઞાન તે પરમ ગુહ્ય (હોઈ) કહેવાય તેવું નથી. જેવો મને તું જૂએ છે તેવો જ હું પુરુષોત્તમ છું, આજ મારૂં મૂલનું રૂપ અને છેવટનું રૂપ છે. આ મારા વિના કોઈ જાણતું નથી. તેથી મેં જ 'ગદિતમ્' સામાન્ય રીતે કહેલું તું ગ્રહણ કર ભગવાનની બુદ્ધિમાં થએલું ભગવાનના ગુણોના જ્ઞાનના અવતારરૂપ ભગવાનનું જ્ઞાન ગ્રહણ કર, એવો અર્થ છે. ભગવાનનું જ્ઞાન કહેલું હોય તો પણ કૃપા

વિના પ્રાપ્ત થતું નથી, તેથી સંપૂર્ણ રૂપવાળું હોય તેની પેઠે આપતાં 'ગ્રાહણ કર' એમ કહે છે. બ્રહ્માને ઉપદેશ કરીને જ્ઞાન આપ્યું, એવો અર્થ છે. 'જે વિજ્ઞાન સાથેનું' શબ્દથી તે જ્ઞાનનો પરિકર કહેલ છે. વિવિધ જ્ઞાન (તે) વિજ્ઞાન છે. આનો અનુભવ થએલ હોવાથી, આ જ[1] જ્ઞાનરૂપ હોવાથી, વિજ્ઞાન અનુભવ નથી, પરંતુ 'સર્વ સાત્વતોના પતિ' વિગેરે ચારના પતિ હોવાનું જ્ઞાન વિજ્ઞાન છે. તે સાથેનું જ્ઞાન. તે (વિજ્ઞાન)નું રહસ્ય સુનંદ નંદ વિગેરેથી વીંટળાએલા હોવારૂપ ભક્તિ, એવો અર્થ છે. તેનું અંગ 'સેવકો ઉપર કૃપા કરવા તત્પર'[1] વિગેરેથી કહેલી કૃપા વિગેરે છે 'ચ' 'અને' ન કહેલા સર્વના સમાવેશ અર્થવાળો છે. વધારે (કહેવાથી) શું? [3]જે કાંઈ પણ તે વૈકુંઠમાં જોયું, તે સર્વનું જ્ઞાન તને થાઓ. ૩૦

૧.'આ' શબ્દ ભગવાન્ માટે યોજેલ છે. ૨.પાછળ શ્લો. ૧૪. પાછળ શ્લોક ૧૫

૩.વૈકુંઠમાં રહેલા સર્વ પદાર્થોનું જ્ઞાન આપી, તેવું તેવા ગુણવાળું સ્વરૂપ નિત્ય હોવાનું જણાવીને તેજ પહેલા રહેલા અને પછી રહેનારા હોવાનું જણાવી મોટા અને નાના બે સ્વરૂપો જાણવા ઈચ્છેલું તે આપ્યું એવો ભાવ છે.(પ્ર)

નીચેના શ્લોકથી[1] બીજું જ્ઞાન કહે છે :

**યાવાનહં યથાભાવો યદ્રૂપગુણકર્મકઃ ।**
**તથૈવ તત્વવિજ્ઞાનમસ્તુ તે મદનુગ્રહાત્ ।।૩૧।।**

હું જેટલો જેવા ભાવવાળો જેવા રૂપ ગુણ અને કર્મવાળો છું તેવું જ તત્વનું વિજ્ઞાન તેને મારી કૃપાથી થાઓ. ૩૧

હું પ્રમાણથી અને પરિમાણથી પણ જેટલો (છું,) 'યથાભાવઃ' જેવી સર્વ કાર્યો કરવા માટે સર્વ શક્તિરૂપ સારી સ્થિતિ (છે,) જેટલા રૂપો ગુણો અને કર્મો છે જેના, અથવા જે ગુણો વિગેરે છે. આ પણ ઉપર પ્રમાણે[2] (જાણવું.) તે કહે છે કે તેવું જ તને મારી કૃપાથી તત્વોનું જ્ઞાન થાઓ. તત્વથી વિશેષ રીતે જ્ઞાન (એટલે) સર્વનું વાસ્તવિક સ્વરૂપ તને સ્ફૂરો, એવો અર્થ છે.[3] ૩૧.

૧.પાછળ શ્લો. ૨૬-૨૭ થી માગેલું ક્રીડાનું જ્ઞાન.(પ્ર)

૨.આ રૂપ ગુણ અને કર્મનું જ્ઞાન પણ પહેલા કહ્યું તે પ્રમાણે રહસ્યરૂપ મને અંગરૂપ છે.(પ્ર)

૩.આ શ્લોકમાં પ્રમાણથી જેટલો જણાવેલ, તેથી 'જે એક અવ્યક્ત, અનંતરૂપ છે' શ્રુતિએ કહેલ રૂપ સ્ફૂર્યું. પરિમાણથી જેટલો જણાવેલ, તેથી 'અણુથી વધારે અણુ, મોટાથી વધારે મોટું' શ્રુતિમાં કહેલ પરિમાણના વિરોધથી વિરુદ્ધ ધર્મોના આધાર હોવાનું સ્ફૂર્યું. 'જેવા ભાવવાળા' શબ્દથી કારરૂપ તરીકે શક્તિ વિગેરે ૨૮ તત્વોના રૂપવાળા સ્ફૂરી, 'જેવા રૂપ ગુણ અને કર્મવાળા શબ્દથી જુદા જુદા કાર્યોરૂપ હોવાનું સ્ફૂર્યું, સર્વત્ર કૃપા કારણ કહી, 'જેનું વરણ કરે છે તેનાથી

જ પ્રાપ્ત થાય છે એ શ્રુતિનું સમર્થન થયું.(પ્ર)

બે જ્ઞાન જણાવવાનું અશક્ય હોવાથી, અને તે જણાવવામાં આવતાં પણ બ્રહ્માના હૃદયમાં તે સ્ફૂરવાનું અસંભવિત હોવાથી એવી રીતે પોતે જ તે આપીને શિક્ષણ (થાય) તે માટે ચતુઃશ્લોકી કહે છે :

**અહમેવાऽऽસમેવાऽગ્રે નાऽન્યદ્યત્સદસત્પરમ્ ।**
**પશ્ચાદહં યદેતચ્ચ યોऽવશિષ્યેત સોऽસ્મ્યહમ્ ।।૩૨।।**

પહેલા હું જ હતો, બીજું જે સત્ અસત્ અથવા પર ન હતું. અને પછી આજે છે તે હું છું; જે બાકી રહેશે તે હું છું. ૩૨

જેવા પ્રકારનું જગત્ ભગવાન્ કરે છે, તે શિક્ષણમાં માગેલું. તે સમ્બન્ધમાં કહે છે કે૧ (૧)હું જ તે (જગત્) રૂપ થયો, (તે) જૂદું નથી. (૨)અને મારી જ માયાથી તે જૂદું જણાય છે. અને દેહ વિગેરે જડ (પદાર્થ)માં જીવનું જ્ઞાન, ઘડા વિગેરેમાં આકાશનું જ્ઞાન (થાય છે.) તેની પેઠે આધાર અને આધેયની સ્થિતિ અને બહારના અને અંદરના ભેદનું કારણ હું જ છું. (૩)સ્વરૂપથી સ્થૂલ થએલું પ્રતીતિથી માયારૂપ જગત્, (તેમાં) પાછળથી પ્રવેશ કરનાર જીવરૂપ બધું જગત્ સર્વ પ્રકારથી હું જ છું. (૪)એવું જાણીને પોતાનું સ્વરૂપ પણ જાણવું. આ જ શિક્ષણ છે. (૫)એવી રીતે મારા રૂપવાળો થઈ મારા રૂપ જો જગત્ કરે તો ગર્વ નહીં થાય, તેથી તેના કારણરૂપ મોહ પણ નહીં થાય[૧] એવો (૩૨ થી ૩૬) પાંચ શ્લોકોનો અર્થ છે.

તે પૈકી બધું જગત્ ભગવાન્ કેવી રીતે, તે જાણવાની ઈચ્છા થતાં, તેમાંથી ઉત્પન્ન થએલું, (તેમાં) લય પામતું અને સ્થિતિ કરનારૂં હોવાનું કારણ વિસ્તારથી કહે છે. સૃષ્ટિની પહેલા હું જ હતો. 'નારાયણ એકલા હતા, બ્રહ્મા ન હતા અને શંકર ન હતા.' 'આ પહેલા વાસુદેવ જ હતું, બ્રહ્મા ન હતું અને શંકર ન હતું.' એ શ્રુતિ પ્રમાણે સૃષ્ટિની પુર્વે હું જ હતો. વળી મારી પણ પહેલા (કાંઈ) હતું એવી શંકા ન કરવી. જેમ જગતની પહેલા હું હતો, તેમ મારી પણ પહેલા બીજું હતું એવું, કોઈપણ સમયે હું ન હોઉં, તો જ બને; તેવું તો મારા વિષે સંભવતું નથી; કારણકે 'સત્' રૂપથી જ (મને) જણાવેલ છે. હે સૌમ્ય ! આ પહેલા એકલું, બીજા (કોઈ) વિનાનું સત્ જ હતું' એ શ્રુતિ પ્રમાણે (હું) હતો જ. 'અગ્રે' (એટલે) સૃષ્ટિ પહેલા. 'આ ખરેખર પહેલા અસત્ હતું, પછી નક્કી સત્ થયું' વિગેરે શ્રુતિઓ પાછળથી જણાતું જગત્ પહેલા આવા સ્વરૂપથી રહેલું નહતું એમ જણાવનારી છે. તેમ ન હોય તો, 'અસત્ની સત્તા હોતી નથી.' (ભ.ગી. ૨.૧૬) એ વાક્ય તો અસત્ની સત્તા

જણાવવામાં વિરોધ થાય. 'તે સમયે અસત્ નહતું, સત્ નહતું' વિગેરે વાક્યો તો સ્થૂલ અને સૂક્ષ્મ કાર્યના સમ્બન્ધના છે. 'જલો અને આ(તેના કાર્યરૂપ જગત્) પહેલા જલ હતું.' એ વાક્ય વચલા કલ્પના અભિપ્રાયથી કહેલું છે. 'આપઃ' જાતજાતના જલો અને 'ઈદમ્' આ તેનું કાર્ય સર્વ જગત્ 'સલિલમ્' પ્રલયના જલરૂપ જ હતું એવો અર્થ છે. 'અવ્યક્ત જેનું મૂલ છે તેવા પ્રાણીઓ'માં તો અવ્યક્તરૂપ બ્રહ્મ જ કહેલું છે. લય થએલું માનનારને પાછળથી જ પ્રાપ્ત થતાં, (પ્રાપ્ત થયા) પછી જ પહેલા લય પામેલું સિદ્ધ થાય છે (તે) પહેલા થતું નથી. આથી 'પ્રકૃતિને અને પુરુષને (અનાદિજાણ)' (ભ.ગી. ૧૩ ૧૯) એનો પણ નિરાસ થયો, કારણકે તે મતાંતર છે, અને 'પદાર્થ જ્ઞાનમય જ હતો' એ વાક્યનો વિરોધ થાય છે. 'તમઃ હતું' એમ તમઃ પણ બ્રહ્મ જ છે, કારણકે સર્વ તરફથી પડી રહેલું હોવાથી (બ્રહ્મ) જ છે. પ્રકૃતિ નથી, કારણકે 'ઠગારાના સુખ માટે કાર્યને પસંદ કરે છે' એમ (પછી કહે છે તેમાં) કાર્યનો આશ્રય કરવાનું પ્રયોજન ન હોવાથી, માત્ર કાર્યથી જ જેના સ્વરૂપનું અનુમાન થાય છે તે (પ્રકૃતિ) તેમાં નથી, એવી રીતે જુદી જુદી સ્થિતિના પ્રકારથી જ્ઞાન કરાવનારા બીજા વાક્યો પણ પહેલા એકરૂપવાળું બ્રહ્મ હોવામાં વિરુદ્ધ થતાં નથી.

તેથી જ (બ્રહ્મા એક જ હોવાનું) શ્રુતિથી સિદ્ધ થએલું હોવાથી 'બીજું ન હતું.' એમ બીજું તે સમયે ન હોવાનું કહે છે. સત્ અને અસત્ પહેલા હોવાનું શ્રુતિમાં કહેલ હોવા છતાં પણ તે (બ્રહ્મથી) બીજું ન હતું. સત્ શબ્દથી અને અસત્ શબ્દથી બ્રહ્મ જ કહેલ છે, એવો અર્થ છે. 'જે આ પરથી પર છે.'માં 'પર' શબ્દથી પણ કલ વિગેરે કહેલ નથી, પરંતુ હું જ કહેલ છું. તેથી પહેલા હું જ હતો એ સાબિત થયું. તમારા મત પ્રમાણે અભાવો તિરોભાવથી જુદા નથી તેથી અને તે (તિરોભાવ) ભગવાનની શક્તિ હોવાથી 'અને પહેલાની પેઠે' ૩-૨-૨૯ એ બ્રહ્મસૂત્ર પ્રમાણે શક્તિરૂપ ધર્મો પણ તે સમયે નીકળેલા ન હોવાથી, અને કાલ પણ જણાવવાના સમયે જ તેવું (કાલ હોવાનું) વચન (કહેલ) હોવાથી તે પ્રકૃતિ સમાન હોવાથી ભગવાન્ એકલા જ હતા એમાં વિવાદ (રહેતો) નથી.

વળી 'પછી હું (હતો)' (ભગવાનના) સર્વ થવાની શક્તિવાળા સ્વરૂપમાંથી જ ચેષ્ટાની પેઠે કાલ પ્રકટ થયો, પછી ગુણના સ્વરૂપથી અને શક્તિના સ્વરૂપથી અને પછી કાર્યના સ્વરૂપથી 'તેણે પોતાને પોતે કર્યા' એ શ્રુતિ પ્રમાણે અને અસત્ની સત્તાનો અંગીકાર થતો ન હોવાથી (પ્રાકટ્ય થયું) 'આજે' શબ્દોથી સર્વ તરફ દેખાતું બધું (જગત્) કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી ન દેખાતું અને અપ્રસિદ્ધ (સર્વ કરેલું

છે) આથી જીવોનો પણ સમાવેશ કરેલો છે. 'તું અને આ' એમ પાઠ હોય ત્યારે જીવ અને જડરૂપ સર્વ હું જ છું એવો અર્થ (થાય છે.) આ મુખ્ય બ્રહ્મવાદ છે.

'પદાર્થોનો વિરોધ હોય ત્યારે શબ્દ પ્રમાણ નથી, અને ભગવાન્ સર્વ દોષ વિનાના છે, અને વિકાર વિગેરે દોષો છે. 'સર્વ' શબ્દ(ના અર્થ)માં સંકોચ ન હોવાથી જેને ઉપદેશ કરવાનો છે[1] તે નથી, અને શાસ્ત્રનું પ્રયોજન ન હોવાથી તેનો નાશ થાય. હિત ન કરવું વિગેરે ભગવાનમાં દોષ આવે, અને પુરુષોત્તમપણું ન રહે. તેથી અનેક દોષોથી દોષવાળો હોવાથી બ્રહ્મવાદ અયોગ્ય છે.'' એમ કહો તો તેવું નથી.[2]

**પ્રત્યાક્ષાદષ્ટવિષયે પદાર્થાઃ શ્રુતિબોધિતાઃ ।**
**પરસ્પરં વિરુદ્ધાસ્તે નૈકશેષં ભજન્તિ હિ ।।**

પ્રત્યક્ષથી ન જણાય તેવા વિષયમાં શ્રુતિએ જણાવેલ, પરસ્પર વિરુદ્ધ તે પદાર્થો એક(બીજા)ના અંગરૂપ થતા નથી.[3]

**ઉભયોર્વૈદિકત્વે કઃ સ્યાદત્ર નિયામકઃ ।**
**વિચારકાણાં બુદ્ધિસ્તુ સોપજીવ્યા શ્રુતેઃ સદા ।।**

બંને વૈદિક હોવાથી આ (વિષય)માં કોણ નિર્ણય કરાવનાર થાય? વિચાર કરનારાઓની તે બુદ્ધિ તો સદા શ્રુતિ ઉપર નભનારી છે.[4]

**ક્રિયાવિદ્યાપરત્વે તુ વિકલ્પેનૈકવાક્યતા ।**
**દુષ્ટોઽપ્યાશ્રિયતે પક્ષો વિકલ્પાખ્યો શ્રુતેર્બલાત્ ।।**

ક્રિયા અને વિદ્યાના (સમ્બન્ધવાળા)માં તો વિકલ્પથી એક વાક્યતા થતી નથી વિકલ્પ કહેવાતો વિચાર દુષ્ટ હોવા છતાં પણ શ્રુતિના બલથી સ્વીકારાય છે.[5]

**તથૈવ ભગવદ્રૂપં રુથા હસ્તાદયઃ પૃથક્ ।**
**યથા સર્વવિરોધઃ સ્યાત્તથૈવાત્ર વિચારણમ્ ।।**

જેવી રીતે હાથ વિગેરે (પુરુષ)થી જુદા છે, તેવી જ રીતે ભગવાનનું સ્વરૂપ છે જે પ્રકારે સર્વ (વેદોનો) અવિરોધ થાય તેવી જ રીતે આ (વિષય)માં વિચાર કરવો.[6]

**સર્વરૂપસમર્થત્વમ્ અતો બ્રહ્મણિ ગીયતે ।**
**અન્યથા પ્રતિભાનં યદ્ દુચ્ચનીચાદિભેદતઃ ।।**
**તદ્ભાનં તસ્ય કર્તા ચ હરિરેવ તથાવિધઃ ।**

તેથી બ્રહ્મ સર્વ રૂપવાળું અને સર્વ (કરવા) શક્તિવાળું હોવાનું ગાન થાય છે, ઉચ્ચ અને નીચના ભેદથી જે જુદા પ્રકારનું ભાન થાય છે તે ભાન અને તેના તે પ્રકારના કરનારા પ્રકારના હરિ જ છે.[7]

**યત્કિઞ્ચિદ્દૂષણં ત્વત્ર દૂષ્યં ચાપિ હરિઃ સ્વયમ્ ।।**

**વિરુદ્ધપક્ષાઃ સર્વેઽપિ સર્વમ્ અત્રૈવ શોભતે ।।**
**યોઽવશિષ્યેત સોઽસ્મ્યહમ્ ઇતિ ।।**

આમાં જે કાંઈ દૂષણ અને જેમાં દૂષણ જણાતું હોય તે પણ હરિ પોતે જ છે. બધા એ વિરુદ્ધ પક્ષો અને સર્વ અહીં શોભે છે (ઘટે છે.)[૮] તેથી જે બાકી રહે છે તે હું છું (એમ કહેલ છે.)[૯]

ઉત્પન્ન થએલ સર્વનો તિરોભાવ કરાવતું તિરોભૂત થતું નથી. તિરોભાવ અને તેનો આશ્રય અને અંશના ભેદથી (જે થાય) તે પણ હું છું, એવા આ (વચન)થી સર્વ ક્રિયાઓ અને તેમનો વિષય હું છું એમ જણાવે છે. ૩૨

૧.આ ભાગથી ૩૩ થી ૩૬ સુધીના પાંચ શ્લોકોનો અર્થ કહેલ છે.(પ્ર)

૨.સર્વ બ્રહ્મા છે તેથી જેને ઉપદેશ કરવાનો છે તે બ્રહ્મ નથી, કારણકે બ્રહ્મને ઉપદેશ કરવાનો ન હોય, એવો અર્થ જણાય છે.

૩.આ સંચયનું કારિકાઓથી સમાધાન કરે છે.(પ્ર)

૪.વિકારીપણું અવિકારીપણું, વગેરે પરસ્પર વિરુદ્ધ ગુણો એક જ બ્રહ્મામાં હોવાનું માનવું જોઈએ કારણકે બધા શ્રુતિ કહે છે, તેમાં એક શ્રુતિ મુખ્ય અને બીજી ગૌણ એમ ન મનાય. વેદથી વધારે કોઈ પ્રમાણ નથી તે બ્રહ્મ વિરુદ્ધ ગુણવાળું બ્રહ્મ હોવાનું કહે છે.(પ્ર)

૫.વેદનો અર્થ કરવામાં વિચાર કરનારની બુદ્ધિ એક વાક્યને મુખ્ય અને બીજાને ગૌણ માની શકે નહીં. તે તો વેદના વાક્યના ઉપર જ આધાર રાખનારી છે. બંને વિરુદ્ધ ગુણવાળા વચન વેદ કહે છે.(પ્ર)

૬.મનથી ધ્યાનરૂપ કરેલી ઉપાસના ક્રિયા છે. વિદ્યા જ્ઞાન છે. ગુણ કહેનાર અને તે ન હોવાનું કહેનાર શ્રુતિઓ ક્રિયા અને જ્ઞાન કહેનારી માનીએ તો તે જ્ઞાન અને ક્રિયા એમ જુદી જુદી અર્થ જણાવનારી હોઈ, એક બ્રહ્મા જ જણાવતી નથી એમ થાય. તેમ થતાં 'સર્વ વેદો જેમના પદનો વિચાર કરે છે. એ શ્રુતિનો વિરોધ થાય. તેથી શ્રુતિના બલથી બંને પ્રકારની શ્રુતિઓ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ માનવું જોઈએ.(પ્ર)

૭.જેમ હાથ વિગેરે પુરુષથી જુદા હોવા છતાં પુરુષ પ્રકારનાજ છે, તેમ જગત્ બ્રહ્મથી જૂદું હોવા છતાં પણ બ્રહ્મરૂપ જ છે ભગવાન્ જગદ્રૂપ છે અને તેનાથી જૂદા પણ છે. બધી શ્રુતિઓનો વિરોધ ન થાય તે પ્રકારે વિચાર કરવો જોઈએ.(પ્ર)

૮.તેથી ગુણરહિત અને ગુણવાળું બ્રહ્મ હોવાનું કહેનારી શ્રુતિઓ બ્રહ્મનું સ્વરૂપ જ જણાવનારી છે અને સમાન બલવાળી છે. તેમનો અર્થ સહેલાઈથી સમજાય તે માટે બ્રહ્મમાં સર્વરૂપો છે. અને સર્વ શક્તિઓ છે એમ વ્યાસજીએ ઉભયલિંગ અધિકરણમાં (બ્ર.સૂ. ૩-૨-૧૧ થી ૨૨) કહેલું છે. તેથી શ્રુતિ અને સૂત્રના બલથી બ્રહ્મ વિરુદ્ધ સર્વ ગુણવાળું હોવાનું માનવું જોઈએ. જૂદા પ્રકારનું ભાન થાય છે તે માનવું કાર્ય છે.(પ્ર)

૯.મત્સ્ય દિવસે દિવસે એકસો યોજન વધે, વારાહ ક્ષણમાં પર્વત જેટલા થાય, સાત વર્ષના શ્રીકૃષ્ણ ગોવર્ધન ઉચકી રાખે, દામોદર લીલામાં તે નાના હોવા છતાં સર્વત્ર રહેલા જણાય. આ

બધા વિરુદ્ધ પક્ષો તે સમયના પુરુષોએ જોએલ છે, અને અત્યારે પણ શ્રુતિ વિગેરેમાં પ્રસિદ્ધ છે. તેથી બ્રહ્મમાં તે સર્વ શોભે છે. તેથી ભેદભાવનો આદર ન કરવો.(પ્ર)

૧૦.પ્રલય થાય ત્યારે પૃથ્વીનો જલમાં, જલનો તેજમાં એ પ્રમાણે અંતે બધાનો અક્ષરમાં લય થાય છે તેથી બધા પદાર્થો પોતાના કારણના સ્વરૂપથી જૂદા નથી.(પ્ર)

એવી રીતે 'તેમાંથી ઉત્પન્ન થએલ, તેમાં લય પામેલ, તેનાથી સ્થિતિવાળા' (જગત)નું મૂલ (બ્રહ્મ) હોવાનો નિશ્ચય કરીને, સર્વ આત્મા જ છે, એવા પ્રમેયનો નિશ્ચય કરીને, પ્રમાણ વ્યર્થ છે. [1]એવી શંકા થાય, તેથી પ્રવૃત્તિનો સંકોચ કરાવવામાં રોકાએલી હોવાથી, ગુણ અને દોષ કરાવનારી હોવાથી માયા પણ એક ભગવાનની લીલા છે. તેથી નીચેના શ્લોકથી તેનું નિરૂપણ કરે છે :

**ઋતેઽર્થં યત્પ્રતીયેત ન પ્રતીયેત ચાઽત્મનિ ।**
**તદ્વિદ્યાદાત્મનો માયાં યથાઽઽભાસો યથા તમઃ ।।૩૩।।**

જેમ ખોટું જ્ઞાન (અને) અંધકાર થાય છે તેમ પદાર્થ વિના જેનાથી દેખાય, (અને હોય તે) ન દેખાય, અને આત્મામાં (તેવું થાય,) તેને આત્માની માયા જાણવી. ૩૩

જે વસ્તુ સ્વરૂપમાં જૂદા પ્રકારની [2]જણાય છે, તે 'આત્મનામ્' જીવોને વ્યામોહ કરનારી જે માયા ઉપર કહી, તેનું કાર્ય છે, કારણકે તે જીવને વ્યામોહ કરાવીને તેના સમ્બન્ધવાળા અંતઃકરણ, બુદ્ધિ વિગેરેને પણ વ્યામોહ કરાવે છે. તેણે વ્યામોહ કરાવેલી બુદ્ધિ પદાર્થોને જૂદા પ્રકારના માને છે. પરંતુ પદાર્થો જૂદા પ્રકારના થતા નથી, અને બુદ્ધિ [3]માટે જ પ્રમાણો અને સાધનો (ની જરૂર છે.) કેટલાક બુદ્ધિથી ઉત્પન્ન થએલા દોષને કાઢી નાખનારા, અને કેટલાક ગુણ કરાવનારા છે, અને માયા બે પ્રકારે ભ્રમ ઉત્પન્ન કરે છે (૧)દેશ અને કાલને ઉલટા કરીને હોય તેનો પ્રકાશ કરતી નથી, અને ન હોય તેનો પ્રકાશ કરે છે. અર્થ પ્રમાણે, પદાર્થને (તેમ કરે છે.) પદાર્થ દેખાતો નથી, પદાર્થ ન હોય ત્યાં દેખાય છે. એવો (અર્થ છે.) તેથી પદાર્થોને વાસ્તવિક રીતે જણાવવા પ્રમાણ (ની જરૂર હોવાનું) કહેવાયું.

'કેટલાક વાદીઓ જગત્ માયિક હોવાનું સ્વીકારે છે, તેથી વસ્તુ જ તેવી કેમ નહીં હોય? એમ (કહેતા હો) તો જો વિચાર કરતાં તેવું પરિણામ આવે તો તેવું હોય, પ્રમાણ થએલ વેદ 'આ સર્વ ખરેખર બ્રહ્મ છે' એમ કહે છે. બ્રહ્મ જાણનારાઓનું જ્ઞાન પણ તેવું છે. ભ્રાંત (પુરુષોનું) જ્ઞાન તો પદાર્થનો નિર્ણય કરાવનારૂં નથી. તેમ [4]ન હોય તો ભ્રમવાળી નજરથી ગ્રહણ કરેલું જગત્ ભ્રમરૂપ જ હોય. તેથી પદાર્થમાં

કોઈક વિષયતા [૫]સ્વીકારવી જોઈએ કે જેનાથી દૃષ્ટિ વિષયવાળી થાય છે. તેમ ન હોય તો પદાર્થો સ્થિર હોવાથી ભ્રમદૃષ્ટિ વિષય[૬] રહિત થાય તેથી બીજા સ્થલે જ પ્રાપ્ત થએલ ભ્રમે માયા સામે રહેલ પદાર્થમાં લાવે છે, કારણકે તે (માયા) દૃષ્ટિને મળતી આવનારી છે. તેથી અધિકાર પ્રમાણે જીવની દૃષ્ટિનો આદર કરીને વ્યામોહ કરનારી માયા ઉલટા પ્રકારે પદાર્થો પ્રાપ્ત કરાવે છે (જણાવે છે) એવી [૭]રીતે જગતમાં સર્વત્ર તે બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન કરે છે, એક (પદાર્થ)માં બીજાને પ્રાપ્ત કરાવે છે (દેખાડે છે.) વિષયતા માયાથી ઉત્પન્ન થએલી હોય છે. વિષય ભગવાન્ છે, કારણકે માયામાં જ વિષયતા રૂપનું ભગવાનનું સ્વરૂપ પ્રકટ થએલું હોય છે. તે પણ સ્વભાવ વિનાનું નથી. માયા પણ આત્માની શક્તિ હોવાથી સ્વભાવ વિનાની નથી પરંતુ બુદ્ધિ ચિત્તનો વિલાસ[૮] હોવાથી જ્યાં સુધી બ્રહ્મભાવ ન થાય ત્યાંસુધી તેને જ વ્યામોહ કરે છે, કારણકે તે બધાએ ભગવદીય પદાર્થોથી વિરુદ્ધ હોય છે, કારણકે તે (ભગવદીય પદાર્થો) ભગવાનના સમ્બન્ધવાળું જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી વિષયતાથી ઉત્પન્ન થએલું જ્ઞાન ભ્રાંત છે, (અને) વિષયથી ઉત્પન્ન થએલું પ્રમા (સાચું જ્ઞાન) છે.

એવું જેમ જગતમાં (થાય છે,) તેવું આત્મામાં પણ (થાય છે.) એમ 'અને આત્મામાં' શબ્દોથી કહેલ છે. આત્મામાં હોય[૯] તેનો પ્રકાશ કરતી નથી, ન હોય[૧૦] તેનો પ્રકાશ કરે છે. 'પ્રસિદ્ધ જ્ઞાન અનુસરીને જગત્ રૂપ આ પદાર્થ બ્રહ્મમાંથી જૂદો જ હોવાનું કેમ સ્વીકારતા નથી?' તે સમ્બન્ધમાં 'તેને આત્માની માયા જાણવી' એમ કહેલું છે. જે કારણને લીધે, ન હોય તે જ જણાવે છે (અને) હોય તે જણાવતી નથી. તે કારણથી તેને [૧૧]માયા જ જાણવી કારણકે મુકરર કરેલ સ્વભાવવાળો જડ વિષય અથવા ચક્ષુ જૂદા પ્રકારનું દેખાડવાનું કારણરૂપ હોઈ શકે નહીં તે (સમ્બન્ધ)માં 'જેમ ખોટું જ્ઞાન (અને) અંધકાર (થાય છે)' શબ્દોથી દૃષ્ટાંત કહેલું છે. જે માયા જ બે ચંદ્રો હોવાનું ખોટું જ્ઞાન ઉત્પન્ન કરે છે, પરંતુ (તે) જ્ઞાનને અનુસારે બે ચંદ્રોની કલ્પના કરાતી નથી. એવી રીતે વિષયતા [૧૨]પણ માયાથી ઉત્પન્ન થાય છે. બુદ્ધિ તો ચિત્નો વિલાસ હોવાથી માયાથી ઉત્પન્ન થએલ હોતી નથી. જો તેમ [૧૩]ન હોય તો બ્રહ્મ જાણનારની બુદ્ધિ પણ તેવી હોય, અને તેથી સર્વ (પ્રમાણોનો) વિરોધ થાય અને તે વિષયતા બે પ્રકારની છે, એક ઢાંકી દેનારી અને બીજી ખોટું જ્ઞાન કરાવનારી[૯] ખોટા જ્ઞાનની પેઠે, તે [૧૪]બંને પ્રકારની માયા જ ઉત્પન્ન કરે છે.

'માયા એવી રીતે પદાર્થો ઉત્પન્ન કરનારી કેમ થાય? કારણકે તે તો માત્ર

વ્યામોહ ઉત્પન્ન કરનારી જ છે, અને પદાર્થથી જૂદી વિષયતા ક્યાંય પણ જાણવામાં આવી નથી' એવી શંકા થાય, તેથી 'જેમ અંધકાર' શબ્દો કહેલા છે. જેમ તે જ ન હોય ત્યારે અંધકાર પદાર્થ ઉત્પન્ન થાય છે. જ્યાં તેજ ન હોય ત્યાં જ માયા અંધકાર ઉત્પન્ન કરે છે. આજ વ્યામોહ કરનારી (માયા) છે. તેથી ઘૂવડો વિષે અંધકાર ઉત્પન્ન કરતી નથી, તેઓ તો તેજ ન હોવાનું જ જાણે છે. તેઓની દષ્ટિ કોમલ હોવાથી બલવાળું તેજ દષ્ટિને વિઘ્ન કરનારૂં છે, તે ન હોય ત્યારે સ્હેલાઈથી વિષયો જૂએ છે. આપણે વિગેરેને પણ તેજ પદાર્થને શુદ્ધ કરનારૂં નથી અને ચક્ષુને (પણ શુદ્ધ કરનારૂં) નથી. પરંતુ તેજ ન હોય ત્યારે માયાએ અંધકાર ઉત્પન્ન કરેલો હોવાથી, તે (અંધકાર) જ દષ્ટિ જૂએ છે, પણ પદાર્થને જોતી નથી. તેથી તેજ અંધકાર કાઢી નાખવા માટે જ (જરૂરી) છે. લોકની માન્યતા [૧૪]પણ તેવી જ છે, અને તે વિષયતાનું ચક્ષુ ગ્રહણ કરે છે. વિષયથી જૂદી તેને પોતાની કરે છે, કારણકે ફેરફૂદરડીમાં તેવું થાય છે.

'જેમ સૂર્યનો ઉદય માણસોના ચક્ષુના અંધકારનો નાશ[૧૫] કરે છે' એ વાક્યમાં ચક્ષુના સમ્બન્ધવાળા અંધકારનો જ નાશ કરનાર કહેલ છે, પરંતુ [૧૬]સ્વભાવથી જ હર કોઈ અંધકારનો નાશ કરતો નથી. જો તેમ ન હોય તો સ્પર્શથી પણ જ્ઞાન થવામાં તે વિઘ્ન કરનારૂં થાય, અથવા સ્પર્શથી તે પકડાય. અને તમઃ ચિહ્ન છે. અને દર્પણમાં (વિષયતા) મુખ ઉત્પન્ન કરે છે. અને ચક્ષુ દર્પણમાં જઈ પાછું ફરીને મુખનું જ ગ્રહણ કરે છે એમ ન માનવું તેમ થતું હોય તો બીજા દર્પણમાં આભાસ સાથેનું મુખ ન દેખાય.[૧૭] અને આજ મુખનું બંને (દર્પણ)માં પ્રતિબિંબ પડે છે એમ ન કહેવું, કારણકે દર્પણ સામે ન રહેલ દિશા વિગેરેનું પણ પ્રતિબિંબ જોવામાં આવે છે. અને આજ આભાસ છે. તેથી દર્પણમાં મુખની ઉત્પત્તિ થાય છે, તે પ્રમાણે તેજ ન હોય ત્યારે અંધકારની ઉત્પત્તિ થાય છે તે પ્રમાણે મોહ પામેલા માણસની બુદ્ધિમાં પણ માયા બે વિષયતા ઉત્પન્ન કરે છે, એવો અર્થ છે. તે પૈકીની એક બ્રહ્મના સ્વરૂપનો પ્રકાશ થવા દેતી નથી અને એક બીજી તો જગત્ રૂપ[૧૮] વિષયતા ઉત્પન્ન કરે છે. તે બંને કાઢી નાખવા માટે સર્વ પ્રમાણો (ની જરૂર) છે, એવું તાત્પર્ય છે. ૩૩

૧.'સર્વ બ્રહ્મ હોવાથી ગુરુ અને શિષ્યની, સાધન અને ફલ જૂદા ન રહેતાં, પ્રમાણ પણ નકામા થાય તેથી બુદ્ધિ શુદ્ધ કરવા યજ્ઞ વિગેરેની અને પ્રપંચ તજવા વૈરાગ્યની જરૂર ન હોવાથી તે કાર્ય કરવા પ્રમાણ વેદની જરૂર નથી' એવી શંકા થાય, તેથી 'હું બહુ થાઉં એવી ભગવાનની ઈચ્છાથી પોતે એક જ રહેતા નથી અને પોતાની ઉતમતા તિરોહિત કરે છે, તેથી જીવો પ્રપંચમાં આસક્ત થઈ તેમાં પ્રેમ કરે તેથી પૂર્વકાંડની જરૂર તેઓની દુષ્ટ પ્રવૃત્તિ રોકવા માટે અને ઉત્તરકાંડની

પ્રવૃત્તિ અને નિવૃત્તિના ગુણો અને તેમના ફલ જણાવવા જરૂર રહે છે. તે પ્રવૃત્તિ વિગેરે માયાથી થાય છે અને તે પણ ભગવાનની શક્તિ છે.(પ્ર)

૨.વસ્તુ પોતે જેવી હોય તેથી જુદા પ્રકારની જણાય છે.(પ્ર) છીપલી રૂપું જણાય તેવી રીતે.

૩.બુદ્ધિ નિર્મલ કરવા પ્રમાણ અને તેના અર્થ જાણવાની જરૂર છે.(પ્ર)

૪.ભ્રાંત પુરુષોનું જ્ઞાન પદાર્થોનો નિર્ણય કરનારૂં હોય તો એવો અર્થ છે.

૫.ભ્રમવાળી દષ્ટિ જ્યાં થતી હોય તે પદાર્થમાં, પદાર્થના સમ્બન્ધ વિનાની હોવા છતાં પણ સમ્બન્ધવાળી હોય તેવી જણાતી વિષયતા કોઈક છે એમ સ્વીકારવું જોઈએ.(પ્ર)

૬.દોષ હોવાથી વસ્તુ ખોટી જણાય તેમાં વિષયતા માનવી શા માટે?' એવી શંકા થાય, તેથી કહે છે કે દોષ જોવામાં હોય પણ જે પદાર્થ જોવામાં આવે છે તેમાં દોષ નથી. જો પદાર્થમાં દોષ હોય તો તે જૂદા સ્વરૂપનો થઈ જતો હોવાથી ભ્રમ જ ન રહે (પ્ર) કારણકે તે જેવો થાય છે તેવો જોવાય છે.

૭.દષ્ટિમાં ભ્રમ થતો હોવાનું સિદ્ધ કરી, આ વાક્યથી મનમાં પણ ભ્રમ થતો હોવાનું જણાવે છે.(પ્ર)

૮.'વિલાસ' એટલે ગુણ લોકમાં ચક્ષુથી વિષયતાવાળી દષ્ટિથી ભ્રમ થતો હોય ત્યારે વિષયતા જણાતી નથી, છતાં પણ પછી પદાર્થને (બરાબર) ગ્રહણ કરનારી બુદ્ધિમાં દોષ ન હોય ત્યારે તે બુદ્ધિને ભ્રમ થતો નથી એવો નિશ્ચય થાય છે, તેવી રીતે જગત્ માયિક છે એવો બુદ્ધિમાં ભ્રમ થતો હોય ત્યાર પછી, વિચાર કરી નિર્ણય કરાવનાર શાસ્ત્રથી જગતને બરાબર જાણવામાં આવે ત્યારે ભ્રમનો સમ્બન્ધ ન રહેતાં, ઉત્પત્તિ નાશ માયિક વિગેરેનો તેને સમ્બન્ધ નથી એવો નિશ્ચય થાય છે. તેથી જગત્ માયિક નથી.(પ્ર)

૯.'આત્મામાં હોય' તે બ્રહ્મણપણું.(પ્ર) ૧૦.'ન હોય' તે દીનતા ભેદ વિગેરે (પ્ર)

૧૧.ઉપર કહેલ પ્રકારે ભ્રમ કરાવનારીને (પ્ર)

૧૨.ભેદરૂપ વિષયતા (પ્ર) જગત્ બ્રહ્મથી જુદું જણાવતી.

૧૩.'તેમ ન હોય તો' એટલે બુદ્ધિ માયિક હોય તો. ૧૪.'તે' એટલે વિષયતા.

૧૫.દીવાથી અંધકારનો નાશ થાય છે એવી લોકથી માન્યતા.(પ્ર)

૧૬.'સ્વભાવથી' એટલે પોતાના અસ્તિત્વથી, જો તે પોતે જુદો પદાર્થ જ હોય તો સ્પર્શથી પણ અંધકાર હોય ત્યારે તે જ્ઞાન ન થવા દે, એવો અર્થ જણાય છે.

૧૭.એક દર્પણ સાથે બીજું મૂકીએ ત્યારે બંને દર્પણોમાં મુખના આભાસ જણાય છે, અને બંનેમાં ઘણાએ દર્પણો દેખાય છે. જો ત્યાં જુદા પ્રતિબિંબો થતાં ન હોય તો ચક્ષુ પાછું ફરી એક જ મુખ જૂએ છે એમ મનાય. તેવું હોય તો બંને દર્પણમાં મુખ દેખાય છે, અને ઘણા દેખાય છે તેવું ન બને.(પ્ર)

૧૮.'જગત્ રૂપમતી' જણાવતી એટલે (બ્રહ્માથી) જુદું જગત્ જણાવનારી એવો અર્થ છે.(પ્ર)

એવી રીતે પ્રમેય[૧] અને પ્રમાણ નું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં વિષયનું નિરૂપણ કરે છે :

**યથા મહાન્તિ ભૂતાનિ ભૂતેષૂચ્ચાવચેષ્વનુ ।**
**પ્રવિષ્ટાન્યપ્રવિષ્ટાનિ તથા તેષુ ન તેષ્વહમ્ ।।૩૪।।**

જેવી રીતે મહાભૂતો નાના મોટા ભૌતિક પદાર્થોમાં પ્રવેશ કરેલા, પાછળથી (તેઓમાં) ગોઠવાઈ રહેલા અને પ્રવેશ કર્યા વિનાના છે, તેવી રીતે તેઓમાં હું (રહેલો) છું અને તેઓમાં નથી રહેલો. ૩૬

આકારવાળો અને આકાર[2] વિનાનો, અવયવવાળો અને અવયવ વિનાનો, પૂર્ણ અને ઓછો વિગેરે પ્રકારથી વેદમાં પદાર્થોનું બે પ્રકારે નિરૂપણ કરેલું છે. તે બંને જે રીતે વિષય (ભગવાન્) છે એવા પ્રયોજનથી આનો[3] આરંભ (કરેલ છે.) તેમ ન હોય તો એક પક્ષ વિષયતા થાય તેમ થાય તો વેદો (અમુક) ભાગથી અપ્રમાણ થાય. તેથી સર્વ વેદો પ્રમાણ હોવાનું સિદ્ધ કરવા બંને પ્રકારના વિષયનું નિરૂપણ કરવામાં આવે છે. જેમ આકાશ વિગેરે મહાભૂતો, મોટા અને નાના અનેક રૂપવાળા જાડા પાતળા, દીર્ઘ અને હ્રસ્વ, વાંકા અને સરલ વિગેરે વગેરે ઘડો વિગેરે પદાર્થોમાં (તેમના) કારણ તરીકે[4] પ્રવેશેલા હોય છે. પછી તેઓમાં યોગ્યતા પ્રમાણે ગોઠવાઈ જાય છે, (અને) પછી પણ પ્રવેશ કર્યા વિનાના હોય છે, તેવી રીતે હું સર્વ (પદાર્થો)માં કારણ થએલ, સર્વમાં યોગ્ય રીતે ગોઠવાએલ હોવા છતાં કારણ ન બનેલ (અને) ન ગોઠવાએલો (રહું છું) 'તેઓમાં' એમ બીજી વાર, બે વાક્યો હોવાનું (જણાવવા) કહેલ છે. તેમ ન કર્યું હોત તો, 'ન' શબ્દનો સમ્બન્ધ પહેલા વાક્યમાં જ રહેત, કારણ કાર્યમાં ગોઠવાઈ રહે છે. અને કાર્ય કારણમાં સમવાય સમ્બન્ધથી ઉત્પન્ન થાય છે. તેમ ન થાય તો વસ્ત્રની [5]આધાર વિનાના પ્રકારથી ઉત્પત્તિ થાય. તેમ થતું હોય તો ઉત્પન્ન ન થાય અથવા ઉત્પન્ન થતું હોય તો સર્વ સ્થલે ઉત્પનન થાય. જેમ ઘડો ભગવાન્ (છે) શબ્દ ભગવાન્ (છે.) કુંભારના કાર્યથી પ્રાકૃત જ ઘડો વિષયતાની પેઠે ઉત્પન્ન થાય છે, પરંતુ ભગવદ્રૂપ (ઉત્પન્ન થતો) નથી, કારણકે તે દિવ્ય છે. તાળવું અને હોઠોના પોલાણની ક્રિયાથી ઉત્પન્ન થતો શબ્દ પણ સર્વ સ્થલે કાનોમાં ઉત્પન્ન થાય છે. તેવી રીતે આધાર વિનાનું વસ્ત્ર પણ થાય. તેમ થાય[6] ત્યારે તંતુઓના આધારપણાથી ઉત્પન્ન થએલા વસ્ત્રમાં જો તંતુઓ પ્રવેશ ન કરે, તો વસ્ત્રમાં તંતુઓ દેખાય નહીં. દેખાતા હોય તો ભ્રાંતિથી દેખાય, અને દેખાય છે તેથી ભ્રાંત દૃષ્ટિ નથી. તર્ક તો નમાલો[7] છે. ક્યાંય પણ સ્થાન પ્રાપ્ત ન થતાં પોતે જ ભ્રાંત છે. તેથી એક જ પદાર્થ કારણ હોય ત્યારે અને કાર્ય હોય ત્યારે, આધાર અને આધેય હોવાનો નિશ્ચય થાય છે. એવી રીતે[8] મહાભૂતોમાં (૧)આધારપણું,

(૨)આધેયપણું અને (૩)વિશેષ પ્રકારથી આધેયપણું[૮] એવી ત્રણ સ્થિતિ છે. તે ‘પ્રવેશ કરેલા, ન પ્રવેશ કરેલા શબ્દોથી કહેલ છે.

અથવા [૯]મહાભૂતોમાં પાંચ પ્રકાર(ની સ્થિતિ) થાય છે. (૧)કારણ તરીકેની (૨)કાર્ય પહેલા જ તેમાં હોવા તરીકેની અને (૩)મહાભૂત તરીકેની એમ ત્રણ પ્રકારની પ્રવેશ કર્યા વિનાની સ્થિતિ છે, અને કારણના (કાર્યમાંના) પ્રવેશની પેઠે પ્રવેશ (કરવા)ની અને બીજે પ્રવેશ તરીકે એમ બે પ્રકારથી પ્રવેશ(ની સ્થિતિ) છે.

તેવી રીતે તેઓમાં એમ પાંચે પ્રકારની (સ્થિતિ કહી.) વળી ‘તેઓમાં નહીં’ એવી પાંચ પ્રકારની. એમ ભગવાનમાં દશ પ્રકારની (સ્થિતિ થઈ.) તેમ હોવાથી જગતમાં સર્વ સ્થલે દશ લીલાવાળા ભગવાનને દશ પ્રકારે જાણવા. ૩૪

૧.સર્વ બ્રહ્મ છે એવા પ્રમેયનું ૩૨મા શ્લોકમાં, વેદરૂપ પ્રમાણનું માયા સાથે ૩૩મા શ્લોકમાં નિરૂપણ કરી આ ૩૪મા શ્લોકમાં વેદરૂપ પ્રમાણના અર્થરૂપ વિષય (ભગવાન)નું નિરૂપણ કરે છે.(પ્ર)

૨.‘પદાર્થો’ એટલે પ્રમેયરૂપ બ્રહ્મના ધર્મો(પ્ર).

૩.‘આનો’ વિષયના નિરૂપણનો ‘હે કૌંતેય, જલોમાં હું રસ છું ચંદ્ર અને સૂર્યમાં પ્રભા છું.’ એમ જુદા જુદા પદાર્થોમાં જુદા જુદા રૂપથી ભગવાન્ વેદમાં વિષયરૂપથી અને માયામાં વિષયતારૂપથી પ્રકટ થાય છે.(પ્ર)

૪.જેમ મહાભૂતો પોતપોતાના કાર્યોમાં અવયવ તરીકે પ્રવેશ કરે છે, અને કારણ તરીકે પ્રવેશ કરેલ હોતાં નથી, તેથી તેટલા જ અંશે જૂદા જૂદા રૂપ અને જૂદી જૂદી ક્રિયાઓ થવામાં વિરોધ નથી. અને બીજા અંશોથી (તે કાર્યોથી) તટસ્થ રહેલા હોય છે, તેવી રીતે વેદમાં પણ મારું જુદા જુદા રૂપ અને જુદા જુદા ગુણોથી નિરૂપણ કરેલ હોવા છતાં હું તે રૂપોથી જુદો કે વિરુદ્ધ નથી. તેથી બધા વેદો પ્રમાણ હોવામાં ક્ષતિ નથી, એવો અર્થ છે.(પ્ર)

૫.આધાર વિના ઉત્પત્તિ ક્યાંય ન થાય, અને થતી હોય તો બધેય થતી હોવી જોઈએ.

૬.તંતુઓમાં વસ્ત્ર હોવા છતાં પણ જો તંતુઓ વસ્ત્રમાં અવયવ તરીકે પ્રવેશ ન કરે તો (તેમાં તંતુઓ દેખાય નહીં.)(પ્ર)

૭.’નમાલો’ એટલે અપ્રમાણિક. તેને સર્જીને પછી તેમાં જ અનુપ્રવેશ કર્યો. ‘ભગવાને’ ચેષ્ટારૂપથી તે (તત્વોના) સમૂહમાં પ્રવેશ કર્યો’ એ વાક્યોથી વિરુદ્ધ તર્ક અપ્રમાણ જ છે.(પ્ર)

૮.એ પ્રમાણે કાલભેદથી પદાર્થની સ્થિતિમાં ભેદ થાય છે તેથી એક જ ભૌતિક પદાર્થ આધાર થાય છે અને આપેલ છે, તે નિયમ અહીંથી મહાભૂતોને લગુ પડે છે. સમવાય સમ્બન્ધથી કારણ તરીકે આધાર, પરસ્પરના સંયોગથી અવયવ થતાં આધેય અને તટસ્થ સંયોગથી કાર્ય તરીકે વિશેષ પ્રકારથી આધેયપણું એવા ત્રણ ધર્મ થાય છે.(પ્ર)

૯.મહાભૂતો કોઈક અંશથી કારણ થતા હોવાથી તેમની પાંચ અવસ્થાઓ જ થાય છે. ભગવાનની તો જુદી જ રીતે થાય છે. ‘જણાએલ તેનાથી અને ન જણાએલાથી’ એ શ્રુતિ પ્રમાણે જણાએલ અને ન જણાએલમાં ભેદ હોવાથી અપ્રાકૃત સચ્ચિદાનંદ રૂપથી પ્રવેશ અને અપ્રવેશ જણાએલ પ્રાકૃતથી જુદા હોવાથી બીજી દશ પ્રકારની સ્થિતિ થાય છે તેથી પ્રાકૃત અને અપ્રાકૃત

વિષયતા અને વિષયરૂપથી પાંચ પાંચ પ્રકાર થતાં દશ પ્રકાર થાય છે.

એ પ્રમાણે પ્રમેય, પ્રમાણ અને વિષયનું નિરૂપણ કરીને બીજા કોઈ (પદાર્થ)નું નિરૂપણ કરવાની શંકાનું નિવારણ કરતાં (તે) ત્રણ સમ્બન્ધી ઉપપત્તિ[1] નીચેના શ્લોકથી કહે છે :

**એતાવદેવ જીજ્ઞાસ્યં તત્વજ્ઞાસુનાઽઽત્મનઃ ||**
**અન્વયવ્યતિરેકાભ્યાં યત્સ્યાત્સર્વત્ર સર્વદા ||૩૫||**

આત્માના તત્વના જ્ઞાનની ઈચ્છાવાળાએ જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર સદા થતું હોય એટલું જ જાણવા યોગ્ય છે. ૩૫

જ્ઞાનની ઈચ્છાના પ્રમાણે જ નિરૂપણ તો થાય, ત્રણના જ જ્ઞાનની ઈચ્છા છે, પરંતુ બીજા શાસ્ત્રની પેઠે સોળ પ્રકારનાની નથી, કારણકે તે આત્માના (જ્ઞાન)ને ઉપયોગી નથી, કારણકે આત્મા માટે જ જાણવાનું છે તે (અર્થ) 'આત્માના તત્વના જ્ઞાનની ઈચ્છાવાળાએ' શબ્દોથી કહેલ છે, જ્ઞાન પ્રમેય છે, વૈરાગ્ય પ્રમાણ છે; દશ પ્રકારની લીલાવાળાની ભક્તિ વિષય છે. આત્માનું તો આટલું જ ઉપયોગી છે, બીજું તો દેહ વિગેરે માટેનું છે. એમ કહીને બીજાનું નિરાકરણ કરીને ત્રણે (સમ્બન્ધ)માં ઉત્તરાર્ધથી યુક્તિ કહેલી છે. 'જે' વિગેરેથી ત્રણ કહેલા છે, તે (સમ્બન્ધ)માં 'ભગવાન્ સર્વ કેવી રીતે?' એ જાણવાની ઈચ્છા થાય તેથી 'અન્વય અને વ્યતિરેકથી એમ કહેલું છે. સર્વમાં ભગવાનનો અન્વય છે. ઘડો છે, વસ્ત્ર છે, પ્રકાશ છે, પ્રિય છે એવા સર્વમાં જ એક[2]નો અન્વય[3] છે. તેમ ન હોય તો એક નામનું અસ્તિત્વ અથવા તેનું જ્ઞાન ન થાય.[4] વિશેષતઃ વધારે સારૂં હોવું તે વ્યતિરેક. ઘટ વિગેરેથી શું વધારે છે? ઘડો તો ઘડાથી વધારે નથી તેવી રીતે વસ્ત્ર પણ વસ્ત્રથી વધારે નથી, પરંતુ સત્ ઘટથી પણ વધે છે, વસ્ત્રથી પણ વધે છે. તેથી સર્વત્ર જે સર્વ હોઈ, સર્વથી વધે તે બ્રહ્મ જ છે.

'બ્રહ્મ સિધ્ધ કરનાર એક જ (ગુણ) હો, બેનું શું પ્રયોજન?' એમ કહો તો (તેવું) નથી અન્વય (એક)થી જ બ્રહ્મપણું સિધ્ધ થતું નથી, કારણકે જગતમાં જગતનો પણ અન્વય છે, જો કે ઘટ વિગેરેથી જગત્ વધારે છે, છતાં પણ જગતથી વધતું નથી. આકાશમાં (ઉગેલું)[5] ફૂલ તો જગતથી વધે છે, પરંતુ તેમાં તેનો અન્વય નથી. સત્ જગતથી વધારે છે, કારણકે ભગવાન્ પણ સત્ છે. કારણ પણ સત્ છે. તેથી જેનો અન્વય અને વ્યતિરેક (બંને હોય) તેજ સર્વ છે. વળી જે સર્વત્ર હોય અને સદા (હોય,) દેશ અને કાલ જેની હદ બાંધનારા[6] નથી; અને તે પણ અન્વય

અને વ્યતિરેકથી. અન્વયમાં માયાની હદ બંધાતી નથી, કારણકે માયાના કાર્ય આભાસમાં સત્‌નો અન્વય નથી[૭] અને આભાસ સત્‌થી જૂદો હોવાનું પણ નથી, કારણકે તે પોતે છે જ નહીં. ભગવાન્ તો માયામાં પણ છે. (તેથી) જુદામાં પણ છે. એવી રીતે કાલમાં પણ[૮] છે.[૯] પદાર્થ ઘટમાં સત્ કારણ છે, સત્ કાર્ય છે, સત્ આધાર છે, સત્ આધેય છે અને સત્ હોવા છતાં પણ [૧૦]અધિકપણું છે. કારણકે માટી જ ઘટ નથી. જો તેમ હોય તો માટીની સ્થિતિ (હોય ત્યારે પણ તે)માં ઘટ દેખાય અને (માટીમાં) ઘટ શબ્દ યોજાય. એ પ્રમાણે કાર્યમાં સદા સદા પાંચ પ્રકારે ભગવાન્ રહેલા છે, અને પાંચ પ્રકારે (તેથી) વધે છે, કારણકે ઘટ વસ્ત્ર વિગેરેથી જૂદો છે, કારણથી પણ જૂદો છે બીજા ઘટથી પણ જૂદો છે, અને આવિર્ભાવ અને તિરોભાવથી પણ જુદો છે, કારણકે આવિર્ભાવ અને તિરોભાવ ઘટના થાય છે.[૧૧] તેથી એક ઘટમાં આવિર્ભાવ અને તિરોભાવથી ભગવાન્ દશ પ્રકારે (રહેલા) છે. એવી રીતે સર્વત્ર ભગવાન્ દશ લીલાવાળા છે. આથી[૧૨] (એમ જણાવ્યું કે વસ્તુ માત્રનું) સ્વરૂપ ભગવાન્ છે દેશનું જ્ઞાન તો માયિક છે. કાલનું જ્ઞાન તો લીલાથી થાય છે. એવી રીતે દેશ કાલ અને વસ્તુથી હદ બંધાય નહીં તેવો, (અને) દેશ કાલ અને વસ્તુનું સ્વરૂપ હું જ છું. આટલું જ જાણવા યોગ્ય છે. આજ ઉપપત્તિથી વિચારેલું છે, અને 'આ સર્વ પુરુષ જ છે' ૮'વેંત વધે છે' એમ ઉત્પત્તિથી (વિચારેલું છે.) અને ઉદ્દેશમાં 'જેનાથી (બીજું) કાંઈ નથી.' અંગુઠાના માપના રહેતા પુરુષો'થી (વિચારેલ છે) જગતને બ્રહ્મરૂપ જાણવું, અને (બ્રહ્મ) જગતથી વધે છે, તેથી તે (જગતમાં) આસક્તિ ન કરવી. એક (દરેક) પદાર્થમાં પણ ભગવાન્ સર્વલીલા સાથે રહેલા છે અને દેશકાલ અને વસ્તુનું સ્વરૂપ હોઈ દેશ કાલ અને વસ્તુથી અધિક છે, એવું (કહેલ છે.) ૩૫

૧.'ઉપપત્તિ' ભગવદ્રૂપ હાવાનું જણાવનાર તર્ક (પ્ર)
૨.'એકનો' સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનો (પ્ર)
૩.'અનુ' પાછળ 'એતિ' આવે તે અન્વય. પાછળ આવવારૂપ આકારવાળું હોવું તે અન્વય (પ્ર)
૪.જો સર્વ સચ્ચિદ્રૂપ ન હોત, તો સર્વમાં 'સત્' વિગેરે શબ્દનો પ્રયોગ ન થાય, અને સત્ વિગેરે જ્ઞાન પણ ન થાય. તેથી સર્વમાં એક હોવાનું જ્ઞાન થવું તે મુખ્ય અન્વય (પ્ર)
૫.'વ્યતિરેકથી જ બ્રહ્મ સિદ્ધ થાય, અન્વયની શી જરૂર?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.
૬.'જેની હદ બાંધનારા નથી' એટલે જેમાં વ્યાપી રહેલા નથી. (પ્ર)
૭.માયા સત્‌ના અન્વયવાળી છે. છતાં તેના કાર્યને સત્‌ની હદવાળા નથી એટલે સત્‌થી જૂદા છે તેથી અન્વય સાથે વ્યતિરેકથી પણ જરૂર છે.(પ્ર)
૮.કાલની હદ સત્‌થી બંધાય છે, પણ તે સત્‌ની હદ બાંધનારો નથી એવી રીતે જ્ઞાન થતું હોવાથી

'પ્રકાશેછે' શબ્દથી સર્વની હદ બંધાય છે, અને સંપૂર્ણ પ્રિયત્વ સર્વમાં ન હોય તો પણ થોડું ઘણું આભાસમાં પણ તે છે જે, કારણકે તે આશ્ચર્ય ઉત્પન્ન કરતો હોવાથી તેનું જ્ઞાન થાય છે. વાસ્તવિક રીતે તો તે (પદાર્થ) છે જ નહીં તેથી તેનું જ્ઞાન થતું ન હોય તો પણ કાંઈ દોષ નથી.(પ્ર)

૯.'સર્વ બ્રહ્મ છે એમ સિદ્ધ થયું પણ દશલીલાઓવાળું ન હોવાથી તે ભગવાન્ સિદ્ધ થતું નથી 'એવી શંકા થાય, તેથી અહીંથી દશ લીલાઓનો સમ્બન્ધ સિદ્ધ કરે છે.(પ્ર)

૧૦.'અધિકપણું' એટલે અધિક આકારપણું.(પ્ર)

૧૧.'(ઘટના) આવિર્ભાવથી જ તે (બીજાથી) જૂદો હોવાનું સિદ્ધ થાય છે, તેથી તિરોભાવની જરૂર નથી' એમ કહેવું યોગ્ય નથી, કારણકે જ્યાં આવિર્ભાવ વ્યાપી રહેલ ન હોય, ત્યાં તેનો તિરોભાવ હોય છે અને આ પ્રસંગમાં પણ 'ઘડો વસ્ત્ર નથી' એમાં સમાન અધિકરણનું જ્ઞાન થાય તે માટે તિરોભાવની પણ જરૂર છે. વળી એકનો (પટનો) તિરોભાવ તેજ બીજાનો (ઘટનો) આવિર્ભાવ એમ પણ ન કહેવાય, કારણકે તે વ્યાપી રહેલ હોવાથી ઘયનું જ્ઞાન ન થાય; અને વ્યાપી રહેલ ન હોય તો તિરોભાવના પ્રતિયોગી તરીકે તિરોભાવની કલ્પના કરવી પડે. બંને કલ્પના સમાન હોવાથી તેનું અસ્તિત્વ જણાય એટલે આવિર્ભાવજ માનવાનું ઉચિત થાય.(પ્ર)

૧૨.શ્લોક ૩૨ થી ૩૪ સુધીના શ્લોકોથી સર્વ ભગવાન્ છે એમ કહેલું, તે પ્રમેયનો જ અન્વય અને વ્યતિરેકથી વિચાર કરેલ છે. જન્મ, સમાગમ, અને આવિર્ભાવ એવી ત્રણ પ્રકારની ઉત્પત્તિથી વિચારેલું. વિરુદ્ધ ધર્મના આશ્રય તરીકે ઉદ્દેશમાં વિચારેલું.(પ્ર)

એવી રીતે શિક્ષણ કરીને, ગર્વ ન થવાનું કારણ આનું અનુસંધાન જ છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**એતન્મતં મમાતિષ્ઠ પરમેણ સમાધિના ।**
**ભવાન્ કલ્પવિકલ્પેષુ ન વિમુહ્યતિ કર્હિચિત્ ।।૩૬।।**

ઘણી સમાધિથી આ મારા મતને માન્ય કર. કલ્પ અને વિકલ્પમાં કોઈપણ સમયે તને મોહ થશે નહીં. ૩૬

સર્વ ભગવાન્ છે. માયાથી જુદી રીતે ભાસે છે. સર્વત્ર સર્વલીલાઓ સાથે સર્વ (કોઈ પણ દોષ વિનાના ભગવાન્ છે; એવા આ મારા ભગવાનના મત(ને માન્ય કર,) આ મારા ભગવચ્છાસ્ત્રનો આધાર રાખ. જેમ જુદા જુદા મતને અનુસરનારાઓ જૂદા જૂદા મતનો આધાર રાખે છે, તેમ તું પણ આ મતના આધારે રહે. તેથી ઘણા દુષ્ટ તર્કો ઉત્પન્ન થશે તે સર્વ અનુભવથી જ દૂર કરવા. 'ઘણી સમાધિથી' શબ્દોથી તે (અર્થ) કહેલો છે. સમાધિ (એટલે) ચિત્તનું એકાગ્રપણું. સૂક્ષ્મદષ્ટિથી આ જાણવું. ઉપર ઉપરની દષ્ટિ અથવા વિચારથી આ મત જાણવામાં નહીં આવે, પરંતુ આ જણાશે ત્યારે મહાકલ્પમાં અને વચલા કલ્પમાં સૃષ્ટિ અને પ્રલયમાં મોહ થશે નહીં. વળી કોઈ પણ સમયે મોહ થશે નહીં. કોઈપણ સમયે માયા

તે (જાણનાર)ને મોહ કરતી નથી, કારણકે આ મત અને માયામાં વિરોધ છે. જ્યાં આ મત ન હોય ત્યાં જ માયા હોય છે, એવો અર્થ છે. ૩૬

એ પ્રમાણે ઉપદેશ કરીને (ભગવાને) જે કર્યું તે નીચેના શ્લોકથી કહે છે :

શ્રીશુક ઉવાચ

**સંપ્રદિશ્યૈવમજનો જનાનાં પરમેષ્ઠિનમ્ ।**
**પશ્યતસ્તસ્ય તદ્રૂપમાત્મનો ન્યરુણદ્ધરિઃ ।।૩૭।।**

જનોના પરમેષ્ઠીને એવી રીતે ઉપદેશ કરીને તેના દેખતાં જ જન્મરહિત હરિએ તે પોતાનું રૂપ ઢાંકી દીધું. ૩૭

એવી રીતે સારી રીતે અનુભવમાં આવે ત્યાં સુધી પોતાના મતનો ઉપદેશ કરીને પોતે બહારથી તિરોહિત થયા. 'સર્વરૂપવાળા ભગવાને સર્વ મૂર્તિઓ પેઠે તે (મત)નું સ્થાપન કેમ ન કર્યું? તેમ થાય તો સૃષ્ટિ સ્હેલાઈથી જણાય' તે (સમ્બન્ધ)માં 'જન્મરહિત' એમ કહેલું છે 'ન' નથી 'જનઃ' જન તે અજન જનથી જૂદા; કારણકે આ રૂપ વિશ્વરૂપ ન હતું, પરંતુ તેનાથી જૂદું તેનું આધિદૈવિક (રૂપ હતું.) તેથી આ (રૂપ)ના ધ્યાનથી જ કાર્ય (થાય,) પરંતુ આ જોઈને કરાય નહીં; કારણકે (આ) મૂર્તિરૂપ ન હતું. જન તો જનની મૂર્તિ હોય, પરંતુ અજન (જનની મૂર્તિ) ન હોય. 'ત્યારે આ (બ્રહ્મ)ને જનની સૃષ્ટિનું જ્ઞાન કેમ થશે?' તે (સમ્બન્ધ)માં 'જનોના પરમેષ્ઠી' શબ્દ કહેલા છે. જન્મ થાય તે જનો, તેમનું ઘણું નિયમન કરનારની સ્થિતિવાળા, કારણકે તે (જનો) જન્મ લે છે, રહે છે, અને તે (બ્રહ્મા)ને અધીન રહે છે. તેવા અધિકારમાં રહેલા હોવાથી (બ્રહ્મા) પરમેષ્ઠી છે, જનોની ઉત્પત્તિ વિગેરેના અધિકારી છે તેને આ (ભગવાનનું) રૂપ ધ્યાન (કરવા)થી ઉપયોગી હતું, સાક્ષાત્ (ઉપયોગી) નહતું. તેવું (જનોનું રૂપ) બનાવવાનું તો આ (બ્રહ્મા)નું સામર્થ્ય નથી, જેથી તેના જોતાં જ તે રૂપ 'ન્યરૂણત્' ઢાંકી દીધું. 'ઘણા કૃપાલુએ કેમ એવી રીતે તે રૂપ ઢાંકી દીધું?' તે (સમ્બન્ધ)માં 'હરિ' શબ્દ કહેલો છે. તે બ્રહ્મા અને જનોના સર્વ દુઃખોને હરનારા છે. તેથી આગ્રહથી વિનંતિ ન કરે તે માટે ઢાંકી દીધું, એવો અર્થ છે. ૩૭

પછી જે થયું તે નીચેના શ્લોકથી કહે છે :

**અન્તર્હિતેન્દ્રિયાર્થાય હરયે વિહિતાઞ્જલિઃ ।**
**સર્વભૂતમયો વિશ્વં સસર્જેદં સ પૂર્વવત્ ।।૩૮।।**

ઈંદ્રિયોના લાભરૂપ હરિ અંતર્હિત થયા ત્યારે, સર્વભૂતોથી ભરપૂરે તેણે (તેમને) બે હાથ જોડી પહેલાની પેઠે આ વિશ્વ રચ્યું. ૩૮

ઈંદ્રિયોનો અર્થ તે ઈંદ્રિયાર્થ. અંતર્હિત અને તે ઈંદ્રિયાર્થ ભગવાન્ સર્વ ઈંદ્રિયોથી પર હોવા છતાં પણ પોતાની ઈચ્છાથી ભક્તની ઈંદ્રિયોના લાભરૂપ થયા. બધા એના અર્થ ભગવાન્ હોવાથી, ભક્તના આશ્રય કરેલી ઈંદ્રિયોના સારી રીતે અર્થ (લાભ) રૂપ છે. ચેતનસૃષ્ટિ હોય ત્યારે તેમની જ મુક્તિ માટે, જડ (સૃષ્ટિ) હોય ત્યારે તેના અધિષ્ઠાતા (દેવ)ને કૃતાર્થ કરવા ભગવાન્ લાભરૂપ થાય છે. એમ થાય [1]ત્યારે બ્રહ્મા સમષ્ટિ હોવાથી તે અને તેના અંશરૂપ વ્યક્તિઓ ઈંદ્રિય વિનાના થાય, તેથી તેઓના દુઃખનો નાશ કરવા પહેલા ઈંદ્રિયોના લાભરૂપ હોવા છતાં પણ હવે અંતર્હિત ઈંદ્રિયોથી ન જણાય તેવા થયા. બ્રહ્મા ઉપર ઉપકાર કરવા એવા (અંતર્હિત) થયા, એમ 'હરિ' શબ્દથી જણાવેલ છે. તેથી જ જોડેલા છે હાથ જેણે, સારી રીતે કરેલ છે હાથજોડ જેણે (એવા બ્રહ્મા થયા.) ભગવાન્ જ્યારે જીવો ઉપર ઉપકાર કરે ત્યારે જીવોએ તે ઉપકાર હાથ જોડી ગ્રહણ કરવો. આજ જીવો માટે શાસ્ત્રમાં કહેલું છે, પરંતુ બીજો કોઈ ઉપકાર કે ભગવાનની સેવા (તેમનાથી) કરી શકાતાં નથી કારણકે ભગવાનના સ્વરૂપનું દર્શન થએલ છે તેમને માટે આજ ઘણું છે કે ભગવાન્ જે કરે તેનો નિષેધ ન કરવો. શાસ્ત્રમાં (હાથજોડ કરવાનું) કહેલ પણ છે અને બ્રહ્માએ પોતે પણ (તે) કરેલ છે, એમ 'વિહિતઃ' 'કરેલ' એવો અર્થ છે. પછી ભગવાને કહેલ અર્થના અનુસંધાનથી (બ્રહ્મા) પોતે સર્વભૂતોથી ભરપૂર થયા, કારણકે પોતાની પણ તેની સ્થિતિ [2]કરેલી. 'ભૂત' શબ્દથી પ્રકટ થએલ સર્વ કહેલ છે; અથવા ભગવાનની આજ્ઞાથી જેટલું પ્રકટ થયું તે[3] સર્વ બ્રહ્મામાં પ્રવેશ્યું. ત્યાર પછી વિશ્વ રચ્યું. પછી પોતારૂપ સૃષ્ટિ થવાથી પક્ષપાત નહીં થાય. તેથી જ બ્રહ્મા 'સઃ' તેવાજ પહેલાના જેવા થયા; અને પહેલાની પેઠે જ જગત્ રચ્યું. જેમ ભગવાને રચેલું અથવા જેમ (પહેલા) પોતે જ રેચલું તેમ રચ્યું. ૩૮

૧.'એમ થાય' એટલે ભગવાન્ પ્રત્યક્ષ થતાં ઈંદ્રિયોનો મોક્ષ થાય, એવો અર્થ છે.(પ્ર)
૨.ભગવાને કરેલ હોવાથી તે નિષેધ કરવા યોગ્ય ન હોવાથી.(પ્ર)
૩.'તે' એટલે ભગવાનની આજ્ઞાથી પ્રકટ થએલું.(પ્ર)

એવી રીતે કાર્યમાં પરિણમે એવો ઉપદેશ જણાવીને, તે ઉપદેશનો પ્રચાર નીચેના શ્લોકથી કહે છે :

**પ્રજાપતિર્ધર્મપતિરેકદા નિયમાન્યમાન્ ।**

**ભદ્રં પ્રજાનામન્વિચ્છન્નાઽઽતિષ્ઠત્સ્વાર્થકામ્યયા ॥૩૯॥**

પ્રજાના પતિ (અને) ધર્મના પતિએ એક સમયે પ્રજાઓનું કલ્યાણ ઈચ્છતાં (પોતાના) સ્વાર્થની કામનાથી યમો અને નિયમો આચર્યા. ૩૯

જેમ પોતે ભગવાનના ઉપદેશથી કૃતાર્થ થયા, તેવી રીતે સર્વ કૃતાર્થ થાઓ, એમ પ્રજાનું કલ્યાણ ઈચ્છતાં, તેઓનો અધિકાર ન હોવાની શંકા કરી, (અને) અધિકાર પ્રાપ્ત કરાવવાની પોતામાં પણ શક્તિ ન હોવાની શંકા કરી, પિતાએ કરેલું પુત્રોના લાભ માટે હોય છે, કારણકે 'જેનો જન્મ થાય ત્યારે આ યજ્ઞ કરે છે' એ શ્રુતિથી એ સિદ્ધ થએલું છે, (તેથી) પોતેજ તેઓના માટે યમો અને નિયમો 'આતિષ્ઠત્' આચર્યા. તેમાં શાસ્ત્રમાં કહેલો[1] ધર્મ જ પુત્રને લાભકારી થતો હોવાથી 'પ્રજાપતિ' શબ્દથી બીજો પ્રકાર કહેલ છે કે જેમ પતિએ કરેલું સ્ત્રી માટે (લાભકારક) થાય છે, તેમ પ્રજાઓ માટે પણ થશે. 'આ પણ સ્ત્રીના સમ્બન્ધમાં જ થાય, બીજાના સમ્બન્ધમાં ન થાય' એવી શંકા થાય, તેથી 'ધર્મનું નિયમન કરનાર જેમ ધર્મને પ્રેરણા કરે તેવી રીતે ('ધર્મ) ત્યાં જાય' એવા (વિચારથી) પોતે (ધર્મ) કરીને પ્રજાઓને આપ્યો એમ જણાવવા 'ધર્મ પતિ' એમ કહેલ છે. એક સમયે ચિંતારહિત અવસ્થામાં પદાર્થના અર્થનું જ્ઞાન થયું ત્યારે અથવા પ્રચાર કરવાના સમયે જલનું ભક્ષણ (કરી રહેવું) વિગેરે નિયમો, અહિંસા વિગેરે યમો ઈંદ્રિયો અને અંતઃકરણને વશ રાખવા માટે જ યમ અને નિયમરૂપ (કાર્ય આચર્યું.) જેમ લૌકિક કાર્યમાં પ્રવૃત્ત થએલી ઈંદ્રિયો તેમાંથી કાઢી નાખી વૈદિક કાર્યમાં તત્પર કરાય, એવી રીતે અંતઃકરણ લૌકિક જ્ઞાનમાંથી ખેંચી લઈ વૈદિક જ્ઞાનમાં જોડાય, તે બંને બ્રહ્માએ પ્રજાના લાભ માટે કર્યો એવો અર્થ છે. 'બ્રહ્માને એવા આગ્રહ (કરવા)નું શું પ્રયોજન?' એ પ્રશ્નના સમ્બન્ધમાં 'સ્વાર્થની કામનાથી' શબ્દ યોજેલ છે. પોતાનો 'અર્થઃ' પ્રયોજન એવો અર્થ છે. 'આ મારા મતને માન્ય કર' એવી ભગવાનની આજ્ઞાને લીધે, મતમાં રહેવું જોઈએ અને તે પ્રચાર (કરવા)થી જ થાય. તેથી પ્રચાર કરવા માટે તેમ કર્યું. વળી 'અને તે પતિ ન હોય' એ વાક્ય પ્રમાણે પ્રજા કૃતાર્થ ન થાય ત્યારે પોતાનું પતિપણું અનર્થ કરનારૂં થવાથી પોતાના લાભ મમ કર્યું એવો અર્થ છે. ૩૯

૧.પુત્ર ઉત્પન્ન થાય ત્યારે કરવાનો કહેલો એવો અર્થ છે.(પ્ર)

તેનું તે સાધન ફલમાં પરિણમ્યું એમ નીચેના શ્લોકથી કહે છે.

**તં નારદઃ પ્રિયતમો રિક્થાદાનામનુવ્રતઃ ।**
**શુશ્રૂષમાણઃ શીલેન પ્રશ્રયેણ દમેન ચ ॥૪૦॥**

**માયાં વિવિદિષુર્વિષ્ણોર્માયેશસ્ય મહામુનિઃ ।**
**મહાભાગવતો રાજન્ પિતરં પર્યતોષયત્ ॥૪૧॥**

હે રાજન્ ! પુત્રોમાં સર્વથી પ્રિય, સેવક, શીલ સભ્યતા અને દમથી સેવા કરનાર, માયાના ઈશ વિષ્ણુની માયાને જાણવા ઈચ્છનાર મહામુનિ મહાભાગવત નારદે તે પિતાને પ્રસન્ન કર્યા. ૪૦-૪૧

'તે' ઉપર કહેલા ગુણવાળા (પિતાને પ્રસન્ન કર્યા.) 'નારંવતિ' નારનું ખંડન કરે, અથવા 'દદાતિ' આપે તે નારદ. 'નરાણામ્' જીવોનો સમૂહ નાર. નારદ બધા જીવોના જીવભાવને[1] દૂર કરે છે, અથવા નારાયણનું આધાર બનેલ હૃદય પ્રાપ્ત કરાવે[2] છે. તેથી નારદ આ (વિષય)માં અધિકારી છે વળી પ્રિય પુત્રને તે[3] દેવું, એમ (હોઈ) નારદ 'રિક્થાદાનામ્' પુત્રો મધ્યે સર્વથી પ્રિય હતો. 'રિક્થં' ધન 'આદદતે' લે તે 'રિક્થાદાઃ' (પુત્રો) ધન બહુ પ્રકારનું છે તેમાં આ મતરૂપ ધન મોટું ધન છે તેથી સર્વથી પ્રિય (હોય તે) (લેવા) યોગ્ય છે. જેવો આ નારદ સર્વથી પ્રિય છે તેવું ધન પણ (સર્વથી પ્રિય છે.) વળી (નારદ) માત્ર પ્રેમનો વિષય નથી, પરંતુ 'અનુવ્રતઃ' 'અનુ' પાછળ 'વ્રતમ્' વ્રત છે. જેનું તેવો સેવક છે એવો અર્થ છે; કારણકે સ્વામી જે કરે છે તેને અનુકૂલ સર્વ સેવક કરે છે તેથી બ્રહ્માએ જે કરવાનું છે તે પ્રાપ્ત કરાવનાર આ છે. વળી 'શુશ્રૂષમાણઃ' સેવા કરનારો તે છે. સેવા (કરવા)માં પ્રેમવાળાને દેવું જોઈએ. તેને જ તે સેવા ફલે છે. સેવા પણ પોતાની ઈચ્છા પ્રમાણે કરવાની નથી, પરંતુ શીલથી (કરવી.) જેવું સ્વામીનું શીલ હોય, સ્વભાવ હોય, તેને રૂચે તેવા અને પોતાના જ સારા સ્વભાવથી (કરવી જોઈએ.) શાસ્ત્રમાં પણ તે જ કહેલ છે. તે પણ અહંકારવાળા થઈ કરવી ન જોઈએ પરંતુ 'પ્રશ્રયેણ' વિનયથી (કરવી જોઈએ) કારણકે વિનયવાળાની જ સેવા ફલમાં પરિણમે છે. વળી 'દમેન' ઈંદ્રિયોનું દમન કરીને (કરવી) ઈંદ્રિયોની લાલસાવાળાએ કરેલું (કાર્ય) શંકા ઉત્પન્ન કરનારૂં હોવાથી પ્રસન્નતા કરાવનારૂં હોતું નથી. 'ચ' 'અને' શબ્દથી સ્તુતિ વિગેરે બીજા પણ (કાર્ય) પ્રજાપતિની પ્રસન્નતાના કારણો તરીકે સ્વીકારેલા છે. તે સેવા નારદે પોતાથી ધર્મરૂપ કરી નથી, પરંતુ બીજાના અંગ તરીકે (કરેલી છે.) ૪૦

'માયાના ઈશ' એમ (માયાના) સમ્બન્ધ કહેલ હોવાથી જગતનું કારણ બનેલી માયા જણાવેલી છે, પરંતુ વ્યામોહ કરનારી (કહી) નથી, કારણકે પહેલા તે[3] એમ જાણતા હતા કે માયાથી જ ભગવાન્ તેવા (જગદ્રૂપ) થાય છે, કારણકે પહેલાના કલ્પમાં તેમજ થએલ. આ (કલ્પ)માં એટલો જ ભેદ છે કે કોઈ સમયે કોઈક સ્થલે

(ભગવાન્) કારણ તરીકે તેને સ્વીકારે છે, અને કોઈ વાર નથી (સ્વીકારતા.) બંને પ્રકારે પદાર્થમાં કાંઈ પણ ભેદ થતો નથી, અને તે બુદ્ધિથી જણાય તેવી છે, અને (તેના સમ્બન્ધનો) પ્રશ્ન કરી શકાય તેવી છે. વ્યવહાર તો કેવલ ઈશ્વરમાં કરવો અયોગ્ય અને અશક્ય છે. તેથી સર્વત્ર વ્યાપી રહેલા ત્રણ પ્રકારની[4] હદ વિનાના વિષ્ણુની, સર્વમાં સાધન બનેલી, પોતાના અંશરૂપ માયાથી મોહ કરનારી અને દશ પ્રકારના (ભગવાનના રૂપ)નું કારણ બનેલી ત્રણ રૂપવાળી માયા (છે.) તે (અર્થ) 'માયાના ઈશ' શબ્દથી કહેલ છે. (ભગવાન્) માયાને વશ રાખે છે, તેથી માયા સાધનરૂપ છે. 'મહામુનિ' (એટલે) અત્યતં મનન (કરવા)ના સ્વભાવવાળો, કારણકે તે બીજી માયાને જાણે છે. તેથી તેને પણ કાઢી નાખવાને યોગ્ય છે. તેથી તેવો કહેલ છે. મુનિ જ પોતાનું હિત જાણે છે. મહામુનિ તો ઉત્તમ હિત (જાણે છે.) વળી મહાભાગવત હોઈ દશ પ્રકારની લીલાનું શ્રવણ કરવાનો અધિકારી છે. અહીં 'હે રાજન્ ! એવું સંબોધન તું પણ તેવો છે એમ જણાવવા (કરેલું છે.) 'પિતાને' શબ્દ વિશ્વાસ રહે તે માટે યોજેલ છે. પ્રસન્ન કરવાનું ફલમાં પરિણમનારૂં છે. ૪૧

૧.'જીવભાવ' એટલે પ્રાણ ધારણ કરવાનો પ્રયત્ન, ભગવાનનું સ્વરૂપ જણાવીને દૂર કરે છે. (પ્ર) મોક્ષ પ્રાપ્ત કરાવે છે, એવો અર્થ છે.(પ્ર)

૨.નર જલનો પિતા છે, તેના સમ્બન્ધવાળું જ્ઞાનનાર છે, તે આપી (હૃદય) નારાયણનું આસન કરાવે છે. એવો અર્થ છે. (પ્ર)

૩.'તે' એટલે નારદ.(પ્ર)

૪.'ત્રણ પ્રકારના એટલે દેશ કાલ અને રૂપના હદ વિનાના અહીં એ જાણવું કે 'આમની ઘણી વિવિધ શક્તિઓ છે' શ્રુતિ જ્ઞાન બલ અને ક્રિયા એ ત્રણ પ્રકારની શક્તિ કહે છે. તેમાં બલરૂપ આનંદની, જ્ઞાનરૂપ જ્ઞાનની અને ક્રિયારૂપ સતની શક્તિઓ છે. ત્રણ ગુણવાળી માયા આ શક્તિઓના અંશરૂપ હોઈ ત્રણ પ્રકારની છે. આ વિદ્યા અને નિદ્રા આના આશો છે.(પ્ર)

પછી શું થયું તે નીચેના શ્લોકથી કહે છે.

**તુષ્ટં નિશમ્ય પિતરં લોકાનાં પ્રપિતામહમ્ ।**
**દેવર્ષિઃ પરિપપ્રચ્છ ભવાન્યન્માઽનુપૃચ્છતિ ॥૪૨॥**

લોકોના વડદાદા (પોતાના) પિતાને પ્રસન્ન થએલા જાણીને તું મને જે પૂછે છે તે દેવર્ષિએ (તેમને) સર્વ તરફથી પૂછ્યું. ૪૨

'નિશમ્ય' જાણીને, કારણકે 'શમ્' જ્ઞાનના અર્થવાળો કહેલ છે. સારી રીતે જ્ઞાન થાય ત્યારે તે (શમ્) ઉત્તમ થાય છે 'પિતાને' શબ્દ પ્રશ્ન કરવાની યોગ્યતા જણાવવા (યોજેલ છે.) 'લોકોના વડદાદા' શબ્દથી એમ કહેલું છે કે માત્ર પોતાના

સ્વાર્થ માટે (નારદ) પૂછતા નથી, પરંતુ સર્વને માટે પૂછે છે, અને તેણે એમ પણ જાણેલું કે 'પુત્રે પિતાથી શિખવાડેલ થવું.' તેથી જો પિતા મને શિખવાડશે તો હું (મારા) પુત્ર જેવા લોકોને શિખવાડીશ એના અભિપ્રાયથી (મને પ્રશ્નના ઉત્તર) કહેશે. (નારદ) દેવર્ષિ હોવાથી દેવોએ પણ ઉપાસના કરવા યોગ્ય મંત્ર જે જાણતો હતો તે બ્રહ્માનું હૃદય પણ જાણતો હોય તેમાં વિવાદ નથી. 'સર્વ તરફથી પ્રશ્ન' એટલે સાધન સાથેનો પ્રશ્ન. જેમ તેં પૂર્વપક્ષથી પ્રશ્ન કર્યો તેમ તેણે પણ પૂછેલ એમ 'તું મને જે પૂછે છે' શબ્દોથી કહેલ છે.૪૨

તે સમયે તેણે ત્રણ[૧] અર્થો પહેલા જ જાણેલા હોવાથી સર્વ સંદેહનું નિવારણ ત્રીજા[૨] (અર્થ) સમ્બન્ધી જ પ્રશ્ન કર્યો તે નીચેના શ્લોકથી કહે છે :

**તસ્મા ઈદં ભાગવતં પુરાણં દશલક્ષણમ્ ।**
**પ્રોક્તં ભગવતા પ્રાહ પ્રીતઃ પુત્રાય ભૂતકૃત્ ।।૪૩।।**

પ્રસન્ન થએલા, પ્રાણીઓને કરનારાએ ભગવાને કહેલું આ દશ લક્ષણવાળું ભાગવત પુરાણ તે પુત્રને કહ્યું.૪૩

બીજા પુરાણમાં (ભાગવતના) જુદા દશ લક્ષણો છે, તે લોકમાં પ્રસિદ્ધ છે. તે કહેલા નથી. એમ જણાવવા 'ભાગવત' એમ કહેલું છે, કારણકે ભગવાને કહેલું ભગવાનનું સ્વરૂપ જણાવવાનું હતું. આથી (એમ જણાવેલ છે કે) પહેલો સિદ્ધાંત[૩] પણ (બ્રહ્માએ) નારદને) કહ્યો. 'પુરાણ' શબ્દથી લોકના જ્ઞાનમાં પ્રસિદ્ધ થએલો બીજો (સિદ્ધાંત)[૩] પણ કહ્યો. આ 'શબ્દથી પોતાની દષ્ટિમાં પ્રાપ્ત થએલ (સિદ્ધાંત) આંગળીથી દર્શાવે છે. આથી ચોથો (સિદ્ધાંત) પણ કહ્યો. આથી (એમ જણાવેલ છે કે) ચતુઃશ્લોકીમાં જણાવેલ ચારે સિદ્ધાંતો કહ્યા. 'ભગવાને કહેલું' શબ્દોથી પ્રમાણપણું જણાવવા પરંપરા કહેલી છે. 'આ ગૂઢ ઘણા ચિત્તના એકાગ્રપણાથી જણાય તેવું કેમ કહ્યું?' (એવો પ્રશ્ન થાય) તેથી 'પ્રસન્ન થએલા' એમ કહેલું છે. (નારદ) પુત્ર હોવાથી કહેવાનું જરૂરી પણ હતું. 'તે (નારદે) માયાના જ્ઞાન માટે પ્રવૃત્તિ કરેલી, તેને માયાવાળી ભગવાનની લીલા ન કહેતાં એવી રીતે સિદ્ધાંત કેમ કહ્યો?' તે (સમ્બન્ધ)માં 'પુત્રને' એમ કહેલું છે. કારણકે ખોટા માર્ગે જતા પુત્રને અટકાવાય છે અને માર્ગનો જ ઉપદેશ કરાય છે. વળી આ (બ્રહ્મા) બધા પ્રાણીઓ કરે છે તેથી આ (નારદ) દ્વારા બધા અર્થને જણાવ્યો એમ 'પ્રાણીઓને કરનાર' શબ્દથી કહેલ છે. ૪૩

૧.'ત્રણ અર્થો' એટલે જ્ઞાન, વૈરાગ્ય અને વિચાર.(પ્ર)

૨.'ત્રીજો અર્થ' શ્લોક ૩૪માં કહેલ ભક્તિરૂપ.(પ્ર)
૩.અહીં શ્લોક ૩૨ થી ૩૫ સુધીમાં અનુક્રમે પહેલો બીજો ત્રીજો અને ચોથો સિદ્ધાંત કહેલા છે. તે પૈકી નારદે ત્રીજો સિદ્ધાંત જ પૂછ્યો, પણ બ્રહ્મા ચારે કહે છે એવો અર્થ જણાય છે.

બ્રહ્માએ ઈચ્છેલું પણ (નારદે) કર્યું એમ નીચેના શ્લોકથી કહે છે :

**નારદઃ પ્રાહ મુનયે સરસ્વત્યાસ્તટે નૃપ ।**
**ધ્યાયતે બ્રહ્મ પરમં વ્યાસાયાઽમિતતેજસે ।।૪૪।।**

હે નૃપ ! સરસ્વતીના કિનારે પરબ્રહ્મનું ધ્યાન કરનાર અપાર તેજવાળા મુનિ વ્યાસને નારદે (ભાગવત) કહ્યું.૪૪

વ્યાસ તેવું (ભાગવત) શ્રવણ કરવા યોગ્ય હતા એમ જણાવવા (તેમના) ચાર વિશેષણો કહેલા છે. તે પૈકી (૧)પહેલું મુનિ ચોથા (નું શ્રવણ કરવા)ની યોગ્યતા જણાવે છે, કારણકે, મુનિ પોતાના સ્વરૂપનું ભગવાન્ તરીકે ધ્યાન કરે છે (૨)દશ લીલાઓનું જ્ઞાન થાય તે માટે 'પરબ્રહ્મનું ધ્યાન કરનાર' કહેલ છે કારણકે જે પુરુષોત્તમનું ધ્યાન કરે છે, તે તેમની દશ લીલાઓ જાણી શકે છે. (૩)'વ્યાસ' શબ્દથી વેદનો વિસ્તાર કરનાર તરીકે સર્વના જ્ઞાનને જાણતા હોવાથી વ્યામોહ કરનારી માયાને જાણવાની શક્તિવાળા હતા. (૪)અમાપ તેજવાળા હોવાથી ભગવાનનું સ્વરૂપ જાણવાની શક્તિવાળા હતા; કારણકે અલૌકિક તેજ બ્રહ્માના જ્ઞાનમાં ઉપયોગી છે, કારણકે તે બ્રહ્મજ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. તેવું થએલું (તેજ) અહીં ભગવાનનું જ્ઞાન થવામાં ઉપયોગી છે. ૪૪

એવી રીતે પરંપરા કહીને, સામાન્ય રીતે સર્વ દોષો કાઢી નાખીને, પ્રશ્ન તરીકે પૂછેલા પદાર્થો જણાવવા નીચેનો શ્લોક કહે છે :

**યદુતાહં ત્વયા પૃષ્ટો વૈરાજાત્પુરુષાદિદમ્ ।।**
**યથાઽઽસીત્તદુપાખ્યાસ્યે પ્રશ્નાનન્યાંશ્ચ કૃત્સ્નશઃ ।।૪૫।।**

અને વળી જે તેં મને પૂછ્યું તે વિરાટ્ પુરુષમાંથી આ કેવા પ્રકારે થયું તે અને બીજા પ્રશ્નો સંપૂર્ણ રીતે કહીશ.૪૫

'અને વળી' શબ્દોથી (એમ કહેલું છે કે) દૂષણ વિના માત્ર પ્રશ્નના રૂપથી પણ પૂછેલું (કહીશ) તે પણ પૂછેલ હોવાથી મારે કહેવું જોઈએ, તેથી કહીશ. તે પ્રશ્નમાં સામાન્ય અદે વિશેષના ભેદથી બે પ્રકારો છે. તે પૈકી 'વૈરાટ્ પુરુષમાંથી આ કેવી રીતે થયું?' એ સામાન્ય પ્રકાર છે. વિશેષ (પ્રકાર)તો જૂદા જૂદા ભેદથી (થાય છે.) તે 'અને બીજા પ્રશ્નો' શબ્દોથી કહેલ છે. બીજા આ શબ્દથી તેમાં ઉપયોગી પણ બીજા

જે પ્રશ્નો પૂછેલા છે તેઓ પણ, અને આ સર્વ (૨-૮-૪)માંના 'ચ' અને શબ્દથી કહેલા છે. 'ચ' શબ્દથી તેથી પણ જૂદા બીજાઓએ કરેલા (પ્રશ્નોનો સમાવેશ કરેલ છે.) 'સંપૂર્ણ રીતે' શબ્દથી એમ કહેલું છે કે એક એક (દરેક) પ્રશ્ન ઘણા પ્રકારે કહેલો છે. ૪૫

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિતે રચેલી શ્રીમદ્ ભાગવતની સુબોધિનીમાં બીજા સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ.**

# અધ્યાય દશમો

**ઈત્યાક્ષેપસમાધાને નિરૂપ્ય હરિજીવયોઃ ||**
**ઉપપત્યા તયોરેવ રૂપદેહાવિહોદિતૌ ||૧||**

એ પ્રમાણે હરિ અને જીવના વિષે આક્ષેપ અને સમાધાન કહીને, ઉપપત્તિથી તે બેના જ સ્વરૂપ અને દેહ આ (અધ્યાય)માં કહેશે. કા.૧

**દશધા જ્ઞાયતે રૂપં હરેરન્યત્રિધા મતમ્ ||**
**આધ્યાત્મિકાદિ ભેદેન ગુણતઃ કર્મતોऽપિ હિ ||૨||**

હરિનું સ્વરૂપ ગુણથી દશ પ્રકારનું જણાશે. બીજું (જીવનું સ્વરૂપ) આધ્યાત્મિક વિગેરે ભેદથી (અને) ગુણથી પણ ત્રણ પ્રકારનું જણાશે. કા.૨

એ પ્રમાણે ગયા અધ્યાયમાં ઉપદેશમાં ચાર પદાર્થો કહીને, ત્રીજા સિવાયના વિચારો શ્રુતિ વિગેરેમાં પ્રસિદ્ધ હોવાથી, તેમનો વિસ્તાર કીધા (કર્યા) વિના, એક પદાર્થમાં દશ અલૌકિક લીલાઓ હોવાથી તેમને સ્વરૂપથી અને લક્ષણથી જણાવે છે. જો કે દશ લૌકિક પદાર્થો બીજા પુરાણોમાં બહિર્મુખપણાથી સિદ્ધ થએલા છે, છતાં પણ અહીં ભાગવતમાં તે નથી, પરંતુ આ (નીચે) પ્રમાણે છે એમ કહે છે

શ્રીશુક ઉવાચ

**અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણભૂતયઃ |**
**મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ||૧||**

અહીં સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિઓ, મન્વન્તરો, ઈશાનુકથાઓ, નિરોધ, મુક્તિ (અને) આશ્રય (કહેશે.)

'અત્ર' અહીં ભાગવતમાં અથવા આ સિદ્ધાંતમાં સર્ગથી આરંભી આશ્રય સુધીના દશ પદાર્થો કહેવામાં આવે છે. આ દશનો[1] અર્થ તેમના સ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવશે; છતાં પણ સામાન્ય રીતે (અહીં) કહેવામાં આવે છે. તેમાં શરીર વિનાના વિષ્ણુ શરીર સ્વીકારે (તે) સર્ગ,[2] પુરુષમાંથી બ્રહ્મા વિગેરેથી ઉત્પત્તિ (થાય તે) વિસર્ગ.[3] ઉત્પન્ન થએલાઓનું તેમની મર્યાદાથી પાલન (થાય તે) સ્થાન. (સ્થાનમાં) રહેલાની સર્વ તરફથી વૃદ્ધિ (થાય તે) પોષણ પુષ્ટ થએલાનો આચાર ઊતિ. તેમાં પણ સદાચાર (થાય તે) મન્વન્તર. તેમાં પણ વિષ્ણુની ભક્તિ ઈશાનુકથા. ભક્તોનો પ્રપંચ નીકળી જાય તે નિરોધ પ્રપંચરહિત થએલાઓને સ્વરૂપનો લાભ (થાય તે) મુક્તિ મુક્ત (જીવો) બ્રહ્માના સ્વરૂપમાં રહે તે આશ્રય. એવી (દશ લીલા છે.) દરેક પદાર્થમાં કારણ તરીકે ભગવાનની સ્થિતિ (તે તેનો)

સર્ગ.[2] કાર્ય તરીકે પહેલા જ તેમાં (ભગવાન્) રહેલા છે તે વિસર્ગ, કારણકે તંતુઓથી વસ્ત્ર તૈયાર થાય ત્યારે વસ્ત્રમાં તંતુઓ દેખાય છે.[3] સર્વ વસ્તુઓમાં વસ્તુના સ્વરૂપથી અને મૂલરૂપથી જૂદી જૂદી મર્યાદાના સ્વરૂપથી (ભગવાન્ રહેલા હોય તે) સ્થાન.[4] કાર્ય થઈ શકે તે માટે સર્વ શક્તિવાળા (ભગવાન)નો તેમાં પ્રવેશ તે પુષ્ટિ[5] બ્રહ્મજ્ઞાનીને જ્ઞાન થઈ શકે તે માટે તે (પદાર્થ)માં તેવી લીલા દર્શાવવી તે ઊતિ.[6] એવી રીતે સર્વ વસ્તુઓમાં ભગવાનના અન્વય (રહેવા)થી પાંચ પ્રકારે ભગવાનની લીલા (થઈ.)

વ્યતિરેકથી પણ પાંચ પ્રકારની (લીલા કરે છે.) તે પૈકી કારણથી જૂદા રૂપથી ઘટરૂપ જૂદા પ્રકારથી સત્પુરુષોને ધર્મ કરાવનાર પ્રપંચમાંનો હોવા છતાં શાસ્ત્રમાં કહેલા કાર્યમાં ઉપયોગી થાય એવી રીતે તેના સ્વરૂપથી વધારે સારો થાય તે મન્વન્તરો.[7] તેજ પછી ભક્તિના કાર્ય તરીકે ભગવાનની સેવા પ્રકારના ગુણથી લૌકિક અને વૈદિકથી જૂદા પ્રકારનો થાય તેવી રીતે ઈશાનુકથારૂપ થાય છે.[8] તેજ પછી સ્વરૂપ (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાવાળા લૌકિક અને વૈદિક ભક્તોને સંપૂર્ણ ત્યાગના પ્રકારથી ઉપર કહેલા (ગુણો)નું વિસ્મરણ કરાવે તેવી રીતે નિરોધરૂપ થાય છે.[9] તેવો થએલો પણ આત્માનો પરિત્યાગ કરાવીને તેના પોતાના (સ્વરૂપ)થી તે (ગુણો)નો પણ સંપૂર્ણ ત્યાગ કરાવનાર થાય ત્યારે મુક્તિરૂપ[10] થાય છે. અથવા ઘટ વિગેરેમાં ભગવાનના સંગરહિત ઉદાસીનપણાથી રહે તે મુક્તિ. આશ્રય તો નવે પ્રકારના સ્વરૂપનો આધાર છે.[11] એવી (દશ લીલા થઈ,) આનું અજ્ઞાન હોય ત્યારે સર્વ શાસ્ત્રો સંદિગ્ધ થાય છે. [12]તેથી ભાગવતશાસ્ત્ર સર્વનો ઉદ્ધાર કરનારૂં અને સર્વનો નિર્વાહ કરનારૂં છે. ૧

૧.પહેલી નવ લીલાઓ પૈકી ત્રણ ઉત્પત્તિ સ્થિતિ અને લયકરનારી હોવાનું આગળ કહેવામાં આવશે.(પ્ર)

૨.ભગવાનનો દીન ન હોવાપણાનો ગુણ સર્ગ છે. સુખ થાય તે પ્રકારે વસ્તુના સ્વરૂપથી પ્રકટ થવું તે દીન ન હોવાપણું. શરીર વિનાના વિષ્ણુ પોતાની ક્રીડા માટે અનિત્ય અવ્યાપક રૂપ ગ્રહણ કરે તે વસ્તુરૂપથી પ્રકટ થવાની શક્તિ દીનપણાનો અભાવ જણાવનારા છે. દરેક પદાર્થમાં અવ્યક્ત સતરૂપથી ભગવાનની સ્થિતિ તે સર્ગ.(પ્ર)

૩.અનાયાસે કર્મ કરવામાં આવે તે વિસર્ગ. પુરુષમાંથી બ્રહ્માની ઉત્પત્તિ તેવી હોવાનું સ્પષ્ટ છે. આ જીવોનું દેહનો સંભવ કરવારૂપ કાર્ય છે. આમ હોવાથી પ્રત્યેક પદાર્થમાં કાર્યરૂપથી પહેલા રહેવાપણું તે અમુક સર્ગરૂપ હોઈ વિસર્ગ છે. વસ્ત્ર તંતુનું દૃષ્ટાંત આપેલ છે, વસ્ત્ર કાર્યમાં તંતુઓ પહેલા દેખાતાં ન હતાં, વસ્ત્ર તૈયાર થતું હતું ત્યારે તે જરા જરા દેખાવા લાગ્યા.

તંતુઓ અવયવ તરીકે વસ્ત્રમાં દેખાવા લાગ્યા, એટલે સ્હેજ દેખાવું તે વિસર્ગ, એવો અર્થ છે. ચેતન સમ્બન્ધમાં તો આજ જીવનો સમાગમ છે તેથી જડ (દેહ) અને ચેતન જીવનો સમાગમ તે વિસર્ગ.(પ્ર)

૪.જૂદી જૂદી મર્યાદાથી પાલન કરવારૂપ સ્થાન હસિત (હાસ્ય) છે. વસ્તુના સ્વરૂપનું ભગવાન્ અવયવરૂપથી તેમાં પ્રવેશ કરે તે પોષણ.(પ્ર)

૫.પોષણ ઈક્ષણરૂપ છે. દરેક પદાર્થ કાર્યમાં ઉપયોગી થાય તે માટે સર્વ સમર્થ ભગવાન્ અવયવરૂપથી તેમાં પ્રવેશ કરે તે પોષણ.(પ્ર)

૬.એવી રીતે ભ્રૂકુટિરૂપ અથવા તેના ઉલ્લાસરૂપ ઊતિ આચરણરૂપ છે. બ્રહ્મ જ્ઞાનીને ઘટરૂપ દરેક પદાર્થ ભગવાન્ જ છે એવું જ્ઞાન થાય તે માટે તે પદાર્થમાં ભગવાન્ તેવી લીલા દર્શાવે તે ઊતિ.(પ્ર)

૭.ભ્રૂકુટિ અથવા તેના ભંગરૂપ સદ્ધર્મ મન્વન્તર છે. તે જગતનો ઉદ્ધાર કરનાર હોવાથી સ્થિતિ કરાવનાર છે. સત્પુરુષો વૈદિકોને તે ધર્મ કરાવનાર, સંસ્કાર દ્વારા અદૃષ્ટ ઉત્પન્ન કરનાર, પૂજ્ય દેવની પ્રીતિ કરાવનાર પ્રાપંચિક ઘડો પણ દ્રોણ કલશ વિગેરે શાસ્ત્રે કરવાની કહેલી ક્રિયામાં ઉપયોગી થાય તેવા વૈદિક સ્વરૂપવાળો મન્વન્તર છે.(પ્ર)

૮.ઉલ્લાસરૂપ અથવા ભ્રૂકુટિના ભંગરૂપ ઈશાનુકતા છે. તે મર્યાદાસ્વરૂપ સંસારનો નાશ કરાવનારી હોઈ પ્રલયરૂપ છે. દરેક લૌકિક પદાર્થ વઅદિકરૂપ થઈ ભક્તિ કરાવનાર થાય તે સ્પષ્ટ છે.(પ્ર)

૯.એવી રીતે સંસૂચન (૨-૨-૧૨) રૂપ નિરોધ છે. તે પ્રપંચનો નાશ કરાવનાર હોઈ સંઘાતના પ્રલયરૂપ સ્પષ્ટ છે. તેથી ઘરની અંદર રહેલી ગોપીઓએ દેહનો ત્યાગ કરેલ, અને રાસમાં ગએલી ગોપીઓ લોઢાના ગોળાઓમાં અગ્નિ રહે તેમ પ્રપંચમાં રહેલી કહી તે ઘટ છે.(પ્ર)

૧૦.મુક્તિ ભૂરિરૂપ (૨-૨-૧૨) છે. તે સ્વરૂપના લાભરૂપ છે. આ ભગવાનની લીલામાં ઉપયોગી સત્વ પહેલા કહેલાથી જૂદા સ્વરૂપનું છે. આ મર્યાદામાર્ગીય મુક્તિનું લક્ષણ મર્યાદામાર્ગમાં ઘટતું નથી, એની શંકા થાય, તેથી 'ઘટ વિગેરેમાં સંગરહિત ઉદાસીનપણું મુક્તિ' એમ કહેલ છે. તેથી મુક્તિ બંને પ્રકારના ગુણવાળા હોવાથી દોષ નથી.(પ્ર)

૧૧.આશ્રય તો બધામાં સાધારણ છે તેથી તેનું વિવેચન કર્યું નથી.(પ્ર)

૧૨.'તેથી' દરેકમાં ભગવાનપણું અલ્પ અથવા અધિક ભાવથી રહેલું છે તેથી.(પ્ર)

'અહીં દશ પદાર્થો કેમ કહેવામાં આવે છે? કારણકે (તેમ કરવાથી) શાસ્ત્રનો ભેદ થાય છે, કેમકે એક શાસ્ત્રમાં એક કહેવું જોઈએ, પરંતુ સરખા મુખ્યપણાથી ઘણા (ગુણો) કહેવા યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે.

**દશમસ્ય વિશુદ્ધ્યર્થં નવાનામિહ લક્ષણમ્ ।**
**વર્ણયન્તિ મહાત્માનઃ શ્રુતેનાઽર્થેન ચાઞ્જસા ।।૨।।**

અને દશમાનું સારી રીતે જ્ઞાન થાય તે માટે મહાત્માઓ વેદમાં કહેલ અર્થ પ્રમાણે નવના લક્ષણનું અહીં સરલ રીતે વર્ણન કરે છે.૨

અહીં દશમો આશ્રય છે. તેનું સારી રીતે જ્ઞાન (થાય તે માટે વર્ણન કરે છે,) કારણકે સર્વે સ્થલોએ પદાર્થમાં ભગવદ્રૂપ દશ ગુણો હોય છે. તેમાંના એકને ગ્રહણ કરવો, બીજાઓનો તો ત્યાગ કરવો. તે (સમ્બન્ધ)માં જો તેઓનું નિરૂપણ કરેલ ન હોય તો ગ્રહણ કરવાના અને ત્યાગ કરવાના નિર્ણય થાય નહીં. તેથી ગુણનો સમ્બન્ધ (જેનો) વધારે દૂર હોય તેનો ત્યાગ કરવો; કારણકે ભગવાનનો આશ્રય રહે નહીં અને અનન્યાશ્રયનો ભંગ થાય, તેથી આ ગુણો એક પછી એક થતા હોવાથી જે અંતમાં બાકી રહે તેનું ગ્રહણ કરવું, તેથી ફોતરાની પેઠે આશ્રયને ઢાંકી દેનારા તરીકે આ ગુણો કહેલા છે. તેથી આમના નિરૂપણથી બીજા પદાર્થોથી સ્પષ્ટ શુદ્ધ (આશ્રયનું) નિરૂપણ થશે. તેથી આમના પણ સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે લક્ષણો કહેવાય છે. તે (અર્થ) 'લક્ષણ' શબ્દથી કહેલ છે. જેમ ગાયનો અસાધારણ ગુણ સાસ્ના છે તેમ સર્ગ વિગેરેના લક્ષણ અહીં કહેવામાં આવે છે, પરંતુ સ્વરૂપ (કહેવામાં આવતું) નથી. સ્વરૂપ તો આગળ પાછળના સ્કંધોથી કહેવામાં આવશે. તેઓનું લક્ષણ આ છે, એ વિષયમાં પ્રમાણ ઉત્તરાર્ધથી કહેલ છે. તેઓ ભગવદ્રૂપ હોવાથી તેમનું લક્ષણ નાના (માણસો)થી કહી શકાય તેવું ન હોવાથી 'મહાત્માઓ'[૧] (વર્ણન કરે છે') એમ કહેલું છે. 'મહાન્' ઉદાર છે 'આત્મા' અંતઃકરણ જેમનું તેવા, જ્યારે અંતઃકરણમાં ભગવાનના ચરણારવિંદનું પગલું પડે છે ત્યારે મહાત્માપણું (થાય છે,) કારણકે ત્યારે જ ભગવાનના સ્વરૂપોનું જ્ઞાન થાય છે.

'ભગવાન્ પ્રમેય (છે), તેમની શક્તિથી જાણેલું પ્રમેયનું બલ જ હોય, પરંતુ પ્રમાણનું (બલ) ન હોય' એવી શંકા થાય, તેથી 'વેદમાં કહેલ અર્થ પ્રમાણે' એમ કહેલું છે. વેદ વિગેરે સર્વમાં જે પદાર્થનું શ્રવણ થાય છે, તે બધોએ ભગવદીય છે કારણકે 'સર્વ વેદો જેમના પદનો વિચાર કરે છે' એ વાક્ય અને 'જેમાં સેંકડો શુક્ર'[૨] એક થાય[૩] છે, સર્વ હોમ કરનારાઓ[૪] જેમાં એક થાય[૩] છે' એવી શ્રુતિ છે. અર્થ જણાવનાર પ્રમાણ અને પ્રમેય એકમાં પરિણમતા હોવાનું કહેલ હોવાથી સર્ગ વિગેરેના લક્ષણરૂપ નવ (પદાર્થો) થાય છે. તે[૫] પૈકી સર્ગ વિગેરે (ત્રણ)માં કારણનું [૬]મુખ્યપણું હોવાથી પ્રમેય લક્ષણ છે. પુષ્ટિ વિગેરેમાં પ્રમાણ અને ઈશાનુકથા વિગેરેમાં બ્રહ્મતેજ (લક્ષણ છે.) વાસ્તવિક રીતે આ ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ છે, કારણકે ઉત્પત્તિ કારણથી કાર્યથી અને આધારથી (થાય છે.) સ્થિતિ પણ પોષણથી વિલાસથી અને ધર્મથી (થાય છે.) અહંતામમતારૂપનો પ્રલય પણ ઈશાનુકથાનું લક્ષણ છે. સંઘાતનો પ્રલય નિરોધથી (થાય છે) [૬]મુક્ત જીવોનો

(પ્રલય) બ્રહ્મામાં પ્રવેશરૂપ ચિહ્નથી (થાય છે.) તેથી વેદમાં કહેલા જ અર્થ પ્રમાણે અને 'ચ' 'અને' શબ્દ હોવાથી તેના સાધનરૂપ તર્કથી વર્ણન કરે છે, એવો અર્થ છે, અને તે પણ 'અઞ્જસા' સંપૂર્ણરીતે, પરંતુ વિરુદ્ધ કલ્પનાથી નહીં, પરંતુ સરલતાથી (વર્ણન કરે છે.)૨.

૧.આપ્ત (સત્ય વક્તા)નું વાક્ય પ્રમાણ છે, એવો અર્થ છે (પ્ર)

૨.'શુક' એટલે બીજ.(પ્ર) ૩.'એક થાય છે' એટલે અભેદ પ્રાપ્ત કરે છે (પ્ર)

૪.'હોમ કરનારા' એટલે જીવો (પ્રરૂ

૫.'તેમાંથી ઉતપન્ન થએલ તેમાં લય પામેલ અને તેમાં રહેલ' 'જેમાંથી આ પ્રાણીઓ' વિગેરે વાક્યો પ્રમાણે પ્રપંચની ઉત્પત્તિ વિગેરેનું ઉપાદાન કારણ કર્તા વિગેરે ભગવાન્ છે સર્વત્ર મહાભૂત વિગેરે કારણોમાંથી ઉત્પત્તિ, કાર્ય ગુણોથી અને ભગવાન્થી એમ ત્રણ પ્રકારની ઉત્પત્તિ, પોષણ એટલે અનુગ્રહ વરણરૂપ છે તે સ્વીકારરૂપ અને ઈક્ષણરૂપ કોઈ વેદોક્ત જ્ઞાનરૂપ છે. તે સ્થિતિરૂપ છે. વિલાસ વાસનારૂપ છે, વાસના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને સ્મૃતિની પહેલાની અવસ્થા છે અને જ્ઞાન પ્રમાણ છે. વિલાસ ભગવદ્ધર્મ હોઈ, સ્થિતિ તેથી ઉત્પન્ન થાય છે. એવી રીતે ધર્મથી જે સ્થિતિ જગતનો નભાવ કરનરી હોઈ અને આયુષ્ય વધારનારી હોઇ તેમાં પણ વૈદિક જ્ઞાનનું પ્રાધાન્ય છે તેથી પ્રમાણ સ્થિતિરૂપ છે, અને સ્થિતિ કરનાર ભગવાન્ છે. બ્રહ્મ તે જ પ્રલય રૂપ છે. અવતાર વિગેરેના ચરિત્રોનું વારંવાર શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાથી જેમના સંસારનો લય થાય છે તે જીવો મુક્ત થાય છે. એવી રીતે સાધનપણું જીવના ભોગ માટે હોઈ તેનો લય થાય ત્યારે દેવદત્ત મૂઓ' એમ મુક્તિ પણ લયરૂપ છે.(પ્ર)

નીચેના શ્લોકથી આરંભી તે લક્ષણો કહે છે :

**ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મસર્ગ ઉદાહૃતઃ ।**
**બ્રહ્મણો ગુણવૈષમ્યાદ્વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ ।।૩।।**

બ્રહ્મમાંથી મહાભૂતો, તન્માત્રાઓ, ઈંદ્રિયો અને બુદ્ધિનો ગુણોના વિષમપણાથી થતો જન્મસર્ગ કહેલ છે. પુરુષમાંથી થએલ વિસર્ગ કહેવાએલ છે. ૩

'ભૂતાનિ' એટલે પાંચ મહાભૂતો, અને પાંચ તન્માત્રાઓ. દશ ઈંદ્રિયો, અને ચાર પ્રકારની 'ધીઃ' અંતઃકરણરૂપ બુદ્ધિ. એ પ્રમાણે ચોવીસ તત્વો કહેવાયા. તેઓના પણ કારણ તરીકે ત્રણ ગુણો છે કારણકે તેઓનો વિષમપણાથી (એટલે) ગુણ[૧] તરીકે આવિર્ભાવ થાય છે. તેઓનું પણ કારણ બ્રહ્મ છે. તેથી પરંપરાથી અટ્ઠાવીસ ભેદો થયા. તેઓનો જન્મ (તે) સર્ગ–સર્ગ પણ દરેકનો અને (સર્વનો) સમૂહથી એમ બે પ્રકારનો છે, અને વિષમપણું ચાર પ્રકારનું છે, કારણકે તે (ગુણો) દરેક વિષમ [૨]થાય છે અને સમૂહથી [૩]પણ વિષમ થાય છે, અથવા[૪] ત્રણ પ્રકારનું જ છે. એવી રીતે સર્ગ તેત્રીસ અથવા ચોત્રીસ પ્રકારનો જૂદો છે. 'પુરુષમાંથી થએલો

વિસર્ગ કહેવાય છે' શબ્દોથી વિસર્ગનું લક્ષણ કહેલું છે. તેમાં પ્રમાણ મહાન્ પુરુષોની સ્મૃતિ છે. પુરુષમાંથી ત્રણ લોકનો ભેદ થવાથી, 'આઠવસુઓ અગીઆર રુદ્રો (અને) બાર આદિત્યો' એવા તેના એકત્રીસ ભેદો થાય છે.(૩)

૧.'ગુણ તરીકે' એટલે બંધન કરાવનાર તરીકે (પ્ર)

૨.'વિષમ' એટલે ક્ષોભ પામેલા (પ્ર)

૩.મહત્ વિગેરેની ઉત્પત્તિરૂપ એક એક, અને બ્રહ્માંડનો સર્ગ સમુદાયથી થાય છે.(પ્ર)

૪.અહીં 'વા' 'અથવા' શબ્દથી કહેલ પ્રકાર ગણવાનો નથી, તેથી તેત્રીસ થાય છે.(પ્ર)

નીચેના શ્લોકથી સ્થિતિ (વિગેરેના) લક્ષણ કહે છે :

**સ્થિતિર્વૈકુણ્ઠવિજયઃ પોષણં તદનુગ્રહઃ ।**
**મન્વન્તરાણિ સદ્ધર્મ ઊતયઃ કર્મવાસનાઃ ।।૪।।**

વૈકુંઠનો વિજય સ્થિતિ છે. તેની કૃપા પોષણ છે. સત્પુરુષોનો ધર્મ મન્વન્તરો છે. કર્મની વાસનાઓ ઊતિઓ છે. ૪

વૈકુંઠનો ઉત્તમ જય જેમાં છે [૧]તે (સ્થિતિ.) પ્રાકૃત (પદાર્થો)માં ચોવીસ પ્રકારની (અને) આત્મામાં જીવ અને બ્રહ્મના [૨]ભેદથી બે પ્રકારની એમ છવીસ પ્રકારની છે. 'તેની કૃપા (પોષણ) છે' એમ પુષ્ટિનું લક્ષણ કહે છે. 'તેની' એટલે વૈકુંઠની જીતેલા પોતાને સ્વાધીન કરેલાઓ ઉપર જે આ કૃપા [૩](તે પોષણ.) તેઓમાંના [૪]મર્યાદા માટે સાત જૂદા કરી બાકીના [૫]ઉપર કૃપા (કરે છે.) મહાભૂતો ઉપર અને બે આત્મા ઉપર કૃપા (થતી) નથી. તેઓમાં મર્યાદા જ છે. ઊતિ અને સદ્ધર્મ વાસના અને ધર્મના પ્રકારના હોઈ, (અને) વાસના ધર્મથી ઉત્પન્ન થએલી હોવાથી, તેઓનું ઊલટા પ્રકારનું લક્ષણ કહે છે. 'સત્પુરુષોનો ધર્મ મન્વન્તરો છે.' સત્પુરુષોનો ધર્મ કાયા વાણી અને મનથી કરેલો ત્રણ પ્રકારનો છે. કાયાનો દશ પ્રકારનો, અને વાણીનો દશ પ્રકારનો, કારણકે તે ઇંદ્રિયોથી [૬]જણાવનારી કહેલી છે. મનનો ચાર પ્રકારનો છે, કારણકે તે અતંઃકરણના ચિહ્નરૂપ છે. (૧)ઇચ્છેલાનો વિચાર કરે છે, (૨)ઇચ્છેલું લાવવા અને કાઢી નાખવા વિચારે છે. (૩)ઇચ્છેલાનું ચિંતન કરે (અને) (૪)ઇચ્છેલું કરીશ એવો નિશ્ચય કરે છે, [૭]એવી રીતે અંતઃકરણમાં ચાર પ્રકારે સદ્ધર્મ છે અને સર્વ ઇંદ્રિયોથી સદ્ધર્મ કરાય છે, કારણકે રેતઃ અને અપાનને રોકી રાખવાથી તે બે[૮] ધર્મ કરનારી છે. આશ્રય લેવો, [૯]તૃપ્તિ, પ્રજનન, જાડ્ય અને તાપનું આગ્રહથી દૂર કરવાથી અને શબ્દ વિગેરે આપવાથી દશ પ્રકારે સદ્ધર્મ કરનારી છે.

શરીરમાં દશ પ્રકારથી સદ્ધર્મ (થાય છે.) એવી રીતે ચોવીસ પ્રકાર થાય છે. કર્મની વાસનાઓ ઊતિઓ છે' એમ ઊતિઓનું લક્ષણ કહે છે. 'કર્મની વાસનાઓ' એટલે કર્મથી ઉત્પન્ન થએલી વાસનાઓ. તેમાં શરીરના અને કર્મેન્દ્રિયોના સમ્બન્ધવાળા સદ્ધર્મો વાસના ઉત્પન્ન કરનારા છે, પરંતુ જ્ઞાનેન્દ્રિય અને અંતઃકરણના (સમ્બન્ધવાળા વાસના ઉત્પન્ન કરતા) [૧૦]નથી. તેથી (ઊતિઓ) પંદર પ્રકારની છે. ૪

૧.ભગવાનનો સર્વ કારણોના કારણરૂપ ઉત્કર્ષ ક્રિયામાં થાય તે પાલન કરવાની ક્રિયા મર્યાદા 'સ્થિતિ' કહેવાય છે, એવો અર્થ છે. (પ્ર)

૨.'બ્રહ્મ' શબ્દથી અક્ષર કહેલ છે.(પ્ર)

૩.પોતાના તરીકે સ્વીકાર્યા હોવાનું જ્ઞાન પોષણ (અનુગ્રહ) છે.(પ્ર)

૪.'તેઓમાંના' એટલે ઉપર કહેલા છવીસમાંથી (પ્ર)

૫.'બાકીના' ઓગણીસ (પ્ર)

૬.પોતે દશ ઇંદ્રિયોથી કરે અને બીજાને તે કરવાનો એવી રીતે ઉપદેશ કરે એમ વીસ પ્રકારનો.(પ્ર)

૭.આ બુદ્ધિ મન અહંકાર અને ચિત્‌ના સ્વરૂપથી ધર્મ કહેલો જાણવો.

૮.'તે બે' એટલે ઉપસ્થ અને ગુદા.(પ્ર)

૯.'તૃપ્તિ' વાણીનું કાર્ય છે કારણકે સદ્વાક્યથી તૃપ્તિ થાય છે. જાડ્ય વિગેરે દૂર કરવાનું ગુદાનું કાર્ય છે, કારણકે તે મલ કાઢનારી છે, અને કાઢવું તે તેનું કાર્ય છે.(પ્ર)

૧૦.પાંચ જ્ઞાનેન્દ્રિય અને ચાર અંતઃકરણ એમ નવથી વાસના થતી ન હોવાથી, ઉપર જણાવેલ ચોવીસમાંથી નવ બાદ કરતાં પંદર રહે છે. આ સંખ્યા જ્યાં જ્યાં કહી છે તે તે લીલાના વર્ણનમાં તેટલા અધ્યાયો હોવાનું જણાવેલ છે.

નીચેના શ્લોકમાં ઈશાનુચરિતનું લક્ષણ કહે છે :

**અવતારાનુચરિતં હરેશ્ચાઽસ્યાનુવર્ત્તિનામ્ ।**
**પુંસામીશકથાઃ પ્રોક્તા નાનાખ્યાનોપબૃંહિતાઃ ॥૫॥**

હરિના અવતારનું અને આમને અનુસરનારા પુરુષોનું ચરિત જૂદા જૂદા આખ્યાનોથી પુષ્ટ થએલી ઈશની કથાઓ કહેલી છે. ૫

ઈશાનુકથાઓ ઈશની અને તેમને અનુસરનારાઓની કથા એવા બે પ્રકારની છે. તે બંનેનું લક્ષણ કહે છે. તે પૈકી 'અવતારનું ચરિત' શબ્દથી ઈશની કથા કહેલી છે. સર્વ પ્રાણીઓના દુઃખનો નાશ કરવા પ્રકટ થએલા ભગવાનનું ચરિત ઈશાનુકથા છે. 'આમને અનુસરનારાઓની (કથા)' એ બીજા [૧](પ્રકાર)નું લક્ષણ છે. જેવી રીતે ભગવાન્ સર્વના દુઃખનો નાશ કરે છે. તેવી રીતે જેઓ દુઃખનો નાશ કરનારા છે. તેઓ 'તેમને અનુ(સરનાર)' શબ્દથી કહેલ છે. તેમાં 'ઈશની' શબ્દ હરિનું વિશેષણ હોવાથી દુઃખ દૂર કરવાનું અને સુખ પ્રાપ્ત કરાવવાનું એમ (કહેલ છે) તેથી દુઃખનો

નાશ કરવામાં તેમના સેવકો ગુણોના ભેદથી નવ પ્રકારના છે, અને ઈશનું ચરિત પણ કર્મ જ્ઞાન અને ભક્તિના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેવી રીતે અવિદ્યારૂપ દુઃખનો નાશ કરનારા જ્ઞાની સેવકો પણ એક પ્રકારના છે. એવી રીતે દુઃખ દૂર કરવામાં તેર પ્રકાર થયા. સુખ પ્રાપ્ત કરાવવામાં સર્વ ઈંદ્રિયોથી સુખ પ્રાપ્ત કરાવનારા તેમના સેવકો દશ પ્રકારના છે અને એક ભગવાન્ એમ અગીઆર (પ્રકાર થાય છે.) બંને મળી ચોવીસ (પ્રકાર થાય છે.) તેમાંના દરેકનું નિરૂપણ થાય તે માટે જૂદા જૂદા આખ્યાનોથી (તે કથાઓ) પુષ્ટ કરેલી છે. ૫

૧.બીજા પ્રકારના (અનુયાયીઓના) ચરિતનું લક્ષણ છે.

નીચેના શ્લોકમાં નિરોધ (અને મુક્તિનું) લક્ષણ કહે છે :

**નિરોધોઽસ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ ।**
**મુક્તિર્હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ।।૬।।**

આ આત્માનું શક્તિઓ સાથે પાછળથી શયન તે નિરોધ. અન્યથારૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં રહેવું તે મુક્તિ.૬

આ ભગવાનનું શક્તિઓને શયન કરાવીને તેમનો ભોગ (કરવા) માટે 'અનુ' પાછળથી પોતાનું શયન (તે નિરોધ.) 'આ' શબ્દથી (એમ જણાવ્યું કે) આત્મા તરીકે પ્રકાશતા સામે રહેલા (ભગવાન)ને આંગળીથી દેખાડે છે. 'આત્માનું' [1]એટલે દેહનું. 'સાથે' શબ્દ (આત્મા અને શક્તિઓ) બંને સાથે (સમ્બન્ધવાળો છે.) દેહની નાડીરૂપ શક્તિઓ બોતેર [2]છે. પોતાની (ભગવાનની) શ્રી વિગેરે (શક્તિઓ) બાર છે. જાગતા રહેવાની સ્વપ્નની અને સુષુપ્તિના ભેદથી શયન ત્રણ પ્રકારનું છે. તેથી સત્તાશી પ્રકારો થાય છે.

'અન્યથારૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં રહેવું' શબ્દોથી મુક્તિનું લક્ષણ કહે છે. 'અન્યથારૂપ' એટલે તત્વોનું રૂપ. તેનો સંપૂર્ણ ત્યાગ (કરે છે.) સ્વરૂપ એક છે. સામાન્ય અને વિશેષના પ્રકારથી [3]અવસ્થા બે પ્રકારની છે. બંનેમાં લક્ષણ ઘટે છે. તેમાં [4]પણ પહેલા તત્વોનો ત્યાગ કરવાનો હોય છે. તત્વો અટ્ઠાવીસ છે. એવી રીતે એકત્રીસ પ્રકારો થાય છે. ૬.

૧.'આત્માનું' એટલે આત્મા તરીકે પ્રકાશતા (ભગવાન)થી જૂદો નથી તેવા દેહનું.(પ્ર)

૨.આ પ્રશ્નોપનિષદમાં પ્રસિદ્ધ છે.(પ્ર)

૩.સામાન્ય અવસ્થા દૈવી સંપદ્રૂપ છે. વિશેષ અવસ્થા મર્યાદારૂપ છે. મર્યાદારૂપ અને પુષ્ટિરૂપ (પ્ર) સામાન્ય અવસ્થા મર્યાદારૂપ અને વિશેષ અવસ્થા પુષ્ટિરૂપ છે, એવો અર્થ જણાય છે.

૪.વિશેષ અવસ્થામાં અહંતા મમતા પણ હોય છે. તેથી તેમાં આ લક્ષણ કેમ ઘટે?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. 'તેમાં પણ' એટલે પુષ્ટિની અવસ્થામાં પણ.(પ્ર)

નીચેના શ્લોકમાં આશ્રયનું લક્ષણ કહે છે :

**આભાસશ્ચ નિરોધશ્ચ યતશ્ચાઽધ્યવસીયતે ।**
**સ આશ્રયઃ પરં બ્રહ્મ પરમાત્મેતિ શબ્દ્યતે ॥૭॥**

અને આભાસ અને નિરોધને જેમાંથી નિર્ણય થાય છે તે આશ્રય પરબ્રહ્મ પરમાત્મા નામવાળો છે. ૭

શાસ્ત્રના માર્ગથી આશ્રય કરવામાં આવે તેવી રીતે પ્રપત્તિથી અને જ્ઞાનથી એમ આશ્રય બે પ્રકારનો છે.[૧] અથવા ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયથી (આશ્રય થાય.)[૨] ક્રિયાથી પાંચ પ્રકારનો આશ્રય થાય છે.[૩] જ્ઞાનથી આઠ પ્રકારનો (થાય છે) મન બે સ્વભાવવાળું હોવાથી તેનો બંને સાથે સમ્બન્ધ છે. અંતઃકરણોમાંનો અહંકાર આશ્રય કરાવનાર નથી.[૪] એવી રીતે (આશ્રય) તેર પ્રકારનો થાય છે. એમ પણ ક્રિયા અને જ્ઞાનના ભેદથી બે સમૂહરૂપ છે. તે પૈકી પ્રથમ (આ શ્લોકમાં) ક્રિયાથી થતા આશ્રયનું સ્વરૂપ જણાવે છે.

'આભાસ' (એટલે) ઉત્પત્તિ અને 'ચ' 'અને' શબ્દ હોવાથી તમઃ (કહેલ છે.) 'આભાસ' શબ્દથી[૫] ઉત્પત્તિ વિગેરે સર્વ (કહેલ છે) વાસ્તવિક રીતે માયિક (પદાર્થો)ના જ (કહેલા છે,) પોતાના નહીં, તેથી વિષયતાનો આશ્રય જણાવેલ છે. નિરોધ તે બેનો જ[૬] (થાય છે.) આ આશ્રય[૭] કર્તાપણાથી (જણાવેલ છે,) કારણકે (કર્તા હોય) ત્યારે જ ક્રિયાથી આશ્રય થાય. આભાસ અને નિરોધ (એટલે) ઉત્પત્તિ અને પ્રલય. બીજા વિકારો આમની વચ્ચેના છે.

**પૂર્વરૂપપરિત્યાગો દ્વિતીયસ્યાભિસ્તથા ।**
**ઉભાવેકીકૃતૌ લોકે વૃદ્‌ધ્યાદિભિરુદિતૌ ॥ ઈતિ**

કારણકે પહેલાના રૂપનો ત્યાગ અને બીજા (રૂપ)નો આરંભ બંને ભેગા કરેલા લોકમાં વૃદ્ધિ[૮] વિગેરેથી કહેવાય છે.

કારણકે ભગવાનમાંથી આ વિકારો ઉત્પન્ન થાય છે, એટલું જ નહીં; પરંતુ ભગવાન્ જ તેમનો પ્રકાશ પણ કરે છે. 'ચ' અને શબ્દ હોવાથી તેઓને સ્વભાવ પણ પ્રાપ્ત કરાવે છે. તેથી[૯] (તેઓમાં) હોવું, પ્રકાશવું અને પ્રિય થવું એ ત્રણે[૧૦] ભગવાનના કાર્ય છે. તેમના કારણ તરીકે ભગવાન્ આશ્રય છે. આજ[૧૧] તેમનું અધિષ્ઠાનપણું છે. તે (અર્થ) 'તે આશ્રય' શબ્દોથી કહેલ છે. તે ભગવાન્ આશ્રય

છે, એવો અર્થ છે, કારણકે (ભગવાનના) સચ્ચિદાનં સ્વરૂપમાંથી ઉપર કહેલા ગુણો થાય છે. આજ ભગવાન્ જૂદા શાસ્ત્રમાં જૂદા નામથી કહેલા છે, તેથી સર્વનો સમ્બન્ધ જાણવા[12] તે માટે બીજા નામો કહે છે. વેદમાં 'પરબ્રહ્મ' કહેલ છે. સ્મૃતિઓ[13]માં 'પરમાત્મા' કહેલ છે. (એવા) નામ જ કહેલ છે. માત્ર નામ જ જૂદા છે, અર્થ તો એક જ છે. વેદ, બ્રહ્મા અને (બ્રાહ્મણ) વર્ણ આ નથી એમ જણાવવા 'પર' શબ્દ યોજેલ છે. જીવ[14] નથી એમ જણાવવા બીજો 'બ્રહ્મ' શબ્દ યોજેલ છે. ૭

૧.શાસ્ત્રમાં ભગવાનની પ્રાપ્તિ કરાવનાર ભક્તિ અને જ્ઞાનરૂપ બે માર્ગ છે. ભક્તિ માર્ગમાં પ્રપત્તિથી આશ્રય થાય છે. જ્ઞાનમાર્ગમાં સાયુજ્યથી થાય છે. તેથી બે પ્રકાર હોવાથી આશ્રયના બે લક્ષણો કહેલ છે. (પ્ર)

૨.અથવા પ્રપત્તિ અથવા સાયુજ્યથી જ્ઞાન દ્વારા અને ઉત્પત્તિ વિગેરેથી ભગવાને કરેલી ક્રિયા દ્વારા આશ્રય થાય છે. તેથી તેના બે લક્ષણો કહેલા છે. (પ્ર)

૩.મન ઈંદ્રિય છે, પણ તે બીજી ઈંદ્રિયોને સહાય કરનારું જ છે. તેથી તેને ગણેલ નથી. તેથી પાંચ પ્રકાર જ પાંચ કર્મેન્દ્રિયોથી થાય છે.(પ્ર)

૪.અંતઃકરણ ચાર પ્રકારનું છે, પણ તેમાંનો અહંકાર આશ્રય કરાવનાર ન હોવાથી પાંચ જ્ઞાનેન્દ્રિય અને ત્રણ અંતઃકરણ એમ આઠથી આશ્રય થતો હોવાથી જ્ઞાનથી થતો આઠ પ્રકારનો છે.(પ્ર)

૫.ભગવાન્ બંને પ્રકારની વિષયતાના આધાર છે. તેથી ઉત્પત્તિ આભાસ શબ્દથી કહેલ છે. (પ્ર)

૬.'તે બે' એટલે જગતરૂપ વિષયતા અને તમઃરૂપ વિષયતા (પ્ર)

૭.પોતાના સ્વરૂપનો લાભ તેમને થાય તે માટે તેમને નભાવનાર આશ્રય ઉત્પત્તિ વિગેરે પોતાને ભગવાનના સ્વરૂપનો લાભ થાય તે માટે જેમના ઉપર આધાર રાખે છે.

૮.વૃદ્ધિ, વિપરિણામ, ક્ષય કહેવાય છે.(પ્ર)

૯.'તેથી' એટલે ભગવાન્ તેમનો પ્રકાશ કરે છે અને સ્વભાવ પ્રાપ્ત કરાવે છે તેથી.(પ્ર)

૧૦.'ત્રણે' એટલે વિષયતામાં રહેલા એ ત્રણે.(પ્ર)

૧૧.'આજ' એટલે આ 'હોવું, પ્રકાશવું અને પ્રિય થવું' ગુણોનો પ્રકાશ કરવો તેજ.(પ્ર)

૧૨.સર્વ પ્રમાણે એક જ અર્થવાળુ છે એવું જણાય તે માટે.(પ્ર)

૧૩.'સ્મૃતિમાં' ગીતામાં (પ્ર)

૧૪.'જીવ નથી' એટલે મુક્ત જીવ નથી.(પ્ર)

એવી રીતે ક્રિયાના આશ્રયનું નિરૂપણ કરી નીચેના શ્લોકોથી આરંભી બે શ્લોકોથી જ્ઞાનના આશ્રયનું નિરૂપણ કરે છે :

**યોઽધ્યાત્મિકોઽયં પુરુષઃ સોઽસાવેવાઽઽધિદૈવિકઃ ।**
**યસ્તત્રોભયવિચ્છેદઃ સ સ્મૃતો હ્યાધિભૌતિકઃ ।।૮।।**

આ પુરુષ જે અધ્યાત્મિક છે તેજ આ આધિદૈવિક છે જે તેઓમાં બંનેને જૂદા કરનાર છે તે આધિભૌતિક મનાએલો છે.

જ્ઞાનનું પાછળથી નિરૂપણ કરવા અહીં જ્ઞેયનું નિરૂપણ કરે છે. આધ્યાત્મિક વિગેરેના પ્રકારથી જ્ઞેય ત્રણ પ્રકારનું છે. 'આત્માનમધિ' અધ્યાત્મમ્ આત્માદેહ, તેનું રહેઠાણ કરીને જે ઈંદ્રિયો અંતઃકરણ અને પ્રાણો રહેલા છે તે 'અધ્યાત્મનઃ' છે તેને રહેઠાણ કરી જે શારીર આત્મા રહેલ છે તે આધ્યાત્મિક છે. તે આ જ પુરુષ છે, જેનો શ્રવણ કરનાર અને વકતા તરીકે વ્યવહાર થાય છે. જે આની અંદર રહેલો છે. તે આધિદૈવિક છે. 'અધિદેવાનામ્' ઈંદ્રિયોના અધિષ્ઠાતા દેવોને વશ રાખનાર તરીકે તેમનું રહેઠાણ કરીને જે રહેલ છે તે આધિદૈવિક છે. તે પણ આ જ છે. ઈંદ્રિયો અને ઈંદ્રિયોના અધિષ્ઠાતા દેવોમાં રહેતો એક જ બે શબ્દોથી કહેવાય છે. તેથી જ દેવોનું અધિષ્ઠાન (કરવા)નું સામર્થ્ય અંતર્યામીમાંથી પ્રાપ્ત થતું હોવાથી, તેજ આણે પણ પૂજા કરવા યોગ્ય કહેલ છે. એકનો જ બંને પ્રકારનો વિભાગ કરનાર, બે શબ્દોની પ્રવૃત્તિનું કારણ બનેલ આધિદૈવિક છે. મહાભૂતોનું રહેઠાણ કરીને રૂપ વિગેરે જે રહેલા છે તે આધિભૂત છે, તેમનો સમૂહ અવયવી આધિભૌતિક દેહ છે. દેહ હોય ત્યારે જ દેહ અને ઈંદ્રિયોનું અભિમાની હોવાપણું અને ઈંદ્રિયોને પ્રેરણા કરવાપણું હોય છે, (તે) ન હોય તો આત્મા એક જ છે. આ બંનેને જૂદા કરનાર હોવામાં મહાન્ (પુરુષો)ની 'સ્મૃતિ' સ્મરણ પ્રમાણ છે. તે (અર્થ) મનાએલ શબ્દથી કહેલ છે. ૮

એવી રીતે જ્ઞેયનું નિરૂપણ કરીને, તેના સમ્બન્ધવાળા જ્ઞાનના આધાર તરીકે આશ્રયનું નીચેના શ્લોકથી નિરૂપણ કરે છે.

**એકમેકતરાભાવાદ્યદા નોપલભામહે ।**
**ત્રિતયં તત્ર યો વેદ સ આત્મા સ્વાશ્રયાશ્રયઃ ॥૯॥**

જ્યારે એક ન હોય ત્યારે એકને આપણે જાણતા નથી. તેમાં ત્રણને જે જાણે છે તે આત્મા પોતાના આશ્રયના આશ્રય છે. ૯

તેમાં ત્રણને જે જાણે છે તે આશ્રય છે. જીવ પણ ત્રણ જાણે છે, અંતર્યામી પણ જાણે છે. તેથી આશ્રયનું લક્ષણ ઘણી અતિવ્યાપ્તિવાળું છે એવી શંકા થાય, તે (સમ્બન્ધ)માં કહે છે. ત્રણમાંનું એક પોતાના સિવાયનું (બીજું) એક ન હોય ત્યારે, તે (તેના અભાવરૂપ) કારણને લીધે એક (ત્રીજા)ને જાણતું નથી, પરંતુ (તે) હોય ત્યારે જ જાણે છે. એક જ પણ બીજા બે હોય ત્યારે જ જણાય છે, પરંતુ ન હોય ત્યારે જણાતું નથી. (એક ન હોય) ત્યારે (બીજાની) જરૂરવાળું શક્તિ વિનાનું હોય છે' એ નિયમ પ્રમાણે તેઓમાંનું હરકોઈ એક ત્રણ જાણી શકતું નથી. અંતર્યામી પણ પોતાના કાર્યમાં રોકાએલો હોઈ ત્રણમાં પ્રવેશ કરેલો હોવાથી ત્રણને જાણતો નથી.

જેવી રીતે દેહ અને જીવને ત્રણનું જ્ઞાન ન થવાનું પ્રસિદ્ધ છે, તેવું જ અંતર્યામીનું પણ જાણવું.[1] આમ હોવાથી જે ત્રણને જાણે છે તે આશ્રય છે. 'આત્મા' શબ્દથી તેનું બીજું નામ કહેલું છે. 'અતતિ' વ્યાપી રહે[2] તે 'આત્મા' તેથી જે[2] આ લીલારૂપ હોવાથી જ 'હે ગુડાકેશ ! સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેલો હું આત્મા છું (ભગ.ગીતા૧૦।૨૦)માં આત્માને વિભૂતિ તરીકે ગણેલો છે. આ ભગવાનનું એક સ્વરૂપ છે, અથવા જ્ઞાનના આશ્રય તરીકે આત્મા તરીકે જેમનું વિસ્મરણ કરેલ છે તે ભગવાન્ જ છે. તેમને પણ પોતાનું જ્ઞાન ન હોવાથી અને પોતાના અધિષ્ઠાતાનું જ્ઞાન ન હોવાથી તેમનો પણ બીજો આશ્રય હશે એવી શંકા થાય, તેથી પોતાના આશ્રયના આશ્રય[3] એમ કહેલું છે. તે તો પોતાનો જ આશ્રય કરી રહેલ છે, તેમને બીજાના આશ્રયની જરૂર નથી. આથી એમ કહેવાયું[4] કે તે પોતાથી જ પ્રકાશનાર છે. ૯

૧.ત્રણમાં અંતર્યામીનો પ્રવેશ થએલ હોવાથી તેને એવું જ્ઞાન ન હોવાનું અનુમાન કરવું.(પ્ર)

૨.'તેથી જ' એટલે ત્રણમાં વ્યાપી રહેલ હોવાથી જ.(પ્ર)

૩.આશ્રય લીલા હોય ત્યારે આ અક્ષરનું લક્ષણ થાય છે. પુરુષોત્તમ તરીકે મૂલ સ્વરૂપનું લક્ષણ છે. બંનેમાં ભેદ નથી એમ જણાવવા આમ કહેલું છે.(પ્ર)

૪.આ ૮ અને ૯ શ્લોકોથી ભગવાનનો સાયુજ્ય તરીકે આશ્રય જણાવ્યો. આમ હોવાથી ભક્તિમાર્ગમાં (જગતના) ઉપાદાન થએલા ભગવાનનો પ્રપત્તિથી આશ્રય કરવો. જ્ઞાનમાર્ગમાં તો પોતાથી જ પ્રકાશનાર સ્વરૂપ તરીકે વિભૂતિરૂપનો અથવા ભગવાનનો પોતપોતાના અધિકાર પ્રમાણે આશ્રય કરવો એમ જણાવી આશ્રયના બે લક્ષણો કહેલા છે.(પ્ર)

એવી રીતે દશના લક્ષણો કહીને, ત્રણનું નિરૂપણ કરવા માટે પહેલા કહેલ વિરાટનું ઉપપત્તિ સાથે નીચેના શ્લોકથી આરંભી નિરૂપણ કરે છે :

**પુરુષોઽણ્ડં વિનિર્ભિદ્ય યદાદૌ સ વિનિર્ગતઃ ।**
**આત્મનોઽયનમન્વિચ્છન્નપોઽસ્રાક્ષીચ્છુચિઃ શુચીઃ ।।૧૦।।**

પુરુષ જ્યારે આરંભમાં બ્રહ્માંડને ભેદીને બહાર નીકળ્યા ત્યારે તે પવિત્ર (પુરુષે) પોતાનું રહેઠાણ શોધતાં પવિત્ર જલ રચ્યું. ૧૦

'આ પુરુષ આટલાપણું (વિગેરેથી જૂદો છે)' (૨-૮-૮)માં તેના નામ અને રૂપ સમ્બન્ધી જીવન સમાનપણાનો સંદેહ કર્યો. તે (સમ્બન્ધ)માં (તે) જીવથી જૂદો હોવાનું જણાવવા, તેના નામ રૂપ અને ઈંદ્રિયો પોતાની ઈચ્છાથી જ (થએલાં,) એવી રીતે (તે) જીવસમાન હોવાનું ખોટું ઠરાવે છે. તે પૈકી આરંભમાં બે શ્લોકોથી નામની વ્યુત્પત્તિ કહે છે, વિરાટ્ પુરુષ બ્રહ્માંડને ભેદીને, આવરણથી, નાળીએરના ગોળાની પેઠે છૂટું કરીને જ્યારે બહાર નીકળ્યા (ત્યારે) સર્વ કાર્ય (કરવા) શક્તિવાળા

થયા. અથવા બ્રહ્માંડને જ ભેદીને બહાર નીકળ્યા ત્યારે બ્રહ્માંડમાં જલ વિગેરેથી આવરણ (કરવા)ની વ્યવસ્થા ન હતી; પરંતુ[1] બીજા પુરાણના અનુસારે બ્રહ્માંડમાં રહેલ એવું વ્યાખ્યાન કરીએ છીએ. વાસ્તવિક રીતે તો આવરણનો ભેદ કરીને જ બહાર નીકળ્યા. તેથી જ (તેમને) પોતાને આશ્રયની જરૂર હતી; પહેલા બ્રહ્માંડ જ આશ્રય તરીકે હતું. તેનો ભંગ થતાં બીજો આશ્રય શોધતાં, (તેમણે) જલ રચ્યું. પોતે શુદ્ધ જ્ઞાનથી પૂર્ણ ભગવાનનો અવતાર (હોઈ) પોતાનું આશ્રય શુદ્ધ જ શોધ્યું. બધાંઓની શુદ્ધિ જલથી થાય છે. તેથી જલ રચ્યું. જલની શુદ્ધિ પણ ફીણ અને તરંગો ન હોવાથી હોય છે.૧૦

૧.આવી માન્યતા બીજા કલ્પના અભિપ્રાયે બીજા પુરાણમાં જણાવેલી છે.(પ્ર)

**તાસ્વવાત્સીત્સ્વસૃષ્ટાસુ સહસ્ર પરિવત્સરાન્ ।**
**તેન નારાયણો નામ યદાપઃ પુરુષોદ્ભવાઃ ।।૧૧।।**

પોતે રચેલા તે (જલો)માં એક હજાર પરિવત્સર રહ્યા. તેથી નારાયણ નામ થયું, કારણકે જલો પુરુષમાંથી ઉત્પન્ન થએલા.૧૧.

પછી તે જ પોતે રચેલા જલોમાં જ રહ્યા. બીજો કોઈ એવી રીતે જલો રચવા અને તેમાં રહેવા શક્તિવાળો ન હોય. 'પોતે રચેલા' એ શબ્દથી જલોના મહત્વથી પોતાનું મહત્વ જણાવતાં, અને જીવ વિગેરે (જલની) અંદર ન હોવાથી તેનાથી થતાં ભય અને અશુદ્ધિ ન હોવાનું જણાવેલ છે. અહીં શાંતપણાથી[1] રહેલા 'એક હજાર પરિવત્સર' શબ્દથી એમ જણાય છે કે તે નારાયણ અવતાર બ્રહ્માના માપથી માત્ર એક હજાર વર્ષ રહેલા; અથવા શયન કરવા રહેલા. એક હજાર પરિવત્સર સુધી શયન કરીને, પછી સૃષ્ટિ કરે છે. પોતાના દેહમાં ઉત્પન્ન થતા બધા જીવોનો સર્વથી નભાવ થાય તે માટે એટલો સમય (તેમાં રહ્યા.) આમ હતું તેથી તેમનું 'નારાયણ' એવું નામ થયું એમ ઉત્તરાર્ધથી કહે છે. 'નારમ્' નાર છે 'અયનમ્' રહેઠાણ જેમનું તે નારાયણ. 'આમનું રહેઠાણ જલ હતું, તેથી નારાયણ એવું (નામ) કેવી રીતે (થયું)' એ પ્રશ્નના સમ્બન્ધમાં 'કારણકે જલો પુરુષમાંથી ઉત્પન્ન થએલા' એમ કહેલું છે 'યત્' કારણકે જલો પુરુષ શબ્દથી કહેવાતા નરમાંથી જ ઉત્પન્ન થએલા, કારણકે પહેલા પુરુષ હતા, તે જ નારાયણની પહેલા હોવાથી 'નર' એમ કહેવાતા, કારણકે તેમાં ભગવાનનો આવેશ થએલો. તેમનામાંથી જલો ઉત્પન્ન થયાં તેથી 'નારાઃ' (કહેવાયા.) તેઓ રહેઠાણ થએલ જેમનું એમ 'નારાયણ' થાય છે જ. એવી રીતે પોતે રચેલા કાર્યથી જ પોતાના નામ થયાં, તેથી તે પ્રાકૃત જીવ સમાન ન હતા. ૧૧

૧.'શાંતપણાથી' એટલે સૂતેલાની પેઠે કોઈ ક્રિયા કર્યા વિના.(પ્ર)

વળી આ (નીચેના શ્લોકમાં જણાવેલ) કારણથી પણ તે પ્રાકૃત (પુરુષ) સમાન ન હતા એમ કહે છે :

**દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવ એવ ચ ।**
**યદનુગ્રહતઃ સન્તિ ન સન્તિ યદુપેક્ષયા ॥૧૨॥**

દ્રવ્ય અને કર્મ અને કાલ, સ્વભાવ અને વળી જીવ જેમની કૃપાથી થાય છે, (અને) જેમની ઉપેક્ષાથી નથી થતા.૧૨

દ્રવ્ય (એટલે) મહાભૂતો વિગેરે અધિભૂત, કર્મ (એટલે) અદષ્ટ વિગેરે અધ્યાત્મ, કાલ આધિદૈવિક, સર્વનું કારણ થએલ (સર્વનું) નિયમન કરનાર પરિણામના કારણરૂપ સ્વભાવ, ભોગ કરનાર જીવ.

**ઉપાદાનં નિમિત્તં ચ ક્ષોભકો હેતુરેવ ચ ।**
**ભોક્તેતિ સમસ્તાર્થે સમર્થાઃ કૃપયા હરેઃ ॥**

ઉપાદાન (દ્રવ્ય) અને નિમિત્ત (કર્મ,) ખળભળાટ કરનાર (કાલ,) અને વળી (પરિણામ) કરાવનાર (સ્વભાવ,) ભોગ કરનાર (જીવ) સર્વ કાર્યમાં હરિની કૃપાથી શક્તિવાળા હોય છે.

તે (અર્થ) 'જેમની કૃપાથી' શબ્દથી કહેલ છે. 'એવ' 'વળી' શબ્દથી જીવો વિશેષ પ્રકારથી ભગવાનની કૃપાને અધીન હોવાનું જણાવેલું છે. 'ચ' 'અને' શબ્દથી બીજા શિક્ષા વિગેરે બીજા સાધનો પણ ભગવાનની કૃપાથી જ 'સન્તિ' પ્રકટ થઈ રહે છે, અને કાર્ય કરવા શક્તિવાળા થાય છે (એમ જણાવેલ છે.) તેમ (ભગવાનની કૃપા) ન હોય તો જેમ વાઘ પશુને ખેંચી જાય છે તેમ પ્રકૃતિ આમને ખેંચી જાય છે. તે (અર્થ) ('જેમની ઉપેક્ષાથી) નથી થતાં' શબ્દોથી કહેલ છે. આમાં ભગવાનના ક્રોધની જરૂર નથી, પરંતુ (ભગાવનની) એકથી ઉપેક્ષાથી પ્રકૃતિ તેમનો લય કરે છે. આથી કલ્પ (અને વિકલ્પ) કેટલા છે?' (૨-૮-૧૨) વિગેરેમાં જ કાલ વિગેરે સમ્બન્ધ સંદેહ કર્યા તે સર્વનું સમાધાન કર્યું એમ જાણવું.[૧] ૧૨.

૧.આ ૧૦ થી ૧૨ ત્રણ શ્લોકોથી અલૌકિક શક્તિ જણાવવાથી પ્રાકૃત પુરુષના જેવા અવયવો હોવાથી પ્રાકૃત હોવાની શંકા કરેલી, તે લોકન્યાયથી ખોટી ઠરાવી કારણકે રાજા અને રંક (સરખા અવયવોવાળા હોવા છતાં) તેમની સ્થિતિમાંનો ભેદ પ્રત્યક્ષ જણાય છે; વળી આ પોતાના અવયવો પોતાની ઈચ્છા પ્રમાણે ખુલ્લા કરે છે અને ઢાંકી દે છે.(પ્ર)

વળી અનંત ભગવાન્ શા માટે સૃષ્ટિ વિગેરે કરે છે એવી શંકા ન કરવી, કારણકે

તેમનો સૃષ્ટિ (રચવા)નો પ્રકાર આવો (નીચેના શ્લોકમાં કહીએ છીએ તેવો) છે એમ કહે છે :

**એકો નાનાત્વમન્વિચ્છન્ યોગતલ્પાત્સમુત્થિતઃ ।**
**વીર્યં હિરણ્મયં દેવો માયયા વ્યસૃજત્ત્રિધા ।।૧૩।।**

યોગરૂપ પથારીમાંથી ઉઠેલા એક દેવ વધારે થવાની ઈચ્છા કરતાં હિરણ્મય વીર્ય ત્રણ પ્રકારે માયાથી સર્જ્યું. ૧૩

એક જ જલમાં સૂતેલા ભગવાને હું અનેક રૂપવાળો થાઉં એવી ઈચ્છા કરી. પછી જેમ પુરુષ પથારીમાંથી ઉઠે છે તેમ સૂતેલા (ભગવાન્) પથારીમાંથી ઉઠ્યા. પછી તેમની પોતે બાહુ થવાની ઈચ્છા થતાં, તે વાસુદેવ[1]ની માયારૂપ જે ભાર્યા તે બહુ થવાના કારણરૂપ થએલી, તેની માત્ર સન્નિધિથીજ પોતાની અંદર જ રહેલું બીજરૂપ સચ્ચિદાનંદ રૂપ જ વીર્ય, તેને સદ્રૂપ, ચિદ્રૂપ અને આનંદરૂપના ત્રણ પ્રકારથી (ભગવાને) સર્જ્યું. ૧૩

૧.પહેલાં ૨-૫-૧૪માં ઉત્તરાર્ધમાં વાસુદેવથી પર કોઈ નથી એમ કહેલું અને અહીં શ્લોક ૧૨માં જેમની કૃપાથી બધા પ્રકટ થઈ શક્તિવાળા થાય છે એમ કહ્યું અને તેમનાથી આ સૃષ્ટિ કહે છે. તેથી ૨-૫-૧૪માં કહેલ વાસુદેવ જ આ છે. તેથી ૧૦-૧-૨૪માં કહેલ વાસુદેવજ આ છે એમ જાણવું.(પ્ર)

ત્રણ પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે :

**અધિદૈવમથાઽધ્યાત્મમધિભૂતમિતિ પ્રભુઃ ।**
**યથૈકં પૌરુષં વીર્યં ત્રિધાઽભિદ્યત તચ્છૃણુ ।।૧૪।।**

પ્રભુએ જેવી રીતે એક પૌરુષ વીર્યનો અધિદૈવ, પછી અધ્યાત્મ (અને પછી) અધિભૂત એવા ત્રણ પ્રકારે વિભાગ કર્યો તે શ્રવણ કર.૧૪

આરંભમાં આનંદના અંશ બનેલ અધિદૈવ, 'અથ' તે પછી ચિદ્રૂપ અધ્યાત્મ, પછી સદ્રૂપ અધિભૂત (એવા વિભાગ કર્યા.) કેમ કર્યા એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'પ્રભુ' એમ કહેલ છે. (તે) સર્વ (કરવા) શક્તિવાળા છે. 'ઈતિ' શબ્દ પ્રકારના અર્થવાળો છે. જેવી રીતે આ ત્રણ (પ્રકાર) કર્યા તેવી રીતે બીજા[1] પ્રકારો પણ કર્યા એવો તેનો અર્થ છે. આથી બધા પદાર્થો ત્રણ પ્રકારના હોવા સમ્બન્ધી ઉત્તર અપાયો. અમુક પ્રકારે પણ ત્રણ પ્રકારનું થએલ હોવાનું ઉત્તરાર્ધમાં કહે છે. જેમ એકના વિભાગ કર્યા, અખંડનો જેવી રીતે વિભાગ થયો તેનું શ્રવણ કર એવો અર્થ છે.૧૪

૧.'બીજા' એટલે બીજા સ્થલે કહેલા અને અહીં કહેલા નથી તેવા.(પ્ર)

તે (અખંડના વિભાગ કેમ થાય તે) જ નીચેના શ્લોકમાં કહે છે :

**અન્તઃશરીર આકાશાત્પુરુષસ્ય વિચેષ્ટતઃ ।**
**ઓજઃ સહો બલં જજ્ઞે તતો પ્રાણો મહાનસુઃ ॥૧૫॥**

પુરુષ ચેષ્ટા કરતાં શરીરની અંદરના આકાશમાંથી ઓજઃ સહઃ અને બલ ઉત્પન્ન થયા પછી મહાન્ અસુ પ્રાણ (ઉત્પન્ન થયો.)૧૫

શરીરની મધ્યમાં હૃદયના સ્થાનમાં જે આકાશ, તેમાંથી આકાશ (પોલા)ના કારણથી પુરુષ ચેષ્ટા કરી, પોલાણ વિના ચેષ્ટા થઈ શકે નહીં, તેથી અધિકરણમાં[1] પોલાણ (હોવાનું) પ્રયોજન હતું. 'પુરુષ'નારાયણ 'વિચેષ્ટતઃ' શરીરની અંદર જ ચેષ્ટા કરતા હતા. આ તેમનાથી જ થઈ શકે. તે સમયે તેમની ચેષ્ટામાંથી ઈંદ્રિયો, અંતઃકરણ અને દેહની શક્તિઓ ઉત્પન્ન થઈ, એમ 'ઓજઃ, સહઃ અને બલ ઉત્પન્ન થયાં' શબ્દોથી કહેલ છે. 'તતઃ' ત્યાર પછી પ્રાણ ઉત્પન્ન થયો. 'મહાન' શબ્દથી તે પ્રાણ વાયુ ન હોવાનું કહેલ છે. (તે) મહત્ તત્વના અંશ સૂત્રરૂપ હતો, પણ ભૌતિક વાયુ ન હતો. બીજા પણ પ્રાણો છે તેથી 'અસુ' શબ્દથી (આનું) વિશેષણ કહેલું છે. 'સુ' એ અનુકરણ શબ્દવાળો શ્વાસવાયુ છે. (આ) તે ન હતો, તેથી 'અસુ' (કહેલ છે.) ભૌતિક (વાયુ)થી જૂદો (છે) એવો અર્થ છે. ૧૫

૧.'અધિકરણ' (વિરાટ્ જેમાં રહેલ તે સ્થાન તેણે) પોતે રચેલ જલ.(પ્ર)

માત્ર ભગવાનની ચેષ્ટાથી જ ઈંદ્રિય વિગેરેની શક્તિઓ અને પ્રાણો ઉત્પન્ન થયા. નીચેના શ્લોકમાં તે પ્રાણનું માહાત્મ્ય કહે છે :

**અનુ પ્રાણન્તિ યં પ્રાણાઃ પ્રાણન્તં સર્વજન્તુષુ ।**
**અપાનન્તમપાનન્તિ નરદેવમિવાઽનુગાઃ ॥૧૬॥**

જે કાર્ય કરતાં, સર્વ પ્રાણીઓમાં ઈંદ્રિયો (તેની) પછી કાર્ય કરે છે, (અને જે) જતાં રહેતાં જેમ રાજા પાછળ સેવકો જાય તેમ જતી રહે છે.૧૬

પહેલા રાજસ અહંકારમાંથી પ્રાણ વિગેરેની ઉત્પત્તિ કહી. તે (પ્રાણ વિગેરે) આધિદૈવિક રૂપ છે. આ તો આધ્યાત્મિક રૂપ[1] છે. જે કાર્ય કરતાં, 'પ્રાણાઃ' ઈંદ્રિયો પછી. 'પ્રાણન્તિ' કાર્ય કરે છે. તે પણ (તેના) સ્વરૂપમાં રહેવા પછી નહીં, પરંતુ કાર્ય કરતો હોય તે પછી (કાર્ય કરે છે.) (ઈંદ્રિયોની) ક્રિયાને પણ (અસુની) ક્રિયાની જરૂર સૂચવી. પછી તે સર્વમાં તેવો થયાનું 'સર્વ પ્રાણીઓમાં' શબ્દથી કહેલું છે. બ્રહ્માથી આરંભી ખડના તણખલા સુધી (ના સર્વ પ્રાણીઓ)માં (તેમ થાય છે.) 'અપાનન્તમ્' (અસુ) જતો રહેતો હોય ત્યારે (તેની) પાછળ ઈંદ્રિયો પણ જતી રહે

છે. 'રાજાની પાછળ સેવકો' એ દષ્ટાંતથી તે માત્ર ચિહ્નરૂપ ન હોવાનું જણાવેલ છે. રાજાની પાછળ સેવકો જાય તેવી રીતે, (અસુ પછી ઇંદ્રિયો જાય છે.) ૧૬

૧.આથી આકાશમાંથી ઉત્પન્ન થએલ (વાયુ) આધિભૌતિક હોવાનું જણાવ્યું.(પ્ર)

એવી રીતે તેનું માહાત્મ્ય કહીને તેમાંથી પછી સૃષ્ટિ થઈ તે નીચેના શ્લોકથી આરંભી કહે છે :

**પ્રાણેન ક્ષિપતા ક્ષુત્તૃડન્તરા જાયતે પ્રભોઃ ।**
**પિપાસતો જક્ષતશ્ચ પ્રાઙ્મુખં નિરભિદ્યત ।।૧૭।।**

બહાર ફેંકતા પ્રાણથી અંદર ભૂખ અને તરસ થયાં. પ્રભુની જલપાન કરવાની અને ભોજન કરવાની ઇચ્છા થતાં પૂર્વભાગમાં મુખ નીકળ્યું. ૧૭

પ્રાણ સાધન છે. 'ક્ષિપતા' ફેંકવાનું કરતાં. (શરીરની) અંદર રહેલ મલ વિગેરે વસ્તુઓ 'ક્ષિપતા' આમ તેમ બહાર કાઢી નાખતા (ભૂખ અને તરસ થયાં.) ભૂખ અને તરસ અમુક પ્રકારની અગ્નિઓ છે એમ કેટલાક (કહે છે.) બીજાઓ (તે) મૃત્યુ હોવાનું કહે છે. બીજાઓ (તેને) અમુક પ્રકારની ગરમી કહે છે. વૈશ્વાનરરૂપ ભગવાનજ ભૂખ અને તરસ એ બે કાર્યરૂપ 'અન્તરા' ઉદરની અંદર થાય છે. પછી તેમને લીધે જલપાન કરવાની અને ભોજન કરવાની ઇચ્છા (થાય છે.) પછી બહાર રહેલ જલરૂપ અને અન્નરૂપ પદાર્થોનું પાન કરવા અને ભોજન કરવા ઇચ્છનારના 'પ્રાક્' પૂર્વભાગમાં (મુખ નીકળ્યું,) કારણકે પુરુષથી જ દિશાઓના વિભાગ થાય છે. મુખ છિદ્રરૂપ 'નિરભિદ્યત' નીકળ્યું, છતાં પણ ફૂટી નીકળ્યું ન હતું પણ દ્વારની પેઠે નીકળ્યું. ૧૭

**મુખતસ્તાલુ નિર્ભિન્નં જીહ્વા તત્રોપજાયત ।**
**તતો નાનારસો જજ્ઞે જીહ્વયા યોડધિગમ્યતે ।।૧૮।।**

મુખમાંથી તાળવું નીકળ્યું. તેમાં જીભ થઈ. તેમાંથી જૂદા જૂદા રસો ઉત્પન્ન થયા જેનું જીભથી જ્ઞાન થાય છે.

ત્યાં છિદ્રરૂપ મુખમાંજ, કારણરૂપ બેનલ તે મુખમાંથી જ તાળવું-લોકમાં જીભ એમ પ્રસિદ્ધ છે તે તેમાં નીકળ્યું. ઉપર અને નીચે અંશથી ભેગા થએલા દેવો[1] પદાર્થો ગ્રહણ કરવા માટે તાળવાના રૂપથી નીકળ્યા, એવો અર્થ છે. તેમાં[2] જીભ ઇંદ્રિય 'ઉપજાયત' પ્રકટ થઈ એવો અર્થ છે. 'તતઃ' તેમાંથી કારણ બનેલી ઇંદ્રિયમાંથી, અથવા તે પછી મધુર વિગેરે જૂદા જૂદા રસ નીકળ્યા.

**સર્વોऽપિ વિષયસ્તત્ર જાયતે કારણત્વતઃ ।।**
**બહિઃસ્થિતો વા તસ્યેચ્છાવશતો જાયતે રસઃ ।।**

કારણ હોવાને લીધે બધોએ પદાર્થ તેમાં ઉત્પન્ન થાય છે, અને બહાર રહેલો રસ તેમની ઈચ્છાને અધીન થઈ (અંદર) ઉત્પન્ન થાય છે.

આથી [૩]અન્ન વિગેરેની પણ આજ વ્યવસ્થા (હોવાનું) જણાવ્યું. [૪](પદાર્થ) અંદર રહેલો હોવાની માન્યતા હોય ત્યારે પણ તાળવાની ક્રિયાથી જ તાળવા દ્વારા (તે) ભૂખ અને તરસ શાંત કરનાર હોવાથી મુખ વિગેરે બનાવેલા છે ઉધાઈ અને હાથી પેઠે અંદર પણ મુખ હોય છે. પદાર્થ બહાર રહેલ હોવાની મતિ હોય ત્યારે તો કાંઈ સંદેહ નથી (રહેતો.) શૃંગાર વિગેરે પણ રસો છે, તેથી તે આ નથી એમ જણાવવા 'જેનું જીભથી જ્ઞાન થાય છે' એમ કહેલું છે. 'અધિગમ્યતે' એટલે જણાય છે અથવા વિષયતા તરીકે સ્વીકારાય છે. ૧૮.

પછી તેજ સ્થાનમાં બીજી ઈંદ્રિય થઈ એમ નીચેના શ્લોકમાં કહે છે :

**વિવક્ષોર્મુખતો ભૂમ્નો વહ્નિર્વાગ્વ્યાહૃતં તયોઃ ।**
**જલે વૈ તસ્ય સુચિરં નિરોધઃ સમજાયત ।।૧૯।।**

વ્યાપકતા મુખથી બોલવાની ઈચ્છા થતાં અગ્નિ (અને) વાણી (થયાં) તે બેનો (વાણીનો) વ્યવહાર થયો. તેનો લાંબા સમય સુધી જલમાં અટકાવ થયો. ૧૯

વેદરૂપ વાણી બોલવાની ઈચ્છાવાળાના કારણ બનેલ છિદ્રરૂપ મુખમાંથી, 'ભૂમ્નઃ' વ્યાપક આકાશ રૂપના[૧] મુખમાંથી (અગ્નિ અને વાણી થયાં.) વ્યાપક 'એ મુખનું વિશેષણ છે. કારણકે આકાશમાં જ શબ્દ થાય છે. જેમ જીભ તાળવાના રૂપથી રહે છે, તેમ મુખમાં જે આકાશ (છે,) તેમાં વાક્ ઈંદ્રિય રહે છે. એવો અર્થ છે. તેઓમાં પહેલા અગ્નિ દેવતા (થાય છે) કારણકે સ્ત્રીરૂપ વાણી પતિ વિના બહાર નીકળે નહીં. તેથી અહીં દેવતા પ્રથમ કહેલ છે. પછી વાણી ઈંદ્રિય (કહી છે.) તેથી એમ જણાવ્યું છે કે બીજામાં પણ પહેલા દેવતા અને પછી ઈંદ્રિય (થાય છે) 'તે બેનો (વાણીનો) વ્યવહાર થયો.' તે બેના સમ્બન્ધવાળો વ્યવહાર, વાણીનો વ્યવહાર દેવતા અને ઈંદ્રિયથી થાય તેવો છે, એકથી થઈ શકે તેવો નથી. બીજી (ઈંદ્રિયોના સમ્બન્ધ)માં પણ (તેવું જાણવું.) ૧૯

૧.સદ્રૂપ વ્યાપક હોવા છતાં સાધારણ રીતે શબ્દ ઉત્પન્ન કરતું ન હોવાથી, આવું વ્યાખ્યાન કરેલ છે.(પ્ર)

**નાસિકે નિરભિદ્યેતાં દોધૂયતિ નભસ્વતિ ।**

**તત્ર વાયુર્ગન્ધવહો ઘ્રાણો નસિ જીઘૃક્ષતઃ ॥૨૦॥**

નાકથી સૂંઘવાની ઈચ્છા થતાં વાયુ વાતો હતો ત્યારે બે નસ્કોરાં નીકળ્યા. તેમાં ગંધ વહેનાર વાયુ અને નાક થયાં. ૨૦

પછી હલાવવાથી અંદર વાયુ ઉત્પન્ન થયો. તે (શરીરની) અંદર ભરાઈ રહેલો ખળભળાટ કરે, તે ન થાય તે માટે 'નાસિકે' બે નસ્કોરાં નીકળ્યા. તેને બહારનો પદાર્થ ગ્રહણ કરવાની જરૂર ન હોવા છતાં પણ અંદર રહેલો વાયુ જ કારણ[1] બન્યો, એમ 'વાયુ વાતો હતો' શબ્દોથી કહેલ છે. 'નભસ્વાન્' વાયુ, તે ઘણો વાવા લાગ્યો ત્યારે (નસ્કોરાં નીકળ્યા) અથવા નાસિકામાં ફરતો વાયુ જ ગોલકરૂપ છે. તેમાં વાયુ[2] દેવતા છે. અથવા ગંધ વહે છે તે ગંધ વહેનાર વાયુ અને નાક (દેવ અને ઈંદ્રિય છે.) તે બેની વચમાં (ગંધ વહેનાર) વિશેષણ ગંધ વિષય હોવાનું જણાવનારૂં છે. નાક ઈંદ્રિય છે. 'નાકથી સૂંઘવાની ઈચ્છા કરનાર'માં નાસિકા ગોલકના ઠેકાણે છે; અથવા ગોલકના આધારરૂપ છે. ગંધ 'જિઘૃક્ષતઃ' સૂંઘવાની ઈચ્છા કરનાર ભગવાનના (નસ્કોરાં) નીકળ્યાં, (ગંધ) ગ્રહણ કરવા ઉત્પન્ન થયા એવી રીતે યોગ્યતા પ્રમાણ ક્રિયાનું અનુસંધાન કરવું. ૨૦

૧.નસ્કોરા નીકળવાનું કારણ બન્યો.(પ્ર)

૨.અહીં અશ્વિનીકુમાર દેવતા નથી એમ આથી જણાવેલ.(પ્ર)

એવી રીતે મુખ અને નાસિકા જણાવી નીચેનો શ્લોક આખો જણાવવા કહે છે :

**યદાત્મનિ નિરલોકમાત્માનં ચ દિદક્ષતઃ ।**

**નિર્ભિન્ને અક્ષિણી તસ્ય જ્યોતિશ્ચક્ષુર્ગુણગ્રહઃ ॥૨૧॥**

જ્યારે દેહમાં દષ્ટિરહિત હોઈ અને દેહને જોવાની ઈચ્છા થઈ ત્યારે તેમના બે ચક્ષુ નીકળ્યા, ગુણ ગ્રહણ કરનાર જ્યોતિઃ અને ચક્ષુ છે. ૨૧

જ્યારે દેહમાં દષ્ટિ વિનાના હતા એવો અર્થ છે. 'આત્મા' દેહ. તે (સમ્બન્ધ)માં હું કેવો છું એમ જ્યારે તેમણે ન જાણ્યું ત્યારે હું કેવા સ્થાનમાં છું તે અને પોતાના સમ્બન્ધનું બીજું પણ જાણવાની ઈચ્છા થઈ ત્યારે બે ચક્ષુ વિગેરેને દર્પણની જરૂર નથી એમ પહેલા જ કહેલું છે. તેમને તો માયાથી મોહ થએલ ન હતો, તેથી માયા[1] એ (દષ્ટિને) અટકાવેલી ન હતી. ન જોવાનું તો દર્શન ન કરવાથી થએલ. તેમાં જ્યોતિઃ દેવતા છે. સૂર્ય એવો અર્થ છે. સૂર્ય જ્યોતિનું આધિદૈવિક રૂપ છે. આધ્યાત્મિક રૂપ તો સૂર્ય શબ્દથી કહેવાતું (તેનું) મંડલ છે. કિરણો તો આધિભૌતિક છે. તેથી અહીં આધિદૈવિક (રૂપ) જ હોવાથી 'જ્યોતિઃ' શબ્દ યોજેલ

છે. ચક્ષુ ઈંદ્રિય છે. રૂપ ગુણ છે. પાંચ (જ્ઞાનેન્દ્રિયોના) ગુણો મધ્યે રૂપ જ પ્રસિદ્ધ હોવાથી, દેવતા અને ઈંદ્રિયથી ગુણનું જ્ઞાન થાય છે, એવો અર્થ છે.૨૧

૧,'માયા' એટલે તમઃ.(પ્ર)

**બોધ્યમાનસ્ય ઋષિભિરાત્મનસ્તજ્જિઘૃક્ષતઃ ।**
**કર્ણૌ ચ નિરભિદ્યેતાં દિશઃ શ્રોત્રં ગુણગ્રહઃ ।।૨૨।।**

અને ઋષિઓથી બોધ કરાતા પોતાને તે (બોધ) ગ્રહણ કરવાની ઈચ્છા થતાં બે કાન નીકળ્યા. દિશાઓ અને કાન ગુણ ગ્રહણ કરનારા છે. ૨૨

ત્યાર પછી મહાપુરુષ ભગવાનની 'ઋષયઃ' મંત્રોએ સ્તુતિ કરવાનો આરંભ કર્યો. ત્યારે ઋષિઓથી 'આપ સાક્ષાત્ બ્રહ્મ છો' એ 'બોધ્યમાના' સ્તુતિ કરાતાની (તે ગ્રહણ કરવાની ઈચ્છા થઈ) 'પોતાની' એટલે ઉપર કહેલાની, અથવા દેહને બાતલ કરવા (આત્માની કહેલ છે.) 'તજ્જિઘૃક્ષતઃ' તેઓ કહેતા હતા તે સ્વરૂપ ગ્રહણ કરવાની ઈચ્છાવાળાના ગોલકરૂપ બે કાન નીકળ્યા. દિશાઓ દેવતા છે. કાન ઈંદ્રિય છે. 'ગુણગ્રહઃ' શબ્દનું ગ્રહણ (કરનાર,) કારણકે શબ્દ પહેલા થએલો.૨૨

એવી રીતે બે ગોલકવાળી ત્રણ ઈંદ્રિયો જણાવી. નીચેના શ્લોકમાં વ્યાપક ઈંદ્રિય કહે છે :

**વસ્તુનો મૃદુકાઠિન્યં લઘુગુર્વુષ્ણશીતતામ્ ।**
**જિઘૃક્ષતસ્ત્વઙ્ નિર્ભિન્ના તસ્યાં લોભ મહીરુહાઃ ।।૨૩।।**

વસ્તુનું મૃદુપણું, કઠણપણું, લઘુપણું, ગુરુપણું, ઉષ્ણપણું અને શીતપણું ગ્રહણ કરવાની ઈચ્છાવાળા થતાં, ત્વચા નીકળી, તેમાં રૂંવાડા અને વૃક્ષો (ઈંદ્રિય અને દેવતા) છે. ૨૩

ઘટપટ વિગેરે વસ્તુના લઘુપણા વિગેરે ગ્રહણ કરવાની ઈચ્છા થતાં, ત્વચા નીકળી. તેમાં રૂંવાડાં ઈંદ્રિય છે. વૃક્ષો દેવો છે. 'લઘુ' એટલે સૂક્ષ્મ. ગુણ જણાવનાર 'લઘુ' શબ્દ ઘણા વ્યવહારને લીધે ગુણવાળાનું પણ જ્ઞાન કરાવે છે. તેના અભિપ્રાયથી 'લાઘવ' વિગેરે શબ્દો (યોજાય છે.) તેથી જ 'ચાતુર્ય' વિગેરેમાં 'લાઘવ' શબ્દ (યોજાય છે.) અહીં 'લઘુ' શબ્દ અમુક (પ્રકારના) સ્પર્શ જણાવનારો છે, જેવો કે સૂક્ષ્મ વાયુનો સ્પર્શ.[1] ગાઢ સ્પર્શ હોય ત્યારે તે મૃદુપણું જણાતું નથી. સ્પર્શ કરવાનો હોય ત્યારે કર્ણ વિગેરેમાં સર્વત્ર લઘુ સ્પર્શ જ કરાય[2] છે. કઠપણું (એટલે) પથ્થર વિગેરેમાં (થતો) કઠણ સ્પર્શ. 'મૃદુ' તો કોમલ (સ્પર્શ)

છે. રેશમી વસ્ત્ર વિગેરેમાં સ્નિગ્ધપણું [3](હોય છે તે) પણ તેનો જ પ્રકાર છે. ગુરુપણું (ભારેપણુ) જૂદો ગુણ કહેલ છે, છતાં પણ આ શાસ્ત્રમાં તે સ્પર્શ જ છે, કારણકે સ્પર્શ સાથેના [4]જ તોલ વિગેરેથી તે જણાય છે. સ્પર્શ વિનાનો તોલ અનુમાન [5]છે તેમ ન હોય [5]તો કારણમાં ગુરુપણું ન હોવાથી કાર્યમાં (તે) ક્યાંથી આવે[6]? બહુપણું તો ઝાઝાપણું જણાવનારૂં જ છે, ભારેપણું જણાવનારૂં નથી.[7] કેટલાક તો છૂટા અવયવોના સમ્બન્ધથી લઘુપણું, જોડેલા અવયવોના સમ્બન્ધથી ભારેપણું કહે છે.[8] તે પણ ઘટતું નથી; કારણકે સ્પર્શથી સંયોગ (સમ્બન્ધ) જૂદો હોવાનું કહી શકાય નહીં, કારણકે સ્પર્શ થએલું જ સંયોગ થએલું લોકમાં કહેવાય છે. તેમ ન [9]હોય તો સ્પર્શથી જૂદો (સ્પર્શ વિનાનો) ચાંડાલ વિગેરેનો સંયોગ થાય ત્યારે બીજું પ્રાયશ્ચિત્ (કરવાનું) થાય.[9] તેથી છૂટા અવયવોવાળું સંયોગવાળું વિગેરે કહેલ હોય ત્યાંપણ લઘુપણું અથવા ભારેપણું સ્પર્શ જ છે. જોડાણ તો છૂટાપણાનો અભાવ જ છે. આથી પણ સંયોગ (સ્પર્શથી) જૂદો નથી. ચાર આંગળીઓ સંયોગવાળી પણ છે. મળી ગએલી હોય ત્યારે તો જેમ ભેગી રહેલી (આંગળીઓ)માં ભેદ જણાય છે, તેમ ન (જણાય.) તેથી સંયોગ સ્પર્શથી જૂદો નથી, અને ભારેપણું વિગેરે પણ (સ્પર્શથી જૂદા નથી.) 'ઉષ્ણપણું' એટલે થોડો ઉષ્ણ સ્પર્શ, ઘણું ઉષ્ણ (હોય તે) સ્પર્શ માટે અયોગ્ય છે, કારણકે (તેનાથી) ચામડી દાઝી જવાનો સંભવ છે. 'શીતપણું' (એટલે) શીત સ્પર્શ.

અથવા 'લઘુકાઠિન્યમ્' લઘુ અને કઠણ હોવું તે, લાઘવ અને કાઠિન્ય મૃદુ વિગેરેના અંતે 'તલ (ત્વ)' પ્રત્યયનો સર્વમાં સમ્બન્ધ છે, કારણકે દ્વન્દ્વ (સમાસ)ના અંતમાં (તે) કહેલ છે. તેથી મૃદુત્વ, ગુરુત્વ, ઉષ્ણત્વ, શીતત્વ એવો (અર્થ છે.) જે શબ્દ ધર્મી (ગુણવાળા પદાર્થ)માં જે ગુણ જણાવવાની પ્રવૃત્તિ કરે છે, તેનો ભાવ તે જ ગુણ છે. તેથી કેટલાક એમ (કહે છે કે) શબ્દની પ્રવૃત્તિનું કારણ જ ભાવ છે. સત્તા (હોવાપણું)ના અર્થવાળો ને સર્વમાં વ્યાપી રહેલ છે. બધા [10]શબ્દો તેના અંશોજ કહે છે, તેથી સર્વ શબ્દો 'ભાવ' કહે છે, એવો શાસ્ત્રાર્થ છે. 'અભાવ' શબ્દમાં પણ નિષેધ સાથેનો ભાવજ જણાય છે, તેમ ન હોય તો 'અભાવ' પોતાના ભાવ (અસ્તિત્વ) વિનાનો હોય.[11] અહીં [12]ત્વચા ઇંદ્રિયમાં બે પદાર્થ છે તેઓનું કાર્ય ચળ અને સ્પર્શ છે. ચળ બહારનો સ્પર્શજ [13]છે. અંદર તો સ્પર્શ પણ છે, અને તે 'લોમ' શબ્દથી ઓળખાતો ચળનું ગ્રહણ કરનારો છે. તેમાં વૃક્ષો દેવો છે. બંનેનું અધિષ્ઠાન [14]તો એક છે. ૨૩

બીજું કહે છે :

**તત્ર ચાન્તર્બહિર્વાયુસ્ત્વચાઽઽલબ્ધગુણો વૃતઃ ॥**

અને ત્યાં જેનો સ્પર્શ ત્વચાથી પ્રાપ્ત થાય છે તે વાયુ અંદર અને બહાર વીંટી રહેલો છે.૨૩

'ચ' અને શબ્દથી એમ સૂચવેલું છે કે ત્વચાનું રૂંવાડા સિવાયનું બીજું પણ સ્થાન (શરીરની) અંદર રહેલું છે. ત્યાં વાયુ દેવતા છે. 'અંદર અને બહાર' શબ્દોથી પહેલા કહેલ દેવતાથી (આનું) સ્થાન વધારે હોવાનું સૂચવેલું છે. 'ત્વચાઽઽલબ્ધગુણઃ' શબ્દોથી ત્વચા ઇંદ્રિયથી સ્પર્શ ગ્રહણ થવાનું (કહેલ છે.) અહીં દેવતા મુખ્ય છે. તેમ ન હોય[૧૫] તો યોગમાં વાયુ રોકવામાં આવે ત્યારે (સ્પર્શ) અટકાત નહીં. 'વૃતઃ' 'વીંટી રહેલો' શબ્દનો એવો અર્થ છે કે અંદર અને બહાર વાયુ વીંટી રહેલો છે. આથી એમ કહેલ છે કે બહારનો વાયુ દેવતા નથી. ૨૩

૧.અહીં ગુરુપણું ન હોવાનું ગ્રહણ થતું નથી, પરંતુ સૂક્ષ્મ સ્પર્શનું જ ગ્રહણ થાય છે.(પ્ર)

૨.કાનથી શબ્દ ગ્રહણ કરવામાં આવે તેમાં સ્પર્શ થતો નથી એમ ન માનવું, કારણકે શબ્દ લાવનાર વાયુ તેને કાન સુધી લાવે ત્યારે કાનની ત્વચા સાથે તે વાયુનો સ્પર્શ થતાં, તે સંયોગરૂપ સ્પર્શની તે જ ક્રિયાથી કાન શબ્દનું ગ્રહણ કરે છે. તે વચલી ક્રિયાજ શબ્દગ્રહણ કરાવે છે. તેવીજ આંખ, નાક અને જીભમાં પણ લઘુ સ્પર્શ જ ક્રિયા કરનારો છે. ત્વચામાં ગાઢ સ્પર્શ પણ હોય છે, એટલો ભેદ છે.(પ્ર)

૩.આથી એમ જણાવેલ છે કે સ્નેહનું પણ ત્વચાથી ગ્રહણ થતું હોવાથી, તેનો પણ સ્પર્શમાં સમાવેશ થાય છે. એ પ્રમાણે દ્રવપણું પણ સ્પર્શનો પ્રકારજ જાણવું.(પ્ર)

૪.ત્વચાના સ્પર્શ સાથે જ. તેથી ત્વચાથી જણાતું હોવાથી તોપણ સ્પર્શ જ છે.

૫.કારણકે એક ત્રાજવું નમવાથી તેમાં રહેલ વસ્તુ વધારે ભારે હોવાનું જણાય છે, તે માત્ર કલ્પિત છે તેથી અનુમાનથી તે સિદ્ધ થતું નથી.(પ્ર)

૬.'જૂદાપણાની પેઠે ભારેપણું જાણવામાં બીજાની જરૂર ભલે હોય તેમાં શું દોષ?' એવી શંકા થાય, તેથી કહે છે કે જૂદાપણું કારણમાં નિત્ય છે અને કાર્યમાં વિભાગ કરવાથી ઉત્પન્ન થાય છે, તેથી તે જાણવામાં બીજાની જરૂર હોય, પણ તેથી તે ઉત્પન્ન થતું નથી. ચાલુ પ્રસંગમાં તો પરમાણુઓ સર્વથી લઘુ છે તેથી કારણ (પરમાણુ)માં ભારેપણું નથી, તેથી કાર્યમાં તેની ઉત્પત્તિ ક્યાંથી થાય?(પ્ર)

૭.ઝાઝા રૂનો ઢગલો અને પથ્થરને (ઉપરથી) પાડવામાં આવે ત્યારે પથ્થરમાં બહુપણાથી જણાવેલ ભારેપણું ન હોવાથી તે પહેલો પડવો ન જોઈએ. છતાં તે પહેલો પડે છે ઝાઝાપણું ભારેપણું જણાવનારૂં નથી.(પ્ર)

૮.મોટું લાકડું તરે છે, પથ્થર નાનો હોવા છતાં ડૂબે છે. તેમાં પથ્થર ડૂબતો હોવાથી તેને ભારે માને છે પણ તોળવામાં આવે તો લાકડું ભારે જણાય છે. તેથી આ વિષયમાં આવું અનુમાન પ્રમાણ નથી.(પ્ર)

૯.લોકની ઉક્તિ ખોટી (ભ્રાંત) હોય તો, સ્પર્શથી સંયોગ જૂદો હોય તો તેવા સંયોગથી ચાંડાલ

વિગેરેનો સમ્બન્ધ થતાં જૂદું પ્રાયશ્ચિત્ત કરવું પડે તેવું મનુ વિગેરેએ કહેલ નથી. તેથી તે લોકોક્તિ ભ્રાંત નથી.(પ્ર)

૧૦.પત્રાવલંબનમાં કહેલા પ્રકારે શબ્દનો અર્થ ભગવાન્ હોવાનું કહે છે.(પ્ર)

૧૧.અભાવ અને ભાવરૂપ ન હોય તો ખપુષ્પની પેઠે પોતાની સત્તા વિનાનો હોય અને તેથી તે જણાય જ નહીં 'અભાવ ભાવરૂપ છે, કારણકે તે છે એવું જ્ઞાન થાય છે. ઘયની પેઠે જે તેવું ન હોય તે તેવું નથી જેમકે ખપુષ્પ' એવું અનુમાન થઈ શકે છે.(પ્ર)

૧૨.'અહીં' એટલે આ શાસ્ત્રમાં.(પ્ર)

૧૩.બહારના સ્પર્શથી જે સુખ થાય છે તે ચળ.(પ્ર)

૧૪.ગોલક એક છે તેથી લોમ જૂદી ઈંદ્રિય નથી પણ ત્વચાનો જ પ્રકાર છે.(પ્ર)

૧૫.વાયુરૂપ હોવાનું પ્રાધાન્ય અને શબ્દ ગ્રહણ કરવાથી થતું હોય તો વાયુને રોકવામાં આવે ત્યારે બહાર સ્પર્શનું જ્ઞાન અટકી ન જાય, કારણકે ત્વચા ત્યાં છે. આજ દેવતા પ્રધાન હોવાનું જણાવે છે. તેથી વાક્યની યોજના નીચે પ્રમાણે છે રૂંવાડામાં અને અંદર અસ્થિ વિગેરેમાં અંદર અને બહાર એમ વૃક્ષોથી વધારે સ્થાનવાળો વાયુ દેવતા છે. તેનો સ્પર્શ ત્વચા ઈંદ્રિયથી વીંટાએલો રહેલ છે.(પ્ર)

એવી રીતે ત્વચાનું નિરૂપણ કરી, જ્ઞાનેન્દ્રિય સમાપ્ત કરી નીચેના શ્લોકથી આરંભી કર્મેન્દ્રિયોનું નિરૂપણ કરે છે.

**હસ્તૌ રુરુહતુસ્તસ્ય નાનાકર્મચિકીર્ષયા ।**
**તયોસ્તુ બલવાનિન્દ્ર આદાનમુભયાશ્રયમ્ ॥૨૪॥**

જૂદા જૂદા કર્મો કરવાની ઈચ્છાથી તેમના બે હાથ ઉગ્યા. તેમનો (દેવતા) તો બલવાન્ ઈંદ્ર છે. પકડવાનું બંનેના આશ્રયવાળું છે. ૨૪

જૂદા જૂદા કર્મો કરવા છે એવી ઈચ્છાથી (હાથ નીકળ્યા.) અહીં આ બે ઉગવાના રૂપના હોવાથી (તે) શાખારૂપ હોવાનું સૂચવેલ છે. આ બેના ગોલક બે છે. તેઓમાં તો બલવાન્ ઈંદ્ર છે. તે બે હાથનું બલ ઈંદ્રિય છે. ઈંદ્રો દેવતા છે. પકડવું કર્મ છે. (તે) દેવતા અને ઈંદ્રિય બંનેના આશ્રયવાળું છે. ૨૪

**ગતિં જીગીષતઃ પાદૌ રુરુહાતેઽભિકામિકામ્ ।**
**પદ્ભ્યાં યજ્ઞઃ સ્વયં હવ્યં કર્મભિઃ ક્રિયતે નૃભિઃ ॥૨૫॥**

ઈચ્છેલી ગતિ પ્રાપ્ત કરવા ઈચ્છા થતાં બે પગો ઉગ્યા. બે પગોથી યજ્ઞ થાય છે પોતે યજ્ઞ (અને) હવ્ય છે. મનુષ્યો કર્મોથી હવ્ય કરે છે. ૨૫

ઈચ્છેલી ગતિ પ્રાપ્ત કરવા ઈચ્છનારના બે પગો ઉગ્યા 'બે પગો'થી શબ્દથી ઈંદ્રિય (કહી) યજ્ઞ દેવતા છે. 'સ્વયમ્' 'પોતે' શબ્દથી વિષ્ણુ (કહ્યા.)

'અભિકામિકાં' જૂદા જૂદા દેશોમાં જવાની ઇચ્છાના સમ્બન્ધવાળી ઇચ્છેલી (ગતિ થઈ ત્યારે) તેવા (વિરાટના) બે પગ હાથોની પેઠે શાખાના પ્રકારથી ઉગ્યા. પગ ન હોય તેવાની પણ ગતિ હોય છે, ચાર પગવાળાને પણ (હોય છે,) છતાં પણ જેમ બે પગવાળા સર્વત્ર જાય છે, તેવી રીતે બીજા જતા ન હોવાથી, બે પગની ઇચ્છા[1] (કરેલી) 'વિરાટ્ પુરુષ સ્થિર હોવાથી, તેમને પગોથી શું કરવાનું?' જો સ્થિર ન રહે તો લોકો ઉપર ઘણો કોપ થાય અને બીજા રૂપની કલ્પના કરવામાં આવે તો (આરંભમાં કહેલ રૂપ)નો વિરોધ થાય?' એવી શંકા થાય, તેથી 'પોતે હવ્ય (છે) મનુષ્યો કર્મોથી[2] કરે છે' એમ કહેલું છે. 'પોતે હવ્ય (છે)' શબ્દોથી દૂધપાક વિગેરે હવ્ય ભગવાન્ હોવાનું કહ્યું. તેમ હોવાથી તે અવશ્ય ફલ પ્રાપ્ત કરાવનાર હોવાનું કહેવું જોઈએ; જે કારણને લીધે મનુષ્યો કર્મોથી તે હવ્ય કરે છે. તે જ દૂધપાક વિગેરે (હવ્ય) દેવતાને ઉદેશીને અગ્નિમાં નખાતાં યજ્ઞરૂપ પ્રાપ્ત કરીને તે જીવને લઈને પરલોકમાં જાય[3] છે. ત્યાં જવા માટે અવશ્ય બે પગોની જરૂર છે. તેમ ન હોય તો જીવની ગતિથી અવથા કર્મરૂપપણાથી જવાનું કરવાનું હોય, ત્યારે જ્યાંત્યાં જવાનું થઈ જાય.[3] વળી આ જૂદું રૂપ નથી, કારણકે આ[4] રૂપનો જ તેમાં[5] આવેશ થાય છે. અને વળી આનો અધિષ્ઠાતા દેવતા નથી, કારણકે તે નથી.[6] અને હોય તો તે આ એકલામાં[7] જ રહેલા હોય; કારણકે યજ્ઞ જ સ્વર્ગ (પ્રાપ્તિ) જણાવનાર છે, અને 'બે માર્ગ ઉપર બધે ફર્યા' એવું વાક્ય છે. વળી ભૂમિ ઉપર જ યજ્ઞ અને હવિષ કરાય છે. જો (વિરાટને) પગો ન હોય તો પગરૂપ ભૂમિ જ ન હોય અને સ્વર્ગ વિગેરેમાં ગતિ ન થાય. તેથી (તે) પોતે જ યજ્ઞ અને પોતે જ હવિષ્ છે, તેથી ઇચ્છેલી ગતિ પ્રાપ્ત થાય તે માટે, પશુ પુત્રને સ્વર્ગ વિગેરેમાં સ્થિતિ પ્રાપ્ત થાય તે માટે બે પગોની જરૂર છે. વળી યજ્ઞ પગોની અધિષ્ઠાતા દેવતા છે, તે (દેવતા) ન હોય તો તે (યજ્ઞ) પણ ન થાય, અને તે (યજ્ઞ) લોકમાં પ્રસિદ્ધ છે. તે અલૌકિક હોવા છતાં પણ તેના પ્રયોજનથી કરવામાં આવતા દૂધપાક વિગેરે પ્રત્યક્ષ સિદ્ધ થતા હોવાથી, તે ન હોવાનું કહી શકાય નહીં. તેથી લોકમાં મનુષ્યો દ્રવ્યરૂપ યજ્ઞ કરતા હોવાથી, તે નિરર્થક ન થાય તે માટે ભગવાનને બે ચરણો છે એમ સિદ્ધ થયું. ૨૫

૧.બે પગવાળા ઇચ્છેલી ગત કરનારા હોવાથી બે પગોની કામના કરેલી (પ્ર)

૨.લૌકિક દૂધપાક વિગેરે દ્રવ્યને પ્રોક્ષણ વિગેરે વૈદિક સંસ્કારથી હવ્ય કરાય છે. તેથી તે વિરાટ્ના અવ્યય હોવાથી ભગવદ્રૂપ છે, એવો અર્થ છે.(પ્ર)

૩.વિરાટને પગ ન હોય તો જીવને પોતે જ પરલોક જવાનું રહે, દૂધપાક વિગેરેનો યજ્ઞમાં સમાવેશ થતો હોવાથી અથવા કર્મરૂપ હોવાથી પરલોકમાં જવાનું સાધન અવશ્ય કહેવું જોઈએ. કર્મ જડ

હોવાથી ઈષ્ટ સ્થલે જવામાં કર્મનું જ સ્વાતંત્ય રહે. તેમ થતાં જીવને તૃષ્ણા હોવાથી અને જવાનું કર્મ ગહન હોવાથી જ્યાં ત્યાં જવાનું થઈ જાય. તેથી ચેતન વિરાટના જ પગ માનવા જોઈએ.(પ્ર)

૪.'આ રૂપનો' એટલે વિરાટરૂપનો (પ્ર) ૫.'તેમાં' એટલે યજ્ઞમાં (પ્ર)

૬.અહીં સ્વયં 'પોતે' શબ્દ યોજેલ હોવાથી બીજો દેવતા નથી.(પ્ર)

૭.અહીં સ્વયં શબ્દ કહેલ હોવાથી જો (બીજો) દેવતા હોય તો તેને પણ સ્થાનની જરૂર હોવાથી વિરાજમાં જ તે સ્થાન હોવાનું કહેવું જોઈએ, અને જૂદા જૂદા દેવો જૂદા જૂદા અવયવોમાં રહેલ હોવાનું કહેલ હોવાથી, વિરાટના પગો જ તે દેવતાનું સ્થાન હોવાનું કહેવું જોઈએ. તેથી પગો સિદ્ધ થયા.(પ્ર)

**નિરભિદ્યત શિશ્નો વૈ પ્રજાનન્દામૃતાર્થિનઃ ।**
**ઉપસ્થ આસીત્ કામાનાં પ્રિયં તદુભયાશ્રયમ્ ॥૨૬॥**

પ્રજાના આનંદરૂપ અમૃતની ઈચ્છાવાળાનો શિશ્ન નક્કી નીકળ્યો. કામોને પ્રિય ઉપસ્થ થયો. તે બંનેના આશ્રયવાળો છે.૨૬

શિશ્ન ગોલક (નીકળ્યું.) તેનું બીજું રૂપ[1] ન હોવાથી, તે નહીં હોય તેવી શંકા થાય તેથી 'વૈ' 'નક્કી' એમ કહેલ છે. તેના બીજરૂપ કારણમાં જો તે ન હોય, તો પુરુષ વિગેરે કાર્યમાં તે ક્યાંથી થાય? તેથી તે (વિષય)માં સંદેહ ન કરવો, એવો અર્થ છે. પ્રજારૂપ આ જે સંભોગના સુખરૂપ આનંદ, અથવા પ્રજા ઉત્પન્ન કરનાર (આનંદ) અથવા પ્રજા અને આનંદ એવું અમૃત. અથવા 'પ્રજાની પછી (પ્રજા) ઉત્પન્ન થાય છે તેથી તેઓ ખરેખર મર્ત્યોનું અમૃત છે'[2] એ શ્રુતિ પ્રમાણે અમૃત ત્રણ ઋણ ફેડવાથી પ્રાપ્ત થતો મોક્ષ છે; અને 'પુત્ર વિનાનાને લોક (પ્રાપ્ત) થતો નથી' એવું વાક્ય છે.[2] અટ્ઠાસી હજાર (વર્ષો) વિગેરે[3] વાક્યો ઉદ્ર્વરેતસોની પ્રશંસાના પ્રયોજનવાળા છે. ત્રણ વેદો ભણેલાઓને તો વેદ જ પ્રમાણ છે તેથી મોક્ષ અમૃત છે.[4] ત્રણ ઈચ્છનારાની ઈંદ્રિય નીકળી એવો અર્થ છે. ઉપસ્થ ઈંદ્રિય છે. 'કામોને પ્રિય' (એટલે) સ્ત્રી સાથેના સંભોગના સમ્બન્ધવાળુ જે સુખ તે બંનેના આશ્રયવાળું દેવતા અને ઈંદ્રિય (બંને)ના આશ્રયવાળું છે. અથવા કામોનું સ્થાન ઉપર કહેલું હતું,[5] એવો અર્થ છે. કામ દેવતા છે. કેટલાક તે (કામ)ના અભિમાનવાળી (દેવતા) હોવાનું કહે છે. કામ જ દેવતા છે એવો મુખ્ય સિદ્ધાંત છે. તે ન હોય ત્યારે માત્ર ઈંદ્રિયથી સુખ થતું નથી. એ પ્રત્યક્ષથી સિદ્ધ (થએલું) છે.૨૬

૧.વિરાટને બીજું સ્ત્રીરૂપ ન હોવાથી.(પ્ર)

૨.આનંદ લૌકિકસુખ હોય ત્યારે પુત્ર પૌત્ર વિગેરે ઉત્પન્ન કરવારૂપ તે વિચારેલ છે એમ આ

વાક્યથી જણાવે છે.(પ્ર)
૩.'ત્યારે નૈષ્ઠિક બ્રહ્મચારીઓની શી ગતિ?' એવો પ્રશ્ન થાય તેથી આ વાક્ય કહેલ છે.(પ્ર)
૪.'ફલ ન મળે તો પ્રશંસા નકામી છે' એમ જણાય તેથી આ વાક્ય કહેલ છે. આથી એમ જણાવેલ છે કે માત્ર પ્રવૃત્તિમાર્ગમાં રહેનારાઓને સત્યલોકમાં રહેલ અમૃતજ પ્રાપ્ત થાય છે, પરંતુ મુખ્ય અમૃત પ્રાપ્ત થતું નથી.(પ્ર)
૫.ઉપસ્થ ઈંદ્રિયના પ્રજા આનંદ અને અમૃત એ ત્રણ કાર્ય કહ્યાં. તે પૈકી પ્રજા અને અમૃત બ્રહ્માનું કાર્ય છે અને આનંદ કામનું કાર્ય છે. અહીં બ્રહ્મા અને કામ બે દેવતા કહેલ છે.(પ્ર)

બાકીની (કર્મેન્દ્રિય) નીચેના શ્લોકથી કહે છે :

**ઉત્સિસૃક્ષોર્ધાતુમલં નિરભિદ્યત વૈ ગુદમ્ ।**
**તતઃ પાયુસ્તતો મિત્ર ઉત્સર્ગ ઉભયાશ્રયઃ ।।૨૭।।**

ધાતુનો મલ બહાર કાઢી નાખવા ઈચ્છનારની ગુદા નક્કી નીકળી. પછી પાયુ, પછી મિત્ર નીકળ્યા. બહાર કાઢવાનું બંનેના આશ્રયવાળું છે. ૨૭

ધાતુઓનો મલ (હોય છે.) ત્વચાથી માંડી મજ્જાની સુધીની ધાતુઓ છે. તે કાલ વિગેરેથી સદા પાકે છે. અન્ન વિગેરે તો પોષણ કરનારા[1] છે. તેથી[2] તે (ધાતુ)ઓનું પોષણ અન્ન વિગેરેથી કરાતું હોય ત્યારે રસનો તેઓમાં પ્રવેશ થતાં, જે સાર વિનાનો ભાગ તેમાં બાકી રહે તે મલ છે, પરંતુ અન્નનો (મલ) નથી કારણકે તેણે (અન્ને) પોતાનું કાર્ય કરેલ છે [3]તેથી ધાતુનોજ મલ છે. પાયુના સ્થાનમાં અમુક માંસ (છે તે) ગુદા. તે રોગ વિગેરેથી બહાર નીકળેલ (હોય ત્યારે) પ્રત્યક્ષ થાય છે. ત્યાર પછી તેમાં પાયુ ઈંદ્રિય (થઈ.) મિત્ર દેવતા (થયા.) કારણકે સર્વના મિત્ર વિના કોઈપણ દેવ તેવા સ્થાને રહે નહીં. બહાર કાઢવાનું કર્મ છે : ઉપર (કહ્યા) પ્રમાણે તે બંનેના આશ્રયવાળું છે.૨૭

૧.અન્ન પોષણ કરે છે અને (ધાતુઓને) ટકાવે છે. તેથીજ ધાતુઓ સિદ્ધ થાય છે.વૈદકમાં 'પુરુષોનું બલ મલને અધીન છે' એવું વાક્ય છે, અને અન્નના અંશથીજ ધાતુઓ થાય છે. માત્ર પોષણ અન્ન કરતું હોવાથી તે ધાતુ નથી એવો અર્થ છે.(પ્ર)
૨.'તેથી' પાકવાથી ક્ષય થતો હોવાથી પોષણ જરૂરી છે તેથી(પ્ર)
૩.'તેથી' એટલે હવ્ય કવ્ય વિગેરે અલૌકિક અન્નમાં અસાર ભાગ હોતો નથી તેથી. આ મલ વિરાટ્ પુરુષની ગુદા દ્વારા જણાય છે, કર્ણ વિગેરે દ્વારા જણાતો નથી તેથી ગુદા દ્વારા જ તેનો ત્યાગ થાય છે.(પ્ર)

એ પ્રમાણે નવદ્વારો જણાવ્યા દશ ઈંદ્રિયોમાં ત્રણને[1] દ્વાર નથી. [2]બે ઈંદ્રિયોનો એક દ્વારમાં છે. ત્રણને[3] બબે દ્વાર છે. એવી રીતે ઈંદ્રિયો અને દ્વારોની સંખ્યા સરખી

નથી તેથી પ્રાણ વિગેરેનું નિયમન થાય તે માટે નીચેના શ્લોકથી બીજું દ્વાર કહે છે.

**આસિસૃક્ષોઃ પુરઃ પુર્યા નાભિદ્વારમપાનતઃ ।**
**તત્રાઽપાનસ્તતો મૃત્યુઃ પૃથક્ત્વમુભયાશ્રયમ્ ।।૨૮।।**

શરીરો તજવાની ઈચ્છાવાળાના અપાનમાંથી નાભિદ્વાર થયું. તેમાં અપાન, પછી મૃત્યુ (થયું.) જૂદા થવાનું બંનેના આશ્રયવાળું છે. ૨૮

મલ બે પ્રકારનો છે (૧)દરરોજ ઉત્પન્ન થતો અને (૨)દરેક જન્મમાં ઉત્પન્ન થતો. તે પૈકી દરરોજ ઉત્પન્ન થતા મલનો ત્યાગ કરવા પાયુ (કહ્યું.) આખા જીવનમાં ઉત્પન્ન થતા દેહરૂપ મલનો ત્યાગ કરવા નાભિ દ્વાર (થયું) 'પુરઃ' (એટલે) શરીરો. (શરીર) તજવાની ઈચ્છાવાળાના 'પુર્યાઃ' શરીરમાંથી નાભિ દ્વાર ઉત્પન્ન થયું, એનો સમ્બન્ધ છે. જેમ મરણ સુધી ધાતુઓ રહ્યા કરે છે, તેનું પોષણ કરનાર અન્ન છે. મલ તો પ્રસિદ્ધ છે. એ પ્રમાણે હું બહુ થાઉં' એવી ભગવાનની ઈચ્છાથી આરંભી ભગવાનમાં પ્રવેશ થાય ત્યાં સુધી ભગવાનના ચિત્ અંશ રૂપ જીવનું એકજ શરીર ચાલુ રહે છે. તેનું પોષણ અન્નમય બીજા શરીરો અને અન્ન પેઠે તે (શરીર)નું પોષણ કરનારા છે. ઉત્પત્તિ થતાં ભોજન પેઠે તેમનું ગ્રહણ થાય છે. મરણ થાય ત્યારે મલની પેઠે (તેમનો) ત્યાગ કરાય છે. કારણકે પ્રાણ (શરીર) ઉત્પન્ન કરનારો છે, અપાન મારનારો છે. તેથી તેનું દ્વાર અપાનમાંથી ઉત્પન્ન થાય છે. તેમાં અપાન ઈંદ્રિય છે, મૃત્યુ દેવતા છે. જૂદા થવા પણું (એટલે) પ્રાણ અને આપનનું છૂટા પડવું મરણરૂપ છે. ઉપર જણાવ્યા પ્રમાણે તે બંનેના આશ્રયવાળું છે. નાભિદ્વારથી તે શરીર[૪] નીકળી જાય છે. અથવા તેના નાભિદ્વારથી પ્રયત્નથી મલની પેઠે આ શરીરનો ત્યાગ કરે છે. ૨૮

૧.ત્વચા; હાથ અને પગ ત્રણને દ્વાર નથી.(પ્ર) ૨.'બે' વાણી અને રસના (જીભ) (પ્ર)
૩.ચક્ષુ, કાન અને નાકને બબે દ્વાર છે.(પ્ર) ૪.'તે શરીર' એટલે લિંગ શરીર.(પ્ર)

**આદિત્સોરન્નપાનાનામાસન્ કુક્ષ્યન્ત્રનાડ્યઃ ।**
**નદ્યઃ સમુદ્રાશ્ચ તયોસ્તુષ્ટિઃ પુષ્ટિસ્તદાશ્રયે ।।૨૯।।**

અન્ન અને પાન લેવાની ઈચ્છાવાળાના કુક્ષિ આતરડા અને નાડીઓ (ઉત્પન્ન) થયા તેમના (દેવતા) નદીઓ અને સમુદ્રો છે. તુષ્ટિ અને પુષ્ટિ તેમના આશ્રયવાળા છે. ૨૯

જેમ આ શરીર ઘણો સમય રહે છે અને તે (લિંગ શરીર)નું પોષણ વિગેરે કરે છે, તેવી રીતે અન્ન પાન વિગેરે પણ કેટલોક સમય રહીને જ ધાતુઓનું પોષણ કરે

છે, એવા પ્રયોજનથી ભગવાન્ અન્નપાન અને 'આદિત્સુઃ' લેવાની ઈચ્છાવાળા થયા. પછી તેમના કુક્ષિ આંતરડાં અને નાડીઓ થયા. તેઓમાં કુક્ષિ (એટલે) ઉદરમાં રહેલું આકાશ ગોલક છે, આંતરડાં અન્ન રાખવા માટેની ઈંદ્રિયો છે. નાડીઓ પાન[1] માટે છે. નદીઓ અને સમુદ્રો તેમના દેવતા છે. નદીઓ નાડીઓના અને સમુદ્રો આંતરડાં અને ઉદર (કુક્ષિ)ના (દેવતા છે.) તેથીજ 'ચ' 'અને' શબ્દ બંનેનું કાર્ય જણાવનારો[2] છે, કારણકે 'નાડીઓ નદીઓ લોહીથી' એવું અને 'ભૂખ અને તરસથી સમુદ્ર ઉદર (થયો)' એવું (વાક્ય છે.) તુષ્ટિ સંતોષ (કરનારી છે) પુષ્ટિ અન્નથી દેહની વૃદ્ધિ (કરનારી છે) તુષ્ટિ અને પુષ્ટિ તેમના આશ્રયવાળી, દેવતા અને ઈંદ્રિયના આશ્રયવાળી છે. ૨૯

૧.'પાન માટે' પાનનું સ્થાપન કરવા.(પ્ર)

૨.ઈંદ્રિયો જૂદી હોવાથી જ જૂદું જૂદું કાર્ય કરનાર છે એમ જણાવનારો 'ચ' 'અને' શબ્દ છે.(પ્ર)

**નિદિધ્યાસોરાત્મમાયાં હૃદયં નિરભિદ્યત ।**
**તતો મનશ્ચન્દ્ર ઈતિ સઙ્કલ્પઃ કામ એવ ચ ।।૩૦।।**

પોતાની માયાનો વિચાર કરનારનું હૃદય નીકળ્યું. તેમાંથી મન (અને) ચંદ્ર (થયા,) અને તેથી વળી સંકલ્પ અને કામ (થયા.)૩૦

પોતાની જગત્ રચનારી માયાનો 'આ કેવી છે? હું કેવી રીતે આના બિંબ જેવો થઈશ' એવી રીતે પોતાની માયાનો વિચારથી નિર્ણય કરતા હતા, ત્યારે ગોલક હૃદય નીકળ્યું. તેમાં મન ઈંદ્રિય અને ચંદ્ર દેવતા (થયા.) જ્ઞાનરૂપ સંકલ્પ (અને) ક્રિયારૂપ કામ (થયા.) મન તો બંને (ઈંદ્રિયરૂપ) હોવાથી (તેના) બંને કાર્ય જણાવ્યા. જ્ઞાન ક્રિયાનું કારણ (ક્રિયા કરાવનારૂં) હોવાથી, સંકલ્પનું કાર્ય કામ હોવાનું તો કહેલ છે. તેથીજ 'એવ' શબ્દ નિશ્ચય જણાવનારો છે. 'ચ' 'અને' શબ્દ ઈંદ્રિયોનું[1] મળતાપણું જણાવનારો છે. ૩૦

૧.બહારની ઈંદ્રિયોનું મળતાપણું.(પ્ર)

એ પ્રમાણે સર્વ ત્રણ પ્રકારના હોવાનું જણાવીને ગોલકો આધિભૌતિક, ઈંદ્રિયો આધ્યાત્મિક (અને) દેવતાઓ આધિદૈવિક હોવાથી બધા ત્રણ પ્રકારના હોવાનું કહ્યું. ત્વચા વિગેરે માત્ર અન્નમય હોવાથી બધા ત્રણ પ્રકારના નહીં હોય એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી (તે પણ) ત્રણ પ્રકારના હોવાનું જણાવે છે

**ત્વક્ચર્મમાંસરુધિરમેદોમજ્જાસ્થિધાતવઃ ।**

**ભૂમ્યપ્તેજોમયાઃ સપ્ત પ્રાણો વ્યોમામ્બુવાયુભિઃ ॥૩૧॥**

ત્વચા, ચામડું, માંસ, લોહી, મેદ, મજ્જા અને અસ્થિ સાત ધાતુઓ ભૂમિ જલ અને તેજમય છે પ્રાણ આકાશ જલ અને વાયુથી (ત્રણ રૂપવાળો છે.)૩૧

ત્વચા (શરીરની) ઉપરની, ચામડું જાડું, લોહીની પ્રથમ સ્થિતિમાં પણ માંસ હોવાથી, પહેલા માંસ કહેલું છે, જાડા (પુરુષ) વિગેરેમાં મેદ પ્રસિદ્ધ છે, મજ્જા અસ્થિમાં રહેલી (હોય છે.) અસ્થિ પ્રસિદ્ધ છે. સ્નાયુ પ્રસિદ્ધ નથી તેનો મેદમાં સમાવેશ (કરેલ છે.) તે અસ્થિઓના ઢાંકણરૂપ છે. આ સાતે (ધાતુઓ) તેજ જલ અને અન્નમય છે. તે (અર્થ) 'ભૂમિ જલ અને તેજમય' શબ્દોથી કહેલ છે. ભૂમિ અન્નના સ્થાને છે. પંચમહાભૂતોના પદાર્થોમાં પણ અનુક્રમે ત્રણ પ્રકારો છે, અથવા (તેઓ) ત્રણ રૂપવાળા જ છે. 'આકાશ જલ અને વાયુથી' શબ્દોથી પ્રાણ ત્રણ પ્રકારનો હોવાનું કહેલ છે. સર્વ દેહમાં પ્રસરી રહેલ હોવાથી, સંતોષ કરાવનાર હોવાથી અને વાયુના સ્વરૂપવાળો હોવાથી પ્રાણ પણ આકાશ જલ અને વાયુથી ત્રણ પ્રકારનો છે. ૩૧

નીચેના શ્લોકથી ઇંદ્રિયો પણ ત્રણ પ્રકારની હોવાનું કહે છે :

**ગુણાત્મકાનીન્દ્રિયાણિ ભૂતાદિપ્રભવા ગુણાઃ ।**
**મનઃ સર્વવિકારાત્મા બુદ્ધિર્વિજ્ઞાનરૂપિણી ॥૩૨॥**

ઇંદ્રિયો ગુણોથી બનેલી છે. ગુણો ભૂતાદિમાંથી ઉત્પન્ન થએલા છે, મન સર્વવિકારરૂપ છે. બુદ્ધિ વિજ્ઞાનના સ્વરૂપવાળી છે.૩૨

બધીએ ઇંદ્રિયો ત્રણ ગુણોની બનેલી છે. તેથી જ તેઓ લૌકિક પ્રવૃત્તિ, ધર્મ અને જ્ઞાન તથા ભક્તિ ઉત્પન્ન કરે છે. 'ગુણો ભૂતાદિમાંથી ઉત્પન્ન થએલા છે' શબ્દોથી અહંકાર પણ ત્રણ પ્રકારનો હોવાનું કહેલ છે : 'ભૂતાદિઃ' અહંકાર, મહાભૂતો વિગેરેની ઉત્પત્તિ જેમાં છે અથવા મહાભૂત વિગેરેમાંથી ઉત્પત્તિ છે જેમની (તેવા ગુણો છે.) ભૂતાદિ વિગેરેના ભેદને લીધે અહંકાર ત્રણ પ્રકારનો હોવાનું સ્પષ્ટ છે; અથવા 'ભૂતાદિ' શબ્દથી અહંકાર[૧] જ (જણાવેલ છે.) તેમાંથી ત્રણ ગુણોની ઉત્પત્તિ સ્પષ્ટ જ છે. તેથી ત્રણ ગુણો ઉત્પન્ન કરનારો હોવાથી ત્રણ ગુણવાળો હોવાનું સ્પષ્ટ છે. 'મન સર્વ વિકારરૂપ છે' શબ્દોથી મન પણ ત્રણ પ્રકારનું હોવાનું કહે છે, કારણકે બધા વિકારો ત્રણ પ્રકારના છે. તે (વિકાર)મય હોવાથી મન પણ ત્રણ પ્રકારનું છે. 'બુદ્ધિ વિજ્ઞાનના સ્વરૂપવાળી છે' શબ્દોથી બુદ્ધિ પણ ત્રણ પ્રકારની કહેલી છે. જાતજાતનું જ્ઞાન તે વિજ્ઞાન. તે ત્રણ પ્રકારનું હોવાથી તેના સ્વરૂપવાળી બુદ્ધિ પણ ત્રણ પ્રકારની છે. ૩૨

૧.'અહંકાર' એટલે આદિ અહંકાર.(પ્ર)

એ પ્રમાણે સર્વ ત્રણ પ્રકારના હોવાનું સિદ્ધ કરી, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**એતદ્ભગવતો રૂપં સ્થૂલં તે વ્યાહૃતં મયા ।**
**મહ્યાદિભિશ્ચાઽઽવરણૈરષ્ટભિર્બહિરાવૃતમ્ ।।૩૩।।**

આ ભગવાનનું સ્થૂલ સ્વરૂપ મેં તારા માટે કહ્યું, અને તે પૃથ્વી વિગેરે આઠ આવરણોથી બહાર વીંટાએલું છે. ૩૩

ઉપર જણાવેલું બધુંએ ત્રણ પ્રકારનું આ ભગવાનનું સ્વરૂપ, સ્થૂલદેહરૂપ મેં તે તારા માટે કહ્યું એવો અર્થ છે. ત્રણ ગુણ તરીકે જે વર્ણવ્યું તે તારા અધિકાર પ્રમાણે કહેલું છે, કારણકે ભગવાનનું સ્વરૂપ 'તેની જેવા જેવા પ્રકારે ઉપાસના કરે છે' એ શ્રુતિ પ્રમાણે સર્વના અધિકાર પ્રમાણે સર્વ પ્રકારનું જણાય છે. ૩૩

એવી રીતે રાજાને ત્રણ પ્રકાર હોવાપણું જણાવીને, તેનાથી પણ ઉત્તમ અધિકારી માટેનું અવ્યક્ત પ્રકારનું સૂક્ષ્મરૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**અતઃ પરં સૂક્ષ્મતમમવ્યક્તં નિર્વિશેષણમ્ ।**
**અનાદિમધ્યનિધનં નિત્યં વાઙ્મનસઃ પરમ્ ।।૩૪।।**

આથી ઉત્તમ સર્વથી સૂક્ષ્મ, અવ્યક્ત, વિશેષણરહિત, આદિ મધ્ય અને અંત વિનાનું, નિત્ય, વાણી અને મનથી અતીત (સ્વરૂપ છે.) ૩૪

પૃથ્વી વિગેરે સાત આવરણવાળા સ્થૂલરૂપથી 'પરમ્' જૂદું ઉત્તમ આ રૂપનું નિયમન કરનારૂં સર્વથી સૂક્ષ્મ આકાશ વિગેરે કરતાં પણ ઘણું સૂક્ષ્મ (રૂપ છે.) તે રૂપ પ્રકારનું નિરૂપણ ન કરવું, કારણકે તે અપ્રકટ છે, કોઈ પણ ગુણથી પ્રકટ થતું નથી. 'ત્યારે તેના ખાસ ગુણો પ્રકટ હશે' એવી શંકા થાય, તેથી 'વિશેષણ રહિત' એમ કહેલું છે, બધા (કોઈ પણ) વિશેષણ વિનાનું છે. બધા ભેદ જણાવનારા ગુણ વિનાનું, એવો અર્થ છે 'આદિ મધ્ય અને અંત વિનાનું' [1]શબ્દથી તેની ઉત્પત્તિ વિગેરે નથી (થતાં) એમ કહેલું છે. ઉત્પત્તિ મધ્ય (સ્થિતિ) અને અંત વિનાનું છે. 'નિત્ય' સદા એકરૂપ છે. વાણી અને મનથી અતીત, સર્વ વ્યવહારથી પર છે. ૩૪

૧.'રાજાએ પુરુષોત્તમ કેવા છે, તેમનો આશ્રય કેવી રીતે કરવો?' એવો પ્રશ્ન ન કરેલ. જો તેવો પ્રશ્ન કર્યો હોત તો શુક તેને ગુણાતીત મૂલ સ્વરૂપની લીલા જ કહેત તેણે તો 'સર્વાત્મના શું કરવું? મરણ પામતા હોય તેણે શું કરવું?' એજ પ્રશ્નો કરેલ : પહેલા પ્રશ્નના ઉત્તરમાં ફલ પ્રાપ્ત કરવા જે મુખ્ય સાધન શાસ્ત્રમાં કહેલ છે તે જણાવ્યું. બીજા પ્રશ્નથી તો અભય પ્રાપ્ત

કરવાની ઈચ્છા જણાવાથી રાજાને મુખ્ય શ્રવણ કરવાનો અધિકાર ન હોવાનું જણાયાથી શ્રવણ વિગેરેથી જ કહ્યાં.(પ્ર)

એ પ્રમાણે સ્થૂલ જેવું સર્વ પ્રકારથી સૂક્ષ્મ (રૂપ) કહ્યું નીચેના શ્લોકમાં બંનેનો ઉપસંહાર કરે છે :

**અમૂનિ ભગવદ્રૂપે મયા તે હ્યનુવર્ણિતે ।**
**ઉભે અપિ ન ગૃહ્ણન્તિ માયાસૃષ્ટે વિપશ્ચિતઃ ॥૩૫॥**

આ બે ભગવાનના રૂપો તારા માટે મેં વર્ણવ્યા : માયાથી રચાએલા તે બંને ડાહ્યા પુરુષો ગ્રહણ કરતા નથી. ૩૫

મેં તે તારા માટે જ વર્ણવ્યા એમ ઉપર પ્રમાણે (અર્થ છે.) મને તો આનો ઉપયોગ નથી, તે ઉત્તરાર્ધથી કહે છે. તેનું કારણ ''માયાથી રચાએલો'' શબ્દથી કહેલ છે. કાર્યના સાધનરૂપ માયાના સમ્બન્ધથી (ભગવાન્) એવા રૂપવાળા થયા. (ડાહ્યા પુરુષો તે બંને ગ્રહણ કરતા નથી.) કારણકે તેઓ 'વિપશ્ચિતઃ' સાક્ષાત્[૧] સ્વરૂપ જાણનારા છે. ૩૫

૧.મુખ્ય અધિકારીઓને તેમનો ઉપયોગ ન હોવાથી તેઓ ગ્રહણ કરતા નથી.(પ્ર)

ત્યારે ભગવાન્ શા માટે એવું રૂપ કરે છે?[૧] એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**સ વાચ્યવાચકતયા ભગવાન્ બ્રહ્મરૂપધૃક્ ।**
**નામરૂપક્રિયા ધત્તે સકર્માઽકર્મકઃ પરઃ ॥૩૬॥**

બ્રહ્મરૂપ ધારણ કરનાર કર્મસહિત (છતાં) કર્મરહિત નિયામક તે ભગવાન્ કહેવાનું અને કહેનાર તરીકે નામ રૂપ અને ક્રિયાઓ કરે છે. ૩૬

તે ભગવાન્ નામ અને રૂપ વિનાના પોતાની અંદર કહેવાનું અને કહેનાર તરીકે નામ અને રૂપો કરીને, નામરૂપવાળા થઈને જગતનું પાલન વિગેરે કરે છે, એવી રીતે કહેવાનું અને કહેનારપણાથી સ્વરૂપમાંથી ખસ્યા વિના જ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનું સ્વરૂપ ધારણ કરતાં બધાએ જીવોના નામ રૂપ અને ક્રિયાઓ કરે છે, નામો રૂપો અને ક્રિયાઓ પોતાના જેવા કરે છે, એવો અર્થ છે,[૧] અને પોતે કર્મવાળા (કર્મ કરનાર) થાય છે, અને વળી એવા કર્મ કરનાર જ નથી હોતા, કારણકે વાસ્તવિક રીતે 'અકર્મકઃ' સર્વ કર્મ રહિત જ અને બધાનું નિયમન કરનાર છે. આવા હોવા છતાં સર્વને ઉત્પન્ન કરવા ત્રણ ગુણોવાળું અને અવ્યક્ત (પોતાનું) રૂપ કરે છે, એવો અર્થ છે. ૩૬

૧.નામ અને રૂપ વિનાના અક્ષરમાં માયાના સમ્બન્ધથી ઉપર કહેલ પ્રકારે નામ અને રૂપ કરીને જૂદા જૂદા ગુણના અવતારરૂપ થઈ, જૂદા જૂદા પ્રકારે જૂદા જૂદા કાર્ય કરે છે એવો આશંકા તથા શ્લોકનો અર્થ છે.(પ્ર)

'તેઓ કોણ છે કે જેમના માટે (ભગવાન્) ત્રણ પ્રકારના થયા?' તે (સમ્બન્ધ)માં નીચેનો શ્લોક કહે છે :

**પ્રજાપતીન્ મનૂન્ દેવાન્ ઋષીન્ પિતૃગણાન્ પૃથક્ ।**
**સિદ્ધચારણગન્ધર્વવિદ્યાધ્રસુરગુહ્યકાન્ ।।૩૭।।**
**કિન્નરાપ્સરસો નાગાન્ સર્પાન્ કિમ્પુરુષાનપિ ।**
**માતૃરક્ષઃપિશાચાંશ્ચ પ્રેતભૂતવિનાયકાન્ ।।૩૮।।**
**કૂષ્માણ્ડોન્માદવેતાલાન્ યાતુધાનાન્ ગ્રહાનપિ ।**
**ખગાન્ મૃગાન્ પશૂન્ વૃક્ષાન્ ગિરીન્નૃપ સરીસૃપાન્ ।**
**દ્વિવિધાશ્ચતુર્વિધા યેઽન્યે જલસ્થલનભૌકસઃ ।।૩૯।।**

પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ પિતૃઓના જુદા સમૂહો, સિદ્ધો; ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, સુરો, ગુહ્યકો. ૩૭

કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો અને કિંપુરુષો, માતૃઓ, રાક્ષસો અને પિશાચો, પ્રેતો, ભૂતો અને વિનાયકો. ૩૮

હે નૃપ ! કૂષ્માંડો, ઉન્માદો, વેતાલો, યાતુધાનો અને ગ્રહો, પક્ષીઓ, જનાવરો, પશુઓ, વૃક્ષો, પર્વતો અને સરીસૃપો; અને જે બીજા પ્રકારના અને ચાર પ્રકારના જલ સ્થલ અને આકાશમાં રહેનારા છે (તેમને ત્રણ પ્રકારના કરવા માટે) ૩૯

કેટલાક દરેક ગુણના મુખ્યપણાવાળા, (અને) કેટલાક ભેગા થએલ ગુણો (ના મુખ્યપણાવાળા કરવા માટે.) તે પૈકી દરેક ગુણના મુખ્યપણાવાળાને ત્રણ શ્લોકથી ગણાવે છે. તેમાં પણ પછી પછીના હલકા છે. આરંભમાં મરીચિ વિગેરે પ્રજાપતિઓથી ગુહ્યકો સુધીના સત્વગુણને લીધે હલકાઈરૂપ છે. કિન્નરોથી આરંભી વિનાયકો સુધીના રાજસો છે. કૂષ્માંડોથી આરંભી સરીસૃપો સુધીના તામસો છે. બીજાઓ જૂદા જૂદા (ગુણોના) ભેદથી એકઠા થએલા હોઈ તેમને 'બે પ્રકારના (ચાર પ્રકારના...' એમ એક (અર્ધ શ્લોક)થી સ્થાવર અને જંગમના ભેદથી બે પ્રકારના ગણાવે છે. ગર્ભમાંથી જન્મેલ, ઈંડામાંથી જન્મેલ, પરસેવામાંથી જન્મેલ અને ફૂટી નીકળેલ એવા ચાર પ્રકારના છે, જે પહેલા (ત્રણ શ્લોકમાં સરીસૃપો સુધીના) કહેલા તેમનાથી જૂદા છે તે બધા મિશ્ર પ્રકારના હોવાનું જાણવું. છતાં પણ 'જલ સ્થલ અને આકાશમાં રહેનારા' શબ્દથી સ્થાનથી ત્રણ ગુણવાળા કહેલા છે.

જલ વિગેરે સ્થાનો છે જેમના તેવા (તેઓ છે.) તેમાં જલમાં રહેનારા રાજસ છે સ્થલમાં રહેનારા સાત્વિક છે. આકાશમાં રહેનારા તામસ છે. ૩૭-૩૮-૩૯

એવી રીતે સ્વરૂપથી અને સ્થાનથી બધા ત્રણ પ્રકારના હોવાનું સિદ્ધ કરી, નીચેના શ્લોકથી ફલથી પણ ત્રણ પ્રકારના હોવાનું કહે છે :

**કુશલાકુશલા મિશ્રાઃ કર્મણાં ગતયસ્ત્વિમાઃ ।**
**સત્વં રજસ્તમ ઈતિ તિસ્રઃ સુર-નૃ-નારકાઃ ॥૪૦॥**

કુશલ અકુશલ અને મિશ્ર, આ તો સત્વ રજઃ અને તમઃ એવા કર્મના, ત્રણ ફલ દેવ-મનુષ્ય અને નારક (એ) ત્રણ છે. ૪૦

સાત્વિક વિગેરેના ભેદથી કર્મના ત્રણ પ્રકારના ફલ છે. સાત્વિક કર્મ શુભ ફલવાળું કુશલ શબ્દથી કહેલું છે. તામસ કર્મ અશુભ ફલવાળું અકુશલ (શબ્દ)થી કહેલું છે. રાજસ કર્મ બંને ફલવાળું મિશ્ર શબ્દથી કહેલું છે. એવી રીતે કર્મના ફલ (એટલે) કર્મના સાધનથી (પ્રાપ્ત થતાં) ફલના ત્રણ જાતના પ્રકારો છે. કુશલ અને અકુશલ (તે) કુશલાકુશલ. મિશ્ર જૂદા છે. કર્મના આજ ફલ છે, પરંતુ બીજા નથી. 'સત્વ રજઃ અને તમઃ' શબ્દોથી તેમના મૂલ નામો કહેલા છે. કુશલ અકુશલ અને મિશ્રના આ મૂલ નામો છે. કુશલનું નામ સત્વ છે, અકુશલનું નામ તમઃ છે. મિશ્રનું નામ રજઃ છે. તેમનાથી થએલ દેહો પણ ત્રણ પ્રકારના છે એમ કહે છે. દેવ મનુષ્ય અને નારક સત્વ રજઃ અને તમઃ એવા(ના ફલ છે) 'ત્રણ' શબ્દનો બંને તરફ સમ્બન્ધ છે. સુરો સત્વ, નરો રજઃ, નારક તમઃ એવા ત્રણ જ છે. પશુઓ વિગેરેનો નારકોમાં જ સમાવેશ છે.) ૪૦

'ફલ ત્રણ પ્રકારનું જ કહો છો. (તેના) પ્રકારો તો કરોડો છે' તે (સમ્બન્ધ)માં નીચેનો શ્લોક કહે છે :

**તત્રાપ્યેકૈકશો રાજન્ ભિદ્યન્તે ગતયસ્ત્રિધા ।**
**યદૈવૈકતરોઽન્યાભ્યાં સ્વભાવ ઉપહન્યતે ॥૪૧॥**

હે રાજન્ ! તેઓમાં પણ જ્યારે એક એક સ્વભાવનો બીજા બેથી પરાભવ થાય છે ત્યારે ફલો પણ એક એકના ત્રણ પ્રકારે ભેદ થાય છે.૪૧

મેં ત્રણ પ્રકારના ઘણા ગણાવ્યા. તેઓમાંના એક એકના ત્રણ પ્રકારો (થાય છે) જે પ્રજાપતિઓ ગણ્યા તેઓ પણ ત્રણ પ્રકારના છે, અને જે સરીસૃપો છે તેઓ પણ (ત્રણ પ્રકારના છે.) પુરુષો જૂદા જૂદા પ્રકારના છે એમ જણાવવા 'હે રાજન્

!’ એવું સંબોધન (કરેલું છે) ‘એક અનેક પ્રકારનું કેમ થાય?’ તે (સમ્બન્ધ)માં ઉત્તરાર્ધ કહેલો છે. જ્યારે સાત્વિક વિગેરે એક સ્વભાવનો પોતાથી જુદા બીજા બે બલવાનથી ‘ઉપહન્યતે’ પરાભવ થાય છે, ત્યારે બલથી થતા પરાભવના ભેદથી એકના અનેક પ્રકારો થાય છે. ૪૧

એવી રીતે કાર્યના ત્રણ પ્રકારો સિદ્ધ કરીને, ઉપસંહાર કરતાં, ભગવાનની પાલન નામની સાત્વિકી લીલા નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**સ એવેદં જગદ્ધાતા ભગવાન્ધર્મરૂપધૃક્ ।**
**પુષ્ણાતિ સ્થાપયન્નિત્યં તિર્યઙ્નરસુરાત્મભિઃ ।।૪૨।।**

તે જ જગત્ રચનાર ધર્મનું રૂપ ધારણ કરનાર ભગવાન્ આનું સ્થાપન કરતાં હલકા પ્રાણી, મનુષ્ય અને દેવના રૂપોથી સદા પાલન કરે છે. ૪૨

તે જ ત્રણ પ્રકારનું જગત્ રચનાર અને તે (રચવા) માટે ત્રણ પ્રકારના થનાર, ‘ભગ’ શબ્દથી કહેવાતા પાલન કરવાની શક્તિવાળા અને પોતાના ગુણોથી ધર્મનું સ્વરૂપ ધારણ કરનાર ભગવાન્ રચેલા આ જગતનું ધર્મથી સ્થાપન કરતાં જૂદી જૂદી મર્યાદામાં ‘પુષ્ણાતિ’ (તેની) વૃદ્ધિ કરે છે. ‘સદા’ એટલે ઉત્પત્તિની ક્ષણથી આરંભથી અંત સુધી દરેક ક્ષણમાં વૃદ્ધિ કરે છે. તેનો નાશ કરનાર અસુરો પ્રકટ થાય ત્યારે ત્રણ પ્રકારના હલકા પ્રાણી, મનુષ્ય અને દેવોના (અનુક્રમે) મત્સ્ય વિગેરે, રામ વિગેરે અને વામન વિગેરેના સ્વરૂપથી સર્વ જગતનું પાલન કરે છે, એવો અર્થ છે. ૪૨

નીચેના શ્લોકમાં ત્રીજી લીલા કહે છે :

**તતઃ કાલાગ્નિરુદ્રાત્મા યત્સૃષ્ટમિદમાત્મનઃ ।**
**સંનિયચ્છતિ કાલેન ઘનાનીકમિવાઽનિલઃ ।।૪૩।।**

પછી કાલાગ્નિમાં રહેલું રૂદ્રસ્વરૂપ જેમ વાયુ વાદળાના સમૂહનો નાશ કરે તેની પેઠે પોતામાંથી આ જે રચેલું તેને કાલથી (પોતાની અંદર) સમાવી લે છે.(૪૩)

‘કાલઃ’ પ્રલયકાલ, તે કરાવનાર અગ્નિ સંકર્ષણના મુખ (માંથી નીકળેલ) અગ્નિ છે. તે અગ્નિમાં ત્રણ ચક્ષુવાળા ત્રણ અણીવાળું ત્રિશૂલ ઉચું કરી જે રૂદ્ર ઉભા થએલ તેમનું સ્વરૂપ કરી (ભગવાન્) પોતામાંથી જ જે તાંતણા અને ઊર્ણારૂપ ઉત્પન્ન થએલું તેને ‘સંનિયચ્છતિ’ પોતાની અંદર કાલરૂપ સાધનથી સમાવી લે છે. જેમ ઉત્પન્ન કરવામાં માયા સાધન, અને પાલન કરવામાં અવતારો સાધન હતા,

તેવી રીતે સંહાર કરવામાં કાલ સાધન છે. ઉત્પત્તિથી આરંભી સંહાર સુધીના કૃત્યોથી પણ આધારમાં કાંઈપણ વિકાર થતો નથી એ વિષયમાં 'જેમ વાયુ વાદળાના સમૂહનો (નાશ કરે)' એવું દૃષ્ટાંત કહેલું છે વાદળાના સમૂહને જેમ વાયુ ખેંચી લઈ જાય છે, વાયુથી ખેંચાઈ ગએલા વાદળા ક્યાં ગયા એવું જેમ જણાતું નથી, તેમ ભગવાન્ બધાએ સંસ્કારનો નાશ[1] કરે છે એવો અર્થ છે. ૪૩

૧.આથી એમ જણાવેલ છે કે અવાંતર કલ્પનો પ્રલય જે કાલ અને દ્રવ્યથી થાય છે તે સંસ્કારનો નાશ કરવા સુધીનો હોય છે.(પ્ર)

એવી રીતે ભગવાને કરેલ ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કહીને, આ ભગવાને કરેલ જગતની ઉત્પત્તિ વિગેરેમાં બ્રહ્મવાદીઓ સંમત છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**ઈત્થમ્ભાવેન કથિતો ભગવાન્ ભગવત્તમાઃ ।**
**નેત્થમ્ભાવેન હિ પરં દ્રષ્ટુમર્હન્તિ સૂરયઃ ।।૪૪।।**

હે ભગવદીઓ ! આવા પ્રકારથી ભગવાનનું નિરૂપણ કર્યું. સૂરિઓ આવા પ્રકારથી ઉત્તમ (ભગવાન)ના દર્શન કરતા નથી. ૪૪

હે ભગવદીઓ ! રાજાને જણાવવા મેં એવા પ્રકારથી જગતની ઉત્પત્તિ અને સ્થિતિ કરનાર ભગવાન્ કહ્યા. તે (અર્થ) 'આવા પ્રકારથી નિરૂપણ કર્યું' શબ્દોથી કહેલ છે. ઉપર કહેલો પ્રકાર જ 'આવો પ્રકાર' છે. 'ભગવાન્' હોવાથી તેવી રીતે કહેવામાં પણ દોષ નથી, [1]કારણકે સર્વ તેમને પોતાના અધિકાર પ્રમાણે જાણે છે અને જણાશે. ભગવદીઓ હોવાથી (તમે) ઘણા મોટા અધિકારીઓ છો. તમારા માટે તો આગળ નિરૂપણ કરવામાં આવે છે, તે (અર્થ) ઉત્તરાર્ધથી કહેલો છે. 'પરમ્' 'ઉત્તમ' માયાથી અતીત પોતાથી જ સર્વ (થનાર) ભગવાનના ઉપર કહેલ પ્રકારથી 'સૂરયઃ' બ્રહ્મ જાણનારાઓ દર્શન કરતા નથી.૪૪

૧.આથી બ્રહ્મવાદીઓની આમાં સંમતિ હોવાનું જણાવ્યું.(પ્ર)

તેનું કારણ નીચેના શ્લોકથી કહે છે :

**નાઽસ્ય કર્માણિ જન્માદૌ પરસ્યાઽનુવિધીયતે ।**
**કર્ત્તૃત્વપ્રતિષેધાર્થં માયયાઽરોપિતં હિ તત્ ।।૪૫।।**

આના જન્મ વિગેરે કર્મોમાં પરનું આચરણ નથી; કારણકે (ભગવાન્) કર્તા નથી એમ જણાવવા માયાએ તે (કર્મો) તો આરોપ કરેલ છે.૪૫

આ (જગત)ના જન્મ વિગેરે કર્મોમાં માયાને વશ રાખનાર પર (ભગવાન્)

'નાનુ વિધીયતે' આચરણ કરતા નથી. ભગવાન્ સમ્બન્ધીરૂપથી આચરણ કરતા નથી[1] એવો અર્થ છે, 'કેમ?' એ જાણવાની ઈચ્છા થતાં 'માયાએ તેનો આરોપ કરેલો છે' એમ કહેલ છે. જગતની સ્થિતિ વિગેરે સર્વ વ્યામોહ કરનારી માયાના કાર્ય વિષયતારૂપના[2] છે. તેઓ ભગવાનના કાર્ય નથી તેથી તેમાં કર્તાપણું વિગેરેથી ભગવાનનો સમ્બન્ધ નથી[3] એવો અર્થ છે. 'ત્યારે ભગવાન્ જગતના કર્તા છે એવું કેમ કહેવાય છે?' તે(સમ્બન્ધ)માં ઉત્તરાર્ધ કહેલો છે. જણાએલ[4] કર્તાપણાનો નિષેધ કરવો જોઈએ. ભગવાને તો (પોતાનું) સ્વરૂપ 'પછી હું એમજ કહેલું, પરંતુ 'મેં' કરેલ' એમ અથવા 'હું થયો' એમ કહેલ નથી. બુદ્ધિમાં સ્હેલાઈથી (આવે) તે માટેજ 'માયાથી કરે છે' એમ 'પોતેજ થાય છે' એમ તે પ્રકારનું નિરૂપણ કરેલું છે. 'તજ્જત્વાત્' એથી પણ 'તદેવજઃ' 'તે(જગત્)જ ઉત્પન્ન થએલું છે, પરંતુ તેમાંથી ઉત્પન્ન થએલું છે એવું નથી. તેથી ઉત્પત્તિ વિગેરેની કલ્પના વિનાનું સર્વ બ્રહ્મજ (છે,) એવું જ બ્રહ્મ જાણનારાઓએ જાણવું, પરંતુ કલ્પનાવાળું ન (જાણવું,) કારણકે તે (કર્મ) માયાએ આરોપ કરેલું છે. ૪૫

૧.'પ્રકાશતા તેમની પાછળજ સર્વ પ્રકારો છે' શ્રુતિ બીજાઓ ભગવાનની પેઠે આચરણ કરે છે એમ કહે છે પરંતુ ભગવાન્ બીજાની પેઠે આચરણ કરતા નથી હોવાનું કહેતી નથી.(પ્ર)

૨.આનું મૂલ ૨-૯-૩૩ છે (પ્ર)

૩.બ્રહ્મ જાણનારાઓને તેવો સમ્બન્ધ નથી (જણાતો) (પ્ર)

૪.'જણાએલ' એટલે ભગવાનના આચરણ તરીકે જણાએલ.(પ્ર)

એવી રીતે બ્રહ્મવાદ અને કર્તૃવાદ કહીને, આવું ભગવાનનું સ્વરૂપ કયા કલ્પમાં હતું તે જાણવાની ઈચ્છા થતાં, 'બ્રહ્મકલ્પમાં હતું એવો ઉત્તર નીચેના શ્લોકથી કહે છે.

**અયં તુ બ્રહ્મણઃ કલ્પઃ સવિકલ્પ ઉદાહૃતઃ ।**
**વિધિઃ સાધારણો યત્ર સર્ગાઃ પ્રાકૃતવૈકૃતાઃ ।।૪૬।।**

આ તો વિકલ્પ સાથે બ્રહ્મકલ્પ કહ્યો. જેમાં (તેમાં) વિધિ સાધારણ છે, (અને) પ્રાકૃત અને વૈકૃત સર્ગો છે.૪૬

'કોઈ સમયે અહીં જનાર્દન પોતે જ સર્વ થાય છે' એવું બ્રહ્મકલ્પમાં (થાય છે.) વિકલ્પમાં (એટલે) બ્રહ્મકલ્પથી જુદા કલ્પમાં તો (ભગવાન્) માયાથી સર્વરૂપવાળા થાય છે. તેથી બંનેનું અહીં નિરૂપણ કર્યુ એમ 'બ્રહ્મકલ્પ વિકલ્પ સાથે કહ્યો' એમ કહેલું છે. 'તુ' 'તો' શબ્દથી બીજા પ્રાકૃત કલ્પોને બાતલ કરેલા છે. તેથી જ અહીં

(આ કલ્પમાં) દશ પ્રકારની લીલા સમાન છે. બીજા કલ્પોમાં તો તે સરખી હોતી નથી. તે અર્થ 'જેમાં વિધિ સાધારણ છે' શબ્દોથી કહેલ છે. 'યત્ર' બ્રહ્મકલ્પમાં પ્રાકૃત અને વૈકૃત કલ્પોનો 'વિધિઃ' ઉત્પત્તિ પ્રકાર સાધારણ છે. પ્રાકૃત કલ્પમાં અથવા વૈકૃત (કલ્પ)માં જેઓ ઉત્પન્ન થાય છે તે સમાન છે, પરંતુ બીજા કલ્પોની પેઠે પ્રાકૃત ત્રણ (પ્રકારના) જ અને બીજા વૈકૃત હોતા નથી. (પ્રાકૃત અને વૈકૃત) બંને પ્રકારનો તો કૌમાર (કલ્પ) છે એવા વિગેરે ભેદો છે. તે (ભેદો) આ (બ્રહ્મકલ્પ)માં નથી. 'જેમાં વિધિ સાધારણ છે' એ એક વાક્ય છે. 'જેમાં પ્રાકૃત અને વૈકૃત સર્ગો છે' એવું બીજું (વાક્ય છે.) પ્રાકૃત (કલ્પો) જ વૈકૃત છે, પરંતુ જૂદા નથી, એવો અર્થ છે. ૪૬

આટલાથી સર્વ પ્રશ્નોનો ઉત્તર કહેવાયો. કાલ અને કલ્પ (એ) બેનો ન કહેવાયો. તે આગળ કહીશ, એમ નીચેના શ્લોકથી કહે છે :

**પરિમાણં ચ કાલસ્ય કલ્પલક્ષણવિગ્રહમ્ ।**
**યથા પુરસ્તાદ્વ્યાખ્યાસ્યે પાદ્મં કલ્પમથો શૃણુ ।।૪૭।।**

કાલનું માપ અને કલ્પનું લક્ષણ તથા વિગ્રહ બરાબર આગળ કહીશ. પાદ્મ કલ્પનું શ્રવણ કર.૪૭

પરમાણુથી આરંભી બે પરાર્ધ સુધીના કાલનું 'પરિમાણમ્' માપનું કારણ સૂર્યની ગતિ વિગેરે, તે આગળ કહેવાનું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી (તેનું) સ્વરૂપ અને કાર્ય (કહીશ.) 'કલ્પલક્ષણવિગ્રહમ્' કલ્પોનું લક્ષણ ધર્મની વ્યવસ્થા. કૃત(યુગ)માં આવો ધર્મ (અને) આવી આવી પ્રવૃત્તિ (હોય) એવું લક્ષણ. 'વિગ્રહઃ' યુગ આટલો હોય (એવું) સ્વરૂપ, જેમકે ચાર હજાર વર્ષનો કૃતયુગ એવું (સ્વરૂપ.) આ બે 'બરાબર આગળ કહીશ.' 'યથા' બરાબર અથવા જેવી રીતે આગળ (કહીશ.) પહેલાના કલ્પમાં જેવું આ બેનું રૂપ હતું તેવું કહીશ. એ પ્રમાણે વિસ્તારથી સર્વ કહેવા માટે 'હવે પાદ્મકલ્પનું શ્રવણ કર' શબ્દોથી બીજા કલ્પનો આરંભ કરે છે. સૃષ્ટિ વિગેરેના ભેદો પાદ્મ કલ્પમાં હોય છે. તેથી ભગવાનની દશ લીલાઓનો વિસ્તાર થાય તે માટે 'અથો' 'હવે' જૂદા આરંભથી શ્રવણ કર. સાવધાનપણાથી શ્રવણ કરવા ઉપદેશ (કરેલ છે.) આથી એક દિવસ પૂરો થયાનું જણાય છે, કારણકે જૂદા આરંભથી શ્રવણ કરવા બોધ કરે છે. ૪૭

એ પ્રમાણે શુક અને પરીક્ષિતનો સંવાદ અટક્યો ત્યારે કથાનું શ્રવણ કરવામાં

આતુરતાથી રોકાએલ શૌનક પહેલા કહેલી તેવી કથા સમ્બન્ધી પ્રશ્ન કરે છે, જે કથામાં કેટલાક પ્રશ્નોના અર્થનું જ્ઞાન થતાં પણ ઘણી પ્રીતિ થાય છે, તેવીનું જ શ્રવણ કરવું જોઈએ. 'વિદૂરે તીર્થની યાત્રામાં' (૧-૧૩-૧) એમાં અને 'જેટલા પ્રશ્નો સંયમી (વિદુરે) કૌશારવ સમક્ષ કર્યા અને માત્ર ગોવિંદમાંજ ભક્તિ ઉત્પન્ન થએલી છે જેની તેવો થઈ તે (પ્રશ્નો કરવા)થી અટક્યો' (૧-૧૩-૨) એમ સૂત તે કહે છે. જો કે સૂતે 'હું ભગવાનનું શ્રવણ કરાવીશ' એવી પ્રતિજ્ઞા કરેલી, છતાં પણ વિદુર અને મૈત્રેયના સંવાદરૂપ ભાગવત તરત ફલ કરાવનારૂં હોવાથી, તેજ તમારે કહેવું એમ શૌનક (સૂતને) નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકથી ઉત્સાહ કરાવે છે :

શૌનક ઉવાચ-

**યદાહ ભગવાન્ સૂત ક્ષત્તા ભાગવતોત્તમઃ ।**
**ચચાર તીર્થાનિ ભુવસ્ત્યક્ત્વા બન્ધૂન્ સુદુસ્ત્યજાન્ ।।૪૮।।**

હે સૂત ! ભગવાને જે કહ્યું (તે કહો) ભગવદીઓમાં ઉત્તમ, સંયમી, ન તજી શકાય તેવા બંધુઓનો ત્યાગ કરીને ભૂમિના તીર્થોમાં ફર્યો.૪૮

'ભગવાન્' શબ્દથી મૈત્રેયનું સર્વજ્ઞપણું સૂચવ્યું. 'ભગવાને જે કહ્યું' એ જૂદું વાક્ય છે. 'ભગવાન્ મૈત્રેયે (કહ્યું)' એવો અર્થ છે. અથવા સંયમી અને મૈત્રેયના સંવાદમાં ભગવાને જે કહ્યું, જે ભગવાનનું વાક્ય તેઓએ કહ્યું, એવો અર્થ છે. 'ભવાન્' 'આપે જે કહ્યું એવો પાઠ સ્પષ્ટ છે. 'હે સૂત !' એ સંબોધન છે. ક્યાં કહ્યું, શું કહ્યું, એ જાણવાની ઈચ્છા થાય (તેથી) કહે છે (કે) ભગવદીઓમાં ઉત્તમ સંયમી બંધુઓનો ત્યાગ કરીને ભૂમિના તીર્થોમાં ફર્યો.

'તેવા (સંયમી) અને કૌશારવનો સંવાદ કયા વિષયમાં થએલ, કે જે ભગવાનના વાક્યમાં અને તેના અર્થમાં વિચારરૂપ સંવાદ થયો તે કહો' એમ કહેવું જોઈએ, (પણ) ભગવાનનું વાક્ય જ મુખ્ય હોવાથી તે ભગવાનના વાક્યના સમ્બન્ધમાંજ સંવાદ થએલો, એમ જાણીને પણ, વધારે જ્ઞાન થાય તે માટે કયા (ભગવાનના વાક્ય)માં એમ પૂછે છે. દેશ સમ્બન્ધી પ્રશ્નમાં તો કયા દેશમાં તે સંવાદ થયો એવો (અર્થ છે) તમે કહેલો હોવા છતાં પણ મારે પોતે ત્યાં જઈને શ્રવણ કરવું એવો અભિપ્રાય છે. બીજો પાઠ હોય[૧] ત્યારે 'ઈતિ' શબ્દ અધ્યાહાર જાણવો. 'ન તજી શકાય તેવા' વિશેષણથી વિદુર વિષે તેઓની આજ્ઞા ઉપદેશ અને ચરિત્ર પૂછે છે. ભગવદીઓમાં ઉત્તમ જે આપત્તિની અવસ્થામાં પણ ભ્રાંત થતો નથી. ભૂમિના તીર્થો હોવાથી (ત્યાં) જવા તથા (તેમને) જાણવાનું શક્ય હતું. તે (તીર્થો) પણ કહો એવો અભિપ્રાય છે. (કાણરકે) જે (તીર્થો)થી સારી રીતે શુદ્ધ થઈ વિદુરે ભક્તિ પ્રાપ્ત

કરી. તેનાથી પહેલા પણ તેને ઉત્તમજ ચિત્તશુદ્ધિ (પ્રાપ્ત) થએલી એમ 'બંધુઓનો ત્યાગ કરીને' શબ્દોથી કહેલ છે. ન તજી શકાય તેવા' શબ્દથી એમ જણાય છે કે અંતઃકરણથી પણ તજીને (તીર્થોમાં ફર્યો.) આટલાથી તે પરીક્ષિત કરતાં પણ મુખ્ય શ્રોતા હોવાનું કહ્યું.૪૮

૧.આ (ભવાન્) જે અમને કહ્યું, એવો પાઠ હોય.(પ્ર)

**કુત્ર કૌષારવેસ્તસ્ય સંવાદોઽધ્યાત્મસંજ્ઞિતઃ ।**
**યદ્વા સભગવાંસ્તસ્મૈ પૃષ્ટસ્તત્વમુવાચ હ ॥૪૯॥**

કૌશારવિનો અને તેનો અધ્યાત્મ સંજ્ઞાવાળો સંવાદ ક્યાં થયો? અથવા પ્રશ્ન કરાએલા ભગવાન્ સાથેનાએ તેને જે તત્વ કહ્યું (તે કહો.)૪૯

કુશારૂનો પુત્ર કૌશારવિ, અથવા કૌશારવનો (પુત્ર કૌશારવિ) પ્રથમ પક્ષમાં પાણિનિ ૪-૫-૯૬ પ્રમાણે (રૂપ થયું.) 'તેનો' ઉપર કહેલા વિદુરનો. બંને સમાન હોવાથી (બંને માટે) છટ્ઠી વિભક્તિઓ છે. વાસ્તવિક રીતે સંવાદ પણ પૂછ્યો તેમ ન હોય તો માત્ર સ્થાન શ્રવણ કરેલ હોવા છતાં પ્રયોજન રહિત થાય. 'અધ્યાત્મ સંજ્ઞાવાળો'માંના અધ્યાત્મ શબ્દથી એમ કહેલ કે તે સંવાદ શ્રવણ કરનારને ફલ પ્રાપ્ત કરાવનારો છે. તેવો ન હોય તો તેના અજ્ઞાનને લીધે વિશેષણ અયોગ્ય થાય 'અધ્યાયની' એવી સંજ્ઞાવાળો છે,' અન્યોન્ય કથાના રૂપવાળા આ સંવાદથીજ તેને ભક્તિ (પ્રાપ્ત) થઈ, એવું સંવાદજ મહાત્મ્ય કહેલું છે. અથવા જ શબ્દથી બીજી માન્યતા (કહી.) 'વા' 'અથવા' શબ્દ પહેલી માન્યતાને કાઢી નાખે છે. અમુક સ્થાનમાં સંવાદ થવાથી તેને ભક્તિ થઈ ન હતી, પરંતુ ઉપદેશથી (થઈ હતી.) એવી માન્યતા હોય ત્યારે તે ઉપદેશ કહો, એમ 'અથવા જે' શબ્દથી કહેલ છે. 'સભગવાન્' ભગવાન્ સાથેના, એકલા (કૌશારવિ) એ કહેલ હોય તે હૃદયમાં ગોઠે? 'તેને' એટલે માત્ર તેને માટે જ. 'પ્રશ્ન કરાએલા' શબ્દથી (એમ સૂચવ્યું છે કે) તેવો (પુરુષ) પોતાના માટે જેવો તેવો પ્રશ્ન ન કરે. વકતાઓ પણ જે તત્વ કહ્યું તે કહો એવો સમ્બન્ધ છે. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે.૪૯

**બ્રૂહિ નસ્તદિદં સૌમ્ય વિદુરસ્ય વિચેષ્ટિતમ્ ।**
**બન્ધુત્યાગનિમિત્તં ચ તથૈવાઽઽગતવાન્ પુનઃ ॥૫૦॥**

હે ભલા માણસ ! વિદુરનું આ કાર્ય અમને (કહો) અને બંધુઓના ત્યાગનું કારણ અને પાછો તેવો જ આવ્યો તે કહો.૫૦

વિદુરનું કાર્ય કહો. વિદુરને તત્વનો ઉપદેશ (કરવો) યોગ્ય ન હતો તેથી (તે કર્યો) એ આશ્ચર્ય છે. છતાં પણ (તેને) ઉપદેશ થયો તેથી કાંઈક તેનું વિશેષ કાર્ય હશે કે જેથી તેવો પણ ઉપદેશ (કરવા) યોગ્ય થયો. વળી બંધુઓના ત્યાગનું કારણ પણ કહો. નહીં તો શુદ્ધ યોનિમાં ઉત્પન્ન થએલાને સંન્યાસ અયોગ્ય છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી જ્ઞાનના પ્રયોજનનું કારણ પણ કહો. વળી જે જ્ઞાન પ્રાપ્ત થતાં પૂર્વે ઉત્પન્ન થએલા મનદુઃખ વિગેરે તજીને દેહની લજ્જાનો ત્યાગ કરીને તેવા જ સંસ્કાર વિનાના સ્વરૂપથી જ પાછો આવ્યો, તે જ્ઞાન સંપૂર્ણ પ્રકારે ઉત્તમ (હોવું જોઈએ.) તેથી સર્વ મોહનો સાક્ષાત્ નાશ કરનારૂં, ઉત્તમ અધિકાર જણાવનારૂં જે જ્ઞાન તે સંવાદમાં (તેને) પ્રાપ્ત થયું, તે પણ ભગવાને કહેલું જ હશે, તેથી તે કહો, એવો અર્થ છે. ૫૦

એવી રીતે ઋષિઓએ પ્રશ્ન કરેલ (સૂત) શુકેજ તેનો ઉત્તર કહેલ હોવાથી વાણી મળતી આવતી હોવાથી, જેમ વિદુર વિગેરેને ભક્તિ પ્રાપ્ત થઈ તેમ તમને પણ પ્રાપ્ત થશે, એમ જણાવતાં તમારૂં વચન મળતું આવે છે એમ નીચેના શ્લોકથી કહે છે :

**રાજ્ઞા પરીક્ષિતા પૃષ્ટો યદવોચન્મહામુનિઃ ।**
**તદ્વોઽભિધાસ્યે શૃણુત રાજ્ઞઃ પ્રશ્નાનુસારતઃ ।।૫૧।।**

રાજા પરીક્ષિતે પૂછેલા મહામુનિએ રાજાના પ્રશ્નને અનુસરીને જે કહ્યું તે હું તમને કહીશ. શ્રવણ કરો.૫૧

'એવી રીતે આ પહેલા પૂછેલા' એમ શુકે જ્યારે કથાનો આરંભ કર્યો, ત્યારે આજ વિષય પરક્ષિતે પણ પૂછેલો. ત્યારે તે સ્વરૂપથી અને પરિણામથી જાણતા મહામુનિએ (જે) કહેલ તેજ હું 'વઃ' તમારા માટે 'અભિધાસ્યે' કહીશ. આમ હોવાથી જે ભગવાન્ શુકે કહેલું એમ જે તમે પહેલા પૂછેલું, અને જે હમણાં (પૂછો છો,) 'હું તમને શ્રવણ કરાવીશ' એમ જે મેં હમણા તમને કહ્યું, તે પણ વિરુદ્ધ નથી (એકજ છે.) તેથી શુકે કહેલું જ કહીશ, પરંતુ સાવધાનપણાથી શ્રવણ કરો. શુકે તો ત્યાં ઋષિઓએ ઘણા પ્રકારે પૂછેલું ઘણું જ કહેલ, તે મુખ્ય શ્રોતાની બુદ્ધિને ગોઠતું ન હોવાથી ચાલુ પ્રસંગનું ન હોવાથી, તે કહેવાનું નથી એમ જણાવવા 'રાજાના પ્રશ્નને અનુસરીને' એમ કહેલું છે. રાજાના પ્રશ્નને અનુસરીને તેના ઉત્તર તરીકે જ જે કહેલું તે હું કહીશ, એવો અર્થ છે.૫૧

**દ્વિતીયસ્કન્ધવિવૃતિઃ શ્રીકૃષ્ણચરણામ્બુજે ।**

**નિવેદિતાઽતિયત્નેન યુક્તિપુષ્પાઞ્જલિઃ સ્ફુટા ।।૧।।**

મુક્તિરૂપ પુષ્પોની અંજલિ જેમાં છે તેવી બીજા સ્કંધની સ્પષ્ટ વિવૃત્તિ શ્રીકૃષ્ણના ચરણકમલમાં ઘણા પ્રયત્નથી નિવેદન કરેલી છે.

**ભક્તેષુ શાસ્ત્રહૃદયેષુ નિવેદયામિ શાસ્ત્રાર્થતો યદિ હરિર્ભવતામભીષ્ટ ।**
**તત્પશ્યતાત્ર વિવૃત્તિં ભગવદ્ગુણાનાં સન્દેહવારણવિચારણતઃ પ્રસન્નામ્ ।।૨।।**

શાસ્ત્ર જેઓના હૃદયમાં છે તેવા ભક્તોને નિવેદન કરૂં છું કે જો શાસ્ત્રના અર્થથી ભજન કરનારાઓને હરિ સર્વ તરફથી ઈચ્છેલા હોય તો ભગવાનના ગુણોના સંદેહનું નિવારણ કરવાના વિચારથી સ્હેલાઈથી સમજાય તેવી આ વિવૃત્તિ વિચારજો.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્રશ્રી વલ્લભદીક્ષિતે રચેલી શ્રીભાગવતની સુબોધિનીમાં બીજા સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ.**